સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ

(અગ્રન્થસ્થ)

વિદેશિની

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ

૧
નિબન્ધ : ૧

૨
નિબન્ધ : ૨

૩
કથાસાહિત્ય

૪
કાવ્ય

૫
વિવેચન : ૧

૬
વિવેચન : ૨

અગ્રન્થસ્થ લખાણો

૭
વિવેચન : ૧

૮
વિવેચન : ૨

૯
નિબન્ધ : ૧

૧૦
નિબન્ધ : ૨

૧૧
નિબન્ધ : ૩

૧૨
વિદેશિની

૧૩
પ્રકીર્ણ : ૧

૧૪
પ્રકીર્ણ : ૨

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ : ૧૨
વિદેશિની

સુરેશ હ. જોષી

સંકલન : શિરીષ પંચાલ

ગુજરાત સાહિત્ય અકાદમી
ગાંધીનગર

Suresh Joshinun Sahityavishva-12

Complete Works of Suresh Joshi : Vol-12
Videshini

Compiled by Shirish Panchal
Published by Gujarat Sahitya Akademi,
Gandhinagar

© સૌ. ઉષા જોષી

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૧

પ્રત : ૫૦૦

પૃષ્ઠસંખ્યા : ૩૬+૬૯૫

મૂલ્ય : ₹ ૩૭૦

મુદ્રણસજ્જા તથા સજાવટ : યુયુત્સુ પંચાલ

આવરણ ડિજિટલ કોલાજ : ગુલામમોહમ્મદ શેખ કમ્પ્યૂટર સહાયક : સુખદેવ રાઠોડ

આવરણમાં ઉપયોગમાં લેવાયેલી છબિઓ ઉષા જોષી પરિવારના સૌજન્યથી

પ્રકાશક :
હર્ષદ ત્રિવેદી
મહામાત્ર
ગુજરાત સાહિત્ય અકાદમી
અભિલેખાગાર, ગુલાબ ઉદ્યાન સામે
સેક્ટર-૧૭, ગાંધીનગર-382 017
ફોન : ૨૩૨૫૬૭૯૭/૯૮

મુદ્રક :
ચંદ્રિકા પ્રિન્ટરી
મિરઝાપુર રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧ ફોન : ૦૭૯-૫૬૨૦૫૭૮

પ્રકાશકનું નિવેદન

•

ગુજરાત સાહિત્ય અકાદમીએ ગુજરાતના મહત્ત્વના સર્જકો-વિવેચકોની સમગ્ર ગ્રન્થસૃષ્ટિ પ્રગટ કરવાનો જે નિર્ધાર કર્યો તેમાં સુરેશ જોષીનું સમગ્ર સાહિત્યવિશ્વ પણ આધુનિક સન્દર્ભમાં મહત્ત્વપૂર્ણ છે. અત્યાર સુધી તેમના છ ગ્રન્થ પ્રકાશિત થયા છે. હવે તેમના અગ્રન્થસ્થ સાહિત્યના સમ્પુટો ક્રમશઃ પ્રગટ કરીશું. ગુજરાતી સાહિત્યના સર્વ રસિક સહૃદયોને આ સામગ્રીથી પ્રતીતિ થશે કે ગુણવત્તાની દૃષ્ટિએ તથા ઇયત્તાની દૃષ્ટિએ સુરેશ જોષીનું પ્રદાન અત્યન્ત નોંધપાત્ર છે.

સુરેશ જોષીએ અનુવાદ કરેલી અને કરાવેલી વાર્તાઓનું સંપાદન આ ગ્રંથમાં પ્રગટ કરીએ છીએ. પ્રગટ થઈ ચૂકેલા ગ્રન્થોની જેમ સાહિત્યપ્રેમીઓ આ ગ્રન્થને ઉમળકાથી આવકારશે એની દૃઢ પ્રતીતિ સાથે.

હર્ષદ ત્રિવેદી

મહામાત્ર

સુરેશ જોષી : નૂતન આબોહવાના સર્જક

•

ગુજરાત સાહિત્ય અકાદમી 'સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ' ગ્રન્થશ્રેણી પ્રગટ કરતાં આનન્દ અનુભવે છે.

સુરેશ જોષી ગુજરાતી સાહિત્યમાં એક નવી આબોહવા લઈને આવ્યા. વીસમી સદીના છઠ્ઠા દાયકામાં નિરંજન ભગત આદિની કવિતામાં જે આધુનિકતાનો પ્રથમ નવોન્મેષ જોવા મળ્યો તેની એક વ્યાપક આન્દોલન રૂપે પરિપૂર્તિ સુરેશ જોષીના સાહિત્યિક પ્રયોગો અને પ્રયાસોથી થાય છે, ત્યાર પછીના ત્રણેક દાયકા પર્યન્ત સમકાલીન ગુજરાતી સર્જન-વિવેચનની પ્રવૃત્તિને આ પ્રયોગો પ્રભાવિત કરે છે.

૧૯૫૭માં પ્રકાશિત સુરેશ જોષીના 'ગૃહપ્રવેશ' વાર્તાસંગ્રહથી પૂર્વવર્તી અને પરવર્તી ગુજરાતી સાહિત્યની વિભાજક રેખા સિદ્ધ થાય છે. એ સંગ્રહના પ્રકાશન સાથે ગુજરાતીમાં ટૂંકી વાર્તા લખવાનાં અને તેની મૂલવણી કરવાનાં નવાં પરિમાણો રચાય છે. વાર્તાકાર તરીકે સુરેશ જોષી સતત પ્રયોગશીલ રહ્યા. ચેતનાપ્રવાહ કે ફેન્ટસી જેવી રચનારીતિઓના વિનિયોગ દ્વારા અનુગામીઓ માટે પણ નવી ટેકનિકનાં સાહસોનું ઇંજન દેતા રહ્યા. આજે તેમની કેટલીક વાર્તાઓનું મૂલ્ય ઐતિહાસિક ભલે રહ્યું હોય, પણ ગમે તે ક્ષેત્રના અનુગામીએ એવું મૂલ્ય ચૂકવવું પડે છે. 'છિન્નપત્ર' દ્વારા તેમણે વિશિષ્ટ ઊર્મિકથા આપી. 'મરણોત્તર' જેવી કૃતિ કોઈ નિશ્ચિત સાહિત્યસ્વરૂપના ખાનામાં બંધાવાનો પ્રતિરોધ કરતી રહી.

સુરેશ જોષીએ ગુજરાતી સાહિત્યમાં સૌથી વધારે ઊહાપોહ તેમની આકારવાદી વિવેચનદૃષ્ટિથી જગાવ્યો છે. તેઓએ કહ્યું હતું કે 'આકાર-રૂપ-રચનારીતિનું સ્થાન ગૌણ છે એમ કહીએ છીએ ત્યારે સાહિત્ય કે કળાની આપણી સમજમાં ક્યાંક ઊણપ રહી ગઈ હોય એવો વહેમ જાય છે.' પાશ્ચાત્ય નવ્યવિવેચનની જેમ તેમની વિવેચનામાં કૃતિને કેન્દ્રમાં રાખી જે વિશ્લેષણ થયું છે તેમાં કૃતિના રૂપવિધાન-સંઘટનનો મહિમા થયો, એટલે 'સરસ્વતીચંદ્ર' રૂપવિધાનની દૃષ્ટિએ તેમને મતે નિષ્ફળ નવલકથા ઠરે છે. 'સરસ્વતીચંદ્ર'ના એમણે કરેલા વિવેચને આપણા વિવેચકોને એ કૃતિની ફેરતપાસ માટે સંકોર્યા.

કાવ્યકૃતિને જ અનુલક્ષી જે રીતે તેમણે ગુજરાતી કવિતાનો આસ્વાદ કરાવ્યો, તે જાણે સમકાલીનો માટે નિદર્શનરૂપ બની ગયો. એ નામનું (ગુજરાતી કવિતાનો આસ્વાદ) પુસ્તક

આકારવાદી સમીક્ષાના નિકષરૂપ છે. એ રીતે તેઓ નવ્યવિવેચનના પુરસ્કર્તા છે, પરંતુ પછી પોતે ત્યાં ને ત્યાં સ્થિર ઊભા નથી રહી ગયા. વિશ્વસાહિત્યમાં જે જે નવા વિવેચનાત્મક અભિગમો આવતા ગયા, તેની પણ એ સતત વાત કરતા રહ્યા. ખરેખર તો માત્ર વિવેચન જ નહિ, તેમની સમગ્ર સાહિત્યચર્ચા વૈશ્વિક ધરાતલ પર નિર્ભર છે. સાર્ત્ર, કામ્યૂ, કાફકા, દોસ્તોએવસ્કી આદિ સર્જકોની અને અસ્તિત્વવાદ, પ્રતિભાસવિજ્ઞાન, ઍબ્સર્ડ આદિ સાહિત્યક્ષેત્રે પ્રવર્તિત દાર્શનિક વિચારધારાની માંડીને વાત કરનાર એમના જેવા પ્રબુદ્ધ સાહિત્યિકો ઓછા જ છે.

'કિંચિત્' નામના સાહિત્યિક લેખોના સંગ્રહ સાથે ૧૯૬૦માં 'જનાન્તિકે' ખણ્ડમાં તેમણે લલિત નિબન્ધો, રમ્યરચનાખણ્ડો આપ્યા, જે ૧૯૬૫માં એક સ્વતન્ત્ર નિબન્ધસંગ્રહ રૂપે મળ્યા. એ પછી તેમણે અનેક નિબન્ધો લખ્યા છે. ગુજરાતી લલિત નિબન્ધ કાકા કાલેલકરના નિબન્ધોથી એક નવું સોપાન રચે છે. રાવીન્દ્રિક સંસ્પર્શ સાથે આધુનિક બૉદલેરીય દૃષ્ટિસૌન્દર્ય અને સામ્પ્રતના કદર્યનું, રોમાંટિક અને આધુનિકનું અદ્‌ભુત સામંજસ્ય આ નિબન્ધસાહિત્યમાં જોવા મળે છે. કવિતા ક્ષેત્રે પણ તેમણે પ્રયોગો કરી અભિવ્યક્તિની નવી દિશાઓ ખોલવા સમકાલીનોને પ્રેર્યા છે.

ગુજરાતીમાં ૧૯૬૦ની આસપાસ જે સર્જકો-વિવેચકોએ પોતાની સાહિત્યિક કારકિર્દીનો આરમ્ભ કર્યો છે, તે બધાએ સુરેશ જોષીએ આણેલી આધુનિકતાની આબોહવામાં ઊંડા શ્વાસ ભર્યા છે. તેમના પુરોગામીઓ, સમકાલીનો અને અનુગામીઓ સાથે તેમનો સંવાદ-વિવાદ ચાલ્યા કર્યો છે. આ વાતાવરણને પોષવામાં 'ક્ષિતિજ' સામયિકનો યોગ ઘણો મહત્ત્વનો છે. 'ક્ષિતિજ'ની આસપાસ એક લેખકવૃન્દ પણ તેમણે તૈયાર કર્યું. સાહિત્ય સાથે અન્ય લલિત કળાઓના સમ્બન્ધોની વાત તેઓ કરતા રહ્યા. જે જે ઉત્તમ લાગ્યું, તેના અનુવાદ સતત તેમની પાસેથી આપણને મળ્યા.

આવા એક સાહિત્યસાધકની સમગ્ર રચનાઓ એક ગ્રન્થાવલિ દ્વારા ગુજરાતી પ્રજા સમક્ષ ધરવાનો ગુજરાતી સાહિત્ય અકાદમીએ સંકલ્પ કર્યો, તે સંકલ્પ આદરણીય ઉષાબહેન જોષી અને તેમના પરિવારની ઉદાર અનુમતિ મળતાં શક્ય બને છે, આ ગ્રન્થાવલિનું સમ્પાદન-સંકલન કરવા માટે પ્રસિદ્ધ સર્જક, વિવેચક અને સુરેશ જોષીના વાઙ્મયના અભ્યાસી શ્રી શિરીષ પંચાલને વિનંતી કરતાં તેમણે તે સ્વીકારી અને સુરેશ જોષીના સમગ્ર સાહિત્યને 'સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ' એ નામથી સાત ખણ્ડોમાં સમ્પાદિત કરી આપી છે. ગુજરાત સાહિત્ય અકાદમી આદરણીય ઉષાબહેનનો, તેમના પરિવારનો અને શ્રી શિરીષ પંચાલનો અત્યન્ત આભાર માને છે. આ ભારે જહેમતના કામમાં શ્રી ગુલામમોહમ્મદ શેખ અને શ્રી જયદેવ શુક્લનો તેમ જ મિત્રવૃન્દનો સક્રિય સહયોગ મળ્યો છે તેમના પ્રત્યે પણ અકાદમી આભાર વ્યક્ત કરે છે. ઉત્તમ મુદ્રણ માટે શ્રી યુયુત્સુ પંચાલ અને ચંદ્રિકા પ્રિન્ટરીના શ્રી રાકેશ દેસાઈ પણ અભિનન્દનને પાત્ર છે.

આશા છે કે ગુજરાતી ભાષાના દેશ-વિદેશ-સ્થિત સૌ સહૃદય ભાવકો સુરેશ જોષીના આ સાહિત્યવિશ્વનું ઉમળકાભેર સ્વાગત કરશે.

ભોળાભાઈ પટેલ

સુરેશ જોષીએ 'મનીષા'નું સંપાદન હાથ ધર્યું ત્યારથી તેમણે વિદેશી વાર્તાઓના અનુવાદની કામગીરી ઉપાડી હતી, કેટલીય વખત આ અનુવાદ બીજાઓ પાસે પણ કરાવ્યા. આ અનુવાદો પાછળ તેમની ઇચ્છા ગુજરાતી ભાવકને ટૂંકી વાર્તાના ક્ષેત્રે જગતમાં શું શું થઈ રહ્યું છે તેનો પરિચય કરાવવાનો હતો. સાથે સાથે ગુજરાતી વાર્તાકારને આ સ્વરૂપમાં રહેલી શક્યતાઓ ચીંધવાનો હતો. 'ક્ષિતિજ'માં આ અનુવાદયજ્ઞ વધારે મોટા પાયા પર આરંભાયો. આ ગ્રંથમાં છેક એતદ્ સુધીના અનુવાદોને આવરી લેવામાં આવ્યા છે. આશા છે કે આ અનુવાદો બીજા મિત્રોને આ કાર્યમાં જોડાવા પ્રેરશે.

શિરીષ પંચાલ

૨૬-૧-૨૦૧૧

અનુક્રમ

વિદેશિની : ૧

દરવેશની કથાઓ ૧
અલ મુતાનબ્બી અનુ. જયંત પારેખ
ત્રણ વાર્તા ૧૧
માઇકલ જોશેન્કો અનુ. શિરીષ પંચાલ
પ્રાણીશાસ્ત્ર ૨૨
મિલોસ માકુરેક અનુ. જયંત પારેખ
અદલાબદલી ૩૦
પાર લેજરવિસ્ક અનુ. હંસરાજ શાહ
મૂગો બોન્ત્શા ૩૨
આઇ. એલ. પેરેત્સ અનુ. સુરેશ જોષી
મૂરખનો સરદાર ૪૧
ઇઝાક બાશેવિસ સિંગર અનુ. સુરેશ જોષી
સાત પૈસા ૫૬
ઝિગમોન્ડ મોરિત્સ અનુ. સુરેશ જોષી
ઈસુ ક્રૂસ પર ચઢ્યા ત્યારે ૬૧
લિયોનિડ એન્ડ્રીવ અનુ. સુરેશ જોષી
ઈસુનું પાપ ૬૬
ઇઝાક બાબેલ અનુ. સુરેશ જોષી
પીંછાંનો મુગટ ૭૧
આઇઝાક બાશેવિસ સિંગર અનુ. શિરીષ પંચાલ
પ્રથમ પ્રેમ ૯૪
મોઇશે નાદિર અનુ. સુરેશ જોષી
સામયિક ૧૦૬
ઇઝાક બાશેવિસ સીંગર અનુ. શિરીષ પંચાલ
લેઝેરસ ૧૧૭
લિયોનિડ એન્ડ્રીવ અનુ. સુરેશ જોષી
મજાક ૧૩૬
આઇઝાક બાશેવિસ સિંગર અનુ. સુરેશ જોષી
શરત ૧૫૬
એન્તન ચેખોવ

દુર્લભા ૧૬૩
વિલિયમ સેન્સમ અનુ. જયંત પારેખ
બાળકો ૧૬૭
સ્લાવોમીર મ્રોઝેક અનુ. ગુલામમોહમ્મદ શેખ
એક સો રૂપિયા ૧૭૧
ઈવાન બુનિન અનુ. સુરેશ જોષી
ગાય દ મોપાસાં ૧૭૩
આઈઝાક બેબલ અનુ. ગુલાબદાસ બ્રોકર
મૃગજળ ૧૮૨
આલ્બર્તો મોરાવિયા અનુ. જયંત પારેખ
યુદ્ધ ૧૮૮
મિલોવન જિલાસ અનુ. પ્રબોધ ચોકસી
ચંદ્રમાંથી નાસી છૂટનારો ૧૯૭
એન્તોનિયો બાલ્દિનિ અનુ. ડો. મધુકર શાહ
વેર ૨૦૧
જોહાન પીટર હેબેલ
શ્રી સલિલ ૨૦૪
પીટર રેડગ્રોવ અનુ. જયંત પારેખ
સુખદુ:ખની એક વાત ૨૦૮
મીખોદ્રાગ બુલાતોવીક અનુ. પ્રદ્યુમ્ન તન્ના
ઉન્માદની પળોમાં ૨૧૬
મોરિશ બ્લાંશો અનુ. સુરેશ જોષી
એક દીવાસળીને કારણે ૨૨૭
કુર્ટ કુઝેનબર્ગ અનુ. નીતિન મહેતા, જયંત પારેખ
ધરતીકંપ ૨૩૪
એન્તન ચેખોવ અનુ. પ્રબોધ ચોકસી

વિદેશિની : ૨

કેનેરી ૨૪૩
અર્નેસ્ટ હેમિન્ગ્વે અનુ. ભોગીલાલ ગાંધી
કૂતરી ૨૪૮
કોલેત અનુ. ગુલામમોહમ્મદ શેખ
શૈશવનો પ્રેમ ૨૫૨
ગ્રેહામ ગ્રીન અનુ. સુરેશ જોષી

એકાકી ૨૫૭
એલન સીલીટો અનુ. કાન્તિલાલ પૂજારા
સુકરાતનો કૂકડો ૨૬૯
લિયોપોલ્ડો એલાસ 'ક્લેરિન' અનુ. પ્રબોધ ચોકસી
મહેમાન ૨૭૫
આલ્બેર કેમ્યૂ અનુ. પ્રબોધ ચોકસી
માટી ૨૮૯
જેમ્સ જોયસ અનુ. જયંત પારેખ
એમિલીને અંજલિ ૨૯૬
વિલિયમ ફોકનર અનુ. પ્રબોધ ચોકસી
ખૂની એવો મારો દીકરો ૩૦૮
બર્નાર્ડ માલામુડ અનુ. જયંત પારેખ
તૃણનો મસૃણ સ્પર્શ ૩૧૫
લુઇજી પિરાન્દેલો અનુ. સુરેશ જોષી
માખી ૩૨૦ અનુ. સુરેશ જોષી
લૂઇજી પિરાન્દેલો અનુ. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ
શિકારી ગ્રેક્સ ૩૩૦
ફ્રાન્ઝ કાફકા અનુ. પ્રબોધ ચોકસી
ચોખ્ખી અંજવાસભરી જગ્યા ૩૩૫
અર્નેસ્ટ હેમિંગ્વે અનુ : કમલેશ પીર
ગામડાનો દાક્તર ૩૪૦
ફ્રાન્ઝ કાફકા અનુ. પ્રબોધ ચોકસી
એક પ્રવચન ૩૪૭
જેઇમ્સ પર્ડી અનુ. સુરેશ જોષી
સિન્સી ૩૫૧
લુઈજી પિરાન્દેલો અનુ. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ
બુઢ્ઢો ૩૫૮
અર્નેસ્ટ હેમિંગ્વે અનુ. ઉષા જોષી
જે લિફ્ટ નરકે ઊતરી ૩૬૧
પાર લેજરવિસ્ક અનુ. પ્રબોધ ચોકસી
અંદાલુસિયાનો કૂતરો ૩૬૮
લુઇસ બુન્વેલ અનુ. ગુલામમોહમ્મદ શેખ
મંગળવારની બપોરે ૩૭૪
ગાર્સિયા માર્ક્વેઝ અનુ. નિયતિ દેરાસરી

એક દન્તકથા ૩૮૧
રાઈનર મારિયા રિલ્કે અનુ. સુરેશ જોષી
ધંધો એટલે ધંધો ૩૮૭
હાઈન્રિખ બ્યોલ અનુ. ઉપમન્યુ વૈદ્ય (સુરેશ જોષી)
ખિસકોલીઓ - અને ખિસકોલીઓ ૩૯૩
ગેર્ગેલી રાકોસી અનુ. શિરીષ પંચાલ
બોગદું ૪૦૫
ફ્રેડરિક ડ્યુરેનમાટ અનુ. શિરીષ પંચાલ
ઢાંક્યું રતન ૪૧૪
કેમિલો જાસે કેલા અનુ. સુરેશ જોષી
કહી દઉં, શું આપશો ? ૪૩૦
હ્યુબર્ટ સેલ્બી અનુ. શિરીષ પંચાલ
કાચા તાંતણે ૪૪૦
હાઈન્રિખ બ્યોલ અનુ. શિરીષ પંચાલ
તું કદી મ્યુનિચ ગઈ છે ખરી ? ૪૪૮
દાચિયા મેરાઈની અનુ. શિરીષ પંચાલ
પ્રેરણા ૪૫૪
ઈઝાક બાબેલ અનુ. શિરીષ પંચાલ
ભીંત ૪૫૭
જ્યાં પોલ સાર્ત્ર અનુ. પ્રબોધ ચોકસી
શિકારી પંખી ૪૭૭
જોહ્ન કોલિયેર અનુ. ઉપમન્યુ વૈદ્ય (સુરેશ જોષી)
રેલવે અકસ્માત ૪૮૬
ટોમસ માન અનુ. ઉપમન્યુ વૈદ્ય (સુરેશ જોષી)
અમારું ઘર ૪૯૫
ઈયાન કોયરાન અનુ. ઉપમન્યુ વૈદ્ય (સુરેશ જોષી)
વર્તુળાકાર ખંડેરો ૫૦૦
હોર્હે લૂઈસ બોર્હેસ અનુ. કમલેશ પીર
મિત્ર કોલ્બિને ફાંસી ! ૫૦૬
ડોનાલ્ડ બાર્થેલમ અનુ. સુમન શાહ

વિદેશિની : ૩

છૂંદણાં ૫૧૧
જુનિશિરો તાનીઝાકી અનુ. સુરેશ જોષી

ઇઝુની નાચનારી   ૫૧૮
યાસુનારી કાવાબાતા અનુ. સુરેશ જોષી
કેમેલિયા   ૫૩૬
તોન સાતોમી અનુ. જયન્ત પારેખ
હાનનો ગુનો   ૫૪૦
શિગા નાઓયા અનુ. સૌ. ઉષા જોષી
દર્પણ   ૫૫૦
કાવાબાતા યાસુનારી અનુ. સુરેશ જોષી
શરદશૈલ   ૫૬૦
રિયૂનોસુકે આકુતાગાવા અનુ. જયંત પારેખ
નરકપરદો   ૫૬૮
આકુતાગાવા રિયુનોસુકે અનુ. પ્રબોધ ચોકસી
તાવીજ   ૫૯૪
માસાઓ યામાકાવા અનુ. સુરેશ જોષી
અતિથિ   ૬૦૧
ઓસામુ દાઝાઈ અનુ. જયંત પારેખ
ચાશામોન   ૬૧૬
રિયૂનોસુકે આકુતાગાવા અનુ. સુનીલ કોઠારી
ચીંથરે વીંટી ચબરખી   ૬૨૪
યોશિકી હાયામા અનુ. ભારતી દલાલ
મસો   ૬૨૮
કાવાબાતા યસુનારી અનુ. સુભદ્રા ગાંધી
ચેરી   ૬૩૮
દઝાઈ ઓસામુ અનુ. સુરેશ જોષી
અંધકારના ઓળા   ૬૪૪
તાત્સુઝો ઇશિકાવા અનુ. સુરેશ જોષી

શિકારી બંદૂક

ઇનોઉએ યાસુશી અનુ. સુરેશ જોષી ૬૫૧

પરિશિષ્ટ

છાયાની માયા   ૬૮૭

પ્રાસ્તાવિક

આપણે ત્યાં ટૂંકી વાર્તાના સ્વરૂપની ગુંજાશયને ચકાસી જોવાના પ્રયત્નોનો આરમ્ભ થયો તે અરસામાં નવા પ્રયોગો પરત્વે સહાનુભૂતિપૂર્વક જોવામાં આવે, એને નરી પ્રયોગખોરી કે શૈલીનાં નખરાં કહીને, ઉવખેવામાં નહિ આવે અને અમુક શૈલી કે રચનારીતિ જ પુરસ્કૃત ન થાય એ ઇચ્છાથી પૂર્વ તેમજ પશ્ચિમના વાર્તાસાહિત્યમાંથી, અનુવાદ દ્વારા, જુદી જુદી રચનારીતિનું પ્રતિનિધિત્વ કરતી, વાર્તાઓ રજૂ કરવાનો અમે પ્રયત્ન કર્યો હતો. અહીં હું 'વિશ્વમાનવ'ના તન્ત્રી મુ. ભોગીભાઈ ગાંધી તથા 'ક્ષિતિજ'ના સ્થાપક તન્ત્રી શ્રી પ્રબોધ ચોકસીનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરું છું. એમણે ઉત્તમ સાહિત્યના અનુવાદમાં સક્રિયપણે રસ લીધો અને અહીં પ્રકટ થતી મોટા ભાગની વાર્તાઓ એ સામયિકોમાં પ્રકટ થઈ શકી.

સર્જનાત્મક સાહિત્યના અનુવાદની પ્રવૃત્તિ આપણે ત્યાં પૂરતા પ્રમાણમાં ચાલતી નથી. પ્રમાણમાં કવિતાના અનુવાદો વિશેષ થતા જોવામાં આવે છે. ઘણા યુવાન વાર્તાકાર મિત્રો તથા કવિઓ પણ અનુવાદ રખેને અનુકરણ તરફ લઈ જાય એવી આશંકા સેવતા હોય છે. મને એવી આશંકા સેવવાનું કશું કારણ લાગતું નથી. મારી એવી માન્યતા છે કે અલ્પસત્ત્વ લેખકો જ અનુકરણ કરવા તરફ વળે છે. હેમિન્ગ્વે, ફોકનર કે કાફકા જેવા વાર્તાકારો પોતાના પેંગડામાં પગ ઘાલવા દે એવા નથી. એમનાં અનુકરણો હાસ્યાસ્પદ જ નીવડે.

જ્યારે કોઈ બીજી ભાષાના સર્જકની કૃતિનો આપણે અનુવાદ કરીએ છીએ ત્યારે વાસ્તવમાં તો આપણે એની સર્જનપ્રક્રિયાના અન્તરંગમાં પ્રવેશીને એમાં સહભાગી થતા હોઈએ છીએ. એણે સર્જન દરમ્યાન કેવા પડકારો કેવી રીતે ઝીલ્યા તેના માત્ર આપણે સાક્ષી રહેતા નથી, પણ એ પડકારને આપણે પણ ઝીલતા હોઈએ છીએ, આપણે એ નિમિત્તે આપણી ભાષા સાથે નવેસરથી કામ પાડતા હોઈએ છીએ. અનુવાદ દ્વારા જ આપણે જુદી જુદી શૈલીઓનો, રચનારીતિઓનો, પ્રત્યક્ષ પરિચય મેળવી શકીએ છીએ. આપણે ત્યાં જો અનુવાદપ્રવૃત્તિ સમજપૂર્વક વધુ ચાલી હોત તો એનાં સારાં પરિણામો આવ્યાં હોત.

આ વાર્તાઓ આપણને એક વિશાળ પરિપ્રેક્ષ્ય પૂરું પાડવાનું કામ તો કરે જ છે. જે રીતિઓ આપણે અજમાવી નથી, જે પ્રશ્નો આપણે ઊભા કર્યા નથી, જે શક્યતાઓ તરફ આપણી નજર ગઈ નથી તે તરફ એ આપણું ધ્યાન ખેંચે છે. એથી આપણા પ્રયોગોને એક નવી દિશા મળે છે. વાર્તાઓ વસ્તુપ્રધાન, પાત્રપ્રધાન, વાતાવરણપ્રધાન, વ્યંગાત્મક, મર્મકટાક્ષપૂર્ણ, સીધી કથનશૈલીવાળી, પ્રતીકપરાયણ, દૃષ્ટાન્તકથાના સ્વરૂપની, કપોલકલ્પિતનો આશ્રય લેનારી – આવા અનેક પ્રકારની હોઈ શકે તે આ સંકલન જોતાં સહજ જ સમજાઈ જશે. વસ્તુપ્રધાન વાર્તામાં ઘટના ઘટનાને ખાતર મહત્ત્વની હોતી નથી. એ જે પ્રકારના સંયોજનમાં સુગ્રથિત થઈને મર્મને જે રીતે વ્યંજિત કરે છે તે દૃષ્ટિએ એનું મહત્ત્વ છે. વાર્તામાં આપણે ત્યાં 'ટોન'ની વાત ઝાઝી થઈ નથી, થઈ છે તો કંઈક ખોટી સમજથી. પ્રથમ પુરુષ એક વચનમાં કહેવાયેલી વાર્તાની કલાત્મક સાભિપ્રાયતા પ્રકટ કરતી વાર્તાઓ પણ અહીં છે. આ બધાંથી અમુક એક પ્રકારની રચનારીતિને પુરસ્કારવા માટે આ સંકલન કર્યું નથી તે સ્પષ્ટ થશે. અહીં મહત્ત્વની થોડીક વાર્તાઓની, આ મુદ્દો ધ્યાનમાં રાખીને, ચર્ચા કરી છે.*

જે વિષયો આજે નવા લાગે છે તે કાળે જૂના થાય છે, લેખકનું વકતવ્ય વાસી બને છે; આજે જેને મૂલ્ય કે સત્યને માટે નામે ઉદ્‌ઘોષિત કર્યું, તે આવતી કાલનું, ચવાઈ ગયેલું, - સામાન્ય કથન બની રહે છે. સદા નવીન રહે છે તે સર્જકે આવિષ્કૃત કરેલું એનું અદ્વિતીય રૂપ. એ રૂપના સંવિધાનમાં એની ચેતનાના વિધાયક ઋતનો આપણને સંસ્પર્શ થાય છે. અદ્વિતીય રૂપસર્જન જ કલામાત્રનું આગવું મૂલ્ય છે. એ સિવાયનું બીજું – સર્જકનું વ્યક્તિત્વ સુધ્ધાં – કલાનું ઉપાદાન છે, લક્ષ્ય નથી. એ રૂપના સંવિધાનને,એનું કલ્પનાથી પુનર્નિર્માણ કરીને, સમજવાની પ્રવૃત્તિથી જ રસાનુભૂતિ થાય છે. આ સિવાયનાં કલાની બહારનાં, મૂલ્યો સાપેક્ષ છે; સાધન સાધ્યની અટપટી તન્તુજાળના વચલા અંકોડાઓ છે.

* * *

આપણે પહેલાં 'સો રૂપિયા' 'અદલાબદલી' અને 'કેનેરી' એ ત્રણ વાર્તાઓ લઈએ. એમાંની પહેલી બે અત્યન્ત ટૂંકી છે. આ ત્રણેય વાર્તામાં તરત જ દેખાઈ આવે એવી એક સમાનતા છે : ચમત્કૃતિપૂર્ણ અન્ત, જેમણે O' Henryની વાર્તાઓ વાંચી છે, તેઓ અણધાર્યા અન્તથી આણેલી આવી ચમત્કૃતિને ઓળખતા હોય છે જ. પણ ચમત્કૃતિને ચાતુરીમાં સારી પડતાં વાર નથી લાગતી, ચાતુરીમાં અનિવાર્યતાને બદલે કૃત્રિમતા હોય છે. એમાં તદબીર કે ચાલાકી ઉઘાડી પડી જાય છે, ને તેથી આપણે ચમત્કૃતિ સુધી પહોંચતાં પહેલાં જ છેતરાઈને પાછા વળી જઈએ છીએ. આ પ્રકારની રચનાઓનું આ એક મોટું ભયસ્થાન છે.

---

* આ ચર્ચા સૌ પ્રથમ મારા સમ્પાદન 'નવી શૈલીની નવલિકાઓ'માં કરી હતી.

'સો રૂપિયા'ની રચનાને તપાસો. વાર્તાના બે ભાગ પડી જાય છે. એક બાજુ 'સો રૂપિયા, સાહેબ !' એ છેલ્લું વાક્ય ને બીજી બાજુ એ વાક્ય સિવાયની આખી વાર્તા. આમ છતાં છેલ્લા નાના શા વાક્યમાં એટલું બળ છે કે, એ વાર્તાને જુદી જ દિશામાં વાળી દે છે. શરૂઆતનું વર્ણન જુઓ : એમાંની નાનામાં નાની વીગતો લેખકે ચોકસાઈથી આપી છે, ધીમે ધીમે આપણે ઊંચકાઈને અદ્ભુત સુધી પહોંચી જઈએ ને લેખક જ્યારે કહે કે 'એ કોઈ નક્ષત્રલોકમાંથી પૃથ્વી પર ઊતરી આવી હોય એવું લાગતું હતું,' ત્યારે સંમતિમાં માથું હલાવી બેસીએ, એવી કુશળતાથી વિશિષ્ટ વાતાવરણવાળી ભૂમિકા તૈયાર કરી છે. શરૂઆતના ભાગમાં પારિપાર્શ્વિકની રચના ખૂબીથી થઈ છે, એમાં સ્ત્રી કેન્દ્રસ્થાને નથી. એની છબિ મઢવાને માટેની 'ફ્રેઇમ' તૈયાર કર્યા પછી જ લેખક આપણી દૃષ્ટિને એની તરફ વાળીને એક સૂચક પ્રશ્ન પૂછી આપણા કુતૂહલને પ્રદીપ્ત કરે છે : 'આ પૃથ્વી પર વસતી અનેક જાતિઓ પૈકી એ કઈ જાતિની હશે ?' આ પ્રશ્નની સાથે હવે પેલું વાક્ય મૂકી જુઓ : 'એ કોઈ નક્ષત્રલોકમાંથી પૃથ્વી પર ઊતરી આવી હોય એવું લાગતું હતું.' આ વાક્ય જાણે શરૂઆતમાં પુછાયેલા પ્રશ્નના જવાબ રૂપે જ આવતું લાગે છે. આ બે વાક્યોની વચ્ચે સ્ત્રીની છબિની રેખાઓ અંકાઈ જાય છે. વર્ણનમાં ક્યાંય અલૌકિક સૌન્દર્યનું આરોપણ સ્ત્રી પર લેખકે કર્યું નથી. એની આંખોની ફરતી, દૃષ્ટિ જ આપણું વધારે ધ્યાન ખેંચે છે : 'એને ફરકતી જોઈએ ત્યારે હિન્દુસ્તાનનાં અનુપમ ફૂલો પર જાદુભરી અદાથી ભમતાં સોહામણાં પતંગિયાનું દૃશ્ય ખડું થતું.'

એની દૃષ્ટિની પતંગવૃત્તિનું સૂચન આ રીતે થઈ ગયું. આ ઉપરાંત, એ સ્ત્રીના વ્યક્તિત્વમાં રહેલા વિરોધને જોવાનું ભૂલી જવાય એવી મુગ્ધતા પણ એનું વર્ણન કરનારમાં આરોપી નથી. એ કહે છે : 'સૌંદર્ય, બુદ્ધિમત્તા, બાઘાઈ–આ પૈકીનું કોઈ પણ વિશેષણ એને લાગુ પડતું નહીં;' એનો ચહેરો શિશુ જેવો કોમળ પણ એના વાળ કાળાભમ્મર જેવા ને બરછટ હતા ને એનો એ ચહેરા સાથે મેળ ખાતો નહોતો : એની દૃષ્ટિની પતંગિયા જેવી અસ્થિરતા ને એના વિરોધમાં એના દેહની અલસતા – આ બધું સામસામે પલ્લે સંતુલિત કરીને ખૂબીથી મૂક્યું છે.

વર્ણનની આ વિશિષ્ટ રીતિને કારણે જ છેલ્લે નોકર આવીને 'સો રૂપિયા સાહેબ !' એમ અદબથી ઝૂકીને કહે છે, ત્યારે એ નરી ચાતુરીરૂપ બની જતું નથી. આ વાક્ય સાંભળ્યા પછી એક વાર એ વર્ણન પર આપણે નજર નાખીએ છીએ, ત્યારે એ એ વાક્યને કારણે આપણો દૃષ્ટિકોણ ફેરવાઈ ચૂક્યો હોય છે.

રૂપમાત્રમાં ભ્રાન્તિ ઊભી કરવાની જે શક્તિ છે, તે તરફ લેખક અંગુલિનિર્દેશ કરે છે, એમ માનો કે, 'અદ્ભુત લાગતી આવી સ્ત્રીને પણ્યાંગના બનવાનું આવ્યું. એ પરિસ્થિતિમાં રહેલી કરુણતા લેખક બતાવે છે એમ કહો કે, પછી 'આ સંસાર કેવો વિચિત્ર છે, આપણે ધારીએ શું ને આખરે નીકળે શું !' એવી આપણા સંસારની આશ્ચર્યકારક વિચિત્રતા અહીં દર્શાવવી છે, એમ માનો – વાર્તાની રૂપરચના એવી છે કે આ અને એવાં

બીજાં 'રહસ્ય'ને, પોતાનામાં જગ્યા કરી આપીનેય આખરે એ સૌને અતિક્રમી જાય છે.

'અદલાબદલી'માં પણ અંતની આવી ચમત્કૃતિ છે. એનું સ્વરૂપ વળી જુદું જ છે. એ ટુચકાને વધુ મળતું આવે છે. નાના સરખા ટુચકાથી લેખકે નિશાન મોટું તાક્યું છે. એમાં જે ચોટ આવે છે, વ્યંગની જે તીક્ષ્ણ ધાર નીકળે છે, તે લેખકે યોજેલા આ સ્વરૂપને કારણે. આ સિવાયનું આ વાર્તાનું બીજું રૂપ કલ્પી જુઓ. એ એટલું કાર્યસાધક નહીં નીવડે. અહીં વિગતોનો ભરાવો નથી, વર્ણન નહિ જેવું છે, કથન બને તેટલું સીધું સાદું, લગભગ પાંખું છે. આ સંયમ કલાને ઉપકારક નીવડે છે.

યુદ્ધ, સ્મશાન, એની સાથે સંકળાયેલા ભયાનક અને બીભત્સ – આમ પ્રલોભનો કાંઈ થોડાં નહોતાં. પણ વિવેકદૃષ્ટિને જાગ્રત રાખનાર સર્જક કદીય એવાં પ્રલોભનોને વશ થતો નથી. એથી ઊલટું, જાણે ક્યાંકથી સાંભળીને કહી બતાવતો હોય એમ, મૌલિકતાને સુધ્ધાં બને તેટલી પ્રચ્છન્ન રાખીને, આ પ્રસંગ અહીં કહી દીધો છે. ટૂંકી વાર્તાના લેખનને ડૂબતા વહાણમાંની મુસાફરી સાથે સરખાવી શકાય. કાંઠે સહીસલામત પહોંચવું હોય, તો બને તેટલું જ વજન હળવું કરી નાંખવું પડે. આથી સાવ અનિવાર્ય હોય તેટલું જ રાખવું પરવડે. એક વધારાનું અનુસ્વાર કે અલ્પવિરામ સુધ્ધાં કોઈક વાર આપણને ડુબાડી દે છે ! આથી આ વાર્તાનું પાંખાપણું જ એની સમૃદ્ધિ બની રહે છે, એની નિરલંકારતા જ એનો મોટો અલંકાર બની રહે છે.

એમાં પણ અંતમાં ચમત્કૃતિ છે. મરણ પછી વેરઝેર રહેતાં નથી, એવી માન્યતાને કારણે મરેલા સૈનિકો સરહદ ઓળંગીને, શત્રુવટ ભૂલી, સમાધાન કરી લેતા હોય એ સંભવે. પણ મરેલાઓનું આ સમાધાન પણ જીવતાને મંજૂર નથી ! એમનું ચાલે તો મરેલાઓના જીવનમાં પણ હસ્તક્ષેપ કરવાનું ન ચૂકે. આટલું જ જો લેખકે કહ્યું હોત, તો ટુચકાનું ટુચકાપણું ખીલી ઊઠ્યું ન હોત. વ્યંગ ફૂટી નીકળ્યો ન હોત.

યુદ્ધને કારણે હાડકેહાડકાંની કચ્ચર થઈ ગઈ, પણ વૈરવૃત્તિ તો એવી ને એવી અખણ્ડ રહી. વૈરે જેને જુદા રાખ્યા, તેને મરણે ભેગા કર્યા. એ યુદ્ધના સંહારને કારણે જ, મરણ બાદ, હાડકાંની ભેળસેળ થઈ ગઈ ! પણ શત્રુનાં હાડકાંની તો રજ સરખી નહીં ખપે, મરણ પછી પણ ! આમ પંચને સાવ સન્તોષકારક એવું જ વર્તન મરણ પછી પણ, સૈનિકોનું નીકળ્યું. યુદ્ધનાં શસ્ત્રોની તીક્ષ્ણ ધાર કરતાં પણ વધારે તીક્ષ્ણ ધાર આ વ્યંગની છે. માટે જ તો કહ્યું ને Pen is mightier than sward !

'સો રૂપિયા'ની જેમ 'કેનેરી'માં પણ છેલ્લું વાક્ય આખી વાર્તાને નવો જ પલટો આપી દે છે. એ વાક્ય વાંચતાંની સાથે જ વાર્તામાંની બધી, અત્યાર સુધી અપ્રસ્તુત ને વેરવિખેર લાગતી વિગતો ગોઠવાઈ જઈને, એક સુસંબદ્ધ સંદર્ભમાં પરિણમે છે. આમ અહીં પણ અંતમાં ચમત્કૃતિ છે, પણ તે ચાતુરી લાગતી નથી. વાર્તામાંની વીગતોને આપણે તપાસીએ. આખી વાર્તામાં એકાદ વાક્ય (અને તે પણ બહેરી અમેરિકન સ્ત્રી સાંભળી શકતી નથી !) જ બોલનાર અમેરિકન પતિને મોઢે લેખક આ વાર્તા કહેવડાવે છે. વાર્તાનું શીર્ષક 'કેનેરી'

છે. (મૂળમાં 'કેનેરી ફોર વન'). સૌથી પ્રથમ ઉલ્લેખ પણ કેનેરીનો જ થાય છે. પ્રૌઢ વયની બહેરી અમેરિકન સ્ત્રી ગાડીની ઝડપી ગતિથી ગભરાય છે. કશોક અકસ્માત થશે, એવી સદા એને દહેશત રહે છે. આ વીગત વાર્તાને સમર્થક નીવડે છે. એ સ્ત્રી પોતાના જમાનાથી બહુ પાછળ રહી ગઈ છે. એની પછીની પેઢીનાં આશાઆકાંક્ષાને એ સમભાવપૂર્વક ઓળખી શકતી નથી. જમાનાની તેજ રફતાર સાથે એ કદમ માંડી શકતી નથી. આમાંથી જ કરુણતા જન્મે છે. અમેરિકન પુરુષો જ આદર્શ પતિ હોય છે, એવી પોતાની માન્યતાને વશ થઈને પોતાની દીકરીને સ્વીસ એન્જિનિયર સાથે પરણાવી દેતી નથી, ને એના મનોવિનોદ માટે કેનેરી લઈ જાય છે. આમ કેનેરીને પ્રેમની અવેજીમાં એ મૂકે છે.

ગાડીની બહારની ઝડપથી સરી જતી દુનિયાની વીગતો બતાવવામાં લેખકે પૂરેપૂરી સાભિપ્રાયતા જાળવી છે. લેખક બળતા મકાનનો ઉલ્લેખ કરે છે. અમેરિકન દંપતીનો સંસાર પણ એ બળતા ઘર જેવો જ છે. એથી જ તો બંને છૂટાં પડે છે. બળતા ઘરના ઉલ્લેખની સાભિપ્રાયતા વાર્તાનું છેલ્લું વાક્ય વાંચ્યા પછી જ આપણે કળી શકીએ છીએ. કન્યાના જીવનમાં નિષ્ફળ પ્રેમને કારણે આવેલી ઉદાસીની છાયા પાથરનાર માતા કેનેરી વિશે કહે છે : 'એને સૂર્યનો તાપ બહુ ગમે છે ઘડીકમાં તો એ ગાવા માંડશે.' આ સૂર્યનો તાપ અને સંગીતથી પોતાની કન્યાને વંચિત રાખવામાં પોતે જ કારણભૂત બની છે, તેની એને પોતાને ખબર નથી. આ આપણને સ્પર્શી જાય છે. એ પ્રૌઢા બહેરી છે. આ બહેરાપણું એને માટે સંરક્ષણાત્મક કવચ જેવું બની રહે છે. એ બહેરી છતાં કેનેરીના સંગીત વિશે ઉત્સાહી બની જાય છે, ને એ જ બહેરાપણું એની કન્યાના જીવનમાંથી પ્રેમના સંગીતને છીનવી લેવામાં કારણભૂત બને છે. 'અમેરિકન પુરુષો સારા હોય છે' આ વાક્ય એ ફરી ફરી, જાણે ધ્રુવપદ હોય તેમ, બોલ્યા કરે છે.

પણ પરિસ્થિતિની વાસ્તવિકતા પ્રત્યેની કેવી તો બધિરતા એની પાછળ રહી છે, એનો જ્યારે અંતમાંના વાક્યથી આપણને ખ્યાલ આવે છે, ત્યારે આ યોજનાની પાછળ રહેલી લેખકની દૃષ્ટિ આપણને સમજાય છે. લગ્નવિચ્છેદ કરી ચૂકેલા અમેરિકન પતિ આગળ જ આ વાક્ય ઉચ્ચારવામાં આવે છે ! અમેરિકન પ્રૌઢાના જીવનની રૂઢિગ્રસ્તતા એની જીવનરીતિમાં પણ પ્રકટ થાય છે. કેટલાંય વરસોથી એ એક જ દુકાને કપડાં સિવડાવે છ. પર્યટને નીકળે ત્યારે એની એ જૂની હોટેલમાં ઊતરે છે. એના જીવનમાં કશું બદલાતું નથી. અમેરિકન પત્ની લગ્ન પછીની મધુરજની ગાળવા જે સ્થળે ગઈ હતી તે સ્થળે જ આ પ્રૌઢાની કન્યા સ્વીસ એન્જિનિયર સાથે પ્રેમમાં પડી હતી. વસંત ઋતુમાં ગાળેલી મધુરજનીની વાતો ચાલતી હોય છે, ત્યાં જ અકસ્માતથી દબાઈ કચડાઈ ગયેલા ત્રણ ડબ્બાઓના ભંગાર આગળથી ગાડી પસાર થતી હોય છે. આ વખતે અમેરિકન પતિ નાટકમાંના પતાકાસ્થાનકના જેવું વાક્ય બોલે છે : 'જુઓ, અહીં અકસ્માત થયો લાગે છે.' આ 'અકસ્માત' અને 'ભંગાર' એ શબ્દો એમના નિષ્ફળ ગયેલા, ભંગારરૂપ બની

ગયેલા દામ્પત્ય સાથે સંકળાઈ જાય છે... 'મને કેટલીક વાર બનનાર ઘટનાની ગંધ અગાઉથી આવી જાય છે.' એવો દાવો કરનારી પ્રૌઢા ભાવી તો ઠીક વર્તમાનથીય કેટલી અજાણ છે, એ આપણે જાણીએ છીએ, ત્યારે લેખકે તાકેલા વ્યંગની તીક્ષ્ણતાનું આપણને ભાન થાય છે. આ બધાંને અંતે આપણે અમેરિકન પતિ પાસેથી છેલ્લે જાણીએ છીએ : 'લગ્નવિચ્છેદ પછી જુદાં રહેવાની ગોઠવણ કરવા માટે અમે પારિસ પાછા ફર્યાં હતાં.'

વાર્તામાંનું કેનેરી નિષ્ફળતાને માટેના આશ્વાસનના પ્રતીક રૂપે, આ છૂટાં પડેલાં દમ્પતી આગળ પણ રજૂ થાય છે. આમ, વાર્તાની વિશિષ્ટ રચનાને બળે વાર્તાનું છેલ્લું વાક્ય આવતાંની સાથે જ એનો નવો ઘાટ આપણા મન આગળ રજૂ થઈ જાય છે. અંતમાં આવતી ચમત્કૃતિનો આ ત્રણ લેખકોએ પોતપોતાની રીતે ઉપયોગ કર્યો, એ રીતિને પોતાની વાર્તા માટે અનિવાર્ય બનાવી, જો એમ ન બન્યું હોત તો વાર્તાકળાને એ રીતિ ઉપકારક ન નીવડી હોત, એ પ્રચલિત રીતિનું વંધ્ય અનુકરણ માત્ર બની રહી હોત.

'શૈશવનો પ્રેમ' એ વાર્તા પણ આ ત્રણ સાથે મૂકી શકાય એવી છે. અલબત્ત, એની કથનરીતિ જુદી છે. પણ એ વાર્તામાંય અંતમાં જ વાર્તા કહેનારને એ સત્યનો સાક્ષાત્કાર થતો હોય છે, એની ચમત્કૃતિ અત્યંત પ્રકટ સ્વરૂપની નથી. વાર્તા અહીં નાયકને મોઢે જ કહેવડાવી છે. એ કહેવા પૂરતું તાટસ્થ્ય એનામાં આરોપ્યું છે, ને આ રીતિને કારણે એક જ વ્યક્તિની બે જુદી જુદી ભાવાવસ્થાની તુલનાને માટેની યોગ્ય ભૂમિકા તૈયાર કરી આપવાનું લેખકને ફાવ્યું છે. વર્તમાનની ભોગલિપ્સા અને શિશુસહજ નિર્દોષતાની ફોરમ-આ બેના કાંઠા વચ્ચે વાર્તાને વહેતી કરી છે. શૈશવની એ સૃષ્ટિમાં નાયકની સાથે આવેલી પણ્યાંગનાનો મેળ ખાતો નથી, એ બદલ આ વાર્તામાં એ ફરી ફરી અફસોસ કર્યા કરે છે. નિશાળમાંથી છૂટેલાં બાળકોનું દૃશ્ય વાર્તામાં કેન્દ્રસ્થાને આવે છે. એ દૃશ્યથી જાગેલી સ્મૃતિ શૈશવના નિર્દોષ પ્રેમને નાયકમાં ફરીથી સજીવ કરી મૂકે છે ને ત્યારે વર્તમાન ભાવસ્થિતિ સાથેનો વિરોધ ઉત્કટ રીતે પ્રકટ થઈ જાય છે. શૈશવના પ્રેમમાં રહેલી વિયોગની ભયંકર અનિવાર્યતા ફરીથી એક વાર નાયકને પીડી જાય છે. ધુમ્મસભર્યાં, ઝાંખી બનેલી સ્મૃતિના ધૂંધળા વાતાવરણમાં પિયાનો પર વાગતા પુરાણા નૃત્યના સૂર એ સાંભળે છે ને એ સૂરના ભૂતકાળ તરફ લંબાતા તન્તુ સાથે વર્તમાનને જોડીને એ દુઃખથી બોલી ઊઠે છે : 'ત્યારથી તે આજ સુધીની આ યાત્રાને અન્તે આખરે પામી પામીને હું લોલાને પામ્યો !' આ દુઃખના ઉત્તાપથી સ્મૃતિ વધુ પારદર્શક બને છે. ને એની સામે એક પ્રસંગ સ્પષ્ટ તરવરી રહે છે, દરવાજાના લાકડાના કાણાની અંદર પોતે સંદેશો લખીને મૂકતો તે એને યાદ આવે છે. કુતૂહલથી એ કાણામાં જોતાં એમાં સુરક્ષિત રહેલી, પોતાને જ હાથે લખેલી ચબરખી એને જડે છે, એ ચબરખી તો સુરક્ષિત હતી, પણ પોતે ? એનામાં તો વયના બદલાતા હવામાનથી કેવું પરિવર્તન થઈ ગયું હતું !

પોતે નિર્દોષતાથી આંકેલું ચિત્ર આ પરિવર્તનને કારણે પોતાને અશ્લીલ લાગ્યું.

બાળપણથી નિર્દોષતા પરથી પણ એનો વિશ્વાસ ઊઠી ગયો. વર્તમાનની પ્રબળ છાયાએ ભૂતકાળને પણ રંગી દીધો. આ પછી નાયક કહે છે : 'પણ તે દિવસે મોડી રાતે લોલા પડખું ફરીને, મારી તરફ પીઠ કરીને ઊંઘી ગઈ, ત્યારે મને એ ચિત્રમાં રહેલી ઊંડી નિર્દોષતા ધીમે ધીમે સમજાવા લાગી.' વર્તમાનના હસ્તક્ષેપથી શૈશવનું એ નિર્દોષ ચિત્ર પણ અશ્લીલતાના ડાઘવાળું બની ગયું ! આપણી પોતાની નિર્દોષતાને આપણી પોતાની અશ્લીલતાથી કદી બચાવી શકાય ખરી ?

આખી વાર્તાને આવરીને એક વિષાદનું ધૂંધળું વાતાવરણ રહેલું છે. એની સાથે જ વાર્તાના નાયકની પારદર્શી તાટસ્થ્યપૂર્ણ પ્રામાણિકતાને લેખકે મૂકી છે. વાર્તાના પોતમાં ઊર્મિકાવ્યની કુમાશ છે, છતાં કલાસંયમને કારણે લાગણીવેડામાં એ સરી પડતી નથી. અહીં કથનરીતિ સીધી અને સરળ છે. એમાં એક પ્રકારની અનાયાસતા છે. એની ચમત્કૃતિ અંતમાં થતા સાક્ષાત્કારમાં છે. એ ચમત્કૃતિમાં આંજી નાખે એવો ઝબકારો નથી. એ તો જાણે વાર્તાના પ્રારંભથી જ હતી, પણ આપણી દૃષ્ટિ અંતમાં એના પર પડી એવું આપણને લાગે છે. એમાં જ લેખકની વાર્તાકળાનો વિજય છે. આપણા ભાવજગતની આ સ્વરૂપની વાસ્તવિકતાનો આટલી નિર્મમતાથી સાક્ષાત્કાર કરાવવાનું બળ વિશિષ્ટ કથનરીતિથી લેખકે ઉપજાવી લીધું છે.

આવી જ સીધી કથનરીતિને પ્રયોજતી 'સાત પૈસા' વાર્તા જોઈએ. એમાં, આમ તો નજીવો લાગે એવો પ્રસંગ લેખકે પસંદ કર્યો છે.

ગરીબી એ સૌને પરિચિત એવી વસ્તુ છે. કરુણ ઉત્પન્ન કરવા ઘણા લેખકો એને વટાવી ખાય છે. આ લેખક ગરીબી તરફ આપણું ધ્યાન ખેંચવા માગતા નથી. આ વાર્તામાંની માતાનું દર્શન લેખક એક માતા તરીકે આપણને કરાવવા ઇચ્છતા નથી. આખી વાર્તા દીકરાને મોઢે કહેવડાવી છે. ભયંકર દુ:ખની એ વાત છે, છતાં એ દુ:ખની કરુણતાના ભારથી કશું કચડાઈ ન જાય, એવી ફૂલ જેવી હળવાશથી લેખકે વાર્તા કહી છે. વાર્તામાં હસવાનો અવાજ જ આપણને કાને પડે છે, ને છતાં એ વાર્તા પૂરી કર્યા પછી આપણે ઘડીભર ચૂપ થઈને બેસી રહીએ છીએ, ત્યારે એ હાસ્યની પાછળ ઘૂઘવી રહેલો અશ્રુનો સાગર આપણી નજર આગળ ખડો થાય છે.

પૈસાની શોધનો પ્રસંગ આમ તો તુચ્છ લાગે એવો છે, પણ લેખકે એનું આલેખન એવી રીતે કર્યું છે કે, પૈસા કોઈ પરીકથાનાં પાત્ર જેવા બની રહે છે. બાળકોની સહજ ક્રીડાનું વાતાવરણ વાર્તામાં વ્યાપી જાય છે. પૈસા સાથેની સંતાકૂકડીની રમત આપણે વિસ્મયથી જોઈ રહીએ છીએ, ને એ દરમિયાન, આપણાથી પણ અજાણે, જે કરુણ આપણા અંતરમાં ઝમ્યા કરે છે, વાર્તા પૂરી થતાં એ એકાએક અંતરમાં ઘૂઘવી ઊઠે છે. પરીકથાની સાવ નાજુક ભૂમિકા પર આવા ઘેરા કરુણની માંડણી લેખકે કુશળતાથી કરી છે.

કોઈ પણ ભાવને એને વિરુદ્ધને છેડે જઈને આલેખવાનો પડકાર દરેક સર્જક ઝીલી

લેવા ઇચ્છતો હોય છે. એમ કરવાથી નિરૂપણમાં અનોખું બળ આવે છે, આકારમાં સંગીનતા આવે છે. કહે છે કે કરોળિયાના જાળાને અમુક વેગથી ઘુમાવવામાં આવે તો એનામાં લોખંડનેય છેદી નાંખવાની શક્તિ આવે છે. આ વાર્તાની નિરૂપણરીતિમાં આવી શક્તિનો આપણને અનુભવ થાય છે. એના અંતમાં પણ, એક રીતે જોઈએ તો ચમત્કૃતિ રહેલી છે. જેને પૈસો આપીએ તેની પાસેથી પૈસો લેવો પડે છે ! છતાં એને માટેની ભૂમિકા એવી કુશળતાથી તૈયાર થઈ છે કે, એમાં કશી કૃત્રિમતા વરતાતી નથી, એની સચોટતા બુઠ્ઠી થઈ જતી નથી.

'કૂતરી'માં પણ પ્રસ્તુતનું તિરોધાન જ સચોટતા લાવવામાં ઉપકારક નીવડે છે. એ વાર્તાની લેખિકા કોલેત પ્રાણીઓનાં - ખાસ કરીને બિલાડી અને કૂતરાના - વર્તનને, વાર્તાના પ્રસંગને સૂચક રીતે ઉપકારક નીવડે એ પ્રકારે, ઝીણવટથી નિરૂપવા માટે જાણીતી છે. ભોળપણથી પોતાની બેવફા પ્રેયસીની પાછળ ઘેલા બનેલા વાર્તાના નાયકને, એ પ્રેયસીથી વધુ વફાદારી અને સમજ બતાવતી કૂતરી ભ્રાંતિનું નિરસન કરીને સત્યનું દર્શન કરાવે છે. પ્રસંગની રચના લેખિકાએ કુશળતાથી કરી છે. નાયકને ખેંચીને કૂતરી બહાર લઈ જાય છે, ત્યારે એ ક્યાં લઈ જતી હશે, તેનો આપણને કે નાયકને ખ્યાલ પણ નથી આવતો. બેવફા પ્રેયસી એના યાર સાથે જ્યાં રહેતી હતી, તે ઘર આગળ કૂતરી નાયકને ખેંચી લાવે છે. કૂતરી એ સ્ત્રીની બેવફાઈને સહી લેવા ઇચ્છતી નથી ને રોષથી એ ઘરમાં ઘૂસી જવા ઇચ્છે છે. એ ઘરમાં શું બનતું હશે, તે કળી જઈને નાયક એને એમ કરતાં વારે છે. પોતાની આવી પરિસ્થિતિમાં એકાએક મુકાએલો જોઈને નાયક વીલો પડી જાય છે ને રજા ગાળવાનું માંડી વાળીને પોતાની છાવણીમાં પાછા ફરવાની તૈયારી કરે છે.

એ વખતે કૂતરીની આંખમાં સોનેરી આંસુ થરકી રહે છે.

અહીં પ્રેયસી અને કૂતરીના વર્તન વચ્ચેનો વિરોધ સારી રીતે ઊપસી આવે છે. નાયક બેવફાઈ ભરેલા એ અપવિત્ર સ્થળે એ કૂતરીને મૂકી જવા ઇચ્છતો નથી. એ ક્ષણની, માનવ અને માનવના સંબંધને મુકાબલે માનવ અને પ્રાણીના સંબંધની, ઘનિષ્ટતા આપણને સ્પર્શી જાય છે. વાર્તામાં કૂતરીને શીર્ષકને સ્થાને સ્થાપીને વાર્તાના વિકાસમાં એને જ આખો વખત આપણી નજર આગળ રાખી છે. અંતમાં એ કૂતરી દ્વારા જ, કૂતરી જેટલી વફાદાર નહીં એવી નાયકની પ્રેયસી તરફ ધ્યાન ખેંચીને, તે વાર્તાના મર્મ તરફ આંગળી ચીંધી છે.

'ઈસુ-ક્રૂસ પર ચઢ્યા ત્યારે'માં શીર્ષકમાં ઉલ્લેખાયેલા ઈસુના ક્રૂસ પર ઢવાના પ્રસંગને, એ જાણે વાર્તાના ગૌણ સ્થાને હોય તેમ, નિરૂપ્યો છે. વાર્તાકાર મોટે ભાગે આપણું ધ્યાન બેન-ટોબિટના દાંતના દુખાવા તરફ જ કેન્દ્રિત કરે છે. ઈસુની વેદનાનું એમાં વર્ણન નથી, ને જે કર્યું છે, તે બહુ સૂચક રીતે કર્યું છે. વાર્તાની શરૂઆતમાં ક્રૂસ પર ચઢવાના પ્રસંગને 'દુનિયાને અનિષ્ટકર એવું કૃત્ય' કહીને ઓળખાવ્યો છે, ને એ બનાવના દિવસને 'ગોઝારો' કહ્યો છે; પણ એ વાક્ય પૂરું થાય છે બેન-ટોબિટને ઉપડેલા અસહ્ય દુઃખાવાના ઉલ્લેખથી.

આ પછી લાગલગાટ ત્રણ પરિચ્છેદ સુધી દાંતના દુખાવાનું વર્ણન ચાલુ રહે છે. એની પછીના નાના શા પરિચ્છેદમાં સૂર્યોદયનું વર્ણન કરતાં કહ્યું છે : 'એ સૂર્યના નસીબમાં તે દિવસે ગોલગોથા પરના ત્રણ ક્રૂસો જોવાનું ને એ જોઈને ભય અને વિષાદથી ઝાંખા પડી જવાનું લખાયું હતું.' અહીં પણ ઈસુનો જુદો ઉલ્લેખ નથી. આ પછી વળી બેન-ટોબિટના દુખાવાનું વર્ણન ફરી ચાલુ થાય છે. દુ:ખની માત્રા વધતી જ જાય છે; ઈસુની વધસ્થાન તરફની યાત્રા પણ આગળ વધતી જાય છે. બેન-ટોબિટની પત્ની ઈસુનો ઉલ્લેખ ચોર તરીકે જ કરે છે ! ક્રૂસના ભાર નીચે દબાઈ જતા અપરાધીઓનાં માથાં પર કાળા સાપની જેમ ઘૂમી રહેલા રોમન સૈનિકોના ચાબખાને જોઈને એ ઘડીભર પોતાનું દુ:ખ ભૂલે છે. અહીં લેખક ઈસુનો ઉલ્લેખ કર્યા વિના, ભારે સંયમથી એની યાતનાનું વર્ણન કરે છે.

'એમાંનો એક-લાંબો, મુલાયમ વાળવાળો, ફાટી ગયેલો ને લોહીના ડાઘવાળો ઝભ્ભો પહેરનાર - રસ્તા વચ્ચે ફેંકેલા પથ્થર સાથે અથડાયો ને પડી ગયો. ઘોંઘાટ એકદમ વધી ગયો, ને સાગરના જેવું પચરંગી ટોળું એ પડેલા માણસની પર ચારે બાજુથી ઊમટી પડ્યું.' એની સરખામણીમાં બેન-ટોબિટના દુખાવાનું વર્ણન વધારે વીગતથી કર્યું છે, આવી સ્થિતિમાં પણ, ઈસુની હાંસી ઉડાવતા ટોળાની બેન-ટોબિટને અદેખાઈ આવે છે :

'હું જો સાજો હોત તો કેટલો મોટો અવાજ કરીને મેં શેરીને ગજાવી મૂકી હોત !' પણ આ કહેતાંની સાથે એનું દર્દ એકદમ વિફરી ઊઠે છે. ઈસુ માટે માને છે કે, એના મહિમાની કશી ખબર છે એટલા માટે નહીં, પણ પતિને ધીરજ આપવા, બેન-ટોબિટની પત્ની કહે છે : 'લોકો કહે છે કે એણે આંધળાને દેખતાં કર્યાં છે.' પતિ પોતે કશું કરી શકતો નથી તે જોઈને, પતિને સુખ થાય એ ખાતર, એ ઈસુ પડ્યા હતા તે સ્થળે એક કાંકરો ફેંકે છે. આમ છતાં ઈસુ એના દાંતનો દુખાવો દૂર કરે એમ તો એ ઇચ્છે જ છે ! ઈસુની વેદનાના દૃશ્યથી એનો મનોવિનોદ થાય છે ને દુખાવો વિસારે પડે છે. પણ એટલું સરખું શ્રેય ઈસુને ફાળે ન જવા દેવું હોય તેમ એ ઉમેરે છે : 'અલબત્ત, એ કદાચ ઉંદરની લીંડીનો પણ પ્રતાપ હોય !'

ત્યાર પછી પોતાના પડોશી સાથે એ ગોલગોથાની ટેકરી પર ક્રૂસ પર, ચઢેલા ત્રણ ચોરને જોવા નીકળે છે. આખે રસ્તે એ પોતાના દાંતના દુખાવાની જ વાત વીગતે કર્યે રાખે છે. ઈસુ પ્રત્યે સહાનુભૂતિ બતાવવાને બદલે સેમ્યુઅલ એમ કહે છે : 'અરૂરૂરૂ ! બહુ દુ:ખ થયું હશે !' ક્રૂસ પર ચઢેલા ઈસુની આગળ ઊભા રહીને, એને સાવ અવગણીને, બોલાયેલું આ વાક્ય વ્યંગને સચોટ બનાવે છે. બેન-ટોબિટના દુખાવાના વર્ણનમાં નાનામાં નાની વીગતનો ખડકલો, પણ ઈસુની વેદના વર્ણવતાં કદીક નાની સરખી એકાદ સૂચક પંક્તિ માત્રથી લેખક કામ કઢાવી લે છે : 'પશ્ચિમમાં લોહીની સેરના જેવી એક રાતી રેખામાત્ર દેખાતી હતી.' સેમ્યુઅલે બતાવેલી સહાનુભૂતિથી ઉત્સાહિત થઈને બેન-ટોબિટ ફરી પોતાના દુ:ખની કથની આરંભે છે. વાર્તાના અંતમાં, બેન-ટોબિટ ભુલાઈ ગયેલા દુખાવાને યાદ કરીને ખૂબીથી કણસવાનો અવાજ કાઢે છે તે વખતે, 'ઊંડી કોતરોમાંથી,

દૂર દૂરથી, સૂરજથી તપેલાં મેદાનોમાંથી કાળી રાત ધીમે ધીમે ઊતરી આવી; કેમ જાણે પૃથ્વી પર ગુજરેલો આ અત્યાચાર સ્વર્ગની દૃષ્ટિએ ન ચઢે, એ માટે એને ઢાંકી દેવાને એ ન ઊતરી હોય !' - એટલું વાર્તાકાર ઉમેરે છે. ઈસુના ક્રૂસારોહણ જેવી અસાધારણ ઘટનાની પડછે એક સામાન્ય વેદનાને વીગતે સમાન્તર આલેખી છે. જ્યાં જ્યાં ઈસુની વેદનાનો ઉલ્લેખ આવે છે, ત્યાં વર્ણનને મોટા ફલક પર મૂક્યું છે. આ રીતે એ વેદના એક વ્યક્તિની નહીં પણ વિશ્વની હતી, એવી વ્યાપકતાનું સૂચન કળામય રીતે કર્યું છે. ઈસુના બલિદાન જેવી ભવ્ય ઘટના, એક સમકાલીનને તો ઘડીભર પોતાનો દાંતનો દુખાવો ભૂલવા જ ખપમાં આવી ! આ વ્યંગ, વાર્તાની વિશિષ્ટ પ્રકારની રચનાકળાથી, ભારે તીક્ષ્ણ બન્યો છે. લેખકે રચેલો સંદર્ભ આ પરત્વે ઘણો ઉપકારક નીવડે છે. કલાસંયમ એ કેવી મોટી શક્તિ છે, તેની પણ આપણને અહીં પ્રતીતિ થાય છે.

'માખી'ની નિરૂપણરીતિ જુદી છે. પિરાન્દેલોની જીવનદૃષ્ટિએ એને જુદો ઘાટ આપ્યો છે. આપણે હસીએ છીએ ત્યારે, પછીની જ ક્ષણે ધસી પડનારી આંસુની કિનાર પર ઊભા રહીને જ હસતા હોઈએ છીએ. આંસુની કિનાર ધસી પડે તે પહેલાંની પળ-અર્ધપળની આપણી જિંદગી ! આવું છે માટે જ એ પળઅર્ધપળને આપણે ઉત્કટતાથી ભરી દેવા ઇચ્છીએ છીએ. માનવ સમસ્તને માટેની વ્યાપક સર્વાશ્લેષી કરુણામાંથી પિરાન્દેલોના 'હાસ્ય'નો ઉદ્‌ગમ થાય છે.

આથી નરી વન્ધ્ય તિર્યક-વૃત્તિમાંથી એ બચી જાય છે. કતલખાનામાં ભેગાં થયેલાં પશુઓ પણ એકબીજાની હૂંફ, સ્વભાવને વશ વરતીને, શોધતાં હોય છે. આવી હૂંફ, નિકટતા જ એક આગવું મૂલ્ય નથી ? એનાથી જ અવશ્યંભાવી મૃત્યુનો છેદ ઉરાડી નહીં દઈ શકાય. આપણી હૂંફ શોધનાર જ અણજાણપણે આપણને કચડી નાંખતો હોય છે. એની પ્રત્યે રોષ ન હોય, કરુણા જ હોય. દુઃખ જો અમુકે જ ભોગવવાનું આવતું હોય તો રાગદ્વેષને સ્થાન રહે. પોતાને સુખી માનનાર આ વિશ્વના તંત્રમાં પ્રવેશતાંની સાથે જ, જે દુઃખ, માનવી ભેગો માનવી હોવાને કારણે જ, ભોગવવાનો છે, તેથી અણજાણ રહે તો એની પ્રત્યે વધુ કરુણા નીપજે.

વાર્તાની શરૂઆતનું દૃશ્ય જ સૂચક છે : ટેકરી ચઢતા બે જુવાનિ ાના ચિત્રની સાથે જીવનની મથામણમાં પડેલી માનવજાતનું ચિત્ર પણ, અજાણપણે, આપણા મનમાં વણાતું જાય છે. કુતૂહલ જાગ્રત કરવાનો પ્રયત્ન શરૂઆતમાં હોય એવું લાગે છે ! 'હા નેલિ અને તોર્તોરિસિ બિચારા ! શા માટે તેઓ આટલી બધી ઉતાવળમાં હતા ?' પણ આ કુતૂહલના પર લેખક, પોતાની કલાસૂઝને કારણે, ઝાઝો ભાર મૂકવા ઇચ્છતા નથી. જે બન્યું છે તેનો સીધો નિર્દેશ નથી. દુઃખમાત્રમાં એક પ્રકારની નિર્વિશેષતા રહેલી હોય છે. પછીનો સૂચક સંવાદ : 'એ કોણે કર્યું ?' 'કોઈએ નહીં, પ્રભુએ,' આપણને પિરાન્દેલોની સૃષ્ટિની વિશિષ્ટ આબોહવામાં મૂકી દે છે. સુખ અને દુઃખ, હર્ષ અને અશ્રુના તાણાવાણામાંથી જ જિંદગીની અનોખી ભાત પ્રકટે છે. નેલિની, પોતાની પ્રિયા એલ્યુઝના

સાથેના પ્રસન્ન દામ્પત્યની કલ્પના, દાક્તરના દુ:ખીદરિદ્રી સંસારની પડછે - અડોઅડ રહીને જ થતી હોય છે. દાક્તર એના આવા વેવલાવેડાને, પોતાના દામ્પત્યના વાસ્તવિક અનુભવના જોરે, હસી કાઢે છે : 'ઓહ ! તો તો તું પરણી જવાનો ! ખરેખર !'

પછી વધુ હસીને ગુસ્સાથી પોતાનાં બાળકોને એની બાજુમાં ભેગાં કરીને કહે છે : 'લે આ લેતો જા... મૂર્ખના સરદાર, અક્કલના ઓથમીર !' નેલિની દામ્પત્યસુખની કલ્પના પર કપરી વાસ્તવિકતાની આ પહેલી છાયા, ભાવીના ઓળાની એંધાણીરૂપ બની રહે, એવી રીતે વાર્તારચનામાં ગોઠવાઈ છે. અત્યારે તો નેલિ જાણે નરી પ્રસન્નતાનો જ બનેલો લાગે છે. ('પોતે જે શ્વાસ લેતો હતો, એ હવાની લેરખી પર પણ એ હાસ્ય છાંટતો'), ને એ પોતાની પ્રિયતમા સાથે થોડો સમય આનન્દમાં ગાળવા ઉત્સુક હતો, ત્યારે જ પોતાના પિતરાઈભાઈની સારવાર કરવા માટે દોડાદોડ કરવાનું આવ્યું, તેથી એ અકળાતો પણ હતો. પણ ભાવિ સુખની કલ્પનામાં એ રમમાણ હતો ત્યારે જ, એનું ધ્યાન પણ ન જાય એવી રીતે, એનાં ભાવિ દુ:ખનાં મંડાણ થયાં, ને એને માટે કેટલી નાની સરખી ઘટના વિધિને ખપમાં આવી જાય છે ! હજામના અસ્ત્રાથી દાઢીને સહેજ સરખી ઇજા ! ખેડૂતને મન એ 'ઇજા' નામનેય લાયક નહીં. પણ એ ઇજામાં જ દુષ્ટ વિધિના પ્રતીકરૂપ ઝેરી માખી એનું ઝેર મૂકે છે. પાછા વળતી વેળાએ એલ્યુઝા સાથે ઘડીભર વાત પણ કરી શકતો નથી. વળી દુર્ગમ કોતરોની ધાર પર થઈને દાક્તરને લઈને બંને ભાઈઓ જાય છે. ઘઉં, બદામ અને દ્રાક્ષનો બગડેલો પાક જોઈને વક્રદ્રષ્ટા દાક્તર ઉદ્‌ગાર કાઢે છે : 'આનન્દજનક ભાવિ !' ને એ ઉદ્‌ગારનો રણકો કેટલો વિસ્તરે છે, તેની તો ભારે સચોટતાથી આપણને, વાર્તાનો અંત આવતાં ખબર પડે છે.

ઝરુનું વર્ણન લેખકે ભારે કુશળતાથી કર્યું છે : 'એને હવે તો ભાગ્યે જ માનવીય કહી શકાય. બે હોઠ વચ્ચેથી મહામહેનતે શ્વાસ નીકળતો. ગુસ્સે થઈને પ્રાણી ઘૂરકતું હોય, એવો એમાંથી અવાજ નીકળતો હતો.' માણસને પશુની હદ સુધી પહોંચતાં વાર લાગે ખરી ! નેલિનો ફૂલફટાક વેશ ઝરુ 'લોહીનાં ટપકાં' જેવી આંખો ખેંચીખેંચીને જોઈ લે છે, ને એના મોઢામાંથી ઉદ્‌ગાર સરી પડે છે : 'આપણે બંને સાથે પરણવાનાં હતાં...' રોગથી મરી ગયેલા પ્રાણી પર બેઠેલી માખી, આ પ્રસંગ દરમિયાન, નજીકની દીવાલ પર જ બેઠી હતી, ઝરુની આંખો એના પર જ જડાઈ ગઈ હતી. એ માખી ઊડીને નેલિના ગાલ પર બેઠી, પેલા કાળને એ ચૂસવા લાગી અને ત્યારે જ એણે મહામહેનતે પૂછ્યું : 'માખી ? માખીએ એ કર્યું હશે ?' દાક્તરે કહ્યું : 'હા, માખીએ, શા માટે નહીં ?' આ જાણ્યા પછી એ નેલિના ગાલ પરના કાપને ચૂસતી માખીને જ જોઈ રહ્યો. એને આ જોઈને અંદરથી સુખ થયું. એના ભયંકર હોઠ પર રાક્ષસી હાસ્ય ફરક્યું. માખી ઊડી ગયા પછી જ એણે નેલિને એ માખી વિશે કહ્યું : બધા નેલિની સારવારની ખટપટમાં પડ્યા. ઝરુ એકલો પડ્યો. ના, એની સાથે મોત હતું, પેલી માખી હતી.

નેલિને કેવળ માખીના ડંખનું જ ઝેર લાગ્યું હતું ? ઝરુની અદેખાઈનો ડંખ કદાચ

એથી વધુ ઝેરી નહોતો ? આપણા સુખમાં વિધિ તો કદાચ નાનો સરખો છેદ પાડતી હશે, પણ એમાં ઝેર કોણ ભરે છે ? આમ, આ વાર્તામાં માખી આવા ઝેરનું પ્રતીક બની રહે છે. વાર્તા જે રીતે રચાઈ છે, તેથી જુદી રીતે રચાઈ હોત તો એનું આખું રહસ્ય જુદું જ રૂપ ધારણ કરીને પ્રકટ થાત વાર્તાનું રહસ્ય વાર્તાની રચના પર કેટલો બધો આધાર રાખે છે, તેનું આ સુંદર ઉદાહરણ છે. માખીનું ડંખવું એ તો એક આકસ્મિક ઘટના છે. પણ પ્રસંગ માત્ર એના પર આધાર રાખતો નથી, એની સાથે લેખક ઝરુની મનોદશા તરફ પણ આપણું ધ્યાન ખેંચે છે આ બંનેને જો સાંકળી ન લીધાં હોત તો વાર્તા નિષ્ફળ ગઈ હોત. કેવળ વિધિની વક્રતા નહીં, તેમજ કેવળ અદેખાઈ પણ નહીં; સાથે સાથે ભાવિ સુખના ઘેનને કારણે આવતી એક આકારની બાઘાઈ પણ, આપણે જે ભોગવીએ છીએ, તેને માટે કદાચ જવાબદાર હશે ! લેખક તો પરિસ્થિતિને રચીને આપણી આગળ રજૂ કરી દે છે, એમાં અકળતાની માત્રા રહી છે ને તે જ આપણા રસની સામગ્રી બની રહે છે.

માનવી જીવનની અગતિકતાનો અનુભવ, કેવા કેવા જુદા પ્રતિભાવો સર્જક ચેતનામાંથી જન્માવે છે ! એ અગતિકતાનો અનુભવ પણ કેવા ભિન્ન ભિન્ન સ્તરે રહીને આપણે કરતા હોઈએ છીએ ? જાપાની લેખકોની ત્રણ વાર્તાઓમાં આવી અગતિકતા પ્રત્યેના વિભિન્ન પ્રતિભાવોને કલાસામગ્રીરૂપે આપણે આસ્વાદીએ છીએ.

'મસો'ની વાર્તામાં છિન્ન થઈ ગયેલા દામ્પત્યની કથા છે. પણ એટલું કહેવાથી વાર્તાનો પરિચય આપ્યાનો સંતોષ થાય છે ખરો ? ના, નથી જ થતો. વાર્તાની નાયિકાના આટલા મોટા દુ:ખનું કારણ આવડો શો મસો છે. એ મસો જ સ્ત્રીને બધાંથી જુદી પાડે છે, એકલી પાડે છે. એ એકલતામાં એનું આલમ્બન વળી એ જ બની રહે છે. આ વાર્તાના લેખક કાવાબાતા યાસુનારી કશીક શારીરિક વિલક્ષણતાને આધારે સૂક્ષ્મતમ માનસિક સંઘર્ષની ભૂમિકા રચવામાં ભારે કુશળ છે. આ શારીરિક વિલક્ષણતા આમ તો આપણી સ્વભાવગત વિશિષ્ટતાનું બાહ્ય ચિહ્ન જ બની રહે છે. આપણે અભિમાનથી એમાં જ આપણું સ્વત્વ જોતા થઈ જઈએ છીએ, ને અભિમાનના અભિષેકથી, આ વાર્તાની નાયિકાની જેમ, એને પોષતા રહીએ છીએ. એક બાજુથી આ જુદાપણાનું દુ:ખ ભોગવીએ છીએ, તો વળી બીજી બાજુથી એ જુદાપણાની વ્યાવર્તક રેખા અળપાઈ નહિ જાય, એ માટે મરી ફીટીએ છીએ. ઘણી વાર આ વ્યાવર્તક રેખા આપણાં આંસુથી જ અંકાએલી હોય છે. આપણે સૌ આપી વિલક્ષણતાનો આવો 'મસો' લઈને જન્મીએ છીએ, ને કદાચ આપણે સૌથી વધુ આત્મીયતા એની જોડે જ કેળવી શકીએ છીએ; ને કેટલીક વાર તો એટલી હદ સુધી કે પછી બીજા કોઈ સાથેની આત્મીયતા શક્ય જ નથી રહેતી.

આ વાર્તાની નાયિકા વિચ્છિન્ન દામ્પત્યની વેદનાને પણ, મસાની જેમ રમાડતી વાર્તા કહેતી જાય છે. લજ્જા, અભિમાન, દુ:ખ આ વિવિધ તન્તુનો વણાટ આ વાર્તામાં આખરે કરુણની ભાત ઉપસાવી આપે છે. પુરુષ પોતાને સ્ત્રીના ભોગવટાનો એક માત્ર અધિકારી માને છે. જમણા ખભા આગળના મસાને ડાબા હાથે છાતી આગળથી પત્ની અડકવા

જાય ત્યારે પતિને એમ લાગે છે કે, આડો હાથ જાણે એના પતિ તરીકેના સહજ અધિકારની આડે જ રાખવામાં આવ્યો છે. આમ નાનો શો મસો એનો પ્રતિસ્પર્ધી બની રહે છે. આ પરિસ્થિતિમાં સ્ત્રીનું અભિમાન છંછેડાઈ ઊઠે છે, ને પરિણામ વિચ્છેદની કરુણતા ! પણ પરિસ્થિતિનું આવું સાદું વર્ણન, બીજી જ પળે વિચાર કરતાં, આપણને સન્તોષતું નથી. પતિને એ સ્ત્રીનો અણગમો હતો માટે મસાને એણે ધૂર્તતાથી નિમિત્તરૂપ બનાવી દીધો એમ ન હોય ? - પ્રેમની અવસ્થામાં તો આપણે જેને ચાહતા હોઈએ તેની વિલક્ષણતા અને નિર્બળતાને પણ નથી ચાહતા ? અરે એટલું જ શા માટે, સાચી વ્યક્તિની આ વિલક્ષણતા અને નિર્બળતાને આધારે જ ઘણી વાર આપણો પ્રેમ નથી ટકી રહ્યો હોતો ?

જોયું ને, વાત ભારે અટપટી છે. અને પ્રેમ ક્યાં પૂરો થયો ને સહવાસને કારણે પેઠેલી એકબીજાની આવશ્યકતાની યાંત્રિક ટેવનું રાજ ક્યાંથી શરૂ થયું, તે પણ કહેવું સહેલું થોડું જ છે ? નાયિકા મસા સાથે રમવાની ટેવ છોડી દે છે, ત્યારેય પરિસ્થિતિ સુધરતી નથી, પતિનું એ મહત્ત્વની ઘટના તરફ ધ્યાન સુધ્ધાં જતું નથી. જે દુનિયામાં રહીએ છીએ, તેમાં ચારે બાજુ અસન્તોષ, ઉદ્વિગ્નતા, આંધળો વિષાદ, અસ્તિત્વમાત્રની કશીક આદિમ દારુણ વ્યથા, રેડિયો એક્ટિવ અણુઓની જેમ, પ્રત્યેક પળે આપણા લોહીમાં પ્રવેશીને એને વિષાક્ત નથી કરી મૂકતાં ? આથી જ કારણ અને કાર્ય આજે તુલ્યગુણ કે તુલ્યબળ રહ્યાં નથી. એ બંને વચ્ચેનો સંબંધ એવો તો વ્યસ્ત છે કે, કાર્યકારણની ભૂમિકાને સમૂળગી ઉચ્છેદીને, એને કેવળ નૈમિત્તિક સંબંધની ભૂમિકા બનાવી દેવા જેવું નથી થતું ?

આમ, આ મસાના નાના શા બિન્દુમાં ગજબની ચુમ્બકશક્તિ મૂકીને, લેખકે એની આજુબાજુ વ્યંગ્યાર્થના ક્ષેત્રને ખૂબીથી વિસ્તાર્યું છે. એ મસાના સ્પર્શથી નાયિકા પોતાના ભૂતકાળને પણ સ્પર્શગોચર કરી શકે છે. શરીરે પોતાની સર્વ અવસ્થાની સ્મૃતિઓ પણ જાણે એ નાના બિન્દુમાં સંચિત કરી રાખી છે. આ નાના શા કેન્દ્રમાંથી ચારે બાજુ દોડી જતી ત્રિજ્યાઓ કેવી સંકુલતાને વિસ્તારે છે ! લેખકને દામ્પત્ય જીવનને સુખી બનાવવા અંગે કશો બોધપાઠ આપવો નથી, 'જીવન કેટલું કરુણ છે' એવું પણ નથી કહેવું. ફ્રેંચ લેખિકા કોલેતનો પ્રિય શબ્દ હતો; 'Regard' 'જીવનને જુઓ'- હા !, માત્ર જુઓ, આમ આપણને અહીં લેખક 'મસો' બતાવે છે.

હવે ઇશિકાવાની વાર્તા 'અંધકારના ઓળા' લઈએ. આ વાર્તાનાં પાત્રો પણ એક પ્રકારની અગતિકતાનો સામનો કરે છે. લેખક કહે છે તેમ તંદુરસ્તી આપણી સંવેદનાની ધારને જુદા કરી નાખે છે. આ વાર્તાનો નાયક અંધ થયા પછી જ પોતાની પત્ની સાથેના સંબંધના ખરા સ્વરૂપને જોતો થાય છે. ભ્રાન્તિનો પાટો છોડી નાંખતાં જે સત્ય નજરે પડે છે, તેથી પારાવાર દુઃખ થાય છે; તો વળી એને જ કારણે એક નવા જ પ્રકારની, ને કદાચ વધુ સાચી, આત્મીયતાની ભૂમિકા પણ ત્યારે જ રચાય છે, તે લેખકે આ એક નાની સરખી ઘટનાથી ચીંધ્યું છે. પત્નીના પગનાં તળિયાં સપાટ છે. તે હકીકત પતિ અન્ધ થયા પછી જ શોધી કાઢે છે. અન્ધતાની ખોડને કારણે પત્નીની અપ્રકટ ખોડને

પ્રકટ થતી જોવી ને એથી આત્મીયતાની નવી ભૂમિકા રચાતી અનુભવવી - આ પરિસ્થિતિમાં જ કેવો વ્યંગ રહ્યો છે !

વાર્તારચનાની દૃષ્ટિએ લેખકે અહીં પોતાની સામે એક કસોટી મૂકી છે; અંધાપાની અસામાન્ય રીતે ઉદ્ભવતી સહજ એવી આંસુપોચી કરુણતામાં સરી ગયા વિના, પૂરી તટસ્થતા અને નિર્મમતાથી પરિસ્થિતિનું માનસિક ચિત્ર ઉપસાવી આપીને, આઘા ખસી જવું. અસાધારણતા સાથેંનો વહેવાર જ કલામાં કસોટી કરનારો નીવડે છે. એવી અસાધારણતાને જોરે ભાવકની સંવેદનશક્તિ પર ઝાઝો જુલમ ગુજારી બેસવાનું ભયસ્થાન, આ પ્રકારની કૃતિઓમાં સૌથી મોટું છે. અસામાન્યતાને સામાન્યતાની સીમામાં રાખીને ઉપસાવવાનું બહુ સહેલું નથી. અહીં લેખક આપણાં આંસુનો સાગર ઉલેચવા નથી બેઠો. ભયંકર કરુણની અડોઅડ એણે જે સ્વસ્થતા મૂકી છે, તે આપણને એક નવા જ રસનો આસ્વાદ કરાવે છે. સૌથી આકરી યાતના એની સાથે એક પ્રકારની અવશ્યંભાવી નિશ્ચિંતતાનું આશ્વાસન પણ લઈ આવે છે. અંધાપાની અસાધારણ પરિસ્થિતિની આજુબાજુ લેખકે સંસારની રોજ-બરોજની સાદીસીધી ઘટનાઓને ગોઠવી છે. બને તેટલા આછા સ્પર્શથી અસાધારણતાના તંગ તારને છેડ્યા છે.

અંધાપાનો સીધો ભોગ બનનાર પરિસ્થિતિને પોતા તરફથી બને તેટલી હળવી બનાવવાનો પ્રયત્ન કરે છે. પરિસ્થિતિની અગતિકતા આ પ્રયત્ને તળિયે રહેલી હૃદયની વજ્રશક્તિનું પારખું કરાવે છે. શરૂઆતમાં પત્ની કહી નાંખે છે : ‘ચાલોને, આપઘાત કરી નાંખીએ.’ અને વાર્તાના અન્તમાં એ જ પત્ની, હવે તો આંધળા થઈ ચૂકેલા, પતિના કંઠમાં એના બંને હાથની માળા ગૂંથીને આરોપે છે, ને એ રીતે દામ્પત્યનું એક નવું પ્રસ્થાન શરૂ થાય છે. અંધાપો એક આફત બનવાને બદલે દામ્પત્યના આ નવા પ્રસ્થાનનું આલમ્બન અને ઉદ્દીપન બની રહે છે. તે કોઈ તકલાદી કરામત કે પોકળ આશ્વાસન ઊભું કરનારી પરિસ્થિતિની મદદથી નહીં. અંધાપો તો એવો ને એવો અડીખમ, નક્કર નિશ્ચિંતતા રૂપે ઊભો છે.

ગાંધારીએ આંખે પાટા બાંધ્યા હતા. આ સ્ત્રી પણ પતિના અંધકારમાં ડૂબકી મારીને, એને તળિયે રહેલા માયાવી ને રહસ્યભર્યા વિશ્વની ઝાંખી કરે છે. તેમ છતાં જ્યારે અંધાપો સો ટકાનો નિશ્ચિંતતા બની જાય છે, ત્યારે પોતાના પતિની ધૂંધળી આંખો જોઈને એ ભયથી ફફડી ઊઠે છે. અહીં લેખક વાર્તાને બહુ નાજુકાઈથી નિભાવી લે છે, ડૂબતા માણસોના આશ્લેષમાં જે ઘનિષ્ઠતા હોય છે, તેવી ઘનિષ્ઠતા હવે એમના દામ્પત્યમાં આવે છે. લેખક પોતે ઊભી કરેલી કટોકટીમાં આમ પાર ઊતરે છે.

પોતાના નસ્તર પરથી, પોતાને જ હાથે કોઈ જે નિર્મમતાથી પાતળી ચામડી ઊતરડે, તેવી નિર્મમતાથી ‘ચેરી’માં અગતિકતાનું આલેખન થયું છે. પશુઓને પણ સહજ એવા વાત્સલ્યને પણ શોષી લે, એવા આકરા તાપવાળી આબોહવામાં વાર્તા શરૂ થાય છે. પોતાને જ આધારે રહીને ઊછરતાં બાળકો જ પિતાને પોતાનાં પ્રતિસ્પર્ધી લાગે છે. ઘરનું આખું

વાતાવરણ સ્ફોટક દ્રવ્યથી ભરેલું છે. એમાં જે વાતચીત થાય છે, તે પણ શબ્દ સાથે શબ્દના અથડાવાથી તણખા વેરે છે. આ સૃષ્ટિનાં બધાં પાત્રો એવી પરિસ્થિતિમાં મુકાયાં છે કે, એમનું અસ્તિત્વ પોતે જ એકબીજાને માટે યન્ત્રણારૂપ બની રહે છે. પરિસ્થિતિ પોતે તો અધ્યાહાર છે, પણ એનાં પરિણામોથી એનો અણસાર આપણને મળી રહે છે.

અહીં જો લેખકે વિષમતાઓનો નર્યો ગુણાકાર જ કર્યો હોત તો એની કળાકાર તરીકેની પ્રતિભાની એમાંથી સાવ બાદબાકી જ થઈ ગઈ હોત. એવી સ્ફોટક, શુષ્ક કઠોરતાની પાછળ આર્દ્રતા છે. એ આર્દ્રતા શબ્દો સુધી પહોંચતાં સુકાઈ જાય છે એ સાચું, છતાં વાર્તાની રચના એવી છે કે સપાટી પરનાં કઠોરમાં કઠોર વાણી કે વર્તનની પાછળ આ આર્દ્રતાના ફલ્ગુસ્રોતનો આપણને અનુભવ થાય છે. સ્ત્રીને એની આંસુની ખીણ છે, ને પુરુષ હસવાના શ્રમથી હાંફી જાય છે. સંતાનો પૈકીનું કોઈ રીતે ઊધરસ ખાય છે, ત્યારે એ ઊંઘી શકતો નથી. એ પોતે સર્જક છે, ને ચારે બાજુની પ્રતિકૂળતા વચ્ચે એ સર્જકતાનું જતન કરવા મથી રહ્યો છે, ને તેય બેકદર જડસુ લોકો માટે ! કીર્તિ જેવો શબ્દ પણ એને હોઠે ચડતો નથી. અગતિકતાનું અંગેઅંગ ફેરવી ફેરવીને તપાસવા સિવાય એને માટે મનોવિનોદનું જાણે કશું સાધન જ રહ્યું નથી. પોતાના જ ભાવિની દારુણ કલ્પનાને એ અખબારી હેવાલની વીગતરૂપ મૂકીને જુએ છે. આ બધું છતાં વાર્તાનાયકના હૃદયની આર્દ્રતા ઢંકાઈ જતી નથી. એ પોતે પૂરા શબ્દો પણ ઉચ્ચારી શકતો નથી. પોતાની જાત સાથે બોલતો હોય તેમ અરધુંપરધું બોલે છે.

'આંસુની ખીણ' એ શબ્દો ધ્રુવપદની જેમ વાર્તામાં ફરી ફરી આપણે કાને પડે છે. તેમ છતાં વાર્તાકારે એને ઝાઝું મહત્ત્વ આપ્યું નથી. એણે વાર્તાના શીર્ષકને સ્થાને 'આંસુની ખીણ'ને સ્થાને 'ચેરી' કેમ મૂક્યું હશે ? એને માટે આપણે વાર્તાના અન્તમાં આવતા પ્રસંગ પર એક નજર નાખીએ. ચેરીનું રસભર્યું ફળ જોઈને સહેજે વાર્તાના નાયકને એ ખાવાનું મન થાય છે. આથી 'જાણે ચેરી જોઈને કંટાળો આવ્યો હોય તેમ, અન્યમનસ્ક બનીને ટેબલ પરના વાડકામાંથી એ થોડાંક ચેરી ઉપાડે છે : સ્વાભાવિક પ્રતિભાવોને હરપળે આવા નકાબ પહેરાવ્યા કરવાની પ્રવૃત્તિ કેવી તો જીવલેણ હોય છે ! ચેરી એ મોઢામાં મૂકી તો દે છે. પણ એનો સ્વાદ ચાખતાંની સાથે જ એ પોતાનાં બાળકોનો દ્રોહ કરતો હોય એમ એને લાગે છે. પણ આ લાગણીને એ વળી નકાબ પહેરાવીને બોલે છે : 'માબાપ છોકરાં કરતાં વધારે મહત્ત્વનાં છે.' નાનું સરખું ચેરીનું ફળ એની કલ્પનાને બહેકાવી દે છે : 'જો હું ચેરી લઈ જાઉં તો એ લોકો કદાચ ખૂબ ખુશ થાય; ચેરીની દાંડી સાથે દોરી બાંધીને એનો પરવાળાના જેવો હાર પણ બનાવી કાઢે.' આ રમ્ય કલ્પનાને જ જાણે, એનાથી જ ચોંકી ઊઠીને, એ ઠળિયાની જેમ થૂંકી કાઢે છે !

'ઈસુનું પાપ'નું તો શીર્ષક જ ચોંકાવનારું છે. ચોંકાવી દે કે ભડકાવી મૂકે એવી વાર્તા લખવી કદાચ વધારે સહેલી છે. પણ આ વાર્તાના લેખકને એમાં રસ નથી. લોકકથામાં જે વાતાવરણ હોય છે તેની મદદથી એ ઈસુને પણ વાર્તાની દુનિયામાં ઘસડી લાવે

છે : આપણને ઈશ્વરે સરજ્યા એ સાચું, પણ આપણે યુદ્ધો સરજ્યાં. એ યુદ્ધ આગળ ભગવાનનેય હાર સ્વીકારવી પડે ! એરિનાના દુઃખનો મહિમા એને ઈસુ આગળ પણ પ્રગલ્ભ બનાવી દે છે. એરિનાની અગતિકતા જ ઈસુનું પાપ છે, એરિનાના પાત્રની પારદર્શક નિખાલસતા પોતે જે પરિસ્થિતિમાં મુકાઈ છે, તેને વિશેની પૂરી નિર્ભ્રાન્તતા એની પ્રત્યે સમભાવ જગાડે છે. જો ચમત્કાર ગણો તો ઈસુ પાત્ર તરીકે પ્રવેશે છે એટલો જ છે. પણ ઈસુ પોતે વાર્તામાં પ્રવેશ્યા પછી, પ્રભુ હોવા છતાં, કશો ચમત્કાર કરી શકતા નથી. વાર્તાકારે એને એરિનાના વ્યંગના પૂરેપૂરા અધિકારી બનાવ્યા છે ! હવસખોર પુરુષોથી બચવા એરિના ઈસુ પાસે ધા નાખે છે, ત્યારે એઓ એરિનાને પવિત્ર જીવન ગાળવાની સલાહ આપે છે.

એના જવાબમાં એરિના સણસણતું સંભળાવી દે છે : 'એ તો તમારી એની એ પુરાણી વાત તમે કરી. તો પછી તમારી આ વાડી લીલી કેમ રહેશે ? ના, કાંઈ ગળે ઊતરે એવી સલાહ આપો.' ભગવાન આ સાંભળીને અવાક્ થઈ જાય એમાં નવાઈ શી ? ઓલ્ફ્રેડ નામના દેવદૂતની પવિત્ર નપુંસકતા એરિનાની સમસ્યાનો ઉકેલ લાવી શકતી નથી. દેવદૂતની અપાર્થિવ કાંતિ જોઈને પોતાને બડભાગી માનનાર એરિના પાર્થિવ રીતે એનો સહવાસ ભોગવવા જાય છે. બિચારા દેવદૂતનું શું ગજું ! પુરુષથી રહેલા ગર્ભના ભારવાળા પેટથી દેવદૂતની પવિત્ર નપુંસકતા રોળાઈ જાય છે ! પૃથ્વી પરના પાપની નરી નક્કરતા એક બાજુ, અને સ્વર્ગની કહેવાતી પવિત્ર નપુંસકતા બીજી બાજુ – બંનેને મૂકીને લેખકે, આ વાર્તાનું પાત્ર સેરેગા એરિનાને પોતાના પટાથી ફટકારે છે, તેનાથીય સખત વ્યંગથી ઈસુને પોતાને આ ઘટનાથી ફટકાર્યા છે ! આખરે ઈસુ, ભગવાનની અદાથી, આવી અગતિકતા ભરેલી પરિસ્થિતિમાં, શાપ આપવા સિવાય બીજું કશું કરી શકતા નથી ! પુરુષોની હવસખોરીથી ફરી સગર્ભા બનેલી એરિના ભગવાનને એનું, નવ મહિનાના ગર્ભવાળું પેટ બતાવીને કહે છે : 'જુઓ તો ખરા, કેવું થયું છે આ પેટ, તે તો જુઓ, એના પર મરદ જાતે શું જુલમ ગુજાર્યો છે તે તો જુઓ. આનો આખરે અર્થ શો ? મને તો કાંઈ અર્થ દેખાતો નથી. ને વળી તમને વધારામાં કહી રાખું છું કે એનો કશો અર્થ હોય તોય મારે એને જોવો નથી...' આવી નિરર્થકતા રચનાર ઈસુને એરિના માફ કરવા તૈયાર નથી. ભગવાનના મુખમાં મૂકેલી ધર્મદમ્ભી ભાષા ને એની પડછે એરિનાની બરછટ, તળપદી પણ આકરું સત્ય ઉચ્ચારનારી ભાષા – આ બે વચ્ચેનો વિરોધ પણ વાર્તાની સમગ્ર અસરકારકતાને ઉપકારક જ નીવડે છે. તો કોઈ પૂછશે : 'આ સમસ્યાનો ઉકેલ શો' વાર્તાકારને ઉકેલ સાથે નિસ્બત નથી. સમસ્યાને સાકાર કરી આપે એટલે બસ. ત્યાં એનું કામ પૂરું થયું. પછી જો દોઢડાહ્યો થઈને એ ઉકેલની જફામાં પડે તો વાર્તાને ભોગે પડે.

'મહેમાન'માં યોજાયેલી પરિસ્થિતિ પોતે જ પ્રતીકની ગરજ સારે છે. ઘટનાને માફકસરના વજનની રાખીને, વાતાવરણ અને પરિવેશનો યથોચિત ઉપયોગ કરીને ખાસ

તો સંવાદને ભારે કરકસરથી યોજીને લેખકે વાર્તાની દેખાતી સરળ કથનશૈલીની પાસે ઘણું કામ કઢાવી લીધું છે. આપણી આ દુનિયામાં આપણાં પોતીકાંની વચ્ચે આપણે પ્રત્યેક પળે હદપારી ભોગવી રહ્યા છીએ. બાઈબલકથિત પેલું Kingdom (ભગવાનનું રાજ) ક્યાં છે ? બધાંની વચ્ચે રહીને ભોગવવાની હદપારી અને હૃદયની દૂર દૂરની અજાણી ભોમકા – જ્યાં આ હદપારીનો છેડો આવતો ભોળા હૃદયને દેખાતો હોય – તે માટેની ઝંખના કેમ્યૂની બધી કૃતિનો વિષય છે. આપણું સમૂળું વ્યક્તિત્વ જ નિશ્ચિહ્ન થઈ ગયું હોય, ત્યાં આપણે આપણી શી ઓળખ આપીએ ? ને ઓળખ આપવાનું જ શક્ય ન હોય, ત્યાં આત્મીયતાને સ્થાપવાની તસુભોંય પણ ક્યાંથી મળે ?

આપણા યુગની આ સમસ્યાના મર્મસ્થાને કેમ્યૂએ આંગળી મૂકી છે, પણ વાર્તાકાર તરીકેની એની ખૂબી એ છે કે આ વિશે સહેજ સરખું સ્પષ્ટ કથન કર્યા વિના વાર્તાની આબોહવાથી આ વાતને આપમેળે પ્રકટ થવા દીધી છે. વાર્તાના અંતમાં માત્ર લેખક સહેજ-સરખો ઇશારો કરી દે છે : 'આ અફાટ ભોમકા એને એટલી બધી વહાલી હતી, ને એમાં એ એકલવાયો હતો.' આ ભોમકાની રેખાએ રેખા લેખકે કાળજીપૂર્વક આંકી છે, એની આબોહવાને એવી રીતે ઉપજાવી છે કે વાર્તાસૃષ્ટિમાં હોઈએ છીએ ત્યાં સુધી આપણે જાણે એ આબોહવામાં જ જીવતા હોઈએ એવું આપણને લાગે છે. આ આબોહવામાં વિષમતા છે : એક તરફ બરફની વર્ષા તો બીજી તરફ એવી જ વિષમ સૂર્યના પ્રખર તાપની વર્ષા. વાર્તાનો નાયક દરુ આ વિષમ આબોહવા વચ્ચે, ચારે બાજુની વસતિથી અલગ, એક ઊંચી ટેકરી પરના શાળાના મકાનમાં રહે છે. આ સ્થાન એને અળગો પાડી દે છે. એનું દિલ તો એની સામેની અફાટ વિસ્તરેલી ધરતીને અને એમાં વસનારાઓને માટે ઘેલું ઘેલું થઈને ઉછાળા મારે છે. એમાં વસનારોઓમાંનો એકાદ – પછી ભલેને તે ખૂન કરીને જ ચાલ્યો આવતો હોય – એની પાસે હોય છે, ત્યારે એની ઉપસ્થિતિ માત્રથી એ અકળાય છે.

આ બધું છતાં અહીં હૃદય હૃદયનો વ્યવહાર ચાલી શકતો નથી. ચારે તરફ પથરાયેલા રણની, શુષ્ક, નીરસ ચુપકીદી છે. એમાં બોલાતા શબ્દો આકરા તાપમાં કે સખત ઠંડીમાં બળી કે ઠરી જાય છે. દુકાળનો ભોગ બનેલાંને દરુ જ અનાજસામગ્રી, ફ્રેન્ચ સરકાર વતી પૂરી પાડે છે. આરબો માટે એને સમભાવ છે, એમની 'ગંધાતી અદેખાઈઓ, એમના અખૂટ તિરસ્કાર, એમની લોહીની પ્યાસ' પર આથી જ એને કાળ ચઢે છે. પણ એનો સમભાવ, એની હમદર્દી વન્ધ્ય નીવડે છે. સંશયની વજ્જર દીવાલને ભેદી શકાતી નથી. ઊલટાનું એ હમદર્દી ગેરસમજને હઠાવવાનાય કામમાં આવતી નથી. ફ્રાન્સની વળ ખાતી નદીઓની રેખાઓ વચ્ચે જ આરબો ધમકીના શબ્દો લખી ગયા છે : 'તેં અમારા ભાઈને સોંપી દીધો છે. તારે આનો બદલો ચૂકવવો પડશે.' વાર્તાના અંતમાં એના નિવાસસ્થાનેથી ટેકરી ઉપરથી દરુ નજર કરે છે. ત્યારે એ શું જુએ છે ? – 'દખણાદા પથરાતાં ખેતરો ભૂરા આકાશમાં તીણી ધારી પાડતાં ખડાં હતાં, પણ ઊગમણાં મેદાનોમાંથી ક્યારનીય

વરાળભરી બાફ ઊંચે ચડવા માંડી હતી અને એ સહેજસાજ ઝાંખી વચ્ચે, દરુએ ભારે હૈયે આરબને કેદખાનાનો રસ્તો ધીરે કાપતો જોયો.' આ ચિત્રમાં અવકાશભરમાં વ્યાપી જવાનો ગજબનો ગુણ કેમ્યૂએ મૂક્યો છે. દક્ષિણ તરફની પથરાળી ભૂમિની તીક્ષ્ણ ધાર ને ઉત્તર તરફનાં મેદાનોની, આકરા તાપમાં ઓગળતા બરફની બાફ – આ બે વચ્ચે માનવીનું ચિત્ર મઢાઈ જાય છે. એ માનવી તે પેલો આરબ જ નથી રહેતો, એ આપણે સૌ છીએ. ભય, આશંકા, ખૂનરેજી – એ જ ફ્રાન્સના પ્રાકૃતિક નકશામાંની નદીઓની જીવનરેખા વચ્ચે ધમકીના શબ્દો પાડે છે, આથી જ વાર્તાનું શીર્ષક 'મહેમાન' સૂચક બની રહે છે. મહેમાનને માટેનું હૃદયનું સ્વાગત છે, પણ એ સ્વાગત સ્વીકારાયા વિનાનું પડી રહે છે. આ કૃતિમાં લેખકે સિદ્ધ કરેલી વ્યાપક વ્યંજના એની વિશિષ્ટ રચનાકળાને આભારી છે તે સ્પષ્ટ છે.

ફોકનરની વાર્તા 'એમિલીને અંજલિ'માં બીભત્સથી શબલિત ભયાનકનું નિરૂપણ થયું છે. ભૂતકાળના ગૌરવને અંધ બનીને વળગી રહેનાર પાત્રોની દયાજનક કહાણીઓ તો ઘણી લખાઈ છે. આ વાર્તાની એમિલી એ પૈકીની નથી. ગાંડપણને સીમાડે પહોંચેલી કોઈ વિચિત્ર માનસલક્ષણ ધરાવતી રોગિષ્ટ સ્ત્રીનો આ દાક્તરી ચોકસાઈથી ભર્યો અહેવાલ પણ નથી. કલાકૃતિનું વિશિષ્ટ લક્ષણ એ છે કે, એ એના ઘટક અંશનો નર્યો સરવાળો બની રહેતી નથી, પણ એને અતિક્રમીને કશોક આગવો વિશેષ ઉપજાવી દે છે. એ વિશેષનો ખુલાસો જુદા જુદા ઘટક અંશોમાંથી મેળવી શકાતો નથી, એ બધાનો સરવાળો કરવાથી પણ એ હાથ લાગતો નથી. એ વિશેષ આખી કૃતિમાં, શ્વાસોચ્છ્વાસની જેમ, ઓતપ્રોત થઈને રહ્યો હોય છે. એથી જ ટૂંકી વાર્તાની કોઈ વ્યાખ્યામાં આ વિશેષનું કશું નામ પાડીને એનાં લક્ષણ બાંધવાનું શક્ય બન્યું નથી. વાર્તાના વિવેચનની પરિભાષામાંથી કોઈ એક પ્રચલિત સંજ્ઞા વાપરીને, એને સૂચિત સંકેત, વ્યંગ્યાર્થ ધ્વનિ, વાતાવરણ, tone કે એવું કશુંક કહીને સન્તોષ માનવાનો રહે છે. સર્જન કદી વિવેચનને ગાંઠતું નથી, એ જ ઇષ્ટ પરિસ્થિતિ છે. સ્થાપિત કે અધ્યાહૃત ધોરણોને અનુસરીને 'સાચકલી' 'સંગતિપૂર્ણ', 'પ્રતીતિકારક' વાર્તાઓ લખાતી થઈ જાય તો નવલિકા વિશે ચિન્તાજનક પરિસ્થિતિ ઊભી થઈ, એમ જાણીને ચેતી જવું જોઈએ.

આ વાર્તાની રસની સામગ્રી તે વાર્તામાં અનુસ્યૂત થઈને રહેલો આ tone છે. એ ભયાનક અને બીભત્સના ગજબના મિશ્રણથી નીપજે છે. એમિલી એકલી એનું આલમ્બન નથી. આપણા દરેકમાં ભગ્ન ખણ્ડિત સ્મારકોનો ભંગાર પડેલો હોય છે, આપણા દરેકમાં ક્યાંક જીવન સ્થગિત થઈ ગયું છે, એના બંધિયાર પાણીમાં આપણો જ એક અંશ ઉબાઈને ફુગાતો પડ્યો છે. બે કાળનાં પાનાં વચ્ચે દબાતી આખી માનવજાતિની આ વાત છે. આ જ ભયાનક અને બીભત્સનાં ઉપાદાનો છે.

આમ છતાં, એમિલી એ માનવજાતિનો ગાણિતિક અદાથી કાઢેલો લઘુતમ દૃઢભાજક નથી. મરી ચૂકેલી એમિલી આગળ પણ ગામલોકને અદબથી વર્તવું પડે એવો એનો કણ

છે. એ મરી જાય છે, તે બીજા કોઈને હાથે થયેલા ઘાતને કારણે નહીં, એ પોતાના ગૌરવનો જ જાણે કે ફાંસો ખાઈને મરી જાય છે. એને માટે વાસ્તવિકતા અને ભ્રાન્તિ વચ્ચેની વ્યાવર્તક રેખા જ જાણે ભુંસાઈ ગઈ છે. ભ્રાન્તિના પર એ પોતાનું બધું વજન નાંખીને એને વાસ્તવિકતામાં પલટી નાંખવા મથે છે. આ પ્રયત્નમાં રહેલી, મરણિયાપણાની હદે પહોંચતી ઉગ્રતા ભય અને આદર બંને ઉપજાવે છે. અને આખરે જુગુપ્સામાં પર્યવસિત થાય છે.

આ વાર્તા, આખા ગામની વતી, નવી પેઢીનો એક પ્રતિનિધિ, આપણને કહે છે. એક બાજુ આખું ગામ છે, ને બીજી બાજુ એમિલી છે. માટે જ વાર્તા કહેનાર પોતાને માટે 'હું' નહીં પણ 'અમે' વાપરે છે. આ એમિલીનું ઘર - આજુબાજુના પરિવેશમાં આંખના કણાની જેમ પોતાની જિદ્દી અને નખરાળી વિનાશાભિમુખતા સહિત ઊભું છે. એની અંદર લાંબા વખતથી પુષ્ટ થતો અંધકાર છે, અવાવરુપણાની ઘેરીઘેરી ભેજભરેલી વાસ છે. ઘરની રજેરજ પર પોતાનો અધિકાર પાથરીને ધૂળ પડેલી છે. બારીનો પડદો ખૂલતાં, ઘણે લાંબે ગાળે, એમાં થઈને સૂરજનું એક કિરણ બીતું બીતું પ્રવેશે છે. એના ધૃષ્ટતાભર્યા સ્પર્શથી ધૂળ આળસ મરડીને જાગે છે. તે એને ઘેરી વળીને ભૂતની જેમ એની આજુબાજુ ફેરફુદરડી ફરવા લાગે છે.

'સ્લો મોશન કેમેરા'થી લીધેલાં આ ચિત્રો આપણી આગળ રજૂ થતાં રહે છે, ને એ બધાં ચિત્રો ભેગી એમિલી પણ આપણી આગળ રજૂ થાય છે. એનો પ્રભાવ એટલો બધો છે કે, નિઃશબ્દતાથી એ પ્રવેશે છે, ત્યારે પ્રતિનિધિઓ બધા આપમેળે ઊભા થઈ જાય છે. પણ કેવી છે એ એમિલી ? પ્રવાહ વિનાના સ્થિર બંધિયાર પાણીને તળિયે લાંબા વખતથી પડી રહીને, ઉબાઈને, ધોળા ફક્ થઈ ગયેલાં મુડદાં જેવી ! એના પ્રવેશ સાથે જ ભયાનક અને જુગુપ્સાનો પ્રવેશ પણ થઈ ચૂકે છે. કંઈક ઠીંગણી ને સૂકા માળખાની આ સ્ત્રીનું શરીર ચરબીના ભરાવાથી જાડું લાગે છે. એનો ચરબીથી સ્ફીત ચહેરો લોટની ગુંદેલી કણકના જેવો છે, ને તેમાં સળગતા કોયલાની બે ચણગી જેવી આંખો જાણે કોઈએ ચોંટાડી દીધી છે. એના આવતાંની સાથે જ જાણે બધું થંભી ગયું. માત્ર એની સેરને છેડે ગંઠાયેલી પણ નજરે નહીં ચઢનારી ઘડિયાળનો ટિકટિક અવાજ એ ઓરડામાં ફરતો રહ્યો. આ આપણું એમિલીનું પ્રથમ દર્શન. પિતાના મૃત્યુની વાસ્તવિકતાને પણ એ જિદ્દી બનીને નકારે છે. લોકો જે મૂલ્યોને સ્વીકારે છે તેનાથી એ પોતાને પર માને છે, લોકોની કક્ષાએ ઊતરીને એ જીવન જીવવા તૈયાર નથી. બીજી વાર એમિલી નજરે ચઢે છે ત્યારે એણે લાંબી માંદગીને કારણે વાળ ટૂંકા કરાવી નાંખ્યા હતા. આથી એ પ્રૌઢ વયની કુમારિકા છતાં નાની છોકરી જેવી લાગતી હતી. લેખક એની સરખામણી, દેવળની રંગીન કાચની બારીમાં ચીતરેલા દેવદૂત જોડે કરીને, એની અપાર્થિવતા અને એમાં જ રહેલી કરુણતાનો પણ નિર્દેશ કરી દે છે.

આ પછી લોકોને આઘાત આપવા તે પોતે ધારે તે કરી શકે છે, એમ બતાવી પોતાનું અભિમાન પોષવા ઉત્તરમાંથી આવેલા સામાન્ય મજૂર (હોનર બેરન)ની જોડે છડેચોક

ગામ વચ્ચે ફરે છે, પણ એ જુવાન એમિલીને સ્વીકારવા તૈયાર નથી. આ વાસ્તવિકતાનો પણ એ સ્વીકાર કરી શકતી નથી, ને એ જુવાનને ઝેર આપીને મારી નાંખે છે. પણ એના વ્યક્તિત્વનો પ્રભાવ એવો છે કે, ઝેર વેનારો દુકાનદાર એના ઉપયોગ વિશે પૂછપરછ કરે છે ખરો, પણ આખરે તો એમિલીની ઇચ્છાને જ એ વશ વર્તે છે. ગામનો મેયર પણ એમિલીની વિરુદ્ધ કશી કારવાઈ કરવાની હિંમત કરી શકતો નથી. અંતમાં, એમિલીના ઘરને ઉપલે માળે બંધ ઓરડામાં બીજું શબ સડતું પડ્યું છે એમ જાણવા છતાં એમિલીના મૃતદેહની ઉપસ્થિતિમાં એ ઓરડો ખોલવાની કોઈ હિંમત સરખી કરી શકતું નથી.

અંતમાં વાર્તાની શરૂઆતમાં પ્રતિનિધિમંડળ મળવા ગયેલું ત્યારનું વર્ણન યાદ કરાવવા, ને એ રીતે વાર્તાએ પોતે જાણે કશી ગતિ કરી નથી, એવા બંધિયારપણાની ભ્રાન્તિ ઊભી કરવા, લેખકે એવું જ એ ઘરનું બીજું વર્ણન આપ્યું છે. ભયાનક અને જુગુપ્સાનું શિરોબિન્દુ તો એમ ને એમ પડીને ખવાઈ ગયેલા હોમર બેનના વર્ણનમાં આવે છે. એ માંસ વગરના ચહેરાના માળખા પરનું ભયાનક સ્મિત, એની પાસે બીજા માથાનો દાબ, અને એની બાજુમાં પડેલો લોખંડ જેવા કાબરચીતરા વાળનો તાંતણો ! બસ, એ તાંતણા આગળ વાર્તા અટકે છે. એ એમિલીનો જ વાળ છે, ને એ જ એમિલીનું છેલ્લું દૃશ્ય છે.

આમ, લેખકની વિશિષ્ટ સંવિધાન રીતિને કારણે આ વાર્તા હોફમાન કે એડગર એલન પોની વાર્તામાં હોય છે, તેથી જુદા ભયાનકનો આપણને આસ્વાદ કરાવે છે, એનો 'અર્થ' વાર્તાની પરિસ્થિતિને અતિક્રમીને વિસ્તરી રહે છે.

હવે છેલ્લે લઈએ ફ્રાન્ઝ કાફકાની વાર્તા 'શિકારી ગ્રેકસ'. એ વાંચતાં કશું મોંમાથું હાથમાં આવતું નથી. તેમ છતાં વાર્તાની લખાવટ એવી છે કે આપણે એને વાંચ્યા વગર રહી શકતા નથી. આપણને પરિચિત એવી રોજ-બ-રોજની દુનિયાનું જ એમાં વર્ણન છે. એ વર્ણન ચાલતું હોય છે તે દરમિયાન જ, આપણને સભાન બનાવ્યા વિના, કાફકા એમાં કશુંક અતિપ્રાકૃત તત્ત્વ દાખલ કરી દે છે. વીગતોની ગોઠવણી કેટલીક વાર આવા તત્ત્વને પ્રકટ થવાને માટેની ભૂમિકા તૈયાર કરી આપે છે. આ વાર્તાની શરૂઆત આપણને અત્યંત પરિચિત એવા રોજ-બ-રોજના સંસારના વર્ણનથી થાય છે.

એમાંની બધી વીગતો આપણને પરિચિત છે, પણ એ બધી વીગતોને આવરીને રહેલો પરિવેશ કંઈક જુદો જ લાગે છે. બે છોકરાઓ પાંચીકા રમે છે, પણ તે બાગની દીવાલ પર બેઠા બેઠા; એક માણસ પેપર વાંચે છે, પણ તે આકાશમાં તલવાર વીંઝતા વીરપુરુષના સ્મારકના પડછાયામાં અહીં પંખીઓ છે, માણસો છે, પણ એ બધાંના વર્તનને વિશિષ્ટ પરિવેશમાં એક નવો જ સંકેત પ્રાપ્ત થતો લાગે છે. કબૂતર કાચની બારીને ચાંચ મારે એ કોઈ અશક્ય ઘટના નથી. દરિયાકાંઠે વહાણમાંથી અરથી ઉતારવામાં આવે, એ પણ ખાસ અસાધારણ ઘટના નથી. પણ વાર્તામાં એ જે સ્થાને, જે રીતે આવે છે, તેથી આપણા મનમાં કાંઈ વિલક્ષણ અનુભવ થવા લાગે છે. સામાન્ય રીતે કોઈના શબવાળી ઠાઠડીને

આવી રીતે લાવવામાં આવે, ત્યારે આજુબાજુના લોકો એ વિશે સાવ ઉદાસીનતા તો નહીં જ સેવે, કુતૂહલથી એ અરથીને વીંટળાઈ વળે.

પણ અહીં તો 'એક જણે એમની સામે પૃચ્છાભરી દૃષ્ટિ પણ ન કરી.' આથી આપણને વહેમ જાય છેઃ આ બધાં દૃશ્યોને સાંકળનારું એમાં અનુસ્યૂત થઈને, એની વાસ્તવિકતાને પ્રકટ કરનારું, જે સૂત્ર તે જ ગેરહાજર છે કે શું ? ચિત્રો આપણી આગળ રજૂ થતાં જાય છે, પણ એ ચિત્રો નિશ્ચિત સ્વરૂપમાં, ક્રમવાળી ઘટનામાં ગોઠવાઈ જતાં હોય એવું લાગતું નથી. આપણામાં એક પ્રકારનું કુતૂહલ ઉત્પન્ન થાય છે, ને આપણે, કદાચ પેલા સંગતિસાધક સૂત્રની શોધમાં આગળ વધ્યા વગર નથી રહી શકતાં; ત્યાં જ આને મળતું જ કશુંક આપણે અનુભવ્યું હોય એવું આપણને લાગવા માંડે છે; આપણા અનુભવની વિગતોમાં ને આ વિગતોમાં સરખાપણું નથી, પણ વીગતોની દૃશ્ય તરીકેની રજૂઆતમાં સમાનતા હોય એમ પણ આપણને લાગવા માંડે છે. તરત આપણને સમજાઈ જાય છે કે સ્વપ્નમાં આપણે આવી જ રીતે ગોઠવાયેલાં દૃશ્યોને જોતા હોઈએ છીએ. તો આગળ આ વિગતને વ્યાપી લઈને રહેલા જે વિશિષ્ટ પ્રકારના પરિવેશની આપણે વાત કરી, તે આ સ્વપ્નસૃષ્ટિની આબોહવાનો જ પરિવેશ.

આપણાં સ્વપ્નો આપણને પરિચિત સંસારનાં રૂપને સારવી લઈને એને આવાં દૃશ્ય રૂપે આપણી આગળ રજૂ કરે છે. સંસારનું આ વિશિષ્ટ રૂપ એના એક નવા જ સંકેતને આપણી આગળ પ્રકટ કરે છે. આ સંકેતને તર્કસંગત વિભાવના ચોકઠામાં ગોઠવીને પામી શકાતો નથી, એટલું જ નહીં, સીધી રેખાએ ગતિ કરીને પદાન્વયને સિદ્ધ કર્યે જતી ભાષામાં પણ એને પ્રકટ કરી શકાતો નથી. આથી કલ્પનો અને પ્રતીકોની મદદથી સ્વપ્નમાં દૃશ્યોને, એના વિશિષ્ટ પરિવેશ સહિત, મૂર્ત કરી શકીએ તો જ એ સંકેતને એના પૂરા યાથાર્થ્ય સહિત ગ્રહી શકીએ. કાફકાએ આ સિદ્ધ કરી બતાવવાનો પડકાર ઝીલ્યો છે.

સ્વપ્ન જે રીતે આપણા અનુભવનો વિષય બનેલા સંસારને સારવી લઈને નવે રૂપે, દૃશ્યોની વિશ્લિષ્ટ લાગતી રચનાથી રજૂ કરે છે, તેને કલાની અભિવ્યક્તિની વિશિષ્ટ રીતિને રૂપે કાફકાએ પુરસ્કારી છે. જાગ્રત ચેતનાની સપાટી નીચેનાં ઊંડાણોમાં ડૂબકી મારી જવાનો કાફકાને અભ્યાસ હતો. આથી ઉપલી સપાટી અને નીચલું તળિયું : એ બેના અનુસન્ધાનથી આપણી વાસ્તવિકતાને એણે નવું પરિમાણ બક્ષ્યું છે. આ એણે કઈ રીતે સિદ્ધ કર્યું છે, તે તપાસવું ભારે રસિક થઈ પડશે.

સ્વપ્નોમાં આપણે ભાષાના માધ્યમનો ઉપયોગ થતો જોતા નથી. કોઈના બોલવાનો ભાસ દૃશ્યથી જ ઊપજે છે. આથી ભાષા નહીં પણ ભાષાનો ભાસ, સ્વપ્નમાં આવે છે ત્યારેય, વ્યવહાર જગતમાં એના જે સંદર્ભ હોય છે, તેનાથી વિશ્લિષ્ટ થઈને જ આવે છે. આમ આથી એના કાર્યનું સ્વરૂપ જ ત્યાં બદલાઈ જાય છે. પણ આ અન્વયનો અભાવ, આ વિશ્લિષ્ટતા, વાર્તાકારને શા ખપમાં આવે ? વાર્તાકારને તો સુગ્રથિત રૂપે વસ્તુની રજૂઆત કરવાની હોય છે, એ પોતાની સામગ્રીને સુસંકલિત રૂપે રજૂ કરે છે. પણ સ્વપ્નમાં

તો નરી અરાજકતા હોય છે. વાર્તા 'અર્થ'ની સંક્રાન્તિ કરે છે, પણ સ્વપ્ન તો એવું કશું છતું કરતું નથી ને સ્વપ્નોને બિનંગત અને સંક્રાન્ત કરી શકાય એવું સ્વરૂપ હોતું નથી. આવાં સ્વપ્નની સામગ્રીને લેખક અભિવ્યક્તિ અર્થે પ્રયોજતો હોય ત્યારે ભાષા પાસેથી એણે શી રીતે કામ લેવું ? કથનરીતિને નવી રીતે પ્રયોજી જોવાની કાફકાને જરૂર વરતાઈ, મુખ્ય વિધાનને સ્પષ્ટ કરતાં ગૌણ વાક્યો, વિશેષણો, કાલાનુક્રમ સૂચવનારાં અંગો ઉભયાન્વયી અવ્યયો આ બધાંનું જટાજૂથ કાઢી નાંખીને, ભાષામાં દીવાની પાતળી જ્યોતના જેવી સરલતા કાફકા ઉપજાવે છે, આથી ભાષા ગંઠાઈ જતી નથી, એનો એકસરખો સમથળ પ્રવાહ વહેતો રહે છે. પણ એના વહેવાનો લય એટલો તો સહજ હોય છે કે, વહેવાની ગતિનું સુધ્ધાં એ આપણને ભાન થવા દેતો નથી. આવી plasticity અને ellipsis એને અનિવાર્ય થઈ પડે છે. તર્કસંગત અન્વયની સાંકળ એ છેદી નાંખે છે. બે દૃશ્યો વચ્ચે જે સંબંધનો આપણને અનુભવ થાય છે, તે એ બેની સહોપસ્થિતિથી આપણામાં ઉદ્‌ભાવિત થતા અધ્યાસો(associations)ને કારણે. આ અધ્યાસ કાંઈ તર્કની સંગતિને ગાંઠતા નથી. આથી અહીં એવી સંગતિની અપેક્ષા રાખી શકાય નહીં. અધ્યાસની ત્રિજ્યાઓને વિસ્તરવા દે, ને છતાં વિક્ષિપ્ત થઈને નહિવત્ ન બની જવા દે, એવી પ્રતીકરચના આથી અહીં અનિવાર્ય બની રહે છે. દૃશ્યના બદલાવાની સાથે આપણું દૃષ્ટિનું કેન્દ્ર પણ બદલાતું રહે. આ બદલાતાં જતાં કેન્દ્રોનો નકશો જુદાં જુદાં કલ્પનોની રચનાથી આંકવાનો રહે. આ પ્રકારે જ સ્વપ્નોની ભાષામાં અનુવાદ શક્ય બને. આપણી વાસ્તવિકતાનું સ્વપ્નની પદ્ધતિએ રૂપાન્તર કર્યા પછી એનો આ રીતે પુનરનુવાદ કરીએ તો આપણી આસ્વાદની સામગ્રીમાં એક નવા જ રસનો ઉમેરો થાય.

કાફકા સ્વપ્નોમાં રહેલી આ વિશિષ્ટ સંયોજનને ભાષામાં ઉતારવાને કથનરીતિનું કાઠું બદલી નાંખે છે. આથી એની રચનામાં સ્વપ્નો આપણને જે રીતે અસર કરે છે તે રીતે અસર પાડવાની શક્તિ આવે છે. આ બધું એ એક પ્રકારની અનાયાસતા ને પ્રાંજલતાથી સિદ્ધ કરે છે. સ્વપ્ન અને સ્વપ્નો જોનાર : આ બેની વચ્ચે કશું વ્યવધાન ઊભું કર્યા વિના એ એક પ્રકારની પારદર્શકતા સિદ્ધ કરે છે. આથી એ સૃષ્ટિની પ્રમાણભૂતતા વિશે આપણે સંદેહ અનુભવવાની સ્થિતિમાં રહેતા જ નથી. સ્વપ્ન આપણું જ હોય છે. એની સામગ્રી આપણા પોતાના આપણી દુનિયાના અનુભવમાંથી જ આવે છે. આમ છતાં, એમાં કશુંક અતિપ્રાકૃત કે અ-લૌકિક તત્ત્વ ભળી જાય છે. આ તત્ત્વ ક્યાંથી આવે છે ? જાગ્રત ચેતના અને વાસ્તવિકતાથી ટેવાયેલા આપણા 'હું' ની સામે, આપણી ચેતનાને જુદે સ્તરે રહેલી વાસ્તવિકતાને, કલ્પનાની મદદથી એનો સમર્થ આભાસ ઉત્પન્ન કરીને રજૂ કરીએ છીએ, ત્યારે એ 'હું' જે વાસ્તવિકતાથી ટેવાયો છે, તેની સાથેનો એનો સમ્પર્ક છૂટી જતો લાગે છે, પગ નીચેથી નક્કર ધરતી સરી જતી હોય એવો અનુભવ થાય છે. આથી જ આપણને કશાક અતિપ્રાકૃત કે અ-લૌકિક તત્ત્વનો અનુભવ થાય છે.

કાફકાની લગભગ બધી જ રચનાઓ આપણી ચેતનાના આવા અગોચર ગણાતા સ્તરોનું

અન્વેષણ કરતી રહે છે. પણ કલાકાર તરીકે એનો ઉદ્દેશ, આ સ્તરો વિશે શાસ્ત્રીય માહિતી સંપડાવવાનો નહીં, પણ એનું રસાસ્વાદના ઉપાદાન તરીકે રૂપાન્તર કરવાનો છે. એમ છતાં, કુશાગ્ર બુદ્ધિવાળા વિવેચકોએ કાફકાની કૃતિમાંથી, રૂપકગ્રંથિનાં માળખાં શોધી કાઢીને એને આધારે, સુસંગત એવા વકતવ્યનું ચોસલું ઉપજાવી આપવાના પ્રયત્નો કરેલા છે. કાફકા પોતે આપવા પ્રયત્નોને નિરર્થક લેખતો હતો. એથી કલાકૃતિને સ્થાને અમુક એક જીવનદૃષ્ટિને સમ્મત એવા વકતવ્યને રસાસ્વાદની સામગ્રી રૂપે સ્થાપવા જેવું થાય છે, જે કાફકાને અભિપ્રેત નહોતું.

આ વાર્તાને પણ એ રીતે સમજાવવાનો પ્રયત્ન Caroline Gordon અને Allen Tateના 'The House of Fiction' નામના પુસ્તકમાં કરવામાં આવ્યો છે, એની સત્યાસત્યતા આપણા ઊહાપોહનો વિષય નથી. અર્થઘટનના એવા પ્રયત્ન વિના રસાસ્વાદ અશક્ય બની રહે છે ખરો ? આટલું જ વિચારવું અહીં તો પ્રસ્તુત છે. આ રૂપકગ્રન્થિના સમીકરણો આ મુજબ માંડેલાં છે : ગ્રેક્સ એટલે ઈસુ ખ્રિસ્ત. બંદર એટલે માનવસમાજ, હોડીવાળો એટલે દેવળ, કબૂતર એટલે Holy Spirit, સાલ્વાતોર એટલે મુમુક્ષુ આત્મા. ઈસુ ખ્રિસ્ત માનવ આત્માઓનો ઉદ્ધાર કરવાની પ્રવૃત્તિ દરમિયાન જ એક ખડની ધાર પરથી ગબડી પડ્યા, એટલે કે એમનો 'અવતાર' થયો,પછી એક કોતરમાં એમનું ખૂબ લોહી વહી ગયું ને એ મરણ પામ્યા, એટલે કે ક્રૂસ પર ચઢી ગયા. એઓ મરણ પામ્યા પણ સ્વર્ગ સુધી આરોહણ કરી શક્યા નહીં, એમનું વહાણ ભુલાવામાં પડી ગયું. આને માટે જવાબદાર હોડીનો હાંકનાર એટલે કે ધર્મસંસ્થા(Church) છે. આથી ખ્રિસ્ત ખ્રિસ્ત બની શકતા નથી પણ સ્વર્ગ તરફ જતી સીડીનાં પગથિયાં પર ઉપરથી નીચે, નીચેથી ઉપર, અને આજુબાજુ રવડ્યા કરે છે ! આમ, આત્માને મુક્તિ આપનાર પોતે પતંગિયાના જેવી ભ્રમણદશાને પામ્યો છે.

પતંગિયું એ પણ મુક્તિને માટે મથનાર આત્માની જ સંજ્ઞા છે. 'હું અહીં છું' એથી વધારે હું જાણતો નથી, એથી આગળ હું જઈ શકું તેમ નથી, મારા વહાણને સુકાન નથી અને મૃત્યુના ઊંડામાં ઊંડા પાતાળમાં સુસવાતા વાયરાથી એ હંકારાય છે ?' જો ઈસુના મુખમાં મૂકીએ તો એ આપણા આખા યુગની ને સમસ્ત માનવજાતિની અગતિકતાના ઉચ્ચારણરૂપ બની રહે છે. આખી માનવજાતિ વતી અનુભવેલી અગતિકતાને જ કાફકાએ અહીં પોતાની લાક્ષણિક રીતિએ મૂર્ત કરી છે. રૂપકગ્રન્થિની ગોઠવણી કર્યા વિના પણ રસાસ્વાદ માણી શકાય છે. આવી રૂપકગ્રન્થિને ગોઠવવામાં દક્ષતા અને નૈપુણ્ય વરતાય છે એ સાચું.

સુરેશ જોષી

વિદેશિની-૧

દરવેશની કથાઓ

અલ મુતાનબ્બી

૧. ત્રણ સત્ય

સૂફીઓ સત્યશોધક તરીકે જાણીતા છે. એક અબુધ અને મહત્ત્વાકાંક્ષી જુલમખોરને આવું સત્ય પામવાની ઇચ્છા થઈ. એનું નામ રુદારિગ હતું. તે સ્પેનમાં આવેલા મુર્શીઆનો મોટો જાગીરદાર હતો. તેણે નક્કી કર્યું કે ટારાગોનાના ઉમર-અલ-અલવી પાસેથી બળજબરીથી આ સત્ય જાણી શકાશે.

ઉમરને પકડીને દરબારમાં લાવવામાં આવ્યો. રુદારિગે કહ્યું : 'તમે જે સત્ય જાણો છો તે હું સમજી શકું એવા શબ્દોમાં તમારે મને કહેવું પડશે, નહીંતર તમને મૃત્યુદંડ ફરમાવવામાં આવશે.'

ઉમરે જવાબ આપ્યો : 'જો કોઈ પકડાયેલો માણસ કોઈ પ્રશ્નના જવાબમાં સાચું કહે તો તેને છોડી મૂકવામાં આવે છે એવી સર્વમાન્ય પ્રથા તમારા આ દરબારમાં તમે પાળો છો ખરા ?'

રાજાએ કહ્યું : 'હા, એમ જ થશે.'

'અહીં હાજર રહેલા તમને બધાને આના સાક્ષી બનવા કહું છું અને હવે હું એક નહિ પણ ત્રણ સત્ય કહી બતાવીશ.' ઉમરે કહ્યું.

'પણ તમે જે સત્ય માનો છો તે વાસ્તવમાં સત્ય છે તેની અમને ખાતરી થવી જોઈએ. તમે જે વાત કહો તેની સાબિતી પણ આપજો.'

'તમારા જેવા રાજાઓને જ્યારે અમે એકને બદલે ત્રણ સત્ય કહીએ છીએ ત્યારે સાબિતી ધરાવતા જ સત્ય કહીએ છીએ.' ઉમરે કહ્યું

રુદારિગ પોતાની જાત પર મલકાયો.

સૂફીએ કહ્યું : 'પહેલું સત્ય તો એ છે કે ટારાગોનાના સૂફી ઉમર તરીકે ઓળખાતો માણસ હું છું. જો હું સત્ય કહું તો તમે મને છોડી દેવા કબૂલ્યું છે એ બીજું સત્ય છે. તમે જે સત્ય સાંભળો છો જેના મર્મને જાણવા માગો છો ત્રીજું સત્ય છે.'

આ શબ્દોની એવી તો અસર જુલમી રાજા ઉપર પડી કે સૂફીને છોડી મૂકવાની તેને ફરજ પડી.

૨. ત્રણ શિખામણ

અત્તાર

એક માણસે એક વખત પંખી પકડ્યું. તે પંખી બોલ્યું : 'બંદી રહીને હું તારી મદદ નહીં કરી શકું. પણ જો તું મને છોડી દઈશ તો ત્રણ મહામૂલી શિખામણ આપીશ.'

પંખીએ વચન આપ્યું કે પહેલી શિખામણ તે માણસના હાથમાં હશે ત્યારે આપશે. બીજી શિખામણ ઝાડની ડાળ પરથી આપશે અને ત્રીજી શિખામણ પર્વતના શિખર પર ગયા પછી આપશે.

તે માણસ કબૂલ થયો અને પહેલી શિખામણની માગણી કરી.

પંખી બોલ્યું : 'તમે જો કંઈ ગુમાવી બેસો, પછી ભલે તે તમારા જીવન જેટલું જ મહામૂલું કેમ ન હોય - એનો અફસોસ ન કરતા.'

એટલે તે માણસે પંખીને છોડી દીધું અને તે ઝાડની ડાળ પર જઈને બેઠું.

બીજી શિખામણ તે પંખીએ આપી :

'બુદ્ધિમાં ન ઊતરે એવી કોઈ વાત સાબિતી વિના માનવી નહીં.'

પંખી ત્યાંથી ઊડીને પર્વતના શિખર પર બેઠું. ત્યાંથી તે બોલ્યું :

'અરે દુર્ભાગી ! મારા શરીરમાં બે મોટાં રત્ન હતાં. જો તેં મને મારી નાંખ્યું હોત તો એ રત્ન તને મળત.'

પોતે જે ગુમાવ્યું તેનો ખ્યાલ આવતાં પેલો ધુંવાપુંવા થઈ ગયો પણ તે બોલ્યો : 'ચાલ છેવટે ત્રીજી શિખામણ તો સંભળાવ.'

પંખીએ કહ્યું : 'તું કેટલો મૂરખ છે ! મારી બે શિખામણો ઉપર તો સહેજેય વિચાર ન કર્યો અને ઉપરથી ત્રીજી શિખામણ સાંભળવા માગે છે ! જે ખોવાઈ ગયું હોય તેનો અફસોસ ન કરવા મેં કહેલું, બુદ્ધિમાં ન ઊતરે એવી વાત ન માનવા પણ મેં કહેલું. તું સાવ ચિત્રવિચિત્ર વાતને સાચી માની બેઠો અને કૈંક ગુમાવી દીધું છે એનો અફસોસ કરતો બેઠો છે. બે મોટાં રત્ન મારા આવા નાના શરીરમાં સમાય જ નહીં. તું મૂરખ છે. એટલે માણસજાત પર જે નિયંત્રણો લાદવામાં આવ્યાં છે એની મર્યાદામાં જ તારે રહેવું પડશે.'

૩. હિંદનું પંખી
રૂમી

એક વેપારીએ પાંજરામાં એક પંખી રાખેલું. તે હિંદની મુસાફરીએ જવાનો હતો. પંખીનું વતન હિંદમાં હતું એટલે તેણે પંખીને પૂછ્યું : 'તારા માટે હું શું લેતો આવું?' પંખીએ ગુલામીમાંથી મુક્તિ માગી પણ વેપારીએ ના પાડી. એટલે પંખીએ વેપારીને કોઈ એક જંગલમાં જઈને ત્યાંના મુક્ત પંખીઓને પોતાની ગુલામીના સમાચાર આપવા કહ્યું.

વેપારીએ એ પ્રમાણે કર્યું. જેવું તેણે બોલવાનું પૂરું કર્યું કે તરત જ પેલા પંખીની જાતિનું એક પંખી ઝાડ પરથી બેહોશ થઈને નીચે પડ્યું.

વેપારીને થયું કે આ પંખી પોતાના પંખીનું સ્વજન હોવું જોઈએ. પોતાના લીધે આ પંખી મૃત્યુ પામ્યું એટલે તે દુઃખી થયો.

તે જ્યારે વતન પાછો ફર્યો ત્યારે પંખીએ પૂછ્યું, 'મારા માટે શા સમાચાર લાવ્યા ?'

વેપારીએ કહ્યું : 'સમાચાર સારા નથી. મેં જ્યારે તારી કેદના સમાચાર આપ્યા ત્યારે એક પંખી બેહોશ થઈને મારા પગ આગળ પડી ગયું.'

વેપારીના શબ્દો સાંભળતાં જ એ પંખી ઢળી પડ્યું અને પાંજરાના તળિયે જઈને પડ્યું.

'તેના સ્વજનના મૃત્યુના સમાચારે તેને પણ મારી નાખ્યું.' એમ વિચારીને દુઃખી થઈને વેપારીએ પંખીને ઊંચક્યું અને બારીની પાળ પર મૂક્યું. તરત જ પંખી બેઠું થયું અને પાસેના ઝાડ પર ઊડીને બેઠું.

પંખી બોલ્યું : 'હવે તમને ખબર પડી કે તમે જે સમાચારને અશુભ ગણતા હતા તે મારા માટે તો સારા હતા. જાતને મુક્ત કરવા માટે મારે શું કરવું જોઈએ તેના સંદેશાસૂચન તમારી મારફતે મને કેવી રીતે પહોંચાડવામાં આવ્યા તેની પણ તમને હવે ખબર પડી.' અને તે દૂર દૂર ઊડી ગયું અને મુક્તિ પામ્યું.

૪. પાણી બદલાયાં ત્યારે
ઇદ્રિસ શાહ

એક વાર મોઝિઝના ગુરુ ખિદ્ર લોકોને મળવા આવ્યા. એ ચેતવણી આપવા આવ્યા હતા. એમણે કહ્યું કે અમુક દિવસે જગતનું તમામ પાણી નાશ પામવાનું છે. માટે થોડું પાણી સંઘરી રાખ્યું સારું, કારણ કે જે પાણી સંઘરી રાખવામાં આવ્યું હશે તે જ ટકી રહેશે. પછી ફરી વાર નવું પાણી ઉત્પન્ન થશે ને જે કોઈ એ પાણી પીશે તે પાગલ થઈ જશે.

આ શિખામણનું રહસ્ય માત્ર એક જ માણસ સમજી શક્યો. એણે પાણી ભર્યું ને

સહીસલામત જગ્યા શોધી કાઢી ને ત્યાં પાણી સંતાડી દીધું. ને પછી પાણી પોતાનું સ્વરૂપ બદલે એ દિવસની વાટ જોવા લાગ્યો.

એ દિવસે આવ્યો કે તરત ઝરણાં વહેતાં બંધ થઈ ગયાં.વાવકૂવા સુકાઈ ગયાં. એ જોઈને આ માણસ કે જેને શિખામણનું રહસ્ય સમજાયું હતું તે પોતાની સંતાવાની જગ્યાએ ગયો ને સાચવી રાખેલું પાણી પીતાં પીતાં દિવસો વિતાવવા લાગ્યો.

એક દિવસ પોતાની સહીસલામત જગ્યાએથી એણે ફરીથી ઝરણાં વહેતાં જોયાં. એથી એ તરત નીચે ઊતરવા માંડ્યો ને ખીણમાં વસતા લોકો પાસે આવ્યો. એણે આવીને જોયું તો એ બધાની વિચાર કરવાની રીત પહેલાં કરતાં તદ્દન બદલાઈ ગઈ હતી. એટલું જ નહિ, અહીંયાં જે કાંઈ બની ગયું હતું તેની કે એમને જે કાંઈ ચેતવણી આપવામાં આવી હતી એની એમને જરા જેટલીયે સ્મૃતિ રહી નહોતી. એ એમની સાથે કાંઈક વાત કરવા ગયો કે તરત એને સમજાઈ ગયું કે એ બધા તો એને પાગલ ગણતા હતા, ને એની સાથે સમભાવથી વર્તવાને બદલે કાં તો એનો વિરોધ કરતા હતા, કાં તો એની દયા ખાતા હતા.

પહેલાં તો એ માણસે નવા પાણીને હાથ પણ અડાડ્યો નહીં. એ તો પાછો પોતાની સંતાવાની જગ્યાએ ગયો ને સંઘરી રાખેલા પાણીમાંથી રોજ થોડું થોડું પીવા લાગ્યો. આખરે જ્યારે બીજા બધાથી એકલા રહેવાનું, બીજા બધાથી જુદી રીતે વિચારવાનું ને વર્તવાનું એનાથી સહેવાયું નહીં ત્યારે એણે નવું પાણી પીવાનો નિર્ણય કર્યો. એણે નવું પાણી પીધું ને એ પણ બીજા બધાના જેવો જ બની ગયો. પછી તો એ પણ પોતે ખાસ સંઘરી રાખેલા પાણીની વાત તદ્દન વીસરી ગયો. એના સાથીઓ હજી પણ એને પાગલ તરીકે જ ઓળખતા હતા ને માનતા હતા કે આપણા નવા પાણીની અદ્ભુત શક્તિથી આ પાગલ પાછો ડાહ્યો થઈ ગયો છે.

૫. રેતીની કથા

દૂર દૂરના પર્વત પર આવેલી પોતાની જન્મભૂમિમાંથી નીકળેલું ઝરણું તરેહ તરેહના પ્રદેશ વટાવતું અંતે રેતાળ રણ પાસે આવી પહોંચ્યું. અત્યાર સુધી એણે જે રીતે એક એક અવરોધ વટાવ્યો હતો એ જ રીતે એણે આ અવરોધ વટાવવાનો પણ પ્રયત્ન કર્યો, પણ એણે જોયું કે એ જેટલી ઝડપે રેતીમાં દોડતું હતું એટલી જ ઝડપે એનું પાણી શોષાઈ જતું હતું.

તેમ છતાં એને ખાતરી હતી કે આ રણ વટાવવાનું એના ભાગ્યમાં લખાયું જ છે, પરંતુ એને એકેય રસ્તો સૂઝતો નહોતો. બરાબર એ જ પળે જાણે રણ પોતે જ કહેતું હોય તેમ કોઈક અશરીરી વાણીએ એને કાનમાં કહ્યું : પવન રણ ઓળંગે છે, એ રીતે

ઝરણું પણ ઓળંગી શકે. ઝરણાએ વિરોધ કરતાં કહ્યું કે હું જેમ જેમ રેતીમાં ઝંપલાવું છું તેમ તેમ એનામાં જ શોષાઈ જાઉં છું. પવનને તો ઊડતાં આવડે છે. એટલે એ રણ ઓળંગી શકે છે.

'તારી હંમેશની ટેવ મુજબ રેતીમાં ઝંપલાવીશ તો તું ક્યારેય રણ વટાવી શકીશ નહીં. એમાં કાં તો તું શોષાઈ જઈશ, કાં તો તું કાદવ બની જઈશ. તારે પવનને શરણે જવું પડશે. એ તને રણ ઓળંગવામાં મદદ કરશે ને તારે જ્યાં જવું છે ત્યાં મૂકી જશે.'

'પણ કેવી રીતે ?'

'એ માટે તારે પવનમાં સમાઈ જવું પડશે.'

ઝરણાનું મન આ વાત સ્વીકારવાની ના પાડતું હતું, આ પહેલાં પણ એ કોઈ કહેતાં કોઈનામાંયે સમાઈ ગયું નહોતું. પોતાનું આગવું વ્યક્તિત્વ ગુમાવી દેવા એ તૈયાર નહોતું. ને એક વખત એ ગુમાવી દીધું પછી કોણ ખાતરીપૂર્વક કહી શકે કે એ પાછું મેળવી જ શકાશે ?

રેતીએ કહ્યું, 'પવન તો આ કાર્ય સતત કરે છે, એ પાણીને ઊંચકી લે છે, એને રણની પેલે પાર લઈ જાય છે ને પછી એને ઉતારે છે. વરસાદરૂપે વરસીને પાણી પાછું નદીરૂપે અવતરે છે.'

'પણ આ સાચું છે એવી ખાતરી કેવી રીતે કરવી ?'

'એ સાચું જ છે, ને તું જો એ સાચું નહીં માને તો તું બહુ બહુ તો કાદવ બની શકીશ ને એ બનતાં પણ કંઈ વરસો વીતી જશે, ને કાદવ બનવું એ કાંઈ ઝરણું બનવા જેવું તો નથી જ.'

'પણ હું આજે જે ઝરણૂં છું એ જ ઝરણું રહી ન શકું ?'

'કોઈ પણ રીતે તું એ ને એ ઝરણું તો નહીં જ રહી શકે,' અશરીરીવાણીએ કહ્યું, 'પવન માત્ર તારો અનિવાર્ય અંશ ઊંચકી લેશે ને એમાંથી તું પાછું ઝરણા રૂપે અવતરીશ, આજે પણ તને બધા તારા અસલ નામે જ ઓળખે છે કારણ કે તેને પણ ખબર નથી કે તારો એ અનિવાર્ય અંશ કયો છે.' ઝરણાએ આ શબ્દો સાંભળ્યા ન સાંભળ્યા ત્યાં એના મનમાં કશાકના પડઘા પડવા માંડ્યા. એને કશાકનું આછું સ્મરણ થયું, એ દિવસે એ – કે પછી એનો કોઈક અંશ – પવનના આલિંગનમાં સમાઈ ગયો હતો. એને ખરેખર એ વાતનું પણ સ્મરણ થયું કે એ કાર્ય દેખીતું ભલે ગમે એવું નહોતું, છતાં ખરેખર કરવા જેવું તો એ જ હતું.

ને તરત જ ઝરણું વરાળ બનીને ઊંચું થયું ને પવનના આતુર આલિંગનમાં સમાઈ ગયું. પવને એને હળવે હાથે આસાનીથી ઊંચક્યું. એ એને ઊંચે ને ઊંચે, આગળ ને આગળ લઈ ગયો. પછી જોજન દૂર આવેલા પર્વતને શિખરે આવી પહોંચ્યા કે તરત પવને એને ઝરમર ઝરમર કરતું નીચે ઊતરવા દીધું.

ઝરણાને પહેલેથી જ પોતાના ભાવિ વિશે શંકા હતી. એટલે એણે આ આખોય અનુભવ

વિગતવાર યાદ રાખ્યો ને એના મને એના ઊંડા સંસ્કાર ઝીલ્યા. એને થયું, 'હાશ, આજે મને મારું સાચું સ્વરૂપ ઓળખવા મળ્યું.'

ઝરણું નવું જ્ઞાન મેળવતું હતું. પણ રેતી એના કાનમાં કહેતી હતી : 'અમે તો બધું જ જાણીએ છીએ, કારણ કે અમે રોજ આ ઘટનાના સાક્ષી બનીએ છીએ, કારણ કે અમારો રેતીનો તો નદીના કિનારાથી માંડી છેક પર્વતની તળેટી સુધી વાસ હોય છે.'

ને એથી જ કહ્યું છે કે જીવનના ઝરણાએ કઈ રીતે પોતાની યાત્રા પાર પાડવી એની વાત રેતીમાં લખી હોય છે.

૬. નૂરી બેગ ને એનો અસલી પટારો

નૂરી બેગ આલ્બેનિયાનો વતની હતો. સ્વભાવે એ ચિંતનશીલ હતો ને લોકોમાં એનું સારું માન હતું. એ પોતાના કરતાં વયમાં ઘણી નાની એવી નાજનીનને પરણ્યો હતો.

એક દિવસ સાંજે એ હંમેશના કરતાં વહેલો ઘરે આવ્યો ત્યારે એનો નિમકહલાલ નોકર એની પાસે આવ્યો ને કહેવા લાગ્યો : 'નામદાર, બેગમસાહેબની રીતભાત આજે ઘણી જ શકમંદ દેખાય છે. આજે આખોય દિવસ એ પોતાના કમરામાં એક મોટા પટારા પાસે જ બેઠાં રહ્યાં છે. એ પટારો આપ નામદારનાં દાદીમાનો છે ને ખાસ્સો એક માણસ સૂઈ શકે એટલો લાંબો છે.

આમ તો એમાં કેટલાક અસલી કસીદા પડ્યા રહે છે.

પણ આજે બેશક એમાંથી કાંઈક ઓર જ નીકળશે.

મેં તો અંદર જોવાની ખૂબ કોશિશ કરી પરંતુ બેગમસાહેબે આપના આ જૂનામાં જૂના બંદાને પરવાનગી ન આપી તે ન જ આપી.'

નૂરી બેગમના કમરામાં ગયો. લાકડાના મોટા પટારા પાસે બેગમ ઉદાસ થઈને બેઠી હતી.

એણે પૂછ્યું, 'પટારામાં શું છે તે મને દેખાડશો ?'

'બંદાને શક છે તેથી કે આપ નામદારને મારા પર વિશ્વાસ નથી તેથી ?'

'આપને નથી લાગતું કે કારણોનો અંદાજ કાઢવા કરતાં પટારો ઉઘાડવો વધુ આસાન છે ?' નૂરીએ પૂછ્યું.

'મને એવું નથી લાગતું.'

'કેમ, તાળું માર્યું છે ?'

'હા.'

'ચાવી ક્યાં છે ?'

બેગમે ચાવી સામે ધરી, 'નોકરને રુખસદ આપશો કે તરત હું આપને આ સોંપી દઈશ.'

નોકરને રુખસદ આપવામાં આવી. બેગમે ચાવી સોંપી દીધી ને બાજુએ હઠી જવાનું મુનાસિબ ગણ્યું. દેખીતાં જ એનું મન ચિંતામાં હતું.

નૂરી બેગ લાંબો વખત સુધી વિચારમાં ડૂબી ગયો. પછી એણે પોતાની જાગીરના ચાર બાગબાનને બોલાવ્યા. એમ ને એમ ઉઘાડ્યા વિનાના પટારાને એ ચારેય રાતોરાત ઊંચકીને જાગીરને દૂરને ખૂણે લઈ ગયા ને દાટી આવ્યા.

પછી ફરી કોઈ વાર આ મામલો ઉઘાડવામાં આવ્યો નહીં.

૭. સુલતાનનો દેશવટો

કહે છે કે મિસરના એક સુલતાને એક વાર વિદ્વાનોની પરિષદ બોલાવી હતી ને આવી પરિષદમાં હંમેશાં બને છે તેમ થોડી જ વારમાં એક વિવાદ જાગ્યો હતો. વિવાદનો વિષય હતો મહંમદ પયગંબરે એક રાતે કરેલી યાત્રાનો. કહે છે કે એક રાતે પયગંબરને બિછાનામાંથી ઊંચે આકાશમાં લઈ ગયા હતા. એ યાત્રા દરમિયાન એમણે સ્વર્ગ ને નર્ક બંને સગી આંખે જોયાં, ખુદા સાથે નેવું હજાર વાર મસલત કરી, ને બીજા અનેકાનેક પ્રત્યક્ષ અનુભવ મેળવ્યા – ને એમને જ્યારે એમના કમરામાં પાછા લાવ્યા ત્યારે એમનું બિછાનું હજીયે હૂંફાળું હતું. ઉડ્ડયન શરૂ થતાં જ જે ચંબૂ ધક્કાથી ઢળી પડ્યો હતો ને ઢોળાઈ ગયો હતો એ હજીયે સાવ ખાલી થઈ ગયો નહોતો. એમાંથી હજીયે પાણી ઢોળાઈ રહ્યું હતું.

કેટલાકે કહ્યું કે સમયનું આગવું પરિમાણ માન્ય કરીએ તો આ શક્ય છે. સુલતાને વિરોધ કર્યો કે આ તદ્દન અશક્ય છે. સુજાણ લોકોએ કહ્યું કે દૈવી શકિતને માટે બધું જ શક્ય છે. પરંતુ સુલતાનને એનાથી સંતોષ થયો નહીં.

આ વાદવિવાદના સમાચાર આખરે સૂફી શેખ શાહબુદ્દીને સાંભળ્યા કે તરત એ જાતે દરબારમાં આવી પહોંચ્યા. સુલતાને પૂરેપૂરી નમ્રતાથી ગુરુને આવકાર આપ્યો. શેખે કહ્યું :'મારે જે પ્રયોગ કરવો છે એ હું કોઈ પણ જાતના વિલંબ વિના શરૂ કરવા માગું છું. પરંતુ આપ આટલું સમજી લેજો કે વિવાદના બંને ઉકેલ સાચા નથી. કેટલાક મુદ્દા પ્રત્યક્ષ પ્રયોગથી પુરવાર કરી શકાય છે, ને પરંપરાને એ રીતે સમજાવી શકાય છે. એ માટે મોંમાથા વિનાના તુક્કા લડાવવાની કે દમ વિનાની દલીલબાજીમાં ઊતરવાની જરાય જરૂર નથી.'

દીવાને આમમાં ચાર બારી હતી. શેખે પહેલી બારી ઉઘાડવાનું કહ્યું. સુલતાને એમાંથી બહાર જોયું. દૂર દૂર એક પર્વત પરથી દુશ્મનોનું બેસુમાર લશ્કર મહેલ પર તૂટી પડવા

ધસમસતું આવી રહ્યું હતું, એ એકદમ ભય પામ્યો.

શેખે કહ્યું, 'ભૂલી જાઓ. એમાં ભય પામવા જેવું કાંઈ જ નથી.'

એમણે બારી બંધ કરીને ફરી પછી ઉઘાડી. આ વખતે બહાર કોઈ કહેતાં કોઈ જ દેખાયું નહીં.

સુલતાને બીજી બારી ઉઘાડીને જોયું તો શહેરને આગના ભડકાઓએ ઘેરી લીધું હતું. સુલતાને ભયની ચીસ પાડી.

શેખે કહ્યું , 'દુ:ખી ન થાઓ, સુલતાન, એમાં ભય પામવા જેવું કાંઈ નથી.' એમણે બારી બંધ કરી ને ફરી પાછી ઉઘાડી ત્યારે ક્યાંય આગ દેખાઈ નહીં.

ત્રીજી બારી ઉઘાડીને જોયું તો મહેલ તરફ ઘોડાપૂર ધસી રહ્યાં હતાં. પણ બીજી વાર પૂરનું નામનિશાને દેખાયું નહીં.

ચોથી બારી ઉઘાડી ત્યારે હંમેશની જેમ રણ ન દેખાયું પરંતુ નંદનવન નજરે પડ્યું ને બારી બંધ કર્યા પછી એ પહેલાંની જેમ અદૃશ્ય થઈ ગયું.

પછી શેખે પાણીથી ભરેલું વાસણ મંગાવ્યું ને સુલતાનને એમાં પળવાર માથું ડૂબાડવાનું કહ્યું. સુલતાને માથું ડુબાડ્યું ન ડુબાડ્યું ત્યાં જ એણે જોયું કે પોતે કોઈક તદ્દન અજાણ્યા સાગરના નિર્જન કિનારે એકલો ઊભો છે. એને થયું કે આ દગાબાજ શેખના જાદુઈ ઇલમથી પોતાને ઝપાટાબંધ દેશવટો મળ્યો છે, ને એણે મનોમન એનું વેર વાળવાની પ્રતિજ્ઞા કરી.

થોડી જ વારમાં કેટલાક કઠિયારા આવ્યા ને સુલતાનને પૂછવા લાગ્યા કે તમે કોણ છો ? એ પોતાની સાચી પરિસ્થિતિ જણાવી શકે એમ નહોતો એટલે એણે કહી દીધું કે મારું વહાણ ડૂબી ગયું છે. કઠિયારાએ એને કપડાં આપ્યાં. પછી એ ચાલતો શહેરમાં ગયો. એને આમતેમ નિરુદ્દેશ ભટકતો જોઈને એક લુહારે પૂછ્યું, 'તમે કોણ છો ?' સુલતાને જવાબ આપ્યો, 'હું વેપારી છું, મારું વહાણ ડૂબી ગયું છે. કઠિયારાની મહેરબાનીથી અહીંયાં આવ્યો છું. મારી પાસે બીજું કોઈ જ સાધન નથી.'

લુહારે એને એ દેશના એક રિવાજની વાત કરી. એ રિવાજ મુજબ શહેરમાં નવા આવનાર દરેકને હમામખાનામાંથી જે સ્ત્રી પહેલી બહાર આવે એની પાસે લગ્નની માગણી કરવાનો અધિકાર હતો, એ સ્ત્રી લગ્ન કરવા બંધાયેલી હતી. સુલતાન હમામખાના પાસે ગયો ત્યારે એક નાજનીન બહાર આવતી હતી. એણે એને પૂછ્યું કે તું પરણેલી છે ? ને એ પરણેલી નીકળી. એટલે એણે ન છૂટકે બીજીને પૂછ્યું. એ કદરૂપી હતી. પછી ત્રીજીને. ચોથી ખરેખર ખૂબસૂરત હતી. એણે કહ્યું કે હું પરણેલી નથી. પણ એનાં કંગાળ દીદાર ને ચીંથરેહાલ કપડાંથી અપમાન પામી હોય એમ એ એને તરછોડીને ચાલી ગઈ.

પછી એકાએક એક માણસ એની સમક્ષ હાજર થયો ને બોલ્યો : 'મને અહીંયાં ચીથરેહાલ આદમીને શોધી લાવવા મોકલ્યો છે. મહેરબાની કરી મારી પાછળ પાછળ આવો.'

સુલતાન નોકરની પાછળ પાછળ ચાલ્યો. એ એને એક અદ્ભુત મહેલમાં લઈ ગયો. મહેલના એક વૈભવશાળી ખંડમાં એ કલાકો સુધી બેઠો. આખરે ચાર રૂપસુંદરી અંદર

આવી. એમણે મહામૂલાં વસ્ત્ર પહેર્યાં હતાં. એમની પછી અંદર આવી એ સુંદરી તો રૂપમાં સહુથી ચડી જાય એવી હતી. સુલતાને એને તરત ઓળખી કાઢી. હમામખાના પાસે એને સૌથી છેલ્લે એ મળી હતી.

એણે સુલતાનને આવકાર આપ્યો ને સમજાવ્યું કે, 'તમારા સ્વાગતની તૈયારી કરવા હું ઘરે દોડી આવી હતી. દેશના રિવાજને અનુસરીને જ મેં ઉદ્ધતાઈનો દેખાવ કર્યો હતો.અહીંયાં એકે એક સ્ત્રી આમ કરે છે.' પછી ભવ્ય ભોજન આવ્યું. બેનમૂન કપડાં લાવવામાં આવ્યાં ને સુલતાનની સામે ધરવામાં આવ્યાં. આછું મીઠું સંગીત તો પહેલેથી જ એકસરખું રેલાયા કરતું હતું.

આમ ને આમ સાત વર્ષ સુલતાને નવી બેગમ સાથે અમનચમન કર્યાં. બેગમના વારસાની પાઈએ પાઈ ખૂટી ગઈ. એટલે બેગમે કહ્યું કે, ' આજથી મારી ને આપણા સાત દીકરાની ભરણપોષણની જવાબદારી તમારી.'

શહેરમાં આવતાં વેંત જે પોતાના મિત્ર બનેલા એ બધાને સંભારીને સુલતાન સલાહ લેવા લુહાર પાસે આવ્યો. સુલતાનમાં કોઈ હુન્નરઉદ્યોગની આવડત નહોતી એટલે લુહારે એને સલાહ આપી કે બજારમાં જા ને મજૂરી કર.

કાળી મજૂરી કરી કરીને એ એક દિવસને અંતે જે કમાયો એ એના કુટુંબના બે ટંક ભોજનના માંડ દસમા ભાગનું હતું. બીજે દિવસે સુલતાન પાછો સાગરકાંઠે આવ્યો. સાત વર્ષ પહેલાં પોતે જ્યાંથી બહાર આવ્યો હતો એ જગ્યા એણે શોધી કાઢી. નમાજ પઢવાનું નક્કી કરીને એણે પાણીમાં મોઢું ધોવા માંડ્યું. ત્યાં તો એકાએક એ પાછો અસલ જગ્યાએ આવી ગયો. મહેલ, પાણી ભરેલું વાસણ, શેખ ને એના દરબારીઓ – બધું એમ ને એમ જ હતું.

'સાત સાત વર્ષનો દેશવટો, દુષ્ટાત્મા !' સુલતાને ગર્જના કરી. 'સાત સાત વર્ષ, કુટુંબ ને એમાં વળી કાળી મજૂરી ! આવું કામ કરતાં તમને ખુદાનો, અલ્લાહનો જરાય ડર ન લાગ્યો ?'

'પણ તમે પાણીમાં માથું ડૂબાડ્યું,' મહાન સૂફીએ કહ્યું, 'એને તો હજી એક જ પળ થઈ છે.' એના દરબારીઓએ આ વાતની સાક્ષી પૂરી,

સુલતાન આમાંનો એકેય અક્ષર કેમેય માની શક્યો નહીં. એ શેખનું માથું ઉડાવી દેવાનો હુકમ આપવાની અણી પર હતો ત્યારે આંતરિક શક્તિથી એનો ઇરાદો કળી જઈને શેખે અદૃશ્ય થઈ જવાની શક્તિ અજમાવી. ને એ શક્તિની મદદથી એ ને એ જ પળે સદેહે દમાસ્કસ શહેરમાં પહોંચી ગયા. દમાસ્કસ શહેર પહોંચતાં આમ તો અનેક દિવસો લાગે એટલું દૂર હતું.

ત્યાંથી એમણે સુલતાનને પત્ર લખ્યો :

'હવે તો તમને સમજાઈ જ ગયું હશે કે તમે પાણીમાં એક જ પળ માથું ડૂબાડ્યું ત્યારે તમારાં સાત સાત વર્ષ વીતી ગયાં હતાં. કેટલીક શક્તિનો અમલ કરવાથી આવું બને

છે. એનું ખાસ કોઈ જ મહત્ત્વ નથી. એટલું જ કે શું થઈ શકે એનું એ સબળ દૃષ્ટાંત પૂરું પાડે છે. પરંપરાની કથામાં બિછાનું હૂંફાળું હતું ને, પાણીનો ઘડો ભરેલો હતો ને ?'

'કોઇક ઘટના બની છે કે નહીં એ મુદ્દો મહત્ત્વનો નથી. ઘટના તો કોઈ પણ બની શકે છે. ખરું મહત્ત્વ તો ઘટનાના રહસ્યનું છે. તારી ઘટનાનું કોઈ જ રહસ્ય નથી. પયગંબરની ઘટનાનું રહસ્ય છે.'

૮. મૃત્યુ વિશેની સભાનતા

એક દરવેશ એક વાર દરિયાની મુસાફરીએ નીકળ્યા. બીજા મુસાફરો એક પછી એક વહાણની અંદર આવ્યા. આવતાં વેંત દરેક મુસાફરની નજર દરવેશ પર પડી ને રિવાજ મુજબ એણે એમની પાસેથી કોઈક આદેશ માગ્યો. દરવેશે ખાસ કાંઇ કહ્યું નહીં. દરેકને એમણે એક ને એક આદેશ આપ્યો. એકે એક દરવેશ અમુક વખતે એકની એક વાતનું ધ્યાન ધરે છે. એમણે આવી જ કોઈક વાતનો આદેશ દરેકને આપ્યો.

એ આદેશ આ હતો : 'મૃત્યુ શું છે એની જાણ થાય નહીં ત્યાં સુધી એને વિષેની સભાનતા કેળવો,' આ સલાહ ખાસ કોઈ પણ મુસાફરના ચિત્તને વશ કરી શકી નહીં.

દરિયામાં એકાએક ભયંકર તોફાન જાગી ઊઠ્યું. ખલાસીઓ ને મુસાફરો બધાએ ભેગા થઈને બંદગી કરી ને વહાણને બચાવી લેવાની ખુદાને આજીજી કરી. એમણે વારાફરતી ભયની ચીસો પાડી, હતાશ થઈને પડતું મૂક્યું. મદદની બેફામ આશા સેવી, દરવેશ તો પહેલેથી છેલ્લે સુધી શાંત બેઠા રહ્યા, ચિંતન કરતા રહ્યા. આસપાસ જે કાંઈ ઊથલપાથલ મચી હતી એ જોઈને એ જરાયે અસ્વસ્થ થયા નહીં.

આખરે પવનના ઝપાટા શમી ગયા, દરિયો ને આકાશ બંને શાંત થઈ ગયા ને ત્યારે જ મુસાફરોને ભાન થયું કે દરવેશે પહેલેથી છેલ્લે સુધી કેટલી શાંતિ જાળવી હતી !

એક મુસાફરે એમને પૂછ્યું : 'તમને ખ્યાલ ન આવ્યો કે આ ભયંકર તોફાનમાં આપણી ને મૃત્યુની આડે આ પાટિયાથી ઝાઝું છેટું કાંઈ જ નહોતું ?'

'બેશક' દરવેશે કહ્યું : 'દરિયામાં હંમેશાં આમ જ બને છે એની મને જાણ હતી. પરંતુ સાથે સાથે હું જમીન પર જે વાત અવારનવાર વિચારતો હતો એનું પણ મને ભાન થયું : જમીન પર તો સામાન્ય સંજોગોમાં પણ આપણી ને મૃત્યુની આડે આ પાટિયાથીયે ઓછું છેટું હોય છે !'

અનુ. જયંત પારેખ

ત્રણ વાર્તા

માઇકલ જોશેન્કો

૧. ઇસ્ટરનો એક પ્રસંગ

મિત્રો, અત્યારે આપણી સામે ક્રિશ્ચિયન ઇસ્ટરનો પ્રસંગ છે.

ઘેટાં જેવા શ્રદ્ધાળુ લોકો તેમની પવિત્ર કેક આશીર્વાદ માટે લેતા આવશે, લઈ આવવા દો તેમને. હું નહીં લઈ જઉં. બસ, જે છે તે ઠીક છે. મિત્રો, ગયે વરસે કોઈએ મારી કેક એના પગથી કચડી નાખી હતી.

વાત એમ બની કે હું થોડો મોડો પડ્યો અને ઉત્સવ શરૂ થઈ ગયો. ચર્ચની દીવાલ પાસે આવીને જોયું તો એકેએક જગ્યા ભરાઈ ગઈ હતી. મેં એ લોકોને મારે માટે જગ્યા કરી આપવા કહ્યું પણ તેઓએ ન કરી. તે લોકોએ મને બહાર કાઢ્યો, 'તમે મોડા પડ્યા છો એટલે નરકમાં જશો. હવે તમારી કેક જમીન પર મૂકો. અહીં ધક્કામુક્કી ન કરો, તમે અમારી કેક પર પડશો.'

લો, પછી કંઈ કરવાનું જ ન રહ્યું. મેં મારી કેક જમીન પર મૂકી. જે કોઈ મોડેથી આવે તેણે પોતાની કેક જમીન પર મૂકવી પડતી.

અને મારી પાસે કેક નીચે મૂકવાનો જરાય વખત ન હતો. કારણ કે ચારે બાજુથી ઘંટના અવાજ શરૂ થવા માંડ્યા.

હાથમાં પીંછી લઈને આવતા પાદરીને મેં જોયો. એ બાલદીમાં પીંછી બોળતો અને પછી ચારે બાજુ પાણી છાંટતો હતો. કેટલાકના નાકમાં એ પાણી જતું તો કેટલાકની કેક ભીંજાતી. પણ એને કંઈ પડી ન હતી. એમની પાછળ ધર્મગુરુ ધીમે ધીમે પગ ભરતા હતા, એમના હાથમાં થાળી હતી, થાળીમાં લોકોએ સ્વેચ્છાએ નાખેલા પૈસા હતા.

એઓ બોલ્યા, 'ખ્રિસ્તીઓ, કંજૂસ ન બનશો. થાળીમાં તમારા પૈસા નાખો.' એઓ મારી પાસેથી પસાર થઈ રહ્યા હતા તેવામાં એ થાળીના પૈસા જોવામાં મગ્ન થઈ ગયા. પોતે ક્યાં જતા હતા એની એમને ખબર ન રહી. ઓહ ! એમનો પગ સીધો મારી કેક પર જ પડ્યો.

એ જોઈને મારો શ્વાસ અદ્ધર થઈ ગયો.

હું બોલી ઊઠ્યો : 'તમે તમારા મનમાં શું સમજો છો ? મારી કેક ઇસ્ટરની રાતે જ ચગદી નાખી !'

એણે કહ્યું : 'માફ કરજો. મારો ઇરાદો કંઈ એવો ન હતો.'

મેં કહ્યું : 'તમારા આ બચાવ વડે હું કંઈ માલમલીદા મેળવી શકવાનો નથી, મારી કેકના પૂરેપૂરા પૈસા મને મળવા જોઈએ. ફાધર, પૈસા આપી દો.'

વિધિ અટકી પડી. હવે પાદરી પણ દલીલ કરવા આવ્યો. એણે પૂછ્યું : 'કોની કેક ચગદાઈ છે ?'

'મારી, આ ધર્મગુરુએ - બદતમીઝે ચગદી નાખી.'

પાદરી બોલ્યો : 'હું પીંછી વડે થોડું પાણી છાંટું છું, પછી એ ખાવાલાયક બની જશે. છેવટે તો કેક ચર્ચની જ વ્યક્તિએ ચગદી છે ને! તમારી કેક તો બચી ગઈ કહો. હું કેક પર બે વાર પાણી છાંટીશ.'

'ના, રે ના, હવે તમે આખી બાલદી ભરીને પાણી રેડો તોય શું ? મને મારા પૈસા આપી દો.'

ગણગણાટ શરૂ થયો. કેટલાક લોકોએ મારો પક્ષ લીધો, કેટલાક મારી વિરુદ્ધમાં ગયા. ચર્ચના રખેવાળ - વેવીલિચે ટાવરમાંથી ડોકું ધુણાવીને પૂછ્યું : 'હું ઘંટ વગાડવાનું શરૂ કરું કે થોડી વાર થોભી જઉં ?'

મેં કહ્યું : 'થોડી વાર થોભી જાઓ, વેવીલિચ, નહીંતર ઘંટના અવાજમાં આ લોકો મને ખરેખર ધૂતી લેશે.'

પાદરી મારી આજુબાજુ માંદા માણસની જેમ હાથ હલાવતો ફરવા માંડ્યો. અને પેલો લાંબો શેતાન દીવાલ તરફ ઝૂક્યો ને મારી કેક બુટ વડે સાફ કરવા માંડ્યો.

ત્યાર બાદ, તેઓએ ભેગા કરેલા પૈસામાંથી થોડા પૈસા મને આપ્યા અને મને બહાર જતા રહેવા કહ્યું. મારી હાજરીથી એમની વિધિમાં અંતરાય આવતો હતો. હું બહાર નીકળ્યો, પણ તે પહેલાં પેલા શેતાનને બૂમ પાડી. એને ચીઢવવાનું મને મન થયું, પછી હું જતો રહ્યો.

હવે હું પવિત્ર કર્યા વિના જ કેક સીધેસીધી ખાઈ લઉં છું. એનો સ્વાદ તો સરખો જ છે અને જરાય મહેનત પણ નથી પડતી.

૨. પેલાગેયા

પેલાગેયા અભણ હતી. એને પોતાનું નામ લખતાં પણ આવડતું ન હતું. પરંતુ એનો પતિ રશિયાનો જવાબદાર કાર્યકર હતો. અને છતાં તે તળવિસ્તારનો સીધોસાદો માણસ

હતો. પાંચ વર્ષ શહેરમાં રહીને એ બધું જ શીખી ગયો હતો. પોતાના નામની સહી તો શું, એ ઉપરાંત પણ એને ઘણું આવડતું હતું. એને શું ન આવડતું એની ખબર ભગવાનને જ હશે ! પોતાની પત્ની અભણ હતી એ વાતથી તેને ભારે શરમ આવતી હતી.

એ પેલાગેયાને કહેતો, પેલાગેયુશ્કા, તારે આખરે તારું નામ લખતાં તો શીખવું જ જોઈએ. આપણું નામ સાવ સહેલું છે. બસ બે જ શબ્દો - ક્ચકીન, પણ એય તને નથી આવડતું, એ કેટલું ખરાબ !'

પણ પેલાગેયા હાથ હલાવીને જવાબ આપતી : 'એથી શો લાભ ? ઈવાન મિકોલાયેવીચ, મારી આંગળીઓ લખવા લાયક નથી. હવે હું શું વાંચું અને શું અક્ષરો ઘૂંટું ? પાયોનિયર્સને જ શીખવા દો ને ! હું તો ઘરડી થઈશ ત્યાં સુધી આ રીતે રહીશ.'

પેલાગેયાનો પતિ બહુ ઉદ્યમી માણસ હતો અને એની પત્ની પાછળ ઝાઝો સમય કાઢી શકે એમ ન હતો. એણે ડોકું ધુણાવ્યું : 'પેલાગેયા પેલાગેયા' પણ પેલાગેયાએ કશો ઉત્તર વાળ્યો નહિ.

પણ એક દિવસે ઈવાન નિકોલાયેવીચ એક ચોપડી ઘેર લેતો આવ્યો. એણે કહ્યું : 'પોલ્યા, આ એ-બી-સી શીખવાની ચોપડી છે. એમાં છેલ્લી ઢબની પદ્ધતિઓ છે. જો હું પોતે તને બતાવું.'

પરંતુ પેલાગેયાએ ધીમેથી હસતાં હસતાં ચોપડી લીધી, આમતેમ ફેરવી અને મેજ પર મૂકી દીધી.– 'ત્યાં જ રહેવા દો. કદાચ ભવિષ્યમાં એનો ઉપયોગ આપણા વારસો પણ કરે.'

એક દિવસ પેલાગેયા કામ કરવા બેઠી. ઈવાન નિકોલાયેવીચનો કોટ સાંધવાનો હતો. આખી બાંય ઝરડાઈ ગઈ હતી, પેલાગેયા ટેબલ પાસે બેઠી . સોય લીધી. જેકેટમાં પોતાનો હાથ નાખ્યો, અંદર કંઈક ઘસાયું. પેલાગેયાએ વિચાર્યું, 'કદાચ પૈસા હશે.'

એણે જોયું તો એક પત્ર હતો. સ્વચ્છ, નાનું કવર, નાના સુંદર અક્ષરો, કાગળમાંથી આવતી સુવાસ. પેલાગેયાનું હૈયું કંપી ઊઠ્યું. એ વિચારવા લાગી : 'ઇવાન નિકોલાયેવીચ ખરેખર મને અત્યાર સુધી છેતરતો હતો ? એ શું ખરેખર ખાનદાન સ્ત્રીઓ સાથે પ્રેમપત્રોની આપલે કરીને મારા જેવી અભણ, ગમાર સ્ત્રીની હાંસી ઉડાવતો હતો ?'

પેલાગેયાએ કવર સામે જોયું અને એમાંથી પત્ર કાઢ્યો. એની ગડી ઉઘાડી. એ વાંચી શકતી ન હતી. નિરક્ષતાને કારણે એ કંઈ જ નક્કી ન કરી શકી.

જિંદગીમાં પહેલી વાર પોતાની નિરક્ષરતા એને સાલી આવી. એ વિચારે છે : 'ભલે આ કોઈ બીજાનો કાગળ હોય. મારે જાણવું જ જોઈએ કે એમાં શું લખ્યું છે. ભલે આટલા ખાતર મારું જીવન પલટાઈ જાય, પછી ભલે મારે ખેડૂ સ્ત્રીઓની જેમ જઈને કામ કરવું કેમ ન પડે !'

પેલાગેયાએ આક્રન્દ શરૂ કર્યું. એને યાદ આવ્યું કે ઈવાન નિકોલાયેવીચ હમણાંનો બદલાઈ ગયો હતો. એ એની નાની મૂછનો ખ્યાલ કરતો હતો, પોતાના હાથ પણ વારંવાર

ધોતો હતો. ત્યાં બેસીને પેલાગેયા પત્ર તરફ જોતી જોતી રડવા માંડી. પણ એ પત્ર વાંચી શકતી ન હતી. બહારની કોઈ વ્યક્તિને પત્ર બતાવવાની એને શરમ આવતી હતી.

પછી, પેલાગેયાએ મેજમાં એ પત્ર સંતાડી દીધો, અને જેકેટ સીવીને ઇવાન નિકોલાયેવીચની રાહ જોવા લાગી. એ જ્યારે આવ્યો ત્યારે પોતાને કશી જ ખબર નથી એ રીતે પેલાગેયા વર્તી. એથી ઊલટું જ હળવે રહીને એણે મશ્કરી કરી. અને કહ્યું : 'થોડું ઘણું શીખવામાં મને વાંધો નથી. હવે મને પણ અભણ હોવાની શરમ આવે છે.' ઇવાન નિકોલાયેવીચને તો આ જાણીને બહુ જ આનંદ થયો. 'સરસ ! જો હું તને શીખવાડું.'

પેલાગેયા પણ બોલી : 'હા, શીખવાડો જોઈએ.'

અને એણે શરૂ કર્યું. દિવસો વીતવા લાગ્યા. બે મહિના પછી પેલાગેયાને વાંચતાં આવડી ગયું. એ ખંતથી શબ્દો ઓળખવા લાગી અને કાળજીપૂર્વક અક્ષરો ઘૂંટવા લાગી. વાક્યો પણ મન દઈને ગોઠવવા લાગી. દરરોજ રાતે એ મેજમાંથી પેલો પત્ર કાઢતી અને એનો અર્થ કરવા પ્રયાસ કરતી પણ હજુ એનો અર્થ બેસતો ન હતો.

ત્રીજા મહિને પેલાગેયાને બધું આવડી ગયું.

ઇવાન નિકોલાયેવીચ એક સવારે કામ પર ગયો ત્યારે પેલાગેયા મેજમાંથી પત્ર કાઢીને વાંચવા લાગી. એટલા સુંદર અક્ષરો કાઢવાનું એને માટે અશક્ય હતું. પત્રમાંથી આવતી સુવાસ તેને ઉત્તેજિત કરી મૂકતી હતી. પત્ર પર ઇવાન નિકોલાયેવીચનું નામ હતું.

પેલાગેયા વાંચવા માંડી :

પ્રિય મિત્ર કચકીન !

હું તમને એ-બી-સી. મોકલી રહ્યો છું. હું ધારું છું કે બેથી ત્રણ મહિનામાં તમારી પત્નીને લખતાં-વાંચતાં આવડી જશે. એમને આ વાંચવાનું કહેજો. એમને સમજાવજો કે અભણ સ્ત્રી માટે આ કેટલી બધી અગત્યની વસ્તુ છે.

આપણે આખા દેશમાંથી નિરક્ષરતા દૂર કરવાનો પ્રયાસ કરીએ છીએ, પણ આપણે આપણાં સ્વજનોને જ ભૂલી જઈએ છીએ.

ઇવાન નિકોલાયેવીચ, આ કામ જરૂર કરજો.

મારી શુભેચ્છા પાઠવું છું.

માર્યા બ્લોકીતા

પેલાગેયાએ આ પત્ર બે બે વખત વાંચ્યો. અને દિલગીરીપૂર્વક પોતાના હાથ ભીડ્યા, એને ધીમો આંચકો લાગ્યો અને રડવાનું શરૂ કર્યું.

૩. વાંદરીનાં પરાક્રમ

એક શહેરની દક્ષિણમાં આવેલા બાગમાં એક પ્રાણીઘર હતું. એ બહુ મોટું પ્રાણીઘર ન હતું. ત્યાં માત્ર એક વાઘ, બે મગર, ત્રણ સાપ, એક ઝીબ્રા, એક શાહમૃગ અને એક વાનરી, સાદી ભાષામાં કહેવું હોય તો વાંદરી - હતાં. તે ઉપરાંત બીજી બધી વસતિ – જેવી કે પક્ષીઓ, માછલાં અને બીજાં મામૂલી પ્રાણીઓ – પણ હતી.

લડાઈની શરૂઆતમાં જ્યારે ફાસિસ્ટોએ આ શહેર પર બોમ્બમારો કર્યો ત્યારે એક બોમ્બ આ બાગ ઉપર પણ પડ્યો અને બધાં પ્રાણીઓના આશ્ચર્ય વચ્ચે ત્યાં કાન બહેરા કરી નાખે એટલા જબરદસ્ત અવાજથી એ બોમ્બ ફાટ્યો.

તરત જ ત્રણ સાપ મરી ગયા. જો કે એ કંઈ બહુ મોટી કરુણ ઘટના ન હતી, પરંતુ કમનસીબે શાહમૃગ પણ મરી ગયું.

જો કે બીજાં પ્રાણીઓને કશી ઇજા ન થઈ, માત્ર તેઓના મનમાં ફડક પેસી ગઈ.

બધાં પ્રાણીઓમાં વાંદરી બહુ ગભરાઈ ગઈ. હવાના ઘસારાથી એનું પાંજરું ખખડ્યું અને એ ઊંચેથી પડી ગઈ.પાંજરાની એક દીવાલ ભાંગી ગઈ, અને આ વાંદરી પાંજરાની બહાર બાગના રસ્તા પર જ ફેંકાઈ ગઈ.

એ રસ્તા પર તો ફેંકાઈ ગઈ, પરંતુ જેઓ લશ્કરી દાવપેચોથી ટેવાઈ ગયા હોય છે એવા લોકોની જેમ હાલ્યાચાલ્યા વગર પડી ન રહી. એણે તો ઊંધું કર્યું. એ તરત જ એક ઝાડ પર ચઢી ગઈ, ત્યાંથી એ દીવાલ પર કૂદી, પછી દીવાલ પરથી ગલીમાં અને ગાંડાની જેમ નાસવા માંડી.

એ દોડે છે અને કદાચ વિચારે છે : 'ઓહ, હવે જો એ લોકો અહીં બોમ્બ નાખશે તો મને એ જરાય નહીં ગમે.' અને એ બીકે શહેરની ગલીઓમાં પોતાની બધી તાકાત અજમાવીને દોટ મૂકે છે.

એ આખા શહેરમાં ઘૂમી વળી. મુખ્ય મુખ્ય રાજમાર્ગો ઉપર અને શહેરની બહાર પણ દોડે છે. હા, વાંદરું એ કાંઈ માણસ નથી. એ કશું સમજી શકતું નથી અને આ શહેરમાં રોકાવું કે નહીં તેની સમજણ પણ એને નથી.

દોડતાં દોડતાં એ થાકી ગઈ, સખત થાકી ગઈ. એક ઝાડ પર ચઢી ગઈ. ત્યાં પેટમાં થોડો આધાર મેળવવા એક માખી અને જીવડાની એક જોડી ખાઈ લીધી અને જે ડાળી પર એ બેઠી હતી, ત્યાં જ સૂઈ ગઈ.

આ વખતે એક લશ્કરી ખટારો એ રસ્તા પર થઈને જઈ રહ્યો હતો. એના ડ્રાઈવરે ઝાડ પર વાંદરી જોઈ. એને આશ્ચર્ય થયું. ધીરેથી એ એની પાસે ગયો અને પોતાનો કોટ એના પર મૂક્યો અને એને મોટરમાં લાવ્યો. એણે વિચાર્યું : 'અહીં આ ભૂખ, ઠંડી અને બીજી મુશ્કેલીઓથી હેરાન હેરાન થઈ જશે એના કરતાં મારા મિત્રોને આપી દઈશ એ વધુ ઠીક થઈ પડશે.'

અને એ વાંદરીને લઈને આગળ વધ્યો.

બોરીઝોવ નામના શહેરમાં એ આવી પહોંચ્યો. વાંદરીને મોટરમાં રાખી મૂકીને કહ્યું : 'અહીં જ બેસી રહીને મારી રાહ જોજે, હું આવું છું.' અને એ પોતાનું કામ પતાવવા ઊપડ્યો.

પણ આપણી વાંદરી ન રોકાઈ. ભાંગેલી બારીમાંથી એ ચુપકીદીથી બહાર નીકળી અને ગલીઓમાં નિરાંતે ફરવા લાગી.

અને પૂંછડી હવામાં અધ્ધર રાખીને ગલીઓમાં ફરે છે, આમતેમ ભટકે છે. લોકો તો આશ્ચર્ય પામે છે. તેઓ એને પકડવા ઇચ્છે છે, પરન્તુ એમ એને પકડવી કંઈ સહેલું નથી. એ બહુ ચપળ અને ઝડપી છે. ને એના નાનકડા ચાર પગ વડે એ બહુ ઝડપથી દોડે છે. છેવટે તો એઓ એને પકડી ન શક્યા પણ એને નકામી દોડાવી ખરી.

બસ, એ થાકી ગઈ અને ભૂખી પણ થઈ.

પણ શહેરમાં એ ખાવા ક્યાં જાય ? ગલીઓમાં તો કશું જ ખાવાલાયક ન હતું. એની પૂંછડીને લીધે એ કોઈ હોટલમાં કે દુકાનમાં પણ જઈ શકતી નથી. વળી, એની પાસે પૈસા નથી, કંઈ બીજું આપવા જેવું પણ નથી, રેશન કાર્ડ પણ નથી. આ તે કેવી જફા !

કશું ન હોવા છતાં એ દુકાનમાં પેઠી. એણે વિચાર્યું કે આખરે કંઈક ને કંઈક તો મળી જ આવશે ને ! દુકાનમાંથી લોકો શાકભાજી ખરીદતા હતા, ગાજર, બીટ અને કાકડી.

આ દુકાનમાં ઘૂસ મારીને લોકોની લાંબી કતાર એ જુએ છે. પણ એ કતારમાં ઊભી ન રહી અને ગલ્લા પાસે જવા લોકોને એણે હડસેલા પણ ન માર્યા, પણ બધા ગ્રાહકોના માથા પર થઈને વેચનાર છોકરી પાસે એ દોડી ગઈ. ગલ્લા પર કૂદકો માર્યો. ગાજરનો શો ભાવ છે એ પણ ન પૂછ્યું અને ગાજર ખૂંચવી લીધા, એવું લોકો કહેતા હતા. દુકાનની બહાર નીકળી. પોતાની 'ખરીદી'થી એને સંતોષ થયો. હંઅ.. વાંદરું કશું જ સમજી શકતું નથી. અને ખાધા વગર ચલાવી લેવાનું એને આવડતું પણ નથી.

અને દુકાનમાં તો ખરેખર ધાંધલ મચી ગઈ. શોરબકોર, ધમપછાડા થવા લાગ્યા. લોકો બૂમો મારવા લાગ્યા. બીટ જોખી રહેલી છોકરી તો આશ્ચર્યથી ડઘાઈ જ ગઈ, જો તમારી સાથે આવો વર્તાવ થાય તો તમે પણ ડઘાઈ જાઓ. સાદા સીધા ગ્રાહકને બદલે આખા શરીરે વાળવાળું અને પૂંછડી અધ્ધર રાખતું આ કઈ જાતનું ગ્રાહક અને અધૂરામાં પૂરું, પૈસા પણ ચૂકવ્યા નહિ !

લોકો વાંદરીની પાછળ ગલીઓમાં દોડવા લાગ્યા, જ્યારે એ તો રસ્તામાં દોડતી દોડતી ગાજર ખાતી હતી. એ કશું....સમજી શકતી નથી.

ટોળામાં સૌથી આગળ છોકરાઓ હતા, એમની પાછળ મોટેરાઓ હતા અને છેલ્લે સિસોટી વગાડતો પોલિસ.

ત્યાં તો એટલામાંથી એક કૂતરો પણ ટપકી પડ્યો, અને એ પણ વાંદરીની પાછળ

પડ્યો. એ માત્ર ભસતો અને ઘૂરકતો ન હતો, પણ એના દાંત વડે વાંદરીને પકડી લેવાનો પ્રયાસ પણ કરતો હતો.

આપણી વાંદરી વધુ ઝડપથી દોડવા માંડી, દોડતાં દોડતાં કદાચ વિચારે છે : 'અરે, પ્રાણીઘર છોડ્યું એ બહુ મોટી ભૂલ કરી. પાંજરામાં આરામથી રહેવા તો મળતું હતું ને! હવે વહેલામાં વહેલી તકે હું પ્રાણીઘરમાં પાછી જતી રહીશ.'

અને આમ એ પોતાનાથી બને તેટલી ઝડપે દોડે છે, પણ કૂતરો બહુ દૂર નથી, હવે તો વાંદરી હાથવેંતમાં જ આવી ગઈ છે.

પછી આપણી વાંદરીએ એક દીવાલ પર કૂદકો માર્યો અને ત્યાં કૂતરાએ જ્યારે વાંદરીને પગ વડે પકડવા પ્રયાસ કર્યો ત્યારે વાંદરીએ બધી તાકાત એકઠી કરીને કૂતરાના નાક પર ગાજર માર્યાં. એટલા જોરથી ગાજર કૂતરાને વાગ્યા કે કૂતરો ચીસ પાડી ઊઠ્યો ને લોહી દદડતું નાક લઈને ઘર તરફ પાછો નાઠો. એણે કદાચ વિચાર્યું : ' ના, ભાઈઓ, તમારા માટે વાંદરી પકડવા ને આવો ખરાબ અનુભવ લેવા કરતાં તો હું ઘેર આરામથી પડ્યો રહીશ.'

ટૂંકમાં, કૂતરો નાસી ગયો અને આપણી વાંદરી એક ચોગાનમાં કૂદી પડી.

તે વખતે ચોગાનમાં આલ્યોશા પોપોવ નામનો છોકરો લાકડાં કાપી રહ્યો હતો.

લાકડા કાપતાં કાપતાં એ એકદમ વાંદરીને જુએ છે. એને વાંદરાં બહુ ગમતા હતાં અને એણે આખી જિંદગી આવાં વાંદરાંઓના સ્વપ્નાં જોયેલાં. ત્યાં જ આ વાંદરી અચાનક આવી ચઢી. એ બોલી ઊઠ્યો : 'અરે તું !'

આલ્યોશાએ પોતાનું જેકેટ કાઢી નાખ્યું અને દાદર પર લપાઈ રહેલી વાંદરીને એ જેકેટમાં લપેટી લીધી.

એ એને ઘેર લઈ આવ્યો, ચા પિવડાવી. વાંદરી બહુ રાજી થઈ. પણ જોઈએ એટલી નહીં, કારણ કે આલ્યોશાનાં દાદીમાને તરત જ વાંદરી માટે ધિક્કાર પેદા થયો. એને જોઈને એમણે ચીસ પાડી, વળી એના પગ પર મારવાની ઇચ્છા પણ એમને થઈ. આનું કારણ આ હતું – એ બધાં જ્યારે ચા પી રહ્યાં હતાં ત્યારે દાદીમાએ રકાબીમાં ખાધેલી કેન્ડી મૂકી અને વાંદરીએ કેન્ડી ઝૂંટવી લીધી અને પોતાના મોંમાં મૂકી દીધી. હવે વાંદરું એ કાંઈ માણસ નથી. કોઈ માણસને જો કંઈ લેવાની ઇચ્છા થઈ હોત તો દાદીમાના દેખતાં એ એવું ન કરત. પણ આ વાંદરીએ તો દાદીમાના દેખતાં જ એવું કર્યું અને ખરેખર એમને રડાવ્યાં પણ ખરાં.

દાદીમા બોલ્યાં :

'આ ખંડમાં પૂંછડીવાળું આવી જાતનું વાંદરું રહે એ કોઈ પણ રીતે ચલાવી ન લેવાય. એ મને બિવડાવવાની, અંધારામાં મારા પર કૂદવાની, મારી કેન્ડી ખાવાની. ના, હું આ ઓરડામાં આ વાંદરી સાથે રહી જ નહીં શકું. અમારા બેમાંથી કોઈ એકે પ્રાણીઘરના બાગમાં જવું જોઈએ. હું ત્યાં રહેવા જઉં ? ના, એને જ ત્યાં જવા દો, અને હું તો મારા ઓરડામાં જ રહીશ.'

આલ્યોશાએ એની દાદીમાને કહ્યું :

'દાદીમા, તમારે પ્રાણીઘરમાં રહેવા જવું નહીં પડે. હું ખાતરી આપું છું કે હવે આ વાંદરી તમારું કશું જ નહિ ખાય. હું એને આપણી રીતભાતો શિખવાડીશ. ચમચા વડે ખાવાનું અને ગ્લાસ વડે ચા પીવાનું પણ શિખવાડીશ. હવે બાકી રહી કૂદવાની વાત. તો એમાં હું એને છત પરના દીવા પર ચડવાની મના નહીં કરી શકું. અને ત્યાંથી એ તમારા માથા પર પણ કૂદે ખરી. પણ મૂળ વાત એ કે એવું થાય તો તમારે ગભરાઈ ન જવું. કારણ કે છેવટે તો આફ્રિકામાં હરહંમેશ કૂદકા મારતી આ નિર્દોષ વાંદરી છે.'

બીજા દિવસે આલ્યોશા દાદીમાને વાંદરીની સંભાળ રાખવાનું કહીને નિશાળે ગયો. પરંતુ દાદીમાએ વાંદરીની સંભાળ ન લીધી. એમણે વિચાર્યું, 'હવે વળી મારે આ દુષ્ટની સંભાળ પણ રાખવાની ?' અને એમ વિચારતાં એઓ આરામખુરશી પર ઊંઘી ગયાં.

અને આપણી વાંદરી એક ઉઘાડી બારીમાંથી ગલીમાં ચુપકીદીથી સરકી પડી અને તડકાવાળી જગ્યાએ ગઈ. કોઈને ખબર નથી. એવું પણ હોય કે એને ટહેલવાનું મન થયું હોય, પણ મોટે ભાગે તો પોતાના માટે કંઈ ખરીદવા કોઈ દુકાનમાં ઘૂસવાનું એણે નક્કી કર્યું. પૈસા તો હતા નહીં એટલે પહેલાંની જેમ જ.

એ ગમે તે હોય, એ વખતે ઘરડો અને અપંગ ગેવરિલિચ એ ગલીમાંથી પસાર થતો હતો. એ ગરમ પાણીના હોજ તરફ નાહવા માટે જઈ રહ્યો હતો. એના એક હાથમાં એક થેલી હતી. એ થેલીમાં સાબુ અને ચડ્ડી હતાં.

એણે વાંદરી જોઈ. શરૂઆતમાં તો એને પોતાની આંખો પર વિશ્વાસ ન આવ્યો કે પોતે જે જુએ છે તે સાચું છે. એણે વિચાર્યું : 'હશે કંઈ !' સવારના પહોરમાં જ એણે પ્યાલો ભરીને બીઅર પીધો હતો.

વાંદરી તરફ એ આશ્ચર્યથી જોઈ રહ્યો છે અને વાંદરી પણ એને જોઈ રહી છે. કદાચ એ વિચારી રહી હોય : 'આ વળી હાથમાં થેલી લઈને ઊભેલો કયા પ્રકારનો ચાડિયો છે ?'

છેવટે, ગેવરિલિચને જણાયું કે એ ખરેખર વાંદરી જ હતી, પોતે સ્વપ્નું જોઈ રહ્યો ન હતો, અને પછી તો એ વિચારવા લાગ્યો :

'હું ધારું છું કે આ મારા હાથે પકડાઈ જશે. આવતી કાલે હું એને બજારમાં લઈ જઈશ, અને સો રૂબલમાં વેચી મારીશ. એ પૈસા વડે બીઅરના દસ ગ્લાસ ખરીદી શકીશ.' મનમાં આવા વિચારો કરીને વાંદરીને પકડવા 'કિટ્ટી, કિટ્ટી....લે, અહીં આવ.' કહેતોકને લપક્યો.

એ ન આવી. એ જાણતો હતો કે એ બિલાડી નથી. પણ એની સાથે કઈ ભાષામાં વાતચીત કરવી એની ગમ એને ન પડી. થોડી વાર રહીને એને ખ્યાલ આવ્યો કે આ તો બધાં પ્રાણીઓમાં સર્વશ્રેષ્ઠ સર્જન છે. પછી એણે પોતાના ગજવામાંથી સાકરનો ટુકડો કાઢ્યો અને વાંદરીને બતાવ્યો તથા નીચા નમીને કહ્યું :

'સુન્દર વાંદરી ! લે, તારે આ સાકરનો ટુકડો ખાવો છે ?'

વાંદરી કહે છે : 'જો તમે રાજી હો તો મને લાગે છે...' એ ખરેખર તો કશું જ બોલી ન હતી. પણ એ માત્ર થોડી આગળ વધી, અને સાકરનો ટુકડો ખૂંચવી લીધો અને એ ખાવા માંડ્યો.

ગેવરિલિચે એને હાથમાં લઈ લીધી અને થેલીમાં મૂકી. એને થેલીમાં ગરમી અને હૂંફ મળ્યાં. આપણી વાંદરી બહાર કૂદી નહીં. કદાચ એણે વિચાર્યું હોય : 'ચાલો, આ કાળિયો છો મને એની થેલીમાં નાખીને લઈ જાય. એમાં મજા તો આવે જ છે.'

ગેવરિલિચે પહેલાં તો વિચાર્યું કે પોતે એને સીધો ઘેર જ લઈ જશે, પણ એ પાછો આવવા માગતો ન હતો એટલે વાંદરીને લઈ ને એ હોજ તરફ ગયો. એણે વિચાર કર્યો, 'એને લઈને હું હોજ પર જાઉં એ પણ ઠીક છે. હું ત્યાં એને નવડાવીશ. એટલે એ ચોખ્ખી થશે અને પછી તો એને જોવી પણ ગમશે. હું એના ગળે ટાઈ બાંધીશ અને પછી તો બજારમાં એના પેસા પણ સારા ઊપજશે.'

ને એટલે એ હોજ પર એની વાંદરીને લઈને ચાલ્યો ને એને નવડાવવા માંડ્યો.

આફ્રિકાના જેટલી જ ત્યાં પણ ગરમી હતી. અને આપણી વાંદરી આવા ગરમ વાતાવરણમાં બહુ ખુશ થઈ, પૂરેપૂરી નહીં. કારણ કે ગેવરિલિચે સાબુથી નવડાવવા માંડી, ત્યાં જ થોડો સાબુ એનાં મોંમાં ગયો. એ કંઈ સ્વાદિષ્ટ ન હતો, પણ એટલો બધો ન હતો કે જેથી કોઈ ચીસ પાડે, ખેંચતાણ કરે અને નાહવા માટે ના પાડી દે. એ ગમે તે હોય, પણ આપણી વાંદરીએ થૂંકી નાખ્યું, પણ ત્યાં વળી થોડો સાબુ એની આંખોમાં પણ લાગી ગયો, અને આથી તો વાંદરી સાવ ત્રસ્ત થઈ ઊઠી. એણે ગેવરિલિચની આંગળી કરડી ખાધી અને પોતાના હાથ ખૂંચવી લીધા અને ઝનૂની બનીને હોજની બહાર કૂદી પડી.

લોકો જે ઓરડામાં કપડાં બદલતા હતા ત્યાં એ આવી ચઢી. એટલે બધા ગભરાઈ ગયા. કોઈને ખબર ન પડી કે એ વાંદરી છે. એમણે જોયું કે ગોળ, સફેદ અને ફીણવાળી કોઈ વસ્તુ અંદર કૂદી પડી છે. પહેલાં તો એ કોચ પર ધસી, પછી સ્ટવ તરફ અને ત્યાંથી એક ખોખા પાસે, ત્યાથી કોઈના માથા પર, ત્યાંથી ફરી પાછી સ્ટવ પાસે કૂદીને આવી.

કેટલાક બીકણ લોકો બૂમબરાડા પાડવા લાગ્યા, અને હોજમાંથી બહાર નાસવા લાગ્યા. અને આપણી વાંદરી પણ દાદરા પરથી નીચે ઊતરીને બહાર ધસી.

ત્યાં નીચે કેશિયરની એક બારીવાળી નાની દુકાન હતી, વાંદરી બારીમાં એ ઇરાદાથી કૂદી કે ત્યાં એને વધુ આરામ મળશે. વળી, ત્યાં ઘોંઘાટ, શોરબકોર કશું જ નહીં હોય. પણ તે દુકાનમાં ગલ્લા પર બેઠેલી જાડી સ્ત્રી એને જોઈને 'ઓહ !' કરતીકને છળી મરી અને દુકાનમાંથી બહાર નીકળવા ચીસો પાડવા લાગી .

'બચાવો બચાવો ! મારી દુકાન પર બોમ્બ પડ્યો. મને વેલેરીઅનનાં ટીપાં સૂંઘાડો,'

આપણી વાંદરી આ બૂમબરાડાથી ધરાઈ ગઈ. એ દુકાનમાંથી નાઠી અને ગલીમાં દોડવા માંડી.

ત્યાં ગલીમાંથી એ દોડી રહી છે, એનું આખું શરીર ભીનું છે, સાબુના ફીણવાળું પાણી તેના શરીર પરથી દદડે છે. ફરી પાછા લોકો એની પાછળ દોડી રહ્યા છે. બધાની આગળ છોકરાઓ, તેમની પાછળ મોટેરાઓ અને તેમની પાછળ પોલિસ અને બધાની પાછળ અડધો નાગો આપણો ગેવરિલિચ હાથમાં બૂટ પકડીને દોડે છે. એકાએક એટલામાંથી જ એક કૂતરો કૂદી પડ્યો. એણે ગઈ કાલે જેનો પીછો પકડેલો એ જ વાંદરી જોઈ.

એને જોઈને આપણી વાંદરી વિચાર કરવા લાગી : 'ચાલો ભાઈઓ, હવે તો હું જઈ રહી છું.'

પરંતુ આ વખતે કૂતરાએ એનો પીછો ન પકડ્યો. માત્ર એણે દોડતી વાંદરી તરફ જોયું અને નાકમાં થયેલું ભયંકર દરદ યાદ આવ્યું. ને દોડ્યો નહીં, પણ ત્યાંથી દૂર ગયો. કદાચ એ વિચારતો હતો : 'વાંદરાઓ પાછળ દોડવા માટે મારી પાસે કંઈ વધારે નાક નથી.' એ દૂર ગયો ખરો પણ ગુસ્સે થઈને ભસવા લાગ્યો, જાણે કહેતો ન હોય કે દોડ, પણ ધ્યાનમાં રાખજે કે હું અહીં છું.

બરાબર આ જ વખતે નિશાળેથી આવીને આલ્યોશા પોપોવે પોતાની પ્રિય વાંદરીને ઘેર ન જોઈ. એને બહુ દુઃખ થયું અને એની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. 'હવે એ અદ્ભુત અને પ્રેમાળ વાંદરી ફરી કદી મને નહિ મળે.' એણે મનમાં વિચાર્યું.

કંટાળો અને દિલગીરીમાંથી છૂટવા એ ગલીમાં બહાર નીકળ્યો. એ ગલીમાં નિરાશ હૈયે ચાલે છે અને એકાએક લોકોને દોડતા જુએ છે. શરૂઆતમાં તો એને ખ્યાલ જ ન આવ્યો કે બધા એની વાંદરી પાછળ દોડી રહ્યા છે. એને તો એમ જ લાગેલું કે હવાઈ હુમલાનું સાયરન વાગ્યું હશે એટલે લોકો દોડી રહ્યા છે. પણ થોડી વારમાં આખા શરીરે ભીંજાયેલી અને સાબુના ફીણવાળી પોતાની વાંદરી એણે જોઈ. એ એની પાસે દોડી ગયો અને પોતાના હાથમાં લઈને પોતાના શરીર સાથે દબાવી રાખી જેથી કોઈ છીનવી ન લે. એટલે બધા લોકો દોડતા અટકી ગયા અને એની આજુબાજુ ઘેરાઈ વળ્યા.

ત્યાં જ આપણો ઘરડો ગેવરિલિચ ટોળામાંથી રસ્તો કાઢતો આવ્યો. એ બધાને પોતાની કરડી ખાધેલી આંગળી બતાવતો હતો.

'ભાઈઓ, જે વાંદરીને હું આવતી કાલે બજારમાં વેચવાનો છું એ વાંદરી આ છોકરાના હાથમાં ન જવા દેતા. મારી આંગળી પર ભરેલું બચકું જુઓ. એ મારી વાંદરી છે. લો, બધા આ સૂજી ગયેલી આંગળી જુઓ. હું સાચું કહું છું એની આ સાબિતી.'

આલ્યોશા પોપોવ બોલ્યો : 'ના, આ વાંદરી એની નથી. આ મારી છે. તમે બધાએ જોયું ને કે એ કેટલા ઉમળકાથી મારી પાસે આવી ગઈ. હું સાચું કહું છું એની આ પણ સાબિતી છે.'

પણ ત્યાં વળી એક બીજો માણસ પણ ટોળામાં ફૂટી નીકળ્યો. એ જ વાંદરીને પોતાની મોટરમાં લાવેલો. એ કહે છે

'ના, આ વાંદરી બેમાંથી એકેની નથી. એ મારી છે. કારણ કે હું એને અહીં લાવેલો. પણ હવે પાછો હું લશ્કરમાં જઈ રહ્યો છું એટલે અત્યારે જેના હાથમાં વાંદરી છે તેને

જ હું એ આપીશ. જે નિર્દયતાથી માત્ર દારૂ પીવા માટે જ એને બજારમાં વેચવા માગતો હોય એવા માણસને હું એ આપવા માગતો નથી. વાંદરી આ છોકરાની જ છે.'

બધા લોકોએ તાળીઓ પાડી અને આલ્યોશાના મોં પર આનંદ છવાઈ ગયો. વાંદરીને વધુ જોરથી દબાવી અને વિજયભર્યા સ્મિત સાથે એને ઘેર લઈ ગયો.

કરડાયેલી આંગળી લઈને ગેવરિલિચ હોજ પર નાહવા માટે પાછો ગયો.

અને ત્યારથી વાંદરી આલ્યોશા પોપોવ સાથે રહી છે. અત્યારે પણ એની સાથે જ છે. હું હમણાં જ બોરીઝોવ ગયો હતો. વાંદરી આલ્યોશા સાથે કેવી રીતે રહે છે એ જોવા જ ત્યાં ગયો. હવે તો એ સારી રીતે રહે છે. એ હવે નાસી જતી નથી. બહુ આજ્ઞાંકિત થઈ છે. રૂમાલ વડે નાક લૂછે છે, અને બીજા કોઈની કેન્ડી ખૂંચવી લેતી નથી. એટલે દાદીમા બહુ ખુશ રહે છે. એના પર ગુસ્સો કરતાં નથી અને એને પ્રાણીઘરમાં મૂકી આવવાની વાત પણ કરતાં નથી.

હું જ્યારે આલ્યોશાના ઓરડામાં દાખલ થયો ત્યારે ટેબલ પાસે વાંદરી બેસી રહેલી, ટોકીઝોમાં ટિકિટબારી પર જેવી રીતે કોઈ બેસે છે એવી અદાથી. એ ભાતની ખીર ચમચા વડે ખાતી હતી.

આલ્યોશાએ મને કહ્યું :

'મેં એને આપણી બધી રીતભાતો શિખવાડી છે. હવે બધાં બાળકો અને ઘરડાઓ પણ મેં એક ઉત્તમ દાખલો બેસાડ્યો હોય એ રીતે એને જુએ છે.'

અનુ. શિરીષ પંચાલ

પ્રાણીશાસ્ત્ર

મિલોસ માકુરેક

૧. જિરાફ

જિરાફ જ્યારે સ્કૂલમાં ભણતી હતી ત્યારે ગણિત ને વાચનના વિષયોમાં એને સહુથી વધુ માર્ક મળતા હતા, પણ વ્યાયામના વિષયમાં એનો નંબર અચૂક છેલ્લો જ આવતો હતો કારણ કે એ કેમેય ગુલાંટ મારી જ શકતી નહોતી, પ્રયત્ન કરી કરીને એ થાકી જતી તો પણ એ ગુલાંટ મારી જ શકતી નહોતી, એને લીધે એ એકદમ દુ:ખી થઈ ગઇ હતી, સહુ કોઈ એને કહેતા હતા, જો, ગુલાંટ આ રીતે મારવી જોઈએ, આમ સહેલું છે, નહીં ? પણ જિરાફે થાય તેટલા પ્રયત્ન કર્યા તો પણ એને ગુલાંટ મારતાં આવડ્યું નહીં, એની ડોક આડી આવતી હતી, ને એના શિક્ષકે તો માથું ધુણાવ્યું, ઓહ જિરાફ, તું તે કેવી જડભરત છે, આમ ને આમ તો તારો રિપોર્ટ કેટલો ખરાબ આવશે ને પછી તારા માબાપ શું કહેશે, ને જિરાફ તો એટલું રડી, એટલું રડી કે એની પાસેથી જે કોઈ પસાર થયું એ સહુને એમ જ લાગ્યું કે વરસાદ પડવા માંડ્યો છે. ને જ્યારે સ્કૂલનું વર્ષ પૂરું થવા આવ્યું ને સહુને રિપોર્ટ વહેંચાઈ ગયા ત્યારે જિરાફને વ્યાયામના વિષયમાં ખરેખર ખરાબમાં ખરાબ માર્ક મળ્યા ને એ તો પહેલાં કરતાંયે વધુ પોશપોશ આંસુએ રડવા માંડી, ને એ જ્યારે ઘરે પહોંચી ત્યારે એનાં મા ને બાપે પૂછ્યું કે શું થયું, ને જિરાફે તો સાચેસાચું કહી દીધું કે વ્યાયામના વિષયમાં ખરાબમાં ખરાબ માર્ક મળ્યા છે, ને એનાં મા ને બાપ તો કાંઈ બોલ્યાં જ નહીં પણ બાજુના ઓરડામાં ચાલી ગયાં ને કંઈ કેટલીયે વાર મસલત કરીને પાછાં આવ્યાં ત્યારે પોતાના જૂના સ્કૂલરિપોર્ટ પણ સાથે લઈ આવ્યાં, ને એમની દીકરીએ એમાં નજર કરી ત્યારે એને ખબર પડી કે એ બંનેને પણ વ્યાયામના વિષયમાં તો ખરાબમાં ખરાબ માર્ક મળ્યા હતા.

૨. ઝીબ્રા

ઝીબ્રા વિરલ પ્રાણી છે. સાચું કહું તો ઝીબ્રા વરસોવરસ વિરલ ને વિરલ થતાં જાય છે, ને એ આટલા વિરલ હોય ને આખોય વખત વિરલ ને વિરલ થતા જાય તો એમાં જરાય નવાઈ નથી, ઝીબ્રા બીજા કોઈ પણ તપખીરિયા કે કાળા ઘોડાની જેવા ઘોડા થતા જાય છે, ઝીબ્રા આખોય વખત વિરલ ને વિરલ થતા જાય છે, ને એ સાવ સ્વાભાવિક છે કારણ કે પટાદાર જર્સી તો મફતેય મળતાં નથી કે પૈસા દેતાંય મળતાં નથી, એક ઘરડી ઝીબ્રા પોતાની દીકરીઓને લઈને એક દુકાનમાં જાય છે ને દુકાનદારના માણસને કહેવા માંડે છે, મારે મારી આ દીકરીઓ માટે બે જર્સી લેવાં છે, પણ દુકાનદારનો માણસ કહે છે, માફ કરજો બાઈસાહેબ, પણ અમારે ત્યાં તો પટાદાર જર્સી સાવ ખલાસ થઈ ગયાં છે, તમે એકાદ બે અઠવાડિયાં પછી આવીને તપાસ કરજો ને, અમારે ત્યાં કદાચ નવો માલ આવી ગયો હશે. પરંતુ નવો માલ તો આવતો જ નથી, આખોય વખત આ રીતે કાંઈ દુકાને દુકાને ઓછું ભટકવા જવાય છે, ને ઝીબ્રા તો મોટા ને મોટા થતા જાય છે, તમે જ કહો કાંઈ પણ પહેર્યા વિના એમનાથી કાંઈ બહાર ઓછું જઈ આવી શકાય છે, ને એટલે અંતે બધા જ તપખીરિયા કે કાળા ઘોડા પહેરે છે એવું ચાલુ ઢબનું લાંબી બાંયવાળું તપખીરિયું કે કાળું જર્સી વેચાતું લઈ લે છે, હવે કહો, ઝીબ્રા આટલું વિરલ પ્રાણી થતું જાય છે એમાં તમને કોઈ નવાઈ લાગે છે ખરી ?

૩. શેળો

શિયાળાની સાંજ લાંબી ને સુસ્ત હોય છે, શિયાળામાં કોઈ પણ જાતનો વિનોદ ગમે છે. આમેય આખોય વખત કાંઈ ઊંઘી ઓછું જવાય છે, પણ શિયાળામાં બિચારો શેળો બીજું શું કરે, શેળાઓનું કુટુંબ બીજું શું કરે, એટલે એ બધા તો બસ છત સામે આંખ માંડીને પડ્યા રહે છે, બોલવાનું એમને કંઈ સૂઝતું નથી, શિયાળો એવો તો લાંબોલસ હોય છે, સાચેસાચ પાગલ બનાવી દે છે, આખોય વખત એમનાથી કાંઈ ઊંઘની ગોળી ઓછી લીધા કરાય છે, ને એટલે શેળાઓ ગ્રામોફોન તેમ જ ઉનાળાના જેવા કે દેડકાંનું ડ્રાંઉ ડ્રાંઉ કે એના જેવા જ બીજા કોઈક અવાજની રેકોર્ડ વેચાતી લેવાનું નક્કી કરે છે. ને આ ગ્રામોફોન વેચાતું લેવા માટે પૈસા બચાવવાનું શરૂ કરે છે, એમ ને એમ વસંત પછી ગ્રીષ્મ એમ કરતાં કરતાં છેક શરદઋતુ સુધી પૈસા બચાવે છે, ને પછી દુકાને જઈને કોઈકનું વપરાયેલું ગ્રામોફોન વેચાતું લે છે ને એની સાથે ઉનાળાના અવાજની, દાખલા તરીકે દેડકાના ડ્રાંઉ ડ્રાંઉ જેવા અવાજની રેકોર્ડ વેચાતી લે છે, પણ હવે એ જેવા એના પૈસા ચૂકવવા જાય છે તેવી જ એમને ખબર પડે છે કે એમની પાસે પીન લેવાના પૈસા તો બચતા જ નથી, ને આ તો

આઘાત જ કહેવાય ને કારણ કે પીન વિના ગ્રામોફોન ને રેકોર્ડ શા કામનાં, શેળાઓ તો સૂનમૂન થઈ જાય છે, હતાશ થઈને ઘર તરફ પાછા વળે છે, કહે છે, તો હવે આપણી પાસે ગ્રામોફોન આવી ગયું પણ પીન માટે બીજું એક વરસ હજી આપણે પૈસા બચાવવા પડશે, પણ એ બધા જ્યારે ઘરે આવી પહોંચે છે ત્યારે નાનામાં નાનો શેળો હરખમાં આવીને ઓરડામાં ઠેકડા મારવા માંડે છે, બીજા બધા શેળાઓને થાય છે, આ તો પાગલ થઈ ગયો છે, પણ નાનામાં નાનો શેળો બોલી ઊઠે છે, આપણે તે વળી પીનની શી જરૂર છે, આપણે તો શેળા છીએ, નથી શું, આપણી પાસે તો પચાસ પચાસ વરસ સુધી ચાલે એટલી પીનો છે, ને શેળાઓ એકબીજાની સામે જોઈ રહે છે ને હસવા માંડે છે ને ગ્રામોફોન વાગવા માંડે છે ને આખોય શિયાળો, ત્યાંથી માંડી છેક વસંત ઋતુ સુધી વાગ્યા જ કરે છે.

૪. ઊંટ

ઊંટનું જીવન કાંઈ એટલું બધું આનંદમાં નથી વીતતું, એનું જીવન આનંદમાં વીતે છે એવું તો તમે માનતા જ નહીં, એને તો કેળાં ને સંતરાં ને બીજી બધી વસ્તુઓથી ભરેલાં કંઈ જાતજાતનાં ખોખાં ને પેટીપટારા ઊંચકવા પડે છે, વહેલી સવારથી તે છેક રાત સુધી ઊંચકવા પડે છે. ને એનું કામ જ્યારે ખતમ થાય છે ત્યારે એ દુકાને જાય છે ને પોતાને માટે થોડી ચિંગમ વેચાતી લે છે ને ચાવવા માંડે છે, કેમ શા માટે ન ચાવે. એને બસ આ એક જ આનંદ રહ્યો છે ને એને ઝાઝી કિંમત પણ ચૂકવવી પડતી નથી, પણ બધાં જ ઊંટ કાંઈ એક સરખા નથી હોતાં. ને એક શુભ દિવસે એક ઊંટ નક્કી કરે છે, મારે ચિંગમમાં પૈસા નથી વેડફી દેવા પણ એને બદલે પૈસા બચાવવા છે ને પરદેશમાં રજા માણવા જવું છે, આખોય દિવસ એ જે ખોખાં ને પેટીપટારા ઊંચકતું હતું એના પર લખેલા અજાણ્યા શહેરનાં અજાણ્યાં નામ વાંચ્યા કરે છે, ને પછી વિચાર કરે છે, ત્યાં બધા કઈ રીતે જીવે છે એ મારે જાતે જઈને શા માટે ન જોવું, અહીંયાનું જીવન તો એકદમ નીરસ છે, બસ જ્યાં જુઓ ત્યાં ચિંગમ ખાતાં ઊંટ જ જોવા મળે છે, બીજુ કંઈ જ જોવા મળતું નથી, ને આ ઊંટ સ્ટેશને જઈને ટ્રેનની ટિકિટ લે છે ને કેમેરા વેચાતો લે છે ને મુસાફરીએ ઊપડે છે. પણ પરદેશમાં એ જે કાંઈ જુએ છે એનાથી એને ખાસ કોઈ જ રોમાંચ થતો નથી, જરા કલ્પના કરો, પરદેશમાં એ કોઈક વિશાળ રેસ્તોરાંમાં દાખલ થાય છે, ને ત્યાં શું જુએ છે, ત્યાં જે કોઈ બેઠા છે એ બધા જ બસ ચિંગમ ખાવામાં જ મશગુલ છે, ને ઊંટ સ્વાભાવિક રીતે જ બેચેન બની જાય છે ને મનોમન કહે છે, અરે, હું તે કેવું ઊંટ છું, મેં શું આ માટે પૈસા બચાવ્યા હતા, આ માટે શું મેં મારા એકના એક આનંદનો ભોગ આપ્યો હતો, ને એ તો બને તેટલી ઝડપે ઘરે પાછું જાય છે, ને જ્યારે ઘરે આવી પહોંચે છે ત્યારે એ પણ બીજાં બધાં ઊંટની જેમ જ ચિંગમ વેચાતી લે છે.

૫. રેશમનો કીડો

રેશમનો કીડો રેશમી સ્કાર્ફ ને બ્લાઉઝ, ઈવનિંગ ગાઉન ને એવી એવી કંઈ ભાતભાતની સુંદર વસ્તુઓ બનાવે છે, રેશમના કીડાએ પોતાના જમાનામાં વેશભૂષાના સર્વશ્રેષ્ઠ કલાકાર માટે અનેક અનેક વસ્તુઓ, ખૂબ ખૂબ કિંમતી વસ્તુઓ બનાવી છે, ને એક વાર ક્રિસ્તિયોં દ્યોરને ત્યાં ફેશન શો યોજ્યો છે. એમાં આમંત્રિત મહેમાનોને જ પ્રવેશનો અધિકાર છે, ખૂણેખૂણેથી ફેશનના ફિરસ્તાઓ મોટરોમાં બેસીને આવી રહ્યાં છે. ને રેશમનો કીડો ત્યાંથી પસાર થાય છે ને વિચાર કરે છે, આ તો જોવા જેવું લાગે છે, ને એને અંદર જવાનું મન થાય છે, પગથિયાં ચડીને ઉપર જાય છે પણ ત્યાં મથાળે તો યુનિફોર્મમાં સજ્જ, દ્વારપાળ ઊભો છે, એ એને પૂછે છે, સાહેબ, આપની પાસે ઇન્વિટેશન છે ?

રેશમના કીડા પાસે ઇન્વિટેશન નહોતું, એને વળી એ ક્યાંથી મળે, આટલી બધી સુંદર રેશમી વસ્તુ વણવામાં એ એટલો બધો ગુંથાઈ ગયો હોય છે કે ઇન્વિટેશનની ચિંતા કરવા જેટલી એને ફુરસદેય નથી હોતી. ને એટલે એ તો પગથિયાં ઊતરી જાય છે ને પાછો રસ્તા પર આવે છે, મોટા ચોકમાં નિરુદ્દેશ આમતેમ લટાર મારે છે ને પછી ઘરે જાય છે ને ઊંઘી જાય છે, સવારે આટલું બધું કામ કરવાનું પડ્યું હોય એટલે એ બીજું કરે પણ શું ?

૬. શાહમૃગ

શાહમૃગને ખૂબ લાંબા પગ હોય છે ને જ્યારે એના પર આફત આવી પડે છે ત્યારે એ પીઠ ફેરવીને બસ દોડવા જ માંડે છે, એ ખરેખર ઝડપથી, ખૂબ જ ઝડપથી દોડવા માંડે છે, પણ કેટલીક વાર દુર્દૈવના પગ શાહમૃગના પગ કરતાંયે વધુ લાંબા હોય છે. દુર્દૈવ કંઈ કેટલીયે જાતનાં હોય છે, કેટલાંકના પગ ટૂંકા, ગંઠાયેલા હોય છે તો કેટલાંકના પગ લાંબા ને પાતળા હોય છે ને એના પંજામાંથી ભાગી છૂટવાની આશા તો શાહમૃગ પણ સેવી શકતું નથી.

દુર્દૈવના હાથમાંથી ભાગી છૂટવાનું નહીં બની શકે એવું શાહમૃગને ભાન થાય છે ત્યારે એ ઝડપથી ચારેકોર નજર ફેરવી લે છે, રેતીનો ઢગ શોધી કાઢે છે, એ તરફ દોડી જાય છે ને એમાં પોતાનું માથું ખોસી દે છે. પણ જગતમાં તો રેતીનો પાર નથી, જગતમાં તો રેતીના જેટલી રેતી છે, ને એને લીધે ઘણી વાર ખૂબ માઠાં પરિણામ આવે છે કારણ કે રેતીના કયા ઢગલામાં પોતે માથું ખોસી દીધું હતું એ શાહમૃગને હંમેશાં યાદ આવતું નથી. આવા શાહમૃગને ઓળખી કાઢવાનું સાવ સહેલું છે, કારણ કે એ તો માથાવિહોણું આમ તેમ ભટકતું હોય છે, નથી ખાઈ શકતું ને નથી ઊંઘી શકતું. રેતીનો ઢગ જુએ

છે ને લાત મારીને તોડીફોડી નાખે છે, પણ એથી કાંઈ જ લાભ થતો નથી કારણ કે એ વખતે એ પોતાના ભેજાનો ઉપયોગ નથી કરતું.

ને આ આખો ય વખત એનું માથું રેતીના ઢગલામાં પડ્યું પડ્યું મનોમન મલકાયા કરે છે, ને મલકાતાં વિચાર કરે છે, અચ્છા, અચ્છા, અંતે હું દુર્દૈવના પંજામાંથી ભાગી છૂટ્યું, મેં એને ખરેખર હરાવી દીધું, હું કેવું બુદ્ધિશાળી માથું છું, ખરેખર કેટલું ડાહ્યું માથું છું. પરંતુ એને જરાય ખબર નથી પડતી કે બહાર તારાભર્યા આકાશના ચંદરવા હેઠળ શું શું બની રહ્યું છે, એને જરાય શંકા પણ નથી પડતી કે એનું શાહમૃગ, દુર્દૈવના હાથમાંથી ભાગી છૂટવામાં નિષ્ફળ નીવડેલું, એનું કમભાગી શાહમૃગ ગામમાં આમતેમ ભટક્યા કરે છે.

૭. કાચંડો

નિશાળમાં બાળકો બિલાડી અને ઈયળ ને સૂકું પાન, સફેદ કોબિજ, જામફળ ને ગોકળગાય દોરતાં શીખે છે, પણ કોણ જાણે કેમ એમને કાચંડો દોરતાં શીખવવાનું કોઈને સૂઝતું જ નથી. એના કારણનું મૂળ આ માન્યતામાં રહ્યું છે કે કાચંડો દોરવાનું અતિશય અઘરું છે. આનાથી વધારે સત્યથી વેગળી વાત બીજી એકેય નથી, બીજા કોઈ પણ પ્રાણી કરતાં કાચંડો દોરવામાં સહેલામાં સહેલો છે. એને માટે કઈ ક્રેયોન વાપરવી એની તમારે ચિંતા કરવી જ પડતી નથી, તમે ભલે ને ગમે તે ક્રેયોન પસંદ કરો એ સાચી જ પડવાની.

ને ખુદ કાચંડો આવે ને ફરિયાદ કરે : આ શું માંડ્યું છે, હું પીળા રંગનો છું છતાં મને આસમાની રંગનો કેમ દોર્યો છે, તો તમારે આટલું જ કહી દેવાનું : પણ ભાઈ, આ તો તારો ગઈ કાલનો પોર્ટ્રેટ છે, આ વાત તો તમે એકદમ નીડરતાથી કહી શકો, એમાં જરાય જોખમ નથી, ગઈ કાલે પોતે કેવો દેખાતો હતો એ કાચંડો કેમેય યાદ જ નહીં કરી શકે, ને એટલે એ વાત બદલવાનો પ્રયત્ન કરશે.

જરાક ખંત રાખીએ તો કાચંડાનો હવે પછીનો પોર્ટ્રેટ આપણે અત્યારથી જ દોરી શકીએ. ચાલો આપણે પહેલેથી જ કલ્પના કરી લઈએ: ધારો કે કાચંડો ચોકડીદાર ટેબલક્લોથ પર બેસવાનું પસંદ કરે તો ? તો ચાલો આપણે ચોકડીદાર કાંચડો દોરી લઈએ, એમાં આપણે બેશક નહીં જ હારી જઈએ.

તેમ છતાં એમાં આપણે બેશક લાભ પણ નહીં પામીએ. કાચંડાને પોતાના પોર્ટ્રેટ વેચાતા લેવાની આદત હોતી જ નથી. જુઓ ને, ખરેખર અચરજ પામવા જેવું કાંઈ નથી. પોતાને એ ઓળખી જ શકતા નથી. ને બીજી પણ એક અણગમતી વાત છે. બે કાચંડા જો સામસામા મળી જાય તો પણ એકબીજાને ક્યારેય નમસ્તે કરતા નથી. બંનેય એકબીજાને જોતા જ નથી. ને કોઈક ઠેકાણે કાચંડાનું આખું એક ટોળું ભેગું થઈ જાય તો પણ એવું લાગે છે કે જાણે એ બધા ત્યાં છે જ નહીં. આને લીધે જ કાચંડો વિરલ પ્રાણી કહેવાય

છે. બાકી એ પણ બીજા કોઈ પણ પ્રાણી જેવું પ્રાણી છે ને અભ્યાસક્રમમાં ગોકળગાય, બિલાડી ને ઈયળની જોડાજોડ એનો પણ સમાવેશ થાય છે. મજાની વાત તો એ છે કે બધા જ નારંગી, લીલા ને ગુલાબી રંગના સુંદર કાચંડાઓ મરી જાય છે ત્યારે એક સરખા દેખાય છે. અથાણા માટે એમને સ્પિરિટમાં બોળી રાખવામાં આવે છે ત્યારે એ બધા જ એકસરખા અનાકર્ષક ભૂખરા રંગના લાગે છે.

૮. વ્હેલ

વ્હેલ મહાકાય માછલીઓમાંયે મહાકાય માછલી છે, ને નાની માછલીઓમાં જે કાંઈ આપણા ધ્યાનમાં ક્યારેય આવે નહીં એવું કંઈ કેટલુંયે નજરોનજર દેખાડવા માટે એનો અસરકારક ઉપયોગ કરી શકાય છે, ને એટલે જ માછલીઓની સ્કૂલના હેડમાસ્તર વ્હેલને પૂછે છે ને એનાં જઠર ને કાળજું દેખાડવામાં કેવાં છે એ વિદ્યાર્થીઓ નજરે જોઈને ખાતરી કરી લે એ માટે એમને પર્યટને આવવા દેવાની રજા માગે છે, વ્હેલને એનો જરાય વાંધો નથી,એને મન કાંઈ શિક્ષણની કિંમત જરાય ઓછી નથી, ને નાની માછલીઓ તો એકદમ ઉત્સાહમાં આવી જઈ ઘરે જઈને એ બધી પોતાના માબાપને કહે છે. તમને ખબર છે. અમે તો કાલે વ્હેલના જઠરને પર્યટને જવાનાં છીએ, ને એમની બા એમને શિખામણ આપે છે કે જોજો, ડાહ્યા થઈને રહેજો, તમારાં બહેન તમારી સાથે જ આવવાનાં છે ને, નહીં તો એમને કેવું લાગશે, ને પછી તો સવારે આખીયે સ્કૂલ વ્હેલના મોઢાની બહાર ભેગી થાય છે, બરાબર આઠને ટકોરે વ્હેલ મોઢું ઉઘાડે છે. ને બહેન નાની માછલીઓને કહે છે, આ આપણા માથાની બરાબર ઉપર છે ને, તે તાળવું છે, જુઓ એનો લાલ રંગ કેટલો સરસ છે. ને હવે ચાલો આપણે આગળ જઈએ, આ ગળું છે ને આ અન્નનળી અરે અરે, કહ્યું ને કે તમારે ક્યાંય હાથ લગાડવાનો નથી, વિશાળ અવકાશમાં એના અવાજના પડછંદા ગાજે છે, ને નાની માછલીઓ જિજ્ઞાસાથી ચારેકોર નજર ફેરવે છે, જઠરમાં આવી પહોચે છે ત્યારે અંદરોઅંદર ગુસપુસ કરે છે, અરે જો મારા બાપુજી ને મારા દાદા, ને મારા કાકાનો મોર્ટિમર એ બધાનો અહીંયાં અંત આવ્યો હતો, ને એ સહુ એકીટશે જોતાં જોતાં વિચાર કરે છે, મોટા થઈશું ત્યારે એક દિવસ કદાચ આપણો અંત પણ અહીંયાં જ આવશે, પણ હજી તો એને ખૂબ ખૂબ વાર છે, એ પહેલાં તો આપણે હજી ઘણું ઘણું શીખવાનું બાકી છે.

૯. કાચબી

જિરાફને કાન છે, બિલાડીને કાન છે, અને કાંગારુનેય કાન છે, બસ એક કાચબીને જ

કાન નથી, ને એને જરૂર કાન હોત. એ પણ બીજા કોઈ પણ પ્રાણી જેવું પ્રાણી દેખાતી હોત, પણ બધો વાંક એનો પોતાનો જ છે, કોઈ ગાય એ સાંભળવાનું એને ગમતું નહોતું, જોયું ને, તમે સંગીતના કટ્ટા દુશ્મન હો તો આવા હાલ થાય છે.

કાચબી એક પંખીની સાથે જ ઓરડામાં રહેતી હતી, ને પંખી બીજા કોઈ પણ પંખીની જેમ વસંતનું આગમન થતાં જ ગાવાનું શરૂ કરતું, વહેલી સવારથી તે છેક મોડી સાંજ સુધી ગાયા કરતું, પણ કાચબીને તો મોડે સુધી સૂતા રહેવાનું ગમતું. એને તો પાર વિનાની, એ પૂરાં એકસો કે એથીયે વધારે વર્ષોથી ફુરસદ હતી, એને તો કોઈ કહેતાં કોઈ જ વાતની ઉતાવળ નહોતી, એને કોઈ કહેતાં કોઈ જ કામ કરવા જેવું લાગતું નહોતું, અત્યાર સુધીમાં તો તેણે પાર વિનાનું જીવન જીવી લીધું હતું ને પંખીને જોતાં વેંત તેને કાળ ચડતો હતો. પહેલાં તો કાચબીને થયું, અરે, એમાં શું, થોડાં વર્ષ તો સહેલાઈથી સહન કરી લઈશ, પંખી કાંઈ અનંતકાળ સુધી ઓછું ગાવાનું છે, આવતી સદીમાં તો પછી સરસ મજાની નીરવતા છવાઈ જશે, સારું છે કે હું કાચબી જન્મી છું, પણ આમ સત્તર વર્ષ વીત્યાં પછી એની સહિષ્ણુતાની હદ આવી ગઈ ને એણે પંખીખાઉ બિલાડીને ડિનરનું નિમંત્રણ આપ્યું.

બિલાડી આવી, ભૂખેભૂખી, છતાં એનું વર્તન પૂરેપૂરું કોઈ પણ કુલીન નારીને છાજે એવું રહ્યું, બોલી, વાહ, તમારો રૂમ તો કેટલો સરસ છે ને અરે આ બારી, આખોય વખત અહીંયાં બેસીને, સામેનાં આ બધાં છાપરાં જોયા કરવાની તો તમને ખૂબ લહેર પડતી હશે, ને પંખીએ તો બીજા કોઈ પણ પંખીની જેમ જ વસંતનું આગમન થતાં જ સત્તરમી વાર ગાવાનું શરૂ કર્યું, લે એ શા માટે ન ગાય, એને ત્યાં ક્યાં કોઈ મહેમાન આવ્યાં હતાં, ને બિલાડી સાથે વાતચીતમાં કાચબીએ આડકતરી રીતે કહી પણ દીધું કે તમને ભાવતું હોય તો સ્વાદિષ્ઠ પંખીનું ડિનર તૈયાર કરાવું. પણ કમાલ છે, બિલાડીએ તો જરાય ઉમળકો ન દાખવ્યો, ઊલટાની કહેવા લાગી, અરે આજ સુધીમાં તો મેં કંઈ કેટલાંયે પંખી ઝાપટ્યાં છે, ને એ બધાં જ ગાતાં હતાં, એ બધાં અત્યારે મારા પેટમાં ગાઈ રહ્યાં છે. જુઓ સાંભળો, ને કાચબી તો સંતાપની મારી રૂં રૂં થઈ ગઈ, અરે આટલું બધું ગાય છે ને એણે તો નીરવ સંધ્યાની ઝંખના સેવી હતી, ને એટલે એણે બિલાડીની ક્ષમા માગી, માફ કર ને, મારે ડિનરનાં કપડાં પહેરવાનો વખત થઈ ગયો છે, હું અંદર જઈને કપડાં બદલાવી આવું. ને એણે તો સીધી બાથરૂમમાં દોટ મૂકી ને એકદમ પોતાના બંને કાન કાપી નાખ્યા. હાશ, હવે કાચબી આનંદમાં આવી ગઈ, હવે નીરવતા સિવાય કાંઈ જ સાંભળવાનું નહીં, ને કાન તો વોશ-બેઝિનમાં પડ્યા હતા, બિલાડી બરાબર એ જ લાગની હતી, ને બિલાડીને તો જરાય ખોટું લાગ્યું નહીં, એણે કાચબીના કાન છેલ્લા ક્યારે ખાધા હતા એ એને કેમેય યાદ આવ્યું જ નહીં, પંખીએ ગાયું, બિલાડીએ કાચબીના કાન ખાધા, ને ખાવાનું પૂરું થયું ત્યારે એ બોલી, વાહ, આજનું ડિનર તો કાંઈ અદ્ભુત હતું, થેન્ક યુ એવર સો મચ, બાય બાય, ને જવાબમાં કાચબી તો કાંઈ બોલી જ નહીં કારણ કે એણે કાંઈ સાંભળ્યું જ નહોતું, ને બિલાડીને થયું, આ કાચબી તો બાઈ, સાવ

રીતભાત વિનાની જ છે, સાચું પૂછું, આ પંખીને આની સાથે એક ને એક રૂમમાં રહેતાં કેવી રીતે ફાવ્યું હશે ?

૧૦. ટર્કી

ટર્કી જેવું આળું બીજું કોઈ પ્રાણી નથી, એનાં જ્ઞાનતંતુઓની રચનામાં જ કાંઈક ગરબડ છે, ને જ્યારે જ્યારે એ કાંઈ રાતા રંગનું જુએ છે ત્યારે ત્યારે એને શૂર ચડે છે, જગતમાં તો કંઈ કેટલીયે વસ્તુ રાતા રંગની હોય છે, છાપરાં રાતાં રંગનાં હોય છે, બસ રાતા રંગની હોય છે ને ગુલાબ રાતા રંગનાં હોય છે, જગતમાં તો રાતા રંગની અનેક વસ્તુઓ હોય છે ને સાચું પૂછો તો રાતા રંગની વસ્તુઓ હંમેશાં ઊભરાયા જ કરતી હોય છે. એટલે ટર્કી તો સતત પોતાના સાયકિએટ્રિસ્ટની સલાહ લીધા કરે છે. એને એ કહે છે, જુઓ, તમારે હંમેશાં એનો ને એનો જ વિચાર કરવાનું માંડી વાળવું જોઈએ; તમારે ચારેકોર આટલું બધું જોયા ન કરવું જોઈએ, એને બદલે વાંચવામાં મન પરોવો, સંગીત સાંભળો ને સાંજે ફરવા જાઓ, પણ ટર્કી તો હંમેશા ટર્કી જ રહેવાનું. નજેવી વાતમાં એ એકદમ બેચેન બની જાય છે. એક વાર એને ઇન્દ્રગોપનો ભેટો થઈ જાય છે ને બળતામાં ભયંકર ઘી હોમાઈ જાય છે, ટર્કીને પગથી માથા સુધી ઝાળ લાગે છે ને એ રાડો પાડવા માંડે છે, હવે તો ખરેખર હદ આવી ગઈ, એ દોડીને કેમિસ્ટને ત્યાં જાય છે ને થોડો સફેદ રંગ વેચાતો લેવામાં એ પોતાની તમામ બચત હોમી દે છે ને એકએક પેટ્રોલ પંપને, ટપાલપેટીને, એકેએક ગાજર ને ટમેટાને સફેદ રંગ ચોપડી દે છે. આખાયે ગામને સફેદ રંગ ચોપડી દે છે, પણ મજાક તો એ થાય છે કે સહુને થાય છે નાતાલના દિવસો આવી ગયા, ને નાતાલમાં ટર્કી માટે ખૂબ જ પડાપડી થાય છે, ને એને ખબરેય પડતી નથી કે શા માટે ?

અનુ. જયંત પારેખ

અદલાબદલી

પાર લેજરવિસ્ક

બે રાષ્ટ્રો વચ્ચે ખૂબ મોટી લડાઈ થઈ હતી. અને બન્ને રાષ્ટ્રો એ વિશે ખૂબ ગર્વથી વાતો કરતાં. અને હજી પણ લાગણીઓ એટલી તંગ રહેતી હતી કે એની સરખામણીમાં નાનાં સામાન્ય માણસોની તો કંઈ વિસાત જ નહોતી. લડાઈમાં જે લોકો બચી ગયા હતા. તેઓ ખૂબ ઝનૂનથી આ વાત કરતા. સરહદની બન્ને બાજુએ જ્યાં લડાઈના મોરચા સામસામા મંડાયા હતા, અને સૈનિકોએ સામસામે આવી, એકબીજાની ભયંકર રીતે કતલ કરી હતી, ત્યાં આવી રીતે લડાઈમાં ખપી જનાર અને દેશને માટે ભોગ આપનાર સૈનિકોનાં સ્મારકો રચવામાં આવ્યાં હતાં. આ સૈનિકો આજે શાંતિથી ધરતીમાં પોઢી ગયા હતા. રાષ્ટ્રોએ આ સ્થાનને યાત્રાનું ધામ બનાવી દીધું હતું. દેશના લોકો સમક્ષ, દેશને માટે પ્રાણ પાથરનાર વીરોને – જેમનાં હાડકાં આ ધરતીમાં શાંતિથી પોઢી ગયાં હતાં તેમને – માનભરી અંજલિઓ આપવામાં આવી હતી.

તે પછી, રણમેદાન પર રાતે કશુંક થતું હોય છે, એવી એક અફવા બન્ને દેશોમાં ફેલાઈ ગઈ. જાણે કોઈ ભૂતાવળ જાગી ઊઠી હતી ! મૃત્યુ પામેલાઓ એમની કબરોમાંથી ઊભા થઈ, સામા પક્ષની સરહદો ઓળંગી જતા અને જાણે એકબીજાને શોધી કાઢી, કંઈક સમાધાન કરી લેતા ન હોય !

આ સાંભળીને દરેકના મનમાં ઊંડી ક્રોધની લાગણી જાગી ઊઠી. દેશને ખાતર જીવન અર્પણ કરનાર વીર પુરુષો, જેમને આખુંય રાષ્ટ્ર સન્માનતું હતું, તેઓ પોતાના દુશ્મનને શોધી કાઢી, એની સાથે સમાધાન કરી લેતા હતા ! કેટલું ભયંકર !

બન્ને રાષ્ટ્રોએ આ હકીકતની તપાસ કરવા પંચ નીમ્યાં. રણમેદાન પર બેચાર ઠૂંઠાં ઝાડ હજી દેખાતાં હતાં, તેની પાછળ પંચના સભ્યો મધરાતની રાહ જોતાં બેઠાં.

ભયંકર ! વાત એકદમ સાચી હતી ! ધરતીમાંથી બિહામણા આકાર ઊભા થઈ સામી સરહદ તરફ જવા લાગ્યા અને પોતાની સાથે તેઓ કંઈક લઈ જતા હોય એમ લાગ્યું. પંચ એકદમ તેમની પાસે દોડી ગયું અને ગુસ્સામાં સવાલ કર્યો :

'આ શું, તમે તમારા દેશને માટે ભોગ આપ્યો, અમે બધાં તમને આટલું બધું માન આપીએ છીએ, તમારી પૂજા કરવા અને તમારી યાદ તાજી રાખવા અમે તમારી યાત્રાએ આવીએ છીએ, જ્યાં તમે પોઢી ગયા છો, તે સ્થાનને અમે પવિત્ર ગણીએ છીએ અને તમે દુશ્મનની સાથે સમાધાન કરો છો ! ભ્રાતૃભાવ બતાવો છો ! આપણા દુશ્મનની સાથે જ સુલેહ કરો છો !'

યુદ્ધવીરો આ પંચ તરફ આશ્ચર્યથી જોઈ રહ્યા.

'નહીં, નહીં. અમે હજીય એકબીજાને એટલા જ ધિક્કારીએ છીએ. પણ અહીં એટલો બધો ભયંકર ગોટાળો કરી દેવામાં આવ્યો છે કે હવે અમે અમારાં હાડકાંની અદલાબદલી કરીએ છીએ.'

અનુ. હંસરાજ શાહ

મૂગો બોન્ત્શા
આઇ. એલ. પેરેત્સ

અહીં પૃથ્વી પર તો મૂગા બોન્ત્શાના મૃત્યુનો કશો પ્રભાવ પડ્યો નહોતો. તમે કોઈને પણ પૂછજો ને : બોન્ત્શા હતો કોણ ? એ શી રીતે જીવ્યો અને કેવી રીતે મર્યો ? એની શકિત ધીમે ધીમે ઓસરી ગઈ, એનું હૃદય ધીમે ધીમે મન્દ પડી ગયું કે પછી એના પરના ભારના કારણે એનાં હાડકાંની મજ્જા સુધ્ધાં ઓગળી ગઈ હતી ? કોને ખબર છે ? કદાચ કશું ન ખાવાને કારણે – ભૂખમરાને કારણે – એ મરી ગયો હોય.

શેરીમાંથી ગાડું ખેંચતો કોઈ ઘોડો જો પડી જાય તો ચારે બાજુથી દોડી આવીને લોકો એને જોવા ટોળે વળે, છાપાંવાળા એ અદ્ભુત બનાવ વિશે લખે, ઘોડો પડી ગયો હતો તે સ્થળે એક સ્મારક ઊભું થાય. પણ માનવ જેવી અસંખ્ય પ્રાણીઓવાળી જાતિમાં જો ઘોડો જન્મ્યો હોત તો એને આવું માન નહીં મળ્યું હોત. આખરે ઘોડા છે કેટલા ? પણ માનવીઓ – અસંખ્ય, ગણ્યા ગણાય નહિ એટલા !

બોન્ત્શા માણસ હતો; એ ગુપચુપ સાવ અજાણ્યો બનીને જીવ્યો અને ગુપચુપ મરી ગયો. આપણી આ દુનિયામાંથી એ પડછાયાની જેમ પસાર થઈ ગયો, બોન્ત્શા જન્મ્યો ત્યારે જ્યાફતો ઊડી નહોતી; જ્યારે એને દેવળમાં દીક્ષા આપી ત્યારે એ પ્રસંગ ઊજવવાને એણે લાંબું ભાષણ કર્યું નહોતું. વિશાળ સમુદ્રની કિનાર પરના એક રેતીના કણની જેમ એ જીવ્યો, એના જેવા જ બીજા અસંખ્ય રેતીના કણ સાથે એ જીવ્યો ને જ્યારે આખરે પવને એને ઊંચક્યો અને એ સમુદ્રને બીજે કાંઠે ફેંકાઈ ગયો ત્યારે એ કોઈની નજરે પણ ચડ્યો નહિ.

એના જીવનકાળ દરમ્યાન એનાં પગલાં શેરીની ધૂળ પર એની છાપ મૂકી ગયાં નહીં; એના મરણ પછી એની કબર આગળ નિશાની તરીકે મૂકેલા પાટિયાને પવને ફગાવી દીધું, ઘોરખોદુની વહુએ એ પાટિયું કબરથી દૂર પડેલું જોયું ને એણે એ ઉપાડી લીધું, પછીથી બટાકા બાફવા માટે એને વાપર્યું – એ તો એમ જ હોય ને ! બોન્ત્શા મરી ગયો પછીથી ત્રણ દિવસ બાદ તો એને ક્યાં દફનાવ્યો હતો તેની કોઈને ખબર સુધ્ધાં નહોતી.

એની કબર ખોદનાર પણ નહોતો જાણતો અને બીજું કોઈ પણ જાણતું નહોતું. જો એની કબર આગળ એનું નામ કોતરાવીને પથરો મૂક્યો હોત તો સો વરસ પછી પણ કોઈની નજરે એ ચઢે ને એનું નામ વાંચી શકે તો એ મૂગો બોન્ત્શા પૃથ્વીની સપાટી પરથી સાવ લુપ્ત ન થઈ જાય.

કોઈને એનો ચહેરોમહોરો યાદ નહોતો, કોઈના હૃદયમાં ઝાંખી સરખીય એની યાદ નહોતી. માત્ર એક છાયા, બીજું કશું જ નહીં, બસ બધાનો અન્ત આવી ગયો !

એ જીવ્યો એકલો અને મર્યોય એકલો. આ માનવીઓનાં નરક જેવાં જીવનને કારણે કોઈએ ભાર નીચે કચડાઈને ભાંગતાં બોન્ત્શાનાં હાડકાનો અવાજ સાંભળ્યો હોત, કોઈએ પોતાની આજુબાજુ નજર કરીને જોયું હોત કે બોન્ત્શા પણ બીજા માણસના જેવો જ માણસ છે. એનેય બે ભયભીત આંખો હતી અને મૂગું, ધ્રૂજતું મોઢું હતું. કોઈએ એ પણ નોંધ્યું હોત કે એની પીઠ પર કશું વજન નહોતું ને છતાંય એ તરફ માથું ઝુકાવીને ચાલતો હતો, કેમ જાણે એ જીવતો છતાં પોતાની કબરને શોધતો ન હોય !

બોન્ત્શાને હોસ્પિટલમાં લાવવામાં આવ્યો ત્યારે એના મરવાની દસ જણા રાહ જોતા હતા, જેથી એનો સાંકડો ખાટલો એમનામાંથી કોઈને મળે. જ્યારે એને હોસ્પિટલમાંથી શબઘરમાં લઈ ગયા ત્યારે બીજા વીસ એની જગ્યાએ સૂવાની રાહ જોતા હતા. એને શબઘરમાંથી બહાર લઈ જવામાં આવ્યો ત્યારે એની જગ્યાએ પોઢી જવા માટે ચાળીસ જણ રાહ જોતા હતા. એની પાસેથી થોડીક માટી ઝૂંટવી લેવા માટે અત્યારે કોણ જાણે કેટલાય રાહ જોતા હશે તેની કોને ખબર ! એ જન્મ્યો મૂગો મૂગો, જીવ્યો મૂગો મૂગો અને મર્યોય મૂગો મુગો.

પણ એ બીજી દુનિયામાં ગયો ત્યાં એવું નહિ બન્યું ! ના ! સ્વર્ગમાં તો બોન્ત્શાનું મૃત્યુ એક અભિભૂત કરી નાખે એવી ઘટના બની રહી. મસીહાના ભૂંગળે સાતે સાત સ્વર્ગમાં જાહેરાત કરી : મૂગો બોન્ત્શા મરણ પામ્યો છે, અત્યન્ત ઊંચી કોટિના દેવદૂતો એમની ભવ્ય પાંખો સાથે ઉતાવળમાં ઊડ્યા અને એકબીજાને ખબર આપ્યા ‘ખબર છે, કોણ મરી ગયું ? બોન્ત્શા !’

અને જુવાન, નાના નાના દેવદૂતો એમની ઉજ્જ્વળ આંખો, સોનેરી પાંખો અને રૂપેરી મોજડીઓ સાથે બોન્ત્શાનું અભિવાદન કરવાને આનન્દથી હસતા હસતા દોડ્યા. એમની પાંખોનો અવાજ, એમની રૂપેરી મોજડીઓનો અવાજ, અને એમના હાસ્યનો અવાજ સ્વર્ગને આનન્દથી ભરી દેવા લાગ્યો. ઇશ્વરને પોતાનેય ખબર પડી કે મૂગો બોન્ત્શા અહીં આવી પહોંચ્યો છે.

સ્વર્ગના મહાન સિંહદ્વાર આગળ આપણા પિતા અબ્રાહમે હાથ લંબાવીને એને આવકાર તથા આશીર્વાદ આપ્યા. એણે કહ્યું,‘શાન્તિ, શાન્તિ, ’એમના વૃદ્ધ મુખ પર ઊંડું મધુર સ્મિત ફરકી રહ્યું.

સ્વર્ગમાં ખરેખર આ બધું શું ચાલી રહ્યું હતું ?

સ્વર્ગમાં બે દેવદૂતો બોન્ત્શાને બેસવાને માટે એક સુવર્ણનું સિંહાસન લઈ આવ્યા અને માથે મૂકવાને માટે રત્નોથી ઝગમગતો સોનાનો મુગટ લઈ આવ્યા.

બે મહત્ત્વના સન્તોએ પૂછયું, 'અત્યારથી જ સિંહાસન અને મુગટ પણ લઈ આવ્યા ? હજુ તો સ્વર્ગના ન્યાયાલયમાં એનો ન્યાય ચુકવાયો નથી. બધાંને ત્યાં તો હાજર થવું જ પડે ને ?' એમના અવાજમાં અદેખાઈનો રણકો હતો.'પણ આ બધું અહીં શું ચાલી રહ્યું છે ?'

અને એ બે સન્તોને દેવદૂતોએ જવાબ વાળ્યો, 'હા, એ સાચું કે બોન્ત્શાનો ન્યાય હજુ ચૂકવાયો નથી પણ એ તો માત્ર એક વિધિ છે. એની સામેનો પક્ષ રજૂ કરનાર વકીલ તો કદાચ મોઢું પણ ખોલી નહિ શકે. અરે, એ બધું પૂરું થતાં પાંચ મિનિટ પણ નહિ લાગે.'

દેવદૂતોએ પૂછયું, 'આ તમને થયું છે શું ? તમે કોની વાત કરી રહ્યા છો તે જાણો છો ? આ તો મૂગા બોન્ત્શાની વાત છે.'

જ્યારે એ જુવાન ગીત ગાતા દેવદૂતો પ્રેમથી બોન્ત્શાને વીંટળાઈ વળ્યા, જ્યારે અબ્રાહમે એક બહુ જૂના મિત્ર લેખે એને ફરી ફરી આલિંગન કર્યું અને જ્યારે બોન્ત્શાએ સાંભળ્યું કે એને માટે સિંહાસન રાહ જોઈ રહ્યું છે, મુગટ રાહ જોઈ રહ્યો છે અને જ્યારે એ સ્વર્ગના ન્યાયાલયમાં ઊભો રહેશે ત્યારે કોઈ એની સામે એક શબ્દ સરખો બોલવાનું નથી. જ્યારે એણે આ બધું સાંભળ્યું ત્યારે બોન્ત્શા પૃથ્વી પર હતો તેવો મૂગો ને મૂગો જ રહ્યો. એ ભયથી મૂગો થઈ ગયો હતો. એનું હૃદય થરથર કમ્પતું હતું. એની શિરામાં થઈને જાણે હિમ વહી રહ્યું હતું. અને એ જાણતો હતો કે આ જરૂર સ્વપ્ન જ હશે અથવા કોઈની ભૂલ હશે.

એ સ્વપ્ન અને ભૂલ બન્નેથી ટેવાયેલો હતો. એ પૃથ્વી પર હતો ત્યારે કેટલીક વાર શેરીમાંથી ઉત્સાહપૂર્વક પાવડે પાવડે પૈસા ઉશેટવાનાં સ્વપ્ન નહોતાં આવતાં. જાણે બધો જ ખજાનો એના હાથ નીચે જ શેરીમાં પડ્યો હોય એવું એને દેખાતું – પછી એ જાગી ઊઠીને જોતો તો ભિખારીનો ભિખારી. સ્વપ્ન પહેલાં હતો તેનાથી પણ વધુ દુઃખિયારો.

પૃથ્વી પર હતો ત્યારે કેટલીય વાર એવું બનતું કે કોઈ એની સામે જોઈને હસે અને એક સારો શબ્દ કહે અને પછી થોડે ચાલ્યા પછી પાછું વળીને જોતાં, એને પોતાની ભૂલ સમજાય અને એ બોન્ત્શા તરફ જોઈને થૂંકે.

હવે એને વિચાર આવ્યો કે એય મારું નસીબ જ હશે ને ! એને નજર ઊંચી કરીને જોતાં બીક લાગતી, રખે ને સ્વપ્ન પૂરું થઈ જાય. રખે ને, એ જાગી જઈને એ પોતાને પૃથ્વી પર જોશે એવા એક ખાડામાં જ્યાં જુગુપ્સાજનક સાપો સળવળતા હોય. એ સહેજ સરખો અવાજ કરતાં પણ બીતો. આંખની પાંપણ સુધ્ધાં ફરકાવતો નહિ. એ ધ્રૂજ્યા કરતો અને દેવદૂતોના સ્વપ્નને પણ સાંભળી શકતો નહીં. એની આજુબાજુ આનન્દથી ચાલતા ભવ્ય સમારમ્ભમાં દેવદૂતોને નાચતા એ જોઈ શકતો નહિ. અબ્રાહમના પ્રેમપૂર્વકના અભિવાદનનો એ જવાબ આપી શકતો નહિ. અને જ્યારે એને આખરે સ્વર્ગમાંના મહાન

ન્યાયાલયમાં લઈ જવામાં આવ્યો ત્યારે એ 'શુભ પ્રભાત' જેવો શબ્દ પણ બોલી શક્યો નહિ. એ જાણે ભયથી જૂઠો પડી ગયો હતો.

અને જ્યારે એણે એની સંકોચાતી આંખે ન્યાયાલયની ફરસને જોઈ ત્યારે એનો ભય વધી ગયો. એ ફરસ સંગેમરમરની હતી અને એમાં ચમકતા હીરા જડેલા હતા. આવી ફરસ પર મારા પગ ! બોન્ત્શાને આશ્ચર્ય થયું. એ ભયથી વ્યાકુળ બની ઊઠ્યો. એને થયું કોને ખબર અહીં શ્રીમંત, વિદ્વાન, ધર્મગુરુ કે સન્ત પણ કદાચ ઊભા રહેવાના હશે ? એ શ્રીમંત આવશે કે મારી ભ્રાન્તિ ભાંગી જશે. એણે એની આંખ નીચી કરી નાખી અને પછી બંધ જ કરી દીધી.

આ ભયમાં ને ભયમાં દેવદૂતના શુદ્ધ રણકતા અવાજે એના નામની ઘોષણા થઈ એ પણ એણે સાંભળ્યું નહિ : બોન્ત્શા ! એના કાનમાં રણકી ઊઠ્યું તોય એમાંનો એકે શબ્દ એ પારખી શક્યો નહિ. એને માત્ર સંગીતની સૂરાવલિ જેવો કે વાયોલિન જેવો અવાજ સંભળ્યો.

આમ છતાં, કદાચ એણે આખરે પોતાનું નામ ઉચ્ચારાય છે એમ જાણ્યું. પછી એ અવાજે ઉમેર્યું, 'એને માટે તો એનું નામ તે ધનિકના કીમતી ઝભ્ભા જેવું.'

આ શું ? એ શું કહી રહ્યો છે ? બોન્ત્શાને વિસ્મય થયું. અને ત્યાં એણે એના પક્ષમાં બોલનાર દેવદૂતને વચ્ચેથી અટકાવીને બોલતા કોઈના અધીરા અવાજને સાંભળ્યો. ધનિક, ઝભ્ભો એ બધી આલંકારિક ભાષા રહેવા દો, મહેરબાની કરીને કટાક્ષ કરશો નહિ.

એનો બચાવ કરનાર દેવદૂતે બોલવાનું ચાલુ રાખ્યું. 'એણે કદી ફરિયાદ કરી નથી, ઈશ્વરની સામે નહિ, માણસની સામે નહિ, એની આંખો કદી તિરસ્કારથી રાતી થઈ નથી. એણે કદી સ્વર્ગ સામે વિરોધ ઉઠાવ્યો નથી.'

બોન્ત્શા તો આમાંનો એકેય શબ્દ સમજ્યો નહિ. સામા પક્ષના દેવદૂતનો કર્કશ અવાજ ફરી ગાજી ઊઠ્યો, 'મહેરબાની કરી બધો વાગાડમ્બર રહેવા દો.'

'એની યાતનાઓ અકથનીય હતી. જુઓ, આ માણસના પર જોબના પર વીત્યું છે તેથી વધારે વીત્યું છે.'

બોન્ત્શાને આશ્ચર્ય થયું : આ લોકો કોની વાત કરી રહ્યા છે ? કોણ હશે એ ?

'હકીકતો રજૂ કરો, હકીકતો. આ બધી આલંકારિક ભાષા રહેવા દો.' ન્યાયાધીશ બોલી ઊઠ્યા.

'એ આઠ દિવસનો હતો ત્યારે એની સુન્નત કરાવવામાં આવી.'

'આવી વાસ્તવિક હકીકતોની જરૂર નથી —'

'સુન્નત કરતી વેળાએ ચપ્પુ ખસી ગયો અને એણે તો લોહી રોકવાનો પ્રયત્ન સુધ્ધાં ન કર્યો —'

'આ બધી વીગતો અણગમો પેદા કરે છે. માત્ર મહત્ત્વની હકીકતોનો જ ઉલ્લેખ કરો –'

'એ બાળક હતો ત્યારે પણ કશું બોલતો નહોતો, દુઃખનો માર્યો એ રડ્યો સુધ્ધાં નથી.' એનો બચાવ કરનાર બોલ્યે ગયો, 'એની મા મરી ગઈ ત્યારે સુધ્ધાં એ મૂગો જ રહ્યો. એ તેર વરસનો હતો ત્યારે એને સાવકી માને સોંપવામાં આવ્યો. એ ઝેરી નાગણ જેવી હતી !'

બોન્ત્શાને થયું, 'એ લોકો મારી વાત કરતા હશે !'

એની સાવકી મા ટટળાવી ટટળાવીને ફુગાઈ ગયેલી રોટલી ખાવા આપે અને પોતે તો માલમલીદા ખાય.'

ન્યાયાધીશ બોલ્યા, 'બિનજરૂરી અને નકામું.'

વધારામાં એને એ પોતાના તીણા નખથી ઉઝરડી નાખતી. ચીંથરાં જેવાં કપડાંમાંથી એની ભૂરી થઈ ગયેલી ચામડી દેખાતી. શિયાળામાં આકરી ઠંડીમાં એ એને વાડામાં લાકડાં ફાડવા મોકલતી અને તે પણ ઉઘાડે પગે ! કેટલીય વાર એના પગ થીજી જતા અને એના નાના કૂણા હાથ વડે મોટું લાકડું ઉપાડીને ફાડવું પડતું. પણ એ હંમેશાં મૂગો જ રહેતો, કદી એના બાપને સુધ્ધાં ફરિયાદ કરતો નહિ –

'ફરિયાદ, એ દારૂડિયાને ?' મુકદ્દમો ચલાવનાર દેવદૂત તિરસ્કારથી બરાડી ઊઠ્યો અને બોન્ત્શાનું શરીર ભયની સ્મૃતિથી ધ્રૂજી ઊઠ્યું.

એનો બચાવ કરનારાએ બોલવાનું ચાલુ રાખ્યું, 'એણે કદી ફરિયાદ કરી નહિ. એ હંમેશાં એકલોઅટૂલો જ રહેતો. એને કોઈ મિત્ર હતો નહિ. નિશાળે કદી ગયો નથી. કદી નવાં કપડાં એને પહેરવા મળ્યાં નથી. સ્વતંત્રતાની એક ક્ષણ પણ જિંદગીમાં એણે જાણી નથી.'

મામલો ચલાવનાર વકીલ ક્રોધથી બરાડી ઊઠ્યો, 'સાહેબ, હું વાંધો ઉઠાવું છું. મારે વાંધો છે, એ માત્ર આવી વાક્છટાથી લાગણીઓને બહેકાવવાનો પ્રયત્ન કરે છે.'

'જ્યારે એના બાપે નશામાં ચકચૂર થઈને એના વાળ પકડી બહાર ખેંચી કાઢી, શિયાળાની ઠંડી રાતે, બરફ વરસતો હતો ત્યારે ફેંકી દીધો તોય એ કશું બોલ્યો નહિ. બરફમાંથી એ શાન્તિથી ઊભો થઈ ગયો અને એની આંખ જ્યાં દોરતી ગઈ ત્યાં ત્યાં ભટકતો રહ્યો.

'એ ભટકતો હતો તે દરમ્યાન પણ સાવ મૂગો જ રહ્યો. ભૂખથી પીડાતો ત્યારે પણ આંખથી જ ભીખ માગતો અને આમ આખરે એક ભેજવાળી વસન્તની રાતે એક મોટા શહેરમાં, પવનમાં, ઘસડાઈ જતાં પાંદડાંની જેમ આવી ચઢ્યો અને પહેલી જ રાતે હજુ તો એને કોઈ જુએ કે સાંભળે તે પહેલાં જેલમાં ધકેલાઈ ગયો. તોય એ મૂગો જ રહ્યો. કદી કશો વિરોધ કર્યો નહિ. શા માટે, શા કારણે એવું એણે કદી પૂછ્યું નહિ. જેલના દરવાજા ખૂલી ગયા અને એ મુક્ત થઈ ગયો. કશું હલકું કે ગંદું કામ પણ મળે તે એ શોધવા લાગ્યો અને આ બધું છતાં એ મૂગો જ રહ્યો.

'કામના કરતાં કામને શોધવું એ ભયંકર કામ હતું. ત્રાસ પામેલો અને દુઃખથી ભાંગી

પડેલો, ભૂખથી પેટ અમળાતું હોય ત્યારે પણ એણે કશો વિરોધ કર્યો નહિ. એ મૂગો ને મૂગો જ રહ્યો.

શહેરની ગંદકીથી મેલો તો હતો જ, તેમાંય કેટલાય અજાણ્યા માણસો એના પર થૂંક્યા. શેરીમાંથી એને મોટા રસ્તા પર હાંકી કાઢ્યો જ્યાં એ ભારવાહક પશુની જેમ ભારેમાં ભારે વજનદાર બોજ એની પીઠ પર ઉપાડીને વાહનો, ઘોડાઓની વચ્ચે અહીંથી તહીં ઠેલાવા લાગ્યો. આ બધો વખત દરમ્યાન મરણ એના ભણી મીટ માંડી રહ્યું છતાંય, એ તો મૂગો જ રહ્યો.

'કેટલા મણ બોજો ઊંચકે તો કેટલા પૈસા મળે તેની એને ખબર નહોતી. નહિ જેવા પૈસા માટે એ ડગલે ને પગલે લથડતો પડતો કામ કર્યે જતો. કેટલીય વાર એણે પોતાની મજૂરીના પૈસા માગવા માટે કાલાવાલા કર્યા હશે. એને એના દુર્ભાગ્યની ખબર જ ન પડી. બીજા સદ્‌ભાગ્યની પણ એને જાણ નહોતી, કદી નહોતી. એ મૂગો જ રહ્યો. એણે પોતાની મજૂરીના પૈસા સુધ્ધાં માગ્યા નહિ. ભિખારીની જેમ પોતાના હક્કનું જે હતું તે માગવાને એ બારણા આગળ ઊભો જ રહેતો. માત્ર એની આંખના ઊંડાણમાં અણકથી ઝંખના દેખી શકાતી, 'પછીથી આવજે' એવું એ લોકો એને બરાડીને કહેતા અને એ પડછાયાની જેમ અદૃશ્ય થઈ જતો. ફરી પાછો પડછાયાની જેમ આવીને રાહ જોતો. જે પોતાનું હતું તે માગવાને માટે એની આંખો આજીજી કરતી. લોકો એને છેતરે તોય એ મૂગો જ રહેતો. આ કે તે બહાનું કાઢીને એની મોટા ભાગની કમાણી એ લોકો એને આપતા નહિ. અને આપતા તો ખોટા પૈસા આપતા. આમ છતાં એ વિરોધ કરતો નહિ. સદાય એમ જ રહેતો.'

એનો બચાવ કરનાર દેવદૂતે કહેવાનું ચાલુ રાખ્યું, 'એક વાર બોન્ત્શા રસ્તો ઓળંગીને ફુવારા પાસે પાણી પીવા ગયો અને એ ક્ષણે એની આખી જિંદગી બદલાઈ ગઈ.એવો તો શો ચમત્કાર થયો કે એની આખી જિંદગી બદલાઈ ગઈ ? રબરનાં ટાયરવાળી એક સુન્દર બગી એની પાસે થઈને પસાર થઈ ગઈ. એના ઘોડાઓ ભડકીને નાસતા હતા. એનો કોચવાન રસ્તા પર પડી ગયો હતો. એની ખોપરી ફાટી ગઈ હતી. ઘોડાઓનાં મોઢામાં ફીણ વળતું હતું અને એમની ત્રસ્ત આંખો અન્ધારામાં અગ્નિ ઝબકારા મારે તેમ ઝબકારા મારતી હતી. બગીમાં એક માણસ બેઠો હતો. એ અડધો જીવતો અડધો મરેલા જેવો લાગતો હતો. બોન્ત્શાએ ઘોડાની લગામ પકડી લીધી અને એમને ઊભા રાખ્યા. અંદર બેઠેલા માણસની જિંદગી બચી ગઈ. એ એક પરોપકારી યહૂદી હતો. બોન્ત્શાએ એને માટે જે કર્યું તે એ કદી ભૂલ્યો નહિ. એણે મરી ગયેલા કોચવાનનો ચાબૂક બોન્ત્શાને આપ્યો અને બોન્ત્શા તરત જ એક સામાન્ય મજૂર મટીને કોચવાન થઈ ગયો. વળી વધારામાં એ પરોપકારી શેઠે એને પરણાવી પણ દીધો. અને એને ઉછેરવા માટે એક છોકરું પણ આપી દીધું.

'આમ છતાં બોન્ત્શાએ એક શબ્દ સરખો કહ્યો નહિ. કશાનો વિરોધ કર્યો નહિ.'

'આ લોકો મારી જ વાત કરી રહ્યા લાગે છે.' બોન્ત્શાએ પોતાના મનને આ માનવાને માટે પ્રોત્સાહન આપ્યું. છતાં નજર ઊંચી કરીને ન્યાયાધીશ સામે જોવામાં એનામાં હિંમત નહોતી.

'એણે કદી વિરોધ કર્યો જ નહિ. એ પરોપકારી શેઠે થોડા વખત પછી દેવાળું કાઢ્યું અને બોન્ત્શાને પગારની પાઈ સરખી આપી નહિ તોય એ તો મૂગો જ રહ્યો.

બાળકને નિરાધાર છોડીને એની મા નાસી ગઈ તોય એ કશું બોલ્યો નહિ. પંદર વરસ પછી એ જ નિરાધાર બાળકે મોટા અને સશક્ત થઈને બોન્ત્શાને ઘરની બહાર ફેંકી દીધો તોય એ કશું બોલ્યો નહિ.'

'આ લોકો મારી જ વાત કરે છે,' બોન્ત્શાને આનંદ થયો. એને થયું હવે ખરેખર એ લોકો એની જ વાત કરે છે.

એનો બચાવ કરનાર દેવદૂતે બોલવાનું ચાલુ રાખ્યું, 'જ્યારે એ જ પરોપકારી શેઠ પાછો દેવાદાર મટીને પૈસાદાર થઈ ગયો અને એણે બોન્ત્શાને એના લેણા પૈસા આપ્યા નહિ ત્યારે એ કશું બોલ્યો નહિ. એટલું જ નહિ એ સજ્જન એમના મોભાને છાજે એ રીતે ફરી રબરનાં ટાયરવાળી બગીમાં બેસીને ફરવા નીકળ્યા ત્યારે આ દેવાળાનો અનુભવ કરી ચૂકેલા મહાશયે નવો કોચવાન રાખ્યો. બોન્ત્શા ફરીથી રસ્તે મજૂરી કરતો થઈ ગયો અને એક દિવસ એ બગી નીચે જ એ કચડાઈ ગયો. ખૂબ યાતના થતી હતી છતાં બોન્ત્શાએ ચીસ પાડી નહિ. એ મૂગો જ રહ્યો.આવું કોણે કર્યું તે એણે પોલિસને સુધ્ધાં કહ્યું નહિ. હોસ્પિટલમાં પણ, બધા જ ચીસ પાડતા હોય છે તે છતાં એ મૂગો જ રહ્યો. એ એના ખાટલા પર એકલોઅટૂલો પડી રહ્યો, ડોકટરો અને નર્સોથી તરછોડાયેલો. એમને આપવાને માટે એની પાસે ફૂટી કોડી સરખી નહોતી. તોય એક હરફ સરખો બોલ્યો નહિ. મૃત્યુ પહેલાંની એ ભયંકર ક્ષણોમાં પણ તે શાંત જ હતો અને મૃત્યુ પામ્યો તે ક્ષણે પણ એવો ને એવો જ શાન્ત હતો. એણે માણસ સામે વિરોધનો એક અક્ષર ઉચ્ચાર્યો નથી, ઈશ્વર સામે વિરોધનો એક શબ્દ સરખો બોલ્યો નથી !'

હવે બોન્ત્શા ફરીથી ધ્રૂજવા લાગ્યો. એનો બચાવ પૂરો થયા પછી એના પર કામ ચલાવનાર ફરીથી એની સામેનો પુરાવો રજૂ કરશે એવું એને લાગ્યું. કોણ જાણે એ એના પર શા શા આરોપ મૂકશે ? પૃથ્વી પર તો બોન્ત્શા જે ક્ષણ પસાર થતી કે તરત એને ભૂલી જતો. પછી એ ભૂતકાળમાં જ સરી પડતી. હવે આ મુકદ્દમો ચલાવનારે એને બધું ફરીથી યાદ દેવડાવ્યું, કોણ જાણે એ કેટલાય ભુલાઈ ગયેલાં પાપ બહાર કાઢશે ?

કામ ચલાવનાર દેવદૂત ઊભો થયો. એના ઘોઘરા કરડા અવાજે બોલ્યો. 'સજ્જન', એટલું બોલીને એ ફરી અટકી ગયો. ફરીથી એ બોલ્યો, 'સજ્જનો,' હવે એનો અવાજ ઓછો આકરો હતો, વળી પાછો એ થંભી ગયો અને આખરે એ જ દેવદૂત અત્યન્ત કોમળ અવાજે બોલ્યો, 'સજ્જનો, એ હંમેશાં મૂગો જ રહ્યો અને હવે હું પણ મૂગો થઈ જાઉં છું.'

એ મહાન ન્યાયાલયમાં નિઃસ્તબ્ધતા છવાઈ ગઈ. આખરે ન્યાયાધીશના આસન પરથી એક નવો પ્રેમભર્યો કોમળ અવાજ આવ્યો, 'વત્સ બોન્ત્શા' – એ અવાજ વીણાના રણકારની જેમ ફેલાયો, 'મારા હૈયાસમા વત્સ –'

બોન્ત્શાને તો છેક અન્તરમાં જાણે કોઈ આંસુ સારવા લાગ્યું, અને આંખો ખોલવાની, નજર ઊંચી કરવાની ઇચ્છા થઈ પણ એની આંખો આંસુને કારણે કશું જોઈ શકતી નહોતી, એને રડવું બહુ સારું લાગતું હતું. આ પહેલાં રડવું કદી આટલું સારું લાગ્યું નહોતું.

'બોન્ત્શા, મારા હૈયાનું હીર –' એની માના મૃત્યુ પછી એને આવા અવાજે બોલાતા આવા શબ્દો કદી સાંભળ્યા નહોતા.

ન્યાયાધીશે ફરીથી બોલવું શરૂ કર્યું, 'વત્સ, તું હંમેશાં સહન કરતો આવ્યો છે, સદા મૂગો રહ્યો છે, તારા શરીરમાં એકેય એવું ગુપ્ત સ્થાન નથી જ્યાં ઘામાંથી લોહી ન જતું હોય. તારા આત્મામાંય ઘા અને લોહી વિનાનું એકેય ગુપ્ત સ્થાન નથી. આમ છતાં, તેં કદીય વિરોધ ન કર્યો. તું હંમેશાં શાન્ત જ રહ્યો.

'ત્યાં પૃથ્વી પર તને કોઈ સમજ્યું નહિ. તું તારી જાતને પણ કદી સમજ્યો નહિ. તારે શાન્ત રહેવાની કશી જરૂર નહોતી તે તું કદી સમજ્યો નહિ. તું ચીસો પાડી શક્યો હોત, તારી ચીસો સાથે જગત પણ નીચે ગબડી પડ્યું હોત અને તેનો અન્ત આવ્યો હોત, તારામાં સૂતેલી શક્તિ તેં કદી ઓળખી નહિ. ત્યાં પૃથ્વી પર એ જૂઠાણાંની દુનિયામાં તારા મૌનની કદી કિંમત થઈ નહિ. પણ અહીં સ્વર્ગમાં સત્યના જગતમાં તારી કદર થશે. તને કોઈ ન્યાયાધીશ વખોડી શકે નહિ કે દંડી શકે નહિ. તારે માટે માત્ર સ્વર્ગનો થોડો સરખો ટુકડો કે હિસ્સો નહિ હોય, તારે માટે તો અહીં જ છે તે બધું જ છે. તું જે કાંઈ ઇચ્છે તે તારું છે !'

હવે પહેલી વાર બોન્ત્શાએ એની આંખો ઊંચી કરી. એની આંખો અજવાળાથી ઝંખવાઈ ગઈ. પ્રકાશનો વૈભવ દીવાલો ઉપર વિશાળ છત પર બધે જ પથરાયેલો હતો. દેવદૂતો અને ન્યાયાધીશ પણ પ્રકાશથી ઝળહળી રહ્યા હતા. એણે એની થાકેલી આંખો નીચે ઢાળી દીધી.

'ખરેખર ?' એણે પૂછ્યું, સહેજ શંકાથી અને જરા મુંઝાઈને.

'હા, ખરેખર,' ન્યાયાધીશે જવાબ વાળ્યો. 'ખરેખર હું કહું છું કે બધું તારું જ છે. આ સ્વર્ગમાં જે કાંઈ છે તે તારું છે. પસંદ કરીને લઈ લે. તું જે લેશે તે તારું જ છે.'

'ખરેખર ?' બોન્ત્શાએ ફરીથી પૂછ્યું. અને હવે એનો અવાજ કંઈક દૃઢ અને ખાતરીવાળો લાગતો હતો.

ન્યાયાધીશ અને બધા જ એનું સ્વર્ગમાં સ્વાગત કરનારાએ જવાબ વાળ્યો, 'હા, ખરેખર ખરેખર.'

'તો પછી' – બોન્ત્શા પહેલી વાર હસ્યો ને બોલ્યો – 'તો પછી નામદાર, મારે રોજ

સવારે નાસ્તા માટે ગરમ રોટલી અને તાજું માખણ જોઈશે.'

ન્યાયાલયમાં નિઃસ્તબ્ધતા છવાઈ ગઈ. બોન્ત્શાના મૌન કરતાં એ ભયંકર હતી. ન્યાયાધીશ અને દેવદૂતોએ પૃથ્વી પર ઉપજાવવામાં આવેલી આ અન્તહીન દીનતા જોઈને શરમથી ધીમે ધીમે માથાં ઝુકાવી લીધાં.

પછીથી એ નિઃસ્તબ્ધતાના ચૂરેચુરા થઈ ગયા. મામલો ચલાવનાર દેવદૂત જોરથી કડવું હસ્યો.

અનુ. સુરેશ જોષી

મૂરખનો સરદાર
ઇઝાક બાશેવિસ સિંગર

હું છું ગિમ્પેલ મૂરખનો સરદાર. હું કાંઈ મારી જાતને મૂરખ માનતો નથી. ના રે, એથી સાવ ઊલટું......પણ લોકોએ એવું મારું નામ પાડી દીધું છે. હું નિશાળમાં ભણતો હતો ત્યારનું આ નામ મને ચોંટયું છે. એમ તો મારાં કુલ સાત નામ પડ્યાં હતાં : ચસકેલ, લંબકર્ણ, લપોડશંખ, અઘોરી, રડતી સૂરત, અડવો અને મૂર્ખશિરોમણિ, એમાંનું છેલ્લું નામ ચોંટી ગયું. મારી મૂર્ખતા એ લોકોને શેમાં દેખાતી હતી ? મને બનાવવો એ સાવ સહેલી વાત ! એ લોકો કહે : 'ગિમ્પેલ, ધર્મગુરુની વહુને સુવાવડ આવી છે તે તું જાણે છે ?' આથી મેં તો નિશાળેથી ગાપચી મારી. વારુ, આખરે વાત ખોટી નીકળી. પણ એ વાત ખોટી છે કે સાચી તે હું શી રીતે જાણું ? એનું પેટ મોટું દેખાતું નો'તું. પણ મેં તો કદી એના પેટ સામે જોયું નો'તું. એમાં મારી શી મૂર્ખામી ? પણ એ આખું ટોળું મારી પાછળ હાહાહીહી કરવા લાગ્યું, તાળીઓ પાડીને નાચવા લાગ્યું ને ભગવાનની પ્રાર્થના ભણવા લાગ્યું. સુવાવડી સ્ત્રીને ઘરે જાઓ તો ગુંદરપાક આપે, તેને બદલે એ લોકોએ મારા હાથ બકરીની લીંડીથી ભરી દીધા. હું કાંઈ નબળો પોચો તો નથી. એમાંના એકાદને જો એક ડાબા હાથની લગાવી દઉં ને તો સીધો મુકામે જ પહોંચી જાય. પણ ઝઘડો કરવાનું મારા સ્વભાવમાં જ નથી. મને મનમાં થાય કે હશે, જવા દો ને ! આથી એ લોકો ગેરલાભ ઉઠાવે છે.

હું નિશાળેથી ઘરે પાછો ફરતો હતો, ત્યાં એક કૂતરાને ભસતો સાંભળ્યો. હું કાંઈ કૂતરાંથી બીતો નથી. પણ કૂતરાંની જાતને નાહક શા માટે છેડવી ? કોઈ હડકાયું જ નીકળે તો ! ને જો હડકાયું કૂતરું બચકું ભરી લે તો ખુદ ધન્વન્તરિ સ્વર્ગમાંથી ઊતરી આવે તોય કશું નહીં વળે. આથી હું જરા આડો ફંટાઈ ગયો. પછી મેં આજુબાજુ જોયું તો બજાર આખી ખીખી હસતી હતી. એ કોઈ કૂતરુંબૂતરું નો'તું, એ તો પેલા ચોરટા વોલ્ફ-લિબનાં જ કારસ્તાન. બોલો, એ એનાં કરતૂત હશે તે હું શી રીતે જાણું ? મને તો કાઈ કૂતરી ભસતી હોય એવું જ લાગ્યું હતું.

મને ઉડાવવો સાવ સહેલું છે એ ટીખળી અને મશ્કરાઓએ જાણી લીધું પછી તો એ બધા જ મારી જોડે નસીબ અજમાવી જોવા લાગ્યા, 'ગિમ્પેલ, રશિયાના ઝાર આપણા ગામમાં પધારવાના છે; ગિમ્પેલ, કાલે ચાંદો નદીમાં પડી ગયો હતો તે તેં જાણ્યું કે ? ગિમ્પેલ, પેલા હોડેલને નાવણીની પાછળથી ખજાનો જડ્યો.' ને હુંય બુધ્ધુની જેમ બધું માની લેતો. પહેલું તો એ કે આ દુનિયામાં બધું જ શક્ય છે. આપણા શાસ્ત્રમાં એવું નથી લખ્યું ? (શું તે તો મને હમણાં નથી યાદ આવતું !) બીજું આખું ગામ મને ફરી વળતું હોય તો મારે કરવુંય શું ? જો હું હિંમત કરીને કહેવા જાઉં કે જાવ જાવ, તમે મને બનાવો છો તો નાહકની આફત વહોરવી પડે, લોકો ગુસ્સે થાય. 'અલ્યા, શું સમજે છે તું ? આ બધા જ જૂઠા એમ તારે કહેવું છે ?' બોલો, મારે શું કરવું ? હું એમનું કહ્યું માની લેતો, ને એથી એમનું ભલું થતું હોય તો છો થતું એમ મન વાળીને બેસી રહેતો.

હું માબાપ વગરનો હતો, મને મોટો કરનાર મારા દાદા કબર તરફ વળી ચૂક્યા હતા. આથી મને ભઠિયારાને ત્યાં કામ શીખવા રાખ્યો હતો, શું શું વીત્યું છે મારે માથે ! ગામની કોઈ પણ સ્ત્રી કે છોકરી રોટી લેવા આવે તે એકાદ વાર તો મને મૂરખ બનાવ્યા વિના છોડે નહીં ! 'ગિમ્પેલ, સ્વર્ગમાં મેળો ભરાયો છે; ગિમ્પેલ, આપણા ધર્મગુરુએ સાતમે મહિને એક વાછરડાને જન્મ આપ્યો છે; ગિમ્પેલ, એક ગાય છાપરા પરથી ઊડીને ગઈ, ને એણે પિત્તળનાં ઈંડાં મૂક્યાં' એક નિશાળિયો એક વાર રોટી ખરીદવા આવ્યો હતો. એણે મને કહ્યું : 'અલ્યા ગિમ્પેલ, તું અહીં ભઠિયારખાનામાં કણક ગૂંદે છે ને ત્યાં મસીહા પધાર્યા છે ! મરેલાંઓ કબરમાંથી બેઠાં થયાં છે.' 'તું શું કહે છે ?' મેં પૂછ્યું : 'કોઈએ ઘેટાનું શિંગડું ફેંકીને જાહેરાત તો કરી નથી.' એણે કહ્યું, 'તું બહેરો છે કે શું ? ને બધા જ બૂમો પાડી ઊઠયા : મેં સાંભળ્યું મેં સાંભળ્યું,' ત્યાં મીણબત્તી વેચનારી રેઈત્ઝ આવીને એના ઘોઘરા અવાજે બોલી : 'ગિમ્પેલ, તારાં માબાપ કબરમાંથી બેઠાં થયાં છે, એ લોકો તારી શોધમાં છે.'

સાચું કહું તો આવું કશું બન્યું નો'તું તે હું સારી પેઠે જાણતો હતો, પણ ગામ આખું વાતો કરતું હતું એટલે હું તો ગરમ જાકીટ ખભે નાંખતોકને ઊપડ્યો. કદાચ કાંઈ બન્યું પણ હોય. જોવા જવામાં શું લુંટાઈ જવાનું હતું ? વારુ તરત જ મારી પાછળ બધાંએ એવી તો બિલાડી બોલાવી મૂકી કે ન પૂછો વાત ! ને ત્યારે કોઈનું કશું જ ન માનવાની મેં ત્યાં મનમાં ને મનમાં પ્રતિજ્ઞા લીધી. પણ એથીય કશું વળ્યું નહીં. એ લોકો મને એવો તો ગૂંચવી મારતા કે કશું જ મારી સમજણમાં ઊતરતું નહીં !

હું ધર્મગુરુ પાસે સલાહ લેવા ગયો. એણે કહ્યું : 'જિન્દગીભર મૂરખ રહેવું સારું, પણ એક કલાકનું દુષ્ટ આચરણ એથી વધારે ખરાબ એવું શાસ્ત્રમાં લખ્યું છે. એ લોકો જ મૂરખ છે, કારણ કે જે પોતાના પાડોશીને શરમમાં નાખવા જેવું વર્તન કરે છે તે સ્વર્ગ ખોઈ બેસે છે.' આમ છતાં ધર્મગુરુની દીકરી જ મને બનાવી ગઈ. હું દેવળની બહાર નીકળતો હતો ત્યાં એણે મને પૂછયું : 'દીવાલને ચૂમી કે નહીં ?' મેં કહ્યું :

'ના, કેમ ?' એણે જવાબ વાળ્યો : 'ધરમમાં કહ્યું છે, ધર્મગુરુને મળ્યા પછી દેવળની દીવાલ ચૂમવી જ જોઈએ.' ઠીક મારું એમ કરવામાં શું જવાનું હતું ? ને એ તો ખડખડાટ હસી પડી. એ મને ઠીક બનાવી ગઈ, કાંઈ નહીં !

મારે તો બીજે ગામ ચાલ્યા જવું હતું, પણ ત્યાં બધાંએ મને પરણાવી દેવાની વેતરણ કરવા માંડી. એ લોકો એવા તો મારી પાછળ પડ્યા કે ન પૂછો વાત ! રોજ ને રોજ બધા આવીને વાતો કરે. વાત તે કાંઈ વાત, મારા તો કાન પાકી ગયા. એ બાઈ કાંઈ શિયળવંતી કુમારિકા નો'તી પણ એ લોકોએ તો મને કહ્યું કે એ પવિત્ર કુમારિકા હતી. એ પગે ખોડંગાતી હતી, પણ એ લોકો કહેતા કે એ તો જરા શરમાળ છે ને તેથી જાણી જોઈને એવું ચાલે છે. એને કોઈની જોડેના આડા વહેવારથી થયેલો એક દીકરો હતો, પણ એ લોકો કહેતા કે એ તો એનો ભાઈ હતો. હું આખરે બરાડી ઊઠ્યો : 'તમે નાહક થૂંક ઊરાડો છો, હું એ વેશ્યા જોડે હરગિઝ નહીં પરણું.' પણ એ લોકોએ તતડી ઊઠીને કહ્યું : 'વાહ રે, આમ તે કાંઈ બોલાતું હશે કે ? તને શરમ નથી આવતી ? એ સ્ત્રીને બદનામ કરવા બદલ તને ધર્મગુરુ પાસે ઢસડી લઈ જઈને દંડાવી નાંખીશું, સમજ્યો કે ?' આથી મને સમજાઈ ગયું કે એમના પંજામાંથી છટકવું સહેલું નો'તું. ને મેં વિચાર્યું : એ લોકો મને હોળીનું નારિયેળ બનાવવા કમર કસીને બેઠા છે, પણ પરણ્યા પછી તો ધણીનું જ ચાલેને ! ને એ બાઈને જો આ વાત મંજૂર હોય તો મનેય કશો વાંધો નથી. વળી, જિંદગીમાં તમને છાંટા ઊડ્યા વગર તો રહે જ નહિ, ને કોઈ એવી આશા રાખે પણ નહીં.

હું તો પહોંચ્યો એની ઝૂંપડીએ. મારી પાછળ આખું ટોળું હાહાહીહી કરતું ને હાકોટા પાડતું આવ્યું જાણે કોઈ રીંછને પકડવાનો ત્રાગડો રચ્યો ન હોય ! કૂવા પાસે આવ્યા એટલે બધા ચૂપ થઈ ગયા.એલ્કાને છંછેડવાની કોઈનામાં હિંમત નો'તી. એક વાર છેડી તો મિજાગરા પર ફરતાં બારણાંની જેમ એનું મોઢું બંધ થાય જ નહીં ! ને એની જીભ પણ કુહાડા જેવી. હું તો એના ઘરમાં પેઠો. અંદર એક છેડેથી તે બીજા છેડા સુધી બાંધેલી દોરી પર કપડાં સુકાતાં હતાં એ પાણીની કુંડી આગળ, ખુલ્લે પગે, કપડાં ધોતી બેઠી હતી, એણે ફાટલુંતૂટલું લુગડું પહેર્યું હતું. એણે વાળને લટમાં ગૂંથી લઈને ઊંચે લઈ સોયાથી બાંધી લીધા હતા. એ ઘરમાંથી દુર્ગન્ધથી મારો તો શ્વાસ જ રુંધાઈ ગયો.

એ મને ઓળખતી હોય એવું લાગ્યું, એણે મારા તરફ એક નજર નાંખીને કહ્યું : 'ઓહો, કોણ આવ્યું છે, જુઓ તો ખરા ! બિરાજો મહેરબાન' મેં એને અથથી ઇતિ માંડીને વાત કહી. હું જરાય ખોટું બોલ્યો નહીં. 'મને સાચે સાચું કહેજે,' મેં કહ્યું, 'તું ખરેખર કુંવારી છે, ને પેલો યેશિયેલ તારો નાનો ભાઈ છે ? મારી સાથે છેતરપિંડી રમીશ નહિ, હું માબાપ વગરનો છું.'

'હુંય માબાપ વગરની જ છું તો.' એણે જવાબ વાળ્યો, 'જે કોઈ તને આમળવા ચાહે તેનું નાક જ મરડાઈ જજો, પણ મને છેડવામાં એ લોકો કશો સાર કાઢવાના નથી. મારે તો પચાસ ગિલ્ડરની પહેરામણી જોઈશે. એ લોકોને કહી દે કે ફાળો ઉઘરાવે, નહીં તો

હમણાં કહું તેને બચી ભરી લે....' એ ભારે આખાબોલી હતી. મેં કહ્યું :'પહેરામણી તો કન્યાપક્ષે આપવાની હોય, વરપક્ષે નહીં', ત્યારે એણે કહ્યું : 'મારી સાથે સોદો કરવા નીકળીશ નહીં કાં તો 'હા' ને કાં તો 'ના' – સીધી ને સાફ વાત જોઈએ, નહીં તો ચાલતો થા.'

મને થયું કે તલમાંથી ઝાઝું તેલ નીકળે તેમ નથી. પણ અમારું ગામ કાંઈ ગરીબ નથી. ગામલોકોએ બધી શરત મંજૂર રાખીને લગ્નની તૈયારી કરવા માંડી. હવે ભગવાનનું કરવું તે એ વખતે જ ગામમાં મરડાનો વા ચાલતો હતો. લગ્નનો વિધિ કબ્રસ્તાનના દરવાજા આગળ, મડદાંને ધોવાની ઓરડી પાસે, પતાવવામાં આવ્યો. બધાએ સારી પેઠે દારૂ ઢીંચ્યો, લગ્નનો કરાર વંચાતો હતો ત્યારે સૌથી વડા ધર્મગુરુએ પૂછ્યું : 'વધૂ વિધવા છે કે એણે છૂટાછેડા લીધા છે ?' ને એના વતી બીજા ધર્મગુરુની વહુએ જવાબ વાળ્યો : 'એ વિધવાય છે ને એણે છૂટાછેડા પણ લીધા છે.' મારે માટે એ આકરી ઘડી હતી. પણ હું કરું પણ શું ? લગ્નના માંડવામાંથી ભાગી જાઉં ?

પછી તો નાચગાન ચાલ્યાં. એક બુઢ્ઢી થોડી સફેદ રોટી બગલમાં દબાવીને મારી સાથે નાચવા લાગી. કોઈએ વધૂના માતા-પિતાની યાદમાં પ્રભુને પ્રાર્થના કરી. નિશાળિયાઓએ ફૂતરા ફેંક્યા. આશીર્વાદનો વિધિ પત્યા પછી ભેટસોગાદ રજૂ થઈ; લોટની કણક મસળવાની કથરોટ, ડોલ, ઝાડુ અને એવી બીજી ઘરવખરી. ત્યાં મેં બે જવાનિયાઓને ઘોડિયું લાવતા જોયા.'આની શી જરૂર ?' મેં પૂછ્યું એટલે એ લોકોએ જવાબ દીધો, 'એ વિશે નાહક ભેજાનું દહીં કરીશ નહીં. બધું બરાબર છે. એ જરૂર પડ્યે ખપમાં આવશે.' હું સમજી ગયો કે હું બરાબરનો ઠગાઈ જવાનો છું. પણ બીજી રીતે જોઈએ તો એમાં મારું શું લુંટાઈ જતું હતું ? મને થયું કે જેવા પડશે તેવા દેવાશે. આખું ગામ કાંઈ ગાંડું તો નહીં થયું હોય ને !

રાતે હું મારી વહુ સૂતી હતી ત્યાં ગયો, પણ એણે તો મને એની પાસે ફરકવા સુધ્ધાં દીધો નહીં. 'અલી એય, આપણે આટલા સારુ પરણ્યાં કે ?' મેં કહ્યું ને એણે જવાબ વાળ્યો : 'હું દૂર બેઠી છું.' 'પણ ગઈ કાલે તો તું ચોથા દિવસનું માથાબોળ નાહી છે !' 'આજ તે કાંઈ ગઈ કાલ નથી.' એ બોલી, 'ને ગઈ કાલ તે આજ નથી. જો નહીં રુચતું હોય તો તું તારે ચાલતી પકડ.' ટૂંકમાં, મેં ખામોશી પકડી.

ચાર મહિના નહીં થયા ત્યાં તો એની સુવાવડ આવી. ગામના લોકો તો મોઢે હાથ દઈને હસવા લાગ્યા. પણ એમાં હું તે શું કરું ? એ આકરી પીડાથી કણસતી હતી ને દીવાલ સાથે ઝાવાં મારતી હતી. ઘર આખું બૈરાંઓથી ભરાઈ ગયું, ઘડા ભરી ભરીને પાણી ગરમ થવા લાગ્યું. એની ચીસ આકાશ સુધી પહોંચવા લાગી.

દેવળમાં જઈને એના ભલા માટે પ્રાર્થના ભણવા સિવાય મારે માટે બીજું કશું કરવાપણું હતું નહીં, એટલે મેં તો એમ જ કર્યું.

ગામના લોકોને એ તો ગમ્યું. હું એક ખૂણામાં ઊભો ઊભો પ્રાર્થના રટતો હતો,

ને એ લોકો મને જોઈને માથું ધુણાવતા હતા. 'હવે ભગવાનનું નામ ભજો !' એ લોકોએ કહ્યું, 'પ્રાર્થના કરવાથી કોઈ સ્ત્રીએ છોકરું જણ્યું હોય એવું અમારા જાણ્યામાં નથી.' એમાંના એકે મારા મોઢામાં તણખલું મૂકીને કહ્યું : 'બળદિયા માટે ખડ.' આટલું વળી મારે નસીબે બાકી રહી ગયું હતું ! અરે, ભલા ભગવાન !

મારી વહુએ છોકરાને જન્મ આપ્યો. શુક્રવારે દેવળમાં ધર્મગુરુએ પવિત્ર વેદી આગળ, પોથી મૂકવાની ઘોડી પર હાથ ઠોકીને, જાહેર કર્યું : 'આપણા ગામના શેઠ શ્રીમાન ગિમ્પેલને ત્યાં પુત્રજન્મ થયો છે તે નિમિત્તે સૌને ભોજનનું નોતરું છે.' આખું દેવળ હાસ્યથી ગાજી ઊઠ્યું. મારું મોઢું તો લાલચોળ થઈ ગયું હતું. પણ મારાથી કશું થઈ શકે તેમ નો,તું. છોકરાના નામકરણનો વિધિ તો બાપ તરીકે મારે જ કરવો પડે ને !

અરધું ગામ દોડી આવ્યું. પછી તો તસુભર જગ્યા રહી નહીં. સ્ત્રીઓ સારી વાનગી બનાવીને લાવી. કોઈ પીઠામાંથી દારૂ લઈ આવ્યું. મેંય બીજાની જેમ સારી પેઠે અડાળ્યું ને દારૂ પણ ઢીંચ્યો. બધાએ મને શાબાશી આપી. પછી નામકરણ વિધિ થયો. ને મેં મારા બાપના નામ પાછળ એનું નામ પાડ્યું (પ્રભુ એમના આત્માને શાન્તિ આપે.) જ્યારે બધાં ગયાં ને હું ને મારી વહુ એકલાં પડ્યાં ત્યારે એણે પથારી આડેના પડદામાંથી માથું બહાર કાઢીને મને એની પાસે બોલાવ્યો.

'ગિમ્પેલ,' એ બોલી, 'તું કેમ આમ મૂગો થઈ ગયો છે ? શું તારાં બધાં વહાણ ડૂબી ગયાં ?'

'હું શું બોલું ?' મેં જવાબ વાળ્યો. 'તેં તો મારી કાંઈ દશા કરી છે ! મારી મા જો આ જાણે ને તો બિચારી બીજી વાર મરી જાય !' એ બોલી :'તારું તે કાંઈ ચસકી ગયું છે કે શું ?'

'તારા ધણીની તું આવી ઠેકડી શી રીતે ઉડાવી શકે ?' મેં કહ્યું.

'આ તને થયું છે શું ?' એ બોલી, 'તેં તારા મગજમાં શું ભૂસું ભરી રાખ્યું છે ?'

મને લાગ્યું કે હવે મારે ખુલ્લે ખુલ્લા જરા આકરા થઈને એને સંભળાવી દેવું પડશે 'એક માબાપ વગરના માણસની આવી દશા કરાય ?' મેં કહ્યું, 'આ છોકરો તો પારકો જણ્યો છે.'

એણે જવાબ વાળ્યો : 'તારા મગજમાંથી એવો મૂર્ખામીભરેલો ખ્યાલ કાઢી નાખ. આ તો તારો જ દીકરો છે.'

'એ મારો શી રીતે હોય ?' મેં દલીલ કરી 'લગ્ન પછીને સત્તરમે અઠવાડિયે એ જન્મ્યો છે.'

ત્યારે એણે કહ્યું કે એ તો જરા વહેલો જન્મ્યો છે. મેં કહ્યું : 'ખાસ્સો વહેલો, ખરું ને?' એણે કહ્યું કે એની એક દાદી હતી તેને પણ આટલા ટૂંકા ગાળામાં જ છોકરાં અવતરતાં, તે એ એની દાદીના જેવી હતી. એક પાણીનું ટીપું બીજાં પાણીનાં ટીપાં જેવાં હોય છે તેમ એણે તો એવા બધા શપથ લઈને આ કહ્યું કે મારે તો માન્યે જ છૂટકો ! સાચી વાત

કહું તો એનું કહ્યું રજ માત્ર માનતો નો'તો, પણ બીજે દિવસે અમારી નિશાળના માસ્તર જોડે મેં આ વિશે વાત કરી ત્યારે એમણે કહ્યું કે આદમ અને હવાની બાબતમાં પણ એવું જ થયેલું. પથારીમાં પોઢ્યો ત્યારે બે, ને ઊઠ્યાં ત્યારે ચાર !

'આ દુનિયામાં એવી કોઈ સ્ત્રી નથી કે જેની હવા દાદી ન હોય.' એમણે કહ્યું.

તો વાત આમ બની, એ લોકોની દલીલે મને ચૂપ કરી દીધો. પણ, આવી વાતમાં ખરેખર શું બનતું હશે તે કોણ જાણી શકે ?

હું મારા દુઃખને વિસારે પાડવા લાવ્યો, મને એ બાળક ખૂબ વહાલું લાગતું, એ બાળકને પણ મારો હેવો લાગેલો. મને જુએ કે એના ટચુકડા - હાથપગ હલાવી મૂકે ને હું એને તેડી લઉં ત્યારે જ જંપે. એ કજિયો માંડે ત્યારે મારા સિવાય કોઈ એને ટાઢો પાડી શકે નહીં. એને દાંત આવવા માંડ્યા ત્યારે મેં એને માટે હાથીદાંતની ચૂસણી આણી આપી. એને માટે ભરત ભરેલી એક ટોપી સુધ્ધાં હું લઈ આવ્યો. એને રોજ ને રોજ કોઈની નજર લાગી જતી. આથી નજર ઉતારવાને માટે બજારમાંથી ફલાણુંઢીકણું લાવવા વારે વારે દોડવું પડતું. મારે બળદિયાની જેમ ઢસડબોળો કરવો પડતો. ઘરમાં નાનું છોકરું હોય ત્યારે ખરચ કેવો વધી જાય તે તો જાણો જ છો. હું જૂઠું શા સારું બોલું ? એલ્કા મને નો,તી ગમતી એવું નહીં. એ મને ગાળો ભાંડતી, મારી જોડે ઝઘડતી. આથી હું એની પાસેથી ઝાઝું કશું પામી શકતો નહીં. શી તાકાત હતી એનામાં તમારા પર એ ડોળા કાઢીને જુએ ને તો તમારી તો લૂલી જ બંધ થઈ જાય. ને એ બોલવા બેસે ત્યારે ? નર્યો ડામર ને ગંધક જ જોઈ લ્યો ! આમ છતાં એનામાં અનોખું આકર્ષણ હતું. હું એના એકેએક બોલ પર વારી જતો જો કે એ મને ખૂબ જખમી કરતી.

સાંજ પડતાં હું એને માટે એક કાળી ને એક ધોળી રોટી તથા ચારોળી બદામ પિસ્તાંવાળાં બિસ્કુટ લઈ આવતો. મારા હાથે ભઠિયારાને ત્યાં પકવેલી સરસ રોટલી એને ખવડાવતો, એને ખાતર હું ચોરી સુધ્ધાં કરતો. મીઠાઈ, બદામ, કાજુ - જે કાંઈ હાથે ચઢે તે તફડાવી લાવતો. સ્ત્રીઓ શનિવારે જે કાંઈ ભગવાનને ધરાવવાનું લઈ આવતી તેમાંથી પણ હું થોડુંક તફડાવી લેતો, ભગવાન માફ કરે ! એલ્કા તો આ બધું પૌષ્ટિક આરોગીને ખાસ્સી તગડી બની.

આખું અઠવાડિયું મારે ભઠિયારખાનામાં રાતે સૂઈ રહેવું પડતું. માત્ર શુક્રવારે રાતે હું ઘરે આવતો, ત્યારે એ કાંઈ ને કાંઈ બહાનું કાઢીને મને ટાળી દેતી. ક્યાં તો એની છાતીમાં બળતરા થતી હોય, ક્યાં તો પાંસળીમાં શૂળ ઊપડ્યું હોય; ક્યાં તો હેડકી આવતી હોય, ક્યાં તો માથું દુઃખતું હોય. સ્ત્રીઓનાં બહાનાં કેવાં હોય છે તે તો તમે જાણો જ છો. મારે માટે આ બહુ આકરું થઈ પડતું. હું અકળાતો. અધૂરામાં પૂરું, પેલો પારકો જણ્યો – એનો ભાઈ – હવે મોટો થતો જતો હતો. એય મને ઊઠાં ભણાવતાં શીખી ગયો હતો. હું એને મારવા જાઉં તો એલ્કા એવી તો ગાળો વરસાવવા માંડતી કે મને આંખે લીલુંપીળું દેખાવા લાગતું, દિવસમાં નહીં નહીં તો દશ વાત મને એ

છૂટાછેડા લેવાની ધમકી આપતી. મારી જગ્યાએ કોઈ બીજો હોત ને તો પૂછ્યા કર્યા વિના ક્યારનો છાનોમાનો રફુચક્કર થઈ ગયો હોત. પણ હું મૂગે મોઢે સહન કરનારી જાતનો રહ્યો. મારે કરવુંય શું ? ખભા આપ્યા ભગવાને, ખભે ઉપાડવાનો બોજો પણ ભગવાને જ આપ્યો છે ને !

એક રાતે ભઠિયારખાનામાં કાંઈક આફત ગુજરી : ભઠ્ઠો ફાટી ગયો. આગ જ લાગી ગઈ હોત. આથી ઘરે ગયા સિવાય બીજું કાંઈ કરવાનું રહ્યું નહોતું. અઠવાડિયાની વચ્ચે એકાદ દિવસ ઘરની પથારીમાં સૂવાનું સુખ તો માણીએ એવું મન થયું. સૂતેલા નાનકાને મારે જગાડવો નો'તો. આથી હું ચોર પગલે ઘરમાં પેઠો. ઘરમાં પેઠો ત્યારે મને લાગ્યું કે હું એકનું નહીં પણ બે જણનું ઘોરવું સાંભળી રહ્યો હતો - એકનું આછું ને બીજાનું હલાલ કરેલા આખલાના જેવું. હું પથારી પાસે ગયો, ને મારી આંખે અંધારાં આવ્યાં. એલ્કાની સોડમાં કોઈ મરદ સૂતો હતો. મારી જગ્યાએ કોઈ બીજો હોત તો બૂમરાણ મચાવી દીધું હોત ને આખું ગામ ભેગું કરી દીધું હોત. પણ નાનકડો જાગી જાય એની મને સૌથી મોટી ચિન્તા હતી. એ બિચારો - એને આવડાને શા સારુ ગભરાવી મારવો ? વારું, હું તો ભઠિયારખાને પાછો વળ્યો ને ગુણિયું પાથરી આડે પડખે થયો. પણ સવાર થતાં સુધી મારી આંખ મળી નહીં. મને ટાઢિયો તાવ આવ્યો હોય તેમ હું થથરતો રહ્યો, 'હવે હદ થઈ, હવે મૂરખવેડા નહીં ચાલે.' હું મનમાં ને મનમાં બોલ્યો, 'ગિમ્પેલ આખી જિન્દગી ધાવણું બચ્ચું રહેવાનો નથી, ગિમ્પેલ જેવા મૂરખની મૂર્ખાઈનેય કાંઈ હદ તો હોય ખરી ને ?'

સવાર થતાં હું ધર્મગુરુ પાસે સલાહ લેવા પહોંચ્યો. આથી ગામમાં ભારે હોહા મચી ગઈ. દેવળમાંથી એલ્કાને તેડું મોકલ્યું, એ નાનકાને લઈને આવી, ને શું ધારો છો, એણે શું કર્યું એણે તો રજેરજ ખોટું છે એમ કહ્યું. 'એની ડાગળી ચસકી ગઈ લાગે છે.' એ બોલી, 'મને સ્વપ્નમાં દેખાતાં નથી કે બનનારા બનાવની આગાહી પણ થતી નથી.' એ લોકો બહુ એની પાછળ પડ્યા, ઘાંટાઘાંટ કરી, પણ એ તો અડગ રહી. એ સાવ જૂઠો આરોપ હતો એવું જ એણે તો કહે રાખ્યું.

ખાટકીઓ અને ઘોડા વેચનારાઓએ એલ્કાની તરફદારી કરી. કતલખાનામાંનો એક ખાટકી છોકરો મારી પાસે આવીને બોલ્યો : 'અમારી નજર તારા પર છે, અમે તને નોંધી રાખ્યો છે.' આ દરમિયાન પેલા નાનકાએ પેશાબ કર્યો. દેવળની પવિત્ર જગ્યામાં એવું ન થાય, આથી એલ્કાને ઘરે મોકલી દીધી.

મેં ધર્મગુરુને પૂછ્યું : 'તો મારે શું કરવું ?'

'તું એને હમણાં ને હમણાં છૂટાછેડા આપી દે.'

'ને જો એ ના પાડે તો ?'

'તારે છૂટાછેડા લેવાની જાહેરાત કરી દેવી, બસ, તારે એટલું જ કરવાનું છે.'

મેં કહ્યું : 'વારુ, હું જરા વિચાર કરી જોઈશ.'

ધર્મગુરુએ કહ્યું : 'એમાં વિચારવાનું કશું છે નહીં. હવે તારે એની ભેગાં એક છાપરા નીચે રહેવું ન જોઈએ.'

'ને મને નાનકાને જોવાની ઇચ્છા થાય તો ?'

'એ વેશ્યાને એની આખી લંગાર ભેગી જ વદા કરી દે ને !' એમણે તો કહ્યું કે હવે મારે એના ઘરના ઉંબર પર પણ પગ ન મૂકવો, આ જિંદગીમાં કદી ત્યાં ફરકવું સુધ્ધાં નહીં.

દિવસના ભાગમાં તો આ મને ઝાઝું આકરું લાગ્યું નહીં. મને થયું કે આવું તો એક દિવસ બનવાનું જ હતું, પણ રાતે હું ગુણિયા પર લંબાવતો ત્યારે આ બધું મને સારી પેઠે કઠવા લાગતું. મને એલ્કા માટે ને પેલા નાનકા માટે કંઈનું કંઈ થઈ આવતું. મને ગુસ્સો કરવાનું મન થતું, પણ એ જ તો મારું કમનસીબ છે કે ખરેખર ગુસ્સે થવાનું મારા સ્વભાવમાં જ નથી. પહેલું તે એ કે મારા મનમાં મને થવા લાગ્યું આપણી કોઈ વાર ભૂલ થાય પણ ખરી. આવડી મોટી જિંદગીમાં એકેય વાર ભૂલ કર્યા વિના તો કોઈ ભાગ્યે જ રહી શકે પેલો એની ભેગો સૂતો હતો તે એને કોઈ વાર કશીક ભેટસોગાદ ને એવું બધું લાવી આપતો હશે, ને એમ એણે એને ધીમે ધીમે ફોસલાવી હશે. ને ભાઈ, આ સ્ત્રીઓનું તો તમે જાણો છો ને, એમના વાળ ઘણી વાર લાંબા હોય છે, પણ એમની બુદ્ધિ ઘણુંખરું ટૂંકી હોય છે. આથી જ તો પેલો આખરે પેધો પડ્યો હશે પણ એ આમ સાવ એ વાતને નકારી જ કાઢે છે ત્યારે મારીય કદાચ ભૂલ થતી હોય. કેટલીક વાર આપણને કશુંક જોવાની ભ્રાન્તિ થાય છે. તમને કોઈનો આકાર કે એવું કશુંક દેખાયાનો આભાસ થાય ને તમે નજીક જઈને જોવા જાવ તો કશું જ ન હોય. ને જો એમ હોય તો તો પછી હું એ બિચારીને ભારે અન્યાય કરી રહ્યો છું. આવો વિચાર આવતાં મારી આંખમાં આંસુ આવી ગયાં. હું ડૂસકે ડૂસકાં ભરવા લાગ્યો ને મારી આંખમાંથી આંસુ નીતરવાને કારણે પાસે પડેલો મેંદો ભીનો થઈ ગયો. સવારે ઊઠીને લાગલો જ હું ધર્મગુરુ પાસે પહોંચ્યો ને એમને કહ્યું કે મારી ભૂલ થઈ છે. ધર્મગુરુ તો કલમ લઈને લખ્યે જ ગયા, ને પછી બોલ્યા કે એવું હશે તો આ મામલાનો નવેસરથી વિચાર કરવો પડશે. એ વિશે એઓ કશા નિર્ણય પર આવે ત્યાં સુધી મારે મારી પત્નીનો સહવાસ રાખવો નહીં. અલબત, હું એને કોઈ જોડે ખાવાનું કે એવું કશું પરચૂરણ મોકલાવું તેનો વાંધો નો'તો.

બધા ધર્મગુરુઓને એક નિર્ણય પર આવતાં નવ મહિના થઈ ગયા. ભારે લખાણપટ્ટી ચાલી. આવા મામલામાં પણ આટલી બધી બુદ્ધિ ચલાવવી પડતી હશે તેની મને ખબર નો'તી.

આ દરમિયાન એલ્કાએ એક વધુ બાળકને જન્મ આપ્યો. આ વખતે દીકરી જન્મી હતી. સાબાથના પવિત્ર દિવસે મેં દેવળમાં જઈને એ બાળકીના ભલા માટે પ્રાર્થના કરી. નામકરણવિધિ થયો, મેં એનું નામ મારી સાસુ (ભગવાન એમના આત્માને શાન્તિ આપે)ના નામ પરથી પાડ્યું, ગામના મવાલીઓ અને લફંગાઓએ વળી મારો ઊધડો લઈ નાંખ્યો.

મારા પર આફત ગુજરતાં ગામ આખું વળી ઉત્સાહમાં આવી ગયું. પણ મેં તો મનમાં ગાંઠ વાળી લીધી હતી કે કોઈ જે કહે તે માની લેવું નહીં. માન્યાથી શું વળવાનું હતું ? આજે તમે તમારી વહુનું કહ્યું નહી માનો તો આવતી કાલે ભગવાનનું કહ્યું પણ કાને નહીં ધરો.

મારી સાથે કામ કરતા અમારા પાડોશી એક શિખાઉ ઉમેદવાર જોડે હું એને દરરોજ કશુંક ખાવાનું મોકલતો. કોઈ વાર ડબલરોટી, કોઈ વાર બિસ્કુટ, તો કોઈ વાર મીઠાઈ, એ છોકરો દિલનો ભલો હતો. ઘણી વાર હું જે કાંઈ મોકલું તેમાં એ પોતાના તરફથી પણ કશુંક ઉમેરતો. પહેલાં તો એય મારું નાક મરડીને ને પાંસળીમાં ગોદા મારીને મને ખૂબ પજવતો. પણ મારે ઘરે જતો થયા પછી એ એકદમ મારો દોસ્ત બની ગયો. 'અલ્યા ગિમ્પેલ.' એ મને કહેતો. 'તારી વહુ ને તારાં બે બાળકો ખૂબ જ સુઘડ ને રૂપાળાં છે હોં. મને તો કાગડો દહીંથરું લઈ ગયો હોય એવું લાગે છે.'

'પણ લોકો એને વિશે કેવી વાતો કરે છે !' મેં કહ્યું, 'એ લોકોની જીભ લાંબી છે, બીજું શું ?' એણે કહ્યું, 'છોને એઓ બબડતા, એ સિવાય એમને બીજો ધંધો પણ શો છે ? ગયા શિયાળાની ઠંડીને આપણે નથી સંભારતા તેમ એમનુંય કાન પર લેવું નહીં.'

એક દિવસ ધર્મગુરુએ મને બોલાવીને કહ્યું : 'તને પાકી ખાતરી છે ગિમ્પેલ, કે તારી વહુને વિશે તેં જે કહ્યું તેમાં તારી ભૂલ થતી હતી ?'

મેં કહ્યું : 'હા, મને પાકી ખાતરી છે.'

'અરે, પણ તું કહેતો તો કે તે એ તારી નરી આંખે જોયું હતું તેનું શું ?'

'મેં તો ઓળો જોયો હશે.' મેં કહ્યું.

'શેનો ઓળો ?'

'છાપરાની એકાદ વળીનો સ્તો, બીજું શું ?'

'તો તું તારે ઘરે જઈ શકે છે. તારે વડા ધર્મગુરુનો પાડ માનવો જોઈએ. એમણે ખાસ મહેનત લઈને તને અનુકૂળ થઈ પડે એવો ચુકાદો શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો છે.'

મેં વડા ધર્મગુરુનો હાથ ચૂમ્યો.

મારે તો તરત જ ઘરે પાછા ફરવું હતું, પોતાની સ્ત્રી અને બાળબચ્ચાંથી આટલા લાંબા વખત સુધી વેગળા રહેવું એ કાંઈ જેવી તેવી વાત નથી પણ વળી મને મનમાં થયું કે હમણાં ફરી કામ પર જાઉં ને સાંજ વેળાએ ઘરે જાઉં તે જ ઠીક. મેં કોઈને કશું કહ્યું નહીં, જો કે મારું હૃદય તો પવિત્ર તહેવારોના દિવસોમાં જેમ આનંદથી નાચી ઊઠતું તેમ નાચી ઊઠ્યું હતું. સ્ત્રીઓ મને હંમેશની જેમ ખીજવીને હાહાહીહી કરતી હતી, પણ હું એમને મનમાં ને મનમાં કહેતો હતો : થાય તેટલી તમે તમારે કુથલી કરો ને, સાચી વાત હવે જાહેર થઈ ગઈ છે, પાણી ઉપર તેલ તરી નીકળે તેમ શાસ્ત્ર શાખ પૂરે છે, હવે બધું હેમખેમ છે.

રાત્રે કણક બાંધીને એને આથો ચઢાવવા મૂકીને હું મારા ભાગની રોટી અને મેંદાની

થેલી લઈને ઘર તરફ વળ્યો. ચન્દ્ર સોળે કળાએ ખીલ્યો હતો અને તારાઓ ચમકી રહ્યા હતા. આથી મારું હૃદય ફફડી ઊઠ્યું હતું. હું ઉતાવળે પગલે આગળ વધ્યો, ને મારી આગળ મારો પડછાયો દોડવા લાગ્યો. શિયાળાના દિવસો હતા. તાજો જ બરફ પડ્યો હતો. મને ગાવાનું મન થયું. પણ મોડું થતું હતું ને ઘરમાં પોઢી ગયેલા લોકોને મારે જગાડવા નો'તા. મને સીટી વગાડવાનું મન થયું. પણ મને યાદ આવ્યું કે રાતે સીટી ન વગાડાય, કારણ કે સીટી સાંભળીને ભૂત દોડ્યા આવે. આથી હું ચુપચાપ, બને તેટલી ઉતાવળે, ડગલાં ભર્યે ગયો.

ખ્રિસ્તીઓના મહોલ્લાનાં કૂતરાં મને પસાર થતો જોઈને ભસી ઊઠ્યાં, પણ મેં કહ્યું : ભસો ને, ભસાય તેટલું ! આખરે તમે તો કૂતરાં જ ને ? ને હું તો આદમી છું. સરસ મજાની વહુનો વર છું, આશાસ્પદ બાળકોનો પિતા છું.

ઘર પાસે આવતાં મારી છાતી ધડકધડક થવા લાગી કેમ જાણે હું કોઈ ગુનેગાર નહિ હોઉં ! મને કશાની બીક નો'તી લાગતી, ને તેમ છતાં છાતી ધડકધડક થતી હતી. પણ ડગલું ભર્યું કે ના હઠવું. મેં તો આસ્તેથી આગળો ખોલ્યો ને ઘરમાં પેઠો. એલ્કા ઊંઘી ગઈ હતી. મેં બાળકના ઘોડિયામાં નજર કરી. બારીઓ તો વાસી દીધી હતી, પણ એની તરડમાંથી ઘરમાં ચાંદની આવતી હતી. મેં નવા બાળકનું મોઢું જોયું ને જોતાંની સાથે જ એ મને ખૂબ વહાલું લાગ્યું. એનું એકેએક નાનકડું અંગ મને વહાલું લાગ્યું.

હું પથારીની વધુ નજીક પહોંચ્યો ને માનશો, મેં શું જોયું ?

પેલો મારી સાથે કામ કરનારો છોકરો જ એલ્કાની સોડમાં સૂતો હતો. મારો તો ચન્દ્ર એકાએક આથમી ગયો. મને અંધારાં આવ્યાં, હું થરથરવા લાગ્યો. મારા દાંત કટકટવા લાગ્યા. મારા હાથમાંથી રોટી પડી ગઈ, ને મારી વહુ જાગી ઊઠી. એ બોલી : 'કોણ છે રે ?'

હું માંડ બોલ્યો : 'એ તો હું '

'ગિમ્પેલ ?' એણે પૂછ્યું. 'અત્યારે ક્યાંથી આવી ચઢ્યો ? મને એમ કે અહીં આવવાની ધર્મગુરુએ મના કરી છે.'

'મને ધર્મગુરુએ જ કહ્યું છે.' મેં જવાબ વાળ્યો ને તાવ ભરાયો હોય તેમ ધ્રૂજવા લાગ્યો.

'હું કહું તે જરા સાંભળ તો,' એ બોલી, 'જરા બહાર કોઠારમાં જા ને બકરી બરાબર છે કે નહીં તે જોઈ આવ ને. એ બિચારી માંદી થઈ છે.' અમારે ત્યાં એક બકરી હતી એ હું તમને કહેવું ભૂલી ગયો હતો. અમારી પાસે સરસ મજાની બકરી હતી. મને એના પર માણસના પર હેત હોય એવું હેત હતું.

ખંચકાતે પગલે હું કોઠારમાં ગયો ને બારણું ખોલી દાખલ થયો. બકરી તો ખાસ્સી ચાર પગે ઊભી હતી. મેં તો હાથ મૂકીને એને આખે શરીરે તપાસી જોયું, એનાં શિંગડાં ખેંચી જોયાં, એનાં આંચળ તપાસ્યાં, પણ કશો વાંધો લાગ્યો નહીં, કદાચ એણે વધારે

પડતી ઝાડની છાલ ખાધી હશે. 'પોઢી જા, બચુડી' મેં કહ્યું 'શરીર જાળવજે.' બકરીએ પણ 'બેં બેં' કરીને જાણે મારો આભાર માનીને મારું ભલું ઇચ્છતી હોય તેમ જવાબ વાળ્યો.

હું પાછો વળ્યો. પેલો છોકરો રફુચક્કર થઈ ગયો હતો.

'પેલો ક્યાં છે ?' મેં પૂછ્યું.

'કોણ ?' મારી વહુએ પૂછ્યું.

'તું શું સમજે છે ?' મેં કહ્યું, 'પેલો મારી ભેગો કામ કરે તે છોકરો, હમણાં તારી ભેગો સૂતો હતો તે.'

'આ રાતે ને તેની પહેલાંની રાતે મને સપનામાં જે દેખાયું છે તે ભગવાન કરે ને સાચું પડે, ને તને બરાબરનો સખણો કરે. તને કશુંક વળગ્યું લાગે છે, એણે તારી આંખ પર ભૂરકી નાંખી દીધી છે.' એ ચીસ પાડી ઊઠી, 'અલ્યા નાપાક, બેશરમ, જંગલી, હમણાં ને હમણાં ભાગ અહીંથી, નહીં તો ચીસાચીસ કરીને હું ગામ આખું ભેગું કરીશ.'

હું હજુ તો ડગ ભરું ત્યાં એનો 'ભાઈ' ચૂલા પાછળથી ઊભો થયો. ને એણે મને માથાના પાછલા ભાગમાં ફટકો માર્યો. મને તો લાગ્યું કે એણે મારી ગરદન જ ભાંગી નાખી. મારામાં ક્યાંક કશુંક ખોટકાઈ ગયું હોય એવું મને લાગ્યું. મેં કહ્યું : 'હવે ચોળીને ચીકણું કરીશ નહીં, મને કોક વળગ્યું છે એટલું જ જાહેર થવું બાકી છે.' એની દાનત એવી જ હતી. પછી મેં પકાવેલી રોટીને કોઈ અડશે નહીં.'

ટૂંકમાં, મેં એને ગમે તેમ કરીને ટાઢી પાડી.

'વારુ,' એ બોલી, 'બહુ થયું. હવે આડો પડ ને પૈડાં નીચે કચડાઈ મર.'

બીજે દિવસે પેલા છોકરાને મેં એક બાજુએ બોલાવીને કહ્યું : 'અલ્યા, સાંભળ.' પછી મેં વિગતે એને કહ્યું, 'આ તું શું બકે છે ?' એ તો હું જાણે છાપરા પરથી ટપકી પડ્યો હોઉં તેમ અચરજથી મારી સામે તાકી રહ્યો.

'મારા સમ,' એ બોલ્યો, 'તું કોઈ વૈદ કે ભૂવા પાસે જા ને ઇલાજ કરાવ, તારી ડાગળી ચસકી ગઈ લાગે છે, પણ જા, આ સંબંધમાં હું કોઈને હરફ સરખો નહીં કહું.' તો એ વાત આમ પતી.

લાંબી રામાયણ માંડ્યા વિના કહું તો આ મેં મારી વહુ સાથે વીસ વરસ ગાળ્યાં. એણે છ છોકરાં જણ્યાં. ચાર દીકરી ને બે દીકરા. તરેહતરેહની વાતો બની. પણ, કશું આંખે દીઠું નહીં ને કાને સાંભળ્યું નહીં. મેં બધું ગળે ઉતારી દીધું. બસ, વાત પતી ગઈ. ધર્મગુરુએ જ એક દિવસ મને કહ્યું હતું : 'આસ્થા રાખવી તે હંમેશાં લાભદાયક નીવડે છે. સારા માણસ આસ્થા વડે જ જીવે છે.'

એકાએક મારી વહુ માંદી પડી. શરૂઆત તો નજીવી વાતથી થઈ. એને છાતી પર કાંઈક ગૂમડા જેવું નીકળ્યું પણ એ વધારે દિવસ કાઢે તેમ લાગતું નો'તું. એના દહાડા ભરાઈ ચૂક્યા હતા. મેં એની પાછળ લખલૂટ ખરચ કર્યો. હું તમને કહેવાનું ભૂલી ગયો

કે આ દરમિયાન હું મારું પોતાનું ભઠિયારખાનું ચલાવતો હતો, ને મારા ગામમાં પૈસાપાત્ર ગણાવા લાગ્યો હતો. દરરોજ નવા નવા નુસખાઓ અજમાવાતા, આજુબાજુના બધા જ ભૂવાઓને બોલાવી જોયા. એ લોકોએ જળો બઝાડવાનું નક્કી કર્યું, પણ કશું વળ્યું નહીં. આખરે પાસેના શહેરમાંથી દાક્તરને સુધ્ધાં બોલાવી જોયો, પણ હવે મોડું થઈ ચૂક્યું હતું. મરતાં પહેલાં એણે પથારી પાસે બોલાવીને મને કહ્યું :

'ગિમ્પેલ, મને માફ કર.'

મેં કહ્યું : 'મારે શું કરવાનું છે ? તું તો ભલી ને વફાદાર વહુ હતી.'

'ઓહ, ગિમ્પેલ !' એ બોલી, 'આટલાં વરસ સુધી મેં તને કેવી રીતે છેતર્યો તેની વાત તો મોઢે લવાય એવી નથી. મારે ભગવાન પાસે બધો મેલ ધોઈને જવું છે, ને તેથી હું તને કહું છું કે આમાંનું એકેય બાળક તારું નથી.'

કોઈએ માથા પર ધોકો ફટકાર્યો હોત તોય મને આટલું ન લાગત.

'તો એ કોનાં છે ?'

'હું જાણતી નથી,' એણે કહ્યું. 'કાંઈ કેટલા આવ્યા ને ગયા ....પણ એ તારાં નથી.' આમ કહેતાં એણે ડોક એક તરફ ઢાળી દીધી, એની આંખો કાચ જેવી થઈ ગઈ ને એના રામ રમી ગયા. એના કરમાયેલા હોઠ પર સ્મિત રહી ગયું.

એ મરી ગઈ હતી, છતાં મને લાગ્યું કે એ જાણે કહી રહી છે : 'મેં ગિમ્પેલને છેતર્યો. મારી ટૂંકી જિંદગીનો એટલો જ અર્થ હતો.'

શોકના દિવસો પૂરા થયા પછી એક રાતે હું લોટના ગુણિયા પર સપનાં જોતો લેટ્યો હતો ત્યાં ખુદ સેતાને હાજર થઈને કહ્યું; 'ગિમ્પેલ, ઘોરતો શું પડી રહ્યો છે ?'

મેં કહ્યું ; 'તો શું કરું ? માળા જપું ?'

'આખી દુનિયા તને છેતરે છે,' એણે કહ્યું, 'તો બદલામાં તારે દુનિયાને છેતરવી જોઈએ.'

'હું શી રીતે આખી દુનિયાને છેતરું ?' મેં પૂછયું.

એણે જવાબ વાળ્યો : 'દરરોજ એક બાલદી ભરીને મૂતર એકઠું કરી રાખ ને રાતે કણકમાં ભેળવી દે, ગામના સજ્જનો ભલે આરોગતા.'

'પછી ભગવાન ન્યાય ચૂકવશે ત્યારે ?' મેં કહ્યું.

'ન્યાયબ્યાય કશો ચૂકવાતો નથી,' એણે કહ્યું, 'તને છેતરીને તારી કેવી તો ઠેકડી ઉડાવી છે આ લોકોએ !'

'વારુ,' મેં પૂછ્યું, 'તો ભગવાન છે ખરા કે ?'

એણે જવાબ વાળ્યો : 'ભગવાન કેવા ને વાત કેવી !'

'તો પછી ત્યાં ઉપર શું છે ?'

'ખાસ્સો ઘાટો કાદવ.'

એ મારી સામે ઊભો હતો. એને બકરાના જેવી દાઢી અને શિંગડાં હતાં, એને લાંબા

લાંબા દાંત હતા, ને પૂંછડી હતી. એને આવું કહેતો સાંભળીને હું એની પૂછડી આમળવા જતો હતો. ત્યાં ગુણિયાની ઠોકર ખાઈને પડ્યો ને માંડ પાંસળી તૂટતી બચી ગઈ. ત્યાં બન્યું એવું કે તરત મારે કુદરતી હાજતે જવાનું થયું. જતાં જતાં મેં આથો ચઢેલી કણક જોઈ. એ જાણે મને કહી રહી હતી : ' તું તારે કર ને !' ટૂંકમાં, મેં એ મુજબ આખરે કર્યું.

સવારે મારો સાગરીત આવ્યો. અમે કણક ગૂંદી, ઉપર ચારોળી ભભરાવી ને એને ભઠ્ઠામાં પકવવા મૂકી. પછી મારો સાગરીત ચાલ્યો ગયો. હું એકલો ભઠ્ઠા પાસે ચીથરાના ઢગલા પર બેઠો રહ્યો 'વારું, ગિમ્પેલ !' હું મનમાં ને મનમાં બોલ્યો, 'એ લોકોએ તને બેઆબરૂ કર્યો તેનો તેં આવો બદલો લીધો ખરો.' બહાર ઠાર પડતો હતો, પણ અંદર ભઠ્ઠા પાસે ખાસ્સી હૂંફ હતી. અગ્નિની જ્વાળાઓ મારુ મોઢું શેકતી હતી. મારું માથું ઢળી ગયું ને મને ઝોકું આવી ગયું.

મેં સપનામાં જોયું તો એલ્કા કફન ઓઢીને ઊભી હતી. એણે મને બોલાવીને કહ્યું, 'અરે, ગિમ્પેલ, આ તેં શું કર્યું ? ' મેં એને કહ્યું, 'વાંક બધો તારો જ છે,' ને હું રડવા લાગ્યો.'અરે મૂરખ !' એ બોલી, 'મૂરખ, હું જૂઠી હતી માટે બધું જ જૂઠું ? આખરે તો મેં મારી જાતને જ છેતરી હતી, ને હવે એની સજા ભોગવી રહી છું. ગિમ્પેલ, અહીં હિસાબ ચૂકવવામાં કસર રાખતાં નથી.'

મેં એના ચહેરા સામે જોયું. એ કાળો પડી ગયો હતો. હું ચોંકીને સફાળો જાગી ઊઠ્યો, ને સૂનમૂન થઈને બેસી રહ્યો. મને લાગ્યું કે મારું ભાવિ ત્રાજવામાં તોળાઈ રહ્યું હતું. એક ડગલું ખોટું ભર્યું તો ખલાસ - પછી સ્વર્ગની આશા છોડી જ દેવાની ! પણ ભગવાન પોતે મારી વહારે ધાયા. મેં તો લાંબો પાવડો લીધો, રોટીઓ બહાર કાઢી, એને વાડામાં લઈ ગયો ને થીજી ગયેલી ધરતીમાં ખાડો ખોદવા લાગ્યો.

હું આ કરતો હતો ત્યાં મારો સાગરીત આવી ચઢ્યો. 'શેઠ, આ શું કરો છો તમે ?' એણે મને પૂછ્યું ને એ મડદા જેવો ફિક્કો પડી ગયો. 'હું શું કરું છું તેની મને ખબર છે.' એમ કહીને મેં એના દેખતાં બધી રોટી જમીનમાં દાટી દીધી.

પછી હું ઘરે ગયો, જે કાંઈ આજ સુધીમાં બચાવી દાટેલું હતું તે બહાર કાઢ્યું ને મારાં છોકરાંઓ વચ્ચે વહેંચી આપ્યું. 'મેં રાતે તમારી માને જોઈ.' મેં કહ્યું, 'એ બિચારી કાળી પડતી જાય છે !'

એ લોકો તો એવાં હેબતાઈ ગયાં કે કશું બોલી જ ન શક્યાં. 'તમે તમારે સુખેથી રહેજો,' મેં કહ્યું, 'ગિમ્પેલ નામનું કોઈક ક્યારેય હતું એ વાતને ભૂલી જજો,' મેં મારો ટૂંકો કોટ ને જોડા પહેર્યા, પ્રાર્થના કરતી વેળાએ ઓઢવાની શાલ એક થેલીમાં મૂકીને લીધી. બીજા હાથમાં લાકડી લીધી. ઘરની બારસાખ પરની પવિત્ર મૂર્તિને ચૂમી. લોકોએ જ્યારે મને રસ્તા પર જોયો ત્યારે બહુ અચરજ પામ્યા.

'ક્યાં જાય છે, અલ્યા ?' એ લોકોએ પૂછ્યું,

મેં જવાબ વાળ્યો, ‘દુનિયામાં.’ આમ હું ગામ છોડી ગયો.

હું ઠેકઠેકાણે ફર્યો. ભલા માણસોએ મને તરછોડ્યો નહીં. ઘણાં ઘણાં વરસો વીત્યાં, હું બુઢ્ઢો થયો. મને પળિયાં આવ્યાં. મેં ઘણું ઘણું જૂઠાણું સાંભળ્યું. પણ હું જેમ જેમ બુઢ્ઢો થતો ગયો તેમ તેમ સમજતો ગયો કે આ દુનિયામાં જૂઠાણું કશું છે જ નહીં. જે ખરેખર બનતું નથી તે આપણે સપનામાં જોઈએ છીએ. એ એકની જિંદગીમાં નથી બનતું તો બીજાની જિંદગીમાં બને છે; આજે નથી બનતું તો કાલે બને છે, કે બીજે વર્ષે નથી બનતું તો એક સદી પછી બને છે. એથી શો ફેર પડ્યો ? ઘણી વાર હું એવી વાતો સાંભળતો કે જે માન્યામાં નહીં આવતી. હું કહેતો : ‘આવું તે કાંઈ બને ખરું ?’ પણ એકાદ વરસ ન થાય ત્યાં હું સાંભળું કે ફલાણી જગ્યાએ એ મુજબ બન્યું.

એક ગામથી બીજે ગામ ફરતા, જુદી જુદી જગ્યાએ ખાતાંપીતાં મને ગપ હાંકવાની ટેવ પડી ગઈ, જે કદી બને નહીં તેવી વાતો હું કહેવા મંડ્યો. ભૂતપ્રેત, જાદુ, પવનચક્કી આવું બધું બનાવી કાઢીને હું કહેતો. છોકરાંઓ મારી પાછળ દોડતાં ને કહેતાં, ‘દાદાજી, એક વાર્તા કહોને !’ કેટલીક વાર તો એ લોકો અમુક એક ખાસ વાર્તાની ફરમાયેશ કરતાં, ને હું એમને ખુશ કરવા પ્રયત્ન કરતો. એક પક્કા છોકરાએ એક વાર કહ્યું, ‘દાદાજી, આ તો તમે કહેલી તેની તે જ વાત ફરી કહી.’ લુચ્ચો કઈનો ! એનું કહેવું ખરું હતું,

સપનાનું પણ આવું જ. મને ગામ છોડ્યાને તો ઘણો વખત થયો છે, પણ હજુય આંખ બંધ કરતાંની સાથે ત્યાં મને કોણ દેખાય છે, જાણો છો ? એલ્કા ! એ કપડાં ધોવાની કૂંડી આગળ ઊભી છે – અમારી પહેલી જ મુલાકાત વખતે ઊભી હતી તેમ – પણ એના મોઢા પર તેજ છે ને એની આંખોમાં કોઈ સંતની આંખમાં હોય છે તેવો ચમકારો છે. એ મને કશીક અજાણી જ ભાષામાં કાંઈ વિચિત્ર વાતો કહી રહી છે. જાગતાંવેંત આમાંનું કશું જ મને યાદ રહેતું નથી. પણ સપનું ચાલતું હોય છે ત્યાં સુધી મને ભારે સુખ થાય છે. એલ્કા હું જે કાંઈ પૂછું છું તેના જવાબ વાળે છે, ને આખરે બધાનો સાર એટલો કે જે થયું છે તે ઠીક જ થયું છે, હું કરગરી પડીને એને કહું છું. ‘મને તારી પાસે આવવા દે.’ એ મને આશ્વાસન આપે છે ને ધીરજ ધરવાનું કહે છે. હવે જેટલાં કાઢ્યાં તેટલાં કાઢવાનાં રહ્યાં નથી. કેટલીક વાર એ મારે માથે હાથ ફેરવે છે ને મને ચૂમે છે. એનાં આંસુ મારા ગાલ પર ટપકે છે. હું જાગી ઊઠું છું ત્યારે એના હોઠ મને હમણાં જ અડ્યા હોય એવું લાગે છે, એનાં આંસુનો ખારો સ્વાદ મોંમાં રહી જાય છે.

આ દુનિયા તો નરી માયાજાળ છે એની ના નહીં, પણ સાચી દુનિયાથી એ એક જ ડગલું છેટી છે. જે કોટડીમાં હું પડ્યો રહું છું તેના ઉમ્બર આગળ જ મડદાને ઊંચકી લઈ જવાનું પાટિયું પડ્યું છે. ઘોર ખોદનારો કોદાળી પાવડો તૈયાર રાખીને જ બેઠો છે. કબર પણ મોઢું પહોળું કરીને બેઠી છે ને એમાંના કીડા ભૂખ્યા થયા છે; કફન તૈયાર થઈ ગયું છે, હું મારી ભિખારીની થેલીમાં એને સાથે રાખીને ફરું છું. મારી પરાળની પથારીનો વારસો લેવા બીજો ભિખારી નજર રાખીને જ બેઠો છે. જવાનો દિવસ આવે ત્યારે હું

હસતે મોઢે વિદાય લઈશ. બીજી દુનિયામાં શું હશે તેની તો મને ખબર નથી, પણ જે કાંઈ હશે તે સાચું હશે, એમાં કશું અટપટું નહીં હોય, એમાં છેતરપિંડી નહીં હોય, એમાં હાહાહીહી કરવા જેવું પણ કશું નહીં હોય, ભગવાનનું ભલું થાઓ : ત્યાં ગિમ્પેલને સુધ્ધાં કોઈ છેતરી નહીં શકે.

અનુ. સુરેશ જોષી

સાત પૈસા

ઝિગમોન્ડ મોરિત્સ

ગરીબો પણ હસી શકે છે - દેવોએ આ એક સારી વ્યવસ્થા કરી છે.ભાંગીતૂટી ઝૂંપડીમાં માત્ર રડવુંકૂટવું કે હાયનિસાસા જ સંભળાય એવું નથી. ત્યાં મુક્ત હાસ્ય ગાજી ઊઠે છે. એટલું જ નહીં. જ્યાં રડવું ઉચિત હોય ત્યાં ગરીબો હસી પડે છે.

ગરીબોની દુનિયા હું સારી પેઠે જાણું છું. મારા બાપુજી ગરીબ કુટુમ્બના જ આદમી હતા. ઘરમાં હાંલ્લાં કુસ્તી કરે. એક કારખાનામાં એઓ દિવસના મજૂરીનું કામ કરતા. એ દિવસોને માટે એમનામાં અભિમાન નહોતું, કોઈને હોઈ શકેય નહીં. ને છતાં એ દિવસો મિથ્યા હતા એવુંય નથી.

ને બાળપણના એ દિવસો દરમિયાન હું જેટલું હસ્યો છું, તેટલું આખી જિંદગીમાં કદીય હસી શકવાનો નથી, તે પણ સાચું, અમને હસાવનારી એ મા હવે રહી નથી, પછી હસવું આવેય શી રીતે ? એના બંને ગાલ પર ફિક્કી રતાશ છવાયેલી રહેતી. મારી મા એવું મીઠૂં હસતી કે આખરે હસતાં હસતાં આંખમાંથી મોતી જેવાં આંસુ ટપકી પડતાં; હસતાં હસતાં ઊધરસનો ઊથલો આવતાં એનો શ્વાસ સુધ્ધાં રૂંધાઈ જતો.

ને મારી મા પણ તે દિવસ જેટલું કદીય હસી નથી. સાત પૈસા શોધતાં તે દિવસે અમે સાંજ પાડી દીધી હતી. શોધતાં શોધતાં આખરે પૈસા મળ્યા હતા. ત્રણ મળ્યા સીવવાના સંચાના ખાનામાંથી, એક લૂગડાંની ગડીમાંથી મળ્યો...ને બાકીના મહામુશ્કેલીએ મળ્યા.

પહેલાં ત્રણ પૈસા તો માએ જાતે જ શોધી કાઢ્યા હતા. માને હતું કે સીવવાના સંચાના ખાનામાંથી વધારે પૈસા મળશે. કપડાં સીવીને મા થોડા પૈસા બચાવતી, ને તેને સંચાના ખાનામાં સંઘરતી. અમારે મન એ ખાનું એટલે જાણે કુબેરનો અખૂટ ભંડાર. એમાં હાથ નાંખો એટલે જે જોઈએ તે મળે !

તેથી માએ એ ખાનામાંના સોય, બટન, કાતર, ફીતના ટુકડા, દોરાનાં રીલ વગેરેમાં હાથથી ફંફોળતાં ફંફોળતાં જ્યારે કહ્યું કે ‘અરે, એ તો સંતાઈ ગયા લાગે છે !’ ત્યારે હું એકદમ અવાક્ જ બની ગયો.

મેં પૂછ્યું : 'કોણ સંતાઈ ગયા છે ?'

'પૈસા સ્તો,' મા હસીને બોલી ઊઠી, ત્યાર પછી એણે ખાનું બહાર ખેંચી કાઢ્યું.

'આવ દીકરા, આપણે દુષ્ટ પૈસાઓને એક વાર શોધી તો જોઈએ. અરે પાજી, દુષ્ટ પૈસા....'

ભોંય પર બેસી પડીને માએ ખાનું ઊંધું વાળી દીધું, કેમ જાણે પૈસાને પાંખ આવવાની હોય, ને એ તક મળતાં ઊડી નહીં જવાના હોય ! પતંગિયું પકડવાને કેટલાક લોકો એના ઉપર સિફતથી ટોપી ટાંકી દે છે ને, તેવું જ એણે કર્યું.

આ જોઈને હસવાનું ખાળી શકાય ખરું ?

મા ખડખડ હસતી જાય ને બોલતી જાય :

'આમાં જ છે, પૈસા આ ખાનાની અંદર જ છે.' પણ ખાનું ઠાલવી નાખીને જોવાની એ જરાય અધીરાઈ બતાવે નહીં.

'એકાદ પૈસોય રહ્યો હશે, તો તે જરૂર આની અંદર જ હશે.' હું પણ ભોંય પર બેસી પડીને એ ખાનામાંથી ચકચક થતો એકાદ પૈસો ધીરે રહીને છાનોમાનો ડોકિયું કરે છે કે નહીં તે તાકીતાકીને જોવા લાગ્યો. પણ ક્યાંય કશું હાલ્યુંચાલ્યું નહીં. ખરું પૂછો તો, એ ખાનામાં એવું કશું રહી શકે એની અમનેય આશા તો નહોતી જ.

આ અમારી નાદાની પર અમે બેઉ જણે એકબીજા સામે જોઈ હસ્યા જ કર્યું. ઊંધા વાળેલા ખાનાને હું એક વાર અડકવા ગયો, એટલામાં મા મને ચેતવતી એકાએક બોલી ઊઠી :

'ઊભો રહે, ઊભો રહે. બહુ સાવચેતી રાખવી પડશે, નહીં તો એ નાસી જશે. પૈસા કેવા નાસી જઈ શકે છે તે તો તું જાણે છે ને ? ઘણું ખરું ઊડી જ જાય છે. ને એનું ઊડવાનુંય તે કેવું....!'

હસીહસીને અમે ઢગલો વળી જતાં હતાં. પૈસાને માટે દોડી જવું કેટલું સહેલું હતું તે અમે અનુભવથી બરાબર જાણતાં હતાં. હસવાનો ઊથલો સહેજ અટકતાં ખાનું ઠાલવી નાખવા મેં હાથ લંબાવ્યો.

'અરે અરે,' મા બૂમ પાડી ઊઠી. મેં ભયભીત થઈને હાથ તરત પાછો ખેંચી લીધો. કેમ જાણે સળગતા અંગારા પર હાથ મુકાઈ ન ગયો હોય !

'અરે, નવાબના દીકરા ! જરા સાવધાન. તને એને છેડ્યા વગર ચાલતું નથી ! જ્યાં સુધી અંદર છે ત્યાં સુધી જ એ આપણો છે. થોડી વાર તો એને રહેવા દે, બેટા ! આજે થોડાંક કપડાં ધોવાનાં છે. એ માટે સાબુ જોઈશે. ને સાબુની એક ગોટી માટે ઓછામાં ઓછા સાત પૈસા તો જોઈશે જ. એથી ઓછામાં તો કશું જ આવે નહીં. હવે આપણી પાસે આ ત્રણ પૈસા છે. બીજા ચાર જોઈએ. આ નાના ઘરમાં જ ક્યાંક એ છે; ને છતાં કોઈ ખલેલ પહોંચાડે તે એમને ગમતું નથી. એ ગુસ્સે થઈ જશે તો ઘર છોડીને એવા તો જતા રહેશે કે ફરી કદી આવશે જ નહીં ! તેથી કહું છું કે ભાઈ, સાવધાન. પૈસાની

જાત ભારે અભિમાની હોય છે. ભારે કાળજીથી, સન્માનપૂર્વક એમની સાથે વર્તવું જોઈએ. જમીનદારના ઘરની યુવાન વહુની જેમ એમને સહેજસહેજમાં વાંકું પડે. એને રમાડવાનો કશો ટુચકો તને આવડે છે, બેટા ? આપણે એને ફોસલાવી પટાવીને બહાર કાઢી શકીએ છીએ કે કેમ તે જોઈએ વારુ.'

આમ બોલતાં બોલતાં અમે કેટલું હસ્યા તે તો એક ભગવાન જ જાણે છે. આખી વસ્તુ જ ભારે હસવા જેવી હતી.

'પૈસામામા, પૈસામામા, બહાર આવો ને.'

ઘેરે તમારી આગ લાગી, આવો ને. આમ કહીને મેં પૈસાનું ઘર સાવ ઊલટાવી નાંખ્યું. ખાનાની અંદર બીજી હજાર જટાજંજાળ હતી, પણ પૈસો એકેય નહોતો. મોઢું ભારે કરીને બધી વસ્તુ જુદી પાડીને જોવા માંડ્યું, પણ નકામું !

'બળ્યું નસીબ !' મા બોલી; 'એકાદ ટેબલ હોત તો કેવું સારું ! ટેબલમાં આ ખાનાને સ્થાન આપી શકાયું હોત તો કદાચ પૈસાએ એમાં રહેવાનું કબૂલ રાખ્યું હોત.'

નાનીમોટી પરચૂરણ વસ્તુઓને માએ ફરીથી ખાનામાં ગોઠવીને મૂકી. ને ફરી એ વિચારે ચઢી. બીજી કોઈ જગ્યાએ કદીય પૈસો એણે મૂક્યો છે કે નહીં તે યાદ કરવા લાગી; પણ હજાર પ્રયત્ન કરવા છતાં એને કશું યાદ આવ્યું નહીં.

મારા મગજમાં એક યાદ ચમકી ગઈ : 'મા, મને પૈસાની બીજી એક જગ્યાની ખબર છે.'

'ક્યાં દીકરા ? એય કદાચ બરફની જેમ ઓગળીને વહી જશે, ચાલ ચાલ, તે પહેલાં એને શોધી કાઢીએ.'

'વાસણ ગોઠવીએ છીએ ત્યાં.'

'અરે ભલા માણસ, આ પહેલાં તેં એ કહ્યું નહીં તે સારું જ કર્યું, નહીં તો તે એ ત્યાંય રહ્યો હોત ખરો !'

અમે ઊઠીને રસોડામાં ગયાં. વાસણ ગોઠવવાના કબાટના ઘણાખરા કાચ તો આ પહેલાં ક્યારનાય ફૂટી ચૂક્યા હતા. પણ એના ખાનામાંથી, હું જ્યાં કહેતો હતો ત્યાંથી જ, એક પૈસો તો મળી આવ્યો. એને તફડાવવાને હું ત્રણ દિવસથી વેતરણમાં હતો, પણ હિંમત ચાલી હોત તો એ પૈસો ખરચીને મેં સાકર લીધી હોત.

'ત્યારે હવે આપણી પાસે ચાર પૈસા તો થઈ ગયા બેટા, આપણને ચિન્તા શી છે ? સાતમાંથી મોટા ભાગના પેસા તો મળી ગયા. હવે માત્ર ત્રણ જ પૈસા જોઈએ એકાદ કલાકમાં એ પણ જો મળી જાય તો સાંજની ચા પહેલાં આપણા હાથમાં પૂરા પૈસા આવી જશે. તો તો સાંજ પછી કપડાં ધોવાનું પણ પતી જશે. ચાલ ભાઈ, ઝટપટ બાકીનાં ખાનાં પણ ખોળી વળીએ જો એકાદ પૈસો મળતો હોય તો.'

દરેક ખાનામાં જો એક પૈસો હોય તો ! ઓહ તો તો કેટલા બધા પૈસા થઈ જાય ! ખાનાં બધાં જૂનાં છે. નવાં હતાં ત્યારે એમાં ઘણું ઘણું મુકાતું હશે. પણ અમારા ઘરમાં

એ બિચારાંને કદી વધારે બોજો ઉઠાવવાનું આવ્યું જ નથી. તેથી ઊધઈ ખાઈ ગઈ હોય તેવી જર્જરિત સ્થિતિમાં એમને જોતાં નવાઈ લાગતી નથી.

એક એક ખાનાને ઉદ્દેશીને માએ ભાષણ આપવાનું શરૂ કર્યું :

'આ ખાનું તો એક વાર ભારે મોટો માણસ હતું. એમાં કદી કશું રહેતું નહીં. ને આનું તો ઉધારથી જ બધું કામ ચાલે છે. કેમ અલ્યા બદમાશ, ભિખારી, તારી પાસેય એક્કેય પૈસો નથી, ખરું ને ? ને આમાંય શાનું કશું હોય ? — કારણ કે એ તો આપણી દુર્દશાનો ચોકીદાર છે. જો આ ખાનું આજે આપણને કશું નહીં આપે તો ભવિષ્યમાંય કદી કશું મળવાનું નથી. આ પહેલાં તો એની પાસે કદી કશું માગ્યું નથી. આ પહેલી જ વાર માગવાનો વારો આવ્યો છે. જો તો , સૌથી વિશેષ આની પાસે છે...' એમ કહીને ખડખડ હસતાં માએ સૌથી નીચેનું ખાનું ખેંચી કાઢ્યું. એને તો તળિયું સુધ્ધાં નહોતું ! માએ એને મારા ગળામાં પહેરાવી દીધું ને અમે બંને હસીને બેવડ વળી ગયાં.

'ઊભો રહે.' મા એકાએક બોલી ઊઠી :

'જો તો ખરો, હમણાં જ પૈસા બહાર કાઢી બતાવું છું. તારા બાપુના ખિસ્સામાંથી જરૂર કાંઈક તો મળશે જ.'

ભીંત પર ખીલો ઠોકીને અમે કપડાં ટીંગાડતા. પણ કેવી નવાઈની વાત !

પહેલાં ખિસ્સામાં જેવો માએ હાથ નાંખ્યો કે તરત જ એક પૈસાને એની આંગળી અડકી. મા પોતાની આંખ પર પણ વિશ્વાસ રાખી શકી નહીં. 'જો તો !' મા બોલી ઊઠી : 'કેવો મળી ગયો ! હવે આપણી પાસે કેટલા થાય તે ખબર છે ? હવે તો આપણાથી ગણી પણ નહીં શકાય. એક-બે-ત્રણ-ચાર-પાંચ ! હવે માત્ર બેની જ જરૂર રહી. બે પૈસા એ તે શી મોટી વાત છે ? પાંચ મળ્યા તો બેનું તે શું ગજું !'

ભારે ઉત્સાહથી મા બાકીનાં ખિસ્સાં ફંફોળવા લાગી, પણ રે નસીબ, કશું હાથ લાગ્યું નહીં. બીજો એક્કેય પૈસો જડ્યો નહીં. માએ પોતાનાથી બને તેટલું કર્યું, પણ કાંઈ વળ્યું નહીં.

શ્રમ અને ઉત્તેજનાને કારણે માના ગાલ લાલ લાલ થઈ ઊઠ્યા જાણે બે રાતાં ગુલાબ ! શ્રમ પડવાથી માની તબિયત બગડે તેથી કોઈ એને બહુ મહેનત નહીં કરવા દેતું.પણ આ શ્રમની વાત જ જુદી. પૈસાની જરૂર પડી હોય તો કોણ ન શોધે ?

સાંજની ચાનો વખત થયો ને વીતી ગયો. થોડી વાર પછી પૃથ્વી ઉપર રાત ઊતરી આવશે. સવારે બાપુનું ખમીસ તૈયાર જોઈશે. તે હજુ સુધી તો એ ધોવાયું નથી. કૂવાના પાણીએ ધોવાથી તેલના ડાઘા નીકળે નહીં.

એકાએક કપાળમાં હાથ ઠોકીને મા બોલી ઊઠી : 'જોયું ને તેં, કેવી મૂરખી છું હું ! મારાં ખિસ્સાં જ મેં જોયાં નહી, આટલી વારે યાદ આવ્યું છે, ત્યારે એક વાર જોઈ તો લઉં....'

માએ ખિસ્સાં જોયાં, ને વળી એક પૈસો એને જડી ગયો. એના આનંદના ઉશ્કેરાટથી

અમે ચંચળ થઈ ઊઠ્યાં. હવે એક જ પૈસો બાકી રહ્યો. 'તારાં ખિસ્સાંય બતાવ તો બેટા, એમાંય કદાચ એકાદ પૈસો હોય.'

'મારાં ખિસ્સાં ? બતાવું, લે ને ! બાકી એમાં કશુંય નથી.'

સાંજ પડી, અમારા હાથમાં એ છ પૈસા હતા. એનું હોવું ન હોવું સરખું જ હતું. યહૂદીઓ અમને ઉધાર આપતા નહોતા ને અમારા પાડોશી અમારા જેવા જ ગરીબ હતા. કોઈ પૈસાની વાત મોઢે લાવતું નહીં.

પોતાની આ દુર્દશા જોઈને મન મૂકીને હસવા સિવાય બીજું શું કરી શકાય ?

એવામાં એક ભિખારી આવી ચઢ્યો. રાગ કાઢી કાઢીને એ એક લાંબી વિલાપની કથની સંભળાવતો હતો. હાસ્યના ઊથલાથી મા તો મૂર્છિત થઈ જવાની અણી ઉપર હતી.

'માફ કર ભાઈ !' માએ કહ્યું : 'આખી બપોર ને સાંજ અમારી એક પૈસો શોધવામાં જ ગઈ. અમારેય એક પૈસાની ભારે જરૂર છે. એ જો નહિ મળે તો એક ગોટી સાબુના પૈસા ભેગા થશે નહીં.'

નમ્ર ચહેરાવાળો બુઢ્ઢો માણસ – એ ભિખારી માની સામે સ્થિર દૃષ્ટિએ જોઈ રહીને પૂછવા લાગ્યો :

'એક પૈસો ? '

'હા.'

'હું તમને એક પેસો આપું...'

'એટલે થયું...ભિખારી પાસે હાથ પસારવાનું જ બાકી હતું !'

'ના દીકરી ના. પૈસો આપવાથી હવે મારું શું લુંટાઈ જવાનું હતું ? મારે તો હવે માત્ર ઘોર પૂરવાને થોડી માટીની જ જરૂર છે. પછી બધું ઠીક થઈ જશે.'

એણે અમારા હાથમાં પૈસો મૂકી દીધો. ને પછી ભગવાનનું નામ દેતો ડોલતો એ ચાલ્યો ગયો.

મા બોલી : 'ત્યારે ભગવાનનો પાડ. બીજો કોઈ નહીં ને .....'

એકાએક બોલતાં થંભી જઈને એ જોરથી હસી પડી.

'ઠીક વખતે પૈસો આવી મળ્યો, દીકરા ! હવે કપડાં ધોવાય શી રીતે ? અંધારું થઈ ગયું છે. દીવામાં તેલ સુધ્ધાં નથી.'

હસતાં હસતાં માનો શ્વાસ રૂંધાઈ જાય છે. એ શ્વાસનું રૂંધાવું ભારે ખરાબ હોય છે. મોંઢે હાથ દઈને મા સામે જોઈને ઝૂકી પડે છે. મેં જઈને માને પકડી લીધી. કશુંક ગરમ એકાએક છલકાઈને મારા હાથ પર પડ્યું

એ લોહી હતું, માનું પોતાનું પવિત્ર લોહી. ગરીબોમાંય માના જેટલું હસી જાણનારા બહુ થોડા, એવી મારી માનું લોહી.

અનુ : સુરેશ જોષી

ઈસુ ક્રૂસ પર ચઢ્યા ત્યારે

લિયોનિડ એન્ડ્રીવ

એ ગોઝારા દિવસે, જ્યારે આખી દુનિયાને અનિષ્ટકર એવું કૃત્ય આચરવામાં આવ્યું અને ઈસુ ખ્રિસ્તને ગોલગોથા પર બે ચોરની વચ્ચે ક્રૂસ પર ચઢાવવામાં આવ્યા – તે દિવસે જેરુસલેમના એક વેપારી બેન-ટોબિટને વહેલી પરોઢથી જ દાંતનો અસહ્ય દુખાવો ઊપડ્યો હતો.

એમ તો એના દાંત આગલા દિવસની સાંજથી જ દુખવા લાગ્યા હતા. પહેલાં તો જમણા જડબામાં સહેજ કળતર થવા માંડ્યું હતું, ને ડહાપણની દાઢની પાસેનો એક દાંત ઊપસી આવેલો લાગતો હતો, જીભ જ્યારે જ્યારે એને અડતી ત્યારે સહેજ દુખી આવતું.પણ રાતના વાળુ પછી દુખાવો તદ્દન મટી ગયો હતો; બેન-ટોબિટ દુખાવાની વાત સાવ ભૂલી જ ગયો હતો; ને દુનિયા એને સારી લાગવા માંડી હતી - તે દિવસે એણે એક નફાનો સોદો કર્યો હતો. એના ઘરડા ખચ્ચરના બદલામાં એણે એક જુવાન ને સબદું ટટ્ટુ મેળવ્યું હતું. એ ખુશમિજાજમાં હતો. ને તેથી એણે દુશ્ચિહ્નો તરફ ખાસ ધ્યાન આપ્યું નહીં.

ને એને તે રાતે ઊંઘ પણ સારી આવી, પણ પરોઢ થતાં કંઈક એને કષ્ટ આપવા લાગ્યું, કેમ જાણે કોઈ એને અગત્યના કામે જવા માટે ઢંઢોળી ન રહ્યું હોય ! ને જ્યારે બેન-ટોબિટ ધૂંધવાતો ધૂંધવાતો ઊઠ્યો, ત્યારે એના દાંત કળતા હતા, કશી લાજ શરમ રાખ્યા વગર પૂરી દુષ્ટતાથી કળતા હતા, ને તેથી એને વીંધી નાખતી તીક્ષ્ણ વેદના થતી હતી. આ વેદના ગઈ કાલના પેલા ઊપસી આવેલા દાંતને કારણે થતી હતી કે પછી બીજા બધા દાંતોએ સંપ કરીને એને પજવવા માંડ્યો હતો, તે એનાથી હવે કળી શકાતું નહોતું : એનું આખું મોઢું ને માથું દુ:ખની ભયંકર સંવેદનાથી હચમચી ઊઠ્યાં હતાં. કેમ જાણે એને કોઈએ લાલ ધગધગતા હજારો તીણા ખીલા ચાવવાનું કહ્યું ન હોય !

માટીના કૂંજામાંથી એણે એક ચાંગળું પાણી મોઢામાં ભર્યું. થોડી ક્ષણ પૂરતું તો દરદ પાછું હઠી ગયું, દાંત ધ્રૂજવા ને ઝૂલવા લાગ્યા, ને આ એને આગળની વેદના કરતાં ખરેખર

સુખદ લાગ્યું. બેન-ટોબિટ ફરીથી સૂતો, પોતાના નવા ટટ્ટુનો વિચાર કરવા લાગ્યો.જો આ દાંત ન દુ:ખ્યા હોત તો એ કેવો સુખી હોત ! એણે ઊંઘવાને માટે ખૂબ ફાંફા માર્યા. પણ મોઢામાંનું પાણી ગરમ થઈ ગયું અને પાંચ મિનિટ પહેલાંના કરતાં બમણા જોરથી દરદનો હુમલો ફરી આવ્યો, ને બેન-ટોબિટ વેદનાનો માર્યો આમથી તેમ લોલકની જેમ ડોલવા લાગ્યો. એના આખા મોઢા પર કરચલીઓ પડી ગઈ. ને એ એના આગળ પડી આવતા નાક આગળ એકઠી થઈ. યાતનાને કારણે ધોળા ફક થઈ ગયેલા નાકના ટેરવા પર ઠંડા પરસેવાનું એક બિન્દુ બાઝી ગયું.

ને આમ દરદથી ડોલતાં ને કણસતાં એણે સૂર્યનાં પ્રથમ કિરણોને વધાવ્યાં. એ સૂર્યના નસીબમાં તે દિવસે ગોલગોથા પરના ત્રણ ક્રૂસો જોવાનું ને એ જોઈને ભય અને વિષાદથી ઝાંખા પડી જવાનું લખાયું હતું.

બેન-ટોબિટ આમ તો અચ્છા સ્વભાવનો ને ભલો આદમી હતો. કોઈનું ખરાબ કરવાનું એને ગમતું નહીં, ને છતાં તે દિવસે એની પત્ની જાગી ત્યારે તેને એણે ઘણાં કડવાં વેણ સંભળાવી દીધાં. જોકે આમ તો દરદને કારણે એનું મોઢું પણ પૂરું ખૂલી શકતું નહોતું ! એણે એની પત્ની આગળ ફરિયાદ કરી : 'તેં તો મને શિયાળવાની જેમ એકલો છોડી દીધો. હું દરદથી અમળાઈને કણસ્યા કરું તેથી તને શું ?' એની પત્નીએ આ કડવાં વેણ, કશો જ અપરાધ નહોતો છતાં હાર્દિકતાથી સ્વીકારી લીધાં, ને સાફ કરેલી ઉંદરની લીંડી, વીંછીના ડંખનો ટુકડો તથા મોઝિસે ભાંગી નાખેલી ધર્મવચનોવાળી માટીની પાટીનો ટુકડો, આ બધી સામગ્રી એણે એકઠી કરી.

ઉંદરની લીંડીએ દુ:ખાવો ઓછો કર્યો ખરો, પણ તે થોડા સમય પૂરતો જ. વીંછીના આંકડા તથા માટીની પાટીના ટુકડાનું પણ એવું જ.

થોડો.વખત કરાર વળ્યા પછી, બમણા જોરથી દરદે હુમલો કર્યો. વચમાં સહેજ આરામના ગાળામાં એણે એના જુવાન ટટ્ટુના ને એનાથી પૈસા કમાવાની યોજનાના વિચારો કર્યા, પણ દરદ વધતાં એ વધુ ને વધુ કણસવા લાગ્યો, એની પત્ની ઉપર ઘૂરક્યો, ને જો દુખાવો ઓછો નહીં થાય તો પથ્થર સાથે માથું પછાડવાની ધમકી પણ આપી ને આખો વખત એણે એના ઘરના સપાટ છાપરા પર આંટા માર્યા કર્યા. પણ શરમનો માર્યો એ રસ્તા પર પડતા છાપરાના છેડા તરફ ગયો નહીં, કારણ કે સ્ત્રીઓ ઓઢે તેવી રીતે એણે માથે શાલ વીંટાળેલી હતી.

બાળકો ઘણી વાર દોડતાં દોડતાં આવીને ઉતાવળમાં નાઝેરાથના ઈસુ વિશે કંઈકનું કંઈક એને કહી જતાં ત્યારે બેન-ટોબિટ સહેજ થંભી એમનું કહેવું સાંભળતો. પણ પછી તરત જ ગુસ્સાંમાં એનો પગ અફાળીને એ બાળકોને હાંકી મૂકતો; આમ તો એ માયાળુ સ્વભાવનો માણસ હતો, બાળકો એને વહાલાં લાગતાં પણ આજે એ ધૂંધવાઈ ઊઠ્યો હતો, કારણ કે બાળકો ગમે તેવી નજીવી વાતો એને કાને લાવી એંને ચિઢવી રહ્યાં હતાં.

વાત આટલેથી જ અટકતી નહોતી : શેરી અને આજુબાજુનાં બધાં જ ઘરનાં છાપરાં

લોકોનાં ટોળાથી ઊભરાઈ ગયાં હતાં. એ લોકોને બેન-ટોબિટના સ્ત્રીની જેમ શાલમાં લપેટેલા ચહેરા તરફ તાકી રહેવા સિવાય બીજું કશું કામ હોય એમ લાગતું નહોતું. ને એ છાપરા પરથી નીચે ઊતરવા જ જતો હતો, ત્યાં એની પત્નીએ એને કહ્યું : 'પણે જુઓ તો, પેલા લોકો ચોરોને લઈ જાય છે. એ જોશો તો કદાચ તમારું દરદ સહેજ વિસારે પડશે.'

'તું મને જંપવા દે. મને કેટલું દરદ થાય છે તે તું જોતી નથી ?' બેન-ટોબિટે ઘુરકીને જવાબ આપ્યો.

પણ પત્નીના શબ્દથી એના દાંતનો દુખાવો સહેજ વિસારે પડશે એવી આછી આશા એના મનમાં બંધાઈ, ને એ કચવાતો છાપરાના છેડા તરફ ગયો. એનું માથું એક તરફ રાખી, એક આંખ બંધ કરી, સૂજેલા ગાલને ટેકો આપી, લગભગ રડમસ ચહેરે એણે નીચે જોયું.

ટેકરી તરફ જતી સાંકડી શેરીમાં થઈ ને લોકોનું મોટું ટોળું અસ્તવ્યસ્ત સ્થિતિમાં, ખૂબ ધૂળ ઉડાડતું ને ઘોંઘાટ કરતું જઈ રહ્યું હતું. એ ટોળાની વચ્ચે ક્રૂસના ભાર નીચે દબાઈ જતા અપરાધીઓ ચાલતા હતા. એમનાં માથા પર રોમન સૈનિકોના ચાબખાઓ કાળા સાપની જેમ ઘૂમી રહ્યા હતા. એમાંનો એક લાંબો, મુલાયમ વાળવાળો, ફાટી ગયેલો ને લોહીના ડાઘવાળો ઝભ્ભો પહેરનાર રસ્તા વચ્ચે ફેંકેલા પથ્થર સાથે અથડાયો ને પડી ગયો. ઘોંઘાટ એકદમ વધી ગયો, ને સાગરના જેવું પંચરંગી ટોળું એ પડેલા માણસના પર ચારે બાજુથી ઊમટી પડ્યું.

બેન-ટોબિટ દરદનો માર્યો કંપી રહ્યો હતો. કોઈકે એના દાંતની અંદર લાલચોળ તપાવેલો સોયો ખોસી દઈને, એને જોર દઈને મરડી નાખ્યો હોય એવું એને લાગતું હતું. એના મોઢામાંથી દર્દનો એક લાંબો ચિત્કાર નીકળી ગયો. છાપરાનો છેડો છોડીને એ આવતો રહ્યો. એનો મિજાજ વિફરી ગયો હતો, એને કોઈ પ્રત્યે સહાનુભૂતિ થતી નહોતી.

'જુઓ તો ખરા, આ લોકોનો ઘોંઘાટ !' કંઈક અદેખાઈથી એ ગણગણ્યો. એની આંખ આગળ ખુલ્લાં મોઢાં અને એની અંદરના મજબૂત દાંતનું ચિત્ર ખડું થયું. એને થયું : 'હું જો સાજો હોત તો કેટલો મોટો અવાજ કરીને મેં શેરીને ગજાવી મૂકી હોત !'

એની આંખ સામે ખડા થયેલા આ ચિત્રને કારણે એનું દરદ એકદમ વિફર્યું, એના લમણાના ધબકારા વધી ગયા ને એ વાછરડાની જેમ બરાડી ઊઠ્યો : 'ઓ....!' 'લોકો કહે છે કે એણે આંધળાંને દેખતાં કર્યા છે.' બેન-ટોબિટનાં પત્નીએ કહ્યું. એ છાપરાના છેડા પર ક્યારની જડાઈને ઊભી રહી હતી. ચાબખા ખાતા ખાતા ઊભા થઈને ઈસુ ધીમે ધીમે ચાલવા લાગ્યા હતા. તે સ્થળે એણે એક કાંકરો ગબડાવ્યો.

'ઓહો, એમ કે ? એ મારો દાંતનો દુખાવો દૂર કરી દે તો બસ છે.' બેન-ટોબિટે વ્યંગમાં કહ્યું ને રોષથી ઉત્પન્ન થયેલી કટુતા સાથે ઉમેર્યું : 'જો ને, આ લોકો કેટલી

ધૂળ ઉરાડે છે ! જાણે ઢોરનું ધણ નહીં જતું હોય ! કોઈકે સોટો લઈને એમને વિખેરી નાંખવા જોઈએ. મને જરા નીચે લઈ જા, જોઉં.'

એની પત્નીનું કહેવું સાચું નીકળ્યું : આ દૃશ્યથી બેન-ટોબિટનું દરદ સહેજ વિસારે પડ્યું; અલબત્ત, એ કદાચ ઉંદરની લીંડીનો પણ પ્રતાપ હોય ! ગમે તેમ પણ આખરે એને ઊંઘ આવી ગઈ. ને જ્યારે એ જાગ્યો ત્યારે દુખાવો લગભગ દૂર થઈ ગયો હતો. માત્ર જમણા જડબા તરફના દાંતના પેઢુનો સહેજ સરખો સોજો હવે રહ્યો હતો. ને તે પણ કોઈનું ખાસ ધ્યાન ખેંચે એવો નહોતો. એની પત્નીને મતે એ જરાય નજરે ચઢે એવો નહોતો, પણ બેન-ટોબિટ એ સાંભળીને ખંધું હસ્યો; એની પત્ની કેટલી માયાળુ હતી, તેની એને ખબર હતી, ને સાંભળનારને ગમે એવી વાતો કહેવાની તેને ટેવ હતી તે એ જાણતો હતો. એનો પડોશી ચામડાં પકવનાર સેમ્યુએલ એટલામાં આવ્યો, ને બેન-ટોબિટ એને પોતાનું નવું ટટ્ટુ બતાવવા લઈ ગયો. ને સેમ્યુએલે ટટ્ટુના તથા ટટ્ટુના માલિકનાં વખાણ કર્યાં. આ સાંભળીને એની છાતી ફુલાઈ ઊઠી. બેન-ટોબિટની કુતૂહલપૂર્ણ પત્નીની વિનવણીને સ્વીકારીને પછીથી ત્રણે જણ ગોલગોથાની ટેકરીએ ક્રૂસ પર ચઢેલા પેલા ત્રણને જોવા નીકળ્યાં. રસ્તામાં બેન-ટોબિટે સેમ્યુએલને પોતાના દાંતના દુખાવાની વાત અથથી તે ઇતિ સુધી માંડીને કહી : ગઈ રાતે જમણા જડબામાં કેવી રીતે સણકો શરૂ થયો, ભયંકર દરદથી કેવી રીતે એ મધરાતે જાગી ઊઠ્યો, વગેરે એના વર્ણનને તાદૃશ બનાવવાને માટે એણે જાણે ફરી દુખાવો ઊપડ્યો હોય તેવી મુદ્રા ધારણ કરી, આંખો બંધ કરી. માથું ધુણાવ્યું, કણસવું શરૂ કર્યું. સહાનુભૂતિભર્યા સ્વરે સેમ્યુએલે કહ્યું, 'અરરર ! કેટલું બધું દુઃખ થયું હશે !'

એની વાતને મળેલા સહાનુભૂતિભર્યા આવકારથી બેન-ટોબિટ એટલો તો સંતુષ્ટ થયો કે એની એ વાત એણે ફરી કહી. સૌથી પહેલી વાર એનો ડાબા જડબા તરફનો એક દાંત દુખવા માંડ્યો ત્યારથી શરૂઆત કરીને. આ રીતે રસપૂર્ણ વાતો કરતાં એ ત્રણ ગોલગોથા પહોંચ્યાં.

એ ગોઝારા દિવસે દુનિયા પર પ્રકાશ ફેંકવાને નિર્માયેલો હતભાગી સૂર્ય ક્યારનોય દૂરની ટેકરીઓ પાછળ આથમી ચૂક્યો હતો, ને પશ્ચિમમાં લોહીની સેરના જેવી એક રાતી રેખા માત્ર દેખાતી હતી. આ પશ્ચાદ્ભૂની પડખે ક્રૂસો આછા, ઝાંખા ને કાળા લાગતા હતા, ને વચમાંના ક્રૂસ આગળ ઘૂંટણિયે પડેલા કેટલાક અસ્પષ્ટ આકારો શ્વેત લાગતા હતા.

લોકો ક્યારના વિખરાઈ ગયા હતા. ઠંડીનો ચમકારો શરૂ થયો હતો. ને બેન-ટોબિટે ક્રૂસ પર ચઢેલા અપરાધીઓના પર એક નજર નાંખી લઈને સેમ્યુએલનો હાથ ખેંચી ઘર તરફ વળવાનું સૂચવ્યું. એ આજે ખાસ કરીને વાચાળ બની ગયો હતો, ને એને પોતાના દાંતના દુઃખાવાની વાત હજી બરાબર વિસ્તારીને કહેવી હતી.

આ રીતે એઓ ઘર તરફ વળ્યાં, સેમ્યુએલના સહાનુભૂતિભર્યા હોંકારા ને ઉદ્ગારથી

પ્રેરાઈને બેન-ટોબિટે ફરી દુ:ખભરી મુદ્રા ધારણ કરી, માથું ધુણાવ્યું ને ભારે ખૂબીથી કણસવાનો અવાજ કર્યો. એ દરમિયાન ઊંડી કોતરોમાંથી, દૂર દૂરથી, સૂરજથી તપેલાં મેદાનોમાંથી કાળી રાત ધીમે ધીમે ઊતરી આવી, કેમ જાણે પૃથ્વી પર ગુજરેલો આ અત્યાચાર સ્વર્ગની દૃષ્ટિએ ન ચઢે એ માટે એને ઢાંકી દેવાને જ એ ન ઊતરી હોય !

અનુ. સુરેશ જોષી

ઈસુનું પાપ

ઇઝાક બાબેલ

એરિના હોટેલમાં નોકરડી હતી. મુખ્ય દાદરની નીચેના ભાગમાં એ રહેતી હતી; ને મુખ્ય પગીનો મદદનીશ સેરેગા પાછળના દાદરની બાજુમાં રહેતો હતો. બંને વચ્ચે આડો વહેવાર હતો. પવિત્ર રવિવારને દિવસે એરિનાએ સેરેગાને જોડિયાં બાળકોની ભેટ આપી. પાણી વહેતું રહે છે, તારા પ્રકાશે છે, માણસ હવસખોર પ્રાણી છે, ને આમ, એરિના ભારે પેટે થઈ. એને છઠ્ઠો મહિનો જતો હતો, ભારે સરકણા હોય છે ભાઈસા'બ સ્ત્રીઓના મહિના. ને હવે સેરેગાને લડાઈમાં જવાનું આવ્યું. આફતનો સાદો નહીં તો શું !

આથી એરિના પહોંચી સેરેગા પાસે ને કહેવા લાગી; 'ના, એનો કશો અર્થ નથી, તારી રાહ જોતા આંખમાં આંગળી ઘાલીને બેસી રહું એનો અર્થ નથી. ચાર વરસ સુધી આપણે છૂટાં પડીશું. ને એ ચાર વરસ સુધીમાં, તારે જે રીતે જોવું હોય તે રીતે જો - હું બીજાં બેત્રણ જણવાની. હોટલમાં કામ કરવું એટલે લૂગડું ઊંચું લઈને ફરવા બરાબર. જે આવી ચઢે તે મારો ધણી, પછી એ યહૂદી હોય તોય શું, ગમે તે હોય ને ! તું ઘરે પાછો આવશે ત્યાં સુધીમાં હું નરવી નહિ રહી હોઉં, ચુંથાઈને ચીંથરું થઈ ગઈ હોઈશ. પછી તારે લાયક નહીં રહું.'

'વાત તો સાચી.' સેરેગાએ માથું હલાવીને કહ્યું.

'ઘણા મારે માટે ટાંપીને બેઠા છે. પેલો કોન્ટ્રાકટર ટોફિમિય પણ એ સારો આદમી નથી. ને ઈસાઈ અબ્રામિચ - નિકોલોસ્વિઆત્સ્કીના દેવળનો વડો છે તો ઘરડું પાન, પણ હુંયે ભાઈ તારી ઘોડા જેવી તાકાતથી વાજ આવી છું, સાવ મરી જાઉં છું જાણે ! એ ઘરડું પાન સારું. હું તને હમણાંથી કહી રાખું છું, ને દેવળમાં એકરાર કરતાં કહેતી હોઉં તેમ કહી દઉં છું કે હું સાચે જ જીવ પર આવી ગઈ છું.... ત્રણ મહિનામાં આ ભારથી, છૂટી થઈશ, પછી બચ્ચાંને મૂકી દઈશ અનાથાશ્રમમાં, ને એ ડોસાને પરણી જઈશ.'

સેરેગા સાંભળતાંવેંત ઊભો થઈ ગયો. કમ્મરેથી પટો ઉતારીને વીર પુરુષની અદામાં

ફટકારવા માંડ્યો - સીધો પેટ પર જ. 'અરે જરા ધ્યાન રાખ,' એરિના બોલી ઊઠી, 'આ તો તારું જ કરમ છે, જરા ધીમો પડ...'

મારપીટનો કાંઈ અંત નહીં, માનવીની આંખમાં આંસુનોય અંત નહીં ને ઓરતના લોહીનોય અંત નહીં...પણ એથી કશો ફેર પડે નહીં - તસુ આમ કે તસુ તેમ.

પછી બાઈ પહોંચી ઈસુ ખ્રિસ્ત પાસે.

'ભાઈ ફલાણા ફલાણા,' એણે કહ્યું, 'ભગવાન ઈસુ, હું એરિના, હોટેલ મેડ્રિડ અને લુવ્રમાં નોકરડીનું કામ કરું છું. હા, ટવેરૂસ્કાયા મહોલ્લામાં. હોટલમાં કામ કરવું એટલે લૂગડું ઊંચું લઈને ફરવા બરાબર. જે આવે તે મારો ધણી. પછી ભલેને એ યહૂદી હોય કે બીજો ગમે તે હોય ? બીજો એક તમારો સેવક પૃથ્વી ઉપર જીવી રહ્યો છે, એનું નામ છે સેરેગા, હોટલના પગીનો મદદનીશ. છેલ્લા પવિત્ર રવિવારે મેં એને જોડિયાં બાળકની ભેટ આપી...'

ને આમ એણે ભગવાનને બધી વાત વીગતે કહી.

'ને ધાર કે સેરેગાને જવાનું ન આવે તો ?' જગતના તારણહારે સૂચન કર્યું.

'જિગર હોય તો કરી જુઓ, પોલિસ જોડે કોઈ ફાવે નહીં. એ તો સેરેગાને ગમે ત્યાંથી ખેંચી જ જવાના, બીજે દા'ડે સૂરજ ઊગવાનો એના જેવી નક્કી વાત.'

'અરે હા, પોલિસ !' ભગવાનનું માથું નીચે ઝૂકી ગયું. 'મને એનો તો ખ્યાલ જ રહ્યો નહીં... તો પછી તારે થોડો વખત પવિત્ર જીવન ગાળવું, બીજું શું ?....'

'ચાર વરસ સુધી ?' બાઈ બરાડી ઊઠી. 'તમેય તે કેવી વાત કરો છો ! તો તો પછી માણસમાં હવસખોર પશુ છે જ નહીં એમ માનવાનું .... એ તો તમારી એની એ પુરાણી વાત તમે કરી. તો પછી તમારી આ વાડી લીલી કેમ રહેશે ? ના, કાંઈ ગળે ઊતરે એવી સલાહ આપો...'

ભગવાનના ગાલ રાતા થઈ ગયા. સ્ત્રીના શબ્દો આળી જગ્યાને સ્પર્શી ગયા. પણ એ કશું બોલ્યા જ નહીં. ગમે તેટલું કરો તોય તમારા કાનને તમે થોડા ચૂમી શકવાના હતા ? ભલા ભગવાનનેય એની ખબર હોય છે.

'તો શું કરવું તે તેને કહું છું, હે ભગવાનની સેવિકા, ઉજ્જ્વળ પાપી, કુમારી એરિના,' ભગવાન ભગવાનને છાજે એવી અદાથી બોલ્યા : 'મારી પાસે અહીં સ્વર્ગમાં એક નાનો દેવદૂત છે - અહીં નકામો અટવાયા કરે છે. એનું નામ આલ્ફ્રેડ. હમણાં હમણાંનો તો એ હાથથી ગયો છે. આખો વખત રડ્યા કરે છે ને ઝઘડ્યા કરે છે : 'તમે આ શું કર્યું પ્રભુ, હજુ તો હું વીસ વરસનો માંડ થયો, ત્યાં તમે મને, સાવ તંદુરસ્ત જુવાનિયાને, દેવદૂત કેમ બનાવી દીધો ?' તો એ દેવદૂત આલ્ફ્રેડને હું ચાર વર્ષ માટે તારા પતિ તરીકે આપીશ, એ તારી પ્રાર્થના ને તારું રક્ષણ ને આશ્વાસન. ને બાળબચ્ચાં વિશે તારે કશી ચિન્તા કરવાની રહેશે નહીં - એનાથી તું નાનું મરઘું સુધ્ધાં નહીં જણી શકે, તો બાળકની તો વાત જ શી ! કારણ કે મોજમજામાં તો એ પૂરો છે, પણ જરા ગંભીર નહીં.....'

'મારે એવું જ જોઈએ છે.' નોકરડી એરિનાની આંખ કૃતજ્ઞતાનાં અશ્રુથી ઊભરાઈ ઊઠી. 'આ મરદ લોકોની ગંભીરતા દર બે ત્રણ વાર મને કબરના ઉમ્મર સુધી પહોંચાડી દે છે....'

'તને મધુર વિશ્રાન્તિ મળશે. પ્રભુની દીકરી એરિના, તારી પ્રાર્થના ગીતના જેવી હળવી બની રહો, આમીન.'

* * *

આખરે એ મુજબ નક્કી થયું. આલ્ફ્રેડને બોલાવી મંગાવ્યો, નાજુક જુવાનિયો, એના ભૂરાશ પડતા ખભા આગળ ફફડતી પાંખો, એના ઉપર ગુલાબી પ્રકાશના તરંગો નાચે, જાણે સ્વર્ગમાં ક્રીડા કરતું કપોતયુગ્મ. એરિનાએ હાથ આલ્ફ્રેડને ગળે વીંટાળી દીધા એની આંખમાંથી સ્ત્રીસહજ મૃદુતા આંસુરૂપે વહેવા લાગી. સ્ત્રીના મૃદુ હૃદયની ભાવધારા 'આલ્ફ્રેડ, મારા પ્રાણ, આશ્વાસન, મારા પતિ....!' ભગવાને છૂટા પડતી વેળાએ દરરોજ રાત્રે સૂતા પહેલાં દેવદૂતની પાંખો છૂટી પાડીને મૂકી દેવાની ખાસ સૂચના એરિનાને આપી. બારણાં જેમ મિજાગરાને આધારે ઊભાં હોય છે તેમ એની પાંખો ખભા સાથે જોડાયેલી હતી. ને દરરોજ રાતે એને છૂટી પાડીને સ્વચ્છ વસ્ત્રમાં લપેટીને જુદી રાખવાની હતી. કારણ કે એ પાંખો વળીને ભાંગી જાય એવી હતી, ને આલ્ફ્રેડ ઊંઘમાં આળોટે તો તો એનો ખુરદો જ વળી જાય ને! કારણ કે આખરે એ પાંખો બનેલી તો બાળકોના નિઃશ્વાસમાંથી જ ને!

ભગવાને યુગલને છેલ્લી વાર આશિષ આપ્યા, ને એ પ્રસંગે બોલાવેલું ધર્મગુરુઓનું ટોળું સ્તવનગાન ગજાવી રહ્યું. ભોજનસમારંભ ગોઠવાયો નહીં, અનાજનો દાણો સુધ્ધાં નહીં. કારણ કે સ્વર્ગમાં એવો ચાલ નથી. તે પછી એરિના અને આલ્ફ્રેડ એકબીજાના હાથમાં હાથ ગૂંથીને રેશમી નિસરણી પર થઈને સીધાં પૃથ્વી પર અવતર્યા : એ લોકો પેટ્રોલ્કા પહોંચ્યાં. ત્યાં બધું સારામાં સારું જ વેચાય, (ને આલ્ફ્રેડ તો સ્વર્ગમાંથી તરતના જન્મેલા બાળકની જેમ સાવ નવસ્ત્રો જ આવેલો !) એરિનાએ આલ્ફ્રેડને માટે જરકસી જામા લીધા, મોજડી લીધી.

'બાકીનું બધું આપણા ઘરે મળી રહેશે...' એરિનાએ કહ્યું. તે દિવસે એરિનાએ કામમાંથી રજા લીધી. સેરેગા આવ્યો, ધાંધલ મચાવી, પણ એનેય એરિનાએ મોઢું બતાવ્યું નહીં. બંધ બારણાં પાછળથી માત્ર કહ્યું : 'સેરેગા, હું હમણાં પગ ધોવા બેઠી છું. તું ઝાઝો ઘોંઘાટ કર્યા વગર મહેરબાની કરીને અહીંથી જતો રહે ...'

ને એક્કેય અક્ષર બોલ્યા વગર સેરેગા જતો રહ્યો. દેવદૂતનો પ્રભાવ વરતાવા માંડ્યો.

રાતે શાહુકારને છાજે એવી ખાણીપીણી એરિનાએ ગોઠવી, એરિનાબાના ફુલાવાનો ક્યાં પાર હતો! જામ ભરીને વોડકા, વળી દારૂ, ખાવાની સરસ વાનગીઓ, પાસે ઊકળતી ચાનો ચરુ, પૃથ્વી પરની આ બધી ખાદ્યસામગ્રી આરોગીને દેવદૂતને તો નિદ્રાનું ઘારણ

ઘાલ્યું. તરત જ આંખના પલકારામાં વીંટાળી બાજુએ મૂકી દીધી, ને આલ્ફ્રેડને બંને હાથે ઉપાડીને પથારીમાં મૂકી દીધો.

પાપકર્મની સાક્ષીરૂપ એની ફાટીતૂટી પથારીમાં હિમપુંજના જેવો, શ્વેત હંસના જેવો એ દેવદૂત અપાર્થિવ તેજ વિસ્તારતો સૂતો. ચંદ્રનાં જેવાં રૂપેરી કિરણોની સાથે અરુણ આભાએ ગુંથાઈને અનોખી ભાત ઉપસાવી દીધી. એ ઓરડાને ભરી દઈને છાઈ રહી, એરિનાની આંખમાંથી હરખનાં આંસુ વહેવા લાગ્યાં. એ ગાવા લાગી, નાચવા લાગી. એરિના, આ ભાંગીતૂટી ધરતી પર કોઈને કાને સાંભળવામાંય આવ્યું નહીં હોય એવું સુખ તારા પર વસ્યું છે. નારીજાતિમાં તું ખરેખર ધન્ય બની ગઈ !

બંને વોડકા પૂરો ગટગટાવી ગયાં હતાં. ટીપું સરખુંય રહેવા દીધું નહોતું. બંને જેવાં ઢળ્યાં કે તરત જ એરિના– છ મહિનાના ગર્ભને કારણે મોટા પેટવાળી આલ્ફ્રેડના પર મૂકીને એને ઢંઢોળવા લાગી. દેવદૂત એની પાસે સૂતો હતો તેટલાથી એ અભાગિયણને સંતોષ નહીં થયો. એણે ઘેલછામાં આનંદના ચિત્કાર કરીને દેવદૂતને પથારીમાં રોળી નાંખ્યો, એના ભાર નીચે કચડી નાંખ્યો, ને એણે બિચારાએ એની પાંખ ને પ્રાણ તજી દીધા.

અરુણોદય થયો - બધાં વૃક્ષોએ નીચાં વળીને પ્રણામ કર્યાં. દૂર ઉત્તરમાં આવેલા વનનાં બધાં વૃક્ષો પુરોહિતની જેમ વાંકાં વળીને નીરવ પ્રાર્થના કરવા લાગ્યાં

ફરી એ સ્ત્રી ઈશ્વરના સિંહાસન આગળ જઈને હાજર થઈ. પહોળા ખભાવાળી, સબધી, એના સશક્ત હાથમાંથી દેવદૂતનું શબ ઝૂલી રહ્યું હતું,

‘જુઓ ભગવાન...’

પણ આ વેળાએ ઈસુ ભગવાનનું મૃદુ હૃદય ભાંગી પડ્યું, ને એમણે ગુસ્સે થઈને એ સ્ત્રીને શાપ આપ્યો :

‘પૃથ્વી પર હોય છે તેમ, તારે વિશે પણ આજથી...’

‘તો પછી ભગવાન.’ એ સ્ત્રીએ અત્યન્ત ક્ષીણ, મહામુશ્કેલીએ સંભળાય એવા અવાજે કહ્યું : ‘મારા શરીરને કોણે ભારે બનાવ્યું ? મેં ? દુનિયામાં દારૂ કોણે બનાવ્યો ? મેં ? ધરતી પર સ્ત્રીનું હૈયું - અબુઝ ને એકાકી કોણે ઘડ્યું ? મેં ?...’

‘મારે તારી સાથે લમણાઝીક નથી કરવી.’ ભગવાન બોલી ઊઠ્યા. ‘તેં મારા દેવદૂતને રોળી નાંખ્યો - ભૂંડી, ગંદી...’

ને એરિનાને ફરી ગંધાતા પવનની લહરી સાથે પૃથ્વી પર ફેંકવામાં આવી. એ સીધી જઈને પડી ટવેરૂસ્કાયા મહોલ્લાની હોટેલ માડ્રિડ અને લુવ્રમાં - જયાં એની જિંદગી ગુજારવાનું એના નસીબમાં લખાયેલું હતું. ને એક વાર જઈ પડી, એટલે પછી તો આકાશ જ છેડો ! સેરેગા દારૂ ઢીંચીને લડાઈમાં જોડાતાં પહેલાંના છેલ્લા દિવસો ગાળી રહ્યો હતો. કોન્ટ્રાક્ટર ડ્રોફિમિચ કોલોનીમાંથી હમણાં જ પાછો ફર્યો હતો. એણે એરિના તરફ નજર કરી - સુપુષ્ટ ને લાલચટક ગાલવાળી એરિના ! ને એ બોલ્યો : ‘ઓહ, પેટ તો ગોળમટોળ બનાવ્યું છે ને !’ વગેરે વગેરે.

બુઢ્ઢા ઈસાઈ અબ્રાહીમે પણ એરિનાના ગોળમટોળ પેટની વાત સાંભળી ને એ દાંત વગરનો દમિયેલ ડોસો પણ દોડતોકને જઈ પહોંચ્યો : 'હું વિધિસર તો તને હવે પરણી શકું નહીં, પણ બીજા બધાની જેમ તારી ભેગા સૂવામાં મને બાધ નથી.'

એ ડોસલો આવી બધી વાતો કરવાને બદલે ક્યારનો ધરતીના પેટાળમાં ઢબુરાઈ જવો જોઈતો હતો. પણ ના, એક સ્ત્રીના દિલ પર થૂંકવામાં એણેય એનો ફાળો આપવો જોઈએ ને ! બધા સાંકળ તોડીને ભાગવાનો પ્રયત્ન કરતા હોય તે વાળી વાત થઈ - રસોડાના છોકરા, વેપારી, પરદેશી વેપારીઓનેય મન બહેલાવવા તો કોઈ જોઈએ ને !

ને અહીં મારી વાર્તાનો અન્ત આવે છે.

પૂરા મહિના થયા, ને આખરે જ્યારે ખાટલા ભેગી થવાનો વખત આવ્યો - કારણ કે આ દરમિયાન ત્રણ મહિના તો પસાર થઈ ચૂક્યા હતા - ત્યારે એરિનાએ હોટેલની પાછળના વાડામાં, પગીની ઓરડીની પાછળ આશ્રય લીધો. રેશમી આકાશ આગળ એનું નવ મહિનાના ગર્ભવાળું પેટ ધરીને અબુઝની જેમ એ બોલી : 'જુઓ ભગવાન, જુઓ તો ખરા, કેવું થયું છે આ પેટ, તે તો જુઓ.એના પર મરદ જાતે શો જુલમ ગુજાર્યો છે તે તો જુઓ, એનો અર્થ શો ? મને તો કાંઇ અર્થ દેખાતો નથી. વળી તમને વધારામાં કહી રાખું છું કે એનો અર્થ હોય તોય મારે એને જોવો નથી...'

ઈસુએ આ સાંભળીને પોતાનાં આંસુથી એરિનાને નવડાવી નાંખી. ને એરિના આગળ એ ઘૂંટણીએ પડ્યા.

'મને માફ કર, એરિનુશ્કા, પાપી પ્રભુને માફ કર. મેં તારી આ શી દશા કરી...!'

પણ એરિનાએ તો માથું ધુણાવ્યું ને કશું સાંભળવાની જ ના પાડી.

'ના ના, તમારે માટે માફી હોય નહીં, ઈસુ ખ્રિસ્ત.' એ બોલી, 'ના જરાય નહીં ને ! જરાય નહીં, કદીય નહીં.'

અનુ. સુરેશ જોષી

પીંછાંનો મુગટ
આઇઝાક બાશેવિસ સિંગર

ક્રસનોબ્રોડમાં રેબ નાફતાલી હોલિશ્નિ ટ્રૂઝર નામના અગ્રણી વૃદ્ધ થવા આવ્યા પણ બાળકો વગરના રહ્યા હતા. એક દીકરી તો પ્રસૂતિમાં જ મરણ પામી હતી અને બીજી કોલેરાને કારણે મરણ પામી હતી. એક દીકરો ઘોડા પર બેસીને નદી પાર કરવા જતાં ડૂબી ગયો હતો. રેબ નાફતાલીને હવે માત્ર અખ્સા નામની પૌત્રી જ હતી, તે પણ અનાથ હતી. સ્ત્રીઓ યેશિવામાં ભણી શકે એવો રિવાજ ન હતો, 'રાજાની કુંવરી તો ચાર દીવાલોમાં જ શોભે' અને યહૂદી કન્યાઓ તો રાજાની કુંવરીઓ જ ગણાય. પણ અખ્સા ઘેર રહીને ભણવા લાગી. તેણે પોતાના સૌંદર્યથી, શાણપણથી અને ધગશથી બધાને આંજી દીધા હતા. તેનો દેહ ઊજળો હતો, વાળ કાળા હતા અને આંખો ભૂરી હતી.

ઝારતોરિસ્કી સરદારની જાગીરનો વહીવટ રેબ નાફતાલી સંભાળતા હતા. રેબ નાફતાલી તેમની પાસે વીસ હજાર ગલ્ડન માગતા હતા. એટલે આ સરદારની બધી મિલકત રેબ પાસે કાયમી ધોરણે ગિરે મૂકેલી હતી. રેબ નાફતાલીએ પોતાના માટે પવનચક્કી, દારૂની ભઠ્ઠી બંધાવ્યાં હતાં અને સેંકડો એકર જમીનમાં હોપ ફળનું વાવેતર કર્યું હતું. તેમની પત્ની નેશા પ્રાગના ધનાઢ્ય કુટુમ્બની હતી. તેઓ અખ્સાને માટે ઉત્તમ શિક્ષકો રોકી શકે એમ હતા. એક શિક્ષક બાઇબલ શીખવાડતો, બીજો ફ્રેન્ચ, ત્રીજો પિયાનો અને ચોથો નૃત્ય. તેણે બહુ ઝડપથી શીખવા માંડ્યું. આઠ વરસની ઉંમરે તો તે દાદા સાથે શેતરંજ રમતી થઈ ગઈ. લગ્ન માટે પહેરામણી આપવાની તો કોઈ જરૂર હતી જ નહિ કારણ કે તેમની બધી મિલકતની તે જ વારસદાર હતી.

તેના માટે મૂરતિયાઓ શોધવાની શરૂઆત થઈ ગઈ પણ તેની દાદીને રિઝવવી ભારે હતું. દલાલો જે છોકરાઓ શોધી લાવતા તેમને જોઈને તે બોલતી : 'આના તો ખભા મૂરખા જેવા છે,' 'આનું કપાળ તો અભણ માણસનું છે.'

એક દિવસ અચાનક નેશા મરણ પામી. રેબ નાફતાલીની ઉંમર તો સિત્તેર ઉપર હતી, એ પુનર્લગ્ન કરે એવી તો કોઈ શક્યતા હતી જ નહિ. અડધો દિવસ તે ધાર્મિક ક્રિયાઓમાં

વીતાવતા અને અડધો દિવસ ધંધા પાછળ, તે પરોઢ થતાં ઊઠી જતા અને તાલમુડ તથા બીજા ગ્રન્થોનો અભ્યાસ કરતા, સમાજના અગ્રણીઓને પત્રો લખતા. જ્યારે કોઈ બિમાર પડે ત્યારે રેબ નાફતાલી તેની પાસે જઈને હિંમત આપતા. અઠવાડિયામાં બે વખત તે અખ્સાને લઈને ગરીબખાનામાં જતા, અખ્સા જાતે સૂપ અને ઓટની વાનગીઓ લઈને જતી. બેચાર વખત તો આવી ભણેલીગણેલી અને લાડકોડમાં ઊછરેલી અખ્સાએ બાંયો ઉપર ચઢાવીને પથારીઓ પણ કરી હતી.

ઉનાળામાં બપોરે ઊંઘીને ઊઠ્યા પછી રબ નાફતાલી પોતાની ગાડી જોડાવતા અને અખ્સાને લઈને ખેતરોમાં, ગામમાં રખડતા. ગાડીમાં તે વેપાર ધંધાની ચર્ચા કરતા અને જેવી રીતે તેણે અખ્સાની દાદીનાં સલાહસૂચનો સાંભળ્યાં હતાં તેવી રીતે તે અખ્સાનાં સલાહસૂચનો પણ સાંભળતા હતા.

પરંતુ અખ્સાના જીવનમાં એક વસ્તુની ખોટ હતી. તે મિત્ર વગરની હતી. તેને માટે તેની દાદીએ મિત્રોની શોધ ચલાવી હતી; આ માટે તેમણે પોતાના આદર્શને પણ થોડો બાજુએ મૂક્યો હતો, કસનોબ્રોડની છોકરીઓને પોતાને ઘેર બોલાવી હતી. પણ એ છોકરીઓ કપડાંલત્તાંની અને કૌટુમ્બિક વાતચીતો કરતી તેમાં અખ્સાને રસ પડતો ન હતો. શિક્ષકો તો બધા પુરુષો હતા એટલે અખ્સાને તેમનાથી દૂર રાખવામાં આવતી હતી, માત્ર ભણાવતી વખતે સાથે રહે એટલું જ. હવે તેના એક માત્ર સાથી દાદા જ રહ્યા. રેબ નાફતાલીને પોતાના જીવનમાં ઘણી પ્રખ્યાત વ્યકિતઓ સાથે ઓળખાણો થઈ હતી. વોર્સો, ક્રોકો, ડાન્ઝિગ, કોનીગ્સબર્ગ ખાતે ભરાતા મેળાઓમાં તે જઈ આવ્યા હતા, તે અખ્સા સાથે કલાકો ગાળતા, રબાઈઓની, ચમત્કારિક વ્યકિતઓની, બનાવટી મસીહા સબ્બતી ઝવીના શિષ્યોની, સેજમના ઝઘડાઓની, ઝામોસ્કીસ, રદઝીવિલ્સ અને ઝારતોરિસ્કીસની લીલાઓની, તેમની પત્નીઓની, તેમના પ્રિયતમોની, દરબારીઓની વાતો કર્યા કરતા. કેટલીક વખત તો અખ્સા બોલી ઊઠતી - 'દાદા, તમારી જ જોડે મારું લગ્ન થાય તો કેવું સારું !' એમ બોલીને તેમની આંખોને અને સફેદ દાઢીને ચૂમતી.

રેબ નાફતાલી જવાબ આપતા : 'પોલેન્ડમાં હું એકલો તો નથી, મારા જેવા તો કેટલાય છે, લગ્ન કરવા જેવા યુવાનો છે.'

'દાદા, ક્યાં છે ? ક્યાં છે ?'

દાદીના મરણ પછી તો અખ્સાએ વરની પસંદગી માટે બીજા પર આધાર રાખવાનું છોડી દીધું હતું, દાદાને પણ તે માથું મારવા દેતી ન હતી, જેવી રીતે તેની દાદીને બધા મૂરતિયા ખરાબ લાગતા હતા. તેવી રીતે તેના દાદાને બધા સારા લાગતા હતા. અખ્સાએ લગ્ન ગોઠવી આપનાર દલાલને પોતે છોકરાને મળશે એવો આગ્રહ કર્યો. છેવટે તેના દાદાએ એ બદલ સંમતિ આપી. બંને જણ એક ઓરડામાં મળતાં, ઓરડાનું બારણું ખુલ્લું રખાતું અને આ મુલાકાત ટૂંકી થાય તથા કોઈ નાદાનિયત ન થાય એટલા માટે એક બહેરી, ઘરડી બાઈ ત્યાં ઉંબરા આગળ ઊભી રહેતી. સામાન્ય રીતે અખ્સા કોઈ પણ

યુવાન સાથે બહુ સમય બેસતી ન હતી. મોટા ભાગના મૂરતિયાઓ બાઘા અને મૂરખ લાગતા હતા. બીજા કેટલાકે ચબરાક બનવાનો પ્રયત્ન કર્યો અને અણઘટતા ટુચકાઓ સંભળાવ્યા. અખ્સાએ બધાને કાઢી મૂક્યા. બહુ વિચિત્ર લાગે પણ હજુ તેની દાદી પોતાનો અભિપ્રાય આપતી હતી. અખ્સાએ તેની દાદીને બોલતા સ્પષ્ટ સાંભળી હતી : 'અરે, આ છોકરાનું નાક તો ડુક્કરના જેવું છે.' બીજી એક વખતે તેણે સાંભળ્યું : 'આ છોકરો તો ચોપડીમાંથી જ ગોખેલું બોલે છે.'

અખ્સાને ખબર હતી કે આ બધું તેની દાદી બોલતાં ન હતાં. મૂરતિયાઓ વિશે અભિપ્રાયો આપવા માટે મરી ગયેલા લોકો બીજા જગતમાંથી ધરતી પર પાછા આવતા નથી. તેમ છતાં એ અવાજ તેની દાદીનો જ હતો, એવો જ લહેકો હતો. અખ્સા આ વિશે તેના દાદાને વાત કરવા માગતી હતી પણ તેના દાદા તેને ગાંડી કહીને હસી કાઢશે એવી બીક તેને હતી. વળી તેના દાદાને પોતાની મૃત પત્નીનો વિરહ સાલતો હતો, અખ્સા તેમના હૃદયને ઢંઢોળવા માગતી ન હતી.

જ્યારે રેબ નાફતાલી હોલીશિટ્ઝરને ખ્યાલ આવ્યો કે પોતાની પૌત્રી બધા દલાલોને ભગાડી મૂકે છે ત્યારે તેઓ અકળાયા. અખ્સાને અઢાર પૂરાં થયાં હતાં. ક્રસનોબ્રોડના લોકો હવે અંદરઅંદર વાતો કરવા લાગ્યા : અખ્સાને તો શ્વેત અશ્વ પર સવાર થયેલો કોઈ ઉમરાવ જોઈએ છે, એને તો આકાશનો ચન્દ્ર જોઈએ છે; તે તો કુંવારી જ રહેવાની છે. રેબ નાફતાલીએ હવે મનોમન નક્કી કર્યું કે અખ્સાના તરંગોને માન આપ્યા વિના હવે તેને પરણાવી દેવી જ જોઈએ. એટલે તે એક યેશિવાની મુલાકાતે ગયો અને ઝેમાક નામના યુવાનને લઈ આવ્યો. તે અનાથ અને વિદ્વાન હતો; જિપ્સીના જેવો ભીનેવાન, ઠીંગણો, અને પહોળા ખભાવાળો હતો.

તેના માથાની બંને બાજુની લટો ભરાવદાર હતી. તેને નજીકનું દેખાતું ન હતું અને દિવસના અઢાર કલાક વાંચતો હતો. ક્રસનોબ્રોડ પહોંચતાંની સાથે જ અભ્યાસખંડમાં ગયો અને તાલમુડના ગ્રંથનાં પાનાં આગળ ઝોલાં ખાવા લાગ્યો. તેની લટો પણ ઝૂલવા લાગી. વિદ્યાર્થીઓ તેની સાથે વાતો કરવા આવ્યા. પુસ્તકમાંથી નજર ઊંચી કર્યા વિના તેણે તેમની સાથે વાતો કરી. તેને તાલમુડનો આખો ગ્રન્થ મોઢે હતો કારણ કે કોઈ ખોટું બોલે તો તરત પકડી પાડતો હતો.

અખ્સાએ તેને મળવાની માગણી કરી પણ આવી રીતભાત તો દરજીઓ અને મોચીઓને શોભે. ખાનદાન કુટુમ્બની કન્યાને એ ન શોભે એમ કહીને રેબ નાફતાલીએ ના પાડી. 'જો તું આને ભગાડી મૂકીશ તો હું તને મિલકતમાંથી એક પાઈ નહિ આપું.' વિવાહના સમારમ્ભમાં સ્ત્રીઓ અને પુરુષો જુદા જુદા ખંડમાં હતાં એટલે જ્યાં સુધી લગ્નના કરાર પર સહી કરવાનો સમય ન આવ્યો ત્યાં સુધી અખ્સાને તે મૂરતિયો જોવા ન મળ્યો. તેણે તેની સામે જોયું અને તેની દાદીની વાત કાને પડી, 'આ લોકોએ ખરાબ માલનો તારી સાથે સોદો કર્યો છે.'

આ શબ્દો એટલા બધા સ્પષ્ટ હતા કે બધાએ તે સાંભળ્યા હશે એવું અખ્સાને લાગ્યું, પણ કોઈએ એ વાત સાંભળી ન હતી. કન્યાઓ અને સ્ત્રીઓ તેની આસપાસ વીંટળાઈ વળી, તેને અભિનંદન આપવા લાગી, તેના સૌન્દર્યનાં, વસ્ત્રોનાં અને આભૂષણોનાં વખાણ કરવા લાગી. તેના દાદાએ તેની આગળ કરાર અને કલમ ધર્યા. તેની દાદી બોલી ઊઠી : 'સહી ના કરીશ !' તેણે અખ્સાની કોણી પકડી રાખી, કાગળ પર ધબ્બો પડ્યો.

રેબ નાફતાલી બરાડ્યા : 'શું કર્યું તેં આ ?'

અખ્સાએ સહી કરવાનો પ્રયત્ન કર્યો, પણ તેના હાથમાંથી કલમ પડી ગઈ. તેની આંખો ભરાઈ આવી, 'દાદા, મારાથી નહિ થાય.'

'અખ્સા, મને તારી શરમ આવે છે !'

'દાદા, મને માફ કરો,' અખ્સાએ પોતાનું મોં બંને હાથ વડે ઢાંકી દીધું. ત્યાં તો ધમાલ મચી ગઈ. પુરુષો સિસકારા બોલાવવા લાગ્યા, સ્ત્રીઓ હસવા લાગી. અખ્સાએ ચુપચાપ રડ્યા કર્યું. તેઓ તેને તેના ઓરડામાં લઈ ગયા, ઊંચકી ગયા અને પથારી પર સૂવડાવી.

ઝેમાક બોલી ઊઠ્યો : 'આ કર્કશા સાથે મારે પરણવું નથી.'

તે ટોળામાંથી રસ્તો કરી બહાર નીકળ્યો, ગાડામાં બેસીને તે યેશિવા પાછો ફર્યો. રેબ નાફતાલી તેની પછળ દોડ્યા, શબ્દો વડે, પૈસા વડે તેને શાંત પાડવાનો પ્રયત્ન કર્યો પણ ઝેમાકે રેબ નાફતાલીની નોટો જમીન પર ફેંકી દીધી. કોઈ તે જ્યાં ઊતર્યો હતો તે ધર્મશાળામાંથી તેની ખખડી ગયેલી પેટી લઈ આવ્યું.ગાડું ઊપડતાં પહેલાં ઝેમાક બરાડી ઊઠ્યો : 'હું તેને માફ કરતો નથી, ભગવાન પણ નહિ કરે.'

આ પછી ઘણા દિવસ અખ્સા માંદી રહી. આખું જીવન સફળતાને વરેલા રેબ નાફતાલી હોલિશિટ્ઝર નિષ્ફળતાથી ટેવાયેલા ન હતા.માંદા પડ્યા; તેમનો ચહેરો પીળો પડી ગયો. સ્ત્રીઓએ અને કન્યાઓએ અખ્સાને આશ્વાસન આપવાનો પ્રયત્ન કર્યો. રબાઈ અને અગ્રણીઓ રેબ નાફતાલીની મુલાકાતે આવ્યા; પણ દિવસે દિવસે તેઓ નંખાતા ગયા. થોડા સમય પછી અખ્સાએ પોતાની શક્તિ પાછી મેળવવા અને પથારીમાંથી બેઠી થઈ. તે પોતાના દાદાના ઓરડામાં ગઈ અને અંદરથી બારણું વાસી દીધું. બારણાના કાણામાંથી ચોરીછૂપીથી જોઈ રહેલી બાઈએ કહ્યું, 'મેં સાંભળ્યું – તે બોલ્યા : 'તું ગાંડી છે, ગાંડી.'

અખ્સાએ તેના દાદાની સંભાળ લેવા માંડી, વાદળી વડે દાદાને નવડાવતી પણ તેમને ફેફસાંમાં સોજો ચઢ્યો. તેમના નાકમાંથી લોહી વહેવા લાગ્યું, તેમનો પેશાબ બંધ થઈ ગયો. તેઓ મરી ગયા. વર્ષો પહેલાં તેમણે વસિયતનામું કરી નાખ્યું હતું, ત્રીજા ભાગની મિલકત ધર્માદામાં ગઈ અને બાકીની મિલકત અખ્સાને મળી. શાસ્ત્રાજ્ઞા પ્રમાણે તો દાદાના મરણ પછી કોઈએ શોક પાળવાનો ન હોય પણ અખ્સાએ બધો વિધિ કર્યો. તે બેઠા ઘાટના સ્ટુલ પર બેસતી અને ધર્મગ્રંથ વાંચતી, કોઈનેય અંદર આવવાની મના તેણે ફરમાવી હતી. દાદાના પુસ્તકાલયમાંથી વાંચવા માટે તે પુસ્તક શોધવા લાગી. તેના આશ્ચર્ય વચ્ચે

પોલિશ ભાષામાંથી અનૂદિત કરેલું બાઇબલં મળી આવ્યું : ઓલ્ડ ટેસ્ટામેન્ટ અને ન્યૂ ટેસ્ટામેન્ટ. અખ્સાને ખબર હતી કે એ ગ્રંથ પ્રતિબંધિત હતો, તેમ છતાં તે પાનાં ઉથલાવવા લાગી. તેના દાદાએ વાંચ્યું હતું કે કેમ તેની તેને નવાઈ લાગી. ના, એ તો બને જ કેવી રીતે ! યહૂદી ધર્મ સિવાયના તહેવારો વખતે જ્યારે ઘર આગળથી પવિત્ર પ્રતિમાઓ અને ચિત્રોની યાત્રા નીકળતી ત્યારે બારીની બહાર જોવાની મનાઈ હતી એ વાત તેને યાદ આવી. એ મૂર્તિપૂજા કહેવાય એવું તેના દાદા કહેતા હતા. આ બાઇબલ તેનાં દાદીએ વાંચ્યું હશે કે કેમ તેનું તેને કુતૂહલ થયું. બાઇબલની વચ્ચે તેને ફૂલની પાંખડીઓ જોવા મળી.એ ફૂલ તેનાં દાદી ઘણી વખત ચૂંટતાં હતાં. તેનાં દાદી બોહેમિયાનાં હતાં; તેનાં દાદીના પિતા સબ્બતૈ ઝેવી સમ્પ્રદાયના હતા એવી વાત સંભળાઈ હતી. ઝારતોરિસ્કી જ્યારે એ જાગીરની મુલાકાતે આવતો ત્યારે દાદી સાથે સમય ગાળતો હતો અને તેની દાદીની પોલિશ ભાષા બોલવાની રીતનાં વખાણ કરતો હતો.'જો તું યહૂદી ન હોત તો મેં તારી સાથે લગ્ન કર્યું હોત.' તે બોલતો.

તે રાતે અખ્સાએ ન્યૂ ટેસ્ટામેન્ટ આખેઆખું વાંચી લીધું. જિસસ જ ઈશ્વરનો પુત્ર હતો અને તે કબરમાંથી બેઠો થયો હતો એ વાત સ્વીકારવાનું તેને મુશ્કેલ લાગ્યું. પરંતુ પયગંબરોના આકરા શબ્દો કરતાં આ ગ્રંથે તેના વ્યથિત આત્માને વધારે શાન્તિ આપી હોય એમ તેને લાગ્યું; આ પયગંબરોએ તો કદી સ્વર્ગની અથવા મૃત વ્યકિત સજીવન થાય તેની વાત કરી ન હતી. સત્કર્મનો બદલો સારો મળશે અને દુષ્કૃત્યનો બદલો ખરાબ મળશે એવી જ વાત કરી હતી.

મરણોત્તર વિધિની સાતમી રાતે અખ્સા સૂઈ ગઈ. અંધારું હતું અને ઝોકાં ખાતાં ખાતાં તેણે પગલાંનો અવાજ સાંભળ્યો, તે તેના દાદાનાં હતાં. અંધારામાં તેના દાદાની આકૃતિ દેખઈ : ઊજળો ચહેરો, સફેદ દાઢી, આછા હાવભાવ અને તેમના વિશાળ કપાળ પર ટોપી પણ હતી. તે ધીમે સાદે બોલ્યા : 'અખ્સા, તેં ખરાબ કર્યું છે.'

અખ્સા રડવા લાગી. 'દાદા, હું શું કરું ?'

'દરેક ભૂલ સુધારી શકાય છે.'

'કેવી રીતેઃ'

'ઝેમાકની માફી માગ. તેની સાથે પરણી જા.'

'દાદા, હું તેને તિરસ્કારું છું.'

'તારી નિયતિમાં તે જ નિર્માયલો છે.'

તેઓ થોડી વાર ત્યાં ઊભા રહ્યા, તેઓ જે છીંકણીને લવિંગ સાથે, બીજા દ્રવ્યો સાથે મિશ્રિત કરતા હતા તેની વાસ પણ અખ્સાને આવતી હતી. પછી તે ઓગળી ગયા અને અંધારામાં રિકત અવકાશ રહી ગયો. ભય પામવા જેટલી પણ સુધ તેનામાં રહી ન હતી. તે પલંગની ધારને ટેકવીને પડી રહી, થોડી વાર તે ઊંઘી ગઈ.

તે એકાએક જાગી ગઈ. તેણે દાદીનો અવાજ સાંભળ્યો. તેના દાદાના અવાજની જેમ

તે ઓછો ગણગણાટ ન હતો પણ જીવતા જાગતા માણસનો નક્કર અવાજ હતો. 'અખ્સા, દીકરી...'

અખ્સા રડી પડી. 'દાદીમા, ક્યાં છો તમે ?'

'આ રહી.'

'હું શું કરું ?'

'તારું હૃદય જે ઇચ્છે તે કર.'

'દાદીમા, શું ?'

'તું પાદરી પાસે જા, તે તને માર્ગદર્શન આપશે.'

અખ્સા થીજી ગઈ. તેના ગળામાં ભય વ્યાપી ગયો. તે બોલવા મથી, 'તમે મારાં દાદી નથી. તું રાક્ષસી છે.'

'હું તારી દાદી જ છું. આપણે બંને ઉનાળાની એક રાતે તળાવ બાજુ ફરવા ગયાં હતાં અને તને પાણીમાંથી ગલ્ડનનો એક સિક્કો જડ્યો હતો એ વાત યાદ આવે છે ?'

'હા, દાદીમા.'

'હું તને બીજી સાબિતી આપું. જેન્ટાઈલ લોકો સાચા છે એ જાણી લે. નઝરેથનો જિસસ ઈશ્વરનો પુત્ર છે. ભવિષ્યવાણી અનુસાર તે પવિત્ર આત્મામાંથી જન્મ્યો હતો. આ સત્ય સ્વીકારવાની બળવાખોર યહૂદીઓએ ના પાડી અને એટલા માટે તેમને શિક્ષા કરવામાં આવી. મસીહા તેમની પાસે આવવાનો નથી કારણ કે તેનું આગમન થઈ જ ચૂકેલું છે.'

'દાદીમા, મને બીક લાગે છે.'

'અખ્સા, ન સાંભળીશ.' એકાએક તેના દાદાએ અખ્સાના જમણા કાનમાં બૂમ મારી. 'આ તારી દાદી નથી. તને છેતરવાને માટે આ કોઈ દાનવી માયા આવી છે. એનાં જૂઠાણાં કાને ધરીશ નહિ. એ તો તને નરકમાં લઈ જશે.'

'અખ્સા, આ તારા દાદા નથી, એ તો સ્નાનાગર પાછળથી પ્રગટેલો જિન છે.' દાદી વચ્ચે બોલ્યાં. 'ઝેમાકની પરિસ્થિતિ ક્યાં સારી છે ! તેના હાડેહાડમાં વેરભાવના છે. તે તને રિબાવશે અને તેનાથી તને જે બાળકો થશે તે પણ એના જેવાં જ જંતુ હશે. સમય છે ત્યાં સુધી તારી જાતને બચાવ, ઈશ્વર તો જેન્ટાઇલ લોકો પાસે છે.'

'લીલીથ ! રાક્ષસી ! કીતિવ શ્રીરીની દીકરી !' દાદા ઘૂરક્યા.

'જુઠ્ઠા !'

દાદા ચૂપ થઈ ગયા પણ દાદીએ વાત ચાલુ રાખી, તેમનો અવાજ જોકે ધીમો પડી ગયો. તેઓ બોલ્યાં : 'તારા સાચા દાદાને તો સ્વર્ગમાં સત્યની જાણ થઈ અને તેમણે ધર્માન્તર કર્યું. તેમણે તારા દાદાને જળથી પવિત્ર કર્યા છે અને અત્યારે તે સ્વર્ગમાં છે. સાધુઓ બધા બિશપ અને કાર્ડિનલ છે. જે લોકો જડ બની બેસી રહે છે તેમને ગેહેન્નાની આગમાં શેકવામાં આવે છે. જો મારી વાત સાચી ન લાગતી હોય તો હું તને નિશાની આપું.'

'શાની નિશાની ?'

'તારા ઓશીકાનો ગલેફ ખોલ – ઓશીકાને ચીરી નાખ. ત્યાં તને પીંછાંનો મુગટ મળશે, કોઈ માનવી આવો મુગટ બનાવી ન શકે.'

તેની દાદી અદૃશ્ય થઈ ગયાં અને અખ્સા ગાઢ નિદ્રામાં સરી પડી. મળસ્કે તે જાગી ગઈ, તેણે મીણબત્તી સળગાવી. દાદીના શબ્દો તેને યાદ હતા. તેણે ગલેફ કાઢ્યો, ઓશીકું ફાડી નાખ્યું, આંખો માની ન શકે એવું અદ્‌ભુત દૃશ્ય તેણે જોયું; પક્ષીઓની રૂવાંટી અને પીંછાંઓમાંથી એક મુગટ તૈયાર કરવામાં આવ્યો હતો, આ દુનિયાનો કોઈ કસબી ઘડી ન શકે એવાં નાજુક નકશીકામ અને ઝવેરાત તેમાં હતાં. મુગટની ટોચ પર નાનકડો ક્રોસ હતો. તે એટલો બધો હળવો હતો કે અખ્સાના શ્વાસથી તે ફફડતો હતો. અખ્સાએ નિઃશ્વાસ નાખ્યો. જેણે આ મુગટ બનાવ્યો હશે – દેવદૂત હોય કે રાક્ષસ હોય – તેણે અંધારામાં, આ ઓશીકાની અંદર જઈને બનાવ્યો હશે. તે પોતાની આંખો આગળ ચમત્કાર જોઈ રહી હતી. તેણે મીણબત્તી બુઝાવી નાખી અને તે પથારીમાં પડી. ખાસ્સા એવા સમય સુધી તે વિચાર કર્યા વિના પડી જ રહી. પછી તે ઊંઘી ગઈ.

સવારે તે જાગી. તેને થયું કે સ્વપ્ન આવ્યું હતું પણ ટેબલ પર પીંછાંનો મુગટ તેણે જોયો. સૂર્યના તેજને કારણે મેઘધનુષના સાતે રંગ તેમાંથી રેલાતા હતા. સાવ નાનાં રત્નોથી જડ્યો હોય એવો લાગતો હતો. તે બેઠી થઈ અને તેની સામે જોઈ રહી. પછી તેણે કાળો પોશાક પહેર્યો, કાળી શાલ લીધી અને બહાર જવા માટે ગાડી જોડવા કહ્યું. તે કોશિક નામના પાદરીને ઘેર ગઈ. તેના ટકોરાનો જવાબ કામવાળીએ આપ્યો. પાદરીની ઉંમર લગભગ સિત્તેરની હતી. એ અખ્સાને ઓળખતો હતો. ઈસ્ટરના દિવસે તે ખેડૂતોની બ્રેડને આશિષ આપવા જાગીરની મુલાકાતે આવતો હતો. મરવા પડેલા લોકોની અને લગ્નની વિધિઓ તે કરાવતો હતો.

અખ્સાના એક શિક્ષકે તેની પાસેથી લેટિન-પોલિશ શબ્દકોશ વાંચવા લીધો હતો. જ્યારે જ્યારે એ પાદરી ત્યાં આવતા ત્યારે ત્યારે અખ્સાનાં દાદી તેને વરંડામાં બોલાવતાં અને તેઓ કેક, વિશનૈક ખાતાં ખાતાં વાતો કરતા હતા.

એ પાદરીએ અખ્સાને બેસવા ખુરશી ધરી. તે બેઠી અને બધી વાત તેણે કરી. તે બોલ્યો : 'હવે તું યહૂદીઓ પાસે ન જતી, અમારી પાસે આવતી રહે. તારી સંપત્તિને આંચ ન આવે તેની કાળજી અમે લઈશું.'

'હું મુગટ લઈ આવવાનું ભૂલી ગઈ. હું મારી પાસે રાખવા માગું છું.'

'હા, દીકરી. જા, લઈ આવ.'

અખ્સા ઘેર ગઈ પણ નોકરબાઈએ તેનો ખંડ સાફ કર્યો હતો, ટેબલ પરની ધૂળ ઉડાડી હતીઃ મુગટ તો અદૃશ્ય થઈ ગયો હતો. અખ્સા ઉકરડામાં શોધી વળી, ખાળમાં શોધી વળી; પણ મુગટનું નામનિશાન ન મળ્યું.

પછી તો અખ્સાએ ધર્માન્તર કર્યાના ખરાબ સમાચાર ક્રસ્નોબ્રોડમાં પ્રસરી ગયા.

છ વર્ષ પસાર થઈ ગયાં. અખ્સાએ લગ્ન કર્યું અને જમીનદાર મારીયા માકોવ્સ્કા બની ગઈ. જૂનો જમીનદાર વ્લાદિસ્લો માકોવ્સ્કી નિ:સંતાન મરણ મામ્યો હતો અને તેણે પોતાની બધી સંપત્તિ તેના ભત્રીજા લુડવિકને આપી હતી. લુડવિક પિસ્તાળીસ વર્ષ સુધી અપરિણીત રહ્યો હતો, તે કદી પરણશે જ નહી એવું લાગતું હતું, તે પોતાના કાકાના કિલ્લામાં તેની કુંવારી બહેન ગ્લોરિયા સાથે રહેતો હતો. ખેડૂતકન્યાઓ સાથે તેણે સમ્બન્ધો બાંધ્યા હતા અને કેટલાય અનૌરસ સંતાનોને જન્મ આપ્યો હતો. લુડવિક બીજાઓ સાથે ભળતો ન હતો અને ઇતિહાસ, ધર્મ અને વંશાવળીઓનાં જૂનાં પુસ્તકો વાંચ્યા કરતો હતો. પોર્સેલેઈનની ચૂંગી પીતો, એકલો બેસીને દારૂ પીતો, એકલો શિકાર કરતો અને ઉમરાવોનાં નૃત્યોમાં ભાગ લેવાનું ટાળતો. જાગીરનો વહીવટ તે સખતાઈથી કરતો હતો અને પોતાનો બેલીફ છાનામાના પૈસા બનાવી ન જાય તેની ખૂબ કાળજી રાખતો હતો. તેના પાડોશીઓ તેને ડોળઘાલુ પંડિત માનતા હતા અને કેટલાક તો તેને અડધો ગાંડો માનતા હતા. જ્યારે અખ્સાએ ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો ત્યારે તેણે અખ્સા આગળ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. લોકો એવું કહેતા હતા કે કંજૂસ લુડવિક મારિયાની સંપત્તિને ચાહતો હતો. પાદરીઓએ અને બીજાઓએ તેની સાથે લગ્ન કરવા અખ્સાને સમજાવી. તે પોલિશ રાજા લેસઝીન્સ્કીન વંશનો હતો. ગ્લોરિયા લુડવિક કરતાં દસ વર્ષ મોટી હતી. તેણે આ લગ્નનો વિરોધ કર્યો પણ લુડવિકે એકેય વખત તેની વાત સાંભળી નહિ.

ક્રસ્નોબ્રોડના યહૂદીઓને અખ્સા તેમની દુશ્મન બની જશે અને ધર્માન્તરોના કિસ્સાઓમાં બનતું હોય છે તેમ લુડવિકને તેમની વિરુદ્ધ ઉશ્કેરશે એવો ડર લાગ્યો. પણ લુડવિકે યહૂદીઓ સાથે વેપાર ચાલુ રાખ્યો. તે માછલી, અનાજ અને ઢોરનું વેચાણ તેમને કરતો હતો. ઝેલિગ ફેમપોલર નામનો યહૂદી બધા જ પ્રકારનો માલસામાન લુડવિકની જાગીરમાં પહોંચાડતો હતો. કિલ્લાનો વહીવટ ગ્લોરિયાના હાથમાં જ રહ્યો.

લગ્નનાં શરૂઆતનાં અઠવાડિયાઓમાં અખ્સા અને લુડવિક સાથે ગાડી જોડાવીને બહાર ફરવા જતાં હતાં. લુડવિકે પડોશી વિસ્તારોની મુલાકાત પણ લેવા માંડી હતી અને મિજબાની આપવાની વાતો પણ તે કરવા લાગ્યો. મારિયાને પોતાની જૂની પ્રેમકહાનીઓ સંભળાવી અને ઈશ્વરભીરુ ખ્રિસ્તી બનીને જીવવાનું વચન આપ્યું. પણ થોડા જ વખતમાં તે જૂની આદતોનો ભોગ બની ગયો; પડોશીઓ સાથેના સમ્બન્ધો ઓછા કરી નાખ્યા, ખેડૂતકન્યાઓ સાથેના સમ્બન્ધો ચાલુ કર્યા, દારૂ પીવાની શરૂઆત કરી. પતિપત્ની વચ્ચે ક્રોધભર્યું મૌન છવાઈ ગયું. લુડવિકે મારિયાના શયનખંડમાં જવાનું બંધ કર્યું અને મારિયા મા બની ન શકી. થોડા વખતમાં તેમણે એક ટેબલ પર સાથે સાથે બેસીને જમવાનું બંધ કર્યું. જ્યારે લુડવિક મારિયાને કશું કહેવા માગતો હોય ત્યારે નોકર સાથે સંદેશો મોકલતો. પૈસાનો વહીવટ સંભાળતી ગ્લોરિયા પોતાની ભાભીને દર અઠવાડિયે એક ગલ્ડન આપતી હતી. મારિયાની સંપત્તિ તો તેના પતિની થઈ ગઈ હતી. અખ્સાને સ્પષ્ટ લાગવા માંડ્યું કે ઈશ્વર તેને શિક્ષા કરી રહ્યો છે અને હવે મરણની પ્રતીક્ષા કરવા સિવય બીજો કોઈ

માર્ગ નથી. પણ મરણ પછી તેનું શું થશે ? કાંટાની પથારી પર અગ્નિમાં શેકાવું પડશે કે સૌથી નીચલા જગતના ઉકરડામાં તેને નાખી દેવામાં આવશે ? બીજા જન્મે તે શું બનશે ? કૂતરો, ઉંદર, ઘંટીનું પડ ?

તેને કશું કામ કરવાનું હતું નહિ એટલે આખો દિવસ અને રાતે થોડી વાર તે પોતાના પતિના પુસ્તકાલયમાં સમય વીતાવતી હતી. લુડવિકે નવાં પુસ્તકો ખરીદ્યાં ન હતાં, જે હતાં તે જૂનાં, ચામડાની બાંધણીવાળાં, લાકડાની ફ્રેમવાળાં અથવા તો જીવડાંઓએ કાતરી ખાધેલા વેલવેટ અને રેશમથી બાંધેલાં હતાં. ચોપડીઓનાં પાનાં પીળાં અને છેડેથી વળી ગયેલાં હતાં. અખ્સા એ પ્રાચીન રાજાઓની, દૂર દૂરના દેશોની, રાજાઓ વચ્ચે ખેલાયેલાં યુદ્ધોની, રાજાઓનાં કાર્ડિનલોનાં, ઉમરાવોનાં કાવતરાંઓની વાર્તાઓ વાંચે ગઈ. ધર્મયુદ્ધોની અને પ્લેગની વાર્તાઓમાં તે ખોવાઈ ગઈ. જગત આખું દુષ્ટતાઓથી ઊભરાતું હતું પણ સાથે સાથે અનેક અજાયબીઓવાળું હતું. આકાશના તારાઓ વચ્ચે યુદ્ધ ચાલતાં હતાં, ગ્રહનક્ષત્રો એકબીજાને ગળી જતાં હતાં. ધૂમકેતુઓ દુર્ઘટનાઓની આગાહી કરતા હતા. કોઈ બાળક પૂંછડીવાળું જન્મ્યું હતું. એક સ્ત્રીના શરીર પર ત્રાજવાં અને ઝાલરો ફૂટી હતી; હિન્દુસ્તાનમાં ફકીરો ધગધગતા અંગારા પર સડસડાટ ચાલી જતા હતા. કેટલાક લોકો જમીનમાં જીવતા દટાઈ જતા હતા અને પછી હેમખેમ બહાર નીકળતા હતા.

બહુ વિચિત્ર લાગે પણ જે રાતે અખ્સાને પોતાના ઓશીકામાંથી પીંછાંઓનો મુગટ મળ્યો હતો તે રાત પછી આ જગતનું સંચાલન કરતી શક્તિઓની બીજી કોઈ નિશાની તેને મળી ન હતી. દાદા કે દાદી ફરી તેની પાસે ફરક્યા ન હતા. ઘણી વખત પોતાના દાદાને બોલાવવાનું અખ્સાને મન થતું હતું; પણ પોતાના અપવિત્ર હોઠો પર દાદાનું નામ આણવાની હિંમત તે કરી શકતી ન હતી. તેણે યહૂદીઓના ઈશ્વરનો દ્રોહ કર્યો હતો, તેને જેન્ટાઈલ લોકોના ઈશ્વરમાં શ્રદ્ધા રહી ન હતી. એટલે તે પ્રાર્થના જ કરતી ન હતી. ઝેલિગ ફ્રેમપોલર જ્યારે ત્યાં આવતો હતો ત્યારે અખ્સા તેને બારીમાંથી જોતી હતી અને તેને યહૂદીઓ વિશે પૂછવાનું મન થતું હતું; પણ કદાચ મારી સાથે વાત કરવી એ પણ તે પાપ ગણતો હશે એવો ભય તથા યહૂદીઓ સાથે ભળી ગઈ એમ કહીને ગ્લોરિયા મને કાઢી મૂકશે એવો ભય અખ્સાને હતો.

વર્ષો વીત્યાં. ગ્લોરિયાના વાળ સફેદ થઈ ગયા, તેનું માથું ધ્રૂજવા લાગ્યું. લુડવિકની દાઢી સફેદ થઈ ગઈ. નોકરો ઘરડા, બહેરા અને અર્ધા આંધળા થવા માંડ્યા. અખ્સા અર્થાત્ મારિયાની ઉંમર ત્રીસ ઉપર થઈ હતી પણ તેને ઘણી વખત લાગતું કે તે વૃદ્ધ થઈ ગઈ છે. વર્ષો વીતવાની સાથે તેને વધારે ને વધારે પ્રતીતિ થતી ગઈ કે ધર્માન્તર કરવા માટે શેતાને જ તેને ભરમાવી હતી, તેણે જ પીંછાંનો મુગટ બનાવ્યો હતો. પણ હવે પાછા ફરવાનો માર્ગ બંધ થઈ ગયો હતો. રશિયન કાનૂન પ્રમાણે ધર્માન્તર કરનાર વ્યક્તિ પોતાના જૂના ધર્મને સ્વીકારી ન શકે. યહૂદીઓ વિશેની જે માહિતી તેના કાને

પહોંચી હતી તે માઠી હતી. ક્રસનોબ્રોડના દેવળને આગ ચાંપવામાં આવી હતી, બજારની દુકાનો પણ બાળી કાઢવામાં આવી હતી. ખાનદાન ઘરના લોકો અને સમાજના અગ્રણીઓ ખભે ઝોળી લટકાવીને ભીખ માગતા થઈ ગયા હતા. થોડા થોડા મહિને રોગચાળો ફાટી નીકળતો હતો, પાછા ફરવા માટેનો કોઈ માર્ગ ન હતો. ઘણી વખત તેને આત્મહત્યા કરવાનો વિચાર આવતો હતો પણ કેવી રીતે ? ફાંસો ખાવાની કે ધોરી નસ કાપવાની તેનામાં હિંમત ન હતી; તેની પાસે ઝેર ન હતું.

ધીરે ધીરે અખ્સાને પ્રતીતિ થતી ગઈ કે વિશ્વ આસુરી શક્તિઓ વડે જ ચાલી રહ્યું છે. વિશ્વ ઈશ્વરના હાથમાં નહિ પણ શેતાનના હાથમાં છે. મંત્રતંત્ર, ચમત્કારો, ભૂતપિશાચની પૂજાવિધિ, અસ્મોડિયસ, લુસિફર અને બીલ્ઝેબબને અપાતી આહુતિઓનાં વિગતવાર વર્ણનોવાળો એક દળદાર ગ્રન્થ તેના હાથમાં આવ્યો. તેમાં બ્લેકમાસના અહેવાલો અને ભૂતપિશાચોએ પોતાની કાયાઓને અભિસિક્ત કર્યાના, જંગલોમાં એકઠા થઈને માનવશરીર ધારણ કર્યાના, સાવરણી, પાવડા, ગાડાની વાટ પર સવાર થઈને હવામાં ઊડ્યાના, શિંગડાં અને પૂંછડાવાળા, ચામાચિડિયાંની પાંખો અને ડુક્કરના નાકવાળાં નિશાચર પ્રાણીઓ અને શેતાનોનાં ટોળાંઓ સાથે ફરતા ભૂતપ્રેતના અહેવાલો તેમાં હતા. આ અસુરો ઘણી વખત ડાકણો સાથે સૂતા હતા અને તે ડાકણો રાક્ષસોને જન્મ આપતી હતી.

'જો તમે ઊંચે જઈ શકતા ન હો તો તળિયે જતા રહો' એવી યહૂદી કહેવતની યાદ અખ્સાએ પોતાની જાતને અપાવી. તેણે ભાવિ વિશ્વ તો ગુમાવી દીધું હતું એટલે જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી થોડા ભોગ ભોગવી લેવાનું નક્કી કર્યું. રાતે તેણે શેતાનના મંત્રતંત્ર આચરવા માંડ્યા, ભૂતકાળમાં ઘણી ઘણી ઉપેક્ષિત સ્ત્રીઓએ જેવી રીતે શેતાન સાથે કરારો કર્યા હતા તેવી રીતે કરવાનું તેણે પણ ઠરાવ્યું.

એક મધરાતે, મધનો દારૂ, લાળ, માનવરક્તનો ઘૂંટડો અને ગુંદર તથા ઘેન ચઢાવે તેવી કોઈ વનસ્પતિ મિશ્રિત કાગડાનું ઈંડું ખાધા પછી તેના હોઠ પર શીતળ ચુમ્બનનો સ્પર્શ થયો. પાછળી રાતના ચન્દ્રના પ્રકાશમાં તેણે એક નગ્ન પુરુષ જોયો - તે ઊંચો, કાળો હતો. તેને લાંબા વાળ, કાળિયારનાં શિંગડાં અને સૂવરની જેમ બહાર નીકળેલા બે દાંત હતા. તે અખ્સા પાસે ઝૂક્યો અને બબડ્યો : 'માલિકણ, શો હુકમ છે ? મારું અડધું રાજ પણ તમે માગી શકો.'

તેનું શરીર કરોળિયાના જાળા જેવું પારદર્શી હતું. તેના શરીરમાંથી ડામરની વાસ આવતી હતી. અખ્સા બોલવા જ જતી હતી :

'આવ, મારા ગુલામ, લે ભોગવ મને,' પણ તે બબડી : મારા દાદા દાદી.'

શેતાન ખડખડાટ હસ્યો. 'એ તો રાખ થઈ ગયાં !'

અખ્સાએ પૂછ્યું : 'પીંછાંનો મુગટ તેં ગૂંથ્યો હતો ?'

'બીજા કોણે ત્યારે '

'તેં મને છેતરી !'

'હું તો છેતરપિંડી જ કરનારો છું.' શેતાન ખીખી હસતાં બોલ્યો.

'સત્ય કયાં છે ?' અખ્સાએ પૂછયું.

'સત્ય છે જ નહિ એ જ સત્ય છે.'

શેતાન થોડી વાર ત્યાં રહ્યો અને પછી અદૃશ્ય થઈ ગયો. બાકીની રાત અખ્સા ન ઊંઘી શકી, ન જાગી શકી. જાતજાતના અવાજો તેને કહેતા હતા. તેના સ્તન સૂજી ગયા, તેની ડીંટડીઓ સખત થઈ ગઈ, તેનું પેટ ફૂલી ગયું. તેના માથામાં સણકા નાખવા લાગ્યા. તેના દાંત કચકચવા લાગ્યા, તેની જીભ મોટી થઈ, તાળવું ફાડી નાખશે એવી તેને બીક લાગી. તેની આંખો બહાર નીકળવા લાગી. એરણ પર હથોડા ટિપાતા હોય તેવી રીતે તેના કાનમાં પડછંદા ગાજવા લાગ્યા. પછી જાણે પ્રસૂતિની વેદના થતી ન હોય એવું તેને લાગ્યું. હું કોઈ રાક્ષસને જન્મ આપીશ.' અખ્સા બરાડી ઊઠી. 'મને તેં ત્યજી દીધી છે' એ પ્રાર્થના તે ઈશ્વરને કરવા લગી. આખરે તે સૂઈ ગઈ, જ્યારે પરોઢિયે તે જાગી ત્યારે તેની યાતના દૂર થઈ ગઈ હતી. પથારીને છેડે તેણે પોતાના દાદાને ઊભેલા જોયા. તેમણે સફેદ ઝભ્ભો અને ટોપી પહેર્યા હતાં. કોલ નિદ્રની પ્રાર્થનામાં જતા પહેલાં અખ્સાને આશીર્વાદ આપતી વખતે યોમ કિપ્પુરના આગલા દિવસે જે પોશાક પહેર્યો હતો તે જ અત્યારે હતો, તેમની આંખોમાંથી પ્રકાશ રેલાતો હતો અને અખ્સાની રજાઈ પર પડતો હતો. અખ્સા બબડી : 'દાદા.'

'હા. અખ્સા, હું આ રહ્યો.'

'દાદા, હું શું કરું ?'

'ભાગી જા. પ્રાયશ્ચિત્ત કર.'

'હું તો ખોવાઈ ગઈ છું.'

'જાગ્યા ત્યારથી સવાર. તેં જેને ના પાડી તેને શોધી કાઢ. યહૂદી કન્યા બની જા.' થોડી વાર પછી અખ્સાને એ વાત યાદ ન રહી કે દાદાએ ખરેખર તેની સાથે વાત કરી હતી કે અખ્સાએ પોતે જ દાદાની વાત સમજી લીધી હતી. રાત પૂરી થઈ. સૂર્યોદયે બારીને રાતી બનાવી. પક્ષીઓ કૂજવા લાગ્યાં. અખ્સાએ ચાદર તપાસી. ત્યાં લોહી ન હતું. તેણે રાક્ષસને જન્મ આપ્યો ન હતો. વર્ષો પછી પહેલી વાર તેણે આભારની હિબ્રુ પ્રાર્થના કરી.

તે પથારીમાંથી બેઠી થઈ, હાથપગ ધોયા અને શાલ વડે માથાના વાળ ઢાંક્યા. લુડવિકે અને ગ્લોરિયાએ તેની સંપત્તિ છિનવી લીધી હતી પણ હજુ તેની પાસે તેની દાદીમાનું ઝવેરાત હતું. તેણે એ રૂમાલમાં વીંટાળ્યું અને ટોપલીમાં મૂક્યું, તેની સાથે થોડાં કપડાં મૂક્યાં. લુડવિકે રાત તેની કોઈ રખાત સાથે ગાળી હશે અથવા શિકાર કરવા પરોઢિયે ઊપડી ગયો હશે. ગ્લોરિયા તેના ઓરડામાં માંદી પડીને સૂતી હતી. અખ્સાને નોકરાણીએ નાસ્તો આપ્યો, પણ તેણે બહુ ઓછું ખાધું. પછી તે ત્યાંથી ચાલી નીકળી. તે જાણે અજાણી

હોય તેવી રીતે કૂતરાઓ તેની સામે જોઈને ભસ્યા. હાથમાં ટોપલી લઈને અને ખેડૂતસ્ત્રીની જેમ માથા પર રૂમાલ વીંટાળીને દરવાજામાંથી પસાર થઈ રહેલી જાગીરદારણને જોઈને ઘરડા નોકરો નવાઈ પામ્યા.

માલ્કોવ્સ્કીનું મકાન ક્સ્નોબ્રોડથી બહુ દૂર ન હતું તેમ છતાં અખ્સાએ મોટા ભાગનો દિવસ રસ્તા પર જ વીતાવ્યો. તે થાક ખાવા બેઠી અને ઝરણામાં હાથ ધોયા. ઈશ્વરી સ્તવન કર્યું અને પોતાની સાથે લાવેલા પાઉંનો ટુકડો ખાધો.

ક્સ્નોબ્રોડ કબ્રસ્તાન પાસે કબર ખોદનાર એંબરની ઝૂંપડી હતી. બહાર તેની પત્ની ટબમાં કપડાં ધોતી હતી. અખ્સાને તેને પૂછયું : 'ક્સ્નોબ્રોડ જવાનો રસ્તો આ જ છે ?'

'હા, સીધેસીધી ચાલી જા.'

'ગામના શા સમાચાર છે ?'

'તું કોણ છે ?'

'હું રેબ નાફતાલી હોલીશિટ્ઝરના સગામાં છું.'

એ સ્ત્રીએ પોતાના ઝભ્ભા વડે હાથ લૂછ્યા. 'એ કુટુમ્બમાંથી તો કોઈ બચ્યું જ નથી.'

'અખ્સા ક્યાં છે ?'

પેલી વૃદ્ધા ધ્રૂજી : 'તેને તો જીવતી ભોંમાં ભંડારી દેવી જોઈએ.'

પછી અખ્સાના ધર્માન્તરની વાત કરી. 'સારું થયું. તેને આ જ જન્મમાં સજા મળી ગઈ.'

'તેનો વિવાહ જેની સાથે થયો હતો તેનું શું થયું ?'

'કોને ખબર ? આટલામાં તો તે નથી.'

અખ્સાએ પોતાના દાદાદાદીની કબર વિશે પૂછ્યું. એ વૃદ્ધાએ એકબીજાની તરફ ઝૂકેલા બે પથ્થર બતાવ્યા, ત્યાં ઘણી વનસ્પતિ ઊગી નીકળી હતી. અખ્સાએ ત્યાં દંડવત્ પ્રણામ કર્યા અને રાત પડી ત્યાં સુધી ત્યાં જ રહી.

ત્રણ મહિના સુધી અખ્સા એક યેશિવાથી બીજા યેશિવા એમ ભટકતી જ રહી પણ ઝેમાકનો ભેટો ન થયો. તેણે નોંધપત્રકો તપાસ્યાં. અગ્રણીઓને તથા રબાઈઓને પૂછપરછ કરી, પણ કોઈ પરિણામ આવ્યું નહિ. દરેક નગરમાં ધર્મશાળા ન હોય એટલે ઘણી વખત તેને ગરીબખાનામાં સૂવું પડતું હતું. પરાળની પથારી પર સાદડી પાથરીને તે સૂઈ જતી, તેના દાદા આવે અને ઝેમાક વિશે માહિતી આપે એ માટે તે ચુપચાપ પ્રાર્થના કરતી હતી. તેમણે કોઈ નિશાની આપી નહિ, અંધારામાં ઘરડા અને માંદા લોકો ઊધરસ ખાતા, બબડતા, બાળકો રડતાં. માતાઓ ગાળો આપતી. અખ્સાએ આ બધાનો સ્વીકાર પોતાની સજાના એક ભાગ તરીકે કર્યો હોવા છતાં તે તુચ્છતાની લાગણીમાંથી મુક્ત થઈ ન શકી. સમાજના અગ્રણીઓ તેને ઠપકો આપતા. મુલાકાત માટે તેઓ તેને દિવસો સુધી રાહ જોવડાવતા હતા. સ્ત્રીઓ તેના વિશે શંકા ઉઠાવતી હતી, જે પુરુષ પરણેલો છે અને બાળકોવાળો છે અને કદાચ મરી પણ ગયેલો હોય તેની શોધ તે શા માટે ચલાવે છે.

'દાદા, મને આમ શા માટે ભટકાવો છો, કાં તો મને રસ્તો બતાવો કાં તો મારું મોત આણો.' શિયાળાની એક બપોરે લુબિનની ધર્મશાળામાં અખ્સા બેઠી હતી, ત્યાં તેણે ધર્મશાળાના રખેવાળને પૂછ્યું : 'તમે કદી ઝેમાક નામના માણસનું નામ સાંભળ્યું છે ? દેખાવમાં તે ઠીંગણો હતો. બહુ વિદ્વાન હતો.' બીજા મુસાફરોમાંથી કોઈ બોલ્યું ; 'તમે ઇઝબિકના શિક્ષક ઝેમાકની તો વાત નથી કરતાં ને ?'

તેણે ઝેમાકનું વર્ણન કર્યું, અખ્સાને તરત જ જેની શોધ તે ચલાવતી હતી તેનો પત્તો મળી ગયો. તે બોલી : 'તેનો વિવાહ કસ્નોબ્રોડની એક છોકરી સાથે થયો હતો.'

'હા, મને ખબર છે. ધર્માંતર કરનારી છોકરી. તમે કોણ છો ?'

'હું તેમના સગામાં છું.'

પેલા મુસાફરે પૂછ્યું : 'તમારે તેનું શું કામ છે ? તે તો ગરીબ છે અને ખૂબ જ જિદ્દી છે. તેના બધા જ વિદ્યાર્થીઓ ચાલ્યા ગયા. તે ખૂબ જંગલી અને ઊંધી ખોપરીનો છે.'

'તે પરણેલો છે ?'

' બે પત્નીઓ તો હતી. એકને રિબાવી રિબાવીને મારી નાખી. બીજી નાસી ગઈ.'

'બાળકો છે ?'

'ના. તે તો વાંઝિયો છે.'

પેલો મુસાફર વધારે કહેવા જતો હતો. પણ કોઈ નોકર તેને બોલાવવા આવ્યો. અખ્સાની આંખો ભરાઈ આવી. તેના દાદાએ તેને ત્યજી દીધી ન હતી. તે ઇઝબિકા જવા માટે વાહનની વ્યવસ્થા કરવા ગઈ. ધર્મશાળાની સામે ગાડું ઊપડવાની તૈયારીમાં હતું. તે બબડી : 'ના, હું એકલી નથી. સ્વર્ગનું દરેક પગથિયું પરિચિત છે.'

શરૂઆતમાં તો રસ્તા પર પથ્થર જડેલા હતા પણ થોડી જ વારમાં ખાડાટેકરાવાળો અને ગંદકીવાળો રસ્તો શરૂ થઈ ગયો. રાતે વરસાદ પડ્યો હતો અને અંધારી રાત હતી. ઘણી વખત મુસાફરોને નીચે ઊતરીને ગાડીવાનને મદદ કરવા કાદવમાંથી ગાડી બહાર કાઢવી પડી હતી. બીજાઓ તેને ઠપકો આપતા હતા પણ અખ્સાએ આ અગવડ પ્રસન્નતાપૂર્વક સ્વીકારી લીધી. બરફ વરસતો હતો અને ઠંડો પવન ફુંકાતો હતો. જ્યારે જ્યારે તે ગાડીમાંથી નીચે ઊતરતી ત્યારે ત્યારે ઘૂંટી સુધીના પગ કાદવવાળા થતા હતા. તેઓ મોડી સાંજે ઇઝબિકામાં આવ્યા. આખું ગામ કાદવકીચડવાળું હતું. ઝૂપડીઓ પડું પડું થઈ રહેલી હતી. કોઈએ અખ્સાને શિક્ષક ઝેમાકના ઘરનો રસ્તો દેખાડ્યો. કસાઈઓની દુકાનો પાસેની ટેકરી પર તેનું ઘર હતું. શિયાળાની ઋતુ હતી છતાં હવામાં કશુંક સડી રહ્યાની દુર્ગન્ધ હતી. કસાઈની દુકાનોની આસપાસ કૂતરા આમતેમ રખડતા હતા.

ઝેમાકની ઝૂંપડીની બારીમાંથી અખ્સાએ અંદર નજર કરી. ખખડી ગયેલી ભીતો, ગંદી ફરસ અને ફાટી ગયેલી ચોપડીઓની છાજલીઓ. તેલની રકાબીમાંથી દિવેટ જ પ્રકાશ પાથરતી હતી. ટેબલ આગળ કાળી દાઢીવાળો, ભરાવદાર ભવાંવાળો, ફિક્કા ચહેરાવાળો અને અણિયાળા નાકવાળો એક માણસ બેઠો હતો. તેણે ટોપી પહેરી હતી

અને ગોદડાની જેમ સીવેલું જાકીટ અણઘડતા ઉછાળા કરતું હતું. આ જોતી અખ્સા ઊભી હતી તે જ વખતે ઉંદર દરમાંથી બહાર આવ્યો અને પથારી પર દોડવા લાગ્યો, પથારી કહોવાઈ ગયેલા પરાળની હતી, ઓશીકું ગલેફ વગરનું હતું અને ઓઢવા માટે આંતરી પડેલ ઘેટાનું ચામડું હતું. ઝેમાકની ઉંમર ખાસ્સી એવી થઈ હતી છતાં અખ્સા તેને ઓળખી ગઈ. ઝેમાક વલૂરવા માંડયો. તે આંગળીઓનાં ટેરવા પર થૂંક્યો અને કપાળ પર આંગળીઓ લૂંછી નાખી. હા, એ જ હતો. અખ્સાને એકી સાથે હસવાનું અને રડવાનું મન થયું. તરત જ તેણે અંધારા તરફ મોં ફેરવ્યું. વર્ષો પછી તેણે દાદીનો અવાજ સાંભળ્યો : 'અખ્સા, ભાગી જા અહીંથી.'

'ક્યાં ?'

'પાછી એસાઉ.'

પછી તેણે દાદાનો અવાજ સાંભળ્યો : 'અખ્સા, તે તને ગર્તામાંથી બચાવશે.'

તેના દાદાએ આટલી બધી કાકલૂદીપૂર્વક કોઈ દિવસ તેને કહ્યું નહતું. બેસુધ થતાં પહેલાં ચિત્ત જે શૂન્ય અનુભવતું હોય છે તે તેણે અનુભવ્યું. તેણે બારણાને ટેકો દીધો અને તે ખૂલી ગયું.

ઝેમાકે પોતાની એક ભરાવદાર ભમર ઊંચે ચઢાવી. તેની આંખો બહાર ઊપસી આવેલી હતી, અને પીળી હતી. તે બરાડ્યો : 'શું જોઈએ છે ?'

'તમે જ રેબ ઝેમાક છો ?'

'હા, તું કોણ છે ?'

'અખ્સા. કસ્નોબ્રોડની અખ્સા. એક વખતની તમારી વાગ્દત્તા.'

ઝેમાક ચૂપ રહ્યો. પોતાનું વાંકું મોં ખોલ્યું, હૂકના જેવો કાળો એક જ દાંત હતો.

'ધર્માન્તર કરેલું તે અખ્સા ?'

'ફરી યહૂદી બનવા આવી છું.'

ઝેમાક કૂદી પડ્યો. તેના ગળામાંથી ભયંકર ચીસ નીકળી. 'મારા ઘરમાંથી બહાર નીકળ. તારું મોં કાળું થાય.'

'રેબ ઝેમાક, મારી વાત સાંભળો.'

મૂઠીઓ વાળીને તે એની પાછળ દોડ્યો, તેલની રકાબી પડી ગઈ અને દીવો બુઝાઈ ગયો : 'ઉકરડો !'

હોલિશિટ્ઝનો અભ્યાસખંડ ચિક્કાર હતો. અમાસનો દિવસ હતો અને બધા લોકો ઈશ્વરને વિનંતીઓ કરવા એકઠા થયા હતા. સ્ત્રીઓના વિભાગમાંથી પવિત્ર સૂત્રોનો અવાજ આવતો હતો. એકાએક બારણું ખૂલ્યું અને ચીંથરેહાલ કપડાં પહેરેલો કાળી દાઢીવાળો માણસ ધસી આવ્યો. તેના ખભા પર ઝોળી લટકાવેલી હતી. તે એક સ્ત્રીને દોરડે બાંધીને તે જાણે ગાય ન હોય એવી રીતે દોરી લાવ્યો હતો. તે સ્ત્રીએ માથા પર કાળો રૂમાલ બાંધ્યો હતો. તેનાં કપડાં કંતાનનાં હતાં, તેના ગળામાં લસણની માળા હતી. બધાએ

પ્રાર્થના અટકાવી દીધી. અજાણ્યાએ તે સ્ત્રીને ઇશારો કર્યો, તે ઉંબરા પર લાંબી થઈ ગઈ. તે બોલી : 'યહૂદીઓ, મને તમારા પગ નીચે ચાંપી દો. યહૂદીઓ, મારા પર થૂંકો.'

ઓરડામાં હલચલ મચી ગઈ. તે અજાણ્યો ટેબલ આગળ ગયો, શાંતિ માટે ટેબલ પર હાથ પછાડ્યો અને બોલ્યો: 'આ સ્ત્રી તમારા નગરની છે. રેબ નાફતાલી હોલિશિટ્ઝર તેના દાદા થાય, ધર્માન્તર કરીને જમીનદારને પરણેલી તે આ જ અખ્સા. હવે તેને સત્ય પ્રાપ્ત થયું છે અને હવે તે યહૂદીધર્મના તિરસ્કાર બદલ પ્રાયશ્ચિત્ત કરવા માગે છે.'

હોલિશિટ્ઝ ઓસ્ટ્રિયાના અંકુશ હેઠળના પોલેંડમાં આવ્યું હોવા છતાં અખ્સાની વાત ત્યાં પણ જાણીતી હતી. પ્રાયશ્ચિત્ત કરાવવાની આ રીત નથી એમ કહીને કેટલાકે વિરોધ કર્યો. માણસને આ રીતે ઢોરની જેમ દોરડે બાંધીને લાવી ન શકાય. બીજા કેટલાકે પેલા અજાણ્યા સામે મુક્કીઓ ઉગામી. ઓસ્ટ્રિયામાં શાસ્ત્રાજ્ઞા પ્રમાણે ધર્માન્તર કરી બેઠેલી વ્યક્તિ પાછી યહૂદી ધર્મ સ્વીકારી શકે. પણ જો જેન્ટાઇલ લોકોને ખબર પડે કે તેમનો ધર્મ સ્વીકારનાર સાથે આવો વર્તાવ કરવામાં આવ્યો છે તો તેનું પરિણામ કઠોર આજ્ઞાઓમાં અને સામસામા આરોપોમાં જ આવે. ઘરડા રબાઈ રેબ બ્રેઝલેલ અખ્સા પાસે ઉતાવળે પગ માંડતા ગયા : 'ઊભી થા, દીકરી. તેં પ્રાયશ્ચિત્ત કર્યું છે એટલે હવે તું અમારામાંની.'

અખ્સા ઊભી થઈ : 'રબાઈ, મેં મારાં કુટુમ્બોની પ્રતિષ્ઠા પર પ્રહાર કર્યો છે.'

'તેં પ્રાયશ્ચિત્ત કર્યું છે એટલે ઈશ્વર તને માફ કરશે.'

જ્યારે સ્ત્રીવિભાગમાં આ ઘટનાની જાણ થઈ એટલે તેઓ ત્યાં દોડી ગઈ. રબાઈની પત્ની પણ તેમાં હતી. રેબ બ્રેઝલેલે પોતાની પત્નીને કહ્યું : 'તેને ઘેર લઈ જા, સારાં કપડાં પહેરાવ. ઈશ્વરને ધ્યાનમાં રાખીને જ માનવનું સર્જન થયું હતું.'

અખ્સાએ કહ્યું : 'રબાઈ, હું મારી ભૂલોનું પ્રાયશ્ચિત્ત કરવા માગું છું.'

'હું તારા માટે પ્રાયશ્ચિત્ત જણાવીશ. તું તારી જાતને રિબાવીશ નહિ,'

કેટલીક સ્ત્રીઓ આંસુ સારવા લાગી. રબાઈની પત્નીએ અખ્સાના માથા પરથી શાલ લઈને ખભા પર નાખી દીધી. બીજી એક સ્ત્રીએ અખ્સાને ટોપી આપી.જૂના જમાનામાં જે લોકોએ સમાજવિરુદ્ધ પાપ કર્યાં હોય તેમને રાખવામાં આવતી કોટડીમાં લઈ ગયા. ત્યાં હજુ પણ એક પથ્થર અને સાંકળ હતાં. સ્ત્રીઓએ ત્યાં અખ્સાને કપડાં પહેરાવ્યાં. કોઈ તેના માટે સ્કર્ટ અને પગરખાં લઈ આવ્યું. આ બધાં તેને તૈયાર કરવામાં રોકાયા તે વખતે અખ્સાએ હાથની મૂઠીઓ વડે છાતી કૂટવા માંડી, પોતાનાં પાપ ગણી બતાવ્યાં; તેણે ઈશ્વરનો તિરસ્કાર કર્યો હતો. મૂર્તિપૂજા આદરી હતી, જેન્ટાઇલ ધર્મના માનવી સાથે સંસાર માંડ્યો હતો. તે હીબકાં ખાવા લાગી : 'મેં તો મંત્રતંત્ર પણ કર્યા, મેં શેતાનને રિઝવ્યો હતો. તેણે મારા માટે પીંછાંનો મુગટ ગૂંથ્યો હતો.' અખ્સાએ કપડાં પહેરી લીધાં એટલે રબાઈની પત્ની તેને ઘેર લઈ ગઈ.

પ્રાર્થનાઓ પૂરી થયા પછી બધાએ પેલા અજાણ્યાને પૂછયું : 'તારે અને રેબ નાફતાલીની પૌત્રીને શો સમ્બન્ધ થાય ?'

તેણે જવાબ આપ્યો : 'મારું નામ ઝેમાક છે. મારું લગ્ન તેની સાથે થવાનું હતું પણ તેણે મારી સાથે પરણવાની ના પાડી હતી. હવે તે મારી માફી માગવા આવી છે.'

'યહૂદીએ માફી આપવી જોઈએ.'

'હું માફ કરી દઈશ પણ સર્વશક્તિશાળી તો વેરનો દેવ છે.'

'તે દયાનો પણ દેવ છે.'

ઝેમાકે વિદ્વાનો સાથે ચર્ચાવિચારણાઓ કરવા માંડી. તરત જ તેનું પાંડિત્ય છતું ગયું. તેણે તાલમુડ, ટીકાઓ અને બીજા ગ્રન્થોનાં અવતરણો ટાંક્યાં. જ્યારે રબાઈએ ખોટું અવતરણ આપ્યું ત્યારે તેણે એ ભૂલ પણ સુધારી.

રેબ બ્રેઝલેલે તેને પૂછ્યું : 'તારા ઘરમાં કોણ કોણ છે ?'

'મેં તો છૂટાછેડા લીધેલા છે.'

'તો તો પછી બધું ગોઠવવામાં વાંધો નહિ આવે.'

રબાઈએ ઝેમાકને પોતાને ઘરે આવવા કહ્યું, સ્ત્રીઓ અખ્સા સાથે રસોડામાં બેઠી હતી. તેમણે ચીકોરી અને બ્રેડ ખાવા માટે અખ્સાને સમજાવી.

તેણે ત્રણ દિવસથી ઉપવાસ કર્યા હતા. રબાઈની લાયબ્રેરીમાં પુરુષોએ ઝેમાક પાછળ ધ્યાન આપ્યું. તેઓ તેના માટે પાટલૂન, પગરખાં, કોટ, હેટ લઈ આવ્યા. માથામાં તો જૂઓ ઊભરાતી હતી એટલે તેને તેઓ સ્નાન માટે લઈ ગયા. સાંજે શહેરના સાત પ્રતિષ્ઠિત પ્રજાજનો અને બધા જ મહત્ત્વના અગ્રણીઓ ભેગા થયા. સ્ત્રીઓ અખ્સાને લઈ આવી. રબાઈએ જાહેરાત કરી – 'શાસ્ત્ર પ્રમાણે તો અખ્સા હજુ અપરિણીત જ છે. જમીનદાર સાથેનો તેનો સમ્બન્ધ તો માત્ર વ્યભિચાર જ ગણાય.' રબાઈએ પૂછ્યું : 'ઝેમાક, અખ્સાને પત્ની તરીકે સ્વીકારવા તું તૈયાર છે ?'

'હા.'

'અખ્સા, તું ઝેમાકને પતિ તરીકે સ્વીકારવા તૈયાર છે ?'

'હા, રબાઈ. પણ હું એ માટે યોગ્ય નથી.'

રબાઈ એ અખ્સાના પ્રાયશ્ચિત્તની વિગતો જણાવી. તેણે દર સોમવારે અને ગુરુવારે ઉપવાસ કરવાના, દર શનિવારે માંસમાછલી વર્જ્ય ગણવાના. સૂત્રોનું પઠન કરવાનું, પ્રાર્થના કરવા માટે પરોઢિયે ઊઠવાનું, રબાઈએ તેને કહ્યું : 'શિક્ષા નહિ પણ પસ્તાવો મહત્ત્વની વસ્તુ છે. પયગંબર તો કહે છે; જે પાછો આવશે તેનાં પાપ ધોવાઈ જશે.'

ઝેમાક વચ્ચે બોલ્યો : 'રબાઈ, માફ કરજો, પણ આ પ્રકારનું પ્રાયશ્ચિત્ત સામાન્ય પાપ માટે છે, ધર્માન્તર માટે નહિ.'

'તું તેની પાસે કયું પ્રાયશ્ચિત્ત કરાવવા માગે છે ?'

'પ્રાયશ્ચિત્ત કરવાની બીજી આકરી રીત પણ છે.'

'કઈ કઈ'

'પગરખામાં પથરા મૂકી પહેરવાં. શિયાળામાં નિર્વસ્ત્ર થઈ બરફમાં આળોટવું,

ઉનાળામાં કીવચમાં સૂઈ જવું. એક સેબથથી બીજા સેબથ સુધી ઉપવાસ કરવા.'

'આવું કઠોર દમન આજે લોકો ન કરી શકે.' રબાઈએ સહેજ અચકાતા જવાબ આપ્યો.

'જો પાપ કરવાની શક્તિ હોય તો પ્રાયશ્ચિત્ત કરવાની શક્તિ પણ હોવી જોઈએ.' અખ્સા બોલી : 'પુણ્યાત્મા, મને આછીપાતળી શિક્ષા કરીને જવા ન દેતા. ભલે મારે આકરું પ્રાયશ્ચિત્ત કરવું પડે.'

'જે યોગ્ય છે તે મેં કહ્યું.'

બધા ચૂપ રહ્યા. અખ્સા બોલી : 'ઝેમાક, મારી પોટલી આપ.' ઝેમાકે તેની પોટલી ખૂણામાં મૂકી હતી, તે ટેબલ પાસે લઈ આવ્યો. અને અખ્સાએ તેમાંથી કોથળી કાઢી. તેણે પોટલીમાંથી મોતી, હીરા, માણેકનાં આભૂષણો ઠાલવ્યાં એટલે બધાના મોંમાંથી સિસકારા નીકળી ગયા. તે બોલી : 'રબાઈ, આ મારું ઝવેરાત છે. હવે હું તેને પાત્ર નથી. રબાઈને આ ઝવેરાતની જે વ્યવસ્થા કરવી હોય તે કરે.'

'આ તારું છે કે જમીનદારનું ?'

'રબાઈ, આ મારું છે. મારા પવિત્ર દાદીમાનો વારસો છે.'

'શાસ્ત્રમાં તો એવું કહેવામાં આવ્યું છે કે ભલભલા દાનવીરે પણ પોતાની સંપત્તિના પાંચમા ભાગ કરતાં વધારે દાન કરવું નહિ,'

ઝેમાકે ફરી માથું ધુણાવ્યું : 'ફરી અહીં તમારી સાથે હું સંમત થતો નથી. તેણે સ્વર્ગમાં તેની દાદીની પ્રતિષ્ઠાને બટ્ટો લગાવ્યો છે. તેની દાદીના ઝવેરાતનો વારસો હવે તેની પાસે રહેવો ન જોઈએ.'

રબાઈએ પોતાની દાઢી પકડી : 'જો તું વધારે જાણતો હો તો તું જ રબાઈ બની જા.' તે ખુરશી પરથી ઊભો થયો અને પાછો બેસી ગયો. 'તું તારું ગુજરાન કેવી રીતે ચલાવીશ ?'

ઝેમાક બોલ્યો : 'હું ભિસ્તીનું કામ કરીશ.'

અખ્સા બોલી : 'હું કણક બાંધી શકું છું અને કપડાં ધોઈ શકું છું.'

'સારું. તમને ઠીક લાગે તે કરો. હું કાનૂનના કઠોર પાલનમાં નહિ પણ દયામાં માનું છું.'

મધરાતે અખ્સાએ આંખો ખોલી. પતિપત્ની ગંદી ફરસવાળી ઝૂંપડીમાં રહેતાં હતાં, તે કબ્રસ્તાનથી બહુ દૂર ન હતી. આખો દિવસ ઝેમાક પાણી પૂરું પાડતો હતો. અખ્સા કપડાં ધોતી હતી. શનિવાર અને તહેવારોના દિવસો સિવાય બંને દરરોજ ઉપવાસ કરતાં હતાં અને માત્ર સાંજે જ જમતાં હતાં. અખ્સાએ પોતાના પગરખાંમાં રેતી અને પથ્થર નાખ્યા હતા અને શરીર ઉપર કકરું ગરમ ખમીસ પહેરતી હતી. રાતે તેઓ જમીન પર જુદા જુદા સૂઈ જતાં, તે બારી પાસે સાદડી પાથરીને સૂઈ જતો, અખ્સા સગડી પાસે પરાળની પથારી પર સૂઈ જતી.

સામસામી ભીંતો પર બાંધેલા દોરડા પર અખ્સાએ તેમને માટે તૈયાર કરેલ કફનની ચાદરો લટકાવેલી હતી.

તેમના લગ્નને ત્રણ વરસ થઈ ગયાં હતાં. પણ હજુ ઝેમાક તેની સાથે સૂવા આવ્યો ન હતો. હું પણ પાપમાં ગળાડૂબ છું એવી કબૂલાત તેણે કરી હતી. તે પરણેલો હતો છતાં તે અખ્સા માટે ઝૂર્યો હતો. તે અખ્સા સામે વેર લેવા માગતો હતો, સર્વ શકિતશાળી ઈશ્વર સામે ક્રોધે ભરાઈને ફરિયાદ કરી હતી. પોતાનો ક્રોધ તેણે પત્નીઓ પર ઠાલવ્યો હતો. એક પત્ની તો મરી ગઈ હતી આનાથી વધારે પાપ તો કયાં હોઈ શકે ?

તેમની ઝૂંપડી જંગલ પાસે જ હતી અને તેમને બળતણ મફતમાં જ મળી રહેતું હતું. છતાં ઝેમાક રાતે સગડી સળગાવવા દેતો ન હતો. તેઓ પહેરેલે કપડે જ સૂઈ જતા હતાં અને કોથળા. ચીંથરાં ઓઢતા હતાં. હોલિશિટ્ઝના લોકો તો ઝેમાકને ગાંડો માનતા હતા; રબાઈએ આ પતિપત્નીને બોલાવીને કહ્યું હતું : ‘બીજાઓને રિબાવવામાં જેટલી ક્રૂરતા છે તેટલી જ ક્રૂરતા જાતને રિબાવવામાં છે.’ પણ ઝેમાકે ‘ધ બીગીનીંગ ઓવ વિઝડમ’માંથી અવતરણ ટાંકીને કહ્યું : ‘કઠોર દમન વિનાનું પ્રાયશ્ચિત્ત અર્થહીન છે.’

અખ્સા દરરોજ રાતે સૂતા પહેલાં કબૂલાતનો વિધિ કરતી હતી. હજુ તેને ખરાબ સ્વપ્નો જ આવતાં હતાં. શેતાન તેની દાદીના વેશે આવતો હતો અને મોહમયી નગરીઓની, ભવ્ય નૃત્યસમારંભોની, શોખીન જમીનદારોની, વિનયી સ્ત્રીઓની વાતો કરતો હતો. તેના દાદા ચૂપ થઈ ગયા હતા.

અખ્સાનાં સ્વપ્નોમાં તેની દાદી યુવાન અને સુંદર દેખાતી હતી. તે બીભત્સ ગીતો ગાતી, દારૂ પીતી અને જાદુગરો સાથે નાચતી. કેટલીક વખત તે અખ્સાને દેવળોમાં લઈ જતી, ત્યાં પાદરીઓ મંત્રોચ્ચાર કરતા. મૂર્તિપૂજકો સુવર્ણપ્રતિમાઓને પગે પડતા. નગ્ન દરબારીઓ શિંગામાંથી દારૂ પીતા અને વિષયવાસનાનો ભોગ બની જતા.

એક રાતે અખ્સાએ સ્વપ્નમાં જોયું તો પોતે એક ગોળ ખાડામાં નગ્ન ઊભી છે. તેની આસપાસ ગોળાકારમાં ઠિંગુજીઓ નાચી રહ્યા છે. તેઓ અશ્લીલ ગીતો ગાઈ રહ્યા છે. શિંગા વાગી રહ્યા છે. નગારાં વાગી રહ્યાં છે. તે જ્યારે જાગી ત્યારે પણ કાનમાં એ કાળું સંગીત ગૂંજતું હતું. તે બબડી : ‘હું કાયમ માટે પથભ્રષ્ટ થઈ ગઈ છું.’

ઝેમાક પણ જાગી ગયો. થોડો વખત તો તેણે એક બારીમાંથી જોયા કર્યું, તે બારી તેણે વાસી ન હતી. પછી તે બોલ્યો : ‘અખ્સા, તું જાગી ગઈ છે ? આ ઋતુનો પહેલો બરફ વરસી રહ્યો છે.’

તે શું કહેવા માગતો હતો તે અખ્સા સમજી ગઈ. તે બોલી : ‘મારામાં હવે શકિત નથી.’

‘દુષ્ટ શેતાન પાસે જવાની શકિત હતી.’

‘મારાં હાડકાં દુ:ખે છે.’

‘બદલો લઈ રહેલા દેવદૂતને કહેજે.’

ઓરડામાં બરફ અને પાછલી રાતના ચન્દ્રથી પ્રકાશ પથરાયો હતો. જૂના જમાનાના કોઈ સંતની જેમ ઝેમાકે વાળ વધાર્યા હતા. તેવી દાઢી ગમે તેમ ઊગી હતી. રાતે તેની આંખો ચળકતી હતી. આખો દિવસ પાણી ભરવાની તાકાત અને અડધી રાત સુધી વાંચવાની

શક્તિ તેનામાં ક્યાંથી આવતાં હતાં તેની ખબર અખ્સાને કદી પડી ન હતી. તે સાંજે ભાગ્યે જ ખાતો હતો. ભોજનનો રસ માણવામાંથી બચવા માટે તે ચાવ્યા વિના જ પાઉં ખાતો હતો. અખ્સા તેના માટે જે સૂપ બનવાતી હતી તેમાં ઝેમાક વધારે મીઠું અને મરી નાખતો હતો. અખ્સા પણ સાવ સુકાઈ ગઈ હતી. ઘણી વખત તે ગંદા પાણીના ખાબોચિયામાં પોતાનું પ્રતિબિમ્બ જોતી હતી. અને સાવ કૃશ ચહેરો, ઊંડે ઊતરી ગયેલા ગાલ અને ભયંકર ફિકાશ નજરે પડતાં હતાં. તેને ખૂબ ઊધરસ આવતી હતી, ગળફામાં લોહી પડતું હતું. તે બોલી : 'ઝેમાક, મને માફ કરો. મારાથી બેઠાં નથી થવાતું.'

'ઊભી થા, વ્યભિચારિણી. ભલે ને આજની રાત તારે માટે છેલ્લી બને.'

'એવું થાય તો સારું.'

'કબૂલાત કર. સત્ય કહી દે.'

'મેં બધું જ તમને જણાવી દીધું છે.'

'તને આ વ્યભિચારમાં આનંદ આવેલો ?'

'ના, ઝેમાક, ના,'

'છેલ્લી વખત તો તેં હા પાડી હતી.'

અખ્સા ખાસ્સા એવા સમય સુધી ચૂપ રહી. 'ભાગ્યે જ. કદાચ એકાદ ક્ષણ માટે.'

'તું ઈશ્વરને ભૂલી ગઈ હતી ?'

'પૂરેપૂરો નહિ.'

'તને ઈશ્વરની સત્તાની જાણ હતી છતાં તેં જાણી જોઈને વિરોધ કર્યો.'

'સત્ય જેન્ટાઈલ લોકોને પક્ષે છે એવું હું માની બેઠી હતી.'

'શેતાને તને પીંછાંનો મુગટ ગૂંથી આપ્યો એટલે ?'

'મેં તો એને ચમત્કાર માન્યો હતો.'

'વેશ્યા, તારો બચાવ ન કર.'

'હું મારો બચાવ કરતી નથી. દાદીમાના અવાજ જેવો અવાજ કાઢીને તે બોલ્યો હતો.'

'તેં તારી દાદીની વાત સાંભળી અને દાદાની વાત કેમ ન સાંભળી ?'

'હું મૂરખ હતી !'

'મૂરખ ? વરસો સુધી તું સાવ ગંદકીમાં સબડતી રહી.'

થોડા સમય પછી પતિપત્ની ઉઘાડા પગે રાતે બહાર નીકળ્યાં. પહેલાં ઝેમાકે બરફમાં પડતું નાખ્યું. તે ખૂબ ઝડપથી આળોટવા લાગ્યો. તેની ટોપી પડી ગઈ. રૂંવાની જેમ તેના શરીર પર કાળા વાળ છવાઈ ગયા. અખ્સા એકાદ મિનિટ રોકાઈ, પછી તેણે પણ બરફમાં પડતું નાખ્યું. તે બરફમાં ધીરે ધીરે શાંતિથી આળોટતી હતી. ઝેમાક બબડતો હતો; 'અમે પાપ કર્યાં' અમે છેતર્યાં; 'અમે લૂંટ્યા, અમે જૂઠું બોલ્યાં, અમે મજાક ઉડાવી, અમે બળવો પોકાર્યો.' પછી તેણે ઉમેર્યું; 'મારા બધા જ અન્યાયો માટે મારું મરણ જ મારો મોક્ષ બને એવી ઇચ્છા ભલે ફળે.'

અખ્સાએ આ બળાપો બહુ વખત સાંભળ્યો હતો, દર વખતે તે ધ્રૂજી ઊઠતી હતી. જ્યારે તેનો પતિ માલ્કોવ્સ્કી ખેડૂતોને ચાબૂક ફટકારતો હતો ત્યારે ખેડૂતો એવી રીતે ચીસો પાડતા હતા. શિયાળામાં ઠંડી અને ઉનાળામાં કૌવચ કરતાં પણ ઝેમાકના આ વલોપાતથી તે વધારે ગભરાતી હતી. ઘણી વખત તે જ્યારે સ્વસ્થ હોય ત્યારે તે વચન આપતો કે હવે તે તેની સાથે પતિની જેમ વર્તશે, તારાં બાળકોનો પિતા પણ થઈશ એવું સુધ્ધાં તેણે કહ્યું હતું. પણ ક્યારે ? તે હંમેશાં બંનેની ઊણપો નવેસરથી શોધ્યા જ કરતો હતો. દિવસે દિવસે અખ્સા નબળી પડતી ગઈ. સૂકવણી પરનાં કફન અને કબ્રસ્તાનના પથ્થરો જ તેનું આશ્વાસન હતા. ઝેમાકની પાસે અખ્સાએ પ્રતિજ્ઞા લેવડાવી હતી કે એની કબર પર કાદિશનો પાઠ કરીશ.

તમ્મુઝના મહિનામાં એક બળબળતા દિવસે અખ્સા નદી કાંઠા પાસેના મેદાન પર ખાટી ભાજીનાં પાંદડાં વીણવા નીકળી હતી. તેણે આખો દિવસ ઉપવાસ કર્યો હતો, સાંજના ભોજનમાં તે બંને માટે શાવ નામની વાનગી બનાવવા માગતી હતી. પાંદડાં વીણતાં જ તે ઘાસ પર સૂઈ ગઈ અને થોડી વાર આરામ લેવાના વિચારે ઊંઘી ગઈ. પણ તેના ચિત્તમાં શૂન્ય છવાઈ ગયું, તેના પગ સીસાના બની ગયા. તે ગાઢ નિદ્રામાં સરી પડી. જ્યારે તેણે આંખો ખોલી ત્યારે રાત પડી ગઈ હતી. આકાશ વાદળાંવાળું હતું. વાતાવરણમાં ભેજ હતો. તોફાનના ભણકારા વાગતા હતા. ધરતી ઘાસ અને વનસ્પતિની વાસથી તરબતર બની હતી અને તેને કારણે અખ્સાનું મગજ ભમવા માંડ્યું. અંધારામાં તેને પોતાની ટોપલી શોધી પણ તે ખાલી હતી, ગાય કે બકરી ભાજી ખાઈ ગયાં હશે. એકાએક તેને પોતાનું બાળપણ યાદ આવ્યું; તે વખતે દાદાદાદીએ તેને લાડ લડાવ્યાં હતાં; વેલ્વેટ અને રેશમનાં કપડાં પહેરાવ્યાં હતાં; આજુબાજુ નોકરચાકરો ઊભરાતા હતા. અત્યારે ઊધરસ તેને ગૂંગળાવતી હતી, કપાળ ધગધગતું હતું અને તેની પીઠમાં શીતળ કંપારીઓ છૂટતી હતી. ચન્દ્રનું તેજ ન હતું, તારા વાદળાં હેઠળ ઢંકાયેલા હતા. એટલે તેને રસ્તો જડ્યો જ નહીં. તેના ખુલ્લા પગ કાંટા પર અને ગાયના છાણ પર પડતા હતા. તેનામાં રહેલું કોઈ બોલી ઊઠ્યું : 'કેવી જાળમાં હું ફસાઈ ગઈ છું.' તે એક ઝાડ પાસે આવી અને આરામ લેવા ઊભી. તે ક્ષણે તેણે પોતાના દાદાને જોયા. અંધારામાં તેમની ધોળી દાઢી પ્રકાશતી હતી. તેણે તેમનું વિશાળ કપાળ, કૃપાળુ સ્મિત અને પ્રેમાળ દૃષ્ટિ તરત જ ઓળખી કાઢ્યાં. તેણે બૂમ પાડી : 'દાદા !' તરત જ તેના ચહેરો આંસુઓથી ધોવાઈ ગયો.

તેના દાદા બોલ્યા : 'મને બધી જ ખબર છે. તારી કસોટીઓ, વેદનાઓની મને ખબર છે.'

'દાદા, હું શું કરું ?'

'દીકરી ! તારી યાતના પૂરી થઈ છે. અમે તારી પ્રતીક્ષા કરીએ છીએ. તને ચાહનારા હું, તારી દાદી, પ્રતીક્ષા કરીએ છીએ, પવિત્ર દેવદૂતો તને મળવા માટે આવશે.'

'ક્યારે ? દાદા, ક્યારે ?'

તે જ વખતે દાદાની છબિ વિલીન થઈ ગઈ. માત્ર અન્ધકાર જ છવાયેલો રહ્યો. અખ્સાએ આંધળાની જેમ ઘેર જવાનો રસ્તો શોધી કાઢ્યો, છેવટે તે ઘેર પહોંચી. બારણું ખોલતાંની સાથે તેને ખબર પડી ગઈ કે ઝેમાક ત્યાં હતો. તે જમીન પર બેઠો હતો અને તેની આંખો અંગારાની જેમ ચળકતી હતી. તેણે બૂમ પડી : 'અખ્સા, તું આવી છે કે ?'

'હા, ઝેમાક.'

'આટલું બધું મોડું કેમ થયું ? તારે કારણે સાંજની પ્રાર્થના હું નિરાંતે કરી ન શક્યો. તું મારા વિચારોમાં છવાઈ જતી હતી.'

'માફ કરજે. ઝેમાક ! હું થાકી ગઈ હતી અને મેદાનમાં ઊંઘી ગઈ.'

'જૂઠી, ધર્માંતર કરનારી ! મેં મેદાનમાં તારી તપાસ કરી હતી. તું કોઈ ભરવાડને બાથમાં ઘાલીને સૂઈ ગઈ હતી !' ઝેમાક ચીખ્યો.

'તમે આ શું કહો છો ! ઈશ્વરથી તો ડરો !'

'મને સત્ય કહે.' તે કૂદ્યો અને તેને હચમચાવવા લાગ્યો. 'કૂતરી ! રાક્ષસી ! નીચ !'

ઝેમાક આટલી બધી જંગલિયતથી હજુ વર્ત્યો ન હતો. અખ્સાએ તેને કહ્યું, 'ઝેમાક, મારા સ્વામી ! હું તમને વફાદાર જ રહી છું. ઘાસ પર મને ઊંઘ આવી ગઈ. ઘેર પાછા ફરતી વખતે મેં મારા દાદાને જોયા, મારો સમય આવી ગયો છે.' તેનામાં એટલી બધી નબળાઈ આવી ગઈ હતી કે તે જમીન પર ફસડાઈ પડી.

ઝેમાકનો ક્રોધ તરત જ શમી ગયો. તેના ગળામાંથી શોકનો આર્ત સ્વર નીકળ્યો : 'અરે પવિત્ર આત્મા ! તારા વિના હું ક્યાં જઈશ ? તું તો સાધ્વી છે. મારી કઠોરતા માફ કરી દે. મારો પ્રેમ આમ કરાવે છે. હું તને શુદ્ધ કરવા માગું છું જેથી તું પવિત્ર આત્માઓની સાથે સ્વર્ગમાં શોભી શકે.'

'હું પાત્રતા ધરાવું છું એટલે ત્યાં બેસીશ.'

'શા માટે આ બધું તારા જીવનમાં બનવું જોઈએ ? સ્વર્ગમાં કોઈ ન્યાય જ નથી ?' ઝેમાકે જે સૂરે આર્તનાદ કાઢ્યો તેનાથી તે પણ ગભરાઈ ગઈ. ઝેમાકે ભીંત સાથે પોતાનું માથું અફાળ્યું.

બીજે દિવસે અખ્સા પથારીમાંથી બેઠી ન થઈ. ઝેમાક તેને માટે ખીર બનાવીને લાવ્યો. તેને ખવડાવવા ગયો ત્યારે ખીર તેના મોંમાંથી બહાર નીકળી ગઈ. ઝેમાક ગામમાંથી કોઈ વૈદને બોલાવી લાવ્યો. પણ એ વૈદને શું કરવું તેની ખબર ન પડી. અંતિમ ક્રિયા કરનારી સ્ત્રીઓ આવી. અખ્સા ખૂબ જ નબળી પડી ગઈ હતી. તેનામાંથી જીવનનું સત્ત્વ ખલાસ થઈ રહ્યું હતું. બપોરે ઝેમાક જેરોસ્લો શહેરમાં ડૉક્ટરને બોલાવવા પગે ચાલતો નીકળી પડ્યો. સાંજ પડી પણ તે પાછો આવ્યો ન હતો. તે સવારે રબાઈની પત્નીએ અખ્સાને ઓશીકું મોકલ્યું હતું. દસ વર્ષમાં તે પહેલી વાર ઓશીકા પર સૂતી હતી. સાંજ પડી એટલે બધી સ્ત્રીઓ પોતપોતાને ઘેર ગઈ અને અખ્સા એકલી પડી. રકાબીમાં દીવો સળગતો હતો. ઉઘાડી બારીમાંથી હૂંફાળો પવન વાતો હતો. ચન્દ્ર પ્રકાશતો ન હતો પણ

તારા ચમકતા હતા. કંસારીઓના અવાજ આવતા હતા. દેડકા માણસના અવાજે બોલતા હતા. એકાદ વખત તેની પથારીમાંથી ભીંત આગળથી પડછાયો પસાર થઈ ગયો હતો. પોતાનો અંત પાસે આવી ગયો છે તે અખ્સા જાણતી હતી. પણ તેને મરણનો ભય ન હતો. તેણે પોતાના આત્માનું સરવૈયું કાઢી જોયું. તે શ્રીમંત કુટુંબમાં જન્મી હતી, સુંદર હતી, આજુબાજુની વ્યક્તિઓ કરતાં તે વધારે ભાગ્યશાળી હતી. પણ દુર્ભાગ્યને કારણે તેના જીવનમાં બધું ઊંધું જ બન્યું હતું. તેણે પોતાના પાપને કારણે યાતના ભોગવી હતી કે આગલા જન્મમાં કોઈએ પાપ કર્યાં હતાં તેની શિક્ષા તેણે આ જન્મમાં ભોગવી હતી ? પોતાની અંતિમ ક્ષણો પ્રાર્થનામાં અને પ્રાયશ્ચિત્તમાં વીતાવવી જોઈએ તેની તેને ખબર હતી. પણ તેની નિયતિ તો એ પ્રકારની હતી કે અત્યારે પણ શંકા તેના મનમાંથી દૂર થઈ ન હતી. ઈશ્વરને ન માનનારા એપોસ્ટેટસ વિશેના પ્રાચીન ગ્રંથમાં તેણે વાંચ્યું હતું કે આ જગત તો અણુઓની આકસ્મિક યોજનાઓનું પરિણામ હતું. હવે તેની એક જ ઇચ્છા બાકી રહી હતી અને તે કોઈ નિશાની પ્રાપ્ત કરવા માગતી હતી, સંપૂર્ણ સત્યની નિશાની. તે પથારીમાં પડી રહી અને ચમત્કારની પ્રતીક્ષા કરવા લાગી. તે આછી નિદ્રામાં સરી ગઈ અને સ્વપ્નમાં જોયું તો તે સાંકડી અને અંધારી ગર્તાઓમાં ડૂબી રહી છે. દર વખતે લાગતું કે તળિયું આવી ગયું છે, પણ દર વખતે નીચેની ધરતી ભાંગી પડતી અને તે વધારે ને વધારે ઝડપથી સરવા માંડતી. અન્ધકાર ગાઢો થતો ગયો અને ગર્તા વધુ ઊંડી થતી ગઈ.

તેણે આંખો ખોલી, શું કરવું તેની તેને ખબર હતી. છેલ્લી રહીસહી શક્તિ એકઠી કરીને તે બેઠી થઈ અને ચપ્પુ શોધી કાઢ્યું. તેણે ઓશીકાનો ગલેફ કાઢી નાખ્યો અને જડ થઈ ગયેલી આંગળીઓથી ઓશીકાનું ઓટણ ઉકેલી નાખ્યું. ઓશીકાની રૂવાંટીમાંથી તેણે પીંછાંનો મુગટ બહાર કાઢ્યો. કોઈ ગુપ્ત હાથે મુગટની ટોચ પર ઈશ્વરના નામના ચાર અક્ષરો કોતરી કાઢ્યા હતા.

અખ્સાએ મુગટ પોતાની પથારી આગળ મૂક્યો. દીવાના થરકતા પ્રકાશમાં તે દરેક શબ્દ સ્પષ્ટ રીતે વાંચી શકતી હતી. યુહ, હૈ, વોવ, હૈ. તેને આશ્ચર્ય થયું. કઈ રીતે આ મુગટ પેલા કરતાં સત્ય વધારે પ્રગટ કરતો હતો ! સ્વર્ગમાં પણ જુદા જુદા ધર્મ હશે ? અખ્સા કોઈ નવા ચમત્કાર માટે પ્રાર્થના કરવા લાગી. નિરાશામાં તેને શેતાનના શબ્દો યાદ આવ્યા : 'સત્ય છે જ નહીં એ જ સત્ય છે.'

એક સ્ત્રીએ પીંછું પકડીને તેના નાક આગળ ધર્યું, પણ તે ફરક્યું નહિ.

એ દિવસે મોડેથી અંતિમ વિધિ કરનારી સ્ત્રીઓએ અખ્સાને સ્નાન કરાવ્યું. તેણે પોતાના માટે તૈયાર કરેલું વસ્ત્ર પહેરાવ્યું. ઝેમાક હજુ પાછો આવ્યો ન હતો. અને ફરી તેના સમાચાર જાણવા મળ્યા નહિ. હોલિશિટઝમાં એવી અફવા વહેતી થઈ કે રસ્તા પર જ તે માર્યો ગયો હતો. કોઈએ એવું પણ કહ્યું કે તે માનવી નહિ પણ શેતાન હતો. એક પવિત્ર માણસના ચેપલ પાસે અખ્સાને દફનાવવામાં આવી અને રબાઈએ તેના માટે પ્રશસ્તિવાચન કર્યું.

એક સમસ્યા ઊકલી ન હતી. છેલ્લી ક્ષણોમાં અખ્સાએ રબાઇની પત્નીએ મોકલેલું ઓશીકું ચીરી નાખ્યું હતું. તેને સ્નાન કરાવનારી સ્ત્રીઓએ તેની આંગળીઓ વચ્ચે થોડી રૂવાંટી જોઈ હતી. મરવા પડેલી સ્ત્રીમાં આ કાર્ય કરવાની શક્તિ આવી ક્યાંથી ? તે શું શોધવા માગતી હતી ? શહેરના લોકોએ બહુ પ્રયત્ન કર્યો, આનાં કારણો શોધી કાઢ્યાં પણ તેમને સત્યની પ્રાપ્તિ ન થઈ.

કારણ કે જો સત્ય જેવી કોઈ વસ્તુ હોય તો તે પીંછાંના મુગટ જેવી જ નાજુક અને ગુપ્ત છે.

અંગ્રેજી અનુવાદ. સીંગર અને લોરી કોલ્વિન

અનુ. શિરીષ પંચાલ

પ્રથમ પ્રેમ

મોઇશે નાદિર

આ પહેલા પ્રેમની વાર્તા છે એ કાંઈ ખાસ નવી નથી ને કદાચ એમાં ઝાઝો રસ પણ તમને નહિ પડે. ભલા ભગવાન, પહેલા પ્રેમનાં સુખ અને દુઃખને પાનાંનાં પાનાં ભરીને ફરી ફરી કોણ વર્ણવ્યા વગર રહી શક્યું છે ! ને હવે તો આ ધરતીય બુઢ્ઢી થવા આવી! એણે પ્રેમ અને પ્રેમીઓ, સુખી અને દુઃખી પ્રેમ, લગ્નમાં પરિણમતો પ્રેમ અને કાર્બોલિક એસિડના અંજામવાળો પ્રેમ - આ બધાં વિશે આજ સુધીમાં કેટલુંય સાંભળ્યું હશે ! કદીય કાને નહિ પડી હોય એવી નવી નવાઈની એક્કેય વાત આ દુનિયામાં હશે ખરી ? મારી પ્રેમની વાર્તા તે એક બાર વરસના છોકરાની વાર્તા છે ને તેય કાંઈ એકલો પ્રેમ કરતો નહોતો, એના પાંચ સાથીદારોની ભાગીદારીમાં પ્રેમ કરતો હતો. આટલું મારી વાર્તાનું સદ્‌ભાગ્ય છે. બીજી બધી પ્રેમકહાણી કરતાં આ કારણે મારી વાર્તા સહેજ નોખી પડે છે. એક નિશાળના છ નિશાળિયા એમની પાષાણહૃદયી પ્રિયતમા (એનું નામ સુરેલ, એ હમેશાં ધોળાં હાથમોજાં પહેરતી)ના હૃદયમાં પ્રવેશવાનો માર્ગ શોધવા કેવી રીતે મથ્યા તેની હું તમને વાત કહીશ.

પણ પહેલેથી જ હું તમને ચેતવી દઉં : આ વાર્તા વાંચવાથી તમને કશો પાઠ શીખવાનો નહિ મળે. એ તમને ઊંચે નહિ લઈ જાય, એટલે તમને કોઈ ઉન્નતિ નહિ સાધી આપે, તમને કોઈ આથી સારી દુનિયામાં લઈ જઈને બેસાડી નહિ દે. અજાણ્યાઓને આવી રીતે ઊંચકીને દૂર લઈ જવાનો મને સૌથી વિશેષ તિરસ્કાર છે. એક યહૂદીની વાત હું જાણું છું. આવી જ એકાદ વાર્તા વાંચવાથી એ એવો તો ઊંચકાઈ ગયો હતો કે આજ દિન સુધી એની વહુ એને શોધ્યા જ કરે છે. સાવ અલોપ જ થઈ ગયો ! રફુચક્કર ! એટલે કે એ છે તો ખરો, પણ એની વહુ એની સાથે નથી. ના, બીજા કોઈની વહુ સાથે !

મારી આ પ્રેમકથા, હું સાવ સાચું જ કહું છું, કેવળ મારે માટે જ મેં લખી છે. કેવી મજાની હૂંફાળી ને ટચુકડી છે, નહિ ? પણ જો આ ઘડીએ તમે કશું મહત્ત્વનું કામ હાથ

પર નહિ લીધું હોય ને તમે નચિન્ત જીવ હો તો પલાંઠી વાળીને બેસો ને એક કિશોર, એક કિશોરી ને એક પ્રેમની આ વાર્તા સાંભળો. એ આમ તો બનેલી ગેલિસિયામાં કોઈક સ્થળે, એક અજાણ્યા ગામડામાં. એ ગામડા વિશે કોઈ ઝાઝું જાણતું નથી ને એનું નામ પણ ભાગ્યે જ કોઈએ સાંભળ્યું હશે.

એ દૂર દૂરના ગામડાએ મને પારણામાં હિંચોળ્યો એમ તો હું કહી શકું નહિ; એણે મને શબપેટીમાં સુવડાવ્યો એમ જ મારે કહેવું જોઈએ. કારણ કે હું હંમેશાં એ સાંકડાં લાકડાંનાં ખોખાંમાં સૂતો. પારણાનો શોખ મારી માને પરવડે તેમ નહોતો. અમારા ગામમાં તળાવબળાવ છે નહિ; એક નાનો વહેળો છે. એ ઝાંખરામાં થઈને અર્ધો ઘેનમાં ધીમી ગતિએ ધોળી ભેખડો તરફ વહ્યો જાય છે; ને અચરજની વાત એ છે કે એ ધોળી ભેખડ પાસે પહોંચ્યા પછી એનો રંગ બદલાઈને પીળો થઈ જાય છે ને એના વહેણની દિશા પણ બદલાઈ જાય છે. પછી એ કોણ જાણે ક્યાં ને ક્યાં ભમે છે ! ઉનાળામાં એ નાના નાના કાંકરાં જોડે નમ્રતાથી રમે છે. કદીક કદીક એની સપાટી પર તર્યે જતાં જીર્ણ પાંદડાં ને બતકોની હાર પકડવા દોડે છે. તો કદીક પોલિશ ખેડૂતની બાઈ ધોકો મારીને એમાં કપડાં ધૂએ છે; તો કોઈક વાર યહૂદી છોકરીઓ બારસાખમાંથી સીધી ઉતારી લાવીને બારીને એમાં સાફ કરે છે.

પહેલું ધુમ્મસ પડતાંની સાથમાં આ વહેળો થીજી જાય છે, ને પછી એનું શું થાય છે તેની આપણને કશી ખબર જ પડતી નથી. એનું પાણી એટલું તો છીછરું છે કે એમાં નાનાં છોકરાંઓ સુધ્ધાં પેટે તરી શકતાં નથી. આથી જ અમારા ગામમાંના ઘણાખરા લોકો નાક પાણીની સપાટીથી ઊંચું રાખીને વાંસે તરે છે.

અમારું ગામડું સાવ નાનું, ગંદું, એકલવાયું, ભયભીત, તરછોડાયેલું ને છતાં ચાહવા જેવું છે; ઉનાળામાં એ ઈશ્વરના આશીર્વાદ જેવું લાગે છે ને શિયાળામાં શાપ જેવું. શિયાળામાં શાપ જેવું એમ હું શા માટે કહું છું ? એનું સાવ સાદું કારણ એ છે કે મારો – અથવા સાચી રીતે કહું તો અમારો — પ્રથમ પ્રેમ શિયાળામાં શરૂ થયો હતો. તમારે જે કહેવું હોય તે કહો પણ હું (કૃપા ભગવાનની) એકાકી પ્રેમી નહોતો. ના, હું ચાહવામાં કદી એકલો નહોતો. મારા પહેલા પ્રેમમાં, પૂરા ભાન સાથે, બીજા પાંચની ભાગીદારી હતી. અમે બધાય એકસરખા ટૂંકા પડતા કોટ, નાની ગોળ હેટ પહેરતા ને અમારાં વાંકડિયાં ઝૂલ્ફાં ગાલ પર નાની કાચની શીશીની જેમ સ્થિર બનીને લટકતાં.

પણ ચાલો, આપણે ફરી અમારા ગામડા તરફ વળીએ. ગામડું નદીની જેમ પડી રહે છે એમ જો કહી શકાતું હોય તો અમારું ગામડું ખરેખર એદીની જેમ પડ્યું રહે છે. એમ કહી શકાય. એ સદા પડ્યું જ રહે છે, જરાય હાલતુંચાલતું નથી. માંદા ઈશ્વરના ધોળા હાથની જેમ એને ઘેરીને રહેલી ચાકની ભેખડો વચ્ચે એ વર્ષોથી પડ્યું પડ્યું સપનાં જોયાં કરે છે. એ ભેખડો ધોળી છે, ત્યાંનો વહેળામાંનો કાદવ પણ ધોળો છે ને લોકો પણ ધોળા છે – ધોળા ને ભયત્રસ્ત.

તો આ થયું મારા ગામનું સંક્ષિપ્ત વર્ણન એ ચૂનાના પથ્થરની ભેખડો વચ્ચે પડ્યું પડ્યું સપનાં જુએ છે. શેનાં સપનાં ? મેંદાની ધોળી રોટીનાં ને ધોળાં માખણનાં, કૉફીનાં ને મલાઈનાં, ગામડિયાઓને ભાવતી વાનગીઓનાં, શહેરના લોકોનેય શું આ બધું નથી ભાવતું ?

આ ધોળી ભેખડો સિવાય 'હોપ'નાં સુગંધી ફૂલો એ અમારા ગામડાની બીજી વિશિષ્ટતા છે. એ ફૂલનાં ખેતરો ! આ કહું છું ત્યારેય એની સુગંધીથી મારા નાકમાં ગલગલિયાં થાય છે. સર્વશકિતશાળી ભગવાન, આ તારી કેવી લીલા ! એ ફૂલની સુગન્ધ પેલા ચૂનાના પથ્થરની ધોળી ભેખડોની સુવાસ ને કૂણી વનસ્પતિની સુવાસ સાથે મળીને કેવી તરબતર કરી દે છે !

સુન્દર પ્યારું ને ગંદું એ ગેલિસિયાનું ગામડું......

મારા પિતા અમેરિકા ચાલી ગયા ને મારી માએ આંસુ સાર્યાં : ને હું ? મેં પણ આંસુ સાર્યાં ને મારી મા કરતાંય તીણી ચીસ પાડીને રડ્યો. એનાથી બધાના કાન ફાટી ગયા. સાબ્બાથના પવિત્ર દિવસની આખી રાત હુ ને મારી વહાલી મા ખૂબખૂબ રડ્યાં. અમે બધાં મારા પિતાને વળાવવા ગયાં ને એઓ જ્યારે દેખાતા બંધ થયા ત્યારે મારું હૈયું ભારે થઈ આવ્યું, મેં શું કહ્યું ? ભારે ? ના, હળવું, પીછાં જેવું સાવ હળવું. મારા હૃદયમાંથી જાણે કશુંક ઉતરડાઈ ગયું હતું, ને તે કેટલું જલદી ! હૃદય વિનાનો હું આમતેમ ભટકતો ફરતો હતો. તમે કદી એવો છોકરો જોયો છે ખરો ? મારી મા સાથે બેઠોબેઠો હું વિશાળ સૂના આકાશ ભણી તાકી રહેતો ને કશુંક ઝંખ્યા કરતો. મારું હૃદય કશું ઝંખતું હતું, પણ શું ઝંખતું હતું તેની મને પોતાને જ ખબર નથી ત્યાં હું શું કહું ? પછી દૂરદૂરના એ સૂના આકાશભણી તાકી રહેવાનો થાક લાગતો ત્યારે હું ધરતી પર પાછો વળતો ને ટેકરી પર ખીલતાં એ ધોળાં ફૂલોને ચૂંથી નાખતો, એની પાંખડીપાંખડી છૂટી કરી નાખતો ને એને ગણતો, એક બે...ત્રણસો. ને આ બધું છતાં ત્યાં હું માત્ર બાર વરસનો જ હતો.

ઉનાળો વીતી ગયો – એક આખો ઉનાળો આવી ઝંખનામાં ને ઝંખનામાં વીતી ગયો. શિયાળો આવ્યો ને મારી માએ મને રેબ ચાઇમની પાઠશાળામાં મોકલ્યો. એ નિશાળ ખાસ્સી મોટી હતી. ને એમાં મારા જેવડા મોટા છોકરાઓ ભણતા હતા. વાછરડાને હલાલ કરતી વેળાએ ગળામાં ક્યાં કાપ મૂકવો, કેવી રીતે લોહી કાઢી લેવું તે અમે બરાબર શીખ્યા; અમારા ધર્મગુરુની પત્નીએ શિયાળાને માટે કાતરિયામાં સીંચી રાખેલાં જમરૂખ કેવી રીતે તફડાવી જવાં તે પણ અમે શીખી ગયા. આ બધું તો બરાબર આવડી ગયું – અમને જે ભણવા મોકલ્યા હતા તે સિવાયનું બધું જ અમને આવડી ગયું. પણ ધર્મશાસ્ત્રનો ઉપદેશ અમારા માથામાં ઠોકીઠોકીને પરાણે ઘુસાડવાનો અમારા પાદરીએ પ્રયત્ન કર્યો તોય એમાંનું કશું ગળે ઊતર્યું નહિ.

અમારા પાદરી કદમાં સહેજ ઠીંગણા હતા ને પગની પાનીને પણ ઢાંકી દે એવો લાંબો ઝભ્ભો પહેરતા હતા. એમની દાઢી સીધી મૂછ આગળથી જ શરૂ થતી હતી ને ચિબુકની

અણી સુધી પણ ભાગ્યે જ પહોંચતી હતી. આથી એટલો ભાગ જાણે હમણાં જ સફાચટ કરાવ્યો હોય એવું લાગતું હતું. પણ અમારા પાદરીનો સ્વભાવ ભારે ખરાબ હતો. ભગવાન એમનાથી અમને બચાવે ! ગુસ્સે થાય ત્યારે ધર્મશાસ્ત્રની પોથીનો જ સીધો ઘા કરતા. તમાચોય મારતા ને સાથે ચૂંટી પણ ખણી લેતા, નહિ તો એવી તો લાત લગાવતા કે એ સીધી અમારી છાતીમાં જ વાગતી ને અમે બેવડ વળી જતા. સદ્ભાગ્યે મારે તો હૃદય જેવું કશું રહ્યું જ નહોતું. એમનો આવો ખરાબ મિજાજ એમને સદા અજીર્ણ રહેતું તેને કારણે જ હતો એવી અમને પાછળથી ખબર પડી હતી. એમને હમેશાં સોડા પીવી પડતી. બાટલી ભરેલી હોય ત્યાં સુધી ઠીક, પણ એ જો ખાલી હોય તો આવી જ બનતું !

આમ છતાં અમને એઓ ગમતા એટલું જ નહિ, અમે એમને માટે ગૌરવ અનુભવતા. અમને એઓ ગમતા એનું કારણ એ કે ઘણી વાર એમને કોઈનું કોઈ વાછરડો હલાલ કરવા તેડી જતું. કેટલીક વાર એમને એક કે બે દિવસ લાગલાગટ ગેરહાજર રહેવું પડતું, ત્યારે એઓ અમને ખૂબ વહાલા લાગતા. અમે એમને માટે ગૌરવ અનુભવતા કારણ કે એટલા મુલકમાં એમની ભારે ખરાબ મિજાજના છતાં સારામાં સારા શિક્ષક તરીકેની ખ્યાતિ હતી. એમના આ ખરાબ મિજાજને મૂગે મોઢે સહન કરી લેનારા શહીદ થવાનું અમારે ભાગે આવ્યું તે બદલ અમને પણ ગૌરવની લાગણી થતી.

હું સુરેલના પ્રેમમાં પડ્યો તે આ ગાળામાં. આ સુરેલ કોણ હતી ? એ મારાથી બે વરસે મોટી ચૌદ વર્ષની હતી. એ ઊંચી એડીના જોડા પહેરતી ને વાળમાં ભૂરી ફીત ગૂંથતી ને શિયાળો હોય કે ઉનાળો, હંમેશાં ધોળાં હાથમોજાં પહેરતી એ સુંદર હતી ખરી ? એ તો ખરેખર મારાથી કહી શકાય તેમ નથી. સુંદર એટલે શું ? અમીર કુટુંબના લોકોના જેવો ફિક્કો ચહેરો હોય તેને સુંદર કહેવાય એવી અમારી સમજ હતી. અમારા ગામના જમીનદારની છોકરીનો ચહેરો એવો જ હતો. સુરેલનો ચહેરો ફિક્કો નહોતો, ઊલટાનું એનું મોઢું તો ગોળમટોળ, રતૂંમડું ને ચમકચમક થતું હતું. આથી એને સુંદર કહેવાય કે કેમ તે વિશે હું કશું નિશ્ચિતપણે કહી શકું નહિ. પણ સુંદર હોય કે નહિ, સુરેલ ખાનદાન કુટુમ્બના લોકો પહેરે છે તેવાં ધોળાં હાથમોજાં હંમેશાં પહેરતી. બસ, મારે માટે એટલું પૂરતું હતું. હું તો એના પ્રેમમાં પડી ગયો. સાચેસાચ બહુ જ ઉત્કટ ને જીવલેણ પ્રેમમાં પડી ગયો; અમારી પ્રેમકહાણી અમર થઈ જાય એવા પ્રેમમાં પડી ગયો. મારો આત્મા દેદીપ્યમાન અગ્નિશિખાના જેવો થઈ ગયો, જંગલમાં લાગેલા દવની જેમ એ સદા બળ્યા જ કરતો હતો. રાત ને દિવસ, અમારી યહૂદીઓની નિશાળમાં ને અકાદમીમાં, ઘરે ને દેવળમાં મારા મનનો કબજો લઈ બેઠી હતી સુરેલ, એ ધોળાં હાથ-મોજાંવાળી સુરેલ.

અકાદમી એટલે સુરેલના ઘર નજીકની પોલિશ લોકોની નિશાળ. હું સુરેલ વિના જીવી શકવાનો નથી એની મને ખાતરી થઈ ચૂક્યા પછી આ દુનિયાની બીજી કશી વસ્તુમાં મને રસ રહ્યો નહિ ને મેં મારું જીવન શાળાને નિવેદિત કરી દીધું. નિશાળમાં હું એક્કેય દિવસ પાડતો નહિ. નિશાળે જતાં હું વચમાં સુરેલના ઘર આગળ ઊભો રહેતો ને ઉપરની

બારી તરફ મીટ માંડી રહેતો. પછી હરખથી ઊભરાતા હૈયે દોડી જતો. નિશાળે વહેલા આવીને ઘંટ વગાડવાનું કામ મને સોંપવામાં આવે એવી મેં અમારા શિક્ષકને વિનંતી કરી. સુરેલ આવીને જો મને ઘંટનું દોરડું ખેંચતો જુએ તો હું કાંઈ રેંજીપેંજી નથી એવી એને જરૂર ખાતરી થઈ જાય. આ વિશે મને જરાય શંકા નહોતી. પછી તો એ મને માનથી જુએ એટલું જ નહિ, મારું હૃદય જીતવાનો પ્રયત્ન પણ કરે.

અરે વ્યર્થ આશા ! બધા અભાગિયા પ્રેમીઓની આશાનું બને છે તેવું એનું થયું. બળબળતા સૂરજમાં બરફ ઓગળે તેમ એ ઓગળી ગઈ. દિવસ પછી દિવસ, મહિના પછી મહિનો, હું ઘંટનું દોરડું ખેંચ્યે જ ગયો ને સુરેલના મારા તરફના વલણમાં કશો ફેર પડ્યો નહિ. ના, ઘંટ વગાડવાથી કશું જ વળ્યું નહિ ! એના હૃદય સુધી પહોંચવાને માટે બીજો રસ્તો શોધવો જ રહ્યો !

રેબ ચાઇમની નિશાળના છ વિદ્યાર્થીઓમાં એક હર્શેલ પણ હતો. એ સસલા જેવો નાનો ને ચપળ હતો ને ગાયની જેમ એને હંમેશં માથું મારવાની ટેવ હતી. એ ગજબનો તોફાની હતો. એ જંગલી ઝાંખરા જેવો હતો, જ્યાં નહિ રોપો ત્યાંય એ જરૂર ઊગી નીકળવાનો, ને ઊગી નીકળે એટલે કાપ્યે જ છૂટકો ! હર્શેલને એકાદ તમાચો મારવો એ પુણ્ય કરવા જેવું જ ગણાતું. પણ ભગવાન જાણે છે કે અમારો હર્શેલ ઘણો સારો છોકરો હતો. નવી લીલી ડાળીઓમાંથી પિપૂડી બનાવવામાં તો એ ઉસ્તાદ હતો. હર્શેલ ને હું ખાસ દોસ્ત બની ગયા. એ મને હમેશાં માથું મારતો એ બદલ મને જરા ખેદ થતો; એથી મને ઝાઝું વાગતું નહિ, પણ ધાર્મિક પાઠશાળામાં જનારો વિદ્યાર્થી આવું કરે તે નામોશીભરેલું લાગતું. પણ પછી તો હું એની આ કટેવથી ટેવાઈ ગયો, એટલું જ નહિ. હું પણ એવું કરતો થઈ ગયો. આથી અમારી દોસ્તી વજ્રલેપ બની ગઈ.

પિપુડી બનાવવાને માટે નવી લીલી ડાળીઓ કાપવા એક રાતે મેં હર્શેલને મારી સાથે વહેળા આગળ આવવાનું કહ્યું, એ રાતે મેં મારા હૃદયના એ ભારેખમ, કટુ, અસહ્ય રહસ્યની – સુરેલને માટેના મારા પ્રેમની – એને વાત કરી દીધી.

હર્શેલે એ સાંભળી લીધી. પછીથી એણે એની ટેવ પ્રમાણે માથું માર્યું ને હરખાઈને બોલી ઊઠ્યો ! 'આ તું શું કરી રહ્યો છે !' એણે પણ જાહેર કર્યું કે એ પોતે પણ સુરેલ પ્રત્યે સાવ ઉદાસીન તો નહોતો જ. એની વયના વધવા સાથે એનો સુરેલને માટેનો પ્રેમ પણ વધતો જ જશે એની એને પણ ખાતરી થઈ ચૂકી હતી. વળી એ એકલો જ નહિ. રેબ ચાઈમની પાઠશાળાના છયે છ જણ સુરેલના પ્રેમમાં હતા.

એણે આ કહ્યું ત્યારે હું સાવ એકલવાયો હોઉં એવું મને લાગ્યું ને છતાં મને સુખ પણ થયું. ને શું કરવું તે નહિ સૂઝતાં મેં પણ વાંકા વળીને એને ગાયની જેમ માથું માર્યું, બરાબર એ મારતો હતો તેમ જ.

શિયાળો આવ્યો ને એની સાથે આવી ધોળી બરફ છવાયેલી રાત ને એમાં ટમટમતા દીવાઓ લઈને અમે અંધારામાં ઘેર જતા ને નિઃસ્તબ્ધતા વચ્ચે એકબીજાને સાદ પાડીને

કહેતા : 'આવજો ત્યારે, કાલે મળીશું પાછા !' શિયાળો આવ્યો ને બરફ પર સરવાની રમતો શરૂ થઈ, કાંઈક અળવીતરું કરવાની, સાહસ કરવાની, કશોક ચમત્કાર કરવાની અમને, એ ધોળી ટેકરી વચ્ચેના એકલવાયા ગામડાના કિશોરોને, ચળ ઊપડી.

મારા પ્રેમની આ ગુપ્ત વાતની જાણ હર્શેલે અમારા બીજા ઓઠિયાઓને કહી દીધી. ને આથી અમારી વચ્ચે ઘનિષ્ઠતા સ્થપાઈ ચૂકી. ધીમે ધીમે વારાફરતી બધાએ પોતાના હૈયાનો ભાર હળવો કર્યો ને અમે સહકારી ધોરણે પ્રેમ કરવાનું ઠરાવ્યું; કારણ કે અમારી વચ્ચે સંપ હોય તો કોઈ અમારી ખાનગી વાત બહાર પાડે નહિ. પણ અમારી કશી ચોક્કસ યોજના હતી ખરી ? અમારો પ્રેમ કેટલી હદે પહોંચ્યો હતો ? એણે હવે કેવું સ્વરૂપ લેવું ઘટે ? ને આ પ્રેમ કરવાની રીત શી હોય છે ? એમાં શી રીતે આગળ વધવું ? આ કશાંની અમને ગતાગમ નહોતી, પણ એની અમને ઝાઝી ચિન્તાય નહોતી. અમને તો માત્ર એટલી જ ખબર હતી કે અમારામાંના એક્કે એકને સુરેલ માટે ઊંડો ને ગંભીર પ્રેમ હતો. અમે બધા ભેગા સામૂહિક સ્વરૂપે આ વિશે વાતો કરતા, ચર્ચા કરતા ને સ્વપ્નો સેવતા, અદ્ભુત સ્વપ્નો ને જાણે એ સ્વપ્નો સિદ્ધ થવાનાં જ હોય તેમ હરખઘેલા થઈને રહેતા.

આમ ને આમ કેટલા અઠવાડિયાં પસાર થઈ ગયાં. એ દરમિયાન અમે સૌ ભેગા અથવા તો છૂટકછૂટક સુરેલના ઘરની આજુબાજુ ભમ્યા કરતા ને એની ઉપલી બારી તરફ મીટ માંડીને તાકી રહેતા. અમે બિલાડીનું મ્યાઉં સાંભળતા ને એ બિલાડી સુરેલની હતી - ને અમને હર્ષના રોમાંચ થઈ આવતા. એ બાગમાંના ઝાડનાં પાંદડાં પવનમાં ખખડતાં ને અમારા હૃદયમાં હર્ષનો જુવાળ આવતો. એના ઘર ઉપર આકાશમાંથી તારો ખરે તો અમારાં હૃદય વેદનાથી મૂઢ બની જતાં. આ લાગણીઓ અમને તાવની જેમ ભરખી જતી; ને એ લાગણીઓ ધોળી ટેકરીઓ વચ્ચેની ધોળી રાતોના જેવી જ બિહામણી ને અજાણી લાગતી. કશું કેમ શરૂ થાય ને એનો અન્ત કેવી રીતે આવે એની અમને કશી ગતાગમ જ નહોતી.

બરફનાં ભારે તોફાનો શરૂ થયાં. ઘરનાં છાયેલાં છાપરાં ઉપર શિયાળાના તડકામાં બરફ તગતગી ઊઠ્યો ને રાતે એ બરફ કાળા આકાશની પડછે હીરાની જેમ ચળકી ઊઠ્યો. અમારું ગામ જાણે સૂર્યમાં લપાઈ ગયું હતું. કોઈ રસ્તે થઈને પસાર થતું તો એને માત્ર એનાં પગલાંના જ પડઘા સંભળાતા - કેમ જાણે એ આ પૃથ્વી પર ભૂલું પડેલું ને સદાકાળ રઝળતું કોઈ પ્રેત નહિ હોય !

બધું જ ધોળું ધોળું, હળવું ને તાજગીભરેલું - સુરેલ સાથે સહકારી ધોરણે પ્રેમ કરવા નીકળેલા છ મૂરખ કિશોરોનાં છ મૂરખ હૈયાંના જેવું – લાગતું હતું.

ગરીબોનું શું કરવું એ વિશે એક રાતે દેવળમાં સભા ભરાઈ હતી ને એમાં ભારે ટપાટપી થઈ હતી. એ જ રાતે અમે છ પ્રેમીઓ પણ દેવળના એક મોટા ચોપડના ખોખા પર બેઠા હતા ! પછી દેવળમાંની સભા વિખરાઈ ગઈ ત્યારે અમે ખોખાની પાછળ લપાઈ ગયા. અમે જાણતા હતા કે અમે બધા ગુનેગાર હતા. પાપી હતા. ફફડતે હૈયે, પ્રાર્થનામાં

પહેરવાના કોટનો છેડો પકડીને, અમે સુરેલને - અમારી સૌની સુરેલને - સદાકાળને માટે ચાહવાની અમે પ્રતિજ્ઞા લીધી.

ગરીબોનું શું કરવું એવા મહત્ત્વના વિષયને ચર્ચવાને મળેલી મોટી સભાની ગર્જના વચ્ચે અમે ભરેલી એ નાની સભામાં અમારી ગુપ્ત વાત છતી ન થાય એ માટે એક્કેય સ્ત્રીજાતિવાચક શબ્દ અમે વાપર્યો નહોતો ને અમે બધા જ અમારાં માબાપના આજ્ઞાંકિત પુત્રો હોવાથી એલિજાહનું પવિત્ર આસન અભડાઈ જાય એવો એક્કેય શબ્દ હોઠે સુધ્ધાં આણ્યો નહોતો.

અમારી વચ્ચેના સંબંધને વધુ ઘનિષ્ઠ બનાવવાને અમે એવું નક્કી કર્યું કે દરેકે સુરેલના નામનો એક એક અક્ષર અમારા ગામના ચાકથી એ ખોખાની ડાબી બાજુએ (હૃદય ડાબી બાજુએ જ છે ને !) લખવો. એના નામમાં છ અક્ષર ને અમે છ પ્રેમીઓ. ભયથી ફફડતા ને ધ્રૂજતી આંગળીએ અક્ષમ્ય એવું પાપ કરી રહ્યા છીએ. એના ઉગ્ર ભાવ સાથે અમે દરેકે એકેક અક્ષર લખ્યો ને સુરેલનું નામ અમારી સામે અંકાઈ ગયું. પછી તરત જ અમે એને અમારા કોટની બાયથી ભૂંસી નાખ્યું ને એ શિયાળાની રાતે સૌસૌનાં સપનાં જોવા છૂટા પડ્યા.

અમારી પ્રિયતમા સાથે નિકટ સમ્પર્કમાં શી રીતે આવવું એ અમારે માટે એક મોટી સમસ્યા હતી. આની ચિન્તા અમને સદા સતાવ્યા કરતી. સુરેલ તો દિવસે નહિ તેટલી રાતે ને રાતે નહિ તેટલી દિવસે રૂપરૂપના અંબાર જેવી વધતી ગઈ. આથી અમારે મન એનું મૂલ્ય વધતું જ ગયું ને એને પામવાની ઇચ્છા અદમ્ય બનતી ગઈ. એનો ગોળમટોળ રતૂંમડો ચહેરો આકાશમાં ઊગતા ચંદ્રની જેમ મારા ચિદાકાશમાં ઊંચે ચઢતો ગયો. પણ સુરેલ તો ચંદ્ર કરતાં વધારે ઉજ્જ્વળ, ભવ્ય ને અદ્‌ભુત હતી ! અમે દરરોજ એ પવિત્ર સ્થળે, ખોખાની પાછળ, ભેગા થતા ને સુરેલ વિશેના સમાચારની આપલે કરતા. હર્શેલે એને એની મા સાથે બહાર ફરવા નીકળી ત્યારે જોઈ હતી. મોર્શેલને એ પોસ્ટઓફિસ આગળ ભટકાઈ ગઈ હતી. ત્યારે એણે ધોળાં હાથમોજાં પહેર્યાં હતાં. ભઠિયારાને ત્યાં એ રોટી લેવા ગઈ ત્યારે ફેઈવેલને એની અલપઝલપ ઝાંખી થઈ હતી. એ રોટી પણ કેવી – અમીર કુટુંબો ખાય તેવી ! પણ ધીમે ધીમે આવી બધી વાતોનો રંગ ઊપટી ગયો, એનું આકર્ષણ ઓસરી ગયું. કશા સમાચાર મળતા નહોતા. દરરોજ રાબેતા મુજબ અમારી એ નાની સભા ભરાતી; દરરોજ રાતે એ ધૂળિયા શેરીમાં થઈને, એના ઘર આગળથી પસાર થઈ અમે સૌસૌને ઘરે પહોંચી જતા. એથી કાંઈ દહાડો વળે ખરો ? આને તે પ્રેમ કહેવાય ? એની તો અમને શી ખબર પડે. તો અમે આ પ્રમાણે નક્કી કર્યું : એકાદ પ્રેમની વાર્તાની ચોપડી ખરીદવી ને એનો ભેગા મળીને પાકો અભ્યાસ કરવો.

અમારા ગામમાં ફેરિયો એટલે જ ચોપડી વેચનારો. કોઈક કોઈક વાર, કોણ જાણે ક્યાંથી એ અમારા ગામમાં ટપકી પડે. બરફની જેમ – ઠંડો અને ક્રોધી. ચોપડીઓ ઘણુંખરું લગનની ને એવી બધી વાતોની જ હોય. મોટા ટેબલ આગળ બેસે; પોટકું છોડે, એમાંથી

એક નાનું પડીકું કાઢે, એમાં રાતા રૂમાલમાં વીંટાળેલી કાળી રોટી હોય. એમાંથી બટકું કાપે. એને ચપ્પુની અણીએ ભેરવે, એના પર મીઠું ભભરાવે ને ધીમે રહીને એના મોટા દાઢીવાળા મોઢામાં સેરવી દે. ઝાઝું બકબક કરવાનું એને આવડે જ નહિ. એકાદ છોકરો એને કોઈ ચોપડીની કિંમત પૂછે તો ઘૂરકિયાં કરીને જવાબ આપી દે ને લાકડી લઈને કૂતરાને ભગાડતો હોય તેમ એને ભગાડી મૂકે, જેથી એને ઝાઝી લપલપ કરવાની ન રહે.

અમે આ ફેરિયા પાસેથી દસ આના આપીને 'ઝિલિયાબોર'ની પ્રેમવાર્તા ખરીદેલી. એને ખોલ્યા વિના માત્ર હાથમાં પકડીને અમે એને ફરી ફરી જોયા જ કરતા ! પછી કાંઈ કેટલીય વાર એ વાર્તાનું પારાયણ કરી ગયા, એ વાર્તાની એકાકી નાયિકા જાદ્રિનાની સાથે અમે પણ નિસાસો નાંખતા. એ વાર્તાના નાયકે એ બિચારીને આખરે તરછોડી દીધી ત્યારે અમે કેટલાં આંસુ સારેલાં ! પણ અમને અમારી સમસ્યાનો ઉકેલ તો મળવો બાકી જ રહ્યો. જાદ્રિના અને અમારી સુરેલ વચ્ચે માત્ર એક વાતમાં સામ્ય હતું ; બન્ને ધોળાં હાથમોજાં પહેરતી. આ સિવાય કશું જ નહિ. તો બોલો, આવી વાર્તામાંથી અમને શું શીખવાનું મળવાનું હતું ? આમ છતાં (તમને હમણાં જ ખબર પડશે) અમે એક તુક્કો ઘડી કાઢ્યો.

આ અમારી સાવ સાદી યોજના હર્શેલના ફળદ્રુપ ભેજામાંથી ઉદ્ભવી : એ યોજના આવી હતી. પછીને મહિને અમારાં ગામમાં મેળો ભરાવાનો હતો. એમાં ભઠિયારા તો ખરા જ પણ કંદોઈ સુધ્ધાં આવવાના હતા. ત્યાં સુધીમાં સ્કૂલમાં નાસ્તા માટે આપવામાં આવતા પૈસામાંથી અમારે બચત કરવાની હતી. કંદોઈ એની દુકાન માંડે ત્યારે સરસ મજાનું મીઠાઈનું પડીકું ખરીદવું એવું નક્કી કર્યું

એ મહિનો બહુ ધીમો વીત્યો ! કેવો ગજબનો લાંબો હતો એ મહિનો ! પણ એ દરમિયાન અમે છ પ્રેમીઓ પૈસા બચાવ્યે ગયા. અમારી જરૂરિયાતો અમે જતી કરી. અમારા મોજશોખ પર અમે કાપ મૂક્યો ને આખરે સારી એવી મૂડી જમા થઈ; એ અમે દેવળના ભોંયરામાં સંતાડી દીધી ને મેળો ભરાય એની રાહ જોવા લાગ્યા. મેળો ભરાશે, કંદોઈ દુકાન માંડશે ને અન્તે સુરેલ નામની સમસ્યાનો ઉકેલ હાથ લાગશે !

આખરે એ ઘડી આવી લાગી. અમે છ જણા ભેગા થયા ને અમે આ પ્રશ્નો ચર્ચ્યા: અમારી મુકિતનો દિવસ કયારે આવશે ? અમારામાંનો કોણ મીઠાઈ ખરીદવા જશે ? પૈસાની જવાબદારીનો ભાર કોણ ઉપાડશે ? સર્વાનુમતે એવું નક્કી કર્યુ કે હર્શેલ અને હું સૌથી પહેલા પ્રેમમાં પડનાર હતા એટલે એ કામ અમારે કરવું.

મેળો ભરાયો. વહેલી સવારથી જ ગામ આખું ખેતરના વાડા જેવું લાગતું હતું : બતકો અવાજ કરતાં હતાં. ભૂંડ અહીં-તહીં ફરતાં હતાં ને વાછરડાઓ ભાંભરતા હતા. મેળો અમારા નાના શા ગામમાં બધે છવાઈ ગયો ને ઠેઠ ટેકરી સુધી ચઢી ગયો. ઘોંઘાટ વધતો જ ગયો ને ઢોરના અવાજથી બધે ગડબડગોટાળો થઈ રહ્યો. આખું ગામ હરખથી ઘેલું

થઈ ગયું ને બજારમાં જીવનનો જુવાળ આવ્યો. દૂબળા ભૂખ્યા માણસો મોંમાં તણખલું ચાવતા ને વાળની લટમાં ભરાયેલા તણખલાં સાથે ખાવાનું ખરીદવા અહીંતહીં પડાપડી કરવા લાગ્યા. એ લોકો એકબીજા સાથે ઝઘડતા, ટિખ્ખળ કરતા, હસતા ને એકબીજાનો વાંસો થાબડતા; અજાણ્યાઓ પણ એકબીજાને ભેટતા. પોલિશ ખેડૂતો કશોક વિચિત્ર જાતનો રાતો ગળપટ્ટો પહેરીને આવ્યા હતા. એમની ટોપી હંમેશાં પાછળ સરી પડતી. કંદોઈની દુકાન આગળ એક અપંગ ભિખારી બેઠો હતો. એના હાથમાંના અજબ તરેહના વાજિંત્રનો એ હાથો હલાવતો હતો ને કશુંક દર્દીલું ગીત ગાતો હતો. એક યહૂદી હાથમાં ગજ લઈને એની નાની દુકાન આગળ ઊભો હતો ને ઘાંટા પાડીને એક ખેડૂતને રોંચો કહીને એનું અપમાન કરતો હતો. આથી પેલો ખેડૂત ધૂંધવાઈને સામા ઘાંટા પાડીને એનો જવાબ આપતો હતો ને પોતાના ખિસ્સામાંના પૈસા બતાવીને પોતાની ભદ્રતા પુરવાર કરવા મથતો હતો. નજીકમાં જ એક ગાડું ઊભું હતું. એમાંથી જાતજાતના જોડા લટકતા હતા – રાતી દોરીવાળા, ચળકતા તળિયાવાળા, ચમકતી જીભવાળા, જંગી ને ટબુકડા જોડાની હારની હાર ખડકી દીધી હતી. રાતા વાળવાળો એક માણસ એ ગાડામાં બેઠો હતો.એ પણ રાતા પાલિશ કરેલાં ચામડાનો જ બનાવેલો હોય એવો લાગતો હતો. એ બૂમો પાડતો હતો : ‘સૌ કોઈ પગે ચાલે છે, સૌ કોઈને જોડાની જરૂર પડે છે.’ હેટમાં પીછું ખોસીને એક અમલદાર ત્યાંથી ટોળા પ્રત્યે ઘૂરકિયાં કરતો પસાર થયો. એની હેટની કિનાર તડકામાં તગતગતી હતી. અમલદાર હોવાથી આનન્દ અને અભિમાનનું જ એ કેમ જાણે પ્રતીક નહિ હોય !

ને ત્યાં આખરે હતો કંદોઈનો માંડવો – અમારા હૃદયની વાસના ને અમારા સુખની મૂર્તિમંત આશા જ જાણે ! ચળકતા રંગના કાગળથી ઢાંકેલા એક લાંબા ટેબલ પર જાતજાતની વાનગીઓ ગોઠવેલી હતી. પિપૂડીના આકારની મીઠાઈ પણ એમાં હતી. મેં તથા હર્શેલે ગભરાટના માર્યા આજુબાજુ નજર ફેરવીને જોઈ લીધું : અમને કોઈ જોઈ તો નથી ગયું ને ! પછી એકદમ ઉતાવળમાં અમારી થીજી ગયેલી આંગળીઓ ખંખેરીને આજ સુધીની બચાવેલી અમારી પૂંજી અમે ઠાલવી નાંખી. કંદોઈને તો એ જોઈને નવાઈ જ લાગી. થોથવાતી જીભે અમે એને કહ્યું : ‘અમને મીઠાઈનું – મીઠાઈનું એક પડીકું બાંધી આપો ને !’ એણે પડીકું બાંધ્યું, એને ફરતી રાતી દોરી વીંટાળીને પોલિશ ભાષામાં માનપૂર્વક કહ્યું :‘આભાર, સજ્જનો !’

તો આખરે અમારા હાથમાં ઉપહાર – મીઠાઈનું પડીકું આવી પડ્યું. હવે શું કરવું, હવે પછી શું પગલું ભરવું તેનો વિચાર કરીએ તે પહેલાં અમારા ચાર પ્રેમાતુર મિત્રોનો પણ અમારે ખ્યાલ કરવાનો હતો, એ લોકો બિચારા દેવળમાં અમારી રાહ જોતા ઊભા હતા. અમારું કાર્ય સિદ્ધ થયું કે નહિ, અમે મીઠાઈ ખરીદી કે નહિ, અમે કેવી મીઠાઈ ખરીદી એની તેમને જાણ કરવી બાકી હતી.

‘ખરીદી લાવ્યા ?’ એ લોકો અમારા તરફ દોડી આવીને પૂછવા લાગ્યા.

'હા, ખરીદી લાવ્યા !'

'શું આપ્યું ?'

'એક સોવેરિન.'

'ઊંચી જાતની છે ને ?'

'એ તો અમે કશું જોયું નથી.'

'તો પડીકું ખોલો !'

અમે પડીકું ખોલ્યું ને ત્યારે આ દુનિયામાં કેવા કેવા ચમત્કાર હજીય શક્ય છે તેનો અમને ખ્યાલ આવ્યો. એ મીઠાઈ પરના ખાંડના પડમાં જાણે રત્નો ઝગારા મારી રહ્યાં હતાં. કેવા જુદા જુદા આકાર હતા એના !

'આપણે સહેજ ચાખી જોઈએ.' હર્શેલે સૂચન કર્યું.

'ના રે ભાઈ !' બીજા સૌ બોલી ઊઠયા. 'આ રજેરજ એને માટે – સુરેલ માટે છે.'

'જરાક જ ચાખવા દો ને.' હર્શેલે આજીજી કરીને એના સ્વભાવ મુજબ અમને માથું મારવા લાગ્યો.

'અરે, આટલી સરખીય નહિ ને!' મોઈશેલે પોતાની આંગળીનું ટેરવું બતાવતાં કહ્યું.

ભારે કાળજીપૂર્વક અમે પડીકું ફરી બાંધી દીધું, એની આજુબાજુ રાતી દોરી વીંટાળી દીધી ને એને દેવળના ભોંયરામાં સંતાડી દીધું.પછી હું ને હર્શેલ અમારે પોતાને હાથે સુરેલને એ આપી શકાય તેની તક શોધવા લાગ્યા.

એ ભેટ આપવાનો દિવસ નક્કી કર્યો ત્યાં સુધીનો સમય અમે કેવી રીતે ગાળ્યો તે વર્ણવવાને મારી પાસે શબ્દો નથી. ના, હું કે અમારામાંનું બીજું કોઈ પણ તમને એ કહી શકે તેમ નથી, કદાચ પાંખાળો દેવદૂત જ એ કહી શકે. અમારું ભયથી ફફડવું, અમારી હૃદયની બળતરા, અમારી આશાઓ, અમારા બેકાબૂ તરંગો – આ બધું બાળપણના એ સોનેરી તારથી અમે કેવું તો ગૂંથી લીધું હતું ! એ બધું કદાચ પાંખાળો દેવદૂત પણ નહિ વર્ણવી શકે.

તમેય અમારી જેમ નિર્દોષતાથી કિશોરાવસ્થામાં પ્રેમ કર્યો હશે એની ના નહિ. તોય અમને એ દિવસોમાં શું થયું તેની કલ્પના તમે ભાગ્યે જ કરી શકશો, એટલું જ હું અહીં કહીશ.

શિયાળો પૂરો થવા આવ્યો હતો; રાતે ઠંડીનો ચમકારો લાગતો ખરો ને ધુમ્મસ પણ સાવ ગયું નહોતું પણ હવે ડંખી લેતા સૂસવાતા પવનો વાતા નહોતા; આકાશ પણ ચોખ્ખું ને સ્ફટિકના જામના જેવું પારદર્શી બની ગયું હતું. અમારા ગામના પાદરનાં ધોળાં મેદાનો, ચૂનાના પથ્થરની ધોળી કરાડો અત્યાર સુધી બરફથી ઢંકાયેલાં હતાં તે હવે ફરી એના અસલ ધોળા રંગે ચમકવા લાગ્યાં. એ બધાં થીજી ગયેલા ચન્દ્ર સામે દૃષ્ટિ માંડીને ત્યાં ચન્દ્રમાં પણ આવી ઠંડી છે ખરી કે એવું જાણે પૂછી રહ્યાં હતાં. આવી એક રાતે હું અને હર્શેલ અમારા પ્રેમના કામે નીકળ્યા.

સુરેલનાં માબાપ પૈસાપાત્ર છે. બાપ વિદ્વાન છે ને સમાજમાં એમનું સારું માન છે. એના ખમીસના ધોળા કોલર નીચે એઓ હમેશાં કાળી મખમલની ટાઇ પહેરે છે. પોલિશ અકાદમીની પાસે ગામને સીમાડે એમણે ઘર બંધાવ્યું છે. સામાન્ય લોકોથી થોડે દૂર એ લોકો રહે છે એમના ઘરથી થોડે જ છેટે સદાકાળની નિદ્રામાં પોઢેલાઓનું સ્થાન છે ત્યાં કાંસ જમીનમાંથી સીધા ઊગી નીકળ્યા હોય તેમ ઊંચા વધે છે. ત્યાંથી થોડેક જ છેટે ખ્રિસ્તીઓનું દેવળ છે. એની મોટી કમાનો નીચે ઘંટ છે. ડાકણ જીભ પટપટાવતી હોય એવા એ ઘંટ લાગે છે.

કેટલીક વાર એ કમાનોમાં થઈને ચોરપગલે પવન પ્રવેશે છે, એ ઘંટને હલાવે છે, ઘંટ ધીમે ધીમે હાલે છે. ઘંટ રણકે છે કે નહિ તે તમે નિઃશંકપણે કહી પણ નહિ શકો. દેવળ પાસે જંગલી ફળનું ઝાડ ઊભું છે. ધુમ્મસ ડંખે નહિ ત્યાં સુધી એનાં ફળ પાકતાં નથી. એનાં ફળ તૂરાં લાગે છે. એ થીજી ગયેલા લોહીનાં ટીપાં જેવાં લાગે છે.

આનંદના જોમથી ડગલાં ભરતો હું હિંમતપૂર્વક હર્શેલની સાથે આગળ વધી રહ્યો હતો. મારા કોટની અંદર અમારી પ્રેમદેવતાને આપવાના અર્ઘ્યરૂપ પેલી મહામૂલી ભેટ હતી. રાત્રિ પારદર્શી અને તાજગીભરી હતી. અમે ઉતાવળા ચાલતા હતા, જો કે એવું કાંઈ ખાસ મોડું થયું નહોતું, સુરેલ એના બાપની દુકાનેથી થોડી જ વાર પહેલાં ઘરે જવા નીકળી ચૂકી હતી. અમે એને જતી જોઈ હતી. એના બાપની દુકાનની બારીમાંથી અમે એના વાળમાંની ભૂરી ફીતને પવનમાં ફરફરતી જોઈ હતી. અમે એનાથી આગળ નીકળી જવાને ઝડપ કરી. અમે વધુ ને વધુ ઝડપે ચાલવા લાગ્યા ! બરફ અમારા પગ નીચે કચડાતો હતો ને મારા હૃદયમાં ક્યાંક એ અવાજના પડઘા પડતા હતા. આખરે અમે એના ઘર નજીક આવી પહોંચ્યા. સુરેલ હજી ખાસ્સી દૂર હતી. અમે એના ઘરથી થોડેક છેટે જઈને ઊભા રહ્યા, ચારે તરફ અંધારું હતું. બાજુમાં જ કબ્રસ્તાન હતું એના ક્રોસ જમીનમાંથી સીધા ઊંચા ઊઠતા હતા. પેલા ઘંટ પવનમાં આછા થરકી રહ્યા હતા. કદાચ કોઈક ધીમેથી એની સાંકળ ખેંચતું હતું. ના, કદાચ પવનથી જ ઘંટ આછા થરકી રહ્યા હતા. એ – ક્યાં હતી એ ? ઓહ, આ આવી – નજીક ને નજીક. એના કાળા કોટની બાંય નીચે પેલાં ધોળાં હાથમોજાં પણ દેખાવા લાગ્યાં. હવે તો એ સાવ નજીક આવી લાગી – એટલી તો નજીક ! મારા હૃદયમાં જાણે કશુંક રણકી ઊઠ્યું હોય, ત્યાં કોઈક સાંકળ ખેંચીને ઘંટ વગાડતું હોય એવું મને લાગ્યું. પેલું પડીકું ઝાલનારો મારો હાથ ધ્રૂજવા લાગ્યો હતો. અરે, પડીકું નીચે પડી જશે કે શું ! ને હર્શેલ તો સાવ બાઘો જ બની ગયો હતો. એ કોણ જાણે શુંનું શું બબડ્યે જતો હતો !

હવે તો એ અમારી સામે મોઢામોઢ આવી ગઈ હતી. બહુ નાજુકાઈથી હું ને હર્શેલ એનો રસ્તો રોકીને ઊભા રહી ગયા.

'શું છે 'લ્યા ?' એ ચિડાઈને બોલી.

'સુરેલ – વહાલી – સુરેલ — ' થોથવાતી જીભે બોલતાં બોલતાં મેં ભેટનું પડીકું

કોટ નીચેથી કાઢ્યું. 'સુરેલ, વહાલી સુરેલ, આ તારે માટે છે. લઈ લે !'

હર્શેલે એનું માથું નમાવ્યું. કેમ જાણે એની ટેવ પ્રમાણે માથું મારવાનો જ નહિ હોય ! પણ પછી એણે જાત પર કાબૂ મેળવી લીધો.

પણ સુરેલ અમારી ગુપ્ત વાત સહેજેય સમજી શકી નહિ, અમારા એને માટેના ઊંડા પ્રેમને પણ એ સમજી શકી નહિ, એ કશું જ સમજી શકી નહિ. આથી એણે સાવ ભોળપણથી પૂછ્યું : 'તમે મને આ શા સારુ આપો છો ?'

'બસ, એમ જ.' મેં એને ખાતરી આપી. 'મારા ગળાના સમ બસ, અમથું જ.' આમ કહેતાં મેં એના હાથમાં અમારી એ નાની શી ભેટ સેરવી દીધી.

'તમારું તે કાંઈ ખસી ગયું છે કે શું ?' એ તડૂકી ઊઠી. 'છોડો મને !' આમ કહીને એણે ભેટ ફગાવી દીધી ને ધનુષમાંથી છૂટેલા તીરના વેગે એ ઘરમાં જતી રહી.

નિઃશબ્દપણે, ઝૂકેલે મસ્તકે મેં વાંકા વળીને રસ્તા પરના બરફ પરથી એ પડીકું ઊંચકી લીધું, મારા નવા નક્કોર કોટની બાંયથી એને સાફ કર્યું અને ડાઘુઓની જેમ ઝૂકેલ મસ્તકે એ પડીકા સાથે હું ને હર્શેલ અમારા ચાર બિરાદરો પાસે જવા માંડ્યા. એ બિચારા કબર જેવા લાગતા બરફથી ઢંકાયેલા પથ્થરના ઢગલા પાછળ અમારી રાહ જોતા હતા.

'શું થયું ?'અમે જેવા એમની નજરે પડ્યા કે તરત જ એકીસાથે એઓ પૂછી ઊઠ્યા : 'ભેટ સ્વીકારી ?'

'ના, ફગાવી દીધી !' અમે બંને દુણાઈને બોલી ઊઠ્યા ને હર્શેલે અમારા બિરાદરો પૈકી એકને, ગાયની જેમ નહિ પણ વિફરેલા આખલાની જેમ માથું માર્યું.

'હવે શું થશે ?' મેં પૂછ્યું. મારો અવાજ આંસુથી રુંધાઈ ગયો. 'આ મીઠાઈ આપણે જ ખાઈ જવી પડશે.'

ને તે રાતે મૂક અને વિષણ્ણ ઘરડો ચન્દ્ર અમારા છ જણાના એ પ્રેતભોજનને જોઈ રહ્યો. ખાંડના ચળકતા પડવાળી સુંદર મીઠાઈ અમારાં બોરબોર જેવડાં આંસુથી તરબોળ થઈ ગઈ હતી.

અનુ. સુરેશ જોષી

સામયિક

ઈઝાક બાશેવિસ સીંગર

વોર્સોમાં બુદ્ધિજીવીઓ માટે ચાલતા રસોડામાં હું પહેલી વખત ઝેઈનવેલ ગાર્ડિનરને મળ્યો. વટાણા,ગાજર અને કોઈ ખાદ્ય વનસ્પતિ નાખીને બનાવેલો મશરૂમ - નૂડલ સૂપ પીતો હતો તે ટેબલ આગળ બેઠો હતો. તેને પોતાની તાસકની આજુબાજુ જોયા કરતો હું જોઈ રહ્યો.એ કશુંક શોધતો હોય એમ લાગ્યું. પછી તેણે શૂન્યમનસ્ક થઈને મીઠુંમરી ભભરાવ્યાં, તેણે અડધા કરતાંય વધુ સૂપ રહેવા દીધો, બાકી વધેલો સૂપ આપવાની વિનંતી કર્યા વિના હું રહી ન શક્યો. તે દિવસોમાં મારી ભૂખ ખાસ્સી ઊઘડેલી હતી.

તેની ઉંમર વીસની આસપાસ હોવી જોઈએ. વિશાળ ચહેરો, ઊપસી આવેલાં ગાલનાં હાડકાં, માથા પર કાળા, અસ્તવ્યસ્ત વાળવાળો એ યુવાન ભીનેવાન હતો. તેની આંખો વચ્ચે ખાસ્સું એવું અંતર હતું. નાનાં નાનાં સામયિકોમાં પ્રગટ થતી મારી વાર્તાઓને કારણે તે મને ઓળખતો હોવો જોઈએ. આ સામયિકો લેખકોને તો કશું આપે નહિ, ઊલટું લેખકો પાસેથી પૈસા ઊઘરાવે, વારે ઘડીએ તે પોતાની વાંકી ભ્રમરો ઊંચે ચઢાવીને ફફડતા દૃષ્ટિપાત દ્વારા જાણે કહેતો હતો, 'આપણો પરિચય જો આમેય થવાનો જ હોય તો પછી શા માટે રાહ જોવી ?' અમે વાત કરવાની શરૂઆત કરી ત્યારથી જ તેણે મને સમજાવવા માંડ્યું - 'આપણે સાથે મળીને કોઈ સામયિક શરૂ કરવું જોઈએ. ધંધાદારી રીતે હું બીબાં ગોઠવવાનું કામ કરું છું. મારે ઘેર બીબાંની એક પેટી પણ છે. આપણને આ સામયિક મફતમાં જ પડી રહે. જો આપણે બસો નકલ વેચી શકીએ તો આપણી મૂડી પાછી મળી જાય. સો નકલ તો હું વેચી શકું. થોડી વધારે પણ વેચી શકું.'

'પણ આવાં સામયિકો તો અત્યારે કેટલાં બધાં છે !'

'તમે પણ કેવી વાત કરો છો ! આ સામયિકોના પ્રકાશકો તો સાહિત્યજગતની વેશ્યાઓ કહેવાય. ત્રણ ઝલોટી મળે તો ગમે તેવા નકામા લેખકની કૃતિઓ છાપવા તૈયાર થઈ જાય - એ બધાની તો ચંડાળચોકડીઓ છે. તમે મારી પીઠ થાબડો, હું તમારી થાબડીશ,

એવી એમની નીતિ. આપણે બંને મળીને શુદ્ધ સાહિત્યિક સામયિક બહાર પાડી શકીએ. આપણે સાહિત્યનું સ્તર ઊંચે આણી શકીએ.'

'સામયિક' શબ્દ મારે માટે તો ચમત્કારિક શક્તિવાળો હતો. મારાં લખાણો છાપવા માટે મારું પોતાનું સામયિક હોય તો કેવું એ વિશે તો કેટલાંય સ્વપ્ન મેં સેવ્યાં હતાં. પોતાનું સામયિક હોય તો તંત્રીઓની મુનસફી પર આધાર રાખવાનો મટી જાય, એક તંત્રી તો એવો હતો કે એને જે વધારે પડતું અશ્લીલ લાગે તે બધા પર કાતર ચલાવી દેતો હતો. બીજો એક તંત્રી ફરિયાદ કર્યા કરતો હતો કે તમે તો બહુ ગૂઢ લખાણો લખ્યા કરો છો. ત્રીજા એક તંત્રી તો મારા લખાણોમાં ગમે ત્યાં કાપકૂપ કર્યા કરતો હતો અને મારી શૈલી જ બદલી નાખતો હતો. મારી વાર્તાઓ અને બીજા લેખોમાં જોડણીની અસંખ્ય ભૂલો રહી જતી, પંક્તિઓ ઊલટસુલટ થઈ જતી, કેટલીક વખત તો પૃષ્ઠોનો ક્રમ પણ જળવાતો નહિ. લેખક જાતે જ પ્રકાશક હોય તો તેનાથી વધારે રૂડું શું ? હું ઝેઈનવેલ ગાર્ડિનરની સાથે નોવોલીપ્કી સ્ટ્રીટમાં તેને ઘેર ગયો. ચાર દાદર ચઢ્યો, દરેક માળ પર બારણાં ખુલ્લાં હતાં. સમાજવાદી સમૂહગીતો ગાતા દરજીઓ સીવતા હતા. છોકરીઓ બટાકા છોલતી હતી અને પ્રણયગીતો ગાતી હતી. માતાઓ પારણાં ઝૂલાવતી હતી. એક સુથાર લાંબા પાટિયા પર રંધો ફેરવતો હતો, તેની ભૂખરી દાઢીમાં લાકડાના છાલિયા ભરાઈ ગયા હતા. રસોડાઓમાંથી તળાયેલી ડુંગળીઓની, બાળોતિયાંની અને લસણની વાસ આવતી હતી, પાંચમા માળે અમે એક અંધારા વરંડામાંથી પસાર થઈને ઢળતી છતવાળા ઓરડામાં દાખલ થયા. છતની બરાબર નીચે એક નાની બારી હતી. ભીંતો પર સ્પિનોઝા. ક્રોપોત્કીન, માદામ બ્લાવટસ્કી, નિત્શેની તસવીરો લટકતી હતી. ચોપડીઓના ઘોડાની ઉપર એક કાગળ પર મોટા અક્ષરોએ ઝેઈનવેલ ગાર્ડિનરે છપાવ્યું હતું : 'જેવી રીતે તું તારી જાતને ચાહે છે તેવી રીતે પાડોશીને ચાહજે.'

ઝેઈનવેલ ગાર્ડિનરનો આદર્શવાદ કયા પ્રકારનો હતો તે શોધી કાઢતાં મને વાર ન લાગી. તે માંસ, માછલી કે ઈંડાં ખાતો ન હતો, માત્ર બ્રેડ, શાકભાજી, ફળ જ લેતો હતો. એસ્પેરેંટો બોલનારા સમૂહ સાથે અનેસ્ટર્નરની અરાજકતા અંગેની વિચારસરણીને અનુસરનારા વર્તુળની સાથે, તે સંકળાયેલો હતો. તેણે મને કાચું ટર્નિપ આપીને કહ્યું : 'આ જગત શુદ્ધ શબ્દની પ્રતીક્ષા કરે છે. આપણે વાચકોને સત્ય કહીશું. એકેએક પંક્તિ પ્રગટ કરીશું. આપણે જેનો બોધ આપીશું તેનું પાલન કરીશું - આપણે પહેલાં જાત પર પ્રયોગ કરીશું.'

તરત જ અમે યિદ્દિશ લેખકોની સભાને અમારા સામયિકની જાણ કરી દીધી. તેનું નામ 'ધ વોઈસ' રાખ્યું.ગ્રામ્ય વિસ્તારોમાંથી અસંખ્ય હસ્તપ્રતો અને અભિનન્દનનો અમારા પર ઉપરાછાપરી આવવા માંડ્યા, અમને તો એમ હતું કે આવા નવા સામયિકમાં પ્રતિષ્ઠિત લેખકોને રસ નહિ હોય, પણ તેમણે વાર્તાઓ, નવલકથાનાં પ્રકરણો, મોટી 'કૃતિઓના અંશો' મોકલી આપ્યા. એ બધું વાંચીને મને ખાત્રી થઈ કે એ બધી કૃતિઓના ઢગલામાંથી

એક પણ કૃતિ માનવજાતિ જેની પ્રતીક્ષા કરી રહી હોય એવા એકેય શુદ્ધ શબ્દને વ્યક્ત કરતી ન હતી. ઝેઇનવેલ ગાર્ડિનરે નિત્શેના 'ધસ સ્પોક જરથોષ્ટ્ર' પર એક નિબન્ધ લખી નાખ્યો. તેણે ટપકાંઓનો અને નાની મોટી લીટીઓનો પુષ્કળ ઉપયોગ કર્યો હતો, એક વાક્ય સુધ્ધાં આખું લખ્યું ન હતું. તે કશુંક કહેવા માગતો હતો પરંતુ ખૂબ મથામણ છતાં તેની જાણ મને ન થઈ, જ્યોર્જ બ્રાન્ડીસ નિત્શે સમજી શક્યો જ ન હતો એવી તેણે ફરિયાદ કરી પણ મને એટલી તો ખબર પડી કે ઝેઇનવેલ ગાર્ડિનરને બ્રાન્ડીસમાં જ સમજ પડી ન હતી. ઘણા બધા સૂચિતાર્થો અને દુર્બોધતાઓ તેના લખાણમાં હતી, ઇબ્સનમાંથી અસંખ્ય અવતરણો લીધાં હતાં. મેટરલીંકના 'ધ બ્લ્યુ બર્ડ' વિશે પાનાંનાં પાનાં ભરી દીધાં હતાં. મેટરલીંક તે વખતે વોર્સોના બુદ્ધિજીવીઓમાં પરિચિત હતો. જરથોષ્ટ્ર જ્યારે પર્વતના શિખર પર પહોંચશે ત્યારે ત્યાં માત્ર ગરુડ અને સાપ જ નહીં પણ બ્લ્યુ બર્ડ પણ હશે અને એની મદદથી અતિમાનવ પોતાનું અને માનવજાતનું કલ્યાણ કરી શકશે એવું ઝેઇનવેલનું કહેવું હતું.

બધી જ હસ્તપ્રતો કાગળની કોથળીમાં નાખીને હું ઝેઇનવેલ ગાર્ડિનરના ઓરડામાં ગયો. હું ત્યાં પહોંચ્યો ત્યારે તે બીબાં ગોઠવતો હતો, અમે બંનેએ સાથે મળીને લખેલી પ્રસ્તાવના તે બીબાં વડે ગોઠવતો હતો. મેં કોથળી નીચે મૂકીને કહ્યું : 'ઝેઇનવેલ, મારે તંત્રીપણું કરવું નથી.'

તે ફિક્કો પડી ગયો : 'કેમ ?'

'ધ વોઇસ' કોઈ અવાજ નથી, શબ્દ નથી. કામ કરવા માટે કશુંક તો હોવું જોઈએ ને !'

ઝેઇનવેલ ગાર્ડિનરે મને મનાવવાના બધા જ પ્રયત્નો કરી જોયા. તેણે માનવતા, સંસ્કૃતિ, પ્રગતિને નામે મારી સાથે દલીલો કરી. ઉત્તેજનામાં તેના હાથમાં બીબાં ગોઠવેલી પટ્ટી પડી ગઈ અને બધાં બીબાં જમીન પર પડી ગયાં. 'વોર્સોના લેખકોને જ્યારે ખબર પડશે કે તમે આ સામયિકમાંથી છૂટા થઈ ગયા છો ત્યારે બધા લેખકો તમારો વિરોધ કરશે.'

અમે શેરીમાં આવ્યા અને ચાલવા માંડ્યા. થોડું ચાલીને ઝેઇનવેલ ઊભો રહી ગયો અને નવી દલીલ કરવા લાગ્યો : 'હસ્તપ્રતોમાં સુધારાવધારા કરી શકાય. આપણું મિલન માત્ર અકસ્માત નથી. આપણા જેવા યુવાનોની જ સાહિત્ય પ્રતીક્ષા કરે છે. આના જેવો અકસ્માત અને સુયોગ ફરી કદી નહિ આવે.' તેણે મને પોતાના ભૂતકાળની વાત કહી, તેના પિતા એક નાના શહેરમાં હિબ્રુના શિક્ષક હતા, તેની મા યુવાનીમાં જ મરણ પામી હતી. તેની બહેને આત્મહત્યા કરી હતી. તેના આદર્શો, પ્રશ્નો અને આધ્યાત્મિક કટોકટીને ન સમજી શકનાર એક છોકરીને કારણે તેણે પોતાનું શહેર છોડ્યું હતું. તેને બાળવા માટે એ છોકરીએ કોઈ સો મિલના હિસાબનીશને અપનાવી લીધો હતો. આટલી વાત કરીને ઝેઇનવેલ ગાર્ડિનર ચૂપ થઈ ગયો. તેની કાળી આંખો ગમગીન થઈ ગઈ. તરત તે બોલી ઊઠ્યો : 'હેમ્લેટ સાચો હતો.'

થોડા દિવસો પછી મારી જગ્યાએ એક યુવાન લેખક કામ કરતો થઈ ગયો. સામયિકનો પહેલો અંક ત્રણ મહિના મોડો બહાર પડ્યો. બાંધણી કરનારે ઘણી બધી નકલો પોતાની પાસે જ રાખી મૂકી હતી કારણ કે તેને પૂરેપૂરા પૈસા ચૂકવાયા ન હતા. મુખપૃષ્ઠ તો હતું જ નહીં, અને ભૂખરા તથા પીળા એમ બે જાતના કાગળો વપરાયા હતા. લેખોની જોડણી ખોટી હતી એ તો ઠીક, પણ લેખકોનાં નામોની જોડણી પણ ખોટી હતી. એટલી વારમાં તો ઝઘડાઓ અને કાવતરાં શરૂ થઈ ગયાં. એક નિબંધકારની હસ્તપ્રત પાછી મોકલવામાં આવી એટલે તેણે ગાર્ડિનર ઉપર આળ ચઢાવ્યું કે તેણે પચીસ ઝલોટી પચાવી પાડી છે. એક કવિની કવિતા છેલ્લા પૃષ્ઠ પર છપાઈ હતી એટલે તેની પત્નીએ ગાર્ડિનરને તમાચો ચોડી દીધો હતો. ગાર્ડિનર પર ચોર હોવાનો અને વેચાઈ ગયાનો આરોપ મૂકવામાં આવ્યો. 'ઓઉફગેંગ' નામના એક સામ્યવાદી સામયિકે પણ ત્રણ પાનાં ભરીને 'ધ વોઈસ'ની સામે ચર્ચા ચલાવી. 'ઓઉફગેંગ'ના અભિપ્રાય પ્રમાણે 'ધ વોઈસ' મૃતઃપ્રાય થઈ રહેલા મૂડીવાદ, સડી ગયેલા સામ્રાજ્યવાદ અને યહૂદી દેશાભિમાનનું અન્તિમ ગીત હતું. ઝેઈનવેલે વર્ગસંઘર્ષ, પ્રજાની જરૂતિયાતો અને સોવિયત રશિયાની ઝળહળતી જ્યોતિની ઉપેક્ષા કરી હતી. ઝેઈનવેલ ગાર્ડિનરનું બ્લ્યુ બર્ડ એટલે તો મુસોલિનીની ફાસીવાદી હકૂમત.

આ આક્રમણ વાંચીને ઝેઈનવેલે આખી રાત ગાળીને એક પ્રત્યુત્તર લખી નાખ્યો, પણ 'ઓઉફગેંગ' એ છાપવા તૈયાર ન હતું. ઊલટું, તેણે નવો હુમલો કર્યો અને વેરનો સમય નજીક છે એવી ચેતવણી આપી. ઝેઈનવેલ માંદો પડી ગયો. તેને આંકડી ઊપડી અને ખોરાક પણ લેતો બંધ થઈ ગયો. એક દિવસ મને ખબર પડી કે ઝેઈનવેલ પોતાના વતનમાં પાછો ચાલ્યો ગયો હતો. કોઈએ મને એમ કહ્યું કે તેણે પોતાની જૂની પ્રિયતમા સાથે લગ્ન કરી લીધું છે, સો મિલના પેલા હિસાબનીશને એ છોકરીએ ત્યજી દીધો હતો. એ છોકરીનો બાપ મીનરલ વોટર બનાવતા નાના કારખાનાનો માલિક હતો. તેની સાથે ધંધામાં જોડાઈ ગયો હતો.

વીસ વર્ષ પસાર થઈ ગયાં. એ ગાળામાં હું અમેરિકા હતો અને હિટલરે પોલેંડને ખત્મ કરી નાખ્યું હતું. ન્યૂયોર્કમાં હું યિદ્દીશ ભાષામાં પ્રગટ થતા વર્તમાનપત્રમાં કામ કરતો હતો. ત્યાંથી બે મહિનાની રજા લઈને હું પારિસ ગયો. ત્યાં પોલિશ - યિદ્દીશ સાહિત્યવર્તુળોના અવશેષો મેં જોયા. પારિસે રુદ પોતે પર કામચલાઉ ધોરણે લેખકોને આપેલા એક મકાનમાં બધા રહેતા હતા. કેટલાક નાઝીઓની નજર ચૂકવીને રશિયા નાસી ગયા હતા. કેટલાક લોકો મોરોક્કો અને અલ્જીરિયામાં નાસી ગયા હતા. કેટલાક લોકો નાઝીઓના આક્રમણ વખતે ભૂગર્ભમાં ચાલ્યા ગયા હતા. એક સમયના સામ્યવાદીઓ સામ્યવાદના દુશ્મન બની ગયા હતા. પતિઓની પત્નીઓ બદલાઈ ગઈ હતી અને પત્નીઓના પતિ બદલાઈ ગયા હતા. તે વખતે જે કિશોરો હતા તેમના વાળ ધોળા થઈ ગયા હતા અને તેમના અવાજમાં સત્તા પ્રવેશી હતી.

મધરાતો સુધી તેમની સાથે બેસીને નાઝીઓએ ચલાવેલી ખૂનામરકીની અને બોલ્શેવિક

લોકોના ભયંકર ગાંડપણની વાતો મેં સાંભળ્યા કરી. ૧૯૪૦થી ૧૯૪૫નાં વર્ષો દરમિયાન તેમણે એશિયાનાં જે શહેરોમાં અને ગામડાંઓમાં આશ્રય લીધો હતો તેની તથા બધા જ પ્રકારના ડાબેરી અને જમણેરી જૂથોની વાતો મને સાંભળવા મળી. કેટલાક ઓશવિટ્ઝમાં હતા, કેટલાક રશિયામાં ગુલામોની છાવણીમાં હતા.આમ છતાં કેટલાક લોકો રેડ આર્મી કે સિકોર્સ્કીના પોલિશ સૈન્ય સામે લડ્યા હતા. તેમની બધી જ વાતોના વિષય ભૂખમરો, ખૂનામરકી, વ્યભિચાર અને અર્થહીન બર્બરતા હતાં.

પારિસ તો મૃતઃપાય શહેર જેવું લાગતું હતું. અમેરિકન પ્રવાસીઓ સિગારેટનાં ઠૂંઠાં ગટરમાં નાખી દેતા હતા અને ચીંથરેહાલ રાહદારીઓ એ ઠૂંઠાં વીણી લેતા હતા. દુકાનો ખાલીખમ હતી અને મારી હોટલમાં લીફ્ટ દરરોજ અમુક કલાક માટે જ ચાલતી હતી. વારંવાર વીજળી ખોટકાઈ પડતી હતી અને સ્નાનખંડમાં ગરમ પાણી ન હતું, મારે ખાવાની વસ્તુઓ કાળાબજારમાં ખરીદવી પડતી હતી.

એક દિવસ સવારે કોઈએ મારું બારણું ખખડાવ્યું. આમ તો મારા મુલાકાતીઓ અગાઉથી ફોન કરીને મને જણાવી દેતા હતા પણ આ વ્યક્તિ અણધારી રીતે આવી ચઢી. મેં બારણું ખોલ્યું અને જોયું તો ઝેઈનવેલ ગાર્ડિનર ત્યાં ઊભો હતો. તે કંઈ બહુ બદલાયો ન હતો. તે કાળો હતો, ગમે તેમ દાઢી કરીને ત્યાં ઊભો રહ્યો હતો. તેના વાળ અસ્તવ્યસ્ત અને ગૂંચોવાળા હતા. તેનાં કપડાં ચોળાયેલાં હતાં, કપડાં બદલ્યા વિના જ આવ્યો હોય એમ લાગતું હતું.

'અંદર આવો, ઝેઈનવેલ !'

'તો તમે મને ઓળખી કાઢ્યો !' તેનો અવાજ ઘોઘરો હતો. તે ધ્રૂજતા ધ્રૂજતા ચાલીને ખુરશીમાં બેઠો. તેની રીતભાતમાં કશીક અકડાઈ, નાટ્યાત્મકતા હતાં. તેની આંખો વધારે પલકારા મારતી હતી. 'બુક ઓવ જોબ'માં આવતા માઠા સમાચાર લઈને આવનારાઓની યાદ તેને જોઈને આવતી હતી.

મેં જ્યારે તેને પ્રશ્નો પૂછવા માંડ્યા ત્યારે તેણે અચકાતાં ઉત્તરો આપવા માંડ્યા. 'હા, હું ઘણી બધી મુશ્કેલીઓમાંથી પસાર થયો છું. ઘેટોમાં હતો, પછી રશિયામાં. હું ક્યાં ક્યાં ન હતો ? બાઈલીસ્ટોક, વિલ્ના, મોસ્કો, તાસ્કંદ, જમ્બોલ બધે જ તો ફરી આવ્યો... દેશનિકાલ ? ... હા, મને દેશનિકાલ પણ કરવામાં આવ્યો.શ્રમછાવણીમાં હા, બરાકમાં, કારખાનાંઓમાં.... ભૂખમરો ? બીજું શું ? પત્ની, બાળકો ?... નાઝીઓએ તેમને ખત્મ કરી નાખ્યા.... બીજું લગ્ન ? ... યુદ્ધ પછી, જર્મન છાવણીમાં.

'પારિસમાં યિદ્દિશ લેખકોને જે મકાન આપવામાં આવ્યું છે ત્યાં તમે કેમ નથી રહેતા ?'ખાસ્સા એવા સમય સુધી તો ચૂપ રહ્યો. પછી તેણે પૂછ્યું : 'શા માટે ?' પછી તરત જ તે બોલવા માંડ્યો. હું સાચું મનવા તૈયાર થતો ન હતો પણ ઝેઇનવેલ ગાર્ડિનર પારિસમાં રહીને યિદ્દિશ ભાષામાં સામયિક કાઢવા માગતો હતો ! 'જો બુદ્ધિજીવીઓએ છેહ દીધો ન હોત તો આ દુઃસ્વપ્ન સર્જાત જ નહીં. બધા જર્મન લેખકો નાઝી બની ગયા

હતા. રશિયામાં આ બુદ્ધિજીવીઓ સ્ટેલિનના પ્રશંસકો બની ગયા હતા. બાઈલીસ્ટોકમાં યુદ્ધનાં શરૂઆતનાં અઠવાડિયાંઓમાં શું બન્યું તેનું તો વર્ણન જ કરી ન શકાય. પોલેંડના લેખકો તો સામ્યવાદની પિપુડી વગાડતા થઈ ગયા. રાતોરાત તેઓ બોલ્શેવિક બની ગયા. સત્તાધીશોને રાજી રાખવા માટે તેમણે એકબીજાનો દ્રોહ કર્યો. તેમણે પોતાના જૂના મિત્રોનાં લખાણોમાં ટ્રોટસ્કી પ્રકારના વિચલનો, મેન્શેવિક ધર્માન્તરો અને ઝેન સમ્પ્રદાયનાં ચિહ્નો જોયાં.

મેં સત્ય કહેવાનો આગ્રહ રાખ્યો એટલે તેમણે મને બાઈલીસ્ટોક ત્યજી દેવાની ફરજ પાડી. મને જેલમાં પૂરવામાં આવ્યો - એક જ કોટડીમાં ચાલીસ માણસો હતા. ઝાડાપેશાબની વાસ જ તમને મારી નાખે. રાતદિવસ તેઓ જૂઓ વીણતા વીણતા ચર્ચાવિચારણાઓ કર્યા કરે. મધરાતે ઘસડી જાય અને તેમના શરીર પર શારડીઓ ચલાવે. આ યાતાનાને કારણે ઘણા તો મરી ગયા. બીજા કેટલાક ગાંડા થઈ ગયા. મુકદ્દમાઓ ચલાવતી વખતે સેંકડોની સંખ્યામાં આરોપીઓ હારબંધ ઊભા રહેતા, અને તેમને સામૂહિક રીતે ગુલામોની છાવણીમાં, જેલમાં, સોનાની ખાણોમાં ધકેલી દેવામાં આવતા - સમાજવાદને નામે આ બધું થતું. શરૂઆતમાં જે કેટલાક લોકોને મારી નાખવામાં આવ્યા તેમાં 'ઓઉફગેંગ'ના તંત્રીનો સમાવેશ થતો હતો એ કેવું વિચિત્ર હતું !

આ બધી વાત ઝેઈનવેલે હળવે અવાજે, તૂટક તૂટક વાક્યોમાં છતના એક ખૂણા સામે તાકી રહીને કરી. આ પ્રકારની ઘટનાઓથી હું પરિચિત હતો છતાં તેણે રજૂ કરેલી હકીકતોથી મને આઘાત લાગ્યો. મેં પૂછ્યું : 'આ બધી પરિસ્થિતિ તમે આ નાનકડા સામયિકની મદદથી સુધારવા માગો છો ?'

'કોઈએ તો છેવટે સત્ય રજૂ કરવું પડે ને !'

'કોને સત્ય કહેવાનું ?'

'થોડાકને.'

'યિદ્દીશ ભાષામાં આવું નાનું સામયિક કોણ વાંચશે ?'

'કોઈક તો વાંચશે.'

તેણે મને એના વિશે કહ્યું. બેલવિલેમાં તે રહેતો હતો. એક રૂમ અને રસોડું હતાં. એક પ્રકારનાં તો બીબાં તે મેળવી શકે એમ હતું. તેની પત્ની કપડાં સીવતી હતી અને સારું એવું કમાતી હતી. તેણે પોલેંડમાં પોતાનો પતિ અને બાળકો ગુમાવ્યાં હતાં. તે યિદ્દીશ સાહિત્યને ચાહતી હતી અને ન્યૂયોર્કમાંથી પ્રગટ થતા યિદ્દીશ વર્તમાનપત્રમાં આવતા મારા લેખો તેણે વાંચ્યા હતા. યુદ્ધ પૂરું થયા પછી આ વર્તમાનપત્ર અને મારાં બીજાં કેટલાંક પુસ્તકો છાવણીઓમાં મોકલવામાં આવ્યાં હતાં. તે નાણાંકીય મદદ કરવા તૈયાર હતી. સામયિકનું નામ પણ વોર્સોમાં જે હતું તે જ રાખવાનું - 'ધ વોઈસ.'

વીસ વર્ષ પહેલાં પોલેંડમાં જે પ્રશ્ન મેં પૂછ્યો હતો તે જ પ્રશ્ન ફરી પૂછ્યો; 'તમારી સાથે કામ કરનારા લોકો ક્યાં છે ?'

'હજુ પણ થોડા પ્રામાણિક માણસો છે. મુશ્કેલી એ છે કે ખરાબ માણસો નિરર્થક કાગારોળ મચાવતા હોય છે અને 'પ્રામાણિક માણસો ઊંઘ્યા કરે છે.'

'તે લોકો હંમેશાં જ કરશે.'

'એ લોકોને જગાડી શકાય,'

'એ લોકો જો જાગશે તો ખરાબ બની જવાના.'

ઝેઇનવેલને ચોખ્ખી ના જ પાડી દેવાની હતી, તે પારીસમાં રહે અને હું ન્યૂયોર્કમાં. આવા નાના સામયિકને માટે મારી પાસે સમય ન હતો, શક્તિ પણ ન હતી. પણ હું એને ના પાડું તે પહેલાં તો હું તેને ત્યાં જમવા માટે આવીશ એવું વચન મારી પાસેથી લઈ લીધું.

તે દિવસે સાંજે હું દારૂની એક બાટલી, સારડાઈન માછલીનું ટીન લઈને ઝેઈનવેલ ગાર્ડિનરને મળવા ગયો. સાંકડો, વાંકાચૂંકા પગથિયાંવાળા ચાર માળ હું ચડ્યો. મારી પાછળ શંકાસ્પદ દેખાવવાળાં બે યુગલ આવતાં હતાં, મેં માની લીધું કે મકાનના ઓરડાઓ રસ્તા પર રખડતા લોકોને ભાડે આપ્યા હોવા જોઈએ. ઝેઈનવેલે બારણું ઉઘાડ્યું, ત્યાંથી કુટુંબના વાતાવરણની સુવાસ આવી, તે સુવાસને સર્વનાશ પણ દૂર કરી શક્યો ન હતો.

ઝેઇનવેલની પત્ની ઠીંગણી હતી, ચહેરો યુવાન હતો, નાક નાનું હતું, હોઠ ભરાવદાર હતા. તેની આંખોમાં એક પ્રકારની ચંચળતા હતી. આ સ્ત્રી યુદ્ધકેદીઓની છાવણીમાં ગઈ હોય અને પતિ તથા બાળકો ખોઈ બેઠી હોય એ વાત માન્યામાં જ આવતી ન હતી. તેણે મારી આગળ પોતાનો નાનો પણ દૃઢ હાથ ધર્યો. મને ઓળખતી હોય એવી રીતે તેણે મારી સાથે વાત કરી. તે બોલી : 'કદાચ તમે મારા પતિના મગજમાંથી આ સામયિકનું ભૂત દૂર કરી શકશો.'

ઝેઈનવેલ બોલ્યો, 'ફીડેલે, એ કંઈ અર્થહીન નથી. આ જગત શબ્દ પર આધારિત છે.'

'આ જગત મુક્કી પર આધાર રાખે છે, શબ્દ પર નહીં.'

'બધી જ મુક્કીઓ અદૃશ્ય થઈ જશે તો પણ લોકો દસ આજ્ઞાઓને યાદ રાખશે.'

'હા, એ બધી આજ્ઞાઓને લોકો યાદ રાખશે, કોઈ તેનું પાલન નહિ કરે.'

ટેબલ પર બેસતાં તેણે મને કહ્યું : 'તમે મને ઓળખતા નથી. પણ હું તમને ઓળખું છું. તમે લેખકો તમારાં બધાં રહસ્યો કહી જ દો છો.'

'તમે શું જાણો છો ?'

'એ મારું રહસ્ય છે.'

ભોજન માટે તેણે બટાટા અને લોટનો વોર્સો સૂપ બનાવ્યો હતો. તેણે મારી આગળ તાસક મૂકી તે વખતે તેના કાંડા પર યુદ્ધકેદીઓની છાવણીનો ભૂરો નંબર મારી નજરે પડ્યો. મારી નજર એના પર પડી એ જોઈને તેણે કહ્યું : 'તમે મરી જાઓ તો તો કોઈ પ્રશ્ન નથી, પણ જો તમે જીવી જાઓ તો તો આ આખું નાટક ભજવવું જ પડે. અત્યારે

તો ઘણાં બધાં સામયિકો છે. જો સ્વર્ગમાંથી અત્યારે મોસિઝ આવી ચઢે તો લોકો તેને પણ હસી કાઢશે.'

ઝેઇનવેલ બોલ્યો : 'ફીડેલે, આપણે શું કરીશું ત્યારે ? જોયા કરવાનું અને મૂંગા બેસી રહેવાનું ?'

'તમારું સામયિક વાંચશે કોણ? ખૂનીઓ નહીં વાંચે, ખૂનીઓનો ભોગ બનેલા વાંચશે.'

'ભોગ બનેલાઓનો અંતરાત્મા પણ એવો સરળ નથી હોતો.'

'તમારું સામયિક તેમને વધારે સરળ નથી બનાવવાનું.'

ભોજન દરમિયાન ફીડેલેએ યુદ્ધકેદીઓની છાવણીઓની વાતો કરી, એ બધી વાતો ભૂખમરો, પ્લેગ, ખૂન વિશેની હોવાં છતાં તેણે મને હસાવ્યો. નાઝીઓ જ્યારે ચાબુક ફટકારતા હતા ત્યારે પણ યહૂદીઓ ઠઠ્ઠામશ્કરીઓ કરતા હતા. છાવણીઓમાં વિદૂષકો પણ હતા.

ભોજન દરમિયાન જ બારણું ખૂલ્યું અને એક ઠીંગણી, ગોળમટોળ સ્ત્રી કપડાં સિવડાવવા આવી. ફીડેલે તેને પડદા પાછળ લઈ ગઈ. થોડી વારે ફીડેલે ત્યાં આવી અને બબડી : 'મિત્રરાજ્યોના સૈનિકોને મેઈડનેક આગળ આ સ્ત્રી મળી હતી. તે વખતે તેનું વજન સાઈઠ રતલ હતું. ચારપાંચ મહિના તેને હોસ્પિટલમાં રાખવામાં આવી. તે વખતે તો એ જીવશે એમ કોઈ માનતું ન હતું. અત્યારે તો તેનો પતિ કાળાબજાર કરે છે. ખૂબ કમાય છે.' ફીડેલેએ ટેબલનું ખાનું ખેંચ્યું અને તેમાંથી ફેશનને લગતું એક સામયિક કાઢ્યું. 'જો તમે આવું કશું છાપો તો જગત તમને સાંભળશે.'

બીજાં વીસ વર્ષ વીતી ગયાં. એ દરમિયાન હું યુરોપ બેચાર વખત જઈ આવ્યો હતો પણ પારિસ જવાનું બનતું ન હતું. પારિસના યિદ્દીશ પ્રકાશકો તેમનાં સામયિકો ન્યૂયોર્કમાં મોકલતા હતા, ક્યારેક ઝેઇનવેલ ગાર્ડિનરની કવિતા અથવા તેનો લેખ મારા વાંચવામાં આવતા હતા. હજુ પણ સમયની સામે તેની જેહાદ ચાલુ હતી, તે માનવજાતિની અનીતિની ખૂબ નિંદા કરતો હતો. આમ છતાં તેની આક્રમકતાની પાછળ તેણે સ્વીકારી લીધેલી હાર હું જોઈ શકતો હતો. એક દિવસ કોઈ જર્નલમાં મેં તેની તસવીર જોઈ. હું જે ઝેઇનવેલ ગાર્ડિનરને ઓળખતો હતો એ તો હવે રહ્યો જ ન હતો. હવે તે ખૂંધો, દુંદાળો વૃદ્ધ બની ગયો હતો. પારિસમાંથી આવતા મુલાકાતીઓએ તેના વિશે મને કહ્યું હતું. તેણે અને તેની પત્નીએ અંડરવેર્સની દુકાન ખોલી હતી. એ દુકાન બહુ ઝડપથી વિસ્તરતી ગઈ. ભલે વિચિત્ર લાગે પણ ફ્રાન્સમાં રહીને ગાર્ડિનર દંપતી પૈસાદાર થઈ ગયું. તેમણે આલિશાન ફલેટ લીધો, રોબિન્સનમાં ઉનાળા માટે એક મકાન ખરીદ્યું. હું પારિસ ગયો ત્યારે ફીડેલે સગર્ભા હતી, હું પારિસથી પાછો ફર્યો પછી થોડે મહિને તેને દીકરી અવતરી હતી.

એ સમય દરમિયાન મારાં પુસ્તકો પરદેશમાં અનૂદિત થયાં હતાં. પારિસ, મિલાન, લિસ્બનમાંથી મારાં પુસ્તકો પ્રગટ થતાં હતાં. ફરી વાર જ્યારે હું યુરોપ ગયો ત્યારે એક અઠવાડિયું લિસ્બનમાં અને બે અઠવાડિયાં સ્વિટ્ઝર્લેન્ડમાં ગાળ્યા પછી હું મારા ફ્રેન્ચ સંપાદકને મળવા માટે પારિસ ગયો. યિદ્દીશ લેખકોને મારા આગમનના સમાચાર મળ્યા

એટલે તેમણે મારા માટે એક નાનકડો સત્કાર સમારમ્ભ રાખ્યો. એક દિવસ સવારે ટેલિફોન ઓપરેટરે મને જણાવ્યું કે કોઈ કપ્લન નામની વ્યક્તિ લોબીમાં મારા માટે ઊભી રહી છે, મેં તેને મારા ઓરડામાં મોકલવા કહ્યું. વાંકડિયા વાળવાળો અને વેધક આંખોવાળો એક યુવાન ત્યાં આવ્યો. મેં તેના વિશે કે તેનાં લખાણો વિશે કશું સાંભળ્યું ન હતું. પણ તેના કહેવા પ્રમાણે તે યિદ્દીશ વર્તમાનપત્રમાં નોકરી કરતો હતો. હિટલરના અત્યાચારનો તે ભોગ બન્યો હતો, મારા ધાર્યા કરતાં તેની ઉંમર વધારે હતી. તેણે પારિસની લઢણો અને લાક્ષણિકતાઓ અપનાવી લીધાં હતાં. તે બેઠો, સિગારેટ સળગાવી, મને પ્રશ્નો પૂછતાં પૂછતાં તે કાગળ પર ટપકાવવા લાગ્યો.

મેં પૂછ્યું, 'ઝેઇનવેલ ગાર્ડિનરના શા સમાચાર છે ?'

તેની આંખો તરત જ ગંભીર થઈ ગઈ. 'તમે આજે યિદ્દીશ છાપું નથી જોયું ?'

'આજે તો નથી જોયું.'

'આજે ઝેઇનવેલ ગાર્ડિનરની ઉત્તરક્રિયા છે.'

થોડી વાર હું ચૂપ રહ્યો. પછી મેં પૂછ્યું : 'તે માંદો હતો ?'

'માંદા તો ન કહેવાય. પણ કંઈક વિચિત્ર ઘટના બની ગઈ. આમ જોવા જઈએ તો તેમણે આત્મહત્યા જ કરી કહેવાય.'

'શું થયું હતું ?'

'આખી વાત જ વિચિત્ર હતી. તેમણે અને તેમની પત્નીએ કપડાંની દુકાન શરૂ કરી હતી. ખૂબ પૈસો કમાયા. વખતોવખત તે યિદ્દીશ સામયિકોમાં લખ્યા કરતા હતા. એકાએક તેમના મનમાં ફ્રેન્ચ ભાષામાં સામયિક કાઢવાનો વિચાર આવ્યો - તેના દ્વારા તે પોતાની ભૂમિકા સમજાવવા માગતા હતા. મને ચોક્કસ વિગતો ખબર નથી પણ બધા કહે છે કે તેની પત્નીની જાણ બહાર તેમણે દુકાન વેચી નાખી. એક ઓફિસ ભાડે રાખી અને માણસો પણ રાખ્યા. આનું પરિણામ એ આવ્યું કે તેમની પત્નીએ તેમને ઘરમાંથી કાઢી મૂક્યા. કોઈ બદમાશે તેમને પ્રેસ વેચ્યું. વાસ્તવમાં એવું કોઈ પ્રેસ તો હતું જ નહિ. ફ્રેન્ચ ભાષામાં સામયિક કાઢવાની કઈ જરૂર હતી ? આમ જોવા જઈએ તો રસ્તામાં જ તેમનું મરણ થયું, લોકોને તેમનું શબ મળ્યું. આજે તેમની ઉત્તરક્રિયા છે.'

આ મુલાકાત પૂરી થયા પછી મેં તેને ઉત્તરક્રિયાના સ્થળસમય વિશે પૂછયું. તેણે કહ્યું, 'ત્રણ વાગે. હું જવાનો છું.' 'આપણે બંને જઈએ અને તમે મારી સાથે ભોજન લેજો.' મેં સૂચવ્યું. ભોજન દરમિયાન તેણે કહ્યું : ' પારિસમાં રહેતા યિદ્દીશ લેખકોની પરિસ્થિતિ બહુ ખરાબ છે, તેઓ માત્ર કબ્રસ્તાનમાં જ ભેગા થઈ શકે છે, તે બધા વૃદ્ધ છે. ઘણાખરા માંદા છે અને શહેર તો ખાસ્સું મોટું થઈ ગયું છે. હવે તેઓ મેન્ટપાર્વેસે કે મોન્ટપાર્વેસે કે મોન્ટમાર્ટેના કાફેમાં આવતા નથી. ઉત્તરક્રિયા પછી બધા નાસ્તો કરવા માટે કોઈ કાફેમાં જાય. કેટલાક વૃદ્ધ લેખકો માટે તો આટલું જ સામાજિક જીવન બચ્યું છે.ન્યૂયોર્કમાં પણ પરિસ્થિતિ સારી નથી એવું મેં સાંભળ્યું છે.

ન્યૂયોર્કમાં તો તેઓ ઉત્તરક્રિયામાં પણ જતા નથી.

'ન્યૂયોર્કનાં કબ્રસ્તાનોની જેમ પારિસનું કબ્રસ્તાન બહુ દૂર કે ઉજ્જડ ન હતું. તે મોટા બગીચા જેવું લાગતું હતું. દરવાજા આગળ બધા ઘણા લોકો ઊભા હતા. પણ જ્યારે તેમણે પોતાની ઓળખ આપી ત્યારે તરત જ તેમના ચહેરા મને પરિચિત લાગ્યા. આ બધા હિટલરના વિનાશમાંથી ઊગરી ગયા હતા. સામાન્ય રીતે કબ્રસ્તાનમાં જે પ્રકારની વાતચીત થતી હોય છે તેવી તૂટક તૂટક વાતચીત તેમણે કરી. કબર સૂધી ચાલતા ચાલતા તેમણે ઝેઈનવેલ વિશે થોડી વાત કરી. સામયિકની તેમને ખૂબ લગન હતી. તેમની દીકરી સોર્બોનમાં સાહિત્યનો અભ્યાસ કરતી હતી અને તેણે ફ્રેન્ચ સામયિકોમાં પોતાનાં કાવ્યો પ્રગટ કર્યાં હતાં; તેનો વિવાહ કોઈ ફ્રેન્ચ સાથે થયો હતો. મારા એક જૂના સાથીદારે તરત જ મારી ભૂતકાળની પ્રિયતમાની વાત કરી. મધ્ય એશિયાના કોઈ ગામમાં તે એને મળ્યો હતો, ત્યાં તે સિલાઈ કરીને જીવતી હતી. લોડ્ઝના એક વકીલ સાથે તે પરણી ગઈ હતી. પછીથી તો બેરીબેરીને કારણે તેના પતિનું મરણ થયું. અત્યારે તે ઇઝરાઈલમાં છે અને ફરી લગ્ન કર્યું. તેની દીકરી જેરુસલેમની હિબ્રુ યુનિવર્સિટીમાં પ્રોફેસર છે.

એક કબ્રસ્તાનના યહૂદી વિભાગમાં જઈ પહોંચ્યા ઝેઇનવેલ ગાર્ડિનરની કબર ખોદેલી હતી. રાતા ગાલવાળો અને આછી દાઢીવાળો એક રબિ ફ્રેન્ચ ભાષામાં અને હિબ્રુ ભાષામાં પ્રાર્થના કરતો હતો. તે અડધા શબ્દો બબડતો હતો અને અડધા ખાઈ જતો હતો. મેં પ્રશસ્તિઓની અપેક્ષા રાખી હતી પણ કોઈએ એવી તૈયારી કરી ન હતી. કાદીશ પણ બોલી શકે એવું કોઈ ત્યાં હતું નહીં. પછી મરનારના સ્વજનો એક કતારમાં ગોઠવાઈ ગયા, અમે હાથ મિલાવ્યા, તેમને ચૂમ્યા અને આશ્વાસન આપ્યું. ફ્રાન્સમાં કદાચ આ પ્રકારનો રિવાજ હશે. ત્યાં શ્રીમતી ગાર્ડિનર, તેમની પુત્રી અને જમાઈને તથા બીજી કોઈ સ્ત્રીને કાળાં કપડાંમાં મેં જોયા. ફીડેલેને મેં ઓળખી કાઢી. તેની ઉંમર થઈ હતી પણ હજુ તે યુવાન લાગતી હતી. વીતી ગયેલાં વર્ષોએ તેની આંખોમાં દૃઢ નિશ્ચય આણ્યો હતો. કુટુમ્બની અને ધંધાની જવાબદારી તેની આંખોમાંથી દેખાઈ આવતી હતી. મેં તેની આગળ હાથ ધર્યો અને તેણે મારી આગળ હું ચૂમી શકું એવી રીતે મોં ધર્યું. મેં તેની દીકરી સામે જોયું - ચાળીસ વર્ષ પહેલાં બુદ્ધિજીવીઓ માટે સૂપના રસોડામાં જે ઝેઇનવેલ ગાર્ડિનરને મળ્યો હતો તેની મુખાકૃતિ સામે હતી. એ જ ગાલના ઊપસી આવેલાં હાડકાં, એવી જ ફિકાશ અને એવી જ રીતે દૂર દૂર ગોઠવાયેલી આંખો. તેના કપાવી નાખેલા વાળ પણ મને ઝેઇનવેલના અસ્તવ્યસ્ત માથાની યાદ આપતા હતા. તેની મા બબડી...'તે લેખિકા છે...જગતનો ઉદ્ધાર કરવા નીકળી છે... તે ઝેઇનવેલનું સામયિક ચાલુ રાખવા માગે છે. અમને મળવા આવજો ને !'

તેની દીકરી યિદ્દીશ અને ફ્રેન્ચ ભાષાનું મિશ્રણ કરીને બોલતી હતી. 'મોન્શ્યોર અમારે ઘેર પધારજો... આપની વાર્તાનો મેં ફ્રેન્ચમાં અનુવાદ કર્યો છે... મારા પિતાએ મને તે સૂચવી હતી... હું મેંડલ મોશે સેફોરિમ વિશે એક લેખ લખવા માગું છું.'

'સારું, હું આવીશ.'

'આપણા યુગમાં કોઈ સામયિક સાહિત્યને ઉચ્ચ સોપાનો સુધી પહોંચાડી શકે...અત્યારનું સાહિત્ય તો ભ્રષ્ટ છે... મારા પ્રોફેસર કહેતા હતા...'

તે અધવચ્ચે અટકી ગઈ, બીજાઓ મારી પાછળ રાહ જોતા હતા. તેના ભાવિ પતિએ મારા ગજવામાં કાર્ડ મૂક્યું. ત્યાં મારી રાહ જોતા ઊભા રહેલા યિદ્દીશ લેખકોની પાસે કોઈ મને દોરી ગયું. અમારે બધાએ પીણા માટે કોઈ રેસ્તોરાંમાં જવાનું હતું.

ફિવેલ મેચેલેસ નામનો મારો એક જૂનો મશ્કરો મિત્ર ઝાડને અઢેલીને ઊભો હતો. એક જમાનામાં તેના વાળ રાતા હતા, હવે પીળાશ પડતા સફેદ થઈ ગયા હતા. કોઈએ મને જણાવ્યું કે તેઓ જ્યારે નાઝીઓને ભગાડી રહ્યા હતા ત્યારે તેની પત્ની કોઈ ટ્રેજેડીઅન સાથે ભાગી ગઈ હતી. તેણે પોતાનું કપાળ સંકોચ્યું અને ભવાં તાણ્યા. મને ખબર હતી કે જ્યાં સુધી તે કોઈ રમૂજી ટુચકો નહીં કહે ત્યાં સુધી તે ખસવાનો નહીં. મેં કહ્યું : 'ફિવેલ, પરાણે તો આપણે હસી શકતા નથી. ચાલ જઈએ.'

તેણે માથું ધુણાવ્યું, બનાવડી દાંતનું ચોકઠું દેખાઈ આવે એવી રીતે તે હસી રહ્યો. 'એમ ? આમ ચાલ્યા જવાથી શું ? કંઈ નહીં, આપણે પાછા આવીશું.'

અનુ. શિરીષ પંચાલ

લેઝેરસ

લિયોનિડ એન્ડ્રીવ

૧

ત્રણ દિવસ ને ત્રણ રાતના ગેબી બંધનમાંથી છુટકારો પામીને લેઝેરસ કબરમાંથી ઊભો થઈ ને જીવતોજાગતો પોતાને ઘેર પાછો ફર્યો ત્યારે તો એનામાં કોઈને કશી અમંગળ વિલક્ષણતાઓ દેખાઈ નહોતી. પણ પાછળથી ધીમે ધીમે બધાંને એની જાણ થઈ ત્યારે એનું નામ માત્ર ઉચ્ચારવાથી લોકો ફફડી ઊઠવા લાગ્યા. એ જીવતોજાગતો ઘેર પાછો ફર્યો તેથી એનાં સગાંસંબંધીઓ અને મિત્રો તો ખૂબ રાજી થયાં. એઓ બધાં માયામમતાથી એને ઘેરી વળ્યાં, એની નાની નાની જરૂરિયાત વિશે પણ ખૂબ કાળજી રાખવા લાગ્યાં; એને સારું સારું ખવડાવ્યું ને એને માટે નવાં કપડાં સીવી આપ્યાં. એને ભારે ભપકાથી આશા અને ઉલ્લાસના ચમકતા રંગોવાળા કપડાં પહેરાવીને સજાવ્યો. આમ વરરાજાની જેમ બનીઠનીને એ સગાંસંબંધીઓ ભેગો મિજબાની ઉડાવવા બેઠો ત્યારે બધાંની આંખમાં હરખનાં આંસુ છલકાઈ ઊઠ્યાં ને મરણ પામ્યા પછી ચમત્કારથી જીવતા થયેલા એ માનવીનું દર્શન કરવા આડોશીપાડોશી પણ દોડી આવ્યા.

આડોશીપાડોશી એને જોઈને હરખથી ઘેલાં થઈ ગયાં. દૂરદૂરનાં ગામડાંમાંથી ને શહેરોમાંથી અજાણ્યા લોકો આ ચમત્કારની પૂજા કરવા ઊમટ્યાં. એમના ઉદ્ગારોથી મેરી અને માર્થાનું ઘર મધપૂડાની જેમ ગણગણી ઊઠ્યું.

એના મોઢા પર ને એના હાવભાવમાં જે કાંઈ નવું દેખાતું હતું તે તો એની આકરી માંદગી અને ઝીલવા પડેલા આઘાતને કારણે હતું એવો સ્વાભાવિક ખુલાસો એઓ આપી છૂટતાં હતાં. એનું શરીર વેરણછેરણ થઈ જતું કશાક ચમત્કારથી અટકી ગયું હતું તે તો સ્પષ્ટ દેખાઈ જ આવતું હતું, પણ એ પૂરેપૂરો પહેલાંની સ્થિતિને પામી શકયો નહોતો. કોઈ કળાકાર રેખાચિત્ર અર્ધું મૂકીને ઊઠી ગયો હોય તેમ મરણે એનું કામ અર્ધેથી જ પડતું મૂક્યું હતું તેનાં ચિહ્નો એના શરીર પર ને ચહેરા પર દેખાઈ આવતાં હતાં. એનાં

લમણાં પર, એની આંખો નીચે અને ગાલમાં પડેલા ખાડામાં કશોક ઘેરો ભૂરી માટીના જેવો રંગ જામેલો દેખાતો હતો. એની આંગળીઓ પણ ભૂરી પડી ગઈ હતી ને કબરમાં વધેલા આંગળીના નખ નીચે પણ એનું પડ બાઝી ગયું હતું. એના હોઠ પર ને શરીર પર કબરમાં પડેલા ફ્ફોલા ફાટી જવાથી રાતી ફાટ પડી ગઈ હતી ને એમાં જાણે આછો કાચની કચ્ચર જેવો કચરો પુરાઈ ગયો હોય એવું લાગતું હતું. ને એનું શરીર ખૂબ ફૂલી ગયું હતું. એમાંથી સડાની નાક ફાડી નાખે એવી દુર્ગન્ધ હમણાં નીકળીને આપણને ગૂંગળાવી નાંખશે એવું એને જોનારને લાગતું. પણ એને દફનાવતી વેળાએ પહેરાવેલાં કપડાંમાંની મૃતદેહની ભારે દુર્ગન્ધ ધીમે ધીમે ઓછી થતી ગઈ ને થોડા વખત પછી એની આંગળી પરનો ને ચહેરા પરનો ભૂરો રંગ પણ આછો થઈ ગયો. એની ચામડીમાં પડેલી ફાટ રુઝાઈ જવા આવી, જો કે એ પૂરેપૂરી તો કદી ગઈ જ નહિ. એને મળેલી બીજી જિંદગીમાં લેઝેરસ આવો દેખાતો હતો. જેમણે એને દફનાતો જોયો હતો તેને જ આ બધું સ્વાભાવિક લાગતું હતું.

લેઝેરસનો ચહેરો જ નહિ, એનો સ્વભાવ સુધ્ધાં બદલાઈ ગયો હતો, એથી કોઈને ઝાઝું અચરજ થયું નહોતું કે કોઈનું એ તરફ ખેંચાવું જોઈએ તેટલું ધ્યાન પણ ખેંચાયું નહોતું. મરણ પામ્યો તે પહેલાં લેઝેરસ હસમુખો ને નફિકરો હતો; એને ટોળટિખ્ખળ કરવાનું ગમતું. એ કોઈને દુભાવવા માગતો નહોતો. એના નિર્દંશ ને પ્રસન્ન હાસ્યને કારણે ને એ કદી ઉદાસ રહેતો નહિ કે કશું અધમતાભર્યું આચરણ કરતો નહિ તેથી પ્રભુને પણ એ વહાલો હતો. પણ હવે એ ગંભીર થઈ ગયો હતો. એ ભાગ્યે જ કશું બોલતો. એ પોતે તો ટોળટિખ્ખળ કરતો જ નહિ, પણ બીજું કોઈ કરે તો એમાં ભાગ પણ લેતો નહિ. એ કદીક એકાદ બે શબ્દ બોલતો તો તે સાવ સરળ, સામાન્ય ને બિલકુલ જરૂરી હોય એટલા જ . એ શબ્દોમાં કશો અર્થ કે કશું ઊંડાણ રહ્યું હોય એવું લાગતું નહિ. એ શબ્દો પશુઓનાં સુખ કે દુઃખના, ભૂખ કે તરસના ઉદ્ગારો જેવા જ લાગતા. આખી જિંદગી કોઈ આવા શબ્દો બોલે તો એના હૃદયનાં સુખ કે દુઃખની કોઈને રજમાત્ર ખબર પડે નહિ.

તો આમ લેઝેરસ એનાં સગાંવહાલાં ને મિત્રો ભેગો મિજબાનીમાં બેઠો. એનો ચહેરો કોઈ શબના ચહેરા જેવો લાગતો હતો, એના પર ત્રણ દિવસ સુધી અન્ધકારમાં મરણનું રાજ રહ્યું હતું. એણે ઉત્સવનાં ભપકાભર્યાં વસ્ત્રો પહેર્યાં હતાં. એમાં સોનેરી, રાતા ને જાંબુડી રંગની ઝાંય ચમકી રહી હતી. એનું માથું કશાક ભારથી ઝૂકી પડ્યું હતું, એના મોઢામાંથી શબ્દો ફૂટતા નહોતા. એનામાં ભયંકર પરિવર્તન થઈ ગયું હતું. ને એ ભારે વિલક્ષણ લાગતો હતો, પણ હજી લોકોને આની ખબર પડી નહોતી. એની આજુબાજુ ઉત્સવનાં આનંદનાં મોજાં, કદીક મોટાં તો કદીક નાનાં, ઊછળતાં રહ્યાં. પ્રેમની ઉષ્માભરી નજર એના કબરના સ્પર્શથી હજી ઠંડા લાગતા ચહેરાને પંપાળી ગઈ; એમ મિત્રના હૂંફભર્યા હાથે એનો ભૂરો ને ભારે થઈ ગયેલો હાથ પંપાળ્યો. અનેક વાજિંત્રોમાંથી આનંદના સૂર રેલાઈ રહ્યા.

ત્યાં જાણે કે મધમાખીઓ ગૂંજી રહી હતી, પંખીઓ ટહુકો કરતાં હતાં, મેરી અને માર્થાનું ઘર આનન્દથી ગાજી ઊઠ્યું હતું.

ત્યાં કોઈ અણઘડ માણસે પડદો ઉઠાવ્યો. એક શબ્દ ઉચ્ચારતાંની સાથે જ અત્યાર સુધીની ઠાવકાઈભરી મોહકતાનો અંત આવ્યો ને સત્ય એની કદરૂપી નગ્નતા સમેત ઉઘાડું પડી ગયું. એ માણસે હસતાં હસતાં પૂછ્યું : 'લેઝેરસ, ત્યાં શું હતું એ વિશે તમે કેમ કાંઈ નથી કહેતા ?' આ પૂછ્યું ત્યારે એના મનમાં ખાસ કશો વિચાર નહોતો પણ આ પ્રશ્ન ઉચ્ચારાતાંની સાથે જ બધા સ્તબ્ધ બની ગયા. અત્યારે જ એમને ભાન થયું કે લેઝેરસ ત્રણ દિવસ સુધી મરણ પામેલો હતો. એઓ કુતૂહલથી, લેઝેરસ શું કહે છે તે સાંભળવા તત્પર બન્યા. પણ લેઝેરસ તો કશું બોલ્યો જ નહિ.

'તો તમે કશું જ નહિ કહો, એમ ને ?' પ્રશ્ન પૂછનારે ફરી કહ્યું : 'ત્યાં શું એટલું બધું ભયંકર હોય છે ?'

વળી એના વિચાર એના શબ્દોની પાછળ પડી ગયા. જો એના વિચાર શબ્દોની આગળ જઈ શક્યા હોત તો એણે આવો પ્રશ્ન નહિ પૂછ્યો હોત, કારણ કે આ પ્રશ્ન ઉચ્ચારતાંની સાથે જ કશાક ભયથી એની છાતી બેસી ગઈ. બધાં અસ્વસ્થ બની ગયાં; બધાં જ લેઝેરસ શું બોલે છે તેની આતુરતાથી રાહ જોવા લાગ્યાં. પણ એ તો કશું બોલ્યા વિના સાવ ઉષ્માહીન અને આકરો બનીને બેસી રહ્યો. એણે આંખો નીચે ઢાળી દીધી. ને હવે, જાણે. પહેલી વાર, એના ચહેરા પરની ભયંકર ભૂરાશ અને એના શરીરની સ્થૂળતા લોકોની નજરે ચઢી. લેઝેરસ એને ઉપાડી લેવા ભૂલી ગયો હોય તેમ ટેબલ પર એનો ભૂરો હાથ પડી રહ્યો. બધાંની આંખો એના પર જડાઈ ગઈ. કેમ જાણે પ્રશ્નોનો જવાબ એ હાથ તરફથી જ મળવાનો ન હોય ! વાજિંત્રો હજી વાગતાં હતાં; પછી એ પણ વાગતાં બંધ થઈ ગયાં ને બધે ચુપકીદી છવાઈ ગઈ; પાણી છાંટવાથી બળતા અંગારા છમ દઈને બુઝાઈ જાય તેમ ઉલ્લાસભર્યું સંગીત મરી પરવાર્યું. વાંસળી થંભી ગઈ, પડઘમ બજતું બંધ થઈ ગયું; હાર્મોનિયમના સૂર આછા થઈને શમી ગયા; વાયોલિને ખંડિત ને થરકતા સૂરનો પડઘો પાડ્યો. પછી બધે સ્તબ્ધતા છવાઈ ગઈ.

'તો તમે નહિ જ કહો ?' પ્રશ્ન પૂછનારે ફરી કહ્યું. એની લૂલીને એ કાબૂમાં રાખી શક્યો નહિ. પણ ચુપકીદી એવી ને એવી છવાઈ રહી, એ ભૂરો હાથ એમ ને એમ નિશ્ચેષ્ટ પડી રહ્યો. એ સહેજ હાલ્યો કે બધાંએ નિરાંતનો દમ ખેંચ્યો ને નજર ઊંચી કરી. મરેલાંઓમાંથી ઊભો થયેલો લેઝેરસ એમની સામે નજર માંડીને એમને જોઈ રહ્યો હતો, એના ભારે ને ભયંકર દૃષ્ટિપાતથી જાણે એમને આલિંગતો હતો.

કબરમાંથી ઊઠ્યા પછીના ત્રીજા દિવસે આ બન્યું. પછીથી તો એનો દૃષ્ટિપાત સર્વનાશને નોતરતો હોય એવું ઘણાંને લાગવા માડ્યું. પણ એનાથી સદા કચડાઈને રહેનારા કે જુવાનીના પ્રારંભમાં એ મરણથી વધુ રહસ્યમય દૃષ્ટિપાતનો સામનો કરવાનું સંકલ્પબળ ધરાવનારા પણ એની કાળી કીકીઓનાં ઊંડાણમાં રહેલી ભયાનકતાનો ખુલાસો આપી શકતા નહોતા. આમ તો એ શાન્ત ને સરળ લાગતો હતો. એને કશું છુપાવવું હોય એવું એને જોતાં

કોઈને લાગતું નહીં, પણ એ કોઈને કશું કહેવા ઇચ્છતો હોય એવું પણ લાગતું નહિ, એની દૃષ્ટિ ઠારી નાખે એવી હતી. જે કાંઈ આ પૃથ્વી પર જીવે છે તે પ્રત્યે સાવ ઉદાસીન એવી આંખોની એ દૃષ્ટિ હતી. એની આજુબાજુ વીંટળાઈ વળનારા ઘણા અણસમજુ લોકોનું પહેલાં તો એની તરફ ધ્યાન જ જતું નહિ, પણ પછીથી ભપકાબંધ ને ભડક રંગનાં કપડાં પહેરીને બેઠેલા એ શાંત ને સ્થૂળ શરીરવાળા એ માણસનું નામ જાણતાંવેંત એમને અચરજ ને ભયની લાગણી થતી. એની દૃષ્ટિ પડતાંની સાથે સૂરજ કાંઈ પ્રકાશતો બંધ નહોતો થઈ જતો કે ફુવારાનું પાણી પણ ઊછળીને ગાતું બંધ નહોતું થઈ જતું; પૂર્વ દિશાનું આકાશ હંમેશની જેમ વાદળ વિનાનું ને ભૂરું જ રહેતું. પણ એની અકળ દૃષ્ટિ જેના પર પડતી તેને જાણે સૂરજ દેખાતો બંધ થઈ જતો, ફુવારાનો અવાજ એને સંભળાતો જ નહિ, પોતાના ચિરપરિચિત આકાશને એ ઓળખી શકતો નહિ. કોઈક વાર એ ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડતો તો કોઈ વાર હતાશ થઈને માથાના વાળ પીંખી નાંખતો ને મદદ માટે પાગલ બનીને ધા નાખતો; પણ ઘણુંખરું તો લેઝેરસની દૃષ્ટિનો ભોગ બનેલો ધીમે ધીમે ગળાતો જતો ને વરસો સુધી ધીમે ધીમે મરતો જતો, લેઝેરસની દૃષ્ટિનો ભોગ બનેલા બધાંની નજર આગળ ફિક્કા પડી જઈને, કરમાઈ જઈને ને ઉદાસ થઈને પથરાળ જમીન પરના વૃક્ષોની જેમ મરવા લાગ્યા. પાગલ બનીને જેઓ ચીસ પાડી ઊઠતા. તેઓ કદીક જીવન પાછું પામી શકતા, પણ બીજાઓ તો મરણની દિશામાંથી પાછા ફરી શકતા જ નહિ.

'તો લેઝેરસ, ત્યાં તમે શું જોયું તે અમને નહિ જ કહો, એમ ને ?' પ્રશ્ન પૂછનારે ફરીથી ત્રીજી વાર આ કહ્યું. પણ હવે એનો અવાજ નિષ્પ્રાણ થઈ ગયો હતો ને એની આંખમાંથી મૃત ભૂખરી થાકની લાગણી બાઘાઈભરી ડોકાઈ રહી હતી. મહેમાનો મૂરખની જેમ એકબીજાની સામે તાકી રહ્યા. એઓ અહીં શા માટે આવ્યા હતા ને ભારે ઠાઠથી શણગારેલા મિજબાનીના ટેબલ આગળ શા માટે બેઠા હતા તે એમને સમજાતું નહોતું. એ લોકો વાત કરતા બંધ થઈ ગયા ને હવે જવાનો વખત થયો છે એવું એમને લાગ્યું. પણ એમના સ્નાયુઓમાં એવી તો સુસ્તી વ્યાપી ગઈ હતી કે ઊભા થવાનું એમને મન જ નહોતું થતું. આથી એ લોકો એમ ને એમ બેઠા જ રહ્યા. રાત્રિના અન્ધકારમાં દેખાતા છૂટાછવાયા આછા દીવાની જેમ, બધા વચ્ચે છતાં એકલવાયા બનીને, સૌ બેસી રહ્યા.

વાજાં વગાડનારાઓને વાજાં વગાડવાના પૈસા આપ્યા હતા એટલે એઓ ફરી વિષાદભર્યા કે ઉલ્લાસભર્યા સૂર છેડવા લાગ્યા. પણ આ ફરમાસુ સંગીત હતું એટલે એક જ પ્રકારના સૂરે બજતું હતું. મહેમાનો અચરજથી એ સાંભળતા હતા. એમને મનમાં થતું હતું કે આ સંગીતની શી જરૂર છે ? તંતુવાદ્યના તાર છેડવાથી કે ફૂંકી ફૂંકીને વાંસળી વગાડવાથી શું દહાડો વળવાનો હતો ?

'કેવું બસરું વગાડે છે !' કોઈક બોલી ઊઠ્યું.

બજવૈયાઓને આ અપમાનજનક લાગ્યું. એટલે એઓ ઊઠીને જતા રહ્યા. પછીથી મહેમાનો પણ એક પછી એક ઊઠીને જવા લાગ્યા કારણ કે રાત પડી ચૂકી હતી. ચુપકીદીભર્યો

અન્ધકાર સૌને ઘેરી વળ્યો ને શ્વાસ લેવાનું કંઈક સરળ બન્યું ત્યારે એકાએક લેઝેરસની છબિ સૌની નજર સામે એના પ્રખર ગૌરવથી ઝબકી ગઈ. મૃતદેહનો ભૂરો ચહેરો ને વરરાજાનો વેશ ધારણ કરીને ભારે દમામથી ઊભેલો દેખાતો હતો. એની આંખની ઠારી નાંખે એવી દૃષ્ટિના ઊંડાણમાં પેલું ભયાનક લપાઈને પડ્યું હતું. એ લોકો જાણે કોઈએ શાપ આપીને પથ્થર બનાવી નાખ્યા હોય તેમ જડવત્ ઊભા જ રહી ગયા. ચારે બાજુથી ઊમટી ઊમટીને અન્ધકાર એમને ઘેરી વળ્યો ને એ અન્ધકાર વચ્ચે ત્રણ દિવસ સુધી મરણની અપરિસીમ શકિતના વર્ચસ્ નીચે આવેલું એ ભયાનક અપાર્થિવ પ્રેત ઝળહળી ઊઠ્યું. ત્રણ દિવસ સુધી એ મરણ પામેલો રહ્યો હતો. ત્રણ ત્રણ દિવસ સુધી સૂરજ ઊગ્યો હતો ને આથમ્યો હતો – પણ એ એને જોવા જીવતો નહોતો. એ ત્રણ દિવસ દરમિયાન બાળકો રમતાં હતાં. ખડકો પર થઈને રૂમઝૂમ કરતાં ઝરણાં વહી જતાં હતાં, સરિયામ રસ્તા પર તપેલી ધૂળની ડમરી ચઢતી હતી –ને આ કશું જોવા એ જીવતો નહોતો ને હવે એ જીવનારાઓ વચ્ચે પાછો આવ્યો હતો – એમને એ સ્પર્શતો હતો, જોતો હતો, હા, એમના પર નજર પણ માંડતો હતો ! તેની કીકીનાં કાળાં કુંડાળાં વચ્ચે થઈને, જાણે કે કાળા કાચમાં થઈને, એ અગાધ મરણ માનવજાત પર મીટ માંડી રહ્યું હતું.

૩

લેઝેરસની કોઈએ દેખભાળ રાખી નહિ. સગાંવહાલાં કે મિત્રો – કોઈ એની સાથે રહ્યું નહિ. પવિત્ર નગરને ઘેરી વળતું મોટું રણ જ એના ઉમ્બર સુધી આવી પહોંચ્યું હતું. એના ઘરમાં સુધ્ધાં પ્રવેશી ચૂક્યું હતું ને એની શય્યામાં એની પત્નીની જેમ પોઢ્યું હતું. એણે બધા દીવા બુઝાવી નાખ્યા હતા. લેઝેરસની હવે કોઈ દેખરેખ રાખતું નહોતું. એક પછી એક કરીને બધા જ જતાં રહ્યાં હતાં. એની બહેનો મેરી અને માર્થા સુધ્ધાં જતી રહી હતી. માર્થા તો ઘણા વખત સુધી એની સાથે રહી હતી, એને ચાલ્યા જવું નહોતું, કારણ કે પોતે ચાલી જાય તો બીજું કોઈ લેઝેરસની દેખભાળ કરે એવું નહોતું: એ બિચારી આંસુ સારતી ને દુઆ ગુજારતી. પણ એક રાતે પવન જ્યારે રણમાં સૂસવાતો હતો ને સાયપ્રસનાં વૃક્ષો વળી જઈને છાપરાં પર ઝૂકીને મર્મરિત થઈ ઊઠ્યાં હતાં ત્યારે એ ચુપકીદીથી કપડાં પહેરીને તૈયાર થઈને કોઈને ખબર ન પડે તેમ ઘર છોડીને ચાલી ગઈ. બારણું ઉઘાડબંધ થવાનો અવાજ તો લેઝેરસે કદાચ સાંભળ્યોય હશે કારણ કે માર્થાથી એ બરાબર વાસી શકાયું નહોતું. આથી એ પવનમાં ઉઘાડબંધ થતું જ રહ્યું હતું. પણ એ ઊઠીને ઊભો થયો નહિ. બહાર નીકળ્યો નહિ ને આમ કેમ થતું હશે તેનું કારણ સુધ્ધાં એણે શોધ્યું નહિ. આખી રાત એના ઘરના છાપરા પર સાયપ્રસનાં વૃક્ષો સાપની જેમ અવાજ કરતાં રહ્યાં, બારણું ઉઘાડબંધ થતું રહ્યું ને એનો લાભ લઈને ઠારી નાંખે એવું ને લોભથી પેંતરા ભરતું રણ ઓરડામાં દાખલ થતું ગયું. એ રગતપીતિયો હોય તેમ બધા એને ટાળવા લાગ્યા.

એને ગળે ઘંટ બાંધવો જોઈએ એવું પણ કેટલાકે કહ્યું. આથી ઘંટ દૂરથી સંભળાતાં જ રસ્તા પરથી દૂર ખસી જઈ શકાય. પણ આ સાંભળીને કોઈએ ભયથી પૂણી જેવા ધોળા પડી જઈને કહ્યું : 'રાતે આપણી બારી આગળ એનો ઘંટ સંભળાશે તો આપણા તો હોશકોશ જ ઊડી જશે !' આ સાંભળીને બધા જ ભયથી ધ્રૂજી ઊઠ્યા ને એની સાથે સમ્મત થયા.

લેઝેરસ તો પોતે પોતા માટે કશું કરતો નહોતો એટલે ભૂખનો માર્યો જ મરી પરવાર્યો હોત પણ એના પડોશીઓ, રખેને કશી આફત ઊતરે એવી ભીતિથી, એને માટે થોડું ખાવાનું રાખી મૂકતા. નાનાં છોકરાઓ એને એ આપી આવતાં. નાનાં છોકરાંઓને એની બીક નહોતી. બાળકો અણજાણપણે નરી નિર્દોષતાથી અભાગિયાઓની ઠેકડી ઉડાવતાં હોય છે. પણ એની કોઈ ઠેકડી ઉડાવતું નહીં. એઓ એની પ્રત્યે ખાસ ધ્યાન જ આપતા નહિ. લેઝેરસ પણ છોકરાંઓ તરફ ધ્યાન આપતો નહિ. એ લોકો ખાવાનું આપી જતાં તે બદલ આભાર માનવાનું વલણ પણ એ બતાવતો નહોતો. એમના હાથ થાબડીને એમની નાની નાની ચળકતી સરળ આંખોમાં એ તાકી રહેતો નહિ. વહેતો જતો સમય અને ધીમે ધીમે પગપેસારો કરતું જતું રણ એના ઘરની જે અવદશા કરી મૂકે તે આડે એણે હાથ ધર્યો નહિ. આને પરિણામે ધીમે ધીમે એ ભાંગી પડવા લાગ્યું. એની ચારો પામ્યા વિનાની ભૂખી બકરીઓ તો ક્યારનીય પડોશીઓમાં વહેંચાઈ ગઈ હતી. એનો વરરાજાનો વેશ જરીપુરાણો થઈ ચૂક્યો હતો. એ જ વેશ એણે મિજબાનીના દિવસથી તે આજ સુધી એક સરખો પહેરી રાખ્યો હતો. નવાં ને જૂનાં વચ્ચે ફાટેલાં ને સારાં વચ્ચે એને કશો ભેદ જ દેખાતો નહોતો. એના ઝભ્ભા પરના ભડક રંગો ઊડી ગયા હતા. દુષ્ટ કૂતરાઓએ અને રણનાં તીણાં ઝાંખરાંઓએ એનાં ચીંથરેચીંથરાં કરી નાખ્યાં હતાં.

દિવસ દરમિયાન, સૂર્ય નિષ્ઠુરતાથી પ્રાણી માત્રને પોતાના પ્રખર પ્રકાશથી અધમૂઆ કરી નાંખતો ને વીંછી સુધ્ધાં પથ્થરની નીચે સંતાઈ જઈને ડંખવાની ચળ આવતાં અમળાતા ત્યારે એ બળબળતા તાપમાં બેઠો રહેતો ને ગૂંચવાયેલી જટા જેવી દાઢીવાળો એનો ચહેરો ઊંચો કરીને આકાશ ભણી મીટ માંડી રહેતો.

લોકોને એની જોડે વાત કરતાં બીક નહોતી લાગતી. એ અરસામાં કોઈએ એને પૂછ્યું હતું : 'ભાઈ લેઝેરસ ! આમ બેઠા રહીને સૂરજ સામે તાકી રહેવામાં તને મજા પડે છે ખરી ?' ને એણે જવાબ આપ્યો હતો : 'હા, મને એ ગમે છે.'

ત્રણ ત્રણ દિવસ સુધી કબરની અંદરની તીક્ષ્ણ ઠંડીએ એનાં હાડ ઠારી નાંખ્યાં હતાં ને કબરમાંનો ઊંડો અંધકાર એને ઘેરી વળ્યો હતો તેથી જ કદાચ એ આમ કરતો હશે એવું લોકોએ અનુમાન કરી લીધું. પણ એ ઠંડી ઉરાડી શકે કે એ અંધકારને અજવાળી શકે એવાં ગરમી કે તેજ કદાચ આ પૃથ્વી પર નહોતાં. પ્રશ્ન પૂછનારા નિસાસો નાંખીને જતા રહેતા.

ચપટો ને જાંબુડીઆ રાતા રંગનો સૂરજ આથમવા જતો ત્યારે એ ઊભો થતો ને સીધો આથમતા સૂરજની દિશામાં રણ તરફ ચાલી જતો. કેમ જાણે એને આથમતાં પહેલાં એ આંબી લેવા નહિ મથતો હોય ! કેટલાક લોકો એ ક્યાં જાય છે ને રાતે શું કરે છે તે જોવાના

કુતૂહલથી એનો પીછો કરતા. આથમતા સૂરજના વિશાળ બિમ્બની રાતી આભાને પડછે એક ઊંચી ને કદાવર માનવકૃતિની છાયાની છબિ એમના દૃષ્ટિપટ પર અંકાઈ જતી. રાત્રિની ભયાનકતા એમને પાછી વાળતી. આથી રાત દરમિયાન લેઝેરસ રણમાં શું કરતો તે એઓ જાણી શકતા નહોતા; પણ રાતી આભાની પડછેની કાળી આકૃતિની છાપ કોઈએ ઉપસાવી દીધી હોય તેમ એમના માનસપટ પર અંકિત થઈ જતી. આંખમાં અંગારાવાળું કોઈ પ્રાણી ફરીફરી પોતાના પંજા સાથે એનું મોઢું ઘસ્યા કરે તેમ એ લોકો પોતાની આંખ ચોળીચોળીને એ આકૃતિને ભૂસી નાંખવા મથતા પણ લેઝેરસની એ આકૃતિની છાપ કોઈ રીતેય ભૂલી શકાય તેવી નહોતી – મરણ પછી જ તેનું વિસ્મરણ શક્ય હતું.

દૂર દૂર રહેનારા કેટલાક એવા લોકો હતા જેમણે લેઝેરસને કદી જોયો નહોતો, કેવળ એને વિશેની લોકવાયકા જ સાંભળી હતી. ભય કરતાંય બલવત્તર ને ભયથી જ પુષ્ટ થયેલા ધૃષ્ટતાભર્યા કુતૂહલથી પ્રેરાઈને, અંદરથી તો ઘૂરકિયાં કરતાં, એમાંના કેટલાક એક દિવસ, લેઝેરસ તડકો ખાતો બેઠો હતો ત્યારે, એની પાસે આવી ચઢ્યા ને એની જોડે વાત કરવા લાગ્યા એ અરસામાં એ કંઈક સારો લાગતો હતો. એને જોતાં એટલો બધો ભય નહોતો લાગતો. પહેલાં તો મુલાકાતીઓ આંગળીના ટચાકા બોલાવતા બેઠા ને એ પવિત્ર શહેરના મૂરખ રહેવાસી પ્રત્યે અણગમો દર્શાવતા ઉદ્ગારો કાઢવા લાગ્યા. પણ એ ટૂંકો વાર્તાલાપ પૂરો થયા પછી એઓ ઘરે પાછા વળ્યા ત્યારે એમના ચહેરા પર અંકાઈ ગયેલો ભાવ જોઈને એ પવિત્ર શહેરના રહેવાસીઓ શું બન્યું હશે તે કળી ગયા ને કહેવા લાગ્યા : ‘લેઝેરસની દૃષ્ટિનો ભોગ બનેલા થોડા વધુ પાગલ લોકો આ ચાલ્યા !’ આમ કહીને એમને મૂક દયાભરી દૃષ્ટિએ જોઈ રહ્યા.

બીજા મુલાકાતીઓ પણ આવ્યા. એમાં કેટલાક શસ્ત્ર ખણખણાવનારા શૂરવીર જોદ્ધાઓ પણ હતા. એમને તો ભય શું તેની ખબર જ નહોતી. હસીરમીને લહેર ઉડાવનારા નફિકરા જુવાનિયાઓ પણ આવ્યા, સિક્કા ખણખણાવનારા વેપારીઓય આવ્યા ને મંદિરના પૂજારીઓએય એમની પાવડી લેઝેરસને બારણે ઉતારી પણ એ પૈકીનું કોઈ જેવા ભાવ સાથે ગયું હતું તેવા ભાવ સાથે પાછું વળ્યું નહિ. પાછા વળતી વેળાએ બધાની સુરત જ જાણે બદલાઈ જતી. એમના આત્મા પર કશાકનો ભયાનક ઓળો છવાઈ જતો ને સદાની જાણેલી ઓળખેલી દુનિયા એમને કંઈક જુદી જ ભાસવા લાગતી.

લેઝેરસની દૃષ્ટિનો ભોગ બન્યા પછી પોતાનામાં થયેલા ફેરફાર વિશે કોઈક કશુંક બોલી શકે તો કંઈક આવા શબ્દોમાં એ અનુભવને કદાચ વર્ણવે :

આંખ વડે જોવાતા ને હાથના સ્પર્શથી ઓળખાતા બધા પદાર્થો પોલા, હળવા ને પારદર્શી બની જતા – કેમ જાણે અંધકારમાં પ્રકાશના પડછાયા નહીં નાચતા હોય ! આ અંધકાર આખા વિશ્વને ઘેરી વળતો. સૂરજ કે ચાંદો આ અંધકારને હઠાવી શકતો નહિ. તારાનું તો ગજું જ શું ! એ અંધકાર પૃથ્વીને માતાની જેમ વળગી પડતો ને એના પર અન્તહીન કાળો પછેડો ઓઢાડી દેતો.

પદાર્થમાત્રને આ અંધકાર ભેદી નાખતો, પથ્થર અને લોખંડને સુધ્ધાં ! પદાર્થના અણુઓ આથી છૂટા છૂટા પડી જતા ને એકલવાયા બની જતા. અણુની ભીતરમાં પણ એ અંધકાર ઘૂસી જતો ને અણુના અણુઓ પણ એકલવાયા બની જતા.

વિશ્વને વ્યાપીને રહેલો વિશાળ શૂન્યાવકાશ દૃશ્ય પદાર્થોથી ભરેલો નો'તો લાગતો; એમાં સૂરજ કે ચાંદો પણ દેખાતો નો'તો. મોટા મોટા મહેલો કે ઘરો કશું જ દેખાતું નહોતું. જ્યાં જુઓ ત્યાં બધું ઠાલું જ ઠાલું લાગતું. ને આ શૂન્યમાં ફરતી દેખાતી એક માનવાકૃતિ, ઠાલી, હળવી, પડછાયા જેવી.

સમયનું કશું ભાન જ રહેતું નહિ. વિશ્વના આદિ અને અન્ત એકાકાર થઈ જતા, ઈમારત હજી તો બંધાતી હોય, એને ચણનારા ને બાંધનારાના હથોડાનો અવાજ હજી તો સંભળાતો જ હોય ત્યાં એનું ખંડિયેર સુધ્ધાં દેખાવા લાગતું, ને પછી એ ખંડિયેરમાં શૂન્ય સૂસવાઈ ઊઠતું.

માણસ જન્મે ન જન્મે ત્યાં જ એના માથા આગળ અંત્યેષ્ટિ ક્રિયા વેળા જ ઘીનો દીવો પ્રકટાવેલો દેખાતો, ને પછી એ દીવો પણ બુઝાઈ જતો; ને પછી તરત જ એ માનવીને એ દીવાને સ્થાને ઘૂઘવાટ સંભળાતો.

આ અન્ધકાર અને આ ભંગારમાં છવાયેલા શૂન્યથી ઘેરાયેલો માનવ અનન્તના ભયથી હતાશ બનીને થરથર ધ્રૂજી ઊઠતો.

લેઝેરસની દૃષ્ટિનો ભોગ થયા પછી કોઈને કશું બોલવાના હોશકોશ રહ્યા હોય તો તે કદાચ આવું કહે. પણ જેઓ નહોતા બોલતા ને સૂનમૂન બનીને જ મરણશરણ થતા તેમને જો વાચા ફૂટે તો કદાચ આથી વધુ કહી શકે.

૪

એ જ સમયમાં રોમમાં ઓરિલિયસ નામનો પ્રખ્યાત શિલ્પી રહેતો હતો. માટી, આરસપહાણ અને કાંસામાંથી દેવોનાં અને મનુષ્યોનાં એવાં તો સુન્દર શિલ્પો એ કંડારતો કે લોકો એને અમર સૌન્દર્ય કહીને બિરદાવતા. પણ એને પોતાને પોતાનાં શિલ્પોથી સંતોષ થતો નહોતો. એવું કશુંક અપ્રતિમ સૌન્દર્ય એની કલ્પનામાં હતું જે હજી સુધી એ આરસપહાણ કે કાંસામાં અવતારી શક્યો નહોતો. 'હજી મેં ચન્દ્રની ચાંદની ઝીલી નથી, મારાં સુન્દર કાંસાનાં શિલ્પો નિર્જીવ લાગે છે.' આમ એ કહેતો. અને જ્યારે એ પોતાનાં શ્વેત વસ્ત્રોને ચાંદનીમાં ચમકાવતો નિર્જન માર્ગ પર થઈને સાયપ્રસનાં વૃક્ષોના કાળા પડછાયાઓ વચ્ચે ભટકતો ત્યારે એને ભેટી જતા લોકો સદ્ભાવપૂર્વક હસીને કહેતા, 'ઓરિલિયસ, ચાંદની એકઠી કરવા નીકળ્યો ? તો સાથે છાબડી કેમ નથી લીધી ?' ત્યારે એ પણ હસી પડતો ને પોતાની આંખો બતાવીને કહેતો : 'આ રહી મારી છાબડી, એમાં હું ચન્દ્રની ચાંદની ને સૂરજનું તેજ ઝીલું છું.'

એ વાત પણ સાચી હતી. એની આંખોમાં સૂર્ય અને ચન્દ્ર ચમક્યા કરતા. પણ એને એ આરસપહાણમાં અવતારી શકતો નહિ. એ જ એના જીવનની સૌથી મોટી કરુણતા

હતી. એ પ્રતિષ્ઠિત અભિજાત વંશનો નાગરિક હતો; એની પત્ની એક આદર્શ નારી હતી, એને વહાલસોયાં સંતાનો હતાં. આ સિવાય એને કશાની ખોટ નહોતી.

લેઝેરસ વિશેની અમંગળ અફવા એને કાને આવી ત્યારે એની પત્ની અને એના મિત્રોની સલાહ લઈને એણે લેઝેરસની મુલાકાત લેવાને જુડેઆની જાત્રાએ જવાનું નક્કી કર્યું. મરણ પામ્યા પછી ચમત્કારથી સજીવ થયેલા માનવીનું દર્શન કરવાની એને ઇચ્છા હતી. એ દિવસોમાં એને એકલવાયાપણું બહુ સાલતું હતું. આ પ્રવાસ દરમિયાન એ પોતાની બુઠ્ઠી થઈ ગયેલી શકિતની ધાર કાઢી લેવા ઇચ્છતો હતો. લેઝેરસને વિશે એણે લોકોને મોઢે જે સાંભળ્યું તેથી એ ભયભીત થયો નહિ. એણે મરણ વિશે ઊંડું ચિન્તન કર્યું હતું. મરણ એને રુચતું નહોતું. એનો જીવન સાથે મેળ બેસાડવાનો કેટલાક લોકો પ્રયત્ન કરતા હતા તે પણ એને ઠીક નહોતું લાગતું. એક પલ્લામાં સુન્દર જીવન ને બીજા પલ્લામાં ગેબી મૃત્યુ હોય તો તો જીવન જ પસંદ કરવું ગમે ને ! લેઝેરસને આ વિશે પ્રતીતિ કરાવવાનો એણે મનસૂબો ઘડી રાખ્યો હતો ને એ રીતે મરણમાંથી જેમ શરીર મુક્ત થયું હતું તેમ એના આત્માને પણ મરણમાંથી પાછો વાળી લાવવાનું એ બીડું ઝડપવા ઇચ્છતો હતો. એને આ અશક્ય નહોતું લાગતું કારણ કે લેઝેરસ વિશેની લોકવાયકા ગમે તેવી ભયભરી કે વિચિત્ર હોય તેમ છતાં એ લેઝેરસ વિશે પૂરેપૂરું સત્ય કહેતી નહોતી, માત્ર એનામાં કશુંક ખતરનાક રહ્યું છે એની સામેની એમાં અસ્પષ્ટ ચેતવણી જ હતી.

લેઝેરસ પથ્થર પરથી ઊભો થઈને આથમતા સૂરજની દિશામાં ડગલું ભરવા જતો હતો ત્યાં જ ઓરેલિયસ એના સશસ્ત્ર ગુલામ સાથે એની પાસે આવી પહોંચ્યો ને એને રણકતા અવાજે સંબોધીને બોલ્યો; ‘લેઝેરસ !’

લેઝેરસે એની સામે એક સુન્દર ને ગર્વીલો ચહેરો જોયો. એના પર કીર્તિનો ઝળહળાટ હતો, એના શ્વેત વસ્ત્ર ને એણે પહેરેલા મૂલ્યવાન હીરા આથમતા રતૂંમડી આભામાં ચમકતા હતા. આથમતા સૂર્યનાં રાતાં કિરણો એના ચહેરા પર પડવાથી એનું મોઢું આછી ચમકવાળા કાંસાનું હોય એવી ભ્રાન્તિ થતી હતી. એ આજ્ઞાધીન બનીને પથ્થર પર પાછો બેસી ગયો ને થાકથી આંખો નીચે ઢાળી દીધી.

‘તું સુન્દર નથી એમ જે મેં સાંભળ્યું હતું તે તો સાચું લાગે છે.’ ઓરેલિયસે સ્વસ્થતાથી સોનાનો અછોડો હાથમાં રમાડતાં રમાડતાં કહ્યું. ‘તને જોઈને કોઈ છળી મરે એય સાચું, ને જે દિવસે તું બેદરકારીથી મરણના પંજામાં ફસાયો તે દિવસે મરણ કાંઈ હાથ જોડીને બેસી નહોતું રહ્યું. પણ તું તો પીપની જેમ ફૂલી ગયો છે, ને ‘જાડાઓ કદી દુષ્ટ હોતા નથી’ એવું આપણા સીઝરે જ ક્યાં નથી કહ્યું ? લોકો તારાથી આટલા બધા બીએ છે શા માટે તે જ મને તો સમજાતું નથી. તું મને તારી સાથે રાતવાસો કરવા દઈશ ? મોડું તો થઈ જ ચૂક્યું છે ને મારે રહેવાને બીજું કોઈ સ્થાન નથી.’

કોઈ એ આ પહેલાં લેઝેરસને એની સાથે રાતવાસો કરવાનું પૂછ્યું નહોતું.

‘મારી પાસે પથારી નથી’ એણે કહ્યું,

'હું તો યોદ્ધો છું એટલે બેઠા બેઠા ઊંઘવાને પણ ટેવાયેલો છું. આપણે દીવો કરીશું.' ઓરેલિયસે કહ્યું.

'મારી પાસે દીવો નથી.'

'તો આપણે અંધારામાં જ બે મિત્રોની જેમ ગપાટા હાંકશું. તારી પાસે થોડો દારૂ તો હશે નહિ ?'

'મારી પાસે દારૂ નથી.'

ઓરેલિયસ હસ્યો.

'તું આટલો ગમગીન કેમ રહે છે ને તને મળેલી બીજી જિંદગી તને કેમ ગમતી નથી તેનું કારણ હવે મને સમજાયું. દારૂ નથી ? વારુ, એના વગર પણ ચલાવી લઈશું. કેટલાક શબ્દો એવા હોય છે જેનો સારામાં સારા દારૂના જેવો નશો ચઢે છે.'

ઇશારો કરીને એણે પોતાના અંગરક્ષક ગુલામને વિદાય કર્યો.પછી બંને એકલા પડ્યા. ને ફરી ઓરેલિયસ બોલવા લાગ્યો, પણ આથમતો સૂરજ એના શબ્દોને ભેદીને અંદર ઊતરી ગયો હોય એવું એને લાગ્યું. શબ્દો કરમાઈ ગયા, ફિક્કા પડી ગયા, ઠાલા બની ગયા. નબળા પગ પર લથડતા આખડતા ચાલવા લાગ્યા, એને જાણે યાતના ને નિરાશાનો છાક નહિ ચઢ્યો હોય ! ને બે જણ વચ્ચે અંધકારના ઊંડા ગહ્વર દેખાવા લાગ્યા – વિશાળ શૂન્ય ને વિરાટ અંધકારના ઈંગિત જેવા.

'હું તારો મહેમાન છું, તું મારાથી આમ અતડો રહે એ તે કેમ ચાલે ?' ઓરેલિયસે કહ્યું.

'ત્રણ દિવસ સુધી મરણનો મહેમાન થઈ આવ્યો હોય તેણેય અતિથિસત્કાર તો કરવો જ જોઈએ ! લોકો છે કે ત્રણ દિવસ તું કબરમાં પોઢ્યો હતો. ત્યાં ગજબની ઠંડી હશે, ખરું ને ? ને તું ત્યાંથી દારૂ ને દીવા વગર ચલાવી લેવાની કટેવ શીખી લાવ્યો લાગે છે. મને તો પ્રકાશ ગમે છે. અહીં તો બહુ વહેલું અંધારું થઈ જાય છે. તારી ભ્રમર ને તારા કપાળની રેખા મજાની છે : ધરતીકંપની રાખથી ઢંકાયેલું કોઈ જૂના કિલ્લાનું ખંડિયેર જાણે ! પણ આવાં ઓર તરેહનાં ને ગંદાં કપડાં તેં કેમ પહેર્યાં છે? મેં તારા દેશના વરરાજાઓને જોયા છે. એ લોકો આવા હાસ્યાસ્પદ વાઘા સજે છે .... તું વરરાજા છે ?'

સૂરજ તો અદૃશ્ય થઈ ચૂક્યો હતો. દૂર પશ્ચિમમાંથી એક વિશાળ કાળો પડછાયો ચાલ્યો આવતો હતો. જાણે અસંખ્ય નાના નાના ખુલ્લા પગો રેતીમાં થઈને ચાલ્યા આવતા હતા. હાડ ઠારી નાંખે એવી ઠંડી હવા ઓચિંતાનો પીઠ પાછળથી હુમલો કરતી હતી.

'અંધારામાં તું છે તેથીય વધુ પડછંદ લાગે છે, કેમ જાણે આ થોડી ક્ષણોમાં તારું શરીર એકદમ વધી ગયું ન હોય ! તું અંધકાર પર જીવે છે કે શું ?... ને મારે તો દીવા વગર ન ચાલે....નાનું ટમટમિયું હોય ને તોય ઘણું. હું તો સાવ ઠરી ચાલ્યો. અહીંની રાત તો ગજબ ઠંડી લાગે છે.... આટલું બધું અંધારું છે એટલે મને કશું વરતાતું નથી, નહિ તો કદાચ તું મને તાકીને જોઈ રહ્યો છે એમ હું કહેત, હા, કદાચ તું મારી સામે મીટ માંડી રહ્યો છે...તું

મારી સામે જ તાકી રહ્યો છે...મને બરાબર વરતાય છે – હવે તું હસી રહ્યો છે.'

રાત પડી ચૂકી હતી ને ભારે અંધકારથી હવાનાં એકે એક છિદ્ર પુરાઈ ગયાં હતાં.

'આવતી કાલે સૂરજ ઊગશે ત્યારે કેવું ખુશનુમા લાગશે !... હું એક મોટો શિલ્પી છું, તને ખબર છે ? મારા મિત્રો મને મહાન શિલ્પી કહે છે. હું કશુંક સમજું છું, હા, હું સર્જક છું એમ એ લોકો કહે છે. પણ કશુંક સર્જવું હોય તો દિવસના પ્રકાશની જરૂર પડે. હું નિર્જીવ આરસપહાણમાં પ્રાણ પૂરું છું. હું રણકતા કાંસાને ઝળહળતા અગ્નિમાં ઓગાળું છું. તેં તારા હાથે મને કેમ સ્પર્શ કર્યો ?'

'ચાલ' લેઝેરસે કહ્યું .'તું મારો મહેમાન છે.' ને બંને ઘરમાં ગયા. ને લાંબી રાત્રિના પડછાયા પૃથ્વી પર ઢાળ્યા....

ગુલામ આખરે પોતાના શેઠની રાહ જોઈને થાક્યો ને સૂરજ ઠીક ઠીક ઊંચે આવ્યો ત્યારે એની તપાસ કરવા નીકળ્યો. સૂરજનાં બળબળતાં કિરણો નીચે એણે પોતાના માલિકને લેઝેરસને જોડાજોડ બેઠેલા જોયા. એ બંને સીધું ઉપર જોતા હતા, એ બંને કશું બોલતા નહોતા.

ગુલામે પાસે જઈને ઘાંટો પાડીને કહ્યું : 'માલિક, આ તમને શું થઈ ગયું છે ?'

એ જ દિવસે ઓરેલિયસ રોમ જવા રવાના થયો. આખે રસ્તે એ વિચારમગ્ન રહ્યો. એ એક અક્ષર સરખો બોલ્યો નહિ. ભારે ધ્યાનપૂર્વક નજરે પડ્યું તે એ તપાસતો રહ્યો, લોકો, વહાણ, દરિયો – બધું જ. એ જાણે કશુંક યાદ કરવા મથી રહ્યો હતો. દરિયામાં એમને એક એક મોટું તોફાન નડ્યું. એ તોફાન દરમિયાન ઓરેલિયસ એક સરખો તૂતક પર ઊભો રહીને ઊછળતાં ને પડતાં મોજાંને જોઈ રહ્યો. ઘરે પહોંચ્યો ત્યારે એના ચહેરા પરના હાવભાવ ને એનું વર્તન જોઈને એના કુટુંબીઓ તો ડઘાઈ જ ગયા. પણ એણે એ બધાને ઠંડા પાડતાં કહ્યું : 'મને આખરે એ લાધ્યું છે.'

પ્રવાસ દરમિયાન પહેરી રાખેલાં મેલાંઘેલાં કપડાં સુધ્ધાં એણે ઉતાર્યાં નહિ ને એ કામ કરવા મંડ્યો. એના હથોડાનાં ઘાથી આરસપહાણ રણકી ઊઠ્યો. કોઈનેય એ પાસે ફરકવા દેતો નહિ, આ રીતે એણે ભારે અધીરાઈથી લાંબા ગાળા સુધી એકસરખું કામ કર્યું. આખરે એક સવારે એણે જાહેર કર્યું કે શિલ્પ પૂરું થયું છે. પછી એણે પોતાના મિત્રોને તથા આકરામાં આકરા વિવેચકોને તેડાવ્યા. પોતે ભપકાબંધ વાઘા સજીને બેઠો, એમાં સોનેરી ને જાંબુડી રંગો ઝળહળતા હતા.

'આ રહ્યું મારું શિલ્પ.' એણે વિચારમગ્ન અવસ્થામાં જ કહ્યું. એના મિત્રોએ શિલ્પ પર એક નજર નાખી ને તરત જ એમના મુખ ઘેરી ઉદાસીની છાયા ઘેરાઈ ગઈ. એ કશુંક રાક્ષસી હતું, આંખને પરિચિત આકારોનો એમાં આભાસ સરખો નહોતો; પણ એમાં કોઈ નવા જ આકારના પ્રાકટ્યનું ઈંગિત હતું. વળ ખાતી ડાળ પર - અથવા તો એને મળતા આવતા કદરૂપા આકાર પર કશુંક અષ્ટાવક્ર, જોયું ન જાય તેવું, ઘાટઘૂટ વગરનું અવળુંસવળું ઢગલો થઈને પડ્યું હતું. એ જાણે એકબીજાથી નાસી છૂટવા મથતા કોઈ અંગના ઉદ્દણ્ડ અવયવો હતા. એ પૈકીના એક અંગની નીચે આકસ્મિક જ ભારે

કુશળતાથી કંડારેલું એક મુલાયમ પતંગિયું હતું. એની પાંખો પારદર્શી હતી ને ઊડવાની ઇચ્છાથી એની પાંખો પણ જાણે ફફડતી દેખાતી હતી.

'આ વિસ્મયકારક પતંગિયાનું અહીં શું કામ હતું ?' કોઈકે હિંમત એકઠી કરીને, છતાં સંકોચથી પૂછ્યું.

'એ તો હું કશું જાણતો નથી.' શિલ્પીએ કહ્યું. પણ સત્ય કહી દીધા વિના છૂટકો નહોતો, ઓરેલિયસને માટે ખૂબ ભાવ રાખનાર એક મિત્રે આખરે કહી દીધું : 'આ તો ભારે કદરૂપું લાગે છે, મિત્ર ! એનો નાશ કરી નાખવો જોઈએ. મને હથોડો આપ, જોઉં.' હથોડાના બે ઘાથી એણે એ રાક્ષસી આકાર તોડી નાંખ્યો; માત્ર પેલું વિસ્મયકારક પતંગિયું એમ ને એમ રહેવા દીધું.

ત્યાર પછી ઓરેલિયસે કશું શિલ્પ સરજ્યું નહિ. નરી ઉદાસીનતાથી એ આરસપહાણને કે કાંસાને જોતો. એનાં પોતાનાં સર્જન પરત્વે પણ એ સાવ બેપરવા બની ગયો હતો. ને એમાં તો શાશ્વત સૌન્દર્ય મૂર્ત થયું હતું ! એનામાં ફરી પ્રેરણાનો સંચાર કરવા, એના મૃત આત્માને ઢંઢોળીને જગાડવાને એના મિત્રો એને બીજા શિલ્પીઓની સુંદર કલાકૃતિઓ જોવા લઈ જતા. પણ એ તો એવો ને એવો ઉદાસીન જ રહેતો. એના હોઠ પર ફરી કદી ઉષ્માભર્યું સ્મિત ફરક્યું નહિ. બધા એની આગળ સૌન્દર્યની લાંબી લાંબી વાતો કરતા તે ધીરજથી સાંભળી લઈને આખરે એ ટૂંકો ને ટચ જવાબ આપતો :

'પણ આ તો બધું – જૂઠાણું છે.'

દિવસ દરમિયાન, સૂર્ય પ્રકાશતો હોય ત્યારે એ એના સુંદર રીતે સજાવેલા સમૃદ્ધ ઉદ્યાનમાં જતો ને જ્યાં સહેજેય પડછાયો નહિ પડતો હોય એવી જગ્યા શોધી કાઢીને ખુલ્લે માથે ને ઝંખવાઈ ગયેલી આંખે બળબળતા સૂરજ ભણી મીટ માંડીને બેસી રહેતો. એની આજુબાજુ રાતાં ને ધોળાં પતંગિયાં ઊડ્યા કરતાં; પાસેના આરસપહાણના ફૂવાના થાળામાં નશો ચઢાવીને મોઢું મરડીને બેઠેલા સેટિરના મુખમાંથી વહી જતાં પાણીનો અવાજ આવતો. પણ એ તો ભૂમિના એવા જ બીજા નિશ્ચેષ્ટ બનીને સૂરજ સામે તાકી રહેનારા માનવીના પડછાયાની જેમ.

૫

આખરે સીઝર ઓગસ્ટસે લેઝેરસને રોમમાં હાજર થવાનું ફરમાન છોડ્યું.

લોકોએ એને ભપકાબંધ વાઘા પહેરાવ્યા – કેમ જાણે એની જિંદગીના અન્ત સુધી કોઈ અજ્ઞાત નવવધૂના વરરાજાનો પાઠ એને ભજવવાનો ન હોય ! કોઈ જૂની જર્જરિત શબપેટીને ચકચકિત ઢોળ ચઢાવીને એના પર રંગબેરંગી ફીત વીંટી હોય તેના જેવો એ લાગતો હતો. ભારે ગંભીરતાથી આવા ભભકાબંધ વેશમાં શણગારીને જાણે એની વરયાત્રા જ કાઢી હોય તેમ ભૂંગળ વગાડતા ને આનન્દની કિકિયારી કરતા લોકો એને રાજમાર્ગ પરથી લઈ ગયા. પણ એ જે રસ્તે થઈને પસાર થયો ત્યાં ચકલું સુધ્ધાં ફરકતું ન હતું.

એની જનમભોમકા એના નામ પર ફિટકાર વરસાવતી હતી. મરણ પછી ચમત્કારથી ફરી જીવતા થયેલા લેઝેરસનું મોઢું જોવું કોઈને ગમતું નહોતું. એ રસ્તા પર થઈને પસાર થવાનો છે એવી ખબર મળતાં વેંત લોકો ત્યાંથી નાસી જતા. આનંદથી વગાડેલાં ભૂંગળ સૂની શેરીમાં ગાજી ઊઠ્યાં. ને એનો પડઘો માત્ર વેરાન રણે જ પડ્યો.

પછી લેઝેરસને સમુદ્રમાર્ગે એક સૌથી વિષાદભર્યા ને ભવ્ય વહાણમાં બેસાડીને લઈ ગયા. વહાણમાં ઘણા લોકો હતા. પણ આખા વહાણમાં સ્મશાન જેવી શાન્તિ હતી. વહાણથી કપાતું પાણી જાણે હીબકાં ભરતું હતું. લેઝેરસ ખુલ્લે માથે સૂરજ ભણી તાકતો એકલો બેસી રહ્યો હતો ને વહાણ સાથે અથડાતાં પાણીનાં મોજાંનો અવાજ સાંભળ્યા કરતો હતો. એનાથી થોડે છેટે ખલાસીઓ અને રાજદૂતો ગમગીન પડછાયાઓની જેમ ટોળે વળ્યા હતા. જો એ દરમિયાન ઝંઝાવાત ફુંકાયો હોત કે દરિયો તોફાને ચઢ્યો હોત ને વહાણના રાતા શઢને ચીરી નાંખ્યો હોત તો વહાણ તારાજ થઈ ગયું હોત. કારણ કે વહાણ પરના માણસોમાંથી કોઈનામાં પોતાનું જીવન બચાવવા જેટલીય શક્તિ નહોતી. મહાપ્રયત્ને કેટલાક વહાણની એક બાજુએ જઈને ભૂરા આકાશના પારદર્શી શૂન્યને આતુરતાથી તાકી રહ્યા. ઊછળતાં મોજાંઓ વચ્ચેથી સાગરપરીનો ગુલાબી ખભો ઊંચો થતો દેખાતો હોય કે આનંદથી ઉન્મત્ત ને મદમત્ત અશ્વમાનવ કૂદીને એની ખરીથી પાણી ઊંચે ઉરાડતો હોય એવી એઓ કલ્પના કરવા લાગ્યા. પણ સમુદ્ર સાવ વેરાન અને મૂગો હતો ને પાણીનાં ઊંડાણ પણ એવાં જ વેરાન ને મૂંગાં હતાં.

થાકેલા અને કંટાળેલા લેઝેરસે રોમની ધરતી પર પગ મૂક્યો – કેમ જાણે રોમની બધી સમૃદ્ધિ, એની વિશાળ ઇમારતોનો દબદબો ને રોનક, એના સંસ્કારી જીવનનાં સંગીત અને સૌન્દર્ય રણમાં ફુંકાતા પવનના પડઘા જેવા જ ન હોય કે પછી આંધીમાં ઘૂમરી ખાતી ગરમ રેતીએ ઊભી કરેલી નરી ધૂસરતા જ ન હોય ! એની બાજુમાં થઈને રથ વેગથી દોડી જતા; બલિષ્ઠ, સુંદર ને ગર્વીલા રોમને ઘડનારા ને એના નગરજીવનમાં ભાગ લેનાર રોમન નાગરિકો ચાલ્યા જતા, આજુબાજુમાંથી ગીતો રણકી ઊઠતાં, મોતીની જેમ સુંદરીઓનું હાસ્ય હવામાં વિખેરાઈ જતું; છોકરાઓ ફિલસફી ડહોળતા ને ડાહ્યા માણસો ઠાવકાઈથી એ સાંભળી રહેતા, ઘોડાની ખરીના અવાજથી શેરી ગાજી ઊઠતી. ચારે બાજુના આનંદધ્વનિથી ઘેરાઈને શહેરના મધ્ય ભાગમાં થઈને એક સ્થૂળ ભારે માણસ નિસ્તબ્ધતાના ઠંડા ખણ્ડના જેવો ચાલ્યો જતો હતો. એને પગલે પગલે વેદના, રોષ અને અસ્પષ્ટ પણ કોરી ખાનારી ગમગીનીને એ વાવતો જતો હતો. 'રોમમાં ગમગીન બનીને રહેવાની કોની હિંમત ?' રોમન નાગરિકો ધૂંધવાઈને રોષથી આવો પ્રશ્ન પૂછતા; ને બે દિવસમાં તો આખા રોમમાં લેઝેરસના આગમનની વાત ચૌટે ચૌટે ને શેરીએ શેરીએ ફેલાઈ ગઈ. કબરમાંથી ચમત્કારથી ઊઠીને ઊભા થયેલા એ માનવીને સૌ ભયપૂર્વક ટાળીને ચાલવા મંડ્યા.

લેઝેરસની સામે પોતાની તાકાત અજમાવી જોવાનું ઇચ્છનારા જવાંમર્દ પણ ઘણા હતા. કશા ભાન વગર એઓ લેઝેરસને પડકારતા ને લેઝેરસ આજ્ઞાંકિત બનીને એમની

આગળ આવીને ઊભો રહેતો. સીઝર રાજના કામકાજમાં એટલો તો ગુંચવાયેલો હતો કે લેઝેરસની સાથે મુલાકાત તરત ગોઠવી શકાઈ જ નહિ. આમ સાત દિવસ સુધી લેઝેરસ રોમમાં લોકોની ભીડ વચ્ચે ભટકતો રહ્યો.

એક આનંદી દારૂડિયો લેઝેરસને ભેટી ગયો. એણે રાતા હોઠ પર સ્મિત નચાવતાં લેઝેરસને કહ્યું: 'એક જામ ગટગટાવી જા, ભાઈ મારા !' પછી ઉમેર્યું : 'અમારો સીઝર તને દારૂ ઢીંચતો જુએ તો કેવા હસી પડે !' નગ્ન ને મોહાન્ધ કરી નાખે એવી નાઝનીનો લેઝેરસને એમનાં હાસ્યની છોળથી છલકાવી દેતી ને એના ભૂરા હાથની હથેળીઓ ગુલાબની પાંદડીઓથી ભરી દેતી. પણ દારૂડિયાએ લેઝેરસની આંખમાં જોયું કે તરત એનો આનંદ સદાને માટે ઊડી ગયો. પછીથી એ સદા નશામાં ચકચૂર રહેતો. એ દારૂનું તો ટીપું સરખું નહોતો પીતો, ને છતાં નશામાં ચકચૂર રહેતો. એને ભયભર્યાં દુ:સ્વપ્નો સદા સતાવતાં, એ જ જાણે એનું ખાદ્ય બની રહ્યાં. આવી નારકી ભૂતાવળથી એ રાતદિવસ ઘેરાઈને જીવવા લાગ્યો. મૃત્યુની એંધાણી આપનાર આ ભયંકર પ્રેત જેટલું કદાચ મૃત્યુ પોતેય બિહામણું નહોતું.

પરસ્પરના પ્રેમમાં મુગ્ધ એવાં યુવકયુવતીનો લેઝેરસને ભેટો થયો. પ્રેમની જ કાન્તિથી એ બંને અત્યંત સુંદર લાગતાં હતાં. અભિમાનથી ને દૃઢતાથી પોતાની પ્રેયસીનો હાથ પકડીને ઊભેલા યુવકે લેઝેરસ પ્રત્યે દયા બતાવતાં કહ્યું : 'અમારી તરફ જો, ને અમારી સાથે આનંદમાં ભાગ લે. પ્રેમથી બલવત્તર બીજું કશું હોઈ શકે ખરું ?'

ને લેઝેરસે એ બંને તરફ જોયું. પછી બંને એકબીજાને જિંદગીભર ચાહતાં રહ્યાં, પણ એમનો પ્રેમ વિષાદભર્યો ને ગમગીન બની ગયો – કબરમાંનાં સડતાં શબમાંથી પોષણ મેળવીને ઊંચા વધતાં સાયપ્રસ વૃક્ષો કોઈ શાન્ત સંધ્યાએ પોતાની ઊંચી ડાળીથી આકાશને આંબવાનો વૃથા પ્રયત્ન કરે તેના જેવું કશુંક એમના પ્રેમમાં પ્રવેશી ગયું હતું. અગાધ જીવનતૃષ્ણાના ઊછળતા લોઢથી ફેંકાઈને એકબીજાના બાહુમાં ઝીલાતાં એઓ આંસુ ભેગાં ચુંબન ઘોળતાં રહ્યાં ને દુ:ખ સાથે સુખને ભેળવતાં રહ્યાં; આખરે કશાક અવાક્ શૂન્યને વધુ ને વધુ ઉત્કટપણે વશ વર્તીને ભાન થતું ગયું. સદા સંલગ્ન છતાં સદા વિખૂટાં એવાં એ બે પ્રેમીઓ અસીમ અન્ધકારમાં ઝબકારા કર્યા કરતા તણખાના જેવાં બની રહ્યાં.

લેઝેરસ એક અભિમાની સન્ત પુરુષને મળ્યો. એ સન્તે લેઝેરસને કહ્યું : 'લેઝેરસ, તું જે ભયંકરતાની વાત કરવા ચાહે છે તે બધી જ હું જાણી ચૂક્યો છું. હવે તું મને શેનાથી બિવડાવશે ?'

પણ થોડી જ પળ પસાર ન થઈ ત્યાં એ સન્ત પુરુષને સમજાઈ ગયું કે ભયંકર વસ્તુનું જ્ઞાન ને સાક્ષાત્ ભયંકર એ બે એક વસ્તુ નથી; મરણનું દર્શન તે મરણ નથી. ને એને લાગ્યું કે અનન્તની દૃષ્ટિએ મૂર્ખામી અને ડહાપણ બંને સરખાં છે, કારણ કે અનન્ત એ એમાંથી એક્કેયને જાણતું હોતું નથી. જ્ઞાન અને અજ્ઞાન વચ્ચેની, સત્ય અને અસત્ય વચ્ચેની, ઉપર અને નીચે વચ્ચેની ભેદરેખા ભુંસાઈ ગઈ ને એના કશા આકાર વગરના વિચારો શૂન્યમાં અદ્ધર લટકતા રહી ગયા. પછી એનું મુંડાવેલું મસ્તક બે હાથ વચ્ચે ઝાલીને

એ પાગલની જેમ ચિત્કાર કરી ઊઠ્યો : 'હું કશું વિચારી જ શકતો નથી, હું કશું વિચારી જ શકતો નથી, હું કશું વિચારી જ શકતો નથી !'

કબરમાંથી ચમત્કારથી ઊભા થયેલા આ આદમીની ઠંડી નજર પડતાંની સાથે જીવનને, એના અર્થને ને એના આનન્દને સંરક્ષણ આપનાર બધું નાશ પામતું. આથી લોકો કહેવા લાગ્યા કે સીઝરની સામે એ નજર માંડીને જોશે તો ભારે ખતરનાક નીવડશે; આથી એને મારી નાખીને ગુપચુપ દાટી દેવો તે જ ઠીક; ને પછી એ અલોપ થઈ ગયો છે એમ જાહેર કરવું. તલવારની ધાર કાઢવામાં આવી ને નગરના કલ્યાણની ચિંતા કરનારા જુવાનો લેઝેરસની હત્યા કરવાને માટે આપમેળે હાજર થયા. ત્યાં સીઝરે એકાએક લેઝેરસને દરબારમાં હાજર કરવાનું ફરમાન છોડ્યું ને આ બધી બાજી ઊંધી વળી ગઈ.

લેઝેરસને દૂર રાખવાનું તો હવે શક્ય હતું જ નહિ, આથી એનો ચહેરો જે કારમી છાપ પાડતો હતો તેને કંઈક હળવી બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ એમ લોકોને લાગ્યું. આ હેતુથી હોશિયાર કલાકારો, હજામો ને વેશભૂષા સજાવનારાઓને બોલાવવામાં આવ્યા. એ બધાએ રાતદિવસ લેઝેરસના ચહેરાને મઠારવાનું કામ કર્યું. એની દાઢી ટૂંકી કરી નાખી ને એના વાંકડિયા ગુચ્છા વાળ્યા. એના હાથ પરની ને ચહેરા પરની અપાર્થિવ ને જુગુપ્સાજનક ભૂરાશને રંગીને દૂર કરી. એના હાથ રંગીને ધોળા કર્યા, એના ગાલે લાલી લગાડી. એના જરાજીર્ણ ચહેરા પર યાતના સહન કરવાને કારણે પડેલી કરચલીઓ સમારી લીધી ને એને પણ રોચક રંગે રંગી કાઢી, એના ચહેરા પર સદા સૌજન્યભર્યું ખુશમિજાજી હાસ્ય ફરક્યા કરતું હોય એવી મુદ્રા ઉપસાવી આપી.

એક પ્રકારની બેપરવાહીથી લેઝેરસે પોતાના પર આ બધો જુલમ ગુજારવા દીધો ને એને પરિણામે જોતજોતાંમાં એ સ્થૂળ પણ જોવો ગમે એવો જૈફ લાગતો હતો. કેટલાંય પૌત્રપૌત્રીઓને પોતાના ખોળામાં રમાડનાર શાન્ત અને હસમુખા દાદાજી ન હોય જાણે! એણે કહેલી રસભરી પરીકથા એના હોઠ પર જે સ્મિત મૂકી ગઈ હતી તે જાણે હજી વિલાયું નહોતું. કશીક સ્વસ્થતાભરી નાજુકાઈ હજી જાણે એની આંખના ખૂણામાં લપાઈને રહી ગઈ હતી. પણ એનો વરરાજાનો વેશ ઉતારી નાખવાની કોઈની હિંમત ચાલી નહોતી; ને કોઈ એની આંખોને – કાળી ભયંકર આંખોને બદલી શક્યું નહોતું. એમાંથી પેલે પારનું અકળ અગોચર જાણે કે મીટ માંડીને તાકી રહ્યું હતું.

૬

શાહી મહેલના દબદબાથી લેઝેરસના પર જરા સરખોય પ્રભાવ પડ્યો નહિ. એને તો જાણે પોતાના રણની ધાર પર આવેલા ખંડિયેર જેવા ઘર અને આ રંગીન સુન્દર મહેલ વચ્ચે કશો ભેદ જ લાગ્યો નહિ. આથી એ પ્રત્યે એ સાવ ઉદાસીન જ રહ્યો. એના પગ નીચે મહેલની ફરસબંદીનો સુંદર આરસપહાણ રણની રેતી જેવો લાગતો હતો ને એની

આજુબાજુ ભપકાબંધ વેશમાં ફરતા દરબારીઓ એની આંખે હવાના શૂન્ય જેવા અવાસ્તવિક લાગતા હતા. એ એમની આગળથી પસાર થયો ત્યારે એની આંખમાં આંખ માંડીને જોવાની કોઈ હિંમત કરતું નહિ, એ આંખની કારમી નજરથી સૌ બચીને ચાલતું. પણ એનાં ભારે પગલાંનો અવાજ સાંભળીને એ નજીકમાંથી પસાર થઈ ગયો છે એનું ભાન થતું કે તરત જ લોકો માથું ઊંચું કરીને ચકોર નજરે ભીરુ કુતૂહલથી એ પડછંદ, સ્થૂલ ને સહેજ ઝૂકી ગયેલી કાયાવાળા જૈફને જોઈ લેતા. મરણ સાક્ષાત્ પ્રકટ થયું હોત તો કદાચ લોકોને આટલો ભય ન લાગ્યો હોત, કારણ કે અત્યાર સુધી મરણની જાણ મરેલાંઓને જ હતી ને જીવનની જાણ જીવનારાઓને હતી, ને આ બેને જોડનાર કશો સેતુ નહોતો. પણ આ વિલક્ષણ જીવ તો મરણને જાણી ચૂક્યો હતો ને એનું એ જ્ઞાન અકળ ને શાપરૂપ લેખાવા લાગ્યું હતું. 'એ આપણા મહાન ઓગસ્ટસને મારી નાખશે.' રોમની પ્રજા ભયભીત થઈને ચીસ પાડી ઊઠી ને એના પર શાપ વરસાવવા લગી. ધીમે પગલે મક્કમતાથી એ શાપ વરસાવતા લોકો વચ્ચે થઈને શાહી મહેલના ઊંડા ને ઊંડા ભાગ ભણી જવા લાગ્યો.

લેઝેરસ કોણ છે તેની સીઝરને તો ખબર હતી જ ને આથી એ એને મળવાને તૈયાર જ હતો. એ છાતીવાળો માણસ હતો. એની શક્તિ અજેય હતી. 'કબરમાંથી ચમત્કારથી ઊભા થયેલા' એ આદમી સાથેની મુલાકાત વેળાએ બીજાઓની નબળી મદદ લેવાનો એણે ઇનકાર કરી દીધો હતો.

'લેઝેરસ, મારી સામે તાકીને જોઈશ નહિ.' સીઝરે આદેશ દીધો. 'મેં સાંભળ્યું છે કે તારું માથું મેડુસાના જેવું છે ને તારી નજર જેના પર પડે તે પથ્થર બની જાય છે. પણ હું તને ધારીધારીને જોઈ લેવા ઇચ્છું છું ને હું પોતે પથ્થર બની જાઉં તે પહેલાં તારી સાથે થોડી વાત કરી લેવા ઇચ્છું છું.' મજાક ઉડાવતો હોય એમ એણે આ કહ્યું પણ ખરી રીતે તો એને હૃદયમાં જે ગભરાટ થતો હતો તેને છુપાવવાનું એ છળ જ હતું.

એની પાસે જઈને એણે લેઝેરસના ચહેરાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું, એના વરરાજાના વાઘા જોયા. એની આંખ તીક્ષ્ણ ને સાવધ હતી તેમ છતાં કળાકારોએ ચાતુરીથી ઊભી કરેલી ભ્રમણામાં એ ફસાઈ ગયો.

'હં, તો તું દેખાવે તો ખાસ ભયંકર નથી લાગતો. પણ એ તો વધારે ખતરનાક. જે ભયંકર છે તે સુંદરનો ને આદરણીયનો વેશ ધારણ કરીને આવે ત્યારે માણસ સાવધ શી રીતે રહે ? આપણે થોડી વાતો કરીએ.'

ઓગસ્ટસ નીચે બેઠો ને જેટલી શબ્દોથી તેટલી જ આંખના ઇશારાથી વાત શરૂ કરી. 'તું અહીં દાખલ થયો ત્યારે તેં મને કુરનિશ કેમ બજાવી નહિ ?'

લેઝેરસે બેપરવાહીથી જવાબ વાળ્યો : 'એવું કશું કરવું જરૂરી હોય છે એની મને ખબર નહોતી.'

'તું ઇસાઈ છે ?'

'ના.'

ઓગસ્ટસે પોતાને આ ગમ્યું એ બતાવતાં માથું હલાવ્યું. 'સરસ, મને ઇસાઇઓ ગમતા નથી. એ લોકો જિંદગીનું વૃક્ષ હલાવે છે, એના પર ફળ ઊગવા દેતા નથી, એનાં સુગંધી પુષ્પોને હવામાં વિખેરી નાંખે છે. પણ ત્યારે તું કોણ છે ?'

કંઈક પ્રયત્નપૂર્વક લેઝેરસે જવાબ આપ્યો : 'હું મરી ચૂક્યો હતો.'

'એ તો મેં સાંભળ્યું છે. પણ હવે તું કોણ છે ?'

લેઝેરસે એનો જવાબ તરત વાળ્યો નહિ. આખરે એણે ફરીથી કંટાળીને અસ્પષ્ટ અવાજે કહ્યું : 'હું મરી ચૂક્યો હતો.'

'અલ્યા અજનબી, હું કહું છું તે સાંભળ.' બાદશાહે સહેજ તીખા અવાજે અત્યાર સુધી પોતાના મનમાં જે હતું તે કહી નાંખ્યું:

'મારી સલ્તનત જીવતા લોકોની સલ્તનત છે; મારી રૈયત જીવતા લોકોની બનેલી છે, મરેલાંઓની નહિ. તું અહીં વધારાનો છે. તું કોણ છે તે હું જાણતો નથી. તેં પેલે પાર શું જોયું છે તેનીય મને કશી ખબર નથી. પણ જો તું મારી આગળ જૂઠું બોલશે તો હું તને નફરતથી નવાજીશ ને જો તું સાચું બોલશે તો તારા સત્યને હું ધિક્કારીશ, મારી નાડીમાં જીવન ધબકે છે, મારા કાંડામાં શકિતના ત્રિશૂળ છે ને મારા ગર્વીલા ખ્યાલ ગરુડની જેમ આસમાનમાં ઊંચે ચઢે છે. મારી સત્તાના રક્ષણ હેઠળ, મારા કાનૂનની છાયામાં મારી પ્રજા આનન્દથી શ્રમ કરે છે ને જીવે છે એમના જીવનનું સૂરીલું ગીત તને સંભળાય છે ? ભવિષ્યને પડકારનારો એમનો હુંકાર તને સંભળાય છે ?'

ઓગસ્ટસે ભક્તિભાવથી હાથ આગળ લંબાવ્યા ને એ ઉદ્‌ગાર કાઢી ઊઠ્યો : 'હજાર હજાર વન્દન છે તને, હે ધન્ય જીવન !' પણ લેઝેરસ તો ચૂપ જ રહ્યો. બાદશાહે વધારે તીખા બનીને સંભળાવવું ચાલુ રાખ્યું : 'અમને તારો કશો ખપ નથી, મૃત્યુના મોંમાંથી ખાતાં વધેલો કોળિયો - તારી મને દયા આવે છે. તું માણસોના મનમાં જીવન પ્રત્યે અણગમો ઊભો કરે છે ને એમને ગમગીન બનાવે છે. ખેતરમાંની ઈયળની જેમ તું આનંદના બીજને જ કોરી ખાય છે ને નિરાશા તથા વેદનાનો મળ ફેલાવતો રહે છે. રાતે ખૂન કરવા નીકળેલા હત્યારાના હાથમાંની કાટ ચઢેલી તલવારના જેવું તારું સત્ય છે; ને હું તને હત્યારો ગણીને મોતની સજા ફરમાવવા ઇચ્છું છું. પણ એ પહેલાં મારે તારી આંખોમાં એક વાર મીટ માંડીને જોઈ લેવું છે. કદાચ કાયરો જ તારી આંખોથી ભડકી ઊઠતા હશે; પણ બહાદુરને તો એથી ચાનક ચઢે ને એઓ ઝૂઝીને ફત્તેહ હાંસલ કરવા મથે એમ પણ બને. જો મને એવો અનુભવ થશે તો હું તને મોતની સજા નહિ ફરમાવું, તને બક્ષિસ આપીશ. મારી સાથે આંખ માંડીને જો, લેઝેરસ !'

પહેલાં તો જાણે કોઈ મિત્રને ઓળખવા મથતો હોય એવી મૃદુ મોહક દૃષ્ટિએ એ ઓગસ્ટસને જોઈ રહ્યો. એ દૃષ્ટિ ખરેખર એવી તો આકર્ષક હતી ! એથી ભય નહિ પણ વિશ્રબ્ધિની લાગણી થતી હતી, શાશ્વતી એમાં પ્રિયતમાની જેમ પોઢી હતી, વહાલસોઈ બહેનની જેમ જાણે હસતી હતી. માતાની જેમ વાત્સલ્ય છલકાવતી હતી. એનું મૃદુ આલિંગન ધીમે ધીમે દૃઢ બનતું ગયું. આખરે જાણે કોઈ ચુંબનતરસ્યું મુખ એના તરફ આગળ વધતું હોય એવું

લાગ્યું.......પછી લોખંડી હાડકાંઓ કાગડાના પંજાની જેમ એને પકડમાં લેવા ધસતાં હોય, એના પર એની લોખંડી પકડ સખત થતી હોય, એના અણીદાર ખીલા એના હૃદયને ભેદતા હોય ને ધીમે ધીમે ઊંડે ને ઊંડે ખૂંપતા જતા હોય એવું એને લાગ્યું.

'મને પીડા થાય છે.' ઓગસ્ટસે ફિક્કા પડી જતાં કહ્યું, 'તોય, તું મારી સામે જોયા કર, લેઝેરસ.'

અનન્તને ઢાંકી દેતાં બે બારણાં ધીમે ધીમે ઊઘડતાં હોય એવું લાગ્યું ને એમની વચ્ચેની વધતી જતી ફાટમાંથી અનન્તનો હાડકાં ઠઅરી નાખે એવો ભય શાન્તિથી એકધારો વહી આવતો હોય એવું લાગ્યું. અસીમ શૂન્ય ને અપાર ઉદાસી બે પડછાયાની જેમ, સૂર્યને ઠઅરી નઅંખીને, પગ નીચેની ધરતીને ખસેડી દઈને ને માથા પરનાં ઢાંકણને ઉડાવી દઈને પ્રવેશતા લાગ્યા; ને એના હિમ જેવા હૈયામાંનું દર્દ બંધ પડી ગયું.

'મારી સામે જો, લેઝેરસ !' ઓગસ્ટસે લથડિયાં ખાતાં હુકમ કર્યો...

સમય થંભી ગયો ને વસ્તુમાત્રનો પ્રારંભ એના અન્તર્ની નિકટ જોખમભરી રીતે ધસી ાઅવતો હોય એવું લાગ્યું. તાજેતરમાં જ ઊભું કરેલું ઓગસ્ટસનું સિંહાસન ભાંગીને ચૂરેચૂરા થઈ ગયું; એનું સ્થાન પોકળ શૂન્યે લીધું. રોમ નિસ્તબ્ધ બનીને ખંડિયેરમાં ફેરવાઈ ગયું. એને સ્થાને એક નવું શહેર ઊભું થયું. ને એ પણ શૂન્યના આઘાતથી ભઅંગીને ધૂળભેગું થઈ ગયું. ભૂતાવળના પડછાયાની જેમ નગરો, રાજ્યો, દેશો આવી આવીને અદૃશ્ય થઈ ગયાં. અનન્તના અન્ધકારમય ઉદરમાં સમાઈ ગયાં...

'બંધ કર.' શહેનશાહે આદેશ દીધો. એના અવાજમાં ઉદાસીનતાનો રણકો સંભળાવા લાગ્યો હતો. એના હાથ લૂલા થઈને ઢળી પડ્યા ને એની ગરુડ જેવી આંખો ઝબકીને અન્ધકાર સામે ઝૂઝતી હારી ગઈ ને ઝાંખી પડી ગઈ.

ઉદાસીભર્યા આ શબ્દોએ એને બચાવી લીધો. એને એની પ્રજા યાદ આવી. એનું એણે ઢાલ બનીને રક્ષણ કરવાનું હતું. એક તીક્ષ્ણ દર્દ એના જડ બની ગયેલા હૃદયને ભેદીને ઢંઢોળી ગયું. જેમનો મરણમાં જ કરુણ અંજામ આવવાનો હતો તેનો એને ખ્યાલ આવ્યો તે એનું હૃદય યાતનાથી ભરાઈ ગયું. અનન્તના અન્ધકારમાં એ બધા અજવાળાના પડછાયા જેવા લાગવા માંડ્યા, કેવું ભયંકર હતું એ દૃશ્ય ! પછી જીવનથી હલબલી ઊઠેલા રક્તને ધારણ કરનારાં પાત્રો જેવાં એ લાગ્યા. વિષાદ અને આનન્દની ઉન્મત્તતાને જાણનારા હૃદયમાં પછી એ ફેરવાઈ ગયા, એમનો એ ભારે કોમળતાથી વિચાર કરવા લાગ્યો. ને આમ વિચાર અને લાગણી પલ્લાંને ઘડીમાં જીવન તરફ તો ઘડીમાં મરણ તરફ ઝુકાવવા લાગ્યાં. પણ એ ધીમે ધીમે જીવનની તરફ વળતો ગયો. અત્યાર સુધી વ્યાપેલા અનન્તના અન્ધકાર, શૂન્ય અને ભયંકરતામાંથી નાસી છૂટીને એ સુખદુ:ખથી ભરેલા જીવનનું શરણું શોધવા લાગ્યો.

'ના, તું મને હણી શક્યો નથી, લેઝેરસ !' એણે દૃઢતાથી કહ્યું, 'પણ હું તને મારી નાખીશ. ચાલ્યો જા અહીંથી !'

સાંજ ઢળી ને શહેનશાહ ઓગસ્ટસે ભારે આનન્દથી ભોજન કર્યું ને મદ્યપાન કર્યું. પણ એ દરમિયાન કદીકદીક એવી ક્ષણો આવી જતી જ્યારે એણે ઊંચો કરેલો હાથ હવામાં એમ ને એમ અધ્ધર રહી જતો ને એની આતુરતાભરી ચમકતી આંખોમાંનું તેજ ઝાંખું પડી જતું. હિમના જેવું ઠારી નાખે એવું ભયનું મોજું એનાં ચરણને ડગમગાવી જતું હોય એવું એને લાગતું. એ પરાજિય થયો હતો પણ મર્યો નહોતો. એ કાળા પડછાયાની જેમ નિશ્ચેષ્ટ બનીને પોતાના અન્તની રાહ જોતો હતો. રાતે એને ભયાનક ભૂતાવળો સતાવતી, પણ ઉજ્જ્વળ દિવસ દરમિયાન જીવનનો આનન્દ તથા જીવનનો વિષાદ ફરી એને પ્રાપ્ત થતા.

બીજે દિવસે બાદશાહના ફરમાન મુજબ લેઝેરસની આંખોને ધગધગતા સળિયાથી બાળી નાખી ને એને ઘરે વિદાય કર્યો, ઓગસ્ટસની સુધ્ધાં એને મારી નાખવાની હિંમત ચાલી નહિ.

લેઝેરસ રણમાં પાછો વળ્યો ને રણે એને સાપની જેમ ફુંફાડા મારતા પવનથી ને બળબળતા સૂરજના તાપથી આવકાર્યો. એની ગૂંચવાયેલી જટાવાળા મુખને ઊંચું કરીને ફરી એ સૂર્ય સામે તાકતો પથ્થર પર બેસી રહ્યો; આંખની જગ્યાએ બે કાળાં કાણાં આકાશ સામે નિસ્તેજ બનીને ભયંકરતાથી સૂર્ય સામે તાકી રહ્યાં. થોડે છેટે પવિત્ર નગરમાં જીવનની ભરતીઓટનો અવાજ સંભળાતો, પણ એની નજીકના રણમાં તો નરી નિર્જનતા અને નિસ્તબ્ધતા સદા છવાયેલી રહેતી. કબરમાંથી ચમત્કારથી ઊભો થયેલો લેઝેરસ જ્યાં એના અન્તિમ દિવસો પસાર કરી રહ્યો હતો ત્યાં કોઈ ફરકતું નહોતું, કારણ કે એની આજુબાજુના પડોશીઓ પોતાનાં ઘરબાર છોડીને ક્યારનાં ભાગી છૂટ્યાં હતાં. ધગધગતા સળિયાથી આંખને વીંધીને છેક મગજ સુધી આંકી દીધેલું શાપરૂપ નીવડેલું જ્ઞાન ત્યાં લપાઈને પડી રહ્યું; એ ઝાડીમાંથી સફાળો કૂદકો મારીને અસંખ્ય અદૃશ્ય આંખોથી લોકોના પર એ કેમ જાણે હમણાં જ ત્રાટકી પડવાનું ન હોય ! કોઈ લેઝેરસ સામે જોવાની હિંમત કરતું નહોતું.

ને સાંજ ઢળતી ત્યારે સૂઝીને રાતો થયેલો સૂર્ય વધુ ને વધુ ફૂલતો જતો ને પશ્ચિમ તરફ ઝૂકી જતો. એ વેળાએ એની ટેવ મુજબ લેઝેરસ એને અનુસરવા ફાંફા મારતો. આમ કરવા જતાં એને ઠોકર વાગતી ને એ પડી જતો. શરીરે સ્થૂળ છતાં અશક્ત એ ભારે મુશ્કેલીથી ઊભો થતો ને વળી આગળ ચાલવા માંડતો સૂર્યસ્તના રાતા પડદાની પડછે બે હાથ લંબાવીને ચાલતી એ કાળી આકૃતિ ક્રૂસ જેવી લાગતી.

આમ એક વાર એ સૂર્યની પાછળ ગયો તે ગયો, પાછો ફર્યો જ નહિ. આમ ત્રણ દિવસ સુધી મૃત્યુના ગેબી રાજમાં રહી આવેલા ને ચમત્કારથી કબરમાંથી ઊભા થયેલા લેઝેરસની બીજી જિંદગી ખતમ થઈ.

અનુ. સુરેશ જોષી

મજાક

આઈઝાક બાશેવિસ સિંગર

૧

ન્યૂયોર્કમાં રહેતો કોઈ પોલિશ યહૂદી જર્મન ભાષામાં શા માટે સાહિત્યિક સામયિક પ્રસિદ્ધ કરે ? 'શબ્દ' નામનું એ સામયિક આમ તો દર ત્રણ મહિને પ્રસિદ્ધ થાય એવી યોજના હતી. પણ વાસ્તવમાં વરસમાં ભાગ્યે જ એ ત્રણ વાર પ્રસિદ્ધ થતું – કોઈક વાર તો આખા વરસમાં માંડ બે અંક નીકળતા. એ છન્નું પાનાંનું નાનું સામયિક હતું. એમાં જે જર્મન લેખકો લખતા તે બધા મને પરિચિત હતા. હિટલર સત્તારૂઢ થઈ ચૂક્યો હતો અને આ બધા લેખકોએ અમેરિકામાં શરણું લીધું હતું. પેરિસ, સ્વિટ્ઝર્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાથી સુધ્ધાં લેખો આવતા હતા. વાર્તાઓ જરા ક્લિષ્ટ શૈલીની આવતી. એમાં આખા પાના જેટલાં લાંબાં વાક્યો આવતાં. ગમે તેટલો પ્રયત્ન કરું છતાં મારાથી એમાંની એકે વાર્તા પૂરી વંચાતી નથી, કવિતામાં નહિ લય કે નહિ પ્રાસ અને મને તો લાગે છે કે એમાં કશું અર્થ જેવું પણ હોતું નહિ.

એનો પ્રકાશક લાઈબકિણ્ડ બેણ્ડેલ ગેલિસિયાનો વતની હતો. એણે થોડાં વર્ષો વિયેનામાં કાઢ્યાં હતાં અને હવે ન્યૂર્યોર્કમાં શેરબજાર અને જમીન મિલકતના વેચાણના ધંધામાંથી સારું એવું કમાયો હતો. ઓગણીસસો ઓગણત્રીસમાં ભયંકર મંદી આવી તે પહેલાં એણે બધા શેર વેચી નાખ્યા હતા. જ્યારે પૈસા વિરલ વસ્તુ બની ગઈ હતી ત્યારે એની પાસે લખલૂટ પૈસો હતો. એમાંથી એ મકાનો ખરીદતો.

મારે એની સાથે ઓળખાણ થઈ કારણ કે એ યિદ્દિશ ભાષામાં 'શબ્દ' જેવું સામયિક પ્રસિદ્ધ કરવા ઇચ્છતો હતો. હું એનો તંત્રી થાઉં એવી એની ઇચ્છા હતી. અમે ઘણીય વાર રેસ્તોરાં તથા કાફેમાં તથા રિવરસાઇડ ડ્રાઇવ પરના એના ઘરમાં મળતા. એ સળેકડા જેવો હતો, એનું માથું નાનું હતું અને એના પર એકે વાળ નહોતો. એનું મોઢું લાંબું

હતું. એનું નાક અણીદાર હતું. એની દાઢી આગળ નીકળી આવી હતી. એના હાથ અને પગ ખૂબ નાના અને નાજુક, કોઈ સ્ત્રીના હોય એવા હતા. એની આંખોમાં અમ્બર જેવી પીળાશ હતી. દસ વરસના છોકરા પર કોઈએ મોટા માણસનું માથું મૂકી દીધું હતું એવું એને જોતાં મને લાગતું. એ હંમેશાં ભડક રંગનાં કપડાં પહેરતો. જરીબુટ્ટીવાળી ટાઇ એ પહેરતો. લાઈબકિણ્ડ બેણ્ડેલને ઘણી બધી વસ્તુઓમાં રસ પડતો. એ લેખકોના હસ્તાક્ષર, એમની લખેલી હસ્તપ્રતો એકઠી કરતો, જૂનીપુરાણી વસ્તુઓ ખરીદતો. શેતરંજનો એ શોખીન હતો. પોતાને એ લહેરીલાલો માનતો અને સારું ખાવાપીવાની રુચિ પણ એણે કેળવેલી હતી. એને નવાં નવાં યાન્ત્રિક સાધનોનો શોખ હતો. કેલેણ્ડરવાળી ઘડિયાળ, બેટરીવાળી ફાઉન્ટન પેન જેવી વસ્તુઓ એને ગમતી. ઘોડાની શરતોમાં એ જુગાર રમતો, સારી જાતનો દારૂ પીતો. એની પાસે સ્ત્રીપુરુષોના યૌનસમ્બન્ધ વિશેનાં પુસ્તકોનો સારો એવો સંગ્રહ હતો. કોઈક ને કોઈક યોજનાઓ એના મનમાં ચાલ્યા જ કરતી – માનવજાતિને બચાવી લેવાની, યહૂદીઓને પેલેસ્ટાઈન પાછું અપાવવાની, કુટુંબજીવનમાં સુધારો કરવાની, લગ્ન સંબંધ ગોઠવવાના વિધિને વિજ્ઞાન કે કળાના રૂપમાં ફેરવી કાઢવાની. એનો એક બહુ જ માનીતો ખ્યાલ તે એવા પ્રકારની લોટરીનો હતો જેમાં ઇનામ તરીકે સુન્દર છોકરી મળે જે વિશ્વસ્પર્ધામાં પ્રથમ આવી હોય.

લાઇબકિણ્ડ બેણ્ડેલની જર્મન પત્નીનું નામ ફ્રાઇડેલ હતું. એ એ એના કરતાં ખાસ ઊંચી નહોતી પણ શરીર ભરાયેલું હતું. એના વાળ કાળા અને વાંકડિયા હતા. એ હેમ્બુર્ગમાંના એક રેલવે કામદાર અને ધોબણની દીકરી હતી. એનાં માતાપિતા આર્યન હતાં પણ એ યહૂદી જેવી લાગતી હતી. શ્લેગેલે કરેલા શેકસપિયરના અનુવાદ વિશે એ કેટલાંય વર્ષોથી શોધનિબન્ધ લખી રહી હતી. એ પોતાનું બધું કામ ઘરે જ કરતી. વધારામાં પોતાના પતિની મદદનીશ તરીકે પણ કામ કરતી. એના પતિને એક રખાત પણ હતી. એનું નામ સારા. એ વિધવા હતી અને એને એક ગાંડી દીકરી હતી. સારા બ્રાઉન્સ્વીલમાં રહેતી હતી. લાઈનકિણ્ડ બેણ્ડેલે એક વાર મને એની ઓળખાણ કરાવી હતી.

લાઈબકિણ્ડ બેણ્ડેલની એક માત્ર ભાષા યિદ્દીશ હતી. જે એ ભાષા નહોતું જાણતું એની સાથે એ યિદ્દીશ, જર્મન અને અંગ્રેજીના વિચિત્ર મિશ્રણવાળી ભાષામાં વાત કરતો. શબ્દોની સેળભેળ કરવાની એનામાં અજબ આવડત હતી. સાહિત્ય જોડે એને કશી લેવાદેવા નહોતી એ જાણતાં મને ઝાઝી વાર લાગી નહિ. 'શબ્દ'ની સાચી તંત્રી તો ફ્રાઇડેલ હતી. યિદ્દીશ ભાષામાં એ સામયિક કદી પણ પ્રકટ થઈ શક્યું નહિ પણ એ માણસનામાં રહેલા કશાક તત્ત્વે મને આકર્ષ્યો. હું એનો તાગ કાઢી શકતો નહોતો તેથી જ કદાચ એની પ્રત્યે આકર્ષાયો હોઈશ. મેં એને ઓળખી લીધો છે એમ મને જ્યાં લાગે ત્યાં વળી એ કાંઈ નવો જ તુક્કો લઈને મારી પાસે આવી ચઢે.

લાઇબકિણ્ડ બેણ્ડેલ હમેશાં ડો. એલેકઝાણ્ડર વાલ્ડેન નામના એક જૂના અને પ્રખ્યાત હિબ્રૂ લેખક સાથેના પત્રવ્યવહારની ઘણી વાર વાતો કરતો. એ ફિલસૂફ ઘણાં વર્ષો સુધી

બર્લિનમાં રહેલા. ત્યાં એમણે હિબ્રુ વિશ્વકોશનું સંપાદન કરેલું. એના શરૂઆતના ખણ્ડો પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં બહાર પડી ચૂકેલાં. વિશ્વકોશનું પ્રકાશન એટલાં તો વર્ષો સુધી લંબાયું કે એ એક મજાક થઈ પડી. એવું કહેવાતું કે એનો છેલ્લો ખણ્ડ મરેલાઓના પુનરવતાર અને પયગમ્બરના પુનરગમન પછી થશે. ત્યારે એમના દરેક નામને ત્રણ ત્રણ તારીખો આપવી પડશે : એની જન્મ તારીખ, મૃત્યુની તારીખ અને કબરમાંથી ઊભા થવાની તારીખ.

શરૂઆતથી જ આ વિશ્વકોશને ડાન નિયેસ્ટરે મદદ કરી હતી. હવે તો એ એંસી વરસનો ઘરડો થઈ ગયો હતો. એલેકઝાણ્ડર વાલ્ડેન ડાન નિયેસ્ટરની મદદ પર જીવતો હોવા છતાં ધનિકની જેમ વર્તતો હતો. એને રહેવા ઘર ખાસ્સું મોટું હતું, એની પાસે ઘણા ચિત્રકારોનાં ચિત્રો હતાં. એક બટલર પણ હતો. એલેકેઝાણ્ડર વાલ્ડેન જ્યારે જુવાન હતો ત્યારે એક ચમત્કાર થયેલો. એક યહૂદી કરોડાધિપતિની દીકરી માથિલ્ડા ઓપેનહાઇમર એની જોડે પ્રેમમાં પડી હતી. એ એની જોડે થોડા જ મહિના રહી અને પછી છૂટાછેડા લઈ લીધા. પણ એલેકઝાણ્ડર વાલ્ડેન એક વાર જર્મન કરોડાધિપતિની દીકરીના પતિ હતા અને જર્મન ભાષામાં લખતા હતા, એ હકીકતથી હિબ્રુ ભાષામાં લખનારાઓ પર ભારે પ્રભાવ પડી ગયો. પણ એ લોકોની અવગણના કરતો. આથી એમની નજરે એ શેખીખોર લાગતો. એ તો યિદ્દીશ બોલવાનું સુધ્ધાં ટાળતો. જો કે આમ તો એ પોલેન્ડના એક નાના ગામડાના રબાઈનો દીકરો હતો. એને આઇન્સ્ટાઇન, ફ્રોઈડ અને બર્ગસોં સાથે આત્મીયતાભર્યા સંબંધો હતા એમ કહેવાતું.

લાઇબકિણ્ડ બેણ્ડેલ ડો.એલેકઝાણ્ડર વાલ્ડેન જોડે પત્રવ્યવહાર કરવા શા માટે ઉત્સુક હતો તે તો મને આજ દિવસ સુધી સમજાયું નથી. ડો.વાલ્ડેન કદી પત્રના જવાબ આપતા નથી એવી એમની ખ્યાતિ હતી. અને બેણ્ડેલને બતાવી આપવું હતું કે એને કોઈ નકારી શકે નહિ. એણે 'શબ્દ'માં લેખ લખવા માટે વાલ્ડેનને પત્ર લખ્યો. એના એ પત્રની કશી નોંધ લેવાઈ નહિ. એણે લાંબા લાંબા તાર કર્યા તોય વાલ્ડેને કશો જવાબ વાળ્યો નહિ. વાત આ તબક્કે પહોંચી પછી બેણ્ડેલે વાલ્ડેનનો પત્ર ગમે તે ભોગે મેળવવાનો દૃઢ નિશ્ચય કર્યો.

ન્યૂયોર્કમાં બેણ્ડેલ પુસ્તકોની સંદર્ભસૂચિ તૈયાર કરનાર હિબ્રુ વિદ્વાન ડોવ બેન ઝેવને મળ્યો. એ ખૂબ વાંચવાને કારણે અડધો આંધળો થઈ ગયો હતો. વાલ્ડેને જે કાંઈ લખ્યું હતું તે આ ડોવ બેન ઝેવને બધું મોઢે હતું. બેણ્ડેલે એને પોતાને ઘેરે નિમંત્રણ આપીને બોલાવ્યો, એને ભાવતું ભોજન કરાવ્યું અને પછી બન્ને જણાએ વિગતે એક એવી યોજના ઘડી કાઢી. ડો. વાલ્ડેનને એક પત્ર મોકલવામાં આવ્યો. એ પત્ર ન્યૂયોર્કની એક પૈસાદાર છોકરીએ — કરોડોની વારસદાર છોકરીએ – લખ્યો હોય એવી રીતે મોકલવાનો હતો. એ છોકરીનું નામ રાખ્યું હતું મિસ ઇલિયેનોર સેલિગ્માન બ્રાઉડે. એ પત્ર ખૂબ પ્રેમભર્યો અને ડો.વાલ્ડેનના વ્યકિતત્વ તથા કૃતિઓ માટેના આદરભાવથી પૂર્ણ હતો. એમાં

ડૉ.વાલ્ડેનની કૃતિઓ વિશેનું જ્ઞાન ડોવ બેન ઝેવનું, જર્મન પ્રશિષ્ટ કૃતિઓનું જ્ઞાન ફાઇડેલનું અને ખુશામતખોરી બેણ્ડેલની.

લાઈબક્રિબ્ડ બેણ્ડેલને તરત જ સમજાઈ ગયું કે આટલી ઉંમર છતાં ડૉ.વાલ્ડેન કોઈ પૈસાદાર સ્ત્રી જોડે પરણવાના સ્વપ્નાં સેવતા હતા. અમેરિકાની કરોડાધિપતિ અપરિણીત અને ડૉ.વાલ્ડેનના કામમાં બહુ જ ઊંડો રસ ધરાવનારી આ નારી એને માટે આદર્શ પાત્ર હતી. લગભગ તરત જ આઠ પાનાં જેટલો લખેલો એક પત્ર વિમાની ટપાલ દ્વારા આવી પહોંચ્યો. ડૉ.વાલ્ડેને પ્રેમનો જવાબ પ્રેમથી વાળ્યો. એમને ન્યૂયોર્ક જવાની ઇચ્છા થઈ આવી.

ફાઇડેલે એક કરતાં વધારે પત્ર લખ્યો નહિ. એણે તો વિરોધ ઉઠાવતાં કહ્યું કે આ આખી વાત જ ગંદી છે અને એને એની જોડે કશી લેવાદેવા નથી. પણ બેણ્ડેલના હાથમાં એક બુઢ્ઢી, જર્મનીથી આવેલી એક શરણાર્થી બાઈ આવી ગઈ. એનું નામ હતું શ્રીમતી ઇન્ગે શુલ્ડાઇનર. એ આ તરકટમાં સામેલ થવા તૈયાર હતી. પછી પત્રવ્યવહાર શરૂ થયો જે ૧૯૩૩થી ૧૯૩૮ સુધી ચાલ્યો. આ વર્ષો દરમ્યાન એક જ વસ્તુને કારણે ડૉ.વાલ્ડેન ન્યૂયોર્ક જતા અટક્યા – એમને દરિયાઈ મુસાફરી સદતી નહોતી. ૧૯૩૩માં ડાન નિયેસ્ટર લંડન આવીને રહ્યો. એની બર્લિનમાંની બધી સંપત્તિ જપ્ત થવામાં હતી. એનો ધંધો એના દીકરાએ પચાવી પાડ્યો હતો. એ ડૉ. વાલ્ડેનને સાથે લઈને લંડન આવ્યો. આટલી નાની દરિયાની મુસાફરીમાં ડૉ.વાલ્ડેન એટલા તો માંદા થઈ ગયા કે ડોવર ઊતર્યા ત્યારે એમને ડોળીમાં લઈ જવા પડ્યા.

૧૯૩૮ના ઉનાળાની એક સવારે હું જ્યાં રહેતો હતો ત્યાંથી મને સાત વાગ્યે નીચેના જાહેર ટેલિફોન પર બોલાવવામાં આવ્યો. હું મોડો સૂતો હતો એટલે જાગીને તૈયાર થઈ ત્રણ દાદર નીચે ઊતરીને જતાં મને જરા વાર લાગી. ફોન બેણ્ડેલનો હતો, ‘મેં તમને જગાડી મૂક્યા ?’ એ સામેથી બરાડી ઊઠ્યો, ‘હું જરા મુશ્કેલીમાં આવી પડ્યો છું. આખી રાત મેં એક મટકું સરખું માર્યું નથી. જો તમે મદદ નહિ કરો તો મારું તો આવી જ બન્યું છે. તો તમે મારા નામ પર ચોકડી જ મૂકી દેજો ને મારા આત્માની શાન્તિ માટે પ્રાર્થના પણ કરી લેજો.’

‘પણ થયું છે શું ?’

‘ડૉ.વાલ્ડેન વિમાનમાં અહીં આવી રહ્યા છે, લંડનથી શ્રીમતી શુલ્ડાઇનર પર ઇલિયેનોરને માટે તાર આવ્યો હતો. એમાં ઇલિયેનોરને હજાર ચુમ્બનોની ભેટ મોકલી છે !’

આ બધું શું બની રહ્યું હતું તે સમજતાં મને થોડી વાર લાગી. ‘તો મારે શું કરવાનું છે ? કોઈ કરોડાધિપતિની વારસદારનો પાઠ ભજવવાનો છે ?’ મેં એને પૂછ્યું, ‘મેં તો જબરો ભાંગરો વાટી નાખ્યો છે ! આ લડાઇ ફૂટી નીકળવાની બીક નહિ હોત તો હું યુરોપમાંથી ભાગી છૂટ્યો હોત. તો હું શું કરું ? હુંયે કેવો ચક્રમ છું ! મને તો કોઈ

પાગલખાનામાં પૂરી દેવો જોઈએ. ડો.વાલ્ડેનને મળવા કોઈકે તો જવું જ પડશે.'

'ઇલિયેનોર કેલિફોર્નિયા આવી શકે.'

'પણ એણે તો અમને કહ્યું છે કે આ ઉનાળામાં એ શહેરમાં જ રહેવાની છે. એ જ્યાં રહે છે તે તો એક નાનકડી ઓરડી જ છે. એ કોઈ કરોડાધિપતિની દીકરીનું ઘર ન જ હોઈ શકે. એ તો એમને સમજાઈ જ જશે. એમની પાસે એનો ફોન નંબર પણ છે. શ્રીમતી શુલ્ડાઈનર જો ફોન પર જવાબ આપશે તો બધો ભાંડો ફૂટી જશે. એમનામાં તો સહેજેય મજાક કરવાની કે સમજવાની શકિત નથી.'

'આવા સંજોગોમાં તો ઈશ્વર પણ કશી મદદ કરી શકે કે કેમ તે વિશે મને શંકા છે.'

' તો હું શું કરું ? આત્મહત્યા કરીને મરી જાઉં ? આજ સુધી તો એમને હવાઈ મુસાફરી કરવાનો ડર લાગતો હતો. અચાનક એ બુઢ્ઢા મૂરખમાં હિમ્મત આવી ગઈ. જાદુ કરનાર રબાઈ મેસરને હું દશ લાખ ડોલર દાનમાં આપવા તૈયાર છું. એણે એવો જાદુ કરવો જોઈએ કે ડો.વાલ્ડેનનું વિમાન દરિયામાં તૂટી પડે. પણ ભગવાનને ને મારે દોસ્તી નથી. આપણને આજે રાતના આઠ સુધીનો જ સમય છે.'

'મહેરબાની કરીને મને આમાં સંડોવીશ નહિ.'

'મારા મિત્રોમાં કેવળ તમે જ આ બધું જાણો છો. ગઈ રાતે ફ્રાઇડેલ મારા પર એવી તો રોષે ભરાઈ હતી કે એણે છૂટાછેડા લઈ લેવાની ધમકી સુધ્ધાં આપી હતી. પેલો ડોવ બેન ઝેવ તો હોસ્પિટલમાં છે. મેં હિબ્રુ ભાષાના પણ્ડિતને ફોન કર્યો, પણ ડો. વાલ્ડેને એમનું એવું તો અપમાન કર્યું છે કે હવે તો એમની વચ્ચે બાપે માર્યા વેર છે. એટલે તો હોટેલમાં જગ્યા સુધ્ધાં લઈ રાખી નથી. એઓ તો એવી આશા રાખતા હશે કે ઇલિયેનોર એમને વિમાનઘર પરથી સીધી લગ્નમંડપમાં જ લઈ જશે.'

'સાચું કહું છું, હું આમાં કશી જ મદદ નહિ કરી શકું.'

'કાંઈ નહિ તો આપણે સાથે નાસ્તો કરીએ – જો હું કોઈ જોડે વાત ન કરું તો મારું ખસી જ જાય, બોલો તમને ક્યારે ફાવશે ?'

'મારે તો ઊંઘવું છે, ખાવું નથી.'

'મારેય ઊંઘવું છે. મેં રાત્રે ઊંઘવાની ત્રણ ટીકડીઓ લીધી હતી. મેં સાંભળ્યું છે કે ડાન નિયેસ્ટર કોડી સરખી સાથે લીધા વિના જર્મની છોડી ગયા છે, એને પંચ્યાશી થયાં; આમ તો ભૂતકાળની જ વ્યક્તિ કહેવાય, એના દીકરાઓ સામા પ્રશિયાના રહેવાસી છે. એઓ અર્ધા વટલાઈ ચૂકેલા છે. જો લડાઈ ફાટી નીકળે તો આ ડો.વાલ્ડેન મારે ગળે ઘંટીના પડની જેમ ભારરૂપ થઈ પડશે. એને હું બધી પરિસ્થિતિ સમજાવું પણ શી રીતે ? તો તો કદાચ એને પક્ષાઘાત થઈ જાય.'

બ્રોડવે પરના એક રેસ્ટોરાંમાં અગિયારેક વાગ્યે મળવાનું અમે નક્કી કર્યું. હું પાછો પથારીમાં પડ્યો ખરો પણ મને ઊંઘ આવી નહિ. મેં થોડાં ઝોકાં ખાધાં. મને થોડું મારા પર હસવું પણ આવ્યું. હું આ કોયડાનો ઉકેલ શોધવાની રમત રમતો રહ્યો. મને કાંઈ

બેણ્ડેલ માટે વહી જતું નહોતું.પણ છાપાંમાંની 'ક્રોસ વર્ડ પઝલ' ઉકેલતા હોઈએ એવી રીતે હું એ વિશે વિચારતો રહ્યો.

૨

રેસ્ટોરાંમાં હું બેણ્ડેલને એકદમ ઓળખી શક્યો નહિ. એણે પીળા રંગનો કોટ, રાતું ખમીસ અને સોનેરી ટપકાંવાળી ટાઇ પહેર્યાં હતાં તેમ છતાં એના ચહેરા પર માંદગી પછી દેખાતી હોય તેવી ફિકાશ હતી, એ બે હોઠ વચ્ચે લાંબી સિગારને રમાડી રહ્યો હતો. એણે કોન્યાક દારૂ પણ મંગાવી લીધો હતો. એ ખુરશીની ધાર પર બેઠો હતો. હું હજી તો બેસવા જતો હતો ત્યાં એણે કહ્યું, 'મને એક રસ્તો જડ્યો છે, પણ તમારે મને મદદ કરવી પડશે. ઇંલિયેનોર હમણાં જ એક હવાઇ અકસ્માતમાં મરી પરવારી છે. મેં શ્રીમતી શુલ્ડાઇનર જોડે વાત કરી લીધી છે. એઓ મારી વાતને ટેકો આપશે એ ઘાઘરાઘેલા બુઢ્ઢાને વિમાનઘર પરથી હોટેલમાં લઈ જવો – બસ, એટલું જ તમારે કરવાનું છે. તમે ઇંલિયેનોરના મિત્ર કે પિતરાઇ છો એવું એને કહેજો. હું એમને માટે ઓરડી રાખીશ અને એક મહિનાનું ભાડું પહેલેથી આપી દઈશ. પછીથી મારી કશી જવાબદારી નહિ, પછીથી ભલે એ લંડન જાય અને કોઈ ઉમરાવની દીકરીને શોધી કાઢે.'

'ઇંલિયેનોરના મિત્રનો પાઠ તો તુંય મારી જેમ ભજવી શકે.'

'ના, હું એ નહિ કરી શકું, એ તો મને જળોની જેમ વળગેલો રહેશે. તમારી પાસેથી એને શું મળવાનું હતું – તમારી હસ્તપ્રતો ? તમારે તો પણ એની જોડે થોડા કલાકો જ ગાળવાના છે; પછી તમને એ નહીં પજવે. બહુ બહુ તો હું એને લંડન પાછા વળવા માટેના પૈસા આપી છૂટીશ, તમે મારી જિંદગી બચાવી લેશો ને એ ઉપકાર હું જિંદગીભર નહીં ભૂલું. એને તમારું સરનામું આપશો નહીં. તમે શિકાગો કે મિયામીમાં રહો છો એવું કહેજો. એક વખત એવો હતો જ્યારે એમની સાથે અર્ધો કલાક ગાળવા માટે મેં એમની આગળ ધનનો ઢગલો વાળી દીધો હોત. પણ હવે મને એવા અભરખા રહ્યા નથી. મને હવે એમની બીક લાગે છે. હું એમને જોઈશ અને જેવા એઓ ઇંલિયેનોરનું નામ બોલશે કે તરત જ હું હસવા માંડીશ. ખરું કહું તો હું અહીં બેઠો બેઠો મારી જાતને જ હસી રહ્યો હતો, વેઇટરને તો એમ જ થયું કે આનું ખસી ગયું લાગે છે.'

'બેણ્ડેલ, મારાથી એ નહિ બને.'

'બસ, આ તમારો છેલ્લો શબ્દ છે ?'

'મારાથી આવું ફારસ નહિ થાય.'

'વારુ ત્યારે, ના એટલે ના, મારે જ બધું કરવું પડશે. હું એને કહીશ કે હું ઇંલિયેનોરનો દૂરનો પિતરાઈ છું, એનો ગરીબ સગો છું. એણે જ મને આશ્રય આપેલો. હું કયું નામ

રાખું ? લિપમેન ગેઇગર. વિયેનામાં મારા ભાગીદારનું એ નામ હતું. જરા થોભો, મારે ફોન કરવો પડશે.'

બેણ્ડેલ સફાળો કૂદીને ટેલિફોન કરવા દોડ્યો. દશેક મિનિટ સુધી એ ત્યાં રહ્યો. કાચના બારણામાંથી હું એને જોઈ શકતો હતો. એ નોટબુકનાં પાનાં ફેરવતો હતો. એના મોઢા ઉપર વિભિન્ન હાવભાવ દેખાતા હતા. પાછા આવીને એણે કહ્યું, 'મેં હોટેલ નક્કી કરી દીધી છે અને બીજું બધુંય પતાવી દીધું છે. આ બધી જંજાળ હું શા માટે વેઠું ? મારે સામયિક બંધ કરી દેવું છે. હું પેલેસ્ટાઇન જતો રહીશ અને યહૂદી થઈ જઈશ. આ બધા લેખકો ભેજાંગેપ છે, એમની પાસે કશું કહેવા જેવું છે જ નહિ. મારા દાદા પચાસેકના હતા ત્યારે દરરોજ મધરાતે ઊઠીને એઓ પ્રાર્થના કરતા. ડૉ. વાલ્ડેન પાંસઠની વયે કોઈ કરોડાધિપતિની છોકરીને ફસાવવા માગે છે. એનો છેલ્લો પત્ર બાઇબલમાં આવે છે તે 'સૉંગ ઓફ સૉંગ્સ' જ જાણે જોઈ લો ! એના વિજ્ઞાનકોશની કોને પડી છે ? આ શ્રીમતી શુલ્ડાઇનર મૂરખ બાઈ છે, અને વળી એ મૂરખનો પાઠ પણ ભજવી જાણે છે !'

'કદાચ એ શ્રીમતી શુલ્ડાઇનરને પરણી જાય.'

'એને તો સિત્તેર ઉપર થયાં છે. એ તો વડદાદી થઈ ચૂકી છે. એક વાર એ ફ્રાન્કફર્ટમાં શિક્ષિકા હતી....હેમ્બુર્ગમાં – ક્યાં તે તો હું ભૂલી ગયો છું. બજારમાં વેચાતા હોય છે તેવા પ્રેમપત્રોની એણે નકલ કરી હતી. ઇલિયેનોરનો પાઠ ભજવી શકે એવી કોઈ સ્ત્રી મારે શોધી કાઢવી જોઈએ. યિદ્દીશ અભિનેત્રીઓ વિશે તમે શું ધારો છો ?'

'એ લોકોને તો રડવા સિવાય બીજું કશું આવડતું નથી.'

'ન્યૂયોર્કમાં ક્યાંક એમનું સાચું ચાહક કોઈક તો હશે જ - કોઈ પ્રૌઢ કુમારિકા જે આવી રીતે ગોઠવાઈ જવાનું જ ઇચ્છતી હોય. પણ એને શોધવી ક્યાં ? હું તો ખૂબ થાકી ગયો છું. મને બધાંનો કંટાળો આવે છે. એ ફ્રાઇડેલ આમ તો ભણેલીગણેલી છે. પણ એનામાં કલ્પનાનો છાંટો નથી. એ માત્ર શ્લેગેલ વિશે જ વિચાર્યા કરે છે. સારા તો એની દીકરીમાંથી ઊંચી આવે તો ને ! એ લોકોમાં એક નવો રિવાજ છે – એ લોકો દર્દીને પહેલાં ઘેર મોકલાવી દે ને પછી પાછા હોસ્પિટલમાં લઈ જાય. એક મહિનો એ હોસ્પિટલમાં રહે તો એક મહિનો એની મા સાથે. હું એમની સાથે બેસું ને મનેય એવું લાગવા માંડે કે જાણે હું ત્યાં છું જ નહિ. પણ હું આ બધું તમને શા માટે કહી રહ્યો છું ? મારા પર જરા મહેરબાની કરો અને મારી સાથે વિમાનઘરે આવો. હું તમારો આ ઉપકાર કદી નહીં ભૂલું. બોલો, આવો છો ને ? તમારો હાથ લાવો. આપણે બન્ને ગમે તે રીતે પહોંચી વળીશું. ચાલો, એ નામ પર એક પ્યાલી ઢીંચીએ.'

૩

હું કાચના પાર્ટિશનની પાછળ ઊભો રહીને વિમાનથી ઊતરતા લોકોને જોતો હતો. બેણ્ડેલ ઊંચોનીચો થતો હતો. એના સિગારમાંના ધુમાડાથી મારો તો દમ ઘુંટાતો હતો. કોણ જાણે શાથી મને એમ લાગતું હતું કે ડો.વાલ્ડેન ઊંચા આદમી હશે. પણ એઓ તો નાના, બમણા બાંધાના અને જાડા નીકળ્યા. એમની ફાંદ ખાસ્સી મોટી હતી. એમનું માથુંય મોટું હતું. ઉનાળાના ગરમીભર્યા દિવસોમાં એમણે લાંબો કોટ પહેર્યો હતો, એમની ટાઈ હવામાં ફટફટ ઊડતી હતી. એઓ પાઈપ પી રહ્યા હતા. એમના હાથમાં બે ચામડાનાં ખાનાંવાળા પાકીટો હતાં. એને જૂની ઢબનાં તાળાં લગાડેલાં હતાં. ભરાવદાર ભ્રમરોની નીચે એમની આંખો કોઈકને શોધી રહી હતી.

બેણ્ડેલનો ગભરાટ એળે નીવડયો. એના મોઢામાંથી શરાબની ગંધ આવતી હતી; એ બિલાડી જેમ અવાજ કર્યા કરતો હતો. એણે એના હાથ હલાવ્યા ને બોલી ઊઠ્યો, 'આ ડો.વાલ્ડેન જ લાગે છે. હું એમને ઓળખું છું. જુઓ તો કેટલા જાડા થઈ ગયા છે. ઊંચાઈ કરતાં પહોળાઈ વધારે છે. ઘરડો બકરો જ જોઈ લો.'

ડો.વાલ્ડેન સીડી પરથી આવ્યા ત્યારે બેણ્ડેલે ધક્કો મારીને મને એની તરફ હડસેલ્યો. હું તો ભાગી જવા ઈચ્છતો હતો. પણ મારાથી એ બની શક્યું નહિ. એને બદલે હું એમના તરફ આગળ વધ્યો અને પૂછ્યું, 'આપ ડો.વાલ્ડેન ?'

ડો.વાલ્ડેને પોતાની સૂટકેસ નીચે મૂકી, પોતાના કાળા કાળા દાંત વચ્ચે પાઈપ બહાર કાઢી ને એ સળગતી હતી છતાં એને ખિસ્સામાં સેરવી દીધી અને કહ્યું, 'હા.'

મેં અંગ્રેજીમાં વાત કરતા કહ્યું, 'ડો.વાલ્ડેન, હું ઇલિયેનોર સેલિગ્મેન બ્રાઉડેનો મિત્ર છું. એક અકસ્માત થયો છે. એમનું વિમાન તૂટી પડ્યું.' હું જલદી જલદી બોલી ગયો. મારું ગળું અને તાળવું સુકાવા લાગ્યાં.

મને તો થયું મામલો વિફરશે, પણ એઓ તો એમની ભરાવદાર ભ્રમર નીચેથી મારી સામે તાકી રહ્યા, એમણે કાન આગળ હાથ ધર્યો અને મને જર્મન ભાષામાં જવાબ વાળ્યો, 'તમે જરા એ મને ફરીથી કહેશો ? હું તમારું અમેરિકી અંગ્રેજી સમજી શક્યો નહિ.'

'એક દુર્ઘટના બની છે - ભારે મોટી દુર્ઘટના !' બેણ્ડેલે યિદ્દીશમાં એમને કહેવા માંડ્યું, 'તમારી મિત્ર કેલિફોર્નિયાથી અહીં વિમાનમાં આવી રહી હતી ને વિમાન તૂટી પડ્યું, એ સીધું દરિયામાં જ પડ્યું, બધા જ ઉતારૂઓ મરી ગયા.'

'ક્યારે ? કેવી રીતે ?'

'ગઈ કાલે – સિત્તેર નિર્દોષ માનવીઓ – એમાંની ઘણીખરી તો બાળકોની માતાઓ હતી.' જર્મન લહેકા સાથે બેણ્ડેલે કહ્યું, 'હું એનો નજીકનો મિત્ર હતો, આ યુવાન ભાઈ પણ. તમે અહીં આવવાના છો એવું અમે સાંભળ્યું હતું. અમે તમને તાર કરવાના હતા. પણ બહુ મોડું થઈ ચૂક્યું હતું. આથી અમે તમને આવકારવા અહીં આવ્યા. અમારે માટે

તો આ બહુ ગૌરવનો પ્રસંગ છે, પણ આવા ભયંકર સમાચાર તમને આપવાનું અમારે માટે હૃદયવિદારક થઈ પડ્યું છે.' બેણ્ડેલ હાથ હલાવતો ગયો અને ડૉ.વાલ્ડેન બહેરા હોય તેમ એમના કાનમાં જોરથી બરાડતો ગયો.

ડૉ.વાલ્ડેને માથેથી હેટ ઉતારી અને પોતાના સામાન પર મૂકી. આગળથી એમને ટાલ પડી ગઈ હતી, પણ પાછળ ભૂખરા સોનેરી વાળનો ગુચ્છો હતો. એમણે ખિસ્સામાંથી મેલો અને ચોળાઈ ગયેલો રૂમાલ કાઢ્યો અને કપાળ પરથી પરસેવો લૂછયો. મને એવું લાગ્યું કે હજી વાત એમને બરાબર સમજાઈ નહોતી. હજી એઓ મનમાં એ વિશે વિચાર કરી રહ્યા હતા. એમના મોઢા પરની ચામડી લબડી પડી હતી; એમના મોઢા પર ધૂળ હતી, કપડાં ચોળાઈ ગયાં હતાં અને દાઢી પણ વધી ગઈ હતી. એમના શરીરમાંથી દવાના જેવી વાસ આવતી હતી. એના નાકમાં અને કાન પર વાળ હતા. થોડી વાર પછી એમણે જર્મનમાં કહ્યું, 'હું તો એને અહીં ન્યૂયોર્કમાં મળવાનો હતો. એ કેલિફોર્નિયા શા માટે ગઈ ?'

'ધંધા માટે. એ ધંધો કરતી. બહુ મોટી રકમનો મામલો હતો અને અહીં અમેરિકામાં તો કહે છે જ ને કે ધંધો પહેલો, પછી મોજમજા. એ અહીં તમને મળવા ઉતાવળે દોડી આવવાની હતી પણ ભાગ્યમાં એ નિર્માયું નહોતું.' બેણ્ડેલ આ બધું એકીશ્વાસે બોલી ગયો. છેલ્લે તો એનો અવાજ લગભગ ફાટી ગયો. એણે મને બધું જ કહ્યું હતું. તમારી તો એ પૂજક હતી. ડૉ.વાલ્ડેન. પણ માણસ ધારે કંઈ અને ઈશ્વર કરે કંઈ. એંશી તંદુરસ્ત લોકો – જુવાન સ્ત્રીઓ અને માસુમ બાળકો – હજી તો પા પા પગલી માંડતાં હતાં ત્યાં'

'પણ તમે કોણ છો તે હું પૂછી શકું ?' ડૉ.વાલ્ડેને પૂછયું,

'મિત્ર, આ જુવાન યિદ્દીશ લેખક છે.' બેણ્ડેલે મારી તરફ આંગળી ચીંધીને કહ્યું, 'એ યિદ્દીશ છાપામાં અને બીજે બધે લખે છે. મને તો એનાં નામેય મોઢે ચઢતાં નથી. બધું જ માતૃભાષામાં લખે છે. જેથી અદનો આદમી પણ સમજી શકે. અહીં ઘણા યિદ્દીશ બોલનારા છે. એમને માટે અંગ્રેજી તો શુષ્ક ભાષા. વતનની ભાષામાં જે રસ છલકાય ચે તે વિના એમને ન ચાલે.'

'હં,'

બેણ્ડેલે કહ્યું, 'ડૉ.વાલ્ડેન, અમે તમારા માટે હોટેલમાં રૂમ રાખી છે. અમે તમારા દુઃખમાં પૂરેપૂરા સહભાગી છીએ. ખરેખર બહુ કરુણ ઘટના બની છે. એનું નામ શું હતું ? બ્રાઉદે - સેલિકસન. ખરેખર એ એક અદ્‌ભુત નારી હતી. સ્વભાવે નરમ, વર્તનમાં પૂરી સલુકાઈ ને સુંદર પણ ખરી. એને હિબ્રુ અને બીજી દશ ભાષા આવડતી હતી. એકાએક મશીનમાં કશું તૂટી ગયું, એક સ્ક્રૂ ઢીલો પડી ગયો અને આ સંસ્કૃતિની સમૃદ્ધિનો અંત આવી ગયો. આવી છે આખરે માનવીની દશા. એ છે માત્ર એક તણખલું, રજકણું, પરપોટો.'

ડૉ.વાલ્ડેનના ગૌરવભર્યા વ્યવહાર માટે હું ઋણી હતો, એમણે વિલાપ કર્યો નહિ,

ચીસ પાડી નહિ, એમની ભ્રમરો ઊંચી કરી અને રાતી નાની નસોનાં જાળાંવાળી સજળ આંખે અચરજ અને વહેમથી અમારી સામે તાકી રહ્યા. એમણે પૂછ્યું, 'પુરુષો માટેનાં સંડાસ ક્યાં છે ? આ મુસાફરીથી મને ઊલટી થવા જેવું થાય છે.'

'ત્યાં પણે.' બેણ્ડેલે ઘાંટો પાડીને કહ્યું, 'અમેરિકામાં સંડાસોનો તોટો નથી. મારી સાથે ચાલો ડૉ.વાલ્ડેન. આપણે હમણાં એક સંડાસ આગળથી જ પસાર થયા હતા.' બેણ્ડેલે એક પેટી ઉપાડી, અમે ડૉ.વાલ્ડેનને સંડાસ તરફ દોરી ગયા અને એમણે સંડાસમાં ખૂબ વાર લગાડી.

'ચાલો, આફતની પળો તો પસાર થઈ ગઈ. મને તો એમ હતું કે એઓ બેભાન થઈ જશે. હું એમને તરછોડવાનો નથી. એમને ન્યૂયોર્ક જ્યાં સુધી રહેવું હોય ત્યાં સુધી ભલે રહે. કદાચ એઓ મારા સામયિક 'શબ્દ' માટે લખેય ખરા. હું એમને મુખ્ય તંત્રી બનાવીશ. ફ્રાઇડેલ તો આ બધાથી બહુ કંટાળી ગઈ છે. લેખકો પુરસ્કાર માગે છે અને પત્રોમાં ક્રોધ ઠાલવે છે. જો એકાદ શબ્દ ખોટો છપાયો કે એકાદ લીટી ઊડી ગઈ તો તમારું આવી બન્યું. હું એમને અઠવાડિયાના ત્રીસ ડોલર આપીશ. એમને જે મનમાં આવે તે લખે. આપણે આ સામયિક અડધું જર્મનમાં અને અડધું યિદ્દીશમાં છાપીશું. તમે બન્ને જણા તંત્રી તરીકે કામ કરો. ફ્રાઇડેલ વ્યવસ્થાપકનું કામ કરશે. તમે શું કહો છો ?'

'તમે જ કહેતા હતા કે ડૉ.વાલ્ડેનને યિદ્દીશ પ્રત્યે તિરસ્કાર છે.'

'આજે એમને તિરસ્કાર છે, આવતી કાલે એને ચાહતા થઈ જશે. આ બધા બુદ્ધિશાળીઓને તો તમે થોડાં વખાણ કરો અને થોડા પૈસા આપો એટલે ખરીદી લઈ શકાય.'

'હું યિદ્દીશ લેખક છું એવું તમારે એમને કહેવું નહોતું જોઈતું.'

'અરે ભાઈ એવી તો હજારો વાતો છે જે મારે નહોતી કરવી જોઈતી. પહેલી વાત તો એ કે મારે જન્મવું જ જોઈતું નહોતું. બીજી વાત કે મારે ફ્રાઇડેલને પરણવું જોઈતું નહોતું, ત્રીજી વાત એ કે મારે આ ફારસ શરૂ જ નહોતું કરવું જોઈતું, ચોથી વાત એ કે.....મેં તમારા નામનો ઉલ્લેખ નથી કર્યો એટલે એઓ તમને કદી ઓળખી કાઢશે નહિ. આ બધાંનું મૂળ મને મોટા માણસોને માટે આદર છે એમાં રહ્યું છે. મને લેખકો હંમેશાં ગમ્યા છે. જો કોઈનું છાપામાં કે સામયિકમાં કશું છપાય તો મારે મન તો એ દેવ. હું તો બધું બાઈબલની જેમ વાંચું. મેં ડૉ.વાલ્ડેનનું લખાણ એક સામયિકમાં વાંચેલું એટલે તો એમનું વ્યાખ્યાન સાંભળવા હું ગાંડાની જેમ દોડેલો. આ જ રીતે હું ફ્રાઇડેલને પણ મળ્યો, લો. આ ડૉ.વાલ્ડેન આવ્યા.'

ડૉ.વાલ્ડેનના પગ લથડતા હોય એમ લાગ્યું. એમનું મોઢું પીળું પડી ગયું હતું, પાટલૂનના બટન બંધ કરવાનું એઓ ભૂલી ગયા હતા. એઓ અમારી સામે તાકી રહ્યા અને કંઈક બબડ્યા.પછી 'માફ કરજો' એવું બોલ્યા અને સંડાસ તરફ ગયા.

ડો.વાલ્ડેને મારું સરનામું અને ટેલિફોન નંબર માગ્યા અને મેં એમને આપ્યા. હું આવા વિદ્વાન માણસને ઠગી નહિ શકું. એઓ ન્યૂયોર્ક આવ્યા અને બીજે જ દિવસે બેણ્ડેલ મેક્સિકો જવા ઊપડી ગયા. હમણાંના એઓ વારે વારે મેક્સિકો જાય છે. ત્યાં એમની કોઈ રખાત હોય એવો મને વહેમ છે અને કદાચ ધંધોધાપો પણ કરતા હશે. એઓ કંઈક વિલક્ષણ રીતે વેપારી અને કળાના શોખીનનો ભેગો પાઠ ભજવી જાણે છે. જર્મનીના એક યહૂદી લેખક માટે વિઝા મેળવવા એઓ વોશિંગ્ટન ગયા અને ત્યાં એરોપ્લેનના ભાગો બનાવવાની ફેકટરીના એઓ એકાએક ભાગીદાર બની ગયા. એનો માલિક પૉલેન્ડનો યહૂદી હતો. અને એ ચામડાના ધંધામાં હતો. એને આ વિમાનની કશી ખબર નહોતી. મને સમજાયું કે આ અર્થશાસ્ત્ર ઉદ્યોગ અને કહેવાતી વ્યવહારુ બાબતની દુનિયા તે સાહિત્ય અને ફિલસૂફીની દુનિયા કરતાં વધારે નક્કર તો નહોતી જ.

એક દિવસે જમીને ઘેરે આવ્યો ને જોયું તો એક ચિઠ્ઠી પડી હતી. ડો. વાલ્ડેનનો સન્દેશો હતો, તેઓ મને મળવા આવી ગયા હતા. મેં એમને ફોન કર્યો. સામેથી એમનો તોતડાતો સસણીવાળો અવાજ સંભળાયો. એઓ મારી જોડે જર્મનના પ્રભાવવાળી યિદ્દીશ ભાષામાં વાત કરતા હતા. મારા નામનો એમણે ખોટો ઉચ્ચાર કર્યો. એમણે કહ્યું, 'તમે ઘેર આવો, હું ઘેરે જ છું.'

બેણ્ડેલે ડો.વાલ્ડેનને શહેરને બીજે છેડે જૂની ઢબની યહૂદી હોટેલમાં રાખ્યા હતા. અમે બન્ને એને સામે છેડે રહેતા હતા. હું સબવેમાં થઈ ને લફાયતે સ્ટ્રીટ પહોંચી ગયો ને ત્યાંથી ચાલીને હોટેલ પર ગયો. એની પરસાળ રજાઈઓથી ભરેલી હતી. એ લોકોની કંઈક પરિષદ ચાલતી હોય એવું લાગ્યું. એ લોકો ગેબર્ડિન અને મખમલની ટોપીઓ પહેરીને આમથી તેમ લટાર મારતા હતા. હાથથી હાવભાવ કરતા હતા. દાઢીના વાળ ખેંચતા હતા અને બધા એકી સાથે બોલી ઊઠતા હતા. લિફ્ટ દરેક માળ આગળ અટકતી હતી અને એના ખુલ્લા બારણામાંથી મેં એક નવવધૂની છબી પાડવામાં આવતી હતી તે જોયું. નોકરો મિજબાની પતી ગયા પછીનો કચરો સાફ કરતા હતા. મેં ડો.વાલ્ડેનના ઓરડાનું બારણું ખખડાવ્યું. એઓ બહાર આવ્યા. એમણે પગની ઘૂંટી સુધી પહોંચે એવો બર્ગણ્ડીના જેવા રાતા રંગનો બાથરોબ પહેર્યો હતો. એના પર ટપકાં ટપકાં હતાં. પગમાં અવાજ કરતાં સપાટિયાં હતાં. ઓરડામાંથી તમાકુની, ઊંઘવાની દવાની અને માંદગીની ઉબાઈ ઊઠેલી વાસ આવતી હતી. એઓ સહેજ ફુંગરાઈ ઊઠેલા ફિક્કા અને મૂંઝાયેલા જેવા લાગતા હતા. એમણે મને પૂછયું. 'તમે જ શ્રીમાન - શું તમારું નામ - 'શબ્દ' સામયિકના તંત્રી છો ?'

'મેં એમને મારું નામ કહ્યું.

'તમે પેલા કયા છાપામાં લખો છો ?'

હું જે છાપામાં લખતો હતો તેનું મેં એમને નામ કહ્યું.

'ઠીક ઠીક.'

એમણે વારે વારે મારી સાથે જર્મન ભાષામાં બોલવાનો પ્રયત્ન કર્યો. આખરે યિદ્દીશમાં બોલવા લાગ્યા, એઓ જે ગ્રામવિસ્તારના હતા તેનો રણકો એમાં હતો. એમણે કહ્યું, 'આ તે કેવી આફત ! એ શા માટે એકાએક ઊડીને કેલિફોર્નિયા ગઈ ? મારે તો આ મુસાફરી કરવી કે નહિ તે વિશેનો નિર્ણય લેતાં વર્ષો લાગે. કાન્ટની જેમ મને મુસાફરીનો ગભરાટ ભારે. મારા એક મિત્ર પ્રો. મોન્ડેકે – પેલા પ્રખ્યાત મોન્ડેકના સગા – મને ટીકડીઓ આપી હતી ખરી પણ એથી તો મારો પેશાબ બંધ થઈ ગયો. મને તો એમ જ થયું કે મારી છેલ્લી ઘડી આવી લાગી. હું મરી જાઉં અને એરોપ્લેન મારા શબને ન્યૂયોર્ક લઈ આવે તો કેવું સારું, એવો મને વિચાર આવ્યો. પણ મારે બદલે એ ચાલી ગઈ. હજી આ વાત મારે ગળે ઊતરતી નથી. મેં તો આજુબાજુમાં કોઈકને પૂછ્યું પણ ખરું પણ આવા વિમાની અકસ્માતની કોઈને ખબર નહોતી. મેં એનો નંબર શોધીને ફોન કરી જોયો. કોઈ ડોશીએ જવાબ આપ્યો. એ સાવ બહેરી હશે, એના બોલવામાં કશો ઢંગધડો નહોતો. એરપોર્ટ પર તમારી સાથે જે સહેજ ઠીંગણા ભાઈ હતા તે કોણ ?'

'લિપમેન ગેઇગર.'

'ગેઇગર ? અબ્રાહમ ગેઇગરનો પૌત્ર ? એ લોકો તો યિદ્દીશ બોલતા નથી. મોટા ભાગના તો વટલાઈને ખ્રિસ્તી થઈ ગયા છે.'

'આ ગેઇગર તો પોલેન્ડના છે.'

' એને ને ઈલિયેનોરને શો સંબંધ ?'

'મૈત્રીનો.'

'હું તો મુંઝાઈ ગયો છું.' ડૉ.વાલ્ડેન અડધું પોતાને ઉદ્દેશીને બોલતા હોય તેમ બોલ્યા, 'મેં શેક્સપિયર વાંચ્યો છે એટલે મને અંગ્રેજી આવડે છે. એમનું 'ટેમ્પેસ્ટ' નાટક મૂળ અંગ્રેજીમાં ઘણી વાર વાંચ્યું છે. એ એની સૌથી મહાન કૃતિ છે. એની દરેક પંક્તિમાં ઊંડો મર્મ રહેલો છે. દરેક રીતે જોતાં એ શ્રેષ્ઠ કળાકૃતિ છે. કેલિબન ખરેખર હિટલર જ છે. પણ અહીં અમેરિકામાં તો અંગ્રેજી એવું બોલે છે કે સાંભળીએ તો ચીની જ લાગે. એ લોકો બોલે છે એમાંનો મને તો એકેય શબ્દ સમજાતો નથી. ઇલિયેનોરને કાંઈ કુટુંબ જેવું ખરું ?'

'દૂરનાં સગાંવહાલાં છે થોડાં, પણ મને ખ્યાલ છે ત્યાં સુધી એમની સાથે એને કશો સંબંધ નહોતો.'

' એની માલમિલકતનું શું થશે ? ઘણું ખરું પૈસાદાર લોકો તો વસિયતનામું કરતા હોય છે. મને એવા તેવામાં કશો રસ છે એવું નહિ - ના રે, મુદ્દલે રસ નથી. એના મૃતદેહનું શું થયું ? ન્યૂયોર્કમાં એનો દફનવિધિ નથી થવાનો ?'

'એનું શરીર તો દરિયામાં તળિયે જઈને બેઠું છે.'

'કેલિફોર્નિયાથી દરિયા પર થઈને ઊડયું ?'

'અમે લાગે છે કે પૂર્વ તરફ જવાને બદલે વિમાન પશ્ચિમ તરફ ઊડ્યું.'

'એવું તે શી રીતે બને ? છાપામાં ક્યાંય વિમાન તૂટી પડવાના સમાચાર આવ્યા હતા ? કયા છાપામાં, ક્યારે ?'

'મને તો લિપમેન ગેઇગરે કહ્યું એટલી ખબર છે, એ એનો મિત્ર હતો, હું નહિ.'

'શું ? આ બધું કોયડા જેવું લાગે છે. પોતાના સ્વભાવની વિરુદ્ધ જઈને કોઈએ કશું કરવું નહિ જોઈએ. એક વાર ઇમેન્યુઅલ કાન્ટ કોનિગ્સબર્ગથી પ્રુશિયાના બીજા કોઈ એક શહેરમાં જવા નીકળ્યા. હજુ તો થોડેક જ દૂર ગયા હશે ત્યાં વરસાદ પડ્યો. વીજળીના કડાકા થયા, વાદળ ગર્જ્યાં. એટલે એમણે તો તરત પાછા વળવાનો હુકમ આપી દીધો. મને આ મુસાફરી ફારસ જ થઈ પડશે એવું ઊંડે ઊંડે લાગ્યા કરતું હતું, મારે અહીં કશું જ કરવાનું નથી, કાંઈ કરતાં કાંઈ નહિ. પણ મારી આ સ્થિતિમાં વિમાનમાં લંડન જઈ શકું નહિ, સ્ટીમરમાં જવાનું એથીય ખતરનાક. હું તમને સાચી વાત કરું. હું મારી સાથે પૈસાબૈસા લાવ્યો નથી. મારા મહાન અને મને મદદ કરનાર ડાન નિયેસ્ટર હવે પોતે જ બિચારા શરણાર્થી જેવા છે. હું વિશ્વજ્ઞાનકોશ માટે કામ કરતો હતો પણ એ તો બધું રહ્યું બર્લિનમાં - એની હસ્તપ્રસ્ત સુધ્ધાં. નાઝીઓએ અમારી ઑફિસમાં ટાઇમબોમ્બ મૂક્યો હતો. અમે સહેજ માટે બચી ગયા, નહિ તો અમારા ફુરચેફુરચા ઊડી ગયા હોત, હું ન્યૂયોર્કમાં છું એની કોઈને ખબર છે ખરી ? પેલું લોકો કહે છે તેમ હું અહીં ગુપ્ત વેશે આવ્યો છું પણ હવે આ સંજોગોમાં છાપાવાળાને ખબર આપવામાં આવે તો ઠીક. મારે અહીં ઘણા દુશ્મનો છે પણ ક્યાંકથી એકાદ મિત્ર નીકળી આવે ખરો.'

'હું ધારું છું કે ગેઇગરે છાપામાં ખબર આપ્યા છે ખરા.'

'ક્યાંય મારો ઉલ્લેખ દેખાતો તો નથી. મેં બધાં છાપાં મંગાવીને જોયાં.'

ડો.વાલ્ડેને ખુરશી પર પડેલો યિદ્દીશ છાપાંઓનો ઢગલો ચીંધી બતાવ્યો.

'હું મારાથી બનતું બધું કરીશ.'

'મારી ઉંમરે આવું સાહસ કરવું ન જોઈએ. એ તમારા શ્રીમાન ગેઇગર છે ક્યાં ?'

'એમને તરત મેકિસકો જવું પડ્યું. એઓ થોડા જ વખતમાં પાછા ફરશે.'

'મેક્સિકો ? ત્યાં એઓ શું કરે ? તો મારો અન્ત આવી લાગ્યો. મને મરણનો ભય નથી પણ મારે આ જંગલી શહેરમાં દટાવું નથી. લંડન કાંઈ ઓછું ધમાલિયું નથી તે છતાં ત્યાં મારે થોડા પરિચિતો તો છે.'

મેં કહ્યું, 'તમે તો ઘણું જીવવાના છો ડો. વાલ્ડેન ! હિટલરનું પતન થશે તે પણ તમે જોશો.'

'શા સારુ ? હજી હિટલરને આ પૃથ્વી પર ઘણું બગાડવાનું બાકી છે. પણ મેં તો બધી જ કરવા જેવી ભૂલો કરી નાખી છે, ઘણી બધી. આ કમનસીબ મુસાફરી કાંઈ કરુણ ઘટના નથી, મજાક છે મજાક અરે, મારી જિંદગી જ એક મજાક છે, આદિથી તે અન્ત સુધી.'

'તમે તો યહૂદી વાચકોને, માનવજાતને ઘણું બધું આપ્યું છે.'

'કચરો. એમાં કશો માલ નથી, તમે ઇલિયેનોરને અંગત રીતે ઓળખતા હતા ?'

'હા-ના. મેં એને વિશે સાંભળ્યું જ હતું.'

'મને તમારો એ ગેઇગર જરાય ગમતો નથી- મૂરખ ! તમે યિદ્દીશ છાપાંઓમાં શું લખો છો ? એમાં લખવા જેવું છેય શું ? આપણે ફરી જંગલ તરફ દોડી રહ્યા છીએ. હોમોસેપિયને દેવાળું કાઢયું છે. બધાં જ મૂલ્યો નષ્ટ થઈ ચૂકયાં છે. સાહિત્ય, વિજ્ઞાન, ધર્મ બધાંનો જ ખાત્મો બોલી ગયો છે.'

ડો.વાલ્ડેને એમના ખિસ્સામાંથી એક કાગળ કાઢ્યો. એના પર કોફીના અને સિગારેટની રાખના ડાઘ હતા. એમણે કાગળને એક આંખ બંધ કરીને બારીકાઈથી તપાસ્યો. એમનાં નસકોરાં ફૂલી ગયાં. 'મને તો પહેલેથી જ વહેમ હતો કે ઇલિયેનોર નામની કોઈ વ્યકિતનું અસ્તિત્વ જ નથી.'

૫

એક ઢળતી સાંજે હું પૂરાં કપડાં પહેરીને આડે પડખે થઈને મારો આળસુ સ્વભાવ, મારા પડી રહેલાં કામ, ઇચ્છાશકિતનો અભાવ – આ બધાંનો વિચાર કરતો હતો ત્યાં નીચે મને ફોન પર બોલાવ્યો. હું દોડતો ત્રણ દાદર ઊતરી ગયો, રીસિવર ઊંચક્યું. કોઈ અજાણ્યા અવાજે મારું નામ ઉચ્ચાર્યું. એ અવાજે કહ્યું, 'હું ડોકટર લિન્ડર બોલું છું. તમે ડો.એલેકઝાંડર વાલ્ડેનના મિત્ર છો ?'

'હું એમને મળ્યો છું ખરો.'

'ડો. વાલ્ડેનને હૃદયરોગનો હુમલો થયો છે. તેઓ બેથ આરોન હોસ્પિટલમાં છે. એમણે તમારો ફોન નંબર અને નામ આપ્યાં. તમે એમના સગા છો ?'

'ના, હું કાંઈ એમનો સગો નથી.'

'એમનું કોઈ સગુંવહાલું અહીં છે ?'

'મને નથી લાગતું કોઈ હોય.'

'એમણે મને પ્રો.આલ્બર્ટ આઇન્સ્ટાઇનને ફોન કરવા કહ્યું. પણ ત્યાંથી તો કોઈ જવાબ આપતું નથી. મને આવા બધા સંદેશા પહોંચાડવાનો વખત નથી, આવતી કાલે હોસ્પિટલમાં આવજો. તેઓ જનરલ વોર્ડમાં છે. હાલ પૂરતી તો એથી વધારે સગવડ અમે આપી શકીએ તેમ નથી. હું દિલગીર છું.'

'એમની તબિયત વિશે તમને શું લાગે છે ?'

'સ્થિતિ બહુ સારી નથી. ઘણા રોગો ભેગા થયા છે. તમે એમને બાર અને બે વચ્ચે અથવા છ અને આઠ વચ્ચે મળજો. બસ ત્યારે.'

ફાઈડેલને ફોન પર બોલાવવા માટે મેં સિક્કો શોધ્યો પણ ખિસ્સામાં માત્ર પચાસ

સેન્ટ અને બે ડોલરની નોટ જ હતી. હું પરચૂરણ લેવા બ્રોડવે ગયો. પરચૂરણ મેળવીને હોટલમાં ટેલિફોન કરવા જાઉં એટલામાં તો અડધો કલાક થઈ ગયો. ફ્રાઈડેલને ફોન પર બોલાવી પણ નંબર ના લાગ્યો. બીજા પા કલાક સુધી હું એનો એ નંબર ફેરવતો રહ્યો પણ દર વખતે 'એંગેજ' આવ્યા કરતો હતો. બાજુના બૂથમાં એક બાઈ સિક્કાઓની હાર ગોઠવીને ઊભી હતી. એણે મારી સામે એવી રીતે જોયું કેમ જાણે કહેતી ન હોય કે તમારું કશું વળવાનું નથી. એ ફોનમાં બોલ્યે જતી હતી અને હાથમાંની સિગારેટ હલાવીને હાવભાવ કરતી હતી. રહી રહીને એ એના બ્લિચ કરેલા વાળને આંગળી સાથે ગૂંચવ્યા કરતી હતી. એના રંગેલા રાતા નખ માનવજીવનની કરુણતાના જેટલી જ તીવ્ર લાલસાને પ્રકટ કરતા હતા.

મેં પેનીનો સિક્કો શોધી કાઢ્યો અને મારું વજન કર્યું. એ કાંટા પ્રમાણે મારું વજન ચાર પાઉન્ડ ઓછું થયું. એમાંથી મારા નસીબનું કાર્ડ બહાર આવ્યું. તેમાં લખ્યું હતું, તમારામાં શકિત છે પણ તમે એને વેડફી નાખો છો.'

મેં નક્કી કર્યુ કે એકાદ વાર હજી પ્રયત્ન કરી જોઉં. અને જો હજી 'એન્ગેજ' આવે તો તરત ઘરે ચાલ્યો જઈશ.

ફોન જોડાયો ખરો. મેં ફ્રાઈડેલનો મરદ જેવો અવાજ સાંભળ્યો. એ જ ક્ષણે પેલી બ્લિચ કરેલા વાળવાળી અને રંગેલા નખવાળી ઉતાવળે બૂથ છોડી ગઈ.એણે મારી સામે આંખ મિચકારી. મેં કહ્યું, 'શ્રીમતી બેણ્ડેલ, તમને ખલેલ પહોંચાડી તે બદલ દિલગીર છું. ડો.વાલ્ડેનને હૃદયરોગનો હુમલો થયો છે. એમને બેથ આરોન હોસ્પિટલમાં લઈ ગયા છે. તેઓ જનરલ વોર્ડમાં છે.'

'અરે મારા ભગવાન, આ મજાકનું સારું પરિણામ નહિ આવે તે હું જાણતી જ હતી. મેં તો બેણ્ડેલને ચેતવ્યો પણ હતો. આ તો અપરાધ જ કહેવાય. સોએ સો ટકા અપરાધ, પણ એવો જ છે બેણ્ડેલ. એના મનમાં તરંગ આવે પછી ક્યાં અટકવું તેની એને ખબર પડે નહિ. એ ક્યૂબામાં થોડા દિવસ રોકાવાનો હતો. તમે ક્યાંથી બોલી રહ્યા છો ?'

'બ્રોડવેના એક ડ્રગ સ્ટોરમાંથી.'

'તમે અહીં આવી શકો તો સારું. આ કાંઈ હસી કાઢવા જેવી વાત નથી. મને પોતાને હું દોષિત લાગું છું, એ પહેલો પત્ર લખવાની મારે ના જ કહી દેવાની હતી. તમે અહીં આવોને, હજુ કાંઈ મોડું થયું નથી, હું રાતે બે પહેલાં ઊંઘતી નથી.'

'બે વાગ્યા સુધી તમે શું કરો છો ?'

'વાંચું છું, વિચારું છું, ચિંતા કરું છું.'

'આ સાંજ તો વેડફાઈ જ ગઈ માનો,' હું મનમાં વિચારતો હોઉં તેમ બબડ્યો. રિવરસાઇડ ડ્રાઇવ પરનું બેણ્ડેલનું ઘર ઝાઝું દૂર નહોતું. ત્યાંનો દરવાન મને ઓળખતો હતો. હું ચૌદમે માળે સીધો પહોંચ્યો અને ઘંટડી દબાવતાંની સાથે જ ફ્રાઈડેલે બારણું ખોલ્યું.

ફ્રાઈડેલ કદમાં નીચી, ભરાવદાર નિતમ્બવાળી અને કંઈક જાડા લાગતા પગવાળી હતી. એનું નાક સહેજ વાંકું હતું, એની ભૂખરી આંખો પર પુરુષોની લાગે એવી ભ્રમર હતી. એ હંમેશાં ઘેરા રંગનાં કપડાં પહેરતી. એના મોઢા પર કોઈ દિવસ મેં પાવડર કે લિપસ્ટીકના લપેડા જોયા નથી. હું બેણ્ડેલને મળવા જતો ત્યારે તે અચૂક તરત જ અડધો કપ ચા લઈ આવતી, થોડી વાતો કરીને પાછી ચોપડીઓ અને હસ્તપ્રતોમાં ખોવાઈ જતી. બેણ્ડેલ મજાકમાં કહેતોય ખરો, 'તંત્રી હોય તેવી પત્ની પાસે તમે શેની આશા રાખી શકો ? એક કપ ચા બનાવી લાવે છે તેય ચમત્કાર જ ગણો ને !'

આ વખતે ફ્રાઈડેલે ધોળું સ્લીવલેસ ફ્રોક ને ધોળી મોજડી પહેર્યાં હતાં. એણે લિપસ્ટીક લગાડી હતી. એ મને દિવાનખાનામાં લઈ ગઈ. કોફીટેબલ પર ફળ પડ્યાં હતાં. એક કૂજામાં કશુંક પીવાનું હતું, એક પ્લેટમાં કશુંક ખાવાનું હતું. ફ્રાઈડેલ જર્મન ઉચ્ચારણ સાથે અંગ્રેજી ભાષા બોલતી. એણે મને સોફા પર બેસવાનું કહ્યું અને એ એક ખુરશી પર બેઠી. એણે કહ્યું, 'આનો આવો કરુણ અંજામ આવશે એ હું પહેલેથી જાણતી જ હતી. આ તો આપણી જોડે સેતાનનું જ કાવતરું હતું. ડો. વાલ્ડેન મરી જશે તો એને માટે બેણ્ડેલ જવાબદાર લેખાશે. બુઢ્ઢાઓ ભારે રોમાન્ટિક હોય છે. એ લોકો એમની વય અને શરીરની સ્થિતિની વાત ભૂલી જાય છે. પેલી મૂરખ શુલ્ડાઈનરે એમની એવી રીતે લખ્યું કે એઓ ભ્રાન્તિને વશ થાય એમાં કશી નવાઈ નહોતી. એમ તો કોઈને પણ મૂરખ બનાવી શકાય, સંતને સુધ્ધાં.'

બેણ્ડેલને પણ કોઈ મૂરખ બનાવી શકે એવું મારા મનમાં કોઈક બબડ્યું. મેં કહ્યું, 'તમારે વાતને આટલી હદે આગળ વધવા નહોતી દેવી જોઈતી.'

ફ્રાઈડેલે એની જાડી ભ્રમરો ઊંચે ચઢાવી છાસિયું કહ્યું. બેણ્ડેલ એના મનમાં આવે તેમ વર્તે છે. એ કાંઈ મારી સલાહ પૂછતો નથી. એ બહારગામ જતો રહે છે અને શા હેતુથી જાય છે એ ખરેખર હું જાણતી નથી. એ મેક્સિકો જવાનો હતો. એણે છેલ્લી ઘડીએ જાહેર કર્યું કે એ હવાના રોકાશે. એને હવાના કે મેક્સિકોમાં કશું કામ નથી. તમે કદાચ એને વિશે મારા કરતાં વધારે જાણતા હશો. એનાં પરાક્રમોની એ તમારી આગળ બડાશ મારતો હશે.'

'જરાય નહિ. એ ક્યાં ગયો અને કોને મળશે એને વિશે મને સહેજ સરખો ખ્યાલ નથી.'

'મને થોડો ખ્યાલ છે ખરો પણ એની વાત શા માટે કરવી ! એ બધી એની તરકીબો હું જાણું છું.'

થોડી વાર સુધી ચુપકીદી છવાઈ ગઈ. ફ્રાઈડેલે આ રીતે મારી જોડે વાત કરી નહોતી. અમારી વચ્ચે જે થોડી વાત આ પહેલાં થઈ હતી તે જર્મન સાહિત્ય વિશે, શ્લેગેલે કરેલા શેક્સપિયરના અનુવાદ વિશે, કેટલીક જર્મન બોલીમાં વપરાતી યિદ્દીશ કહેવતો વિશે. ફ્રાઈડેલે શોધી કાઢ્યું હતું કે આ કહેવતો જૂની જર્મન ભાષામાંથી આવી હતી. ફ્રેન્ચ લોકોમાંય

કેટલાક સારા માણસો હોય છે એમ હું કહેવા જતો હતો ત્યાં ટેલિફોનની ઘંટડી રણકી. ફ્રાઈડેલ ધીમી ગતિએ ચાલીને ફોન પાસે જવાબ આપવા બેઠી. એ બહુ ધીમે અવાજે બોલતી હતી પણ બેણ્ડેલ જોડે વાત કરતી હતી તે હું વર્તી ગયો હતો. એ હવાનાથી બોલી રહ્યો હતો. ફ્રાઈડેલ તરત જ ડો.વાલ્ડેનની માંદગીના સમાચાર આપશે અને મારી અહીંની મુલાકાત વિશે કહેશે એમ હું ધારતો હતો પણ એ બેમાંની એકે વાતનો એણે ઉલ્લેખ કર્યો નહિ. એ બેણ્ડેલ જોડે કટાક્ષમાં વાત કરતી હતી : 'ધંધો ? હાસ્તો. એક અઠવાડિયું ? જેટલો સમય લેવો હોય તેટલો લેજે ને. સોદો ? તો ખરીદી લે. કેમ નહિ ? હું રાબેતા મુજબ કામ કરું છું. બીજું કરવાનું છેય શું ?'

એ બોલતાં બોલતાં મારા તરફ કટાક્ષપાત કર્યા કરતી હતી. એ સમજણપૂર્વકનું હસી, મને એમ લાગ્યું કે એ મારા તરફ જોઈને આંખ મીંચકારતી હતી. મને વિચાર આવ્યો કે આ તે કેવી અજબ તરેહની રાત. હું ઊભો થયો અને સહેજ ખંચકાતો બાથરૂમ તરફના બારણાં ભણી જવા લાગ્યો. એકાએક મેં જે કર્યું એનાથી હું પોતે જ મુંઝાઈ ગયો. મેં ઝૂકીને એની ગ્રીવાને ચૂમી લીધી. એનો ડાબો હાથ મારા હાથને વળગી પડ્યો અને એને જોરથી દબાવવા લાગ્યો. એના મુખ પર જુવાનીની તાજગી દેખાઇ, સાથે સાથે તે દાંતિયાં કરતી હોય તેમ પણ લાગ્યું. એ જ વખતે એણે ફોન પર પૂછ્યું, 'બેણ્ડેલ, તું હવાના ક્યાં સુધી રોકાવાનો છે ?'

અને એ ઊભી થઈ અને મજાક કરતી હોય તેમ રીસીવર મારા કાનને અડાડ્યું. મેં બેણ્ડેલના નાકમાંથી બોલાતા શબ્દો સાંભળ્યા. એ હવાનામાં મળેલી પુરાણી વસ્તુઓની વાતો કરતો હતો અને ત્યાંના નાણાંનો અહીંનાં નાણાં જોડેનો તફાવત સમજાવતો હતો. ફ્રાઈડેલ મારા તરફ ઝૂકી એટલે અમારા કાન એકબીજાને અડ્યા. એના વાળની લટ મારા ગાલને ગલગલિયાં કરતી હતી. એનો કાન મને લગભગ દઝાડવા લાગ્યો. હું નાના કિશોરની જેમ શરમાઈ ગયો. એક જ ક્ષણમાં મારી બાથરૂમ જવાની જરૂરિયાત મને અકળાવી મૂકે એટલી હદે વધી ગઈ.

બીજે દિવસે સવારે ફ્રાઈડેલ હોસ્પિટલમાં ગઈ ત્યારે એને ડો.વાલ્ડેનના મૃત્યુના સમાચાર આપવામાં આવ્યા. તેઓ મધરાતે અવસાન પામ્યાં હતા. ફ્રાઈડેલે કહ્યું, 'આ તો કેવી ક્રૂરતા ! મારો અંતરાત્મા મને છેવટ સુધી ડંખ્યા કરશે.'

બીજે દિવસે યિદ્દીશ છાપાંઓએ એમના મરણના સમાચારને ચમકાવ્યા. ડો.વાલ્ડેન ન્યૂયોર્ક આવ્યા ત્યારે એમણે હિબ્રુ સાહિત્યને જે વિશિષ્ટ અર્પણ કર્યું હતું તેની નોંધ સરખી લેવાની આ જ છાપાંઓએ ના પાડી હતી. અંગ્રેજી છાપાંઓએ પણ એમને શ્રદ્ધાંજલિ આપી હતી. છપાયેલા ફોટા કંઈ નહિ તો ત્રીસ વરસ જૂના હતા. એમાં ડો.વાલ્ડેન જુવાન અને રંગીલા હતા. માથે વાળના ઝુલફાં હતાં. ન્યૂયોર્કના હિબ્રુ ભાષાના લેખકો એમના દુશ્મન હોવા છતાં એમના દફનવિધિની વ્યવસ્થા કરતા હતા એવો છાપામાં અહેવાલ હતો. દુનિયાને બધે છેડે તારથી આ સમાચાર પહોંચી ગયા હોવા જોઈએ. બેણ્ડેલે ફ્રાઈડેલને

હવાનાથી ફોન કરીને કહ્યું કે બધા કાર્યક્રમો રદ કરીને એ સીધો ન્યૂયોર્ક આવવા નીકળશે.

ન્યૂયોર્કમાં આવ્યા પછી એણે મારી જોડે ફોન પર એક કલાક વાત કરી. એણે મને વારે વારે એક જ વાત કહ્યા કરી: ડો.વાલ્ડેનના મૃત્યુ માટે એ જવાબદાર નથી. એ તો લંડન રહ્યા હોત તો ત્યાં મરી ગયા હોત. કોઈ ક્યાં મરી જાય એનું શું મહત્ત્વ ! એઓ કાંઈ હસ્તપ્રતો પાછળ મૂકી ગયા છે કે કેમ એ જાણવાની એને ઇન્તેજારી હતી. એ 'શબ્દ'નો વિશેષાંક કાઢવાની વેતરણમાં હતો એ અંક ડો.વાલ્ડેનને અર્પણ કરવો એવું એના મનમાં હતું. હવાનામાંથી એણે શગાલનું ચિત્ર એક શરણાર્થી પાસે ખરીદ્યું હતું. એ કોઈક આર્ટ ગેલેરીમાંથી ચોરાયું હશે એવું એણે મારી આગળ કબૂલ કર્યું. એણે કહ્યું, 'નાઝીઓ એને ઉઠાવી લઈ ગયા હોત તો ? એના કરતાં આ શું ખોટું ? 'મેજિનોટ લાઇન' તો બે પૈસાના તમાકુ જેટલીય કિંમતનીય નથી રહી. હિટલર પેરિસ આવી પહોંચ્યો જ જાણો.'

જે દેવળમાં દફનવિધિ થવાનો હતો તે બેણ્ડેલના ઘરની નજીક જ હતું. મેં બેણ્ડેલ અને ફાઇડેલને દેવળના પ્રવેશદ્વાર આગળ મળવાનું નક્કી કર્યું હતું. હિબ્રુમાં લખનારા, યિદ્દિશમાં લખનારા બધા જ લેખકો ત્યાં હાજર હતા. ટેક્સીઓ આવ્યે જતી હતી. ક્યાંકથી એક નાની સરખી સ્ત્રી એક સૂકલકડી છોકરીને લઈને આવી. એ વિક્ષુબ્ધ લાગતી હતી. થોડી થોડી વારે ઊભી રહી જઈને એ જમીન પર પગ પછાડતી. પેલી સ્ત્રી એને આગળ ચાલવા પ્રોત્સાહન આપ્યા કરતી હતી એ બેણ્ડેલની રખાત સારા હતી. માદીકરીએ દેવળમાં દાખલ થવાનો પ્રયત્ન કર્યો, પણ દેવળ ખીચોખીચ ભરાઈ ગયું હતું.

થોડી વાર પછી બેણ્ડેલ અને ફાઇડેલ રાતી મોટરમાં આવ્યાં. એણે રેતીનાં રંગનો સુટ અને હવાનાની ભડક રંગની ટાઇ પહેરી હતી. એ તાજગીભર્યો લાગતો હતો. તડકાને કારણે એની ચામડી ઘઉંવર્ણી થઈ ગઈ હતી. ફાઇડેલે કાળાં વસ્ત્રો પહેર્યાં હતાં. એણે પહોળી કિનારની હેટ પહેરી હતી. મેં બેણ્ડેલને કહ્યું કે પ્રાર્થનાખંડ ભરાઈ ચૂક્યો હતો. એણે કહ્યું, 'મૂરખ જેવું બોલશો નહિ. અમેરિકામાં બધું કેમ ચાલતું હોય છે તે તમે હમણાં જ જોશો.'

દરવાનના કાનમાં એણે કશુંક કહ્યું અને એ અમને જગ્યા કરીને આગળી હરોળ સુધી લઈ ગયો. બનાવટી મીણબત્તીઓનો મંદ પ્રકાશ પથરાયેલો હતો. શબપેટી મંચની બાજુમાં જ રાખવામાં આવી હતી. એક નાની કાળી મૂછોવાળો જુવાન રબાઈ માથે નાની ટોપી પહેરીને ઊભો હતો. એનો રંગ પોમેડથી ચળકતા એના વાળ જોડે ભળી જતો હતો. એ અંગ્રેજીમાં પ્રશંસાવાક્યો બોલ્યો. ડો.વાલ્ડેન વિશે એને ઝાઝી ખબર હોય એવું લાગ્યું નહિ. હકીકતો અને તારીખોનો એ ગોટાળો કરતો જ ગયો. ડો.વાલ્ડેનની કૃતિઓનાં નામ બોલતાં પણ એણે ભૂલો કરી. પછી બકરાની દાઢી જેવી ધોળી દાઢીવાળા એક વૃદ્ધ રબાઇ જર્મન ભાષામાં બોલ્યા. એ જર્મનીથી આવેલા શરણાર્થી હતા. એમણે હિબ્રુમાં લાંબા લાંબા પરિચ્છેદો ટાંક્યા. એણે ડો.વાલ્ડેનને યહૂદી ધર્મના આધારસ્તમ્ભ કહીને

ઓળખાવ્યા. એમણે એવો દાવો કર્યો કે ડો.વાલ્ડેન એમનું વિશ્વજ્ઞાનકોશનું કામ પૂરું કરી પ્રસિદ્ધ કરવા અહીં આવ્યા હતા. એ કામ માટે એમણે એમના જીવનનાં શ્રેષ્ઠ વર્ષો સમર્પિત કરી દીધાં હતાં. 'નાઝીઓને મન માખણ કરતાં તોપનું મહત્ત્વ ઘણું છે.' રબાઈ ગંભીરતાપૂર્વક બોલ્યા, 'પણ તાલમુડના ધર્મગ્રંથને અનુસરનારા આપણે યહૂદીઓ હજી શબ્દના પ્રભાવમાં શ્રદ્ધા ધરાવીએ છીએ. ડો.વાલ્ડેન, એમનું સ્વાસ્થ્ય કથળેલું હોવા છતાં, અમેરિકા આવ્યા હતા તે જેને માટે એમણે એમનું આખું જીવન અર્પી દીધું હતું તે વિશ્વજ્ઞાનકોશના છેલ્લા ખણ્ડો પ્રકાશિત કરવા. એ કામ માટે ઉદાર હાથે ફાળો આપવાની એમણે ભાવિકજનોને વિનન્તી કરી. એમણે ગજવામાંથી રૂમાલ બહાર કાઢયો અને ચશ્માના ધૂંધળા કાચ પાછળના એક આંસુને લૂછ્યું. એમની પાછળ વિલાપ કરનારાઓમાં અહીં જગતભરનો પ્રેમ પ્રાપ્ત કરનાર પ્રોફેસર આઈન્સ્ટાઈન પણ હતા. એઓ મરનારના નિકટના મિત્ર હતા. લોકોમાં આછો ગણગણાટ થયો અને બધાં ડોક ફેરવીને જોવા લાગ્યાં. કેટલાક તો એ વિશ્વખ્યાત વિજ્ઞાનીનું દર્શન કરવા અર્ધા ઊભા થઈ ગયાં.

જર્મન રબાઈના પ્રવચન પછી ન્યૂયોર્કના એક હિબ્રુ સામયિકના તંત્રીએ એમને અંજલિ આપી. પછી ગાયકવૃન્દનો નેતા ઊભો થયો. એણે છ ખૂણિયા હેટ પહેરી હતી. બુલડોગ જેવો એનો ચહેરો હતો. 'પરમ કરુણાળુ પરમેશ્વરવાળું' ભજન એણે કરુણ પણ બુલંદ સ્વરે ગાયું.

મારી પાસે કાળાં વસ્ત્રો પહેરેલી એક યુવાન સ્ત્રી બેઠી હતી. એના વાળ પીળા રંગના હતા અને ગાલ રાતા હતા. એની આંગળી પર ખાસ્સા મોટા હીરાવાળી એક વીંટી હતી. જ્યારે રબાઈ અંગ્રેજીમાં બોલી રહ્યા હતા ત્યારે એણે મોઢા પરનું આછું આવરણ ઊંચું કરીને રૂમાલથી નાક સાફ કરી લીધું હતું. વૃદ્ધ રબાઇ જર્મનમાં બોલી રહ્યા હતા ત્યારે એ બંને હાથ જોડીને રડવા લાગી હતી. ભજન ગાનારે જ્યારે લલકારીને ગાયું, 'શાન્તિ મળજો સ્વર્ગમાં એમને' ત્યારે ગામડાગામની સ્ત્રીની જેમ મોકળા મને એ ડૂસકાં ભરવા લાગી. હમણાં જ જાણે બેભાન બની જવાની હોય તેમ એ વળી ગઈ. એનું મોઢું આંસુથી તરબોળ થઈ ગયું. એ કોણ હશે ? મને સહેજ અચરજ થયું. મને ખબર હતી ત્યાં સુધી ડો.વાલ્ડેનના કોઈ સગાંવહાલાં અહીં નહોતાં. મને બેણ્ડેલના શબ્દો યાદ આવ્યા, 'અહીં ન્યૂયોર્કમાં જ ક્યાંક એના સાચા ચાહક હશે જેને એમને માટે ખરો પ્રેમ હશે. મને બહુ પહેલાંથી સમજાઈ ચૂક્યું હતું કે જે કોઈનું ફળદ્રુપ ભેજું શોધી કાઢે છે તેનું ક્યાંક અસ્તિત્વ તો હોય જ છે.

વિધિ પૂરો થયા પછી બધા એક પછી એક એ શબપેટી આગળથી પસાર થયાં. મેં મારાથી આગળ પ્રોફેસર આલ્બર્ટ આઇન્સ્ટાઇનને જોયા. છબિમાં જોયા હતા તેવા જ એઓ લાગતા હતા. એઓ સહેજ ઝૂકી ગયા હતા. એમના વાળ લાંબા હતા, એઓ શબપેટી આગળ થોડીક વાર ઊભા રહ્યા. અને અસ્પષ્ટ શબ્દોમાં અલવિદા બોલ્યા. પછી મેં ડો. વાલ્ડેનની છેલ્લી ઝાંખી કરી લીધી. વિધિ કરનારાઓએ મોઢા પર પાવડર લગાડ્યો

હતો. રેશમી ઓશીકા પર એમનું માથું ટેકવેલું હતું. મોઢું મીણનું બન્યું હોય તેવું ધોળું ફક અને અક્કડ હતું. દાઢી તાજી જ કરેલી હતી. મૂછના છેડાને વળ ચઢાવેલો હતો. એમની આંખને ખૂણે સ્મિતનો આભાસ હતો. કેમ જાણે એઓ કહેતા નહીં હોય, ઠીક, મારી જિંદગી તો એક મોટી મજાક હતી, આદિથી તે અંત સુધી.

અનુ. સુરેશ જોષી

શરત

એન્તન ચેખોવ

પાનખરની અંધારી રાત હતી. શરાફ એના અભ્યાસખંડમાં આ ખૂણેથી તે ખૂણે આંટા મારતો મારતો પંદર વરસ પહેલાં એણે જે મિજબાની આપેલી તેની યાદ મનમાં તાજી કરતો હતો. મિજબાનીમાં ઘણા બાહોશ લોકો આવેલા અને વાતોચીતો પણ બહુ મઝાની થઈ હતી. વાતવાતમાં દેહાંતદંડની ચર્ચા છેડાઈ પડી હતી. મહેમાનોમાં વિદ્વાનો અને પત્રકારો પણ ઓછા નહોતા. એમાંના ઘણાખરાનો મત દેહાંતદંડની વિરુદ્ધ હતો. સજાના સાધન તરીકે એમને ફાંસી કાલગ્રસ્ત લાગતી હતી. વળી ખ્રિસ્તી રાજ્યોમાં તો એ અણછાજતી ને અનૈતિક પણ ગણાય. કેટલાકને લાગતું હતું કે બધા દેશોમાં દેહાંતદંડને રદ કરી તેને ઠેકાણે જન્મટીપની સજા દાખલ કરવી જોઈએ.

'હું તમારી સાથે સંમત નથી,' યજમાને કહ્યું, મેં જાતે તો જાણે, નથી દેહાંતદંડનો અનુભવ લીધો કે નથી જન્મટીપનો અનુભવ લીધો. પણ જો આપણે અનુમાનને આધારે નિર્ણય કરી શકીએ, તો મારે મતે જેલ કરતાં મોત વધુ નૈતિક અને વધુ માણસાઈભર્યું ગણાય. દેહાંતદંડ શીઘ્ર મૃત્યુ બક્ષે છે, આજીવન કારાવાસ તલતલ કરીને જીવ લે છે. કયો જલ્લાદ વધુ માણસાઈવાળો કહેવાય, જે તમને પળવારમાં ઝબ્બે કરે તે કે જે સતત ટીપુટીપું ચૂસી ચૂસીને તમને મારતાં વરસો લગાડે તે ?'

'બંને સરખા જ અનૈતિક છે,' એક મહેમાને ટીકા કરી, 'કારણ એમનો બંનેનો હેતુ એક જ છે ને તે જાન લેવાનો. સરકાર કાંઈ ભગવાન નથી. જે જીવ એ પાછો આપી શકતી નથી તે જીવ મરજી પડે લઈ લેવાનો એને હક્ક નથી.'

એ મંડળીમાં એક વકીલ હતો. પચીસ વરસનો જુવાન હતો. એનો અભિપ્રાય પુછાયો ત્યારે એ બોલ્યો :

'દેહાંતદંડ અને આજીવન કેદ બંને સરખાં જ અનૈતિક છે. પણ મને કહેવામાં આવે કે બેમાંથી એકને પસંદ કરી લે, તો હું નક્કી આજીવન કેદને પસંદ કરું. બિલકુલ ન જીવવા કરતાં કોઈક રીતેય જીવવું લાખ સારું.'

આમાંથી જુસ્સાદાર ચર્ચા છેડાઈ પડી. શરાફ તે વખતે તો જુવાન માણસ હતો, એનું લોહી પંદર વરસ પહેલાં તો ઉછાળા મારતું હતું. એ એકદમ મિજાજ ગુમાવીને બેઠો ને ટેબલ પર મુઠ્ઠી પછાડીને જુવાન વકીલ તરફ જોઈને ઘૂરકી ઊઠ્યો :

'જુઠ્ઠી વાત ! હું વીસ લાખ હારી જવા તૈયાર છું, જો તું ફક્ત પાંચ જ વરસ એક કોટડીમાં કાઢે તો.'

'ખરેખર ?' વકીલે બીડું ઝડપ્યું, 'જો તું ખરેખર કહેતો હોય તો હું પાંચ શું, પંદર વરસની શરત મારું.'

'પંદર ! કબૂલ !' શરાફ બરાડ્યો. 'સજ્જનો, મેં વીસ લાખ હોડમાં મૂક્યા.'

'કબૂલ છે, તું વીસ લાખ મૂક, હું મારી આઝાદી મૂકું છું.' વકીલે કહ્યું.

આમ આ અક્કલ વગરની ને હાસ્યાસ્પદ શરત લાગી ગઈ. શરાફ તે વખતે લાખે લેખાં ગણતાં થાકતો, પૈસાના મદમાં છકેલો રહેતો ને મનમાં આવે તે કરીને જ જંપતો. એ તો આનાથી રાજીનો રેડ થઈ ગયો.જમતાં જમતાં એણે વકીલને ટોળમાં કહ્યું :

'અલ્યા જવાનિયા, હવે પાછો ભાનમાં આવી જા, નહીં તો પાછળથી પસ્તાઈશ. વીસ લાખ મારે તો ચપટી રાખ બરાબર છે, પણ તું નાહક તારી ભરજવાનીનાં ત્રણચાર ફાંકડાં વરસો પાણીમાં નાખીશ. હું ચાર પાંચ જ કહું છું, કારણ એથી વધારે કાંઈ તું ટકવાબકવાનો નથી. અને અલ્યા અક્કરમી, એય ના ભૂલતો કે પરાણે જેલમાં રહેવું તે કરતાં ચાહીને રહેવું બહુ વધારે કપરું હોય છે. તને મન પડે ત્યારે તું જેલમાંથી નીકળી જઈ શકે છે, એ વિચાર જ તારા જેલજીવનમાં ઝેર રેડ્યા કરવાનો. મને તો તારી દયા આવે છે.'

અને આજે એ શરાફ આમથી તેમ આંટા મારતો આ ગઈ ગુજરી સંભારતો સ્વગત બબડતો હતો :

'મનેય તે શી કમત સૂઝી કે મેં ઊઠીને આવી શરત મારી ? એમાં ફાયદો શો બળ્યો હતો ? વકીલની જિંદગીનાં પંદર વરસ ધૂળધાણી થયાં ને હવે મારા વીસ લાખ પર પૂળો મુકાવાનો. ને તેમ થતાંયે કોઈ લોક થોડાં જ માની જવાનાં કે ફાંસી કરતાં જન્મટીપ વધારે સારી ? ના રે ના ! ધૂળ ને ઢેફાં ! મારે તે વખતે એ માતેલા ગોધા જેવી મસ્તી હતી ને વકીલની તો હરામખોરની સોનું જોઈને જ દાઢ સળકેલી.'

તે સાંજની મિજબાની પછી જે બધું બન્યું તેય બધું એને યાદ આવ્યું. પછી એવું ઠરેલું કે વકીલે શરાફના જ બગીચાની એક ઓરડીમાં પાકી દેખરેખ હેઠળ જેલ ભોગવવી. એવુંય પાકું ઠરેલું કે એ ગાળામાં એનાથી ઊંબરોયે ઓળંગી શકાશે નહીં, કોઈ જીવતા માણસનો અવાજેય સાંભળી શકાશે નહીં, તેમ જ કાગળપત્ર કે છાપાં પણ એને મળશે નહીં, હા, એકાદ વાજિંત્ર રાખવાની, ચોપડીઓ વાંચવાની, કાગળો લખવાની, શરાબ કે બીડી પીવાની છૂટ રહેશે. કરાર મુજબ એ બહારની દુનિયાને પોતાના સંદેશા આપી શકશે, પણ તે મૂગા મૂગા જ, એક નાનકડી ખાસ બનાવેલી બારી મારફતે. પુસ્તકો,

સંગીત, શરાબ વગેરે એની હાજતો એને જેટલી જોઈએ તેટલા પ્રમાણમાં, ચિઠ્ઠી લખતાં બરાબર પૂરી પાડવામાં આવશે. કરારમાં ઝીણી ઝીણી રજે રજ શરતો લખી કાઢવામાં આવી. સખત એકાંત કેદ અંકે કરી લેવામાં આવી. કરાર મુજબ વકીલે ૧૪મી નવેમ્બર ૧૮૭૦ના બારના ટકોરાથી માંડીને ૧૪મી નવેમ્બર ૧૮૮૫ના મધરાતના બારના ટકોરા સુધી, બરાબર પંદર વર્ષ કોટડીમાં રહેવાનું હતું. એના તરફે એ શરતોનો જરા જેટલો પણ ભંગ કરે, અરે ઠરેલા સમયથી બે મિનિટ પણ વહેલો ઊંબરો ઓળંગે, તો શરાફને માથે એને રાતી પાઈ પણ આપવાની જવાબદારી નહિ.

કારાવાસના પહેલા વર્ષમાં, વકીલની ટૂંકી ચિઠ્ઠીઓ પરથી જેટલું જોઈ શકાતું હતું તે મુજબ, એને એકલવાયાપણું ને કંટાળો ભયંકર દાખવ્યો. જેલની કોટડીમાંથી રાતદિવસ પિયાનાનો અવાજ આવતો, એણે શરાબ અને તમાકુની ના પાડી દીધી, એણે ચિઠ્ઠીમાં લખ્યું : શરાબથી વાસનાઓ ઉત્તેજિત થાય છે. વાસનાઓ જ કેદીની મુખ્ય દુશ્મન હોય છે. ઉપરાંત સારો શરાબ એકલા એકલા પીવો એનાથી વધુ કંટાળાભરેલું બીજું કાંઈ જ નથી. અને તમાકુ તો મારી ઓરડીની હવા બગાડી નાખે છે.'

પહેલા વર્ષ દરમ્યાન વકીલે હળવા પ્રકારનાં પુસ્તકો મંગાવ્યાં, જેમકે અટપટા શૃંગાર રસની નવલકથાઓ, જાસૂસી અને કાલ્પનિક વાર્તાઓ, હાસ્યરસની વાર્તાઓ વગેરે વગેરે.

બીજા વર્ષમાં પિયાનો સંભળાતો બંધ થયો અને વકીલે ફકત ઊંચી કોટિનું સાહિત્ય જ માગવા માંડ્યું. પાંચમા વર્ષમાં વળી પાછું સંગીત સંભળાયું અને કેદીએ શરાબની માગણી કરી. એના પર નજર રાખનારાઓએ કહ્યું કે આખું વરસ એણે ખાવાપીવા ને ઊંઘવામાં જ ગાળ્યું. એ વારંવાર બગાસાં ખાતો અને ગુસ્સો કરી કરીને સ્વગત બબડતો. ચોપડીઓને તો અડતો પણ નહિ. કોઈક વાર રાતે લખવા બેસતો. કલાકો સુધી લખતો ને સવારે ઊઠીને બધું ફાડી નાખતો. અનેક વાર એ રડતો પણ સંભળાતો.

છઠ્ઠા વર્ષના પાછલા ભાગમાં કેદીએ ભાષાઓ, ફિલસૂફી અને ઇતિહાસનો અભ્યાસ માંડ્યો. એ એવો તો ભૂખ્યા ડાંસ જેવો આ વિષયો પર તૂટી પડ્યો કે એને પુસ્તકો પૂરાં પાડવામાંથી શરાફને ઘડીનીયે ફુરસદ નહોતી મળતી. ચાર વર્ષના ગાળામાં એના કહેવાથી લગભગ છસો ગ્રંથો ખરીદવામાં આવ્યા હતા.

એને આ ઘેલું લાગેલું હતું તે દરમ્યાન શરાફને એની પાસેથી આવો એક પત્ર મળ્યો, ‘મારા પ્રિય જેલર ! આ પંક્તિઓ હું છ ભાષામાં લખી રહ્યો છું. એ ભાષાશાસ્ત્રીઓ સમક્ષ મૂકજો, એ લોકો એ વાંચે. એ લોકોને એમાં જો એક પણ ભૂલ ન જડે તો કૃપા કરી બગીચામાં એક બંદૂકનો બાર કરજો. એના અવાજ પરથી હું સમજી જઈશ કે મારા પ્રયત્નો વ્યર્થ નથી ગયા. યુગે યુગે, દેશે દેશે જે વિવિધ વિભૂતિઓ પાકે છે તે નિરનિરાળી ભાષામાં બોલે છે. પણ એ સર્વમાં એક જ જ્યોતિ પ્રજળે છે. હું અત્યારે તેમને સમજી શકું છું. તેથી જે સ્વર્ગતુલ્ય સુખ મને પ્રાપ્ત થઈ રહ્યું છે એ તમે જાણો તો.'

કેદીની ઇચ્છા પાર પડી અને શરાફના હુકમથી બગીચામાં બંદૂકના બે બાર કરવામાં આવ્યા.

દસમા વર્ષ પછી વકીલ ટેબલની સામે ચિત્રવત્ બેઠો બેઠો બસ બાઈબલ જ વાંચતો. શરાફને આમાં સમજ ન પડી. ચાર વર્ષમાં જે માણસે છસો જ્ઞાનગ્રંથો પર પ્રભુત્વ મેળવી લીધું તે માણસ એક આખું વર્ષ બાઇબલ જેવા સાવ સહેલા અને બહુ દળદાર પણ ન કહેવાય તેવા ગ્રંથ પાછળ શું કામ ગાળે ? પછી બાઇબલની જગ્યાએ ધર્મોનો ઇતિહાસ અને ધર્મશાસ્ત્રોનો અભ્યાસ વકીલે ઉપાડ્યો. કારાવાસમાં છેલ્લાં બે વર્ષમાં કેદીએ આમતેમ અનેક વિષયો પર ઘણા જ મોટા પ્રમાણમાં વાચન કર્યા કર્યું. ક્યારેક પ્રાકૃતિક વિજ્ઞાનોમાં મન પરોવે, તો વળી પાછો બાયરન અને શેક્સપિયર વાંચવા માંડે. એની ચિઠ્ઠીઓમાં એ એકી સાથે રસાયણશાસ્ત્રનો ગ્રંથ, વૈદકનું પાઠ્યપુસ્તક, એકાદી નવલકથા અને ઉપરથી પાછું કોઈ ફિલસૂફી કે શાસ્ત્રનું થોથું, બધું જ સામટું મંગાવે. એનું વાચન એવું લાગતું હતું કે જાણે એ તૂટેલા વહાણનાં પાટિયાંઓથી છવાયેલા સમુદ્રમાં બાથોડિયાં ન ભરતો હોય ને જીવ બચાવવા એક પછી એક પાટિયાને ઝાલતો ન હોય.

શરાફને આ બધું યાદ આવ્યું એટલે એ વિચારવા લાગ્યો :

'આવતી કાલે મધરાતે બારના ટકોરે પેલો છૂટશે, શરત પ્રમાણે મારે એને વીસ લાખ ગણી આપવા પડશે. એટલી રકમ જો હું ચૂકવું તો તો મારા બાર જ વાગી જાય. મારો બેડલો કાયમને માટે ડૂબી જાય.'

પંદર વર્ષ પહેલાં એ લાખે લેખાં ગણાતો. પણ આજે એ પોતે પણ પોતાની જાતને પૂછતાં ગભરાતો કે એની પાસે શું વધારે હતું : દેવાં કે લેણાં ? શેરબજારમાં એણે ધૂમ સટ્ટો કર્યો હતો, નઠારાં જોખમો વહોર્યાં હતાં. ઘરડે ઘડપણ પણ આંધળિયાં કરવાની ટેવ એ ટાળી શકતો નહોતો. એટલે રફતે રફતે એનો ધંધો ધબ થઈ ગયો હતો. એક દિવસનો મુસ્તાક, છાતીધડો ને લાલ આંખવાળો વેપારી બચ્યો અત્યારે બજારની એકએક ચડઊતરથી કાંપતો મામૂલી શરાફ થઈ ગયો હતો.

'એ શરત નહોતી શાપ હતો, શાપ.' ડોસો માથાના વાળ પીંખતો નિસાસા નાખી રહ્યો... 'પણ પેલો મરી કેમ ન ગયો ? અરે, પણ એને તો હજી ચાળીસ જ થયાં છે. એ તો મારી છેલ્લી પાઈએ પાઈ તાણી જવાનો, પરણવાનો, લહેરથી જિંદગી માણવાનો, શેરસટ્ટો કરવાનો અને હું અદેખા ભિખારીની જેમ હાથ ઘસતો રહેવાનો. ઉપરથી જેમ પાછું રોજ સાંભળવાનું કે આ મારું સુખ તારા જ થકી છે. માટે લાવ હું તને મદદ કરું ! ના, ના, મારાથી એ નહિ સહન થાય, મારે દેવાળામાંથી ને નામોશીમાંથી બચવું હોય તો એક જ રસ્તો છે. ને તે એ કે પેલો હવે જમને ઘેર પહોંચી જાય.'

ઘડિયાળમાં ત્રણ ટકોરા થયા. શરાફ કાન માંડીને સાંભળે છે. ઘરમાં એકેએક જણ જંપી ગયું છે. બારીની બહાર ઝાડનાં બરફછાયાં પાંદડાં હાવ્ હાવ્ કરે છે. તે સિવાય બધું સૂમસામ છે. જરા પણ ખખડાટ ન થાય તેવી તકેદારીથી એણે તિજોરી ખોલી અને પંદર પંદર વરસથી નહિ ઊઘડેલાં બારણાંની ચાવી કાઢી. બદન પર ઓવરકોટ ચઢાવ્યો ને ચોરપગલે ઘરની બહાર નીકળ્યો. બગીચામાં અંધારું ઘોર હતું અને ટાઢ તો કહે મારું

કામ. વરસાદ પડતો હતો. પાંસળાં સોંસરવો નીકળી જતો ભેજવાળો પવન બગીચામાં સૂસવાટા બોલાવતો હતો ને ઝાડવાંને જરાય જંપ વળવા દેતો નહોતો. શરાફે બહુયે આંખો તાણી પણ એને હાથવેંત પર શું છે તેય દેખાતું નહિ. રસ્તો ફંફોળતો ફંફોળતો એ બગીચાને છેડે પહોંચ્યો અને ચોકીદારને બે વાર બૂમ મારી જોઈ. પણ કશો જવાબ મળ્યો નહિ, ચોકીદાર પણ આવી નઠારી ઋતુમાંથી બચવા માટે રસોડામાં કે ક્યાંક બીજે ભરાઈ ને ઘોંટી ગયો હોય એમ લાગ્યું.

'મારો હેતુ બર લાવવાની જો મારી છાતી ચાલશે,' ડોસાએ મનમાં દાવ ગોઠવ્યો, 'તો સહુ પહેલો વહેમ ચોકીદારને માથે જ આવશે.'

અંધારામાં પગથિયાં ફંફોસતો એ કોટડીના દરવાજે આવી પહોંચ્યો. દીવાસળી પેટાવીને આસપાસ જોયું તો કોઈ નહોતું. કોટડીના દરવાજા પર મારેલાં લાખનાં સીલ જેવાં ને તેવાં હતાં.

દીવાસળી ઠરી ગઈ એટલે ડોસાએ ઉશ્કેરાટથી ધ્રૂજતાં ધ્રૂજતાં ડોકાબારીમાંથી અંદર નજર કરી.

કેદીની કોટડીમાં એક મીણબત્તી ઝાંખી બળતી હતી. કેદી ટેબલ સામે બેઠો હતો. એની પીઠ, માથાના વાળ અને હાથ જ ફકત દેખાતા હતા. ટેબલ પર. ખુરશીઓ પર ને ભોંયે શેતરજી પર પણ જ્યાં જુઓ ત્યાં બધે, બસ ઉઘાડી ચોપડીઓનો જ પથારો પડેલો હતો.

એક....બે....પાંચ મિનિટ વહી ગઈ, પણ કેદી જરાકેય હાલ્યોચાલ્યો નહીં. પંદર વરસના કારાવાસે એને નિઃસ્તબ્ધ બેસતાં શીખવી દીધું હતું. શરાફે બારીના કાચ પર આંગળીથી ટકોરા કર્યા, તોયે કેદીએ કશો સળવળાટ ન કર્યો. પછી શરાફે સાવચેતીથી બારણાનાં સીલ તોડ્યાં અને ચાવી તાળામાં નાખી, કાટ ખાઈ ગયેલાં તાળાંએ ઘોઘરો અવાજ કર્યો ને બારણાં કચૂડ કચૂડ બોલ્યાં, શરાફના મનમાં હતું કે હમણાં વિસ્મયથી ચીસ ને દોડી આવતાં પગલાં સંભળાયાં જ સમજો. પણ ત્રણ મિનિટ વહી ગઈ અને તોય અંદર તો તેવી જ ચુપકીદી છવાયેલી રહી. એણે અંદર પ્રવેશ કરવાનું નક્કી કર્યું.

ટેબલ સામે એક માણસ બેઠો હતો. એ મામૂલી માણસ જેવો માણસ નહોતો. જાણે હાડપિંજર પર તાણીને ચામડું ચઢાવેલું ન હોય ! વાળનાં ગૂંચળાં સ્ત્રી જેવાં, અને પાછો દાઢીનો ઝૂમખો ! ચહેરો પીળોપચ, મુલતાની માટી જેવો, ડાચાં બેસી ગયેલાં, બરડો લાંબો અને સાંકડો; ને એણે માથું હાથ પર ઢાળ્યું હતું તે હાથ તો જાણે સાવ લાકડી પર લબડતી ચામડી, જોયું ન જાય. વાળ જરીકસબની ચમક પકડતા જતા હતા. ને એનો ચામાચીડિયા જેવો ચહેરો જોઈને તો કોઈ કહે નહીં કે આને હજી ચાલીસ જ થયાં હશે. ટેબલ પર, એણે માથું ઢાળ્યું હતું ત્યાં જ, એક કાગળ પડ્યો હતો. એના પર ઝીણા ઝીણા અક્ષરમાં કાંઈક લખેલું હતું.

'શેતાન સાવ ગરીબડો થઈ ગયો છે.' શરાફ મનમાં બબડ્યો, 'જનાબ ઊંઘી ગયા

છે ને કદાચ ઊંઘમાં સોનાના મહેલ જોતો હશે ! આ મડદાલને ખાટલા પર નાંખીને ઓશીકાથી બે ઘડી ગૂંગળાવ્યો કે તરત ટપ થઈ ગયો સમજવો. પછી ભલે તપાસ કરનાર તપાસ કર્યા જ કરે, અકુદરતી મોતની જરા જેટલીયે નિશાની એમને હાથ લાગે શેની ? પણ પહેલાં એણે શું લખ્યું છે તે જરા વાંચી લઉં.'

શરાફે ટેબલ પરથી કાગળ ઉપાડીને વાંચ્યો :

'આવતી કાલે મધરાતે બારને ટકોરે હું પાછો આઝાદ થઈશ. લોકોને હળવામળવાનો હક પાછો મને મળશે. પણ હું તમને બે શબ્દો કહી દેવા ખરેખર જરૂરી સમજું છું. શુદ્ધ હૃદયે ને ભગવાનને માથે રાખીને હું તમારી આગળ સાફસાફ જાહેર કરું છું કે આઝાદી, જિંદગી, તંદુરસ્તી ને બીજી બધી અનેક ચીજો જેને તમારી ચોપડીઓ દુન્યવી દુઆઓ માને છે, તેને માટે હું નફરત સેવું છું.

'પંદર પંદર વર્ષ સુધી મેં ખંતપૂર્વક પૃથ્વી કે એનાં લોકોને આંખે જોયાં નથી, પણ મેં તમારાં પુસ્તકોમાંથી ઊંચી જાતના સુગંધી શરાબો ગટકાવ્યા છે, ગીતો ગાયાં છે, જંગલમાં હરણના ને સૂવરના શિકાર ખેલ્યા છે, સ્ત્રીસુખ ભોગવ્યું છે.... અને તેય અપ્સરા સમી સ્ત્રીઓ, તમારા મહાપ્રતિભાવાન કવિઓની કલમના જાદુ વડે મેઘમાલા-શી સુંદર ને ઇન્દ્રધનુ-શી રંગભરી અભિસારિકાઓ રાત્રિ સમયે મારી પાસે આવતી અને અદ્ભુત મધુર સંવાદોથી મારું મસ્તક ભમાવી મૂકતી. તમારાં પુસ્તકોમાં હું પૃથ્વીનાં ઉત્તમોત્તમ ગિરિશૃંગો પર આરોહણ કરી આવ્યો ને ત્યાંથી સૂર્યાસ્તના આકાશને અરુણ રંગે રંગાતું જોયું ને સમુદ્ર ને પર્વતમાલાને કિરમજી સોનાને કિનખાબે મઢાતાં જોયાં. ત્યાં ઊભા ઊભા મેં મારા માથા ઉપર વાદળોને વિદારતા વીજળીના ચમકારા જોયા, લીલીછમ વનરાજિ, હર્યાભર્યા ખેતરો, નદીઓ, સરોવરો ને નગરો મેં નિહાળ્યાં; કિન્નરો ને ગંધર્વોનાં ગીતનૃત્ય નીરખ્યાં ને કન્હૈયાની વ્રજવેણ પણ સાંભળી, વિષ્ણના દૂતો મારી પાસે ઊડતાં ઊડતાં એનો સંદેશો લઈને આવ્યા. તેમની પાંખોને હાથ પણ અડાડી જોયો....તમારાં પુસ્તકોમાં મેં મારા શરીરને અતાગ ઊંડા પાતાળલોકમાં ફંગોળી દીધું, મેં કંઈ કંઈ ચમત્કારો સર્જ્યા, નગરોને ભસ્મ કર્યાં, નવા નવા ધર્મો પ્રચાર્યા ને કંઈ કેટલાય દેશો જીતી લીધા....

'તમારાં પુસ્તકોએ મને ડહાપણનો ખજાનો બક્ષ્યો. શતાબ્દીઓથી અણુમથક જે માનવચિંતનનું સર્જન થતું રહ્યું છે તેના સારરૂપ એક નાનકડો માખણગોળો મારા મગજમાં સમાઈ ગયો છે. મને ખબર છે કે હું આજે તમારા બધા કરતાં હોશિયાર છું.

'અને હું તમારાં પુસ્તકોને ધિક્કારું છું, તમારી દુન્યવી દુઆઓને અને ડહાપણને ધિક્કારું છું. એ બધું જ ખાલીખમ છે, તકલાદી શમણાના મહેલ જેવું ને મૃગજળ જેવું છેતરામણું છે. તમે ગમે તેટલા મુસ્તાક હો, ડાહ્યા હો કે રૂપાળા હો, મોત તો દરના ઉંદરને જેમ ઝડપી જવાનું તેમ તમનેય પૃથ્વીના પટ પરથી ભૂંસી નાંખવાનું અને તમારા વરસો, તમારા ઇતિહાસ ને તમારી વિભૂતિઓની અમરતા એ બધું પૃથ્વીના ગોળાની ભેગું જ બળીને ખાક થઈ જવાનું.

'તમને સહુને ચિત્તભ્રમ થયો છે ને તમે અવળે રવાડે ચડી ગયા છો. તમે જૂઠાણાંને સત્ય માની બેઠા છો અને કુરૂપને જ રૂપ ધારી બેઠા છો. જો કાલે ઊઠીને એકાએક આંબા અને કેળ પર ફળને બદલે દેડકાં અને ગરોળીઓ બેસે અને ગુલાબમાંથી ઘોડાના પસીનાની ગંધ છૂટે તો તમે આશ્ચર્યમાં ગરકાવ થઈ જાવ તે જ રીતે, તમે સ્વર્ગને સાટે પૃથ્વી લીધી છે તે જોઈને હુંયે આશ્ચર્યમાં ગરકાવ થઈ જાઉં છું. તમને સમજવાનું મને જરાય મન નથી.'

'મારી ઘૃણા તમને સક્રિય રીતે દેખાડી આપવા માટે હું આથી પેલા વીસ લાખ, જેને એક કાળે હુંયે સ્વર્ગની જેમ શમણે જોયા કરતો, તેની ઉપરનો મારો તમામ હકદાવો જતો કરું છું. કારણ હવે તેને માટે મારા મનમાં નરી જુગુપ્સા જ ઊભરાય છે. એ રકમ પરનો મારો હક બરાબર ડૂબી જાય તે અંકે કરવા ખાતર હું કરેલા સમય કરતાં પાંચ મિનિટ વહેલો બહાર નીકળી જઈશ અને કરારનો ભંગ મારે હાથે જ કરીશ.'

શરાફે કાગળ વાંચી લીધો ને પાછો ટેબલ પર મૂકી દીધો, પછી એણે આ વિચિત્ર ખોપરી પર લળીલળીને ચૂમીઓ વરસાવી અને એની આંખમાંથી ઝરઝર આંસુ દદડી રહ્યાં. એ કોટડીમાંથી બહાર નીકળ્યો.એને એની જિંદગીમાં કદાપી સટ્ટાબજારમાં એની દોલત લૂંટાઈ ગઈ ત્યારે પણ, પોતાની જાત પર અત્યારે આવતો હતો તેવો તિરસ્કાર આવ્યો નહોતો. ઘેર આવીને એ પથારીમાં પડ્યો, પણ છાતીના ધબકારા ને આંખનાં આંસુઓએ એને લાંબા વખત સુધી ઊંઘવા દીધો નહીં.

વળતી સવારે ચોકીદાર હાંફળોફાંફળો. એની પાસે દોડી આવ્યો ને કહેવા લાગ્યો કે એણે કોટડીમાં રહેતા કેદીને બારીમાંથી બાગમાં કૂદી પડતાં જોયો. બાગને મોટે દરવાજે થઈને એ ક્યાંક અલોપ થઈ ગયો. શરાફે પળનાયે વિલંબ વિના ગુમાસ્તાઓને સાથે લીધા અને કોટડી પર જઈ કેદી ભાગી છૂટ્યાના સાક્ષીપુરાવા પાકા કરી લીધા અને ખોટી અફવાઓમાંથી બચવા માટે એણે ટેબલ પર પડેલો પેલો ત્યાગપત્ર ઉપાડી લીધો અને ઘેર પાછા આવીને એને તિજોરીમાં સાચવીને કેદ કરી લીધો.

દુર્લભા

વિલિયમ સેન્સમ

એક વાર એક યુવાન રોમ આવ્યો. રોમમાં એ પહેલી જ વાર આવ્યો હતો ગામડેથી. છતાં, બીજા કોઈ પણ સ્થળ કરતાં એક વિશાળ ને મોહક શહેરમાં કંઈક અવનવું બનવું જ જોઈએ એવું કલ્પી લે એટલો એ નાનો ન હતો કે ન હતો એટલો ભોળો. જીવન એક ભ્રાન્તિ છે. એમાં અજબ પ્રસંગો બને છે ત્યારેય એવી જ નિરાશા એનું સાટું વાળી દે છે એમ એ જાણતો જ હતો, વળી એ એમ પણ જાણતો હતો કે જીવનમાં આથીય વધુ ખરાબ એવો ગુણ છે ને તે કશું જ ન બનવા પામે એવી સંભવિતતાનો, પોતાની જ પ્રવૃત્તિમાં સદા પરોવાયેલા રહેતા શહેરમાં હંમેશાં એની જ વધારે શક્યતા હતી.

આવું વિચારીને તે સ્પેનિશ પગથિયાં પર ઊભો રહ્યો ને પોતાની સમક્ષ પથરાયેલા ભવ્ય દૃશ્યને નિહાળવા લાગ્યો. સાંજના વાહન વ્યવહારનો પળે પળે ઘેરો થતો ગણગણાટ તે સાંભળી રહ્યો ને રોમની સ્વર્ણિમ સંધ્યામાં પ્રસરી જતા દીવાના પ્રકાશને નીરખી રહ્યો. ચળકતી મોટરો ફુવારા પાસેથી ચૂપકીથી સરી જતી હતી ને તેને ઝળહળતા વિયા કોન્દોત્તિમાં ઉતાવળે વળી જતી હતી. લાલ નિયોનસંજ્ઞાઓ અંધકારના સીનામાં પોતાનાં ઇંજન ભોંકતી હતી. ક્યાંકને ક્યાંક જવા ઉત્સુક એવા ચહેરાથી બસની પીળી બારીઓ ભરાઈ ગઈ હતી, શહેરની પ્રત્યેક વ્યક્તિ સાંજના કાર્યમાં ગુંથાઈ હતી. એક માત્ર એને જ કંઈ કરવાનું ન હતું.

શહેરના તમામ લોકોમાં એક માત્ર પોતે જ સાવ એકલો છે એમ એને લાગ્યું. પરંતુ સાહસની શોધથી સાહસ કદી મળ્યું નથી, ઊલટું દૂર ને દૂર જ રહ્યું છે. મનની આવી સ્થિતિમાં કોઈ જ આશા રહી નહીં, એટલે યુવાન પાછો વળી પગથિયાં ચડવા લાગ્યો. સુંદર દેવળ વટાવી ગયો ને પથરાળ ટેકરી પર થઈ પોતાની હોટલ ભણી આગળ વધવા લાગ્યો. સાંકડી શેરીઓમાં વધતા જતા સંચારને લીધે જાણે સુરાલયો ને આહારગૃહો અન્યોન્યને હડસેલતાં જણાતા હતાં. પરંતુ વિત્તોરિયો વેનેતોની વિશાળ પગથી પર, બોરધિઝ ઉપવનને માર્ગે આવેલાં તરુવરો નીચે રોમનો શ્રીમંત સમાજ

આપેરિતિફ*ના એક એક ઘૂંટ સાથે સંધ્યાની સુરખી પીવા યુરોપનાં સુંદરતમ કાફેમાં ઊભરાતો હશે. ત્યાં તો વળી વધુમાં વધુ એકલતા હોવાની ! આથી જ ઘર ભણી એકાકી પગલાં માંડતા યુવાને વધારે શાંત ને વધારે જૂની શેરીઓ પસંદ કરી.

રોમની આવી સાંકડી વાંકીચૂકી શેરીમાંથી બહાર નીકળતાં કોઈ વાર તો ફુવારા ને બેડોળ દેવળવાળો કોઈ છૂપો ચોક, કોઈ એકાંત ભયપ્રદ ખજાનો સામે ફૂટી પણ નીકળે. આવી એક જૂનાં પીળાં મકાનો વચ્ચે આવેલી પગથી વિનાની ગલીમાંથી તે પસાર થતો હતો ત્યારે તેણે જોયું કે ટેકરી પરથી પોતાના તરફ ઊતરી આવતી નારીની એકાકી આકૃતિ બાદ કરતાં પોતે એકલો જ છે.

એ વધુ નજીક આવી ત્યારે તેણે જોયું કે એણે પહેરેલાં વસ્ત્રોમાં એક રસિક છટા હતી, એની ગતિમાં રોમવાસીને સહજ એવું તેજસ્વી માર્દવ હતું, પગલે પગલે એ માનની લાગણી પ્રેરતી હતી. એનું મુખ ઢાંકેલું હતું છતાં એ સુંદર નહીં હોય એવી કલ્પના કરવી પણ અશક્ય હતી. આમ આવા એકાંતમાં, જેના વિના આજની સંધ્યા ખાવા ધાતી હતી તે સાહસનું પ્રતીક બનેલ નારીની આટલો નજીક આવી જવાને કારણે ઊંડા વિવાદે એને ઘેરી લીધો. એને પોતાની જીત એક તુચ્છ, તિરસ્કૃત, દયાજનક ગટર જેવી પામર લાગી. પોતાના ખભા સંકોરીને એણે આંખ ઢાળી દીધી પરંતુ એ પહેલાં એની આંખોમાં એક છૂપો દૃષ્ટિપાત તો એણે પરોવી જ લીધો.

એણે જે જોયું એનાથી તો એ આભો જ બની ગયો. એ થંભી ગયો ને આઘાતનો માર્યો એની સામે ટગટગ જોઈ રહ્યો. એણે જરાય ભૂલ નહોતી કરી. એ સ્મિત લહેરાવતી હતી. ઉપરાંત એ પણ અચકાઈ હતી. એક વિચાર ઝબકી ગયો : 'વેશ્યા ?' પણ ના, એ સ્મિત એવું તો નહોતું જ, એમાં સ્નેહનો એવો અભાવે નહોતો જ. ફરી આશ્ચર્યચકિત કરતાં એ બોલી :

'હું - હું જાણું છું. મારે તમને પૂછવું ન જ જોઈએ...પણ સંધ્યા એવી તો ખીલી છે- અને તમેય કદાચ એકલા હશો, મારા જેવા જ...'

એ અત્યંત સુંદર હતી. એ બોલી શક્યો નહીં પણ આનંદની ભરતીથી એનામાં શકિત આવી ને સ્મિત કર્યું. એટલે અચકાતાં અચકાતાં પણ યાચનાની લેશ પણ છાયા વિના નારીએ ચાલુ રાખ્યું :

'મને થયું....કદાચ ...આપણે સાથે ફરીએ, સાથે આપેરિતિફનું પાન કરીએ....'

આખરે યુવાને જાત સંભાળી લીધી :

'એથી વિશેષ આનંદ મને શેમાં આવે ? અને વેનેતો તો અહીંથી જરાય દૂર નથી.'

ફરીથી સ્મિત કરતાં એ બોલી :

'મારું ઘર અહીં જ છે....'

---

* જમવા પહેલાં લેવાતું માદક પીણું

શેરીમાંથી તેઓ થોડેક સુધી મૂંગા મૂંગાં ચાલ્યાં ને યુવાન જ્યાંથી એક વાર પસાર થઈ ચૂક્યો હતો એ વળાંકે આવી લાગ્યાં. નારીએ એમાં વળવા સૂચવ્યું. ત્યાંથી તેઓ સાદાં ઘરોને છેડે આવેલા એક ખાંચા પાસે આવ્યાં. ખાંચામાં એક બગીચાની દીવાલ હતી અને દીવાલની પાછળ એક વિશાળ સુઘડ મકાન હતું. પારદર્શક આભાવાળી સુંવાળી ચામડી, ભૂરી પણ તેજસ્વી આંખો, કાળી ભ્રમર ને ચળકતા કાળા વાળ આ સર્વના મિશ્રણમાંથી ઘડાયેલા તેજની લકીર એ નારીના મુખ પર અંકાઈ. એણે પોતાની ચાવી બગીચાના દરવાજામાં ભરવી.

મખમલના પોષાકમાં સજ્જ નોકરે તેમનું સ્વાગત કર્યું. વિશાળ સુશોભિત દીવાનખંડમાંથી પાણીના ચાલુ છંટકાવથી ભીનો હરિયાળો ચોક નજરે પડતો હતો ત્યાં, કાચનાં આકર્ષક ઝુમ્મર નીચે તેમને ફેનિલ દારૂ પીરસવામાં આવ્યો. તેઓ વાતે વળગ્યાં. રોમની ઉષ્ણ રાત્રિમાં બરફથી ઠંડા કરેલા દારૂએ એમને હર્ષની ઉષ્માથી ભરી દીધાં. પણ વખતોવખત યુવાન એને કુતૂહલપૂર્વક એને નિહાળી લેતો.

માર્મિક હાસ્ય ને વેધક કટાક્ષોના સૂક્ષ્મ આવિર્ભાવોથી પળે પળે તે એનામાં આત્મીયતા જગાડતી હતી. એને સજાગ રહેવાની જરૂર લાગી. લાંબા વિચારને અંતે એને થયું કે એનો આભાર માની લેવો ને એ રીતે બીજા કોઈ ઉપકારને અવકાશ ન રહેવા દેવો એ જ ઉત્તમ છે. પણ એ જ પળે પહેલાં એક સ્મિતથી ને વિષાદપૂર્ણ એક નજરથી એણે એને અટકાવ્યો. કોઈ પણ પ્રકારની અસ્વસ્થતા ન અનુભવવી એવી વિનંતિ કરી. પોતે જાણતી હતી કે આ બધું વિચિત્ર છે ને આવી પરિસ્થિતિમાં બીજા કોઈ હેતુની શંકા આવે, પણ પોતે એકલી હતી એ વાત તો સાવ સાચી હતી. શેરીમાં તેઓ સામસામે મળી ગયાં ત્યારે સંધ્યાની એ ધૂંધળી પળે એનામાં એણે કંઈક જોયું અને એના આકર્ષણની અનિવાર્યતામાંથી એ છટકી ન શકી. કશીક ન સમજાય એવી સાહજિકતાથી જ એને આમ થઈ ગયું.

ભ્રાંતિની પ્રતીતિનો દીર્ઘ સમય પણ જે સ્વપ્નને સંપૂર્ણ નષ્ટ ન કરી શકે એવા સંપૂર્ણ મિલનની શક્યતાએ યુવાનનો નિશ્ચય ફેરવી નાખ્યો. નિરવધિ આનંદની ભરતી પર એનો કશો કાબૂ ન રહ્યો, એની જાતમાં કશી શંકા ન રહી. અને પછી તો સંપૂર્ણતામાં ખામી ન રહી. એણે નિમંત્રણ આપ્યું અને બંને સાથે જમ્યાં. જાત જાતની માછલી, ચરબીવાળું પક્ષીનું માંસ, પાકાં ફળ; આવી અનેક વાનગીઓ નોકરોએ પીરસી. પછી ચોકની નજીક તેઓ સોફા પર બેઠાં. વાતાવરણમાં શીતળતા હતી. અનેક પ્રકારના આસવ આવ્યા. નોકરો નિવૃત્ત થયા. ઘરમાં સન્નાટો છવાયો. બંને આલિંગનમાં ભીડાયાં.

થોડી વાર પછી એક શબ્દ પણ ઉચ્ચાર્યા વગર હાથ ઝાલીને એ એને ખંડમાંથી બહાર લઈ ગઈ. બંને વચ્ચે કેવી ગહન શાંતિ વ્યાપી ગઈ હતી ! યુવાનનું હૃદય ભયથી ધડકતું હતું, તેઓ જે ખંડ ઓળંગતાં હતાં એની આરસની લાદી પડછંદા પાડી એની ચાડી ખાશે તો, પોતાનો હાથ હવે તો આ ઉત્કટ આવેશ એક પ્રકારની નિશ્ચિતતામાંથી પ્રગટતો

હતો. આ પળે, આ મોહક સંધ્યાએ કશું જ અનિષ્ટ બનવાનું નથી એવી નિશ્ચિતતા, વાણીની હવે કોઈ આવશ્યકતા નહોતી. બંને સાથે વિશાળ દાદર ચઢ્યાં.

એના શયનખંડમાં પલંગના પડદા વચ્ચે આછા રેશમી વસ્ત્રમાં આચ્છાદિત નગ્નતાનું એક મોહક ચિત્ર રચાઈ ગયું. એમાં એણે પોતાનો પ્રેમ ઠાલવ્યો. એ પ્રેમ અનંત બનવાનો હતો, સદા સંપૂર્ણ ને એમના આ પ્રથમ શ્રેષ્ઠ મિલન શો અકલ્પ્ય રહેવાનો હતો.

એટલી જ મૃદુતાથી એણે એના પ્રેમનો પ્રત્યુત્તર આપ્યો, કદાપિ એમને કશાયની ઊણપ નહીં નડે. અત્યંત હળવાશથી એણે ચાદર દૂર કરી એને જગા કરી આપી.

પણ આખરે એની સોડમાં એ સૂતો ત્યાં જ, એમના અધર એકબીજાને સ્પર્શ્યા ત્યાં જ, એ એકદમ ચમક્યો.

ક્યાંક ખામી હતી. એ ખામી અંતરથી કળાતી હતી. એણે કાન સરવા કર્યા, લાગણી અનુભવી ને સમજ્યો કે દોષ તો પોતાનો જ છે. પલંગ પાસેના દીવા તો ઝાંખા જ હતા. પરંતુ છતની મધ્યમાં વીજળીનું ઝળાંઝળાં ઝુમ્મર તો એમ ને એમ જ રહેવા દેવા જેટલો પોતે બેદરકાર રહ્યો હતો. બારણાં પાસેની ચાંપ એને યાદ આવી ને એક ક્ષણ તે અચકાયો. નારીએ પોતાનાં પોપચાં ઊંચાં કર્યાં, એની આંખ ઝુમ્મર પર મંડાયેલી જોઈને એ સમજી ગઈ.

એની આંખમાં ચમક આવી. એ ધીમે સ્વરે બોલી :

'મારા પ્રિયતમ, ચિંતા ન કર, જરાય હાલ નહીં...'

અને જાણે એણે પોતાનો હાથ લંબાવ્યો. એનો પંજો મોટો અને મોટો થતો ગયો, એનો હાથ લાંબો થતો ગયો. પલંગના પડદામાંથી એ લંબાયો, લાંબી શેતરંજીની સામી બાજુએ પહોંચ્યો, આખાય વિશાળ ખંડમાં એનો પડછાયો પડ્યો અને એની મહાકાય આંગળીઓ બારણા સુધી લંબાતી ગઈ. અંતિમ 'કટ' અવાજ સાથે એણે દીવો બુઝાવી નાખ્યો.

અનુ. જયંત પારેખ

બાળકો

સ્લાવોમીર મ્રોઝેક

એ વર્ષે એટલો તો બરફ પડ્યો કે ન પૂછો વાત. છોકરાંઓને રમવાની મજા પડી ગઈ. બજાર વચ્ચે જ તેમણે બરફમાંથી એક માણસનું પૂતળું બનાવવા માંડ્યું. બજાર ઘણી મોટી હતી, ઘણા લોકો ત્યાં આવ-જા કરતા. આજુબાજુ સરકારી મકાનોની બારીઓ પડતી હતી. બાકીની જગામાં બજાર લાંબી થઈને પડી હતી. બરાબર ચોગાન વચ્ચે છોકરાં બરફનો મોટો ટેકરો કરી એમાંથી કોઈ ખુશમિજાજી માણસ બનાવતાં હતાં.

સૌથી પહેલાં એમણે મોટો દડો બનાવ્યો. એ હતું એનું પેટ. પછી બે નાના નાના દડામાંથી બનાવ્યાં એના ખભા અને પીઠ અને એનાથીય નાનો દડો મૂકી માથું બનાવ્યું. બરફના માણસનાં બટન બનાવવા એમણે કાળા કાળા કોલસાના ટુકડા ચોડ્યા. આખે શરીરે બટન વાસી શકાય એટલે એમણે માથાથી પગ લગી બટન ચોડ્યાં. અને એનું નાક બનાવ્યું ગાજરનું. બરાબર હવે એ બરફના માણસ જેવો જ લાગતો હતો. ખૂબ ટાઢ પડે ત્યારે દર વર્ષે દેશમાં ચારેકોર દેખાય છે તેવો જ.

છોકરાંને આ બનાવ્યા પછી ખૂબ મજા પડી બધાં આનંદમાં આવી ગયાં.

ભાતભાતનાં લોકો ત્યાંથી પસાર થતાં હતાં. બધાં બરફનો માણસ જોવા બે ઘડી ઊભા રહેતા અને પછી ચલતી પકડતાં. સરકાર તો કશું ધ્યાન આપ્યા વગર એનું કામ કર્યા કરતી હતી.

બાળકો તાજી, ખુલ્લી હવામાં કૂદાકૂદ કરતાં હતાં અને એમની ભૂખ પણ ઊઘડતી હતી, એ જોઈ ત્યાંથી પસાર થતો તેમનો બાપ બહુ રાજી થતો હતો.

પણ સાંજના ટાણે, જ્યારે છોકરાં ઘેર આવી પહોંચ્યાં ત્યારે કોઈએ બારણું ઠોક્યું. આવનાર માણસની બજારમાં કાગળની દુકાન હતી. પહેલાં તો એણે મોડા આવવા માટે માફી માગી, પણ પછી એણે કહ્યું કે મોડા મોડાય પોતાના વિચારોનો એને લાભ આપી ફરજ ભજાવવાની એને જરૂર લાગી હતી અને માત્ર એ કારણસર જ એ આવ્યો હતો. આ છોકરાંઓએ કંઈ કર્યું ન હોત તો તેને આવવાનો વિચારે ન આવ્યો હોત, કેળવણીની

જ એને વાત કરવાની હતી ત્યાં. વાત હતી પેલા બરફના માણસના નાકની. બાળકોએ એ માણસનું નાક બનાવવા માટે ગાજર વાપર્યું હતું, કારણ કે ગાજર લાલ હોય છે ને ! અને વાત એમ બનેલી કે એ કાગળના વેપારીનેય લાલચટાક નાક હતું. વળી ખૂબ ટાઢને લીધે એ ઠરી પણ ગયું હતું. ઝાઝો દારૂ પીવાને લીધે નહિ. પરંતુ એનું નાક આટલું બધું લાલ છે, તે કાંઈ ઢંઢેરો પીટવા જેવી વાત હતી ? એને તો લાગી ગયું હતું, આવું ફરી વાર કદી નહિ થવું જોઈએ. મોટેરા તરીકે આટલી શિખામણ તો એણે આપવી જ જોઈએ.

એની ટકોર બાપને સાવ સાચી લાગી. એની વાત સાચી હતી. બાળકોએ આમ કોઈની પણ મજાક નહિ કરવી જોઈએ. ભલે પછી એ માણસને લાલ નાક હોય કે લીલું, આ બધું સમજવાની એમને હજી ઘણી વાર હતી. એણે બાળકોને બોલાવી, કાગળના વેપારી સામે ખડાં કરીને આકરા સાદે પૂછ્યું :

'એ સાચું કે તમે બરફના માણસનું નાક બનાવતી વેળા આ ભાઈના નાકનો વિચાર કરતાં હતાં ?'

બિચારાં બાળકો તો સ્તબ્ધ થઈ ગયાં. અને પહેલાં તો પિતા શું કહેતા હતા એ એમને સમજાયું પણ નહિ. છેવટે જ્યારે એ તેમને સમજાયું ત્યારે બધાંએ ના પાડી. ના, ના, આ તે કેવી વાત ?

પણ બાપાએ તેમને આની શિક્ષા કરવા રાત્રે વાળુ નહિ આપવાનો નિશ્ચય કર્યો. કાગળનો વેપારી રાજી થતો ગયો. એ માંડ બારણે પહોંચ્યો હશે ત્યાં તો સહકારી મંડળીની દુકાનના પ્રમુખ અંદર દાખલ થયા. પ્રમુખે નમસ્તે કર્યાં એટલે છોકરાંઓનો બાપ તો બિચારો ઘેલો ઘેલો થઈ ગયો, કે આવા મહાનુભાવ એના ઘેર ક્યાંથી ? બાળકોને જોઈ આવનાર માણસ ભવાં ચઢાવી, દાંત કચકચાવી કંઈક બબડ્યો, પછી બોલ્યો :

'સારું થયું કે આ માંકડાં અહીં જ છે. એમને બરાબર પાઠ ભણાવવો જોઈશે. આજે બપોરે અમારી દુકાનની એક બારીમાંથી, જે બરાબર બજારમાં જ પડે છે, ડોકાઈને જોઉં છું તો - શું જોયું, કહું ? આ રખડેલ છોકરાં બરફમાંથી એક માણસ બનાવતાં હતાં. વળી પાછાં જેમ ફાવે તેમ....'

'ઓ હો ! તમે નાકની વાત કરે છો ને ?'

'નાક – ના રે, એ શું વળી ? જરા વિચાર કરો સાહેબ, એ બધા બરફના ગોળા બનાવતા તેમાં, એક ગોળો, બે ગોળા અને વળી એક બીજો. અને એ આવું કેમ કરતાં હતાં તેની ખબર છે ? એ લોકોએ પહેલા ઉપર બીજો ગોળો મૂક્યો અને બીજા પર ત્રીજો. તમને આ ક્રૂર મશ્કરી જેવું નથી લાગતું ?'

બાપને આમાંથી કશું સમજાયું હોય તેમ લાગ્યું નહિ એટલે પ્રમુખ વધારે ચિડાયો :

'દીવા જેવી ચોક્ખી વાત છે આ તો ! આપણું સહકારી મંડળ છે તે જાણે ચોરબજાર ન હોય, એવું જ કાંઈક કહેવા માગતાં હતાં. એક ગોળા પર બીજો ગોળો મૂકી ચોરેલી

વસ્તુઓનો જાણે પિરામિડ ન બાંધતા હોય તેમ. આ બહુ નાજુક બીના છે. છાપામાં આપવા માટેય તમારે કંઈક સાબિતી જોઈએ, પણ આ ધોળે દહાડે બજાર વચ્ચોવચ !'

પરંતુ છોકરાઓની બાલિશતા પણ પ્રમુખને હૈયે વસી, તેથી એણે કશી સજા-બજા કરવાનું વિચાર્યું નહિ, પણ ભવિષ્યમાં આવું કદી ન બને તેની તકેદારી રાખવા કહ્યું.

પિતાએ જ્યારે બાળકોને પૂછ્યું કે બરફના ગોળા ગોઠવતાં તેમણે સહકારી મંડળને ચોરોના અડ્ડા તરીકે ઓળખાવવા માટેનો વિચાર કર્યો હતો, ત્યારે ભૂલકાંઓની આંખોમાંથી ટપોટપ આંસુ સરી પડ્યાં, અને બધાંએ એકીસાથે માથાં ધુણાવ્યાં. પરંતુ શિક્ષા કરવા માટે એમને પિતાએ એક ખૂણે ઊભાં રાખ્યાં.

હજી દિવસ પૂરો થયો નહોતો. બહાર બરફગાડી ઊભી રહેવાનો અવાજ આવ્યો અને બે માણસોએ એકીસાથે બારણું ઠોક્યું. ઘેટાના ચામડાનો કોટ પહેરેલો એક જાડિયો માણસ સાવ અજાણ્યો હતો, જ્યારે બીજો તો લોકસભાનો પ્રમુખ જાતે આવ્યો હતો.

એકીશ્વાસે બન્ને જણ બોલ્યા - 'તોબા તમારાં છોકરાંથી.'

બાપ બિચારો આવાં આગમનોથી ટેવાઈ ગયો હતો, તેથી આવનારાઓને બેસવા માટે એકદમ બે ખુરશીઓ લઈ આવ્યો. પ્રમુખે પેલા અજાણ્યા માણસ સામે કડવી દૃષ્ટિ નાખી, જાણે કે તે કોઈ મગતરું ન હોય, અને પછી બોલવાની શરૂઆત કરી.

'તમારા કુટુંબમાં તમે અધિકારીઓનું આમ અપમાન થતું ચલાવી લો છો, તે જાણી મને નવાઈ લાગે છે. તમને કાયદાની કશી ગતાગમ લાગતી નથી. અને કદાચ ભલાભોળા થઈ એ કબૂલી પણ લેશો.'

બાળકોના પિતાને સમજાયું નહિ કે શા માટે પોતાને કાયદાની વાતોથી અજ્ઞાત માનવામાં આવતો હતો.

'તમારાં પોરિયાંનાં કરતૂત, બીજું શું વળી ? લોકસભાની હાંસી ઉડાવવા આવ્યાં છે બિચારાં ! હા....હા, તમારાં જ છોકરાં, ભાઈસાહેબ ! મારા જ ઘરની બારી નીચે એમણે બરફનો માણસ બનાવ્યો છે, વાહ ! જાણે કોઈ સમજતું જ નથી !'

'હું સમજી ગયો સાહેબ' બીતો બીતો બાળકોનો બાપ બોલ્યો. 'એક ચોરની કાંધે બીજો ચોર ચડે છે, એવું લાગે છે ને એમાં ?

'ચોર ? જુઠ્ઠાણું ! મારે જ બધું કહેવું પડશે કે લોકસભાના પ્રમુખના ઘરની બારી નીચે બરફનો માણસ બનાવવાનો અર્થ શું થાય, કેમ ! લોકોની ટીકાઓની પણ મને પૂરી ખબર છે હોં ! જાવ ને એદન્યુરના ઘરની બારીએ ગોળા ઊભા કરો ને ! કહો જોઉં વારુ હં, કેમ ચૂપ થઈ ગયા, ભાઈસાહેબ ! તમારું મૌન જ ઘણું કહી દે છે, અને બધા પ્રશ્નોના જવાબ પણ ....'

છેલ્લું વાક્ય સાંભળતાં પેલો સ્થૂળકાય બીજો માણસ પ્રમુખને પગથી માથા લગી માપતો ચાલ્યો ગયો. ફરી વાર બરફગાડીની ઘંટડીનો અવાજ આવ્યો, અને ધીમે ધીમે ઓછો થતો, છેવટે વિલીન થઈ ગયો.'અને ભાઈસાહેબ, હું કહું છું કે તમે જરા વિચાર કરો.'

પ્રમુખે આગળ ચલાવ્યું. 'હું તો સાવ ભૂલી જ ગયો. એમાં તો કાંઈક બીજું જ હતું. મારે ઘેર જો હું બટન બંધ કર્યા વિના જાઉં તો એમાં કોઈનું શું ? તમારાં બાળકોને આવી મૂર્ખાઈભરી મજાક કરવાનો કોઈ હક નથી. વળી, બરફના માણસના માથાથી પગ લગી બટન બનાવવાનો બીજા પણ અર્થ થાય. જુઓ, હું તો તડફડ કહેનારો માણસ. હું મારે ઘેર બટન બંધ કર્યા વગર જાઉં કે કપડાં વગર જાઉં, તમારાં છોકરાંને એની સાથે કાંઈ લેવાદેવા નથી, તે યાદ રાખજો.'

આશ્ચર્યમૂઢ બાપે બાળકોને ખૂણામાંથી બોલાવી પૂછ્યું કે તેમણે પ્રમુખની આદતની મજાક શા માટે કરી હતી.

ધ્રૂસકાં ભરતાં અને રડતાં બાળકો બિચારાં બોલ્યાં કે એમણે તો બરફનો માણસ રમવા માટે, મજા કરવા માટે જ બનાવ્યો હતો. એને કોઈની સાથે કશું લાગતુંવળગતું નહોતું. પરંતુ સજા કર્યા વિના તો કેમ ચાલે ? તેથી બાપે તેમને કઠણ જમીન પર અંગૂઠા પકડી ઊભા રહેવાની શિક્ષા કરી.

ત્યાર પછી તો ઘણા લોકોએ બારણાં ઠોક્યાં પણ છોકરાંના બાપે બારણું ખોલ્યું નહિ.

બીજે દહાડે હું ચોકમાંથી નીકળતો હતો, ત્યારે મેં બાળકોને જોયાં. હવે બજારમાં તો એમને કોઈ રમવા દે એમ હતું નહિ, એટલે તેઓ નવી રમતની શોધમાં હતાં.

'ચાલો ને, બરફનો માણસ બનાવીએ.' એક બાળકે કહ્યું.

'ફસ, ખાલી બરફનો માણસ બનાવવાથી શું વળી ?' બીજાએ જવાબ આપ્યો.

ત્રીજો તરત બોલ્યો : ત્યારે એમ કરીએ. ચાલો ને પેલો કાગળનો વેપારી બનાવીએ. લાલચોળ બનાવશું એનું નાક. એનું નાક ખૂબ લાલ છે, કારણ કે ખૂબ દારૂ પીએ છે. એ જ તો કહેતો હતો ગઈ કાલે.'

'ના રે ના, હું તો સહકારી મંડળી બનાવીશ.'

' અને હું તો બનાવીશ પ્રમુખ સાહેબ. એ પક્કો ચોર છે. અને એને બટન પહેરાવીશ, ઘેર એ બટન બીડ્યા વિના જાય છે ને તેથી !'

છોકરાંઓ આમ દલીલબાજી પર ઊતર્યાં, પણ આખરે તેમણે બધી જાતનાં માણસો બનાવવાનું નક્કી કર્યું અને પૂરજોરથી તેઓ કામે લાગી ગયાં.

અનુ. ગુલામમોહમ્મદ શેખ

એક સો રૂપિયા

ઇવાન બુનિન

તે વખતે હું જૂની ડચ ઢબની બાંધણીની એક હોટેલમાં ઊતર્યો હતો. એની ચારે બાજુ નારિયેળીનાં ઝાડ હતાં, ને પાસે જ દરિયાકિનારો હતો. એક સવારે હોટેલના ચોકમાં મારી નજર એના પર પડી. પછી તો હું દરરોજ સવારે એને ત્યાં જતો. વરંડાથી થોડેક જ છેટે, મકાનની આછી ઉષ્માભરી છાયામાં, એ એક નેતરની ખુરશી પર આરામથી શરીરને લંબાવીને બેસતી, એક ઊંચો, પીળાશ પડતા ચહેરાવાળો, ને અણગમો ઉપજાવે એટલી ઝીણી આંખવાળો મલાયાવાસી નોકર ધોળા કેનવાસના કડક જાકીટ અને પાટલૂનમાં સજ્જ થઈને, એના ઉઘાડા પગનાં તળિયાંથી કાંકરાને કચડવાનો અવાજ કરતો આવતો; એની ખુરશી પાસે પડેલા ટેબલ પર એક 'ટ્રે' માં પારદર્શી, ભૂખરા સોનેરી રંગની ચાનો કપ મૂકીને અદબથી ઊભો રહેતો, એનો સૂકા પાતળા બીડેલા હોઠને વિના વિનયપૂર્વક કશુંક બોલતો ને ફરી અદબથી ઝૂકીને ચાલ્યો જતો, ને એ અર્ધી સૂતેલી હાથમાંનો તાડનાં છટિયાંનો પંખો ધીમે હલાવતી એમ ને એમ પડી રહેતી; એની ધીમે ધીમે ફરકતી લાંબી અદ્ભુત પાંપણો કાળા મખમલની જેમ આછો તરલ ચળકાટ ફેલાવતી.... આ પૃથ્વી પર વસતી અનેક જાતિઓ પૈકી એ કઈ જાતિની હશે ?

એની સુદૃઢ છતાં નાજુક, ઉષ્ણ કટિબંધના સૂર્યનો તાપ સેવીને કોફીના જેવો રંગ ધારણ કરનારી કાયા ખભા અને હાથથી માંડીને તે વક્ષઃસ્થળ સુધી નગ્ન હતી; એના પગ ઘૂંટણ સુધી ખુલ્લા હતા; સાથળથી તે કમર સુધીનો ભાગ ખૂલતા લીલા રંગના કટિવસ્ત્રમાં વીંટળાએલો હતો. લાકડાની પીળા સપાટના રાતા પટામાંથી એના નાનકડા પગની આંગળીના રંગેલા નખ ડોકિયું કરતા હતા. માથાની ઉપર એકઠા કરીને બાંધેલા એના કાળાભમ્મર વાળ જરા બરછટ લાગતા હતા, ને તેથી એ વાળનો એના શિશુ જેવા કોમળ ચહેરા સાથે જાણે મેળ નહોતો ખાતો. એના નાનકડા કાનની લાળીએ સોનાનાં પોલાં લટકણિયાં ઝૂલી રહ્યાં હતાં. એની કાળી પાંપણો માન્યામાં ન આવે એટલી લાંબી

ને અદ્‌ભુત હતી. એને ફરકતી જોઈએ ત્યારે હિન્દુસ્તાનનાં અનુપમ ફૂલો પર જાદુભરી અદાથી ભમતાં સોહામણાં પતંગિયાંનું દૃશ્ય ખડું થતું. સૌન્દર્ય, બુદ્ધિમત્તા, બાઘાઈ : આ પૈકીનું કોઈ પણ વિશેષણ એને લાગુ પડતું નહીં; માનવસહજ ભાષામાં એનું સીધુંસાદું વર્ણન કરવું અશક્ય લાગતું. ખરે જ, એ કોઈ નક્ષત્રલોકમાંથી પૃથ્વી પર ઊતરી આવી હોય એવું લાગતું હતું. કશું બોલ્યાચાલ્યા વિના એમ ને એમ બેસી રહેવું એને સૌથી વધારે ફાવતું. પતંગિયાની સૂંઢની જેમ એની કાળા મખમલ જેવી આંખની પાંપણને એ ધીમે ધીમે ઊંચીનીચી કરતી, હાથમાંના પંખાને લયપૂર્વક હલાવતી એ ત્યાં બિલકુલ શાન્ત બનીને પડી રહેતી...એક સવારે રિક્ષા હોટેલ આગળ આવી ગઈ હતી, ને હું હંમેશની જેમ શહેરમાં ફરવા જવા માટે એમાં બેસવા જતો હતો, ત્યાં વરંડાનાં પગથિયાં પર પેલો મલાયાવાસી નોકર સામો મળ્યો, અદબથી ઝૂક્યો ને ધીમે અવાજે બોલ્યો : 'સો રૂપિયા, સાહેબ !'

અનુ. સુરેશ જોષી

ગાય દ મોપાસાં

આઈઝાક બેબલ

૧૯૧૬ના શિયાળામાં, બનાવટી પાસપોર્ટ સાથે અને ખીસામાં એક ખોટા સેન્ટ પણ વિના, હું સેંટ પિટર્સબર્ગમાં આવી ચડ્યો હતો તેની મને જાણ થઈ. રશિયન સાહિત્યના એક શિક્ષક એલેક્સી કાઝાન્ટ્સેવે પોતાના ઘરમાં મને આશ્રય આપ્યો.

એ માણસ પેસ્કી વિભાગની એક ગંદી વાસવાળી ગલીમાં રહેતો હતો. એ ગલી પીળચટ્ટા રંગની લાગતી હતી. અને એમાં બરફ જામી ગયેલો હતો. સ્પેનિશ ભાષામાં લખાયેલી કૃતિઓના અનુવાદો કરી કરીને એ પોતાના કંગાળ પગારમાં થોડોઘણો ઉમેરો કરતો. બ્લાસ્કો ઈબાનેઝ એ સમયે પ્રસિદ્ધિમાં આવતો જતો હતો.

કાઝાન્ટ્સેવ સ્પેનમાંથી કદીયે પસાર સુધ્ધાં થયો નહોતો, પરંતુ એ દેશ પ્રત્યેનો પ્રેમ તેના આખાયે અસ્તિત્વને ભરી દેતો હતો. એ સ્પેનના દરેકે દરેક કિલ્લાને, દરેકે દરેક બાગ-બગીચાને અને દરેકે દરેક નદી-નાળાને ઓળખતો, એ કાઝાન્ટ્સેવની આસપાસ, જીવનના સામાન્ય વર્તુળમાંથી, મારી માફક જ, ધકેલાઈ ગયેલા અનેક માણસો, જાળું જમાવીને પથરાઈ પડ્યા હતા. અમે અર્ધા ભૂખ્યા રહેતા. ધાંધલ-ધમાલભર્યા સમાચારમાં રાચતાં વર્તમાનપત્રો, અમે લખેલા બિનઅગત્યના સમાચારખંડો, વચ્ચે વચ્ચે કોઈ કોઈવાર, નાનામાં નાના ટાઈપમાં પ્રસિદ્ધ કરતા.

ઓળખપાળખ વિનાનાં મડદાંઓને જ્યાં રાખવામાં આવે છે એ જગ્યાઓ આસપાસ, અથવા તો પોલીસ ચોકીઓની આસપાસ ઘૂમ્યા કરવામાં હું સવારનો ભાગ વિતાવી નાખતો.

કાઝાન્ટ્સેવ અમારામાંના બીજા કોઈ પણ માણસ કરતાં સુખી હતો, કેમકે જેને એ પોતાનો કહે એવો એને એક દેશ હતો – સ્પેન.

નવેમ્બરમાં મને ઓબુખોવ મિલ્સમાં કારકુન તરીકેની નોકરી કરવાની તક આપવામાં આવી. એ નોકરી સારી કહી શકાય એવી હતી, અને એનો સ્વીકાર કરતાં ફરજિયાત લશ્કરી નોકરી કરવામાંથી મને મુક્તિ મળી રહે તેમ હતું.

મેં કારકુન બનવાની ના પાડી દીધી.

ત્યારે, જ્યારે મારી ઉંમર માત્ર વીસ વર્ષની જ હતી, એ દિવસોમાં પણ, મેં મારી જાતને કહી રાખ્યું હતું : દરેકે દરેક દિવસના દસ કલાક સુધી કોઈક કચેરીના ટેબલ પછવાડે ગોંધાઈ રહેવા કરતાં તો ભૂખે મરવું, જેલ જવું કે રખડુ બની જવું એ ક્યાંય બહેતર છે.

મારા એ નિર્ણયમાં પ્રશંસા કરવા જેવું કશુંય નહોતું. પણ મેં એ નિર્ણય કદીયે તોડ્યો નથી ને કદી તોડીશ પણ નહીં. મારા પૂર્વજોનું ડહાપણ મારા મગજમાં પૂરેપૂરું સ્થપાઈ ગયેલું હતું : આપણાં કામ, આપણા જંગ ને આપણા પ્રણય-પ્રસંગોનો આનંદ માણવાને માટે આપણે જન્મ્યા છીએ. એ માટે જ આપણે જન્મ્યા છીએ, ને બીજા કશા માટે પણ નહીં.

આવાં આવાં મારાં બણગાં સાંભળીને કાઝાન્ટ્સેવ એના માથા ઉપરના વાળની ટૂંકી પીળી રૂવાંટીઓને પસવાર્યા કરતો. એની આંખમાંનો ભય પ્રશંસાના ભાવ સાથે સંમિશ્ર બની રહેતો.

નાતાલના સમય આસપાસ અમારું નસીબ ખૂલ્યું. 'હોલ્સિયોન' નામની પ્રકાશન સંસ્થાના માલિક, વકીલ બેન્ડેરૂસ્કીએ મોપાસાંની કૃતિઓની નવી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાનું નક્કી કર્યું. એની પત્ની રાઈસાએ એ કૃતિઓનો અનુવાદ કરવામાં પોતાનો હાથ અજમાવ્યો પણ તેની એ ઉચ્ચ મહત્ત્વાકાંક્ષાનું કશુંય પરિણામ આવ્યું નહીં.

સ્પેનિશ ભાષાના અનુવાદક તરીકે પ્રસિદ્ધ બની ચૂકેલા કાઝાન્ટ્સેવને પૂછવામાં આવ્યું હતું કે રાઈસા મિખાઈલોવનાને એના કામમાં મદદ કરી શકે એવા કોઈ માણસની એ ભલામણ કરી શકે એમ છે ખરો ? એણે એ લોકોને મારા વિશે કહ્યું.

કોઈક બીજા જ માણસનો કોટ ચડાવીને હું બીજે જ દિવસે બેન્ડરૂસ્કીના ઘર તરફ જવા ઊપડ્યો. એ લોકો જ્યાં નેવસ્કી અને મોયકા મળે છે એ નાકાના ખૂણા ઉપર રહેતાં હતાં. ફિનલેન્ડના ગ્રેનાઇટનું બનાવેલું તેમનું ઘર હતું, ને ગુલાબી થાંભલાઓ, કિલ્લાઓમાં હોય તેવા કાંગરાઓ, અને પથ્થર ઉપર કોતરી કાઢેલાં વંશાવળી સૂચવતાં પ્રતીક-ચિત્રોથી તે ઘર શણગારાયેલું હતું.

કોઈ પણ જાતના પૂર્વઇતિહાસ વિનાના, અને ગમે ત્યાંથી ફૂટી નીકળેલા બેંકરોએ, અને લશ્કરને સારસરંજામ વેચી વેચીને સમૃદ્ધ બની ગયેલા વટલેલા યહૂદીઓએ, લડાઈ પહેલાંના કાળમાં, સેંટ પિટર્સબર્ગમાં આવા ભભકાબંધ દેખાતા મહાલયો ઊભા કરી દીધા હતા.

દાદર ઉપર લાલ જાજમ બિછાવેલી હતી. દરેક માળે, દાદરા આગળ, મખમલ જેવા પદાર્થથી બનાવી કાઢેલાં રીંછ પોતાના પાછલા પગ ઉપર ઊભેલાં હતાં. એમનાં ખુલ્લાં મુખમાં બિલોરી દીપકો જલી રહ્યા હતા.

બેન્ડેરૂસ્કી કુટુંબ બીજે માળે રહેતું. માથા ઉપર સફેદ ટોપી પહેરેલી એક ઉન્નત વક્ષઃસ્થળવાળી નોકરડીએ બારણું ઉઘાડ્યું. જૂની સ્લાવ ઢબે શણગારાયેલા એક

દીવાનખાનામાં તે મને લઈ ગઈ. તેની દીવાલો ઉપર રોરિકનાં પ્રાગૈતિહાસિક કાળનાં પથ્થરો અને રાક્ષસોને આલેખતાં આસમાની રંગનાં ચિત્રો ટીંગાયેલાં હતાં. ખૂણાઓમાં ઘોડીઓ ઉપર પૂર્વજોના સમયની મૂર્તિઓ શોભતી હતી.

ઉન્નત વક્ષ:સ્થળવાળી એ નોકરડી સરળતા અને ગૌરવપૂર્વક હલનચલન કરતી હતી. એનાં અંગાંગ સુરેખ હતાં, તેની નજર આઘે સુધી ન જોઈ શકનારની હોય તેવી ટૂંકી હતી, ને તે પોતે જરાતરા અભિમાની લાગતી હતી. ઘનીભૂત કામુકતા તેની ખુલ્લી માંજરી આંખોમાં જાણે વસવાટ કરતી હોય તેમ જોનારને લાગે. એ ધીમી ગતિએ ચાલતી હતી. મને વિચાર આવ્યો જ્યારે એ પ્રેમ કરતી હશે ત્યારે અકલ્પ્ય એવા ચાપલ્યથી એણે ગતિમાન બનવું પડતું હશે. બારણા ઉપરનો જરીભરતનો પડદો ઓચિંતાનો હલી ઊઠ્યો, અને કાળા વાળ, ગુલાબી આંખો અને વિશાળ વક્ષ:સ્થળવાળી એક સ્ત્રી ઓરડામાં દાખલ થઈ. રાઇના બેન્ડેર્સ્કીને જોતાં સહેલાઈથી સમજી જવાય તેમ હતું કે ચેસ્ટનટ અને બાવળનાં વૃક્ષોથી સમૃદ્ધ પાધર પ્રદેશના કીલ અને પોલ્ટાવા જેવાં નગરોમાંથી આપણી વચ્ચે આવીને વસેલ મોહક યહૂદી સ્ત્રીઓમાંની એ પણ એક હતી. આ સ્ત્રીઓ, તેમના ચાલાક પતિઓએ મેળવેલા પૈસાનું પરિવર્તન, પેટ, ગરદનના પાછલા ભાગ, અને ગોળમટોળ બની ગયેલા તેમના ખભાઓના ઉપરના ભાગમાં જમાવેલા ચરબીના ગુલાબી પડના રૂપમાં કરી નાખે છે. નિદ્રાઘેરાં, સૂક્ષ્મતાસૂચક તેમનાં સ્મિત, સ્થાનિક સૈન્યના અફસર વર્ગને પાગલ બનાવી મૂકે છે.

'મોપાસાં,' રાઇસાએ મને કહ્યું,' મારા જીવનની એક માત્ર લગન છે.'

એના મોટા મોટા નિતંબના ડોલનને કાબૂમાં રાખવાનો પ્રયત્ન કરતાં કરતાં તે ઓરડામાંથી બહાર ગઈ. અને મોપાસાંની 'મિસ હેરિયેટ' નામની વાર્તાનો પોતે કરેલો અનુવાદ સાથે લઈને પાછી આવી. મોપાસાંના આવેગો અને આવેશોના પરિમલથી ભર્યાં ભર્યાં નિર્બંધ વહેતાં વાક્યોની છાંટ સુધ્ધાં એના અનુવાદમાં ઊતરી નહોતી. રાઇસા બેન્ડેર્સ્કીએ ભૂલ વિના અને ચોકસાઈપૂર્વક લખવાની જહેમત ઉઠાવી હતી, પણ પરિણામ રૂપે જે નિષ્પન્ન થયું હતું. તે તો, પહેલાંના સમયના યહૂદીઓ જે જાતનું રશિયન ગદ્ય લખતા હતા તેના જેવું, કશુંક પોચું પોચું અને નિર્જીવ જેવું હતું.

એ હસ્તપ્રત હું મારી સાથે લઈ ગયો, અને કાન્ઝટ્સેવના ગભારિયામાં મારા સૂતેલા સાથીદારોની મધ્યમાં બેસીને, તેના ગદ્યના ગૂંચવાયેલા ડાળડાંખરાંમાંથી રસ્તો કાપી કાઢવામાં આખી રાત ગાળી નાખી. એ કામ, પહેલી નજરે દેખાય તેવું, કંટાળાભરેલું નહોતું, વાક્યખંડ જગતમાં જન્મ ધરે છે ત્યારે એ એકીસાથે ખરાબ પણ હોય છે, અને સારો પણ. આછો એવો લગભગ દેખી પણ ન શકાય એવો, એકાદ વળ એને આપી દેવામાં આખું રહસ્ય છુપાયેલું હોય છે. પડ્યું પડ્યું ગરમાવો પામતું ઉચ્ચાલન તમારા હાથમાં પડ્યું હોવું જોઈએ, ને તમે એને માત્ર એક જ વાર ફેરવી શકો. બે વાર નહીં.

એ સુધારેલી હસ્તપ્રત હું બીજી જ સવારે પાછી લઈ ગયો. રાઇસાએ મને જ્યારે

કહેલું કે મોપાસાં એ એના જીવનની એક માત્ર લગન હતો ત્યારે એ જુઠ્ઠું નહોતી બોલી. જેવો એ અનુવાદ મેં એની પાસે વાંચવો શરૂ કર્યો કે તરત જ એ તદ્દન નિશ્ચલ બનીને, ને હાથના અંકોડાને એકબીજામાં ભેરવીને, બેસી ગઈ. એના સેટીન જેવા રેશમી હાથ નીચે જમીન તરફ ઢળી પડ્યા, એનું કપાળ ફિક્કું પડી ગયું, અને ચપોચપો બાંધી રાખેલાં તેનાં સ્તનોની વચ્ચેની રેશમી પટ્ટી ઊંચીનીચી થવા અને નર્તન કરવા લાગી.

'તમે આ કર્યું શી રીતે ?'

હું શૈલી વિશે, અને જે સૈન્યમાં હરેક જાતનું શસ્ત્રાસ્ત્ર ઉપયોગમાં આવે એવા શબ્દોના સૈન્ય વિશે બોલવા લાગ્યો. જેવા બળથી યથાસ્થાને આવેલું પૂર્ણવિરામ હૃદયને વીંધી નાખે છે, એવા બળથી તો, ગમે તેટલી તીક્ષ્ણ ધારવાળું લોખંડી હથિયાર પણ તેને વીંધી શકતું નથી. માથું નીચું ઢાળીને અને તેના રંગેલા હોઠને અર્ધા ખુલ્લા રાખીને એ સાંભળી રહી. લીસાલપટ બનાવીને ચપટ બેસાડેલા, બરાબર અધવચ્ચેથી સેંથો પાડેલા, ને રાણી છાપના ચામડા જેવા ચળકતા લાગતા તેના વાળમાં તેજનું એક કાળું કિરણ ઝબકારા મારતું હતું. બંધબેસતાં આવતાં ચપોચપ મોજામાં ઢંકાયેલા, અને કોમળ છતાં બળવાન પિંડી ધરાવતા તેના પગ જાજમ ઉપર એકદમ પહોળા થઈને પથરાઈ ગયા હતા.

ઘનીભૂત કામુકતાભરેલી આંખો દ્વારા આજુબાજુ નજર કરી લેતી નોકરડી એક ટ્રેમાં નાસ્તો લઈ આવી.

ઝાંખી અને અસપાટ જાજમ ઉપર પિટર્સબર્ગના સૂરજનાં કાચ જેવાં તગતગતાં કિરણો પડવા લાગ્યાં. ટેબલ માથે અભરાઈ ઉપર મોપાસાંનાં ઓગણત્રીસ પુસ્તકો ગોઠવેલાં હતાં. ઓગળાવી નાંખતી વિસર્જનમયતાભરી અંગુલિઓથી સૂર્યે એ પુસ્તકોની મોરોક્કોના ચામડાની પીઠને - એક માનવહૃદયની શોભાથી લસલસતી કબરને-સ્પર્શ કર્યો.

ભૂરા રંગના પ્યાલા-રકાબીમાં કોફી ધરવામાં આવી, અને 'આઇડિલ' નામની વાર્તાનો અનુવાદ કરવો અમે શરૂ કર્યો. બાળકને ધવડાવતી રહેલી મજબૂત બાંધાની માતાનાં સ્તનોમાં ઊભરાઈ રહેલા વધુ પડતા દૂધના ભારને હળવો કરવા માટે તેનું સ્તનપાન કરવા લાગી ગયેલા ભૂખ્યા જુવાન સુતારવાળી મોપાસાંની એ વાર્તાની તો સહુને ખબર છે. જ્યાં ફૂલના છોડ છેક સાગરકિનારા સુધી પથરાયેલા પડ્યા છે એવી ગુલામોની ભૂમિમાં, ગુલામોની જન્મભૂમિમાં, તાપથી સળગી ઊઠેલા એક દિવસના બપોરના ભાગમાં, નીસથી માર્સેલ જતી ટ્રેઇનમાં એ બનાવ બન્યો હતો.

પચ્ચીસ રૂબલ એડવાન્સના લઈને હું બેન્ડેરૂસ્કીને ત્યાંથી બહાર નીકળ્યો. પેસ્કીમાં રહેનારી અમારી મિત્રમંડળી એ રાત્રે મદિરાથી તરબતર બની ગઈ, નશો કરાવેલ બગલાંઓનું ટોળું જેટલું તરબર બની જાય, એટલી તરબતર. પીણાંની વચ્ચે વચ્ચે અમે ઉત્તમ જાતના ખાદ્ય પદાર્થોનો પણ ઉપભોગ કરતા જતા હતા.નશાથી અર્ધું ભાન ગુમાવી બેઠેલો હું તોલ્સ્તોયને ઉતારી પાડવા લાગ્યો.

'પીળોચટ્ટ પડી ગયો હતો એ, એ તમારો કાઉન્ટ ડરી ગયો હતો એ. એનો ધર્મ એ

માત્ર ભયનો જ ધર્મ હતો. શરદીથી, બુઢાપાથી, મૃત્યુથી એ ભય પામી ગયો હતો; અને એટલે એણે પોતાના ધર્મમાંથી એક ગરમ કોટ બનાવી કાઢ્યો હતો.'

'આગે બઢ. આગે બઢ,' પંખીના માથા જેવું એનું માથું ડોલાવતાં ડોલાવતાં કાઝાન્ટ્સેવ મને ઉત્તેજન આપવા લાગ્યો.

અમે અમારા ખાટલાઓની બાજુની જમીન ઉપર પોઢી ગયા. અમારી નીચેના માળ ઉપર રહેતી કાત્યા નામની ચાળીસેક વર્ષની ઉંમરની ધોબણ વિશે મને સ્વપ્ન આવ્યું. હંમેશાં સવારે અમારે માટે ગરમ પાણી લાવવા અમે એની પાસે જતા. એનો ચહેરો મેં ચોખ્ખેચોખ્ખો તો કદીએ જોયો પણ નહોતો પણ મારા આ સ્વપ્નમાં અમે સાથે મળીને અનેક ભયંકર વસ્તુઓ આચરી. ચુંબનોથી તો અમે એકબીજાને લગભગ ગૂંગળાવી માર્યા. બીજે દિવસે સવારના પહોરમાં જ ગરમ પાણીને બહાને તેની પાસે ગયા વિના મારાથી રહેવાયું નહીં.

છાતી ઉપર શાલ ઓઢેલી, રાખોડી રંગના વાળવાળી અને મજૂરીથી ઘસાઈ અને ખવાઈ ગયેલા હાથોવાળી એક ફિક્કી સ્ત્રી મેં ત્યાં જોઈ.

એ દિવસ પછી હમેશાં સવારનો નાસ્તો હું બેન્ડેર્સ્કીને ત્યાં જ લેવા લાગ્યો. અમારા ગભારિયામાં પણ નવા સ્ટવે, માછલીઓએ અને ચોકલેટે દેખા દીધી. તેની ગાડીમાં બેસાડીને ટાપુઓનું ચક્કર મરાવવા રાઈસા મને બે વાર લઈ ગઈ. તેને મારા બાળપણ વિશેની બધી જ વાતો કરી દેતાં હું મારી જાતને રોકી શક્યો નહીં. મારા આશ્ચર્ય વચ્ચે હું જોઈ શક્યો કે એ બધી વાતો બહુ જ ગંદી હતી. એણે પહેરેલી ચામડાની ટોપી નીચેથી, એની તેજ મારતી ભયભીત બની ગયેલી આંખો મને તાકી રહીં; તેની પાંપણના કાટખાઉ રંગના છેડા મારા પ્રત્યેના કરુણાના ભાવથી કંપી રહ્યા.

રાઈસાના પતિને પણ હું મળ્યો. એ પીળા મોઢાવાળો તાલિયો યહૂદી હતો. તેનું શરીર સપાટ અને સરળ હતું, અને જાણે નાસી જવાને માટે હર ક્ષણે તત્પર ન હોય તે રીતે હંમેશાં એક બાજુ આડું તોળાયેલું રહેતું.

એ રાસ્પુટિન જોડે ઘનિષ્ટ સંબંધ ધરાવતો હતો, તેવા ગામગપાટા તેને વિશે પ્રચારમાં હતા. યુદ્ધસરંજામ પૂરા પાડી પાડીને તેણે જે ગંજાવર નફો કર્યો હતો તેણે એને લગભગ પાગલ બનાવી મૂક્યો હતો, ને એણે એના ચહેરાને, કોઈ ચોક્કસ ભ્રમણાથી ગ્રસ્ત માણસના ચહેરા ઉપર જે જાતનો ભાવ સ્થિર થઈ જાય તે જાતના ભાવની અભિવ્યક્તિની બક્ષિસ આપી દીધી હતી. તેની આંખો કદીએ સ્થિર નહોતી રહેતી. એમ લાગતું કે જાણે વાસ્તવિકતા તેને સદાને માટે છોડી ગઈ હોય. જ્યારે જ્યારે નવપરિચિતો સાથે તેનો પરિચય કરાવવાનો હોય ત્યારે રાઈસા હમેશાં મૂંઝવણ અનુભવતી. એ વાત મારી સમજણમાં ઊતરી જવી જોઈતી હતી. તેના કરતાં, મારી નાની ઉંમરને કારણે, હું બરોબર એક અઠવાડિયું મોડી સમજ્યો.

રાઈસાની બે બહેનો, બેસતા વર્ષ બાદ, કીવથી આવી પહોંચી. એક દિવસ હું 'લાવો'

નામની વાર્તાની હસ્તપ્રત લઈને તેને ત્યાં ગયો, ને રાઈસા ત્યારે ઘેર નહોતી એટલે, તે સાંજે હું ફરીથી ત્યાં ગયો. એ લોકો ત્યારે ભોજન લઈ રહ્યાં હતાં. ભોજનખંડમાંથી રૂપેરી, હણહણાટીભર્યું હાસ્ય, અને પુરુષોના ઉત્તેજિત અવાજો આવતા હતા. પેઢી દર પેઢીથી જેમને ખાનદાનીનો વારસો ન મળ્યો હોય તેવાં શ્રીમંત કુટુંબોમાં ભોજન હમેશાં ઘોંઘાટિયાં બની રહેતાં હોય છે. આ, ગૂંચળાં વળતો ને રેલાઈ જતો, ને અંતે ગીતના લલકાર જેવી સુરાવલિમાં લય પામતો ઘોંઘાટ હતો. સાંજના સમયે પહેરવાનાં કપડાંમાં સજ્જ બનેલી રાઇસા બહાર નીકળીને મારી પાસે આવી. તે કપડાંમાં તેની પીઠ ખુલ્લી રહેતી હતી. રાણીછાપના ચામડાના સ્લિપરમાં અટવાઈ ગયેલા તેના પગ આડાંઅવળાં પગલાં પાડી રહ્યા હતા.

'મને નશો ચડ્યો છે, દોસ્ત,' તેણે કહ્યું, અને પ્લેટિનમની સાંકળીઓ અને માણેકના નંગોથી મઢેલા તેના હાથ તેણે મારી સામે ધર્યા.

મોરલીના નાદે ડોલી રહેતા સર્પની જેમ તેનું શરીર આમતેમ ડોલતું હતું. વાંકડિયાં બનાવેલાં તેનાં ઝુલ્ફાં તેણે આમતેમ ઉછાળ્યાં, ને વીંટીઓનો રણકાર મચાવતાં મચાવતાં તે ઓચિંતાની ધબ દઈને એક જૂના રશિયન કોતરકામવાળી ખુરશીમાં બેસી ગઈ. પાઉડર લગાડેલી તેની પીઠ ઉપર તેના આંકા ઊઠી આવ્યા.

ફરી પાછું સ્ત્રીઓનું હાસ્ય ભોજનખંડમાંથી બહાર પ્રસરવા લાગ્યું. પછી રાઈસા જેવા જ વિશાળ વક્ષ:સ્થળ અને ગોળમટોળ બદનવાળી, અને મૂછ જેવી આછી રૂવાંટીવાળી રાઈસાની બહેનો ઓરડામાં દાખલ થઈ. તેમની છાતી આગળ ઊપસી આવતી હતી, અને તેમના કાળા વાળ હવામાં ઊડી રહ્યા હતા. પતિ તરીકે, એ બન્નેને પણ પોતપોતાના બેન્ડેરૂસ્કીઓ હતા. આખો ઓરડો મોંમાથાના સંધાણ વિનાની, હેલારા મારતી, સ્ત્રીસુલભ આનંદમયતાથી ભરાઈ ગયો — પરિપક્વ સ્ત્રીઓની આનંદમયતા હોય એ પ્રકારની આનંદમયતાથી. પતિઓએ એ બહેનોને એમનાં સીલસ્કીનનાં આવરણો અને ઓરેન્બર્ગની શાલોમાં લપેટી લીધી; અને કાળા બૂટથી તેમને મઢી દીધી. એમની શાલના હિમ જેવા આવેષ્ટનમાંથી રંગેલા ચમકદાર ગાલ, સ્ફટિક જેવાં નાક, અને ટૂંકી નજરવાળી યહૂદી ચમક મારતી આંખો જ માત્ર દેખાતી હતી. સુખપ્રદર્શક એવો થોડોક વિશેષ ઘોંઘાટ મચાવીને તે લોકો થિયેટરમાં જવા માટે ચાલ્યાં ગયાં. ત્યાં ચેલિયેપિન 'જ્યુડિથ' ગાવાનો હતો.

'મારે તો કામ કરવું છે,' તેના ખુલ્લા બાહુ મારા તરફ પ્રસારતાં રાઈસા બોલી :'આખું અઠવાડિયું આપણે ગુટલી મારી છે.'

ભોજનખંડમાં જઈ તે એક બાટલી અને બે ગ્લાસ લઈ આવી. એના કોથળા જેવા ઝભ્ભાની નીચે એનાં સ્તન મુક્ત રીતે ઝૂલતાં હતા, અને તેમને વળગી રહેવા મથતા રેશમી કાપડની નીચે તેનાં તલ ઊંચાં ઊંચાં દેખાઈ આવતાં હતાં.

'આ ચીજ બહુ જ કિંમતી છે,' મદિરાને ગ્લાસમાં રેડતાં રેડતાં રાઈસાએ કહ્યું : 'મુશ્કાટેલ' ૮૩. મારા પતિને જાણ થશે ત્યારે મારો જાન લઈ જશે.'

મેં મુશ્કાટેલ '૮૩ કદીયે પીધો નહોતો. કશોયે વિચાર કર્યા વિના એક પછી એક એમ ત્રણ ગ્લાસ હું ગટગટાવી ગયો. એ મને તરત જ એવી ગલીઓમાં લઈ ગયા જ્યાં નારંગી રંગની અગ્નિશિખાઓ નૃત્ય કરી રહી હતી, અને જ્યાં સંગીતના સ્વરો ગુંજી રહ્યા હતા.

'મને નશો ચડ્યો છે, દોસ્ત. આજે આપણે શું કરવાનાં છીએ ?'

'આજે તો છે 'લાવો' તો પછી 'કબૂલાત' ત્યારે. આ વાતનો નાયક સૂર્ય છે, ફ્રાંસનો સૂર્ય, એનાં ઓગળી રહેલાં બિંદુઓ, લાલ વાળવાળી સેલેસ્તિને માથે વરસતાં વરસતાં ચામડી પરનાં ચાઠાંઓમાં ફેરવાઈ જતાં એ સૂર્યનાં સીધાં કિરણો, અને મદિરા અને સફરજનમાંથી બનાવેલું માદક પેય ગાડીવાન પોલિતના ચહેરાને ઘસીઘસીને તેજદાર બનાવતાં. ગાડીમાં બેસીને સેલેસ્તિ, અઠવાડિયામાં બે વાર, મલાઈ, મરચાં અને ઈંડાં વેચવા શહેરમાં જતી. પોતાના ભાડા પેટે દસ સૂ અને પોતાના સૂંડલાના ચાર સૂને હિસાબે એ પોલિતને ગાડીભાડું ચૂકવતી. દરેક વખતે પોલિત, લાલ વાળવાળી સેલેસ્તિની સામે આંખ મીંચકારતો અને પૂછતો : 'આપણે થોડીક લહેર ક્યારે કરીશું, મારી સુંદરી ?' 'શું કહેવા માગો છો તમે, મોં પોલિત ?' પોતાની બેઠક ઉપર ઊંચોનીચો અથડાતો પોલિત જવાબ વાળતો : 'થોડીક લહેર કરવી એટલે....લે, શું સમજ્યાં, લહેર કરવી, બસ ! છોકરી સાથે છોકરો, એમાં સંગીતની પણ જરૂર નહીં...'

'આવી મશ્કરીઓ મને ગમતી નથી, મોં. પોલિત' રાતા રંગનાં મોજા નીચે લપાઈ ગયેલી પોતાની મજબૂત પિંડીઓ ઉપર લટકી રહેતા સ્કર્ટને હજુ વધુ નીચું ખેંચતાં સેલેસ્તિ જવાબ વાળતી,

'પણ પેલો શયતાન પોલિત તો હો હો કરતાં કરતાં ને ખોં ખોં કરતાં કરતાં હંકાર્યે જ રાખતો :'આહ, પણ એક દિવસ તો આપણને પણ આપણા ભાગની થોડીક મોજ મળી જ રહેશે, મારી સુંદરી.' ને એમ કહેતાં કહેતાં એના, ઈંટ જેવી લાલચોળ મદિરા અને રક્તના મિશ્રણમાંથી બન્યો હોય એવા લાલચોળ ચહેરા ઉપરથી હર્ષનાં આંસુ દડદડ કરતાં દડી પડતાં.'

એ અમૂલ્ય મુસ્કાટેલનો બીજો એક ગ્લાસ પણ મેં ઉદરમાં પધરાવી દીધો. રાઈસાએ પોતાનો ગ્લાસ મારા ગ્લાસને અડકાડ્યો. પથ્થર જેવી આંખોવાળી નોકરડી ઓરડાને એક છેડેથી બીજે છેડે જઈને ગુમ થઈ ગઈ.

'પેલો શયતાન પોલિત...બે વર્ષના ગાળામાં સેલેસ્તિએ એને અડતાલીસ ફ્રાંક ચૂકવ્યા હતા– એટલે કે પચ્ચાસમાં બે ફ્રાંક ઓછા. બહાર નીકળતાં થોડો સફરજનનો દારૂ ગટગટાવી ગયેલો પોલિત, બીજા વર્ષના અંત ભાગમાં, એક વાર તેઓ બન્ને જ્યારે ગાડીમાં એકલાં હતાં ત્યારે, સેલેસ્તિને પોતાનો હંમેશનો પ્રશ્ન પૂછી રહ્યો : ' આજે થોડી લહેર ઉડાવી લેવા બાબતમાં તમારું શું કહેવું છે, કુમારી સેલેસ્તિ ?' અને પોતાની આંખો નીચી ઢાળી દેતાં સેલેસ્તિએ ઉત્તર વાળ્યો : 'હું તો તમારે આધીન છું, મોં, પોલિત,'

હસતાં હસતાં રાઈસાએ પોતાની જાતને ટેબલ ઉપર ઢાળી દીધી :'પેલો શયતાન પોલિત.....'

'દર્દને લીધે ખોડંગાતી ખોડંગાતી ચાલતી એક સફેદ ઘોડી ગાડીને જોડેલ હતી. એ સફેદ ભાડૂતી ઘોડીના હોઠ ઉંમરને લીધે રતૂંબડા બની ગયા હતા, અને ચાલવાની ગતિએ એ આગળ વધી રહી હતી. જરીપુરાણી એ ગાડી ઉપર ફ્રાંસનો મોજીલો સૂરજ પોતાનાં કિરણો રેડી રહ્યો હતો. એ ગાડીનો અંદરનો ભાગ, ખખડધજ એવા છાપરાને અંગે, બહારના જગતથી છુપાયેલો હતો.

રાઈસાએ એક ગ્લાસ મારી સામે ધર્યો. એ પાંચમો ગ્લાસ હતો.

'મોપાસાંના માનમાં !'

'ને આજે થોડી લહેર ઉડાવી લેવા બાબતનું શું, મારી સુંદરી ?'

હું રાઈસા પાસે પહોંચી ગયો અને તેના હોઠ ઉપર ચુંબન કર્યું. એ હોઠ કંપ્યા અને વિશાળ બની ગયા.

'તમે વિચિત્ર છો' પાછળ હઠતાં હઠતાં તેણે પોતાના દાંતમાંથી અવાજ કાઢ્યો.

તેના ખુલ્લા બાહુને પ્રસારતાં તેણે પોતાની જાતને દીવાલ જોડે ભીંસી દીધી. એના બાહુ અને ખભા ઉપર આંકા ચમકવા લાગ્યા. ક્રૂસ ઉપર ચડાવી દીધેલ સર્વે દેવદેવીઓમાં આ સહુથી પ્રલોભક લાગતી હતી.

'બેસી જવા જેટલી કૃપા કરો. મોં.પોલિત.'

સ્લાવ ફેશનમાં બનાવેલી એક ઢોળાવવાળી ભૂરી ખુરશી તરફ આંગળી ચીંધી. એકબીજામાં ગુંથાઈ જતાં રંગબેરંગી લટકણિયાંઓથી શોભીતાં બનાવાયેલાં કોતરકામવાળાં પાટિયાંઓની એ ખુરશીની પીઠ બનાવેલી હતી. અથડાતાં કુટાતાં માંડમાંડ મેં એ ખુરશી શોધી કાઢી.

મુશ્કાટેલ, ૮૩ની બાટલીથી, અને કરુણા, પ્રતિભા અને આવેગોથી ધરબાયેલા ઓગણત્રીસ બોમ્બ જેવાં ઓગણત્રીસ પુસ્તકોથી, રાત્રિએ, ભૂખ્યા ડાંસ જેવા મારા યૌવનનો માર્ગ રુંધી રાખ્યો હતો. હું કૂદીને ઊભો થઈ ગયો. એમ કરવા જતાં મારી ખુરશીને મેં ઉથલાવી નાખી, ને પુસ્તકોની અભરાઈ સાથે અથડાયો. ઓગણત્રીસે ઓગણત્રીસ પુસ્તકો જમીન ઉપર પછડાયાં, તેમનાં પાન ઊઘડી જઈને આમતેમ ઊડી રહ્યાં, ને એ પોતે પોતાની કિનાર ઉપર પડી ગયાં...ને મારા ભાગ્યની સફેદ ઘોડી ચાલવાની ગતિએ આગળ ધપી રહી.

'તમે વિચિત્ર છો.' રાઈસાએ દર્દભર્યા અવાજે કહ્યું.

પેલી બહેનો અને એમના પતિદેવો થિયેટરમાંથી પાછાં આવે તે પહેલાં, અગિયાર અને બારની વચ્ચેના ગાળામાં, મેં મોયકા ઉપરનું ગ્રેનાઈટનું બનાવેલું એ ઘર છોડ્યું. હું હવે તદ્દન સ્વસ્થ હતો અને ચાકથી દોરી કાઢેલી સીધી લીટી ઉપર પણ સ્થિરતાથી સીધેસીધો ચાલી જઈ શકું તેમ હતો, પણ જરા ડોલતાં ડોલતાં ચાલવું વિશેષ આનંદદાયક હતું, એટલે એક બાજુથી બીજી બાજુ ડોલતો ડોલતો, અને મેં હમણાં જ ઉપજાવી કાઢેલી નવીન ભાષામાં ગીત ગાતો ગાતો હું ચાલવા લાગ્યો. રસ્તા ઉપરની બત્તીઓથી સીમિત

બની ગયેલી ગલીઓનાં ભોયરાંમાંથી બાષ્પમય ધુમ્મસનાં મોજાં ઊછળતાં હતાં. ઊકળતી દીવાલોની પાછળ રાક્ષસો ગર્જતા હતા. રસ્તાઓ, તેમની ઉપર ચાલી રહેલા માણસોના પગને વાઢી રહ્યા હતા.

હું ઘેર પહોંચ્યો ત્યારે કાઝાન્ટ્સેવ ઊંઘી ગયો હતો. બેઠાં બેઠાં જ તે ઊંઘતો હતો, ને ફેલ્ટના બૂટમાં જકડાયેલા તેના પાતળા પગ લાંબા લંબાઈ ગયેલા હતા. તેના વાળની, કેનેરી પંખીની હોય તેવી રૂવાંટી, તેના માથા ઉપર ઊંચી થઈ ગઈ હતી. ૧૬૨૪ની આવૃત્તિવાળી ડોન કિવકઝોટની ચોપડી ઉપર નમેલી હાલતમાં જ તે સ્ટવની પાસે ઊંઘથી ઘેરાઈ ગયો હતો. ડયુક દ બ્રોગ્લીને થયેલું અર્પણ એ પુસ્તક મુખ્ય પાના ઉપર છપાયેલું હતું. કાઝાન્ટસેવને જગાડી ન મેલું એવી રીતે ચુપકીદીથી હું પથારીમાં સરકી ગયો; દીવાને મારી નજદીક ખેંચ્યો, અને એદુઆર્દ મેઇનિયાલે ગાય દ મોપાસાંના જીવન અને સર્જન વિશે લખેલું પુસ્તક વાંચવા લાગ્યો.

કાઝાન્ટ્સેવના હોઠ હાલ્યા. તેનું માથું વારંવાર ઢળી પડતું હતું.

એ રાતના એદુઆર્દ મેઈનિયાલ પાસેથી મેં જાણ્યું કે મોપાસાં ૧૮૫૦માં જન્મ્યો હતો, અને નોર્મન્ડીના એક ગૃહસ્થનું અને ફલોબેરની પિત્રાઈ બહેન લોરે લેપોઈતેવાંનું એ સંતાન હતો. જન્મજાત ઉપદંશના દર્દનો તેના ઉપર પહેલો હુમલો થયો ત્યારે તેની ઉંમર પચીસ વર્ષની હતી. એની સર્જનાત્મકતાએ અને એના જીવનના ઉલ્લાસે એ દર્દનાં આક્રમણોનો સામનો કર્યો. પહેલાં એ શિરોવેદનાથી અને નિષ્કારણ ઊઠી આવતા ગ્લાનિભર્યા ભાવોની પરંપરાઓથી પીડાવા લાગ્યો. પછી અંધાપાનો હાઉ તેની સામે ડોકાયો. એની આંખ નબળી પડવા માંડી. એ બધા તરફ વહેમની દૃષ્ટિથી જોવા લાગ્યો, એકલસૂરિયો બની જવા લાગ્યો, એ બધાની સામે તે ભયંકર ઝનૂનથી ઝૂઝ્યો, નાના એવા હોડકામાં બેસીને ભૂમધ્ય સમુદ્રમાં આમથી તેમ ઘૂમી વળ્યો. ટ્યુનિસ, મોરોક્કો ને મધ્ય આફ્રિકા સુધી નાસી નાસીને આંટા મારી આવ્યો—ને લેખનકાર્ય નિરંતર કરતો રહ્યો. તેને કીર્તિ મળી, ને ચાળીસ વર્ષની ઉંમરે તેણે પોતાની ગરદન કાપી; ખૂબ લોહી વહી ગયું, છતાં એમાંથી એ બચી ગયો. એ પછી એને પાગલખાનામાં પૂરી દેવામાં આવ્યો. ત્યાં એ પોતાના હાથ અને પગ ઉપર ઘૂંટણિયાં ખેંચતો, ને પોતાના શરીરમાંથી બહાર કાઢેલા મળને ખાઈ જતો. હોસ્પિટલમાંના એના રિપોર્ટની છેલ્લી લીટી આ પ્રમાણે લખેલી હતી : 'મોં. દ મોપાસાં પશુ જેવા બની ગયા છે.' બેતાલીસ વર્ષની ઉંમરે એ ગુજરી ગયો ત્યારે એની મા જીવતી હતી.

મેં ચોપડી અંત સુધી વાંચી નાખી અને પછી પથારીમાંથી ઊભો થયો. ધુમ્મસ બારીની નજીક આવ્યું હતું અને જગત મારાથી દૂર દૂર લપાઈ ગયું હતું. સત્ત્વસભર કોઈક સત્યની ઝાંખી હળવી હળવી આંગળીઓ વડે મને જેમ જેમ સ્પર્શ કરતી ગઈ તેમ તેમ મારું હૃદય સંકોચાતું ગયું.

અનુ. ગુલાબદાસ બ્રોકર

મૃગજળ

આલ્બર્તો મોરાવિયા

ઉનાળો આવે છે ત્યારે મને ક્યાંક નાસી છૂટવાની અદમ્ય ઇચ્છા થઈ આવે છે. એનું કારણ કદાચ એ હોય કે હું હજી જુવાન છું અને કુટુમ્બના મુખ્ય માણસ તથા પતિનો પાઠ ભજવવાનું મને હજી સાવ સદી ગયું નથી. ઉનાળામાં ધનિક લોકોને ત્યાં સવારથી જ બારીઓ વાસી દેવામાં આવે છે. રાતની શીતળ હવા મોટા ઓરડાઓમાં પથરાયેલી પડી રહે છે. એ ઓરડાઓમાંના આયનાઓ, આરસની ફરસબંદી અને પાલિશ કરેલો અસબાબ ધૂંધળા પ્રકાશમાં ચકચક થયા કરે છે. બધી વસ્તુ પોતપોતાને યથોચિત સ્થાને હોય છે; બધું જ સાફસૂથરું, વ્યવસ્થિત અને ચળકતું હોય છે. એ ઓરડામાંની ચુપકીદી સુધ્ધાં શીતળ, વિશ્રાન્તિભરી ને ઘેરી હોય છે. તમને તરસ લાગે કે તરત તાસકમાં નારંગી કે લીંબુનાં શરબતના સ્ફટિકના જામ હાજર થઈ જાય છે. એમાંનાં નાનાં નાનાં બરફનાં ચોસલાંઓને તમે હલાવો તો એનો અવાજ પણ ઉલ્લાસ અને સ્ફૂર્તિભર્યો લાગે છે. પણ ગરીબોનાં ઘરની દશા જુદી જ હોય છે. ઉનાળાના પહેલાં જ દિવસે ઘામ કરાવતી ગરમી સીધી તમારા નાના ગૂંગળાવનારા ઓરડાઓમાં ધસી આવે છે ને પછી તો ત્યાં જ ધામા નાંખે છે, તમને તરસ લાગી હોય પણ રસોડાના નળમાંથી એવું તો ગરમ પાણી આવતું હોય છે કે તમે સૂપ પીતાં હો એવું જ લાગે. ઘરમાં તો તમે ભાગ્યે જ હરફર કરી શકો, બધું જ – રાચરચીલું, કપડાંલત્તાં, ઘરની રોજ-બ-રોજના ઉપયોગમાં આવનારી ચીજવસ્તુ – સૂઝીને હોય તેથી બમણા કદની બનીને તમારા પર હમણાં ધસી આવશે કે શું એવું લાગે છે. બધા ખમીસની બાંય વાળીને ઊંચે ચઢાવી દે છે, પણ એ ખમીસ પરસેવાથી લદબદ થઈને ગંધાતાં હોય છે. જો બારી બંધ કરો તો શ્વાસ રુંધાવા માંડે, કારણ કે રાતની હવા એકસાથે છ છ જણ સૂતાં હોય તે ઓરડામાં ભાગ્યે જ પ્રવેશ પામી શકે છે; જો બારી ખોલી નાંખો તો સૂરજના આકરા તાપથી તમે બચી શકતા નથી. તમે જાણે ખુલ્લા રસ્તા પર જ ઊભા હો ને બધું ધગધગતી ધાતુના જેવું લાલચોળ અને ધૂળ તથા પરસેવાની બદબૂ મારતું લાગે છે. ગરમીમાં લોકોના મિજાજ પણ તપી જાય છે;

મતલબ કે તેઓ ઝઘડાખોર બની જાય છે : ધનિક માણસ તો તુક્કો આવતાં વેંત ત્રણચાર ઓરડાઓ વટાવીને ફ્લેટને બીજે છેડે જઈ શકે છે પરંતુ ગરીબ લોકોને તો ચીકણી રકાબીઓ ને ગંદા પ્યાલાઓના ખડકલા વચ્ચે સારડાઇન માછલીઓની જેમ ખીચોખીચ ભીંસાઈને રહેવું પડે છે કે પછી ઘરની બહાર નીકળી જવું પડે છે.

ઉનાળાના આવા એક ઉકળાટભર્યા દિવસે મારે આખા કુટુંબ સાથે એક ખરેખરનો ઝઘડો જામી પડ્યો. સૂપ ખારોખારો ને ચણચણતો હતો માટે મારી પત્ની સાથે; મારા સાળા સાથે કારણ કે એણે મારી પત્નીનો પક્ષ તાણ્યો ને, મારા મત મુજબ તો, એ બેકાર હતો ને મારે આશરે પડ્યો હતો એટલે એવું કરવાનો એને કોઈ અધિકાર નહોતો; મારી સાળી સાથે કારણ કે એણે મારું ઉપરાણું લીધું, ને મારા પ્રેમમાં પડી હોવાથી નખરાં કરવા માટે જ આમ કરતી હતી એ હું જાણતો હતો એટલે હું ધૂંધવાઈ ઊઠ્યો; મારી બા સાથે કારણ કે એણે મને ઠંડો પાડવાનો પ્રયત્ન કર્યો; મારા બાપુજી સાથે કારણ કે મને બે ઘડી શાંતિથી નિરાંતે જમવા દો એવું કહીને એમણે વિરોધ કર્યો, ને નાની દીકરી સાથે પણ કારણ કે એણે ભેંકડો તાણ્યો. સફાળા ઊભા થતાં જ મેં ખુરશી પરથી મારો કોટ ઉપાડ્યો ને એ બધાંને એકદમ ચોખ્ખેચોખ્ખું સુણાવી દીધું, ‘હું કહું છું તે હવે જરા સાંભળી લો. તમારી આખી જમાતથી હું ગળે આવી ગયો છું, એટલે ઓક્ટોબર સુધી, ઠંડી ઋતુ બેસે નહીં ત્યાં સુધી, રામરામ’ આટલું કહીને હું ઘર બહાર નીકળી પડ્યો. મારી પત્ની બિચારી મારી પાછળ દોડી ને કઠેડા પરથી નીચે ઝૂકી એણે મને બૂમ પાડી કહ્યું કે મને ખૂબ જ ભાવતું કાકડીનું કચુંબર તૈયાર છે. એને ‘તું જ ખાઈ જા ને’ એનો જવાબ આપીને હું રસ્તા પર નીકળી પડ્યો.

અમે વિયા ઓસ્તિયેન્સમાં રહીએ છીએ. રસ્તો ઓળંગીને હું યંત્રવત્ લોખંડના પુલને રસ્તે રસ્તે આગળ વધ્યો. પુલની તદ્દન લગોલગ ટાઇબર કાંઠેનું બંદર છે. બે વાગ્યાના ધોમ ધખતા હતા ને આકાશ મુક્કાનો માર ખાઈ લીલાં ચકામાંથી ઘેરાયલી આંખ જેવું લાગતું હતું. પુલ પર પહોંચતાંવેંત મેં ખીલા જડેલી લોખંડની પાળનો ટેકો લીધો; એ ધગધગતી હતી. ઢોળાણવાળી જંગી દીવાલોને તળિયે ધક્કા વચ્ચે પુરાયેલી ટાઇબર એક ઉઘાડી ગટર જેવી દેખાતી હતી ને એનો રંગ પણ એના જેવો કાદવના રંગનો હતો. આગમાં ભરખાઈ ગયેલા મકાનના માળખા જેવું દેખાતું ગેસોમિટર, ગેસના કારખાનાની ભઠ્ઠીઓ, અનાજનાં ગોદામો, પેટ્રોલની ટાંકીઓનાં ભૂંગળાં ને પાવરહાઉસનાં અણિયાળાં છાપરાં ક્ષિતિજને એવી રીતે ઢાંકી દેતાં હતાં, જાણે રોમને બદલે તમે ઉત્તરના કોઈ ઔદ્યોગિક શહેરમાં હો એવું જ તમને લાગવા માંડે, ટાઇબરને, ધક્કા પાસે સિમેન્ટની થેલીઓથી ભરેલી હોડીવાળી ટાઇબરને નિહાળતો હું થોડી વાર ઊભો રહ્યો, ને આ નાનકડું વોંકળું પોતાને, નાનાંમોટાં અનેક વહાણોથી ઊભરાઈ રહેતાં જિનોવ ને નેપલ્સના બંદર કહેવડાવે છે એ વિચાર આવતાં જ મારાથી હસ્યા વિના ન રહેવાયું આ નાનકડા બંદરમાંથી મારે ખરેખર ભાગી જ જવું હોય તો હું ફ્યુમિસિનો જઈ શકું ને ત્યાં બેસીને દરિયો જોતાં

જોતાં તળેલી માછલી આરોગી શકું. આખરે હું ત્યાંથી ખસ્યો ને પુલ ઓળંગીને નદીની દૂર બાજુએ પથરાયેલા ખુલ્લા પ્રદેશની દિશામાં ચાલવા માંડ્યો. હું નજીકમાં જ રહેતો હતો છતાં આ પહેલાં ત્યાં ક્યારેય ગયો નહોતો ને અત્યારે ક્યાં જઈ રહ્યો છું તેની મને ખબર નહોતી. એક રસ્તો ઠેરઠેર ઉકરડાથી ભરેલાં નિર્જન ખેતરોમાં થઈ ને જતો હોવા છતાં રીતસર આસ્ફાલ્ટનો બનેલો હતો. પહેલાં તો હું એ રસ્તે આગળ વધ્યો. પછી તો આ રસ્તો ધૂળિયા કેડીમાં ફેરવાઈ ગયો ને ઉકરડાના ઢગલા મોટા ને મોટા નાની ટેકરીઓ જેવા થવા લાગ્યા. મને ભાન આવ્યું કે હું તો બરાબર રોમ આખાનો કચરો જે સ્થળે ઠલવાતો હતો ત્યાં જ ભોગજોગે આવી ચડ્યો હતો : આંધળાંભીંત કરી નાખતા પ્રકાશમાં કે કોહી ગયેલી ચીજોની નાક ફાડી નાખતી બદબૂમાં ગંદા કાગળની કરચો, કાટ ખાયેલા ટીનના ડબ્બાઓ, કોબીની દાંડલીઓ ને બીજા કચરા સિવાય બીજું કાંઈ પણ, ઘાસનું એક તણખલુંયે, નજરે ચડતું નહોતું. હું ખોવાયોખોવાયો ને ભાનભૂલ્યો બની ગયો, જાણે આગળ વધવાનું મને જરાયે મન નહોતું ને તેમ છતાં હું પાછો ફરવા પણ નહોતો માગતો. આપણે કૂતરાને બોલાવવા 'શૂશૂ...શૂશૂ...' કરીએ તેવી રીતે કોઈ પાછળથી બોલાવતું હોય એવું મને લાગ્યું,

કૂતરો ક્યાં હશે એ જોવા મેં મોઢું ફેરવ્યું. પણ ત્યાં તો કૂતરો નહોતો, આટલા બધા ઉકરડાથી ઊભરાતી હોવાથી રખડતા કૂતરાઓને જ લાયક આ જગ્યા હતી. છતાં એટલે કોક મને બોલાવતું હશે એમ મેં માન્યું ને જ્યાંથી સદ આવ્યો હતો એ દિશામાં જોયું, ત્યારે ઉકરડાના ઢગલા પાછળ ઊભેલું, વાળેલા પતરાના છાપરાવાળું એક ખૂબ નાનું, ઘાટઘૂટ વગરનું ઝૂંપડું મેં જોયું. પહેલાં એ મારી નજરે નહોતું ચડ્યું. લગભગ આઠ વરસની ઉંમરની એક નાની ભૂખરા વાળવાળી છોકરી બારણામાં ઊભી હતી ને મને અંદર આવવાની નિશાની કરતી હતી. મેં એની સામે જોયું. એનું મોઢું ધોળું ને ગંદું હતું ને એની આંખ નીચે પુખ્ત વયની સ્ત્રીઓને હોય છે એવા ભૂરા ડાઘ હતા. ઘાસ, છૂંછાં ને ધૂળથી ભરેલા એના વાળને લીધે એનું માથું સૂઝેલું ને સમડીના માથા જેવું લુખ્ખું લાગતું હતું. એનો પોષાક પણ સાદો હતો. એના હાથ માટે બે ને પગ માટે બે એમ ચાર કાણાંવાળી એક કેન્વાસની કોથળી. મેં મોઢું ફેરવ્યું એ જ ઘડીએ એણે મને પૂછ્યું : 'તમે ડોક્ટર છો ?'

'ના,' મેં જવાબ આપ્યો. 'કેમ ? તારે ડોક્ટરની જરૂર છે ?'

'જો તમે ડોક્ટર હો,' એણે આગળ ચલાવ્યું, 'તો અંદર આવો : બા માંદી છે.'

હું ડોક્ટર નથી એવું પુરવાર કરવાની મને ઇચ્છા નો'તી, તેથી હું ઝૂંપડીમાં ગયો. પહેલાં તો મને લાગ્યું કે હું જાણે કેમ્પો દિ ફિયોરિની કોઈ જૂનીપુરાણી ચીજવસ્તુની દુકાનમાં ઘૂસી ગયો છું. બધું જ છત પરથી નીચે લટકતું હતું —કપડાં, મોજાં, જોડા, વાસણકૂસણ ને ગાભા. પછી મને સમજાયું કે એ તો એમની ઘરવખરી હતી, મૂકવાનું કશું સાધન ન હોવાથી એ બધું ખીલા પર ટીંગાડ્યું હતું. આ બધી લટકતી વસ્તુઓ સાથે માથું ભટકાઈ ન જાય તેની કાળજી રાખીને હું એની મા ક્યાં હશે તે શોધતો આમથી તેમ ફરતો હતો

ત્યાં એ છોકરીએ એક ખૂણામાં પડેલા ગાભાના ઢગલા તરફ છૂપી ઇશારત કરીને મારી દૃષ્ટિ વાળી. મેં વધારે બારીકાઈથી જોયું તો એ ગાભાના ઢગલામાંથી એક તગતગતી આંખ મારી તરફ મંડાયેલી દેખાઈ. બીજી આંખ ભૂખરા વાળથી ઢંકાઈ ગઈ હતી. સ્ત્રીનો દેખાવ જોઈને હું તાજુબ થઈ ગયો : આમ તો એ જૈફ હોય એવું લાગતું હતું, ને છતાં એ જુવાન હતી એ વિશે શંકા રહેતી નો'તી. મને જોતાં વેંત એ બોલી : 'તો આપણે ફરી ભેગાં થયાં ખરા !'

પેલી છોકરી, કેમ જાણે કશો ખેલ તમાશો જોતી હોય તેમ, ખડખડાટ હસી પડી ને પછી ભોંય પર ઊભડક બેસી પડી ને પતરાંના ખાલી ડબ્બા જોડે રમવા લાગી. 'સાચું કહું છું, હું તમને ઓળખતો નથી.' મેં કહ્યું. 'તમને શું થયું છે ?....આ છોકરી તમારી દીકરી છે ?'

'હાસ્તો, મારી દીકરી જ છે તો,' એ સ્ત્રીએ જવાબ વાળ્યો; 'ને તમારી સુધ્ધાં સ્તો.'

પેલી છોકરી માથું ઢાળીને એકલી એકલી હસવા લાગી. મને થયું કે આ લોકો મારી ઠેકડી ઉડાવતા લાગે છે. આથી મેં જવાબ દીધો : 'ઠીક, કદાચ એ મારી દીકરી હશે, પણ એના બીજાય ઘણા બાપ હશે.'

'ના,' ભોંય પરથી અર્ધી બેઠી થઈ જઈને મારી તરફ આંગળી ચીંધતાં એ બોલી, 'એ તમારી જ દીકરી છે. બીજા કોઈની નહીં... આળસુ, નવરા, કાયર, કામચોર એવા છો તમે.'

આ અપમાનજનક શબ્દો સાંભળીને પેલી છોકરી પેટ પકડીને હસવા લાગી : કેમ જાણે આ બધું એની ધારણા મુજબ જ ન બનતું હોય ! મને માઠું લાગ્યું ને હું બોલ્યોઃ 'જરા જીભ સંભાળીને બોલજો... મેં કહ્યું તો ખરું કે હું તમને ઓળખતો નથી.'

'મને નથી ઓળખતા ? હેં....તમે મને નથી ઓળખતા તો પછી આ ઘરનો રસ્તો તમને જડ્યો શી રીતે ?'

'કાયર કામચોર,' પેલી છોકરી ધીમે અવાજે રડવા લાગી. ગૂંગળાવી નાખનારી ગરમીને કારણે તથા અસ્વસ્થતાને કારણે હું રેબઝેબ થઈ ગયો હતો.'હું તો અમથો જ અહીંથી પસાર થતો હતો.' મેં કહ્યું.

'હાસ્તો, મૂરખ...' એ છોકરી તરફ વળી ને એણે હુકમ કર્યો :'પેલી કોથળી લાવ તો, જોઉં.' ચપળતાથી કૂદતાંકને એ છોકરીએ કાળા મખમલની એક મેલીથેલી ને ફાટલી કોથળી નીચે ઉતારીને એની માને આપી. પેલી સ્ત્રીએ એ ખોલીને એમાંથી એક કાગળિયું બહાર કાઢીને કહ્યું : 'આ રહ્યો આપણા લગ્નનો દસ્તાવેજ... એલ્વિરા પ્રોઈએત્તિ અને અર્નેસ્તો રાપેલ્લિ...હજુ નામક્કર જવું છે, અર્નેસ્તો રાપેલ્લિ ?'

મારું નામ ખરેખર અર્નેસ્તો હતું તેથી હું સહેજવાર તો ડઘાઈ જ ગયો. સહેજ અસ્વસ્થ બનીને મેં કહ્યું : 'પણ હું રાપેલ્લિ નથી.'

'એમ કે ?' પેલી છોકરીએ ટહુકો કર્યો. 'અર્નેસ્તો, અર્નેસ્તો' ને એ સ્ત્રી ઊભી થઈ

ગઈ. મારું અનુમાન સાચું હતું; એના વાળ ભૂખરા હતા, એને મોઢે કરચલી વળી હતી ને મોઢામાં એકકેય દાંત નો'તો, તેમ છતાં એની વય ત્રીસથી વધારે નો'તી તે સ્પષ્ટ હતું.'ઓહ,' તો તમે રાપેલ્લિ નથી એમ ?'બે હાથ અદાથી નિતંબ પર ઠેરવીને એ મારી સાવ નજીક આવીને મારી સામે તાકી રહીને બરાડી ઊઠી : 'તમે રાપેલ્લિ જ છો...ભગવાનના સોગંદ ખાઈને કહું છું કે તમે જ રાપેલ્લિ છો.'

'મને હવે સમજાયું.' મેં કહ્યું ; 'તમારું ઠેકાણે નથી લાગતું.....માફ કરજો. હું ચાલ્યો જાઉં છું.'

'ઘડીક થોભો તો....આમ ઉતાવળા થશો તે કેમ ચાલશે ?' આ દરમિયાન પેલી છોકરી અમારી બંનેની પ્રદક્ષિણા ફરતી ભારે ખુશીથી નાચતી હતી. ભારે વ્યંગપૂર્વક બોલતાં પેલી સ્ત્રીએ ફરી શરૂ કર્યું : 'અર્નેસ્તો, મહાન અર્નેસ્તો....જે પોતાની વહુને તરછોડીને ઘરેથી ભગી છૂટ્યા, એક વરસથી જેનો પત્તો નો'તો...ને જાણો છો, અમે શાના પર અમારો ગુજારો કરતાં હતાં - હું ને પેલી - તમે નો'તા તે આખા વરસ દરમિયાન ?'

'મને કશી ખબર નથી.' મેં તોછડાઈથી કહ્યું, 'ને મારે એ જાણવુંય નથી.... મને જવા દો.'

'તું કહે એમને,' એણે પેલી છોકરીને ઘાંટો પાડીને કહ્યું, 'તું કહે એમને, આપણે શાના પર ગુજારો કરતાં હતાં તે કહે તારા બાપને.'

'ધર્માદામાંથી' પેલી છોકરીએ મારી નજીક આવીને રાગ કાઢીને ખુશી થતાં કહ્યું. મારે કબૂલ કરવું જોઈએ કે મને ભારે ચિંતા થવા લાગી હતી. આ કાકતાલીય ઘટના--અર્નેસ્તો નામ, વળી હુંય ઘર છોડીને ભાગી આવ્યો હતો. મારેય વહુને એક દીકરી હતાં - થી મને એક વિચિત્ર તરેહની લાગણી થઈ આવી : હું જાણે હું નો'તો ને છતાં હું હતો ખરો, પણ તે હંમેશ કરતાં કંઈક જુદા પ્રકારે. આ દરમિયાન મને ખચકાતો જોઈને પેલી સ્ત્રી સાવ મારા નાક આગળ મોં લાવીને બરાડી ઊઠીઃ 'પોતાનાં સ્ત્રી સંતાન, છોડી જનારને શું થાય છે તે જાણો છો ? જેલ...સમજ્યા ને, લુચ્ચા કહીંના, જેલ...'

હવે તો મને ભય લાગવા માંડ્યો ને કશું કહ્યા વિના હું બહાર ભાગી છૂટવાને બારણા તરફ વળ્યો, પણ કોઈક ઉમ્બર પર ઊભું રહીને અમારા ભણી તાકી રહ્યું હતું. ઠીંગણી સૂકલકડી સ્ત્રી, ગરીબ પણ પહેરવેશમાં સુઘડ. મારી અવદશા જોતાં એણે કહ્યું : 'તમે એના બોલવા પર ધ્યાન આપશો નહીં.... જે કોઈ મરદને એ જુએ છે તે એનો ધણી હોય એવું એને લાગે છે...ને પેલી વાંદરી જાણી કરીને રસ્તે જતાઆવતા મરદોને ફોસલાવીને અહીં લઈ આવે છે, ને પછી આ સ્ત્રી ઉશ્કેરાઈને ઘાંટાઘાંટ કરી મૂકે છે તે તમાશો જોઈને ખુશ થાય છે.... ઊભી રહે તું, તને હમણાં પકડીને સારીસરખી ધબેડું છું.' પેલી છોકરીને ઠોંસો મારવાને એણે હાથ ઉગામ્યો, પણ એ છોકરી તો ચાલાકીથી છટકી જઈને મારી ગોળગોળ ફરતી નાચવા લાગી ને આનંદથી બોલવા લાગી :'તમને તો બધું સાચું જ લાગ્યું'તું, ખરું ને ?.... તમને ખૂબ બીક લાગી'તી, બીક લાગી'તી... ...' 'એલ્વિરા,

આ કાંઈ તારો ધણી નથી,' પેલી સ્ત્રીએ ધીમેથી કહ્યું. જાણે આ વાતની ખાતરી થઈ ગઈ હોય તેમ, તરત, એલ્વિરા ખૂણામાં જઈને ઊભડક બેસી ગઈ. મને ત્યાં ને ત્યાં ઊભેલો છોડીને પેલી આગન્તુક સ્ત્રી ઝૂંપડીના પાછલા ભાગમાં ગઈને ચૂલામાં કશુંક ફંફોસવા લાગી. 'હું જ એમને કશુંક ખાવાનું લાવી આપું છું,' એણે મને ફોડ પાડતાં કહ્યું, 'એ લોકો ધર્માદા પર જીવે છે તે સાચું છે, પણ એનો ધણી નાસી ગયો નથી, એ તો મરી ગયો છે....'

બહુ થઈ ચૂક્યું, મેં ખિસ્સામાંથી સો લાયરની એક નોટ કાઢીને પેલી છોકરીને આપી, ને તે એણે કશો આભાર માન્યા વિના લઈ લીધી. પછી હું ઝૂંપડીની બહાર નીકળી ગયો ને પાછો વળ્યો —ગલી વટાવીને આસ્તિયેન્સમાં, ઝૂંપડીમાંની ગરમીના અનુભવ પછી મારા ઘરમાં પ્રવેશતાં જાણે ભોંયરામાં પેઠો હોઉં એવી ઠંડક લાગી. ને અમારું રાચરચીલું તો સાવ સામાન્ય પ્રકારનું હતું તોય એ ઝૂંપડાંમાંનાં પેલાં અભાગિયાંઓએ જેના પર પોતાનાં ગાભા-ચીથરાં ભેરવ્યાં હતાં તે ખીલાના કરતાં તો હજાર દરજ્જે સારું હતું. રસોડામાં જમવાનું તો પતી ગયું હતું; પણ મારી વહુએ મારે માટે જુદી કાઢી રાખેલી કાકડીની કચુંબર મને આપી અને તે મેં રોટી સાથે ખાધી. એ દરમિયાન એ છરીકાંટા ને રકાબીઓ ધોઈ રહી હતી તેને હું જોતો જ રહ્યો. પછી હું ઊઠ્યો ને ચોરીછૂપીથી એને ગરદનના પાછલા ભાગ પર ચૂમી લીધી. અને આમ સુલેહશાન્તિ સ્થાપી દીધાં.

થોડા દિવસ પછી મેં મારી વહુને પેલી ઝૂંપડીની વાત કરી ને મેં મનમાં ને મનમાં ફરી એક વાર ત્યાં જઈને પેલી બિચારી છોકરીને માટે બને તો કાંઈક કરી છૂટવાનું નક્કી કર્યું. હવે અર્નેસ્તો રાપેલ્લિ ગણાઈ જવાનો મને ભય નો'તો પણ તમે માનશો? મને ન જડી એ ઝૂંપડી, ન જડી એ સ્ત્રી કે એની દીકરી. એમને ખાવાનું રાંધી આપતી પેલી સૂકલકડી સ્ત્રીનો પણ પત્તો નો'તો. એકાદ કલાક સુધી મેં આંખે અંધારા આવે એવા તાપમાં એ ઉકરડાના ઢગલા વચ્ચે ભટક્યા કર્યું, પણ આખરે હારીને હું ઘેર પાછો ફર્યો. મને કદાચ સાચો રસ્તો જડ્યો નહીં એવું જ મેં મારી જાતને મનાવ્યું છે. પણ મારી વહુ તો કહે છે કે એને તરછોડીને ઘર છોડી જવાના પશ્ચાત્તાપને કારણે મેં નરી ઉપજાવી કાઢેલી આ તો માત્ર વાર્તા છે.

અનુઃ જયંત પારેખ

યુદ્ધ
મિલોવન જિલાસ

આથમણીથી ઊગમણી દિશામાં વહેતી એક જબરી નદી તેથીયે જબરી નદીમાં ઠલવાતી હતી. સદાયનું આમ જ થતું આવ્યું છે, નાની નદીઓ મોટીમાં ભળતી આવી છે. આ નદીઓની આસપાસમાં ને નજીકમાં સદાયની લડાઈઓ ને યુદ્ધો ને સીમાડા ખડા થતાં આવ્યા છે, કારણ જિંદગી નદીઓ વાટે વહે છે ને એ નોખીનોખી પ્રજાઓને નોખેનોખે વખતે કાં તોડે છે, કાં જોડે છે.

આ વિશાળ નદીઓની નજીક ત્રણ મહિનાથી લડાઈ ભભૂકતી હતી. સરખે સરખા બળિયાની બાખડી બાઝી હતી એટલે બેમાંથી એકે બીજાને મહાત કરવાની હાલતમાં નહોતું; અને શિયાળો બેસતાં તો મડાગાંઠ પાકી પડી ગયેલી (શિયાળામાં હુમલો કરવા માટે માણસ ને સાધન બેય વધુ જોઈએ), અને એટલે નદીકાંઠે લશ્કરો છાવણીઓ ઠોકી પડ્યાં હતાં ને વસંત આવે ને જરા હૂંફાળી ઋતુ બેસે ને હરિયાળી પાંગરે કે તરત એકમેકને રહેંસી નાંખવા માટે સિપાઈઓની જમાવટ કરી રહ્યાં હતાં. મોરચો મહા નદીને આરપાર ચીરતો હતો પણ કઈ નદીએ કદીય પોતાની આરપાર મોરચાની તમા રાખી છે તે આ નદી પણ રાખે ? મોરચો દખણાદો કેટલે લગી પથરાયેલો હતો કે પછી ઇશાન ખૂણે વધુ મોટી નદી સુધી પહોંચતો હતો કે નહીં કે એને કાંઠે લડાઈ ચાલતી હતી કે નહીં એ બધું જાણે કશી વિસાતમાં જ નહોતું. બે નદીઓ વચ્ચેનો માંડ ૩૦ માઈલ પહોળો દોઆબનો પટ્ટો ખાઈઓ ને બખોલો ને એવી તરેહવાર કિલ્લેબંધીથી છવાયેલા મોરચામાં ફેરવાઈ ગયો હતો. પણ દોઆબના એ પટ્ટાને પોતાનું અંગ આમ ચાળણી જેવું બની ગયું હતું તેની કશીયે પડી નહોતી, અને ખેતરાં ને વાડીઓ ને ગામડાં ને શહેરોને પણ એની કશી તમા નહોતી.

પણ એ નદીઓને કાંઠે રહેનારાં લોકો લડાઈ વિશે બેતમા નહોતાં, જો કે લડાઈ આવી પડી તે કાંઈ એમનોયે કશો વાંકગુનો નહોતો, ત્યાંની ભોમકા ને સૂરજ દાદો બંનેયના માનવીના જીવતરને માથે ચારેય હાથ હતા, અને એટલે માનવી ત્યાં આવી આવીને

વસ્યાં હતાં. લડાઈ એટલે માનવીને માથે કોની હકૂમત ચાલે તેને માટેની મારામારી, ને એટલે લડાઈ પેટે ત્યારે માનવીની જિંદગી ભેળા બફાઈ ન જાય એમ તો બને જ નહીં. લડાઈ બીજે ગમે ત્યાં ફાટી નીકળી તોય આ લોક કાંઈ એમાં ભેળા બફાઈ જતાં બચવાનાં તો નહોતાં જ, કારણ એ લોક દૂર પડ્યાં હોત તોય લડાઈની ઝાળ એમના લગી આવીનેય એમને ઝપટમાં લીધા વગર ન છોડત.

લડાઈમાં સામસામા બે દુશ્મન લશ્કરો તો હોય જ (તે વિના લડાઈ થાય જ નહીં), અને દરેક બાજુવાળા સામાવાળાને ખપમાં આવે એવી તમામ ચીજવસ્તુનો નાશ કરવાની કોશિશ કરવાના, પણ માનવીનું એવું તે કશું કદી હોય ખરું, જે સામાવાળાના હાથમાં જઈ પડે તો એને કામ ન લાગે ? એટલે સામાવાળાને નબળો પાડવાનો અકસીર ઇલાજ એ કે જે હાથે ચડ્યું તેનો કરી નાંખો ખુડદો લડાઈનું ભેજું ગેપ હોય છે, અને એટલે સામાવાળાને વખત છે ને આ. કે તે કામ આવી જાય તો, એમ જ એને થયા કરે છે. આને લઈને લડાઈમાં રજેરજ વસ્તુનો નાશ કરવો એ જ સહુથી ડહાપણની વાત ગણાય છે,– પછી તે ઘર હોય કે ખેડેલાં ખેતર હોય, પુલ હોય કે સંગ્રહસ્થાનો હોય, અને સ્વાભાવિક રીતે જ પહેલ પ્રથમ માણસનો ને એના ગુજારાનો ખુડદો તો કાઢવો જ પડે.

* * *

આથમણી બાજુ પીછેહઠ કરતી વખતે દુશ્મને નદી ઉપરના તમામ પુલનો ભૂકો બોલાવી નાંખેલો અને હોડીઓનો પણ ઘાણ બોલાવી નાખેલો. બે પ્રેમપંખીડાં પણ જેમાં માંડમાંડ સમાય અને એકમેકને બાઝીને એકમેકને બચાવવાનાં વલખાં મારે, એવી ખોબલા જેવડી હોડીઓને પણ એમણે સલામત છોડી નહોતી. મોરચાની નજીકમાં ક્યાંય પણ એકે પુલ કે એકે મછવો કે એકે તરાપો સમોસાજો નજરે ચડતો નહોતો ને મોરચાથી આઘે પણ એ જ હાલ હતા, કારણ મોરચો આજે અહીં હતો તો કાલે ત્યાં હતો. માછીમારો મહાપરાણે જે થોડીક હોડીઓ ને મછવા ભાગતા લશ્કરથી સંતાડી રાખતા હતા તે પણ આવતા લશ્કરે મારીકૂટીને પડાવી લીધા હતા. પડાવી લેવાનું કારણ એ નહીં કે એમને એની બહુ જરૂર હતી પણ એટલા માટે કે કદાચ છે ને દુશ્મન એનો ઉપયોગ ન કરી જાય. દુશ્મનના જાસૂસો ને ભાંગફોડિયાઓ તો આમતેમ લપાતા જ હતા તો, એ લોકોને કામ લાગે તેવું કશું પણ સલામત રખાય જ કેમ ? અને ધારો કે દુશ્મન પાછો આવી ચડ્યો તો ?

લોકોને તો મધલડાઈએ પણ જીવ્યા વિના આરો નથી હોતો, લડાઈ હોય તોયે જીવવું તો પડે જ તો. એટલે મોરચાની પીઠ પાછળ ઠેકઠેકાણાની વસતી નદીમાં અવરજવર પાછી શરૂ કરી દેવાનાં ફાંફાં મારતી. પણ એમની પાસે સાધન નહોતાં, અને બુદ્ધિ તો ઘણીય હતી પણ સમજી ગયેલાં કે નવી હોડી બનતાંવેંત જપ્ત થઈ જવાની. એટલે લશ્કરની મોટરબોટ એ એમની અવરજવરનું એકમાત્ર સાધન હતું. લશ્કરને પોતાને તો નદીપાર જવાઆવવાનું કંઈક સાધન તો જોઈએ જ તો. છેલ્લે બાકી લશ્કરની હસ્તી છે શા વાસ્તે ? એટલા જ માટે કે દુશ્મન પાસે જે કંઈ હોય તે બધું કબજે કરી લેવું, એની પાસે ન હોય તેય અને

એને કદી પણ હાથ લાગે તેમ હોય તેય તમામ કબજે કરી લેવું.

મોટરબોટ ચલાવનારા સિપાહીઓ સારા માણસો હતા — તમામ સિપાહીઓ જ્યારે સિપાહીઓ ન હોય ત્યારે અને સિપાહી ભલે હોય પણ લડતા ન હોય ત્યારે, સારા માણસો જ હોય છે, એટલે એ લોકો સ્થાનિક વસતીને મફત નદીપાર લઈ જતા. જે ભૂમિ પર લડાઈ ચાલતી હતી તે ભૂમિના લોકો જેટલી જ દયામાયાથી સિપાહીઓ વસ્તીની આવી સેવા કરતા. લડાઈની હિલચાલ માટે બોટોનો ખપ ન હોય તેવે વખતે સિપાહીઓ વસતીને નદીપાર કરાવતા હતા એ ખરું, પણ એ તો સમજી શકાય તેવું હતું. કારણ એ લોકો અહીં આવ્યા હતા ને જે કંઈ કરતા હતા ને પોતે સિપાહી હતા તે તમામ વાત લડાઈને લઈને જ તો હતી.

દુશ્મનનાં વિમાનો દિવસે જ ઊડવાનું પસંદ કરતાં, એટલે મોટરબોટ રાતે લશ્કરની અવરજવર માટે વપરાતી અને દિવસે વસતીની અવરજવર માટે વપરાતી. વસતી તો જે કંઈ માથે આવી પડ્યું હોય તે પ્રમાણે સોડિયું સંકોરી લેતી. વસતીનાં લોક ધોળે દિવસે તો ઘરમાં ભરાઈ રહેતાં, પણ સાંજ નમવા માંડે કે ટોળે વળતાં, કારણ એ એવો વખત હતો જ્યારે આકાશમાં દુશ્મનનાં વિમાનો ઊડતાં ન હોય ને આ બાજુના લશ્કરની મોટરબોટોનો વહેવાર શરૂ થવામાં હજી વાર હોય. અથવા પછી સૂરજ ઊગે તે પહેલાં પરોઢિયે ભેળાં મળતાં, કારણ તે વખતે પણ દુશ્મનનાં વિમાનો આવવાને હજી વાર હોય ને આ બાજુના લશ્કરનો બોટવહેવાર બંધ થઈ ગયો હોય.

* * *

બપોરાં ઢળ્યાં પછી તે આખો દિવસ વાદળ છવાયેલો, ટાઢિયો ને ભેજવાળો રહ્યો. શિયાળામાં ઘણા નમતા પહોર એવા જ હોય છે, ખાસ કરીને લડાઈના ગાળામાં. તે દિવસના એ આખાયે નમતા પહોર દરમ્યાન નદીના ડાબા કાંઠા પર, જે બાજુ મોરચો હતો તે બાજુ પર કોઈની રોકકળનો રીડિયો સંભળાતો રહ્યો. કાંઠા પર થોડા સિપાહીઓ હતા, ત્રણ અફસરો હતા. એક જાસૂસખાતાનો મેજર હતો; એનો એક મદદનીશ કેપ્ટન હતો અને મોટરબોટના નદીપારના વહેવાર પર અંકુશ રાખનારો એક લેફ્ટેનન્ટ હતો. એ લોક એમ ધારતા હતા કે કોઈ ખેડૂત— ખેડૂત વિના આવું મોટે મોટેથી ને ભૂત આવ્યું હોય તેમ ખાળ્યું ખળાય નહીં તેવું રુદન બીજું કરે કોણ ? —મોરચે માર્યા ગયેલા સગા ભાઈનું શબ ઘેર લઈ જવા માંગતો હતો. અથવા પછી એ ખેડૂત ભાઈ નહીં ને ખેડૂત બાઈ હોય ને એના પોતાના ધણી કે દીકરાનું શબ લઈ જવું હોય. આ અફસરો સાંજ ઢળી જાય તે પહેલાં જ પેલાં ગરીબડાં લોકોને લઈને નદી પાર કરી જવા માંગતા હતા, પણ એમને નેતરનાં ઝુંડમાં બોટ લઈને ભરાઈ જવું પડેલું. દુશ્મનના ચોકિયાત વિમાનો આખો દિવસ લગાતાર વાદળમાં આમથી તેમ દોટમદોટ સંતાકૂકડી રમ્યા કરતાં હતાં. કેમ જાણે એમને એમના નદી પર નજર રાખવાના કામમાં મજા ન પડતી હોય. નદીનાં જળ ખરે કંઈ રૂપેરી કે ભૂરાં ભૂરાં નહોતાં, પણ ડહોળાયેલાં ને મેલાં હતાં, અને નેતરનાં

ઝુંડ પણ સાવ નંગધડંગ ને કાળાંમસ ગંધાતાં અંધારિયાં બંધિયાર પાણીમાં ઊભાં હતાં ને એ જ દૃશ્ય મેલાદાટ આકાશના ઓવારા સુધી ફેલાયલું હતું.

ભૂખરાં કડક વાદળાં પાણીની છેક સપાટીને લગોલગ ઊતરી આવ્યાં અને રાત રોજથી વહેલી ઢળવા માંડી, ત્યારે અફસરોએ ઠરાવ્યું કે હવે દુશ્મનનાં વિમાનોનો ભો ન ગણાય, નેતર ભાંગીને બોટને બંધિયાર પાણીમાંથી બહાર ખેંચી કાઢવામાં આવી.

રોકકળ જે અચાનક બંધ પડી ગઈ હતી તે પાછી ફૂટી નીકળી, કેમ જાણે રડનારને ધાસ્તી ન લાગી હોય કે હમણાં ક્યાંક બોટનું ઍંજિન બંધ પાડી દેશે ને બોટને પાછી અંદર તાણી લેશે. ખેડૂતોનું એક આખું ટોળું, એમનાં ઢોરઢાંખર સાથે બોટ પર ચડી બેઠું. અનેક દહાડાની વધેલી દાઢીવાળો એક આધેડ જણ એનાં જક્કી ઘોડાને પરોણા મારીમારી અંદર ધકેલતો હતો. એ એને ઘેર જેવા ડચકારા ને બૂમબરાડા ને ચાળા કરતો તેવા જ અહીં પણ કરતો હતો, ફક્ત એ બધું જરાક ઢીલું પડી ગયું હતું, વધુ ગમગીન લાગતું હતું. કારણ એની ગાડી પર એક સીધીસાદી કફનપેટી લાદેલી હતી અને એને વળગીને એક ઘરડીખમ ખેડૂત બાઈ આંખો ને મોં પર કપડું ઢાંકીને રડતી પડેલી હતી. કેમ જાણે એનાથી કફનપેટીથી ઘડીક અળગા થવાય તેમ ન હોય તેમ એના હાડેતા હાથથી એણે પેટીને બથ ભરેલી હતી.

‘હેંડ હેંડ અલ્યા, મારા ખાલીખમ ઘરમાં આ દુઃખનો ગાંસડો લઈ જતાંય તને શેના ઘા પડે છે, રડ્યા ?’ ખેડૂત લગામ ખેંચતાં ખેંચતાં આખરી વેણ બોલ્યો, અને ડોસીના કકળાટ ને છાજિયાં વધી ગયાં ને ફક્ત પેટીને એ વધુ જોરથી ચસચસાવીને ચોંટવા લાગી. કેપ્ટન લાંબો પાતળિયો ને સોનેરી ઝુલ્ફાંવાળો જવાન હતો. એ બીજો કોઈ આડંબર ભાગ્યે જ કરી શકે તેમ હતું. કારણ એની પાસે એક જ મહત્ત્વની મૂડી હતી ને તે એ કે એ કેપ્ટન હતો. એણે ગુસ્સે ભરાઈને બોટમાં ચડી ચૂકેલા લોકોને બૂમો પાડી પાડીને ગાડા માટે જગ્યા કરવા કહ્યું, પછી તો કૂદીને કાંઠે ઊતર્યો ને લગામ પકડીને ઘોડાને બોટ તરફ તાણવા લાગ્યો : ‘દાદા, તમે જરા વાર આ ટાયડાંને મારે હવાલે કરી દો તો ! હું ઘોડાં ભેગો જ મોટો થયો છું. એય અલ્યા, હટ ત્યાંથી માગ કર છ કે નહીં !’

ઘોડાં કેપ્ટનના પોલાદી હાથનું જોર વરતી ગયાં અને એની પાછળ પાછળ આગળ વધ્યાં. જો કે એમના કાન ટટાર થઈ ગયા. અને પોતાના ડાબલા વડે એમણે બોટ પર ચડવાનું પાટિયું કેટલું મજબૂત છે અને જમીનથી કેટલું ઊંચું છે તેનો ક્યાસ કાઢી લીધો. ખેડૂતે કેપ્ટનનો પાડ માન્યો અને એના ને એના આખાયે લશ્કરના ગાડું ભરીને વખાણ ગાઈ નાંખ્યાં. ખેડૂત બાઈએ પણ વખાણ ગાવા માંડ્યાં. પણ વિલાપના જરા શોકઘેરા સૂરમાં. કેપ્ટન આટલા બધા સપાડાથી જરા મૂંઝાઈ ગયો. હાથમાંથી મેલ કાઢતો હોય તેમ હાથ મસળીને (અને લગામોનાં દોરડાં પણ તેલિયાં તો હતાં જ) એણે નમનતાઈથી ને બોલું-ન-બોલું કરતાં કહી નાંખ્યું, ‘બસ બસ દાદા. લોકોને ટેકો કરવો એ તો અમારી ફરજ છે, એટલા માટે તો અમે અહીં આવેલા છીએ. ઠીક પણ,– આ કફનપેટીમાં છે કોણ ?’

'કોણ ?' ખેડૂતે દરદભરેલા અચંબા સાથે કહ્યું : 'ભગવાન મારા દુ:ખમાં મારી બાંય ઝાલે તો સારું. મારો પંડનો એકનો એક દીકરો છે, ભાઈ. બબ્બે દીકરા તો લડાઈના ખપ્પરમાં હોમાઈ ગયા. ને હવે આનો વારો આવ્યો.'

કેપ્ટન એને દિલાસાના બે શબ્દો કહેવા માંગતો હતો પણ એ તો એમ કબૂલાત કરવા જેવું થઈ જાત કે હા દાદા, આઝાદી મોંઘીદાટ વસ્તુ છે. એટલે એને હોઠે આવેલા શબ્દો ખોવાઈ ગયા અથવા પછી એને એમ લાગ્યું હોય કે આવા દુ:ખમાં કહેવુંયે શું ? પેલી ડોસી દેખીતી જ મરનારની મા હતી. એણે તો જાણે કશું કહ્યું નહોતું, ફકત નિસાસા જ નાંખ્યા હતા, લેફ્ટેન્ટ પણ બોટના સુકાન ભણીથી આમની પાસે આવી લાગ્યો. એનાય વાળ ગોરમટા હતા, પણ એ ઊંચા કાઠાનો જવાન હતો ને એની મૂછો એટલી તો આછી ને ઝાંખી હતી કે એનાથી જાણે કે એના ચહેરા પર રમતી છોકરમત અંકે થઈ જતી હોય એવું લાગતું. એય એથી જુદો ડોળ ઘાલી શકે એવું નહોતું કારણ કે એના વ્યક્તિત્વમાં સહુથી મોટી વાત તો એ જ હતી કે એ લેફ્ટેનન્ટનો હોદ્દો ધરાવતો હતો. એ બોલ્યો, 'તમે લડાઈમાં બીજી શી ઉમેદ રાખતાં હતાં ?– લડાઈ એટલે લડાઈ. લોક રોજ ઊઠીને મગતરાં જેમ મરે છે. ઘણી વાર તો અમારી આ બોટમાં જીવતા કરતાં મરેલા મુસાફરો વધુ હોય છે ?'

દરદથી ભરેલા ચહેરાવાળા એક ઘરડા ખેડૂતે બાપ તરફ વળીને કહ્યું, 'એમ ત્યારે તમે તમારા દીકરાને મોરચેથી ઘેર લઈ જાવ છો, નહીં ?'

ખેડૂતે ફોડ પાડ્યો, હું ને મારી ઘરવાળી મોરચે દીકરાને મળવા ગયેલાં, અમને એમ કે ચાલો જઈને ભાઈને થોડાં સાફસુથરાં કપડાં ને સુખડી દઈ આવીએ. હુંય લડાઈમાં રહી ચૂકેલો તે જાણું ને કે સિપાહીને શું જોઈએ. અમે ગયાં તેની આગલી સાંજે જ દુશ્મને ઓચિંતો છાપો મારેલો અને અમારાં કઠણ કરમ તે અમારો આ કાચા મરવા જેવો કૂમળો દીકરો – હજી તો એને વીસમુંય ઊતર્યું નહોતું, તેને જ એક ગોળો આવીને ભરખી ગયો, એનાં આંતરડાં નીકળી પડ્યાં ને અમે તો એની છેલ્લી ઇચ્છા સાંભળવા પૂરતાંય પહોંચ્યાં નહીં.' ડોસો કેમ જાણે પોતાની ઘરવાળીની વાત જ કરતો હોય એવું લાગ્યું. ને તેથી તો એની કથની વધારે કરુણ લાગવા માંડી. મરનારની માય હાય હાય કરતી બોલી, 'હવે કહો ના કહો તેમાં શું ફેર પડવાનો ! અમારે માથે આભ તૂટી પડ્યું, આભ. અમારું ઘર હવે કાયમ માટે ખાવા ધાવાનું. કોઈ કહેતાં કોઈ ન રહ્યું, મારા ભગવાન...'

પેલા ઊંચા ખેડૂતનોય હૈડિયો ગળે તળેઉપર તળેઉપર થયા કરતો હતો. આ લોક શું કહેતાં હતાં તેના પર કેમ જાણે એનું લક્ષ જ નહોતું. એ બોલ્યો : 'મારો દીકરો પણ લડાઈમાં મરી ગયો. મહિનો માંડ થયો હશે. હું તો એને ઘેર કંઈ લાવ્યો કર્યો નહીં, ભલે તે ત્યાં જ એ એના ગોઠિયાઓ ભેગો પોઢતો. પણ તમે - તમને ત્યાં મોરચા પર આવી કફનપેટી ઝટપટ ભલી હાથ લાગી ગઈ ! ત્યાં તો લાકડું–બાકડું શોધ્યું જડતું નથી ને સુતાર તો મળે જ શેનો ?'

બાપ કણસ્યો અને પછી આ સવાલ એને કાને પડ્યો જ ન હોય તેમ બોલ્યો, 'મને ખબર નથી કે આને લઈ ક્યાં જઈએ છીએ. આ તો આપણી ગામડિયા માણહની નરી બાઘાઈ, બીજું શું વળી ? એને કેમે કરતાંય કબરમાં પોઢવા મળ્યું તો જગ જીત્યા !'

કપ્તાને ટાપસી પૂરી કે હા, બીજા ખેડૂતો પણ મરેલા છોકરાને ઘેર તો લઈ જાય છે. બધાને કફનપેટી નથી જડતી એ ખરું. લોકોની સેના દેશના રીતરિવાજોને માન આપે છે. જો કે સિપાહી માટે તો બીજા સિપાહીઓની પડખે પોઢવું જ શોભે. એટલામાં બોટ કાંઠે નાંગરી. ઘોડાં પાછા ભડક્યાં અને કપ્તાને ફરી એમની લગામો તણી આગળ કર્યા. આ વખતે તો ઘોડાં સટસટ ઊતરી ગયાં, નરદમ ભોંયને અડવા એમના ડાબલામાં ચળ આવે ખરી ને.

રસ્તો નદીકાંઠા સરસો જ જતો હતો. સિપાહીઓએ બોટ નાંગરવાની જગ્યાના તે રસ્તા સુધી કાદવમાં એક રસ્તો પાડીને ઉપર પથરા ધરબીને જવાઆવવા જેવું કર્યું હતું. આ સાવ ટૂંકા રસ્તાની બેય બાજુ ગાડાના પૈડાંથી પડેલા ચીલામાં કીચડ ઘાણ હતો. ઉતારુઓ એકએક કરીને આ સાંકડા રસ્તા પર મેજર સાહેબને પોતાનો પાસ બતાવવા માટે હાર બાંધીને ઊભા રહી ગયા. મેજર સાહેબ હજી રસ્તા ઉપરની એમની ઝૂંપડીમાંથી બહાર આવ્યા નહોતા. કેપ્ટને લાઇનને બાજુએ મૂકીને ઘોડાંને આગળ તારવ્યાં. લોકોએ કમને પણ જરાયે ચૂંચાં કર્યા વિના દબાઈને ગાડીને માટે મારગ કરી આપ્યો, આખરે એક મૃતદેહને મિલિટરીનો માણસ ઊઠીને લઈ જતો હતો. પણ પેલો સૂકો ખેડૂત, જેના દીકરાને મરી ગયે માંડ મહિનો થયો હતો, એ કોઈનાય મોં સામું જોયા વિના એના જમણા હાથની લાકડીને વીંઝતો વીંઝતો – કેમ જાણે વીંઝવાથી એને ચાલવાનું સુગમ પડતું ન હોય તેમ – ઝૂંપડી ભણી સડસડાટ દોડ્યો. લેફ્ટેનન્ટે એને લાઇનમાં ઊભા રહેવાની ચેતવણી આપી તોય એણે તો પાછું વાળીને દોડતાં દોડતાં એટલું જ કહ્યું 'મારે ત્યાં બહુ જરૂરી કામ છે.'

બધે ચુપકીદી છવાઈ ગઈ. રેતી પર કચ્ચર બોલાવતો ગાડાંનાં પૈડાંનો ને કાદવ ખૂંદતા માણસોના પગ સિવાય બધું ચડીચૂપ થઈ ગયું. નક્કી પેલો સૂકલો ડોસો મેજરના કાનમાં કંઈક મંતર ભણવા દોડ્યો.

અને એણે તે સંતાડ્યું પણ નહીં. ગાડીને કાંઠે તાણી લાવતા ત્યાં લગી મેજર એની રાહ જોતો ઊભો રહ્યો. ઉપર આવી કે એણે એને બાજુએ ફેરવવાનો ઈશારો કર્યા. પેલો ખેડૂત એની પડખે જ ઊભો ઊભો મરમમાં ને લુચ્ચું લુચ્ચું હસતો હતો, ઘડીકમાં લંગડો એક પગે ઠેકતો તો ઘડીકમાં બીજે પગે.

'હા હા, મેં મારે સગે કાને સાંભળ્યું, સગે કાને,' એણે છાતી ફુલાવીને કહ્યું, 'આ પેટીમાં કશુંક હાલેચાલે છે. કેપ્ટન સા'બ, મેં તેમને ના કહ્યું તે માફ કરજો. મને ધાસ્તી હતી કે ક્યાંક નદીમાં જ પેટીને હડસેલી ના મૂકે. અહીં ઉપરી લોક પાસે કાંઠા લગી પેટી પહોંચે એની જ હું વાટ જોતો'તો. અને તમેય મારા પર ગુસ્સો ના કરશો,' એણે માબાપ ભણી ફરીને કહ્યું. 'શંકા પડતું કંઈ પણ હોય તો સત્તાવાળાને ચેતવવા એ સહુની ફરજ

છે. લડાઈ એટલે કંઈ ગંમત થોડી જ છે ? લડાઈ એટલે લડાઈ.'

માબાપની તો વાચા હરાઈ ગઈ હતી.પૂતળાંની જેમ ઊભાં હતાં. સહુ પહેલી મામાં ચેતન આવ્યું, અને એણે પેલા સૂકલા ખેડૂતને અદેખો ને જૂઠાબોલો કહી ને ભાંડવા માંડ્યો. 'ભગવાનને ખાતર દિલમાં રહેમ રાખો સાહેબ !' એણે મેજરને કાકલૂદી કરી. 'અમને અમારા દુ:ખનું પોટલું વહી જવા દો સાહેબ.'

એની બૂમાબૂમથી હિંમત એકઠી કરીને બાપ પણ મેજરને વિનવણી કરવા લાગ્યો. પણ એની કહેવાની રીત જેટલી દયામણી હતી તેટલી જ કડક ને સિપાહીઢબની પણ હતી. 'સાહેબ, બિરાદર મેજર સાહેબ, રહેમદિલી બતાવો ! અમે માબાપ છીએ, આ અમારો દીકરો છે, અમારું ગામ બહુ દૂર છે અહીંથી.'

મેજર શામળો ને જવાન જેવો જણાતો હતો. એનો ચહેરો ટાઢોબોળ નહોતો, કંઈક કૌતુકભરેલો હતો. અને પોતે મેજર હતો એથી એ બીજું કોઈ મહોરું મોંએ ચડાવી શકે તેમ પણ નહોતું. એણે જ્યારે ખેડૂતને જવાબ આપ્યો ત્યારે તે એની સામે ઊભેલા ગામડિયાને કહેતો હોય તે રીતે નહીં, પણ એવા કોઈકને ઉદ્દેશીને બોલ્યો કે જેની સાથે નિયમ પ્રમાણે સભ્યતાથી બોલવું જોઈએ. એ બોલ્યો. 'અમે આખાયે મામલાની જાંચ કરીશું. દરેક બાબતને માટે નિયમો ઘડાયેલાં છે. તમારે કોઈ વાતની ફિકર કરવી નહીં.'

સિપાહીઓએ ઝટપટ કફનપેટીનાં દોરડાં છોડી નાંખ્યાં ને એને વિના મુશ્કેલીએ નીચે ઉતાર્યું. મા હજીય એને વળગીને પડેલી હતી. ને હળવાં હળવાં ડૂસકાં ભરતી હતી.'આ દહાડો મૂઓ નેશ છે ને મારું ઘર ખાલીખમ ખાવા ધાય છે.'

પણ સિપાહીઓ પાસે પેટી ખોલવાજોગ એકે ઓજાર નહોતું એટલે વળી પાછી હિંમત ભેગી કરીને બાપે મેજર સામે અરજી નાંખી, 'નિર્દય ન થાવ સાહેબ. દિલમાં થોડી રહેમ રાખો.'

મેજર કેમ જાણે સાંભળતો જ નહોતો, સાંભળે તેવું હતુંયે નહીં, કારણ એ તો ઉતારૂઓના પાસ તપાસવામાં ગરકાવ થઈ ગયો હતો. તોયે એણે બાપને, કે પછી કોઈ ઉતારુને પણ કહ્યું તો ખરું, 'બહુ સારુ બહુ સારુ, બધું બરાબર થશે, ફિકર ન કરો.'

એક લોરી આવી અને મેજરે કોઈકનો પાસ હાથમાં જોતાં જોતાં એને થોભવાનો ઈશારો કર્યો.

કેપ્ટનને કહ્યા વગર પણ શું કરવાનું છે તે ખબર જ હતી. એણે લોરીના ડ્રાયવર પાસેથી હથોડો ને પાનાં માંગ્યાં. પછી હળવે હાથે ડોસીને કફનપેટી પરથી ખસેડવાની ચેષ્ટા કરી, પણ એ તો ખસે તો મા શેની ? ત્યાં જ ચૂપચાપ ચોંટી રહી. એનું મન જાણે ઊંડે ઊતરી ગયું હતું ને એના હાથની મૂઠીઓ ગાલના ખાડામાં ભેરવાઈ ગઈ હતી. એના મોંમાંથી એના કાળાઘોર ભાવિ અને ઉજ્જડ ઘરબારને નામે નિસાસા નીસરતા હતા.

સિપાહીઓએ ઝડપભેર પેટીનું ઢાંકણું ખોલી નાંખ્યું. મેજરે પાસ જોઈ લીધા હતા. એણે ઈશારાથી ઢાંકણું ઉપાડવા કહ્યું. અંદર એક તાજી હજામત કરેલો, ફૂટડો જવાન હતો

અને એ બેઠો થવા સહેજ સળવળ્યો. અને પછી છોભીલું છોભીલું હસી પડ્યો પણ ચત્તોપાટ જ પડી રહ્યો.

'આ જ તમારો દીકરો છે ને ?' મેજરે પૂછયું.

'હાજી,' ખેડૂત બોલ્યો. 'મારો એકનો એક દીકરો. બીજા બે તો લડાઈમાં માર્યા ગયા.'

'મોરચેથી ભાગી આવેલો ?' મેજરે ફરી પૂછ્યું.

'ના જી, હું એને બચાવી લેવા માંગતો હતો,' ખેડૂતે શાંતિથી કહ્યું, 'મારે મારો વેલો ચાલુ રાખવો હતો. મારું કુટુંબ આખુંયે મરી પરવારે તો પછી મારી જમીન, મારું ઘરબાર, ને દેશનું કહેતા હો તો દેશ, એ બધું શા કામનું ?'

ઉતારુઓ સ્તબ્ધ ઊભા ઊભા જિજ્ઞાસાથી તાકી રહ્યા. પણ મેજરે સિપાઈઓને હુકમ કર્યો કે આમને રસ્તે પાડો. એટલે એ લોકો સિપાહીઓની રાઇફલની અણીએ આમતેમ વેરાઈ ગયાં. ડ્રાયવરને એનાં ઓજાર પાછાં મળ્યાં કે તરત જ લોરીએ પણ ત્યાંથી ચાલતી પકડી. દેખીતું જ ડ્રાયવરને આ બધી ખટપટમાં પડવાનો રસ નહોતો, કે પછી બીજી બાબતોમાં એનું મન રોકાયેલું પણ હોય. ત્યાં ઊભો રહ્યો એકલો પેલો સૂકલો ડોસો. એને કોઈએ ધક્કો મારીને કાઢ્યો નહીં, ને એ કેમ જાણે ત્યાં ઊભો રહેવાનો હકદાર હોય એમ ઊભો જ રહ્યો. કેમ જાણે સ્વગત બબડતો હોય તેમ બોલ્યો, 'લ્યો, મને એમ કે કોઈ જાસૂસબાસૂસ હશે. ભગવાન સાક્ષી છે કે આપણો ઇરાદો કંઈ મેલો નહોતો.'

કફનપેટીને પડખે ઘૂંટણભેર બેઠેલી ખેડૂબાઈ એના દીકરાનાં લમણાં પર પસીને બાઝેલા વાળ સરખા કરતી કરતી બાળકને પટાવતી હોય તેમ મીઠું મીઠું ગણગણવા માંડી, 'મારો વહાલો કરું બેટા, તું લગારે ફિકર ના કરીશ, દીકરા, ને એ માણસ બહુ સારો છે – ને આપણાં જ લોકો છે અહીં તો બધે. કંઈ થવાનું નથી મારા લાલને.'

જિગર ભીડીને જવાન કફનપેટીમાં બેઠો થઈ ગયો પણ મેજરે એને ફરી ઇશારાથી સૂઈ જવા કહ્યું અને એ હુકમનું પાલન કરતો હોય તેમ ચડપ દઈને પાછો સૂઈ ગયો.

'કેપ્ટન, તમે તમારી ફરજ બજાવો.' મેજર બોલ્યો.

કેપ્ટને ફટ દઈને એક પિસ્તોલ ખેંચી કાઢી, કેમ જાણે હુકમની રાહ જ જોતો ન હોય અને ખાનામાં એક કારતૂસ સરકાવી. હુકમની રાહ જોયા વિના જ કેપ્ટને માને ખભેથી ઝાલીને, ઊડઝૂડ રીતે નહીં પણ નરમથી, એના દીકરાથી દૂર કરી. પછી એ જરા પોતે ટટ્ટાર થયો અને થોડાં ડગલાં પીછે કદમ કરીને ઊભો. એ જ રીતે એક સિપાહી પણ રાઇફલ તાણીને બાપને પડખે ધકેલીને માની લગોલગ ઊભો કરી દીધો.

પછી કેપ્ટને આવીને કફનપેટીની બે બાજુ પગ ખોડીને ઊભો અને જવાનના હૃદયમાં એક બાર કર્યો, એટલી ઝડપથી અને એટલી તો હોશિયારીથી કે એમ જ લાગ્યું કે નળી જવાનની છાતીને અડે ન અડે અને મૂંગામંતર થઈ ગયેલાં માબાપને શું થાય છે તેની ખબરેય પડે તે પહેલાં તો ધડાકો સંભળાયો.

એમ પણ લાગે કે જવાનને પણ એનું હૃદય વીંધાઈ ગયું તે પહેલાં શું થાય છે તેની

ખબર નહીં પડી હોય. એણે ચીસ નાંખી, એનો દેહ કમાનની જેમ ઊછળ્યો; એનું માથું પાટિયા પર પથરાની જેમ અફળાયું અને પછી એ એકદમ ઢગલો થઈ ગયો, કેમ જાણે એની અંદર હતું એટલું બધું જ વહી ગયું ન હોય.

ગુસ્સા ભરેલા અવાજે મેજર બોલ્યો, 'લઈ જાવ એને અહીંથી !' પછી શાંતિથી ઉમેર્યું, 'અમે અમારી ફરજ બજાવીએ છીએ. અમે ફરજ બજાવતા રહીશું.'

માબાપે એના શબ્દો સાંભળ્યા નહીં. એ તો બાપડાં એમના દીકરાના શબ પર હાહાકાર કરતાં ઢળી પડ્યાં.

સિપાહીઓએ એમને બળ વાપરીને પણ નરમાશથી કફનપેટીથી અલગ કર્યાં. પછી પેટીને પાછી ગાડી પર ચડાવી, અરે ચસચસાવી દોરડાં બાંધવાનું પણ ન ભૂલ્યા. ઢાંકણું એમણે પેટીને પડખે મૂક્યું, એમની પાસે પાછાં ઓજાર નહોતાં અને બોટ તરત જ છૂટવાની હતી, કારણ મિલિટરીની લોરીઓએ રસ્તા પર કતાર બાંધવા માંડી હતી.

સિપાહીઓએ એમનું કામ પતાવ્યું કે તરત ઘોડાં પોતાની મેળે જ દોડવા લાગ્યાં. ખેડૂત ને એની ડોસી પાછળ પાછળ દોડ્યાં. અને પેલો સૂકલો ખેડૂત અજાયબી પામતો પામતો બોલ્યો : 'દુનિયામાં કોઈને નહીં ને મને આવી કમત ક્યાંથી સૂઝી ?'

કફનપેટીના તળિયામાંથી પાટિયાની એકાદ ગોળ ગાંઠ નીકળી ગયેલી ને કાણું પડેલું, અને એમાંથી લોહી વહેતું રહ્યું, કાળું અને મીઢું ઘો. મા કફનપેટી પર હાથ મૂકીને બેઠી બેઠી સમજાય નહીં એવી બોલીમાં ઝીણું ઝીણું રોતી હતી. બાપ ઘોડાની પડખે ચાલતો ચાલતો ઊંહકારા ભરતો જતો હતો અને ઘોડાને પરોણો મારવાનું ભૂલી જતો હતો.

લેફ્ટેનન્ટ બોલ્યો, 'ખેડૂતો મારાં વા'લા ખરાં છે ! પહેલાંની જેમ જ હજીય હાય હાય કરતાં જ રહ્યાં.'

પણ કોઈએ એનું કહેવું સાંભળ્યું લાગ્યું નહીં – એ બધાં કામમાં પરોવાઈ ગયેલાં હતાં.

અનુ. પ્રબોધ ચોકસી

ચંદ્રમાંથી નાસી છૂટનારો
એન્તોનિયો બાલ્દિનિ

ચંદ્ર પર જવાનું એક માણસે યંત્ર શોધી કાઢ્યું. પણ તે ચંદ્ર પર પહોંચ્યો પછી પૃથ્વી પર પાછા ફરવાની તેનામાં એવી અદમ્ય ઝંખના જાગી કે ચંદ્ર પર બીજું કંઈ જોવાની કે તે વિષે વધુ જાણવાની પરવા કર્યા વગર તેણે પૃથ્વી તરફ પોતાનું યંત્ર હંકારી દીધું.

ઘેર પહોંચ્યા પછી તે બારી પર હાથ ટેકવી ઊભો રહ્યો અને શહેરના ઘુમ્મટ, છાપરાં અને ટાવરને અજવાળતા ચંદ્રને જોઈ રહ્યો.

તે વિચારતો હતો : ત્યાં જવા માટે આટલું બધું કર્યા પછી ત્યાં કંઈ પણ જોયું નહિ; વર્ષો સુધી ત્યાં જવા માટેનું યંત્ર શોધવામાં મશગૂલ રહ્યો પણ સફળતાની અણીએ નાસી છૂટ્યો; તે માટે બીજી શક્યતાઓ જતી કરી અને બીજા તેમ જ મારા તરફની બધી ફરજ જતી કરી; બધાં સાથેનાં સંબંધ તોડી નાખ્યા અને દુનિયાથી એટલો છૂટો પડી ગયો કે બધાં મને ગાંડો ગણવા લાગ્યાં; પૃથ્વી પર મેં બધી જ રીતે મારું જીવન અસહ્ય બનાવી દીધું, અને અંતે બધાંને મન દુષ્કર એવી મુશ્કેલીઓ વટાવી જઈ. બધી જ વસ્તુઓ બધાં જ પર વિજય મેળવી, કંઈ પણ ઊથલપાથલ વગર કે યંત્રમાં ભાંગતોડ થયા વગર આખો પ્રવાસ કર્યો અને જે પળે બધું જ આટલું બધું સહેલું અને સરલ લાગતું તે વખતે આ જાતની આનાકાની, આ રીતે નાસી છૂટવું...ના, ના, આ તો હદ થઈ ગઈ.

* * *

તે બધું કેવી રીતે થયું તે યાદ કરવા લાગ્યો :

જ્યારે મેં ધરતી પર પગ મૂક્યો – અરે, જયારે મેં ચંદ્ર પર પગ મૂક્યો - ત્યારે મારામાં શક્તિ અને ઉત્સાહ ભરપૂર હતાં. અને જરા પણ થાક અનુભવ્યા વગર હું સૂર્ય સુધી મુસાફરી કરી શકત. એક ગાંડા માણસની જેમ હું હસવા લાગ્યો, ગાવા લાગ્યો અને બૂમ પાડવા લાગ્યો. કદાચ મેં ખૂબ જ કામ કર્યું હતું અને મારામાં કંઈ ઢીલું પડી જતું લાગ્યું. હકીકત એ હતી કે યંત્રમાંથી ઊતર્યા પછી મારો ઉત્સાહ ઓચિંતો ઓગળી ગયો અને કંઈ પણ કરવાની તમન્ના મારામાંથી લુપ્ત થઈ ગઈ. મારી જાતને આગળ ધપાવવા

મેં બહુ પ્રયત્ન કર્યો. મારા વિચાર સમારવા મેં ખૂબ પ્રવાસ કર્યો, પણ તે બધું વૃથા હતું. પળમાં તો મારા મનમાં બધા જ વિચારો આમતેમ ફેંકાવા લાગ્યા અને ઓચિંતો મારો આત્મા અનેક કઢંગા વિચારોમાં પરોવાઈ ગયો. અને મારા રોજબરોજના જીવનના વિચારો કરતાં આ તદ્દન જુદી જ જાતના હતા. સામાન્ય રીતે મારા અભ્યાસ અને ગણિતમાં મગ્ન રહેવાથી દુન્યવી વસ્તુઓને હું ઘણું જ ઓછું મહત્ત્વ આપતો અને આને લીધે જ લોકો મને પ્રા.વાદળિયો કહેતા, અર્થાત્ હું હંમેશાં મારું માથું વાદળમાં રાખતો.

ચંદ્ર પર પગ મૂકતાં સૌ પ્રથમ ચિંતા મારા મનમાં ઉત્પન્ન થઈ તે એ હતી કે મેં ઘરનું આગળનું બારણું બંધ કર્યું હતું કે નહિ અને રસોડામાંના વાયુની ચાકી બંધ કરી હતી કે નહિ. અને પછી ઘરના નોકર અને ટપાલી માટે જતાં પહેલાં ભેટના પૈસા મૂક્યા નહોતા તે વિશે સખત ચિંતા થવા લાગી. અને ત્યાર પછી મને યાદ આવ્યું કે ચંદ્ર પર જવા નીકળ્યો તે પહેલાંની સાંજે મેં પત્ર ટપાલપેટીમાં નાંખેલો તેના પર પૂરતી ટિકિટ ચોંટાડી નહોતી. અને ત્યાર પછી મને યાદ આવ્યું કે તે જ દિવસ સુધીમાં અમુક કરવેરો ભરી દેવાનો હતો. અને ચંદ્ર પર બધું યાદ આવતાં મને મારી જાતની કંઈ અગત્ય લાગી નહિ. તદુપરાંત આ બધી ચિંતાઓ સાથે મારા ઘરની આજુબાજુની પરિસ્થિતિની તીવ્ર હૂબહૂ સ્મૃતિ મારી કલ્પનાશકિત વિદારવા લાગી અને ઘરની આજુબાજુનો પ્રદેશ એટલી ઝીણવટતાથી યાદ આવતો હતો કે મને ખ્યાલ પણ નથી આવતો કે તે આટલા બધા દ્વેષપૂર્વક મારા મનમાં ચોંટી ગયો હશે. કોઈ ભીંત પરનું લખાણ, અમુક દુકાનની બારી, અર્ધી ખુલ્લી બારીમાંથી અંદરનું પહેરણ પહેરી ડોકાતી જાડી સ્ત્રી, સામેના છાપરા પર લીલથી છવાઈ પડેલી લીંબુની ફાડો; અને પછી ચીમની પર ધ્રૂજતી હવા હું જોઉં છું અને મારું નાક ઘેટાના બાફેલા માંસ અને કાળજા સાથે રાંધેલી ડુંગળીની તીવ્ર ગંધ અનુભવે છે. આજુબાજુ જોઈ મારી જાતને કહેવું, 'જરા વિચાર તો ખરો કે તું ક્યાં છે, એ વૃથા હતું મેં જે કંઈ જોયું તેમાં મને રસ નહોતો પડતો એટલું જ નહિ પણ મેં તે ખરેખર જોયું હોય એમ પણ હું કહી શકું તેમ નથી. ઉષાના આછા પ્રકાશમાં રહેલી ઝાડપાન અને ઘર વગરની પાષાણની ખીણની મને ઝાંખી યાદ આવે છે. એ કંઈ ગમે તેવો દેખાવ તો નહોતો જ; પણ મને તેનાથી આનંદ થવો જોઈતો હતો, કારણ કે કેટલાય મહિનાથી હું આનાથી પણ વધુ જુગુપ્સા ઉત્પન્ન કરે તેવા ચંદ્રનાં દૃશ્યો જોવા ઝંખતો હતો. પણ આ દેખાવ નકામો હતો. ઘેટાના બાફેલા માંસની ગંધથી મને સખત ભૂખ લાગી હતી અને મને બીજું કંઈ દેખાતું નહોતું. ત્યાંના વાતાવરણમાં કાર્બાઇનની ગંધ આવતી હતી પણ તે પળે મારા નાકને એસિટિલિન કરતાં કંઈક બીજાની જ જરૂર હતી. અત્યારે તો જો કે અશક્ય લાગે તેવી વાત છે, પણ તે વખતે તો મુદ્રણાલયમાંથી બહાર આવેલા તાજા સમાચારપત્રની ગંધ, ભઠ્ઠીમાંથી તાજા કાઢેલા કટકા, ગરમ આસ્ફાલ્ટની શેરીઓ, પથારીમાંથી હૂંફ મેળવી ઊભી થયેલી સ્ત્રી, હૂંફ મેળવવા સૂર્યમાં બેસી રહેલું મોટું ટોળું – આ બધાંની મને વધારેમાં વધારે ખોટ સાલતી હતી. હજારો વખત મેં મારી જાતને સ્ત્રી અને પુરુષને ધિક્કારનાર

તરીકે ઓળખાવી હતી છતાં ઓચિંતા જ સેઇન્ટ એન્થનીની લોભવૃત્તિ અને સમાજના આનંદ માણવાની વૃત્તિ મારામાં સબળ થઈ ઊઠી. અને હું અર્ધો કલાક ચંદ્ર ઉપર રહ્યો તે દરમિયાન સ્ત્રી અને પુરુષો વચ્ચે રહેવાની મારામાં તીવ્ર ઝંખના જાગી ઊઠી. કોઈ ટેબલ ખાલી થવાની રાહ જોતાં લોકો બેઠાં હોય ત્યારે એકાદ રવિવારે સાંજે કોઈ હોટેલની જૂની લીલા રંગની ખખડી ગયેલી ખુરશી પર બેસવા માટે હું દૂધગંગાના બધા તારા આપવા તૈયાર હતો. મેં મારી જાતને ચેતવવા પ્રયત્ન કર્યો. અને વધુ આનાકાની કર્યા વગર આગળ શોધ કરવા માટે બરફ તોડીને પર્વત પર જવાના રસ્તા તરફ જવા પણ એક વખત મેં પ્રયત્ન કર્યો પણ તે બધું વૃથા ગયું. મને એક અવાજ સંભળાયો, 'બસ.' તે મારો જ અવાજ હતો અને તે એટલો બધો મોટો હતો કે તે સાંભળી હું ગભરાઈ ગયો. 'મેં તને કહ્યું કે બસ; ચાલ હવે ઘેર જઈએ.' આ વખતે તો હું એકદમ અટકી ગયો. પૃથ્વી પર પાછા ફરવાની ઝંખના એટલી તો તીવ્ર બની ઊઠી કે મારું આખું શરીર ધ્રૂજવા લાગ્યું. જો હું એકદમ ચંદ્ર છોડી ન ચાલી નીકળું તો તે પર્વતોની વચ્ચે હું મારી ઝંખનાઓથી જ ફાટી જાઉં.

પોતાની જાતને કંઈ જવાબ નહિ આપી શકવાથી માણસ ઘરની બહાર નીકળ્યો અને શેરીઓમાં રખડવા માંડ્યો. રાત્રે સખત ઠંડી પડતી હતી અને ધોરી રસ્તાઓ પર કોઈ હતું નહિ. ઓલ્ડ ગેટ કાફે પાસેથી પસાર થતાં તે હૂંફ મેળવવા તેમાં ગયો. તે દિવસે બજાર ભરાયું હતું અને તે જગાએ હજુ પણ ગામડાંનાં લોકો, ગાડાંવાળા, દલાલો અને કર ઉઘરાવનારા હતા. ગલ્લા પાસે દારૂ પીનારા ઊભા હતા અને ટેબલ નીચે કૂતરાં બગાસાં ખાતાં બેઠાં હતાં. લોકો પત્તાં રમતા હતા, બીડી પીતા હતા. એકબીજા સાથે વાતો કરતા હતા, ગ્લાસ અથાડતા હતા અને જમીન પર થૂંકતા હતા. આ બધા અવાજમાં એક ગ્રામોફોન પોતાનો અવાજ ઉમેરતું હતું. દારૂની અને પાઇપમાંથી આવતી તીવ્ર ગંધ, ગામડિયા અને ભેજવાળા લાકડાના વહેરમાંથી આવતી બદબૂ – આ બધાંથી પ્રાણ ચાલી જતા હોય તેમ લાગતું. ચંદ્રમાંથી નાસી છૂટનાર માણસે પોતાની જાતને કહ્યું, 'તું હૂંફ માટે આટલું બધું ઝંખી રહ્યો હતો ખરું ને ? લે તો હવે તે માણી લે.' તે આ સહન કરી શક્યો નહિ અને આગળ ચાલી નીકળ્યો. રાતના આકાશમાં ચળકતો ચંદ્ર મોટા ચોકમાંના વૃક્ષ અને ઘરના થાંભલાઓ પર પ્રકાશ નાખતો હતો. તે ચંદ્રના ચળકતા ચહેરાની આજુબાજુ તેણે મોટું પ્રકાશનું વર્તુળ જોયું. તે માણસના ગાલ પર આંસુ વહી આવ્યાં અને ઓચિંતો તેનામાં પ્રગાઢ શાંતિનો પ્રવેશ થયો. ઊંચે આકાશ તરફ જોતો, ઠોકરો ખાતો તે માણસ ચોક વટાવી ગયો અને પછી ચાંદનીથી પ્રકાશિત શેરીઓ વટાવતો આગળ ચાલવા લાગ્યો. ચંદ્રને આટલો . બધો શ્વેત જોઈ અને તે તેના પર જઈ આવ્યો હતો. આ બે વાતથી તેના પર કંઈક અજબ અસર થઈ હતી. હવે એ તેના માટે લગભગ ઘર જેવો થઈ ગયો હતો.

ખળખળ અવાજ કરતી નહેર વટાવી તે આગળ ચાલ્યો ત્યારે તે શહેરના કોટની બહાર નીકળી ગયો હતો. એક કૂતરો ચંદ્ર તરફ ભસ્યો, મૂર્ખ કૂતરા, એમાં ભસવા

જેવું શું છે ? પવનમાં ધ્રૂજતો ચંદ્ર વૃક્ષો પર થઈ શાંતિથી આગળ વધતો હતો. ચંદ્રની આજુબાજુનું પ્રકાશનું વર્તુળ અદૃશ્ય થઈ ગયું હતું. અને પોલાદની માફક તે ચમકવા લાગ્યો. તેની જમણી બાજુએ બે ખાડા વચ્ચેની જગ્યા તેણે પિછાણી, ત્યાં તે ઊતર્યો હતો. તે પર જોતાં તેનું મોં રાતું થઈ ગયું. 'શુક્રવારે હું ત્યાં ચંદ્ર પર હતો' તેનો વિચાર કરતાં.....

શહેરના કોટની બહાર રખડતાં તે જે શેરીમાં રહેતો હતો ત્યાં આવી પહોંચ્યો. તેના ઘરની આગળ ચંદ્રનું તેજ રેલાતું હતું. ત્યાં આગળ ભૂતકાળમાં એક મહાન ગણિતશાસ્ત્રી રહેતો હતો એની તકતી મૂકેલી હતી. તે તકતી તો ચાંદનીનો ટુકડો લાગતી હતી. થોડી વાર તો તે માણસ ધ્યાનમાં ડૂબી ગયો અને પછી નિઃશ્વાસ નાંખી તે ઘરની ચાવી શોધવા લાગ્યો. તેણે આમતેમ જોયું પણ તેને ચાવી જડી નહિ અને ઘરમાં પણ કોઈ હતું નહિ. મોનિકા ઘરકામ પતાવી ઊંઘી જતી હતી. પણ હવે શું થાય ? કંઈ નહિ શેરીમાં દૂરથી કોઈ દારૂડિયાનું ગીત ધીમે ધીમે વહેતું હતું.

પોતાને છોડી નાસી જનાર તરફ જોઈ ચંદ્ર કહેતો હતો, 'લે, હવે શું કરીશ ? અહીં ઉપર રહ્યો હોત તો વધારે સારું ન થાત ? હવે કૂંચી વગર શું કરીશ ? મારી શિખામણ માન. પાછો અહીં આવતો રહે.'

અનુ. ડૉ. મધુકર શાહ

વેર

જોહાન પીટર હેબેલ

ફ્રેંચ ક્રાંતિની શરૂઆતમાં પ્રુશિયનોએ ફ્રાંસ ઉપર ચઢાઈ કરી અને શેમ્પેન પ્રાંતમાં થઈને એનું હયદળ પસાર થયું. પણ ત્યારે કોઈને ખ્યાલ સરખો નહોતો કે થોડા જ વખતમાં ૧૮૦૬ની સાલમાં ફ્રેંચો વગર નોતરે પ્રુશિયામાં વળતા મહેમાન થવા ઊતરી આવશે. ને એટલે જ કદાચ એકેય પ્રુશિયન દુશ્મન દેશમાં ઇજ્જતદાર સિપાહીએ જે રીતે વર્તવું જોઈએ, તે રીતે વર્ત્યો નહોતો.

આમાં તે વખતે એક પ્રુશિયન હુસ્સાર* જે એક નઠારો માણસ હતો તે એક શાંતિપ્રિય સજ્જનના ઘર પર ચઢી આવ્યો. એણે ઘરમાં રોકડ, જરઝવેરાત વગેરે જેટલું લેવાય તેટલું ઉશેટી લીધું. એને એટલેથી સંતોષ ન વળ્યો તે છેલ્લે બાકી પેલા બાપડાની સરસ મજાની પથારી ને તેની ઉપરની નવી નકોર ભરતભરેલી ચાદર ઉપર એની આંખ બગડી. વરવહુને ધક્કા મારીને એણે પથારી પણ ચાદર સમેત ઉઠાવી લીધી. એમનો દીકરો, જે આઠેક વર્ષનો હશે, એણે ઘૂંટણિયે પડીને હુસ્સારને બહુયે કાકલૂદી કરી કે મારા બાપાની પથારી પાછી આપી દો ! પણ હુસ્સાર તો એને બેરહમીથી હડસેલો મારીને આગળ વધ્યો. એમની દીકરી એની પાછળ દોડીને પેલાની બાંય પકડીને રહેમ કરવા અરજ ગુજારવા લાગી. પણ પેલાએ તો એને ઊંચકીને આંગણામાં આવેલા કૂવામાં નાખી દીધી અને લૂંટનો માલ લઈને ત્યાંથી રવાના થઈ ગયો.

વર્ષો પછી નિવૃત્ત થઈને, એ હુસ્સાર સાઈ લેશિયાના શહેરમાં ઠરીઠામ થયો. એણે એક કાળે આ જે પાપ કર્યું હતું એનો તો વિચાર સરખોય નહોતો આવતો. કોઈક વાર યાદ આવી જતું તો એમ બબડીને મનમાંથી વિચાર કાઢી નાખતો કે 'અરે,! એના પર તો ઘણુંય ઘાસ ઊગી ગયું. હવે શું છે ?'

---

* ઘોડેસવાર સિપાઈ

પણ ૧૮૦૬ની સાલમાં શું થયું ? ફ્રેંચો કૂચકદમ કરતા નિરસે શહેરમાં આવી લાગ્યા. ને એક સમીસાંજે એક જવાન અફસરને એક ભલી બાઈના ઘરમાં ઉતારો આપવામાં આવ્યો. એ બાઈ એની સારી ખાતર બરદાસ કરતી હતી. અફસર આબરૂદાર માણસ હતો, એનું વર્તન સુશીલ હતું, અને દેખાવે તો જાણે આનંદી જીવ લાગતો.

પણ થયું એવું કે વળતી સવારે જ અફસર નાસ્તો કરવા માટે નીચે ઊતર્યો જ નહીં. એટલે પેલી બાઈને થયું : 'હજીયે ઊંઘતો લાગે છે.' અને એમ ધારીને એણે એની કોફી ભઠ્ઠામાં ગરમ રહે તેવી રીતે ઢાંકીને મૂકી દીધી. થોડી વાર થઈ તોપણ એ કંઈ નીચે ન ઊતર્યો, એટલે પેલી બાઈ ઉપર જઈ જોવા લાગી કે અફસર હેમખેમ તો છે ને !

બાઈએ હળવેથી અફસરની રૂમનું બારણું ખોલ્યું ને જુએ છે તો એ માણસ ઉઘાડી આંખે હાથ જોડીને પથારીમાં બેઠો છે. એના મોંમાંથી નિસાસા નિસર્યે જાય છે. કેમ જાણે કોઈ મોટી આફત ન આવી પડી હોય ! અથવા કેમ જાણે એને એકદમ એનું ઘર સાંભળ્યું ન હોય ! બાઈ ઓરડામાં આવી તેની પણ એને ખબર ન પડી.

બાઈ હળવેથી તેની પાસે ગઈ અને પૂછવા લાગી, 'અફસર સાહેબ, શું થયું છે ? કેમ આમ ઉદાસ થઈ ગયા ?'

જવાન અફસર એની સામે આંસુભર્યે ચહેરે જોઈ રહ્યો અને પછી બોલ્યો, 'આ જે પથારી પર સૂઈ ને મેં આખી રાત ગાળી તે શેમ્પેનમાં રહેતાં મારાં માબાપની છે. ચૌદ વર્ષ પહેલાં ત્યાં જે લૂંટફાટ થઈ એમાં એ લોકો લુંટાઈ જઈને ચીંથરેહાલ થઈ ગયેલા. મને એ બધું આજે યાદ આવે છે. ને એટલે મારા દિલમાં દરદનો દરિયો ઊભરાય છે. છેવટે હું એમનો દીકરો રહ્યો. જુઓ, આ ચાદરના ખૂણા ઉપર મારી માએ લાલ દોરાથી નામ ભર્યું છે તેય હજી તો એમનું એમ છે.'

પેલી ભલી બાઈ તો બિચારી શિયાવિયા થઈ ગઈ. અને ઝટપટ કહેવા લાગી. 'સાહેબ, મેં તો આ પથારી ને ચાદર એક હુસ્સાર પાસેથી ખરીદ્યાં છે. એ હજીયે નિરસેમાં જ રહે છે, તમે જ કહો મારા સાહેબ, આમાં મારો કાંઈ વાંકગનો છે ?'

ફ્રેંચ અફસર ઊઠીને ઊભો થયો અને બાઈને આગળ કરીને હુસ્સારને ઘેર ગયો. એણે તો હુસ્સારને જોતાંવેંત જ ઓળખી લીધો.

'તમને યાદ આવે છે કે, 'તેણે પેલા હુસ્સારને કહ્યું, 'ચૌદ વર્ષ પહેલાં તમે શેમ્પેનમાં એક નિર્દોષ માણસની એકેએક ચીજ વસ્તુ લૂંટી લીધી હતી તે ? એની પથારી પણ નહોતી છોડી. અને એના આઠ વર્ષના દીકરાએ તમને કેટલીય કાકલૂદી કરી તોય તમે એમની દયા નહોતી જાણી. અને તમને હજીય મારી બેન યાદ છે કે નહીં ?'

પેલા ઘરડા ઘુવડે શરૂઆતમાં તો જાણે ગલ્લાંતલ્લાં કરવા માંડ્યાંઃ 'બધા જાણે છે કે લડાઈના દિવસો કેવા હોય છે ! એવા દિવસોમાં કશું નીતિનિયમ પ્રમાણે નથી થતું. એક માણસ ન લૂંટી જાય તો એનો ભાઈ બીજો લૂંટી જાય. એટલે આપણે પોતે જ લૂંટીએ તેમાં ખોટું શું ?....' પણ એટલામાં એણે જોયું કે આ અફસર એ જ પેલો આઠ વર્ષનો

છોકરો છે જેના માબાપને ગડદાપાટુ મારીને એણે લૂંટી લીધાં હતાં. અને પછી એને એની બેન યાદ આવી. પછી તો એ હુસ્સારના મોંમાંથી અવાજ પણ નીકળે એવું ન રહ્યું, બીક અને પસ્તાવાથી તે તેના ધ્રૂજતા ઘૂંટણિયે ઝૂકી પડ્યો. અને બીજું કશું જ બોલી ન શકવાને કારણે, 'મને માફ કરો, મને માફ કરો' એટલું જ બબડવા લાગ્યો. પણ એના મનમાં તે જાણતો હતો કે એમ કાંઈ માફીબાફી મળે નહીં. આજે આપણું આવી બન્યું.

સુકોમળ વાચક કદાચ હરખભેર ધારશે : 'હં, હવે આપણો આ ફ્રેંચ અફસર પેલા પાપી હુસ્સારના રાઈ રાઈ જેવડા કટકા કરી નાખશે;' પરંતુ એમ લખીએ તો એનો કાંઈ સત્ય સાથે તાળો મળે નહીં. કારણ જ્યારે માનવીનું હૈયું હાલી ઊઠ્યું હોય છે અને દરદનું માર્યું ભાંગી જવાની અણી ઉપર હોય છે ત્યારે એનાથી વેર લઈ શકાતું નથી. કારણ વેર બહુ ક્ષુદ્ર અને પામર વસ્તુ છે. એના મનમાં તો થાય છે : 'આપણે ભગવાનના હાથમાં છીએ,' ને એટલે એ બુરાઈનો બદલો બુરાઈથી લેવાને માટે જાતને તૈયાર કરી શકતો નથી.

આપણા ફ્રેંચ અફસરે પણ એ જ વિચાર્યું અને એણે કહ્યું, 'તમે મારી સાથે ખરાબ વર્તન કર્યું, તે હું માફ કરું છું. તમે મારાં માબાપ સાથે ગેરવર્તન કર્યું અને એમને ભિખારી બનાવ્યાં તે માટે તો મારાં માબાપે તમને માફી આંપવી પડે. તમે મારી બેનને કૂવામાં ફેંકી; જ્યાં એ મરી ગઈ – એ અપરાધ માટે ભગવાન તમને માફી બક્ષે.'

આવા શબ્દો કહીને એ તો પેલા હુસ્સારનો વાળ પણ વાંકો કર્યા સિવાય જતો રહ્યો ને એનું દિલ તો રૂઝાઈ ગયું.

પણ પેલો હુસ્સાર પાછળ અવાચક થઈ ગયો. કેમ જાણે કયામતના ચુકાદામાં પોતે હારી બેઠો હોય એવું એના દિલમાં થવા લાગ્યું. તે દિવસથી એને ઘડીભર પણ જંપ વળ્યો નહીં. ને એ અજંપામાં ને અજંપામાં એ ત્રણ મહિના પછી મરી ગયો.

શ્રી સલિલ
પીટર રેડગ્રોવ

'ચાલો, આપણે અહીંયાં તદ્દન એકલા છીએ. તમારી બેચેનીની વાત હવે તમે મને કહી શકશો. તમે કહ્યું ને કે સરોવર....'

'બગીચામાંનું સરોવર સાચેસાચ અમને ક્યારેય ગમ્યું નહોતું. કોક કોક વાર એ એક જાતના ઘાસથી ગીચોગીચ ભરાઈ જતું. એ ઘાસનું એક તણખલુંયે ખેંચીએ તો ખાલીખમ તળું જ આપણી સામે વકાસી રહે ને સરોવર તો આખું ને આખું આપણી પડખે તરબોળ ઢગલા રૂપે ખડકાઈ જાય એટલી મોજથી એ સામટું જ ઊખડી આવે. તો બીજી કોક વાર એ જિન* જેટલું નીતર્યું રહેતું ને ઊંચે ને ઊંચે તાકતું ગોંદરીમાં લેટ્યું રહેતું. આપણે જરા જેટલાયે નજીક જઈએ તો અપલક દૃષ્ટિ વળી જાય ને શૂન્ય આકાશને બદલે આપણા પર મંડાઈ જાય. અમે જરાય ડરતા નથી એવું દેખાડવા આપણે બડાશ મારતાં ને જોરશોરથી વાતો કરતાં છેક કિનારા સુધી પહોંચી જવા જેટલા બહાદુર બનીએ, તો એ આપણને એવા આબેહૂબ પ્રતિબિમ્બની લહાણ કરે કે આપણે ત્યાં ને ત્યાં જ થંભી જઈએ ને જાતને ઓળખવા જતા વાળુ પણ ગુમાવી બેસીએ. એનામાં સંમોહનશકિત હતી.'

'બહુ સારું. પછી શું બન્યું ?'

'સરોવર પાસે ખૂણિયા પર એક નાનો સરખો ઘંટ ટાંગ્યો હતો. અમે ઉપલે માળે શયનખંડમાં હોઈએ ત્યારે દૂધવાળો ત્યાંથી પસાર થતાં થતાં એ વગાડતો ને નીચે આવીને અમે વહેલી પરોઢમાં જ ચા બનાવી શકીશું એવા ખબર આપતો. સીસમના ઝાડની એક નાની સરખી કેડી પાસે આ ઘંટ ટાંગ્યો હતો. એક દિવસ સવારે, ખરેખર ખૂબ જ વહેલી સવારે એ જોરશોરથી રણકી ઊઠ્યો, ને મેં બહાર નજર કરી તો આગલી રાતે અમે બહાર મૂકેલી ખાલી શીશીઓ સરોવરના તેજસ્વી લીલા જળથી ભરાઈ ગઈ. મારે નીચે જવું પડ્યું. ને દૂધવાળો આવે તે પહેલાં જ એ ખાલી કરી નાંખવી પડી. આ તો માત્ર શરૂઆત

---

* એક જાતનો શરાબ

જ હતી. એક વાર સાંજે, સરોવરના ભૂષણ સમા પથ્થરના પગથિયા પર, તારામાછલીના યુગલને રતિક્રીડા કરતું નિહાળીને તો હું આભો જ બની ગયો, ને ઊંચું જોઈને, મારી પત્નીને આ જોવા બોલાવવા માટે ચીસ પાડું એ પહેલાં જ, સીસમનાં ઝાડની શાખાઓ પર આછાં ભભરાયેલાં કાલવરનું દૃશ્ય નિહાળતાં જ એ ગળામાં ને ગળામાં રૂંધાઈ ગઈ. તાજેતરના મુશળધાર વરસાદને કારણે જમીન પર બાઝેલા ભેજના પાતળા પડનો લાભ ઉઠાવીને કીડા ત્યાં સરકી આવ્યા હતા એ સ્પષ્ટ હતું, મેં સરોવરમાં આંગળી બોળી ને ચાખી જોઈ: એ ખારીભસ હતી.

'પછી એ વધુ ને વધુ વણસતું ગયું ?'

' એ વધુ ને વધુ વણસતું ગયું : પવનના સૂસવાટ ને વરસાદના તાંડવથી ઊભરાતી એક રાતે મેં બહાર દબાયેલા સાદ સાંભળ્યા. અણઘડ અવાજે એ બૂમો પાડતા હતા : 'એય બબૂચકો, ધામણ બાંધો !' 'મોઢા આગલો સઢ ઘુમાવો! ધામણ ! ધામણ ! સેતાનને ખાતર મુંને ધામણ આલ !' ને પછી પાટિયાનો ભયંકર કડાકો. બીજે દિવસે સવારે, પાણીમાં તરતો રહી ન શકે એટલો મોટો બગીચાનો બાંકડો ઘસડાઈ ને સરોવરમાં અરધો અંદર ને અરધો બહાર ઝૂકી રહ્યો હતો.'

'પણ તમે આ બધું જ સહન કરી શક્યા. તો પછી એમાં ફેરફાર કેવી રીતે થયો ?'

'દેખીતું જ એ રમતિયાળ, ને અલ્પજ્ઞ હોવા છતાંય કલ્પનાચતુર બનતું જતું હતું, ને કદાચ જોખમકારક નીવડ્યું હોત. ભવિષ્યમાં એણે કદાચ સમભાવ ને ગૌરવનો આગ્રહ રાખ્યો જ હોત, પરંતુ મેં તો અગાઉથી જ એની આગતાસ્વગતા એ રીતે જ કરવા નક્કી કર્યું, એને મારે ત્યાં રહેવા આવવાનું નિમંત્રણ આપ્યું ને નાવાની જૂની ઓરડીમાં ઉતારો આપ્યો. પહેલાં તો મને થયું કે ગાલીચાને તરબોળ કર્યા વિના એ પોતાની ઓરડીમાં જઈ શકે એ માટે કેનવાસની કૂંડી લઈને મારે દોડવું પડશે. એ છૂટથી આવજા કરી શકે એ માટે ટપાલપેટીનું આવરણ પણ મેં હઠાવી દીધું. પરંતુ થોડા જ વખતમાં પોતાનું રૂપ જાળવી રાખતાં ને મોજાં પહેરેલી આંગળીઓ વડે બારણાં ઉઘાડીને ઓવરકોટ તેમ જ ગમબૂટમાં હરતા ફરતા એને બરાબર આવડી ગયું.'

' પણ એક અઠવાડિયા પહેલાં....'

'એક અઠવાડિયા પહેલાં એ અમારી સાથે આરામખંડમાં બેસવા મંડ્યું (ને બારીઓમાંથી વરાળ છૂટવા માંડતાં અમારે વીજળીની તાપણી ઓલવી નાખવી પડી). એના શરીરમાં અકસ્માત જ એક સોનેરી માછલી રહી ગઈ હતી. આવરીબાવરી બનીને એ મૂઢ તરતી તરતી એની ડોકમાં થઈને સ્ફટિક જેટલા નિર્મળ મસ્તકમાં આવી ત્યારે એણે પોતાનો હાથ અંદર ઝબોળ્યો, અનેકાનેક તરંગ જગાડતાં ને મોઢાના ચાળા પાડતાં ખૂબ ઝાવાં માર્યા, માછલી ઊંચકીને બહાર કાઢી ને વિનયભર્યું નમન કરતાં મારી પત્ની સમક્ષ ધરી. એ વાળુ રાંધવા માટે રસોડામાં જવાની તૈયારીમાં જ હતી, પરંતુ સોનેરી માછલી તો સ્વાદમાં કડવી લાગે છે એવો મેં તરત જ ખુલાસો કર્યો, ને એણે પાછી ખેંચીને હતી

ત્યાં ને ત્યાં મૂકી દીધી. આમ તો એને ખરેખર નશો શુદ્ધ પાણીનો છે, તેમ છતા હું એને મોટી રકાબી ભરીને બરફનાં ચોસલાં આપવાનો હતો; અમે ટેલિવિઝન જોતાં હોઈએ ત્યારે પોતાના મસ્તકમાં એ ચોસલાં ઠબકાવી શક્યો હોત ને ચૂસવાની મોજ માણી શક્યો હોત. પરંતુ એને શેનુંય મન હોય એવું ન લાગ્યું. હું તો ક્યારનો સમજુ બની ગયો છું એમ જ એ માનતો હશે !'

'રહેવાખાવાનું મફત, હેં ?'

'એની પાસેથી ભાડું શું લેવું એની મને ખબર નથી પડતી. થોડો વખત નદીમાં ભળી જા અને સહેલાણી નૌકાઓમાંથી સરી પડેલા ને કાદવમાં સબડી રહેલા બટવા, ઇત્યાદિ ઇત્યાદિ અનેક સભરે ભરેલી સંપત્તિમાંથી અમને થોડીક આણી આપ એવું કહેવાનો વિચાર મને આવ્યો ખરો. પરંતુ ગંદકી અંગે એ ભારે અસહિષ્ણુ બની ગયો છે, ને કદાચ ફરી વાર નિર્મળ થવાનું એને વિકટ પણ લાગે. વળી એ કદાચ પોતાના ગંદા ગમાર પિતરાઈઓથી કેમેય વિખૂટો જ ન પડી શકે, એને પછી આકાશને આંબવા મથતો હોય એવા, છેડેથી ઊભી કરેલી નદી જેટલા ઊંચા, લીલા રાક્ષસની જેમ હુંકાર કરતો ધસી આવે ને અમને તેમ જ ગામ આખાયને જળબંબોળ કરી દે એ તો એથીયે વધારે અનિષ્ટ. એ પોતાના પવિત્ર ધામ સાગર પહોંચી જાય તો શુંનું શું બની જાય એની કલ્પના કરતાં જ હું કંપી ઊઠું છું : દેશ આખો ભયમાં આવી પડે. એ આળસુ છે ને આખોય દિવસ આરામખંડમાં જ પડી રહે છે એથી મારી તો બુદ્ધિ જ બહેર મારી ગઈ છે.'

'ઠીક, આ તો સાવ નિરુપદ્રવી છે....'

'એ આરામખંડમાં પડ્યો રહેતો નથી ત્યારે અજંપામાં ને અજંપામાં પોતાના આકાર સાથે રમ્યા કરે છે. પોતાનો ઓવરકોટ ઉતારી નાખીને એ બંધઉઘાડ થતાં બારીબારણાંવાળું કાચનું એક નયનરમ્ય ઢીંગલીઘર બની જાય છે; એકાએક ફૂટી નીકળીને આખાય ઘરને છાવરી લેતું વૃક્ષ બની જાય છે; રાચરચીલાંના પાયા વચ્ચે તીરની જેમ વછૂટતા કે ટેલિવિઝનના પ્રકાશમાં ઝળહળતા ઘરના અંધારા ખૂણામાં સંતાતી શાર્કનો બિહામણો આકાર બની જાય છે; જલનું એક બિન્દુયે વેડફ્યા વિના ફોરી રહેતો ફુવારો બની જાય છે; અથવા, ને આ આકાર તો ફરી ફરીને રચાય છે;(જરાયે લક્ષ ન આપતી) પોતાની પત્ની ભણી શોકભરી મીટ માંડી, એકાએક ડૂમો ને ડૂસકાંનો માર્યો ચોધારઆંસુ રેલાવતો ખૂબ મોટું માથું ને પાણી ઝરતી આંખોવાળો એક વહેંતિયો ઘરરખ્ખુ, ગોવાળના શિશ્ન જેવું વીર્યવાન, રાજવી જેવું ગૌરવશીલ કે અતિઅલંકૃત ને કરુણાપાત્ર : ભાવના અસીમ પટ પર એ રોફ છાંટતું છાંટતું આવાં એક પછી એક રૂપ બદલ્યે જ જાય છે ત્યારે એની સ્પર્ધામાં ઊતરવા અસમર્થ હોવાથી મારે તો બાજુ પર સરીને આરામખુરશીમાં ઢગલો થઈ જવું પડે છે ને થોડી જ વારમાં પોતાના દેહની સહાયથી એ કયાં પરાક્રમ કરશે, એના ઓવરકોટ હેઠળથી અતિશય ફૂલેલાં કયાં અંગ છતાં કરશે એના વિચાર કરવા પડે છે. મને એ ભાવિ પળનો ભય છે.(કારણ એ આવવાની જ છે), અણધાર્યો જ હું ઘરે

વહેલો આવી પહોંચું ને મોરીની ખાળમાં વેગે ભાગી છૂટતો ખળખળાટ સાંભળું, ને પોતાની આંખમાં એ જ આર્દ્ર ભાવ ('હમણાં જ નાહીને ણીકળી, પ્રિય !') ભરીને વાળ સૂકવતી મારી પત્નીને નિહાળું : ને પછી જાણે કાંઈ જ ન બન્યું હોય તેમ બગીચાની ખાળમાંથી બડાશ મારતો, પોતાના દિવસભરના પ્રવાસની જોરશોરથી વાતો કરતો એને અંદર આવતો સાંભળું. કારણ આ શ્રી. સલિલ દિન પ્રતિદિન નવાં ને નવાં જાદુ શીખે છે, ને શિશિર જેટલો કાતિલ ને વસંતની ઉષ્માભરી વર્ષા જેટલો જ સૌમ્ય બની શકે છે,'

'ખરેખર તમારે માટે આ એક વિકટ સમસ્યા છે. એની ના નહીં. પરંતુ હું તમને વધારે સારી રીતે ઓળખું નહીં ત્યાં સુધી કોઈ પણ ઉકેલ સૂચવવો એ એટલું વહેલું ગણાય. દૂર સુદૂર ચાલી જાઓ. ઓફિસમાંથી અઠવાડિયાની રજા પર ઊતરો, બધો જ સમય તમારી પત્ની સાથે વિતાવો, મોકળા થાઓ. પોષક ખોરાક ભરપેટ ખાઓ, પુષ્કળ રતિક્રીડા ને નિદ્રા માણો, પછી મને ફરી વાર મળવા આવજો. ગુડ આફટરનૂન.'

'બીજો દરદી, નર્સ. આહ, શ્રી. સલિલ. બેસો ને. ગેસની તાપણી તમને નડે છે ? ના ? તમારી મરજી હોય તો હું ઓલવી નાખીશ. ઠીક ચાલો, આપણે અહીંયાં તદ્દન એકલા છીએ. તમારી બેચેનીની વાત હવે તમે મને કહેશો. તમે કહ્યું ને એક પરિણીતા, હવાના શ્વાસ લેતી નારી......'

અનુ. જયંત પારેખ

સુખદુ:ખની એક વાત

મીખોદ્રાગ બુલાતોવીક

મને થયું કે હું કાંઈ એવો મૂરખ નથી કે આવાઓ જોડે એક જ ટેબલ પર બેસતો રહું. એમાંનો એકેય મારા જોડા લૂછવાને લાયક નથી. પેલો ખૂણામાં બેઠેલો જ જુઓ, ચીડિયો ને મોટા નાક થકી કદરૂપો લાગતો ને પેલો પણે દરવાજા પાસેનો ને એની બાજુનો. એમની ભેળા રહેવું એટલે એમની જેવા જ થવું. ને મારે તો એમની ઉપર થાવું છે.

મારું ભાણું મેં એક ઠીંગણા ભઠિયારાને આપી દીધું. ને પછી મારા ગાદલા નીચે સંતાડેલું પડીકું ખેંચીને પંડને મેં નાવણિયામાં પૂરી દીધો. મને ખાતરી હતી કે ત્યાં કોઈ મને મારી ટાઈને વખાણતો નહીં જુએ.

ઓ પ્રભુ, મને થયું, શું હું નસીબદાર નહોતો એક ટાઇ પામવા. એક લાંબી, રેશમી, માથે નાના ધોળા ચકરડાવાળી ટાઈ. કોઈનીય કને, મને લાગ્યું, ક્યારેય આવી ટાઇ નહોતી. મને યાદ આવ્યું કે બચપણમાં મારે એક પડોશી હતો જે પેલા દરવાજા પાસે બેઠેલા કે એની જોડેના જેવો લાગતો, ને એની કને એક ટાઇ હતી જેની કદાચ મારી ટાઇ જોડે સરખામણી થઈ શકે. પણ પડોશી તો મરી ગયો. હું એની સ્મશાનયાત્રામાં ગયેલો.

હું એકલો જ કંઈ મારી ટાઇ પર મુગ્ધ નહોતો. પડખેના ઘરની છોરીએ પણ સોનામહોરનો ઢગલો જોતી હોય એમ આંખો પહોળી કરેલી. 'ઓ રે ! આવાઓને હું મારી ટાઈ જોવા દઈશ ત્યારે એમને ખબર પડશે કે એમને કોની સાથે કામ કરવાનું છે. ને એ બધાં મારી ટીખળ કરતાં અટકશે. મારી જોડે તોછડા થવાની હામ નહીં ભીડે.'

હું ખંડમાં ગયો. અચંબામાં હાથ પહોળા કરી ઊઠ્યાં, જાણે કોઈ પરમ મિત્રને આવકારતા હોય, જાણે મને બથમાં લેવાના હોય.

એક નાનો છોરો મારી પાસે આવ્યો.'શી ફાંકડી ટાઇ !' એ બોલ્યો.

મૂછાળો એક જણ એના ખાટલા પરથી કૂદી પડ્યો ને વેધક દૃષ્ટિએ મને તાકી રહ્યો, 'એ તું ક્યાંથી લાવ્યો ?' એણે પૂછ્યું.

'બાપાની ટાઇ કરતાંયે એ વધુ સરસ છે.' અમારી વચ્ચેથી ડોકાતો પેલો છોકરો બોલ્યો.

'મને મારા દાદાએ દીધેલી – એટલે કે મારા બાપુને.'

એક પછી એક એક બધાંય દરદી ઊભાં થયાં. પેલા ખાટલા પરનાં અને ખાટલા નીચેનાં, બારીના સળિયા ઝાલીને ઊભેલાં અને ગાંડા જેમ હસતાં તેમ જ બારીના કાચની આરપાર જોતાં બધાં યે, ઉઉઉ...બધાંય ચિત્કાર કરી ઊઠ્યાં.

હવે બધાંયે ઠીક વરતશે, મેં વિચાર્યું. હવે મને હસતાં અટકશે. મારી ફરતે ઊભરાતા એમના મૂંડેલ માથાં મેં જોયાં, ને એ બધાંય માથાં અને આંખોને ધોળા ચકરડાવાળી મારી ટાઈ જોવી'તી.

ખૂણાના એક ખાટલા પર મેં એક બીજો દરદી જોયો, પોતાના હાથ વચ્ચે મોઢું ઝાલી થીર થઈ બેઠેલો. એ બધાંયથી અળગો રહેતો. ખાસ તો મારાથી છેટા રહેવાનું એને ઠીક કારણ હતું, કારણ મેં એને ઘણી વેળા ફટકારેલો, પણ દર ગુરુ ને રવિએ બપોરે બેથી ચાર લગી એને મળવા આવતી એની પત્ની અને દીકરીને એ શા માટે સારી પેઠે સંભળાવતો એ અમને કોઈનેય સમજાયું નહોતું. મેં ક્યારેય એને હસતો દીઠો નહોતો. માનું છું કે અન્ય કોઈએ પણ નહીં.

એય કેમ મને વખાણવા આવતો નથી ? હું વિમાસી રહ્યો. એને ફરજ પાડવી જોઈએ, જેમ મારા મિત્રો બધાંય પડોશીને પાડતા. એની પાસે અચંબામાં હાથ પહોળા કરાવી નિસાસા નખાવરાવવા જોઈએ.

અમે બધાંયે એ જોયું. એ ઊભો થયો પોતાની આસપાસ જોયું, એના ગાલે અને માથાના ટાલિયા ભાગે એના હાથ ઘસ્યા અને અમારી ભણી આવ્યો. અમે અવાક થઈ ગયા. કોકે નિજિ મુઠ્ઠી વતી એક બાલિશ, ખળખળતું હાસ્ય દાબ્યું. એક વિચિત્ર હાસ્ય હતું એ. બરોબર ઘોડાની હણેણાટી જેવું. મેં જોયું વેધક દૃષ્ટિએ એ મને જોતો હતો.

'કેવી મઝાની ટાઇ છે તારી કને, છોકરા.'

ને એક પડોશીયે એથી પ્રભાવિત થયેલો. 'એક થેલીભારની તો હશે.' એણે કીધેલું.

'એથીય વધારે.' બીજો પડોશી બોલેલો.

'વારેવારે કાંઈ આવી ચીજ જોવા મળતી નથી.' ત્રીજાએ અચરજ પામી કીધેલું.

'પરદેશથી આવતી કોઈ પણ ટાઇ કરતાં એ વધુ સરસ છે.' મારા મિત્રો મને કહેતા.

'એ માટે કોઈ તને મારી નાખશે. હથિયાર વિના આમતેમ કશે જતો નહીં.'

આવું સહુ કહેતાં. એમાંના એકને તો એવી ગમી ગયેલી કે એની સખીને અંજાડવા એક સાંજ પૂરતી એણે મારી કને માગેલી. લોકો રસ્તામાં થોભતાં, જાણીને, ફકત દુકાનબારીઓમાં જોવા નહીં, પણ હું કહું છું તેમ, જાણીને થોભતાં ને નિસાસો નાખતાં, ને સ્ત્રીઓ જેમણે અગાઉ કદીયે મારા પ્રત્યે લક્ષ દીધું નહોતું. એ બધી ઘેલાં કાઢતી, 'તું ભારે મજાનો લાગે છે એ ટાઇ થકી, ભારે મજાનો.'

'તેનું તમારે શું,' હું પૂછતો, 'હું મજાનો લાગું તો ?'

'તું જાણે છે. એ ટાઇ તને ગજબની શોભે છે.' એ બધી કહેતી.

'ભલે' એ મારે જોવાનું છે. એ મને શોભે છે, તમને નહીં.' હું કહેતો.

ને મેં માન્યું કે રસ્તે જતી એ બધી સ્ત્રીઓ અને હું જતાં, મને જોતા થોભતાં લોકો અને મારી ટાઈ કોઈ પણ પરદેશથી આવેલ કરતાં ચડિયાતી હતી એમ સમજાવતા મિત્રો, બધાંયે એ મારી કનેથી છીનવી લેવાની પેરવી કરતાં હતાં. તેથી એ બધાંથી હું અળગો જ રહેતો.

દુકાનબારીઓમાંની ટાઈ કરતાં મારી ટાઈનો તો ઇતિહાસ હતો. મારા દાદાએ એક અમૂલી ચીજ તરીકે એની જાળવણી કરવાનું મારા બાપુને સોંપેલું. ને મારા બાપુએ એની મરણશય્યા પર મને કીધેલું, 'બીજું ગમે તે વેચજે, દીકરા પણ આ કદીય નહીં, જો એક વેળા એને જવા દીધી તો તું દુ:ખી થઈ જઈશ, તું પાયમાલ થઈશ ને આપણો વંશ નાશ પામશે.'

એકંદરે, એ મને એટલી બધી ગમવા બદલ હું એક સારો પુત્ર અને પૌત્ર છું એવું મને લાગતું. હું એને મારી જોડે ઇસ્પિતાલમાં પણ લઈ આવ્યો છું. જ્યાં કોઈ આવી ચીજો રાખી ન શકે.

ચપરાસીનો રુક્ષ ઘાંટો પરસાળમાં સંભળાયો, હાસ્યના એક તોફાન પર બારણું બંધ થયું. મને વખાણતા લોકોથી હું ટેવાયો છું, ને અહીં પણ બધાં મને વખાણે એવું મેં વિચાર્યું. પણ ટાઈમાં એવું બધું શું છે તને ગમતું ?'

'એ તું મને નહીં આપે તો હું મરી જઈશ. આજે જ.'

એનાથી બચવા હું મારે ખાટલે જઈ બેઠો ને જ્યારે એણે પીછો કર્યો ત્યારે હું દરવાજા કને ગયો ને બારીના સળિયાને વળગી પડયો.

'રોજ રાતે હું એ ટાઈનાં સપનાં જોઉં છું, અને——'

એ ભારે વિચિત્ર કહેવાય મારી ટાઈ વિષે, મેં વિચાર્યું. ખરે-ખર, કંઈ ગજબ રીતે આ લોકો મારી કનેથી એ પડાવી લેવા માગે છે, ભારે ગજબ રીતે. ને મને પહેલાં કરતાંયે વધુ માયા જાગી એ પ્રત્યે.

'તે કોઈ બીજી ટાઈનાં સપનાં કેમ નથી જોતો તું ?' મેં પૂછ્યું.

'કેવળ એનાં જ. હું હંમેશ એનાં જ સપનાં જોઉં છું.'

'ક્યારથી ?' મેં પૂછયું.

'વર્ષોથી.'

'હજી આજે તો પહેલવહેલી એ જોઈ. એ અગાઉ એનાં સપનાં ક્યાંથી જોઈ શકે ?' મેં પૂછ્યું.

'એ હું જાણતો નથી.' એ બોલ્યો. પણ – એક અશ્રુબિન્દુ એની પાંપણ પર લટકી રહ્યું. 'પ્રભુને ખાતર એ મને આપી દે.'

એક વિચિત્ર લાગણી મને ઘેરી વળી. મને લગભગ રોવું આવી ગયું. 'સાંભળ,' મેં કીધું, 'મહેરબાની કરી મને ને મારી ટાઈને એકલો મૂકીશ તું ? બીજું જે કાંઈ જોઈતું

હોય તે કહે, પણ એ નહીં, ધન જોઈએ છે તારે ? કપડાં ? કોઈ સ્ત્રી ? તારે જે જોઈએ તે હું તને લાવી આપીશ, કારણ હું ઘણો જબરો છું. કેવળ આ મારી ટાઇ માંગતો નહી.'

'એ જો તું મને આપી દે તો,' એણે કીધું, 'મારી બધીયે પીડા મટી જાય.'

નક્કી, મને થયું, હું ગાંડો થઈ જઈશ. સમૂળગો, તાકતો, લવલવતો ગાંડો. બધા મને પાગલખાનામાં મૂકી દેશે ને ત્યાં હું મરી જઈશ, ગૂંગળાઈને નાશ પામીશ.

'ઓહ, એને આપી દેને એ.' પેલો મૂછાળો બોલ્યો.

'એવી મોંઘી ચીજ આપી દેવા જેટલો એ ગાંડો નથી.'

'આપી દે, જો ભોંયે પડીને એ કેવો રોવે છે !'

'જરા જોરથી હંકાર, દોસ્ત.' ઠીંગણો ભઠિયારો બોલ્યો.

'આપણે મોડા છીએ.'

'એને આપી દે.' મૂછાળો બોલ્યો.

'એ જો તું એને આપી દે તો એ સારો થઈ જશે.'

'એણે મુઠ્ઠીઓ શાને વાળી છે ?' પેલો છોરાએ પૂછ્યું.

હું ગભરાયો. મારે બૂમ પાડવી હતી, પણ એક ખંધા હાસ્યે એનું મુખ વિકસ્યું. એ હાસ્ય થકી, મેં વિચાર્યું, એ કદરૂપો જ નહીં, ઘૃણાજનક પણ લાગતો હશે, બીજા બધાનેય.

એણે મારી ટાઇ જોઈ અને એક પીધરાની દૃષ્ટિ થકી એને ચોંટી પડ્યો. ગદ્‌ગદ હસ્યો ને એનું મોઢું મારી મુઠ્ઠી કને લઈ આવ્યો.

'એને શા માટે સૂંઘે છે એ ? પેલો છોરો બોલ્યો. અમે બધાંયે જોયું ને સાંભળ્યું.

'જુવાન, આવી સરસ ટાઈ તને ક્યાંથી મળી ?'

મેં એને જણાવ્યું.

'તું જૂઠું બોલે છે !' એ છણકાઈને બોલ્યો.

'નહીં. એ મને મળી છે મારા દાદા પાસેથી — એટલે કે મારા બાપુ કનેથી.'

'તેં એ ચોરી છે. કબૂલતો કેમ નથી ?'

હું એને સમજાવવા લાગ્યો કે એ મને વારસામાં શી રીતે મળી હતી. ટાઇને નીરખતો, જેથી બધાં એને જોઈ શકે, એ હસવા અને બૂમો પાડવા લાગ્યો. કોઈ ડૂબતો માણસ એક બચાવનારને આવતો ભાળી અનુભવે એવો એ પરિભાવ હતો.

'બુઢ્ઢા જજને આ જ ઠીક છે.' પરસાળમાંનો છોરો બોલ્યો.

કેટલાંક જજને હસતો ભાળી ખુશ થયાં. કેટલાંક એમ જ ઊભાં રહ્યાં. મેંય એમ જ કર્યું.

'મને આપીશ એ ટાઇ.' જજે હળવેકથી પૂછ્યું.

'ના !'

'પણ કેમ નહીં, તને પૂછું ?'

કારણ એ એક સંભારણું છે. હું તને બીજી ટાઇ અપાવીશ.'

'પણ મારે તો આ જ જોઈએ.'

'એમ એ તને નહીં મળે.'

'ને ધાર કે મારી હોય તો ?'

'એ બને જ નહી,' ટાઈને સંતાડતો હું એના પર ઊકળી ઊઠ્યો. 'એમ કેમેય થઈ શકે નહીં.'

પણ જજે મારી છાતીએ એનો હાથ મૂક્યો, 'મહેરબાની કરી મને એ દઈ દે.' એનો સ્થૂળ ચહેરો રડમસ થઈ બોલ્યો.

'એવું ખાસ શું છે મારી ટાઇમાં ? તારે એ શાને જોઈએ ?

'પૂછીશ નહીં ભલો થઈ. એ મને નહીં મળે તો હું ગાંડો થઈ જઈશ.'

'નહી મળે,' હું ગભરાઈને બોલી ઊઠ્યો. 'હું મારી માને લખીશ. અને એ તને બીજી અપાવશે. તને ગમે તો હું એને ઢગલો એક લાવવા કહીશ.

'એ ખુશ થશે — બધું ખુશખુશાલ થશે. ઓહ, કેટલું ખુશાલ – ગજબ થશે. ઓહ, કેવું ગજબ અને કેવું ખુશાલ !'

મારે મક્કમ રહેવું જોઈએ. મેં વિચાર્યું. હજીયે જોઈએ તેમ મારી જોડે એ વરતતા નથી. હજીયે બધા તોછડા થાય છે.

'હું નહીં આપું એને મારી ટાઇ ! આ પળે ઢળી પડે તોય નહીં ! તમે સમજ્યા ?'

'લીખરાળો મખ્ખીચૂસ છે તું !' મૂછાળો બોલ્યો.

'આપણે કઈ ઊંચાઈએ ?' ભઠિયારે પૂછ્યું.

'ઓહ, એ કેવો ખુશ થશે, કેવો ખુશ થશે. ઓહ, કેવું ગજબ ! એ એને ટાઇ આપી દેશે ને એ હસી પડશે. ઓહ, બધું કેવું ખુશખુશાલ થઈ જશે !'

ચપરાશી અંદર આવ્યો. હું ખાટલા નીચે સરી ગયો. મેં જજને ચિડાઈને આંગળીઓ વડે એનું મોઢું ઢાંકતાં જોયો. ફરી હસવાને એને ઝાઝો સમય લાગશે, મેં વિચાર્યું. ચપરાસીએ એને હલાવ્યો પણ જજ ખસ્યો નહીં .

તે સાંજે હળવેકથી એણે મને કીધું.' આખી દુનિયા ફર્યો છું પણ આવી ટાઇ મેં ક્યારેય જોઈ નથી.'

બીજી સવારે એણે ફરીને હળવેકથી પૂછ્યું,'સાચે જ એ મને નહીં આપે તું ? મને બનાવતો નથી ને ?'

'ના.'

'એ ટાઇ તો મારી જ થવા સરજાઈ છે.' જજે આવેશમાં કીધું.

'ના, નથી.' મેં કીધું.

ને અમે બધાયે જોયું. જજે ખૂણામાંથી એક ઝાડુ ઉઠાવીને કોઈ સેનાપતિ બરછી વીંઝતો હોય એમ એના માથા પરે ઊંચું કર્યું

'ગોબરા, ભૂખડીબારસો ! તમે જાણતા નથી તમારે કોની સામે પાનું પડ્યું છે ! તમને બધાયને હું લટકાવી દઈશ.'

'બુઢિયા જજને ફરીથી વા ઊપડ્યો.' પરસાળમાંનો છોરો બોલ્યો.

સંખ્યાબંધ મૂંડેલાં માથા અમારી કને આવ્યાં.

જજના કપાળ પર મેં પરસેવાનાં ટીપાં બાઝેલાં જોયાં ને એને હોઠે ફીણ હતાં. ધૂંધવાતો એ મારી તરફ વળ્યો. 'જુવાન, તું મને પીડે છે. હું તને બકરાની જેમ ઊતરડી નાખીશ.' એણે ઝાડુ ઉગામ્યું, કો'ક અમારી વચ્ચે પડ્યું.

'એ ટાઇ મારી જ થવી જોઈએ. એ નક્કી, નક્કી ! સમજ્યો, બોઘા ? ગાંડો હોઈશ જો એ મને નહીં આપે તો. જળકૂકડી જેવો તને પૂરી મૂકવો જોઈએ. તું ગાંડો છે !'

'એ નહીં જ બને.' કોકની પીઠ પાછળથી મેં રાડ નાખી.

'દીકરા મારા.' એ સોમી વેળા રડી પડ્યો, 'એ મને આપી દે.હું એનાં સપનાં જોઉં છું. ગઇ રાતે મેં એનું સપનું જોયું છે. હું મરી જઈશ જો એ મને નહીં મળે તો.'

હું એને ટાળવા લાગ્યો. પણ એણે પીછો છોડ્યો નહીં. હું ખંડમાં જાઉં તો એ ત્યાં આવતો. પરસાળમાં જાઉં તો એ ત્યાંયે આવતો. ટાઇને કેમ સંતાડવી એ વિચારણા પાછળ પૂરો એક કલાક મારે ગાળવો પડ્યો, કારણ એ કાયમ મારી નજીક રહેતો. એક રાતે હું ભરઊંઘમાંથી ઝબકી જાગ્યો ! જજ મારા ખાટલા પાસે ઘૂંટણિયે પડ્યો હતો.

મેં પહેલાં એની અને પછી બારીના સળિયામાં ફસાયલા ચાંદા સામે જોયું. ચાંદો પીધરો અને ટાલિયો હતો અને જજ રોતો હતો.'હું તને માગ્યા દામ આપીશ જો એ તું મને આપી દે તો. સાચે જ આપીશ. હું શ્રીમંત છું, ઘણો શ્રીમંત.'

મેં ઓશીકું ફેરવીને માથે ચાદર ઓઢી લીધી, તે રોતો રહ્યો, અંધારામાં ખાટલાના માથા પાસે ઊભો ઊભો.

'હું મારી પત્નીને લખીશ ને અમારી બધીયે જણસ વેચી નાખવા કહીશ. જેથી હું એ તારી કનેથી ખરીદી શકું,' એ ગણગણ્યો.

સપડાઈ ગયેલા સસલા જેમ ખાટલામાં હું ધ્રૂજી ઊઠ્યો.

'શા દામ લઈશ એના ? ચાલ બોલ, કેટલા ?' શાંતિ અને પહેરણની નીચે મારી છાતીના ધડકાર.

'તને જે જોઈએ તે હું આપીશ.'

કેટલાંક દરદી ગદ્ગદ હસ્યાં, પેલું બાલિશ હાસ્ય ફરીને ખળખળ્યું, એમાંથી કોક બોલ્યું, 'કેવું અજબ અને ખુશખુશાલ બધું થઈ જાય.'

'હું નહીં જીવી શકું.' જજ કણસ્યો.'જો મારી દશા. ક્યાં તો એ મને આપી દો ક્યાં મને મારી નાખ.પણ આ બધામાંથી મને બચાવ.'

માનું છું કે મને ઝોકું આવી ગયા બાદ એ જતો રહ્યો હશે : બે દિવસ પછી જમતી વેળા ચપરાસીના રુક્ષ અવાજે પૂછ્યું. 'જજ ક્યાં છે ?'

'અહીં નથી.'

'ઘડી પહેલાં તો અહીં હતો.' કોક બોલ્યું.

આહ, મને થયું, મારી ટાઇ ચોરીને એ નાસી ગયો. કદાચ ઘેર ગયો હોય, કદાચ પરદેશ, અમેરિકા.

'તો ખોળી કાઢો એને,' ચપરાસીએ હુકમ છોડ્યો.

ગાદલા નીચે પડીકું નહોતું. મેં એ બધા વાંસે ચીસ નાખી 'મારી ટાઈ જતી રહી ! એ અહીં નથી !'

હું બધાયે ખંડમાં ખોળી વળ્યો. ફાવ્યો નહીં. નાવણિયામાં જોયું. ત્યાંયે નહોતી.

'એ અહીં છે !' કો'કે પરસાળને ખૂણેથી બૂમ નાખી. 'અહીં છે એ બુઢિયો હરામજાદો !'

હું કૂદ્યો. ટોળામાં ધક્કો મારી ઘૂસ્યો ને જોયું; દેખાયાં જજના પગનાં પીળાં તળિયાં, ભોંયથી એકાદ ફૂટ અધ્ધર 'ને વળી તારી ટાઇ ભેળો !'

બધાએ એને ચાદરથી ઢાંક્યો. જ્યારે દાકતર પહેલે માળેથી દોડતા આવ્યા કે અમે બધાં અમારા ખંડમાં નાસી છૂટ્યાં.

'આ ટાઇ એ ક્યાંથી લાવ્યો ?'

'મને ખબર નથી, દાકતર.'

'જજના ખંડવાળા પેલા એક જણની હતી એ.' કોક બોલ્યું.

કોઈ મારે માટે આવ્યું નહીં, તેમ કોઈ બોલ્યું નહીં.

અને પરસાળમાં પહોંચ્યા. એક ચાદરમાં લપેટાયેલો જજ પડ્યો હતો ત્યાં. બાજુમાં એની પત્ની ઊભી હતી. એની નાની દીકરી પણ રોતી હતી. ને મને થયું કે એ એટલા કદરૂપા સારુ બધાંએ શાને રોવું જોઈએ ? હુંયે રોતો હતો પણ જજ માટે નહીં, મારી ટાઇ માટે, જે ચપરાસીના ખિસ્સામાંથી ડોકિયાં કરતી હતી.

'આપણે કઈ ઊંચાઈએ ?' ભઠિયારો બોલ્યો.

'ઓહ, કેવું ખુશાલ, કેવું ખુશાલ કેવું ગજબ.'

સુખની શોધ કરીએ એમ મેં ટાઇની શોધ કરી, પણ મિથ્યા. છેવટે એ મને દવાખાનામાંથી સાંપડી.

'ફરીને એ ટાઇ ક્યાં જતી રહી ?'

'ને, કાલે તેં ક્યાં મૂકી હતી ?'

'મને ખબર નથી દાકતર.'

'જજના ખંડમાંના પેલાએ તો ફરી ચોરી નથી લીધી ને ?'

'કદાચ લીધી પણ હોય, દાકતર.'

'મારી કને એમને એ સાંપડી નહીં.'

હું સાજો થયો એથી મારી મા ખુશ થઈ, ને હુંયે હવે એકલો મારી ટાઇ જોડે કલાકો ગાળી શકવા બદલ ખુશ હતો. ટાઇ પ્રત્યેનો મારો અનુરાગ મારી માએ નોંધ્યો ને મારા જન્મદિને એક ડઝન ટાઇ મને લાવી દીધી. પણ એ બધીયે મેં ચૂલામાં નાખી દીધી.

સુખની પ્રત્યેક વેળ ટૂંકી હોય છે. એક સવારે, જેની જોડે પ્રેમમાં પડ્યો હતો એ છોરીને આપેલ મુલાકાતે શહેરમાં જવા હું તૈયાર થતો હતો ત્યાં અચિંતાનો ધ્રૂજી ઊઠ્યો. કાચમાં મેં જજને લટકતો જોયો. એનો સ્થૂળ ચહેરો હવે નાનો અને કોબીના ગરભ જેવો ભૂરો લાગતો હતો. ને મારી ટાઇ, હું મારે નહીં પણ એને ગળે બાંધતો હતો ? હું બારી કને ધસી ગયો ને મારી ટાઈ, નીચે પગથી પર પડી ગઈ એની ફરતે એક ટોળું ભેગું થઈ ગયું. પોલિસ આવી. ટૂંકા કોટવાળો એક છોકરો એને ઝૂંટવીને નાઠો. એ જ પળે મને મારા બાપુના ને દાદાના શબ્દો યાદ આવ્યા ને મને ઠંડો પરસેવો વળી ગયો. હું બહાર શેરીમાં દોડી ગયો.

છત્રીઓ એકબીજાને આવરી રહી માથા ઉપર, નીચે હળવી હિમકણીઓ ઘૂમી રહી ને ટ્રોલીબસના લિસોટાને ઢાંકી દીધા.

‘કોઈએ મારી ટાઇવાળો એક છોકરો જોયો છે ?’

‘તું એમ કહેવા માગે છે કે એ તારી ટાઇ હતી, જુવાન ?’ કોકે પૂછ્યું.

‘હા, એ મારી છે મારો દાદો મારે માટે મૂકી ગયેલો — એટલે કે મારા બાપુ. મારા બાપુએ કીધેલું કે ક્યારેય જો હું એ ખોઇ નાખીશ તો હું દુ:ખી થઈ જઈશ. ને મારા દાદાએ કીધેલું —’

‘અમેય એ છોકરાને શોધીએ છીએ.’ લોકો બોલ્યા. હું આગળ દોડી ગયો. ને બીજા રાહદારીઓને પૂછ્યું.

‘અમેય એને ગોતીએ છીએ.’

‘એ નક્કી ભાગી જશે.’ હું બોલ્યો.

છત્રીઓ ચાલવા લાગી.

‘નહીં ભાગે, લશ્કર ગામને ઘેરી રાખશે.’

‘માફ કરજો. તમે કોઈએ એક છોકરાને દીઠો છે મારી ટાઇ સાથે ?’

મૂંગી ઉદાસ હિમકણીઓ વરસી રહી.

હું રોઈ પડ્યો.

અનુ. પ્રદ્યુમ્ન તન્ના

ઉન્માદની પળોમાં

મોરિશ બ્લાંશો

હું બહુ ભણેલો નથી તેમ અભણ પણ નથી. મેં જિંદગીમાં સુખના દિવસો જોયા છે, હું જીવું છું અને આ મને મોટામાં મોટું સુખ આપે છે અને મૃત્યુનું શું ? જ્યારે જઈશ (આ પછીની ક્ષણે જ કદાચ) ત્યારેય મને ખૂબ ખૂબ આનન્દ થશે. હું મૃત્યુના પૂર્વસ્વાદની વાત કરતો નથી. એ તો વાસી અને ઘણુંખરું અણગમાભર્યો હોય છે. વેઠ્યા કરવાથી તો ઇન્દ્રિયો બુઠ્ઠી થઈ જાય છે. પણ મારી દૃષ્ટિએ તો આ એક નોંધપાત્ર સત્ય છે અને એ વિશે મને પૂરી ખાતરી છેઃ મને જીવવામાં અનહદ આનન્દ છે. અને મને મરવામાંથી પણ હું એવો જ અનહદ આનન્દ પામીશ.

હું સારી પેઠે ભટક્યો છું. એક સ્થળેથી બીજે સ્થળે ફરતો રહ્યો છું. હું એકના એક સ્થળે અને એક જ ઓરડીમાં પણ રહ્યો છું. કદીક ગરીબાઈ ભોગવી છે તો કદીક ધનવાન પણ થયો છું. વળી પાછો ઘણાખરા લોકો કરતાં ગરીબ પણ થયો છું. બાળક હતો ત્યારે મને ઉત્કટ રીતે બધું જોઈતું હતું તે બધું જ મને આપવામાં આવતું હતું. મારું બાળપણ અદૃશ્ય થઈ ગયું છે. અને મારી જુવાની પણ પાછળ રહી ગઈ છે. પણ એનો કશો વાંધો નહિ. જે કાંઈ બની ગયું તે વિશે હું સુખી છું, અત્યારે જે છે તે મને ગમે છે. અને હવે પછી જે આવશે તે મને અનુકૂળ જ હશે.

મારી જિંદગી બીજા લોકોની કરતાં વધારે સારી છે ? હશે કદાચ. મારે તો માથે છાપરું છે. કેટલાંકને તો એય નથી હોતું. મને રક્તપિત્ત નથી, હું આંધળો નથી, હું જગતને જોઈ શકું છું – આ કેટલું અસાધારણ સુખ છે ! હું આ દિવસનો પ્રકાશ જોઉં છું, એની પેલે પાર બીજું કશું નથી. અને આ દિવસ જ્યારે ઝાંખો પડી જશે ત્યારે હું પણ ઝંખવઈ જઈશ – આ વિચાર, આ નિશ્ચિતતા મને આનન્દિત કરી મૂકે છે. મેં લોકોને ચાહ્યા છે, ખોયા પણ છે. મને જ્યારે આઘાત લાગ્યો છે ત્યારે હું પાગલ પણ થઈ ચૂક્યો છું, કારણ કે એ અવસ્થા તો ખરેખર નરક જ છે, પણ મારા આ પાગલપણાનું, આ ઉન્માદનું કોઈ સાક્ષી નહોતું. એ બહારથી દેખાઈ આવે એવો ઉન્માદ નહોતો. એ એક નિગૂઢતમ

અનુભૂતિ હતી. કોઈક વાર હું ગુસ્સે થઈ જતો. લોકો મને પૂછતા, 'તમે કેમ આટલા શાન્ત છો ?' પણ હું તો ત્યારે ભડકે બળતો હોઉં છું, પગથી તે માથા સુધી. રાતે હું શેરીઓમાં થઈને ચીસ પાડતો દોડું અને દિવસે શાન્તિથી કામ કરું !

થોડા જ વખત પછી દુનિયાનું ગાંડપણ ઊભરી આવ્યું. મને પણ બીજા અનેકની જેમ દીવાલની પડછે ઊભો કરી દેવામાં આવ્યો. શા માટે ? એનું કશું જ કારણ નહોતું. રાઇફલમાંથી ગોળી છૂટી નહિ. હું મનમાં ને મનમાં બોલ્યો, 'ભલા ભગવાન, તું આ શું કરી રહ્યો છે !' તે ક્ષણથી મેં મારો બુદ્ધિહીન વર્તાવ છોડી દીધો.દુનિયા થોડી વાર તો ખંચકાઈ, પણ પછીથી એણે એની સમતુલા ફરીથી પ્રાપ્ત કરી લીધી.

મારી સાન ઠેકાણે આવી. તેની સાથે મારી સ્મૃતિ પણ તાજી થઈ ને મેં જોયું કે જ્યારે મને એમ લાગતું હતું કે હું નર્યો પૂરો દુઃખી હતો એવા ખરાબમાં ખરાબ દિવસોમાં પણ લગભગ બધો વખત અત્યન્ત સુખી હતો. આને કારણે હું કોઈક વિચારે ચઢી ગયો. મારી આ શોધ મારે માટે કાંઈ સુખદ નીવડી નહિ. મને એવું લાગ્યું કે હું જાણે ઘણું બધું ગુમાવી દેતો હતો. હું મારી જાતને પૂછતો : 'શું હું દુઃખી નહોતો ? મારું જીવન શીર્ણવિશીર્ણ થઈ જતું હોય એવું મને નહોતું લાગતું ?' હા, એ વાત તો સાચી જ હતી; પણ દરેક ક્ષણે જ્યારે હું ઊભો થઈને શેરીમાં થઈને દોડતો કે જરાય હાલ્યાચાલ્યા વિના ઓરડીને ખૂણે પડ્યો રહેતો ત્યારે રાત્રિની શીતળતા અને પૃથ્વીનું નક્કરપણું મને મુક્તપણે શ્વાસ લેવા દેતું અને હું મારા સુખને આધારે દૃઢ બનીને ઊભો રહેતો.

માનવીઓ મૃત્યુમાંથી ભાગી છૂટવા ઇચ્છે છે. કેવાં વિચિત્ર પ્રાણીઓ છે એ ! અને એમાંના કેટલાક ચિત્કારી ઊઠે છે, 'મરો, મરો તમે' કારણ કે એઓ જિંદગીમાંથી ભાગી છૂટવા ઇચ્છતા હોય છે.'આ તે કેવી જિંદગી ! હું તો મને જ ખતમ કરી નાખીશ. મારાથી આ નહિ સહ્યું જાય !' આ ભારે દયાજનક અને વિચિત્ર લાગે છે; પણ આમ કરવું એ ભૂલ છે.

આમ છતાં હું એવા લોકોને પણ મળ્યો છું જેમણે કદી જીવનને ખામોશ રહેવાનું કહ્યું નથી કે મરણને હાંકી કાઢ્યું નથી– અને એ લગભગ ઘણું ખરું સ્ત્રીઓ જ હતી, સુન્દર સ્ત્રીઓ, પુરુષોના પર ભય આક્રમણ કરતો હોય છે. એમને આરપાર વીંધીને રાત્રિ ફૂટી નીકળે છે. એમની યોજનાઓ નષ્ટ થઈ જાય છે, એમનું કર્યું કારવ્યું ધૂળમાં મળી જાય છે. જે લોકો ખૂબ મહત્ત્વના હતા, જેમને જગત સર્જવું હતું તેઓ અવાચક બની ગયા છે; બધું જ આખરે તો ભાંગી પડે છે.

હું મારી યાતનાનું વર્ણન કરી શકું ? હું નહોતો ચાલી શકતો કે શ્વાસ લઈ શકતો, હું ખાઈ પણ નહોતો શકતો. મારા શ્વાસ પથ્થરના બનેલા હતા. મારું શરીર પાણીનું ને તેમ છતાં હું તરસથી મરવા પડ્યો હતો. એક દિવસે એ લોકોએ મને જમીનમાં દાટ્યો. ડોક્ટરે મારા શરીર પર કાદવનો લેપ કર્યો. પૃથ્વીમાં ઊંડે કોણ જાણે શી કરામત થઈ! કોણ કહે છે કે એ ઠંડી છે ? એ તો અગ્નિશય્યા છે, એ તો સળગતું ઝાંખરું છે, હું જ્યારે

ઊભો થયો ત્યારે મને કશી જ લાગણી થતી નહોતી. મારી સ્પર્શની સંવેદના મારાથી છ ડગલાં દૂર તરી રહી હતી, જો કોઈ મારીં ઓરડીમાં દાખલ થતું તો હું તરત ચીસ પાડી ઊઠતો પણ એ છરી મને ગમ્ભીરપણે છેદી રહી હતી. હા, હું અસ્થિપિંજર બની રહ્યો. રાતે મારી કૃશતા મારી સામે ઊભી રહીને મને ભયભીત કરી મૂકતી. એ આવતાં ને જતાં મારું અપમાન કરતી, મને થકવી નાખતી. ખરેખર હું થાકીને લોથ થઈ ગયો હતો.

હું અહંકારી છું ? મને બહુ થોડા માણસો ગમતા હોય છે. હું કોઈની દયા ખાતો નથી. ભાગ્યે જ કોઈ ને રીઝવવા ઇચ્છું છું, ભાગ્યે જ હું ખુશ થવા ઇચ્છું છું. અને લગભગ લાગણીહીન જેવો માત્ર એમનામાં વસીને એમની યાતનાઓ જીવું છું. જેથી એમની ચિંતા એ મારે માટે તો અસીમ ચરમ દુર્ભાગ્ય બની રહે છે. અને આમ છતાંય જો ફરજ પડે તો હું ઇરાદાપૂર્વક એમનો ભોગ આપું છું. હું એમને સુખની બધી લાગણીઓથી વંચિત કરી દઉં છું.(કેટલીક વાર હું એમની હત્યા પણ કરું છું.)

કાદવિયા ખાડામાંથી હું પુખ્ત વયના માનવીના કૌવત સાથે બહાર આવ્યો. આ પહેલાં હું શું હતો ? હું માત્ર પાણી ભરેલું પાત્ર હતો. ચૈતન્યહીન વિસ્તૃતિ, ગતિહીન ગર્તા. (ને છતાં હું કોણ છું તે જાણતો હતો. હું જીવ્યે ગયો. શૂન્યમાં ગરકાવ થઈ ગયો નહિ.) દૂરદૂરથી લોકો મને જોવા આવ્યા. મારી બાજુમાં લોકો રમવા લાગ્યા. એમનો હાથ મારા હાથમાં મૂકવા માટે નારીઓ મારી પાસે સૂઈ ગઈ. હું જુવાન પણ હતો પણ શૂન્યે મને નિરાશ કર્યો.

હું સંકોચશીલ નથી. એમ તો ઠીક ઠીક અથડાયો કુટાયો છું. કોઈકે (જેની બુદ્ધિનો છેડો આવી ગયો હતો) મારો હાથ હાથમાં લઈને એણે એનો છરો એમાં હુલાવી દીધો. બધે લોહી જ લોહી. પછી એ ધ્રૂજવા લાગ્યો. મને એણે એનો હાથ આપ્યો. જેથી હું એને ટેબલ પર કે બારણા સાથે જડી દઉં. એણે મને છરો હુલાવી દીધો હતો એથી એ પાગલ માનતો હતો કે એ હવે મારો મિત્ર થઈ ગયો હતો. એણે એની પત્નીને મારા હાથમાં હડસેલી. એ મારી પાછળ પાછળ પાછળ શેરીમાં ચાલવા લાગ્યો, ને ચીસો પાડી કહેવા લાગ્યો, 'હવે મારું આવી બન્યું, મારી સાન ઠેકાણે નથી. અનીતિ મારા પર સવાર થઈ ગઈ છે. કોઈ મારો એકરાર સાંભળો.' એ અત્યંત વિલક્ષણ પ્રકારનો પાગલ હતો. આ દરમ્યાન મારાં કપડાં લોહીથી નિગળતાં થઈ ગયાં હતાં.

હું મોટે ભાગે શહેરમાં રહેતો. થોડા સમય સુધી તો મેં જાહેર જીવનમાં પણ રસ લીધો. મને કાયદાકાનૂનનું જરા આકર્ષણ હતું. મને ટોળાં ગમતાં. બીજા બધા લોકોમાં તો હું સાવ અજાણ્યો હતો. એક નગણ્ય આદમી લેખે તો હું ચક્રવર્તી હતો. પણ એક દિવસ એકલવાયા માણસોને છૂંદીને મારી નાખનારા પથ્થરનો પાઠ ભજવવાનો મને થાક લાગ્યો. મને ન્યાયપાલિકાને ફોસલાવવાનું મન થયું. મેં એને મૃદુ સ્વરે બોલાવીને કહ્યું, 'મારી પાસે આવ. ચાલ આપણે મોઢાંમોઢ ઊભાં રહીએ.'(મને ઘડીભર તો એને બાજુએ

ખેંચી લેવાનું મન થયું.) આ મારી વિનન્તી દુસ્સાહસભરી હતી. જો એણે ખરેખર અનુકૂળ પ્રતિભાવ પાડ્યો હોત તો મેં શું કર્યું હોત ?

મેં ઘણાં થોથાં વાંચ્યાં છે એ તો કબૂલ કરવું જ રહ્યું. હું અલોપ થઈ જઈશ ત્યારે એ બધાં થોથાં અકળ રીતે બદલાઈ જશે. એના હાંસિયાઓ પહોળા થશે, વિચારો વધારે કાયર થશે. હા, મને અત્યારે સૂઝે છે કે મેં ઘણા બધા લોકો જોડે વાતો કરી છે. એક એક વ્યક્તિ મારે મન તો સમૂહ બરાબર હતી. એ ઇતરજનોના વિશાળ સમૂહે હું જે બન્યો હોત તેનાથી અનેકગણો મને બનાવી દીધો. હવે મારું જીવન આશ્ચર્યજનક રીતે સહીસલામતભર્યું છે. જીવલેણ રોગોને પણ હું જરા આકરો લાગું છું. હું ક્ષમાયાચનાપૂર્વક કહું છું કે મને દફનાવું તે પહેલાં મારે બીજા થોડાને દફનાવવા પડશે.

હું ધીમે ધીમે દારુણ દરિદ્રતામાં સરકતો જતો હતો. ધીમે ધીમે મારી દરિદ્રતા મારી આજુબાજુ વર્તુળો રચ્યે જતી હતી. પહેલું વર્તુળ જોતાં એમ લાગતું કે જાણે બધું જ મારા હાથમાં છે પણ છેલ્લા વર્તુળ વેળાએ જોયું તો માત્ર હું જ બચી ગયો હતો. એક દિવસ એવું બન્યું કે હું એક શહેરમાં પુરાઈ ગયો હતો. હવે તો પ્રવાસ કરવાનો ખ્યાલ એ એક કપોલકલ્પિત વસ્તુ જ બની રહી હતી. હું કોઈને ટેલિફોન દ્વારા મળી શક્યો નહિ. મારાં કપડાં ઘસાઈ ગયાં હતાં, મને શરદી થઈ હતી. ઓહ ! હું વસન્તને કેટલી તીવ્રતાથી ઝંખતો હતો. હું પુસ્તકાલયોમાં ગયો. એકાદ પુસ્તકાલયના કર્મચારી જોડે મારે દોસ્તી પણ થઈ હતી. એ મને વધારે પડતી ગરમીવાળા ભોંયરામાં લઈ ગયો. એને ઉપયોગી થઈ પડવાને માટે હું આનન્દથી કૂદતો કૂદતો નાની સીડીઓ પર ચડી જતો અને એ જે કહે તે થોથું ઉતારી આપતો અને પછી કોઈ ગમગીન ભૂત જેવો આદમી વાંચવા બેઠો તેને એ આપી આવતો પણ એ ભૂત મારી વિરુદ્ધ બોલતો. હું એની નજર પડતાં સંકોચાઈ જતો. એ મને મારા સાચા રૂપે ઓળખીને જોતો હતો. હું હતો એક જન્તુ, ચાવવાના જડબાવાળું એક પ્રાણી. દરિદ્રતાના અન્ધકારભર્યા પ્રદેશમાંથી એ ઉપર આવ્યું હતું. હું હતો કોણ એ પ્રશ્નનો જવાબ આપું તો મારે ભારે મૂંઝવણ અનુભવવી પડે.

બહાર મેં કંઈક થોડી ક્ષણ માટે જોયું. મારાથી થોડાં જ ડગલાં છેટે હું જે શેરીની બહાર ચાલ્યો જવાની અણી પર હતો તેના ખૂણામાં એક સ્ત્રી બાબાગાડી સાથે ઊભી હતી. હું એને બરાબર જોઈ શકતો નહોતો. એ બહારના દરવાજામાંથી બાબાગાડીને બહાર કાઢવા મથી રહી હતી. એ ક્ષણે એક માણસ બારણામાં થઈને આવ્યો. એના પર મારી નજર પહેલાં પડી નહોતી. એ ઉમરો ઓળંગી ગયો હતો પણ પાછો બહાર આવ્યો. એ બારણાની અડોઅડ ઊભો હતો ત્યારે એની સામે થઈને જતી બાબાગાડી ઉમરો ઓળંગવા માટે સહેજ ઊંચી થઈ અને એનાં તરફ જોવાને માથું ઊંચું કર્યા પછી એ જુવાન સ્ત્રી અંદર અદૃશ્ય થઈ ગઈ.

આ નાનકડા દૃશ્યે મને લગભગ સનેપાતની સ્થિતિમાં મૂકી દીધો. એવું શા માટે બન્યું એ તો હું પોતે જ જાતને પૂરેપૂરું સમજાવી શકતો નહોતો અને છતાં એવું થયું એ તો

નક્કી. એ દિવસ એક સાચી કહી શકાય એવી ઘટનાની સન્મુખ પહોંચી ગયો ત્યારે તે ક્ષણને મેં ઝડપી લીધી અને હવે એ જ્યાં સુધી જાય ત્યાં સુધી જવાનું મેં નક્કી કર્યું. હું મારી જાતને કહેતો, 'હવે અન્ત આવ્યો જ જાણ ને ! કશુંક બની રહ્યું છે. અન્તની શરૂઆત થઈ રહી છે.' હું તો આનન્દથી વિહ્વળ થઈ ઊઠ્યો.

હું એ ઘર આગળ ગયો ખરો પણ અંદર પેઠો નહિ. બહારથી જ મેં વાડાની કાળી કિનાર જોઈ. બહારની દીવાલને અઢેલીને હું ઊભો. હું ખરેખર બહુ ઠંડો પડી ગયો હતો. માથાથી તે પગ સુધી જેવી ઠંડી મને વીંટળાઈ વળી કે મને ધીમે ધીમે મારી ઊંચાઈ એ અનહદ ઠંડીના પરિમાણની થઈ જતી હોય એવું લાગ્યું. એ બહુ શાન્તિપૂર્વક ઊંચી વધી. એના સાચા સ્વભાવને અનુરૂપ રહીને વધી અને હું એ સુખની પૂર્ણતાના આનન્દને લંબાવતો રહ્યો. એક ક્ષણ મને મારું માથું આકાશની શિલા જેટલું ઊંચું અને પગ શેરીમાં જડેલા પથ્થર પર હોય એવું લાગ્યું.

પણ નોંધી રાખજો કે આ હું કહું છું તે સાવ સાચું હતું.

મારે કોઈ શત્રુઓ નહોતા. કોઈએ મને વિક્ષુબ્ધ પણ કર્યો નહોતો. કોઈક વાર એક વિશાળ એકાન્ત મારા મસ્તકમાં ખૂલી જતું અને આખુંય જગત એમાં અદૃશ્ય થઈ જતું પણ એ વળી પાછું અકબંધ, એક પણ ઉઝરડા વિના અને કશી પણ ક્ષતિ વિના, બહાર આવતું. હું મારી દૃષ્ટિ લગભગ ગુમાવી બેઠો હતો કારણ કે કોઈએ મારી આંખમાં કાચની કચ્ચરો કરી હતી. એ આઘાતે મને ઢીલો કરી નાખ્યો એ તો હું કબૂલ કરું જ છું, એવું લાગ્યું કે જાણે હું પાછો દીવાલમાં સમાઈ જતો હતો અથવા તો ચકમકના ઢગલાની આજુબાજુ ભટક્યા કરતો હતો. દિવસની આકસ્મિક આઘાતજનક ક્રૂરતા એ સૌથી ખરાબમાં ખરાબ વસ્તુ હતી. હું જોઉં અને ન જોઉં એ બન્નેશક્ય નહોતું. જોવું ભયભીત કરી મૂકે એવું હતું અને જો બંધ કરું તો મારા કપાળથી ઉતરડાઈ ને ગળા સુધી નીચે ઊતરી જતો હોઉં એવું લાગતું હતું. મેં ઝરખની કિકિયારીઓ સાંભળી. એથી હું જંગલી પશુઓ આગળ છતો થઈ જાઉં એવો ભય લાગ્યો.(મને લાગે છે કે કિકિયારીઓ મારી જ હતી.)

આંખમાંથી કાચની કચ્ચરોને કાઢી નાખ્યા પછીથી એ લોકોએ મારાં પોપચાંની નીચે પાતળા પડદા જેવું કશુંક મૂક્યું અને એની ઉપર રૂની દીવાલો ખડકી દીધી. મારે વાત કરવની નહોતી કારણ કે બોલવાથી પાટો ખેંચાઈને ઢીલો થઈ જાય એવો ભય હતો. પાછળથી મને ડોક્ટરે કહ્યું કે તમે તો ઊંઘી ગયા હતા, હું ઊંઘી ગયો હતો ! સાત સાત દિવસના પ્રકાશ સામે ઝૂઝીને મારે ટકી રહેવાનું હતું – એ કેવો તો મોટો ભડકો હતો ! હા, સાતેય દિવસ એક સાથે સાત સાત ઘાતક પ્રકાશ એક ક્ષણનો તણખો બની ગયા અને મારી ખબર લઈ કાઢી. આની કલ્પના કોણે કરી હોત ? કોઈક વાર હું મારી જાતને કહેતો, 'આનું જ નામ મરણ. આ બધાને ભોગે પણ એનો અનુભવ લેવા જેવો તો ખરો. એનો પ્રભાવ જરૂર આપણા પર પડે.' પણ ઘણું ખરું તો હું કશું બોલ્યાચાલ્યા વગર મરવાના વાંકે પડી રહેતો. આખરે મને ખાતરી થઈ ગઈ કે હું દિવસના ઉન્માદની

મોઢામોઢ ઊભો હતો. એ જ સાચી વાત હતી. પ્રકાશ પાગલ થઈ જતો હતો. ઉજ્જ્વળતાએ એની સાન ગુમાવી દીધી. કશા અંકુશ વિના, કેવળ અબુધપણે એ મારા પર તૂટી પડ્યો. મારી આ શોધે મારા જીવનને આરપાર કોતરી કાઢ્યું.

હું ઊંઘતો હતો. જાગ્યો ત્યારે એક માણસ મને કંઈ પૂછી રહ્યો હતો તે મારે સાંભળવું પડ્યું, 'તો શું તમે કેસ માંડશો ? ' જે દિવસ જોડે અપરોક્ષ રીતે કારભાર ચલાવતો હોય તેને આવો વિચિત્ર પ્રશ્ન પૂછવો એ કેવું ?

હું સાજો થઈ ગયો પછી પણ એ માની ન શક્યો. હું વાંચી કે લખી શકતો નહિ. ધુમ્મસભરી ઉત્તર દિશાથી હું ઘેરાઈ ગયો હતો. પણ આ જ વસ્તુ વિલક્ષણ કહેવાય એવી હતી : દિવસ સાથેના વેદનામય સમ્પર્કને હું ભૂલી ગયો નહોતો પણ પડદા પાછળ અને કાળા ચશ્મા પહેરીને જીવવાથી હું જાણે મને બરબાદ કરી રહ્યો હતો. મારે કશુંક દિવસના પૂરા પ્રકાશમાં જોવું નહોતું; ધૂંધળા પ્રકાશમાં આરામથી સુખપૂર્વક જીવી જીવીને હું ઓચાઈ ગયો અને જોવું એ જો ભડકે બળવા જેવું હોય તો મારે અગ્નિની પૂર્ણતા જોઈતી હતી. અને એવાથી જ જો ઉન્માદને ચેપ લાગતો હોય તો ઉન્મત્તપણે હું એ ઉન્માદને ઝંખતો હતો.

એ લોકોએ મને એ સંસ્થામાં એક મામૂલી જગા આપી હતી. હું ટેલિફોન પર સંદેશાઓ લેવા બેસતો. ડૉક્ટરની પેથોલોજીની લેબોરેટરી હતી (એમને લોહીમાં ખાસ રસ હતો,), અને લોકો ત્યાં આવતા અને કશીક દવા પીતા. નાની પથારી પર શરીર લંબાવીને પછીથી એઓ સૂઈ જતા. એમાંનો એક ગજબની તદબીર લડાવતો : ડૉક્ટરે આપેલી દવા પીધા પછી એ ઝેર લઈને બેભાન થઈ જતો. ડૉક્ટર એને એક અધમ તરકીબ કહેતા. એને પાછો એમણે ભાનમાં આણ્યો અને આ છેતરપીંડીભરી નિદ્રા માટે એની સામે કેસ માંડ્યો. સાચું જ કહું છું હં, એ માંદા માણસની સાથે જરા વધારે સલૂકાઈભર્યો વ્યવહાર રાખવો જોઈતો હતો એમ મને લાગે છે.

મારી આંખ ખાસ નબળી પડી નહોતી તોય હું શેરીમાં દીવાલને પકડીને કરચલાની જેમ ચાલતો અને જ્યારે દીવાલનો ટેકો છોડી દેતો ત્યારે મને ચક્કર આવતાં. હું એ દીવાલો પર ઘણુંખરું એક જ પોસ્ટર જોતો. ખાસ્સા મોટા અક્ષરોવાળું એ સાદું પોસ્ટર હતું : 'તમારે પણ એ જોઈશે.' અલબત્ત મારે તો એની જરૂર હતી જ. જ્યારે જ્યારે હું આ દબદબાભર્યા શબ્દોને જોતો ત્યારે મને એની ઇચ્છા હતી.

ને છતાં મારામાંનું કશુંક એની ઝંખના કરતું તરત જ અટકી ગયું. વાંચવું એ મારે ભારે પરિશ્રમભર્યું હતું. બોલવા જેટલો જ થાક મને વાંચવાથી લાગતો. અને સહેજસરખું પણ સાચું બોલવા માટે મારે અમુક પ્રકારની શક્તિ જોઈતી હતી જે મારામાં નહોતી. મને એ લોકો કહેતા, 'તમે તમારી મુશ્કેલીઓને બહુ સન્તોષપૂર્વક સ્વીકારી લો છો.' આથી મને નવાઈ લાગતી. આ ને આ જ પરિસ્થિતિમાં મારી વીસ વરસની વયે કોઈએ મારી નોંધ પણ લીધી ન હોત. ચાળીસ વરસની વયે હું કંઈક ગરીબ થઈ ગયો હતો

ખરો પણ હું જાણે સાવ નિરાધાર થઈ જતો હોઉ એવો લાગતો હતો. અને આવો વિક્ષોભકારક હું શાથી દેખાવા લાગ્યો ? કદાચ મને લાગે છે શેરીઓમાં ભટકવાને કારણે એવું લાગતું હોય. શેરીઓએ તો મને વધુ સમૃદ્ધ બનાવવો જોઈએ પણ એવું તો બન્યું નહિ. એનાથી બન્યું તો સાવ ઊલટું. ફૂટપાથ પર થઈને ચાલતાં ચાલતાં જેવો હું ભૂગર્ભ માર્ગના ઝળહળતા દીવાના પ્રકાશમાં થઈને શહેર જ્યાં સહુથી વધારે ઉજ્જ્વળ લાગતું તે સુન્દર વીથિકાઓમાં સરી જતો કે તરત જ હું મને પોતાને સાવ મન્દબુદ્ધિ, નરમ અને શ્રમિત લાગવા માંડતો. જેમ જેમ હું નામહીન અવનતિના પ્રમાણમાં અસાધારણ અંશને આત્મસાત્ કરતો ગયો તેમ તેમ મારા તરફ લોકોનું વધુ ને વધુ ધ્યાન ખેંચતો ગયો. કારણ કે આ દરિદ્રતાને ને મારે આમ તો કશો સમ્બન્ધ નહોતો. એ ઊલટાની મને કંઈક અસ્પષ્ટ અને આકારહીન બનાવી દેતી હતી. એ કંઈક આડમ્બરી અને નિર્લજ્જ પણ લાગતી હતી. દરિદ્રતા અણગમો ઊભો કરે છે કારણ કે એ દૃષ્ટિગોચર છે ને જે કોઈ એને જુએ છે તે વિચારે છે, 'લો, મારા પર કોઈ દોષારોપણ કરી રહ્યું છે, મારા પર આ કોનું આક્રમણ ?' પણ હું કાંઈ ન્યાયવૃત્તિને મારાં વસ્ત્રો પર બિલ્લાની જેમ લટકાવીને નહોતો ફરતો.

એ લોકોએ મને કહ્યું (કોઈક વાર ડૉક્ટરે કે કોઈક વાર નર્સોએ), 'તમે તો ખાસ્સા ભણેલાગણેલા છો. તમારામાં નિપુણતા છે. આ તમારી નૈસર્ગિક શક્તિ જો વપરાયા વિનાની પડી રહે તો ! જે દસ જણ પાસે એ નથી તેમની વચ્ચે ખરેખર તો એ વહેંચાવી જોઈતી હતી એવું બને તો એને આધારે લોકો જીવી પણ જાય. એ લોકો પાસે જે નથી તે તમે આંચકી લેવા બેઠા છો. તમારી નિરાધારતા, જે વાસ્તવમાં તો અનિવાર્ય નથી, તે એમની આવશ્યકતાઓની દૃષ્ટિએ અપમાનજનક બની રહે છે.' મેં પૂછ્યું, 'આ ભાષણ મને શા માટે સંભળાવો છો ? હું શું મારું પોતાનું સ્થાન ચોરું છું ? એવું હોય તો લઈ લો મારી પાસેથી પાછું.' મને લાગ્યું કે હું જાણે અન્યાયપૂર્ણ વિચારોથી અને દ્વેષભરી દલીલોથી ઘેરાઈ ગયો હતો. મારી સામે એ લોકો કોને મૂકતા હતા ? જેનો કોઈ પાસે કશો પુરાવો નથી, જે દેખાઈ આવતી નથી અને જેને કશી સફળતા વિના હું શોધ્યા કરું છું તેવી વિદ્વત્તાને ? હું ઠીક ઠીક ભણેલો છું પણ હંમેશાં એવું કહી શકાય નહિ. નિપુણતા ? ક્યાં છે એ શક્તિઓ જેની પાસે ન્યાયાસન પર ઝભ્ભો પહેરીને બેઠેલા ન્યાયાધીશની જેમ બોલાવવામાં આવે છે અને જે રાતદિવસ મારી વિરુદ્ધ ચુકાદો આપવાને તત્પર છે ?

મને ડૉક્ટરો તો ઠીક ઠીક ગમતા હતા. એમની શંકાઓથી મારી અવમાનના થતી હોય એવું મને લાગતું નહોતું. મારા પરની જોહુકમી ક્ષણે ક્ષણે વધતી જતી હતી અને હું અકળાઈ ઊઠતો હતો. આ લોકો જાણે રાજા હોય તેમ વર્તે છે પણ એનું આપણને ભાન હોતું નથી. મારી ઓરડીઓ ખોલી નાખીને એ લોકો કહેશે, 'અહીં જે કાંઈ છે તે આપણું જ છે.' એ લોકો મારા વિચારના વધ્યાઘટ્યા ટુકડાઓ પર તૂટી પડશે ને કહેશે,

'આ બધું તો અમારું જ છે.' એ લોકો મારી વાતને પડકારશે ને કહેશે, 'બોલ જોઉં' અને હું એમના કહ્યા પ્રમાણે વર્તીશ. હું જાતે જ મારો છેદ ઉડાવી દઈશ. મેં મારું લોહી અને અન્તરતમ સુધ્ધાં એમને વહેંચી આપ્યું, આખું વિશ્વ એમને ઉછીનું આપ્યું, એમને આખો દિવસ આપી દીધો. એમની નજર સામે હું પાણીનું એક ટીપું, સહીનો એક ડાઘો બની રહ્યો. જો કે એથી એ લોકો સહેજે ચોંકી ઊઠ્યા નહિ. હું એમનામાં નિઃશેષ થઈ ગયો અને એમની નજર આગળ થઈને હું આખો ને આખો પસાર થઈ ગયો અને આખરે મારી સમ્પૂર્ણ શૂન્યતા સિવાય બીજું કશું જ જોવા જેવું પણ રહ્યું નહિ. ત્યારે એ લોકો પણ મને જોતાં બંધ થયાં. ખૂબ ધૂંધવાઈ ઊઠીને ઊભા થઈ ને એ લોકો બરાડી ઊઠ્યા, 'વારુ, પણ તું છે ક્યાં ? તું ક્યાં સંતાઈ ગયો છે ? અહીં સંતાઈ જવાની મના છે. એ એક ગુનો છે, વગેરે.

એમની પીઠ પાછળ મેં ન્યાયવૃત્તિનું છાયાચિત્ર જોયું. આપણને પરિચિત છે એ ન્યાયવૃત્તિનું નહિ. એ તો ભારે આકરી અને ભાગ્યે જ સુખદ છે. ન્યાયવૃત્તિની ધાકધમકીને વશ થવાને બદલે ઊલટાનું જાણે મેં એને ભયભીત કરી મૂકી. મારો દૃષ્ટિપાત જાણે વજ્રપાત જેવો હતો, અને મારા હાથ જાણે એના વિનાશના કારણરૂપ હતા. અલબત્ત, એની આ વાતને તમારે માનવી હોય તો માનો. વળી, એણે મારામાં બેહૂદી રીતે બધી જ શક્તિઓનું આરોપણ કર્યું, એ મને હંમેશાં આદર આપે છે એવી જાહેરાત કરી પણ એણે મને કશું માગવા દીધું નહિ અને જ્યારે સર્વત્ર હોવાના મારા અધિકારને એણે સ્વીકાર્યો ત્યારે એનો અર્થ એ થયો કે મારે ક્યાંય કશું સ્થાન નહોતું. એણે જ્યારે મને બધા સત્તાધીશોની ઉપર મૂક્યો ત્યારે એનો અર્થ એ થયો કે તને કશું કરવાની સત્તા નથી. એણે પોતાની જાતને નમ્ર બનાવી એનો અર્થ એ કે હું એને માન આપતો નથી.

હું જાણતો હતો કે એનો એક આશય 'હું ન્યાય કરું' એ હતો. એ મને કહે, 'હવે તારો કિસ્સો અસાધારણ જ કહેવાય. લોકો તારી સામે કશું જ કરી શકે નહિ. તેં લીધેલા સમયનું પણ હવે તને બન્ધન નહિ. તારાં કાર્યોનાં હવે કશાં પરિણામ નહિ. તું મને ખૂંદીને મારા પર ચાલે તોય હું તારી સદાની દાસ.' દાસ ? મારે તો કોઈ પણ ભોગે કોઈ દાસ જોઈતો નહોતો.

એ મને કહે, 'તારે મન તો ન્યાયનું મહત્ત્વ ઘણું છે.' 'હા, હું ધારું છું કે છે.' 'તો પછી એ ન્યાયને તું તારા અસાધારણ વ્યકિતત્વ દ્વારા શા માટે દુભાવા દે છે ?' 'પણ હું તો મને અસાધારણ માનતો નથી.' 'જો ન્યાયવૃત્તિ તારામાં નબળી પડે તો એ બીજા બધામાં પણ નબળી પડશે, અને એને કારણે બધાને જ સહન કરવું પડશે.' 'પણ ન્યાયવૃત્તિને ને એને શી લેવાદેવા ?' 'ન્યાયને તો બધા જ જોડે લેવાદેવા.' 'પણ તમે જ કહ્યું ને કે મારો તો એક અસાધારણ કિસ્સો છે.' ' તું કશું કરતો હોય તો તારો કિસ્સો અસાધારણ પણ તું જો માત્ર બીજાને જ કરવા દેતો હોય તો એ કદી અસાધારણ કહેવાય નહિ.'

આખરે એક એવી હદ આવી કે જ્યારે એને નકામી વાતો જ કહેવાની રહી : 'સાચી

વાત એ છે કે આપણે હવે એકબીજાથી છૂટા પડી શકીએ તેમ નથી. તું જ્યાં જઈશ ત્યાં હું તારી પાછળ આવીશ. હું તારા જ છાપરા નીચે રહીશ અને આપણે બન્ને એક જ ઊંઘના ભાગીદાર થઈશું.'

મેં મારી જાતને તાળામાં પૂરવા દીધી હતી. એ લોકોએ કહ્યું કે એ તો એક કામચલાઉ પગલું હતું. વારુ, એમ તો એમ. મને બહાર કાઢવામાં આવતો એ દરમ્યાન ત્યાંનો બીજો રહેવાસી ધોળી દાઢીવાળો એક જૈફ આદમી મારા ખભા ઉપર ચઢી બેસતો અને કશાક ચાળા કરવા લાગતો. મેં એને કહ્યું, 'તું તોલ્સ્તોય છે કે શું?' મેં આવું કહ્યું એટલે ડોક્ટરને લાગ્યું કે હું ખરેખર પાગલ થઈ ગયો છું. આખરે તો એવું થયું કે હું બધાને જ ખભે ઉપાડીને ચાલવા લાગ્યો. એ બધા પ્રૌઢ વયના માણસો ગૂંછળું વળીને મારી ઉપર ચડી બેસતા. બીજાના ઉપર વર્ચસ્ જમાવવાની મિથ્યા ઇચ્છાથી આકર્ષાઈને ત્યાં આવ્યા હતા. આ બાલિશતા દુર્ભાગ્ય જ ગણાય. હું જ્યારે ઢગલો થઈને પડ્યો(કારણ કે હું કાંઇ ઘોડો હતો નહિ!) ત્યારે મારા પરથી ગબડી પડેલા મોટા ભાગના મારા સાથીઓએ મને મૂઢ માર માર્યો. એ તો સુખના દિવસો હતા.

ન્યાયમૂર્તિ મારા વર્તનની આકરી ટીકા કરતી : 'મેં તને પહેલાં ઓળખ્યો ત્યારે તો તું સાવ જુદો હતો. ખૂબ જુદો ? લોકો કશી શિક્ષા થવાના ભય વિના આમ તારી ઠેકડી ઊડાવતા નહોતા. તને જોવો એ જ જિંદગીનું જોખમ હતું. તને ચાહવો એટલે મોત. તારી નજરથી દૂર સરી જવા માટે લોકો ખાડા ખોદીને અંદર દટાઈ જતા. તેઓ એકબીજાને પૂછતા, 'એ અહીંથી પસાર થઈ ગયો ? આપણને સંતાડનારી ધરતીનું કલ્યાણ થજો.' 'લોકો મારાથી આટલું બધું બીતા ?' 'ભય પણ તારે માટે તો પૂરતો થઈ પડતો નહિ, હૃદયના ઊંડાણમાંથી કરેલી પ્રશંસા પણ પૂરતી નહોતી. પ્રામાણિક જીવન જીવીએ તોય કશું વળે નહિ. રજકણ જેવા નમ્ર થવાનો પણ કશો અર્થ નહીં. સહુથી વિશેષ તો એ કે મને પ્રશ્ન પૂછનાર છે કોણ ? અરે, મારે વિશે વિચારવાનીય કોની હિમ્મત છે ?'

આ બધું બોલતાં બોલતાં એ વિચિત્ર રીતે તંગ થઈ. એ મને ઊંચે ચઢાવે પણ તે આખરે પોતાને ઊંચે ચઢાવવા માટે જ. 'તું તો છે દુષ્કાળ, વિસંવાદ, હત્યા, વિનાશ.' 'કેમ આવું બધું કહે છે ?' 'કારણ કે હું વિસંવાદ, હત્યા અને મરણની દેવી છું.' 'વારુ, આપણે બન્નેને પૂરી રાખવા માટે આટલું પૂરતું છે.' સાચી વાત એ છે કે એ મને ગમતી હતી. માણસોથી ગીચ આ પરિવેશમાં એ એકલી જ નારીત્વની પ્રતિનિધિ હતી. એક વાર એણે મને એના ઘૂંટણને સ્પર્શવા મજબૂર કર્યો હતો ત્યારે કેવી વિચિત્ર લાગણી થઈ હતી. મેં એને કહ્યું પણ ખરું, 'એક ઘૂંટણથી સન્તોષાઈ જનારો હું નથી.' એનો જવાબ આ હતો, 'એ તો કેવું નફરતભર્યું કહેવાય !'

આ તો એની અનેક રમતોમાંની એક રમત હતી. એ છત અને બારીની ઉપરના ભાગ વચ્ચેની જગ્યા ચીંધીને બતાવતી ને કહેતી, 'તું ત્યાં છે.' હું એ જગ્યાને ધારી ધારીને જોઈ રહેતો. 'તું ત્યાં છે ને ? હું પૂરી તીક્ષ્ણતાથી ત્યાં જોઈ રહેતો.' 'કેમ દેખાય

છે ને ?' મારા ઘા આંખ ઉપર થઈને ઊડી જતા હોય એવું મને લાગતું. મારી દૃષ્ટિ એક ઘા બની રહેતી. મારું એક છિદ્ર, જેના પેટમાંથી આંતરડાં ખેંચી નાખવામાં આવ્યાં છે એવો આખલો. એકાએક એ જોરથી બોલી ઊઠતી, 'અરે, મને તો દિવસનો પ્રકાશ દેખાય છે. હે ભગવાન !' વગેરે. હું આ બધાનો વિરોધ કરીને કહેતો કે આ બધી રમત મને ખૂબ થકવી નાખે છે. પણ એને તો મારા ઐશ્વર્યની ભૂખ હતી.

'તારા મોઢા પર કાચ કોણે નાખ્યા ?' દરેક પ્રશ્નની સાથે આ પ્રશ્ન તો પુછાતો જ. એ એટલો બધો સીદી રીતે તો પુછાતો નહોતો પણ જાણે બધા રસ્તા એ તરફ જ દોરી જતા હોય એવું લાગતું. એઓ મને કહેતા કે મારા જવાબથી કશું છતું થઈ જવાનું નથી કારણ કે એ બધું તો ઘણાય વખતથી પ્રકટ થઈ ચૂક્યું છે. 'તો તો પછી મારે વાત કરવાનું કોઈ કારણ જ નથી.' 'જો તું એક ભણેલોગણેલો માણસ છે; મૂંગા રહેવાથી તો આપણે બધાનું ધ્યાન ખેંચીએ છીએ. તારું આ મૂંગાપણું તને ભારે મૂર્ખાઈથી છતો કરી દે છે.' હું જવાબમાં કહેતો, 'પણ મારું મૂંગાપણું તો સાચું છે. જો હું એ તમારાથી સંતાડી દઉં તો થોડા વખત પછી તમે એને શોધી જ કાઢશો. જો એ મને છતો કરી દે તો એમાં તમને શો વાંધો ? ઊલટું એથી તો તમને મદદ થાય અને એ મારે માટેય સારું કારણ કે તમે તો મને મદદ કરવા ઇચ્છો છો ને ?' આમ, એ લોકોને આ વાતના છેડા સુધી પહોંચાડવાને આકાશપાતાળ એક કરવાં પડતાં હતાં.

એમની તપાસમાં હું સંડોવાઈ ગયો હતોઃ અમે બધા મહોરું પહેરેલા શિકારી જેવા હતા. પ્રશ્નો કોને પૂછવામાં આવતા હતા ? જવાબ કોણ આપતું હતું ? એ બન્નેનો ક્રમ વારાફરતી બદલાતો રહ્યો. શબ્દો એની મેળે બોલાતા રહ્યા. એમ નિઃશબ્દતા પ્રવેશી ગઈ. શબ્દો એના ઉત્તમ આશ્રયરૂપ હતા. કારણ કે મારા સિવાય કોઈની નજરે એ ચઢ્યું નહિ.

મને કહેવામાં આવ્યું, 'શું બન્યું તે ચોકસાઈથી અમને કહો.' 'વાર્તા કહું ?' મેં શરૂઆત કરી, 'હું નથી ભણેલો કે નથી અભણ. મેં જિંદગીમાં આનંદને ઓળખ્યો છે પણ એમાં મેં કહી કહીને શું કહી નાખ્યું !' મેં એમને આખી વાત માંડીને કહી અને એમણે એ વાત રસપૂર્વક સાંભળી એવું મને શરૂઆતમાં લાગ્યું. પણ અન્ત તો અમારે સહુને માટે આશ્ચર્યજનક હતો. 'આ તો શરૂઆત થઈ.' એ લોકોએ કહ્યું. 'હવે મૂળ વાત પર આવો.' 'એ શી રીતે ? વાત તો પૂરી થઈ ગઈ હતી !'

આ ઘટનાઓમાંથી વાર્તા બનાવી કાઢવાની મારામાં શક્તિ નથી એવું મારા પર પરાણે ઠસાવી દીધું હતું. કથાનું સૂત્ર મારા હાથમાંથી સરી ગયું હતું. ઘણીખરી માંદગીમાં એવું બનતું હોય છે પણ મેં આ ખુલાસો કર્યો એથી તો એઓ વધારે હઠાગ્રહી બન્યા. પછી મેં પહેલી જ વાર નોંધ્યું કે એઓ તો બે જણ હતા અને પરમ્પરાગત પદ્ધતિથી એ જરા જુદું પડતું હતું. અલબત્ત, એમાંનો એક આંખનો ડૉક્ટર હતો અને બીજો માનસિક રોગોનો નિષ્ણાત હતો તેમ છતાં વાતચીત કોઈ અધિકારીની ઊલટતપાસ હોય તેમ અમુક ચોક્કસ

નિયમોથી નિયન્ત્રિત થતી હતી અને એની દિશા પણ એ જ રીતે નક્કી થતી હતી. અલબત્ત એ બેમાંનો એકે પોલિસખાતાનો વડો નહોતો. પણ એ બે હતા એટલે ત્રીજો પણ હતો જ. અને આ ત્રીજાને હું ચોક્કસ માનું છું કે એવી દૃઢ ખાતરી થઈ ગઈ હતી કે એક લેખક જે વિશિષ્ટતાપૂર્વક બોલે અને દલીલો કરે તે પોતાની સ્મૃતિને આધારે હકીકતોનું હંમેશાં બયાન આપી શકે.

વાર્તા : ના રે ભાઈ, વાર્તા કેવી ને વાત કેવી ! એ વાત જ હવે પડતી મૂકો ને !

અનુ: સુરેશ જોષી

એક દીવાસળીને કારણે

કુર્ટ કુઝેનબેર્ગ

દુનિયાનો એક પણ ખૂણો એવો નહોતો રહ્યો કે જ્યાં મિ. ફિદેલિસ વેલન્તિન જાતે ઘૂમી આવ્યા ન હોય. એમને પોતાની સફરનો અહેવાલ આપવાનું મુનાસિબ લાગ્યું એટલે એ તો પગ વાળીને બેઠા ને ખાસ્સું એક પુસ્તક લખીને ઊભા થયા. પુસ્તક પ્રગટ થયું ખરું પણ લોકોનાં હૈયાં વશ કરી શક્યું નહીં. આંગળીને વેઢે ગણાય એટલા લોકોએ જ એ વેચાતું લીધું ને વાંચ્યા વિના જ બીજા કોઈકને ભેટ આપી દીધું, ને એ બીજા કોઈકે એ ઉઘાડવા જેટલુંયે કુતૂહલ દાખવ્યું નહીં. ધીમે ધીમે મિ. વેલન્તિનને ખાતરી થવા માંડી હતી કે મારા પુસ્તકે કાંઈ કહેતાં કાંઈ ઊહાપોહ મચાવ્યો નથી. બરાબર એ જ વખતે દરિયાપારના દેશથી એક પરબીડિયું આવી પહોંચ્યું. પરબીડિયાનું ભારેખમ સિલ એમણે તોડ્યું, અંદરનો કાગળ બહાર કાઢ્યો ને ઉઘાડ્યો કે તરત એના પર સાન ત્રાહાનોના પ્રમુખના દસ્તખત જોઈને દંગ થઈ ગયા, ને કાગળમાં શબ્દે શબ્દે કરવામાં આવેલી આકરી ફરિયાદ વાંચી ઓર દંગ થઈ ગયા.

કાગળમાં લખ્યું હતું કે વેલન્તિન મહાશય, આપે સાન ત્રાહાનોના પ્રજાસત્તાકને ઘોરમાં ઘોર અન્યાય કર્યો છે. આપના પુસ્તકમાં આપે આરોપ મૂક્યો છે કે અમારા પ્રજાસત્તાકના અમલદારો રુશ્વતખોર છે, મુત્સદ્દીઓ અનીતિમાન છે અને અમારે ત્યાં પેદા થતી દીવાસળીઓ તો એટલી હલકી છે કે દર ત્રણ દીવાસળીએ ફક્ત એક જ સળગે છે. અમારા અમલદારો ને મુત્સદ્દીઓ વિષે આપે જે કાંઈ ટીકા કરી છે એની સામે આંખમીંચામણાં કરવાં હોય તો સહેલાઈથી કરી શકાય, પરંતુ સાન ત્રાહાનોની દીવાસળીઓ વિષે આપે જે અફવાઓ ફેલાવવા માંડી છે એ તો કોઈ પણ હિસાબે સહન કરી શકાય તેમ નથી. વળી તાબડતોબ નીમવામાં આવેલી સમિતિએ પૂરતી તપાસને અંતે સ્પષ્ટ કરી આપ્યું છે કે દર ત્રણ દીવાસળીએ નહીં પણ દર બે દીવાસળીએ એક દીવાસળી સળગાવી શકાય છે ને તે પણ પહેલે જ ઝટકે. ને બેશક, અહીંયાં ઉપહાસનો સૂર ભળવા માંડ્યો હતો. આ કાંઈ જેવી તેવી સિદ્ધિ તો ન જ ગણાય. તો વેલન્તિન મહાશય, હવે આપ મહેરબાની

કરીને એટલું જણાવશો કે આવી ઝેરીલી બદનક્ષી નાબૂદ કરવા આપ કેવાં ને કેટલાં જલદી પગલાં ભરવા ધારો છો ? બીજું કાંઈ નહી તો પણ દુનિયાનાં અખબારોની કટારોનો લાભ લઈને આપે આપના શબ્દોને જાહેર રીતે પાછા તો ખેંચી જ લેવા જોઈએ.

આમ જોઈએ તો આ મામલાનો આસાનીથી નિકાલ થઈ શક્યો હોત. પરંતુ કમનસીબી એ હતી કે મિ. વેલન્તિન સ્વભાવે અત્યંત જિદ્દી હતા. એમના પુસ્તકની એકમાત્ર દાદરૂપે આવેલો આ કાગળ જરાય ખુશમિજાજ નહોતો એથી એમણે બીડું ઝડપી લીધું કે પછી એમને કલ્પનાની સામે હકીકતનો કક્કો ખરો કરવાનું મન હતું એ નક્કી કરવું મુશ્કેલ છે. એ જે હોય તે. એમણે તો વળતો જવાબ આપી દીધો કે મારા પર જૂઠાણાનો આરોપ મૂકી શકાય એનો મને સ્વપ્નમાંય ખ્યાલ નથી. કારણ કે મારા પુસ્તકમાં મેં જે કાંઈ કહ્યું છે તે ઝીણવટભર્યા નિરીક્ષણ ને જવાબદારીભર્યા નિર્ણયનું પરિણામ છે, ને એનો અક્ષરેઅક્ષર સાચો છે. તમારો કાગળ આવ્યા પછી સદ્‌ભાગ્યે એવું બન્યું કે મારી એક બેગમાંથી સાન ત્રાહાનોની કેટલીક દીવાસળીઓ હાથ લાગી, એટલે ન્યાયાધીશની હાજરીમાં, પ્રતિષ્ઠિત નાગરિકોને સાક્ષીએ રાખીને મેં એ સળગાવી જોઈ છે ને પરિણામે મારી વાતને સાચી પુરવાર કરી છે તેમ જ એ મુજબનું પંચનામું પણ કરાવી લીધું છે. આથી મને વિશ્વાસ છે કે પ્રમુખ નામદાર, વિવેકહીન વિનંતિ કરવા આપ મારી જરૂરી માફી માગશો. હું વિનંતિ લખું છું એટલું જ, બાકી ખરી રીતે જોઈએ તો એ એક જાતની ધમકી જ છે.

પ્રમુખ નામદારનો જવાબ આવતાં ઝાઝી વાર લાગી નહીં. આ વખતનો કાગળ જરાય શબ્દાળુ નહોતો, પરંતુ ટૂંકો ને ટચ હતો, ને એમાં મિ.વેલન્તિનને આખરી ચેતવણી આપવામાં આવી હતી, કાં તો તમારા શબ્દો જાહેરમાં પાછા ખેંચી લો, કાં તો લશ્કરી અથડામણ માટે તૈયાર રહો. એમાં લખ્યું હતું કે સાન ત્રાહાનો પ્રજાસત્તાકનું લશ્કર દુશ્મનની સામે એકસંપ થઈને જંગે મેદાનમાં આવશે ને એ જ્યાં સામનો કરશે ત્યાં એનો ખાતમો કરી નાખશે. આ જાતની આખરી ચેતવણી ઘડનારે એવો ઇરાદો રાખ્યો હોય કે દુશ્મન તાબડતોબ તાબે થઈ જશે તો એમાં ગંભીર ભૂલ થઈ હતી. પોતાની ચેતવણીની કેવી અસર થઈ છે એનો એમને અંદાજ આવે તે પહેલાં તો મિ. વેલન્તિને તાર કરી દીધો કે હું ફિદેલિસ વેલન્તિન. સાન ત્રાહાનો સામે યુદ્ધ જાહેર કરું છું.

આમ આ બધાને અંતે મામલો આટલે સુધી આવી ગયો ને તે પણ એક દીવાસળીને કારણે. જોતજોતાંમાં તો આખી દુનિયાને જાણ થઈ ગઈ કે સાન ત્રાહાનો ને મિ.વેલન્તિન વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું છે. કારણ કે પોતાનું લશ્કર યુદ્ધમાં ઝંપલાવવા માટે તૈયાર છે એ હકીકત પ્રજાસત્તાકે જરાય છુપાવી રાખી નહોતી. બીજી બાજુ મિ. વેલન્તિને ન તો હુમલાની પેરવી કરી, ન તો બચાવની તેયારી કરી. એ વાત સાચી કે એમણે પોતાને ઘરને દરવાજે ચેતવણીનું પાટિયું ટાંગીને સાન ત્રાહાનોના નાગરિકોને ફરમાવી દીધું કે ખબરદાર, નજીક આવ્યા છો તો જાનથી જશો. બસ આ સિવાય યુદ્ધની વચ્ચોવચ હોવા છતાં, એમણે તો રાબેતા મુજબ શાંતિભર્યુ જીવન જીવ્યા કર્યું. વાચકને તો ખ્યાલ આવી

ગયો હશે કે મિ. વેલન્તિન તો એમની ને દુશ્મનની વચ્ચે જે અફાટ અંતર પથરાયેલું હતું એના વિશ્વાસે જ બેઠા હતા. અને ખરેખર આવડા અંતરને કારણે ઊભો થયેલો અંતરાય કાંઈ નાનોસૂનો નહોતો. બંને દુશ્મનો એકબીજાની ઉપર કેવી રીતે ત્રાટકી શકે, અને આખરી લડત લડે કયે ઠેકાણે ? એક બાજુ સાન ત્રાહાનોની મનવારો વરાળ ઓકતી ઊભી હતી ને ખુશકીદળ રોજેરોજ મિ.વેલન્તિનનાં બાવલાં બનાવીને નિશાનબાજીની તાલીમ લેતું હતું. તો બીજી બાજુ પ્રજાસત્તાકના દૂતો બની શકે તેટલાં રાષ્ટ્રો સાથે વાટાઘાટ કરતા હતા. એમને એવી આશા હતી કે એમાંથી એમના લશ્કરને મોકળો માર્ગ મળી જશે ને એમને લશ્કરી હિલચાલના સંચાલન માટે અનુકૂળ એવી જગ્યા, ભાડેથી તો ભાડેથી, મળી જશે. પરંતુ જે જે રાષ્ટ્રોને વિનંતિ કરવામાં આવી હતી એ બધાંય તટસ્થતાને વર્યા હોય એવું લાગ્યું, ને એથી ન તો એમણે વિદેશી લશ્કરને પોતાના પ્રદેશમાં થઈને જવાની મંજૂરી આપી ન તો એમણે પોતાની એક તસુ જમીનનેય યુદ્ધની વિભીષિકામાં ધકેલી દેવાનું પસંદ કર્યું. મિ. વેલન્તિન પોતે જે રાષ્ટ્રના નાગરિક હતા એ રાષ્ટ્રે પણ એમની એકેય વાત કાને ધરી નહિ ને રોકડું પરખાવી દીધું કે આ યુદ્ધ તો નાગરિક ફિદેલિસ વેલન્તિનનો અંગત મામલો છે, અમારે એની સાથે કોઈ જ નિસબત નથી. સાન ત્રાહાનોના સૈનિકોએ દાંત ભીંસ્યા તો પણ એનો કોઈ જ અર્થ નહોતો. એમ કાંઈ દુશ્મન પર ત્રાટકી પડવાનું શક્ય નહોતું.

એક ગજબ દોલતમંદ આદમીએ દરમિયાનગીરી ન કરી હોત તો આ મામલો કદાચ આટલેથી જ અટકી ગયો હોત. એ આદમી દસપંદર ટાપુઓનો માલિક હતો. એણે એક દિવસ જાહેર કર્યું કે મારો પેદ્રોસાનો વેરાન ટાપુ લશ્કરી હિલચાલ માટે બેનમૂન નીવડે એમ છે, એટલે યુદ્ધ કરવા માગતા બંને પક્ષો બહેતર છે કે કાલે જવાના હોય તો આજે ને આજે જવાના હોય તો હમણાં ને હમણાં પહોંચી જાય. ત્યાં માનવી નામે કોઈ રહેતું નથી ને જનાવરોની કે છોડવાઓની પરવા કરવાની જરૂર નથી. એની ફક્ત એક શરત હતી કે મને સહીસલામત સ્થળેથી રોજે રોજનું યુદ્ધ નીરખવા દો એટલે પત્યું. આ ઇજન મળ્યું ન મળ્યું કે તરત સાન ત્રાહાનોમાં આનંદનો એક પ્રચંડ પોકાર જાગી ઊઠ્યો. બેન્ડવાજાની ધમરોળ વચ્ચેની નૌકાકાફલો નીકળ્યો ને પેદ્રોસાની દિશામાં આગળ વધ્યો.

હવે આખી દુનિયાએ મિ.વેલન્તિન પર મીટ માંડી એ એમ ને એમ અડગ ઊભા રહેશે કે જડમૂળથી ઉખેડાઈ જશે ? અફવાઓ તો એકસરખી ફેલાતી હતી કે એમણે પણ માણસોની ભરતી કરવા માંડી છે. છાપાંઓના ખબરપત્રીઓએ તો એવો દાવો પણ કર્યો કે મિ. વેલન્તિને એક કદાવર ગામઠી યુવાનને પૈસા આપ્યા તે નજરોનજર જોવામાં આવ્યું છે. એટલે અમારું તો ચોક્કસ માનવું છે કે એ પણ ચુપચાપ જરૂર કોઈ લશ્કર જમા કરતા હશે. ખબરપત્રીઓએ જે અહેવાલ આપ્યો હતો એ હકીકતમાં ખોટો નહોતો, પણ એમણે જે ચોક્કસ માની લીધું હતું એ હકીકતથી તદ્દન વેગળું હતું. કારણ કે મિ. વેલન્તિને જે ગામઠી યુવાનને નોકરીએ રાખ્યો હતો એ ફક્ત લડાઈ દરમિયાન એમની

ને એમના ઘરની સંભાળ રાખવાનો હતો. ના, ચારેકોરથી એકસરખી ઓફરો આવ્યા કરતી હતી છતાં મિ.વેલન્તિને ન તો કોઈ લશ્કરની ભરતી કરી, ન તો કોઈ હથિયારની ખરીદી કરી. નાહકની કોઈ પણ ધાંધલધમાલ કર્યા વિના એમણે પોતાનાં બેગબિસ્તરા બાંધ્યા, દુશ્મનને તાર કરી ખબર આપી કે હું તમને જેર કરવા આજે જ રવાના થાઉં છું ને ટ્રેન પકડી. કેટલાક દોસ્તો એમને વળાવવા ગયા હતા. એમના છેલ્લા સમાચાર એ દોસ્તોએ જ આપ્યા હતા, એ પછી તો લાંબો વખત સુધી મિ.વેલન્તિનની હિલચાલ બધાથી અજાણી જ રહી.

અલબત્ત અમને, આ વાર્તા કહેનારને તો અમારા નાયકની મુસાફરીની રજેરજ માહિતી છે. છતાં યુદ્ધની સાથે જેને જરાય નિસબત નથી ને આપણા લડવૈયાની કીર્તિને જે ઝાંખપ લગાડે એવી એ ઘટનાઓનું વર્ણન અમે જાણીબૂઝીને નહીં કરીએ. ઇતિહાસ ખાતર આટલું પૂરતું છે કે મિ. વેલન્તિને રસ્તે રસ્તે ફળો ચૂંટીચૂંટીને સમય વિતાવ્યા કર્યો, આમ કરવામાં એમનો એક જ ઇરાદો હતો કે દુશ્મન પરાણે આવી પડેલી નવરાશથી વાજ આવી જાય તો સારું ! એમાં એમને ખરેખર જ્વલંત ફત્તેહ મળી. કારણ કે અઠવાડિયાંઓ સુધી વેરાન ટાપુ પર એકસરખો પહેરો ભરીભરીને, દુશ્મનની વ્યર્થ વાટ જોઈ જોઈને બેનમૂન શિસ્ત દિવસે દિવસે કથળવા માંડી. શરૂશરૂમાં તો સંત્રીઓ, ઉત્સાહના અતિરેકમાં આવ્યા હોય કે પછી નીરસતાની અસરમાં આવ્યા હોય, કોઈક વાર અચાનક ભયસૂચક ગોળીબાર કરતા ને આખીયે છાવણીને હથિયાર સજવા સાબદા કરતા, ને અંતે અચૂક પુરવાર થતું કે ભયનું એવું કોઈ કારણ જ નહોતું, વખત જતાં તો આ જાતની ખલેલ પણ ઘટતી ગઈ ને આખરે પેદ્રોસાના દોલતમંદ માલિકને ખાતરી થઈ કે પોતાનાં તમામ અરમાન ધૂળધાણી થઈ ગયાં છે ને એ ગુસ્સામાં ને ગુસ્સામાં ટાપુ છોડીને ચાલી ગયો.

મામલો એટલી હદ સુધી પહોંચી ગયો હતો કે વાસ્તવિકતા જે આપવાનો ઇનકાર કરતી તે લશ્કરને સ્વપ્ન પાસેથી મળી જતું, એટલે એ તો સવારનું બ્યૂગલ વાગે ત્યારે પણ નીંદરમાંથી બેઠું થતું નહીં. એક દિવસ લશ્કર આમ જ ઘોરતું હતું ત્યારે એક આગબોટ આવીને ઊભી રહી. વીજળીની ત્વરાથી લશ્કર પોતાની જગ્યાએ ગોઠવાઈ ગયું, પણ જ્યારે જોવા મળ્યું કે આગબોટમાંથી માત્ર એક મછવો જ ઊતર્યો છે ને એ ઝડપથી કિનારા તરફ ધસી રહ્યો છે ત્યારે અપાર નિરાશાનું મોજું ફરી વળ્યું. મછવો કિનારાની રેતી સાથે ઘસાયો ન ઘસાયો ને તરત પાછો પાણીમાં ધકેલાઈ ગયો. એમાંથી એક માણસ ઊતર્યો હતો. એણે કંઈ કેટલાય સમય સુધી રૂમાલ ફરકાવ્યા જ કર્યો ને આગબોટ દેખાતી બંધ થઈ એ પછી જ કિનારાનો ઢોળાવ જેમતેમ ચડવા માંડ્યો. આગંતુકનો હવાલો જોડિયા ચોકીદારોએ સંભાળી લીધો. એ એને જનરલ કમાન્ડિંગ ઓફિસર પાસે લઈ ગયા. ત્યાં જે વાટાઘાટ થઈ એ અમને એટલી બધી મહત્ત્વની લાગે છે કે અમે એ આખી ને આખી અહીંયાં રજૂ કર્યા વિના રહી શકતા નથી.

'તમે કોણ છો ?' જનરલે પૂછયું. 'ને આ ટાપુ પર કેમ આવ્યા છો ?'

પેલો માણસ આ સવાલ સાંભળીને જરા મલકાયો.

'તમે જે કારણે આવ્યા છો એ જ કારણે, અત્યારે તમે ફિદેલિસ વેલન્તિનની સાથે વાત કરી રહ્યા છો એમ તમને ખબર પડશે કે તમને મારી વાત બરાબર સમજાઈ જશે.'

મિ.વેલન્તિનના સરળ શબ્દોની જનરલ પર એટલી તો પ્રચંડ અસર થઈ કે એવી અસર તો વજ્રપાતનીયે નહીં થઈ હોય. એ સડાક ઊભા થઈ ગયા ને પોતાના હરીફની સામે ટગરટગર જોવા માંડ્યા.

'તમે યુદ્ધ કર્યા વિના જ શરણે થવા આવ્યા છો ?'

'એથી ઊલટું,' સામાએ જવાબ આપ્યો. 'હું તો યુદ્ધ કરવા નાંગર્યો છું.'

જનરલે મુંઝાઈને ચારેકોર પોતાના અફસરો સામે જોઈ લીધું.

'તો મને કહેશો કે તમારું લશ્કર ક્યાં છે ?'

'મારું કોઈ લશ્કર નથી ?' સિગરેટ સળગાવતાં સળગાવતાં મિ. વેલન્તિને લહેજતથી જવાબ આપ્યો. સિગરેટ સળગાવતાં એમને તકલીફ તો પડી જ, કારણ કે બે બે દિવાસળી પછી છેક ત્રીજી દીવાસળી જ સળગી, જનરલ તો પોતાના વિચારમાં એટલા બધા ડૂબી ગયા હતા કે ઉશ્કેરાટનું કારણ એમના ધ્યાનમાં જ આવ્યું નહીં. બેચેન બનીને એમણે આમતેમ આંટા મારવા માંડયા ને એકાએક અજાણ્યાની સામે આવીને રૂક જાઓ કર્યું.

'હું ધારું તો તમને અબી હાલ આમ ગિરફતાર કરી લઉં.'

'બેશક. પણ સવાલ એટલો જ છે કે એથી તમારી નામના વધશે ખરી ?'

'એ જ મોકાણ છે ને !' પગ પછાડતાં પછાડતાં જનરલે રાડ પાડી. 'તમે ગજબનો કોયડો ઊભો કર્યો છે. એક નાગરિકને હરાવવા માટે આખા લશ્કરની શી જરૂર !'

'તદ્દન સાચું,' મિ. વેલન્તિને કહ્યું. 'બીજા શબ્દોમાં કહું તો એક નાગરિકથી પણ આવડા મોટા લશ્કરને હંફાવવાનું કેમ બની શકે ? બીજું કોઈ નહીં તો એને માટે એ કામ કપરું તો કહેવાય જ.'

જનરલે જવાબમાં કાંઈ જ કહ્યું નહીં. પણ મનમાં ને મનમાં લાંબા વખત સુધી ઊંડો વિચાર કર્યા કર્યો. એનું પરિણામ પણ સારું આવ્યું એ તો થોડી જ વારમાં સમજાઈ ગયું. એમનાં તંગ બનેલાં ભવાં પાછાં હતાં એવાં ને એવાં થઈ ગયાં ને એમનો ચહેરો હાસ્યથી ઝગમગી ઊઠ્યો.

'મિ.વેલન્તિન, જડી ગયો. ઉકેલ જડી ગયો. પણ એ પહેલાં છેલ્લામાં છેલ્લી વાર જવાબ આપો કે તમે તમારા બદનક્ષીભર્યા શબ્દો પાછા ખેંચી લેવા તૈયાર છો કે નહીં ?'

'જો પાછા ખેંચી લઉં તો મારી હેટ ખાઈ જવી, બોલો,' મિ. વેલન્તિન બોલી ઊઠ્યા. 'તમને કયો ઉકેલ જડી ગયો ?'

'આ જ કે મારું અરધું લશ્કર હું તમને સોંપી દઈશ ને એ રીતે આપણને માનભેર યુદ્ધ કરવાની તક મળશે. તમે બોલો એટલી જ વાર છે, લશ્કર તરત બે ભાગમાં વહેંચાઈ જશે.'

'ભલે, એને બે ભાગમાઘ્ન વહેંચી દો, અમે પેલી બાજુ પડાવ નાખીશું.'

આટલું કહીને મિ.વેલન્તિન તો ફલાંગ ભરતા ચાલવા માંડ્યા ને ખડકોની પાછળ અદૃશ્ય થઈ ગયા. એમનું લશ્કર દોડતું એમની પાછળ ગયું હતું. મિ. વેલન્તિને રૂક જાઓની બૂમ પાડી, અફસરોને પોતાની પાસે બોલાવ્યા ને તમામને એક દરજ્જો ઊંચે ચડાવી દીધા. આ રીતે એમને ખુશ કર્યા પછી એમણે પોતાની વ્યૂહરચના સમજાવીને એ તમામે એ આનંદભેર વધાવી લીધી.

એક નાનકડું લશ્કર દંડવ્યૂહમાં ગોઠવાઈ ગયું. એણે ગોળીઓની ભારે ઝડી વરસાવી ને એવી છાપ ઊભી કરી કે હુમલો સામેથી થઈ રહ્યો છે ને દુશ્મને તરત જ ધાર્યું હતું તેમ, તક ઝડપી લીધી. ને વેલન્તિનના લશ્કર પર પાંખિયો ધસારો કર્યો. પરંતુ આ આકરો ધસારો નિષ્ફળ નીવડ્યો. કારણ કે સામે તો માત્ર ખાલીખમ જગ્યા જ મોઢું વકાસીને ઊભી હતી. ને કમનસીબી તો એ હતી કે ધસારાને પરિણામે એ સીધાં ચઢાણ વચ્ચેની કોતરમાં આવી ગયું હતું ને પલક માત્રમાં એનો બહાર જવાનો રસ્તો દુશ્મને બંધ કરી દીધો હતો. અત્યારે શિખરો પરથી હજારો બંદુકોએ ઘેરાઈ ગયેલા યજમાન લશ્કર પર નિશાન તાક્યું હતું.

'તાબે થઈ જાઓ !' ખડકને કાંગરે આવીને મિ. વેલન્તિને બૂમ પાડી, નહીં તો ગોળીબાર કરવાનો હુકમ આપીશ.'

'તાબે તો નહીં જ થઈએ.' જનરલે સામી બૂમ પાડી.'તમે તમારી અણગમતી ફરજ બજાવો.'

મિ. વેલન્તિને માથું ધુણાવ્યું. થોડી વાર એ વિચારમાં ડૂબી ગયા ને પછી સહુ કોઈના અચંબા વચ્ચે એ ઊતર્યા ને સ્વમાની દુશ્મનની મોઢામોઢ ઊભા રહ્યા.

'તમને યાદ છે ને જનરલ.' એમણે સાવચેતીથી પૂછ્યું, 'કે આ યુદ્ધનું કારણ શું છે ?'

'બેશક દીવાસળીઓ.'

'ને યુદ્ધના આ કારણ વિષે તમારો મત શો છે ?'

'મિ. વેલન્તિન, હું મારી માભોમનો નિમકહલાલ બેટો છું.'

'સરસ. તો મારી એક દરખાસ્ત છે કે યુદ્ધનો નિકાલ કરવાની જવાબદારી આપણે યુદ્ધના કારણ પર છોડી દઈએ. જુઓ, મારી પાસે બોકસ છે એમાં સાન ત્રાહાનોની દીવાસળીઓ છે. હવે તમે એ એક પછી એક સળગાવો. જો દર બે દીવાસળીએ એક સળગે, તો હું તમારો કેદી. ને દર ત્રણ દીવાસળીએ એક સળગે તો તમારે તમારી જાતને મારા હાથમાં સોંપી દેવી. બોલો, આ શરત તમને અનુકૂળ છે ?'

'ના,' જનરલે કહ્યું, 'તો પણ હું એ મંજૂર રાખીશ, કારણ કે એ ખૂબ જ ઉદાર છે.'

બાજી શરૂ થઈને પૂરી થઈ ત્યારે ચુકાદો મિ. વેલન્તિનની તરફેણમાં આવ્યો. એક હરફેય ઉચ્ચાર્યા વગર જનરલે બકલ ખોલ્યું ને તલવાર વિજેતાના હાથમાં મૂકી, પરંતુ

વિજેતાએ તો એ તરત પાછી આપી દીધી. ભાઈચારો જાહેર કરતા ચુંબનથી દુશ્મનાવટનો અંત આવ્યો ને બંને સરસેનાપતિઓ હાથમાં હાથ ભેરવીને દરિયાકાંઠે ચાલ્યા.

પણ વાચકને સવાલ થશે કે જે કાંઈ બન્યું એની જાણ થઈ ત્યારે નૌકાકાફલા પર શી અસર થઈ ? એ વચમાં કૂદી પડ્યું નહીં ? મિ.વેલન્તિનની જીતનો સ્વાદ એણે ખાટો કરી નાખ્યો નહીં ? ના, એવું કાંઈ કહેતાં કાંઈ બન્યું નહીં. નૌકાકાફલો ટાપુની જિંદગીથી ત્રાસી ગયો હતો ને ઘરને દરિયે પહોંચી જવા અધીરો બન્યો હતો. એટલે એ તો એટલો બધો તાનમાં આવી ગયો કે અજાણ્યાને તાબે થતાં એને જરાય નાનમ લાગી નહીં. મિ.વેલન્તિન સ્ટીમરની સીડી ચડ્યા ત્યારે તોપોએ સલામી આપી. એમને હુકમ થતાં વેંત લંગર ઊંચકાઈને તૂતક પર ખડકાયાં ને નૌકાકાફલો ઘર ભણી વળ્યો.

સ્ટીમરોએ જેટલી ઝડપથી દરિયો ઓળંગ્યો એના કરતાંયે વધુ ઝડપથી આ અદ્‌ભુત ઘટનાના સમાચારે ઓળંગ્યો ને સાન ત્રાહાનો પહોંચી ગયા, ને શંકાકુશંકામાં પડેલી સરકારને ગમગીનીમાં ગરકાવ કરી દીધી. યુદ્ધ એટલું લાંબું ચાલ્યું હતું કે રાષ્ટ્રના મનમાં રહી રહીને સવાલ ઊઠતો હતો : આપણે જે કારણસર યુદ્ધ કર્યું છે એ કારણ વાજબી છે ખરું ? વીજળી વેગે એક પછી એક શેરીઓમાં લોકોનાં ટોળાં જમા થતાં જોવામાં આવ્યાં. દીવાસળીઓ સળગતી ગઈ ને લોકોને ખાતરી થતી ગઈ કે મિ. વેલન્તિન જરાય બદનક્ષીખોર નહોતા. સરકારની વિરુદ્ધ આવતી ફરિયાદો દિવસે દિવસે વધુ ને વધુ ઝનૂની બનતી ગઈ, ને દુ:ખની વાત તો એ હતી કે લોકો હવે સરકારને માત્ર હલકી દીવાસળીઓ માટે જ નહી, પણ રુશ્વતખોર અધિકારીઓ ને સડેલા તંત્ર માટે પણ જવાબદાર ગણવા માંડી.

ને એક દિવસ મિ. વેલન્તિનનો કાફલો તો બારામાં આવી પહોંચ્યો ને એની એક તોપનો એક ગોળો પ્રમુખ નામદારને ઉથલાવી પાડવા માટે બસ થઈ પડ્યો. ઘટનાનો ક્રમ તપાસીએ તો તદ્દન વાજબી હતું ને વળી આખાયે રાષ્ટ્રે એકીઅવાજે મંજૂર કર્યું હતું. કે રાષ્ટ્રના ભાવિનું સુકાન તો મિ.વેલન્તિને જ સંભાળવું જોઈએ. એમણે પણ છેક પોતાના મૃત્યુ સુધી, પાકાં આઠ વર્ષ રાષ્ટ્રનો કારોબાર ભારે દૂરંદેશીથી સંભાળ્યો, ને એક વાતની તો ખાસ કાળજી રાખી કે બીજુ બધું તો ઠીક, પણ દીવાસળીઓ તો જેવી હોવી જોઈએ એવી જ હોવી જોઈએ. લોકો એ દીવાસળીઓને વેલન્તિનો એવા લાડકા નામથી ઓળખતા. એ સળગાવવી એટલી તો આસાન હતી કે કોઈને ક્યારેય નિરાશ કરતી જ નહીં. આજે પણ એને એ જ નામે ઓળખવામાં આવે છે ને સાન ત્રાહાનોમાં જે કોઈ પગ મૂકે છે એ બધા એનાં વખાણ કરે છે તે સમજી વિચારીને જ કરે છે.

અનુઃ નીતિન મહેતા, જયંત પારેખ

ધરતીકંપ

એન્તન ચેખોવ

માશેન્કાએ અભ્યાસ પૂરો કર્યો કે તરત જ એ કુશ્કીન પરિવારનાં બાળકોની ગર્વર્નેસ તરીકે કામે રહી ગઈ હતી. આજે એ ફરીને ઘેર પાછી આવી ને જુએ તો આખા ઘરમાં કંઈક ધમાચકડી મચી ગઈ છે. દરવાન મિહાઈલોએ એને માટે દરવાજો ઉઘાડ્યો ત્યારે એનું મોં લાલચોળ હતું. ઉપલે માળે બૂમાબૂમ સંભળાતી હતી.

'મેડમ કુશ્કિનને કાં વાઈ આવી છે, કાં ધણી સાથે ઝઘડો થયો છે.' માશેન્કાએ ધાર્યું.

અને સામે ઘરની બાઈનોકરો મળી. એક રડતી હતી ત્યાં તો માશેન્કાએ ખુદ શેઠને જ પોતાની રૂમમાંથી બહાર દોડી જતો જોયો. નિકોલાઈ ઝીણકો સરખો માણસ હતો. એનો ચહેરો લબડી ગયેલો હતો ને હજી ઘડપણને વાર હતી તોયે માથે તાલ દેખાતી હતી. અત્યારે તો એનો ચહેરો લાલઘૂમ હતો ને થરક થરક થતો હતો. માશેન્કાની પડખે થઈને એણે દોટ મૂકી પણ એણે એને જોઈ જ નહીં. હાથ ઊંચા કરીને એણે બૂમ પાડી : 'ભયંકર ! ભયંકર ! કેવી મૂર્ખાઈ ! કેવી બાઘાઈ ! તદ્દન જંગલી ! છટ્ છટ્ ! '

માશેન્કા એની રૂમમાં ગઈ અને ત્યારે જિંદગીમાં પહેલી વાર એને પરાધીન માણસોને કપાળે લખાયેલો કડવો અનુભવ થયો. પૈસાવાળા ને સત્તાવાળા લોકોની મહેરબાનીનો રોટલો ખાનાર આશ્રિત માણસોને એ મોં દઝાડતો ઝેરનો ઘૂંટડો ગળી જ જવો પડે છે. અક્ષરેય બોલાતું નથી. એની રૂમની જડતી લેવાતી હતી. ઘરની માલકણ ફેડોસ્યા ભીમકાય, બેવડ કાઠાની, અસંસ્કારી સ્ત્રી હતી. એની ભમરો કાળી ને ઘાટી હતી, મોંએ સહેજ મૂછનો દોરો હતો. હાથ લાલ હતા. ચહેરેમહોરે ને ઢબછબમાં તદ્દન અભણ રસોઈયણ જેવી લાગતી. એ શેઠાણી માશેન્કાના ટેબલ પાસે ઊભી ઊભી એની બેગમાં ઊનના દડા, કાપલાં ને સોયા પાછા ભરતી હતી....ગવર્નેસ ઓચિંતી આવી ચઢી એનાથી એ હેબતાઈ ગઈ હતી તે સાવ સ્પષ્ટ હતું. માશેન્કાનો ધોળોભખ પડી ગયેલો ને ડોળા ફાટી ગયેલો

ચહેરો જોઈને માલકણ લેવાઈ ગઈ અને બબંડી, 'દિલગીર છું....મારાથી અકસ્માત આ ઊંધી વળી ગઈ... મારી બાંયમાં ભરાઈ ને....'

અને બીજું કંઈક બબડીને મેડમ કુશ્કિન એના લાંબા ઘેરદાર ઘાઘરાને સળસળાવતી એ રૂમમાંથી બહાર નીકળી ગઈ. માશેન્કાએ દિગ્મૂઢ થઈ ગયેલી એની આંખો ઓરડીમાં ચોમેર ફેરવી. આ બધું શું છે, તે એ કાંઈ સમજી શકી નહીં. આમાં શું ધારવું તે સમજાયું નહીં એટલે એણે આશ્ચર્યથી ભવાં હલાવ્યાં ને હતાશાથી એનું હૈયું ઠરી ગયું. માલકણ ફેડોસ્યા એની બેગમાં શું શોધવા ખાંખાંખોળાં કરતી હતી ? એણે કહ્યું તેમ જો ખરેખર જ એની બાંય ભરાઈને બેગ ઊંધી પડી ગઈ તો પછી નિકોલાય શેઠે શું કામ હાવરાબાવરા લાલચોળ ચહેરે એના રૂમમાંથી બહાર દોટ મૂકી ? એના ટેબલનું એક ખાનું શું કામ અડધું બહાર ખેંચી કાઢેલું હતું ? એની પૈસાની પેટી, જેમાં એ ટિકિટો પણ મૂકતી તે ઉઘાડી પડી હતી. એમણે એ ખોલી હતી ખરી પણ પછી તાળું બંધ કરતાં ફાવ્યું નહોતું લાગતું, એની રફેદફે ચોપડીઓ, અસ્તવ્યસ્ત પથારી, ટેબલ પરની અવળસવળ ચીજો, તમામ ઠેકાણે જડતીના તાજા પુરાવા પડેલા હતા. એનાં કપડાંના પણ એ જ હાલ હતા તો કપડાં પાછાં ગડીઓ વાળીને ગોઠવેલાં હતાં. પણ માશેન્કાએ જે ક્રમમાં મૂકેલાં તે ક્રમમાં નહોતાં, ઊધાંચત્તાં થઈ ગયાં હતાં. મતલબ કે જડતી તળિયાઝાટક લેવાઈ હતી. એકદમ સખત તલાશી.

પણ શેને માટે ? શું કામ ? થયું શું હતું ? માશેન્કાને દરવાનનો બાવરો ચહેરો યાદ આવ્યો.

એક બાઈનોકર રૂમમાં આવી.

'લીઝા, એ લોકો મારી રૂમમાં શું કામ બધું ફેંદાફેંદ કરે છે તને નથી ખબર કે ?' ગવર્નેસે એને પૂછયું.

'માલકણનો બે હજારની કીમતનો બ્રુચ ખોવાઈ ગયો છે.' લીઝા બોલી.

'ખરું, પણ મારી રૂમ શું કામ ફેંદે ?'

'એ લોકો બધાની જ તલાશી લે છે, બેન. મારી તેમાં બધી વસ્તુઓ પણ તળેઉપર કરી ગયા. અમારાં તો અંગ પરનાં તમામ કપડાં ઉતારીને તલાશ લીધી....ભગવાન સાક્ષી છે, બેન, હું એના શણગારના ટેબલ પાસેય કદી ગઈ નથી. બ્રુચને આંગળી અડાડવાની વાત તો દૂર રહી. હું તો પોલીસથાણે પણ એ જ વાત કહીશ...'

'પણ...એ લોકો અહીં શું કામ બધું ફેંદતાં હતાં ?' ગવર્નેસને હજી આશ્ચર્ય એ જ થતું હતું.

'મેં કહ્યું ને ! બ્રુચ ચોરાયો છે. માલકણ એકેએક ઠેકાણે પોતાને હાથે જ બધું ફેંદે છે, મિહાઇલો દરવાનની પણ એણે પોતાને હાથે જ તલાશી લીધી. સો ટકા બદનામી કહેવાય ! ને નિકોલાઈ શેઠ તો કશું કરતા નથી, જોયા કરે છે ને મરઘીની જેમ કોક કોક કરતા દોડાદોડ કર્યા કરે છે. પણ બેન, તમારે આમ થર થર ધ્રૂજવાની કશી જરૂર

નથી. એમને અહીંથી કશું જ હાથ લાગ્યું નથી, તમે જો બ્રુચ ન લીધો હોય, તો તમારે બીવા જેવું કશું જ નથી.'

'પણ લીઝા, આ તે નીચતા છે....અપમાન છે,' માશેન્કાએ કહ્યું. ક્રોધથી એનો શ્વાસ ભરાઈ આવ્યો હતો. 'કેવી નીચતા ! કેવું હલકટ ! મારા પર વહેમ લાવવાનો ને મારી ચીજો ફેંદવાનો એને શો હક છે ?'

'અહીં તમે પરાયે ઘેર રહો છો,' લીઝાએ નિસાસો મૂક્યો. 'તમે જોકે જુવાન, કુળવાન ઘરના બેન-બેટી છો, છતાં તમે....જાણે કે....નોકર છો...આ કાંઈ માબાપને ઘેર રહેતાં હોઈએ એવું તો થોડું જ છે ?'

માશેન્કાએ એની પથારી પર પડતું મૂક્યું અને કડવાં ડૂસકાં ભરવા લાગી. એની જિંદગીમાં કદી એના પર આવો જુલમ નહોતો ગુજર્યો, એનું આવું ગંભીર અપમાન નહોતું થયું... પોતે ભણેલીગણેલી સંસ્કારી, એક શિક્ષકની દીકરી અને એને માથે ચોરીનો વહેમ ? જાણે બજારુ બૈરી હોય તેમ એની જડતી લેવાય ? આથી મોટા અપમાનની એને તો કલ્પના નહોતી આવતી. વળી આ ઘામાં મીઠા જેવો વિચાર તો એ ચચરતો હતો હજી તો બીજું શું થશે ? એના મનમાં તરેહવાર અર્થહીન કલ્પનાઓના ઘોડા દોડવા લાગ્યા. એના પર એ લોકો ચોરીનો વહેમ લાવી શક્યા, તો પછી એને અટકમાં પણ લઈ શકે, નવસ્ત્રી કરીને તલાશીયે લઈ શકે, સિપાઈઓ સાથે રસ્તા વચ્ચે પણ ચલાવે, ચાંચડ-માંકડથી ખદબદતી અંધારી કોટડીમાં પણ નાંખે. બરાબર વાર્તામાં આવે છે તેમ કોણ એની વહારે ધાવાનું ? એનાં માબાપ તો દૂર દેશાવર પડ્યાં હતાં. એમની પાસે તો અહીં સુધી આવવા જેટલાં ફદિયાં જ ક્યાં હતાં ? પાટનગરમાં એનું કોણ રણીધણી ? એને માટે તો પાટનગર વેરાન વગડા જેવું જ હતું, ના મળે સગુંવહાલું કે ના મળે કોઈ ભાઈબંધ દોસ્તાર. એમને ફાવે તો એને ગરદન મારે, કોઈ પૂછનાર નહોતું.

'હું એકેએક વકીલને ત્યાં ફરી વળીશ, એકેએક અદાલતના દરવાજા ખખડાવીશ.' માશેન્કાએ ધ્રૂજતાં ધ્રૂજતાં નિર્ધાર કર્યો, 'હું એમને બધું સાફસાફ સમજાવીશ. સોગંદ લઈને જે તે કહીશ...હું ચોર હોઈ જ ન શકું એટલું તો એ લોકો માનશે.'

ત્યાં માશેન્કાને યાદ આવ્યું કે એની ટોપલીમાં નીચેના કાગળ તળે એણે થોડી મીઠાઈના ટુકડા સંતાડ્યા હતા. નિશાળમાં ભણતી ત્યારની આદત મુજબ ભોજન સમારંભમાંથી થોડાક ટુકડા ખિસ્સામાં સેરવી લઈને એ પોતાની રૂમમાં લઈ આવી હતી. એનું આખું ડિલ ધગી આવ્યું, એની આ વિસાત વગરની છાની આદતની ઘરમાલકણને ખબર પડી ગઈ એથી એને શરમના માર્યા ધરતીમાં સમાઈ જવા જેવું લાગ્યું. આ બધા ત્રાસ, શરમ ને અપમાનના ઘાથી એની છાતીમાં ધડકારાનો હુમલો આવ્યો. એનાં લમણાં ફટકવા લાગ્યાં. પેટમાં ઊંડો ધ્રાસ્કો પડ્યો.

'ભોજન તૈયાર છે.' નોકરે આવીને માશેન્કાને કહ્યું.

'જાઉં કે ન જાઉં ?'

માશેન્કાએ વાળ ઓળ્યા, ટુવાલ ભીંનો કરી મોં લૂછ્યું અને ભોજનખંડમાં દાખલ થઈ. એ લોકોએ ક્યારનુંયે શરૂ કરી દીધું હતું. ટેબલને એક છેડે ફેડોસ્યા એનો બાઘો ચહેરો ભારેખમ કરીને બેઠી હતી. સામે છેડે નિકોલાઈ શેઠ હતો. પડખે મહેમાનો અને બાળકો હતાં. સફેદ ડગલા ને સફેદ હાથમોજાં પહેરેલા બે નોકરો ડીશો ફેરવતા હતા. એકેએક જણ જાણતું હતું કે ઘરમાં ધરતીકંપ થયો હતો. મેડમ કુશ્કીન મુસીબતમાં હતી અને એટલે દરેક જણ મૂંગું મૂંગું ખાતું હતું. ચમચા-પ્લેટોનો ખખડાટ અને ચાવવાના અવાજ સિવાય બીજું કશું જ સંભળાતું નહોતું.

ઘરની માલકણે પોતે જ બોલવાની પહેલ કરી.

'ત્રીજી વાનગી શી છે આજે ?' એણે નોકરોને કંટાળાભર્યા અવાજે પૂછ્યું.'

નોકરે જવાબ આપ્યો. વાનગી માલકણને નાપસંદ હતી.

'મેં એ બનાવવા કહ્યું હતું,' નિકોલઈએ ઝટઝટ ખુલાસો કર્યો. 'તને ન ગમે, ડિયર, તો ન મંગાવતી. મેં તો ફક્ત એટલા માટે બનાવવા કહેલું કે...'

ફેડોસ્યાને પોતે ફરમાવી ન હોય એવી કોઈ વાનગી કદી ભાવતી નહીં. અને એટલે હવે તો એની આંખ આંસુથી ઊભરાઈ ચાલી.

'બસ બસ. જુઓ આપણે હવે બહુ ક્ષોભને વશ ન થવું ઘટે.' માલકણનો ડોક્ટર માનિકોવ મધમીઠા અવાજે બોલ્યો. અને એથીયે વધુ મધમીઠું સ્મિત વેરતાં એણે ઉમેર્યું : 'આપણા જ્ઞાનતંતુ આમેય પૂરતા ઉત્તેજિત છે જ. બ્રુચને હવે વિસારે પાડીએ. બે હજાર રૂબલ કરતાં આપણું સ્વાસ્થ્ય અવશ્ય વધુ મૂલ્યવાન છે.'

'હું શું એ બે હજારને રડું છું ?' માલકણ બોલી. ને એના ગાલ પર એક મસમોટું આંસુ દદડ્યું. 'મુદ્દે એ ચોરાયો એ વાતથી મારો જીવ ચૂંથાય છે. મારા ઘરમાં ચોર હોય એ મારાથી વેઠાય તેમ નથી, બે હજારની મને કંઈ પડી નથી, પણ મારા ઘરમાં ચોરી કરી ? કેવી નમકહરામી ! મારી દયામાયાનો આવો બદલો આપે છે...'

બધાં પોતપોતાની પ્લેટોમાં આંખ ચોંટાડીને ગૂમસૂમ થઈ ગયાં. પણ માશેન્કાએ ઊંચું જોયા વિના જ મનમાં ને મનમાં ધારી લીધું કે માલકણના શબ્દો પછી બધા એની સામે જ તાકી રહ્યાં હતાં. એના ગળામાં ડૂમો ભરાયો, એની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં ને એણે રૂમાલ મોંએ દાબ્યો.

'માફ કરજો,' એ બબડી. 'મારાથી બેસાતું નથી. મારું માથું દુ:ખે છે. હું જાઉં છું,'

અને ટેબલ પરથી ઊઠીને જેમતેમ ખુરશી ખસેડતી એ ઝટપટ બહાર નીકળી ગઈ. એના મૂંઝારાનો પાર નહોતો.

'હદ થઈ ગઈ, હદ થઈ ગઈ !' નિકોલાઈ મોં બગાડીને બોલી ઊઠ્યો. 'એના રૂમની જડતી લેવાની શી જરૂર હતી ? કેવું અણછાજતું થયું એ બધું ?'

'એણે જ મારો બ્રુચ લીધો છે એવું હું નથી કહેતી,' ફેડોસ્યાએ કહ્યું, 'પણ એણે નથી

જ લીધો એના જામીન તમે થાવ છો ? સાચું કહું તો મને આ ભણેલા ભિખારીઓમાં બહુ વિશ્વાસ નથી પડતો.'

'એ ખરેખર ખોટું જ થયું છે, ફેન્યા....મને માફ કરજે, પણ તને તલાશી લેવાનો કશો કાયદેસર હક નથી.'

'તમારા કાયદાફાયદાને જાણે મારી બલા. હું તો એટલું જાણું કે મારો બ્રુચ ચોરાયો છે. ને હું બ્રુચને શોધીશ ત્યારે જ જંપીશ !' એણે એનો કાંટો જોરથી પ્લેટ પર પછાડ્યો અને એની આંખો ગુસ્સો વેરી રહી. 'તમે તમારે ભોજન ઝાપટ્યા કરો ને જે બાબતમાં તમને રસ ન હોય તેમાં માથું મારવાનું છોડી દો !'

નિકોલાઈએ નરમ પડી જઈ ને નજર નીચે ઢાળી લીધી ને નિસાસો મૂક્યો. દરમ્યાન માશેન્કાએ એની રૂમમાં જઈને પથારીમાં શરીર ફંગોળ્યું હતું. હવે એને નહોતી શરમ. એના દિલમાં એક જ આવેશ ઊભરાતો હતો : પેલી હૈયાસૂની, ગુમાની, અક્કલની ઓથમીર, પૈસાદાર માલકણના ડાચા પર બે ધોલ ચોઢી કાઢું.

પથારીમાં ઊંધે મોંએ પડી પડી એ ઓશીકામાં ભારે ભારે શ્વાસ છોડતી હતી ને જુસ્સાદાર સપનાં જોતી હતી : મોંઘામાં મોંઘો બ્રુચ ખરીદી લાવીને પેલી જેને તેને હડછડ કરનારી બૈરીના મોં પર પછાડ્યો હોય તો કેવી ટાઢક થાય ! ભગવાન કરે ને ફેડોસ્યાનું ધનોતપનોત નીકળી જાય ને ભીખનાં હાંલ્લાં ચાટવા એને વારો આવે. એને ભગવાન ગરીબના ને પારકે આશરે જીવવાના કડવા ઘૂંટડા પીવડાવે. ભગવાન માશેન્કાને એવો દહાડો દેખાડે કે એ પેલીને ભીખના ટુકડા નાખે ! આહ, એના હાથમાં એકાદો દલ્લો આવી જાય ને, તો એ જરૂર એક ઝળહળાટ બગ્ગી ખરીદીને રોફબંધ ધમધમાટ કરતી એ બૈરીની બારી પાસેથી પસાર થાય ! ભલે એ મૂઈ બળીબળીને ખાખ થઈ જતી !

પણ આ તો બધા શેખચલ્લીના તરંગો હતા. ખરેખર નક્કર ધરતી પર તો એને માટે એક જ કામ કરવાજોગ રહ્યું હતું—જલ્દીમાં જલ્દી આ જગા છોડીને જતા રહેવું. વધુ એક કલાક પણ અહીં રહેવું નહીં. એ વાત ખરી કે આ નોકરી છોડવી એટલે માથે આફત વહોરી લેવી, મા-બાપને ઘેર પાછા ગામડા ભેગા થઈ જવું ને એમની બાપડાની પાસે ફૂટી કોડીય ક્યાં હતી ? પણ બીજું થઈ શું શકે ? માશેન્કાથી હવે ઘરમાલકણનું ડાચું નાંખી નજરેય જોવાય તેમ નહોતું ને આ રૂમ પણ એને ખાવા ધાતી હતી. અહીં એનો જીવ ગૂંગળાતો હતો, બધું ખારું ઝેર લાગતું હતું. ફેડોસ્યાના મનમાં એની અમીરીની કાંઈ રાઈ હતી કાંઈ રાઈ, ને કાયમ બાઈસાહેબ માંદા ને માંદા – મનથીસ્તો ! માશેન્કાને એ માલકણનો વિચાર કરતાં જ ઊબકા આવતા હતા. એના જેવા ભૂંડાભખ જીવ આ દુનિયામાં રહેતા હતા એટલેય તો માશેન્કાને આ આખીયે દુનિયા બરછટ ને ચીતરી ચડે તેવી લાગતી હતી, માશેન્કા એકદમ કૂદકો મારીને પથારીમાંથી ઊભી થઈ ગઈ ને સામાન બાંધવા લાગી.

'અંદર આવું કે ?' નિકોલાઈએ બારણે ટકોરો કર્યો. એ બિલ્લીપગે બારણે આવ્યો હતો. 'આવું કે ?'

'આવો.'

એ અંદર આવીને બારણાં પાસે જ થંભી ગયો. એની આંખોએ ઝાંખ વળેલી લાગતી હતી ને એના નાકનું લાલ ટીચકું ચળકતું હતું. ભોજન પછી એને બીઅર લેવાની ટેવ હતી ને તે વાતની એની ચાલ ને એની ભીની ગાભા જેવી હથેળીઓ ચાડી ખાતી હતી.

'આ શું કરે છે ?' એણે સામાન તરફ આંગળી કરીને પૂછ્યું.

'સામાન બાંધું છું, નિકોલાઈ શેઠ મને માફ કરો, હું તમારા ઘરમાં નહીં રહી શકું, આ જડતીથી મારા દિલના ઊંડાણમાં મને ખૂબ અપમાન લાગ્યું છે.'

'હું સમજું છું...ફક્ત જતા રહેવાની તારી વાત અયોગ્ય છે..... શા માટે તું જાય ? એમણે તારી પેટીઓ તપાસી, પણ તું....એમાં તારું એવું તે શું બગડી ગયું ? જડતીથી કાંઈ તારા મોભાને આંચ નથી આવવાની.'

માશેન્કા મૂંગી સામાન બાંધતી રહી. નિકોલાઈએ મૂછ કરડી, કેમ જાણે આગળ શુ કહેવું તેની મૂંઝવણમાં ન હોય, અને તોય લબાલબ ખુશામતથી ભરેલા અવાજે એણે આગળ ચલાવ્યું, 'અલબત હું તારી લાગણી સમજું છું, પણ તારે જતું કરવું રહ્યું. તું તો જાણે જ છે મારી પત્નીનો મિજાજ કેવો છે તે, એ માથાની ફરેલ છે. પણ તારાથી કાંઈ એની સામે બહુ સખત ન થવાય.'

માશેન્કા કશું ન બોલી.

'તને જો એટલું બધું ખોટું લાગ્યું હોય તો,' નિકોલાઈએ ચલાવ્યું, 'અચ્છા, તારી એવી જ ઇચ્છા હોય તો હું ક્ષમા માગવા તૈયાર છું, હું તારી માફી માંગું છું.'

માશેન્કાએ જવાબ ન આપતાં પોતાની પેટી પર હજી વધુ માથું ઝુકાવી લીધું. આ થાકેલો, નિર્ણયશક્તિ વિનાનો માણસ આ ઘરમાં કશી જ વિસાતનો નહોતો. એ પોતે જ આશ્રિત અને માથે પડેલા માણસની દયનીય દશામાં જીવતો હતો. નોકરો સાથે પણ એની એ જ દશા હતી એની માફીનો કશો અર્થ જ નહોતો.

'હં....તું કાંઈ જ બોલતી નથી ! તને એટલું બસ નથી. ઠીક તો, હું મારી પત્ની વતી માફી માગું છું, મારી પત્નીને નામે....એણે અવિવેકી વર્તન કર્યું છે. એ હું એક સદ્‌ગૃહસ્થ તરીકે કબૂલ કરું....'

નિકોલાઈ રૂમમાં આંટા મારવા લાગ્યો. એણે એક નિસાસો મૂક્યો ને આગળ ચલાવ્યું : 'તો તારે આ વાત મને ખૂંચતી જ રાખવી છે, અહીં મારા કલેજામાં, એમ ને ?....મારો આત્મા મને ડંખ્યા કરે એવી તારી ઇચ્છા છે....'

'નિકોલાઈ શેઠ, એમાં તમારો કશો વાંક નથી, એ હું જાણું છું.' માશેન્કાએ એની અશ્રુભીની આંખો શેઠના ચહેરા પર ઠેરવીને કહ્યું. 'તમે શું કામ વ્યગ્ર થઈ જાવ છો ?'

'અલબત્ત નહીં....પણ તોય, તું...જતી ન રહે. હું ...તને વિનવું છું.'

માશેન્કાએ માથું ધુણાવ્યું, નિકોલાઈ બારી પાસે જઈને થોભી ગયો અને કાચ પર આંગળીનાં ટેરવાંથી નગારી વગાડવા લાગ્યો.

'આવી ગેરસમજણો મારા માટે ખરેખર ત્રાસરૂપ થઈ જાય છે.' એણે કહ્યું. 'શું તારી એવી ઇચ્છા છે કે હું તારી પાસે ઘૂંટણિયે પડું ? તારું અભિમાન ઘવાયું છે. અને અહીં તું છે ને જવા માલસામાન બાંધે છે, પણ અભિમાન મારેયે છે, અને તું તો એની જરાયે દરકાર નથી કરતી ! કે પછી છેલ્લા એકરાર વખતે પણ જે ન કહું તે તારે મારે મોંએ કઢાવવું છે ? તારી એવી જ ઇચ્છા છે ? જો, મરણપથારી પર પણ હું પાદરીને જે નહીં કહું તે તારે મારી પાસે સાંભળવું છે, એમ ને ?'

માશેન્કાએ કશો જવાબ ન વાળ્યો.

'મેં મારી પત્નીનો બ્રુચ લીધો હતો,' નિકોલાઈએ ઝટપટ કહી નાંખ્યું, 'બસ હવે તો બસ ને ? સંતોષ થયો ? હા, મેં એ લીધો હતો...પણ જા, હું તારી વિવેકબુદ્ધિ પર વિશ્વાસ રાખીને આ કહું છું....ભગવાનને ખાતર આ વાતનો ઇશારો સરખો કોઈને ન કરતી.'

માશેન્ક સાંભળીને હેબતાઈ ગઈ ને ઝટપટ સમાન બાંધતી રહી, આમતેમ ઝપટ મારીને એ ચીજવસ્તુઓ ભેગી કરીને ગમેતેમ ડૂચા વાળીને એની પેટી અને ટોપલીમાં ભરતી હતી. નિકોલાઈએ આ જે સાફ દિલનો એકરાર કર્યો તે પછી એ એક મિનિટ આ ઘરમાં રહી શકે તેમ નહોતું, અરે આટલો વખત એ પોતે અહીં કેમ કરીને ટકી રહી તેની જ એને સમજ પડતી નહોતી.

'અને એમાં નવાઈ પામવા જેવું કાંઈ નથી,' નિકોલાઈએ થોડું અટકીને પાછું એની દાસ્તાન આગળ ચલાવી. 'આ તો રોજિંદી ઘટમાળ છે ! મને પૈસાનો ખપ પડે છે અને એ મને....આપતી નથી. તને તો ખબર જ છે કે આ ઘરબાર બધું મારા બાપને પૈસે ખરીદેલું છે. એ તમામ મારું છે. અને બ્રુચ પણ મારી માનો હતો, અને ...એ બધું મારું છે ! છતાં એણે લઈ લીધું, બધા પર પોતાનો કબજો કરી લીધો...હું કાંઈ એના પર દાવો માંડવા જઈ ન શકું, ખરું ને ?...એટલે તારી સામે ખોળો પાથરું છું, આટલી વાત જતી કર...અહીં જ રહે. ગઈ ગુજરી ભૂલી જા ને ભૂલને દરગુજર કર. રહીશ ને ?'

'ના !' માશેન્કાએ મક્કમ અવાજે કહ્યું. એનું શરીર કાંપતું હતું. 'મને મારે કરવું છે તેમ કરવા દો, મારે જરા કામ છે, તમે જરા કૃપા કરીને બહાર જશો કે ?'

'અચ્છા, ભગવાન તારું ભલું કરે !' નિકોલાઈએ નિસાસો મૂક્યો ને પેટી પાસે જ એક સ્ટૂલ પર બેસી પડ્યો. 'મારે કબૂલ કરવું જોઈએ કે હજી પણ જે લોકો માઠું લગાડી શકે છે. તિરસ્કાર અનુભવી શકે છે, એ લોકો મને ગમે છે. હું સદાકાળ માટે અહીં બેઠો બેઠો બસ તારો ક્રોધભર્યો ચહેરો જોયા જ કરું, જોયા જ કરું.... તો તું નહીં જ રહે, એમ ને ? હું સમજું છું.... ઠીક છે...તારે માટે તો તે બરાબર છે, પણ મારે માટે, -— ઉફ!... હું આ ભંડકિયામાંથી એક ડગલું પણ બહાર માંડી શકું તેમ નથી. હું અમારી એકાદી જાગીરમાંયે છટકી જાઉં, પણ એકેએક જગ્યાએ મારી પત્નીએ મૂકેલા કોઈ ને કોઈ ચોટ્ટા છે જ.....જહન્નમમાં જાય એ બધાંય ! એ લોકો સળંગ જાગીરો ગિરે મૂકે

છે ને છોડાવે છે ને પાછી ગિરે મૂકે છે...એમને બીજો ધંધો જ નથી...અહીં માછલી ના પકડશો, ઘાસ ના ખૂંદશો, ઝાડ ના તોડશો ! માણસ શું પોતાની જાગીરમાંય કાંઈ ન કરે ?'

'નિકોલાઈ !' એની પત્નીના દીવાનખાનામાંથી બૂમ સંભળાઈ. 'અગ્નિયા, તારા શેઠને બોલાવ તો !'

'તો તું નહીં જ રહે કે ?' નિકોલાઈએ ઝટપટ ઊભા થઈ જતાં પૂછયું, ને પૂછતાં પૂછતાં જ એણે બારણા તરફ ડગલાં માંડ્યાં. 'તું રહે તો ખરેખર કેટલું સારું ? સાંજે સાંજે હું તારી પાસે આવીને થોડો થોડો વખત કંઈક વાતોચીતો કરી શકું. કેમ ? રહે ને ! તું જતી રહીશ તો પછી આ ઘરમાં એકે માણસાઈવાળું મોં જોવા નહીં જડે. શી દુર્દશા છે !'

નિકોલાઈનો ફીકો થાકભરેલો ચહેરો એની સામે આર્જવથી મંડાઈ રહ્યો, પણ માશેન્કાએ માથું ધુણાવ્યું અને હાથ હેઠે ઝાટકીને શેઠ બહાર નીકળી ગયો.

અડધા કલાક પછી એ એને રસ્તે પડી ચૂકી હતી.

અનુ. પ્રબોધ ચોકસી

વિદેશિની-૨

કેનેરી

અર્નેસ્ટ હેમિન્ગ્વે

એક લાંબા, લાલ પથ્થરના મકાન આગળથી ટ્રેન ખૂબ ઝડપથી પસાર થઈ ગઈ. એ મકાનને પોતાનો બગીચો હતો; અને તેનાં તાડવૃક્ષોની છાયામાં એક ટેબલ પડેલું હતું. મકાનની બીજી બાજુ સમુદ્ર હતો. લાલ પથ્થર અને માટીનું પોલાણ હતું અને તેમાંથી ખડકની નીચેના ભાગમાં કેવળ અવારનવાર અથડાતો સમુદ્ર દેખાતો હતો.

અમેરિકન સન્નારી બોલ્યાં : 'હું એને પાલેરમોથી ખરીદી લાવી છું. અમે માત્ર એકાદ કલાક દરિયાકિનારે રહ્યાં હોઈશું. રવિવારની સવાર હતી. એ માણસ તો ખૂબ બધા ડૉલર માગતો હતો, પણ મેં એને દોઢ જ ડૉલર આપ્યો. ખૂબ સુંદર ગાય છે આ.'

ટ્રેનમાં ખૂબ ગરમી હતી, અને આ સલૂનમાંય તે ખૂબ જ ગરમી હતી. ખુલ્લી બારીમાંથી પવન આવતો હતો. અમેરિકન સન્નારીએ બારીનું વાછોટિયું ભીડી દીધું અને અવારનવાર દેખાતો સમુદ્ર પણ બંધ થઈ ગયો. બીજી બાજુ પર કાચ હતો, અને પછી વરંડો અને ત્યાર બાદ ખુલ્લી બારી હતી. એ ખુલ્લી બારીમાંથી ધૂળવાળાં વૃક્ષો, તેલિયા રસ્તાઓ તથા દ્રાક્ષનાં ખેતરો અને એની પાછળના ભૂરા પથ્થરિયા પહાડો દેખાતા હતા.

માર્સેલ્સમાં પ્રવેશતાં ઊંચી ચીમનીઓમાંથી નીકળતા ધુમાડા દેખાતા હતા. ટ્રેન ધીમી પડી અને સ્ટેશન ભણીના અનેક પાટાઓમાંથી એક પર સરકી ગઈ. માર્સેલ્સ સ્ટેશને ટ્રેન પચ્ચીસ મિનિટ ઊભી રહી અને અમેરિકન સન્નારીએ 'ડેઇલી મેલ'ની એક નકલ તથા 'ઇવિયન' પાણીની અરધી બાટલી ખરીદ્યાં. સ્ટેશનના પ્લેટફોર્મ પર ઊતરી એમણે ડગલાં ભર્યાં, પણ ગાડીનાં પગથિયાં આગળ જ ઊભા રહી ગયાં. કેમ કે કેન્સ સ્ટેશને ગાડી બાર મિનિટ ઊભી હતી અને સીટી વગાડ્યા વિના જ ઊપડી હતી, અને એમને જેમ તેમ ચઢી જવું પડ્યું હતું. અમેરિકન સન્નારી જરાક બહેરાં હતાં અને એમને ભય હતો કે ઊપડવાની સીટી પોતે સાંભળશે જ નહીં !

ગાડી ઊપડી. હવે કેવળ સ્વીચયાર્ડ અને કારખાનાંના ધુમાડા જ નહિ, પાછળ દૃષ્ટિ

કરતાં, માર્સેલ્સની નગરી તથા પથ્થરિયા પહાડોને પીઠ ધરીને ઊભેલું બંદર અને દરિયાનાં પાણી ઉપરનાં છેલ્લાં સૂર્યકિરણો પણ દેખાતાં હતાં. અંધારું પથરાતું હતું, ત્યારે એક ખેતરમાં બળતા મકાન આગળથી ટ્રેન પસાર થઈ. રસ્તા આગળ મોટરો રોકી દેવામાં આવી હતી, અને બળતા મકાનમાંથી પથારીનો વીંટો તથા બીજી બહાર કાઢેલી ચીજો ખેતરમાં પડેલી હતી, ઘણા બધા લોકો બળતું મકાન જોઈ રહ્યા હતા.

અંધારું પથરાઈ ગયા બાદ ગાડી એવિગ્નોન આવી પહોંચી. લોકોની ચઢઊતર શરૂ થઈ. છાપાનાં સ્ટોપલ આગળથી પારિસ પાછા ફરતા ફ્રેંચ પ્રવાસીઓ તે દિવસનાં ફ્રેંચ અખબારો લઈ આવ્યા. સ્ટેશન ઉપર નિગ્રો સોલ્જરો હતા. એમણે કિરમજી ગણવેશ પહેરેલા હતા : તેઓ ઊંચા હતા અને તેમનાં મોં પાસેના વીજળીના પ્રકાશમાં ચળકતાં હતાં. એમના ચહેરા ખૂબ જ શ્યામ હતા અને તેઓ એટલા ઊંચા હતા કે ગાડીમાંથી પૂરા જોવાતા ન હતા, ટ્રેન એવિગ્નોન સ્ટેશનેથી ઊપડી, ત્યારે નિગ્રો ત્યાં જ ઊભેલા હતા. એક ઠીંગુ ગોરો સાર્જન્ટ એમની સાથે હતો.

સલૂનની અંદર પોર્ટરે આવીને ત્રણ પથારીઓ (પાટલીઓ) ભીંતમાંથી ખેંચી આપી હતી. અને સૂવા સારુ તૈયાર કરી આપી હતી. પણ અમેરિકન સન્નારી આખી રાત ઊંઘ્યા વિના જ પડી રહ્યાં. કેમકે ટ્રેન ખૂબ ઝડપી હતી અને તેમને રાતે આવી ઝડપી ટ્રેનનો ભય લાગતો હતો, એમની પથારી પણ બારીની લગોલગ હતી. પાલેરમોથી ખરીદી આણેલ કેનેરીના પિંજરા ઉપર કપડાનો ટુકડો નાખેલો હતો; અને વોશરૂમમાં પડતા વરંડામાં તે છૂટું હતું. ડબ્બાની બહાર ભૂરો પ્રકાશ પડતો, આખી રાત ટ્રેન પૂર ઝડપે દોડ્યા કરી. અને અમેરિકન સન્નારીએ 'ક્યારે કૈંક અકસ્માત થાય', એની ભીતિમાં જ પડ્યાં પડ્યાં રાત વિતાવી.

સવારે ટ્રેન પારિસ પાસે આવી પહોંચી. અને અમેરિકન સન્નારી વોશ-રૂમમાંથી બહાર આવ્યાં, ત્યારે આખી રાત ઊંઘ્યા વિના વિતાવી હોવા છતાં તે તંદુરસ્ત, મધ્યમ વયનાં અને 'અમેરિકન' દેખાતાં હતાં. તેમણે પિંજરા ઉપરનો કકડો ઉઠાવી લઈ તડકે નાખ્યો હતો, અને પછી ટ્રેનમાંના રેસ્ટોરાંમાં નાસ્તો કરવા ચાલી ગયાં હતાં. નાસ્તો કરી પોતાના સલૂનમાં પાછાં આવ્યાં, ત્યારે પથારીઓ પાછી દીવાલમાં ધકેલાઈ ગઈ હતી, તેને સ્થાને બેઠકો બની ગઈ હતી. અને ખુલ્લી બારીમાંથી પ્રવેશતા સૂરજના પ્રકાશમાં કેનેરી એનાં પીછાં હલાવી રહ્યું હતું. પારિસ હવે લગભગ આવી પહોંચવામાં હતું.

'એને સૂર્યનો તાપ બહુ ગમે છે.' અમેરિકન સન્નારી બોલ્યાં : 'ઘડીકમાં તો એ ગાવા માંડશે.'

કેનેરીએ એનાં પીછાં હલાવી ચાંચ અંદર ખોસી. 'મને પંખીઓ હંમેશ બહુ ગમે છે.' અમેરિકન સન્નારી બોલ્યાં : 'ઘેર મારી દીકરીને માટે જ લઈ જાઉં છું. જુઓ, ગાવા માંડ્યું ને ?'

કેનેરીએ આનંદનો ટહુકો કર્યો અને એના ગળા ઉપરનાં પીછાં ખડાં થઈ ગયાં. પછી

એણે એની ચાંચ નીચી કરી વળી પીછાંમાં ખોસી. ટ્રેને નદી પસાર કરી અને બહુ કાળજીપૂર્વક ઉછરેલા જંગલમાંથી પસાર થઈ. પારિસની બહારનાં અનેક નગરોમાંથી ટ્રેન આગળ ધપી. આ નગરોમાં ટ્રામો દોડતી હતી. અને બેલે જાર્ડીનીઅર, ડુબોનેટ અને પેરનોકની મોટી મોટી જાહેરખબરો દીવાલ ઉપર દેખાતી હતી. ટ્રેન આ બધેથી પસાર થઈ, ત્યારે જાણે હજી નાસ્તાનો સમય થયો ન હતો. અમેરિકન સન્નારી મારી સાથે વાત કરતાં હતાં, તેનો અવાજ થોડી મિનિટ સુધી મારે કાને પડ્યો ન હતો.

'તમારા પતિ પણ અમેરિકન છે ?' સન્નારી પૂછતાં હતાં.

'હા, અમે બંને અમેરિકન છીએ.' મારી પત્ની કહેતી હતી.

'મને થયું કે તમે અંગ્રેજ છો.'

'ના રે ના.'

'હું બ્રેસિસ પહેરું છું એટલા માટે તમને એવું લાગ્યું હશે,' મેં કહ્યું. હું કહેવા જતો હતો 'સસ્પેન્ડર્સ', એને બદલે બોલતાં બોલતાં જ 'બ્રેસિસ' બોલ્યો, મારી અંગ્રેજ લાક્ષણિકતા સાચવી રાખવા, પણ અમેરિકન સન્નારીએ સાંભળ્યું નહિ. એ ખરેખર બહેરાં હતાં. તેઓ હોઠોના હલન ઉપરથી સમજી લેતાં હતાં, પણ મેં એમની સામે જોયા વિના જ બોલી નાંખ્યું હતું. હું બારી બહાર જોઈ રહ્યો. અને તેઓ મારી સાથે વાતે વળગ્યાં.

'મને બહુ આનંદ થયો કે તમે બેઉ અમેરિકન છો. અમેરિકન પુરુષો સારા પતિ હોય છે.' અમેરિકન સન્નારી બોલતાં હતાં. 'એટલા માટે તો અમે કોન્ટિનન્ટ છોડ્યો. તમે જાણો છો, મારી દીકરી વેવેમાં એક આદમી સાથે પ્રેમમાં પડી.' સન્નારી અટકીને બોલ્યાં. 'એ બેઉ ખાસ્સા પ્રેમમાં હતાં.' સન્નારી વળી અટકીને બોલ્યાં. 'અલબત્ત હું એને ત્યાંથી ખસેડી લાવી.'

'હવે તો એ આપદમાંથી ઊગરી ગઈ હશે ?' મારી પત્નીએ પૂછ્યું, 'એવું નથી લાગતું,' અમેરિકન સન્નારી બોલ્યાં : 'કંઈ ખાય નહિ. ને સમૂળી ઊંઘેય નહિ. મેં બહુ કરી જોયું, પણ કશામાં એનું ચિત્ત ચોંટતું જણાતું નથી. એને કશાની પડી જ નથી. પણ એને હું પરદેશી સાથે પરણવા તો ન દઈ શકું .' સન્નારી અટક્યાં : 'કોઈકે, એક બહુ સારા મિત્રે મને એક વાર કહેલું, 'કોઈ પરદેશી માણસ અમેરિકન છોકરીનો સારો પતિ બની જ ન શકે.'

'નહિ જ તો, મનેય એમ જ લાગે છે.' મારી પત્નીએ કહ્યું.

અમેરિકન સન્નારીએ મારી પત્નીએ પહેરેલા પ્રવાસકોટનાં વખાણ કર્યાં, અને એમ પણ જાણવા મળ્યું કે તેઓ પણ છેલ્લાં ત્રીસ વર્ષ થયાં સેંટ એનોરમાંના એ જ વેપારીને ત્યાંથી પોતાનાં કપડાં ખરીદતાં આવ્યાં હતાં. એ વેપારી પાસે એમનાં કપડાંના માપ પડેલાં જ હતાં. અને ત્યાંની વિક્રેતા બાઈ એમને ઓળખતી હતી, એટલું જ નહિ પણ એમના રસ- શોખથી માહિતગાર હતી, એટલે એ સહેલાઈથી એમને માટેનાં કપડાં કાઢીને અમેરિકા મોકલી આપતી હતી. ન્યૂયોર્ક પાસેના પરામાંની પોસ્ટ ઑફિસે - જેની નજીક સન્નારી

રહેતાં હતાં - એ કપડાંનું પાર્સલ આવી પહોંચતું , અને જકાત પણ બહુ આપવી પડતી નહિ, કેમ કે ત્યાં પોસ્ટ ઓફિસમાં જ કપડાંની કિંમત કરી લેવા પાર્સલ ખોલવામાં આવતું, અને એ કપડાં હંમેશાં બહુ સાદાં દેખાય તેવાં હતાં - ન તો સોનેરી કિનાર હોય, ન બીજા શણગાર કે જેથી એ બહુ કીમતી દેખાય. એ દુકાનમાં હમણાં કામ કરનારનું નામ થેરેસી છે. તેની પહેલાં બીજી વિક્રેતાબાઈ હતી - એમિલી નામની. વીસ વરસમાં બસ આ બે જ. દરજી પણ એ જ. ભાવ અલબત્ત ઊંચા ગયા હતા. પણ હૂંડિયામણના દર પણ ફેરવાયા હોઈ સરખું થઈ જતું. એ વેપારી પાસે તેમની દીકરીનાં માપ પણ હતાં, હવે તો એ મોટી થઈ ગઈ હતી, એટલે એમાં બહુ ફેરફાર થવાની વકી પણ ન હતી.

ટ્રેન પારિસ આવી પહોંચવામાં હતી. યુદ્ધ સમયના કિલ્લાઓ તોડી કરીને જમીન સપાટ કરી દેવામાં આવી હતી. પરંતુ ઘાસ હજી ઊગ્યું ન હતું. ઘણી ગાડીઓ પાટા પર પડેલી હતી. કિરમજી લાકડાની રેસ્ટોરાં-કાર અને કિરમજી લાકડાની સ્લીપિંગકાર કે જે પાંચ વાગે ઇટલી જવા ઊપડવાની હતી – જો હજુય તે પાંચ વાગે ઊપડતી હોય તો – એની ઉપર પારિસ-રોમનું પાટિયું હતું, અને એવીય ગાડીઓ હતી, જેમનાં છાપરાં ઉપર બેઠકો હતી. ને જે આજુબાજુનાં પરાંઓમાં આવ-જા કરતી હતી. અમુક અમુક સમયે અંદરની બધી બેઠકો અને છાપરાં પરની બેઠકો પર ઉતારુઓ લઈને. અલબત્ત હજીય એની એ પદ્ધતિ ચાલુ હોય તો. સફેદ દીવાલો અને મકાનોની બારીઓ પાસેથી ટ્રેન પસાર થઈ, કોઈએ હજી નાસ્તો કર્યો ન હતો.

'અમેરિકનો ઉત્તમ પતિ હોય છે.' અમેરિકન સન્નારીએ મારી પત્નીને કહ્યું. હું મારી પેટીઓ ઉતારી રહ્યો હતો. 'અમેરિકનો જ આ દુનિયામાં પરણવા લાયક પુરુષો છે.'

' વેવે છોડ્યે તમને કેટલો સમય થયો ?' મારી પત્નીએ પૂછ્યું.

' આ વસંત પહેલાં બે વરસ થશે. એને માટે જ, તમે જાણો છો, હું કેનેરી લઈ જાઉં છું.'

'તમારી દીકરી જેના પ્રેમમાં હતી તે આદમી સ્વિટ્ઝરલેન્ડનો હતો ?'

'હા,' અમેરિકન સન્નારીએ કહ્યું, 'વેવેમાંના એક બહુ સારા કુટુંબનો હતો. એ એન્જિનિયર થવાનો હતો. બંને વેવેમાં જ ભેગાં થયાં હતાં. અને બંને ખૂબ લાંબે સુધી ભેગાં ફરવા જતાં.'

'વેવે મારું પરિચિત છે.' મારી પત્નીએ કહ્યું, 'મધુરજની ઊજવવા અમે ત્યાં જ ગયાં હતાં.'

'ખરેખર ? ત્યાં ગયાં હતાં ? એ તો ગજબનો આનંદ ! પણ મને એવો ખ્યાલ જ નહિ કે એ એના પ્રેમમાં પડશે.'

'એ તો બહુ અદ્‌ભુત જગા છે.' મારી પત્નીએ કહ્યું.

'હા, ' અમેરિકન સન્નારી બોલ્યાં :' ખરેખર અદ્‌ભુત છે, નહિ ? તમે ત્યાં ક્યાં ઊતર્યાં હતાં ?'

'અમે ત્યાં ટ્રોઈસ કોરોન્નેસમાં હતાં ' મારી પત્નીએ કહ્યું.

'એ તો સરસ જૂની હોટલ છે.' અમેરિકન સન્નારીએ કહ્યું.

'હં,' મારી પત્ની બોલી : 'અમને ખૂબ સુંદર રૂમ મળી ગયેલી, અને વસંત આવતાં તો પ્રદેશ આખો મનોરમ બની ગયો હતો.'

'આ વસંતમાં તમે ત્યાં હતાં ?'

'હા.' મારી પત્નીએ કહ્યું :

ત્રણ ભંગાર ડબ્બાઓ આગળથી અમારી ટ્રેન પસાર થઈ રહી હતી. ડબ્બા કચડાઈને ખુલ્લા પડ્યા હતાં. એનાં છાપરાં દબાઈ મચડાઈ ગયેલાં.

'જુઓ, અહીં અકસ્માત થયો લાગે છે.' મેં કહ્યું.

અમેરિકન સન્નારીએ નજર ઊંચી કરી છેલ્લો ડબ્બો જોયો. 'આખી રાત હું બસ આનાથી જ ડરતી હતી,' એમણે કહ્યું : 'મને કેટલીક વાર બનનાર ઘટનાની ભયંકર ગંધ અગાઉથી આવી જાય છે. ફરી કદી આવી ઝડપી ગાડીએ રાતે પ્રવાસ નહિ કરું. આટલી ઝડપે ન દોડતી હોય એવી, બીજી સગવડવાળી ગાડીઓ હશે જ.'

ટ્રેન ગારે ડી લાયન્સના અંધારામાં આવી પહોંચી અને ઊભી રહી ગઈ. પોર્ટરો બઅરી આગળ આવી પહોંચ્યા. મેં બારીઓમાંથી પેટીઓ આપી અને અમે પ્લેટફોર્મના ઝાંખા લાંબા પગથાર પર ઊભાં, અને અમેરિકન સન્નારી કૂક કંપની તરફથી આવેલા ત્રણ પ્રતિનિધિઓમાંના એકને પોતે જ સોંપાયાં. એ પ્રતિનિધિએ તરત જ કહ્યું : 'એક જરાક, માદામ, હું તમારું નામ જોઈ લઉં.'

પોર્ટર ટ્રક લઈ આવ્યો અને અમારો સામાન ખડકાયો. મારી પત્નીએ અમેરિકન સન્નારીને 'ગુડબાય' કર્યા, મેં પણ 'ગુડબાય' કર્યા. આ સન્નારીનું નામ ટાઈપ કરેલા કાગળોના ગુચ્છામાંના એક કાગળ પર લખાયેલું કૂકના પ્રતિનિધિને હાથ લાગ્યું અને એ કાગળો એણે ખિસ્સામાં પાછા મૂકી દીધા.

ટ્રેનની બાજુના લાંબા સિમેન્ટ પ્લેટફોર્મ ઉપર લારીવાળા પોર્ટરની પાછળ પાછળ અમે ચાલ્યાં. પ્લેટફોર્મને છેડે દરવાજો હતો. અને એક માણસે અમારી ટિકિટો લઈ લીધી.

અમે પારિસ પાછાં ફર્યાં હતાં, લગ્નવિચ્છેદ પછીના અમારા અલાયદા નિવાસ ગોઠવી લેવા માટે.

અનુ. ભોગીલાલ ગાંધી

કૂતરી

કોલેત

જ્યારે સાર્જન્ટ રજા ઉપર પારિસ આવ્યો ત્યારે એણે જોયું કે એની પત્ની ઘેર નહોતી. આમ હોવા છતાંય આનંદાશ્ચર્યના કંપિત અવાજો વડે તેમ જ આલિંગન અને ભીનાં ચુંબનો વડે તેનું સ્વાગત થયું. એની કૂતરી. વોરેસ, જેને તે પોતાની યુવા પ્રિયતમા પાસે છોડી ગયો હતો, એને ઝાળની માફક વીંટળાઈ વળી અને લાગણીથી ફિક્કી જીભ વડે ચાટવા માંડી. એ દરમ્યાન ઝાડુ કાઢનારી બાઈ પણ કૂતરી જેટલો જ અવાજ કરીને આશ્ચર્ય કરી રહી હતી :

'બધાંનું દુર્ભાગ્ય ! શેઠાણી તો થોડા દિવસ માટે એમનું ઘર બંધ કરવા માર્લોટ ગયાં છે. એમનાં ભાડૂઆતો હમણાં જ ઘર છોડી ગયાં છે. અને તેથી તેઓ જરા ફર્નિચરની તપાસ કરવા ગયાં છે. સદ્ભાગ્યે એ કાંઈ એટલું બધું દૂર નથી ? આપ એમને એક તાર કરી નાખો ને ! જો તાર જલદી નીકળે તો કાલે સવારે ભોજન પહેલાં તો શેઠાણી અહીં આવી ગયાં હશે. આપ અહીં જ સૂજો શેઠ. હું ગીસર[૧] ફેરવું ને ?

'મારી ભલી લ્યુસી, હું ઘેરથી નાહીને આવ્યો છું, રજા ઉપરના સોલ્જર્સ ન્હાવા-ધોવામાં એક્કા હોય છે.'

એણે અરીસામાં પોતાનું પ્રતિબિંબ જોયું; એ ભૂરાશ પડતો અને લાલબમ દેખાતો હતો. બ્રિટાનીના ગ્રેનાઇટ (પથ્થરના) ખડકો જેવો. કૂતરી એની પાસે માનભરી શાંતિથી વાળે વાળે થથરતી ઊભી હતી. એ હસ્યો કારણ કે તે પોતાના જેવી જ ભૂરી ભૂખરી અને વાળવાળી હતી.

'વોરેસ.'

---

૧. થોડી થોડી વારે વરાળ અને ઊકળતાં પાણી છંટાય તેવી સ્પ્રીંગ

એણે માથું ઊંચું કર્યું અને પોતાના માલિક પ્રત્યે પ્રેમાળ દૃષ્ટિ નાખી કે સાર્જન્ટના હૃદયમાં ઊથલપાથલ થઈ ગઈ - કારણ કે અચાનક એને એની પત્ની જીનીનો વિચાર આવ્યો – કેવી યુવા અને કેવી આનંદી – જરા વધારે ન્હાની અને જરા વધારે આનંદી.

ભોજન સમયે કૂતરી વફાદારીપૂર્વક પહેલાં શીખવેલી બધી પ્રણાલીઓ જાળવી – એના માટે ઉછાળેલી રોટલીને પડતાં પહેલાં ઊંચકી લેવી અને અમુક શબ્દો બોલાયે ભસવું. ને એનામાં માલિક પ્રત્યે એટલી ઉત્કટ ભક્તિની ભાવના હતી કે એના પુનરાગમનથી જાણે એની ગેરહાજરીના મહિનાઓ એ સાવ ભૂલી ગઈ.

'મેં તારી સારી પેઠે ખોટ અનુભવી છે.' એણે હળવે અવાજે કહ્યું 'ને હા, તેં પણ !'

હવે તે સોફા પર સૂતો સૂતો ધૂમ્રપાન કરતો હતો ને પાળિયો જોઈને બીધેલા[૨] ગ્રે-હાઉન્ડની જેમ કૂતરી સૂવાનો ઢોંગ કરતી હતી. એના કાન સ્થિર હતા. ફક્ત એની ભમરો, જરાક અવાજ થતાં હાલતી- એના જાગતા હોવાનું છતું કરતી હતી.

એય થાકેલો તો હતો જ. અને ધીમે ધીમે વધતી શાંતિએ એને હાલરડાં ગાયાં; એના હાથમાંની સિગરેટ, રેશમી કપડાને બાળતી, તકિયાની નીચે પડી. એ ઊભો થઈ ગયો. એક પુસ્તક ઉઘાડ્યું, કે કેટલાક નવા અલંકારો અને ઉઘાડા હાથવાળા તેમજ ટૂંકું સ્કર્ટ પહેરેલ ગામડામાં પાડેલ જીનીના ફોટોગ્રાફ પર એણે આંગળી ફેરવી, એ ફોટો એણે પહેલાં જોયો નહોતો.

'શિખાઉ સ્નેપશોટ.....એ કેવી આકર્ષક લાગે છે !'

અને મઢાવ્યા વગરના ફોટો પાછળ લખેલું વાંચ્યું : 'પાંચમી જૂન ૧૯૧૬' 'પાંચમી જૂને હું ક્યાં હતો ? હા, યાદ આવ્યું, હું આરાસ બાજુ હતો. પાંચમી જૂન - અક્ષર ઓળખાતા નથી.

એ પાછો નીચે બેઠો અને નિદ્રાએ એને ઘેરી લીધો - એના બધા વિચારો દૂર હડસેલાઈ ગયા. દસ વાગ્યાઃ હજુ તો પેલા ઘડિયાળના સભર ગંભીર રણકારને સ્મિતથી આવકારવા જેટલો તે જાગૃત હતો. ઘડિયાળના આ અવાજને માટે જીની હંમેશાં કહેતી કે એ તેના પેટ કરતાં મોટો છે. પણ દસ વાગતાં જ કૂતરી જાગી ઊઠી.

'ચૂપ !' ઊંઘતો સાર્જન્ટ બોલ્યો, 'પડી રહે !'

પણ વોરેસ પડી રહી નહીં, એણે નસ્કોરાં ફુલાવી શ્વાસ લીધો અને પંજાને પહોળા કર્યા. કૂતરાં માટે તો આ બહાર જવા માટે હેટ પહેરવા જેવું જ કહેવાય, એ એના માલિક પાસે જઈને ઊભી ને એની પીળી આંખોએ સાવ ચોક્ખું પૂછ્યું :

'કેમ, વારુ ?'

'ઠીક.' એણે જવાબ આપ્યો, 'તને શું થયું છે ?' તે જ્યારે બોલતો હતો ત્યારે સન્માન

૨. એક જાતનો શિકારી કૂતરો.

દર્શાવવા કૂતરીએ પોતાના કાન નીચે ઢાળ્યા અને ફરીથી એકદમ ઊંચા કર્યા.

'કેવી પછાત છે તું !' સાર્જન્ટે નિશ્વાસ નાંખ્યોઃ 'તું તરસી છે. તારે બહાર જવું છે ?'

'બહાર જવું ' શબ્દ આવતાં વોરેસ ખુશ થઈ ને એના સુંદર દાંત અને જીભનો માંસલ ભાગ બતાવતી, ધીમે ધીમે હાંફવા લગી.

'ઠીક ત્યારે, આપણે બહાર જઈએ. પણ બહુ લાંબું નહિ, કારણ કે હું તો આખોય ઊંઘમાં ડૂબ્યો છું.'

રસ્તા પર વોરેસ એટલી ઉત્સાહિત થઈ ગઈ કે વરુની જેમ ભસવા લાગી, એના માલિકની ગરદન સુધી કૂદવા લાગી, એકાદ બિલાડી પર હુમલો કર્યો અને ગોળ વળીને પૂંછડીથી 'અંદરના કૂંડાળાની રમત' રમવા લાગી. એના માલિકે એને હળવેથી ઠપકો આપ્યો, પણ તે બધી યુક્તિઓ એને બતાવવા લાગી. છેવટે તે ટાઢી પડીને શાંતિથી પોતાના માલિક સાથે ચાલવા લાગી. બેત્રણ અમસ્થા વિચારોમાંથી ગીતની કડીઓ જોડતો અને રાતની ઉષ્ણતા માણતો સાર્જન્ટ કૂતરીની ગતિ સાથે પગલાં મેળવતો હતો.

'કાલે સવારે તો જીનીને હું મળીશ... હું તો બહુ જ સારી પથારીમાં સૂવાનો છું...હજી અહીં બીજા સાત દિવસ હું ગાળી શકીશ...'

એને ખ્યાલ આવ્યો કે એની કૂતરી આગળ દોડી જઈને, ગેસ લેમ્પની નીચે ઊભી, હંમેશના જેવી અધીર દૃષ્ટિએ એની રાહ જોતી હતી. તેની આંખો, એની ઉપર-નીચે થતી પૂંછડી અને એનું આખું શરીર પૂછતું હતું.

'વારુ, ત્યારે તમે આવો છો ?'

એણે એને પકડી કે તરત જ એક નિશ્ચિત ઝડપે તેણે ખૂણો બદલી નાખ્યો. એ વખતે જ એને ખબર પડી કે તે (કૂતરી) એને ક્યાંક લઈ જઈ રહી હતી.

'કદાચ,' એણે પોતાને જ કહ્યું, 'કામવાળી બાઈ ...અથવા જીની.... '

એ એક ક્ષણ સ્થિર ઊભો રહ્યો અને પછી કૂતરીને અનુસરતો ચાલ્યો. પોતે અચાનક થાકીને ઊંઘથી ઘેરાયેલો અને સુખ અનુભવતો ઊભો રહી ગયો હતો, તેની પરવા કર્યા વિના, એણે પોતાની ગતિ વધારી અને ખુશ થયેલી કૂતરી એક સારા માર્ગદર્શકની જેમ આગળ ચાલવા માંડી.

'આગળ ચાલ, આગળ ચાલ' એમ સાર્જન્ટ વારે ઘડીએ હુકમ કરતો રહ્યો.

એણે રસ્તાના નામ તરફ જોયું અને ફરી આગળ ચાલ્યો. તેઓ બગીચા પાસેથી પસાર થયાં, જેના દરવાજા પાસે ભાડૂતી રહેવાનાં સ્થળો હતાં; રસ્તા પર ઝાંખો પ્રકાશ હતો પણ તેમને કોઈ મળ્યું નહિ. ઉશ્કેરાઈ જતી કૂતરી બાજુમાં લટકતો એનો હાથ કરડવાના ચાળા કરતી હતી. કૂતરીને નહિ મારવા માટે એને કોઈ પાશવી વૃત્તિનું દમન કરવું પડતું. જેને તે સમજાવી શકે તેમ નહોતો.

છેવટે તે નીચાણવાળા ઘરની જૂનીપુરાણી, ભાંગેલ, બંગીચાનું રક્ષણ કરતી વાડ

પાસે અટકી; જાણે કે કહેતી ન હોય 'વારુ, તો આપણે આવી પહોંચ્યા !' એ એક વાઈન્સ (દારૂ) અને બીગ્નોનીઆના છોડવાઓથી ગુંગળાયેલું, બીકણ, ઢંકાયેલું નાનું ઘર હતું.

'ઠીક ત્યારે તમે જ કેમ ખોલતા નથી ?' લાકડાના બનેલા નાના શા દરવાજાની એક જગા પર બેસી ગયેલી કૂતરીએ કહ્યું.

સાર્જન્ટે આગળિયા તરફ હાથ ઊંચક્યો અને ફરી એને પડવા દીધો. એણે કૂતરી પાસે નીચા વળી, બંધ આગળિયામાંથી આવતા તેજના એકાદ તાંતણા તરફ આંગળી ચીંધી ધીમા અવાજે એણે પૂછ્યું :

'ત્યાં કોણ છે ?...જીની ?'

કૂતરીએ તીણો અવાજ કર્યો, 'હી' અને ભસી

'શ-શ-શ' કૂતરીના ઠંડા ભીના મોં પર બન્ને હાથ ઠપકારતાં સાર્જન્ટ શ્વાસ લીધો.

ફરી એક વાર એણે એનો ઉતાવળિયો હાથ બારણા તરફ લંબાવ્યો અને ફરી કૂતરી આગળ વધી, પણ એ એને એનો ગળા-પટો પકડી પાછી ખેંચીને સામેના રસ્તા પર લઈ ગયો. ત્યાંથી તે અજાણ્યા ઘર અને તેમાંથી આવતા ગુલાબી પ્રકાશ સામે તાકી રહ્યો. એ કૂતરી સાથે રસ્તા પર બેસી ગયો. હજુ એના મગજમાં કોઈ શક્ય કપટને લીધે ઊપજતી આકૃતિઓ અને વિચારો ઘેરાયા નહોતા, પણ એને પોતાની જાત તદ્દન એકાકી અને બલહીન લાગી.

'તું મને ચાહે છે ?' એણે કૂતરીના કાનમાં કહ્યું.

કૂતરીએ એના ગાલ ચાટ્યા.

'ચાલ ત્યારે, દૂર ક્યાંક ચાલ્યાં જઈએ.'

તેઓ ફરીને પાછાં વળ્યાં, આ વખતે તે આગળ ચાલ્યો અને ફરી પાછાં જ્યારે તેઓ નાનકડા બેસવાના ઓરડામાં આવ્યાં, ત્યારે કૂતરીએ જોયું કે તે પોતાનાં લીનન(કપડાં) અને સ્લીપર્સ, જેનાથી તે પરિચિત હતી, એને કોથળામાં નાખતો હતો. ખિન્ન પણ વિનયી કૂતરી એની બધી ક્રિયાઓને અનુસરી, એની પીળી આંખોમાં સોનેરી રંગનાં આંસુ ધ્રૂજી રહ્યાં. એને હિંમત આપવા પેલાએ પોતાનો હાથ કૂતરીની ગરદન પર મૂક્યો:

'તું પણ આવશે, તું મને હવે છોડવાની નથી. હવે પછી તું મને 'પાછળ' શું થયું તે કહી શકશે નહિ. કદાચ મારી ભૂલ પણ થતી હોય, કદાચ હું તને સાચી રીતે સમજી ન શક્યો હોઉં. પણ તારે હવે અહીં નહિ રહેવું જોઈએ. તારો આત્મા મારાં રહસ્યો સિવાય કોઈનાં રહસ્યો છુપાવવા સર્જાયો નથી.'

હજુ અનિશ્ચિત કૂતરી ધ્રૂજતી રહી. ત્યારે એણે એનું માથું હાથમાં પકડીને ધીમા અવાજે કહ્યું :

'તારો આત્મા.... ઓ શ્વાન-આત્મા ....ઓ સુંદર આત્મા....'

અનુ. ગુલામમોહમ્મદ શેખ

શૈશવનો પ્રેમ

ગ્રેહામ ગ્રીન

એ ગામડાના નાના સ્ટેશને ઊતરતાં જ મને લાગ્યું કે લોલાને અહીં લાવવામાં હું ભૂલ કરી બેઠો છું. વરસની બીજી કોઈ ઋતુ કરતાં શિશિરની સાંજે શૈશવની સ્મૃતિ વધારે સળવળી ઊઠે છે; ને એનો પાલિસ કરેલા ચળકતા લાકડાના જેવો ચહેરો. અમારી રાતના ખપ માટેની વસ્તુઓને સમાવવાનો ખોટો ડોળ કરતી નાની બેગ-નાની નહેરને સામે કાંઠેના જૂના અનાજના કોઠાર, ટેકરી પર દેખાતા થોડા ટમટમતા દીવાઓ કે પુરાણી ફિલ્મની જાહેરાત કરતાં 'પોષ્ટર' સાથે એનો કશો મેળ ખાય એમ નહોતું ! પણ એણે જ્યારે કહ્યું કે, 'ચાલો ને ક્યાંક ગામડામાં જઈએ.' ત્યારે સૌથી પહેલું આ ગામનું જ નામ મારે હોઠે આવ્યું. મને એમ હતું કે એ ગામમાં હવે તો મને કોઈ ઓળખશેય નહીં; ને મને બધું યાદ આવશે એ વાતનો તો ખ્યાલ સુધ્ધાં આવ્યો નહીં !

સ્ટેશન પરના બુઝર્ગ પોર્ટરને જોતાં જ મારી સ્મૃતિ સળવળી ઊઠી. મેં કહ્યું : 'સ્ટેશનમાં દાખલ થવાના દરવાજા આગળ ચાર પૈડાંની ગાડી ઊભી હશે' ને ગાડી હતી પણ ખરી, જો કે આડી ઊભેલી બે ટેક્ષીની ઓથે એ મને પહેલાં દેખાઈ નહોતી. ઘડીભર તો થયું કે આ જૂનું ગામડું પણ હવે સુધરતું જાય છે ! અંધારું ખાસ્સું થઈ ગયું હતું ને શિશિરનું આછું ધુમ્મસ, ભીનાં પાંદડાંની વાસ ને નહેરનાં પાણી મને ચિરપરિચિત લાગતાં હતાં.

લોલા બોલી : 'પણ તમે આ સ્થળ જ કેમ પસંદ કર્યું ? આ તો ભારે ગમગીનીભર્યું છે !' એ મારે મન શાથી ગમગીનીભર્યું નથી ને પેલો નહેરને કાંઠેનો રેતીનો ઢગલો આમ જ હંમેશાં રહેતો (હું ત્રણેક વરસનો હતો ત્યારે મોટા માણસો જેને દરિયાકાંઠો કહેતાં તે આ જ હશે, એમ હું માનતો, તે મને બરાબર યાદ આવે છે.) એ બધું એને કહેવાનો મને કશો અર્થ લાગ્યો નહીં. મેં બેગ મારા હાથમાં લીધી (આગળ મેં કહ્યું કે એ વજનમાં હલકી હતી; અમારે માટે તો એ ભદ્ર સમાજમાં પ્રવેશવાના બનાવટી પરવાના રૂપે જ હતી.) ને અમે પગે જ ચાલી નીકળ્યાં. ખૂંધ નીકળેલા નાના પુલને વટાવીને અમે ધરમશાળા આગળ આવ્યાં. હું પાંચેક વરસનો હતો, ત્યારે મેં મધ્યમ વયના એક માણસને આપઘાત

કરવા એ ધરમશાળામાં દોડી જતો જોયેલો; એના હાથમાં ચપ્પુ હતું, ને બધા પડોશીઓ એની પાછળ દોડી ગયા હતા. લોલા બોલીઃ 'ગામડું આવું હોતું હશે, એનો તો મને ખ્યાલ જ નહોતો !' ધરમશાળાનાં મકાન કદરૂપાં, ભૂખરા પથ્થરનાં ચોકઠાં જેવાં હતાં, પણ મારો તો એમની સાથે ગાઢ પરિચય હતો, એ આખે રસ્તે ચાલતાં હું સંગીત સાંભળી રહ્યો હોઉં એવું અનુભવતો હતો.

પણ મારે લોલાને કશુંક કહેવું તો જોઈએ ને ? એ આ પ્રદેશની નહોતી, એ કાંઈ એનો વાંક નહોતો. અમે નિશાળ અને દેવળ આગળથી પસાર થઈને જૂના પહોળા સરિયામ રસ્તા ઉપર આવ્યાં, ને ત્યાં મને મારા જીવનનાં પ્રથમ બાર વર્ષો યાદ આવ્યાં, એ વર્ષોની સ્મૃતિ આટલી ઉત્કટ નીવડશે એ મેં કલ્પ્યું નહોતું, કારણ કે મારાં એ વર્ષો ખાસ સુખમય કે દુઃખમય નહોતાં. સાવ સામાન્ય હતાં, પણ આજે બળતાં લાકડાંની વાસ ને શેરીના પથ્થરના ભેજની સ્પર્શી જતી ઠંડીએ મને સમજાવી દીધું કે મને અહીં કોક જકડી રાખતું હતું : ને એ હતી શિશુસહજ નિર્દોષતાની ફોરમ.

મેં લોલાને કહ્યું : 'એ વિશ્રામશાળા ઘણી સારી છે, ને ઉતારા માટે બીજું એક્કેય એથી સારું સ્થળ અહીં છે પણ નહીં. આપણે ખાઈ પીને આરામથી પોઢી જઈશું.' છતાં રહી રહીને મને મનમાં થયા કરતું હતું કે, હું એકલો જ અહીં આવ્યો હોત તો સારું થાત. આ ખ્યાલને હું કેમે કર્યો મનમાંથી કાઢી શકતો નહોતો. કેટલે વરસે હું અહીં આવ્યો હતો; મારી આ સ્થળની સ્મૃતિ આટલી તાદૃશ ને સજીવ નીવડશે, તેનો મને ખ્યાલ જ નહોતો. પેલો રેતીનો ઢગલો ને એવી બીજી વસ્તુઓ, જેને સાવ ભૂલી જ ગયો છું એમ માનતો હતો, તે ફરી એક પ્રકારની કરુણતા સાથે નજર આગળ પ્રગટ થતી હતી; એથી હૃદય કશોક અગમ્ય તલસાટ અનુભવીને ઝૂરતું હતું. એ શિશિરની રાતે એ નાના ગામડામાં અહીંથી તહીં ભમતાં ભમતાં, મારા એ વખતના જીવનની સ્મૃતિની કડીને જોડવાનું ને વિષાદને વાગોળવાનું મને ખૂબ રુચ્યું હોત. જીવનનો એ કાળ દુઃખપૂર્ણ હોય છે, તો ય એમાં ભાવિને માટેની આકાંક્ષાનો અભાવ નથી હોતો. વળી પાછો એક વાર અહીં એકલો આવીશ એમ મનમાં થયું, પણ એનો કશો અર્થ નહોતો, કારણ કે તો તો માત્ર લોલાની જ સ્મૃતિ મનમાં ઊભરાય; ને લોલાને ને મારે શી નિસ્બત ! આગલે જ દિવસે એક દારૂના પીઠામાં મારો ને એનો ભેટો થઈ ગયો હતો ને અમે એકબીજાને મળી ગયાં હતાં. લોલા છેક કાઢી નાંખવા જેવી નથી તે કબૂલ, ને મારી જોડે રાત ગાળનાર બીજું કોઈ ત્યારે હતુંય નહીં; પણ મારી આ શૈશવની સ્મૃતિ સાથે એનો જરાય મેળ બેસતો નહોતો. આને બદલે અમે કોઈક બીજે ગામડે ગયાં હોય તો ઠીક થાત.

વિશ્રામશાળા મેં ધાર્યું હતું ત્યાં નહીં નીકળી. સભાગૃહનું મકાન ત્યાં હતું ખરું. પણ ત્યાં મસ્જિદના જેવા ઘુમ્મટવાળું એક સિનેમાગૃહ ને ઉપહારગૃહ નવાં થયાં હતાં. મારા વખતમાં એ ત્યાં નહોતાં. ડાબી તરફ વળતાં આવતી ટેકરી પર જતા રસ્તાનો પણ મને ખ્યાલ રહ્યો નહોતો.

'મારા વખતમાં આ રસ્તો હોય એમ મને લાગતું નથી.' મેં કહ્યું.

'તમારા વખતમાં ?' લોલાએ પૂછ્યું.

'મેં તને તો'તું કહ્યું કે મારો જન્મ અહીં થયો હતો ?'

'તમે મને અહીં લાવ્યા તે બદલ મારે તમને શિક્ષા કરવી જોઈએ.' લોલાએ કહ્યું. 'તમને બાળપણમાં આવી જાતના જ વિચારો આવ્યા કરતા હશે, ખરું ?'

'હા, ' મેં કહ્યું, કારણ કે એમાં એ બિચારીનો કશો દોષ નહોતો. એનું કહેવું સાચું હતું. મને એના અંગમાંથી આવતી સુવાસ ગમતી હતી. અલબત્ત, એનો ખરચ મને જરા ભારે તો પડ્યો જ હતો ! લોલાને માટે પાંચની નોટ, ગાડીભાડાંનો ને ખાવાપીવાનો ખરચ જુદો પણ બીજે ક્યાંક ગયાં હોત તો મને આ ખરચ બદલ અફસોસ કરવાનું મન નહીં થાત.

એ રસ્તાને છેડે પહોંચ્યા પછી મારા પગ ઘડીભર ત્યાં જ થંભી ગયા. મારા મનમાં કશીક સ્મૃતિ સળવળી રહી હતી. તે વખતે ધુમ્મસથી ઝાંખા બનેલા દીવાના અજવાળામાં, તીણા ને ઊંચા અવાજે ઘોંઘાટ કરતું બાળકોનું ટોળું ટેકરી પરથી નીચે દોડી ન આવ્યું હોત તો એ અજાણી સ્મૃતિને મેં કદાચ ઓળખી જ ન હોત. એમના હાથમાં ઝોળીઓ હતી. કોઈક કોઈકની ઝોળી પર નામ પણ ભરેલાં હતાં, બધાંએ સરસમાં સરસ કપડાં પહેર્યાં હતાં. ને સૌ કોઈને એનું ભાન હતું. નાની છોકરીઓએ ટોળાંની વચ્ચે પોતાનું જુદું જ જૂથ જમાવ્યું હતું. એને જોતાં ભાતભાતની રંગીન ફીત, ચળક ચળક થતાં જોડા ને પિયાનોના મંદ્ર સ્વરનો જ ખ્યાલ આવતો. બધું જ મને યાદ આવ્યું.એ બધાં નૃત્યશાળામાં નૃત્ય શીખીને પાછાં આવતાં હતાં. હું પણ આમ જ નૃત્યશાળામાં જતો. નૃત્યશાળાનું નાનકડું મકાન ટેકરી પર ચઢતાં અધવચ આવતું હતું. એના અંદર દાખલ થવાના રસ્તાની આજુબાજુ ર્‌હોડોડેન્દ્રના ફૂલછોડ હતા. ફરી ખૂબ ઉત્કટતાપૂર્વક મને લાગ્યું કે લોલા મારી સાથે નહોત તો સારું થાત; આ સ્મૃતિ સાથે એનો મેળ બેસતો નથી, એ ફરી મેં ઉત્કટતાપૂર્વક અનુભવ્યું; ને મને મનમાં વિચાર આવ્યો : 'ચિત્રમાં ક્યાંક કશુંક ખૂટતું લાગે છે' ને મગજની કોઈક શિરામાં દર્દના સળકો ઊઠતો હોય એવું મને લાગ્યું.

એક પીઠામાં જઈને અમે શરાબ તો પીધો, પણ ખાણાંને હજુ અર્ધાએક કલાકની વાર હતી. મેં લોલાને કહ્યું. 'તને તો ગામમાં ટાંટિયા ઘસતાં ફરવાનું ગમતું નથી, તો તું અહીં બેસ, હું દસ મિનિટમાં જ એક બાળપણની જાણીતી જગ્યાએ આંટો મારીને આવું છું.' એણે કશો વિરોધ કર્યો નહીં. ગામડાનો એક માણસ (નિશાળમાં શિક્ષક હશે કદાચ) ત્યાં ઊભો હતો. લોલાને શરાબની એક પ્યાલી પાવાની એને ખૂબ ઇચ્છા હતી; શહેરમાંથી એક રાત માટે એક સ્ત્રીને લઈને આમ અહીં આવી ચઢ્યો હતો, તે બદલ એને મારી કેવી અદેખાઈ આવતી હતી, તે હું જોઈ શક્યો હતો.

હું ટેકરી ચઢવા લાગ્યો. શરૂઆતનાં બધાં જ ઘરો નવાં હતાં. મને એ ઘરો પ્રત્યે અણગમો થયો, કારણ કે મને પરિચિત મેદાનો ને ઘરના દરવાજાઓને એમણે ઢાંકી દીધાં હતાં.

ગજવામાંનો નકશો પાણીથી ભીંજાઈને ચોંટી જાય ને ઉખેળીને જોઈએ, ત્યારે કેટલીક જગ્યાએ માત્ર ધોળાં ધાબાં જ દેખાય, તેના જેવું મને લાગ્યું. પણ અર્ધે પહોંચતાં એ ઘર દેખાયું ખરું, કદાચ પેલી બુઢ્ઢી જ હજુ નૃત્ય શીખવતી હશે. બાળકો વયની બાબતમાં જરા અતિશયોક્તિ કરી બેસે છે. મારા વખતમાં એની ઉમ્મર પાંત્રીસથી તો વધારે નહીં જ હોય, મને પિયાનો સંભળાય છે. હજુ એ જ પુરાણો ક્રમ ચાલુ લાગે છે : આઠ વરસની નીચેનાં બાળકો માટે સાંજના છથી સાત, આઠથી તેર વરસનાં માટે સાંજે સાતથી આઠ. મેં દરવાજો ખોલ્યો ને થોડેક સુધી અંદર ગયો. હું સ્મૃતિને સ્પષ્ટ કરવા મથતો હતો.

એ સ્મૃતિ શી રીતે તાજી થઈ તેની ખબર નથી. કદાચ શિશિરને લીધે જ એમ બન્યું હશે – શિશિરની એ ઠંડી ધુમ્મસમાં ઝાંખાં દેખાતાં ભીનાં પાંદડાં; પિયાનાના સૂરને લીધે તો એમ નહીં બન્યું હોય ? કારણ કે મારા વખતમાં અમે જુદું શીખતા હતા. ફોટાની મદદ વિના આપણે કોઈને યાદ કરીએ ને એનું ચિત્ર જેવું આંખ સામે ઊપસી આવે, તેવી એ નાની બાળાની છબિ મારી આંખ સામે ખડી થઈ ગઈ. મારાથી એ એકાદ વરસ મોટી હતી : ત્યારે એ બરાબર આઠેક વર્ષની હશે. મને લાગે છે કે ત્યાર પછી આજ સુધીમાં મેં એટલી ઉત્કટતાથી બીજા કોઈનેય ચાહ્યું નથી. શૈશવના પ્રેમને હસી કાઢવાનો દોષ તો મેં નથી જ કર્યો. એમાં વિયોગની ભયંકર અનિવાર્યતા રહી હોય છે, કારણ કે એમાં સંતોષને સ્થાન છે જ નહીં. અલબત્ત, ત્યારે આપણે આગમાં સપડાયેલા ઘરની, યુદ્ધની ને એકાકી ઝઝૂમતા યોદ્ધાની વાતો ઉપજાવી કાઢીને ભોળી બાળાની આંખોને આપણા શૌર્યથી વિસ્ફારિત કરી મૂકીએ છીએ ખરા, પણ લગ્નની વાત કદી કાઢી શકાતી નથી. કોઈના કહ્યા વિના આપણે સમજી જઈએ છીએ કે એ કદી બની શકે નહીં, પણ એથી કાંઈ દુઃખ ઓછું થાય એવું થોડું જ બને છે ? બાળપણની એ આંખે પાટા બાંધીને શોધવાની રમત મને બરાબર યાદ છે. ત્યારે હું એને પકડી પાડવાની ને એ બહાને ઘડીભર એનો હાથ ઝાલી રાખવાની મિથ્યા આશા સેવતો, પણ હું કદી એને પકડી શક્યો નહીં. એ હંમેશ મારા માર્ગથી દૂર ને દૂર જ રહી.

પણ બે શિયાળામાં એક એક અઠવાડિયું એની સાથે નૃત્ય કરવાનો સંયોગ મને પ્રાપ્ત થયેલો. શિયાળાના છેલ્લા વર્ગમાં એક દિવસ એણે મને કહ્યું કે એ બીજે વરસે ઉપલા વર્ગમાં જતી રહેવાની છે. આથી તો આખી વસ્તુ વણસી ગઈ (એથી અમારા સમ્પર્કનો એક માત્ર તન્તુ છેદાઈ ગયો) ! મને ખબર હતી કે હું એને ગમતો હતો, પણ એ બધું પ્રકટ કરવાનો કોઈ માર્ગ નહોતો. એની વરસગાંઠની મિજબાનીમાં હું જતો ને મારી વરસગાંઠની મિજબાનીમાં એ આવતી, પણ નૃત્યશાળામાંથી આવીને અમે સાથે દોડતાં દોડતાં ઘરે ગયાં હોઈએ એવું કદીય બન્યું નથી. કદાચ એમ કરવું અમને વિચિત્ર લાગ્યું હોત, અમને એનો કદાચ વિચાર જ નહોતો આવ્યો. હું મારા ટીખળી ઉત્પાતિયા છોકરાઓના જૂથમાં ભળી જતો ને એ એની તીણા અવાજે ઘાંટા પાડતી ને ધૂંઆપૂંઆ થતી સહિયરોની મંડળીમાં ખોવાઈ જતી.

ધુમ્મસમાં ઊભો ઊભો હું ધ્રૂજવા લાગ્યો ને કોટના કોલર ઊંચા કરીને મેં ગળું ઢાંક્યું. પિયાનો કોઈક નૃત્યના પુરાણા સૂર છેડી રહ્યો હતો. ત્યારથી તે આજ સુધીની આ યાત્રાને અન્તે આખરે પામી પામીને હું લોલાને પામ્યો ! આથી એ માર્ગ મને ઘણો લાંબો લાગ્યો. શૈશવની એ નિર્દોષતામાં એવું કશુંક રહ્યું હોય છે, જે ખોઈ નાખવા આપણે કદી તૈયાર નથી હોતા. આજે તો એક છોકરી નથી ગમતી તો બીજી ખરીદતાં વાર નથી લાગતી. ત્યારે ખૂબ બુદ્ધિ ચલાવીને આખરે એક તરકીબ હું શોધી શકેલો (આ બધું મને યાદ આવતું જાય છે, એ ખરેખર ભારે આશ્ચર્યની વાત છે) – લાગણીના આવેશવાળી ભાષામાં સંદેશો લખીને દરવાજાના લાકડાની અંદરના એક કાણામાં હું મૂકી દેતો. મેં એને એક વાર એ કાણું બતાવ્યું હતું. ને એય વહેલી મોડી એ કાણામાં આંગળી નાંખીને મારો સંદેશો શોધશે જ તેની મને ખાતરી હતી. એ સંદેશામાં હું શું લખતો હોઈશ, કોણ જાણે ! એ દિવસોમાં ખાસ કાંઈ કહી શકાતું નહીં. વ્યક્ત કરવાની આવડત નહીં. એનો અર્થ એમ નહીં કે, ત્યારે થતું દર્દ આજના કોઈક વાર થતા વિરહના દુઃખ કરતાં ઓછું તીવ્ર હતું. કેટલાય દિવસો સુધી મેં આંગળી ઘાલીને એ કાણામાં એનો સંદેશો શોધ્યો હતો ને એ મને સદા મળતો જ રહ્યો હતો. પણ એ બધું ઘણું કરીને ભુલાઈ ગયું .

દરવાજાની બહાર નીકળતાં પેલું કાણું હજી છે કે નહીં તે જોવાનું મને કુતૂહલ થયું. કાણું તો હતું. મેં એની અંદર આંગળી નાંખી. અનેક બદલાતી જતી ઋતુઓ ને વરસોથી સુરક્ષિત એની છાયામાં હજુય એક કાગળની ચબરખી પડી રહી હતી. મેં એને બહાર ખેંચી કાઢી ને આજુબાજુના ધુમ્મસ ઘેર્યા અન્ધકારમાં દીવાસળી સળગાવીને એને ઉકેલવા પ્રયત્ન કર્યો. દીવાસળીની નાનીશી જ્યોતના અજવાળામાં સ્થૂળ અશ્લીલતાનું પ્રદર્શન કરતા ચિત્રને જોઈને મને આઘાત લાગ્યો. સમજવામાં કશી ભૂલ થાય એમ હતું જ નહીં. બાળકને અણઘડ હાથે દોરાયેલ સ્ત્રી અને પુરુષના ચિત્રની નીચે મારા હસ્તાક્ષર હતા. મોઢામાંથી ઠંડીમાં નીકળતી બાષ્પ, પેલાં બાળકોની ઝોળીઓ, ભીનું પાંદડું ને પેલા રેતીનો ઢગલો – આ બધાંએ જેટલી સ્મૃતિ તાજી કરી, તેટલી સ્મૃતિ એ ચિત્રને જોઈને જાગી નહીં. એ ચિત્રને હું ઓળખી શક્યો નહીં. કોઈ ગંદા મનનો માણસ જાજરૂની દીવાલ પર દોરે એવું ચિત્ર જોઈ મને યાદ આવ્યાં અને તે સમયની લાગણીની પવિત્રતા, ઉત્કટતા ને એનાથી ઉદ્ભવતો ઘેરો વિષાદ.

ઘડીભર તો એને જાણે કોઈએ દગો દીધો હોય એવું લાગ્યું. મેં મારી જાતને કહ્યું : 'લોલાનો અહીં બિલકુલ મેળ નહીં જ ખાય એવું તો નથી.' પણ તે દિવસે મોડી રાતે લોલા પડખું ફરીને, મારી તરફ પીઠ કરીને ઊંઘી ગઈ, ત્યારે મને એ ચિત્રમાં રહેલી ઊંડી નિર્દોષતા ધીમે ધીમે સમજાવા લાગી. હું કોઈક સુંદર, અર્થપૂર્ણ ને અવનવું દોરી રહ્યો છું, એવું મેં ત્યારે માનેલું. જિંદગીનાં ત્રીસ વરસ ગયાં, તે પછી આજે એ ચિત્ર અશ્લીલ લાગ્યું.

અનુ. સુરેશ જોષી

એકાકી

એલન સીલીટો

ઓજારોથી ભરેલી કપડાની થેલીને બગલમાં ઘાલીને એક મધ્યમવયનો પુરુષ સાર્વજનિક મૂતરડીમાંથી બહાર આવ્યો. એણે મેલો રેનકોટ ઓઢ્યો હતો. એની દાઢી ઘણા દિવસોથી સાફ થયેલી ન હતી અને એનો દેદાર એવો તો લાગતો હતો કે જાણે એ એકાદ મહિનાથી ન્હાયોધોયો ન હતો.

રસ્તો ઓળંગતા પહેલાં એ ફૂટપાથની ધારે એકાદ ક્ષણ રોકાયો અને પોતે પહેરેલાં વસ્ત્રોમાં સૌથી વધુ સ્વચ્છ કહી શકાય એવી ટોપીને ઠીક કરીને, ડાબીજમણી બાજુ અછડતી નજર કરી, વાહનવ્યવહાર કાંઈક ઓછો થયેલો જોઈને, રસ્તાની સામે પાર આવ્યો. એનું પોતાનું નામ અને એના ધંધાનું નામ એક સાથે જ, એકી શ્વાસે બોલી શકાય તેવું હતું : અર્નેસ્ટ બ્રાઉન, ફર્નિચર-રીપેર કરનાર.

રોજ રાતે પોતાના નિવાસસ્થાને સૂવા જતા પહેલાં એ ઓજારોની થેલી સાર્વજનિક મૂતરડીના ચોકીદારને સાચવવા માટે સોંપી જતો. એ માનતો કે પોતાની ઓરડીમાંથી એ થેલી ગૂમ થઈ જાય તેનો ભય વધુ હતો. એ થેલી ચોરઈ જાય તો એનો ધંધો-રોજગાર ચાલી જાય તેવું હતું. આમ થાય એ તેને કોઈ રીતે પોષાય તેમ ન હતું.

નગરપાલિકાના ગિરજામાં સાડા દસના ડંકા ગાજી ઊઠ્યા. બાજુના થિયેટરની પછીતે દેખાઈ રહેલા નીલ આકાશનો નાનો શો ટુકડો પાનખરનાં વાદળાંઓની સામે મહામહેનતે પોતાનું સ્વાતંત્ર્ય જાળવી રહ્યો હતો, દગાખોર પવન અવારનવાર આડાઅવળા ઝાપટા મારીને રસ્તામાં પડેલા કાગળના ડૂચાઓ અને સિગારેટનાં ખાલી ખોખાંઓને ગાડાનાં પૈડાઓની જેમ ગટરના ઢળતા ઢાંકણાઓ પાસે ગબડાવી મૂકતો હતો. અર્નેસ્ટનું પેટ ખાલી હતું અને તે સવારના નાસ્તા માટે તૈયાર હતો. એટલે તે કાફેનો દરવાજો ઓળંગી અંદર આવ્યો અને અંદર આવતા આવતા દરવાજાની ઉપરનું બીમ એકાદ ફૂટ ઊંચું હોવા છતાં અભાનપણે થોડું નમીને અંદર આવ્યો.

લાંબો, વિશાળ કાફે લગભગ ભરાયેલો હતો. અર્નેસ્ટ સામાન્ય રીતે નાસ્તા માટે સવારના નવ વાગે આવી પહોંચતો, પણ ગઈ કાલે એક જગ્યાએ ફર્નિચર રીપેરિંગ કરી આપવા બદલ તેને દસ પાઉંડ મળ્યા હતા તેથી તે રાતના મોડે સુધી 'બાર'માં 'બીઅર' પીતો બેસી રહ્યો હતો - એકાકી પુરુષો ધીરે ધીરે, લિજ્જતથી કેંદ્રિત ધ્યાનથી પીએ છે એ રીતે આને કારણે સવારે ઘેનભરી ઊંઘમાંથી પથારી છોડવામાં તેને ખૂબ જ તકલીફ પડી હતી. એનું મોં ફિકકું હતું અને એની આંખોમાં અસ્વસ્થતાની પીળાશ હતી. અને એ બોલતો ત્યારે એના હોઠો પૂરા ઊઘડતા નહિ અને બહુ જ થોડા દાંત તે વખતે જોઈ શકાતા હતા.

ઘોંઘાટ કરતા અડધો એક ડઝન માણસોને ઓળંગી એ ઘસાઈ ગયેલા થડા પાસે માંડમાંડ પહોંચ્યો. ચરબીથી લથપથતી જાડી નોકરાણી ખૂબ કામમાં હતી. એટલે તેની પીઠ પાછળ ઊંચે દીવાલમાં સફેદ ચોકથી મોટા અક્ષરોથી લખેયેલી વાનગીઓની સૂચિ એણે જોઈ લીધી. નોકરાણીએ તેની તરફ ધ્યાન આપ્યું ત્યારે હાથ ધરીને ધીમેથી તેણે કહ્યું, 'ચાનો એક કપ.'

ચાની કોઠીમાંથી જાડી નોકરડીએ એને માટે એક કપમાં ચા રેડી. કપમાં કાળી, પાતળી તિરાડ હતી, તેથી પ્રવાહી ચામાં વાળ ચીટકેલો હોય તેવું દેખાતું હતું. ગરમ ચામાં સાકર નાખી, ચમચી મૂકી નોકરાણીએ તેને કપ આપતા કહ્યું, 'બીજુ કાંઈ ?'

અચકાતા એ બોલ્યો, ' ટોમેટો-ટોસ્ટ પણ આપજો ને ?' ટોસ્ટની પ્લેટ તેની તરફ ધકેલવામાં આવી તે ખેંચી લઈને એ ટોળામાંથી જેમતેમ બહાર નીકળ્યો અને ખૂણાના એક ખાલી ટેબલ પાસે આવ્યો.

પ્લેટમાંના ટોસ્ટમાંથી સુગંધી વરાળ ઊડતી હતી : એણે છરી અને કાંટો લઈ ને શિલ્પીની અદાથી ટોસ્ટ અને ટમાટાના થરમાંથી એક ભાગ ઉપાડીને મોંમાં મૂક્યો અને ભૂખ કકડીને લાગી હોવાને લીધે આજુબાજુ બેઠેલા લોકો તરફ જોયા વિના જ સંતોષથી એને ચાવવા લાગ્યો. ભૂમિતિની આકૃતિમાંથી ટુકડાઓ કપાય તે રીતે ટોસ્ટના એક પછી એક ટુકડાઓ કાપીને હોઠોના ચિત્રવિચિત્ર આકારો અને જોડાણોની નિયમિત ગતિથી આપવા લાગ્યો. ધીરે ધીરે, શાંતિથી, સંતોષથી, ફકત પોતા વિષે અને ખોરાકથી ગરમી મેળવી રહેલા પોતાના દેહ વિષે સજાગ રહીને તે ખાઈ રહ્યો. કાફેમાંના કેટલાંયે ટેબલ પર કેટલાયે કપમાં રહેલી ચાને હલાવતા હલાવતા ચમચી અને રકાબી અને કપના ખડખડાટથી થતા અવાજોમાંથી આખા વાતાવરણમાં સંગીત પથરાઈ રહ્યું હતું તેવું લાગતું હતું.

વર્ષોથી તે એકલો જ ખાતો, છતાં એકાંતથી તે હજીયે ટેવાયો ન હતો. એકાંતથી એ ટેવાઈ શકતો ન હતો, એકાકીપણાને એણે કામચલાઉ રીતે સ્વીકાર્યું હતું. એને આશા હતી કે ભવિષ્યમાં એ એના ચકરાવામાંથી બહાર નીકળી શકશે. ભૂતકાળને અર્નેસ્ટ ભૂલી જ ગયો હતો, જીવનનો રેલો એના પગ તળેથી તે લગભગ અસ્પૃશ્ય રહી જતો હતો. વાંકાચૂકા કાંટાવાળા તારની આસપાસ બે ખાઈઓની વચ્ચે મરેલા અને મરી રહેલા

સૈનિકોની યાદ સિવાય બીજું કાંઈ જ સંસ્મરણ એને ભૂતકાળ તરફ આકર્ષી જતું નહિ. યુદ્ધ પછીનાં વર્ષોમાં માત્ર આ બે જ વાક્યો ઘણોખરો સમય એના હોઠ પર રમતાં : 'અહીં ઈંગ્લેડમાં હોવો જોઈતો ન હતો. એ બધા સૈનિકોની સાથે ફ્રાન્સમાં મને પણ મૃત્યુ મળવું જોઈતું હતું,' ધીરે ધીરે વખત જતાં આ વાક્યોથી તે વંચિત બન્યો અને આખરે શબ્દહીન ઝાંખી કલ્પના માત્ર જ તેની પાસે બચી.

એણે જોયું કે લોકો એની સાથે માંસ અને લોહી વિનાના આદમી જેવી, ભૂત જેવી, વર્તણૂક રાખતા અને ત્યારથી એ એકલો રહેતો થઈ ગયો. એમ કહેવાતું કે એના ઝેરી સ્વભાવને કારણે એની પત્ની એને છોડી ગઈ હતી અને એના બે ભાઈઓ બીજે શહેર ચાલ્યા ગયા હતા. પાછળથી એને વિચાર આવેલો ખરો કે એ એમની તપાસ કરે, પણ એણે એ વિચાર માંડી વાળ્યો : આવી પડેલા એકાંતમાં આગળ ધપવાનું અને એકાંતને સ્વીકારી લેવાનું એને વધુ ઉચિત લાગ્યું. એક ધૂંધળી, એક ન સમજી શકાય તેવી રીતે તેને લાગ્યું કે ગતયૌવનનાં સીમાચિહ્નો જેવાં સ્થળો, જૂના મિત્રો, સુખી દિવસોની યાદ આપતી ગંધ-સુગંધો અને પાસે બોલાવતા ધ્વનિઓ-એ બધું મોતને ભેટવા સમાન હતું, એણે નિર્ણય લીધો કે એ બધાને ભૂલી જવું સૌથી ઉત્તમ હતું કારણ કે જ્યારે પણ સાચેસાચ મૃત્યુ આવશે ત્યારે આ બધી વસ્તુઓ ફરી મેળવવાની તક મળશે જ તેવું તેને લાગતું હતું.

તોપગોળો તેની નજીક ફૂટ્યો હોવા છતાં ન તો એના દિમાગને કશી અસર થઈ હતી કે ન તો તેના શરીરમાં કોઈ જખ્મની ગુલાબી નિશાની રહી હતી અને આ કારણે યુદ્ધમાં ઘણું બધું બન્યું હોવા છતાં તેને 'પેન્શન' મળ્યું નહિ. અને પોતાને પણ 'જખ્મ' જેવા શબ્દની યાદ રહી ન હતી. ફકત એટલું જ બન્યું હતું કે હવે એ કશાની પરવા કરતો ન હતો. વર્ષોનાં અવિરતપણે ચાલતાં ચક્રોએ એને ભાંગી નાખ્યો હતો અને તેથી જીવન એને માટે સહ્ય બની ગયું હતું. બીજું યુદ્ધ આવ્યું ત્યારે પહેલાં તો એના પર કશો જ ભાર મૂકવામાં ન આવ્યો અને 'ઓળખપત્ર' કે 'રેશનબુક' ન રાખવાને કારણે કે લશ્કરનો ત્યાગ કરીને નાસી જનારાઓને તે આપી દેવાને કારણે, તેને દંડ આપવો પડતો કે કેદખાનામાં દિવસો વિતાવવા પડતા તોયે તે તેની ભાંગી ગયેલી મનોદશામાંથી ઊંચો આવી ન શક્યો. તોપમારા અને ફૂટતા બોંબના ધડાકાઓથી ધ્રૂજતા એ દિવસોમાં રાતે કેદમાંથી પોતાની ખોલીની છત પર એ તાકી રહેતો ત્યારે જાણીબૂઝીને દબાવી રાખવામાં આવેલી ભૂતકાળની બુઠ્ઠી યાદો અને ઘસાઈ ગયેલી આકૃતિઓ જાગી ઊઠતી ખરી અને ગાંડપણ ભરેલાં જે બે વાક્યો તેના હોઠો પર રમતાં, તેના શબ્દો તે આડાઅવળા બબડી જતો. છતાં, સમયપટ્ટી પર માપી શકાય તેવી એની યુદ્ધકાળની જિંદગી જાણે કે જલદી પૂરી થઈ ગઈ અને ફરી પાછો એ કશાયની પરવા કર્યા વિના એકલો રહેવા લાગ્યો. શરૂઆતમાં કામ મળતું નહિ અને જીવનનિર્વાહ કરવો એ કષ્ટદાયક થઈ પડતું, તો પણ તે તેના વિષે પરવા કરતો નહીં અને હવે તેને પૂરતું કામ મળતું અને એ સારું કમાતો તો પણ તેને જીવનમાં મહત્ત્વનો

કોઈ ફેરફાર દેખાતો નહિ. પોતે જે કાંઈ કમાતો તેનો ઘણો મોટો ભાગ તે 'બીઅર' પીવામાં વાપરી નાખતો, એટલી હદ સુધી કે એને નવા કોટની કે નવા બૂટની જરૂર હતી તે વાત પણ તે ભૂલી જતો.

ટોમેટો-ટોસ્ટનો છેલ્લો કકડો પ્લેટમાંથી ઉપાડીને તેણે મોંમાં મૂક્યો અને સાથે ચાનો ઘૂંટડો લીધો. ચા અને ચાવેલો ટોસ્ટ પેટમાં ઉતારી લીધા પછી એણે સિગારેટ સળગાવી અને ફરી એક વખત તેની આસપાસ બેઠેલા લોકોના અસ્તિત્વ વિષે સજાગ બન્યો. અગિયાર વાગ્યા હતા અને નીચી છતવાળો કાફે ધીરે ધીરે ખાલી થઈ ગયો હતો અને હવે લગભગ ડઝનેક માણસો જ કાફેની અંદર રહ્યા હતા. એક ટેબલ પર ઘોડદોડની અને બીજા ટેબલ પર લડાઈની વાતો થતી હતી તેને તે આસાનીથી સાંભળી શકતો હતો, પણ એ વાતોના શબ્દો તેના કાનમાં થઈને તેના મગજ સુધી પહોંચતા હતા ખરા છતાં તેના પર કોઈ જ અસર થતી નહિ અને ટેબલ અને ખુરશીઓની હારોને તે શાંત અને સંતુષ્ટ દૃષ્ટિથી નિહાળતો રહ્યો. બે વાગ્યા સુધી કોઈ કામ મળે તેવું ન હતું. તેથી પોતે બેઠો હતો ત્યાં જ બેસી રહેવાનો તેનો ઇરાદો હતો. અચાનક તેને ખ્યાલ આવ્યો કે તેના ટેબલ પર બેસી રહેવાનો હક્ક મેળવવા તેણે કાંઈક ખાવાનું મેળવી લેવું જોઈએ. આથી ટેબલ પરથી ઊઠીને તે થડા પર ગયો અને ચા અને કેકનો ઑર્ડર આપ્યો.

હજી એને થડા પર પીરસવામાં આવી રહ્યું હતું ત્યાં જ બે નાની બાળાઓ કાફેમાં પ્રવેશી. એક બાળા અર્નેસ્ટના ટેબલ પર જ બેઠી, બીજી મોટી દેખાતી બાળા, થડા પર આવી, અર્નેસ્ટ પોતાની જગ્યાએ પાછો ફર્યો ત્યારે એણે નાની બાળાને ત્યાં બેઠેલી જોઈ. એ શરમાયો અને કાંઈક મૂંઝાયો પણ ખરો, તેમ છતાં એ પોતાના ટેબલ પાસેની ખુરશીમાં જ બેઠો અને કેકના ચાર ટુકડા કર્યા અને કપમાંથી ચાનો ઘૂંટડો લીધો. નાની બાળાએ એની તરફ જોયું અને મોટી બાળા થડા પરથી ગરમાગરમ ચાના બે કપ લઈને ટેબલ પર આવી, ત્યાં સુધી એની તરફ જ તાકતી રહી.

બાળાઓ અર્નેસ્ટની હાજરીની તદ્દન અવગણના કરતી ચા પીતાં પીતાં વાતો કરવા લાગી. એમનો રહસ્યમય, બાલિશ ઉત્સાહ ધીમે ધીમે અર્નેસ્ટની રગોમાં ઊતરવા લાગ્યો. વારે વારે નજર ઊંચકીને એ એમની સામે જોવા લાગ્યો અને અનુભવવા લાગ્યો કે એણે એ ટેબલ પર બેસી રહેવું ન જોઈએ. જ્યારે જ્યારે એ એમની તરફ જોતો ત્યારે એની નજર હળવી, માયાળુ બની જતી અને એમને જોઈને એની આંખો હસી ઊઠતી, છતાં એને લાગતું કે એણે ત્યાંથી ઊઠી જવું જોઈએ. મોટી બાળા બાર વર્ષની હતી અને એણે ભૂખરો કોટ પહેર્યો હતો. એ કોટ એને ઘણો મોટો પડતો હતો. ઘણો ખરો વખત એ જ વાતો કરતી અને હસતી, છતાં અર્નેસ્ટ જોઈ શકતો હતો કે તેનો ચહેરો ફિક્કો હતો અને તેની પહોળી, ગોળ આંખો સુંદર હતી તો યે તેમાં ગરીબાઈ અને બેકાળજીની ઝાંય ઊઠી આવતી હતી.

નાની બાળા ઓછી હસમુખી હતી અને તે પોતાની મોટી બહેનને જવાબો આપતી

ત્યારે જ આછું હસી લેતી. એ પોતાની ચા પીતી રહી અને ચા ખતમ થઈ ત્યાં સુધી આંગળીઓ ગરમ રાખવા ચાનો ગરમ કપ પકડીને જ બેસી રહી. ચાનો કપ ખાલી થયો તો પણ એની પાતળી, લાલ આંગળીઓને ગરમ રાખવા કપની અંદર તળિયે રહેલી ચા-પત્તીઓને એ જોતી રહી, ચા પીવાઈ ગઈ અને તેમની વચ્ચેની વાતો ખૂટી ગઈ અને બન્ને મૂંગી થઈ ગઈ. બહાર રસ્તા પરથી પસાર થતાં વાહનોનો અવાજ હવે કાફેની અંદર છૂટથી ફેલાઈ રહ્યો હતો અને થડાની અંદરના ભાગમાં નોકરાણી દિવસના ખાણાના સમયે આવનારા ઘરાકોના ધસારાને પહોંચી વળવા કપ-રકાબીઓ ધોઈને ગોઠવતી જતી હતી તેનો ખડખડાટ તેમાં નિર્બાધ રીતે ભળી રહ્યો હતો.

અર્નેસ્ટ ગણતરી કરી રહ્યો હતો કે બપોરના તેને જે રીપેરિંગ કામ કરવાનું હતું તેમાં કેટલી વાર 'રેકઝીન' લાગશે, પણ જ્યારે એણે નાની બાળાને ફરીથી વાત શરૂ કરતી સાંભળી ત્યારે એ પોતાની ગણતરી ચૂકી ગયો.

'આલ્મા, જો તારી પાસે થોડા પૈસા હોય તો આપણે કેક લઈએ.'

'મારી પાસે હવે વધુ પૈસા નથી.' મોટી બાળાએ અધીરા અવાજે કહ્યું.'

'છે, તારી પાસે છે, અને મારી ઇચ્છા કેક લેવાની છે.' નાની બાળા અડગ હતી અને આક્રમક અવસ્થા સુધી પહોંચી ગઈ હતી.

'તું તારે ઇચ્છા રાખ્યે જા, મારી પાસે ફક્ત બે પેની છે.'

'બે પેનીમાં કેક આવી જાય.' નાની બાળા હજીયે જરાતરા ગરમ રહી ગયેલા ખાલી કપને ફરતા આંગળાં ભિડાવી રાખીને બોલી અને પોતાની વાતને વળગી રહી, 'ઘેર પાછા જવા માટે આપણે બસભાડું ખરચવાની જરૂર નથી. ઘર દૂર નથી અને આપણે ચાલીને પાછા જઈશું.'

'ચાલીને ઘેર પાછા ન જવાય : રસ્તે વરસાદ નડે.'

'ના, નહિ નડે.'

'એમ તો મને પણ કેક લેવાની ઇચ્છા છે, પણ આખા રસ્તે ચાલીને હું ઘેર જવાની નથી.' મોટી બાળાએ મક્કમતાથી છેવટનો નિર્ણય જાહેર કરી દીધો. નાની બાળાએ નમતું મૂક્યું. તે કશું બોલી નહિ, માત્ર પોતાના ખાલી કપની ભીતરનાં ઊંડાણમાં એકીટશે જોતી બેસી રહી.

અર્નેસ્ટે ખાવાનું પૂરું કર્યું હતું. એણે સિગારેટ કાઢી, સળગાવી અને ઊંડો દમ લીધો અને પછી મોંમાંથી ધુમાડાને છટકવા દીધો. ચંદ્રના આકર્ષણથી નાની સરખી ભરતી આવે, પાણીની બહિર્રેખા અંદર ધસી આવે અને રેતાળ પટને ભીંજાવી દે તેવી એક તીવ્ર એકલતાની લાગણીએ અર્નેસ્ટને ભીંસમાં લીધો. તેને રડવાનું મન થઈ આવ્યું. પણ તે રડી ન શક્યો, બન્ને બાળાઓ તેની પાસે જ બેઠી હતી, પણ પોતાની વાતોમાં લીન બની ગઈ હતી. એ બન્ને હજી કેક લેવી કે નહિ, ચાલીને ઘેર જવું કે નહિ તેની ચર્ચા કર્યા કરતી હતી.

'પણ રસ્તે ચાલતા જતાં ખૂબ ઠંડી લાગશે.' મોટી બાળાએ દલીલ કરી.

'ના નહિ લાગે.' નાનીએ કહ્યું, જોકે એના અવાજમાં જોઈએ એટલી આત્મશ્રદ્ધા ન હતી.

એ બન્ને અવાજો સાંભળીને અર્નેસ્ટને ખ્યાલ આવ્યો કે પોતે કેટલો બધો એકાકી હતો. એમનો એક એક શબ્દ એનામાં એટલું બધું અટૂલાપણું ભરી દેતો હતો કે એને પોતે ખૂબ જ ખાલી ખૂબ જ દુઃખી લાગવા માંડ્યો.

સમય અત્યંત ધીમી ગતિથી પસાર થઈ રહ્યો હતો - મિનિટનો કાંટો ઘડિયાળના 'ડાયલ' પર જાણે કોઈએ એક જ સ્થળે, એક જ કોણ પર, ખીલો મારીને ઠોકી દીધો હતો. બાળાઓએ એકબીજા સામે જોયું, પણ એની સામે ન જોયું. અર્નેસ્ટ પોતામાં વધુ ને વધુ ઊંડો ઊતર્યો. એણે એ પળે વિશ્વ સમસ્તની શૂન્યતા અનુભવી તૂટેલા 'કન્વેયર બેલ્ટ' પર સ્થગિત પડેલી વસ્તુઓની જેમ આવનાર દિવસોની પોકળતા એણે જોઈ અને એને આશ્ચર્ય થયું કે હવે પછીનું પોતાનું જીવન એ કેવી રીતે વિતાવશે. જે કંઈ બની ગયું હતું એને યાદ કરવાનો એણે પ્રયત્ન કર્યો અને એમ સ્પષ્ટ તરી આવતું ત્રીસ વરસનું શુષ્ક શૂન્યતાનું ધાબું જોઈને એ બેબાકળો બની ઊઠ્યો. પોતાની પાછળ રાખોડી ધુમ્મસ હતું અને પોતાની આગળ કશું જ છૂપું ન રાખનાર ને બધું નગ્ન કરી દેનાર તો તોફાન આવી રહ્યું હતું તેમ તે સાફ જોઈ શકતો હતો. કાફેની બહાર નીકળીને ખાલીખમ દિવસો અને રાતોને કશાથી ભરી શકાય તેવી પ્રવૃત્તિ શોધી કાઢવાનું તેને મન થયું, પણ તેને, પણ તેને લાગ્યું કે તેનામાં આવું કશું કરવાની માનસિક તાકાત જ રહી ન હતી. એણે કોઈનો રડવાનો અવાજ સાંભળ્યો અને મનમાં ચાલી રહેલા વિચારોના ઘમસાણમાંથી પોતાની જાતને બહાર ફંગોળીને જોયું તો નાની બાળા રડી રહી હતી. અને હાથથી આંખો ચોળી રહી હતી. 'શું થયું ?' એણે ટેબલ પર જરા ઢળતાં રહીને અતિશય મૃદુતાથી પૂછ્યું.

નાની બાળા વતી જવાબ દેતાં, મોટી બાળાએ કરડાકીથી કહ્યું, 'કશું જ નહિ. એ વધુ પડતી હોંશિયારી દેખાડી રહી છે.'

'પણ તેના રડવાનું કોઈ કારણ તો હશે ને ? શું થયું છે તેને ?' અર્નેસ્ટે એ બન્ને તરફ સહેજ વધુ ઢળીને, શાંતિથી, અવાજને ખરડાવા દીધા વિના ફરીથી પૂછ્યું, 'શું થયું છે એ તો કહે' અને એને કાંઈક યાદ આવ્યું, સ્વપ્ન અને નક્કરતાના મિશ્રણમાંથી નીકળતા તારને એણે પકડી લીધો અને જાગ્રત-અર્ધજાગ્રત અવસ્થામાં સાંભળેલા એ બે બહેનોના પરિસંવાદના શબ્દો એના કાનમાં ફરી પડઘા પાડી રહ્યા. 'હું તમારા માટે ખાવાનું લઈ આવું,' હિંમત એકઠી કરીને એણે કહ્યું, 'લઈ આવું ને ?'

મૂઠી વાળેલાં આંગળાંઓને આંખો પરથી હટાવી લઈ નાની બાળાએ ઊંચું જોયું, પણ મોટી બહેને વિરોધ દર્શાવતી, કતરાતી નજરથી અર્નેસ્ટ સામે જોયું અને કહ્યું, 'અમારે કશાની જરૂર નથી. અમે હવે જઈએ જ છીએ.'

'ના, તમે ન જાઓ.' એ બોલી ઊઠ્યો. 'તમે અહીં બેસી રહો અને જુઓ કે તમારા

માટે હું શું લઈ આવું છું.' એ ઊભો થયો અને બન્ને બહેનોએ ગુસપુસ કરતી મૂકીને થડા તરફ ચાલતો થયો.

'પેસ્ટ્રીઝ'ની પ્લેટ અને ચાના બે કપ લઈને એ પાછો ફર્યો અને મૂંગા મોઢે તેની સામે જોઈ રહેલી બાળાઓની પાસે તે મૂક્યા. નાની બાળા હવે હસુહસુ થઈ રહી હતી. એની ગોળ, આતુર આંખોમાં આકર્ષણ પેદા થઈ ગયેલું દેખાતું હતું, છતાં તેના હાથની હલચલને એ આછા ભયથી જોઈ રહી હતી. મોટી બહેન વિરોધથી હજીયે અક્કડ હતી, પણ શાંત શ્રદ્ધાથી હલચલ કરી રહેલા અર્નેસ્ટના હાથો, તેના સ્નિગ્ધ શબ્દો, તેની મુખમુદ્રામાં તરી આવતી માયાળુતા જોઈને તે ધીરે ધીરે નરમ પડી. પોતે કરી રહેલા સારા કાર્યમાં અર્નેસ્ટ મગ્ન બની ગયો હતો, તેમ છતાં એકાકી હોવાની ભાવના એને હજીયે યાદ આવતી હતી અને તેની સામે એ લડી રહ્યો હતો, અલબત્ત ચાલી ગયેલા દુ:સ્વપ્નની જેમ.

બન્ને છોકરીઓ હવે તેના જાદુની અસર તળે આવી ગઈ. કેક તથા ચા આરોગવા લાગી. ખાતાં ખાતાં બન્ને એકબીજાની સામે જોઈ લેતી અને ક્યારેક વળી તેમની સામે બેસીને સિગારેટ પી રહેલા અર્નેસ્ટ તરફ નજર નાખી લેતી. કાફે હજીયે ખાલી જ હતો, અંદર બેઠેલા થોડા માણસો ખાવામાં ખૂબ મશગૂલ હતા, ખાઈને કામે ચડી જવાની એટલી તો ઉતાવળમાં હતા કે ખૂણાના ટેબલ પર શું બની રહ્યું હતું તેની નોંધ લેવાની તેમને પરવા પણ ન હતી. તેની અને છોકરીઓ વચ્ચેનું વાતાવરણ હવે વધુ મૈત્રીભર્યું બન્યું હતું તે જોઈને અર્નેસ્ટે વધુ વાતો આરંભી, 'તમે નિશાળે જાવ છો ?' એણે પૂછ્યું.

મોટી બહેને સ્વાભાવિક રીતે જ આ વાર્તાલાપનું સુકાન સંભાળી લીધું અને એના સવાલોના જવાબ આપવા લાગી. 'હા, પણ આજે અમે માને માટે એક જરૂરી સંદેશ પહોંચાડવા આ તરફ આવેલા.'

'તો શું તમારી મા કામે જાય છે ?'

'હા' મોટી બહેને જણાવ્યું, 'આખો દિવસ.'

મૈત્રીભર્યા ઉત્તરોથી અર્નેસ્ટ પ્રોત્સાહિત થઈ ગયો. 'અને એ તમારું ખાવાનું પકાવીને કામે જતી હશે ?'

મોટી બહેને કહ્યું, 'ના, રાત પહેલાં એ ખાવાનું પકાવી શકતી નથી.'

'તમારા પિતા શું કરે છે ?' અર્નેસ્ટે વાત ચાલુ રાખી.

'એ ગુજરી ગયા છે.' મોઢામાં કેક હતી છતાં પહેલી જ વખત બોલવની હિંમત કરતાં નાની બહેને કહ્યું. એના બોલ સાંભળીને મોટી બહેને આંખો તાણી અને બોલ્યા વિના જ તેને જણાવી દીધું કે એની પરવાનગી સિવાય એ બોલે તે યોગ્ય ન હતું.

'તો તમે આજે બપોરના નિશાળે જશો ?' અર્નેસ્ટે પૂછયું.

'હા,' સરકારી પ્રવક્તાની અદાથી મોટી છોકરીએ ટૂંકમાં કહ્યું.

પરિસ્થિતિ પર એ કડક કાબૂ રાખી રહી હતી તે જોઈને અર્નેસ્ટને હસવું આવ્યું. 'અને તારું નામ શું છે ?'

'આલ્મા,' મોટીએ કહ્યું, 'અને આ છે જોન,' નાની તરફ સહેજ માથું ઝુકાવતા તેણે ઓળખાણ પાડી.

'તમને રોજ ખૂબ ભૂખ લાગે છે ?'

મોટી છોકરી ખાતાં અટકી ગઈ અને શો જવાબ દેવો તેની મૂંઝવણમાં પડી ગઈ.

'ના, ખાસ તો નહિ.' બીજી કેક ખાતાં ખાતાં એણે એવી રીતે જવાબ આપ્યો કે જે દ્વિઅર્થી હતો.

'પણ આજે તો કકડીને ભૂખ લાગી હતી ને ?'

'હા,' ચોળીને નીચે જમીન પર ફગાવી દીધેલા કેકને ફરતા રાખવામાં આવતા કાગળની જેમ તેની પટુતાને અળગી કરતાં તે બોલી.

મૂઠી વાળતાં ઊપસી આવેલાં આંગળાંઓના મૂળનાં હાડકાંઓને હોઠ પર દાબી એ થોડી ક્ષણો ચૂપચાપ બેસી રહ્યો. અચાનક એણે ફરી વાત શરૂ કરી, 'જુઓ, સાંભળો, રોજ લગભગ સાડા બાર વાગે હું અહીં મારું ભોજન લેવા આવું છું. કદીયે જો તમને ભૂખ લાગે તો અહીં આવીને મને મળજો.'

બન્ને બહેનોએ આમ કરવાનું કબૂલ્યું. ઘેર જવા માટે છ પેન્સનું બસભાડું સ્વીકાર્યું, તેનો આભાર માન્યો અને તેની વિદાય લીધી.

પછીનાં અઠવાડિયાંઓમાં એ બન્ને એને લગભગ રોજ મળવા આવતી. ક્યારેક જ્યારે એનું ખિસ્સું ખાલી રહેતું ત્યારે તે ફકત ચા પીને ચલાવી લેતો, પણ આલ્મા અને જોનને પેટ ભરીને ખવડાવતો, અને વાંકી વળીને એ બન્ને ઈંડાં, 'બેકન', અને કેક પર તૂટી પડતી. તે જોઈને એને એવું તો સુખ અને એવો તો સંતોષ થતો કે કોઈની સાથે વાતો કરવા માટે 'બાર'માં જઈ 'બીઅર' ઢીંચવો પડતો તે એકાકી દિવસોને તે લગભગ ભૂલી ગયો અને કશું કરવા માટે પોતે જીવી રહ્યો છે તેવી એને ભાવના થવા લાગી. એ હવે ખૂબ આનંદમાં રહેતો હતો કારણ કે એને લાગતું 'નાનકડી છોકરીઓ'નું ધ્યાન રાખવાનું કામ તેને ફાળે આવી પડયું હતું.

એ બન્ને છોકરીઓને ભેટ-સોગાદ આપવામાં હવે એ એટલા બધા પૈસા ખરચવા લાગ્યો ક્યારેક ઘરનું ભાડું પણ ચડી જતું. હજી એ નવાં કપડાં ખરીદતો ન હતો તેમ જ અગાઉની જેમ 'બીઅર' પીવામાં તેના પૈસા તણાઈ જતા ન હતા પણ હવે એના બધા પૈસા બે છોકરીઓને માટે ખોરાક અને ભેટ-સોગાદો લેવામાં વપરાઈ જતા. એ તો એનો એ જૂનો રેનકોટ, એનું એ કોલર વિનાનું ખમીસ પહેરતો રહ્યો અને હવે તો એની નવી ટોપીયે મેલી થઈ ગઈ હતી.

આલ્મા અને જોન રોજ નિશાળમાંથી સીધી શહેરના મધ્યભાગ તરફ જતી બસ પકડતી અને થોડી જ મિનિટોમાં શ્વાસભેર હસતી હસતી અર્નેસ્ટ કાફેમાં રાહ જોતો હતો ત્યાં આવી ચડતી. દિવસો અને અઠવાડિયાંઓ આ રીતે પસાર થઈ ગયાં અને આલ્મા જેમ જેમ સમજતી ગઈ કે સાથ માટે અર્નેસ્ટ તેમના પર કેટલો બધો નિર્ભર રહેતો હતો. તેમને

જોઈને તે કેટલો બધો રાજી થતો હતો અને કદી તેમને ન આવેલી જોતાં કેટલો બધો હતાશ થઈ જતો હતો, તેમ તેમ તે વધુ ભેટ-સોગાદો, વધુ ને વધુ ખાવાની ચીજો માગતી ગઈ. અલબત્ત આ બધું તે સીધીસાદી બાલિશ રીતોથી કરતી અને તેથી અર્નેસ્ટનું તે પ્રત્યે લગીરે ધ્યાન દોરાયું ન હતું.

પણ કાફેના બીજા કેટલાક નિયમિત આવનારા ઘરાકોની નજર બહાર આ કશું રહી શકયું નહિ. બન્ને બાળાઓ કેવી રીતે જાત જાતની ચીજવસ્તુઓ માગતી અને અર્નેસ્ટ કેવી રીતે તે બધી વસ્તુઓ તેમને અપાવતો તે હકીકતને તેઓ અવગણી શક્યા નહિ.એમને લાગ્યું કે આ બધું ઠીક થતું ન હતું. અર્નેસ્ટ એ બન્ને છોકરીઓને પોતાની દીકરી સમાન ગણતો હતો અને તેમને રાજી રાખીને અભૂતપૂર્વ સુખ મેળવતો હતો તે સમજવાનું તેમની શક્તિ બહાર હતું

એ પછીના ગાળામાં એક દિવસ અર્નેસ્ટ ભોજન લેવાની તૈયારીમાં હતો ત્યારે થોડે દૂરના ટેબલ પર સરસ પોષાક પહેરીને બેઠેલા બે યુવાનોને તેણે જોયા. આગલે દિવસે અને તેનાથી એ આગળના દિવસે એણે એમને ત્યાં જ તે જ ટેબલ પર બેઠેલા જોયા હતા. પણ જોન અને આલ્મા તેની પાસે આવી ગઈ તેથી તે એમના વિષે વધુ વિચાર કરી ન શકયો.

'હલો. અર્નેસ્ટ કાકા,' તે બન્ને હસતાં હસતાં બોલી, 'આજે અમને શું જમવાનું અપાવો છો ?' આલ્મા તો થડાની પાછળની દીવાલ પર ચોકથી લખેલ વાનગીઓમાં શું શું મળી શકે તેમ હતું તે જોવા લાગી.

તેમને જોઈને જમવાની તૈયારીમાં પડેલા અર્નેસ્ટનો ભાવહીન ચહેરો બદલાઈ ગયો. સુખના સ્મિતની એક હલકી ઝલક તેના ગાલમાં, તેના હોઠોના વળાંકોમાં અને તેની આંખોની કીકીઓમાં પ્રસરી ગઈ, 'તમને જે જોઈએ તે' એ બોલ્યો.

'પણ શું મળી શકે તેમ છે ?' આલ્માએ લાડમાં સામેથી સવાલ પૂછ્યો. 'એમના ગરબડિયા અક્ષરો મને તો નથી ઉકલતા !'

'થડા પર જા અને જે જોઈએ તેનો ઓર્ડર આપી દે.' હસતાં હસતાં અર્નેસ્ટે સલાહ આપી.

'તો તમે મને થોડા પૈસા તો આપો !' આલ્માએ હાથ લંબાવીને કહ્યું. જોન બાજુમાં બોલ્યા વિના ઊભી હતી. એનામાં આલ્મા જેટલી હિંમત ન હતી. એનો ચહેરો ભીરુ હતો અને એના પર એક જાતની વ્યગ્રતા હતી. અર્નેસ્ટ અને આલ્મા વચ્ચે અવાર-નવાર થતી પૈસાની આપલેને તે સમજી શકતી ન હતી. એને બીક લાગતી કે એક દિવસ આલ્મા પૈસા માગતી હશે અને અર્નેસ્ટ તેના તરફ આશ્ચર્યથી જોયા કરશે અને કહેશે કે તેની પાસે તેમને માટે પૈસા નથી.

સવારે જ અર્નેસ્ટે એક કિંમતી જૂના ફર્નિચરનું રીપેરિંગ કામ પૂરું કર્યુ અને તે માટે મળેલા પૈસા તેના ખીસામાં જ હતા. આલ્માએ તેની પાસેથી પાંચ શિલિંગ લીધા. એ

તથા જોન ખાણાં માટે થડા પર ગયાં. ખાણું મેળવવા માટે એ બન્ને હજી થડા પર હતાં, ત્યાં જ છેલ્લા થોડા દિવસોથી અર્નેસ્ટની હિલચાલ અને વર્તણૂક પર નજર રાખી રહેલા પેલા સરસ પોષાક પહેરેલા બે યુવાનો ઊભા થઈ તેની પાસે આવ્યા.

એમાંનો એક ચૂપ ઊભો અને બીજાએ થડા પર ઊભેલી આલ્મા અને જોન તરફ ડોકું ધૂણાવતા અર્નેસ્ટને પૂછ્યું, 'પેલી બે છોકરીઓ તમારી દીકરીઓ કે કાંઈ સગી થાય છે ?'

ઊંચું જોઈને અર્નેસ્ટ હસ્યો. હળવા અવાજે તેણે ખુલાસો કર્યો, 'ના, તે મારી મિત્રો છે. પણ આ પૂછવાનું ખાસ કાંઈ કારણ ?'

પેલા માણસની આંખોમાં સખ્તાઈ હતી અને એ સ્પષ્ટપણે બોલી રહ્યો હતો, 'કઈ જાતની મિત્રો ?'

'મિત્રો, માત્ર મિત્રો. પણ શા માટે આવું પૂછો છો ? તમે કોણ છો ?' અર્નેસ્ટે એક ધ્રુજારી અનુભવી અને ઓછી કલ્પનાની મદદથી તેનામાં અત્યંત વેગથી ઊગવા લાગેલો અર્ધગુનાનો ભાવ ખરેખર સાચો ન હતો એવી આશા તે રાખવા લાગ્યો.

'અમે કોણ છીએ એની ફિકર ન કરો, ફક્ત હું પૂછું છું તેનો જવાબ આપો.'

અર્નેસ્ટનો અવાજ સહેજ વધ્યો, પણ એ માણસની ડારતી આંખોમાં નજર નાખવાની તેની હિંમત ન ચાલી, 'શા માટે પૂછો છો ?' એ બરાડી ઊઠ્યો 'તમારે આ વાત સાથે શી મતલબ છે ? શા માટે આવા બધા પ્રશ્નો મને પૂછી રહ્યા છો ?'

સુક્કા અવાજે પેલા માણસે કહ્યું, 'અમે પોલિસ સ્ટેશનેથી આવીએ છીએ. અમને ફરિયાદો મળી છે કે તમે પેલી બે છોકરીઓને પૈસા આપીને ખોટે રસ્તે લઈ જઈ રહ્યા છો.'

અર્નેસ્ટને હસવું આવવા લાગ્યું, પણ દર્દભર્યું ! હસવાની ઇચ્છા છતાં પેલા બે ડિટેક્ટીવો ચિડાઈ ન જાય તે માટે તે હસ્યો નહિ. એણે શરૂ કર્યું, 'પણ...પણ......' અને એ આગળ જઈ ન શક્યો. એને ઘણું ઘણું કહેવું હતું, પણ કશું જ સ્પષ્ટ કહી ન શક્યો. જાનવરની આંખોમાં ગભરાટ આવે તેવી રીતે તેની આંખોમાં ગભરાટ ફેલાઈ રહ્યો.

'જો' પેલા માણસે ભારપૂર્વક કહ્યું. 'અમારે તારા પણ-બણની જરૂર નથી. અમે તારા વિષે બધું જ જાણીએ છીએ. તું કોણ છે તે પણ જાણીએ છીએ. સાચી રીતે તો એમે તને વર્ષોથી ઓળખીએ છીએ. અમે કહીએ છીએ કે પેલી બે છોકરીઓનો પીછો તું છોડી દે અને એમને મળવું બંધ કરી દે. તારા જેવા માણસે નાની છોકરીઓને પૈસા દેવા ન જોઈએ. તું શું કરી રહ્યો છે તે તારે જાણવું જોઈએ અને વધુ અક્કલ વાપરવી જોઈએ.'

અર્નેસ્ટે અંતે જોરથી વિરોધ નોંધાવ્યો. 'હું કહું છું એ બે મારી મિત્રો છે. હું એમને કશું જ નુકસાન પહોંચાડી રહ્યો નથી. મારી પોતાની દીકરીઓ હોય તે રીતે હું તેમની સંભાળ રાખું છું અને ક્યારેક ભેટ-સોગાદો આપું છું. મારા જીવનમાં તેમના સિવાય બીજા કોઈ સાથે મારે દોસ્તી નથી. અને હું શા માટે તેમનું ધ્યાન ન રાખું ? તમે શા માટે તેમને

મારી પાસેથી છીનવી લો છો ? તમે તમારી જાત વિષે શું સમજી બેઠા છો ? હું કહું છું તમે મને હેરાન ન કરો, મને મારા રસ્તે જવા દો.' એનો અવાજ હવે ટક્કર લેવા તૈયાર થયેલા પુરુષની આછી ચીસ જેવો હતો. કાફેમાંના બીજા લોકો તેની આસપાસ ટોળે વળી ગયા હતા. આ ધાંધલ થવાનું શું કારણ હતું તે વિષે અટકળો કરતા તેની સામે તાકી રહ્યા હતા.

બે ડિટેક્ટીવોએ વધુ પડતી અધીરાઈ બતાવ્યા વિના સિફતથી પણ ઝડપથી પોતાનું કાર્ય શરૂ કર્યું. તે બન્ને અર્નેસ્ટની એકકેક બાજુએ ઊભા રહી ગયા અને બાવડાથી તેને પકડીને ઊંચક્યો અને થડા પાસેથી રસ્તા પર લઈ ગયા. થડા પાસેથી અર્નેસ્ટ નીકળ્યો. ત્યારે હાથમાં પ્લેટ પકડીને ઊભેલી બન્ને છોકરીઓએ તેને જોયો. ભય અને આશ્ચર્યથી તે બન્ને તેને બહાર લઈ જતો જોઈ રહી.

ડિટેક્ટીવો અર્નેસ્ટને રસ્તાના અંત સુધી લઈ ગયા અને તેના કાંડા પર પોતાનાં આંગળાંઓ સખ્ત રીતે દાબી રાખીને થોડી પળો સુધી તેની સાથે વાતા કરતા રહ્યા.

'જો, તારી તરફથી અમને કોઈ જ મુશ્કેલીઓ નડવી ન જોઈએ. ક્યારે પણ જો અમે તને પેલી છોકરીઓ સાથે જોશું તો યાદ રાખજે કે સીધો જ તને મેજિસ્ટ્રેટ સામે ખડો કરી દેશું.' એમના અવાજમાં રહેલા હુકમની કડકાઈએ અર્નેસ્ટના દિમાગને વળ ચડાવી દીધો અને તેને વાસ્તવિકતાનો પૂરો ખ્યાલ કરાવી દીધો.

અર્નેસ્ટ મૂંગો જ ઊભો રહ્યો. ઘણી બધી વાતો એને કહેવી હતી પણ શબ્દો એના હોઠ સુધી પહોંચવામાં નિષ્ફળ ગયા. શરમ અને ધિક્કારથી એના હોઠ કાંપવા લાગ્યા અને કશું જ ઉચ્ચારી ન શક્યા.

'અમે તને શાંતિપૂર્વક કહીએ છીએ કે એ છોકરીઓનો તું વિચાર સરખોય કરતો નહિ. સમજી ગયો ?'

'હા,' જવાબ દેવાની અર્નેસ્ટને ફરજ પડી.

'બરાબર, હવે તું જઈ શકે છે. અને ફરીથી કહીએ છીએ કે અમે તને એ છોકરીઓ સાથે જોવા નથી માગતા.'

પગ તળેથી ધરતી સરકી રહી હતી તેવું અર્નેસ્ટને લાગ્યું. ગભરાટનું એક જબરદસ્ત મોજું તેના દિમાગ પર અથડાયું. પોતાની અંદરના એક ઝીણા પણ અજાણ બિંદુમાંથી અગાઉ ભોગવેલું પણ હવે અસહ્યતાની અસીમ કક્ષાએ પહોંચેલું એકાકીપણું ધોધમાર વહી જતું તે અનુભવી રહ્યો. અને દરેકેદરેક વસ્તુ માટેનો તીવ્ર અતિ તીવ્ર તિરસ્કાર તેનામાં ઊભરાયો, તેની આસપાસ જે કાંઈ પણ ચાલી રહ્યું હતું તે બધા માટે તેને ગાઢ ઘેરી અનુકમ્પા થવા લાગી અને છેવટે એને પોતાને માટે પણ અપરંપાર અરેરાટી થવા માંડી. રડી લેવાનું એને મન થઈ આવ્યું પણ એ રડી શક્યો નહિ. એ શરમજનક પરિસ્થિતિમાં મુકાઈ ગયો હતો. માત્ર તે ત્યાંથી દૂર જ જઈ શક્યો.

અને પછી ડગલે ને પગલે એનું દુ:ખ નીતરવા લાગ્યું. કડવાશ ઓટની જેમ એનામાંથી

ઊતરી ગઈ અને તેની જગ્યાએ પોતે કદીયે અનુભવ્યું ન હતું તેવું ઊંડાણ આવી ગયું તેમ તેને થયું. બપોરના રસ્તામાં લોકોનાં ટોળાઓની વચ્ચે થઈને ચાલતા એના પગની ચાલમાં હવે ધ્યેયનું નામનિશાન ન હતું. ધકેલીને બન્ને બાજુ ખોલી શકાય તેવા નાના દરવાજાને વટાવી ઘોંઘાટિયાં ટોળાંઓની વચ્ચે થઈને એ હવે 'બાર'ના થડા પાસે પહોંચતો ત્યારે તે કશાયની પરવા કરતો નહિ. અને પીને ઘેનમાં સૂઈ જઈ શકવામાં સહાયભૂત થાય તે આશયથી રાખવામાં આવેલા 'બીયર'ના હાંડા પર તેની ખાલીખમ આંખો ચીટકી રહેતી.

અનુ. : કાન્તિલાલ પૂજારા

સુકરાતનો કૂકડો

લિયોપોલ્ડો એલાસ 'ક્લેરિન'

ક્રિટો, એના ગુરુની આંખો અને મોં બંધ કરીને મૃતદેહની આસપાસ ભેગા થયેલા બીજા શિષ્યોને ત્યાં જ રહેવા દઈ, પોતે એકલો તુરંગની બહાર નીકળી ગયો. ગુરુ સુકરાતે એનો જે અંતિમ આદેશ આપ્યો હતો તે પહેલામાં પહેલી તકે પાર પાડવાનો એનો મક્કમ નિશ્ચય હતો. સુકરાતે કદાચ વ્યંગમાં જ ક્રિટોને એ કાર્ય કરવાનું કહ્યું હતું. પણ ગુરુજીએ ખરેખર ગંભીર ભાવે જ કહ્યું હોય એમ પણ બને. તેથી ક્રિટો તો ગુરુના અંતિમ આદેશનું અક્ષરશઃ પાલન કરીને જ જંપવાનો. મૃત્યુનાં છેલ્લાં ડચકાંની રાહ જોતાં જોતાં સુકરાતે મોં પર કપડું ઓઢી લીધું હતું, જેથી શિષ્યો એની અંતિમ ભીષણ ને પાશવિક વેદના જોવામાંથી ઊગરી જાય. પણ છેલ્લે સુકરાતે એ કપડું ખસેડીને આવાં આખરી વેણ ઉચ્ચાર્યાં હતાં : 'ક્રિટો આપણે માથે એરકુલાપિયસનું એ કૂકડાનું દેવું છે, તે ચૂકવવાનું ભૂલીશ નહીં.' અને પછી તો એમની વાચાએ સદાને માટે વિદાય લીધી.

ક્રિટોને માટે આ છેલ્લી સોંપણીનાં વેણ પવિત્ર હતાં. એ એનું પૃથક્કરણ કરવા માંગતો નહોતો. એ વેણ સુકરાતે કંઈક તીખા વ્યંગ રૂપે જ ઉચ્ચાર્યાં હતાં કે પછી ખરેખર એ એના ગુરુનું અંતિમ વસિયતનામું હતું. તે આ વખતે બુદ્ધિની કસોટી પર ચડાવવાની ક્રિટોની ઇચ્છા નહોતી. અનીટસે અને મેલેટસે સુકરાત પર ભલે ગમે તેવાં ખોટાં આળ ચડાવ્યાં, પણ શું સુકરાત લોકોના ગાંડાઘેલા રીતરિવાજો માટે હંમેશાં માનભેર નહોતા વર્તતા ? હા એ ખરું કે સુકરાત એ બધી લૌકિક કિંવદન્તિઓને (અલબત્ત ક્રિટો એને કિંવદન્તિ નહોતો કહેતો) એક પ્રતીકાત્મક દાર્શનિક સ્વરૂપ આપતા, જે આદર્શ અને સૂક્ષ્મ ભાવનાથી ઝળકી ઊઠતું. પણ સુકરાતની કાવ્યમય અને અલૌકિક પરોક્ષ વાણીને બાદ કરીએ તો પણ એટલી વાત તો સાચી જ કે તેઓ ગ્રીક લોકોના વિધિવિધાનવાળા રાજ્યમાન્ય ધર્મ પ્રત્યે તો આસ્થા જ ધરાવતા હતા. એમના છેલ્લા પ્રવચનમાં એક સુંદર પ્રસંગ દ્વારા આ જ વસ્તુની વિશદ અભિવ્યક્તિ નહોતી થઈ ?(ક્રિટોએ એ વાતની બરાબર નોંધ

લીધી હતી કે સુકરાતની પદ્ધતિ ભલે પ્રશ્ન અને ઉત્તરની જ હોય, પણ તેઓ ઘણી વાર સામા માણસને સાવ ભૂલી જ જતા અને પોતાની આલંકારિક શૈલીમાં લાંબાં લાંબાં ભાષણો ઠોકી દેતા !)

સુકરાતે શુષ્ક ફિલસૂફી અને કઠોર વાદવિવાદને બદલે પરંપરાગત રીતે પરલોકનાં વિસ્મયકારક વર્ણનો કર્યાં હતાં. અને સુકરાતે કાંઈ એમ નહોતું કહ્યું કે તેઓ ખરેખર એમાં માનતા નહોતા, જોકે ઝનૂની મતાંધ માણસની જેમ એમણે એ બધી વાતો ધરાર સાચી જ છે એવું પ્રતિપાદન પણ નહોતું કર્યું એ ખરું. પણ એમાં આશ્ચર્ય પામવા જેવું શું હતું ? તેઓને પોતાને આત્માની અમરતામાં પાકો વિશ્વાસ હતો. છતાં તેઓએ બધા અહંકાર નેવે મૂકીને એમ પણ ક્યાં નહોતું કહ્યું કે 'હું ધારું છું તેવું કદાચ નયે હોય ?'

ટૂંકમાં, ગુરુનાં વેણને અક્ષરશઃ પાળવા માટે અને માથે ચડાવવા માટે કૂકડાં શોધવા નીકળતી વખતે, ક્રિટોને એવી રજમાત્ર શંકા નહોતી કે એ પોતાના ગુરુના વિચાર કે આચારથી વિરુદ્ધ કાંઈ પણ કરી રહ્યો છે.

અને કોણ જાણે વિધાતાનો આ બધામાં હાથ ન હોય તેમ, ક્રિટો હજી તો તુરંગથી સો કદમ પણ નહીં ગયો હોય ત્યાં તો, એક નાના સરખા વાડાની વંડી પર એણે એક રૂપરૂપના અવતાર જેવો કલામય કલગીથી દીપતો કૂકડો જોયો. એ હમણાં જ બાગમાંથી વંડી પર ઠેકીને આવ્યો હતો અને શેરીમાં કૂદવા જ જતો હતો. એ ક્યાંકથી નાસી છૂટતો હોય એમ જણાતું હતું. કશાંક દુઃખદાયી બંધનોમાંથી મુક્તિ પામવા માટે કૂકડાએ દોટ મૂકી હોય એમ દેખાતું હતું.

ક્રિટો કૂકડાના હેતુને મનોમન પામી ગયો અને એ નીચે કૂદે કે તરત એને પકડી લઉં એમ વિચારતો ટાંપીને ઊભો. એના મનમાં પાકું ભરાઈ ગયું હતું કે એસ્કુલાપિયસ દેવ – બીજા કોઈ કૂકડાનો નહીં – આ જ કૂકડાનો ભોગ માંગતો હતો. માણસના મનમાં આવાં ભૂસાં ભરાઈ જવાનું કારણ એ છે કે એકવાર એ તર્ક સાથે મેળ ન ખાય તેવી ધાર્મિક લાગણીઓ અંગીકારી લે છે પછી એ બાલિશમાં બાલિશ વહેમો ધરાવવામાં પણ પાછું વાળીને જોતો નથી. કૂકડા સાથે આમ અકસ્માત ભેટો થઈ ગયો તેમાં ક્રિટોને ક્યારનીયે દેવોની ઇચ્છા કામ કરતી દેખાઈ ચૂકી હતી !

દેખીતી રીતે જ કૂકડો કાંઈ ક્રિટો જેવી માન્યતા નહોતો ધરાવતો, કેમકે જેવો એણે એ માણસને પોતાનો પીછો પકડતો જોયો કે એ તો છેડાઈને તરત 'કોક કોક' એમ સ્વગત બબડતો-ફફડતો ને જોરજોરથી પાંખો વીંઝતો વીંઝતો નાઠો.

એ દ્વિપાદ પક્ષીએ પોતાનો પીછો કરનારને તરત જ ઓળખી લીધો. કારણ કે એણે ક્રિટોને પોતાના ગુરુના ઉદ્યાનમાં ઘણી વાર પ્રેમ, સૌંદર્ય ઇત્યાદિ પર અનંત ચર્ચા કરતો જોયો હતો. નિમિત્ત એ કે તે કુક્કુટરાજ સ્વયં, એ સર્વ તત્ત્વજ્ઞાનની સહાય વિના જ, તે પ્રદેશની સેંકડો કૂકડીરાણીઓને ચાર-પાંચ ક્ષણમાં જ સંમોહિત કરવાને પ્રયોજને, તે દાર્શનિકોના ઉદ્યાન પાસે અનેક વાર વિહાર કરતો.

'લ્યો ! આ બહુ મઝાનું આફતનું પોટલું આવી પડ્યું !' કૂકડે ઊડવાની તૈયારી કરતાં કરતાં મનોમન વિચાર્યું. અલબત્ત સંકટ સમયે તે ઊડી શકે તેમ તો હતું જ.

'આ જ કારણે મને આ વિદ્વાન પુરુષો માટે હાર્દિક અણગમો છે. પ્રકૃતિના સર્વ નિયમો એમણે તો શિરોધાર્ય કરવા જોઈએ. તેને બદલે તે સર્વનું ઉલ્લંઘન કરીને તેઓ મારા પર પોતાનું અબાધિત સ્વામિત્વ સ્થાપવા માંગે છે ! પેલા સતત બાલિશ બકવાસ કરનારા ગોર્ગિયાસની અસહ્ય ગુલામીમાંથી હજી તો હું માંડ હમણાં નાસી છૂટું છું, એટલામાં જો આ પારકા વિચારને ઉછીના લઈને વધારનારા, દળદરી, ફિલસૂફ-શરીરધારી દૈત્યના હાથમાં મારે પડવાનું થશે, તો તો ગોર્ગિયાસના ઘર જેટલોયે સવાદ નહીં આવે ! આ તો ઊંલમાંથી ચૂલમાં ! લેતા જીવ બેટમજી આઝાદી !'

કૂકડો દોડ્યો ને ફિલસૂફ એની વાંસે. આ પકડ્યો કે પકડશે ! પણ ત્યાં તો એ પાંખ વીંઝતોકને અડધુંપડધું ઊડીને ને બાકીનું ગભરાટના માર્યા ઠેકીને છટક્યો ને એક મૂર્તિના મસ્તક પર આશ્રય પ્રાપ્ત કર્યો. એ મૂર્તિ બીજા કોઈની નહીં પણ પલ્લાસ એથેનાની હતી. એથેન્સની કુળદેવીની !

'ઊભો રે, અલ્યા વિનય વિવેક ભૂલેલા અધર્મી કૂકડા !' ફિલસૂફે રાડ પાડી. એના અવાજમાં મધ્યયુગના ધાર્મિક અત્યાચાર કરનારા ધર્મગુરુઓનું ઝનૂન જાગી ઊઠ્યું, આ સરખામણી કરવા જતાં મારાથી ઇતિહાસનાં પાનાં જરા આડાંઅવળાં થઈ જાય છે તે માફ કરજો. ક્રિટોએ પોતાના સ્વાભાવિક ઉદાત્ત આત્માના વિરોધી અવાજોને પવિત્ર ધાર્મિક તર્કશાસ્ત્રથી ચૂપ કરી દીધા. આત્મા તો કહેતો હતો કે ભાઈ કૂકડો ચોરાય નહીં, પણ એણે તો બહાનું શોધ્યું : 'કૂકડા, તેં એથેનાને માથે ચઢીને જે અધર્મ આચર્યો છે તેને કારણે હવે તો તું મરવાને જ લાયક છે. હમણાં તું મારા કબજામાં આવ્યો સમજ અને તારો ભોગ દેવને ચરણે ચડ્યો જ સમજ !'

પછી ફિલસૂફ આંગળાંનાં ટેરવાં પર ઊભો થઈને થવાય તેટલો ઊંચો થયો અને પછી કૂદી કૂદીને કૂકડાને પહોંચવા માટે હસવું આવે એવાં ચાળાચસ્કાં કરવા માંડ્યો પણ કાંઈ વળ્યું નહીં.

'અલ્યા ઓ બનાવટી આદર્શવાદી ફિલસૂફ !' કૂકડો બોલી ઊઠ્યો. એની ગ્રીક વાણી સ્વયં ગોર્ગિયાસના મુખને શોભાવે તેવી શુદ્ધ હતી. 'ઊંચોનીચો થા મા ! અમારું એક બચ્ચું ઊડી શકે એટલુંયે તારાથી ઉડાવાનું નથી...શું ? હું બોલી શકું છું તેનું તને આશ્ચર્ય થાય છે ? કેમ, તું મને ઓળખતો નથી કે ? હું ગોર્ગિયાસના વાડાનો કૂકડો છું. હું તને બરાબર ઓળખું છું. તું તો પડછાયો, છે પડછાયો, પેલા મરેલા માણસનો પડછાયો ! ગુરુની પાછળ જીવનારા ચેલાઓના નસીબમાં પડછાયો બનવાનું જ લખેલું હોય છે. નાનાં બાળકોને બિવડાવતાં ભૂતડાંની જેમ એ જીવ્યે જાય છે. સ્વપ્નપ્રેરિત દ્રષ્ટા મૃત્યુ પામે છે ને પાછળ એના પાંખો કપાયેલા શિષ્યોને રોતાં મૂક્તો જાય છે. એ ચેલકાં પછી પેલા અલૌકિક દૂરદ્રષ્ટાના આદર્શોમાંથી વળી પાછા લોકને બિવડાવનારા નવા ચાડિયા ખડા

કરે છે. ને એમ દુનિયામાં એક નવું શૂળ ઊભું થાય છે, વહેમનો એક નવો થર જામે છે.

'ચૂપ મર કૂકડા ! તારી યોનિની ધારણા પ્રમાણે પ્રકૃતિનો આદેશ છે કે તારે મૂંગા જ રહેવું.'

'અલ્યા હું તો બોલું છું ને તું ધારણાની ધા કરે છે ! લે, પેટ ભરીને સાંભળતો જા ! હું મારી યોનિ વિશેની ધારણાના આદેશને ઉલ્લંઘીને ધરાર બોલું જ છું,- એક વ્યક્તિ તરીકેની મારી શક્તિને આધારે. વક્તૃત્વ-કળા અર્થાત બોલવા ખાતર બોલવાની કળા વિશે મેં એટલું બધું સાંભળ્યું છે કે મને એ વ્યવસાયનો થોડો ઘણો પાસ બેસી ગયો છે.'

'અને તું નગુણો, તારા એવા ઉપકારક ગુરુનો સત્સંગ તજીને, એની ગૃહમર્યાદાને તોડીને, એના અધિકારની વિડંબના કરીને નાઠો ! કેવો કૃતઘ્ન છે તું ?'

'ગોર્ગિયાસ તારા જેવો જ ચક્રમ છે, જોકે તારા કરતાં વધારે રસિક ખરો. પણ એના જેવા માણસની સાથે કોઈ રહી શકે નહીં. એ દરેક વસ્તુ સાબિત કરવાની મથામણ કર્યા કરે છે અને એમ બીજાને ગૂંચવી મારે છે, થકવી નાંખે છે. જે આખું જીવન સાબિત કર્યા કરે છે તે જિંદગીને ખાલીખમ મૂકીને જ છેલ્લી વિદાય લે છે. દરેક વસ્તુનું 'કેમ ?' (કારણ) જાણવું એનો અર્થ છે : વસ્તુઓની ભૂમિતિ જાણવી અને શૂન્યનો સાર પામવો. જગતને એક ગણિતી સૂત્રમાં બાંધી દેવાનો અર્થ છે. એને મોંમાથા વિનાનું કરીને સ્વર્ગે સંચરવું માટે અલ્યા ફિલસૂફડા, તું તારે રસ્તે પડ, કારણ હું તો આવું આવું સિત્તેર દિવસ ને સિત્તેર રાત સુધી સતત બોલ્યે જ જાઉં તોયે તે ખૂટે તેમ નથી. યાદ રાખ, હું સોફિસ્ટોના મહાતાર્કિક ગોર્ગિયાસનો કૂકડો છું.'

'એમ કે ? તો તો ત્રિવિધ કારણોસર તારે હવે મરણ-શરણ થયે જ છૂટકો છે. એક તો તું તર્કદુષ્ટ સોફિસ્ટ છે, બીજું તેં દેવી એથેનાના ઉત્તમાંગને અભડાવ્યું છે, અને ત્રીજું દેવાધિદેવ ઝિયસની તેવી ઇચ્છા છે, ચાલ, હવે શરણ થાય છે કે નહીં ?'

'તારા ગળાના સમ, શરણે થાઉં તો ! મને આંગળી અડાડી શકે તેવો કોઈ આદર્શવાદી ભગતડો હજી કોઈ જન્મ્યો નથી. એને બાપડાને તો ભગવાન વાંકો વળીને તેડી જાય ત્યારે એનો ઉદ્ધાર થાય. પણ આ બધી દોડાદોડ તેં શીદને માંડી છે ? આવી ક્રૂરતા તે હોય ? શીદને તું મારી પાછળ પડ્યો છે ?'

'કારણ સુકરાત ગુરુ મરતાં મરતાં મને કહી ગયા છે કે એસ્કુલાપિયસ દેવે એમને આ જીવનની સઘળી નિર્બળતાઓમાંથી મૃત્યુ દ્વારા મુક્ત કરીને સાચું આરોગ્ય આપ્યું, તે બદલ તેનો આભાર માનવા એમના વતી મારે એક કૂકડો એ દેવને ધરાવવો.'

'શું સુકરાતે પોતે આવું બધું કહ્યું હતું કે ?'

'ના. એમણે એટલું કહેલું કે આપણે માથે એસ્કુલાપિયસનું એક કૂકડાનું દેવું છે.'

'અને બાકીનું બધું તેં કલ્પી લીધું, ખરું ને ?'

'પણ એ શબ્દોનો બીજો અર્થ જ શો હોઈ શકે ?'

' હોઈ શકે, વધુ માનવતાભર્યો અર્થ હોઈ શકે. ને એમાં કોઈનું લોહી રેડવાની કે પાપ કરવાની જરૂર પણ ન પડે. જે દેવ-દેવલાંમાં સુકરાતને વિશ્વાસ નહોતો, તેને પ્રસન્ન કરવા માટે મને મારી નાંખવો, એ સુકરાતને દુઃખ દેવા બરાબર છે, સાચા દેવનું અપમાન કર્યા બરાબર છે. અને એનાથી મારું તો અપાર નુકસાન થશે જ થશે, કેમકે હું ખરેખર જીવતો છું અને સાવ નિર્દોષ છું. મૃત્યુના રહસ્યભર્યા પરદાની હેઠળ શી ખબર કેવાં કેવાં વીતકો પડેલાં છે ને કેવાયે દુઃખના દરિયા ઘૂઘવે છે, તેની આપણને કશી જ કલ્પના નથી.'

'સુકરાત અને ઝિયસ તારો ભોગ માંગે છે.'

'અરે રામ, એટલું તો સમજ કે સુકરાત તો વ્યંગમાં બોલતા હતા ! એમના જેવા પ્રજ્ઞાવાન પુરુષો જ ધીરગંભીર અને કટુતારહિત વ્યંગ કરી શકે છે. એમના જેવા મહાન આત્મા જ તર્કશાસ્ત્રને તેમ જ લોકોની ગાંડીઘેલી માન્યતાઓને એકીસાથે પોતાની કલ્પનાની પાંખમાં લઈને એની અકળ લીલાનો આનંદ માણી શકતા હોય છે. સુકરાત તેમ જ નવા આધ્યાત્મિક જીવનના સઘળા સર્જકો સાંકેતિક ભાષામાં બોલતા હોય છે. જ્યારે એ લોકો અગમ્ય રહસ્યોનો સ્વયં પાર પામીને પછી એના તત્ત્વને કાવ્યદેહ આપે છે. ત્યારે તેઓ વક્તૃત્વની છટાઓને સાકાર કરે છે. એ તો, પરમ કૈવલ્ય પ્રત્યેનો તેમનો દિવ્ય પ્રેમ આત્માને ઉદ્‌બોધવા માટે આવી યુક્તિ યોજે છે. પણ એટલું તો ધ્યાનથી જો કે એ લોકો જ્યારે આવા ઉચ્ચ કક્ષાના મનોયત્નમાંથી પરાવૃત્ત થાય છે અને જગતને શીખવવા બેસે છે ત્યારે એમના પદાર્થપાઠો કેવા મિતભાષી, સંયત અને કઠોર થઈ જાય છે. એમનાં સૂત્રો અને નૈતિક બોધવચનો અનાવશ્યક કલ્પનાના અલંકારો કેટલી સહેલાઈથી ઉતારી નાંખે છે ?'

'અલ્યા ગોર્ગિયાસના કૂકડા, બહુ થયું. તારો લવારો બંધ કર અને હવે ચાલ મર !'

'નાલાયક ચેલકા, જતો રહે અહીંથી ને મૂંગો મર, સદાને માટે તારે મોંએ તાળું માર !...બધા જ સરખા ! પ્રતિભાવાન પુરુષોના બધા જ ચેલકા સરખા. શ્રેષ્ઠતર આત્માની સ્વગત ગૂઢ ઉક્તિઓના એ બધા જ શ્રોતાઓ અંધ ને બધિર ! એ મહાન આત્માને તેમ જ તારા પામર જીવનેય જે આભાસો દેખાયા, તે આભાસો વડે એના આત્માના તત્ત્વને અમર કરી નાંખવાનો તું ફાંકો રાખે છે ! તને એમ છે કે એના સિદ્ધાંતોને દવાઓ અને રસાયણો લગાડીને યાવચ્ચંદ્રદિવાકરૌ જાળવી રાખી શકાશે ! તને એની મૂર્તિનો ખપ છે, માટે તું એના મૃતદેહનું 'મમી' બનાવે છે. તું એના વિચારોને ખાબોચિયે બાંધીને ગંધાય છે. તું સૂક્ષ્મ વિચારોમાંથી રક્ત રેડવા માટેના ધારદાર શસ્ત્ર ઘડી કાઢે છે, હા, તું જ સાંપ્રદાયિક માનવજાતિનું દુઃખદ પ્રતીક છે. એક પરમ સંત અને જ્ઞાની પુરુષના અંતિમ વચનોમાંથી પહેલે જ પગલે તેં એક નિર્દોષ કૂકડાનું રક્ત રેડનારો અર્થ કાઢ્યો ! સુકરાતે જો એની પ્રજાના વહેમોને જ અંકે કરવા અવતાર લીધો હોત, તો એ જે કારણે મર્યો, તે કારણે સામે ચાલીને મોત વહોરી ન લેત અને ફિલસૂફીનો પહેલો શહીદ ન થાત. સુકરાત એરકુલાપિયસ જેવા દેવલામાં જરાયે આસ્થા રાખતો નહોતો. તેમ જ લોક-ટોળાંને

ખુશ કરવા એક કીડીને પણ કચડતાં એનો જીવ ચાલે તેમ નહોતું, કૂકડા જેવા કૂકડાને વધેરવાની વાત તો દૂર રહી.'

'હું તો સુકરાતના શબ્દોને જ વફાદાર રહીશ. ચાલ હવે....'

ક્રિટોએ આસપાસ નજર નાંખીને એક પથરો શોધી કાઢ્યો ને કૂકડાના માથા પર તાકીને ફેંક્યો. કૂકડાની કલગીમાંથી લોહીની શેડ છૂટી.

ગોર્ગિયાસનો કૂકડો બેભાન થઈને ધરણીયે ઢળી પડ્યો. ધરણીયે ઢળતાં ઢળતાં એણે ચિત્કાર કર્યો : 'કૂકડે કૂક ! નિયતિનું ધાર્યું ભલે ફળો ! મૂરખાઓનું ધાર્યું ભલે થાય !'

પલ્લાસ એથેનાના ઝવેરાતે ઝળહળતા ભાલપ્રદેશ પરથી એના કુક્કુટરાજનું રક્ત ટપકી રહ્યું.

અનુ. પ્રબોધ ચોકસી

મહેમાન

આલ્બેર કેમ્યૂ

સ્કૂલમાસ્તર એ બે જણને ટેકરો ચડીને પોતાના તરફ આવતા જોતો હતો. એક ઘોડા પર હતો, બીજો પગપાળો. સ્કૂલ જે ટેકરા પર બાંધેલી હતી તેનું સીધું ચઢાણ હજી એમણે વટાવ્યું નહોતું. એ ઉજ્જડ ઉચ્ચપ્રદેશના ઊંચા ને બહોળા પથારા પર પથારાઓ વચ્ચે બરફ ખૂંદતાં ખૂંદતાં એ લોકો કીડીવેગે આગળ વધતા હતા. વખતોવખત ઘોડો ઠોકર ખાતો હતો. અવાજ તો હજી માસ્તરને સંભળાતો નહોતો, પણ ઘોડાનાં નસકોરાંમાંથી નીકળતા ઉચ્છ્‌વાસની વરાળો એ દેખી શકતો હતો. ઓછામાં ઓછો એક જણ તો આ ભાગનો ભોમિયો હતો. ગંદા ધોળા બરફના થર હેઠે દિવસો થયા. કેડી તો ઢંકાઈ ગઈ હતી, છતાં એ લોકો કેડીએ કેડીએ જ આવતા હતા. માસ્તરે ગણતરી કરી કે એમને ટેકરી પર પહોંચતાં હજી અડધોક કલાક નીકળી જશે. ટાઢ વાતી હતી; એ સ્વેટર લેવા અંદર ગયો.

ખાલીખમ ટાઢા કલાસરૂમ સોંસરવો એ નીકળ્યો. પાટિયા પર ફ્રાંસની ચાર નદીઓ, ચાર જુદા જુદા રંગના ચાકથી ચીતરેલી, છેલ્લા ત્રણ દિવસથી ખાડીમાં ખલવાઈ રહી હતી. આઠ આઠ કોરાકટ મહિના પછી વચમાં છાંટાયે થયા વિના જ અચાનક ઓક્ટોબરની અધવચ બરફ તૂટી પડ્યો હતો. અને ઉચ્ચપ્રદેશ પર વેરાયેલાં ગામડાંમાંથી આવતા વીસેક વિદ્યાર્થીઓ – વત્તાઓછા એટલા જ હશે – સ્કૂલમાં આવતાં બંધ થયા હતા. હવામાન સુધરતાં જ એ પાછા આવશે, દરુ હવે ફક્ત પોતાના રહેણાકની એક ઓરડી જ ગરમ કરતો. એ ઓરડી કલાસરૂમની પડખે જ હતી. અને ઉચ્ચ પ્રદેશની પૂર્વ દિશા ત્યાંથી દેખાતી હતી. ક્લાસની બારીઓની જેમ એની બારી દક્ષિણ દિશા પર પણ પડતી હતી. ઉચ્ચપ્રદેશ દખણાદો ઢળવા માંડતો તે બિંદુ આ તરફથી માંડ થોડા માઇલ છેટું હતું. ચોખ્ખા હવામાનમાં ખીણ જ્યાં રણ પર ઊઘડતી હતી ત્યાં જાંબુડિયા ડુંગરાની હારમાળા નજરે ચડતી.

કંઈક ગરમાવો આવતાં દરુ પાછો એણે પહેલી વાર જ્યાંથી બે જણને જોયેલા તે બારી પાસે આવ્યો. હવે એ દેખાતા નહોતા. એટલે કે એ ઢાળ ચઢી રહેવા આવ્યા હોવા જોઈએ. આકાશ બહુ ઘેરું નહોતું, કારણ રાત દરમ્યાન જ બરફ પડતો અટકી ગયો હતો. સવારનો ઉઘાડ મેલા અજવાળાથી થયો હતો ને વાદળનો ઘૂમટો ખસી ગયો પછીયે તેજમાં ખાસ કંઈ વધારો નહોતો થયો. બપોરે બે વાગે માંડ એવું લાગ્યું કે દહાડો હજી તો હમણાં જ પડે છે. પણ તોય પેલા ત્રણ દહાડા કરતાં તો બહુ સારું હતું. ત્રણ દહાડા તો બસ અંધારું જ અંધારું ને ઉપરથી ધીંગો બરફ વરસ્યા કરે ને પવનના સપાટાથી ક્લાસરૂમના બેવડાં બારણાં ખખડ્યાં કરે. તે વારે તો દરુએ કલાકોના કલાકો એની ઓરડીમાં જ ગાળેલા, ફક્ત મરઘાંને દાણા નાંખવા ને થોડાક કોલસા લાવવા એણે ઓરડી બહાર પગ મૂકેલો. સારે નસીબે બરફનું તોફાન મંડાયું તેના બે દહાડા પહેલાં જ તાદ્‌જિકથી (ઉત્તરે આવેલા નજીકમાં નજીકના ગામથી) ખટારો આવીને એનાં સીધુંસામાન નાંખી ગયો હતો. ફરી તો પાછો એ અડતાલીસ કલાકે આવશે.

ઉપરાંત, આ ઘેરા સામે ટક્કર લેવા માટે એની પાસે પૂરતો પૂરવઠો હતો. કારણ કે સરકાર જે ઘઉંની ગુણો નાંખી ગયેલી તે એની નાનકડી ઓરડીમાં જ્યાં જુઓ ત્યાં પડેલી હતી. જે છોકરાઓનાં કુટુંબોને વરસાદ ખેંચાવાથી વેઠવું પડેલું તેમને એ જથ્થો વહેંચવાનો હતો.

હકીકતે ભોગ તો એ બધાંય લોકોના લાગેલા હતા. કારણ એ બધાં જ ગરીબ હતાં. દરુ છોકરાઓને દરરોજ માપ મુજબ અનાજ વહેંચતો. એને ખ્યાલ હતો કે આ નઠારા દહાડામાં એમને અનાજની ખોટ વરતાઈ હશે. ઘણે ભાગે કોઈ છોકરાનો બાપ કે મોટો ભાઈ આજ સાંજ સુધીમાં આવવો જ જોઈએ ને તો એ લોકોને અનાજ પહોંચતું કરી શકાશે. વાત મુદ્દે એ લોકને કેમે કરતાં બીજી ફસલ સુધી ટકાવી રાખવાની હતી. હવે તો ફ્રાંસથી વહાણનાં વહાણ ઘઉં ભરીને આવવા મંડયાં હતાં અને અણીનો ઘા તો જાણે ચુકાવાઈ ગયો હતો. પણ એ ગરીબી. એ વખતે ચોમેર રઝળતી ચીંથરેહાલ કંગાલોની સેના, એ બધું ભૂલવું અઘરું હતું. મહિના પર મહિના વીતી ગયા. ને એ ઉચ્ચ પ્રદેશના પથરા બળીને લાળા થઈ ગયા, ભોંય ધીરે ધીરે સુકાઈને કોકડી વળી ગઈ, ખરેખર દાઝી જ ગઈ. એક એક પથરો પગ હેઠળ ભાંગીને ભરભર થઈ ગયો. ને તે વારે ઘેટાં તો હજારોની સંખ્યામાં મરી ગયાં ને થોડાં થોડાં માણસ પણ અહીં ત્યાં મરી ગયાં – કેટલીક વાર તો કોઈને ખબરેય પડ્યા વિના જ.

આવી કંગાલિયતની સરખામણીમાં પોતે જો કે એકલદંડી સ્કૂલના મકાનમાં લગભગ મુનિની જેમ રહેતો ને તેય એની પાસે જે કાંઈ થોડુંઘણું હતું તેનાથી જ એ બરછટ જિંદગીમાં એ સંતોષ માનતો છતાં પણ આ ધોળી દૂધ જેવી દીવાલો, એનો એકવડો કોચ, રંગ્યા વિનાની અભરાઈઓ, એનો કૂવો ને અઠવાડિયે એક વારનો સીધાંપાણીનો બંદોબસ્ત, એ બધું એને સાહ્યબી જેવું લાગતું. અને અચાનક, ચેતવણી આપ્યા વિના જ વરસાદનું

પાણી મોંમાં આવવા દીધા વિના જ આ બરફ તૂટી પડ્યો. આ પ્રદેશનું આવું જ છે, એમાં જીવવું કપરું છે, માણસો ન હોય તોય — ને એમના હોવાથી ફાયદોય શો હતો ? પણ દરુ અહીં જન્મ્યો હતો. બીજે બધે જ એને દેશવટા જેવું લાગતું.

એ પગથિયાં ચડીને સ્કૂલના ઝરૂખાબંધ ઓટલા પર આવીને ઊભો. પેલા બે જાણ હવે ટેકરાની અધવચ આવી લાગ્યા હતા. ઘોડેસવારમાં એણે બાલ્દુકીની મોંછા પકડી. એ બુઢ્ઢા જમાદારને એ લાંબા વખતથી ઓળખતો. બાલ્દુકીના હાથમાં દોરડું હતું. એને છેડે હાથ બાંધેલો એક આરબ નીચી મૂંડીએ પાછળ પાછળ ચાલ્યો આવતો હતો. જમાદારે હાથ હલાવ્યો જેનો દરુએ કાંઈ જવાબ ન વાળ્યો, કારણ એ પેલા આરબને જોવામાં તલ્લીન થઈ ગયો હતો. આરબે ઊડી ગયેલા રંગવાળો ભૂરો ઝભ્ભો પહેરેલો હતો, પગમાં જોકે જોડા હતા પણ જાડા ઊનનાં મોજાંયે ચડાવેલાં હતાં. માથે સાંકડી ટૂંકી 'ચેચે' ટોપી ચડાવેલી હતી. એ લોકો નજીક આવતા હતા. બાલ્દુકીએ ઘોડાની લગામ તાણી રાખી હતી જેથી આરબને ઘસડાવું ના પડે. એ ત્રણ ત્રેખડ ધીરેધીરે કદમ બઢાવતા હતા.

સંભળાય એટલા પાસે આવ્યા કે બાલ્દુકીએ બૂમ પાડી : 'એલ અમૂરથી અહીં, પોણાબે માઈલ કાપતાં કાપતાં બે કલાક !' દરુએ જવાબ વાળ્યો નહીં. જાડા સ્વેટરમાં દરુ વધુ ગટ્ટો ને જાડો લાગતો હતો. એ એમને ચઢતા જોઈ રહ્યો. આરબે એકેવાર માથું ઊંચકીને આંખ માંડી નહોતી. 'હલ્લો' એ લોકો છેક ઉપર ચડી આવ્યા ત્યારે દરુ બોલ્યો. 'અંદર આવો. એક વાર તાપો.' બાલ્દુકી દોરડું હાથમાંથી છોડ્યા વિના જ કઠણાઈથી ઘોડેથી હેઠે ઊતર્યો. બ્રશ જેવા ખડા વાળવાળી મૂંછો હેઠળથી એ સ્કૂલમાસ્તર સામે સહેજ મલક્યો. એની ઝીણી કાળી આંખો એના તપેલા તાંબા જેવા કપાળ નીચે ઊંડી બખોલમાં ગોઠવાયલી હતી અને એના મોં ફરતી કરચલીઓને કારણે એ તેલની ધાર જોનારો ને ચકોર માણસ જણાતો હતો. દરુએ લગામ લઈ લીધી અને ઘોડાને તબેલામાં બાંધીને પાછો આ બે જણ સ્કૂલમાં એની રાહ જોતા હતા ત્યાં આવ્યો. એ એમને પોતાની ઓરડીમાં લઈ ગયો.

'હું ક્લાસરૂમને ગરમ કરવાનો છું.' એણે કહ્યું, 'આપણને ત્યાં વધુ આરામ રહેશે.'

એ જ્યારે રૂમમાં પાછો આવ્યો, ત્યારે બાલ્દુકી કોચ પર બેઠો હતો. એને આરબ સાથે બાંધી રાખતું દોરડું એણે છોડી નાંખ્યું હતું. આરબ ભઠ્ઠી પાસે બેઠો હતો. એના હાથ હજી બાંધેલાં હતા. એની 'ચેચે' માથા પર જરા પાછળ ધકેલાઈ ગઈ હતી. એ બારી તરફ તાકી રહ્યો હતો. પહેલાં તો દરુનું ધ્યાન ફક્ત એના હોઠ તરફ જ ગયું. એના હોઠ જાડા, લીસા ને લગભગ નીગ્રો જેવા હતાઃ છતાં એનું નાક સીધું હતું, એની આંખો કાળી અને તાવથી ભરેલી હતી. એની 'ચેચે' એના જક્કી કપાળને ઉઘાડું પાડતી હતી. ટાઢ-તાપ વેઠીને કમાવાઈ ગયેલી એની ચામડી અત્યારે ઠંડીને કારણે જરા બેરંગ લાગતી હતી. એની હેઠળ એના આખા ચહેરા પર કંઈક બેચેન ને બળવાખોર ભાવો તરવરતા હતા. આરબે દરુની સામે મોં ફેરવીને સીધી એની આંખોમાં આંખો પરોવી ત્યારે આ વસ્તુ સહુ પહેલી તેના ધ્યાનમાં બેસી ગઈ. 'તમે પેલા રૂમમાં જઈને બેસો.' માસ્તરે

કહ્યું, ‘હું તમારા માટે થોડી અજમાની ચા બનાવી લાવું.’ ‘આભાર,’ બાલ્દુકી બોલ્યો. ‘તોબા આ વૈતરાથી તો ! હવે તો હું ઝટઝટ રિટાયર થઈ જવા માગું છું.’ એના કેદીને ઉદ્દેશીને અરબીમાં કહ્યું, ‘અલ્યા એઈ, ઊઠ.’ આરબ ઊભો થયો. ધીમે ધીમે બાંધેલા કાંડા આગળ ધરી એ ક્લાસમાં ગયો.

ચાની સાથે દરુ એક ખુરશી પણ લઈ આવ્યો. પણ બાલ્દુકી તો ક્યારનોય નજીકમાં નજીકની છોકરીઓની પાટલી પર બિરાજમાન થઈ ગયો હતો. અને આરબ માસ્તરના પ્લેટફોર્મને અઢેલીને ભઠ્ઠીની સામે બેસી ગયો હતો. ભઠ્ઠી પાટલી અને બારીની વચ્ચે પડી હતી. કેદીને ચાનો પ્યાલો ધરતાં દરુ એના બાંધેલા હાથ જોઈને ખમચાયો, ‘આને હવે તો કદાચ છોડી શકાય.’ ‘જરૂર’ બાલ્દુકી બોલ્યો, ‘એ તો મુસાફરી પૂરતું હતું.’ એણે ઊભા થવા માંડ્યું. પણ દરુ પ્યાલો ભોંય પર મૂકીને આરબ પાસે ઘૂંટણભેર બેસી ગયો. અક્ષરે બોલ્યા વિના આરબ એની તાવભરેલી આંખોથી એને તાકી રહ્યો. એના હાથ છૂટ્યા કે તરત એણે સૂઝી ગયેલા કાંડા સામસામા ઘસ્યા, ચાનો પ્યાલો ઉપાડ્યો અને દાઝતાં દાઝતાં જ ઝટઝટ ગટગટાવી ગયો.

‘સરસ’ દરુ બોલ્યો. ‘અને તમે ક્યાં જવા નીકળ્યા છો ?’

બાલ્દુકીએ ચામાંથી મૂંછો બહાર કાઢી. ‘અહીં જ, ભાઈ.’

‘તમે ખરા નિશાળિયા ! ઠીક, રાત રહેવાના છો ?’

‘ના. હું પાછો એલ અમૂર જાઉં છું. અને તારે આ ઇસમને તિંગ્વિત પહોંચાડવાનો છે. ત્યાં પોલિસથાણે એની રાહ જોવાય છે.’ બાલ્દુકી દરુ સામે દોસ્તીભર્યા મલકાટથી જોઈ રહ્યો.

‘આ વળી શો તુક્કો છે ?’ માસ્તરે પૂછ્યું. ‘મને ચીડવો છો !’

‘ના ભાઈ, હુકમ જ એવો છે.’

‘હુકમ ? હું કાંઇ ...... ’ દરુ અટકી ગયો. આ ઘરડા કોર્સિ.... ક્નને માઠું લગાડવાની એની ઇચ્છા નહોતી. ‘મતલબ કે એ મારું કામ નહીં.’

‘શું ! એનો શો અર્થ ? લડાઈના વખતમાં ગમે તે કામ કરવું પડે.’

‘તો હું લડાઈના જાહેરનામાની રાહ જોઈશ !’

બાલ્દુકીએ માથું ધુણાવ્યું.

‘અચ્છા. પણ હુકમ લેખિત છે. અને એમાં તારું પણ નામ છે. લાગે છે કે પાછું ઘુમાવા માંડ્યું છે. બળવો ફાટી નીકળવાની અફવાઓ ઊડે છે. એક રીતે જોતાં આપણને ‘હોશિયાર’નો હુકમ અપાઈ ચૂક્યો છે.’

દરુના ચહેરા પર જક્કીપણું જેમનું તેમ જ રહ્યું.

‘સાંભળ ભાઈ,’ બાલ્દુકી બોલ્યો, ‘મને તું ગમે છે, અને તારે માન્યે જ છૂટકો છે. એલ અમૂરમાં અમે ફક્ત બાર માણસો જ છીએ અને આખા તાલુકાની ચોકી કરવાની છે. એટલે મારે ચટકસે પાછા જવું જ પડે તેમ છે. આ માણસને તારે હવાલે કરી વિના

વિલંબ પાછા ફરવાનો મને હુકમ છે. એને ત્યાં રખાય તેમ નહોતો. એના ગામમાં સળવળાટ થવા મંડ્યો હતો. એ લોકો એને છોડાવી જવા માગતા હતા. કાલે દહાડો આથમે તે પહેલાં તારે એને તિંગ્વિત પહોંચતો કરવો જ રહ્યો. તારા જેવા ખડતલ માણસ માટે બાર માઈલ કંઈ ભારે ન કહેવાય. એટલું કરી આવ એટલે બધું પતી જશે. પછી તું ભલો ને તારી નિશાળ ને આરામની જિંદગી ભલી.'

દીવાલ પાછળથી ઘોડો ભોંય ખણતો અને ફૂંફાડા મારતો સંભળાતો હતો. નક્કી હવામાન સાફ થતું જતું હતું અને બરફીલા ઉચ્ચ પ્રદેશ પર અજવાળું વધતું જતું હતું. બધો બરફ પીગળી જશે એટલે પાછો સૂરજનો દોર શરૂ થશે. અને ફરી પાછો એ પથરાનાં ખેતરોને બાળવા માંડશે. હજી તો બહુ બધા દહાડા આ અફર આસમાન એનો કોરોધાકડ તડકો આ એકાકી પથારા પર ફેંક્યા કરશે. આ પથારાની એકે ચીજને માણસ સાથે જરીકે લાગતું વળગતું નહોતું.

'બધું તો ઠીક' બાલ્દુકી તરફ ફરીને એ બોલ્યો, ' પણ એણે કર્યું'તું શું ? અને જમાદાર મોં ખોલે એ પહેલાં જ એણે પૂછ્યું, 'એ ફ્રેંચ બોલે છે ?'

'ના, અક્ષરેય નહીં. અમે એક મહિનાથી એને શોધતા હતા પણ પેલા એને સંતાડતા હતા. એણે એના પિતરાઈનું ખૂન કર્યું છે.'

'એ આપણી સામો પડેલો છે ?'

'મને નથી લાગતું, પણ એનું તો શું કહેવાય ?'

'એણે શા માટે ખૂન કર્યું ?'

'હું માનું છું, કંઈક ખાનદાની બખડો હતો. એક જણ બીજા પાસે દાણા માગતો હતો, એમ જણાય છે. એ બધું કંઈ સાફ સમજાતું નથી. ટૂંકમાં એણે એના પિતરાઈને ધારિયાથી ઝટકાવી નાખ્યો. તને ખબર છે ને ? ઘેટાને ઝબ્બે કરે તેમ, ખચ કરતોક ને !'

બાલ્દુકીએ એના ગળા પર તલવાર ફેરવવાનો ચાળો કર્યો. આરબનું ધ્યાન ખેંચાયું ને એ એક જાતની ચિંતાથી જમાદાર સામું તાકી રહ્યો. દરુને અચાનક એ માણસ પર ક્રોધ ચડ્યો, એવા બધા જ માણસ પર એમની ગંધાતી અદેખાઈઓ, એમના અખૂટ તિરસ્કાર, એમની લોહીની પ્યાસ - એ બધાં પર એને કાળ ચડ્યો.

પણ ભઠ્ઠી પર કીટલી ગાવા મંડી હતી. એણે બાલ્દુકીને બીજી વાર ચા આપી. થોડોક ખમચાયો. ને પછી આરબને પણ બીજી વાર આપી. એ બીજી વાર પણ ચપચપ પી ગયો. એના હાથ ઊંચા થયા એટલે એનો ઝભ્ભો ખૂલી ગયો. અને માસ્તરે એની પાતળી પહેલદાર છાતી દીઠી.

'આભાર ભાઈ,' બાલ્દુકી બોલ્યો. 'અને હવે હું ઊપડું.'

એ ઊભો થયો અને ખિસ્સામાંથી એક દોરડું કાઢીને આરબ તરફ ફર્યો.

'શું કરો છો ?' દરુ રુક્ષ અવાજે બોલી ઊઠ્યો.

ભોંઠા પડીને બાલ્દુકીએ એને દોરડું બતાવ્યું.

'એવી કશી ખટપટ ન કરશો.'

બુઢ્ઢો જમાદાર આનાકાની કરવા લાગ્યો. 'એ તો ભાઈ, તું જાણે. તારી પાસે હથિયાર તો હશે જ, ખરું ને !'

'મારી બંદૂક છે.'

'ક્યાં ?'

'પેટીમાં.'

'પથારી પાસે રાખવી જોઈએ.'

'શું કામ ? મને કશાની બીક નથી.'

'તું તો ગાંડો છે ગાંડો. બળવો ફાટી નીકળે તો કોઈ સલામત નથી. આપણે બધા એક જ હોડીમાં બેઠેલા છીએ.'

'હું પહોંચી વળીશ. એમને દૂરથી મારી આંખ પકડી પાડશે. પૂરતો વખત મળશે.'

બાલ્દુકી હસવા મંડ્યો. પછી તરત એની મૂછ એના સફેદ દાંત પર ભિડાઈ ગઈ.

'તને પૂરતો વખત મળશે ? અચ્છા. હું એ જ કહેતો હતો. તું કાયમનો સહેજ ચસ્કેલ જ રહ્યો છે, એટલે જ તું મને ગમે છે. મારો દીકરો એવો હતો.'

કહેતાં કહેતાં એણે એની રિવોલ્વર કાઢી ને પાટલી પર મૂકી. 'આ રાખ; અહીંથી એલ અમૂર જતાં મારે બબ્બે હથિયારની કાંઈ જરૂર નથી.'

પાટલીના કાળા રંગ પર રિવોલ્વર ચળકી રહી. જમાદાર એના તરફ ફર્યો, માસ્તરના નસકોરાએ ચામડાની અને ઘોડાના માંસની વાસ પકડી પાડી.

'સાંભળો બાલ્દુકી,' દરુ ઓચિંતાનો બોલ્યો, 'આ બાબતની રજેરજથી મને ચીતરી ચડે છે અને સૌથી પહેલી તો તમારા આ ઇસમથી. પણ હું એને સોંપી નહીં આવું. માથે આવી પડશે તો લડી લઈશ, પણ આ નહીં બને.

બુઢ્ઢો જમાદાર એની સામે ઊભો રહી ગયો અને કરડી આંખે એની સામે જોઈ રહ્યો.

' તું તો ગાંડાં કાઢવા બેઠો છે.' એ ધીમેથી બોલ્યો.

'મને પણ કાંઈ આવું ગમતું નથી. વરસો લગી જમાદારુ કર્યા પછી પણ, માણસને કંઈ બીજા માણસને દોરડે બાંધવાનું કોઠે પડી જતું નથી. અને શરમ પણ આવે છે; હા, શરમ આવે છે, પણ તેથી કંઈ એમને મન ફાવે તેમ કરવા દેવાય નહીં.'

'હું એને સોંપી નહીં દઉં.' દરુ ફરી બોલ્યો.

'આ તો હુકમ છે ભાઈ, અને હું તને ફરી વાર કહી દઉં છું.'

'ખરું. મેં તમને કહ્યું તે તમે જઈને એમને કહેજો, હું એને નહીં સોંપી દઉં.'

બાલ્દુકીએ વિચાર કરવાની કોશિશ કરી એ દેખી શકાય તેવું હતું – એણે એક વાર આરબ સામે જોયું ને પછી દરુ સામે જોયું છેવટે એણે ગાંઠ વાળી, 'ના, હું એમને કાંઈ નથી કહેવાનો. તારે અમને પડતા મૂકવા હોય તો જા, તું તારે કરજે; હું તારી ચાડી નહીં ખાઉં. મને તો આ કેદીને તારે હવાલે કરવાનો હુકમ છે, અને હું તે બજાવી છૂટયો છું.

ને હવે તું અહી સહી કરી આપ.'

'કંઈ જરૂર નથી. તમે એને મારી પાસે મૂકી ગયા તેની હું કંઈ ના નથી પાડવાનો.'

'મારી સાથે હલકાઈ ન કર. તું સાચું જ બોલીશ તે જાણું છું. પણ તારે સહી તો કરવી પડશે. નિયમ છે.'

દરુએ એનું ખાનું ઉઘાડ્યું. જાંબલી શાહીનો એક નાનકડો ચોખંડો ખડિયો અને લાકડાનું લાલ હોલ્ડર કાઢ્યું. હોલ્ડરમાં 'સાર્જન્ટ મેજર' માર્કાની સ્ટીલ હતી, જે એ મરોડદાર દોપિસ્તા ચીતરવા માટે વાપરતો. એણે સહી કરી. જમાદારે કાળજીથી વાળીને કાગળ પાકીટમાં મૂક્યો. પછી બારણા તરફ પગ ઉપાડ્યા.

'હું તમને થોડે સુધી મૂકી જાઉં,' દરુ બોલ્યો.

'ના.' બાલ્દુકી બોલ્યો. 'વિવેકનો કંઈ અર્થ નથી. તેં મારું અપમાન કર્યું છે.'

એણે આરબ પર નજર ઠેરવી, એક જ ટપકા પર સ્થિર, ચીટથી નાક છીંકોટ્યું અને બારણા તરફ પગ ઉપાડ્યા. 'આવજે ભાઈ,' એ બોલ્યો. બારણું એની પાછળ બંધ થયું. બાલ્દુકી પાછો બારીમાં દેખાયો અને પછી દેખાતો બંધ થઈ ગયો. એનાં પગલાંનો અવાજ બરફમાં ધરબાઈ ગયો. દીવાલની પેલી બાજુ ઘોડાની હિલચાલ સંભળાઈ અને મરઘાં બીકથી ફડફડતાં સંભળાયાં. પળવાર પછી બાલ્દુકી ફરી બારીમાંથી દેખાયો. એના હાથમાં ઘોડાની લગામ હતી. પાછું વળ્યા વિના, એ ઢાળ ભણી ચાલતો થયો અને જરા બહાર નીકળી ગયો. એની પાછળ પાછળ ઘોડો પણ દેખાતો બંધ થયો. દરુ પાછો કેદી પાસે આવ્યો. કેદી હાલ્યાચાલ્યા વિના ટગર ટગર એની સામે તાકી રહ્યો હતો. 'બેસ ત્યારે' માસ્તરે એને અરબીમાં કહ્યું અને પોતાની સૂવાની ઓરડી તરફ વળ્યો. બારણામાંથી પસાર થતો હતો ત્યાં એને બીજો એક વિચાર આવ્યો. પાટલી પાસે ગયો, રિવોલ્વર લીધી ને ખિસ્સામાં ખોસી. પછી પાછું જોયા વિના એ પોતાની ઓરડીમાં જતો રહ્યો.

થોડા વખત એ એના કોચ પર આડો પડ્યો પડ્યો આકાશ તરફ આંખ માંડી રહ્યો. આકાશ ધીમે ધીમે છવાતું જતું હતું. દરુ પડ્યો પડ્યો એ ચૂપકીદીને કાન માંડીને સાંભળી રહ્યો. લડાઈ પછી એ અહીં આવ્યો, ત્યારે શરૂઆતના દિવસોમાં આ ચૂપકીદી જ એક ખૂબ કઠતી જણાતી. એણે ઉપલા ઉચ્ચ પ્રદેશ અને રણની વચમાં આંતરો પાડતી ડુંગરીઓની તળેટીમાં આવેલા નાનકડા કસબામાં નોકરી માંગી હતી. ત્યાંની પથરાળી દીવાલો, ઉત્તરમાં લીલી ને કાળી, દક્ષિણમાં ગુલાબી અને સહેજ ફાલસા, કાયમી ઉનાળાની સરહદ આંકતી. એને તેથીયે વધુ ઉત્તરે, ઉચ્ચ પ્રદેશ ઉપર જ નીમવામાં આવ્યો. શરૂ શરૂમાં તો, આ નકરી પથરાની આબાદીવાળા વેરાન પ્રદેશનાં એકાંત અને ચૂપકીદી એને બહુ આકરાં લાગેલાં. ક્યાંક ક્યાંક ખોદાયેલી ભોંય ખેતીનો આભાસ ઊભો કરતી. પણ એ બાંધકામને લાયક એક જાતનો પથ્થર શોધવા માટે કરેલું ખોદકામ માત્ર હતું. અહીં ખેડ તો એક જ હતી, પાણા પકવવાની. બીજે વળી ખાડાખબડામાં જામતાં માટીનાં પાતળાં થર ઉઝરડીને લોક ગામના કસ વગરના બગીચાને ફળદ્રુપ બનાવવા વહી જતા. ત્યાં ચાલતી ઘટમાળ

હતી; પોણા ભાગનો પ્રદેશ નકરા ખડકથી છવાયલો હતો. કસબા ફૂટી નીકળતા, જામતા, પાછા અલોપ થઈ જતા; માનવી આવી ચડતાં, એકમેકને વહાલ કરતાં કે કડવા વખ જંગ ખેલતાં, પછી મરી પરવારતાં. આ રણમાં એ કે એનો મહેમાન, કોઈની કશી વિસાત નહોતી અને છતાં દરુ જાણતો હતો કે રણની બહાર એ બેમાંથી એકેય ખરેખર જીવી શકત નહીં.

જ્યારે એ ઊભો થયો ત્યારે ક્લાસરૂમમાંથી જરા જેટલો પણ અવાજ સંભળાતો નહોતો. 'આરબ નાસી ગયો હશે, હવે મારે કશો નિર્ણય નહીં કરવો પડે ને ફરી નિરાંતે એકાંત ભોગવી શકાશે.' એવો વિચાર આવવા માત્રથી પોતાને જે નિર્ભેળ આનંદ થયો એનાથી પોતે જ ખરે દંગ થઈ ગયો. પણ કેદી તો ત્યાં જ હતો. એણે ફકત ભઠ્ઠી અને પાટલીની વચ્ચે લંબાવ્યું હતું. ઉઘાડી ફટાક આંખે એ છત તરફ તાકી રહ્યો હતો. એ આ રીતે સૂતો હતો ત્યારે એના જાડા હોઠ ખાસ ધ્યાન ખેંચતા હતા. જાણે મોં બગાડીને હોઠ બતાવતો ન હોય. 'ચાલ,' દરુએ કહ્યું. આરબ ઊભો થયો અને એની પાછળ થઈ ગયો. સૂવાની ઓરડીમાં માસ્તરે એને બારી નીચે ટેબલની નજીકની ખુરશી દેખાડી. આરબ દરુ પરથી નજર ખેસવ્યા વિના બેઠો.

'ભૂખ લાગી છે ?'

'હા.' કેદી બોલ્યો. દરુએ બે જણ માટે ટેબલ ગોઠવ્યું ને લોટ અને તેલ લીધાં. પેણીમાં કેક થાપીને મૂકી અને ગેસના પીપથી ચાલતો સ્ટવ પેટાવ્યો. કેક થતી હતી તે દરમ્યાન એ બહાર છાપરીમાં જઈને પનીર, ઈંડાં, ખજૂર અને 'કન્ડેન્સ્ડ' દૂધનો ડબ્બો લઈ આવ્યો. કેક થઈ રહી એટલે બારી પર ઠરવા મૂકી. ડબ્બાનાં દૂધમાં પાણી રેડી ગરમ કરવા મૂક્યું ને ઈંડાં તોડીને આમલેટો બનાવી લીધી. આ બધી લે-મૂકમાં એક વાર એનો હાથ જમણા ખિસ્સામાં પડેલી રિવોલ્વર સાથે અફળાયો. વાસણ હેઠું મૂકીને એ ક્લાસરૂમમાં ગયો ને રિવોલ્વર એના ખાનામાં મૂકી. એ એની ઓરડીમાં પાછો ફર્યો ત્યારે રાત પડતી હતી. એણે બત્તી કરી ને આરબનું ભાણું પીરસ્યું. 'ખા,' એ બોલ્યો. આરબે કેકનો એક કકડો લીધો, આતુરતાથી મોં સુધી લઈ ગયો, ત્યાં જ એ અધવચ થંભી ગયો.

'અને તમે ?' એણે પૂછ્યું.

'તારા પછી. હું પણ ખાઈશ.'

જાડા હોઠ જરાક ખૂલી ગયા. આરબનું મન સહેજ ડગમગ થયું. પછી મન સાથે જાણે કે ઠરાવીને કોળિયો ભર્યો.

જમી રહીને આરબે માસ્તર સામે નજર કરી. 'તમે જડજ છો ?'

'ના. હું તો ફકત કાલ સવાર સુધી તને રાખવાનો છું.'

' તમે મારી સાથે જમો છો કેમ ?'

' મને ભૂખ લાગી છે.'

આરબ ચૂપ થઈ ગયો. દરુ ઊભો થયો અને બહાર ગયો. છાપરીમાંથી એક ફોલ્ડિંગ ખાટલો ઉપાડી લાવ્યો. ટેબલ અને સ્ટવની વચમાં એ પાથર્યો, પોતાની પથારીને કાટખૂણે,

એક મોટી સૂટકેસ ખૂણામાં કાગળિયાં માટેની અભરાઈની ગરજ સારતી પડી હતી. દરુએ એમાંથી બે કામળ કાઢી અને ખાટલા પર પાથરી. પછી એ થંભી ગયો, પોતે હવે કંઈ કામનો નથી એવી લાગણી એને થઈ, અને પોતાની પથારી પર જઈને એ બેઠો. હવે બીજું કંઈ કરવા-કારવવાનું બાકી નહોતું કે તૈયાર થવાપણુંયે નહતું. આ માણસ સામે જોયા વિના હવે તો આરો નહોતો, એટલે એણે એની સામે નજર કરી. એનો ચહેરો ગુસ્સાથી કેવો ફાટફાટ થતો હશે એનું ચિત્ર મનમાં ખેંચવા એ મથતો હતો, પણ એનાથી તે થઈ શક્યું નહોતુ. હવે એણે જોયું તો કાળી છતાં ચળકતી આંખો અને જાનવર જેવા મોં સિવાય એને બીજું કાંઈ નજરે ન ચડ્યું.

'તેં એને શું કામ મારી નાખ્યો ?' એણે પૂછ્યું. પોતાના લડાકુ અવાજથી એને પોતાને જ અચંબો થયો.

આરબ આડું જોઈ ગયો.

'એ નાઠો. હું એની પાછળ દોડ્યો.'

એણે આંખો ઊંચી કરીને દરુ સામે માંડી. એ આંખો એક જાતના રડમસ સવાલથી ઊભરાતી હતી. 'હવે એ લોકો મારું શું કરશે ?'

'તું બીએ છે ?'

એનું બદન તંગ થઈ ગયું. એણે આંખો ફેરવી લીધી.

'તને પસ્તાવો થાય છે ?'

આરબ એના ભણી ફાટી આંખે જોઈ રહ્યો. મોં વકાસીને. દેખીતી રીતે જ એને કંઈ સમજ પડતી નહોતી. દરુની ચીડ વધતી જતી હતી. સાથે જ એને અડવું અડવું લાગતું હતું. એના બે ખાટલા વચ્ચે ભેરવાયેલા તગડા શરીર વિશે એને સભાનતાની લાગણી થતી હતી.

'ત્યાં સૂઈ જા,' એણે અધીરાઈથી કહ્યું. 'એ તારી પથારી છે.'

આરબ હાલ્યો નહીં. એણે દરુને વિનવ્યો :

'કહો ને !'

માસ્તરે એની સામે જોયું.

'જમાદાર કાલે પાછો આવશે ?'

'ખબર નથી.'

'તમે અમારી સાથે આવશો ?'

'ખબર નહીં. કેમ ?'

કેદીએ ઊભા થઈ બંને કામળ ઉપર લંબાવ્યું, પગ બારી તરફ કર્યા. વીજળીના ગોળાનો ચકચકતો પ્રકાશ સીધો એની આંખોમાં પેસી ગયો ને એણે એકદમ પોપચાં બીડી દીધાં.

'કેમ ?' દરુએ ફરી પૂછ્યું. એ પથારી પાસે ઊભો હતો.

આરબે આંજી નાંખતા અજવાળા હેઠળ આંખો ઉઘાડી અને મટકું ન મારવાની મથામણ

કરતાં કરતાં એની સામે જોયું.

'અમારી સાથે તમે આવજો.' એ બોલ્યો.

અડધી રાતે, દરુને હજી ઊંઘ આવી નહોતી. એ બધાં કપડાં પૂરેપૂરાં કાઢી નાંખીને પથારીમાં પડ્યો હતો. એ સાધારણ રીતે ઉઘાડો જ સૂતો. પણ આજે એને ખ્યાલ આવ્યો કે એના ડીલ પર એકે કપડું નહોતું ત્યારે એ ઘડીભર તો ખમચાયો. ગમે ત્યારે કોઈ મારી બેસે એવી દહેશત એને લાગી ને પાછાં કપડાં પહેરી લેવાનો મોહ થઈ આવ્યો. પછી એણે ખભા ઉલાળ્યા; આખરે એ કંઈ બાળક થોડો હતો અને, જરૂર પડે સામાવાળાને ચીરી નાંખવાની એની તાકાત હતી. પોતાની પથારીમાંથી એ એના પર નજર રાખી શકતો હતો. એ ચત્તોપાટ સાવ નિશ્ચેષ્ટ સૂતો હતો, આકરા અજવાળા હેઠળ એનાં પોપચાં બંધ હતાં. દરુએ બત્તી ઠારી નાખી ત્યારે અંધારું જાણે એકદમ થીજી જતું હોય એવું લાગ્યું. ધીરે ધીરે કરીને રાત પાછી બારીમાં સજીવન થઈ. બારીમાં તારા વિનાનું આકાશ જરી જરી હાલતું હતું. માસ્તરની આંખે થોડી વારમાં જ પગ પાસે સૂતેલી માણસની આકૃતિ વરતી કાઢી. આરબ હજી હાલતો-ચાલતો નહોતો, પણ એની આંખો ખુલ્લી લાગી. બિલ્લીપગો વાયરો સ્કૂલની ચોપાસ શિકાર શોધતો ભમતો હતો. કદાચ એ વાદળાંને હાંકી મૂકશે ને સૂરજ પાછો નીકળશે.

રાત દરમ્યાન વાયરો વધ્યો. મરઘીઓ થોડુંક ફ્ફડીને પાછી જંપી ગઈ. આરબે પડખું ફેરવી દરુ તરફ પીઠ કરી. દરુને એના કણસવાનો અવાજ જાણે સંભળાયો. એણે એના મહેમાનના શ્વાસોચ્છ્વાસ સાંભળવા કાન માંડ્યા. શ્વાસ ધીમે ધીમે ભારે ને ભારે અને નિયમિત થતા ગયા. એની આટલી નજીક ચાલતા શ્વાસ એ ધ્યાનથી સાંભળી રહ્યો ને ઊંઘ ન આવી એટલે વિચારે ચડી ગયો. આ ઓરડીમાં એક આખું વરસ એ સાવ એકલો સૂતેલો. આની હાજરી આજે એને ખૂંચતી હતી. તે તો ઠીક, પણ એ હાજરી એના પર એક જાતની ભાઈબંધી લાદતી હતી એટલે ખાસ ખૂંચતી હતી. એ ભાઈબંધીને એ બરાબર પિછાણતો હતો, પણ આજની હાલતમાં એને કબૂલી લેવા એનું મન ના પાડતું હતું. એક જ ઓરડીમાં સૂનારા માણસો વચ્ચે, સિપાઈઓ કે કેદીઓ વચ્ચે, એક અજબ જેવી ગાંઠ બંધાઈ જાય છે. કેમ જાણે કપડાં ભેગાં એમનાં બખ્તર પણ ઉતારી નાંખીને એ લોક રોજ રાતે, એમના મતભેદોથી ઉપર ચડીને, થાક અને શમણાંની પુરાણી બિરાદરીમાં ભાઈચારે ન બંધાતા હોય. પણ દરુએ મનને ખંખેરી નાખ્યું; એને આવાં ચિંતવન ગમતાં નહોતાં અને ઊંઘવું જરૂરી હતું.

પણ થોડી વાર પછી, આરબ હળવેથી સળવળ્યો. ત્યારે માસ્તર હજી ઊંઘી ગયો નહોતો. કેદીએ બીજી વાર હિલચાલ કરી ત્યારે એ ટટાર અને સાવધ થઈ ગયો. આરબ ચુપચાપ તેનાં બાવડાં પર બેઠો થતો હતો ને ઊંઘમાં ચાલનારની જેમ હાલતોચાલતો હતો. એ પથારીમાં અક્કડ બેઠો થયો, પછી દરુ ભણી ફર્યા વિના થોડી વાર રાહ જોતો રહ્યો, કેમ જાણે કાન સરવા કરીને સાંભળતો ન હોય. દરુ હાલ્યો નહીં. તે જ વખતે એને યાદ

આવ્યું, કે પેલી રિવોલ્વર હજી એના ખાનામાં પડી હતી. વેળાસર ચાંપતું પગલું ભરવું સારું, છતાં એ કેદીની હિલચાલ જોતો જ રહ્યો. કેદીએ એવી જ ઘેનભેરી ગતિથી ભોંય પર પગ માંડ્યો, પાછી થોડી રાહ જોઈ અને પછી હળવેથી ઊભો થવા મંડ્યો. દરુ એને પડકારવા જ જતો હતો. ત્યાં તો આરબે તદ્દન સહજભાવે પણ અસાધારણ ચુપચાપ રીતે ચાલવા માંડ્યું. રૂમને સામે છેડે છાપરીમાં પડતા બારણા તરફ એ જતો હતો. એણે સાવચેતીથી આગળી ઉઘાડી અને બહાર નીકળી ગયો, પાછળ બારણું વાસ્યા વિના જ અડકાવતો ગયો. દરુ જરાયે હાલ્યો નહોતો. ' એ નાસી જાય છે,' એને એટલો જ વિચાર આવ્યો, 'ઠીક લપ ગઈ !' છતાં એ કાન માંડીને ધ્યાનથી સાંભળી રહ્યો. મરઘીઓ ફફડતી નહોતી; મહેમાન જરૂર આંગણામાં હોવો જોઈએ. પાણીનો સહેજસાજ અવાજ એને કાને પડ્યો, પણ એ શેનો હતો તે તો એને ત્યારે જ સમજાયું જ્યારે એણે પાછી આરબની આકૃતિને બારણા વચ્ચે મઢાયેલી જોઈ. આરબે કાળજીથી બારણાં વાસ્યાં અને અવાજ કર્યા વિના પાછો પથારીમાં આવીને સૂઈ ગયો. પછી દરુ એના તરફ પીઠ ફેરવીને ઊંઘી ગયો. તેથી પણ મોડે, એને લાગ્યું કે એની ઊંઘના ઊંડાણમાંથી કેમ જાણે સ્કૂલની આસપાસ પગલાં સંભળાતાં. 'એ તો સપનાં ! સપનાં !' એમ મનોમન બબડીને એ ઊંઘ તાણતો જ રહ્યો.

એ જાગ્યો ત્યારે આકાશ ચોખ્ખું થઈ ગયું હતું. ઉઘાડી બારીમાંથી ઠંડી સ્વચ્છ હવા આવતી હતી. આરબ હવે બંને કામળની નીચે ટૂંટિયું વાળીને ઊંઘતો હતો, એનું મોં ખુલ્લું હતું. એ તદ્દન નિરાંતજીવે સૂતો હતો. પણ દરુએ એને ઢંઢોળ્યો ત્યારે એ છળી ગયો હોય તમે હેબતાઈ ગયો ને દરુને જાણે કદી જોયો જ ન હોય તેમ એના ભણી બાવરી આંખે તગતગ તાકી રહ્યો. એનો ચહેરો એવો તો બીધેલો દેખાતો હતો કે માસ્તરથી એક ડગલું પાછું હટાઈ ગયું. 'બીશ નહીં. હું છું, તારે ખાઈ લેવું જોઈએ.' આરબે માથું હલાવીને હા કહી. એના ચહેરા પર હોશકોશ પાછા આવી ગયા હતા. પણ એના હાવભાવ હજી ખાલીખાલી અને અજંપાભર્યા હતા.

કૉફી તૈયાર હતી. ફોલ્ડિંગ ખાટલા પર જોડાજોડ બેસીને કેક ચાવતાં ચાવતાં બંનેએ સાથે કૉફી પીધી. પછી દરુ આરબને છાપરીમાં લઈ ગયો અને પોતે જે નળે નહાતો તે બતાવ્યો. એ પાછો ઓરડીમાં ગયો ને કામળો અને પથારી સંકેલી લીધાં. પોતાની પથારી ઝાપટીને સરખી કરી અને ઓરડીમાં બધું ઠીકઠાક કરી લીધું. પછી એ કલાસરૂમમાં થઈને બહાર ઝરૂખાબંધ ઓટલા પર આવ્યો. ભૂરાભૂરા આકાશમાં સૂરજે ક્યારનીય કોર કાઢવા માંડી હતી, કૂમળો ચળકચળક તડકો નિર્જન મેદાનને નવરાવતો હતો. ડુંગરાની ધાર પર ક્યાંક ક્યાંક બરફ પીગળતો હતો. પથરા પાછા દેખા દેવાની તૈયારીમાં હતાં. મેદાનની કિનારી પર ઘૂંટણભેર ઝૂકીને માસ્તર એ નિર્જન પથારાને નીરખી રહ્યો. એને બાલ્દુકી યાદ આવ્યો. એનાથી એ બુઢ્ઢાને માઠું લાગ્યું હતું, કારણ કેમ જાણે એને પોતે સાથ આપવા ન માગતો હોય એવી રીતે એણે એને રવાના કરી દીધો હતો. એના કાનમાં

હજીય જમાદારના 'આવજે'નો રણકો વાગતો હતો અને કેમ તે સમજાયા વિના જ એને એક વિચિત્ર જાતનું ખાલીખાલીપણું લાગતું હતું, જાણે ગમે ત્યાંથી એને હવે ઘા વાગી શકે તેમ હતો. તે જ પળે, સ્કૂલની પેલી બાજુથી કેદીનો ખોંખારો સંભળાયો. દરુ લગભગ કમને કાન માંડી રહ્યો. અને પછી લાલચોળ થઈને એક પથરો ફગાવ્યો. જે હવામાં સિસકારા બોલાવતો બોલાવતો બરફમાં ખૂંપી ગયો. પેલા માણસના અક્કલ વગરના ગુનાથી એને બકારી આવતી હતી, પણ એને સોંપી દેવો એ તો છાજે નહીં. એનો વિચાર કરતાં પણ એ ઝાંખપથી તમતમી ઊઠતો હતો. અને એના લોકોએ આ આરબને પોતાની પાસે મોકલી આપ્યો તે માટે તેમને અને આ આરબને પણ, જેની ખૂન કરવા જેટલી છાતી ચાલી પણ નાસી છૂટવા જેટલી અક્કલ ના ચાલી તે બંનેયને, એકસામટા મનમાં ને મનમાં ભાંડવા મંડ્યો. દરુ ઊભો થયો, ઓટલા પર એક ચક્કર માર્યું, પછી થોડી વાર ચૂપચાપ કશીક રાહ જોતો ઊભો ને પછી સ્કૂલના મકાનમાં પાછો ફર્યો.

આરબ, છાપરીં નીચે સિમેન્ટની ચોકડી પર નમીને બે આંગળી વડે દાંત ઘસતો હતો. દરુએ એની સામે જોઈને કહ્યું : 'ચાલ.' એ કેદીથી આગળ જ ઓરડીમાં પાછો ગયો. એણે શિકારીનું જાકીટ સ્વેટરની ઉપર ચડાવી લીધું અને બહાર જવાના જોગ પહેરી લીધા. આરબે 'ચેચે' માથે મૂકી અને સેંડલ પગમાં ચડાવ્યા ત્યાં સુધી એ રાહ જોતો ઊભો. એ લોકો કલાસરૂમમાં આવ્યા અને માસ્તરે બારણું બતાડીને કહ્યું : 'આગળ થા' એ ઇસમ ચસક્યો નહીં. 'હું આવું છું,' દરુએ કહ્યું. આરબ બહાર ગયો. દરુ પાછો એની ઓરડીમાં ગયો અને થોડા ટોસ્ટ, ખજૂર અને સાકરના ગાંગડાનું એક પડીકું વાળ્યું, પછી ઉમરો ઓળંગીને બારણે તાળું વાસ્યું. 'પેલો રસ્તો છે,' એણે કહ્યું. એને પૂર્વ તરફ ચાલવા માંડ્યું, કેદી એની પાછળ પાછળ ચાલતો હતો. પણ સ્કૂલથી થોડે છેટે ગયા, ત્યાં એમની પાછળથી સહેજ ખખડાટ સંભળાતો લાગ્યો. એણે પાછા આવીને મકાનની આસપાસ ચકોર આંખ ફેરવી; કોઈ નહોતું. આરબ બાઘાની જેમ કંઈ સમજ્યા વિના એની સામે જોઈ રહ્યો.

'ચાલ પગ ઉપાડ.' દરુએ કહ્યું.

એ બે જણ કલાકેક ચાલ્યા અને પછી એક ચૂનાના અણિયાળા ખડકની ધાર પાસે વિસામો ખાધો. બરફ વધુ ને વધુ ઝડપથી પીગળી રહ્યો હતો અને સૂરજ તરત જ ખાબોચિયાં ગટકાવી જતો હતો અને પહાડી મેદાનને સપાટાબંધ સાફ કરી નાંખતો હતો. મેદાન ધીરે ધીરે સુકાતું સુકાતું હવાની જેમ જ ધ્રૂજારે ચડ્યું હતું. એ લોકોએ પાછા ચાલવા માંડ્યું ત્યારે ભોંય એમના પગલા હેઠળ ખખડતી હતી. વખતોવખત એમની આગળ એકાદું પંખી હરખથી ચહેકી ઊઠતું હતું. દરુ સવારની તાજી હવાના ઊંડા ઊંડા શ્વાસ ભરતો હતો. આ અફાટ ઓળખીતા પથારાની સામે એનું દિલ ઘેલું ઘેલું થઈને એક જાતના ઉછાળા મારતું હતું. ભૂરા આકાશના ઘુમ્મટ હેઠળ એ પથારો હવે લગભગ પૂરેપૂરો હળદરવરણો થઈ ગયો હતો. એ લોકોએ બીજા એક કલાક લગી ચાલચાલ કર્યું. હવે રસ્તો દક્ષિણ તરફ ઢળતો જતો હતો. એ લોકો ભંગાર ખડકોથી બનેલા એક સપાટ ઊંચાણ પર આવી

લાગ્યા. ત્યાંથી આગળ ઉચ્ચ પ્રદેશ ઊગમણો ને દખણાદો ઢળી પડતો હતો. ઊગમણે પાસે નીચાણના મેદાનમાં રડ્યાંખડ્યાં વળદાર ઝાડવાં દેખાતાં હતાં. અને દખણાદે પાસે ખડકના વેરવિખેર રમખાણોથી અંધાધૂંધીભરેલું મેદાન હતું.

બંને દિશાઓને તપાસતી દરુની આંખ ફરી વળી. ક્ષિતિજ પર આકાશ સિવાય બીજું કશું જ નહોતું. એકેય માણસ ક્યાંય દેખાતો નહોતો. એ આરબ તરફ ફર્યો. આરબ સૂનમૂન આંખો ફાડીને જોયા કરતો હતો. દરુએ એની સામે પડીકું ધર્યું. 'આ લે,' એણે કહ્યું. 'ખજૂર, રોટી ને સાકર છે. તું બે દહાડા ખુશીથી કાઢી શકીશ, અને આ હજાર ફ્રાંક પણ લે.' આરબે પડીકું અને પૈસા લીધાં પણ એનો ભરેલો ખોળો છાતી સામો ને સામો ધરી રાખ્યો, કેમ જાણે એને જે અપાઈ રહ્યું હતું તેનું શું કરવું તેની એને સમજ નહોતી પડતી. 'હવે જો,' માસ્તરે પૂર્વ તરફ આંગળી ચીંધતા કહ્યું, 'આ તિંગ્વિત જવાનો રસ્તો છે. બે કલાક ચાલવું પડશે. તિંગ્વિતમાં તને વહીવટદાર અને પોલિસ મળશે. એ લોકો તારી રાહ જુએ છે.' આરબ ઊગમણી દિશા ભણી તાકી રહ્યો. એનો ખોળો હજી એની છાતીની સામે ને સામે જ હતો. દરુએ કોણીએથી પકડીને જરા બરછટ રીતે એને દક્ષિણ તરફ ફેરવ્યો. એ લોકો ઊભા હતા તે ટેકરાની તળેટી પાસેથી એક આછી આછી કેડી નીકળતી જણાતી હતી. 'આ કેડી મેદાન સોંસરવી જાય છે. આખો દહાડો ચાલ ચાલ કરીશ તો ઘાસના બીડ સુધી પહોંચી જઈશ. ત્યાં તને પહેલાં ભટકતાં લોકોનો ભેટો થશે. એમના ધરમ મુજબ એ લોકો તને આશરો આપશે.' આરબે હવે દરુ તરફ મોં ફેરવ્યું હતું. એના મોં પર એક જાતના ગભરાટનો ભાવ વરતાતો હતો. 'મારી વાત સાંભળો,' એ બોલ્યો. દરુએ માથું ધુણાવ્યું.'નહિ, ચૂપ કર. હવે હું છૂટો પડું છું.' એણે એની તરફ પીઠ ફેરવી અને સ્કૂલની દિશામાં બે લાંબાં ડગલાં ભર્યા, ત્યાં જ જડાઈ ગયેલા આરબ સામે સહેજ મથામણભરી નજર કરી અને પાછા તરત પગ ઉપાડ્યા. લાંબી પળો સુધી એને ટાઢી જમીન પર પડતાં એનાં પગલાંના ધબકારા સિવાય બીજું કાંઈ સાંભળ્યું નહીં. તેમ જ પાછળ જોયું નહીં. પણ એકાદ પળ પછી, એણે પાછું વાળીને જોયું. આરબ હજી ત્યાં જ ટેકરીની ધાર પર ઊભો હતો. એના હાથ હવે પડખે લટકતા હતા અને એ માસ્તર ભણી જોઈ રહ્યો હતો. દરુને ગળામાં કંઈક આવીને ભરાતું લાગ્યું,પણ એણે આકળા થઈને એક ગાળ કાઢી. સહેજસાજ હાથ ઊંચો કરીને હલાવ્યો ન હલાવ્યો ને પાછા પગ ઉપાડ્યા. એ થોડે દૂર નીકળી ચૂક્યો હતો ત્યારે ફરી પાછો થોભી ગયો ને જોવા લાગ્યો. ટેકરી પર હવે કોઈ નહોતું.

દરુ આમ જાઉં કે તેમ કરતો ઊભો રહ્યો. સૂરજ હવે આકાશમાં જરા ઊંચો ચડી ગયો હતો અને એના માથા પર તડકો ઝીંકી રહ્યો હતો. માસ્તરે પાછાં પગલાં ભર્યાં, શરૂમાં કંઈક અચોક્કસ, પણ પછી તો નિશ્ચયપૂર્વક. એ પાછો એની નાનકડી ટેકરી પાસે પહોંચ્યો ત્યારે પરસેવે રેબઝેબ થઈ ગયો હતો. જેટલી ઝડપથી ચડી શકાય તેટલી ઝડપથી એ ચડી ગયો અને પછી હાંફ ખાવા ઊભો. દખણાદાં પથરાનાં ખેતરો ભૂરા આકાશમાં તીણી

ધારી પાડતાં ખડાં હતાં. પણ ઊગમણાં મેદાનોમાંથી ક્યારનીય વરાળભરી બાફ ઊંચે ચડવા મંડી હતી. અને એ સહેજસાજ ઝાંખની વચ્ચે, દરુએ ભારે હૈયે, આરબને કેદખાનાનો રસ્તો ધીરે પગલે કાપતો જોયો.

થોડી વાર પછી, કલાસરૂમની બારી પાસે ઊભો ઊભો માસ્તર આખાયે ઉચ્ચ પ્રદેશની સપાટીને ધોઈ રહેલા ચોખ્ખા અજવાળાની સામે ટીકી રહ્યો. પણ એ ભાગ્યે જ એને દેખતો હતો. એની પાછળ પાટિયા પર, ફ્રાંસની વળ ખાતી નદીઓ વચ્ચે, વાંકાચૂંકા અક્ષરે ચાકથી લખાયેલા શબ્દો હતા, જે એણે હમણાં જ વાંચ્યાં હતા : 'તેં અમારા ભાઈને સોંપી દીધો છે. તારે આનો બદલો ચૂકવવો પડશે.' દરુ તાકી રહ્યો, આકાશ સામે પહાડી મેદાન સામે અને તેનીયે પેલીમેરની નહીં દેખાતી ભોમકાઓ સામે, જે છેક દરિયા લગી લંબાતી હતી. આ અફાટ ભોમકા એને એટલી બધી વહાલી હતી. ને એમાં એ - એકલવાયો હતો.

અનુ : પ્રબોધ ચોકસી

માટી

જેમ્સ જોયસ

સ્ત્રીઓનો ચાનાસ્તો પતી જાય પછી જવાની મેટ્રને તેને રજા આપી હતી ને એ સાંજની છુટ્ટીની મારિયા હોંશપૂર્વક વાટ જોતી હતી. આખું રસોડું નવુંનકોર લાગતું હતું : રસોઇયણે તો કહ્યું પણ ખરું, તાંબાની મોટી કડાઈઓમાં તો આપણું મોઢું જોઈ શકાય છે. તાપણી હૂંફાળી હતી ને તેજસ્વી હતી. એની એક બાજુના ટેબલ પર ખૂબ મોટાં ચાર બાર્મબ્રેક હતાં. આમ તો આ બાર્મબ્રેક કાપ્યાં ન હોય એવાં લાગતાં હતાં : પણ વધારે નજીક જતાં જ જણાય કે કાપીને એનાં લાંબાં જાડાં એકસરખાં પતીકાં કર્યાં હતાં ને ચાટાણે પીરસવા માટે તૈયાર રાખ્યાં હતાં. મારિયાએ પોતે જ એ કર્યાં હતાં.

મારિયા ખરેખર ખૂબખૂબ ઠીંગણી હતી પણ એનું નાક ખૂબ લાંબું હતું. ને એની હડપચીયે ખૂબ લાંબી હતી. તે હંમેશા લાડ કરતાં જરા નાકમાંથી બોલતી, 'હા, મારા ભાઈલા,' ને 'ના, મારા ભાઈલા.' પોતાનાં બકડિયાં માટે સ્ત્રીઓ ઝઘડી પડતી ત્યારે હંમેશાં એને જ બોલાવવામાં આવતી ને એ હંમેશાં સમાધાન કરવામાં સફળ નીવડતી. એક દિવસ મેટ્રને તેને કહ્યું હતું :

'મારિયા, તું તો સાચેસાચ શાંતિની પરી છે હોં !'

અને નાની મેટ્રને તેમ જ ભોજનખંડની બે સ્ત્રીઓએ પણ આ પ્રશંસા સાંભળી હતી. ને જિન્જર મૂની તો હંમેશા કહેતી કે મારિયા ન હોત તો લોઢાનાં વાસણની દેખરેખ રાખતી પેલી મૂંગીનું તો પોતે શું ન કર્યું હોત. બધાંયને મારિયા પર આટલો તો પ્રેમ હતો.

છ વાગે સ્ત્રીઓને ચાનાસ્તો આપવામાં આવશે ને સાત વાગ્યા પહેલાં તો તે છૂટી થઈ જશે બોલ્સબ્રિજથી પિલર વીસ મિનિટ; પિલરથી ડ્રમકોન્ડ્રા વીસ મિનિટ; ને ખરીદીની વીસ મિનિટ. આઠ વાગ્યા પહેલાં તે ત્યાં પહોંચી જશે. પોતાનું ચાંદીની કડીવાળું પર્સ એણે કાઢ્યું ને ફરીથી 'બેલફાસ્ટથી આણેલી ભેટ' એ શબ્દો વાંચ્યાં. એને આ પર્સ ખૂબ ગમતું હતું, કારણ પાંચ વર્ષ પહેલાં આલ્ફી ને જો વ્હિટમન્ડેના પર્યટને બેલફાસ્ટ ગયા

હતા ત્યારે જો ત્યાંથી એ લઈ આવ્યો હતો. પર્સમાં બે અડધા ક્રાઉન ને થોડું પરચૂરણ હતું. ટ્રામનું ભાડું ચૂકવ્યા પછી એની પાસે પૂરા પાંચ શિલિંગ વધશે. સાંજે તેઓ કેવી મજા કરશે, બાળકો બધાંય નાચતાંગાતાં હશે ! બસ, જો ઢીંચીને ન આવે તો – આટલી જ આશા એણે સેવી. એ કાંઈ પણ પીતો ત્યારે એટલો તો જુદો લાગતો.

અહીંથી છૂટા થઈને પોતાની સાથે રહેવા આવવાનું જોએ તેને અવારનવાર કહ્યું હતું. પરંતુ (જોની પત્ની એની સાથે હંમેશા એવી તો સારી રીતે વર્તતી હતી છતાંય) પોતે નડતરરૂપ થઈ પડશે એવું એને પોતાને જ લાગ્યું હોત ને વળી આ લોન્ડ્રીનું જીવનેય એને તો ફાવી ગયું હતું. જો ભલો આદમી હતો. એને તો એણે જ ઉછેર્યો હતો ને, વળી આલ્ફીને પણ, જો તો વારેઘડીએ કહેતો પણ ખરો. :

'બા એટલે બા વળી. પણ મારી ખરી મા તો મારિયા જ છે !'

ઘરમાં બધા જુદા થયા પછી આ છોકરાઓએ જ એને આ 'દીવાટાણે ડબ્લીન' લોન્ડ્રીમાં નોકરી અપાવી હતી ને એને એ ગમતી હતી. પ્રોટેસ્ટંટ લોકો વિશે એનો એવો તો ખરાબ મત હતો. પણ તેઓ ઘણા ભલા માણસ છે, ઓછાબોલા ને ગંભીર ખરા. પણ સાથે રહેવાનું મન થાય એટલા ભલા માણસ છે એવું હવે તે માનતી હતી. વળી વાડામાં એના પોતાના વેલા હતા ને એની સંભાળ રાખવાનું એને ગમતું. એની પાસે ફર્ન ને વેક્સના સરસ મજાના વેલા હતા ને એને જે કાંઈ મળવા આવે તેને પોતાના વાડામાંથી તે હંમેશાં એકાદબે કલમ આપતી. એક જ વાત તેને નહોતી ગમતી ને તે ભીંત પરના કાંટાળા તાર. પણ મેટ્રન એટલી તો સાલસ હતી, એવી તો ખાનદાન હતી.

બધું તૈયાર છે એમ રસોઈયણે તેને જણાવ્યું ત્યારે તે સ્ત્રીઓના ઓરડામાં ગઈ ને મોટા ઘંટની દોરી ખેંચવા લાગી. થોડી જ મિનિટમાં, બબ્બે ને ત્રણત્રણ સ્ત્રીઓ પોતાના વરાળ નીકળતા હાથ પેટીકોટથી લૂછતી લૂછતી ને પોતાના રાતાચોળ હાથ પર બ્લાઉઝની બાંય ઉતારતી ઉતારતી અંદર આવવા લાગી. પોતપોતાના મોટા પ્યાલા પાસે બધી બેસી ગઈ ને એમાં રસોઈયણે તથા મૂંગીએ મોટા ટિનના ડબામાં પહેલેથી દૂધ ને ખાંડ ભેળવી રાખેલી ગરમ ગરમ ચા ભરી દીધી. બાર્મબ્રેકની વહેંચણી પર મારિયાએ જાતતપાસ રાખી ને દરેક સ્ત્રીને ચાર ચાર પતીકાં મળી ગયાં કે નહીં તેની ચોકસાઈ રાખી. જમતાં જમતાં ખૂબ જ હસાહસ ને ઠઠ્ઠામશ્કરી થયાં. લિઝી ફ્લેમિંગે કહ્યું મારિયાના ચોક્કસ ચાંદલા થવાના, ને આમ તો ફ્લેમિંગે અનેક હેલો ઇવ વખતે કહ્યું હતું છતાંય, મારિયાને તો એ હસી જ કાઢવું પડ્યું ને કહેવું પડ્યું : મને ચાંદલાય નથી ખપતા ને પુરુષેય નથી ખપતો; ને એ હસી ત્યારે એની ધૂસર લીલી આંખોમાં નિરાશાની લજ્જા ચમકી ગઈ ને એના નાકનું ટેરવું એની હડપચીની અણી સાથે લગભગ એક થઈ ગયું. પછી બીજી બધી સ્ત્રીઓએ ટેબલ પર પોતાના પ્યાલા ખણખણાવ્યા ને જિંજર મૂનીએ પોતાનો પ્યાલો ઊંચો કર્યો, મારિયાની કુશળતા ઇચ્છી ને કહ્યું, આમાં ઘૂંટડે ઘૂંટડે ગટગટાવવા માટે પોર્ટર નથી એટલો જ અફસોસ છે. ને ફરીથી એનું નાકનું ટેરવું એની હડપચીની સાથે લગભગ એક ન

થઈ ગયું ને એનું નાનકડું શરીર બેવડ ન વળી ગયું ત્યાં સુધી મારિયા હસી, કારણ મૂનીના ખ્યાલ ભલે એક સામાન્ય સ્ત્રીના જેવા જ હોય પણ એ ભલું જ ઇચ્છતી હતી એમ એ જાણતી હતી.

પણ સ્ત્રીઓએ ચાનાસ્તો પતાવી લીધો ને રસોઈયણે તેમ જ મૂંગીએ ચાનાં ઠામ ઉપાડવા માંડ્યાં ત્યારે શું મારિયાને આનંદ નહોતો થયો ! તે પોતાના નાના સૂવાના ઓરડામાં ગઈ. કાલે સવારે તો માસ છે એ યાદ આવતાં એણે એલાર્મના કાંટા સાત પરથી છ પર ગોઠવ્યા. પછી એણે કામ કરતી વખતનાં સ્કર્ટ ને બૂટ ઉતારી નાખ્યાં ને પલંગ પર પોતાનું સૌથી સરસ સ્કર્ટ ને પલંગના પાયા પાસે પોતાના બહાર પહેરવાના નાના મજાના બૂટ મૂક્યાં. પોતાનું બ્લાઉઝ પણ એણે બદલી નાખ્યું ને અરીસા સામે ઊભા રહેતાં જ એને પોતે યુવાન હતી ત્યારે રવિવારે સવારે માસમાં જવા કેવાં કપડાં પહેરતી તે યાદ આવ્યું; અને પોતે જેને અનેક વાર મુગ્ધતાથી શણગાર્યું હતું એવા પોતાના નાનકડા શરીરને તે વિલક્ષણ અનુરાગથી નીરખી રહી. વીતેલાં વર્ષોની અસર પડી હોવા છતાંય એને તો એ એક સરસ મજાનું નાનું શરીર લાગ્યું.

એ બહાર આવી ત્યારે શેરીઓ વરસાદમાં ચળકતી હતી. પોતાનો જૂનો ભૂરો વોટરપ્રૂફ કોટ જોઈ એ આનંદ પામી. ટ્રામ ભરચક હતી ને એને ન છૂટકે જ્યાં બધા લોકોની નજર પડે ને પોતાના પગ માંડમાંડ નીચે અડી શકે ત્યાં, ડબાને છેડે એક નાના સ્ટૂલ પર બેસવું પડ્યું. પોતે જે ઘરની હતી તે બધુંય ફરીથી મનમાં તેણે ક્રમવાર ગોઠવી લીધું. એને થયું સ્વતંત્ર હોવું ને પોતાના ખિસ્સામાં પોતાના જ પૈસા હોવા એ કેટલું બધું બહેતર છે ! સાંજે તેઓ ખૂબ જ આનંદ કરશે એવી આશા તેણે સેવી. આમ તો એને ખાતરી જ હતી પરંતુ આલ્ફી ને જો એકબીજા સાથે બોલતા નથી એ કેટલું દુ:ખદ છે એ વિચાર કર્યા વિના તે રહી શકી નહીં. હવે તો તેઓ કાયમ ઝઘડી પડે છે, પણ પહેલા બંને નાના હતા ત્યારે તો એકબીજાના જિગરજાન દોસ્ત હતા, પણ જીવન જ એવું છે.

પિલર પાસે તે ટ્રામમાંથી ઊતરી પડી. ઝડપથી તેણે ટોળામાંથી જેમ તેમ કરી માર્ગ કરી લીધો. ડાઉનેસની કેકની દુકાનમાં તે દાખલ થઈ પણ દુકાન લોકોથી એટલી તો ભરચક હતી કે પોતાની માગણી પર ધ્યાન આપવા તે કોઈને બોલાવી શકે તે પહેલાં ઘણો સમય વીતી ગયો. એક એક પેનીની જુદી જુદી જાતની ડઝન કેક એણે ખરીદી અને આખરે એક મોટી કોથળી ઊંચકી તે દુકાનની બહાર આવી. પછી બીજું શું ખરીદવું એનો વિચાર તેણે કરી જોયો : એ કંઈક ખરેખર મજાનું ખરીદવા માગતી હતી. તેમને ત્યાં સફરજન ને નટ તો ચોક્કસ પુષ્કળ પ્રમાણમાં હશે જ. શું ખરીદવું ને શું ને ખરીદવું એ નક્કી કરવું ઘણું જ મુશ્કેલ હતું ને એને કેક સિવાય બીજું કાંઈ જ સૂઝ્યું નહીં. થોડી પ્લમકેક ખરીદવાનો એણે નિર્ણય કર્યો પણ ડાઉનેસની પ્લમકેક ઉપર બદામવાળી ચાસણીનો પૂરતો ઢોળ ન હતો એટલે તે હેનરી સ્ટ્રીટમાં આવેલી એક દુકાનમાં ગઈ અહીંયાં મનગમતી પસંદગી કરવામાં એણે ઘણો વિલંબ કર્યો ને દેખીતી જ જરા ચિડાઈ ગયેલી કાઉન્ટર પરની

છટાદાર યુવતીએ તેને પૂછ્યુંયે ખરું; તમે લગ્નપ્રસંગની કેક ખરીદવા માંગો છો ? એથી તો મારિયાને ગાલે શેરડા પડયા ને એણે યુવતી સામે સ્મિત કર્યું; પણ યુવતીએ તો બધું ખૂબ ગંભીરતાથી સાચું માની લીધું ને અંતે પ્લમકેકમાંથી એક મોટો જાડો કટકો કાપ્યો, એનું પાર્સલ બાંધ્યું ને બોલી :

'બે શિલિંગ ને ચાર પેન્સ.'

ડ્રમકોન્ડ્રાની ટ્રામમાં કોઈ પણ યુવાનનું ધ્યાન એના તરફ ખેંચાયું નહીં. એટલે એને લાગ્યું કે ઊભા જ રહેવું પડશે, પણ એક આધેડ ગૃહસ્થે એને જગ્યા કરી આપી. એ ગૃહસ્થ કદાવર હતા ને એમણે ભૂરો ટોપો પહેર્યો હતો; એમનું મોઢું ચોરસ ને રાતું હતું ને મૂછો કાબરચીતરી હતી. આ ગૃહસ્થ કર્નલ જેવા દેખાય છે એમ મારિયાને લાગ્યું ને તરત વિચાર આવ્યો કે પોતાની સામે ટગરટગર તાકી રહેલા પેલા યુવાનો કરતાં આ કેટલા વધારે વિનયી છે. ગૃહસ્થે હેલો ઈવ ને વરસાદની ઋતુ વિશે વાતો કરવા માંડી. કોથળી નાનાં ભૂલકાં માટેની મજાની ચીજોથી છલોછલ ભરી છે એમ એમણે માની લીધું ને કહ્યું, નાનાં હોય ત્યારે જ ભૂલકાંઓ મોજ માણી લે એ જ વધારે યોગ્ય છે. મારિયાએ એમની સાથે સહમત થઈને ગંભીરતાથી ડોકું ધુણાવ્યું ને હોંકારા ભણ્યા. એના પર એમણે ખૂબ ભાવ દાખવ્યો ને કર્નલ બ્રિજ ઊતરતી વખતે એણે એમનો આભાર માન્યો ને નમન કર્યા; એમણે પણ નમન કર્યા, પોતાનો ટોપો ઊંચક્યો ને પ્રસન્ન થઈ સ્મિત કર્યું : અને વરસાદમાં પોતાનું નાનકડું માથું નમાવીને તે ઢોળાવ ચડતી હતી ત્યારે તેને વિચાર આવ્યો કે છાંટોપાણી લીધો હોય એવા ગૃહસ્થની પિછાણ કરવી એ કેટલું સહેલું છે.'

જોને ઘરે તે પહોંચી ત્યારે બધાંય બોલી ઊઠ્યાં, 'લો, મારિયા, આ આવી !' કામકાજથી પરવારી જો પાછો આવી ગયો હતો, ને બધાંય બાળકોએ રવિવારનાં કપડાં પહેર્યાં હતાં. પાડોશીની બે મોટી દીકરીઓ પણ આવી હતી ને રમતો રમાતી હતી. સૌથી મોટી છોકરી આલ્ફીને મારિયાએ કેકની કોથળી બધાંનો ભાગ પાડવા માટે આપી. મિસિસ ડોનેલીએ કહ્યું, આવી મોટી કોથળી ભરીને કેક લાવી એણે એટલી તો લાગણી બતાવી છે, ને એણે બધાંય બાળકો પાસે બોલાવ્યું :'આભાર મારિયા.'

પણ મારિયાએ કહ્યું કે એમનાં બા ને બાપા માટે પોતે કંઈક ખાસ ચીજ લાવી છે ને એ એમને જરૂર ગમશે જ, ને એ પ્લમકેક ખોળવા માંડી. ડાઉનેસની કોથળીમાં ને પછી પોતાના વોટરપ્રૂફ કોટનાં ખીસ્સામાં ને એ પછી હોલસ્ટેન્ડ પર એણે ખોળી જોયું પણ એને એ કયાંય જડી નહીં. ત્યારે પછી એણે બધાંય બાળકોને પૂછી જોયું કે કોઈ તે ખાઈ તો નથી ગયું ને – અલબત્ત ભૂલથી જ – પરંતુ બધાંય બાળકોએ ના પાડી ને જો પોતાના પર ચોરીનો આરોપ મુકાવાનો હોય તો કેક ખાવાની પોતાની જરાય ઇચ્છા નથી, એવો ભાવ એમના મુખ પર દેખાયો. દરેક પાસે આ કોયડાનો ઉકેલ હતો ને મિસિસ ડોનેલીએ કહ્યું, મારિયા એ ટ્રામમાં જ ભૂલી ગઈ હશે એમાં જરાય શંકા નથી. કાબરચીતરી મૂછોવાળા ગૃહસ્થે પોતાને કેવી મૂંઝવી નાંખી હતી એ યાદ આવતાં જ મારિયા શરમ,

સંતાપ ને નિરાશાથી ઝંખવાઈ ગઈ. બધાંયને આશ્ચર્યથી ચકિત કરી દેવાની પોતાની નાનીશી ઝંખના નિષ્ફળ નીવડી ને પોતે બે શિલિંગ ને ચાર પેન્સ નકામા જ વેડફી નાંખ્યા એ વિચાર આવતાં જ એ સાવ રડવા જેવી થઈ ગઈ.

પરંતુ એમાં શું થઈ ગયું એમ જોએ કહ્યું ને તેને આગ્રહ કરી તાપણી પાસે બેસાડી. એણે એના પર ખૂબ ભાવ દેખાડ્યો. પોતાની ઓફિસમાં શું શું થયું તે બધું જ એણે એને જણાવ્યું ને પોતે મેનેજરને સણસણતો જવાબ આપ્યો હતો તે પણ ફરીથી કહી બતાવ્યો. પોતે જવાબ આપ્યો હતો એની વાત કરતાં જો આટલું બધું કેમ હસે છે તે મારિયા સમજી શકી નહીં, પણ એને આટલું તો કહ્યું — મેનેજર ખરેખર ખૂબ મિજાજી હોવો જોઈએ. જોએ કહ્યું, એને અનુકૂળ થતાં આવડે તો તે એટલો ખરાબ નથી ને એને ચિડાવાનું કારણ ન આપીએ તો એ સજ્જનની જેમ જ વર્તે છે. મિસિસ ડોનેલીએ બાળકોને પિયાનો સંભળાવ્યો ને તેઓ નાચવા ને ગાવા લાગ્યાં. પછી પાડોશીની દીકરીઓએ બધાંયને નટ વહેંચ્યાં. એ ભાંગવાની સૂડી કોઈને જડી નહીં. ને જો તો ચિડાવા જેવો જ થઈ ગયો ને બોલ્યો, સૂડી વિના મારિયાને નટ ભાંગવાનું કેમ કહી શકાય ? પણ મારિયાએ કહ્યું મને નટ ભાવતાં નથી. મારી ચિંતા કોઈએ કરવી નહીં. પછી જોએ તેને પૂછયું તમે સ્ટાઉટ લેશો, ને મિસિસ ડોનેલીએ પણ કહ્યું જો તમને પોર્ટ વાઈન ગમતો હોય તો ઘરમાં એ પણ છે. મારિયાએ કહ્યું પોતાને કોઈ કંઈ જ આગ્રહ ન કરે તો ઘણું સારું : તોય જોએ તો આગ્રહ કર્યો.

એટલે મારિયાએ એનું માન રાખ્યું ને બન્ને ગઈ ગુજરી સંભારતાં તાપણી પાસે બેઠાં ત્યારે એને આલ્ફી માટે સાચી સલાહ આપવાનું એને મન થયું. પરંતુ જો તરત બોલી ઊઠ્યો કે પોતે જો પોતાના ભાઈ સાથે એક શબ્દ પણ બોલે તો ઈશ્વર પોતાને તત્કાળ મારી નાખે. એટલે મારિયાએ કહ્યું આ વાત ઉખેળવા માટે હું દિલગીર છું. પોતાના પતિને મિસિસ ડોનેલીએ કહ્યું - પોતાના જ સહોદર માટે આવું બોલવું એ તમારે માટે એક મોટી શરમની વાત છે. પણ જોએ કહ્યું કે આલ્ફી પોતાનો ભાઈ છે જ નહીં ને વળી એની સાથે ટંટો ચાલે છે તે લટકામાં. પરંતુ આજે સપરમો દિવસ છે એટલે પોતે મંગજ નહીં ગુમાવે એમ પણ તેણે કહ્યું ને પોતાની પત્નીને સ્ટાઉટનો બીજો શીશો ઉઘાડવા જણાવ્યું. પાડોશીની બંને દીકરીઓએ હેલો ઈવની ખાસ રમતો માંડી એટલે ફરીથી આનંદ આનંદ થઈ ગયો. બાળકોને આટલાં રાજીનાં રેડ જોઈને તેમ જ જોને તેની પત્નીને આટલાં લહેરમાં જોઈને મારિયા આનંદમાં આવી ગઈ. પાડોશીની દીકરીઓએ ટેબલ પર કેટલીક રકાબી પાથરી ને પછી તે બાળકોને આંખે પાટા બાંધી ટેબલ પાસે દોરી ગઈ. એક પ્રાર્થનાનું પુસ્તક લાવ્યું ને બીજાં ત્રણ પાણી લાવ્યાં; ને પાડોશીની એક દીકરી વીંટી લાવી ત્યારે એને શરમાતી જોઈ મિસિસ ડોનેલીએ એના ભણી આંગળી ચીંધી જાણે કહેતી ન હોય : 'ઓહ, એ તો હું બરાબર જાણું છું !' મારિયાની આંખે પાટા બાંધવાનો ને એને ટેબલ પાસે લઈ જઈને એને શું મળે છે તે જોવાનો તેમણે આગ્રહ રાખ્યો; ને તેઓ પાટા

બાંધતી હતી ત્યારે એનું નાકનું ટેરવું એની હડપચીની અણી સાથે એક ન થઈ ગયું ત્યાં સુધી મારિયાએ હસ્યા જ કર્યું, હસ્યા જ કર્યું.

હસાહસ ને ઠઠ્ઠામશ્કરી વચ્ચે તેઓ એને ટેબલ પાસે દોરી ગઈ ને એને કહેવામાં આવ્યું તેમ એણે પોતાના હાથ હવામાં લાંબા કર્યા. એણે પોતાના હાથ હવામાં આમતેમ હલાવ્યા ને એક રકાબીમાં નાખ્યા. એક પોચા ભીના પદાર્થનો સ્પર્શ એની આંગળીઓએ અનુભવ્યો ને કોઈએ હરફ ઉચ્ચાર્યો નહીં કે પોતાનો પાટો છોડ્યો નહીં એની એને નવાઈ લાગી. થોડી પળ ચૂપકીદી રહી ને પછી એકદમ ખૂબ ધક્કાધક્કી ને ગણગણાટ શરૂ થયાં. કોઈ બગીચા વિશે કાંઈક બોલ્યું, ને અંતે મિસિસ ડોનેલીએ પાડોશીની એક દીકરીને ખૂબ ધમકાવતાં કાંઈક કહ્યું ને તેને તરત ને તરત એ ફેંકી દેવા જણાવ્યું : આ તે કાંઈ રમત છે ? પોતે રમતમાં ભૂલ કરી છે ને એથી પોતાને એ ફરીથી કરવું પડશે એમ મારિયા સમજી ગઈ; ને આ વખતે એના હાથમાં પ્રાર્થનાનું પુસ્તક આવ્યું.

એ પછી મિસિસ ડોનેલીએ બાળકોને સંભળાવવા 'મિસ મેકલાઉડનું રીલ' વગાડ્યું, ને જોએ મારિયાને ધરાર પ્યાલો ભરી દારૂ પાયો. તરત જ બધાં ફરી એક વાર આનંદમાં આવી ગયાં, ને મિસિસ ડોનેલીએ કહ્યું, મારિયાના હાથમાં પ્રાર્થનાનું પુસ્તક આવ્યું છે. એટલે વર્ષ પૂરું થયા પહેલાં તે જરૂર મઠમાં દાખલ થશે. એ રાતે જોએ મારિયા પર આટલી લાગણી વરસાવી. એટલી મીઠી વાતો ને સંસ્મરણો કહ્યાં ! મારિયાએ એને આ પહેલાં આવો ક્યારેય નહોતો ભાળ્યો. તેણે કહ્યું તમે બધાંય મારા પર ખૂબ લાગણી રાખો છો હોં.

આખરે બાળકો થાકી ગયાં ને નિદ્રાળુ બન્યાં. અને જોએ મારિયાને કહ્યું – તું જતી રહે તે પહેલાં જૂનાં ગીતોમાંથી એક નાનું સરખું ગીત નહીં ગા ? મિસિસ ડોનેલીએ પણ કહ્યું, 'ગાઓને, મારિયા !' ને એટલે મારિયાને ઊઠીને પિયાનો પાસે ઊભા રહેવું પડ્યું, મૂંગા રહેવા ને મારિયાનું ગીત સાંભળવા મિસિસ ડોનેલીએ બાળકોને આજ્ઞા કરી, પછી એણે પ્રાસ્તાવિક સંગીત વગાડ્યું ને કહ્યું 'ચાલો, મારિયા !' ને ખૂબ ખૂબ શરમાતાં મારિયાએ નાજુક કંપતા સૂરે ગીત શરૂ કર્યુ. 'મને શમણું આવ્યું કે હું રહું છું' એ ગીત એણે ગાયું ને બીજો અંતરો આવ્યો ત્યારે એણે ફરીથી ગાયું :

'મને શમણું આવ્યું કે હું રહું છું
આરસના મહેલમાં
મારી બાજુમાં હજુરિયા ને ગુલામ
ને એ મહેલની ભીતર ભેગા
થયેલા સર્વની
હું જ આશા છું, ને હું જ છું ગૌરવ.
અખૂટ દોલત છે મારી કને,
ગૌરવ લઈ શકું

એવું છે મારા પૂર્વજ કેરું નામ
મને એવું યે આવ્યું શમણું,
        જેણે મને આપ્યો ખૂબ જ આનંદ,
કે હજીયે તું એટલી જ ચાહે છે મને.'

પરંતુ કોઈએ એની ભૂલ એને બતાવી નહીં, ને પોતાનું ગીત એણે પૂરું કર્યું. ત્યારે જો ખૂબ જ લાગણીવશ બની ગયો. એણે કહ્યું અસલના જેવો બીજો એકે સમય નથી. ને લોકો ભલે ને ગમે તે કહે પણ મારે મન તો બિચારી બુઢ્ઢા બાલ્ફના સંગીત જેવું બીજું એકે સંગીત નથી; ને એની આંખો આંસુથી એટલી તો છલકાઈ ગઈ કે પોતે જે શોધતો હતો તે એને જડ્યું જ નહીં ને અંતે બૂચ ઉઘાડવાનો આંકડો ક્યાં છે તે જાણવા એને પોતાની પત્નીને પૂછવું પડ્યું.

અનુ. જયંત પારેખ

એમિલીને અંજલિ

વિલિયમ ફોકનર

૧

મિસ એમિલી ગ્રિયર્સન મરણ પામી ત્યારે અમારું આખું ગામ એની અંતિમક્રિયામાં ગયું : પુરુષો, ભોંયે ઢળેલા નિશાન માટેના એમના એક જાતના પ્રેમ અને આદરભાવને કારણે ગયા. સ્ત્રીઓ મોટે ભાગે એના ઘરને અંદરથી જોવાના કુતૂહલની મારી ગઈ, કારણ માળી ને રસોઈયાનું ભેગું કામ કરતા એક બુઢ્ઢા ચાકર સિવાય કોઈએ ઓછામાં ઓછાં દસ વરસથી એ ઘરની અંદર ડોકિયું સરખું કર્યું નહોતું.

વિશાળ અને લગભગ ચોરસ ઘાટના માળખાવાળું એ મકાન એક કાળે સફેદ ધોળેલું હતું. ઘુમ્મટો અને મિનારાઓ અને ટીપણાંનાં ગૂંછળાં જેવા વળદાર શિલ્પવાળા ઝરૂખાની ૧૮૭૦થી ૮૦ના ગાળામાં પ્રચલિત હતી એવી હળવી શૈલીમાં મબલખ સજાવેલું એ મકાન, અમારા એક જમાનાના સહુથી દિલપસંદ રસ્તાને શોભાવતું પણ પછી તો ત્યાં ગેરેજો ને કપાસનાં જીન ઘૂસી આવેલાં ને એમણે એ વિસ્તારના મહાન કબીલાઓનાં નામોને પણ ભૂંસી નાંખેલાં; ફક્ત મિસ એમિલીનું મકાન જ એ કપાસના ખટારાઓ ને પેટ્રોલના પંપોની મધ્યે - આંખના કણા વચ્ચે પણ શૂળ જેવું સાલતું - પોતાની હઠીલી મોહક દુર્ગતિની પતાકા અણનમ રાખતું ખડું હતું અને હવે તો સીડાર વૃક્ષથી ગુમસુમ કબ્રસ્તાનમાં, જેફરસનના યુદ્ધમાં પડેલા યુનિયન અને ફેડરેશનના (આંતરવિગ્રહના બંને પક્ષોના) નામી-અનામી સૈનિકોની વચ્ચે સૂતેલા, પેલા મહાન કબીલાઓના પ્રતિનિધિઓની સંગતિમાં વસવાટ કરવા. મિસ એમિલીએ પણ અમારી વિદાય લીધી હતી.

જીવતેજીવ એમિલી અમારે માટે એક પરંપરા, એક ફરજ અને એક સંપેતરા સ્વરૂપ હતી; ગામને માથે એ જાણે કે એક જાતનું પેઢી-દરપેઢીનું ઋણ હતું. ૧૮૯૪માં નગરપતિ કર્નલ સારટોરિસે - જેઓ પેલા ફરમાનના જનક હતા કે કોઈ પણ નિગ્રો બાઈએ રસ્તા

પર રાંધનારીનો 'એપ્રન'(ઝભ્ભો) પહેર્યા સિવાય મોં બતાવવું નહીં. તેઓએ – કુમારી એમિલીના પિતાશ્રીના મૃત્યુ પ્રસંગે તેને કરવેરામાંથી માફી બક્ષી હતી. તે દિવસથી માંડીને સદાકાળ સુધી એ બક્ષિસ કેમ જાણે કાયમી થઈ ગઈ હતી પણ કુમારી એમિલી કાંઈ સખાવત સ્વીકારે એવી હતી એમ રખે માનતા. કર્નલ સારટોરિસે એવા મતલબની એક અટપટી કહાણી ઘડી કાઢેલી કે મિસ એમિલીના બાપે ગામને નાણાં ધીરેલાં, જે રીતસર હિસાબના રાહે જ ગામે આ રીતે પાછાં વાળવાનું મન પસંદ કર્યું હતું. કેવળ કર્નલ સારટોરિસની પેઢીના ને વિચારના પુરુષને જ આવી કહાણી ઘડી કાઢતાં આવડે અને ફકત સ્ત્રીજાત જ એવી વાત ગળે ઉતારી શકે.

તે પછી વધુ આધુનિક વિચારોવાળી નવી પેઢી જ્યારે નગરપતિપદે અને સુધરાઈના સભ્યપદે આવી ત્યારે આ વ્યવસ્થાથી થોડોઘણો કચવાટ ઊભો થયો. બેસતા વર્ષના દિવસે એમણે એને વેરો ભરવાની સૂચના મોકલી. ફેબ્રુઆરી મહિનો આવ્યો, પણ જવાબ ન આવ્યો. એમણે એને સરકારી રાહે કાગળ લખ્યો, જેમાં એની અનુકૂળતાએ શેરીફની કચેરીએ હાજર થવાનું જણાવવામાં આવ્યું. એક અઠવાડિયા પછી નગરપતિએ જાતે એને પત્ર લખ્યો ને જાતે આવી જવાની અથવા એને તેડવા પોતાની કાર મોકલવાની દરખાસ્ત કરી. એના જવાબમાં તેઓને એક પ્રાચીન આકાર-પ્રકારના કાગળ પર પાતળા પ્રવાહી મરોડદાર અક્ષરે લખી મૂકેલો ને શાહી ઊડી ગયેલો પત્ર મળ્યો. એનું તાત્પર્ય એ હતું કે તે હવે બહાર ક્યાંય જતી જ નથી. વેરાની નોટિસ પણ કશાયે ખુલાસા વિના સાથે જ પાછી બીડેલી હતી.

એ લોકોએ સુધરાઈ સભ્યોની ખાસ બેઠક બોલાવી. એક પ્રતિનિધિમંડળ એની મુલાકાત લેવા ઊપડ્યું અને એના દરવાજા ઠોક્યા. છેલ્લાં આઠ કે દસ વર્ષ પહેલાં ચીનાઈ વાસણ પરનું ચિત્રકામ શીખવતો વર્ગ એણે બંધ કર્યો ત્યારથી એ દરવાજો એકે મુલાકાતીએ વટાવ્યો નહોતો. ઘરના બુઢ્ઢા નિગ્રો ચાકરે એમને એક ઝાંખા ખંડમાં દાખલ કર્યા. ખંડમાંથી એક જીનો એથીયે વધુ ગાઢ અંધકારમાં ચઢતો હતો. એમાંથી ધૂળ ને અવાવરુ દશાની વાસ આવતી હતી- ઘેરીઘેરી ભેજભરેલી વાસ. નિગ્રો એમને બેઠકના ખંડમાં લઈ ગયો. ભારેખમ ચામડું મઢેલા ફર્નિચરથી ખંડ સજાવેલો હતો. નિગ્રોએ એક બારીના પડદા ખોલ્યા ત્યારે એ લોકો જોઈ શક્યા કે એ ચામડું તરડાઈ ગયું હતું અને એ લોકો ઉપર બેઠા ત્યારે એમના ખોળાની આસપાસ આછીઆછી ધૂળ આળસ મરડતી હોય તેમ ઊઠવા લાગી ને એકમાત્ર સૂર્યકિરણમાં ભારેખમ ગતિવાળાં રજકણો રૂપે ફેરફુદરડી ફરવા લાગી. અંગીઠીની સામે, બેરંગ થઈ ગયેલી સોનેરી ફ્રેમની ઘોડી પર મિસ એમિલીના બાપુનું રંગીન રેખાચિત્ર ખડું કરેલું હતું.

એણે પ્રવેશ કર્યો ત્યારે એ બધા ઊભા થઈ ગયા. એ બેઠી દડીની સ્થૂળ કાયાવાળી સ્ત્રી હતી. એણે કાળાં વસ્ત્ર પહેરેલાં હતાં. અને એક પાતળી સોનાની સેર એના ગાળામાંથી કમર સુધી ઝૂલતી એના કમરપટામાં ઢંકાઈ જતી હતી. મેલી પડી ગયેલી સોનાની મૂઠવાળી

સીસમની લાકડીને ટેકે એ ચાલતી હતી. એનું હાડ તો નાનું ને એકવડું હતું. કદાચ તેને લઈને જ બીજા કોઈના હાડ પર જેટલી ચરબી સહેજે માંસલતામાં ખપી જાત તે એના દેહ પર સ્થૂળતા થઈ પડી હતી. સ્થિર પાણીમાં લાંબો વખત ડૂબી રહેલા શબની જેમ એ ફુગાઈ ગયેલી અને શબ જેવી જ ફીકીફચ દેખાતી હતી. એના મુલાકાતીઓ એમના આગમનનો હેતુ જણાવતા હતા તે વખતે, કોતરોમાં ખોવાઈ ગયેલી એની આંખો, ચહેરાના ચરબીદાર એક ચહેરા પરથી બીજા ચહેરા પર ફરતી હતી અને ત્યારે કણકના પિંડામાં દાબેલી કોલસાની કણીઓની જેમ એ આંખો તગતગતી હતી.

એણે એમને બેસવાનું પણ ન કહ્યું. એ તો બસ બારણામાં જ ઊભી ઊભી, એમના વતી વાત કરનારો જણ જાણે કે ઠોકર ખાઈને ઠરી ગયો હોય એમ બોલતો બંધ પડ્યો ત્યાં સુધી, એમની વાત ધ્યાન દઈને સાંભળતી રહી. તે પછી તો એ લોકોને પેલી સોનાની સેરને છેડે ગંઠાયેલી પણ નજરે નહીં ચડનારી ઘડિયાળની ટિક ટિક પણ કાને પડી.

એનો અવાજ સૂકોસટ ને ટાઢો બોળ હતો : 'જેફરસનમાં મારા પર કશો વેરો નથી. ખુદ કર્નલ સારટોરિસે મારી પાસે એનો ફોડ પાડ્યો છે. તમારામાંથી એકાદ જણને કદાચ અધિકારીઓ શહેરનું દફતર જોવા દે તો તમે જાતે જ એની ખાતરી કરી શકો છો.'

'પણ અમે ખાતરી કરી જ છે, અમે જ શહેરના અધિકારીઓ છીએ, મિસ એમિલી. આપને શેરીફ તરફથી એની સહીવાળી નોટિસ નહોતી મળી શું ?'

'હા, એકાદો કંઈ કાગળ મળેલો.' મિસ એમિલીએ કહ્યું,

'એ કદાચ પોતાને શેરીફ માનતો હશે....જેફરસનમાં મારા પર કશો વેરો નથી.'

'પણ જાણે કે ચોપડાઓમાં એવું દર્શાવતો કોઈ દાખલો નથી આપ સમજ્યાં ને ? અમારે તો ધારાધોરણ પ્રમાણે જ ચાલવું......'

'કર્નલ સારટોરિસને મળો, જેફરસનમાં મારા પર કશો વેરો નથી.'

' પણ મિસ એમિલી... '

'કર્નલ સારટોરિસને મળો.' (કર્નલ સારટોરિસને મરી ગયાને તો લગભગ દસ વર્ષ થઈ ગયાં હતાં.) 'જેફરસનમાં મારા પર કશો વેરો નથી. ટોબે !' પેલા નિગ્રોએ દેખા દીધી. 'આ સદ્‌ગૃહસ્થોને દરવાજો દેખાડ.'

૨

આમ એણે એમને શિકસ્ત આપી, હયદળ ને પાયદળ બેઉને. બરાબર આવી જ રીતે એણે ત્રીસ વર્ષ પહેલાં એમના પિતાઓનેય પરાસ્ત કરેલા - ગંધ બાબતમાં. એ ઘટના એના બાપ ગુજરી ગયા તે પછી બે વર્ષે બનેલી ને એનો પ્રિયપાત્ર - જે એને પરણશે એમ અમે ધારતા હતા તે - એને પડતી મૂકીને જતો રહ્યો, તે પછી થોડા જ વખત પછી બનેલી. એના બાપના મૃત્યુ પછી એ જવલ્લે જ બહાર નીકળતી; એનો પ્રિયપાત્ર જતો

રહ્યો પછી તો લોકો ભાગ્યે જ એનું મોં પણ જોવા પામતા. મહિલા મંડળ પૈકી એકબે જણે એને મળવા જવાની ધૃષ્ટતા દાખવેલી, પણ એણે એમને મળવાની ઘસીને ના પાડી દીધેલી અને પછી તો એ મકાનમાં જીવનનો કશોયે સંચાર વરતાતો હોય તો તે પેલા નિગ્રો ચાકર - જે ત્યારે તો જવાન હતો - બાસ્કેટ લઈને બજાર બાજુ જતો-આવતો તેટલા પૂરતો જ.

'લ્યો, જુઓ તમાશો ! પુરુષ માણસ કોઈ પણ પુરુષ - કેમ જાણે રસોડું સરખું ચલાવી શકવાનો હતો ! ' મહિલામંડળ ટોળમાં બોલતું; એટલે જ્યારે ઘરમાંથી આવતી ગંધ વધવા લાગી ત્યારે એમાં એ લોકોને કશું નવાઈ જેવું ન લાગ્યું. સંસ્કાર વગરની ને ભીડથી ઉભરાતી દુનિયા અને ઉચ્ચ કુળના જબરા ગ્રિયર્સન કબીલા વચ્ચે એ વાસે બીજી એક કડી પૂરી પાડી.

એક પડોશીએ, એક સ્ત્રીએ, ૮૦ વર્ષના નગરપતિ જજ સ્ટિવન્સ પાસે ફરિયાદ કરી.

'પણ બહેન, હું આ બાબતમાં શું કરું એમ તમે ઇચ્છો છો ?' એમણે કહ્યું.

'કેમ વળી, એને કહેવડાવી દો કે વાસ ઉડાડી મૂકે.' પેલી સ્ત્રી બોલી. 'એવો કાયદો નથી શું ?'

'મને ખાતરી છે કે એવી કશી જરૂર નહીં પડે.' જજ સ્ટિવન્સે કહ્યું. 'એ તો ઘણું ખરું પેલા નિગરડાએ વાડામાં એકાદો સાપ કે ઉંદર છૂંદી નાખ્યો હશે તે ગંધાતો હશે. હું એને કહીશ.'

વળતે દિવસે એમની સમક્ષ બીજી બે ફરિયાદો આવી. એક ફરિયાદી તો જરા દબદબાથી તકલીફ દૂર કરવાની અરજ ગુજારવા આવેલો : 'જજ સાહેબ, આપણે ખરેખર આનું કંઈક તો કરવું જ જોઈએ. મિસ એમિલીને અગવડમાં મૂકવાનું હું તો કોઈ કાળેય પસંદ ન કરું પણ આપણે આનું તો કંઈક કરવું જ પડશે.' તે રાતે સુધરાઈની સભા મળી - ત્રણ કાબરચીતરી દાઢીવાળા હતા અને એક જરા જવાનિયો હતો, ઊગતી પેઢીનો સભ્ય.

'હવે તો હદ થઈ,' એ બોલ્યો. 'એને મકાનની સાફસૂફી કરી નાખવાનું કહેવડાવી દો. વાસ કાઢી નાંખવા માટે એને અમુક મુદત આપો, ને જો એ ન કરે તો......'

'પૂળો મૂકો એ વાતમાં, મારા સાહેબ.' જજ સ્ટિવન્સ બોલી ઊઠયા : 'આપણાથી કાંઈ કોઈ સન્નારી પર એના મોઢામોઢ દુર્ગંધ મારવાનો આક્ષેપ મૂકી શકાય કે ?'

એટલે બીજે દિવસે રાતે, મધરાત વીતી ગયા પછી, માણસો મિસ એમિલીનો બગીચો વટાવીને મકાનની આસપાસ ઘરફાડુઓની જેમ લપાતા છુપાતા ઈંટકામના પાયા સરસા ને ભોંયરાનાં જાળિયામાં મોં નાંખીનાંખીને સૂંઘતા સૂંઘતા ફરવા લાગ્યા અને એમાંનો એક તો રીતસર જાણે વાવણી કરતો હોય તેમ એને ખભે લટકાવેલી એક ઝોળીમાંથી કશુંક કાઢી કાઢીને મૂઠીમૂઠી છાંટતો હતો. એમણે ભોંયરાનું બારણું તોડીને એની અંદર ચૂનો છાંટ્યો અને ફરતાં બીજા કોઢ, ગમાણ, ઘોડાર વગેરે મકાનોમાંય છાંટ્યો. પાછો બગીચો વટાવીને એ લોકો બહાર નીકળવા જતા હતા ત્યારે એમણે એક અંધારી બારીમાં

બત્તી થતી જોઈ અને મિસ એમિલી એ બારી પર બેઠી હતી. બત્તી એની પાછળ હતી. અને એનું ટટાર ધડ, જાણે બાવલું હોય એવું સ્થિર. એમની આંખે ચડ્યું. એ લોકો ચૂપકીદીપૂર્વક બગીચામાં સરકી ગયા અને રસ્તાની બેય બાજુ ઊભેલા 'લોકસ્ટ' વૃક્ષના પડછાયાઓમાં છૂ થઈ ગયા. એકબે અઠવાડિયાં પછી ગંધ ઊડી ગઈ.

આ ઘટના બની તે દિવસોમાં લોકો ખરેખર એને માટે અફસોસની લાગણી અનુભવવા મંડ્યાં હતાં. અમારા ગામનાં લોકો એના બાપની ઘરડી કાકી લેડી વ્યાટને તદ્દન ચિત્તભ્રમ થઈ ગયેલો તે યાદ કરીને પોતાની માન્યતા કહેતાં કે ગ્રિયર્સન પરિવારવાળાએ પોતાની ખરેખરી હેસિયત કરતાં બહુ વધારે મગરૂબી રાખી કહેવાય. જુઓ ને, મિસ એમિલી જેવીનેય એકે છોકરો લાયક નથી લાગતો. અમે લોકો લાંબા વખતથી ગ્રિયર્સન પરિવારને એક નાટકીય ચિત્તર જ માનતાં હતાં; પાછળ સફેદ કપડાંમાં સજ્જ મિસ એમિલીની પાતળી આકૃતિ, આગળ એના ભણી પીઠ કરીને હાથમાં ચાબૂક રમાડતાં એના બાપની છાયાકૃતિ અને એ બંને એમના ઉઘાડાફટાક આગલા બારણાંના ચોકઠામાં મઢાયેલાં હોય - આવી એમની છબી અમારા મન પર અંકાઈ ગઈ હતી. એટલે એ જ્યારે ત્રીસ વર્ષની થઈ તોય અપરિણીત જ રહી ત્યારે અમને જાણે આનંદ જ થયો એમ તો ન કહેવાય, પણ અમને અમારી વાત સાચી પડતી લાગી : કુટુંબમાં ગાંડપણ હોવા છતાં એણે એની અડફટમાં આવેલી એકેએક તકને જો એ ખરેખર ફળીભૂત થઈ હોત તો, કાંઈ જતી તો ન જ કરી હોત.

એના બાપ મરી ગયા ત્યારે વાત બહાર આવી કે એને વારસામાં ફક્ત આ મકાન જ મળ્યું હતું; અને એક રીતે, લોકોને ખુશી ઊપજી. આખરે એમને મિસ એમિલીની દયા ખાવાનો મોકો મળ્યો ખરો. એ એકલી પડી ને તેમાંયે ગરીબ અબળાની દશામાં આવી, એટલે એ લોકોને મન માણસમાં આવી. હવે એનેય એ કંપની ઓછીવત્તી થાય તેની જૂગજૂની હાય ને હાશનો અનુભવ થશે.

બાપના મરણ પછી બીજે દિવસે બધી સારા ઘરની સ્ત્રીઓએ એમને ઘેર ખરખરા માટે અને કાંઈ મદદની જરૂર હોય તો તે માટે જવાની, અમારે ત્યાંના રિવાજ મુજબ તૈયારી કરેલી. મિસ એમિલી રોજના જ પોશાકમાં, મોં પર શોકના એકેય અણસાર વિના, એમને બારણે જ સામી મળી. એણે એમને કહ્યું. મારા બાપ નથી મરી ગયા. એણે ત્રણ દિવસ સુધી લાગટ એમ કહ્યા કર્યું. પાદરીઓ એની મુલાકાત લેતા રહ્યા અને દાકતરો એને મૃતદેહનો નિકાલ કરવાનું સમજાવતા રહ્યા. છેવટે એ લોકો કાયદાનો ને જબરદસ્તીનો આશ્રય લેવાની તૈયારીમાં જ હતા ત્યારે એ ભાંગી પડી અને એ લોકોએ ઝટપટ એના બાપને દફનાવી દીધો.

તે વખતે પણ એ ગાંડી છે એવું અમે નહોતું માન્યું. અમે માનેલું કે એને એવું કર્યા વિના ચાલે એમ નહોતું. એના બાપે કેટલા બધા જવાન ઉમેદવારોને એ ઘરમાંથી હકાલી કાઢેલા તે અમને સાંભરતું હતું. અને અમે જાણતા હતા કે એની પાસે કશું જ પોતીકું

કહેવા જેવું રહ્યું નહોતું. એટલે બીજા દુખિયારા માણસોની જેમ એય પોતાને લૂંટી લેનારને વળગી ન રહે તો બીજું કરે પણ શું ?

૩

ઘણા વખતથી એ માંદી હતી. અમે એને ફરી પાછી જોઈ ત્યારે એણે વાળ ટૂંકા કરાવી નાંખ્યા હતા અને એટલે એ નાની છોકરી જેવી લાગતી હતી. દેવળની રંગીન બારીઓ પર પેલા દેવદૂતો ચીતરેલા હોય છે, કંઈક તેમને મળતી, કરુણ ને ગંભીરના મિશ્રણ જેવી એ દેખાતી હતી.

ગામે હમણાં જ પગથીઓ પર પથરા જડવાના કોન્ટ્રાક્ટ આપેલા હતા, અને એના બાપ ગુજરી ગયા તે પછી ઉનાળામાં એ લોકોએ કામ શરૂ કરેલું. કન્ટ્રાક્ટરનો માણસ નિગ્રો મજૂરો, ખચ્ચરો ને યંત્રો લઈને આવી લાગ્યો. એમનો ફોરમેન હોમર બેરન નામનો ઉત્તર તરફનો યાન્કી હતો. એ મોટો તગડો, શામળો ને તરવરિયો માણસ હતો. એનો ઘાંટો પહાડી હતો ને આંખોનો રંગ ચહેરા કરતાં કંઈક ખુલ્લો હતો. એ નિગરડાઓને ભાંડતો ને નિગરડા કોદાળાના ઘા સાથે તાલ મેળવીને ગાતા તે સાંભળવા ગામનાં નાનાં છોકરાં ટોળે વળતાં. થોડા જ વખતમાં એ ગામનાં એકેએક જણનો ઓળખીતો થઈ પડ્યો. ચોકમાં તમે ક્યાંય જો હાસ્યની છોળો ઊડતી સાંભળો તો નક્કી હોમર બેરન એ ટોળાંની વચમાં હોવાનો જ. થોડા જ દિવસો પછી એ ને મિસ એમિલી દર રવિવારે સાંજે, માલિક માટે એમના ઘોડા સાચવનારા તબેલામાંથી મંગાવેલા, બદામી રંગના બે ઘોડા જોડેલી પીળા રંગની બગ્ગીમાં ફરવા જતાં, તે અમારી નજરે ચઢ્યાં.

શરૂઆતમાં તો અમે સહેજ રાજી થયા કે ચાલો, મિસ એમિલીને ઓળખાણ પિછાણ પૂરતોય રસ લાગ્યો ખરો, કારણ મહિલામંડળ તો કહેતું હતું કે 'ગ્રિયર્સન ઊઠીને કોઈ ઉત્તર તરફના ને તેય આવા દાડિયા મજૂરિયા વિશે કશો ગંભીર વિચાર કરે જ નહીં.' પણ બીજાં કેટલાંક હતાં વધુ મોટી ઉંમરનાં લોકો, જે મરમમાં બોલતાં કે શોકથી વિહ્વળ હોવા છતાં સાચી કુલસ્ત્રીથી કોઈ (કુલધર્મ) વિસારે ન પડાય - એ લોકો કુલધર્મ શબ્દ અધ્યાહાર રહેવા દેતા. ફક્ત એટલું કહેતાં, 'બિચારી એમિલી. એનાં સંગાંઓએ એને અત્યારે હૂંફ આપવી જોઈએ.' અલાબામામાં એનાં કેટલાંક સગાં હતાં ખરાં; પણ વરસો પહેલાં એના બાપે પેલી ગાંડી કાકી લેડી વ્યાટના વારસાની બાબતમાં એ લોકો સાથેનો સંબંધ બગાડી નાખેલો અને તે પછી એ બે કુટુંબો વચ્ચે પત્રવ્યવહાર સરખો નહોતો રહ્યો. એ લોકો તરફથી અંતિમક્રિયા વખતે પણ કોઈ આવ્યું નહોતું.

અને ઘરડેરાંઓએ જેવો 'બિચારી એમિલી' શબ્દ ઉચ્ચાર્યો કે લાગલી જ કાનાફુસી શરૂ થઈ ગઈ : 'તમને ખરેખર જ શું એવું લાગે છે ?' એ લોકો એકમેકને પૂછતા. 'હાસ્તો વળી એવું નહીં તો બીજું હોઈ શું શકે ....' આ પાછું મોઢા આડો હાથ રાખીને બોલ્યા;

બદામી ઘોડાંની જોડીની તીણી ને ઝડપી તબડાક તબડાક રસ્તા પરથી પસાર થતી હોય ત્યારે ચકની પટ્ટીઓ પાછળ ડોકી તાણતા રેશમ ને સાટીનનો સળવળાટ રવિવાર સાંજના ઢળતા તડકા પર ઘેરાઈ વળે : 'બિચારી એમિલી.'

અમે લોકો એને પતિતા માનતા હતા ત્યારેય એ તો એની ડોક ઊંચી જ રાખતી હતી. એ જોઈને એવું લાગતું કે જાણે ગ્રિયર્સન પરિવારના છેલ્લા સંતાન તરીકેના એના ગૌરવની અમે અગાઉ કરતાં પણ વધુ ઇજ્જત કરીએ એવો કેમ જાણે એ અમારી પાસે તગાદો ન કરતી હોય; કેમ જાણે એની મનસ્વિતાને પાછી અંકે કરવા માટે એના ગૌરવને આમ છેક કાદવમાં આળોટી લેવું જરૂરી ન લાગતું હોય. એણે ઉંદર મારવાનું ઝેર, આર્સેનિક, ખરીદ્યું તે પણ એ જ ઠસ્સાથી. લોકોએ 'બિચારી એમિલી' કહેવા માંડ્યું. તે પછી એક વરસ કરતાં વધારે વખત થઈ ગયેલો ને એની બે પિત્રાઈ બહેનો એને મળવા આવેલી તેવાકમાં આ ઘટના બનેલી.

'મારે થોડુંક ઝેર જોઈએ છે.' એણે દવાવાળાને જઈને કહ્યું. તે વખતે એ ત્રીસની ઉપર પહોંચી ચૂકી હતી. છતાં હજી એકવડી જ દેખાતી હતી. જો કે એની કાળી, ટાઢી ને ઘૂરકતી આંખોને કારણે એ સાધારણ કરતાં પણ વધુ દૂબળી દેખાતી. એ આંખો પણ પાછી જે ચહેરામાં તગતગતી તે ચહેરા પરનું માંસ પણ લમણા પર થઈને આંખના ખાડા પર તણાયેલું દેખાય. દીવાદાંડીના રખેવાળનો ચહેરો તમે જેવો કલ્પો તેવો એનો ચહેરો લાગતો. 'મારે થોડુંક ઝેર જોઈએ છે.' એણે કહ્યું.

'જી, મિસ એમિલી. કેવી જાતનું ઝેર ? ઉંદર વગેરે મારવાનું ને ? મારી ભલામણ છે કે ......'

'તમારી પાસે સારામાં સારું જે હોય તે મારે જોઈએ. કઈ જાતનું તેની મને પરવા નથી.'

દવાવાળાએ બે - પાંચ નામ લીધાં : 'આ દરેક ઝેરથી હાથી જેવા હાથીના પણ ઘડીમાં રામ રમી જાય. પણ આપને જેની જરૂર છે તે તો......'

'આર્સેનિક,' મિસ એમિલી બોલી ઊઠી. 'એ સારું ગણાય કે ?'

'આ...આર્સેનિક ? જી, બહેનજી.....પણ આપને તો જોઈએ છે......'

'મારે આર્સેનિક જોઈએ છે.'

દવાવાળો એના મોં સામે તાકી રહ્યો. એણે ટટાર ડોકે, પવનમાં સડસડતા વાવટા જેવે ચહેરે, વળતી દવાવાળાની આંખોમાં આંખો ઠેરવી.

'કેમ નહીં, જરૂર જરૂર,' દવાવાળો બોલ્યો, 'આપને તે જોઈએ તો, તો પણ... કાયદાનો તગાદો છે કે આપ તેનો શો ઉપયોગ કરવાના છો તે આપે કહેવું પડશે.'

મિસ એમિલી તો બસ એની સામે ટગર ટગર તાકી જ રહી. એણે એની ડોક સહેજ પાછળ ઢાળી જેથી બરાબર એની આંખમાં આંખો નોંધી શકાય. છેવટે પેલાએ પોતાની આંખ ઢાળી દીધી. અને આર્સેનિક કાઢીને બંડલ વાળ્યું, ઘેરબેઠાં માલ પહોંચાડવા માટે

દુકાનમાં નોકરી કરતો નિગ્રો છોકરો બંડલ એના હાથમાં આપી ગયો; દવાવાળો તો પાછો સામો આવ્યો જ નહીં. એણે ઘેર જઈને બંડલ ખોલ્યું ત્યારે અંદરના બોકસ પર ખોપરી ને હાડકાંની નિશાની હેઠળ લખેલું હતું : 'ઉંદર માટે.'

૪

એટલે બીજે દિવસે અમે બધાંએ બોલવા માંડ્યું, 'નક્કી એ હવે આપઘાત કરવાની;' અને અમે એમેય બોલતાં કે એ જ સહુથી સારો રસ્તો છે, એ સહુથી પહેલી હોમર બેરન સાથે દેખાવા માંડી ત્યારે અમે કહેલું, 'એ એને પરણશે.' પછી અમે કહેતાં. 'એ હજી એને સમજાવશે.' કારણ હોમરે જાતે કહેલું કે એ કંઈ પરણે કરે એવો માણસ નથી. એને તો પુરુષ ગમતા અને એ એલ્કની ક્લબમાં ઊગીને ઊભા થતા જવાનિયા ભેગો જ શરાબ પીતો ને પડ્યો પાથર્યો રહેતો, એય જાણીતી વાત હતી. તે પછી એ લોકો રવિવારે સાંજે ઝળહળતી બગ્ગીમાં બેસીને પસાર થતાં હોય. મિસ એમિલી ટટાર ડોકીએ બેઠી હોય ને હોમર બેરન એની હેટ વાંકી રાખીને, દાંત વચ્ચે સિગરેટ પકડીને પીળાં મોજાંવાળા હાથમાં લગામ ને ચાબૂક પકડીને બેઠો હોય, ત્યારે અમે ચકના પડદાની આડે ઊભાં ઊભાં બોલતાં, 'બિચારી એમિલી.'

પછી કેટલીક સન્નારીઓએ કહેવા માંડ્યું કે આ તો ગામનું કલંક છે ને જવાનિયાંને ખોટો ધડો બેસે છે. પુરુષો તો વચમાં પડવા માંગતા નહોતા, પણ છેવટે સન્નારીઓએ ગામના બાપ્ટિસ્ટ પાદરીને એની મુલાકાત લેવાની ફરજ પાડી. મિસ એમિલીનું કુટુંબ એપિસ્કોપલ હતું. એ મુલાકાત દરમ્યાન શું થયું એ તો પાદરી સાહેબ કદી કહેવાના નહિ, પણ એમને ફરી મુલાકાત લેવાની ઘસીને ના પાડી દીધી હતી. વળતે રવિવારે એ લોકો પાછાં રસ્તા પર બગીમાં બેસીને ફરવા નીકળ્યા, અને બીજે જ દિવસે પાદરીની વહુએ અલાબામા ખાતે મિસ એમિલીનાં સગાંઓને કાગળ લખ્યો.

એટલે ફરી એના ઘરના છત્ર હેઠળ એના ફકત સંબંધીઓ આવી લાગ્યાં. અને અમે લોકો હવે શું બને છે તેનો તાલ જોતાં બેઠાં. તે પછી અમને ખાતરી પડી કે એ લોકો પરણવાનાં હતાં. અમને જાણવા મળ્યું કે મિસ એમિલી ઝવેરીની દુકાને ગયેલી ને પુરુષને ખપનાં ચાંદીનાં પ્રસાધનોની વરદી આપી ગયેલી ને દરેક ચીજ પર 'હો. બે.' એવા અક્ષરો કોતરવાની સૂચના પણ આપી ગયેલી. બે દિવસ પછી અમે માહિતી મેળવી કે એણે રાતે પહેરવાના લાંબા ખમીસ સહિત પુરુષનાં કપડાંનો આખો સટ ખરીદ્યો હતો અને અમે બોલ્યા, 'ચાલો, એ લોક પરણી ગયાં.' અમે જાણે રાજી તો એટલાં થયાં કે પેલી બે પિતરાઈ બહેનો મિસ એમિલી કદી પણ નહોતી નીવડી તેટલા પ્રમાણમાં ગ્રિયર્સન વેલાની દીકરીઓ નીવડી હતી.

એટલે જ્યારે હોમર બેરન — આ દરમ્યાન રસ્તાનું કામકાજ પૂરું થયેલું - ત્યાંથી

અગિયારા ગણી ગયો ત્યારે અમને એની કશી નવાઈ ન લાગી. અમને જો સહેજ નિરાશા થઈ તો તે એટલી જ કે જાહેરમાં ભમભડાકા ન થયા, પણ અમે ધારેલું કે કાં તો એ મિસ એમિલીને લઈ જવાની તૈયારી કરવા ગયો હશે કે પછી એ એની પિતરાઈ બહેનોથી પોતાનો પિંડ છોડાવે તેની રાહ જોતો ક્યાંય બેઠો હશે. (ત્યાં સુધીમાં તો કાવતરાખોર ટોળી બંધાઈ ચૂકી હતી અને અમે બધા મિસ એમિલીની પિતરાઈ બહેનોને કાઢવાના પ્રયત્નમાં એના સાથીદારો બની ગયેલાં.) પરિણામ ઠરી ચૂકેલું હતું, બીજું એક અઠવાડિયું ગાળીને લોકોએ વિદાય લીધી અને, અમે પહેલેથી ધારતા જ હતાં તે મુજબ હોમર બેરન ત્રણ દિવસની અંદર જ ગામમાં પાછો આવી લાગ્યો. એક સમીસાંજે નિગ્રોએ રસોડાનું બારણું એને માટે ખોલેલું તે એક પડોશીએ જોયેલું.

અને હોમર બેરનને અમે એ જોયો તે જોયો. પછી પાછો નથી જોયો. અને મિસ એમિલીને પણ કેટલાક વખત સુધી નથી જોઈ. નિગ્રો ટોપલી લઈ ને બજાર જતો ને આવતો, પણ આગલા દરવાજા બંધના બંધ જ રહેતા. કોઈ કોઈ વખત અમે લોકો એને બારી પાસે પળવાર જોઈ લેતાં, પેલા ચૂનો છાંટનારાઓએ તે રાતે જોયેલી તે જ રીતે, પણ લગભગ છ મહિના સુધી એને રસ્તા પર નીકળેલી કોઈએ જોઈ નથી. પછી અમને સમજાયું કે આ પણ કંઈ ધારણા બહારનું તો ન કહેવાય; એના બાપના પેલા જે ગુણે એના સ્ત્રીજીવનને અનેકવાર ગૂંગળાવ્યું હતું તે ગુણ એટલો તો ઝેરી ચેપીલો ને હઠીલો હોઈ શકે કે એના બાપની ભેગો મરી નયે પરવારે.

અમે ફરી વાર મિસ એમિલીને જોઈ ત્યારે એ જાડી થઈ ગયેલી હતી અને એના વાળ કાબરા થવા માંડ્યા હતા. બીજાં થોડાં વર્ષોમાં એ વધુ ને વધુ કાબરા થતા ગયા અને છેવટે એ મરીમીઠાના ભૂકા જેવો કાબરચીતરો લોખંડી રંગ ધારણ કરીને જંપ્યા. ચુંવોતેર વર્ષની ઉંમરે એ મરણ પામી ત્યારે પણ કોઈ કર્મયોગી માણસને છાજે તેવો જોમદાર લોખંડી કાબરચીતરો રંગ એના વાળનો જેમનો તેમ જ રહેલો.

તે દિવસથી માંડીને એના આગલા દરવાજા બંધ જ રહેલાં. હા, એમાં છ-સાત વર્ષ બાદ કરવાં પડે. એ વર્ષોમાં એ જ્યારે ચાળીસની આસપાસ હતી ત્યારે એણે ચીનાઈ વાસણો પર ચિત્રકામ શીખવાનો વર્ગ ખોલેલો. એણે નીચેના એક કમરામાં એનો સ્ટુડિયો સજાવેલો ને ત્યાં કર્નલ સારટોરિસની પેઢીનાં લોકો પોતાની પુત્રીઓ અને પ્રપૌત્રીઓને દર રવિવારે પચ્ચીસ સેન્ટના સિક્કા સાથે દેવળમાં મોકલે તેવી જ ભાવનાથી મોકલતાં. દરમ્યાન એના વેરા પણ માફ કરી દેવામાં આવેલાં.

પછી નવી પેઢી ગામનો મોભ થઈ પડી અને એમની ભાવના ગામની ભાવના થઈ પડી. એટલે ચિત્રકામના વિદ્યાર્થીઓ પહેલાં કંઈક વધ્યા ને પછી ઘટી ગયા. લોકોએ હવે એમનાં છોકરાંને હાથમાં રંગની પેટીઓ ને કંટાળાભરેલા બ્રશ ને સ્ત્રીઓ માટેનાં માસિકોમાંથી કાપેલાં ચિત્રો લઈને ગ્રિયર્સનને ઘેર મોકલવાનું બંધ કર્યું. આમ એના આગલા દરવાજા છેલ્લા વિદ્યાર્થીને વિદાય કરીને બંધ થયા, તે થયા પછી ઊઘડ્યા જ નહિ. ગામને

ટપાલ ઘેરબેઠી પહોંચતી કરવાની મફત સરકારી સેવા મળી ત્યારે એકલી મિસ એમિલીએ એમને પોતાના ઘર પર ધાતુના નંબર લગાડવાની ને ટપાલપેટી લગાડવાની ના પાડી દીધી. એ એમની વાત સાંભળે તો ને ! અમે દરરોજ, દર મહિને, દર વરસે, પેલા નિગ્રોને બાસ્કેટ લઈને બજારમાં જતો ને આવતો જોતાં. એના વાળ ધોળા થતા ગયા ને એની કમર ખૂંધી થતી ગઈ તેનાયે અમે સાક્ષી છીએ. દર ડિસેમ્બરે અમે એને વેરાની નોટિસ મોકલતાં, જે એક અઠવાડિયા પાછી પોસ્ટ ઓફિસમાં પડી રહીને 'ઘણીએ લીધી નથી' એવી નોંધ સાથે પાછી ફરતી. કોઈ કોઈ વાર અમે એને ભોંયતળિયાની બારીઓ પૈકી એકાદની પાસે બેઠેલી જોતા – મકાનનો ઉપલો માળ તો એણે દેખીતી રીતે જ કાયમ માટે બંધ કરી દીધો જણાતો હતો. બારીની વચ્ચોવચ, કમર સુધી કોતરેલી મૂર્તિ ગોખલામાં હાલ્યાચાલ્યા વિના બેઠેલી હોય એવી એ દેખાતી. એ અમારી સામે જુએ છે કે નથી જોતી તેની તો અમને કદી પણ સમજ પડતી નહીં. આમ જ એ પ્રિય, અનિવાર્ય, અભેદ્ય, પ્રશાંત અને વિકૃત સ્ત્રી પેઢી પર પેઢી વટાવતી રહી.

અને એમ જ એ મરણ પામી. ધૂળથી ને ઓળાથી ભરેલા એ ઘરમાં એ માંદી પડી. ડગુમગુ થતાં પેલા નિગ્રો સિવાય એની ચાકરી કરનાર બીજું કોઈ નહોતું. અમને તો એ માંદી છે એની ખબરેય નહોતી પડી; નિગ્રો પાસેથી તો કશી માહિતી કઢાવવાનું અમે લાંબો વખત થયાં પડતું મૂકેલું. એ તો કોઈનીય જોડે અક્ષરેય બોલતો નહોતો. ઘણે ભાગે એની સાથે પણ નહીં બોલતો હોય, કારણ એનો અવાજ વપરાયા વિના કટાઈ ગયો હતો ને ઘોઘરો થઈ ગયો હતો.

ભોંયતળિયાના જ એક ખંડમાં, એક ભારે વાલનટના પલંગ પર એ મરણ પામી. પલંગ પર પરદા લટકતા હતા. વરસોથી તડકો ખાધો ન હોવાથી ફૂગ ચઢી ગયેલા ને પીળા પડી ગયેલા એક ઓશીકા પર એનું કાબરચીતરું માથું ટેકવેલું હતું.

૫

સહુ પહેલી જે સન્નારીઓ ત્યાં જઈ પહોંચી તેમને આગલે બારણે જ નિગ્રો સામે મળ્યો. એ સન્નારીઓ દબાયલા ઘુસપુસ અવાજે વાતો કરતી ને આમતેમ કુતૂહલભરી નજર ઝપઝપ ફેરવતી અંદર આવી એટલે એ ત્યાંથી ખસી ગયો. એ સીધો આખું મકાન વીંધીને પાછલે બારણેથી બહાર નીકળી ગયો તે નીકળી ગયો, ફરી કદી ત્યાં દેખાયો જ નહીં.

પેલી બે પિતરાઈ બહેનો તાબડતોબ આવી પહોંચી. બીજે દિવસે જ એમણે અંતિમક્રિયા રાખી. આખું ગામ મિસ એમિલીના અંતિમ દર્શન માટે આવી પહોંચ્યું. ખરીદેલાં ફૂલ હેઠળ એ સૂતી હતી. એની અરથી ઉપર એના બાપનું રંગીન રેખાચિત્ર ગૂઢ ચિંતનમાં ગરકાવ ટીંગાતું હતું અને ઘુસપુસ કરતી સ્ત્રીઓ ભયાનક રસ ઉમેરતી હતી; અને ત્યાં ઘરડા પુરુષો પણ આવીને અડાળીમાં ને બગીચામાં બેઠા હતા. કેટલાકે તો જૂના કાળના

કોન્ફેડરેટ લશ્કરના ગણવેશ પણ બ્રશ મારીને ચડાવેલા હતા. મિસ એમિલી એમની સમકાલીન જ હોય એવી રીતે એ લોકો વાતો કરતા હતા. એમણે એની સાથે નૃત્ય કર્યાં હતાં ને કદાચ પ્રેમ પણ કર્યો હતો, એમ અત્યારે એ લોક મન મનાવતા હતા. બધાં ઘરડાંઓ કરે છે તેમ આ લોકો કાળને એની અંકગણિત જેવી ગતિ સાથે સેળભેળ કરી નાખતા હતા. એવાં ઘરડાંઓને મન ભૂતકાળ એક કપાતા જતા રસ્તા જેવો નથી હોતો, પણ એક વિશાળ ચરા જેવો હોય છે. જેને કોઈ શિયાળો કદી પૂરેપૂરો સ્પર્શી શકતો નથી અને એ ચરાની ને એમની વચ્ચે બાટલીના સાંકડા ગાળા જેવાં તદ્દન તાજેતરના દશકા જ આડા આવતા જણાય છે.

એમને એ વાતની ક્યારનીયે ખબર પડી ગઈ હતી કે ઉપલે માળે એક ઓરડો એવો હતો જેને છેલ્લાં ચાલીસ વરસથી કોઈ માણસે નાંખી નજરેય જોયો નહોતો અને જેનાં બંધ બારણાં હવે તોડવા જ પડવાનાં હતાં. મિસ એમિલીનો દફનવિધિ સમીસારી રીતે પૂરો થયો ત્યાં સુધી એ લોકોએ ધીરજ ધરી અને પછી એમણે એ ઓરડો ખોલ્યો.

બારણાંને તોડી પાડવામાં જે બળ વાપરવું પડ્યું તેનાથી જાણે આખો ઓરડો ધૂળથી ઊભરાઈ જતો જણાયો. સૌભાગ્યરાત્રિ જેવાં સુશોભનોથી સજાવેલા આ આખાયે ખંડ પર મકબરામાં વરતાય તેવી એક આછી કડવી ગંધનું આવરણ છવાયેલું લાગતું હતું. ઝાંખા પડી ગયેલા ગુલાબી રંગના ઝૂલદાર પરદા પર, ગુલાબઘાટના બત્તીઓના ઝુમ્મર પર, શૃંગારસામગ્રીના મેજ પર, કંડારેલા કાચની નજાકતભરી ઝીણીમોટી સામગ્રી પર, ને નામના અક્ષરો વંચાય નહીં તેટલો બધો મેલ ચડી ગયેલી ચાંદીની પીઠવાળા પુરુષ માટે આણેલાં પ્રસાધનોની ચીજો પર, તમામ વસ્તુ પર એ ગંધની બિછાત પથરાઈ ગઈ હતી. એ બધાંની વચ્ચે એક કોલર ને ટાઇ પડ્યાં હતાં, કેમ જાણે હમણાં જ ઉતાર્યાં ન હોય. એને ઉપાડવામાં આવ્યાં ત્યારે નીચેની ધૂળ પર એમની એક ઝાંખી ચંદ્રાકાર નિશાની રહી ગઈ. એક ખુરશી પર કાળજીથી ગડી કરેલાં કોટ-પાટલૂન લટકતાં હતાં; એની નીચે બે મૂંગા બૂટ અને પગમાંથી કાઢેલાં મોજાં પડ્યાં હતાં.

માણસ પોતે પથારીમાં પડેલો હતો.

લાંબા વખત સુધી અમે ત્યાં સ્તબ્ધ ઊભાં રહ્યાં ને એ ગહન ને માંસવિહોણા સ્મિત પર નજર માંડી રહ્યાં. દેખીતી રીતે જ એ દેહ એક કાળે આલિંગનની મુદ્રામાં સૂતેલો હતો, પણ અત્યારે હવે દીર્ઘ નિદ્રાએ, જે રતિથીયે લાંબું જીવે છે ને જે રતિના દાંભિક હાવભાવનેય જીતી જાય છે એ દુરાચારિણી દીર્ઘ નિદ્રાએ, એને પોતાના પાશમાં ભીડી લીધો હતો, એના દેહનો અવશેષ એના રાતના પહેરણના અવશેષ હેઠળ સડી ગળીને, એ જે પથારી પર સૂતો હતો તેની સાથે અલગ ન કરી શકાય તેવો એકાકાર થઈ ગયો હતો; અને એની ઉપર તથા એની બાજુના ઓશીકાની ઉપર પેલી ધીરજના અવતાર સમી શાશ્વત ધૂળનું એકધારું સમાન અસ્તર પથરાયેલું હતું.

તે પછી અમારું ધ્યાન ગયું ને અમે જોયું કે બીજા ઓશીકા પર એક માથું મુકાયાનો

દાબ પડેલો હતો. અમારામાંથી એક જણે એના પરથી કશુંક ઉપાડ્યું અને અમે બધાં એના તરફ ડોક લંબાવીને તાકવા લાગ્યાં. અમારાં નસકોરાં પેલી આછી ને અદૃશ્ય ધૂળની, સૂકી ને કડવી ગંધથી ભરાઈ ગયાં હતાં તે વખતે અમે એક લાંબો તાંતણો જોયો, લોખંડ જેવા કાબરચીતરા વાળનો.

અનુ : પ્રબોધ ચોકસી

ખૂની એવો મારો દીકરો

બર્નાર્ડ માલામુડ

પિતા પરસાળમાં ઊભા ઊભા સાંભળે છે એવી લાગણી થતાં જ એ જાગી જાય છે. શું સાંભળે છે ? એને ઊંઘતો ને સ્વપ્ન જોતો સાંભળે છે. એને ઊભો થતો ને પેન્ટ માટે ફાંફાં મારતો સાંભળે છે. એને રસોડામાં જમવા ન જતો સાંભળે છે. બીડેલી આંખે અરીસામાં તાકી રહેતો સાંભળે છે. સંડાસમાં એમ બેસી રહેતો સાંભળે છે, વાંચી ન શકે એવા પુસ્તકનાં પાનાં ફટોપટ ઉથલાવતો સાંભળે છે. એનાં ક્રોધાવેશ, વેદના ને એકલતા સાંભળે છે. પિતા પરસાળમાં ઊભા છે. સાંભળી રહેલા પિતાને દીકરો સાંભળે છે.

અજનબી એવો મારો દીકરો, એ મને કાંઈ કહેતો જ નથી. હું બારણું ઉઘાડું છું ને પરસાળમાં મારા પિતાને જોઉં છું.

તમે ત્યાં શા માટે ઊભા રહ્યા છો, કામે કેમ જતા નથી ?

હંમેશની જેમ આ વર્ષે પણ મેં ઉનાળાને બદલે શિયાળામાં રજા લીધી છે.

આ અંધારી ગંધાતી પરસાળમાં ઊભા ઊભા મારી એકે એક હિલચાલની ચોકી કરવામાં, જે દેખાતું નથી એની કલ્પના કરવામાં એ વેડફી નાખવાના હો તો શું જખ મારવા લીધી ? તમે મારા પર જાસૂસી શા માટે કરો છો ?

મારા પિતા એમના રૂમમાં ચાલી જાય છે ને થોડી વાર પછી પાછા પરસાળમાં આવીને સાંભળે છે.

કોઈક વાર હું એના ઓરડામાં એનો અવાજ સાંભળું છું પણ એ મારી સાથે વાત કરતો જ નથી ને મને સૂઝ પડતી નથી કે શાનું શું છે. કોઈ પણ પિતા માટે આ અનુભવ ભયંકર છે. કોઈક દિવસ કદાચ એ મને સરસ કાગળ લખશે, માય ડિયર ફાધર....

માય ડિયર સન હેરિ, તારું બારણું ઉઘાડી નાખ.

કેદી એવો મારો દીકરો.

મારી પત્ની સવારથી જ મારી દીકરીનું ચોથું બાળક આવવાનું છે એટલે એની પાસે

ચાલી જાય છે. મા દીકરીની રસોઈ કરે છે. બધું સાફસૂફ કરે છે ને બાળકોની સંભાળ રાખે છે. મારી દીકરીને હાઈબ્લડ પ્રેસર હોવાથી એની સુવાવડ આકરી છે ને એ લગભગ પથારીવશ જ રહે છે. મારી પત્ની આખો દિવસ ત્યાં જ હોય છે. એને ખબર છે હેરિને કાંઈક થયું છે. ગયે ઉનાળે એ ગ્રેજ્યુએટ થયો ત્યારથી બેચેન રહે છે. એકલવાયો રહે છે, પોતાના વિચારમાં જ ડૂબેલો રહે છે. એની સાથે વાત કરીએ તો અડધો વખત એ બૂમો જ પાડે છે. એ છાપાં વાંચે છે, સિગારેટ પીએ છે. પોતાના ઓરડામાં જ રહે છે. કોઈક વાર એ ફરવા જાય છે.

હેરિ, ફરવાનું ગમ્યું ?

ફરવાનું.

મારી પત્નીએ એને કામ શોધી કાઢવાનું કહ્યું ને એકાદ વાર એ શોધમાં પણ ગયો. પરંતુ એને કાંઈક ઓફર મળી ત્યારે તો એણે નોકરી સ્વીકારી નહીં.

એવું તો નથી જ કે મારે કામ નથી કરવું. એ જ કે મને બેચેની થાય છે.

તને બેચેની કેમ થાય છે ?

મને જે થાય છે તે થાય છે. મને જે છે તે થાય છે.

તારી તબિયતને કાંઈ થયું છે, બેટા ? તો તારે ડોક્ટર પાસે જવું જોઈએ ?

મને બેટા કહીને ન બોલાવો, મારી તબિયતને કાંઈ થયું નથી. એ જે થતું હોય તે મારે એની વાત કરવી નથી. કામ મારે જોઈએ છે એવું નહોતું.

તો ત્યાં સુધી કાંઈક કામચલાઉ શોધી કાઢ, મારી પત્નીએ કહ્યું.

એ બૂમો પાડવા માંડે છે. બધું જ કામચલાઉ છે. જે પહેલેથી જ કામચલાઉ છે એમાં મારે કાંઈ શા માટે ઉમેરવું જોઈએ ? મારું પાણી કામચલાઉ છે. જગત કામચલાઉ છે. એમાં પાછું મારે કામચલાઉ કામ નથી જોઈતું. મારે કામચલાઉથી ઊલટું જોઈએ છે, પણ એને ક્યાં શોધવા જવું ? એ ક્યાં મળી આવે ?

મારા પિતા રસોડામાં ઊભા ઊભા કામચલાઉ રીતે સાંભળે છે.

મારો કામચલાઉ દીકરો.

માએ કહ્યું કે તું કામે લાગીશ તો તને ચેન પડશે, હું ઈન્કાર કરું છું. હું બાવીસનો છું, ગયા ડિસેમ્બરથી ડિગ્રી મેળવી છે ને તમને તો ખબર છે એને ક્યાં ચિટકાવી શકાય. રાતે ટેલિવિઝનમાં હું સમાચાર સાંભળું છું. રોજેરોજ યુદ્ધ નિહાળું છું. એ નાના પરદા પરનું મોટું યુદ્ધ છે. કોઈક વાર હું નીચો નમું છું ને મારી હથેળીથી યુદ્ધને સ્પર્શ કરું છું. હું મારો હાથ મરી જાય એની રાહ જોઉં છું.

મરેલા હાથવાળો મારો દીકરો.

કોઈ પણ દિવસે મને ભરતી કરી દેશે, પણ હવે મને એની જરાય ચિન્તા થતી નથી. હું નહીં જાઉં. ક્યાંક ચાલી જવાનો વિચાર મને ભારરૂપ લાગે છે તો પણ હું કાં તો કેનેડા, કાં તો બીજે ક્યાંક ચાલી જઈશ.

એની હાલત એવી છે કે મારી પત્ની ગભરાઈ જાય છે ને સવારે મારી દીકરીને ત્યાં ત્રણ બાળકોની સંભાળ લેવા જવાનું થાય છે ત્યારે આનંદમાં આવી જાય છે. હું એકલો પડું છું પણ એ મારી સાથે વાત કરતો જ નથી.

તારે હેરિને બોલાવવો જોઈએ ને એની સાથે વાત કરવી જોઈએ, મારી પત્ની મારી દીકરીને કહે છે.

કોઈક વાર કરીશ, પણ ભૂલતાં નહી કે અમારા બંનેની ઉંમરમાં નવ વર્ષનો ફેર છે. મને એમ છે કે એ મને બરાબર બીજી મા જ માને છે ને એને એક બસ છે. મને એ ગમતો હતો, પણ વિચારોની આપલે ન કરે એવા માણસ સાથે કામ પાડવું આકરું છે.

એને હાઇ બ્લડપ્રેસર રહે છે. મને એમ છે કે એને બોલાવતાં ડર લાગે છે.

મેં કામ પરથી બે અઠવાડિયાંની રજા લીધી છે. હું પોસ્ટ ઑફિસમાં ટિકિટબારીએ કલાર્ક છું. મેં સુપરિન્ટેન્ડન્ટને કહ્યું કે મને જરાય ચેન પડતું નથી, ને એ જરાય ખોટું નથી, એટલે એમણે કહ્યું કે મારે સિકલીવ લેવી જોઈએ. પણ મેં કહ્યું કે હેરિએ મને ચિંતામાં નાખી દીધો છે એટલે હું ગેરહાજર રહું છું.

લિયો, મને ખબર છે તારે શું કહેવું છે. મારે પોતાને પણ મારાં બાળકોની ફિકરચિંતા છે. ઘરે બે દીકરી રાતદહાડો વધ્યે જતી હોય એનું ભાગ્ય ગિરવે મુકાઈ જાય છે, તેમ છતાં આપણે જીવવું પડે છે. શુક્રવારે રાતે તું પોકર રમવા આવીશ ? મન બહેલાવવાનો આ સરસ કીમિયો જતો કરવા જેવો નથી.

જોઈશ ત્યાં સુધીમાં મને કેવુંક લાગે છે, કેવુંક રહે છે. વચન નથી આપતો.

આવવાનો પ્રયત્ન કરજે. આ બધું તો ચાલ્યા જ કરે છે. તને જો સારું લાગે તો આવી પહોંચજે. તને જો આટલું સારું ન લાગે તો પણ આવી પહોંચજે, એનાથી કદાચ તારા મનમાં જે ભીંસ ને ચિંતા રહે છે એનો ભાર હળવો થઈ જશે. આ ઉંમરે આટલી બધી ચિંતા વેંઢારીને ફરવું એ તારા હૃદય માટે સારું નથી.

આ તો આકરામાં આકરી ચિંતા છે, હું જો મારી ચિંતા કરતો હોઉં તો મને ખબર હોય કે શી ચિંતા છે. મારે કહેવું એમ છે કે કાંઈ છૂપું રહેતું નથી. હું મનમાં ને મનમાં કહી શકું. લિયો, તું મૂરખ છે, નાહકની ચિંતા કરવી મૂકી દે. ચિંતા – ને તે પણ શાની, થોડા ડોલરની ? મારા પર અનેક ચડતીપડતી આવી છે છતાં પણ જે હંમેશાં ઠીક ઠીક ટકી રહી છે એવી મારી તબિયતની ? હવે હું સાઠનો થવા આવ્યો છું ને કાંઈ નાનો નથી રહ્યો એ વાતની ? જે કાંઈ ઓગણસાઠની ઉંમરે મરતું નથી તે સાઠનું થાય છે. કાળ જો તમારી પાછળ પડ્યો હોય તો એને હંફાવી શકાતો નથી. પણ ચિંતા બીજા કોઈક વિષેની હોય તો એ આકરામાં આકરી હોય છે. એનું નામ જ ખરી ચિંતા કારણ કે એ પોતે જો કહે નહીં તો બીજા કોઈકની અંદર જઈ શકાતું નથી ને શા માટે એ જાણી શકતું નથી. બંધ કરવાની સ્વિચ ક્યાં છે એની ખબર પડતી નથી. બસ વધુ ને વધુ ચિંતા કરવાની રહે છે.

એટલે હું પરસાળમાં ઊભો રહું છું.

હેરિ, યુદ્ધની ચિંતા ન કર.

શાની ચિંતા કરવી એ મને ન કહો.

હેરિ, તારા પિતા તને ચાહે છે. તું નાનો હતો ત્યારે રોજ રાતે હું ઘરે આવતો ત્યારે તું મારી પાસે દોડી આવતો. હું તને ઊંચકી લેતો ને છત સુધી ઊંચો કરતો. તારા નાના હાથથી એને અડવાનું તને ગમતું.

મારે એ વિશે કાંઈ જ સાંભળવું નથી. મારે જેને વિશે સાંભળવું નથી એ આજ વાત છે. હું જ્યારે બાળક હતો એ વિશે જ મારે સાંભળવું નથી.

હેરિ, આપણે અજનબીની જેમ જીવીએ છીએ. હું તો એટલું જ કહું છું કે મને સારા દિવસો યાદ આવે છે, જ્યારે આપણે એકબીજાને ચાહતા હતા એ દેખાડતાં ગભરાતા નહોતા એ યાદ આવે છે.

એ કાંઈ કહેતો જ નથી.

ચાલ તને ઈંડું બનાવી દઉં.

મારે ઈંડું નથી જોઈતું, જગતમાં મારે એ તો કોઈ હિસાબે નથી જોઈતું.

તો તારે શું જોઈએ છે ?

એણે પોતાનો કોટ પહેર્યો. કપડાંની ખીંટીએથી પોતાની હેટ ખેંચી લીધી ને દાદર ઊતરી રસ્તા પર ચાલ્યો ગયો. લાંબો કોટ ને ચોળાયેલી બ્રાઉન હેટ પહેરીને હેરિ ઓશન પાર્કવે પર ચાલવા માંડ્યો. એને ખબર હતી કે પિતા એની પાછળ પાછળ આવે છે ને એને લીધે એને ક્રોધ ચડ્યો.

એ પાછો વળ્યો નહીં. વિશાળ માર્ગના છેડા સુધી એ ઝડપી ગતિએ બોલ્યો. અત્યારે ફૂટપાથની બાજુમાં જ્યાં કોંક્રિટનો સાઈકલ રસ્તો હતો ત્યાં અસલના દિવસોમાં ઘોડાઓની કેડી હતી. ને હવે વૃક્ષો પણ જૂજ હતાં, ને એમની કાળી ડાળીઓ તડકાવિહોણા આકાશને ચીરતી હતી. એવન્યુ એક્સને છેડે, કાનિ આઈલેન્ડની ગંધ આવવા માંડે છે ત્યાં એણે રસ્તો ઓળંગ્યો ને ઘર તરફ ચાલવા માંડ્યું. એ હજીયે ખૂબ ગુસ્સે હતો તો પણ પિતાએ રસ્તો ઓળંગ્યો એ ન જોયાનો ડોળ કર્યો. પિતાએ રસ્તો ઓળંગ્યો ને દીકરાની પાછળ પાછળ ઘર તરફચાલવા માંડયું. એ ઘર પાસે આવ્યા ત્યારે એ સમજી ગયા કે હેરિ ક્યારનો ઘરે છે. એ એના રૂમમાં હતો ને એનું બારણું બંધ હતું. એના ઓરડામાં એ જે કાંઈ કરતો તે એ ક્યારનો કરવા માંડયો હતો.

લિયોએ પોતાની ચાવી કાઢી ને ટપાલપેટી ઉઘાડી. એમાં ત્રણ કાગળ હતા. એણે જોઈને ખાતરી કરી કે એમાંથી એક કદાચ એના દીકરાએ એને લખ્યો હોય એવું તો નથી ને ! માય ડિયર ફાધર, મને મારી વાત સમજાવા દો. હું જે રીતે વર્તું છું એ રીતે વર્તવાનું કારણ ....પણ આવો કાગળ હતો જ નહીં, એમાંનો એક કાગળ પોસ્ટ ઑફિસ બેનિવોલન્ટ સોસાયટીનો હતો. એ એણે પોતાના કોટના ખિસ્સામાં મૂક્યો. એ ટપાલ આપવા દીકરાના

રૂમ પાસે આવ્યો, એણે બારણે ટકોરા માર્યા ને રાહ જોઈ.

એણે થોડી વાર રાહ જોઈ. દીકરાના હુંકારાના જવાબમાં એણે કહ્યું, તારા પર ભરતી બોર્ડનો કાગળ છે. એણે હાથો ફેરવ્યો ને ઓરડામાં પ્રવેશ કર્યો. હેરિ બીડેલી આંખે પથારીમાં સૂતો હતો.

ટેબલ પર મૂકવો હોય તો મૂકો.

તું એ ઉઘાડતો કેમ નથી ? તું કહે તો હું એ તને ઉઘાડી દઉં ?

ના, હું તમને એ ઉઘાડવાનું કહેતો નથી. ટેબલ પર મૂકી દો. મને ખબર છે એમાં શું છે.

એમાં શું છે ?

એ મારું કામ છે.

પિતાએ ટેબલ પર મૂકી દીધો.

દીકરા પરનો બીજો પત્ર લઈને એ ઓરડામાં ગયા. એમણે બારણું બંધ કર્યું ને કિટલીમાં થોડું પાણી ઉકાળ્યું. એમને એમ કે એ ઝડપથી વાંચી લેશે ને પછી કવરની કોર બહાર નીકળે નહીં એ રીતે થોડો ગુંદર લગાવીને ચોંટાડી દેશે. પછી નીચે જશે ને એ ટપાલપેટીમાં પાછો નાખી દેશે. એની પત્ની જ્યારે દીકરીને ઘરેથી પાછી આવશે ત્યારે એની ચાવીથી બહાર કાઢશે ને હેરિ પાસે લઈ જશે.

પિતાએ કાગળ વાંચ્યો. એ કોઈક યુવતીનો ટૂંકો કાગળ હતો. યુવતી કહેતી હતી કે હેરિ એનાં બે પુસ્તક છથી યે વધારે મહિનાથી લઈ ગયો હતો ને એ એમને ખૂબ કિંમતી ગણતી હતી. એટલે એને એ પાછાં મોકલી દે તો સારું. બીજી વાર કાગળ લખવો ન પડે એ માટે એ બને તેટલાં વહેલાં મોકલી દેશે ને ?

લિયો યુવતીનો કાગળ વાંચતો હતો ત્યાં તો હેરિ રસોડામાં આવ્યો ને એણે જ્યારે પિતાના ચહેરા પર આશ્ચર્ય ને અપરાધનો ભાવ જોયો કે તરત એણે એમના હાથમાંથી કાગળ આંચકી લીધો.

તમે મારા પર જે રીતે જાસૂસી કરો છો એ જોતાં મારે તમારું ખૂન કરવું જોઈએ.

લિયો બીજી તરફ ફરી ગયો ને રસોડાની નાની બારીમાંથી એપાર્ટમેન્ટ હાઉસના અંધારા કમ્પાઉન્ડમાં જોવા માંડ્યો. એનો ચહેરો લાલ ડાઘાળો હતો, આંખો ઉદાસ હતી ને એને સૂગ ચડતી હતી.

હેરિએ એકીનજરે કાગળ વાંચ્યો ને ફાડી નાખ્યો. પછી એણે 'અંગત' લખેલું કવર ફાડી નાખ્યું.

જો ફરી વાર આમ કર્યું છે તો નવાઈ ન પામતા, હું તમારું ખૂન કરીશ. મારા પર તમને જાસૂસી કરતાં જોઈને મને સૂગ ચડે છે.

હેરિ ઘરની બહાર ગયો.

લિયો એના રૂમમાં ગયો ને ચારેકોર જોવા માંડ્યો. એણે કબાટનાં ખાનામાં જોયું પણ

કાંઈ જ અસામાન્ય ન મળ્યું. બારી પાસે મેજ પર હેરિએ જેના પર લખ્યું હતું તે કાગળ હતો. લખ્યું હતું : ડિયર એડિથ, તું જાનમની ખાડમાં શા માટે નથી પડતી ? ફરી વાર આવો કાગળ લખ્યો છે તો હું તારું ખૂન કરીશ.

પિતાએ પોતાના હેટ ને કોટ લીધાં ને ઘરની બહાર ગયા. થોડી વાર દોડતાં દોડતાં પછી ચાલતાં ચાલતાં જ્યાં સુધી હેરિને રસ્તાની સામેની બાજુએ જોયો નહીં ત્યાં સુધી એમણે દોટ મૂકી.અરધા રસ્તા જેટલે અંતરે એ એની પાછળ પાછળ ચાલ્યા.

હેરિની પાછળ પાછળ એ કોનિ આઇલેન્ડ એવન્યૂ આવ્યા ને એને આઇલેન્ડ જતી ટ્રોલિબસમાં ચડતો સમયસર જોઈ શક્યા. લિયોને બીજી બસની રાહ જોવી પડી. એણે ટેક્સી કરવાનો ને બસની પાછળ પાછળ જવાનો વિચાર કર્યો, પણ એકેય ટેક્સી નીકળી નહીં. બીજી બસ પંદર મિનિટ પછી આવી ને એ એમાં છેક આઇલેન્ડ સુધી ગયો. ફેબ્રુઆરી મહિનો હતો ને કોનિ આઇલેન્ડ ઠંડોગાર ને સૂમસામ હતો. સર્ફ એવન્યૂમાં કેટલીક કાર હતી ને રસ્તાઓમાં કેટલાક માણસો હતા. બરફ પડશે એવું લાગ્યું. પોતાના દીકરાને શોધતો લિયો. બરફની ઝડીમાં પાળ પર ચાલ્યો. તડકાવિહોણા ભૂખરા સાગરકિનારા સૂમસામ હતા. હોટ-ડોગનાં સ્ટેન્ડ, નિશાનખાનાં ને સ્નાનઘરનાં શટર બંધ થઈ ગયાં હતાં. પીગળેલા સીસાની જેમ હલતો તોપરંગી સાગર થીજી રહ્યો દેખાતો હતો. પાણી પર થઈને પવન વાતો હતો. ને એનાં કપડાંમાં ભરાતો હતો એથી એ ચાલતાં ચાલતાં ધ્રૂજતો હતો. સીસાભારે મોજાંને પવન સફેદ તાજ પહેરાવતો હતો ને ઓછા તરંગો સૂમસામ કિનારા પર શાંત ગર્જના કરી પછડાતા હતા.

દીકરાને શોધતો શોધતો એ સૂસવાટામાં ને સૂસવાટામાં છેક સી ગેટ સુધી ગયો ને પછી પાછો વળ્યો. બ્રાઇટન તરફને રસ્તે એણે એક માણસને કિનારે ફીણાતા તરંગોમાં ઊભો રહેલો જોયો. લિયો પાળનાં પગથિયાં ઊતર્યો ને પાંસળીદાર રેતાળ કિનારે આવ્યો. કિનારા પરનો માણસ હેરિ હતો ને એ ઘૂંટી સમાણાં પાણીમાં ઊભો હતો.

લિયો દીકરા પાસે દોડ્યો. હેરિ, મારી ભૂલ થઈ, મને માફ કર. મેં તારો કાગળ ઉઘાડ્યો એ માટે હું દિલગીર છું.

હેરિ પાછો વળ્યો નહીં. સીસાભારે મોજાં પર આંખ માંડીને એ પાણીમાં ઊભો રહ્યો.

હેરિ, મને ભય લાગે છે. મને કહે શું થાય છે. માય સન, મારા પર રહેમ કર.

આ જગત મારે લાયક નથી, હેરિએ વિચાર કર્યો. એ મારામાં ભય જન્માવે છે. એણે કાંઈ કહ્યું જ નહીં.

પવનના એક સૂસવાટે પિતાના માથા પરની હેટ ઊંચકી લીધી ને કિનારા પરથી દૂર દૂર ફગાવી દીધી. પહેલાં તો એમ લાગ્યું કે એ જાણે તરંગોમાં જઈને પડશે, પણ પછી તો પવન એને જમીન પર પૈડાંની જેમ ફેરવતો ફેરવતો પાળ પાસે તાણી ગયો. લિયોએ પોતાની હેટનો પીછો પકડ્યો. એનો પીછો કરતાં એ આમ દોડ્યો. પછી તેમ દોડ્યો, પછી પાણીમાં દોડ્યો. પવને હેટને એના પગ પર ફંગોળી ને એણે એ ઝડપી લીધી. એણે

થીજવા માંડેલી હેટ માથા પર કાન વળી ગયા ત્યાં સુધી ખેંચીને પહેરી, ત્યાં સુધીમાં એ રડવા માંડ્યો હતો. અધ્ધર શ્વાસે એણે પોતાની આંખો લૂછી ને પાછો પાણીની કોરે દીકરા પાસે ગયો.

એ એકલવાયો છે. એ સ્વભાવથી જ એવો છે, લિયોએ વિચાર કર્યો. એ હંમેશાં એકલવાયો જ રહેશે.

એકલવાયો બનેલો મારો દીકરો.

હેરિ, હું તને શું કહી શકું ?હું તો તને માત્ર આટલું જ કહી શકું કે કોણ કહે છે જિંદગી સરળ છે ? એમ ક્યારથી છે ? મારે માટે એ સરળ નહોતી ને તારે માટે સરળ નથી. એ જિંદગી છે, હું વધુ તો શું કહી શકું ? પણ જો કોઈકને જીવવું ન હોય તો એ મરી ગયા પછી શું કરી શકવાનો ? એને જો જીવવું ન હોય તો પછી એ મરવાને લાયક છે.

હેરિ, ઘરે ચાલ, એમણે કહ્યું અહીંયાં ઠંડી છે. તારા પગ પાણીમાં રાખવાથી તને શરદી થઈ જશે.

હેરિ નિશ્ચલ ઊભો રહ્યો ને એના પિતા થોડી વાર પછી ચાલ્યા ગયા. એ ચાલી જતા હતા ત્યાં પવને એમના માથા પરથી હેટ ઝડપી લીધી ને રેતી પર ગબડતી મૂકી દીધી.

મારા પિતા પરસાળમાં ઊભા છે. હું એમને મારો કાગળ વાંચતાં પકડી પાડું છું. એ રસ્તામાં થોડે અંતરે મારી પાછળ પાછળ આવે છે. અમે પાણીની કોરે મળીએ છીએ. એ પોતાની હેટ પાછળ દોડે છે.

મારો દીકરો પોતાના પગ સમુદ્રમાં રાખી ઊભો છે.

અનુ : જયંત પારેખ

તૃણનો મસૂણ સ્પર્શ

લુઇજી પિરાન્દેલો

બાજુના ઓરડામાં મોટી ખુરશીમાં એ ઊંઘતા હતા. શબપેટીને ઢાંકણું જડી દઈએ એ પહેલાં તમારે એમનાં અંતિમ દર્શન કરવાં છે એમ પૂછવા એ બધાં ત્યાં ગયાં.

'અંધારું છે, કેટલા વાગ્યા ?' એમણે પૂછ્યું.

સવારના સાડા નવ થયા હતા, પરંતુ દિવસ ગોરંભાયેલો હતો એટલે અજવાળું ઝાંખું હતું. સ્મશાનયાત્રા દસ વાગે કાઢવાનું નક્કી થયું હતું.

સિન્યોર પાર્દી એ બધાં સામે ગમગીન આંખે તાકી રહ્યા. હું આટલે મોડે સુધી ને આખી યે રાત આટલો ઘસઘસાટ ઊંઘી શક્યો એ વાત કેમેય એમને ગળે ઊતરતી નહોતી. ઊંઘને લીધે તેમ જ આ છેલ્લા દિવસોના શોકને લીધે હજી યે એમનાં અંગ બહેરાં હતાં. પાંખા અજવાળામાં પોતાની ખુરશીની આસપાસ ભેગાં થયેલાં પડોશીઓનાં મુખને આઘાં કરવા માટે પોતાના મોં પર એમણે ખરેખર હાથ ઢાંકી દીધા હોત; પણ ઊંઘે એમના શરીરને સીસા જેવું ભારે બનાવી દીધું હતું. ને એમને ઊભા થવાનો આગ્રહ કરતી હોય એવી ઝણઝણાટી પગનાં આંગળાંમાં થઈ ખરી છતાં થઈ ન થઈ ત્યાં જ શમી ગઈ. હજીયે શું એમણે પોતાના શોકનું શરણ લેવું પડશે ? એમનાથી મોટેથી બોલી જવાયું. 'હંમેશાં ...' પણ એ આ એવી રીતે બોલ્યા જાણે ફરી પાછા ઊંઘી જવા માટે રજાઈમાં લપાતા ન હોય ! હંમેશાં શું ?

દિવસેય, હમેશાં અંધારું જ હોય છે એમ કહેવાનું એમને મન હતું. પણ કાંઈ જ સમજાયું નહીં. એના મૃત્યુ પછીના દિવસનું એની સ્મશાનયાત્રાના દિવસનું. આ આછું અજવાળું ને વળી, એ બાજુના જ ઓરડામાં મૃતાવસ્થામાં પડી હોય ત્યારની, પોતાની આ ગાઢ નીંદર એમને નિરંતર યાદ રહેવાનાં. કદાચ બારીઓ.....

'બારીઓ ?'

હા. એ હજીયે બંધ હતી. આખીયે રાત કોઈએ એ ઉઘાડી જ નહોતી, ને ટપટપ

ઓગળી રહેલી પેલી મોટી મીણબત્તીઓનું હૂંફાળું તેજ હજી સઘળે વળગી રહ્યું હતું. પલંગ ખસેડી લેવામાં આવ્યો હતો ને એ પોતાની ગાદી બિછાવેલી શબપેટીમાં સૂતી હતી. ગાદીના ક્રીમ રંગના સાટીનને પડછે એ અક્કડ ને ફિક્કીફચ લાગતી હતી.

ના. બસ થયું. એમણે એને જોઈ લીધી.

એમણે આંખો ઢાળી દીધી. આ છેલ્લા કેટલાક દિવસના સતત રડવાથી હવે એ બળવા માંડી હતી. બસ થયું. એમણે નીંદર કરી હતી ને એ નીંદર ભેગું બધું જ નિર્મળ થઈ ગયું હતું. હવે, શોકભરી રિક્તતાના ભાન સાથે, એમણે નિરાંત અનુભવી. શબપેટીને ભલે ઢાંકણું જડી દેવાય ને પોતાના વીતેલા જીવનનું એમાં જે છે તે ભલે દૂર લઈ જવાય.

પણ હજી તો એ હાજર હતી એટલે....

એ કૂદીને ઊભા થયા ને લથડ્યા. બધાંએ એમને પકડી લીધા ને એમણે પોતે પણ, આંખો હજી યે બીડેલી રાખીને, ઉઘાડી શબપેટી પાસે જાતને દોરવા દીધી. એમણે જ્યારે પોતાની આંખ ઉઘાડી ને એને નિહાળી ત્યારે એને નામ દઈને પોકારી. એ નામનું અસ્તિત્વ કેવળ એમને માટે જ હતું. બંનેએ સાથે માણેલા જીવનની પૂર્ણતા રૂપે એમણે એને એ નામે જ નીરખી હતી. એને આમ મૃતાવસ્થામાં નિશ્ચલ પડેલીને એકીટશે નિહાળી રહેલાં બીજાં બધાં તરફ એમણે રોષભરી નજર નાખી. એ બધાં એને શું ઓળખે ? એનો વિયોગ આવી પડવાથી મારે શી વીતશે એની આ બધાં તો કલ્પનાયે નહીં કરી શકે. ચીસ પાડવાની ઇચ્છા એમને થઈ, ને એ છતી થઈ ગઈ હોવી જોઈએ, કારણ એમણે આઘા લઈ જવા માટે એમનો દીકરો એકદમ પાસે આવી ગયો. આનો અર્થ એ તરત જ સમજી ગયા ને કોઈએ નખશિખ નગ્ન કરી નાખ્યા હોય એવી ટાઢ એમને લાગી. ફિટકાર છે – છેલ્લી ઘડી સુધી, આખી રાતની નીંદર કર્યા પછીયે, એ ને એ મૂર્ખ વિચારો, હવે ઉતાવળ કરવી જોઈએ ને ચર્ચ સુધી શબપેટીને વળાવવા આવેલા મિત્રોને વધારે રોકી રાખવા ન જોઈએ.

‘જુઓ, બાપુજી, જરા સમજુ બનો જોઉં.’

રોષભરી દયામણી આંખે શોકાર્ત સ્વજન ફરીથી પોતાની મોટી ખુરશી તરફ વળ્યો.

સમજુ, હા; એમના હૃદયમાં વિષાદ ઊભરાતો હતો, શબ્દ કે કાર્ય દ્વારા એ કદીયે વ્યક્ત કરી શકાય એમ નહોતો, એથી ાર્તનાદ કરવાનો કોઈ જ અર્થ નહોતો. અમુક ઉંમરે, પોતાની પત્નીને એ હજીયે ઝંખતો હોય એ ઉંમરે, પતિ વિધુર બને ને જે ખોટ અનુભવે, તથા અમુક સમયે બરાબર અણીને પળે પુત્ર માવિહોણો બને ને જે ખોટ અનુભવે એ બંને શું સરખી હોઈ શકે ? અણીની પળ, કારણ કે એ પરણવાની અણી પર જ હતો ને હવે, ત્રણ મહિનાનો શોક પળાઈ રહેતાં વેંત, એ પરણી જવાનો; એમાં તો હવે ઘરની દેખરેખ રાખવા માટે કોઈ સ્ત્રી હોય તો બંનેને નિરાંત એનું બહાનું પણ ભળ્યું હતું.

‘પાર્દી ! પાર્દી !’ પરસાળમાંથી બધાંએ બૂમ પાડી.

એ બધાં મને નહીં પણ મારા પુત્રને સાદ કરે છે એમ એમને પહેલી વાર સ્પષ્ટ સમજાયું ત્યારે એની ટાઢ વધારે કપરી બની ગઈ. આજથી એમની અટક હવે વધારે તો એમના

પૂતળી બની જશે. ને એમણે મૂર્ખની જેમ, અંદર જઈને પોતાની સંગિનીનું જીવતી વેળાનું નામ પોકારીને એને લાંછન લગાડ્યું હતું. ફિટકાર છે ! હા, હવે એમને ભાન થયું, આટલી ગાઢ નીંદરે મને પૂરેપૂરો નિર્મળ કરી દીધા પછી આવા વિચાર તો નિરર્થક, [illegible].

હવે એમને ટકાવી રાખે એવી એક અત્યંત મહત્ત્વની વાત હતી, નવા ઘરની વ્યવસ્થા કેવી હશે એ જાણવાની ઉત્કંઠા. દાખલા તરીકે, એમની સૂવાની જગ્યા ક્યાં રાખવામાં આવશે ? મોટો બેવડો પલંગ તો ખસેડી લીધો છે. એમનો નાનો પલંગ આપવામાં આવશે ? એમણે કલ્પના કરી. હા, કદાચ એમના દીકરાનો જ એકવડો પલંગ. હવે એમને નાનો પલંગ આપવામાં આવશે. ને એમનો દીકરો થોડા જ વખતમાં મોટા પલંગમાં પોઢશે, એની પત્ની એનાથી હાથવેંત જ છેટી હશે. જે નાના પલંગમાં એકલા પડ્યા પડ્યા એ પોતાના હાથ આછી હવામાં વીંઝશે.

ભીતર અને બહાર ચારે બાજુ રિક્તતાનો સ્પર્શ કરતાં કરતાં એમણે સુસ્તી અનુભવી. આટઆટલું બેસીબેસીને એમને શરીરે ખાલી ચડી ગઈ હતી. એમને લાગ્યું : અત્યારે હું ઊભો થવાનો પ્રયાસ કરીશ તો. ને હવે મારા જીવનનું પરિણામ શૂન્યમાં આવ્યું જ છે એટલે, આ સકળ રિક્તતામાં હું બેશક પીંછાની જેમ હળવો ફૂલ બનીને ઊડી જઈશ. એમની ને એમની મોટી ખુરશીની વચ્ચે હવે જરાય ભેદ રહ્યો નહોતો. તો પણ એ ખુરશી તો પોતાના ચાર પાયા પર સ્થિર હતી, જ્યારે પોતાનાં પગ ને પાની ક્યાં છે ને પોતાના હાથનું શું કરવું એની એમને સૂઝ પડતી નહોતી. પોતાના જીવનની એમને ક્યાં કાંઈ પડી હતી ? એમ તો બીજાનાં જીવનની પણ એમને વિશેષ કાંઈ પડી જ નહોતી, પરંતુ હજી પોતે જીવતા છે એટલે એમણે જીવવું તો જોઈએ જ ને. ફરી એકડે એક – આજ સુધી એમણે જેનો વિચારે ન કર્યો હોય ને એમના જગતમાં કાંઈ જ પરિવર્તન થયું ન હોત તો જેની કલ્પના પણ એમણે ક્યારેય કરી જ ન હોત એવા જીવનના એકડે એક. હવે, આમ એકાએક પદભ્રષ્ટ થવાથી, ને વળી નહીં વૃદ્ધ ને નહીં જુવાન એવા હોવાથી....

એમણે સ્મિત કર્યું ને ખભા હલાવ્યા. પોતાના દીકરાને મન તો એ એકાએક બાળક બની ગયા હતા. પણ એમ તો બધાય જાણે જ છે ને કે દુન્યવી મહત્ત્વાકાંક્ષાથી થનગનતા ને મહત્ત્વનાં સ્થાન સિદ્ધ કરવામાં સફળતાથી આગળ વધી જતા પ્રત્યેક પુત્રને મન પોતાના પિતા તો એને બાળક જ છે. પોતાના શૈશવ દરમિયાન પોતે જે કાંઈ ઋણ સ્વીકાર્યું તેનું સાટું વાળી દેવા માટે એ પોતાના પિતાને નિષ્ક્રિય રાખે છે ને પરિણામે એના પિતા ફરી બાળક બની જાય છે.

એકવડો પલંગ......

પણ એમને તો એમનો દીકરો જ્યાં સૂતો એ નાનો ઓરડો પણ ન દીધો. એને બદલે એને કહેવામાં આવ્યું. બહાર ફળિયામાં તરત કોઈની નજરે ન ચડે એવો ઓરડો છે ત્યાં તમને વધુ મોકળાશ મળશે; ત્યાં તમને મન ચાહે તેમ કરવાની છૂટ રહેશે. એક વાર

નોકરો એ ઓરડો વાપરતા એવું કોઈને ખબર ન પડે એ માટે સારામાં સારાં રાચરચીલાંથી એને સજાવવામાં આવ્યો. લગ્ન પછી આગળના બધા જ ઓરડાઓને ભપકાદાર રંગરોગાન ને તદ્દન નવાં જ રાચરચીલાથી સજાવવામાં આવ્યા. એમાં મૂલ્યવાન ગાલીચા પણ પાથરવામાં આવ્યા. જૂના ઘરના અસલ રૂપનો અણસાર સરખો યે ન રહ્યો. એમનાં પોતાના રાચરચીલાંને પણ યુવાન સંતાનોના જીવનના મુખ્ય પ્રવાહથી અળગું કરીને પેલા નાનકડા અંધારા ઓરડામાં ખડકી દેવામાં આવ્યું હતું. એટલે ઘરમાં એમનું મન કોળતું નહોતું તો પણ. ઓરડાનાં નવાં રૂપરંગ એમણે આકર્ષતાં હતાં ને પોતાના દીકરાની સફળતાથી એ તૃપ્તિ અનુભવતા હતા એટલે, પૂરેપૂરું નવાઈભર્યું લાગે તો પણ જૂનાં રાચરચીલાંની સાથેસાથે પોતાને ભાગે આવેલી અવગણનાનો એમણે વિરોધ ન કર્યો.

પણ ઊંડે ઊંડે એનું બીજું એક કારણ હતું, જો કે એ હજી એટલું સ્પષ્ટ નહોતું, ને તે હતી પૂર્વજીવનનું નામનિશાને રહેવા ન દે એવા આનંદી ને વિવિધરંગી જીવનની શ્રદ્ધા. પરિણામે મારે માટે પણ નવજીવનના શ્રીગણેશ મંડાશે એવી છૂપી આશા પણ એમણે સેવવા માંડી. અચાનક એમને લાગ્યું કે મારી જાણ બહાર મારી પાછળ તેજની કેડીએ દોરી જતું એક દ્વાર ઊઘડી ગયું છે ને અણીની પળે હું એમાંથી પલાયન થઈ જઈશ. એ છુટ્ટી માણતા હોય તેમ એમને પોતાના નાના ઓરડાના એકાન્તમાં 'મન ચાહે તેમ કરવા' દઈને કોઈ એમની પંચાતમાં પડતું નહીં એટલે તો આ અત્યંત આસાન બન્યું હતું. હું હવા કરતાંયે હળવો બની ગયો છું એમ એમને લાગ્યું. એમની આંખમાં એક ચમક વિલસવા લાગી. એ ચમકે સચરાચરને પોતાના રંગનો પાસ લગાડ્યો ને એ પોતે સાચેસાચ પાછા એક બાળક બની ગયા હોય એમ એક પછી એક ચમત્કારનો અનુભવ કરાવ્યો. એમની પાસે બાળકોનાં નયન હતાં. એ જીવંત બનીને હજીયે નવીનતાભર્યા વિશ્વનું પાન કરતાં હતાં.

એમની છુટ્ટી એમના પોતાના આયુષ્ય જેટલી જ ટકવાની હતી. એ છુટ્ટીનો પ્રારંભ એમણે વહેલી સવારે ફરવા જવાની આદત પાડીને કર્યો. તમામ જવાબદારીમાંથી મુક્ત થઈને એમણે પોતાના નિર્વાહજોગી રકમ પોતાના પેન્શનમાંથી દીકરાને આપવાનું મંજૂર રાખ્યું એ રકમ નજેવી જ હતી. એમને ખાસ જરૂર નહોતી છતાં એમના દીકરાએ વિચાર્યું કે થોડી રકમ એ પોતાની પાસે રાખે એ સારું, સમય પડે પોતાની જરૂરિયાત તો સંતોષી શકે. પણ શાની જરૂરિયાત ? હવે તો જીવનને નિહાળવામાં જ એમને સંતોષ આવતો હતો.

અનુભવનો તાર એમણે ખંખેરી નાખ્યો હતો એટલે હવે મોટેરાં સાથે કેમ કામ પાડવું એની એમને જરાયે સૂઝ પડતી નહોતી. એમનાથી એ આઘા રહેવા લાગ્યા, ને જુવાનિયાં તો એમને અત્યંત વૃદ્ધ ગણી કાઢતા. એટલે એ ભૂલકાં જ્યાં રમતાં હતાં એ બગીચામાં ગયા.

આવી રીતે — લતામંડપ નીચે ગોંદરીમાં રમતાં ભૂલકાં વચ્ચે પોતાના નવજીવનના શ્રીગણેશ માંડ્યા. ઘાસની સુગંધ કેટલી સ્ફૂર્તિદાયક હતી, ને જ્યાં એ ગીચોગીચ ને માથોડાં

ઊંચું ઊગતું ત્યાં કેટલું તાજું હતું. ભૂલકાં ત્યાં સંતાકૂકડી રમતાં હતાં. કોક ગુપ્ત નિર્ઝરનો અવિરત ખળખળ ધ્વનિ પાંદડાંની મર્મરમાં કિનાર ગૂંથતો હતો. પોતાની રમત વિસારે પાડીને ભૂલકાંઓએ પોતાનાં બૂટમોજાં કાઢી નાખ્યાં. હમણાં જ ઊગેલા કૂણા ઘાસની તાજગીમાં ઉઘાડે પગે મહાલવાની કેવી મીઠી મજા !

એક બૂટ કાઢી ચૂપચાપ બીજો કાઢતા ત્યાં તો એમની સમક્ષ એક કિશોરી આવી ઊભી. એનું મોં રાતુંચોળ બની ગયું હતું. રોષથી તાતી આંખે એ તાડૂકી, 'સુવ્વર !'

એનાં કપડાં સામેના એક છોડમાં ભરાઈ ગયાં હતાં. પોતે જ્યાં બેઠા હતા ત્યાંથી એ એના ભણી ઊંચું જોતા હતા એટલે એણે એ એકદમ ખેંચી લીધાં ને પોતાના પગ પર ઢાંકી દીધાં.

આ આભા બની ગયા. એણે તે કેવી કલ્પના કરી ? એ તો ક્યારની અદૃશ્ય થઈ ગઈ હતી. એમને તો બાલસહજ નિર્દોષ મજા માણવાનું મન હતું. વાંકા વળીને એમણે બંને હાથ પોતાના ઉઘાડા નક્કર પગ પર મૂક્યા. વાંધાભરેલું એણે શું દીઠું ? ઘાસમાં ઉઘાડે પગે ફરીને બાલસહજ આનંદ ન માણી શકે એટલા વૃદ્ધ એ હતા ? એ વૃદ્ધ હતા એથી શું તરત જ કોઈ એ અનિષ્ટની કલ્પના કરી લેવી ? અરે, જરૂર પડે તો નિમેષ માત્રમાં હું બાળક હોઉં તેમાંથી ફરી પાછો પુરુષ બની શકે તેમ છું એ ખબર એમને હતી, ગમે તેમ તોય એ હજી પુરુષ હતા. પરંતુ એ વાતનો વિચાર એમને કરવો જ નહોતો. એનો વિચાર કરવાનો એમણે ઇન્કાર કર્યો. સાચેસાચ એક બાળક તરીકે જ એમણે પોતાનાં બૂટ ઉતાર્યાં હતાં. એમનું આવું અપમાન કરવામાં પેલી દુષ્ટ કિશોરીએ કેવી ભુલ કરી હતી ! એ કદમ એ ઊંધે માથે ઘાસમાં પડ્યા. બીભત્સ દ્વેષના અજવાળામાં એમનાં તમામ શોક, વિરહ ને અનંત એકલતાનો નવો જ અર્થ એમને સમજાયો ને એથી જ એમણે આમ ઊંધે માથે પડતું મૂક્યું. ઘૃણા ને કરુણાથી એમનો કંઠ રૂંધાઈ ગયો. બેવકૂફ કિશોરી ! એમને જો એવું જ મન હોત – એમ તો એમના દીકરાએ પણ કબૂલ કર્યું હતું કે એમને હજી 'કાંઈક ઇચ્છા' હોય પણ ખરી – તો આવી જરૂરિયાત માટે એમના ગજવામાં પૈસા ક્યાં ઓછા હતા ?

ધુણાથી રોષે ભરાઈ એ એકદમ ટટ્ટાર બેઠા થઈ ગયા. લજ્જાથી સંકોચ પામી કંપતે હાથે એમણે બૂટ પાછા પહેરી લીધા. લોહી બધુંયે એમના મગજમાં ભરાઈ ગયું હતું ને આંખ પાછળની નસો જોરશોરથી ધબકવા માંડી હતી. હા, એને માટે ક્યાં જવું એની એમને સૂઝ હતી.

પહેલાં કરતાં વધુ સ્વસ્થ બનીને એ ઊભા થયા ને પાછા ઘરમાં ગયાં. એમને પાગલ બનાવી દેવા માટે ત્યાં જાણી કરીને જેમતેમ ખડકેલાં રાચરચીલાં વચ્ચે થઈ એમણે પલંગ પર પડતું મૂક્યું ને પોતાનું મોં ભીંત તરફ વાળી લીધું.

અનુ : જયંત પારેખ

માખી

લૂઇજી પિરાન્દેલો

બે જુવાનિયા ઢાળ ચઢી રહ્યા હતા. ગામ ઊંચે વસેલું હતું, ચઢાણ ચઢતાં તેઓ પગ અને સાથે સાથે હાથનો પણ ઉપયોગ કરતા હતા. કારણ, તેમના ખીલાવાળા બૂટ લપસતા હતા, ઉતાવળમાં તેમને શ્વાસ લેવાનીય નવરાશ નહોતી. તેમને હાંફ ચઢતી હતી અને તેથી રસ્તાને શાપ આપતા હતા. જ્યારે કોતરની કિનાર પર એમના ધૂસર ચહેરાઓ દેખાયા, ત્યારે ગામની ભાગોળે નાનકડા કૂવાની આજુબાજુ ઊભી ને વાતો કરતી સ્ત્રીઓ એમને જોવા માટે એમના તરફ ફરી. સાચે જ તેઓ ટોર્ટોરિસી ભાઈઓ હતા ? હા, નેલિ અને સેરો ટોર્ટોરિસ, બિચારા ! શા માટે તેઓ આટલી બધી ઉતાવળમાં હતા ?

નાનો ભાઈ નેલિ બીજું પગથિયું ચઢવા અશક્ત હતો અને તેથી શ્વાસ લેવા અને સ્ત્રીઓના પ્રશ્નોના જવાબો આપવા ઊભો રહ્યો; પણ સરોએ એનો હાથ પકડીને ખેંચવા માંડ્યો.

'તે અમારો પિત્રાઈ છે – ગિયુર્લાન્નુ ઝરુ !' એના રસ્તે આગળ વધતાં નેલિએ કહ્યું. એણે એનો એક હાથ ઊંચો કર્યો જાણે કે એ સ્વર્ગને ફરિયાદ ન કરતો હોય !

સ્ત્રીઓએ અનુકંપા અને ભયમિશ્રિત ઉદ્‌ગારો કાઢ્યા. એકે તો એ ભાઈઓને પાછળથી પૂછ્યું પણ ખરું :

'એ કોણે કર્યું ? '

'કોઈએ નહીં, પ્રભુએ !' દૂરથી નેલિએ બૂમ પાડી.

પિઆઝા ગામમાં રહેતા પેરિસના ડોક્ટરના ઘર તરફ જુવાનિયાઓએ દોટ મૂકી.

ડોકટર સિદોરો લોપિકોલો એમની રહેવાની ઓરડીમાં આમથી તેમ આંટા મારતા હતા. બટન ભિડાવ્યા વિનાનું એમણે પહેરણ પહેર્યું હતું. એમના લેંઘાની બાંયો ઊંચે ચઢાવેલી હતી. એમનાં પગમાં જૂનાં પગરખાં હતાં. નિદ્રા ન લેવાથી એમની આંખો ફૂલેલી અને રાતી થયેલી હતી. એમના પોચા ગાલ પર લગભગ દશેક દિવસની ચઢેલી

હજામત હતી. નવેક વર્ષથી છોકરીને એમણે ઊંચકી હતી. છોકરીમાં માત્ર હાડચામ જ રહ્યાં હતાં. રોગથી એ ફિક્કી પડી ગઈ હતી.

છેલ્લા અગિયાર મહિનાથી એમનાં પત્ની પથારીવશ હતાં. એક છોકરી તેમના હાથમાં હતી અને તે ઉપરાંત બીજાં છ બાળકો ઘરમાં હતાં. છોકરી સૌથી મોટી હતી. તે ગંદા ચીંથરેહાલ નાનાં જંગલીઓનો સમુદાય હતો. ઘરમાં તો અવ્યવસ્થાનુ સામ્રાજ્ય હતું - ચીનાઈ માટીનાં વાસણનાં ઠીકરાં, ફળની છાલ, જમીન પર પડેલી કચરાની ઢગલીઓ, ભાંગેલી ખુરશીઓ અને આરામખુરશીનાં ખવાઈ ગયેલાં કપડાં, કોણ જાણે કેટલાય લાંબા સમય સુધી પથરાયેલી એવી પથારીઓ, લીરા નીકળી ગયેલી ચાદરો, પથારીમાં ઓશીકાંની કુસ્તી લડાવી છોકરાં આનંદ પામતાં....નાનકડાં હરામખોરો !

આ સામાન્ય નાશમાંથી જો કંઈ પણ બચ્યું હોય તો તે એક ચિત્ર. દીવાલ પર એ લટકતું. આ ચિત્ર ડોકટર સિદોરો લોપિકોલોએ જુવાનીમાં, જ્યારે એમનું પ્રમાણપત્ર મેળવ્યું હતું ત્યારનું હતું. ચિત્રમાં તો તેઓ શોખીન, અરે વરણાગિયા, રમતિયાળ અને હસમુખા દેખાતા હતા.

ઢંગધડા વિનાના બૂટ પહેરેલા પગને ઘસડીને એ ચિત્ર તરફ વળ્યા. એની તરફ જાણી કરીને દાંતિયાં કરતા હોય એમ એમણે દાંત કાઢ્યા. માંદલી છોકરીને ભેટ ધરતાં હોય એમ એમણે હાથ લંબાવ્યા.

'ખરે, તું ત્યાં છે સિસિની ?' એ બોલ્યા; 'સિસિન' એ તો એમનું લાડકું નામ હતું. જ્યારે એમને ચીઢવવા હોય ત્યારે એ નામે એમની મા એમને બોલાવતી. એ દિવસો તો ગયા. જે કુટુમ્બનું ભાવિ ઉજ્જ્વળ થવાનું ઝંખ્યું હતું, તે કુટુમ્બની તો એ આશા હતી.

ખરેખર, સિસિની !

ગાંડા કૂતરા જેવા જંગલી લાગતા બે ખેડૂતો એમને મળ્યા.

'શું જોઈએ છે તમારે ?'

હાથમાં ટોપી પકડેલ સરો ટોર્ટોરિસીએ હાંફતાં હાંફતાં ઉત્તર આપ્યો.

'ડોકટર....ગરીબ બિચારો – અમારો પિત્રાઈ....મરણને બારણે ઊભો છે.'

'છોકરો નસીબદાર ! આનંદની ઝાલર વગડાવો !' ડોકટર બોલી ઊઠ્યા.

'અરે ના, મહેરબાન....તે મરે છે....એ એકાએક માંદો થયો...એ બિમારી શું છે તે અમે જાણતા નથી. એ મોન્ટેલ્યુસા ખેતરમાં છે...તબેલામાં પડ્યો છે.'

ડોકટર એક ડગલું પાછળ હઠી ગયા અને બરાડી ઊઠયા : 'મોન્ટેલ્યુસામાં ! મારા બાપ !'

તે જાણતા હતા કે તેમના ગામથી જતા રસ્તે તે ખાસ્સા સાત માઈલ હતું અને એ રસ્તો ય કેવો !

'હા, મહાશય, જેટલી બની શકે તેટલી ઉતાવળે આવો. દયાને ખાતર,' ટોર્ટોરિસી બોલ્યો. 'તે આખો કાળો પડી ગયો છે, કલેજાના ટુકડા જેવો; અને એટલો બધો ફૂલી

ગયો છે કે તેના તરફ જોતાં કંપારી છૂટે..... તમે દયાને ખાતર આવો !'

'શું ? પગે ચાલીને ?' ડોકટર તાડૂક્યા 'દશ માઈલ પગે ચાલીને ? તમે મૂર્ખ છો. ખચ્ચર જોઈએ. તમે સાંભળો છો ? તમારી પાસે ખચ્ચર છે ?'

'હું દોડીને ખચ્ચર લઈ આવું, એક શરતે તો મને એ મળશે.' ટોર્ટોરિસીએ ઉતાવળમાં ઉત્તર દીધો.

'તે દરમ્યાન હું બહાર જઈશ અને જલ્દીથી હજામત કરાવીને પાછો આવીશ.' નાનો ભાઈ નેલિ બોલ્યો.

ડોકટરે તેના તરફ એક નજર ફેંકી, જાણે એને ભરખી લેવો હોય તેવી રીતે.

કામ સાધી લેવા પૂરતું એ થોડુંક હસ્યો અને માફી માગતો હોય એમ નેલિ બોલ્યો :

'આજે રવિવાર છે. સાહેબ અને મારાં લગ્ન થવાના છે, સાહેબ, સમજ્યા.......!'

'ઓહ ! તો તો તું પરણી જવાનો ! ખરેખર !' ડોકટર ખંધું હસ્યા, ને કંઈક ગુસ્સા સાથે 'અહીં આવ, અને લે આ બાળક' એમ બોલીને એમણે એ જુવાનના હાથમાં માંદલી છોકરીને નાંખી; અને પછીથી એક પછી એક છોકરાંને પકડી લાવી, એમની આજુબાજુ ભેગાં કર્યા, 'લે આ લેતો જા.' 'આ લે' 'આને લઈ જા' 'આ લઈ જા' એમ મોટેથી બોલતાં એકેએક બાળકને પેલા જુવાન તરફ ધકેલ્યું, 'મૂર્ખના સરદાર !' અને ઉમેર્યું, 'અક્કલના ઓથમીર !'

તેમણે પીઠ ફેરવી જાણે કે તેઓ ત્યાંથી જતા રહેવા માગતા હોય; પણ પાછા ફર્યા. હાથમાં પેલી માંદલી છોકરીને લીધી અને ઊંચા સાદે પેલા બે ભાઈઓ તરફ બરાડી ઊઠ્યા : 'ગમે તે એક જલ્દી જાવ...ખચ્ચર લાવો. હું જલ્દીથી આવું છું.'

ભાઈની પાછળ પાછળ પગથિયાં ઊતરતાં નેલિ ટોર્ટોરિસી હસી પડ્યો. તે વીસ વર્ષનો હતો; અને એલ્યુઝા, તેની પ્રિયા, સોળ વર્ષની હતી, ઘણી જ સુંદર. સાત છોકરાં ? એ કંઈ પૂરતાં નહોતા – તેને તો ડઝન જોઈતાં હતાં ! ભગવાને બે હાથ આપ્યા હતા તેના સિવાય બીજું એ બધાનું ગુજરાન ચલાવવા એની પાસે કંઈ જ નહોતું. પણ હા, એ પ્રસન્નતાથી ગમે તે મુશ્કેલી સહન કરવા તૈયાર હતો. એને આનંદ આપનાર બે વસ્તુઓ હતી. – એક તો બરફમાં લપસવું અને બીજું ગાયા કરવું. લોકો એને લાયેલા (કવિ) કહેતા. કારણ, કામ કરતાં કરતાં એ સતત ગીતો લલકાર્યા કરતો. આદર ઉત્પન્ન કરે એવા એના સ્વભાવથી જ અને એના અનિર્વચનીય હાસ્યથી એ સૌને પ્રિય થઈ પડ્યો હતો. પોતે જે શ્વાસ લેતો હતો, એ હવાની લેરખી પર પણ એ હાસ્ય છાંટતો. એની ચામડીને કાળી પાડવા કે સ્ત્રીઓમાં ઈર્ષ્યા ઉત્પન્ન કરે એવા સોનેરી વાંકડિયા વાળની ચમકને દૂર કરવા સૂર્ય હજી ફતેહમંદ નહોતો બન્યો. જ્યારે એ એની ચમકતી ભૂરી આંખોથી, એની લાક્ષણિક રીતે સ્ત્રીઓ તરફ જોતો, ત્યારે કેટલી બધી સ્ત્રીઓ મૂંઝવણમાં પડી જતી !

એના પિત્રાઈ ઝરુની માંદગીથી એ બેચેન હતો; અને વધારે તો એ મૂંઝાયો હતો કે

લ્યુઝા એના પર ખિજાય એવી પરિસ્થિતિ હતી. કારણ, એની સાથે થોડો સમય ગાળવાને માટે છેલ્લા છ દિવસથી તે રવિવારની રાહ જોતી હતી. પણ આ સંજોગોમાંથી એ શી રીતે મુક્તિ મેળવી શકે ! બિચારો ગિયુલોન્નુ ઝરુ ! એનાં પણ લગ્ન થવાનાં હતાં – પણ એકાએક આ અણચિંતવી આફત એના પર આવી પડી. મોન્ટેલ્યુસામાં લોપ્સના ખેતરમાં બદામનાં વૃક્ષોને ઝૂડવાનું ખંખેરવાનું કાર્ય એ કરી રહ્યો હતો. ગઈ કાલે સવારે જ - એ શનિવાર હતો – ઋતુ બદલાઈ ગઈ. પણ આકસ્મિક વરસાદનો ભય હોય એમ કંઈ જણાતું નહોતું. મધ્યાહ્નના સુમારે લોપ્સે જાહેર કર્યું કે, 'મારાં બાળકો, એકાદ કલાકમાં તો પ્રભુ આપણા પર વરસાદ મોકલશે, ભીની જમીન પર મારી બદામો પડી રહે એમ હું ઇચ્છતો નથી, માટે તમારે વૃક્ષોને ઝૂડવાનું બંધ કરવું જોઈએ.'

ફળો વીણીને છોલાં ઉખેડવા માટે જે સ્ત્રીઓ ટેકરીની પેલી બાજુએ જતી હતી, તેમને પણ એમણે કહ્યું, બદામો વેડતા નેલિ અને સરો વગેરે પુરુષો તરફ ફરીને એ બોલ્યો : તમને ઠીક લાગે તો તમે પણ જઈ શકો છો. આ સ્ત્રીઓ સાથે જાઓ અને છોલાં ઉખેડવાનું કામ કરો.'

ગિયુલોન્નુ બોલ્યો : 'હું તે કામ કરીશ, પણ તમારે હંમેશની જેમ મને દિવસના પચ્ચીસ મોલ્ડી આપવા પડશે.'

'નહીં, અર્ધા દિવસના મળશે બીજા અર્ધા દિવસના તમને સ્ત્રીઓને મળે છે તે પ્રમાણે અર્ધ લીરા પ્રમાણે મળશે.'

આ તો ભારે અન્યાય થતો હતો ! શા માટે પુરુષોએ એમનું કાર્ય કરવું અને હંમેશ મુજબ રોજી ન મેળવવી, એને માટે કંઈ કારણ નહોતું. વરસાદ ન વરસ્યો; સાચે જ, આખા દિવસ દરમ્યાન તો શું, પણ રાત્રેય વરસાદ ન પડ્યો.

'તમે મને દિવસના અર્ધા લીરા પ્રમાણે રોજી ચૂકવો છો ?' ગિયુલોન્નુ ઝરુ બરાડી ઊઠયો, 'અચ્છા, મારે ન જોઈએ ! હું લેંઘો પહેરું છું, લાંબો ઝભ્ભો નહીં ! પચ્ચીસ સોલ્ડી પ્રમાણે મને અર્ધા દિવસની રોજી આપો અને હું દૂર ચાલ્યો જાઉં.'

એ ત્યાંથી ન ખસ્યો. સાંજ સુધી ઊભો રહ્યો અને એના બે પિત્રાઈઓ જે અર્ધ લીરા પ્રમાણે રોજી કબૂલી સ્ત્રીઓ સાથે છોલાં ઉખાડવા ગયા હતા, એમની રાહ જોયા કરી. થોડીક વાર પછી, ઊભે ઊભે થાક લાગતાં, એ બાજુના તબેલા તરફ વળ્યો. રવડ્યો અને ઊંઘી ગયો. જ્યારે જવાનો સમય થાય ત્યારે પોતાને જગાડવાનું એણે બીજાઓને કહ્યું હતું.

તેમણે બદામવૃક્ષોને માત્ર દોઢ દિવસ સુધી જ ઝૂડ્યાં હતાં અને પરિણામે પાક ઓછો ઊતર્યો હતો. આથી સ્ત્રીઓએ નિર્ણય કર્યો હતો કે, મોડી રાત સુધી છોલાં કાઢવાં. પાછલી રાતે ત્યાં જ સૂઈ રહેવું અને પ્હો ફાટતાં ગામ ભણી જવું. સમ્મતિ અપાઈ ગઈ. લોપ્સે સીંગપાપડીની થાળીઓ અને દારૂના ગ્લાસ પણ મોકલાવ્યા. અડધી રાતે જ્યારે છોલાં કાઢવાનું કામ પૂરું થયું ત્યારે ખુલ્લા ખળામાં જ સ્ત્રીપુરુષો સૂઈ ગયાં.

ઝાકળને લીધે જાણે વરસાદ પડ્યો હોય, એમ છોલાં ભીનાં થઈ ગયાં હતાં.

'લાયોલા, હવે ગાવાનું શરૂ કરો.' તેઓ બોલી ઊઠયાં. નેલિએ ઊર્મિથી ઊઠતાં ગીતો ગાવાં શરૂ કર્યાં. ગૂંચાયેલા વાદળના જથ્થામાં ચન્દ્ર અંદર જતો હતો અને બહાર આવતો હતો. વાદળાંયે ઘડીક ધોળાં, ઘડીક કાળાં... અને ચંદ્ર તો જાણે એની લ્યુઝાનું મુખ હતું. જે ઘડીક એની પર હસતું, ઘડીક શ્યામ પડી જતું....એમના પ્રેમમાં આવતા આશા-નિરાશાના ક્રમ પ્રમાણે સ્તો !

ગિયુલોન્નુ ઝરુ તબેલામાં જ પડી રહ્યો હતો. સવાર પડતાં પહેલાં સરો એને જગાડવા માટે ગયો અને ત્યાં એને ફૂલી ગયેલો અને કાળો પડી ગયેલો દીઠો, તાવથી એનું શરીર ધીખી રહ્યું હતું.

હજામની દુકાને નેલિ ટોર્ટોરિસીએ આખી વાત માંડીને કહી. વાર્તારસમાં એક જગાએ હજામ એટલો બધો તણાયો કે એણે નેલિને દાઢી પર ઇજા પહોંચાડી. એ તો એક સાધારણ ઘા હતો, એના માટે કંઈ ચિંતા કરવા જેવું નહીં. અને એ હજામને બેદરકારી માટે ઠપકો આપવા માટે નેલિ પાસે સમય પણ નહોતો, કારણ, તે ક્ષણે બારણામાં લ્યુઝા દેખાઈ. એની સાથે એની માતા અને ગિયુલોન્નુ ઝરુની રડતી, નિસાસા નાંખતી, ને ડૂસકાં લેતી કમનશીબ પ્રિયા મિતા લ્યુમીયા હતી.

એ દુઃખી છોકરી એના પ્રિયતમને જોવા માટે તે ક્ષણે મોન્ટેલ્યુસા જવા માગતી હતી. એના એ વિચારને દૂર કરવામાં નેલિને ખરેખર મુશ્કેલી પડી. તેણે એને વચન આપ્યું કે કોઈ પણ રીતે તેઓ તેને અહીં ઊંચકી લાવશે અને સાંજ પડતાં પહેલાં તો એ એને જોઈ શકશે. એ ક્ષણે જ સરો દોડી આવ્યો અને કહ્યું કે ડોકટર ખચ્ચર પર સવાર થઈ ગયા છે અને એક ક્ષણ રોકાય તેમ નથી. નેલિએ લ્યુઝાને બાજુ પર લીધી અને પોતે પાછો આવે ત્યાં સુધી રાહ જોવા વિનંતી કરી. રાત પડતાં પહેલાં એ પાછો આવી પહોંચશે અને તેને કહેવા જેવી ઘણી બધી વાતો એની પાસે હશે.

રસ્તો ખરાબ હતો. સરો એક બાજુએ અને નેલિ બીજી બાજુએ, ખચ્ચરને લગામ પકડીને કાબૂમાં રાખતા હતા, છતાંય કેટલીક દુર્ગમ કોતરોની ધાર ઉપર ડોકટર એમના મૃત્યુને ઘણું જ નજીક આવેલું જોતા. એની નીચે ઊંચા પ્રદેશો અને ખીણોવાળું વિશાળ કેમ્પાના હતું. એમાં અનાજનાં ખેતરો, ઓલિવની વાડીઓ અને બદામનાં વૃક્ષો હતાં. અનાજના છોડ વાઢી લેવાથી સહેલા ઠંડા પીળા લાગતા હતા, વધેલા ઘાસના ઢગલાઓને ખાતર માટે બાળી નાખવાથી અહીંતહીં કાળાં ધાબાં પડેલાં જણાતાં હતાં. દૂર - સુદૂરમાં તેઓ કઠોર ભૂરા રંગનો દરિયો બનાવી શકે. શેતુરં, શાલવૃક્ષો, સરસવૃક્ષો અને ઓલિવવૃક્ષોની એમના કાયમી લીલા રંગની વિવિધ ઘટાઓ પાતળી હતી, પણ બદામવૃક્ષોની ટોચો તો પાતળી ને પાતળી થતી જતી હતી.

એમની આજુબાજુ, ક્ષિતિજના દૂરવર્તી વર્તુળ ઉપર, પવનથી ઘસડાઈ આવેલાં વાદળોના મહાકાય પર્વતો હતા; પરંતુ સમીરની લહરીઓને ન ગણીએ તો, ગરમીએ સત્તા જમાવી

દીધી હતી અને સૂર્યના તડકામાં પથ્થરો તૂટતા હતા. કોઈ કોઈ વાર થોરની મલિન વાડની પેલી બાજુએથી લાવરીનો સ્પષ્ટ અવાજ આવતો કે નીલકંઠનો સૂર સંભળાતો, થોડોક અવાજ થતાં જ ભયમાં પ્રાણીઓ કાન ઊંચા કરી દેતાં.

'ખરાબ ખચ્ચર, તદ્દન નકામું ખચ્ચર.' ડોકટર દાંત ભીંસતાં બબડ્યા :

એમણે એમની નજર ખચ્ચરની ડોક ઉપર જડી દીધી હતી અને એમની લીલા રંગની જૂની છત્રી પાછળ, એમના ખભા પર નમી પડવાથી એમના પર પડતા સૂર્યના તાપનું પણ એમને ભાન નહોતું.

'આપ મહાશયે ભય રાખવાની જરૂર નથી. અમે અહીં જ છીએ' એમને હિંમત આપવા ટોર્ટોરિસી ભાઈઓએ કહ્યું.

પોતાની જાત માટે ડોકટર નહોતા ગભરાતા - એમનાં છોકરાંના એમને વિચારો આવતા હતા. પેલાં સાત અસહાય નાનાં હરામખોરો માટે એમને જાત સંભાળવી પડતી.

એમનું ધ્યાન બીજે દોરવા ટોર્ટોરિસી ભાઈઓએ વાતચીત શરૂ કરી. પાક વિશે તેઓએ કહ્યું : 'ઘઉંનો દાણો કેવો ટૂંકો છે, સીંગો કેવી ટૂંકી છે; બદામવૃક્ષોને માટે તો સૌ કોઈ જાણે છે કે, તેમણે કેવું ખરાબ કર્યું, – પ્રત્યેક બીજા વર્ષે તેઓ સારાં ફળ આપે છે. અને ઓલિવ ! એમની તો વાત જ જવા દો - તેઓ તો હજુ પૂરેપૂરાં ભરાયાં જ નથી, કારણ કે વરસાદની શરૂઆતમાં જ ધુમ્મસે એમને ઠીંગરાવી દીધાં હતાં. વળી દ્રાક્ષના પાકથી ખેડૂતો એમની ખોટ પૂરી શકે એવી આશા રહી નથી. કારણ કે તે પ્રદેશના બધા જ માંડવાઓ કહોવાણના હુમલામાં સપડાઈ ગયા છે.'

'આનંદજનક ભાવિ !' વારંવાર ડોકું હલાવતા હલાવતા ડોકટર આનો પુનરુચ્ચાર કર્યા કરતા.

બે કલાક ચાલ્યા પછી તેમની પાસે વાતચીત કરવાના મુદ્દાઓ ખૂટી પડ્યા. રસ્તો હવે લાંબે સુધી સીધો જતો હતો. એના પર સફેદ રેતીનો થર વળી ગયો હતો. ખચ્ચરની ખરીના અવાજો ખેડૂતોના ખીલાવાળા બૂટના અવાજો સાથે ભળી જતા હતા. લાયોલાએ ધીમેથી પોતાને માટે ગાવાનું શરૂ કર્યું. પણ તરત જ એ અટક્યો. ત્યાં જોવા માટે એકે જીવંત આત્મા નહોતો. રવિવાર હોવાથી બધા જ ખેડૂતો ગામમાં રહ્યા હતા. કેટલાકને રાવઠીઓમાં જવું હોય, કેટલાકને હટાણું કરવા જવું હોય તો કોઈને આનંદ માણવો હોય. કદાચ મોન્ટેલ્યુસામાં ગિયુલોન્નુ ઝરુ સાથે કોઈ પણ ન રહ્યું હોય. જો તે હજુ જીવતો હોય તો એકલો મરવા જ એ છોડ્યો હશે.

સાચે જ; એ મલિન તબેલામાં દીવાલ પાસે એ એકલો જ પડી રહ્યો હતો.....સરો અને નેલિએ એને છોડ્યો હતો એવો જ કાળો અને ફૂલેલો. એનો ચહેરો પણ હવે તો ઓળખાય તેમ નહોતો. એ મરણિયા શ્વાસોચ્છ્વાસ લઈ રહ્યો હતો. નકામા ઘાસની બનાવેલી ખુલ્લી બારીમાંથી સૂર્ય પ્રવેશ્યો હતો અને હવે તો ભાગ્યે જ માનવીય કહી શકાય એવા ચહેરા પર પ્રકાશ્યો હતો. નાક તો સમૂળગું દેખાતું જ બંધ થઈ ગયું હતું...ફૂલી

ગયેલા અંગમાં ઢંકાઈ ગયું હતું. હોઠ કાળા પડી ગયા હતા અને ખૂબ જ ફૂલી ગયા હતા. એ હોઠ વચ્ચેથી મહામહેનતે શ્વાસ નીકળતો, ગુસ્સે થઈને પ્રાણી ઘૂરકતું હોય એવો એમાંથી અવાજ નીકળતો હતો. ઘાસની એક કલ્લી એના વાંકડિયા વાળમાં ગૂંથાઈ ગઈ હતી અને તે સૂર્યના પ્રકાશમાં ચમકતી હતી.

કેટલીક ક્ષણો સુધી એના તરફ નિષ્પલક નેત્રે જોતા ત્રણે માણસો દ્વાર પર થંભી ગયા. તેમનો ભય તેમને ફરીથી પકડી રહ્યો હતો. તબેલાની પથ્થરિયાળ જમીન પર ખચ્ચર પગ ઠોકતું હતું અને ઘાસ ખાતાં ખાતાં નસકોરાથી અવાજ કરતું હતું. એ પછી સરા ટોર્ટોરિસી મરતા માણસ પાસે ગયો અને સમભાવપૂર્વક એની સાથે વાત કરવા લાગ્યો.

'ગિયુર્લા ! ગિયુર્લા ! ડોક્ટર આવ્યા છે, જો તો !'

ખડના ઢગલા તરફ ખચ્ચરને બાંધવા નેલિ ગયો. ભીંત પર બીજા પ્રાણીનો પડછાયો જણાયો - ત્યાં હંમેશ માટે રહેતા ગધેડાની એ છાયા હતી. ધોળાવેલી સફેદ ભીંત પર શરીર ઘસી ઘસીને એ દિવસ પસાર કરતો હતો.

ગિયુલોન્નુ ઝરુને જગાડવાનો પ્રયત્ન થયો, ત્યારે એ હાંફતો બંધ થઈ ગયો અને એણે એની આંખો ઉઘાડવા પ્રયત્ન કર્યો. એ લોહિયાળ જેવી લાગતી હતી. કાળાં કુંડાળાં એની આજુબાજુ ફરી વળ્યાં હતાં. આંખો ભયભીત હતી.

એણે એનું બિહામણું મોં ખોલ્યું, કંઈક અવાજ કાઢ્યો, પણ એ એના કંઠમાં જ દબાઈ જતો જણાયો !

'....હું...મરી...જાઉં છુ...'

'ના. ના.' દુઃખમય અવાજે સરોએ જલ્દીથી કહ્યું. 'તને જોવા ડોક્ટર અહીં આવ્યા છે, અમે તારે માટે એમને લઈ આવ્યા છીએ, તું એમને જોઈ શકે છે ?'

'મને....ગામમાં....લઈ.... જાઓ.' મરતો માણસ બોલ્યો.

'ઓહ, મમ્મા મિઆ...' એણે મહા પ્રયત્ને શબ્દો ઉચ્ચાર્યા. એના બન્ને હોઠ ભેગા કરવા એ અશક્તિમાન હતો.

'હા, હા, જરૂર અમારી પાસે ખચ્ચર છે. અહીં જ છે.' સરોએ આશ્વાસન આપ્યું.

શા માટે, મારા હાથમાં હું તને ઊંચકી લઈશ ગિયુર્લા !' એની તરફ જલ્દીથી જઈને નીચે નમતાં નેલિ બોલ્યો, 'આશા ન છોડીશ. તને સારું થઈ જશે.'

નેલિનો અવાજ સાંભળીને ગિયુર્લાન્નુ ઝરુએ એની લોહીની ગોળીઓ જેવી આંખો ફેરવી અને એના તરફ સ્થિર કરી. એને પહેલાં તો એ ન ઓળખી શક્યો એમ લાગ્યું; પછી એણે એનો હાથ લંબાવ્યો અને નેલિની કમર પર વીંટાળેલા લાલ રંગના રેશમી શેલાને પકડ્યું.

'અરે....આ તું છે ?

'હા, એ હું છું, નેલિ, ખુશ થા, રડીશ નહી, ગિયુર્લા, રડીશ નહીં....તને ખાસ કંઈક જ થયું નથી.'

આમ એનો હાથ માંદા માણસની છાતી પર મૂક્યો. કંઠ સુધી ન આવી શકતાં ડૂસકાંઓને કારણે એ સતત ધડકી રહી હતી. કેટલીક ક્ષણો પછી, પ્રયત્નોથી ગૂંગળાયેલા ઝરુએ ગુસ્સે થઈને એનું માથું ફેરવી લીધુ અને એક હાથ લંબાવી નેલિને ગળેથી પકડ્યો અને પોતા પાસે નમાવ્યો.

'આપણે બંને સાથે પરણવાના હતા....' એ બોલ્યો.

'હા, અને આપણે બંને સાથે જ પરણીશું - તને એને માટે કંઈ શંકા છે.' ગળું પકડેલા હાથને દૂર કરતાં નેલિ બોલ્યો.

આ દરમ્યાન મરતા માણસને ડોક્ટર તપાસી રહ્યા હતા. હવે તો એ સ્પષ્ટ જ થઈ ગયું હતું ઘોડાઓને થતો અનેક જાતનો એ જીવલેણ રોગ હતો.

'મને હવે કહે, કોઈ જંતુ તને કરડયું હોય એવું કંઈ યાદ છે ?' ડોકટરે પૂછયું.

ઝરુએ એનું માથું નકારમાં હલાવ્યું.

'જંતુ ! ' સરોએ પૂછયું.

અભણ ખેડૂતોને ડોક્ટરે બની શકે તેટલી સરળતાથી આ વસ્તુ સમજાવી. કોઈ પ્રાણી આ રોગથી નજીકમાં જ મરી ગયું હોવું જોઈએ; અને એનું શબ કોઈ ખાડામાં નાખી દીધેલું હોવું જોઈએ. જ્યાં અસંખ્ય માખીઓ એના પર બેઠી હશે. એમાંથી પછી એકાદ માખી તબેલા તરફ ઊડી આવી હશે, અને ઝરુને ડંખ દીધો હશે.

જ્યારે ડોક્ટર આ સમજાવી રહ્યા હતા, ત્યારે ઝરુએ ભીંત તરફ એનું મોં ફેરવ્યું. જો કે કોઈને એની જાણ નહોતી, પણ જમનું એ હથિયાર આખો સમય ત્યાં જ હતું; એ એટલું બધું નાનું હતું કે ભાગ્યે જ ધ્યાનમાં આવે. નજીકની દીવાલ પર એક માખી બેઠેલી હતી. તે શાંત જણાતી હતી, પણ જો કોઈ ધારીને જુએ તો જોઈ શકે કે કેટલીય વખતે એ એની નાની સૂંઢને બહાર કાઢતી હતી અને ચૂસતી હતી, એ દરમ્યાન એના આગળના બે પાતળા પગને એ આરામથી ઘસતી હતી અને જલ્દીથી સાફ કરતી હતી.

જ્યારે ઝરુએ એને જોઈ, ત્યારે પણ ડોકટર બોલી રહ્યા હતા. એણે એની આંખો માખી પર જડી દીધી.

માખી....એ તે જ હશે, અથવા તો બીજી હશે – કોણ કહી શકે ? હવે ડોકટરના શબ્દો સાંભળ્યા પછી, એને યાદ આવ્યું કે આગલા દિવસે જ્યારે તે ત્યાં ઊંઘવા માટે પડ્યો હતો અને લોપ્સની બદામોના છોલા કાઢતા પિતરાઈઓની વાટ જોતો હતો ત્યારે એક માખીએ એને પજવ્યો હતો....દૈવયોગે શું એ તે હોઈ શકે ?

એકાએક એણે એને ઊડી જતી દીઠી. એની આંખોથી એને અનુસરતો એ ફર્યો.

ઓહ ! એ નેલિના ગાલ પર બેઠી. ગાલ પરથી ત્વરિત ગતિએ એ હડપચી તરફ સરી અને હજામે જે કાપ મૂક્યો હતો, તેના પર બેસીને એને ફાડી ખાતી હોય એમ ચૂસવા લાગી.

વિચારોમાં ગુમ થયેલો ગિયુલોન્નુ ઝરુ એના તરફ નિષ્પલક નેત્રે તાકી રહ્યો. પછીથી

ભય પમાડે એવા અવાજે એણે મહામહેનતે શબ્દો ઉચ્ચાર્યા.

'માખી ?.....માખીએ એ કર્યું હશે....?'

'હા, માખીએ શા માટે નહીં ?' ડોક્ટરે ઉત્તર આપ્યો. ગિયુલોન્નુ ઝરુ વધુ ન બોલ્યો, પણ માખીને નિરખવાનું ચાલુ રાખ્યું. નેલિ ડોકટરને સાંભળવામાં એટલો બધો તલ્લીન થયો હતો કે એણે માખીને ઉડાડવાનો પ્રયત્ન પણ ન કર્યો. ઝરુએ વધુ વખત ન સાંભળ્યું. એ ખુશ થયો હતો કે ડોકટરે વાત કરવાનું ચાલુ રાખ્યું હતું અને તેથી નેલિનું ધ્યાન ખેંચી રહ્યા હતા. એ સ્થિર પૂતળાની જેમ ઊભો હતો. તેના ચહેરા પર બેઠેલી માખીને ઉડાડવા એણે જરા પણ ધ્યાન આપ્યું ન હતું. હં ! હવે તો તેઓ બન્ને સાથે જ પરણશે....એના નાના પિતરાઈને તંદુરસ્ત અને આનન્દમય જિંદગી - જેની સાથેનો તંતુ તૂર્ત જ તૂટી જવાનો છે - જીવતો જોઈ એને એક ભયંકર ઈર્ષા-ક્રૂર અદેખાઈ આવી.

એક ક્ષણ આવી જ્યારે નેલિને લાગ્યું કે એને કંઈ કરડી રહ્યું છે, એણે હાથ ઊંચો કર્યો અને માખીને ઉડાડી; અને પછીથી જ્યાં ચીરો પડયો હતો તે હડપચીના ભાગને એણે દબાવ્યો. એણે ઝરુ તરફ જોયું અને એને પોતાના તરફ અનિમેષ નેત્રે તાકી રહેલો દીઠો. માંદા માણસના ભયંકર ઓષ્ઠ રાક્ષસી હાસ્યમાં જરા ફરક્યા. એ જોવા માટે નેલિ થોડોક અચેત હતો. થોડા સમય માટે બન્નેએ એક બીજા તરફ જોયા કર્યું, પછીથી, ઘણેભાગે અર્થહીન એવું કંઈક ઝરુ બોલ્યો.

'માખી ...'

નેલિ સમજી શક્યો નહીં. એ ઝરુ તરફ નીચે નમ્યો.

'તું શું કહે છે ?'

'માખી...' ઝરુએ પુનરુચ્ચાર કર્યો.

'કઈ ? કયાં છે ?' ડોકટર સામે જોતાં નેલિએ ભયભીત બનીને પૂછયું.

'ત્યાં...જ્યાં તું ખંજવાળે છે....મને ખાતરી છે...મને ખાતરી છે કે એ તે જ માખી હતી.' ઝરુ બોલ્યો અને એણે ભયંકર હાસ્ય કર્યું, જો નેલિએ પોતાની હડપચી ઉપરનો ચીરો ડોકટરને બતાવ્યો.

'અહીં શું થયું છે ? એ ચચરે છે....'

ડોક્ટરે ઘા જોયો અને પછીથી એને સારી રીતે તપાસવા એને તબેલાની બહાર લઈ ગયા. સરો પાછળ પાછળ ગયો.

પછી શું થયું ? ગિયુલોન્નુ ઝરુને એની ખબર ન પડી. એણે રાહ જોયા કરી. એનો આખો દેહ ધ્રૂજી રહ્યો હતો, એવી દુ:ખદ સ્થિતિમાં એણે લાંબો સમય રાહ જોયા કરી. બહારના અવાજો એ અસ્પષ્ટ રીતે સાંભળી રહ્યો હતો. એકાએક સરો તબેલામાં દોડી આવ્યો. અને ઝરુ સામે જોયા વિના જ ખચ્ચરને છોડ્યું અને દોડી ગયો... એ સતત બોલી રહ્યો હતો, 'અરે ભગવાન !....મારો નેલિ...મારો ગરીબ નાનો નેલિ.....'

હવે તે સાચું હતું ! એને કૂતરાને મોતે એકલો મરતો મૂકી તેઓ ચાલ્યા ગયા...એણે

એની કોણી પર ભાર દઈ ઊંચા થવા પ્રયત્ન કર્યો અને બે વખત બોલ્યો :

'સરો....સરો.....'

શાંતિ. ત્યાં કોઈ નહોતું.

એની કોણી પર એ એની જાતને ન રાખી શક્યો. એ પાછો જમીન પર ફસડાઈ પડ્યો. થોડા વખત સુધી ઘાસની પથારીમાં એણે પોતાના મોંને સંતાડી દીધું કે જેથી ગામની ભાગોળ કેટલી શાંત પડી ગઈ હતી, એના તરફ એનું ધ્યાન ન જાય - ભયાનક શાંતિ એકાએક એક શંકા એના મનમાં ઉદ્ભવી કે આ આખી ઘટના એક દુઃસ્વપ્ન તો ન હોય - તાવના હુમલાના પરિણામરૂપે પણ જ્યારે ફરીથી એ ભીંત તરફ ફર્યો, ત્યારે એણે એ જ જગા પર આવીને ફરીથી બેઠેલી માખી દીઠી.

એ ત્યાં હતી - એ સત્ય હતું.

કેટલીક વખતે એ એની નાની સૂંઢને બહાર કાઢતી હતી અને ચૂસતી હતી; અને એ દરમ્યાન એના આગળના બે પાતળા પગને એ આરામથી ઘસતી હતી અને જલદીથી સાફ કરતી હતી.

અનુ. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

શિકારી ગ્રેક્સ

ફ્રાન્ઝ કાફ્કા

બે છોકરાઓ બારાની દીવાલ પર બેઠા બેઠા પાંચીકા રમતા હતા. સ્મારકનાં પગથિયાં પર બેઠેલો એક માણસ, આકાશમાં તલવાર વીંઝતા વીરપુરુષના પડછાયામાં આરામ કરતો કરતો છાપું વાંચતો હતો. એક છોકરી જલધારામાં એની પાણીની બાલ્ટી ભરતી હતી. ફળફળાદિ વેચનારો એના ત્રાજવાને પડખે આડો પડ્યો પડ્યો દરિયા સામે એકીટશે જોઈ રહ્યો હતો. એક હોટલની ખાલીખમ બારી અને ઉઘાડા દરવાજામાંથી નજર કરીએ તો છેક પાછળ બેઠા બેઠા બે જણ એમનો શરાબ પીતા હતા. તેનો માલિક આગળ જ એક ટેબલ પાસે બેઠો બેઠો ઝોકે ચડ્યો હતો. ત્રણ સઢવાળું એક વહાણ કેમ જાણે અદૃશ્ય રીતે પાણી પર સેરવાતું હોય તેમ, ચૂપચાપ આ નાનકડા બારામાં આવી રહ્યું હતું. ભૂરું બાંડિયું પહેરેલો એક જણ કાંઠે ચડી આવ્યો અને એક કડામાં વહાણનું દોરડું પરોવ્યું. ખલાસી પાછળ બીજા બે જણ હતા. એમણે ઘેરા રંગના, ચાંદીનાં બટનવાળા કોટ પહેરેલા હતા અને એ લોકો એક અરથીને કાંધ દઈ ને ચાલતા હતા. અરથી પર, એક મોટી ફૂલભાતવાળી ઝૂલદાર રેશમી ચાદર નીચે દેખીતો જ એક માણસ સૂતો હતો.

ડક્કા પર બેઠેલામાંથી કોઈ આ નવાગંતુકોને જોઈને ઊંચુંનીચું ન થયું; પેલાઓએ ખલાસી દોરડું બાંધીને આવી રહે ત્યાં સુધી અરથી નીચે મૂકી ત્યારે પણ એકે જણ એમની પાસે ન ગયો. એકે જણે એમને એકે સવાલ ન પૂછ્યો, એકે જણે એમની સામે પૃચ્છાભરી દૃષ્ટિ પણ ન કરી.

હવે વહાણના તૂતક પર એક સ્ત્રી દેખાઈ. એના વાળ છૂટા હતા અને છાતીએ ધાવણું બાળક હતું. એણે ભોમિયાને હજી વધારે ખોટી કર્યો. પછી એ આગળ થયો અને દરિયાને ડાબે પડખે ભોંયમાંથી સીધું જ ફૂટી નીકળતું હોય એવું, એક પીળાશ પડતું બે માળનું મકાન ચીંધ્યું. કાંધ દેનારાઓએ એમનો બોજો ઉપાડ્યો અને મકાનના નીચા પણ ઘાટીલી થાંભલીઓવાળા દરવાજે જઈ પહોંચ્યા. આ ટોળી ઘરમાં અદૃશ્ય થઈ ગઈ, તે જ વખતે

તેને જોઈ લેવા બરાબર મોકાસર એક નાનકડા છોકરાએ એક બારી ખોલી અને પછી તરત ઝટપટ બંધ કરી દીધી. બારી કાળા સાગની હતી અને ભારે મજબૂત ઘડેલી હતી. કબૂતરોનું એક ઝોલું દેવળના ટાવરની આસપાસ ઊડતું હતું. તે ઘરની સામે શેરીમાં ઊતર્યું. એમની ચણ જાણે આ ઘરમાં ભરેલી હોય તેમ, એ બધાં દરવાજા સામે ટોળે વળ્યાં. એમનામાંથી એક ઊડ્યું ને પહેલે માળે પહોંચીને બારીના કાચ પર ચાંચો મારી આવ્યું. એ બધાં ભભકદાર રંગવાળાં, સારી માવજતવાળાં, સુંદર પંખી હતાં. વહાણ પરની સ્ત્રીએ લાંબે હાથે એમને દાણા ફેંક્યા; એ ચપચપ ચણી જઈને કબૂતરો એ સ્ત્રી ભણી ઊડ્યાં.

એક માણસ જેને માથે ટોપ હેટ ફરતી શોકદર્શક કાળી પટ્ટી હતી, તે હવે બારા તરફ જનારી સાંકડી ને ખૂબ ઊભા ઢાળવાળી ગલીમાં થઈને નીચે ઊતર્યો. એણે સાવધાનીથી ચારે બાજુ નજર નાંખી. એને બધી વસ્તુથી નારાજી ઊપજતી હોય એમ લાગતું હતું. એણે એક ખૂણે પડેલી કશીક ગંદકી જોઈને મોં મચકોડ્યું. સ્મારકનાં પગથિયાં પર ફળનાં છોતરાં પડેલાં હતાં. ત્યાંથી જતાં જતાં એણે એની લાકડીથી એ છોતરાં વાળી નાખ્યાં. એણે મકાનને દરવાજે ટકોરા કર્યા, અને સાથે જ પોતાના કાળાં મોજાંવાળા હાથે માથા પરની ટોપ હેટ ઉતારી. દરવાજો તરત જ ઊઘડ્યો, અને કંઈક પચાસેક જેટલાં છોકરાં લાંબા પ્રવેશખંડમાં બે હાર બાંધીને ઊભેલાં દેખાયાં, એમણે આને નમસ્કાર કર્યા.

પેલો ખલાસી જીનો ઊતરી આવ્યો. એણે આ કાળા પોશાકવાળા સદ્‌ગૃહસ્થનું અભિવાદન કર્યું, એને પહેલે માળે લઈ ગયો, ચોકની ચોતરફ બાંધેલી ઝગઝગાટ ભવ્ય રવેશમાં ફેરવીને અંદર લઈ ગયો, જ્યારે છોકરા એમની પાછળ પાછળ માનપૂર્વક, અમુક અંતર રાખીને આગળ ધપતા રહ્યા. એ ખંડ શીળો ને વિશાળ હતો ને એની બારીઓ પાછલા ભાગ પર પડતી હતી, જ્યાં કશી વસ્તી નજરે નહોતી ચડતી, ફક્ત ખાલી કાળાશ પડતી ભૂખરી પત્થરિયા દીવાલ જ નકરી દેખાતી હતી. કાંધ દેનારાઓ અરથીના માથા પાસે થોડી લાંબી મીણબત્તીઓ પેટાવીને ગોઠવવાની ખટપટમાં પડ્યા હતા. પણ એ બત્તીઓ કાંઈ પ્રકાશ નહોતી આપતી. ફક્ત તે અમુક વખત સુધી નિરાંતે થીજી રહેલા પડછાયાઓને બીવડાવી, આઘા ભગાડીને ભીંતો પર ધ્રુજાવતી હતી. અરથીને ઢાંકતી ચાદર ખસેડી લેવામાં આવી હતી. એના પર સૂતેલા માણસના જંગલ જેવા વાળ ગૂંચવાયેલા હતા અને એ કાંઈક શિકારી જેવો લાગતો હતો. એ હાલ્યાચાલ્યા વિના પડ્યો હતો. અને એમ લાગતું હતું કે એનો શ્વાસ પણ નહોતો ચાલતો. આંખો બંધ હતી. છતાં એની આસપાસની સજાવટ જ એ કદાચ મરેલો છે એવું દર્શાવતી હતી.

સદ્‌ગૃહસ્થ અરથી પાસે ગયો. એનો હાથ સૂતેલા માણસના કપાળે મૂક્યો, પછી ઘૂંટણિયે પડ્યો ને પ્રાર્થના કરી. ખલાસીએ કાંધ દેનારાઓને ખંડમાંથી બહાર જવાનો ઈશારો કર્યો; એ લોકો બહાર ગયા, ત્યાં જમા થયેલા છોકરાઓને હાંકી કાઢ્યા અને બારણાં બંધ કર્યા. પણ તેટલાથી યે સદ્‌ગૃહસ્થને સંતોષ થતો ન જણાયો. એણે ખલાસી સામે દૃષ્ટિ ફેંકી; ખલાસી સમજી ગયો અને પડખેના એક બારણામાં થઈને બાજુના ઓરડામાં જતો રહ્યો.

તરત જ અરથી પર સૂતેલા માણસે એની આંખો ખોલી. એનું મોં કષ્ટપૂર્વક સદ્‌ગૃહસ્થ તરફ ફેરવ્યું અને બોલ્યો : 'તમે કોણ ?' આશ્ચર્યના સહેજે ચિહ્‌ન વિના સદ્‌ગૃહસ્થ ઘૂંટણિયેથી ઊભો થયો અને જવાબમાં બોલ્યો : 'હું રિવાનો નગરશેઠ.'

અરથી પરના માણસે હકારમાં માથું હલાવ્યું. નબળો હાથ સહેજ હલાવીને ખુરશી બતાવી અને નગરશેઠ એને માન આપીને બેઠો. એટલે કહ્યું : 'અલબત્ત મને એ તો ખબર જ હતી. નગરશેઠ ! પણ ભાન પાછું આવતું હોય ત્યારે શરૂઆતની થોડી પળો સુધી હું બધું ભૂલી જાઉં છું. મારી આંખો સામે બધું ફેરફુદરડી ફરે છે, અને હું જાણતો હોઉં તો પણ પૂછી લેવું એ જ ઉત્તમ લાગે છે. તમે પણ કદાચ જાણતા હશો કે હું શિકારી ગ્રેક્સ છું.'

'અવશ્ય,' નગરશેઠે કહ્યું, 'તમારા આગમનની જાણ મને રાતે જ કરવામાં આવી હતી. અમે લોકો સારો એવો સમય ઊંઘ્યા હોઈશું. પછી મધરાતને સુમારે મારી પત્ની બૂમ મારી ઊઠી : 'સાલ્વાતોર !' મારું નામ સાલ્વાતોર છે — 'બારી પર પેલું કબૂતર બેઠું છે તે તો જુઓ.' ખરેખર તે કબૂતર જ હતું, પણ કૂકડા જેવું મસમોટું એનું કદ હતું. એ ઊડીને મારી પાસે આવ્યું અને મારા કાનમાં બોલ્યું : 'આવતી કાલે મરી ગયેલો શિકારી ગ્રેક્સ આવે છે; એનો શહેરને નામે સત્કાર કરજો.'

શિકારીએ હકારમાં માથું હલાવ્યું અને એના હોઠને જીભના ટેરવાથી ચાટ્યા.

'હા, કબૂતરાં મારી આગળ અહીં ઊડતાં ઊડતાં આવી પહોંચ્યાં હતાં. પણ નગરશેઠ, તમે શું માનો છો, હું રિવામાં રહીશ કે ?'

'તે તો હમણાં હું ન કહી શકું.' નગરશેઠે જવાબ આપ્યો. 'તમે મરી ગયેલા છો ?'

'હા,' શિકારી બોલ્યો, 'તમે જુઓ છો તેમ, ઘણાં વરસ પહેલાં – હા, બહુ વરસ થઈ ગયાં હોવાં જોઈએ – હું જર્મનીમાં આવેલા કાળા જંગલમાં એક ખડકની ધાર પરથી સાબરનો શિકાર કરવા જતાં પડી ગયેલો. ત્યારથી હું મરી ગયેલો જ છું.'

'પણ તમે તો જીવતા પણ છો.' નગરશેઠ બોલ્યો.

'અમુક એક અર્થમાં,' શિકારી બોલ્યો, 'અમુક એક અર્થમાં જાણે હું જીવું પણ છું. મારી મૃત્યુનૌકા ભૂલી પડી, સુકાનનો એક આંટો ખોટો ફર્યો, એક પલવાર સુકાની અન્યમનસ્ક થઈ ગયો, કે મારી સુંદર મજાની માભોમ તરફ વળી જવાની ઝંખના જાગી. શું થયું તે હું ચોક્કસ કહી શકતો નથી. હું ફક્ત એટલું જાણું છું કે હું આ પૃથ્વી પર જ રહી ગયો. છેક ત્યારથી મારી નૌકા આ જાતનાં જ પાણી કાપતી રહી છે, એટલે મને તો ભાવતું મળ્યું. મારા ડુંગરાઓમાં ભમવા કરતાં વધારે સુખી જિંદગીની મને કશી ખેવના જ નહોતી. અને મારા મરણ પછી મને દુનિયાના તમામ દેશોમાં સફર કરવાનું મળ્યું છે.'

'અને પરલોકમાં તમારો કશો જ હિસ્સો નથી ?' નગરશેઠે ભવાં સંકોચતાં પૂછ્યું.

'હું કાયમ,' શિકારીએ જવાબ વાળ્યો. 'એના પછી પહોંચતી વિરાટ નિસરણી પર જ હોઉં છું. એ અનંત સુધી વિસ્તરેલી વિશાળ નિસરણી પર હું રખડું છું, કોઈ વાર

પર તો કોઈ વાર નીચે, કોઈ વાર ડાબે તો કોઈ વાર જમણે, પણ કાયમ ફરતો રહું છું. શિકારીને પતંગિયું બનાવી દેવામાં આવ્યું છે ! હસો નહીં.'

'હું હસતો નથી.' નગરશેઠે પોતાના બચાવમાં કહ્યું.

'તમે એ બહુ સારું કરો છો.' શિકારીએ કહ્યું. 'હું હંમેશાં ફરતો જ ફરું છું. પણ હું જ્યારે ઊંચામાં ઊંચું ઉડ્ડયન કરું છું અને ખરેખાત મારી સામે ઝળહળતું જોઉં છું. કે હું તરત જ પાછો મારી જૂની નૌકા પર જાગી જાઉં છું. અને જોઉં છું કે હજીય હું તો એક યા બીજા દુન્યવી સમુદ્રમાં જ એકલો સલવાઈ પડેલો છું. હું મારી કેબિનમાં પડ્યો હોઉં છું. ત્યારે મારા એક કાળના મરણની મૂળભૂત ભૂલ મારી સામે દાંતિયાં કરે છે. સુકાનીની પત્ની જુલિયા મારે બારણે ટકોરા કરે છે અને અમે જે કોઈ કાંઠા પાસેથી પસાર થતા હોઈએ છીએ, ત્યાનું સવારે પિવાતું પીણું મારી અરથી પર લઈ આવે છે. હું એક પાટિયા પર પડ્યો રહું છું. વસ્ત્રમાં હું એક ગંધાતી ચાદર લપેટેલી ધરાવું છું ,જે કાંઈ આંખને સારી નહીં લાગી શકે તેવી નથી. મારા માથાના અને દાઢીના કાળા વાળ, જેમાં સહેજ ભૂખરાની છાંટ છે. હવે ઊગી ઊગીને ઊકલે નહીં તેવા ગૂંચવાઈ ગયા છે; મારાં અંગો પર કોઈ સ્ત્રીની ફૂલભાત ભરેલી લાંબી ચાદર ઢાંકેલી છે. એક પૂજાની મીણબત્તી મારા માથા પાસે પડી છે, અને જે મારા પર અજવાળું નાખે છે. મારી સામેની દીવાલ પર એક નાનું સરખું ચિત્ર છે. એમાં દેખીતો જ એક જંગલી મારી સામે એનો ભાલો તાકતો અને એની સુંદર ચિત્રામણવાળી ઢાલથી પોતાની જાતને જેટલી બને તેટલી ઢાંકતો ઊભો છે. વહાણ પર ઘણી વાર માણસ મૂરખ જેવા તરંગી વિચારોનો શિકાર બને છે, પણ એ તો મૂરખાઈની યે હદ થઈ નહીં તો મારું કાષ્ઠનું પિંજરું સાવ ખાલી જ છે. પડખેની દીવાલના બાકોરામાંથી દક્ષિણની રાતના હૂંફભર્યા વાયરા આવે છે, અને આ જૂના વહાણને પાણીની થપાટો લાગતી હું સાંભળું છું.

'શિકારી ગ્રેક્સ તરીકે, કાળા જંગલમાં એક સાબરનો પીછો કરતાં ખડકની ધારેથી પડી ગયો, તે વખતથી હું અહીં જ પડ્યો છું. બધું જ બહુ સારા ક્રમથી બન્યું. મેં પીછો કર્યો, પડ્યો, એક ખીણમાં લોહી વહી જઈને મોત પામ્યો; અને આ વહાણે મને પરલોક પહોંચાડવો જોઈતો હતો. આ પાટિયા પર પહેલવહેલો હું કેટલો બધો ખુશ થતો સૂતો તે હજુ પણ મને યાદ છે. આ અંધારી દીવાલોએ તે વખતે મારાં જે ઊર્મિગીતો સાંભળ્યાં છે, તેવાં તો પહાડોએ પણ કદી નથી સાંભળ્યાં.

'મને જીવવાનું ગમેલું અને મરવાનું પણ ગમેલું. હું વહાણ પર ચડ્યો તે પહેલાં મેં કારતૂસો, થેલો, બંદૂક વગેરેનો તમામ નઠારો બોજો લહેરથી ફંગોળી દીધો હતો અને કોડભરી કન્યા લગનની ચૂંદડી ઓઢે તેમ આ ચાદર ડીલે લપેટી હતી. બસ, પડ્યો પડ્યો હું રાહ જોતો હતો, ત્યાં પેલી કમનસીબ ઘટના બની, ને રસ્તો ચૂક્યા.'

'ગજબનાક નસીબ !' નગરશેઠ હાથ આગે ધરતો બોલ્યો. 'અને એમાં તમારે માથે કશો જ વાંક નહીં કે ?'

'લગીરે નહીં.' શિકારી બોલ્યો. 'હું શિકારી હતો; શું એમાં કશું પાપ હતું ? હું શિકારી જીવનના સાદને અનુસર્યો, તે વખતે કાળા જંગલમાં હજી વરુઓનો ત્રાસ વરતાતો હતો. હું ટાંપીને પડ્યો રહેતો, બાર કરતો, નિશાન પાડતો, મારા શિકારોનાં ચામડાં ઉતારી લેતો : શું એમાં કશું પાપ હતું ? મારી જહેમત પર લોક આશિષ વરસાવતાં. 'કાળા જંગલનો મહાન શિકારી !' એવું બિરુદ એમણે મને આપ્યું હતું. શું એમાં કશું પાપ હતું ?'

'એનો નિર્ણય કાંઈ મારે કરવાનો નથી.' નગરશેઠે કહ્યું, 'છતાં મનેય એ બધામાં કશું પાપ જણાતું નથી. પણ તો પછી ગુનો છે કોનો ?'

'વહાણવાળાનો.' શિકારી બોલ્યો.

'હું અહીં જે કહીશ તે કોઈ વાંચશે નહીં, કોઈ મારી વહારે ધાશે નહીં; બધા જ લોકોને મારી વહારે દોડી જવાનું ફરમાન થયું હોય તો પણ એકેએક બારીબારણું બંધ જ રહેશે. દરેક જણ પથારીમાં ભરાઈને મોંએ ચાદર ઢાંકી દેશે. આખી દુનિયા એ રાત પૂરતી સરાઈ બની જશે. અને એમાં અરથ પણ છે, કારણ મને કોઈ જાણતું નથી, અને કોઈ કદી જાણતું હોય તો પણ હું ક્યાં મળી શકું તેની એને ખબર નહીં પડે. અને હું ક્યાં મળી શકું તેની ખબર પડે તો મારું શું કરવું તેની એને સમજ નહીં પડે. મને શી રીતે મદદ કરવી તે સૂઝશે નહીં. મને મદદ કરવાનો વિચાર એ પોતે જ એક બિમારી છે અને એને પથારીમાં ભરાઈ જઈને મટાડવી પડે છે.

'મને આ ખબર છે, તેથી જ હું 'મદદ મદદ'ની બૂમો પાડતો નથી, જો કે કોઈ કોઈ પળે - હું જ્યારે મારી જાત પરનો કાબૂ ગુમાવી બેસું છું, જેમ કે હમણાં જ મેં એવું કર્યું હતું - ત્યારે હું ગંભીરતાથી એનો વિચાર કરું છું ખરો. પણ એવા વિચારોને ભગાડી મૂકવા માટે મારે ફક્ત મારી આસપાસ નજર કરીને હું ક્યાં છું અને – હું નિશ્ચિતતાથી, ભાર મૂકીને કહી શકું કે - સેંકડો વરસોથી ક્યાં હતો, તે જરા નક્કી કરવાની જરૂર પડે છે.'

'અસાધારણ.' નગરશેઠ બોલ્યા, 'અસાધારણ !' અને હવે તમે અહીં અમારી સાથે રહેવા ધારો છો કે ?'

'નથી ધારતો,' – શિકારીએ મોં મલકાવતાં કહ્યું, અને દિલગીરી દર્શાવવા પોતાનો હાથ નગરશેઠના ઢીંચણ પર મૂક્યો. 'હું અહીં છું, એથી વધારે હું જાણતો નથી. એથી આગળ હું જઈ શકું તેમ નથી મારા વહાણને સુકાન નથી અને મૃત્યુના ઊંડામાં ઊંડા પાતાળમાં સૂસવાતા વાયરાથી એ હંકારાય છે.'

અનુ. પ્રબોધ ચોકસી

ચોખ્ખી અંજવાસભરી જગ્યા

અર્નેસ્ટ હેમિંગ્વે

મોડી રાત થઈ ગઈ હતી ને એક વૃદ્ધ સિવાય સહુ કોઈ કાફેમાંથી ચાલી ગયાં હતાં. ઇલેકટ્રિક લાઇટની આડે આવતાં વૃક્ષનાં પાંદડાંનો જ્યાં પડછાયો પડતો હતો ત્યાં એ બેઠો હતો. દિવસભર તો શેરીઓમાં ધૂળ ઊડતી, પણ રાતને ટાણે ઝાકળ ધૂળને ઠારી દેતું. વૃદ્ધ પોતે બહેરો હતો ને અત્યારે રાતે ખૂબ શાંતિ છવાતી ને એનો તફાવત એ પારખી શકતો. એટલે એને મોડે સુધી બેસી રહેવાનું ગમતું. કાફેના અંદરના વેઈટરો બુઢ્ઢાને જરા ચડી છે એમ સમજી ગયા હતા, ને એ સારો ઘરાક હોવા છતાંયે જો એને વધુ પડતો ચડ્યો તો એ પૈસા ચૂકવ્યા વિના જ ચાલી જવાનો એમ જાણતા હતા એટલે એના પર ધ્યાન રાખી રહ્યા હતા.

'ગયે અઠવાડિયે એણે આપઘાતની કોશિશ કરી'તી.' એક વેઇટરે કહ્યું.

'કેમ?'

'એ હતાશ થઈ ગયો'તો.'

'શું થયું 'તું ?'

'કાંઈ જ નહીં.'

'તેં કેમ જાણ્યું કાંઈ જ થયું નહોતું ?'

'એની પાસે પુષ્કળ પૈસો છે.'

કાફેનાં બારણાં પાસેની ભીંતને અડોઅડ ગોઠવેલા ટેબલ પાસે બંને બેઠા હતા ને બહાર અગાસીમાં જોતા હતા. હવામાં મંદ મંદ ડોલતાં વૃક્ષનાં પાંદડાંના પડછાયામાં આવેલા ટેબલ પાસે વૃદ્ધ બેઠો હતો, એ સિવાય અગાસીનાં બધાં જ ટેબલ ખાલી હતાં. શેરીમાં એક યુવતી ને એક સૈનિક પસાર થયાં. સૈનિકના કોલરમાં ભરાયેલા પિત્તળના નંબર પર શેરીના દીવાનો પ્રકાશ ઝબકી ગયો. યુવતીએ માથે કાંઈ જ ઓઢ્યું નહોતું; સૈનિકની સાથે સાથે એ ઉતાવળા પગલાં ભરતી હતી.

'ચોકીદાર એને પકડી જશે.' એક વેઇટર બોલ્યો.

'એને જેની રઢ લાગી છે તે એ મેળવી લે એમાં ખોટું શું છે ?'

'હવે તો એ શેરીમાંથી ભાગી જાય તો ઘણું સારું. ચોકીદાર એને પકડી પાડશે. પાંચ મિનિટ પહેલાં જ એ આમથી નીકળ્યા'તા.'

પડછાયામાં બેઠેલા વૃદ્ધે પોતાની રકાબી પર પ્યાલો ખખડાવ્યો. નાનો વેઈટર એની પાસે ગયો.

'શું જોઈએ તમારે ?'

વૃદ્ધ એની સામે જોઈ રહ્યો. 'બીજી એક બ્રેન્ડી,' એ બોલ્યો.

'તમને ચડશે, હોં.' વેઈટરે કહ્યું. વૃદ્ધે એની સામે જોયા જ કર્યું. વેઇટર ત્યાંથી ખસી ગયો.

'આખી રાત એ રોકાવાનો.' એણે પોતાના સાથીને કહ્યું. 'મને તો હવે નીંદર આવે છે. ત્રણ વાગ્યા પહેલાં તો હું કોઈ દી પથારીભેગો થઈ જ શકતો નથી. ગયે અઠવાડિયે એણે આપઘાત કરી નાખ્યો હોત તો ઠીક થાત.'

કાફેના અંદરના કાઉન્ટર પરથી વેઇટરે બ્રેન્ડીની બાટલી ને બીજી એક રકાબી લીધી ને વૃદ્ધના ટેબલ ભણી કદમ માંડ્યા. એણે રકાબી નીચે મૂકી ને બ્રેન્ડીથી આખો પ્યાલો ભરી દીધો.

'ગયે અઠવાડિયે તમે આપઘાત કરી નાખ્યો હોય તો ઠીક થાત.' એણે બહેરા વૃદ્ધને કહ્યું. વૃદ્ધે આંગળીનો ઈશારો કર્યો. 'હજી થોડી વધારે,' એણે કહ્યું. વેઇટર પ્યાલામાં રેડ્યે ગયો, ને બ્રેન્ડી ઊભરાઈ ને પ્યાલામાં કાંઠા પરથી રકાબીની થપ્પીમાંની ઉપલી રકાબીમાં ઢળી. 'થેન્ક યુ.' વૃદ્ધ બોલ્યો. વેઇટર બાટલી કાફેની અંદર લઈ ગયો. ફરી પાછો એ ટેબલ પાસે જઈને પોતાના સાથી જોડે બેઠો.

'હવે એને ચડ્યો છે.' એ બોલ્યો.

'રોજ રાતે એને ચડે છે.'

'એને આપઘાત કેમ કરવો'તો ?'

'હું શી રીતે જાણું ?'

'કેવી રીતે એ આપઘાત કરતો'તો ?'

'ગળે ફાંસો ખાઈને.'

'પછી દોરડું કોણે કાપી નાખ્યું ?'

'એની ભત્રીજીએ.'

'એણે એમ શું કામ કર્યું ?'

'એની સદ્‌ગતિ નહીં થાય એવી બીકથી.'

' કેટલોક પૈસો છે એની પાસે ?'

'પુષ્કળ છે.'

'એને ઍંસી તો થવા આવ્યાં જ હશે.'

'મને તો ઍંસી થઈ ગયાં હોય એમ લાગે છે.'

'એ હવે ઘરભેગો થાય તો સારું. ત્રણ વાગ્યા પહેલાં તો હું કોઈ દી પથારીભેગો થતો જ નથી. એ તે કાંઈ સૂવાનો વખત કહેવાય ?'

'એને અહીંયા ગમે છે એટલે એ રોકાઈ રહે છે.'

'એ એકલવાયો છે. હું એકલવાયો નથી. ઘરે મારી પત્ની પથારીમાં મારી રાહ જોતી હોય છે.'

'એનેય એક દી પત્ની હતી.'

'હવે પત્ની હોય એનાથી એનો ઝાઝો ભલીવાર વળે તેમ નથી.'

'કાંઈ કહેવાય નહીં. પત્ની હોય તો એ વધારે સુખી પણ થાય. '

'એની ભત્રીજી એની સંભાળ રાખે છે.'

'મને ખબર છે. તેં જ તો કહ્યું કે દોરડું એણે કાપી નાખ્યું'તું.'

'એના જેટલા ઘરડા થવાનું મને જરાય મન નથી. બુઢ્ઢા માણસો તો ખૂબ ગંદા.'

'હંમેશાં એવું નથી બનતું. આ બુઢ્ઢો તો ચોખ્ખો છે. પીએ છે ત્યારે ટીપુંયે ઢોળતો નથી. આ ઘડીએ પણ, એને ચડ્યો છે છતાં, જો તો ખરો એની સામે.'

'મારે એની સામે નથી જોવું. એ હવે ઘરભેગો થાય તો સારું. કામ કરનાર લોકોની એને જરાય પડી જ નથી.'

પ્યાલામાંથી મોઢું ઊંચું કરી વૃદ્ધે ચોકમાં નજર કરી ને પછી વેઇટરો તરફ વાળી.

'બીજી એક બ્રેન્ડી,' પ્યાલા સામે આંગળી ચીંધતાં એ બોલ્યો. ઘરે જવા અધીરો બનેલો વેઇટર એની પાસે ગયો.

'ખલાસ,' વાક્યના બીજા અન્વયાર્થ શબ્દો ખાઈ જતાં એ બોલ્યો. પીધેલા લોકો સાથે કે પરદેશીઓ સાથે વાત કરતાં ગમાર લોકો આમ જ કરે છે. 'આજે હવે વધારે નહીં. બસ કરો.'

'બીજી એક,' વૃદ્ધે કહ્યું.

'ના, ખલાસ.' ટુવાલથી વેઇટરે ટેબલની કોર સાફ કરીને માથું ધુણાવ્યું.

વૃદ્ધ ઊભો થયો. ધીમે ધીમે એણે રકાબીઓ ગણી. પોતાના ખીસામાંથી સિક્કા રાખવાની કોથળી કાઢી ને બક્ષિસ લેખે અરધો પેસેતા મૂકીને શરાબના પૈસા ચૂકવ્યા.

વેઇટર એને શેરીમાં જતો જોઈ રહ્યો. એ અત્યંત વૃદ્ધ હતો. ચાલતાં ચાલતાં એ લથડતો હતો, છતાં એની ચાલમાં ગૌરવ નીતરતું હતું.

'તેં એને રોકવા દઈને પીવા કેમ ન દીધું ?' જેને ઘરે જવાની ઉતાવળ હતી એ વેઇટરે પૂછ્યું. બંને શટર્સ ઢાળવા માંડ્યા હતા. 'હજી તો અઢીયે નથી થયા ?'

'મારે તો ઘરે જઈને પથારીભેગા થવું છે.'

'કલાકમાં શું ખાટુંમોળું થઈ જાત ?'

'એને ભલે ન થાત, મારે તો થઈ જ જાત.'

'કલાક તો બધાનો સરખો.'

'તું પોતેય બુઢ્ઢો હોય એમ વાત કરે છે. આવું હોય તો બાટલી ખરીદી લે ને ઘરે જઈને પીએ.'

'એ બંને સરખું નથી.'

'ના, સરખું તો નથી જ. પત્નીવાળા વેઇટરે કબૂલ કર્યું. અન્યાય કરવાનું એને મન નહોતું. એ તો માત્ર ઘરે જવા અધીરો થયો હતો.

'ને તારી વાત કર. રોજ કરતાં ઘરે વહેલો જતાં તને ડર નથી લાગતો ?'

'તારે મારું અપમાન કરવું છે ?'

'ના. ભાઈ, હું તો માત્ર મશ્કરી જ કરું છું.'

'ના,' ઘરે જવા અધીરા બનેલા વેઇટરે ધાતુનું શટર નીચે ખેંચી ઊભા થતાં કહ્યું, 'મને પૂરેપૂરી શ્રદ્ધા છે.'

'તારી પાસે યુવાની છે, શ્રદ્ધા છે ને નોકરી છે.' મોટા વેઇટરે કહ્યું. 'તારી પાસે બધું જ છે.'

'ને તને શેની ખોટ છે ?'

'કામ સિવાય બધાંની.'

'મારા પાસે છે તે બધું જ તારી પાસે પણ છે.'

'ના. મને કોઈ દી શ્રદ્ધા નહોતી ને હવે તો યુવાનીયે નથી.'

'બસ બસ હવે, ગાંડાં કાઢવાનું રહેવા દે ને તાળું માર.'

'મને પણ કાફેમાં મોડે સુધી રોકાવાનું ગમે છે.' મોટા વેઇટરે કહ્યું. 'જેને જેને પથારીભેગા થવાનું મન થતું નથી એ બધાંની સાથે, રાત આખી જેને જેને અંજવાસની જરૂર પડે છે એ બધાંની સાથે.'

'મારે તો ઘરે જઈને પથારીભેગા થવું છે.'

'આપણે બંને જુદી માટીથી ઘડાયા છીએ.' મોટા વેઇટરે કહ્યું. ઘરે જવાનાં કપડાં એણે પહેરી લીધાં હતાં. સવાલ છે માત્ર યુવાનીનો ને શ્રદ્ધાનો; બાકી એ બંને છે ખૂબ મજાનાં. રોજ રાતે તાળું મારતાં હું ખંચકાઉં છું, કદાચ કોકને કાફેની જરૂર પડી તો,'

'પણ રાત આખી ખુલ્લાં રહેતાં હોય એવાં અનેક બોદેગા છે.'

'તું સમજતો નથી. આ કાફે ચોકખું ને ઉલ્લાસભર્યું છે. પૂરેપૂરું અંજવાસ પણ ઘણો મજાનો છે ને વળી, અત્યારે તો પાંદડાંના પડછાયા પણ પડે છે.'

'ગુડ નાઇટ,' નાનો વેઇટર બોલ્યો.

'ગુડ નાઇટ,' મોટાએ કહ્યું. ઇલેક્ટ્રિક લાઇટ બંધ કરીને એણે મનોમન વાત કરવાનું ચાલુ રાખ્યું બેશક, અંજવાસ તો હોવો જ જોઈએ, પરંતુ જગ્યા ચોકખી ને ઉલ્લાસભરી હોય એ પણ એટલું જ અનિવાર્ય છે. સંગીતની જરૂર પડતી નથી. ખરેખર સંગીતની

જરૂર પડતી નથી, ને વળી 'બાર' સામે ગૌરવભેર ઊભા તો રહી જ ન શકાય – આ ટાણે ભલે ને એ સિવાય બીજું કાંઈ જડતું જ ન હોય. એને શેનો ડર લાગ્યો ? ડર કે ત્રાસ તો એ નહોતો જ. એ તો શૂન્ય હતું, એને એ એટલું બધું ઓળખી ગયો હતો. તે બધું જ શૂન્ય હતું ને એ પોતે પણ શૂન્ય હતો. એ કેવળ એ જ હતું, ને એને ખપ હતો કેવળ અંજવાસનો ને અમુક ચોકખાઈ ને વ્યવસ્થાનો, કેટલાંય એમાં જ જીવતાં હતાં ને છતાં ક્યારેય એને સમજી શક્યાં નહોતાં પણ એ ઓળખી ગયો હતો : એ બધું જ નાદા ને કેવળ નાદા ને નાદા ને કેવળ નાદા હતું. નાદામાં રહેલું આપણું નાદા, નાદા હો તારું નામ તારું રાજ્ય નાદા તારો સંકલ્પ હો નાદા નાદામાં. એ જેમ નાદામાં છે તેમ. અમને આપો અ. નાદા અમારું દૈનંદિનીય નાદા ને નાદા અમે અમારું નાદા જેમ અમે નાદા અમારાં નાદા ને નાદા અમને નાદામાં નહીં પણ નાદામાંથી મુક્ત કર; કેવળ નાદા. શૂન્યથી સભર શૂન્યનો જય હો, શૂન્ય છે તારો સાથી. એણે સ્મિત કર્યું ને ચળકતા સ્ટીમ પ્રેસર કોફી મશીનવાળા ઘડા પાસે ઊભો રહ્યો.

'શું આપું તમને ?' ઘડાવાળાએ પૂછયું.

'નાદા.'

'Otro Ioco mas.' ઘડાવાળાએ કહ્યું ને પીઠ ફેરવી ગયો.

'એક નાનો કપ,' વેઈટરે કહ્યું.

ઘડાવાળાએ એને નાનો કપ ભરી દીધો.

'અંજવાસ ઘણો ઉજ્જ્વળ ને ઉલ્લાસભર્યો છે, પણ ઘડો પોલિશ વગરનો છે.' વેઈટર બોલ્યો.

ઘડાવાળાએ એની સામે જોયું પણ જવાબ ન આપ્યો. રાત એટલી વીતી ગઈ હતી કે વાતચીત કરવા જેવો સમય રહ્યો નહોતો.

'બીજો કેપિતા આપું કે ?' ઘડાવાળાએ પૂછયું.

'ના, થેન્ક યુ.' વેઈટર બોલ્યો ને બહાર ચાલી ગયો. એને 'બાર' ને બોદેગા ગમતાં નહોતાં. પણ ચોકખા અંજવાસભર્યા કાફેની તો વાત જ નોખી. હવે લાંબો વિચાર કર્યા વિના એ પોતાને ઘરે પહોંચી જશે. એ પથારીમાં પડ્યો રહેશે ને અંતે પરોઢ થતાં જ એ પોઢી જશે. એ મનોમન બોલ્યો : આખરે તો આ કદાચ કેવળ અનિદ્રા જ હશે. ઘણાંને એ હોવી જોઈએ.

અનુ : કમલેશ પીર

ગામડાનો દાકતર

ફ્રાન્ઝ કાફ્કા

હું ભારે મૂંઝવણમાં પડ્યો હતો; મારે તાબડતોબ એક ખેપ કરવી પડે તેમ હતું; ગંભીર માંદગીમાં પડેલો એક રોગી દસ માઇલ દૂર એક ગામડામાં મારી રાહ જોતો હતો; એની ને મારી વચ્ચેની આખીયે વિશાળ જગ્યામાં બરફનું ગાઢ તોફાન ઠસોઠસ ભરાઈ બેઠું હતું. મારી પાસે એક રેંકડી હતી, મોટાં પૈડાંવાળી હલકી રેંકડી, બરાબર અમારા ગામઠી રસ્તાને જ લાયક; રૂંવાદાર મફલરમાં વીંટળાઈને, મારા હાથમાં મારાં સાધનોની બૅગ પકડીને હું આંગણામાં એ મુસાફરી માટે તદ્દન તૈયાર ઊભો હતો; પરંતુ ક્યાંય ઘોડો મળતો નહોતો, ઘોડો ક્યાં ? મારો પોતાનો ઘોડો રાતે જ મરી ગયો હતો, આ બરફભર્યા શિયાળાના થાકોડાથી એની જાત ઘસાઈ ગઈ હતી; મારી કામવાળી છોકરી અત્યારે ગામમાં ઘેરઘેર એકાદ ઘોડો માંગી લાવવા દોડાદોડ કરતી હતી. પણ એમાં કંઈ વળે એવું નહોતું, એ હું જાણતો હતો, અને એટલે હું ત્યાં હાથ ઘસતો એકલો ઊભો હતો, ને બરફના થર મારા પર વધુ ને વધુ ગાઢાં છવાતાં જતાં હતાં. હાલવાચાલવાનું વધુ ને વધુ અશક્ય થતું જતું હતું. દરવાજે છોકરી દેખાઈ, એકલી, અને એણે લાલટેન હલાવ્યું; અલબત્ત આવે સમે આવી ખેપને માટે ઘોડો તે કોણ આપે ? મેં ફરી એક વાર આંગણામાં લાંબે ડગલે આંટો માર્યો; મને કોઈ બારી દેખાતી નહોતી; મૂંઝારાના માર્યા મેં વરસ આખાના હવડ પડેલા ડુક્કરના ભંડકિયાના ખખડધજ બારણાને લાત લગાવી. બારણું ફટાક ઊઘડી ગયું અને મિજાગરાં પર આમથી તેમ પછડાવા લાગ્યું. અંદરથી ઘોડાનો હોય છે તેવો બાફ ને ગંધ નીકળ્યાં. અંદર એક દોરડા પર ઝાંખું તબેલાનું લાલટેન ઝૂલતું હતું. એક માણસ, એ નીચી જગ્યામાં જેમતેમ અધૂકડો વળી ગયેલો બેઠો હતો. એણે એનું ખુલ્લું ભૂરી આંખોવાળું મોં બતાવ્યું. 'ઘોડા પલાણી દઉં કે ?' એણે હાથેપગે થઈને બહાર આવતાં આવતાં પૂછ્યું. શું કહેવું તેની મને સમજ ન પડી એટલે ફક્ત ભંડકિયામાં બીજું શું શું છે તે હું નીચો નમીને જોવા લાગ્યો. કામવાળી છોકરી મારી બાજુમાં ઊભી હતી. 'તમારા પોતાના ઘરમાં તમને

શું જડશે તે જ તમને કદી ખબર પડતી નથી.' એણે કહ્યું અને અમે બંને હસ્યાં. 'એઈ અલ્યા ભાઈલા, એઈ અલી બેનડી !' સાઇસે બૂમ પાડી, અને બે ઘોડાં, જોમદાર જાંઘોવાળાં બે ધીંગાં જાનવર એકની પાછળ બીજું, એમના પગ એમના ડીલને ચપોચપ ભીડીને, પોતપોતાની મરોડદાર ગરદન ઊંટની જેમ ઝુકાવીને, ફક્ત પૂંઠથી જોર કરીને, એ દર જેવા દરવાજાને ફાટફાટ ભરી દેતાં, બહાર નીકળી આવ્યાં. પણ તરત જ એ ખડા થઈ ગયા. એમના પગ લાંબા હતા અને એમનાં ડીલમાંથી ગોટેગોટા બાફ નીકળતો હતો. 'એને જરા હાથ દે તો.' હું બોલ્યો, અને હોંશથી એ છોકરી સાઇસને ઘોડા પર પલાણ બાંધવામાં હાથ દેવા દોડી. પણ એ હજી એની બાજુમાં પહોંચીયે નહોતી ત્યાં તો સાઇસે એને ઝડપ મારીને જકડી લીધી અને એના મોં પર પોતાના મોંનો ઘસારો કર્યો. છોકરી તો ચીસ નાંખતીકને મારા ભણી ભાગી; એના ગાલ પર દાંતની બે હારનાં લાલ નિશાન તગતગતાં હતાં. 'જંગલી ક્યાંનો,' હું ગુસ્સાથી બરાડી ઊઠ્યો, 'તને ચાબુકે માર ખાવાનું મન થયું લાગે છે, કેમ ?' પણ તે જ પળે મને વિચાર આવ્યો કે એ માણસ તો અજાણ્યો હતો; એ ક્યાંથી આવ્યો તે કાંઈ હું જાણતો નહોતો, અને જ્યારે બીજા બધાએ મને દગો દીધો હતો ત્યારે એ એની સ્વેચ્છાએ મને મુશ્કેલીમાં મદદ કરવા આવ્યો હતો. કેમ જાણે એ મારા વિચારો જાણતો જ હોય, એમ એણે મારી ધમકીથી જરાયે ખોટું ન લગાડ્યું, ઊલટું તે પછીયે ઘોડાનો સાજ કસતો કસતો ફક્ત એક વાર મારા તરફ વળીને એણે નજર કરી. 'બેસી જાઓ,' પછી એ બોલ્યો, અને ખરે જ બધું તૈયાર હતું. હું તો જોઈ રહ્યો, શું પાણીદાર ઘોડાંની જોડી હતી, એવાં ઘોડાંની સવારીમાં આપણે તો ભાઈ કદી બેઠા નહોતા, અને હું હરખાતો હરખાતો રેંકડીમાં ચડ્યો, 'હું તો રોઝની સાથે રહીશ.' 'ના' રોઝે ઘર ભણી દોટ મૂકતાં ચીસ નાંખી. એને વાજબીપણે જ દહેશત લાગતી હતી કે એનું નસીબ ટાળ્યું ટળે તેમ નહોતું; એ બારણે સાંકળો ભીડતી હતી તેનો ખખડાટ મેં સાંભળ્યો; તાળામાં ચાવી ફરતી મેં સાંભળી; ઉપરાંત એણે પ્રવેશખંડમાં બત્તીઓ ઠારી નાંખી અને પછી આગળ ભાગતાં ભાગતાં તમામ ઓરડાઓની બત્તીઓ પણ ઠારતી ગઈ, જેથી પોતે પકડાઈ ન જાય તે પણ હું જોઈ શક્યો. 'તારે મારી સાથે આવવાનું છે.' મેં સાઇસને કહ્યું, 'નહીં તો મારી ખેપ તાકીદની હોવા છતાં હું જવાનો નથી. આ ખેપને ખાતર કાંઈ છોકરી તારે હવાલે કરવાનો મારો વિચાર નથી.' 'હેહેઈ મારા બાપલા !' એણે ઘોડાને લલકાર્યા; હાથથી તાળીઓ પાડી રેંકડી વહેળામાં લાકડું તણાય તેમ ઘૂમરડી ખાતીકને વછૂટી; સાઇસના હલ્લા હેઠળ મારા ઘરનાં બારણાં ફાટ્યાં ને કડડભૂસ થઈ ગયાં એટલું જ ફક્ત હું સાંભળી શક્યો અને પછી તો વાવંટોળના ઘસારાથી હું આંધળો ને બહેરો થઈ ગયો અને ધીરે પણ મક્કમ હાથે એ વંટોળે મારા તમામ ભાનસાનને સુન્ન કરી નાંખ્યાં, પણ આ તો ફક્ત એકાદી પળ પૂરતું, કારણ, કેમ જાણે મારા દરદીની વાડી મારા ઝાંપાને લગોલગ જ આવેલી હોય તેમ હું ક્યારનોય એને ત્યાં પહોંચી પણ ચૂક્યો હતો; ઘોડાં ચુપચાપ ખડાં રહી ગયાં હતાં; વાવાઝોડું શમી ગયું હતું; ચોતરફ ચાંદની હતી. મારા દરદીનાં માબાપ ઝટપટ

ઘરમાંથી બહાર આવી લાગ્યાં; એની બહેન એમની પાછળ હતી. મને રેંકડીમાંથી લગભગ તેડીને જ ઉતારી લેવામાં આવ્યો; એમના ગોટાળિયા ઉદ્‌ગારોમાંથી હું એકે શબ્દ પકડી ન શક્યો; દરદીના ઓરડાની હવા મહાપરાણે શ્વાસ લેવાય તેવી ભારે ભારે હતી, ઉવેખાયેલી અંગીઠી ધુમાતી હતી; મને એકાદ બારી ખોલી નાંખવાનું મન થતું હતું; પણ પહેલાં મારે મારા દરદીને જોવો જ રહ્યો. કંતાઈ ગયેલા, તાવ વિનાના, નહીં ટાઢા, નહીં હૂંફાળાં, સૂનમૂન આંખોવાળા, ખમીસ વિનાના, એ જવાન માણસે પોતાના ડીલને પીંછાની પથારીમાંથી ઊંચું કર્યું, એના હાથ મારા ગળાની આસપાસ નાંખ્યા અને મારા કાનમાં કહ્યું, 'દાક્તર, મને મરવા દો.' મેં ઓરડા ફરતી નજર નાંખી; કોઈએ એ સાંભળ્યું નહોતું; માબાપ મૂંગાંમૂંગાં આગળ ઝૂકીને મારા ચુકાદાને સાંભળવાની રાહ જોતાં હતાં; બહેને મારી હેન્ડબૅગને માટે એક ખુરશી ગોઠવી હતી; મેં બેગ ખોલી અને મારાં સાધનોમાં ખાંખાંખોળાં કરવા માંડ્યાં. જવાન માણસ મને એની વિનવણીની યાદ દેવડાવવા માટે મારાં કપડાંને બાચકાં ભરતો રહ્યો; મેં એક ચીપિયો કાઢ્યો અને મીણબત્તીને અજવાળે એને તપાસીને પાછો હેઠે મૂકી દીધો. 'હા,' મેં નાસ્તિકની જેમ વિચાર્યું, 'આવા પ્રસંગે દેવો વહારે ધાયા છે, ખૂટતો ઘોડો તો મોકલી જ આપે છે ને ઉપરથી તાકીદનો ખ્યાલ કરીને બીજો એક વધારાનોયે મોકલી આપે છે, અને સોનામાં સુગંધની જેમ સાઇસ પણ –' અને છેક તે વખતે મને પાછી રોઝ સાંભરી; હું શું કરું, એને કેમ કરીને છોડાવું, પેલા દુષ્ટ સાઇસની ચૂડમાંથી દસ માઇલ દૂર રહ્યા તે એને કેમ કરીને ખેંચી કાઢું, ને તેય પાછું મારાં આ બે ઘોડાંની જોડીને આધારે, જે મારા કબજામાં જરાયે ન મળે. આ ઘોડાં, તે જ વખતે, કોઈક રીતે પલાણ ને લગામમાંથી સરકી આવ્યાં હતાં અને, ખબર નહીં શી રીતે પણ બહારથી એમણે બારીઓને ધકેલીને ઉઘાડી નાંખી હતી; બંનેએ એકએક બારીમાંથી માથું ઓરડામાં ખોસ્યું હતું અને એ ચમકી ગયેલા કુટુંબની ચીસાચીસથી પેટનું પાણીયે હાલવા દીધા સિવાય, નિરાંતે દરદી પર આંખો માંડીને ઊભાં હતાં. 'તરત જ પાછા જતા રહેવું એ જ બહેતર છે.' મારા મનમાં વિચાર આવ્યો, કેમ જાણે એ ઘોડાં મને પાછા ફરવા માટે બોલાવવા ન આવ્યા હોય છતાં હું તાપથી અસ્વસ્થ થઈ ગયો છું એમ ધારીને દરદીની બહેન મારો રૂંવાદાર કોટ ઉતારી લેવા આવી તેને મેં તે લેવા દીધો. મારે માટે 'રમ'નો એક ગ્લાસ ભરવામાં આવ્યો. ડોસાએ મારો ખભો થાબડ્યો, એનો અમૂલ્ય શરાબ એ મને પીરસતો હતો. તેનાથી આમ ખભો થાબડવા જેટલી એની આત્મીયતાને સધિયારો મળતો હતો. મેં માથું હલાવ્યું; ડોસાના દિમાગની સાંકડી દીવાલો વચ્ચે મારો જીવ ગૂંગળાયો. પીણું લેવાની મેં ના પાડી તે એ એક જ કારણે. મા પથારી પાસે જ પડી હતી ને મને પણ આગ્રહથી તે તરફ ખેંચતી હતી; હું પલળ્યો અને એક ઘોડો છત તરફ મોં કરીને હણહણતો હતો ત્યારે મેં એ જવાન માણસની છાતી પર કાન માંડ્યાં, એની છાતી મારી ભીની દાઢી હેઠળ કાંપી ઊઠી. હું જે ક્યારનોય જાણતો હતો તે જ મેં પાકેપાયે કહ્યું : જવાન તદ્દન સાજો નરવો હતો, એના રક્તાભિસરણમાં સહેજ કસર હતી, એની દીકરાઘેલી માએ આગ્રહ

ફરી કરીને કોફી પિવડાવી પિવડાવીને એનાં લોહીને તરબતર કરી નાંખેલું એટલે, પણ આમ તો એની તબિયત સાવ તગડી હતી અને એને તો એક ધક્કો મારતાક ને પથારીમાંથી બહાર કાઢવો એ જ સહુથી સારો ઇલાજ હતો. હું કાંઈ દુનિયાને સુધારવા નીકળેલો માણસ નહોતો એટલે મેં મારી ફરજ છેલ્લી હદ સુધી બજાવી, ને તે એટલી હદે કે બહુ વધુ પડતી થઈ ગઈ. મારી આમદાની કંગાલ હતી અને છતાં હું ગરીબો તરફ ઉદારતાભર્યું અને મદદરૂપ વલણ રાખતો. મારે હજી રોઝની સલામતી અંકે કરી લેવાની બાકી હતી, અને આજુબાજુ આ જવાનિયો એનું મન ફાવે તો ભલે ને પડ્યો રહે અને મનેય મરવા દે. આ આરા કે ઓવારા વિનાના શિયાળામાં હું તે અહીં શી જખ મારતો હતો ! મારો ઘોડો તો મરી પરવાર્યો હતો, અને ગામ આખામાંથી એકેય જણ મને બીજો ઘોડો ધીરવા તૈયાર નહોતું એટલે મારે મારા ડુક્કરખાનામાંથી જોડી કાઢવી પડી. એ જો નસીબ જોગે ઘોડાં ન હોત તો મારે ડુક્કર જોડીનેય ખેપ કરવી પડત. મારી આવી દશા હતી. અને મેં એ કુટુંબ તરફ માથું હલાવ્યું. એમને આ બધાની કશી ગતાગમ નહોતી, અને ખબર હોત તો પણ કંઈ એ એને સાચું માનત નહીં. દવાઓ લખી આપવી એ તો સહેલું છે, પણ લોકો સાથે સમજૂતી લેવી અઘરી છે. ઠીક તો, મારી મુલાકાત હવે એટલેથી જ પૂરી થતી, ફરી એકવાર મને વગર કારણનો ધક્કો લોકોએ ખવડાવ્યો, મને એય કોઠે પડ્યું હતું, આ આખા તાલુકાએ રાતે ઘંટડી વગાડી વગાડીને મારી જિંદગીને ત્રાસરૂપ બનાવી મૂકી હતી, પણ આ વખતે મારે રોઝનો પણ ભોગ આપવો પડે એ તો બહુ વધુ પડતું કહેવાય. એ ફૂટડી છોકરી મારા ઘરમાં મારું ધ્યાન પણ ખેંચ્યા વિના વરસો થયાં રહેતી હતી ને એને આમ જતી કરવી એ તો બહુ મોટો ત્યાગ કહેવાય, અને એટલે મારે મારી ખોપરી ખપાવીને બધી અક્કલ એકઠી કરીને કંઈકે પટ્ટી પાડ્યે જ છૂટકો. આ કુટુંબ પર પિ ાો ખસી ન જાય તે સાચવવું જ રહ્યું, કારણ એમ કરવાથી તો કોઈ કાળેય રોઝ પાછી મને હાથ લાગે નહીં, પણ મેં મારી બૅગ બંધ કરી અને મારો હાથ મારો રૂંવાદાર કોટ લેવા લંબાવ્યો તે વખતે એ કુટુંબ એકજથે ખડું થઈ ગયું હતું. બાપ એના હાથમાં ઝાલેલા રમના પ્યાલાનો સૂંઘતો હતો, મા દેખીતી રીતે જ મારાથી નાસીપાસ થઈને – પણ શીદને લોકો એવી બધી તે આશા રાખી બેસે છે ? – એના હોઠ કરડતી હતી ને એની આંખોમાં આંસુ ઊભરાતાં હતાં, બહેન એક લોહીખરડ્યો હાથરૂમાલ ફરકાવતી હતી એટલે હું કોક રીતેય શરતી સ્વીકાર કરવા તૈયાર હતો કે છેવટે જવાનિયો કદાચ માંદો હોય પણ ખરો. હું એના તરફ ગયો. કેમ જાણે એને ઉત્તમ પૌષ્ટિક ખોરાક આપવા જતો હોઉં એમ એણે મારા તરફ મોં મલકાવ્યું – અરે, હવે તો બંને ઘોડાં સામટાં હણહણવા મંડ્યાં હતાં; હું ધારું છું કે એ ઘોંઘાટ મને મારા રોગીની પરીક્ષામાં મદદ કરવા માટે જ સ્વર્ગમાંથી ખાસ મોકલવામાં આવ્યો હશે – અને આ વખતે મેં જોયું કે ખરેખર જ જવાનિયો બિમાર હતો. એ ગુલાબ જેવો લાલ હતો, કિનારી પાસે આછો હતો, પોચાં દાણાદાર એ ચાંદામાં ક્યાંક લોહીના ગાંઠા જામેલા હતા. અને સપાટી પરની ખાણની જેમ વ્રણ ઉજાસ માટે ખુલ્લો હતો. પણ એ આવો

દેખાતો હતો તે તો જાણે આઘેથી. નજીકથી તપાસતાં બીજી એક ગડબડ પણ જણાતી હતી. મારા મોંમાંથી એક સિસકારી સરી પડી. મારી ટચકી આંગળી જેવડી ઇયળો તેય ગુલાબ જેવી લાલ અને એય લોહીના ટશિયાવાળી વ્રણના અંદરના ભાગમાંથી ઉપર ઉપર અજવાળા તરફ આવવા સળવળતી હતી. એમનાં ઝીણાં માથાં ધોળાં હતાં. બિચારો જવાનિયો, એને હવે કશી જ સહાય કરવાનો સમય વીતી ચૂક્યો હતો. મેં એનો મહાન વ્રણ શોઢી કાઢ્યો હતો. એના પડખામાં ખીલેલું આ ચાંદું એનો નાશ કરી રહ્યું હતું. કુટુંબ હવે ખુશ હતું, એમણે મને કામમાં પરોવાયેલો જોયો; બહેને માને કહ્યું, માએ બાપને અને બાપે અંદર આવતા કેટલાય મહેમાનોને કહ્યું. મહેમાનો ચાંદનીમાં થઈને ખુલ્લા દરવાજામાંથી પગના આંગળા પર ચાલતા ને હાથ પહોળા કરીને સમતોલપણું સાચવતાં આવતાં હતાં. 'તમે મને બચાવશો ?' જવાનિયો ડૂસકું ખાતો બોલ્યો. એના ઘામાં જીવ જોઈને એની આંખે સાવ અંધારાં આવી ગયાં હતાં. આવા છે મારા પ્રદેશના લોકો, કાયમ દાક્તર પાસેથી અશક્યની આશા રાખે છે. એમણે એમની જૂનવાણી આસ્થાઓ ગુમાવી દીધી છે; પાદરી તો એના ઝભ્ભાની કરચળીઓ સરખી કરતો ઘેર બેઠો હોય છે, પણ દાક્તરે તો એની દયાની છરી હાથમાં લઈને નસ્તર મૂકવા સર્વવ્યાપી થઈને રહેવું જોઈએ એમ મનાય છે. બહુ સારું. એમને ગમ્યું તે સાચું; મેં કાંઈ મારી સેવાઓ એમને માથે મારી નથી; એ લોકો જો પવિત્ર ઉદ્દેશો માટે મારો દુરુપયોગ કરે છે, તો મારી તે દશાયે થવા દઉં છું; આથી બહેતર બીજા શેની હું આશાયે રાખું ? હું તો જૂનો ને જાણીતો ગામડાનો દાક્તર રહ્યો, ને મારી કામવાળી છોકરીયે હું તો ખોઈ બેઠો છું ! અને એટલે એ લોક આવ્યાં, કુટુંબના લોકો અને ગામના મોવડીઓ, અને એમણે મારા અંગ પરથી કપડાં કાઢી નાંખ્યાં; નિશાળિયાઓનું એક સરઘસ શિક્ષકની આગેવાની હેઠળ ઘર આગળ ખડું થઈ ગયું અને સાવ સાદા ઢાળમાં આવું ગીત ગાવા લાગ્યું :

> કપડાં એનાં કાઢી લો તો સાજાં આપણને કરશે,
> ને ના કરે તો ઠાર મારો !

પછી મારાં કપડાં ઊપડી ગયાં અને હું લોકો સામે ચૂપચાપ જોઈ રહ્યો. મારાં આંગળાં મારી દાઢીમાં પરોવીને અને મારું માથું એક બાજુ વાંકું રાખીને બસ જોઈ રહ્યો. હું તદ્દન સ્વસ્થ હતો અને જે કાંઈ આવી પડે તેને માટે તૈયાર હતો. છેલ્લે બાકી મારે માટે કશો ઉગારો તો નહોતો જ. કારણ એમણે હવે મને ભીંતની પાસે સુવાડ્યો, પેલા વ્રણને પડખે. પછી એ લોકો બધાએ ઓરડામાંથી જતા રહ્યા; બારણું બંધ થયું; ગીત બંધ થયું. વાદળાંથી ચાંદો ઢંકાઈ ગયો; મારી આસપાસ પથારી હૂંફાળી લાગતી હતી; ઉઘાડી બારીઓમાંથી ઘોડાંનાં માથાં પડછાયાની જેમ હાલતાં હતાં. 'તને ખબર છે,' મારા કાન પર એક અવાજ અથડાયો, 'મને તારા પર બહુ થોડો વિશ્વાસ છે. કેમ વળી, તું તો અહીં વંટોળિયે ઊડીને આવી પડ્યો એટલે આવ્યો, તું કાંઈ તારા પોતાના પગે ચાલીને નથી આવ્યો. મને મદદ કરવાને બદલે તું તો ઊલટો મારી મરણપથારીમાં ભીડ કરવા માંડ્યો છે. મારું ચાલે તો

નારા ડોળા જ ખેંચી કાઢું.' 'ખરું છે', મેં કહ્યું. 'બહુ શરમની વાત છે. અને તોય હું પાછો ડાક્તર છું. હું કરુંયે શું ? મારું માન, મારે માટેય આ કંઈ બહુ સહેલું તો નથી જ.' 'મારે તારી આવી માફામાફીથી જ મન વાળવું જોઈએ એવી તું આશા રાખ'છ ? શું થાય, મન વાળવું જ રહ્યું. મારું એમાં ચાલેય શું ? મારે કાયમ બધું વેઠી લેવું પડે છે. મેં આ દુનિયામાં કાંઈ ઉપજાવ્યું તો તે ફક્ત આ મઝાનું ઘારું; બસ એટલી જ મારી દેણ છે.' 'જવાન દોસ્ત,' હું બોલ્યો, 'તારી ભૂલ એ છે કે તારો દૃષ્ટિકોણ પૂરતો વિશાળ નથી. હું તમામ રોગીના ખાટલા જોઈ વળ્યો છું, અને એવો હું તને કહું છું કે તારું ઘારું કાંઈ બહુ ખરાબ નથી. આમતેમ ચસકાય નહીં તેવા સાંકડા ખૂણામાં કુહાડીના બે ટચકાથી થઈ જાય. ઘણાય જણ પોતે થઈને પડખું ધરે છે અને જંગલમાં કુહાડીના ટચકાયે માંડ સાંભળી શકે છે. જેટલા નજીક આવે તેટલા ઓછા સંભળાય.' ખરેખર એવું જ છે ને, કે પછી તું મને તાવમાં ધોળે દા'ડે તારા દેખાડે છે ?' 'ના, ખરેખર જ એવું છે, હું એક સ ાાવાર ડાક્તર તરીકે મારા ઇમાનના કસમ ખાઈને કહું છું.' એણે એ વાત માની લીધી અને ચુપચુપ પડી રહ્યો. પણ હવે તો મારે નાસી છૂટવાનો લાગ શોધવાનો મારો વારો હતો. ઘોડાં હજીય એમણે ઠેકાણે વફાદારીપૂર્વક ખડાં હતાં. મારાં કપડાં, મારો રૂંવાદાર કોટ, મારી બેગ વગેરે ચપચપ ભેગાં થઈ ગયાં; કપડાં પહેરવામાં વખત બગાડવાની મારી ઇચ્છા નહોતી; ઘોડાં જેવાં આવ્યાં હતાં તેવાં જ પૂરપાટ જો ઘરભણી દોડ્યાં તો તો આ ખેપ મારે મન આ પથારીમાંથી મારી પોતાની પથારીમાં સીધો ઠેકડો મારવા બરાબર જ થવાની. આજ્ઞાંકિતપણે એક ઘોડો બારીમાંથી પાછો હટી ગયો; મેં મારું પોટલું રેંકડીમાં ફેંક્યું; રૂંવાદાર કોટ નિશાન ચૂકી ગયો અને બાંયથી એક ખીલામાં ભરાઈ ગયો. કાંઈ વાંધો નહીં. હું છલાંગ મારીને એ ઘોડા પર ચડી બેઠો. લગામ નીચે ઘસડાતી હતી, એક ઘોડો સમ ખાવા પૂરતો બીજા સાથે પલાણેલો હતો, રેંકડી પાછળ આમતેમ ડોલતી હતી, મારો રૂંવાદાર કોટ છેક છેવાડે બરફ પર ઘસડાતો હતો. 'હેહેઈ મારા બાપલા !' મેં ઘોડાને પડકાર્યા, પણ એમણે કાંઈ પવનવેગી દોટ કાઢે નહીં; ધીમે ધીમે, ઘરડાખખ માણસની જેમ અમારો સંઘ બરફીલા મેદાનમાં ગોકળગાયની ગતિએ ચાલવા માંડ્યો લાંબો લચક વખત અમારી પાછળ બાળકોનાં એક નવાં પણ ખોટાં ગીતના પડઘા પાડી રહ્યો :

હસો હસો ઓ માંદા લોકો
દાક્તરને નાંખ્યો છે દેખો
પથારીમાં તમ પડખે હો !

આ ઝડપે હું કોકાળે ઘેર નહીં પહોંચું; મારો ધીકતો ધંધો ધૂળમાં મળી ગયો; મારો ઉત્તરાધિકારી મને લૂંટી રહ્યો છે, પણ અમસ્તો જ, કારણ એ કાંઈ મારી જગ્યા લઈ શકે તેમ નથી; મારા ઘરમાં પેલો ગંધાતો સાઈસ ડાટ વાળી રહ્યો છે; રોઝ એનો શિકાર છે; મારે એ વાતનો હવે વિચાર જ નથી કરવો. નવસ્ત્રો કોઈ પણ જમાના કરતાં વધારે દુખિયારા આ જમાનાનાં હિમથી ઢૂંઢવાતો, આ દુનિયાની પાર્થિવ રેંકડીમાં કોઈ બીજી જ દુનિયાનાં

અપાર્થિવ ઘોડાંઓને પનારે પડેલો હું પાછો બુઢ્ઢો માણસ, તે આ માર્ગ ભૂલીને આડોઅવળો અટવાઉં છું. મારો રૂંવાદાર કોટ રેકંડીની પાછળ લટકે છે, પણ મારા હાથ એને પહોંચી શકતા નથી, અને મારા તકવાદી દરદીઓનાં ટોળાં મને મદદ કરવા માટે આંગળી સરખીયે ઊંચી કરતા નથી. દગો ! દગો ! હું છેતરાયેલો જીવ છું. રાતવેળાની ઘંટડીની એક જુઠ્ઠી ધા સાંભળીને એક વાર જવાબ વાળ્યો કે ખલાસ – એ ભૂલ કદી સુધરવાની નહીં, કોઈ કાળેય નહીં.

અનુ. પ્રબોધ ચોક્સી

એક પ્રવચન

જેઇમ્સ પર્ડી

સજ્જનો અને સન્નારીઓ, તમારા કાન પર મારો અધિકાર છે એનું તમને ભાન હોવું જ જોઈએ; નહીં તો તમે અહીં, મારી સામે બેસો શા સારું ? તમે કશું બોલશો નહીં, હું બોલીશ. તમે આ પહેલાં પણ અહીં બેઠાં છો ને બીજા માણસોએ, કે કેટલેક પ્રસંગે સ્ત્રીઓએ જે કહ્યું છે તે સાંભળ્યું છે. એની એ વાતો ફરી તમને કહેવાનો મારો ઇરાદો નથી. તમે બધાં તમારી નાવણીનાં એકાન્તમાં છો એમ માની લઈને હું આગળ વધીશ. તમારું મનોરંજન કરવા માટે મને અહીં બોલાવવામાં નથી આવ્યો. તમે જો અત્યારે અહીં નહિ હોત તો બીજે ક્યાંક તમારું મન બહેલાવી શક્યાં હોત, પણ તમે અહીં છો એ હકીકતનો કંઈક અર્થ છે. (મારા અહીં હોવાની હકીકતનો ઉલ્લેખ મારે નથી કરવો.) તમે અને હું મૈત્રીના વાતાવરણમાં એકત્રિત થયાં છીએ એવો ભ્રમ આપણામાંનું કોઈ સેવતું નથી. હું શું કહું છું તે સાંભળીને મારી ટીકા કરવાને તમે ટાંપી રહ્યાં છો. હું તમારામાંના થોડાંકને અરધાંપરધાં જોઈ શકું છું, ને બાકીનાંને (કદાચ જોવા ઇચ્છતો હોઉં છતાં) જોઈ શક્તો નથી. તમારામાંનાં કેટલાંક તોછડાં છો. તમારામાં ઘણાં ઘરડાં છો ને સાદાં સીધાં છો. બીજા કેટલાક મેં જે પ્રવચન કરવા ધાર્યું છે તેને લાયક નથી. આપણે બધાં જ આ બધું જાણીએ છીએ. જેમાં થઈને હું તમારા પર નજર નાંખું છું એ હવામાં એનો અણસાર છે. ને છતાં, આપણે આ ચાલુ રાખવાનું ચે એવું આપણને સૌને લાગે છે. તમે તમારાં દીવાનખાનાં અને નાવણીનાં સુખસગવડ છોડીને અહીં આવ્યાં છો. હું અહીં આવ્યો છું, કારણ કે હું વક્તા છું, ને આવ્યા વિના મારો છૂટકો જ નો'તો. આપણામાંનાં કોઈને આથી સુખ થયું નથી, આપણામાંનું કોઈ પોતાને જે સ્થળે હોવાનું રુચ્યું હોત તે સ્થાને નથી. અત્યારે તમે જે સ્થાને છો તેનાથી વધારે સારી બીજી જગ્યા હોવી જ જોઈએ એવું તમારામાંનાં ઘણાંને લાગે છે. ક્યાંક દાળમાં કશુંક કાળું છે એવું બધાંને લાગે છે. જો થોડુંક વધુ જાણતાં હોત કે કંઈક વધુ કરી શક્યાં હોત તો અત્યારે ક્યાંક બીજે જ હોત એવું તમારામાંનાં

સૌને થાય છે. પણ હકીકત એ છે કે એમ માનવામાં તમારી ભૂલ થાય છે.

આ હું, તમારાં બધાં પર નજર નાંખ્યા પછી કહું છું. તમારી વાત ખોટી છે, ને એ હકીકતમાં મારાથી રજમાત્ર ફેરફાર થઈ શકે એમ નથી. તમે અવતર્યાં છો જ ખોટી રીતે, ને તે દિવસથી બધી રીતે વધુ ને વધુ બગડતાં જાવ છો. ખરું કહું તો તમારે માટે કશી આશા નથી. કદી હતી પણ નહીં. તમે કદી અવતર્યાં ન હોત તોય તમારે માટે કશી આશા રહી ન હોત. તમે અવતરો કે ન અવતરો — તમારી સ્થિતિમાં એથી કશો ફેર પડતો નથી. ને છતાં તમે અવતર્યાં છો, અહીં પધાર્યાં છો, અત્યારે અહીં છો, ને આ બધું નર્યું નિરર્થક છે, કારણ કે આથી બીજી સારી જગ્યા તમારે માટે છે એ તમે સૌ જાણો છો. ને એથી જ તો આ બધી આફત છે.

તમારે તમારું અહીં હોવાપણું જ સ્વીકારવું નથી. તમે મનેય સ્વીકારવા નથી માગતાં. છતાં, આ સંજોગોમાં કેવળ હું જ તમને પ્રાપ્ય છું, ને તેમ છતાં તમે મને તરછોડો છો. શા સારું ? — વારું, શા સારું તે હું તમને કહું છું. એટલા સારું કે તમે અત્યારે જે ખુરશી પર બેઠાં છો ને જે છો તેથી વધુ સારે સ્થાને કે વધુ સારા તમે હોઈ શકવાનાં નથી. તમે જે ખુરશી પર છો તેનેય તમારા બેસવાથી તમે દીપાવી શક્યા છો એવું નથી. આ પરિસ્થિતિમાં આવી પડ્યા પછી તમારે હાથે કશું સુધર્યું નથી. અલબત્ત, તમે તમારી સ્થિતિ સુધારવાનો પ્રયત્ન કર્યો છે કે તમારી સાથે સંકળાયેલી વસ્તુને સુધારવાનો પ્રયત્ન કર્યો છે ખરો, પણ આખરે તો તમારે હાથે બધું વણસી જ ગયું છે; તમે અવતર્યાં હતાં તેના કરતાં આ વિશાળ સભાગૃહમાં આવ્યા તેના કરતાં વધુ ને વધુ નિકૃષ્ટ જ બનતાં ગયાં છો.

ટૂંકમાં, હું આ પહેલાં કહી ગયો તેમ, તમારે માટે કશી આશા નથી. તમે ખરાબ દશામાં છો ને વધુ ને વધુ ખરાબ થતાં જાવ છો. વધુ દુઃખની વાત તો એ છે કે અવદશાની હદ આવી ગઈ છે ને હવે તો એક ડગલુંય આગળ જઈ શકાય એવું રહ્યું નથી એવું તમને લાગશે ત્યાર પછીય એથી વધુ ખરાબ થવાનો માર્ગ તો રહેવાનો જ છે. કલ્પનામાં ન આવે એવી ભયંકર પરિસ્થિતિ ઊભી થઈ ચૂકે ને એને પરિણામે આત્મહત્યા સિવાય બીજો કશો માર્ગ રહ્યો નથી એવું તમને લાગે તોય છુટકારાની આશા તમારે રાખવાની નથી. કારણ કે આત્મહત્યા એ કાંઈ એનો ઉકેલ નથી. મર્યા પછી તો વળી જ્યાંથી છોડ્યું ત્યાંથી ફરી શરૂ કરવું પડશે ને તેય વધુ ખરાબ રીતે સ્તો !

તેમ છતાં તમે અહીં બેઠાં છો ને ખાલ ઉતારી લીધેલા દેડકાની જેમ મારી સામે તાકી રહ્યાં છો, જેનું મરી પરવારેલું મગજ એના આંચકી ખાતા પગને હજી સંદેશા મોકલ્યા કરતું હોય છે. તમે સાંભળતાં સાંભળતાં આંચકી ખાવ છો, પણ તમને કશું સંભળાતું નથી. તમે કદી કશું સાંભળ્યું જ નથી.

હવે તમે મારી પાસે સંદેશની આશા રાખો છો. આ વ્યાખ્યાનનો ઉકેલ ક્યારે આવશે તેની રાહ જુઓ છો. તમને થાય છે : ‘ અત્યાર સુધી એણે જે કહ્યું તે તો ભયંકર હતું, પણ હવે એનો સારો ભાગ, અર્થવાળો ભાગ આવશે.’ સજ્જનો અને સન્નારીઓ, હું

કહું છું તે સાંભળો. મારી પાસે એવો કશો સારો ભાગ છે જ નહીં. મારો એકમાત્ર સંદેશ - જો એને સંદેશ કહી શકાતો હોય તો એ છે કે મારે તમને કશો સંદેશ આપવાનો નથી. આજે રાતે આ સભાગૃહમાં મને સાંભળવા આવીને તમે ભારે ભૂલ કરી છે; જો કે અહીં ન આવ્યાં હોત ને બીજું ગમે તે કર્યું હોત તોય તમે ભૂલ તો કરી જ હોત, કારણ કે ભૂલ કરવા સિવાય બીજો કશો વિકલ્પ તમારે માટે છે જ નહીં. તમારી પાસે કશી યોજના છે જ નહીં...તમે ક્યાંક જઈ રહ્યાં છો, કારણ કે તમને એમ લાગે છે કે તમારે ક્યાંક જવું જોઈએ......એ જ તમે કરી રહ્યાં છો, તો પછી તમે ભૂલ નહીં કરો તો બીજું શું કરવાનાં હતાં, વારુ ? તમે કંઈક કરી રહ્યાં છો. ને એ કાર્ય સિવાય તમારી પાસે બીજું કશું કરવાનું સાધન નથી. આથી વ્યાખ્યાનો ને પુસ્તકો સિવાય તમારે માટે ઊગરવાનો બીજો આરો નથી. એય બીજું કાર્ય જ થયું ને ! તમારું આવી બન્યું છે, કારણ કે તમે હમેશાં તમે જે છો તેથી જુદાં થવાને મથ્યા કરો છો ને એમ કરવા જતાં જ તમે જેવાં હતાં તેવાં ને તેવાં રહેવાનું ચાલુ રાખો છો, આ સિવાય બીજો વિકલ્પ જ તમારે માટે નથી. ચીરેલા દેડકાના દયામણે ચહેરે તમે મને અત્યારે સાંભળી રહ્યાં છો. કારણ કે તમને મારા શબ્દો સમજાતા નથી. એ પ્રયત્ન કરવો જ છોડી દો, મારાં વ્હાલાં શ્રોતાઓ. જીવવાનો પ્રયત્ન કર્યા વિના જીવવાનું શીખો. ખુરશીની પીઠને અઢેલીને આરામથી બેસો ને હવાને તમારી સાથે સ્વચ્છંદે વર્તવા દો. જ્યાં એના સતત ભેજને તમે ટાળવા મથો છો ત્યાં એને ગલગલિયાં કરવા દો. એને પાછી પાની કરવા દેશો નહીં. વસ્તુઓને યથેચ્છ રીતે વર્તવા દો. મારા વ્યાખ્યાનથી સુધરી જવાનો પ્રયત્ન કરશો નહીં, કારણ કે કશું તમને સુધારી શકે એમ નથી. તમે જેનો સામનો કરીને ટકી રહ્યા છો તેને શરણે થઈ જાવ, તો કદાચ તમારે બધાંની સાથે ઢસડાઈને આગળ ખેંચાવું નહીં પડે, ને મને ખબર છે કે તમને આગળ જવાનો કેટલો કંટાળો આવે છે. શું મને એની ખબર નથી ?

તમે દીવાલ પરના રાક્ષસી ઘડિયાળ તરફ નજર કરવા માંડ્યાં છો. એનો અર્થ એ કે આથી વધારે તમે આજે ખમી શકો એમ નથી. મને તમારી પ્રત્યે દયા કે સહાનુભૂતિ થતાં નથી, ને છતાં થાય છે પણ ખરાં, કારણ કે હું આગળ કહી ગયો તેમ તમારું આ સ્થાન નથી. આ કોઈનું સ્થાન નથી. તમારું અહીં આવવું એ એક ભૂલ જ છે, હું પોતે પણ એક ભૂલ જ છું, તો મારું અહીં આવવું સફળ નીવડે જ શી રીતે ? ને છતાં એક અર્થમાં એ સફળ નીવડ્યું છે, સજ્જનો અને સન્નારીઓ, કારણ કે મેં કોઈ ખાસ વ્યાખ્યાન તૈયાર કર્યું નથી ને તમને જે કહી રહ્યો છું તે વિશે મેં કશો પહેલેથી વિચાર કર્યો નથી. એમ કરવાનો કશો અર્થ નથી તે હું જાણતો જ હતો. તમારા ચહેરાઓ જોયા ત્યારથી જ હું તો સમજી ગયો હતો કે તમે તો તમારી નાવણીમાં કે રસોડામાં તમારી જાત સાથે જ એકલાં એકલાં બોલતાં હો છો તેટલું જ સાંભળો છો. ગમે તેમ બધું જાણ્યું છે ને જે થઈ ચૂક્યું છે તેને સુધારવાનો પ્રયત્ન તમે કરતાં રહ્યાં છો. આથી જ તો તમે લાચારી ભોગવો છો.

તમે મારું કહ્યું નહીં સાંભળો એ આશાએ જ હું આજે અહીં બોલ્યો છું, કારણ કે જો તમે નહીં સાંભળો તો તમને એટલો બધો કંટાળો નહીં આવે ને હું પણ તમારાથી કંટાળું નહીં. પણ તમે તો અહીં તલ્લીન થઈને કે પછી એથી ઊંઘી જ દશામાં અહીં બેઠાં છો — માનવદેડકાઓ પાસેથી તો એવી જ આશા રાખવાની હોય ને ! તમને જોઈને મને ભારે જુગુપ્સા થાય છે, ને એ બદલ હું તમારો આભાર માનું.છું, કારણ કે અત્યંત જુગુપ્સાજનક બનીને તમે તન્તુને ચાલુ રાખવામાં મદદ કરી છે, ને કોઈ વ્યાખ્યાતા એથી વિશેષ શેની અપેક્ષા રાખે ? હું બોલતો હતો એ દરમિયાન તમે ભાનમાં આવી ગયા હોત તો ? તો તો આખી દુનિયા જ બદલાઈ ગઈ હોત. તમે બધાં જીવવા માંડ્યાં હોત. પણ આ જગતનો સ્વભાવ એ છે કે એ ચાલ્યા કરે છે. તેમ ઇતિહાસને – શાશ્વત ભૂલને — છેહ દીધો નથી. તમે એને સાથે લઈને ચાલ્યાં છો, તમારી જાતને **ચાલુ રાખીને**.

ને તેથી તો હું તમને કહું છું, હે ફિક્કાં છતાં લોહિયાળ દેડકાંઓ, તમારે માટે રજમાત્ર આશા નથી, ને હું કે કંઈ બોલ્યો છું તેનો સારાંશ પણ એટલો જ છે કે તમે કશી આશા રાખશો નહીં. તમે જેના વડે જીતી શકો એવું તમારી પાસે કશું નથી. તમારી ઊપસી આવેલી આંખો ને મોઢાં સર્વનાશની યાચના કરી રહ્યાં છે તે હું જોઈ શકું છું. તો મારે તમને કહેવાનું શું રહે છે ? આ સાંજે તમે સતત તમારો વાસી ઉચ્છ્વાસ મારા મોઢા આગળ કાઢ્યા કર્યો છે તે હું તમને પાછો વાળું છું; વાયુમોક્ષ કરીને નહીં, (એથી તો તમે ફુલાઈ જશો) પણ હવાને બદલે હવા પાછી વાળીને. ને હું તમારો આભાર માનું છું. આ હું ખરેખર કહું છું. સજ્જનો અને સન્નારીઓ, હું તમારો સૌનો આભાર માનું છું. મને મારા કામમાં મજા પડે છે, જો કે હું જાણું છું કે તમને એમાં મજા પડતી નથી એવી કોઈ આશા પણ રાખતું નથી; ને મારી મજા જો તમારે માટે સાચી ઠરે તો તમે દુઃખી થઈ જાવ. તો હવે અલવિદા, અથવા વદાય, કારણ કે આપણે ફરી મળીશું. એમાંથી તો કાંઈ છુટકારો થવાનો નથી. તેથી જ તો આપણે એકબીજાને આવા જુગુપ્સાજનક, અત્યન્ત જુગુપ્સાજનક, લાગીએ છીએ. જીવન અમર છે. એના અંડકોષ અસંખ્ય હોય છે; સ્પર્શ થતાંની સાથે જ એઓ અસ્તિત્વમાં આવે છે; ને તેથી હું સાચી લાગણીથી કહું છું : તથાસ્તુ ! જ્યારે બની શકે ત્યારે આવજો, હું તો હમેશાં અહીં છું જ. વદાય ત્યારે, ને છતાં વદાય શી રીતે કહેવાય ?

અનુ. સુરેશ જોષી

સિન્સી

લુઈજી પિરાન્દેલો

બંધ બારણા આગળ કૂતરો એના પાછલા પગ પર ધીરજથી બેઠો હતો અને બારણું ઊઘડવાની રાહ જોતો હતો. થોડી થોડી વારે એ પંજો ઊંચો કરતો અને પગ લંબાવતો; અને વારંવાર ધીમો ઊંકાર એના મોંમાંથી બહાર આવતો હતો.

સિન્સી નિશાળેથી પાછો આવ્યો. એણે ચોપડીઓ બાંધીને ખભા પર ભેરવી હતી. કૂતરાને હજી પણ શેરીમાં બેસી રહેલો એણે જોયો. ધીરજપૂર્વક રાહ જોવાની આ ક્રિયાથી છોકરો ખિજાયો. એણે કૂતરાને અડબોથ લગાવી. પછી બારણાને લાત લગાવી. એ જાણતો હતો કે બારણા પર તાળું લગાવેલું હતું અને ઘરે કોઈ હતું નહીં. છેલ્લે, ચોપડીઓને એણે બારણા તરફ ફગાવી. એને જાણે કે એમ હતું કે ચોપડીઓ બારણા સોંસરવી ઘરમાં પેસી જશે અને અંદર ભોંય પર પડશે. પણ તે તો એણે જેટલા બળપૂર્વક ફેંકી હતી તેટલા જ બળથી એના તરફ ઊડતી ઊડતી પાછી આવી. પછી તો રમતમાં ત્રણ જણાં ભેગાં થયાં હોવાથી — સિન્સી, બારણું અને ચોપડીઓ — કૂતરાને પણ રમવાનું મન થયું. દરેક પ્રત્યાઘાતે એણે ભસવા માંડ્યું.

લોકો જોવા માટે થંભ્યાં. છોકરમત અને કૂતરાના મિજાજ તરફ એમાંના કેટલાક હસ્યા તો કેટલાંક કીમતી ચોપડીઓની આ દશા થતી જોઈને ચિડાયાં. રમતથી સિન્સી થોડી વારમાં કંટાળ્યો. ચોપડીઓને એણે ભોંય પર મૂકી દીધી. અને બરડાને ભીંત સાથે ઘસતાં ઘસતાં એણે પોતાના શરીરને બેસવાની સ્થિતિમાં નીચે નમાવ્યું. એણે તો ચોપડીઓ પર બેસવાનો વિચાર કર્યો હતો. પણ તે તો એની નીચેથી સરી પડી અને પોતે ભોંય પર આવી પડ્યો. એને જોઈને કૂતરો વળી પાછો કૂદીને આવતો હતો ત્યારે એણે મૂર્ખાઈભર્યું સ્મિત કરીને ચારે બાજુ જોયું. જે કાંઈ તોફાન-મસ્તી સિન્સીના મગજમાંથી પસાર થઈ ગયાં તે એના છાપરું ઢાંકવાના સુકાયેલા ઘાસના રંગના વાળ અને એની ચમકતી લીલી આંખોમાંથી સ્પષ્ટ દેખાયાં. એ વિચિત્ર, અનાડી અને તરવરતી ઉંમરે હતો. બપોર પછી

એ નિશાળે ગયો ત્યારે ત્યાં જ પોતાનો રૂમાલ ભૂલીને આવ્યો હતો અને એથી અત્યારે નાક નીંછકતો ભોંય પર બેઠો હતો. એના પગ ખુલ્લા હતા કારણ કે હજી પણ તે ટૂંકી ચડ્ડીઓ જ પહેરતો હતો; જો કે એમને માટે તો હવે એ ઘણો મોટો થઈ ગયો હતો. એના ખરબચડા ઘૂંટણ એના ચહેરાની સપાટી સુધી લગભગ ઊંચા કરીને એ બેઠો હતો, કોઈ પણ પ્રકારના બૂટ એની પહેરવાની રીતને સહન કરી શકે નહીં. એક વખત પહેર્યા કે ખલાસ થયા જ છે !

એ કંટાળ્યો હતો. આ બધું કર્યા પછીયે એ કંટાળ્યો હતો. ઘૂંટણોને એણે બાથ ભિડાવી. ખૂંખાર્યો; અને વળી પાછો ભીંતને બરડો ઘસતો ઘસતો એ ઊભો થયો. ફોકસ કૂદ્યો, ધાર્યા પ્રમાણે હવે આપણે ક્યાં જઈશું ? ગ્રામ્ય વિસ્તારમાં એક લટાર મારીએ. અંજીર કે સફરજન કદાચ મળી આવે. સિન્સીનું હજી કંઈ નક્કી નહોતું. એણે અનિચ્છાએ ચોપડીઓ બાંધી અને ખભે નાખી.

પથ્થર જડેલી શેરી એના ઘર પછવાડે પૂરી થતી હતી અને ત્યાંથી ધૂળિયો રસ્તો શરૂ થતો હતો. એ ગ્રામ્ય વિસ્તાર તરફ ઊંડે ને ઊંડે લઈ જતો હતો. તેમ ઘોડાગાડીમાં ફરવા નીકળ્યાં હો, ઘોડાના ડાબલાનો અને પૈડાંનો અવાજ પથ્થર જડેલા રસ્તા પરથી આવતો હોય અને એ ત્યાંથી સુંવાળા શાંત ધૂળિયા રસ્તા પર સરે ત્યારે કેવો આશ્ચર્યજનક અનુભવ થાય ! એ જાણે કે કંઈક અંશે એના જેવું લાગે, કે શિક્ષક ચિડાઈને બરાબર ગરમ થયા હોય અને એકાએક શાંત મૃદુ અવાજે ફરી પાછા બોલવા લાગે અને શિક્ષકનો ભય ઓછો થઈ જતો હોય ! તમારે જો ખુલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પ્રવેશવું હોય તો એ ધૂળિયા રસ્તાની આજુબાજુ ચોંટેલાં પરાંઓનાં છેલ્લાં મકાનો વટાવીને શહેર બહાર આવેલા એક ચોરસ મેદાનમાં રસ્તો પહોળો થાય છે ત્યાં સુધી આવવું પડે. એક નવી ઇસ્પિતાલ ત્યાં હમણાં બાંધવામાં આવી છે. એની ધોળેલી સફેદ દીવાલો હજી તો એટલી તાજી અને ચળકતી રહી છે કે સૂર્યના પ્રકાશમાં એ તમને આંજી નાખે.

જૂની ઇસ્પિતાલમાંથી થોડા વખત પર જ બધાં દરદીઓને એમ્બ્યુલન્સ અને સ્ટ્રેચરમાં નાખીને અહીં ખસેડવામાં આવ્યાં એ તો જાણે એક પરેડનું દૃશ્ય બની ગયું હતું. સૌ પહેલાં નાના બારીઓમાં ફરકતા પરદાઓવાળી એમ્બ્યુલન્સકારની હાર; અને પછી ઝૂલા જેવી સ્ટ્રેચરોમાં લવાતી શય્યાઓ.

સિન્સી અને એનો કૂતરો મેદાન સુધી પહોંચ્યા ત્યારે તો ખાસ્સો સમય વીતી ગયો હતો. સૂર્ય આથમ્યો હતો. અને સુધરતી જતી હાલતવાળાં રાત્રિનો ભૂખરો પોષાક અને સફેદ ટોપી પહેરેલાં દરદીઓ હવે તો મોટી બારીઓમાંથી સામે ખંડેર બની ગયેલાં કેટલાંક મકાનોનાં ઝૂમખાં અને થોડાંક વેરણછેરણ વૃક્ષો વચ્ચે ઊભેલા જૂના દેવળ તરફ ગમગીનીપૂર્વક જોઈ રહેવા ડોકાતાં પણ નહોતાં.

સિન્સી અટક્યો, અનિશ્ચિત, અને વાડના સળિયાનો ટેકો લઈને ઝૂક્યો. ઘણી બધી ન સમજાતી વસ્તુઓને કારણે એનું હૃદય કટુતાભરી ઝણઝણાટીથી ભરાઈ ગયું હતું. સૌ

પ્રથમ તો એની મા. એ કેવી રીતે જીવે અને શેના પર જીવે ? એનું તો ઠેકાણું હતું નહિ. અને છોકરાને નિશાળે મોકલવાનો આગ્રહ રાખે – કેટલી બધી દૂર હતી એ દુષ્ટ નિશાળ ! સમયસર પહોંચવા માટે એને રોજ ઓછામાં ઓછું અડધો કલાક દોડવું પડતું; અને બપોરે આવવું પડતું અને થોડાક કોળિયા ઉતારીને વળી પાછું દોડતા જવું પડતું. મા તો કહેતી કે એ રખડેલ થઈ ગયો હતો અને કૂતરા સાથે રમીને સમય બગાડતો હતો. હમેશાં એ ઠપકો દીધા કરતી : ભણતો નથી, ગંદો રહે છે, કંઈક લેવા મોકલીએ તો છેતરાઈને આવે છે, વાસી ખોરાક ઘરે પાછો લાવે છે.....

ફોકસ ક્યાં હતો ?

સિન્સી કંઈ નિર્ણય લે તેની એ ગરીબ બિચારો કૂતરો રાહ જોતો હતો. એની પાસેથી શેની અપેક્ષા રાખવામાં આવતી હતી તે એ હંમેશાં જાણતો હતો : માલિકને અનુસરો ! સિન્સીને કશુંક કરવું હતું. પણ એ જ પ્રશ્ન મૂંઝવતો હતો – શું કરવું તે પોતે જાણતો નહોતો. એની મા દિવસના સમયે સદ્‌ગૃહસ્થોના ઘરોમાં સીવણકામ કરવા જતી એટલું જ તે જાણવા પામ્યો હતો. પણ જાય ત્યારે બીજું કંઈ નહિ તોયે ઘરની ચાવી તો એને આપી જાય ને ! પણ ના. એ કહેતી કે એનો વિશ્વાસ ન આવે; અને નિશાળેથી એ પાછો ફરે તે દરમ્યાન પોતે ઘરે ન આવી જાય તો થોડા વખતમાં તો આવી જ પહોંચે, અને એટલી તો રાહ સિન્સીથી જોઈ શકાય. ક્યાં ? બારણા આગળ ? કેટલીક વખત તો એણે બબ્બે કલાક ઠંડીમાં અને વરસતા વરસાદમાં પણ રાહ જોઈ છે. પછી કશાનો આશ્રય ન લેતાં એ જાણી કરીને નેવાં પડતાં હોય ત્યાં એક ખૂણા પર જઈને ઊભો રહેતો અને ભીંજાઈને થરથરતો. અંતે એ દેખાતી, કોઈની માગી આણેલી છત્રી લઈને એના હોશકોશ ઊડી ગયા હોય, ચપળ અને તેજીલી આંખો ધારણ કરતું મોં ધગધગતું હોય. એ એટલી તો બેચેન થઈ જતી કે પર્સમાંથી ચાવીને બાંધેલી દોરી પણ એ શોધી શકતી નહીં.

'તું તો ભીંજાઈ ગયો છે ! થોડીક ધીરજ રાખ. મારાથી મોડું થઈ ગયું !'

ટેકરી પર ચડતાં ચડતાં સિન્સી સમસમી ઊઠ્યો, આવી બધી વસ્તુઓ વિશે વિચારવાનું એને ગમતું નહોતું – દા. ત. એનો પિતા. એણે એના બાપને કદીય ઓળખ્યો નહોતો. એ જ્યારે નાનો હતો ત્યારે એને કહેવામાં આવેલું કે એના જન્મ પહેલાં જ એનો બાપ મરી ગયો હતો. પણ કોઈએ એ નહીં કહેલું કે એનો બાપ કોણ હતો, અને હવે એને પૂછવાની કે એ શોધી કાઢવાની તો એને દરકાર પણ નહોતી. એ, પેલો પડી રહેતો, આખા જમણા અંગે લકવાથી રહી ગયેલો અને રંગમહેલ સુધી પોતાની જાતને ઘસડી જતો, હાથેપગે સડી ગયેલો, ભિખારી જ ન હોય, એને ક્યાં પડી હતી ? ફોક્સ ઊંચે ગરદને એના તરફ ભસવા લાગ્યો.

પેલી ટોળે વળીને વર્તુળાકારે ઊભી રહેલી સ્ત્રીઓ – આગળથી ભારેખમ. પણ ગર્ભવતી નહીં. હાં, એમાંની એક તે હોઈ શકે –પોતાના સ્કર્ટને આગળથી જરા ઠીક

કરતી અને પાછળથી થોડુંક નીચું કરતી. પેલી બીજી – હાથમાં નાનકડું છોકરું. બ્લાઉઝમાં જાણે ખોવાઈ જતું હોય. ઓહ ! કેવા માંસના લોચા ! એની પોતાની મા તો સુંદર હતી, હજી જુવાન અને પાતળી, એ નાનો હતો ત્યારે એની માએ પણ એને કદાચ ગામડાના ઘરમાં કે સૂર્યનાં કિરણોવાળી પરસાળમાં છાતીસરસો ચાંપીને ઊછેર્યો હતો. એ નાનો હતો તે વખતનું ગામડાનું એક ઘર એને ઝાંખું ઝાંખું યાદ આવ્યું – એણે એ કદાચ સ્વપ્નમાં કે બીજે ક્યાંક જોયું હોય તોયે કોને ખબર ? સાંજ પડી અને તેલના દીવા પેટ્યા. એ વખતે દીવો એક રૂમમાંથી બીજી રૂમમાં લઈ જવાતો હોય અને પછીથી બારીમાં પ્રકાશવા માટે આગળની બારીમાંથી પ્રકાશ લુપ્ત થતો હોય, ત્યારે કોઈને એવું લાગે કે પડછાયો આ ગામડાનાં ઘરોને કોઈક અસ્પષ્ટતામાં સંગોપી રહ્યો છે.

ચોરસ મેદાનની પેલી બાજુએ રસ્તો એક ટેકરી પાસે થઈને ગ્રામ્ય વિસ્તાર તરફ ચાલ્યો જતો હતો. એણે ઊંચે જોયું અને આકાશનો વિશાળ પટ એને દેખાયો. અસ્ત થતા સૂર્યનાં છેલ્લાં કિરણો દેખાતાં બંધ થયાં હતાં અને ઝાંખી થયેલી ટેકરી પાછળ કુમળો ભૂરો રંગ છવાયો હતો. સાંજના ઓળા ઇસ્પિતાલની ભીંતોના શ્વેત ચળકાટને ઝાંખો કરી નાખતા પૃથ્વી પર પથરાયા.

નાનકડા દેવળમાં પ્રાર્થના માટે એક વૃદ્ધા ઉતાવળે જતી હતી. સિન્સીએ ત્યાં જવા મનમાં વિચાર્યું. ફોક્સ ઊભો રહી ગયો. એ જાણતો હતો કે દેવળોમાં એને પ્રવેશવા દેવામાં આવતો નહોતો. પ્રવેશદ્વાર પાસે પેલી ઠીક ઠીક મોડી પડેલી વૃદ્ધા ચામડાના ભારે પરદાને ઊંચકવામાં શ્રમ પડવાથી હાંફતી હતી અને કશુંક બબડતી હતી. સિન્સીએ એને પરદો ખસેડી આપ્યો. પણ આભાર માનવાને બદલે ઊલટાની એ તો ચિડાઈ. એને ગંધ આવી ગઈ હતી કે એ કંઈ પ્રાર્થના માટે આવ્યો નહોતો. આ નાના સરખા દેવળમાં ગુફા જેવી ઠંડક હતી. મુખ્ય વેદી પર બે દીવીઓ બળી રહી હતી અને અહીંતહીં થોડા રડ્યાખડ્યા દીવા ઝબૂકતા હતા. વેધક વિષણ્ણતામાં યુગોની ધૂળ લાગી હતી. અવાજ થતાં જ ફૂટી નીકળવા માટે તૈયાર એવા પડઘાઓ ગમગીન શાંતિમાં ઝળુંબી રહ્યા હતા. શ્રદ્ધાળુ વૃદ્ધાની આજુબાજુ પોતાની જાણીતી જગાએ બીજી સ્ત્રીઓ બેઠકોમાં ગોઠવાયેલી હતી. ઓચિંતી બૂમ પાડીને એમને ગભરાટમાં ઊભી કરી દેવાનું સિન્સીને મન થયું. બૂમ તો નહીં કદાચ, પણ જાણે કે આકસ્મિક રીતે થયું હોય તેમ આ ચોપડીઓ નીચે નાખી દઈએ તો કેવું ? હં. એ જ બરાબર. એણે ચોપડીઓને પડવા દીધી અને એના આશ્ચર્ય વચ્ચે પડઘાઓ ઘૂઘવતા અને ફંગોળાતા એની તરફ કૂદી આવ્યા. પડઘાઓ પાડવાનો આ પ્રયોગ સિન્સીએ ફરી ફરીને કર્યો. બિચારી વૃદ્ધાઓની ધીરજને હવે વધારે સંતાપવાની જરૂર નહોતી. દેવળમાંથી એ બહાર નીકળી આવ્યો, અને એની સાથે ટેકરી ચડવા માટે તૈયાર થઈને ઊભેલા ફોક્સને એણે જોયો, કોઈક ફળને બચકું ભરવાની અને કોઈ નાની વંડી પરથી ઠેકડો મારીને ઝાંખાં વૃક્ષોમાં રઝળવાની એને ઇચ્છા થઈ આવી હતી.પણ આ ઇચ્છા ભૂખને કારણે થઈ આવી હતી કે કશુંક તો કરવું જોઈએ એવા ખ્યાલથી જન્મી હતી, એ તે નક્કી કરી શક્યો નહીં.

ગ્રામ્ય વિસ્તારનો ઊભા ચઢાવવાળો રસ્તો ઉજ્જડ હતો. પસાર થતાં ગધેડાંની ખરીઓથી એના પથરા હાલી ગયા હતા અને ગબડતા હતા. બૂટથી ઠેબું મારીને સિન્સીએ થોડાક પથ્થરોને હવામાં ઉડાડ્યા. બન્ને બાજુના ઢોળાવો લાંબી હરિયાળીથી ઢંકાઈ ગયા હતા, અને ચાવતાં ચાવતાં ચાલ્યા જવાની મજા પડે એવાં ફળવાળાં ઓટવૃક્ષો પાંદડાંની ઘટાથી ઝૂકી રહ્યાં હતાં. નાની ડાંખળીઓ ભેગી મળીને નીચી નમીને લટકતી, જાણે તમારા હાથમાં પાત્ર આવ્યું ! જો તે કોઈની તરફ ફેંકવામાં આવે, તો એના પર જેટલાં ઓટ વળગી રહે તેટલાં તેનાં ભાવિ વહુ કે વર હશે એનું સૂચન થતું. સિન્સીએ ફોકસ પર આ અજમાવી જોવાનું વિચાર્યું ! સાત બૈરી, ઓછી નહીં ! જો કે બધાં જ ફળ ફોકસનાં રૂંછડાંમાં ભરાઈ ગયાં હતાં, પણ એ તો ન ગણાય. ફોકસ, મૂરખ જેવો આંખો બંધ કરીને ઊભો હતો. સાત બૈરીનો બોજો પીઠ પર લાદવાની આ મજાકની એને શી ગમ પડે !

ક્યાંય પણ આગળ જવાનું સિન્સીને મન થયું નહિ. એ થાકી ગયો હતો અને પહેલાં જેટલો જ કંટાળેલો હતો. એ રસ્તાની ડાબી બાજુએ ગયો અને દીવાલ પર બેસી પડ્યો. ત્યાંથી એણે નવા ચંદ્ર તરફ જોયા કર્યું. એનો ફિક્કો સુવર્ણ રંગ આકાશના ચહેરાઈ ગયેલા લીલા રંગમાં પ્રકાશવાની તૈયારી કરતો હતો. એણે એને જોયો અને ન જોયો — મગજમાંથી સરી જતી વસ્તુઓ પેઠે, એક પછી એક, અને પછી બધી જ એનાં શાંત બેઠેલા શરીરથી દૂર દૂર પાછી હઠી જતી હતી. એને એનું ભાન નહોતું, જો એણે એનો પોતાનો હાથ એના ઢીંચણ પર મૂક્યો હોત કે ધૂળિયા કડક બૂટ પહેરેલા નીચે લટકતા પગને અડકાડ્યો હોત તો એ હાથ એને કોઈક બીજી અજાણી વ્યક્તિનો લાગ્યો હોત. એ હવે એના શરીરમાં નહોતો રહ્યો. એ તો હવે એણે જોયેલી અને ન જોયેલી એવી અનેક વસ્તુઓમાં ભળી ગયો હતો. આંધળું થતું જતું આકાશ, ચળકવા માંડતો ચંદ્ર, પાતળી હવામાં જાણે કે લટકતાં પેલાં ઝાંખાં વૃક્ષોની ઘટા, તાજી, હમણાં જ ખેડેલી, ને હજી તો ગયા ઓક્ટોબરના પ્રકાશિત દિવસો પછીની ભીનાશવાળી ગંધ વેરતી કાળી જમીન...

એ એકાએક આ ખોવાઈ જવાની સ્થિતિમાંથી જાગ્યો અને એક હાથ એણે કાન તરફ ઊંચો કર્યો. દીવાલની પાછળથી એક ખંધું આછું હાસ્ય આવ્યું. ખેતરોની હદ બાંધતી આ દીવાલ પાછળ સિન્સીની જ ઉંમરનો ગામડાનો એક છોકરો સંતાઈ રહ્યો હતો. એણે પણ ઓટની એક ડાંખળી તોડી હતી અને એને ગાળો વાળીને એ ગુપચુપ સિન્સીના કાનમાં સરકાવતો હતો. સિન્સી જેવો પેલી તરફ ફર્યો કે તરત જ પેલા છોકરાએ એને ચૂપ રહેવા નિશાની કરી. એણે પછી ડાંખળીને દીવાલના બે પથ્થરોની વચ્ચે ડોકું કાઢેલી પડેલી ગરોળીના માથા તરફ ફેરવી. આ છોકરો એક કલાકથી એને જીવતી પકડવા પ્રયત્ન કરતો હતો. એ જોવા માટે સિન્સી કુતૂહલથી ઝૂક્યો. કશું જાણ્યા સિવાય ગરોડીએ પોતાનું માથું પેલા ડાંખળીના ગાળામાં સરકવા દીધું, પણ પકડાય એટલી હદે નહીં, હજી માથું થોડુંક વધુ આગળ આવવું જોઈએ, અને જો ડાંખળી ઝાલનારો હાથ જરા ધ્રૂજે અને ગરોળીને ભય પમાડે તો તો એ છટકી પણ જાય ! બરાબર છે. પણ જરા થોભો ! હવે તો એ સહેલું

છે ! અણીના સમયે એક ઠેલો લગાવી આપવાનો, એટલું જ એક સેકન્ડનું જ કામ, હં ! ગરોળી ઓટની ડાંખળીના છેડા તરફ માછલીની માફક ધસી આવી.

સિન્સી કુતૂહલથી દીવાલ પરથી નીચે કૂદ્યો. પણ પેલો છોકરો જે ડાંખળી પકડીને ઊભો હતો એને ભય લાગ્યો કે આ હવે મારી પાસેથી ગરોળી પડાવી લેવાનો. એથી એણે હવામાં એનો હાથ કેટલીક વાર ફંગોળ્યો અને નકામા ઘાસમાં પડેલા એક મોટા પથ્થર ઉપર એણે ગરોળીને પટકી.

'ના !' સિન્સી બરાડી ઊઠયો. પણ એને તો ઘણું મોડું થઈ ગયું હતું.

પથ્થર પર ગરોળી નિશ્ચેષ્ટ થઈને પડી રહી, સફેદ પેટ પ્રકાશમાં ચળકતું હતું. સિન્સીને ગુસ્સો ચડ્યો. એને પણ પકડાયેલી જીવતી ગરોળી જોવી હતી. આપણા બધાંયમાં રહેલી શિકારીની સ્વાભાવિક વૃત્તિના બળે. પણ એને આ રીતે મારી નાખવી – નાનકડી ચંચળ આંખોને સૌ પ્રથમ જોયા સિવાય, એને છેલ્લી તાણ આવે ત્યાં સુધી એનું નિરીક્ષણ કર્યા સિવાય, એના અમળાતા પગ, એના લીલા શરીર પરથી પસાર થતાં કમકમાં – એ બધું જોયા સિવાય ? – ના, એ તો મૂરખાઈભર્યું અને શરમજનક હતું ! સિન્સી પેલા છોકરા તરફ ધસ્યો અને હતું એટલું બળ એકઠું કરીને એણે એની છાતીમાં મુક્કો માર્યો, એ પડી ગયો. ધૂંઆપૂંઆ થતો એ ઊભો થયો અને બાજુના જ ચાસમાંથી ધૂળ લાવીને એણે સિન્સીના મોં પર નાખવા માંડી. મોંમાં પેસી ગયેલા ધૂળના સ્વાદથી સિન્સી વધુ ચિડાયો. એણે ઢેફું લીધું અને ફેંક્યું. લડાઈ વધી પડી. ગામડાનો છોકરો ચપળ હતો અને એનું ધ્યેય નક્કી હતું. ધૂળ ઉડાડતો ઉડાડતો એ આગળ ને આગળ વધતો હતો. એનાથી ઘા નહોતો પડતો પણ એ કરાની પેઠે સિન્સીની છાતી પર, એના મોં પર અને વાળમાં, અરે એના કાનમાં ને બૂટમાંય વરસતી હતી. પોતાની જાતનું રક્ષણ કરવા અશક્તિમાન સિન્સી ધૂંધવાઈ ને દીવાલ પરથી પથ્થર લેવા માટે હાથ ઊંચો કરીને કૂદ્યો. કશુંક ત્યાંથી સરકી ગયું – એ ફોકસ હતો ?

એણે પથ્થર ફેંક્યો અને એકાએક જ્યાં પહેલાં એની આંખોમાં વાગતી રેતી ઊડતી હતી, ત્યાં હવે કશું જ નહોતું – વૃક્ષોની ઘટા, પાતળો બંકિમ ચંદ્ર – એ જાણે કે એવું બન્યું કે સમય પોતે જ ભૂમિ પર ચત્તા પડેલા છોકરાને જોઈને સ્તબ્ધ થઈને થંભી ગયો.

હજી એ હાંફતો હતો, એનું હૃદય ધડકતું હતું. ભય એને ઘેરી વળ્યો હતો, ને ચંદ્ર - ધવલ ગ્રામ્ય વિસ્તારની ન માની શકાય એવી રેશમી પથારીમાં દીવાલને લગતો એ પડ્યો હતો. સિન્સીએ વળી પાછો પોતાને માનવીના શાશ્વત એકાંતમાં જોયો, જેમાંથી તો એને નાસી છૂટવું હતું. એણે એ કર્યું નહોતું ! એમ કરવાનું એણે વિચાર્યું પણ નહોતું. એને વિશે એ કંઈ જાણતો પણ નહોતો ! પછી, જાણે કે ખરેખર કોઈ અન્ય વ્યક્તિ માત્ર કુતૂહલથી ખેંચાતી હોય તેમ, એણે એક ડગલું ભર્યું, પછી બીજું ભર્યું અને જોવા માટે નીચો નમ્યો. છોકરાનું માથું જોરથી અફળાયું હતું, એના ખુલ્લા મોંમાંથી હજી લોહી જમીન પર ટપકતું હતું. એના સુતરાઉ મોજાં અને પેન્ટની બાંય વચ્ચે પગનો ભાગ દેખાતો

હતો. એ એવો દેખાતો હતો કે જાણે હમેશનો મરેલો જ હોય, આ તો એક સ્વપ્ન જેવું હતું. ગરોળી પથ્થર પર એનું પેટ ઊંચું કરીને પડી હતી અને ડાંખળીનો ગાળો હજી એના ગળામાં હતો. સિન્સીને ભાન થયું કે એણે ઊભા થઈ જવું જોઈએ અને ચાલ્યા જવું જોઈએ. એણે ત્વરાથી દીવાલ ઉલ્લંઘી, ચોપડીઓનું બંડલ ઊંચકી લીધું અને ચાલવા માંડ્યું. ફોક્સ એને અનુસર્યો, હંમેશની જેમ.

ટેકરી ઊતરતા, પાછાં ફરતાં, જેમ જેમ અંતર કપાતું ગયું તેમ તેમ સિન્સીને ધરપત થતી ગઈ કે હવે ઉતાવળ કરવાની જરૂર નથી. ખુલ્લા મેદાન સુધી તે પહોંચી ગયો. ચંદ્ર અહીંયા પણ પ્રકાશ્યો હતો, પણ આ તો બીજો ચંદ્ર હતો, ગાફેલ, જે ઇસ્પિતાલની સફેદ દીવાલોને ચળકાવતો હતો.

હવે ફરી પાછા પરાંમાં થઈને પસાર થતા રસ્તે, ઘર તરફ. અલબત્ત, એની મા હજી પાછી ફરી નહોતી; એ તો અહીં માત્ર એની રાહ જોતો રોકાયો હતો. અને આ — એની મા માટે જે હતું તે — એને માટે પણ સત્ય બની ગયું. સાચે જ બારણા પાસે દીવાલ પર ખભા ટેકવીને એ ઊભો રહ્યો, પહેલાંની પેઠે જ.

એટલું પૂરતું હતું કે એ ત્યાં હતો, રાહ જોતો.

અનુ. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

બુઢ્ઢો

અર્નેસ્ટ હેમિંગ્વે

લોખંડની દાંડીના ચશ્માં પહેરેલો ધૂળિયાં કપડાંવાળો એક બુઢ્ઢો રસ્તાની બાજુએ બેઠો હતો. નદી ઉપર તરાપાઓનો પુલ બનાવ્યો હતો અને એના પર થઈને ગાડાં, ટ્રક, સ્ત્રીઓ, પુરુષો તથા બાળકો નદી ઓળંગીને જઈ રહ્યાં હતાં. ખચ્ચર જોડેલાં ગાડાં કાંઠાના ચઢાણ આગળ અટકી પડતાં હતાં. એનાં પૈડાંના આરા ઝાલીને ઉપર ચઢાવવામાં સૈનિકો મદદ કરતા હતા. એ બધાંમાંથી રસ્તો કાઢીને ટ્રક આગળ વધતી હતી અને ખેડૂતો ઘૂંટી જેટલા ધૂળના થરમાં માંડમાંડ પગલાં ભરતાં આગળ વધતા હતા. પણ એ બુઢ્ઢો તો હાલ્યાચાલ્યા વિના રસ્તાની બાજુએ એમનો એમ બેસી રહ્યો હતો. એ એટલો તો થાકી ગયો હતો કે એનાથી એક ડગલું પણ ભરી શકાય એમ નહોતું.

પુલ ઓળંગીને એના આગળના છેડાની સંરક્ષણની વ્યવસ્થા કેવી છે અને દુશ્મનો કેટલે સુધી આગળ વધ્યા છે તે તપાસવાની કામગીરી મારે ભાગે આવી હતી. એ કામગીરી બજાવીને પુલ ઓળંગીને હું પાછો આવ્યો. હવે એટલાં બધાં ગાડાં દેખાતાં નહોતાં ને પગપાળા જતાં માણસો પણ જૂજ જ રહ્યાં હતાં, પણ પેલો બુઢ્ઢો તો હજી ત્યાં, એમનો એમ બેસી રહ્યો હતો.

'ક્યાંથી આવો છો, દાદા ?' મેં એને પૂછ્યું.

'સાન કાર્લોસથી.' એણે જવાબ વાળ્યો ને એ હસ્યો.

સાન કાર્લોસ એનું વતન હતું, આથી એનું નામ દેતાં એને ખુશી થતી હતી. તેથી એના મોઢા પર સ્મિત ફરકી ગયું.

'હું પ્રાણીઓની દેખભાળ કરતો હતો.' એણે ખુલાસો કર્યો.

'ઓહ !' મેં કહ્યું. મને એની વાત બરાબર સમજાઈ નહોતી.

'હા.' એણે કહ્યું. 'હું પ્રાણીઓની દેખભાળ કરવા રોકાઈ ગયો હતો. સાનકાર્લોસ છોડનાર હું છેલ્લો હતો.'

એ ગોવાળ કે ભરવાડ જેવો તો લાગતો નહોતો. મેં એનાં કાળાં ધૂળિયાં કપડાં ને એના ભૂખરા ધૂળિયા ચહેરા તથા લોખંડની દાંડીવાળા ચશ્માં તરફ જોયું ને કહ્યું :

'પ્રાણીઓમાં શું શું હતું ?'

'જાતજાતનાં પ્રાણી હતાં, ' એણે કહ્યું ને પછી માથું ધુણાવીને બોલ્યો. 'મારે એમને મૂકીને આવવું પડ્યું.'

હું પુલ તરફ નજર નાંખીને આફ્રિકાના જેવા લાગતા એબ્રાના ત્રિકોણિયા પ્રદેશને જોઈ રહ્યો હતો. હવે દુશ્મનોને અહીં આવી પહોંચતાં કેટલી વાર લાગશે તેની મનમાં અટકળ કરતો હતો અને આ દરમિયાન બધો વખત કાન માંડીને દુશ્મનો સાથે સંપર્ક સાધી આપતા એ ભેદભર્યા પ્રથમ સૂચક અવાજને સાંભળવા તત્પર થઈને બેઠો હતો. બુઢ્ઢો ત્યાંનો ત્યાં એમનો એમ બેસી રહ્યો હતો.

'પ્રાણીઓમાં શું શું હતું ?' મેં પૂછ્યું.

'બધું મળીને ત્રણ પ્રાણી હતાં.' એણે ખુલાસો કર્યો, 'બે બકરીઓ હતી ને એક બિલાડી હતી, પારેવાંની ચાર જોડી હતી.'

'તમારે એમને છોડીને આવવું પડ્યું ?' મેં પૂછ્યું.

'હા, તોપમારાને લીધે સ્તો. તોપમારો થવાનો છે, માટે કેપ્ટને મને ચાલ્યા જવાનું કહ્યું.'

'તે તમારે કોઈ સગુંવહાલું નથી ?' પુલને છેડે છેલ્લાં પસાર થઈ રહેલાં ગાડાં પુલ ઓળંગીને ઉતાવળે કાંઠાનો ચઢાવ ચઢી રહ્યાં હતાં તેના તરફ નજર નાખતાં મેં પૂછ્યું.

'ના.' એણે કહ્યું, 'આ મેં ગણાવ્યાં તે પ્રાણી ને હું. બિલાડીને તો જાણે વાંધો નહીં આવે. બિલાડી તો પોતાની કાળજી લઈ શકે, પણ બીજાંઓનું શું થશે તેનો ખ્યાલ હું કરી શકતો નથી.'

'તમે કોની પડખે છો ?' મેં પૂછ્યું.

'હું તો કોઈની પડખે નથી.' એણે કહ્યું. 'મને છોતેર થયાં છે ને હું બાર કિલોમિટર ચાલીને આવ્યો છું, ને હવે આગળ જવાય એમ લાગતું નથી.'

'વિસામો ખાવાને માટે આ સારું સ્થળ નથી.' મેં કહ્યું, 'જો થોડું ચાલી નાંખો તો આગળ, તોર્તોસાનો રસ્તો ફંટાય છે ત્યાં ટ્રક મળશે.

'હું થોડી વાર થાક ખાઈશ.' એણે કહ્યું, 'અને પછી જઈશ. એ ટ્રક કઈ તરફ જવાની છે ?'

'બાર્સિલોના તરફ.' મેં કહ્યું.

'એ ભણીના તો કોઈને હું ઓળખતો નથી.' એણે કહ્યું, 'પણ તમારો મોટો પાડ, તમારો ભારે મોટો પાડ માનું છું.'

એણે થાકેલી ને સૂની નજરે મારી સામે જોયું, પછી સામે જોયું. પછી કોઈ સાથે પોતાની ચિંતાનો ભાગ પડાવવો જોઈએ તેથી મને કહ્યું : 'બિલાડીને તો કશું નહિ થાય એની

મને ખાતરી છે. બિલાડીને માટે ચિંતા કરવાનું કશું કારણ નથી. પણ પેલાં બીજાં પ્રાણી ! તમે શું ધારો છો ? એમનું શું થશે ?'

'કેમ વળી, થવાનું શું હતું ? ભલું હશે તો બધું સરખું પાર ઊતરશે.'

'તમને એવું લાગે છે ખરું ?'

'કેમ નહીં ?' મેં પુલને બીજે છેડે નજર કરતાં કહ્યું. ત્યાં હવે એક્કેય ગાડું રહ્યું નહોતું.

'પણ તોપમારો થશે તો એઓ શું કરશે ? એટલા જ સારું તો મને ચાલી જવાનું કહ્યું હતું ?'

'પારેવાંના પિંજરે તાળું ખોસ્યું નથી ને' મેં પૂછ્યું.

'ના.'

'તો તો પારેવાં બહાર નીકળીને ઊડી જશે.'

'હા, પારેવાં તો ઊડી જ જવાનાં. પણ પેલાં બીજાં ! એમનો મનમાં વિચાર જ ન લાવવો તે સારું.' એ બોલ્યો.

'તમે થાક ખાઈ લીધો હોય તો ચાલો,' મેં એને આગ્રહ કર્યો, 'હવે ઊભા થાઓ, ને થોડું ચાલવાનો પ્રયત્ન કરો.'

'પાડ તમારો' કહીને એ પગ પર ઊભો થયો, પછી આમથી તેમ લથડવા લાગ્યો અને આખરે પાછો ધૂળમાં ફસડાઈ પડ્યો.

'હું તો પ્રાણીઓની માવજત કરતો હતો.' એ પ્રાણ વિનાના અવાજે બોલ્યો, પણ હવે એ મને ઉદ્દેશીને કહેતો નહોતો. 'હું તો માત્ર પ્રાણીની દેખભાળ કરતો હતો.'

એને માટે કશું કરી શકાય એમ નહોતું. એ દિવસે ઈસ્ટરનો રવિવાર હતો, ને ફાસિસ્ટો એબ્રો તરફ આગળ વધતા હતા. વાદળોથી ઘેરાયેલો એ ભૂખરો દિવસ હતો, આકાશની છત બહુ નીચે આવી ગઈ હતી. આથી કોઈ વિમાનો દેખાતાં નહોતાં. આ અને બિલાડી પોતાની સંભાળ લઈ શકે છે એ હકીકત સિવાય બુઢ્ઢાને માટે આશ્વાસનરૂપ બીજું કશું નહોતું.

અનુ. ઉષા જોષી

જે લિફ્ટ નરકે ઊતરી

પાર લેજરવિસ્ક

મિ. સ્મિથે, એક પૈસાપાત્ર વેપારીએ હોટલની રોનકદાર લિફ્ટનો દરવાજો ખોલ્યો અને ફર તથા પાવડરથી સોહતા એક નાજુક જીવને પ્યારથી હાથ દઈ અંદર ચડાવ્યો. એ લોકો પોચી ગાદી પર ભેગાં સોડે ભરાયાં અને લિફ્ટ નીચે ઊતરવા લાગી. એ નાનકડી બાનુએ પોતાનું શરાબથી ભીનું અધખૂલું મોં લંબાવ્યું અને એમણે ચુંબન લીધું. એ લોકો ઉપર 'ટેરેસ'માં સિતારાની છાયામાં ભોજન લઈ ચૂક્યાં હતાં, હવે મન બહેલાવવા બહાર જતાં હતાં.

'ડાર્લિંગ, ઉપર કેવું દિવ્ય હતું બધું.' એ હળવે સાદે બોલી. 'સિતારાઓની દુનિયામાં ચડીને તમારી સંગતમાં બેસવાનું કેવું 'પોયેટિક' લાગતું હતું. એવી પળોમાં જ પ્રેમ શું છે તેની ખરેખરી સમજ પડે છે. તમે મને ચાહો જ છો, ખરું કે નહીં ?'

મિ. સ્મિથે હજી વધુ લાંબું ચાલતા ચુંબનથી જવાબ વાળ્યો. લિફ્ટ નીચે ઊતરી.

'તું આવી તે સારું થયું, ડાર્લિંગ.' એ બોલ્યો, 'નહીં તો મારી ભયાનક દશા થઈ હોત.'

'ખરું, પણ પેલાએ આજે કેવું અસહ્ય વર્તન કર્યું એનો તો તમે જરા વિચાર કરો. હું જેવી તૈયાર થવા માંડી કે એણે પૂછ્યું : 'ક્યાં જાય છે ?' મેં કહી દીધું : 'મન ફાવે ત્યાં જઈશ. હું કંઈ કેદી નથી.' એટલે એ ધરાર સામો બેઠો ને મેં કપડાં બદલ્યાં. મારું નવું પશ્મીનાનું બ્લાઉઝ પહેર્યું તે બધો વખત મારી સામે ટગરટગર બસ જોયાં જ કર્યું — એ કંઈ સારું કહેવાય, તમે શું કહો છો ? હં, પણ એ તો કહો, મને સહુથી સારો ક્યો કલર લાગે છે, કદાચ ગુલાબી જ બેસ્ટ લાગે છે નહીં ?'

'તું તો જે પહેરે તે ફક્કડ જ લાગે છે, ડાર્લિંગ.' પુરુષ બોલ્યો, 'પણ આજની રાતે તું જેવી 'લવલી' લાગે છે તેવી તો મેં તને કદી નહોતી જોઈ.'

એણે સંતોષના સ્મિત સહિત એનો 'ફર'નો કોટ ખોલી નાંખ્યો, એમણે એક દીર્ઘ ચુંબન ભર્યું, લિફ્ટ નીચે ઊતરી.

'પછી હું બહાર જવા નીકળી ત્યારે એણે મારો હાથ ઝાલ્યો અને એના પંજામાં એવો તો કચડી નાંખ્યો કે હજી દુખે છે, અને મોંમાંથી પાછો અક્ષરેય બોલે નહીં. એ એવો તો જાનવર જેવો છે, તમને એની કશી કલ્પના જ નથી ! 'અચ્છા, તો ગુડબાય' મેં કહ્યું. પણ એ તો હરફ બોલે તો હરામ. એ એવો તો આડો છે, ભયંકર આડો, મારાથી તો સહેવાતું નથી.'

'અરેરે, નાનકડા જીવ પર કેવો ત્રાસ ?' મિ. સ્મિથ બોલ્યો.

'કેમ જાણે મારાથી સહેજ બહાર જઈને મન પણ ન બહેલાવાય ! પણ એનું ડાચું એવું તો દિવેલિયું છે, સાવ ઘાતકી, તમને કશી કલ્પના જ નથી. એ એકે વાત સીધીસાદી રીતે કે કુદરતી રીતે લઈ જ નથી શકતો. આખોયે વખત કેમ જાણે જીવનમરણનો જ સવાલ હોય તેવું ડાચું સામું ધરે છે.'

'અરેરે મારી વ્હાલકી, તારા પર કેટલો બધો ત્રાસ ગુજર્યો છે ?'

'અરે, મારા પર તો બેશુમાર સિતમ થયો છે. મારા જેવું દુ:ખ તો કોઈએ નહીં વેઠ્યું હોય. તમને મળી તે પહેલાં તો પ્રેમ શું એ જ હું જાણતી નહોતી.'

'મીઠડી મારી.' સ્મિથ એને સોડમાં ચાંપતાં બોલ્યો; લિફ્ટ નીચે ઊતરી.

'વિચાર તો કરો,' આલિંગન પછી શ્વાસ બેઠો એટલે એ બોલી, 'ત્યાં ઉપર તમારી જોડે બેઠાં બેઠાં તારા સાથે આંખો મેળવવાની ને સપનાં જોવાનાં – હાય રે એ સુખ હું કદી નહીં ભૂલી શકું. જુઓ ને, વાત એવી છે કે અરવિંદથી તો પ્રભુ તોબાહ, એનું દિવેલિયું ડાચું કોઈ કાળેય ખીલવાનું નહીં, એની અંદર રસિકતાનો તો છાંટોયે નથી, એને કવિતા માટે તો લાગણી જ ન મળે.'

'ડાર્લિંગ, ખરેખર એ તો અસહ્ય જ ગણાય.'

'જુઓ તમને જ નથી લાગતું – છેક જ અસહ્ય ?' એણે સહેજ મોં મલકાવીને સ્મિથના હાથમાં પોતાનો હાથ સરકાવીને ચલાવ્યું. 'જવા દો, આપણે એનો જ વિચાર કરીને શું કામ માથાનું દહીં કરીએ. આપણે તો મન પ્રસન્ન કરવા નીકળ્યાં છીએ. બોલો, તમે મને ખરેખર ચાહો છો ને ?'

'હું કે !' પેલીને શ્વાસના સાંસાં પડે એટલી બધી પાછળ નમાવીને એ બોલ્યો; લિફ્ટ નીચે ઊતરી. એના પર ઝૂકીને એણે એની સાથે ગેલ કર્યા; એના મોં પર શેરડા પડ્યા.

'આજે એટલો બધો પ્રેમ કરીએ, કદી ન કર્યો હોય એવો, હં ?'એણે એના કાનમાં કહ્યું.

પેલીએ એને દિલસરસો ચાંપ્યો અને આંખો મીંચી દીધી. લિફ્ટ નીચે ઊતરી.

નીચે ને નીચે એ ઊતરતી રહી.

છેવટે સ્મિથ ખડો થઈ ગયો, એનો ચહેરો લાલઘૂમ હતો.

'પણ આ લિફ્ટને થયું છે શું ?' એ બોલી ઊઠ્યો. 'એ ઊભી કેમ નથી રહેતી ? આપણે કેટલા બધા વખતથી અહીં વાતો કરતાં બેઠાં છીએ, બહુ વખત થઈ ગયો, નહીં ?'

'હા, ડાર્લિંગ, મનેય લાગે છે કે વખત તો બહુ થયો હશે, વખત તો વહેળાની જેમ સરી જાય છે.'

'સ્વર્ગના સમ, આપણને તો અહીં બેઠાં બેઠાં યુગો વીતી ગયાં ! આણે ધાર્યું છે શું ?'

એણે જાળિયાંની બહાર નજર ફેંકી. કાળું મેંશ અંધારું, બીજું કંઈ જ નહીં. અને લિફ્ટ સારી સ્વસ્થ ગતિએ નીચે ને નીચે ઊતરતી ગઈ, ઊંડે ને ઊંડે.

'જન્નત કી કસમ, આણે ધાર્યું છે શું ? આ તો કેમ જાણે ખાલી ખાણમાં જ ફેંકવા ધારે'છ કે શું ? ને ભગવાન જાણે આપણે કેટલા વખતથી આમ ને આમ નીચે ફેંકાઈ રહ્યાં છીએ તે !'

એ લોકોએ નીચે પાતાળમાં નજર કરવાનો પ્રયત્ન કર્યો. કાળું મેંશ અંધારું. એ લોકો એમાં ઊંડાં ને ઊંડાં ગરકતાં જતાં હતાં.

' આ તો સીધી નરકે જ જવા બેઠી છે.' સ્મિથ બોલ્યો.

'હાય હાય,' સ્ત્રી એના બાહુને બાઝી પડતાં ફફડી ઊઠી. 'હું તો એવી શિયાંવિયાં થઈ ગઈ છું. તમે સંકટની બ્રેક ખેંચોને !'

સ્મિથે હતું એટલું જોર કાઢીને બ્રેક ખેંચી. કંઈ ન વળ્યું. લિફ્ટ તો જાણે અનંત કાળ લગી પડવાની જ હોય તેમ નીચે ને નીચે ઊતરતી ગઈ.

'મને તો બહુ બીક લાગે છે.'

એ રડી પડી. 'હવે આપણે શું કરીશું ?'

'એસ્તો, શેતાન કી કસમ, માણસ આમાં કરે શું ?' સ્મિથ બોલ્યો, 'સાવ અક્કલ વગરની વાત છે.'

નાજુકડી નારની હતાશાનો પાર નહોતો, આંસુના તો ફુવારા ફૂટ્યા.

'જો, જો, મારી મીઠડી, એમ રડ નહીં. આપણે માથું ઠેકાણે રાખવું પડશે. આ કંઈ આપણા હાથની વાત નથી. ચાલ જોઉં, બેસી જા તો બરાબર, જો હવે આપણે અહીં એકબીજાની હૂંફેહૂંફે બેઠાં બેઠાં શું થાય છે તે જોઈશું. આણે ક્યારેક તો અટકવું જ પડશે ને, નહીં તો ખુદ શેતાનનેય નુકસાની ભરવી પડશે.'

એ લોકો બેઠાં ને રાહ જોવા લાગ્યાં.

'જરા વિચાર તો કરો, આ તે શી ખબર શેના જેવું થવા બેઠું છે ?' એ બોલી. 'અને આપણે તો મોજ કરવા બહાર જતાં હતાં.'

'તમે મને ચાહો છો ને, ખરું કે નહીં ?'

'ડાર્લિંગ,' સ્મિથ એની આસપાસ બાહુ વીંટાળતા બોલ્યો. લિફ્ટ નીચે ઊતરી.

છેવટે એ અચાનક ઊભી રહી ગઈ. ચોમેર એવો તો ઝળાંહળાં પ્રકાશ હતો કે આંખોમાં વાગવા માંડ્યો. એ લોકો નરકમાં આવી પહોંચ્યા હતાં. શેતાને વિનયપૂર્વક જાળી ખસેડી.

'ભલે પધાર્યા,' એણે મુજરો કરીને કહ્યું, કરોડરજ્જુના રૂંછડેદાર ઉપરના ભાગ પરથી

કાટવાળા ખીલા પર ટીંગાતી હોય તેવી પૂંછડીઓના ભભકાદાર પોશાકથી એ વટબંધ લાગતો હતો.

સ્મિથ અને પેલી બાનુ આંખો ચોળતાં લથડતે પગે બહાર નીકળ્યાં. 'ભગવાનના સમ, અમે છીએ ક્યાં ?' એ લોકો આવા અમાનુષી દૃશ્યથી ગાભરાં ગાભરાં બોલી ઊઠ્યાં. શેતાને, જરાક મૂંઝવણ અનુભવી ને પછી એમને ફોડ પાડયો.

'પણ આ સ્થળ નામ સાંભળીને આપ ધારી લો તેવું ખરાબ નથી. હં, આશા રાખું છું કે આપ લોકોનો સમય ઘણો જ આનંદમાં વીતશે. હું ભૂલતો ન હોઉં તો એક જ રાત ગાળવાનાં છો. નહીં વારુ ?"

'હા, હા!' સ્મિથે આતુરતાથી હકાર ભણી દીધો. 'એક જ રાતનો સવાલ છે. અમે કંઈ વધુ રોકાવાનાં નથી, ના, ના !'

નાજુકડી બાનુ એના હાથ પર ધ્રૂજતી ધ્રૂજતી વળગેલી હતી. પ્રકાશ એવો તો કાટખાઉ ને પીળાશ પડતો લીલો હતો કે એમને માંડમાંડ કશું દેખાતું હતું. અને કશીક ગરમ ગરમ વાસ આવતી હોય એવો પણ એમને ભાસ થયો. એ લોકો જરા વધુ સહેવાયાં ત્યારે એમને ખબર પડી કે પોતે કેમ જાણે કોઈ ચોકની વચ્ચે ઊભાં હતાં અને એની ચારે બાજુ ઉજાસવાળાં બારણાં ધરાવતાં ઊંચાં મકાનો અંધારાને વીધતાં ખડાં હતાં, બારીબારણાંના પડદા તો જાણે બંધ હતાં, પણ ફાટોમાંથી જણાતું હતું કે અંદર કંઈક બળે છે .

'આપ જ બે જણ છો ને, એકબીજાંને ચાહનારાં ?'

'જી હા પાગલની જેમ ચાહનારા ?' નાજુક બાનુએ એનાં સુંદર નયણાંથી એના તરફ એક કૃપાકટાક્ષ કરતાં ઉત્તર વાળ્યો.

'તો આવો, આ રસ્તે પધારો,' એ બોલ્યો અને એમને પોતાની પાછળ આવવા કહ્યું. એ લોકો ચોકમાંથી એક અંધારી ગલીમાં ગરક્યાં. એક ગંદા, ચીકણા ડાઘવાળાં બારણાંની બહાર એક તરડાયેલું ખખડધજ ફાનસ લટકતું હતું.

'અહીં જ.' એણે બારણું ખોલ્યું અને એ અદબથી વિદાય થયો.

એ લોકો અંદર ગયાં, એક નવી રાક્ષસીએ એમનું સ્વાગત કર્યું. એ રાક્ષસી જાડી અને પૂંછડી પટપટાવતી, મોટાં મોટાં થાનેલાંવાળી અને મોંની આસપાસની મૂછો પર બાઝેલી જાંબલી પાવડરની પોપડીઓવાળી હતી. એણે એની મણકા જેવી આંખોમાંથી જાણકારીની ને ભલાપણાની નજર ફેંકીને એમના તરફ ફુફુફુ કરતું હાસ્ય વેર્યું; એના કપાળ પરની શિંગડીઓની આસપાસ એણે વાળની લટો ગૂંથીને એને વાદળી રંગની રેશમી રીબનોથી બાંધી હતી.

'ઓ હો, આ તો મિ.સ્મિથ અને એમનાં નાનાં બાનું ને ?' એ બોલી. ' તો તો આઠમા નંબરમાં ઉતારો છે.' અને એણે એમને એક મોટી ચાવી આપી.

એ લોકો એક ઝાંખા ચીકણા જીના પર ચડ્યાં. એનાં પગથિયાં ચરબીથી લપસતાં હતાં; કમરો બે માળ ઉપર હતો. સ્મિથે આઠ નંબર શોધી કાઢ્યો અને એ લોક અંદર ગયાં. ઠીક

ઠીક મોટો ને અવડ કમરો હતો. વચ્ચોવચ જીવડાંની ડાઘાડૂઘીથી ભરેલા ‘કલોથ’વાળું એક ટેબલ હતું, દીવાલસરસો સફાઈબંધ ચાદર બિછાવેલો એક પલંગ હતો. એમને આ બધું ઘણું સરસ લાગ્યું. એમણે એમના કોટ ઉતાર્યા અને લાંબા વખત સુધી ચુંબન કર્યું.

એક માણસ બીજે બારણેથી એમને ખલેલ ન પડે તેમ ચૂપકીથી અંદર આવ્યો. એનો વેશ તો ‘વેઈટર’ જેવો હતો. પણ એના ‘ડિનર જેકેટ’નો કાપ ફાંકડો હતો અને એના ખમીસની ચાળ એટલી બધી સ્વચ્છ હતી કે એ અરધાપરધા અંધારામાં ભૂતાવળની જેમ ચમકતી. એ અવાજ કર્યા વિના ચાલતો હતો. એનાં પગલાં પણ સંભળાતાં નહોતાં, એનું હલનચલન યાંત્રિક હતું, લગભગ બેભાન. એની મુખાકૃતિ કરડી હતી, આંખો સીધી સામે ખોડાયેલી હતી. એ મડદા જેવો ફીકોફચ હતો, એક લમણાંમાં એને ગોળીનો ઘા હતો. એણે કમરાને ઠીકઠાક કર્યો, ડ્રેસિંગ ટેબલ લૂછ્યું, ચેમ્બર પોટ અને હાથ ધોવાનું વાસણ લાવીને અંદર ગોઠવ્યું.

એ લોકોએ એના તરફ બહુ ધ્યાન ન આપ્યું, પણ એ જેવો જવા લાગ્યો કે સ્મિથે કહ્યું, ‘મને લાગે છે કે અમે થોડો ‘વાઈન’ લઈશું. અમને અડધી બોટલ મદીરાની આણી આપ તો.’ પેલો માણસ નમીને બહાર ગયો.

સ્મિથે કપડાં કાઢવા માંડ્યાં, સ્ત્રી ખમચાઈ.

‘એ પાછો આવવાનો છે.’ એ બોલી.

‘ઊંહ, આવી જગ્યાએ તારે એવી બધી કિચપિચ રાખવાની જરૂર નથી. તું તારે ઉતારી નાંખ જોઉં.’ એણે એનો ડ્રેસ ઉતાર્યો. મોહક લજામણા ચાળા સાથે ચડ્ડી ખેંચીને સરખી કરી અને એના ઢીંચણ પર આવીને બેઠી. બધું મઝાનું હતું.

‘જરાક વિચાર તો કરો,’ એ કાનમાં બોલી, ‘અહીં તમે ને હું આમ ભેળાં બેઠાં છીએ, એકલાં એકલાં, આવી વિચિત્ર ‘રોમાંટિક’ જગ્યામાં કેવું પોયેટિક ! આ તો હું કદી નહીં ભૂલુ.’

‘મીઠડી મારી,’ એ બોલ્યો. એ લોકોએ લાંબા વખત સુધી ચુંબન લીધું.

પેલો માણસ પાછો અંદર આવ્યો, અવાજ કર્યા વિના. પોચે પગલે, યંત્રવત્ એણે ગ્લાસ ગોઠવ્યા અને શરાબ રેડ્યો. ટેબલલેમ્પનું અજવાળું એના ચહેરા પર પડ્યું. એના મોંનો રંગ મડદા જેવો ફીકોફચ હતો અને એના લમણામાં ગોળીનો ઘા હતો, તે સિવાય એનામાં કશું જ વિશેષ નહોતું.

સ્ત્રી એક ચીસ નાંખીને કૂદી.

‘ઓ મારા ભગવાન ! અરવિંદ, તું છે ? તું છે ? ઓ સ્વર્ગના ભગવાન ! આ તો મરેલો છે ! એણે જાતે ગોળી ખાધી છે !’

એ શખ્સ હાલ્યાચાલ્યા વિના ઊભો રહ્યો. બસ એની સામે જે કંઈ હતું તેના પર નજર ખોડીને, એના ચહેરા પર દુઃખની એકે રેખા વરતાતી નહોતી; ત્યાં તો ફક્ત કરડો ભાવ હતો, ખૂબ જ ગંભીર.

'પણ અરવિદ, તેં આ શું કર્યું, આ શું કર્યું ! તારો હાથ કેમ ઊપડ્યો ! ડિયર, મને આવી સહેજ પણ ગંધ આવી હોત, તો તું જ કહે હું ઘેર ના રહી હોત કે ? પણ તું તો મને કદી કશું જ કહેતો નથી. તેં મને આનો તો ઈશારો પણ કદી નહોતો કર્યો, એક હરફ સરખો નહીં ! તું કદી મને કહે નહીં તો મને શી રીતે ખબર પડે ! ઓ મારા ભગવાન....'

એનું આખું શરીર કાંપતું હતું. એ શખ્સે કોઈ અજાણ્યા સામે જોતો હોય તેમ એની સામે નજર માંડી, એની દૃષ્ટિ હિમ જેવી અને શામળી હતી, બસ સોંસરવી તમામની આરપાર નીકળી જતી હતી. પીળો ચહેરો ચળકતો હતો, ઘામાંથી લોહીનું ટીપું નહોતું નીકળતું, ત્યાં ફક્ત એક કાણું હતું.

'હાય રે, આ તો પલીત છે, પલીત !' એ ચીસ પાડી ઊઠી. 'મારાથી અહીં નહીં રહેવાય ! ચાલો ઝટ કરો, જતાં રહીએ ! મારાથી આ નથી જોવાતું.'

એણે ઝપટ મારીને એનો ડ્રેસ, હેટ ને ફરનો કોટ ઉપાડ્યાં ને બહાર નાઠી, પાછળ પાછળ સ્મિથ દોડ્યા. એ લોકો જીનો ઊતરતાં લપસ્યાં, એ બેસી પડી ને એની પૂંઠે બળખા અને સિગરેટનો રાખોડો ચોંટયો. જીના હેઠળ પેલી મૂછાળી બૈરી ઊભી હતી, ભલાઈભરેલું હાસ્ય વેરતી, અને જાણકારીપૂર્વક એની શિંગડીઓ હલાવતી.

શેરીમાં આવીને એ લોકો સહેજ શાંત પડ્યા. સ્ત્રીએ એનાં કપડાં ચડાવી લીધાં, સાફસૂફ થઈ ગઈ અને નાક પર પાવડર છાંટી લીધો. સ્મિથે પોતાનો બાહુ એની કમર ફરતો રક્ષકભાવે લપેટ્યો. પડું પડું કરતાં આંસુ ચૂમી લીધાં – એ એવો તો સારો હતો. એ લોકો ચોકમાં આવ્યાં.

મુખી શેતાન ત્યાં આંટા મારતો હતો. એ લોકો પાછાં એને સામાં ભટકાયાં. 'આપે તો ખરેખર ઝડપ મારી.' એ બોલ્યો. 'આશા રાખું છું આપને આરામ મળ્યો હશે.'

'હાય રે, ભયંકર હતું. ભયંકર,' બાનુ બોલી.

'ના ના, એવું ન બોલશો, એવું આપનાથી મનમાં અણાય જ નહીં. આપે અહીં જૂના કાળમાં આવીને જોવું જોઈતું હતું, ત્યારે કંઈ આવું નહોતું. હવે તો નરકમાં ફરિયાદ કરવાપણું કશું જ નથી રહ્યું. એ અગાઉની જેમ વધુ પડતું નજરે ચડે ન રહે એને માટે અમે અમારાથી બનતું તમામ કરી છૂટીએ છીએ. એટલું જ નહીં એને આનંદદાયક બનાવવામાં પણ કશી જ કસર નથી રાખતા.'

'ખરું,' મિ.સ્મિથે કહ્યું, 'ગમે તેમ પણ આ જગ્યા જરા વધારે માણસાઈ ભરી તો થઈ છે, એ વાત તો ખરી.'

'અરે,' શેતાન બોલ્યો. 'અમે એકેએક વસ્તુને અપ-ટુ-ડેટ કરી નાંખી છે, ધરમૂળના ફેરફારો કરી નાંખ્યા છે, કરવા જ જોઈએ ને ?'

'હાસ્તો, કરવા જ જોઈએ. તમારે પણ જમાના સાથે કદમ મેળવવાં જ પડે તો.'

'જી હા, આજકાલ એકલા જીવાત્માને જ દુ:ખ ભોગવવું પડે છે.'

'ભગવાનનો તે માટે પાડ માનો.' બાનુ ઉવાચી.

શેતાને એમને વિનયપૂર્વક લિફ્ટનાં બારણાં સુધી પહોંચાડયાં. 'પધારો.' એ લળી લળીને મુજરો કરતાં બોલ્યો, 'પાછાં ખુશીથી પધારજો.' એણે એમની પાછળ જાળી વાસી અને લિફ્ટ ઉપર ચડી.

'ભગવાનનો પાડ, આમાંથી છૂટ્યાં ખરાં !' બંને જણ નિરાંતનો શ્વાસ મૂકતાં બેઠક પર એકમેકને પડખે ભરાતાં કહેવા લાગ્યાં.

'તમારા વિના હું એકલી આમાંથી કદી જીવતી નીકળી ન હોત,' એ એના કાનમાં બોલી. એણે એને પાસે ખેંચી અને બંને લાંબો વખત સુધી ચુંબન કરતાં રહ્યાં. 'વિચાર તો કરો,' બાથમાંથી છૂટીને શ્વાસ બેઠો ત્યારે એ બોલી. 'એણે કેવું કર્યું ! પણ એના ભેજામાં કાયમ આવા જ અવળચંડા ખ્યાલો ખદબદતા રહેતા. એ કદી કોઈ વાતને, એ જેવી હોય તેવી સીધીસાદી ને કુદરતી રીતે લઈ શકતો નહોતો. આખો વખત કેમ જાણે જીવન-મરણનો જ સવાલ ના હોય !'

'તદ્દન અર્થહીન,' સ્મિથ બોલ્યો.

'એણે મને કહેવું તો જોઈતું હતું ! તો હું રોકાઈ ગઈ હોત. આપણે લોકો આજને બદલે બીજી કોઈ રાતે બહાર જાત.'

'હાસ્તો, સાવ સાચી વાત.' સ્મિથ બોલ્યો, 'આપણે જરૂર બીજી કોઈ રાતે જાત.'

'પણ ડાર્લિંગ, આપણે એ બધો વિચાર કરીને શું કામ માથાનું દહીં કરીએ.' એણે એના કાનમાં કહ્યું ને એના ગળા ફરતા બાહુ વીંટાળ્યા. 'હવે તો એનો પાર આવી ગયો.'

'હાસ્તો મારી મીઠડી, હવે તો એનો પાર આવી ગયો.' એણે એને પોતાના બાહુમાં ભીડી લીધી; લિફ્ટ ઉપર ચડી.

અનુ. પ્રબોધ ચોકસી

અંદાલુસિયાનો કૂતરો

લુઇસ બુન્વેલ

પૂર્વવૃત્તાંત

ઘણાં વખત પહેલાં રાત્રિ વેળા એક ઝરૂખો. એની પાસે એક માણસ અસ્ત્રાની ધાર કાઢે છે. પછી બારીની બહારના આકાશ તરફ દૃષ્ટિ નાંખે છે અને જુએ છે કે......

એક વાદળી પૂર્ણિમાના ચંદ્ર તરફ આગળ વધી રહી છે.

ત્યાર પછી વિસ્ફારિત થયેલી આંખોવાળી એક યુવતીનો ચહેરો દેખાય છે. અસ્ત્રો એની આંખ તરફ આગળ વધે છે.

વાદળી ચન્દ્રની સામેથી પસાર થાય છે.

અસ્ત્રો યુવતીની કીકીને બે ભાગમાં વધેરી નાખતો પસાર થાય છે.

આઠ વર્ષ પછી.

એક વેરાન રસ્તા પર વરસાદ વરસી રહ્યો છે.

ઘેરા ભૂખરા રંગના સૂટમાં સજ્જ થયેલો એક માણસ સાઇકલ ચલાવતો દેખાય છે.

સાધારણ દેખાતા સૂટપર એણે કામવાળીની ટોપી, ગળામાં ઘેરદાર કપડું અને સફેદ લીનનનું એક બીજું કપડું પહેર્યું છે.

એની છાતીએ ચામડાના પટાથી એક લંબચોરસ પેટી બાંધેલી છે, જેના સફેદ રંગ પર કાળા રંગની આડી લીટીઓ આંકેલી છે. સાઇકલના હેન્ડલને હાથ લગાડયા વગર એ પેડલ માર્યા કરે છે. એણે એના હાથ ઘૂંટણ પર રાખ્યા છે.

એના શરીરના ઉપરના ભાગના, પાછળથી લીધેલા દૃશ્યમાં એની જાંઘ દેખાય છે. પાછળ લાંબી શેરીનું દૃશ્ય. ત્યાર બાદ આગળથી લીધેલ દૃશ્યમાં પેટી નજીક ને નજીક આવતી જતી દેખાય છે.

એ જ ગલીમાં એક મકાનને ત્રીજે માળે એક સાધારણ દેખાતા ઓરડામાં રંગીન કપડાં

પહેરીને એક સ્ત્રી બેઠી છે. ઓરડાની વચમાં બેસીને ખૂબ જ ધ્યાનપૂર્વક તે એક પુસ્તક વાંચી રહી છે. અચાનક ધ્રૂજી ઊઠીને તે સરવા કાન કરી સાંભળે છે અને ચોપડીને સોફા પર ફેંકી દે છે. ઉઘાડી રહી ગયેલ ચોપડીમાં વર્મીઅરના 'લેઇસ મેકર્સ'નું ચિત્ર છાપેલું છે. કશું બનતું હોવાની ખાતરી થતાં તે યુવતી આગળ વધે છે અને પછી ઝડપથી બારી પાસે દોડી જાય છે.

પેલો માણસ નીચે ગલીમાં અટકી ગયો છે. એની ગતિ અચાનક મંદ પડી જાય છે. એની સાઇકલ કાદવના ખાબોચિયામાં ફેંકાય છે.

યુવતી ગુસ્સે થતી અને અચકાતી, દાદરો ઊતરીને નીચે ગલીમાં દોડી જાય છે.

જમીન પર ફેંકાઈ ગયેલ, ચત્તા પડેલ માણસના મોં પર કોઈ હાવભાવ નથી. એ જેવી સ્થિતિમાં પટકાયો છે તે જ સ્થિતિમાં પડી રહે છે.

ઘરમાંથી દોડી આવેલી યુવતી સાઇકલીસ્ટ તરફ ધસી જાય છે, અને ખૂબ જ ઉશ્કેરાટપૂર્વક એનું મોઢુ, આંખ, નાક ચૂમ્યા કરે છે.

વરસાદના વધવાની સાથે આ દૃશ્ય લગભગ દેખાતું બંધ થઈ જાય છે. માત્ર પેટીની આડી રેખાઓ પર વરસાદની પણ એવી જ આડી રેખાઓ અંકાય છે, બે હાથ એક નાનકડી ચાવીથી પેટી ખોલે છે. એમાંથી પાતળા કાગળમાં વીંટાયેલી એક નેકટાઈ નીકળે છે. વરસાદ પેટી, પાતળો કાગળ અને નેકટાઈ બધામાં આડી રેખાઓ છે. માત્ર એમની પહોળાઈ જુદી જુદી છે.

એ જ ઓરડો, પથારી પાસે ઊભી રહીને યુવતી માણસની ચીજવસ્તુઓ તપાસી રહી છે : સફેદ ટોપી, ગળાનું ઘેરદાર તેમ જ બીજું લીનનનું કપડું, પેટી, કડક કોલર, એક જ જાતના ઘેરા રંગની ટાઇ; આ બધી વસ્તુઓ જાણે કે કોઈએ પહેરેલી હોય તેમ પથારી પર ગોઠવાયેલી પડી છે. યુવતી કડક કોલરને ઉપાડી લે છે અને તેમાંથી એક જ રંગની ટાઈ અળગી કરે છે. અને પેટીમાંથી કાઢેલી આડા પટાવાળી ટાઇ એની જગ્યાએ ભેરવે છે. પછી કોલરને એના યોગ્ય સ્થાને ગોઠવી, ઉજાગરો કરવાની હોય તેમ પથારીની બાજુમાં બેસી જાય છે. (નોંધ : પથારીનું કપડું અને તકિયો જાણે કે એમાં કોઈ ખરેખર સૂતેલું હોય તેમ, ખાડો પડેલાં અને ચોળાયેલાં છે.)

પોતાની પાછળ કોઈક ઊભું છે એમ લાગવાથી યુવતી પાછળ ફરે છે. એ જ માણસને ત્યાં જોઈને એને આશ્ચર્ય થતું નથી. આ વખતે એણે ઉપર્યુક્ત વસ્તુઓ પહેરેલી નથી. ખૂબ જ ધ્યાનપૂર્વક એ પોતાના જમણા હાથ તરફ જોઈ રહ્યો છે. આ દૃષ્ટિની અંદર કશીક ભયંકર એંધાણી રહેલી જણાય છે.

યુવતી નજીક આવીને એના હાથ તરફ દૃષ્ટિ નાખે છે. હાથની વચમાં એક કાળું છિદ્ર છે જેમાંથી કીડીઓનું ટોળું ઊમટી રહ્યું છે. જોકે એકે કીડી હાથમાંથી નીચે પડતી નથી.

દરિયાકિનારે રેતીમાં સૂતેલી એક સ્ત્રીના બગલના વાળનું દૃશ્ય. દરિયાકિનારાના

શેળાના હલતા હાડકાંનું દૃશ્ય. આંખની કીકીમાં પુરાયેલી એક યુવતીનું ઊંચેથી સડસડાટ ખેંચેલું દૃશ્ય. કીકી ઊઘડે છે ત્યારે જણાય છે કે એ યુવતી તો સિપાઈઓએ રસ્તામાં રચેલા અવરોધને તોડી પાડવા ધસતા ટોળામાંની એક છે.

વર્તુળની મધ્યમાં રસ્તા પર નખ રંગેલો, એક હાથ કપાયેલો પડ્યો છે, તેને યુવતી લાકડીથી પકડવાનો પ્રયત્ન કરે છે. એક સિપાઈ એની પાસે આવીને એને ધમકાવી કાઢે છે. પછી વાંકો વળીને એ હાથને ઊંચકી લે છે. અને કાગળથી લપેટી એને સાઇકલીસ્ટ વાળી પેટીમાં મૂકી દે છે. આ પેટી એ યુવતીને ધરે છે. યુવતી એનો આભાર માને છે તેથી સિપાઈ એને મિલિટરી ફેશનમાં સલામ ભરે છે.

સિપાઈ પેટી આપે છે એ ક્ષણે યુવતી કોઈ અજાયબ લાગણીથી ઘેરાઈ જાય છે. અચાનક કોઈ દૂર દૂરથી આવતું ધાર્મિક સંગીત, જે એણે કદાચ બાલ્યાવસ્થામાં સાંભળ્યું હશે, એના પડઘાઓથી તે ખેંચાઈ જાય છે.

ટોળાનું કુતૂહલ સંતોષાયું હોવાથી લોકો જુદી જુદી દિશામાં વિખેરાવા લાગે છે.

પેલા ઘરના ત્રીજા માળના ઝરૂખાની બારીઓમાંથી પણ લોકો આ દૃશ્ય જોઈ રહ્યાં છે. જ્યારે સિપાઈ યુવતીને પેટી આપે છે એ વખતે એમને પણ એવી જ કોઈ અજાયબ લાગણી થાય છે. કોઈ અસ્પર્શ્ય સંગીતના લય સાથે તાલ મેળવતા હોય તેમ તેઓ માથાં ધુણાવે છે અને તલ્લીન થઈને લગભગ રડવાની અણી સુધી આવી પહોંચે છે.

એમાંનો એક પુરુષ એક સ્ત્રીને 'પેલું જોયું ને ? મેં નહોતું કહ્યું ?' એમ હાવભાવથી કહે છે. સ્ત્રી રસ્તા પર જડાઈ ગયેલી યુવતી પ્રત્યે ફરી દૃષ્ટિ નાખે છે. યુવતીની આજુબાજુ ધસમસાટ કરતી મોટરો ફરે છે. અચાનક એક મોટર એના પર ફરી વળે છે અને એના શરીરનાં ટુકડે ટુકડા કરી નાખે છે.

પછી પોતાને ધાર્યું કરવાનો અધિકાર હોય એવા ચહેરાવાળો એક માણસ યુવતીની નજીક આવે છે. અને એની આંખોમાં પોતાની વિલાસી દૃષ્ટિ પરોવી યુવતીની છાતી પકડી લે છે. માત્ર છાતી પરનાં ભૂખ્યા હાથોનું દૃશ્ય કપડાં નીચેથી સ્તનો દેખાઈ આવે છે. માણસના મોં પર એક જાતની ભયંકર વેદના છવાય છે એના મોંમાંથી નીકળતો લોહિયાળ લાળનો એક રેલો યુવતીના ઉઘાડા સ્તન પર દોડે છે.

સ્તનો અદૃશ્ય થઈને જાંઘો બની જાય છે, જેના પર માણસના હાથ ફરી રહ્યા છે. એની આંખોમાં ઉશ્કેરાટ અને કપટનો ચમકાર આવે છે. મોં પહેલાં તદ્દન ખૂલી જાય છે અને પછી સટાક દઈને ભિડાઈ જાય છે.

યુવતી ઘરની પાછળની બાજુએ નાસે છે. માણસ એ જ દશામાં એની પાછળ પડે છે.

એકાએક પાછળ ખૂબ દૃઢતાપૂર્વક યુવતી એને ધકેલી એના બાહુપાશમાંથી મુક્ત થઈ જાય છે.

માણસનું મોં ગુસ્સામાં સંકોડાય છે.

કશોક ભયંકર બનાવ બનવાની તૈયારી છે તેની યુવતીને ખાતરી થાય છે તેથી ધીમે પગલે તે ખૂણામાં ભરાઈ ને એક નાનકડા ટેબલની પાછળ આશરો લે છે.

મેલોડ્રામાના ખલનાયકની માફક ચારેબાજુ કશુંક શોધવા માટે ઝાવાં મારે છે. એના પગ પાસે એક દોરડું પડેલું છે. તેનો એક છેડો એ જમણા હાથે પકડે છે અને બીજો ડાબા હાથે ફંફોસીને શોધે છે.

માણસ હુમલાખોરની અદાથી આગળ વધે છે તેને સ્ત્રી ભયપૂર્વક અવલોકી રહે છે. માણસને દોરડાને બહુ જ બળપૂર્વક ખેંચે છે.

પહેલા એક બૂચ, પછી તડબૂચ, ત્યાર બાદ બે શિક્ષકો અને છેવટે બે ભવ્ય પિયાનો દેખાય છે. પિયાનોની અંદર બે ગધેડાંઓના મડદાં છે. એમની ખરીઓ, પૂંછડાં, પીઠ અને લાદ પિયાનોના મુખ્ય ભાગમાં છલકાઈ રહ્યાં છે. પિયાનો ખેંચાતો નજીક આવે છે ત્યારે એના 'કી બોર્ડ' પર એક ગધેડાનું મોં લટકી રહેલું દેખાય છે.

ખૂબ જ મહેનતથી આ બધો ભાર ખેંચતો માણસ યુવતી તરફ અધીરો થઇને ધસવા માંડે છે. એ રસ્તે આવતા ખુરશી-ટેબલ, અને જમીન પર પડેલ દીવાઓને લાત મારી આગળ વધે છે. એના ધક્કાથી કે અથડાવાથી ઉપર લટકતા દીવા હવામાં આગળ પાછળ ઝુલ્યા કરે છે.

માણસ લગભગ યુવતીની લગોલગ આવે છે ત્યારે તે કૂદકો મારીને છટકે છે. હવે માણસ દોરડાં છોડીને એની પાછળ પડે છે. યુવતી એક મકાનનું બારણું ખોલીને બીજા ઓરડામાં અદૃશ્ય થઈ જાય છે. બારણું બરાબર બંધ થયું નથી, તેથી માણસનો હાથ બારણાના ઉઘાડા ભાગમાં આગળ વધે છે. પણ ત્યાં જ એનું કાંડું વચમાં ભરાઈને અટકી જાય છે. કેમેરાની સામે ચાલે છે. કેમેરા એની આગળ ચાલતો જાય છે. છેવટે એની નજર બાજુમાં પડેલા ઢાળિયા તરફ જાય છે. ઢાળિયા પર શાળાના વિદ્યાર્થીને ઉપયોગી વસ્તુઓ અને બે પુસ્તકો બહુ જ કાળજીથી ગોઠવેલાં પડયાં છે.

બાજુના ઓરડામાંથી બારણાને વધારે ને વધારે ખેંચતી યુવતી વેદનાથી ધીમે ધીમે ભિંસાતા હાથને જોઈ રહે છે. હાથ ઉપર ફરીથી કીડીઓ ઊભરાય છે અને આખા બારણા પર છવાઈ જાય છે. યુવતી ઓરડાના અંદરના ભાગ પર દૃષ્ટિ ફેરવે છે. (જે પહેલા ઓરડા જેવો જ છે, પણ માત્ર પ્રકાશયોજનાને લીધે જુદો દેખાય છે) અને જુએ છે કે એ જ પથારી અને જેનો હાથ બારણામાં ફસાયેલો છે તે જ માણસ ત્યાં સૂતો છે. આ વખતે એણે પેલી બધી વસ્તુઓ પહેરી છે, ઉપરાંત છાતી પર પેટી પણ બાંધી છે. એ જરા હાલ્યાચાલ્યા વગર વિસ્ફારિત આંખે ત્યાં પડી રહે છે. એના ચહેરા પર કશીક અભૂતપૂર્વ આગાહીનો ભાવ છે.

સવારના ત્રણ વાગ્યાના સુમાર.

ઘરના દરવાજા પાસે એક નવું પાત્ર આવીને ઊભું છે. એની પીઠ દેખાય છે. જ્યાં આગાઉના પ્રસંગો બની ગયા છે તે ઓરડાની એ ઘંટડી દબાવે છે. જો કે ઘંટડી કે એના

રણકારનો ઇલેકટ્રિક હાથો ક્યાંય જણાતો નથી. ઊલટાનું, બારણાના ઉપરના ભાગ પર જ્યાંઘંટડી હોવી જોઈએ ત્યાં કોઈના હાથ, કોકકેલ કરવાની એક રૂપેરી ઝરણી હલાવે છે. બીજી ફિલ્મોમાં ઘંટડી દબાવવાની ક્રિયા જેટલી ઝડપથી થાય તેમ જ આ બધું બને છે.

પથારીમાં પડેલો માણસ ધ્રૂજવા લાગે છે.

યુવતી બારણું ઉઘાડવા જાય છે.

નવી વ્યકિત સીધીસટ પથારી પાસે જાય છે. અને સૂતેલ માણસને ઊઠી જવાનો હુકમ કરે છે, અને એને ઊભો થતાં અચકાતો જઈ ધક્કો મારી ઉઠાડે છે. ત્યાર બાદ એનાં કપડાં વગેરે છીનવી લે છે. અને એક પછી એક બારીની બહાર ફેંકે છે. પેટીને પણ ફેંકવાનું એ ભૂલતો નથી. માણસ પેટીના પટાને સંતાડવાનો પ્રયત્ન કરે છે. પણ આખરે તે ય ફેંકાઈ જાય છે. એના સંતાડવાના પ્રયત્નથી છેડાઈને નવાગંતુક એને ઓરડાની દીવાલ તરફ ધકેલી દે છે. આ બધી ક્રિયા દરમ્યાન એની પીઠ માત્ર જણાતી હતી. તેને બદલે હવે પહેલી વાર એ સામો ફરે છે અને ઓરડાની બીજી બાજુ કશુંક લેવા માટે ચાલે છે.

આ વખતે આકૃતિ ધૂંધળી થઈ જાય છે, અને નવાગંતુકની ગતિ પણ ધીમી પડી જાય છે. (ફિલ્મ Slow Motion માં ચાલે છે.) આ વખતે જણાય છે કે બન્ને વ્યક્તિઓના ચહેરા સરખા છે; તેઓ એક જ વ્યક્તિ છે. માત્ર ફરક એટલો કે નવાગંતુક વધારે યુવાન અને આકર્ષક દેખાય છે, જેવો બીજો માણસ થોડાં વર્ષ પૂર્વ દેખાતો હશે.

નવાગંતુક ઓરડાને છેડે પહોંચે છે, એની કમર સુધીના દૃશ્યમાં એ નવાગંતુક પુસ્તકો ઉપાડીને પ્રથમ વ્યક્તિ પાસે આવવા પાછો ફરે છે. ત્યારે બધું એની મૂળ ગતિએ આવી જાય છે અને આકૃતિ પણ સ્પષ્ટ થઈ જાય છે.

એ પ્રથમ વ્યક્તિ પાસે જઈને એને હાથ ક્રોસની જેમ પહોળા કરવાનો હુકમ કરે છે, અને પછી એના બન્ને હાથમાં એકાએક ચોપડી પકડાવી, સજા તરીકે એને એ જ સ્થિતિમાં રહેવા આજ્ઞા કરે છે.

સજા પામેલ માણસના મોં પર કઠોરતા અને કપટના ભાવો આવે છે, તે નવાગંતુક તરફ ફરે છે ત્યારે અચાનક એના હાથમાં રહેલાં પુસ્તકો રિવોલ્વર્સમાં પલટાઈ જાય છે.

નવાગંતુકનો ચહેરો કૂણો પડી જાય છે. આ કુણાશ ધીમે ધીમે વધતી રહે છે.

હવે લીનનાં કપડાં પહેરેલો માણસ નવાગંતુકને રિવોલ્વર્સ વડે 'હેન્ડઝ અપ' નો હુકમ કરે છે એના હુકમનું પાલન થાય છે છતાં એ બન્ને ગોળીઓથી નવાગંતુકને વીંધી નાખે છે. જીવલેણ ઘવાયેલ આગંતુકના અર્ધા શરીરના દૃશ્યમાં એના ચહેરાની રેખાઓ વેદનાથી ખેંચાય છે અને એ નીચે પડે છે. આ વખતે આકૃતિ ફરી ઝાંખી થઈ જાય છે અને એના પડવાની ગતિ અગાઉના Slow Motionના દૃશ્ય કરતાં પણ ધીમી થઈ જાય છે.

દૂરથી લીધેલા દૃશ્યમાં ઘવાયેલ માણસ પડતો જણાય છે. પરંતુ આ વખતે એ ઘરના ઓરડામાં નહિ પણ બગીચાની ઝાડીમાં છે. એની બાજુમાં હલ્યાચાલ્યા વગર એક સ્ત્રી, ઉઘાડી પીઠે, જરા આગળની બાજુ નમીને બેઠેલી છે. પડતાં પડતાં ઘવાયેલ માણસ એની

પીઠને ઝાલી લે છે. એક હાથ છાતીએ અડકાડી, બીજા હાથે સ્ત્રીનો ખભો ઝાલી એ ભૂમિ પર પછડાય છે.

આજુબાજુ પસાર થતાં લોકો અને બગીચાનો રખેવાળ એની મદદે દોડે છે. પછી એને હાથમાં ઊંચકી ઝાડીની બહાર ખેંચી લાવે છે. એક લંગડો કામી પુરુષ આવતો દેખાય છે.

જ્યાં હાથ ભરાઈ રહેલો તે ઓરડાનું બારણું ધીમે ધીમે ખૂલે છે.

યુવતી જ્યાં ખૂની ઊભો હતો તે દીવાલને અવલોકે છે.

પેલા માણસનું ત્યાં નામનિશાન નથી. ઉપરાંત દીવાલ પણ કશાય ફર્નિચર કે સુશોભન વિનાની કોરી અને અતૂટ દેખાય છે.

અધીરી થયેલી યુવતી ચિડાય છે.

દીવાલમાં એક કાળું ટપકું પ્રગટે છે જે નજીક આવતાં મોતના જંતુનું મ્હોરું હોય તેવું વરતાય છે. જંતુ (ફૂદા)નું બહુ જ નજીકનું દૃશ્ય. ફૂદાની પાંખોની મૃત્યુમ્હોરા જેવી ભાત આખા પડદાને ભરી દે છે.

લીનનનાં કપડાં પહેરેલા માણસના અર્ધા શરીરનું દૃશ્ય. પોતાના દાંત ગુમાવવાનો હોય તેમ તે મોઢે હાથ ધરી દે છે. યુવતી એને ઠપકાભરી નજરે જુએ છે.

માણસ મોઢેથી હાથ હટાવે છે ત્યારે જણાય છે કે એનું મોં અદૃશ્ય થઈ ગયું છે. યુવતી જાણે 'હવે પછી શું આવશે ?' એમ પૂછતી હોય તેમ લીપસ્ટીકથી પોતાના હોઠની રેખા સરખી કરે છે.

માણસનો ચહેરો ફરી દેખાય છે. જ્યાં એનું મોઢું હતું ત્યાં ધીરે ધીરે વાળ ઊગી રહ્યા છે.

આ જોઈને યુવતીના શ્વાસ રૂંધાવા લાગે છે. અને તે એકદમ પોતાની બગલ તરફ દૃષ્ટિ નાખે છે, જે તદ્દન મૂંડાયેલી છે. ઘૃણાપૂર્વક માણસની સામે જીભ કાઢી, ખભા પર શાલ નાખી, બાજુનું બારણું ખોલી તે બીજા ઓરડામાં ચાલી જાય છે; જ્યાં મોટો દરિયા કિનારો છે.

પાણીની પાસે એક બીજો પુરુષ રાહ જુએ છે. બન્ને એક બીજાને મિત્રતાપૂર્વક અભિવંદે છે, પછી મોજાંનાં વળાંકની સાથે સાથે ચાલવા લાગે છે.

તેમના પગ પર મોજાં અથડાય છે. હળવેથી મોજાં લીનનની ટોપી, ગળાનો ઘેર વગેરે કપડાં એમના પગે ઉછાળે છે. ત્યાર બાદ લીટાવાળી પેટી, સફેદ પટાઓ અને છેવટે સાઇકલ પણ ઊછળીને આવે છે. આમ ચાલ્યા જ કરે છે પછી દરિયો કશુંય ઉછાળતો બંધ થઈ જાય છે. દેખાતા બંધ થાય ત્યાં લગી તેઓ દરિયાકિનારા પર ધીમે ધીમે ચાલ્યા કરે છે. ત્યારે આકાશમાં નીચેના શબ્દો ઊપસી આવે છે.

વસંત ઋતુમાં બધું બદલાઈ ગયું છે. ક્ષિતિજવિહોણું એક રણ દેખાય છે. છાતી લગી રેતીમાં દબાયેલા મુખ્ય પુરુષ અને સ્ત્રી પાત્ર, આંધળા થઈને વચોવચ પડ્યાં છે. તેમનાં કપડાં સૂર્યના તાપ અને જીવડાંઓથી ખવાઈને ફાટી ગયાં છે.

અનુ : ગુલામમોહમ્મદ શેખ

મંગળવારની બપોરે

ગાર્સિયા માર્કેઝ

રેતાળ ખડકોના બોગદાને ધ્રુજાવતી ગાડી બહાર નીકળી, અને કેળાનાં એકસરખાં, ખૂટે જ નહિ તેવાં ખેતરો વચ્ચેથી પસાર થવા લાગી. હવે એમને સમુદ્રની લહેરોનો સહેજ પણ અનુભવ થતો નહોતો. એને બદલે હવામાં ભેજ વર્તાતો હતો. એક મોટા સૂસવાટા સાથે ગૂંગળાવી નાખે એવો ધુમાડો ડબ્બાની બારી વાટે અંદર આવ્યો. ગાડીના પાટાને સમાંતર ધરેડ ઉપર થઈને કેળાંની લૂમો લાદેલાં બળદગાડાં જઈ રહ્યાં હતાં.

રસ્તાની બીજી બાજુએ ખેડ્યા વગરની જગ્યા ઉપર થોડે થોડે અંતરે વીજળીના પંખાઓવાળી અને રેતી ઈંટોથી બાંધેલાં મકાનોવાળી ઓફિસો દેખાતી હતી. તાડનાં ધૂળિયાં વૃક્ષો અને ગુલાબની ઝાડીઓ વચ્ચેથી અગાશીઓ ઉપર ખુરશીઓ અને ધોળાં ટેબલવાળાં મકાનો દેખાતાં હતાં. સવારના અગિયારેક વાગ્યાનો સુમાર હતો, અને તાપ હજુ આકરો થયો ન હતો. 'તું બારી બંધ કરી દે એ જ ઠીક છે.' સ્ત્રીએ કહ્યું, 'નહિ તો તારા વાળમાં કોલસી ભરાઈ જશે.'

છોકરીએ બારી બંધ કરી જોઈ, પણ કાટને લીધે બારી સહેજ સરખી હાલી નહિ.

ત્રીજા વર્ગના એ સૂનકાર ડબ્બામાં તેઓ બે જ હતાં. એન્જિનનો ધુમાડો બારી વાટે સતત આવ્યા જ કરતો હતો, એટલે છોકરી એ જગ્યાએથી ઊઠી ગઈ, એની પાસેની ખાવાનાની પ્લાસ્ટિકની થેલી, અને છાપામાં વીંટેલો ફૂલનો ગુચ્છો નીચે મૂકી દીધાં, અને એ સામેની પાટલી પર એની માની સામે બેસી ગઈ, બારીથી દૂર. એ બંનેએ શોકના પ્રસંગે પહેરવામાં આવે છે તેવાં પણ એમની ગરીબાઈને છતી કરે તેવાં આકરાં કપડાં પહેર્યાં હતાં.

છોકરી બારેક વર્ષની લાગતી હતી અને ગાડીમાં પહેલી જ વાર બેસતી હતી. એ સ્ત્રી એની મા કરતાં દાદીમા જેવી વધારે લાગતી હતી, કારણ કે એની આંખનાં પોપચાં પરની ભૂરી નસો ઊપસી આવી હતી. અને એના નાના, પોચા અને કંઈ ઘાટઘૂટ વગરના શરીર ઉપર સાદું કૂર્તું પહેર્યું હતું.

એ પાટલીને અઢેલીને ટટ્ટાર બેઠી હતી. અને એના ખોળામાં બે હાથ વડે ચામડાનું પાકીટ પકડ્યું હતું, જો કે તેમાંથી ચામડું ઠેકઠેકાણેથી ઊખડી જવા લાગ્યું હતું. ગરીબાઈ જેમને કોઠે પડી ગઈ હોય એવા માણસોના મોં ઉપર જેવી ગંભીરતા હોય, તેવી ગંભીરતા એમના મોં પર હતી. બાર વાગતા સુધીમાં તો તાપ અસહ્ય થઈ ચૂક્યો હતો. પાણી લેવા માટે ગાડી એક સ્ટેશન પાસે દસેક મિનિટ થોભી. ત્યાં આજુબાજુ કશું ગામ જેવું દેખાતું ન હતું. બહાર, કેળનાં ખેતરોમાં છવાયેલી રહસ્યમય નિસ્તબ્ધતામાં પડછાયાઓ વધુ ચોખ્ખા લાગતા હતા. પણ ગાડીની અંદરની બંધિયાર હવામાંથી કમાવ્યા વગરના ચામડા જેવી વાસ આવતી હતી. ગાડીએ ઝડપ પકડી ન હતી. બે સાવ સરખાં લાગતાં, અને ભડક રંગોએ રંગેલાં મકાનોવાળાં ગામોએ તે થોડી વાર થોભી. છોકરીએ તેના બૂટ ઉતારી નાખ્યા; પછી તે પાણીના નળ આગળ ગઈ અને ફૂલના ગુચ્છને ભીનો કર્યો.

જ્યારે તે પાછી આવી ત્યારે તેની મા ખાવા માટે તેની રાહ જોઈ રહી હતી. તેણે એને પનીરનો ટુકડો, મકાઈના લોટનો અડધો રોટલો અને એક બિસ્કીટ આપ્યાં. અને પ્લાસ્ટિકની થેલીમાંથી પોતાને માટે પણ એટલું જ ખાવાનું કાઢ્યું, તેઓ ખાતાં હતાં તે દરમ્યાન ગાડી લોખંડના એક પુલને ધીમે ધીમે ઓળંગી ગઈ અને પહેલાંની જેમ જ એક નાના ગામડા પાસેથી પસાર થઈ ગઈ. ફેર માત્ર એટલો જ કે અહીં ચોકમાં લોકોનું ટોળું જમા થયું હતું. ધોમધખતા સૂરજ નીચે વાજાવાળાઓ ઉમળકાભર્યું કશુંક ગીત વગાડતા હતા. ગામની બીજી બાજુએ કેળનાં ખેતરો પૂરા થયાં અને સપાટ મેદાન શરૂ થયું. મેદાન સુકાઈ જવાને લીધે તેમાં ચીરા પડ્યા હતા.

સ્ત્રીએ ખાવાનું બંધ કર્યું.

'તારા બૂટ પહેરી લે.' એણે કહ્યું. છોકરીએ બહાર જોયું પણ સૂકી ભઠ જમીન સિવાય તેને બીજું કશું ના દેખાયું. ગાડીએ ફરીથી ઝડપ પકડી, પણ તેણે બિસ્કિટનો છેલ્લો ટુકડો કોથળીમાં મૂકી દીધો, અને જલદી જલદી બૂટ પહેરી લીધા. સ્ત્રીએ તેને કાંસકો આપ્યો.

'તારા વાળ સરખા કરી લે.' તેણે કહ્યું.

છોકરી તેના વાળ સરખા કરતી હતી, તે દરમ્યાન ગાડીની સિસોટી વાગવા લાગી. સ્ત્રીએ તેના ગળા ઉપરથી પરસેવો લૂછ્યો અને તેના મોઢા ઉપરની ચીકાશ આંગળીઓ વડે લૂછી નાખી. છોકરી વાળ સરખા કરતી હતી તે દરમ્યાન ગાડી કોઈ એક ગામના પાદરનાં વચ્ચેથી મકાનો પસાર થઈ રહી હતી. 'જે કંઈ પતાવવું હોય તે હમણાં જ કરી આવ,' તે સ્ત્રીએ કહ્યું, 'પછી તરસે મરી જાય તો પણ ક્યાંય પાણી ના પીશ. અને હા, રડીશ તો નહિ જ.' છોકરીએ હકારમાં ડોકું હલાવ્યું. એન્જિનની સિસોટીના અવાજ સાથે ગરમ લૂ બારીમાં થઈને અંદર આવી. ગાડીના જૂનાડબ્બાઓ ખખડવા માંડ્યા. સ્ત્રીએ વધેલું ખાવાનું મૂકીને પ્લાસ્ટિકની કોથળી બંધ કરીને પોતાના પાકીટમાં મૂકી દીધી. બારીના કાચમાં થોડીક ક્ષણો પૂરતી ઓગસ્ટના એક ઉજ્જ્વળ મંગળવારના દિવસની શહેરની પૂરી છબિ આલેખાઈ ગઈ. છોકરીએ ફૂલો પાણીથી તરબોળ છાપામાં વીંટાળી દીધાં,

તે બારીથી થોડે દૂર ગઈ અને તેની મા સામે એકીટશે જોઈ રહી. તેની મા પણ તેની સામે પ્રસન્ન મુખે જોઈ રહી. ગાડીએ એક સિસોટી વગાડી અને ધીમી પડી ગઈ. ક્ષણેક પછી તે ઊભી રહી ગઈ. સ્ટેશન પર કોઈ જ નહોતું. શેરીની બીજી બાજુએ બદામનાં વૃક્ષોથી ઢંકાઈ ગયેલી કેડી પર માત્ર રમતગમત માટેનો ઓરડો ખુલ્લો હતો. શહેર આખું જાણે મૃગજળમાં તરતું હતું. સ્ત્રી અને છોકરી ગાડીમાંથી નીચે ઊતર્યાં અને એમણે નિર્જન સ્ટેશન ઓળંગ્યું. વચ્ચે વચ્ચે ઘાસ ઊગી નીકળવાને લીધે લાદીમાં ફાટ પડી ગઈ હતી. એઓ શેરીની છાયાવાળી બાજુ પર ચાલવા લાગ્યા.

લગભગ બે વાગવા આવ્યા હતા. એ સમયે ગામ આખું જાણે કે ઘેનના ભારથી આડે પડખે થયું હતું. દુકાનો, ઑફિસો, જાહેર શાળાઓ બધું અગિયાર વાગે બંધ થઈ જતું તે ઠેક લગભગ ચાર વાગવા ાાવે ત્યારે ફરી ખૂલતું. ગાડીને એ સમયે પાછા જવાનો વખત થતો. ફકત સ્ટેશનને બીજે છેડે આવેલી હોટલ, એનું દારૂનું પીઠું અને રમતગમતનું મકાન અને ચોકની બીજી બાજુએ આવેલી તાર ઑફિસ ખુલ્લી હતી.

કેળની કંપનીના નમૂના ઉપરથી બાંધેલાં ઘણાંખરાં મકાનોનાં બારણાં અંદરથી બંધ હતાં અને પડદા ઢાળેલા હતા. કેટલાંક ઘરોમાં તો એટલો બધો તાપ લાગતો હતો કે ઘરનાં માણસો બહાર ખુલ્લામાં બેસીને જ જમતાં હતાં. બીજા ખુરશી દીવાલ સાથે ટેકવીને લગભગ તો શેરીમાં જ, બદામડીની છાયામાં આડે પડખે થયાં હતાં.

બદામડીની છાયામાં ચાલતાં ચાલતાં તે સ્ત્રી અને છોકરી આડે પડખે થયેલ લોકોને ખલેલ ન પહોંચે એમ ગામમાં પ્રવેશ્યાં. તેઓ સીધાં જ દેવળ તરફ ગયાં. દેવળના બારણાની ધાતુની જાળી સ્ત્રીએ નખ વડે ખખડાવી, થોડી વાર રાહ જોઈ ફરીથી ખખડાવી. અંદર વીજળીનો પંખો ફરતો હતો. એમણે અંદરથી આવતા પગલાંનો અવાજ પણ ભાગ્યે જ સાંભળ્યો. જાળી પાછળથી કોઈએ સાવધપણે પૂછયું, 'કોણ છે ?'

સ્ત્રીએ જાળીમાંથી જોવાનો પ્રયત્ન કયો, 'મારે પાદરી સાહેબનું કામ છે.'

'તેઓ અત્યારે આડે પડખે થયા છે.'

'મારે એમનું તાકીદનું કામ છે.' સ્ત્રીએ આગ્રહપૂર્વક કહ્યું. તેના અવાજમાં દૃઢ નિશ્ચયનો રણકો હતો.

જરા પણ અવાજ વિના બારણું થોડું વધારે ખૂલ્યું, અને આધેડ વયની એક જાડી સ્ત્રી બારણા આગળ આવી. તેની ચામડી એકદમ ફિક્કી હતી અને કાટ ખાઈ ગયેલા લોખંડ જેવા રંગના તેના વાળ હતા. જાડા કાચવાળાં ચશ્માં પાછળથી એની આંખો ખૂબ જ ઝીણી લાગતી હતી. 'અંદર આવો' તેણે બારણું પૂરેપૂરું ઉઘાડી નાખ્યું. તેઓ એક ઓરડામાં દાખલ થયાં. એ ઓરડાના વાતાવરણમાંથી ઘણા વખત પહેલાંનાં ફૂલોની વાસ આવતી હતી. પેલી સ્ત્રી તેમને લાકડાની એક પાટલી તરફ દોરી ગઈ અને બેસવા માટે ઇશારો કર્યો. છોકરી તો તરત બેસી ગઈ, પણ એની મા હાથમાં પાકીટ પકડી રાખીને શૂન્યમનસ્કપણે ઊભી રહી. વીજળીના પંખા સિવાય બીજો કશોય અવાજ આવતો ન હતો. ઓરડાના

બીજા છેડે આવેલા બારણામાંથી પેલી સ્ત્રી ફરીથી અંદર આવી. 'તેઓ કહે છે કે તમે ત્રણ વાગ્યા પછી આવજો.' પછી ધીમા અવાજે ઉમેર્યું, 'તેઓ હમણાં પાંચેક મિનિટ થયે જ આડે પડખે થયા છે.'

'ગાડી સાડા ત્રણે તો ઊપડી જાય છે.' સ્ત્રીએ ટૂકો પણ આત્મપ્રતીતિભર્યો જવાબ વાળ્યો પણ એના અવાજમાં સહેજ પણ અકળામણ વર્તાતી ન હતી, છતાંય એમાં સૂચન તો હતું જ.

પેલી સ્ત્રી પહેલી જ વાર થોડું હસી, 'બહુ સારું' તેણે કહ્યું. જેવું પેલું બારણું ફરીથી બંધ થયું કે સ્ત્રી એની છોકરીની બાજુમાં બેસી ગઈ. એ કંઈક સાંકડો ઓરડો હતો, એમાં ગરીબાઈ વર્તાઈ આવતી હતી, પણ એ સ્વચ્છ અને સુઘડ હતો. લાકડાના કઠેરા વડે ઓરડાના બે ભાગ પાડી દેવામાં આવ્યા હતા. બીજા ભાગમાં કામ કરવા માટેનું એક સાદું મીણિયું પાથરેલું ટેબલ હતું. એની બાજુમાં એક ફૂલદાની હતી. એક બાજુએ દેવળના ચોપડા પડેલા હતા. એક આધેડ વયની અપરિણીત સ્ત્રી આ ઓફિસને વ્યસ્થિત રાખતી હતી એમ જોતાં વાર જ લાગતું હતું.

પેલા ઓરડાનું બારણું ખૂલ્યું, અને આ વખતે રૂમાલ વડે પોતાના ચશ્માં લૂછતાં લૂછતાં પાદરી જ અંદર આવ્યા. તેમણે ચશ્માં પહેર્યા કે તરત જ ખબર પડી ગઈ કે પેલી બારણું ઉઘાડનાર સ્ત્રીના ભાઈ હતા.

'હું તમને શી મદદ કરી શકું ?' તેમણે પૂછ્યું. 'મારે કબ્રસ્તાનની ચાવીઓ જોઈએ છે.' તે સ્ત્રીએ કહ્યું. પાટલીની નીચે પગની આંટી ચઢાવીને છોકરી ખોળામાં ફૂલો રાખીને બેઠી હતી. પાદરીએ પહેલાં તેની તરફ જોયું, પછી તેની મા તરફ અને બારીની જાળીમાંથી બહાર વાદળાં વિનાનાં તેજસ્વી આકાશ તરફ જોયું.

'આ ગરમીમાં ?' તેણે કહ્યું, 'તમે થોડી વાર સૂરજ આથમે ત્યાં સુધી થોભી જઈ શક્યાં હોત.'

સ્ત્રીએ મૂંગે મોઢે તેનું ડોકું હલાવ્યું.

પાદરીએ કઠેરો ઓળંગ્યો, ટેબલના ખાનામાંથી મીણિયાનું પૂઠું ચઢાવેલી એક નોટ, લાકડાની કલમદાની અને શાહીનો ખડિયો બહાર કાઢયાં, અને ટેબલ પાસે બેઠા. એમના હાથ ઉપર એટલા બધા વાળ હતા કે માથા ઉપર ટાલ કેમ હતી તે તરત જ સમજાઈ ગયું.

'તમારે કઈ કબરે જવું છે ?' તેમણે પૂછ્યું.

'કાર્લોસ સેન્ટેનોની.' સ્ત્રીએ જવાબ આપ્યો.

'કોણ ?'

'કાર્લોસ સેન્ટેનો' સ્ત્રીએ ફરીથી કહ્યું. પાદરીને હજુ પણ કંઈ સમજ ન પડી. 'પેલો ચોર, જેને ગયે અઠવાડિયે અહીં મારી નાંખવામાં આવ્યો, હું તેની મા છું.' સ્ત્રીએ એ જ અવાજમાં કહ્યું. પાદરીએ ઝીણવટથી એને જોઈ, તેણે પણ સ્વસ્થતાથી તેમની તરફ

જોયે રાખ્યું અને પાદરી જરા શરમાઈ ગયા. તેમણે નીચી મૂંડીએ લખવા માંડ્યું. એઓ લખતા ગયા અને એ દરમ્યાન સ્ત્રીની ઓળખ મેળવવા માટે પ્રશ્નો પૂછવા માંડ્યાં. અને તે પણ જાણે વાંચીને સંભળાવતી હોય તેમ અચકાયા વગર વિગતો આપતી ગઈ. પાદરીને તો પરસેવો પરસેવો છૂટી ગયો. છોકરીએ પોતાના ડાબા બૂટનું બક્કલ છોડી નાખ્યું અને પગની એડી બહાર કાઢીને પગ પાટલીને સળિયે ટેકવ્યા, થોડી વાર પછી તેણે જમણો પગ પણ મૂકી દીધો.

ગયા સોમવારે મળસ્કે ત્રણેક વાગે દેવળથી થોડેક જ છેટે આ બધું બન્યું. રેબેકા નામની એકલીઅટૂલી વિધવા પરચૂરણ રાચરચીલાંથી ભરેલા ઘરમાં (એકલી) રહેતી હતી. તેણે એકધારા વરસાદના અવાજ ઉપરાંત બહારથી કોઈ બારણાને ધક્કો મારતું હોય તેવો અવાજ સાંભળ્યો. તે ઝટપટ બેઠી થઈ ગઈ. તેણે કબાટનાં ખાનાંઓ ફંફોસ્યાં અને કર્નલ ઓરેલિયાનો બુયનડીયાના જમાના પછી ક્યારેય ન ફૂટી હોય તેવી એક જૂનીપુરાણી પિસ્તોલ શોધી કાઢી. બત્તી કર્યા વગર જ ચૂપકીદીથી તે દીવાનખાનામાં ગઈ. અવાજની દિશામાં સાવધ થઈને પિસ્તોલ તાકવાને બદલે, અઠ્ઠાવીસ અઠ્ઠાવીસ વર્ષના એકાકીપણાથી સંચિત થયેલા ભયના ધબકારાથી એણે પિસ્તોલ તાકી. તેણે માત્ર બારણું ક્યાં છે તે જ નહિ, પણ તાળાની ચોક્કસ ઊંચાઈ કેટલી છે તેની પણ કલ્પના કરી લીધી અને બે હાથ વડે પિસ્તોલ પકડી જોરથી આંખો મીંચીને ઘોડો દબાવી દીધો. તેની જિંદગીમાં પહેલી જ વાર તેણે ગોળીબાર કર્યો હતો. ધડાકા પછી તરત જ તો તેને ધાતુના છાપરા ઉપર પડતી વરસાદની ઝરમર સિવાય કંઈ જ ન સંભળાયું. પણ પછી આંગણામાં જાણે કશુંક પછડાયાનો અવાજ સંભળાયો, અને ખૂબ જ ક્ષીણ, મધુર પણ થાક વર્તાતો હોય તેવો અવાજ....'ઓહ...મા...' લોકોએ સવારે તે માણસને તે ઘર પાસે મરી ગયેલો જોયો. એનું નાક ફાટી ગયું હતું. એણે ફલાલીનનું રંગીન લીટીઓવાળું ખમીસ અને રોજિંદા વપરાશનું પાટલૂન પહેર્યું હતું. અને પટ્ટાને બદલે કેડે સૂતળી બાંધી હતી. ગામમાં કોઈ એને ઓળખતું ન હતું.

'તો....એનું નામ કાર્લોસ સેન્ટેનો' લખવાનું પૂરું થયું એટલે પાદરી ધીમેથી ગણગણ્યા....

'સેન્ટેનો આયલા, એ મારો એકનો એક દીકરો હતો.' સ્ત્રીએ કહ્યું.

પાદરી ફરીથી ટેબલના ખાના તરફ ગયા. બારણાની અંદરની બે બાજુએ બે મોટી કટાઈ ગયેલી ચાવીઓ લટકતી હતી. છોકરીએ કલ્પના કરી કે સેંટ પીટરની ચાવીઓ હતી. દીકરીની ઉંમરે માએ પણ એમ જ વિચાર્યું હશે. અને પાદરીએ પોતે કદીક એવું જ વિચાર્યું હશે. તેમણે ચાવીઓને નીચે ઉતારીને કઠેરા ઉપર પડેલી ઉઘાડી નોટ ઉપર મૂકી અને સ્ત્રીની સામું જોઈને પોતે હમણાં જ લખેલા પાના ઉપર એક જગ્યાએ આંગળી ચીંધી અને કહ્યું : 'અહીંયા સહી કરો.'

સ્ત્રીએ પાકીટને બગલમાં દબાવીને સહી કરી. છોકરીએ ફૂલો હાથમાં લઈ લીધા

અને પગ ઢસડતી ઢસડતી કઠેરા આગળ આવીને ધ્યાનપૂર્વક પોતાની માને જોવા લાગી.

પાદરીએ નિસાસો નાખ્યો. 'તમે કદી એને સારા રસ્તે ચઢાવવાનો પ્રયત્ન ન કર્યો ?' સહી પૂરી કરીને સ્ત્રીએ જવાબ વાળ્યો. 'એ બહુ સારો માણસ હતો.'

પાદરીએ પહેલાં સ્ત્રી તરફ અને પછી છોકરી તરફ જોયું અને તે લોકો રડતા નહોતાં તે જોઈને તેને એક જાતનું આશ્ચર્ય થયું. સ્ત્રીએ એ જ અવાજમાં ચાલુ રાખ્યું.

'મેં એને કહેલું કે કોઈની પણ ખાવાની વસ્તુ કદી છીનવી ના લઈશ અને એ પણ મારું કહ્યું માનતો. બીજી બાજુએ, પહેલાં જ્યારે મુક્કાબાજીની હરીફાઈમાં એ ભાગ લેતો ત્યારે એ ત્રણ દિવસ સુધી તો થાક્યોપાક્યો પથારીમાં કણસતો.......

'એના દાંત પણ બધાં બહાર ખેંચી કાઢવામાં આવ્યા હતા.' છોકરીએ ટાપશી પૂરી. 'ખરી વાત છે.' સ્ત્રીએ સંમત થતાં કહ્યું, 'એ દિવસોમાં મારા દરેક કોળિયામાં મારા દીકરાને શનિવારે જે માર પડતો તેનો સ્વાદ ભળ્યો હતો.'

'ભગવાનની ગતિ અકળ છે.' પાદરીએ કહ્યું. પણ એમણે કંઈ ખાસ ચુકાદો આપતા હોય એવી રીતે ના કહ્યું. થોડાઘણા અનુભવે તેમને સંશયવાદી બનાવી દીધા હતા. તે કારણે અને થોડોક તો ગરમીનો પણ પ્રભાવ ખરો. ઊંઘ આવતી હોવાથી એક મોટું બગાસું ખાતા તેમણે કાર્લોસ સેન્ટેનોની કબર કઈ રીતે શોધવી તે વિષે સૂચનાઓ આપી. જ્યારે તેઓ પાછા આવે ત્યારે તેમને ખખડાવવાની જરૂર નહોતી. બારણા નીચેથી જ ચાવી સરકાવી દેવી, અને દેવળ માટે જે કંઈ આપવું હોય તે ત્યાં જ મૂકી દેવું. સ્ત્રીએ ખૂબ જ ધ્યાનપૂર્વક એમની સૂચનાઓ સાંભળી પણ એમનો આભાર માન્યો ત્યારે તેના મુખ ઉપર સ્મિત ન હતું.

પાદરીને બહારથી કોઈક જાળી સાથે નાક દબાવીને ડોકિયા કરતું હોય તેવું લાગ્યું. બહાર છોકરાઓનું એક ટોળું હતું. બારણું પૂરેપૂરું ખુલ્યું કે તરત જ છોકરાઓ આઘાપાછા થઈ ગયા. આમ તો આડે દિવસે આ વેળાએ શેરીમાં ચકલુંય ફરકતું ના હોય અને હવે તો માત્ર છોકરાઓ જ નહિ મોટેરાં પણ બદામડીના છાયામાં ટોળે વળ્યા હતાં. મૃગજળમાં તરતી શેરીમાં ધ્યાનથી જોતાં જ પાદરીને બધું સમજાઈ ગયું. ધીમેથી તેમણે બારણું બંધ કરી દીધું.

'તમે સહેજ થોભી જાવ.' એમણે સ્ત્રીની સામે જોયા વગર જ કહ્યું.

એમની બહેન પોતાના રાત્રિ પોષાક ઉપર કાળી બંડી પહેરીને બહાર આવી. એના વાળ ખભા સુધી પથરાયેલા હતા. એણે ચૂપકીદીથી પાદરી તરફ જોયું.

'શું હતું ?' પાદરીએ પૂછ્યું.

'આ લોકોની નજર પડી ગઈ છે.' એમની બહેન ધીમેથી ગણગણી.

'તમે પેલી પાસનાં બારણામાં થઈને જાવ, એ સારું પડશે.' પાદરીએ કહ્યું.

'ત્યાં પણ એવું જ છે. દરેક જણ બારીએથી ડોકિયાં કરે છે.' અત્યાર સુધી તો સ્ત્રીને કંઈ જ ખબર ના પડી હોય તેમ લાગતું હતું. તેણે ધાતુની જાળીમાંથી બહાર શેરીમાં

જોવાનો પ્રયત્ન કર્યો. પછી તેણે છોકરી પાસેથી ફૂલનો ગુચ્છો લઈ અને બારણાં તરફ ચાલવા માંડી. છોકરી પણ તેની પાછળ પાછળ ગઈ.

'સૂરજ આથમે ત્યાં સુધી રોકાઈ જાવ.' પાદરીએ કહ્યું.

'તમે પરસેવે રેબઝેબ થઈ જશો.' એમની બહેને કહ્યું. 'ઊભા રહો, હું તમને નાની છત્રી આપું.'

'આભાર, જે છે તે જ ઠીક છે.' સ્ત્રીએ જવાબ આપ્યો અને છોકરીનો હાથ પકડી શેરી તરફ ચાલવા માંડી.

અનુ. નિયતિ દેરાસરી

એક દન્તકથા

રાઇનર મારિયા રિલ્કે

કોઈ લંગડા માણસને વાર્તાઓ કહેવાની કેવી મજા આવે ! તંદુરસ્ત માણસો તો બદલાયા કરતા હોય છે; એ લોકો વસ્તુઓને ઘડીકમાં એક દૃષ્ટિકોણથી તો ઘડીમાં બીજા દૃષ્ટિકોણથી જોતા હોય છે, અને જ્યારે તમે એમની સાથે ચાલતા હોય છે ત્યારે એઓ કલાકેક સુધી તમારી જમણી બાજુ ચાલશે અને પછી એકાએક તમારી ડાબી બાજુથી તમારી વાતમાં હોંકારો પૂરશે. એમ કરવાથી એઓ વધુ વિનયી અને સંસ્કારી લાગશે એવી એમની માન્યતાથી એઓ આવું કરતા હોય છે. લંગડા માણસની બાબતમાં આવું કશું બનવાનો ભય હોતો નથી. એ ચાલી નથી શકતો તેથી એ વસ્તુઓના જેવો જ લાગે છે; વસ્તુઓ સાથે એ ઘનિષ્ઠતા કેળવતો પણ હોય છે. લંગડા માણસની બાબતમાં આવું કશું બનવાનો ભય હોતો નથી. એ ચાલી શકતો નથી તેથી એ વસ્તુઓના જેવો જ લાગે છે; વસ્તુઓ સાથે એ ઘનિષ્ઠતા કેળવતો પણ હોય છે. એથી એ જાણે બીજી બધી વસ્તુઓ કરતાં ચઢિયાતી વસ્તુ જેવો લાગતો હોય છે; કારણ કે એ એક એવી વસ્તુ છે જે નિઃશબ્દ બનીને જ નહીં પણ એના વિરલ શાન્ત શબ્દોથી અને નમ્ર આદરની લાગણીથી સાંભળે છે.

મારા મિત્ર એવાલ્ડને વાર્તા કહેવાનું મને બહુ ગમે છે. જે બારીમાંથી ડોકાવાની એને ટેવ છે તે બારીમાંથી મને સાદ દઈને એણે કહ્યું, 'મારે તને કંઈક પૂછવાનું છે' ત્યારે મને ખૂબ આનન્દ થયો.

હું તરત એની પાસે ગયો અને એના ખુશખબર પૂછ્યા.

'ગયે વખતે તેં જે વાર્તા મને કહી હતી તે તું ક્યાંથી શોધી લાવ્યો હતો ? કોઈ ચોપડીમાંથી ?' આખરે એણે મને પૂછ્યું.

મેં સહેજ ખિન્ન થઈને કહ્યું, 'હા, ઇતિહાસકારોએ એ વાર્તાને એ મરી ગયા પછી એમના પોથાંમાં દાટી રાખી હતી; એને કાંઈ ઝાઝો સમય થયો નથી. હજી તો સોએક વરસ પહેલાં તો એ અલબત્ત, બેદરકારીથી, લોકોના હોઠ પર જીવતી હતી. પણ આજકાલ

લોકો જે શબ્દો વાપરે છે તે એવા વજનદાર હોય છે કે એને ગાઈ શકાતા નથી. એ શબ્દો જ એ વાર્તાના શત્રુ બની રહ્યા. એક પછી એક હોઠ પરથી એ ભૂંસાતી ગઈ અને સૂકાઈ ગયેલા બે હોઠ પર જ જીવતી રહી. એક વિધવાની ટૂંકી મૂડીને આધારે તે એ કેટલુંક જીવવાની હતી ! ત્યાં જ આખરે એ, કોઈ વારસ આપ્યા વિના, મરી ગઈ અને મેં કહ્યું છે તેમ એને માનપાનસહિત, એનાં બીજાં કુટુમ્બીઓની સાથે, પોથીમાં દાટી દેવામાં આવી.'

'એ મરી ગઈ ત્યારે એ ખૂબ ઘરડી થઈ ગઈ હતી ?' મારા મિત્રે મારી વાત કરવાની આલંકારિક રીતને સ્વીકારી લેતાં પૂછ્યું.

'એને ચારસોપાંચસો વર્ષ થયાં હશે.' મેં એને સાચી જ માહિતી આપી.

'એનાં કેટલાંક સમ્બન્ધીઓ તો એથીય લાંબાં આયુષ્યવાળાં હતાં.'

'કોઈ પોથીમાં સૂઈને આરામ લીધા વિના ?' અચરજ પામીને એવાલ્ડે પૂછ્યું.

મેં એને સમજાવતાં કહ્યું, 'મને ખબર છે ત્યાં સુધી એ વાર્તાઓ આખો વખત એક હોઠ પરથી બીજા હોઠ પર ફર્યા કરતી હતી.'

'એઓ કદી સૂઈને આરામ કરતી જ નહોતી ?'

'કરતી જ હતી ને, ગાનારના હોઠ પરથી સરીને, કોઈના હૂંફાળા અને અંધારા હૃદયમાં એ ઘડીભર આરામ કરી લેતી હતી.'

'પણ એ લોકો એટલા બધા શાન્ત હતા કે ગીતો એમનાં હૃદયમાં સૂતાં જ રહે ?' એવાલ્ડને જાણે આ વાત ગળે ઊતરતી જ નહોતી.

'એવું જ હશે ને ! કહેવાય છે કે એ લોકો બોલતા બહુ થોડું; ધીમે ધીમે લય દ્રુત થતો જાય એવાં નૃત્યો કરતાં. એના લયને એમના ડોલવાની સાથે સમ્બન્ધ હતો; અને ખાસ તો એ કે એ લોકો કદી ખડખડ હસતા નહિ. આજે તો આપણે લોકોને ઘણી વાર મોટેથી હસતા સાંભળીએ છીએ – આપણી સંસ્કૃતિની આટલી બધી પ્રગતિ થઈ હોવા છતાં.'

એવાલ્ડ બીજા પ્રશ્ન પૂછવાની અણી પર જ હતો, પણ તે એણે દબાવી દીધો ને હસી પડ્યો. 'હું પૂછ પૂછ કર્યા કરું છું, પણ તારે વાર્તા કહેવી હશે ને ?'

એણે મારા તરફ જોઈને કહ્યું.

'વાર્તા ? કોણ જાણે. મારે તો એટલું જ કહેવું હતું કે આ ગીતો અમુક કુટુમ્બોની વારસાગત સમ્પત્તિ હતી. પેઢી દર પેઢી એ ચાલ્યાં આવતાં હતાં જેમ કોઈ કુટુમ્બમાં એકનું એક બાઇબલ બાપદાદાના જમાનાથી સચવાતું આવે છે તેમ. એ કાંઈ એમ ને એમ મૂકી રાખવામાં આવે નહીં, એ વપરાય પણ ખરું, અને તેથી દરરોજના ઉપયોગનાં એના પર ચિહ્નો પણ અંકાયાં હોય. જે માણસને આવો વારસો નહિ મળ્યો હોય તે આ ગીતો ગાઈ ન શકવાને કારણે એનાં કુટુમ્બીઓથી જુદો પડે; અથવા તો એના બાપદાદાના વખતનાં થોડાં જ ગીતો જાણતો હોય અને બીજાં ઘણાં ગીતોનો એને કશો અનુભવ જ નહિ હોય.

'યેગોર ટિમોફિયેવિચની જ વાત લઈએ. એણે એના બાપની ઇચ્છા વિરુદ્ધ લગ્ન કર્યાં. એની વહુ હતી તો રૂપાળી. એની સાથે એ કીવ ગયો. એ પવિત્ર શહેર ગણાતું. એની આજુબાજુ પુરાણા રૂઢ સંપ્રદાયને માનનારા ઘણા મોટા મોટા હુતાત્માઓની કબરો છે. ટિમોફીએ (અને આ ટિમોફીના જેવો આજુબાજુના દસ ગાઉના પંથકમાં કોઈ ગાનારો નહોતો) અને એના પાડોશીઓને કહ્યું કે એને તો ઘણી વાર ખાતરી થઈ જ ચૂકી હતી કે એને યેગોર નામનો કોઈ દીકરો હતો જ નહિ. આમ છતાં એ વિષાદ અને પશ્ચા તાપથી મૂગો થઈ ગયો. ધૂળથી છવાયેલા વાયોલિનમાં જેમ ઘણા સૂરો ઢબુરાઈને પડી રહ્યા હોય એમ એ ડોસામાં ઘણાં ગીતો રૂંધાઈને રહ્યાં હતાં. એનો વારસો લેવાને ઘણા જુવાનિયાઓ એની ઝૂંપડીમાં ટોળે વળ્યા, પણ એ બધાંને એણે કાઢી મૂક્યા. એ લોકો કરગરીને કહેવા લાગ્યા, 'બાપા, અમને એકાદ ગીત તો આપો. જોજોને, અમે એને ગામડાંઓમાં લઈ લઈ જઈશું અને પછી તમે એને સાંજ ઢળતાં ગોરજ વેળાએ ગમાણો શાન્ત થઈ ગઈ હોય ત્યારે ખેતરોના વાડાઓમાંથી ગવાતું સાંભળશો.'

'બુઢ્ઢો હંમેશાં ચૂલા પાસે બેઠો રહેતો ને માથું ધૂણાવ્યા કરતો. એને કાને બરાબર સંભળાતું નહોતું. એના ઘરની આજુબાજુ ફર્યા કરતા જુવાનિયાઓ ગીતની માગણી કરતા હતા કે કેમ તેની એને કશી ખબર પડતી નહોતી, તોય એ એના ધોળા વાળવાળું માથું હલાવીને 'ના, ના, ના,' કહ્યા કરતો. એમ કરતાં કરતાં જ આખરે એ ઊંઘી જતો અને ઊંઘમાંય 'ના, ના' કર્યે જતો. જુવાનિયાઓ જે ઇચ્છતા હતા તે કરવાનું એને ગમ્યું હોત; હવે થોડા જ વખતમાં એની મૃત મૂગી માટીમાં એ ગીતો ધરબાઈ જવાનાં હતાં એ વિચારે એ પણ ખિન્ન તો હતો જ. પણ જો એણે આ જુવાનિયા પૈકીના એકાદને કશુંક શીખવવાનો પ્રયત્ન કર્યો હોત તો એનો દીકરો યેગોરુશ્કા એને જરૂર યાદ આવી ગયો હોત – ને તો પાછી કોણ જાણે શુંનું શું બન્યું હોત ! કારણ કે એ કશું બોલતો નહોતો તેથી જ કોઈએ એને આંસુ પાડતાં જોયો નહોતો. દરેક શબ્દની પાછળ એનાં ડૂસકાં રહ્યાં જ હતાં. આથી જ તો કશું બોલાઈ જશે એવું લાગે કે તરત જલદી જલદી કાળજીપૂર્વક એણે એનું મોઢું બંધ કરી દેવું પડતું. રખે ને એ શબ્દો બોલાઈ જશે તો એવી એને બીક રહ્યા કરતી.

'બુઢ્ઢા ટિમોફીએ એના એક માત્ર દીકરા યેગોરને થોડાંક ગીતો ખાસ્સાં શિખવવા શરૂ કરી દીધાં હતાં. પંદર વર્ષનો યેગોર આજુબાજુનાં ગામના બધા મોટા થઈ ગયેલા જુવાનિયા કરતાં સરસ ગાતો થઈ ગયો હતો. તહેવારને દિવસે ઘણું ખરું ટિમોફી સહેજ ઢીંચીને બેઠો હોય ત્યારે એના દીકરાને કહેતો, 'યેગોરુસ્કા, મારા લાડીલા, મેં તને ઘણાં બધાં ગીતો, ભજનો અને સન્તોનાં જીવનનાં આખ્યાનો ગાવાનું શીખવી દીધું છે. તું હરરોજ એમાંનું એક ગાઈ શકે એટલું શીખવી દીધું છે. આ રાજ્યમાં હું સારામાં સારું ગાનારો છું તે તો તું જાણે છે. મારા બાપને આખા રશિયાનાં ગીતો આવડતાં હતા, તાર્તારોની વાતો પણ આવડતી હતી. તું તો હજી ઘણો નાનો છે, અને તેથી મેં તને હજી ખૂબ સરસ ભજનોની વાત તો કહી જ નથી. એ ભજનોના શબ્દે શબ્દે દીવા પ્રગટે છે. એના શબ્દોની

સામાન્ય શબ્દો સાથે સરખામણી કરી શકાય નહીં. એ સાંભળીને તહેવારના દિવસે કહ્યા કરતો – એટલે કે ઘણી બધી વાર કહેતો. આખરે એક દિવસ બુઢ્ઢા જોડે સારું એવું ઝઘડ્યા પછી અને ગરીબ ખેડૂતની કન્યા ઉસ્તિઓન્કા સાથે પણ લડ્યા પછી અલોપ જ થઈ ગયો.

આ પ્રસંગ બન્યા પછી ત્રણ વર્ષ બાદ ટિમોફી માંદો પડ્યો. એ ગાળામાં જ રશિયાના વિશાળ સામ્રાજ્યમાંથી ઘણા બધા જાત્રાળુઓ કીવ જવાને નીકળતા હોય છે. એનો પાડોશી ઓસ્સિપ એ માંદા બુઢ્ઢાને મળવા આવ્યો :'હું જાત્રાળુઓ સાથે જાઉં છું, ટિમોથી ઇવાનિચ; હું જાઉં તે પહેલાં મને એક વાર ભેટી લેવા દો.' ઓસ્સિપ કાંઈ એ બુઢ્ઢાનો દોસ્ત નહોતો. પણ હવે લાંબી જાત્રાએ નીકળતો હતો તેથી જતાં પહેલાં બાપની જેમ એની રજા લેવાની એને ઇચ્છા હતી. એણે ગળગળા થઈને કહ્યું, 'મેં તમને કોઈક વાર દુભવ્યા છે. મને માફ કરજો. દારૂના નશામાં મારાથી એવું થઈ ગયું હશે. એવી સ્થિતિમાં આપણું કશું ચાલતું હોતું નથી તે તો તમે જાણો છો. હું તમારે માટે દેવળમાં પ્રાર્થના કરીશ. અને દીવો પ્રકટાવીશ. તો આવજો પિતાતુલ્ય ટિમોફી ઇવાનિચ, તમે ફરીથી સારા થઈ જશો અને ઈશ્વરની ઇચ્છા હશો તો તમે અમને ફરીથી તમારાં ગીતો સંભળાવશો. કેટલા લાંબા વખતથી તમે ગાયું નથી. કેવાં અદ્ભુત ગીતો ! એમાંનું એક્કેય અમે ભૂલી શક્યા નથી. અમનેય એ બધાં આવડે છે, પણ તમારાં જેવાં તો નહિ જ. ગાવાનું તો માત્ર તમને જ આવડે છે. એ તો કબૂલ કરવું જ પડશે. ઈશ્વરે તમને એ બક્ષિસ આપી છે. બીજાને એણે બીજું જ આપ્યું હશે. દાખલા તરીકે મને...'

બુઢ્ઢો ચૂલા પાસે હતો. એણે કણસતાં પડખું ફેરવ્યું અને એ જાણે કશુંક કહેવા જતો હોય એવું લાગ્યું. બહુ જ ધીમા અવાજે એ જે કાંઈ બોલ્યો તે યેગોરના નામ જેવું સંભળાયું. કદાચ એને કાંઈ સંદેશો મોકલાવવો હશે. પણ બારણા આગળથી જ્યારે ઓસ્સિપે પૂછ્યું, 'તમે કશું કહ્યું ?' ત્યારે એ નિશ્ચેષ્ટ પડી રહ્યો. એણે એનું ધોળા વાળવાળું માથું સહેજ હલાવ્યું, તેમ છતાં, એ તો ઈશ્વર જ જાણે કે એ શી રીતે બન્યું, ઓસ્સિપને ગયાને એક જ વર્ષ થયું હશે ત્યાં યેગોર અણધાર્યો જ પાછો ઘરે આવી ચઢ્યો. વૃદ્ધે પહેલાં તો એને ઓળખ્યો સુધ્ધાં નહિ, કારણ કે ઝૂંપડીમાં અંધારું હતું અને એની ઝંખવાઈ ગયેલી આંખો એ નવી અપરિચિત આકૃતિને જોવાને બહુ ઉત્સાહિત નહોતી. પણ ટિમોફીએ આગન્તુકનો અવાજ સાંભળ્યો ને એ ચમક્યો ને કૂદીને સફાળો એના સળેકડા જેવા પગ પર ઊભો થઈ ગયો. યેગોરે એને પકડી લીધો ને પડી જતાં અટકાવ્યો. પછી બન્ને ભેટી પડ્યા. ટિમોફી રડી પડ્યો. યેગોર એને ફરી ફરી પૂછતો રહ્યો, 'તમે લાંબી માંદગી ભોગવી હતી કે શું ?' વૃદ્ધ સહજ સ્વસ્થ થયો અને વળી ચૂલા પાસે પોતાને સ્થાને જઈને એણે બદલાયેલા, સહેજ કઠોર, અવાજે પૂછ્યુ, 'ને તારી વહુ ક્યાં છે ?'

થોડી વાર સુધી તો કોઈ કશું બોલ્યું નહિ. પછી યેગોર તિરસ્કારથી થૂંક્યો અને બોલ્યો, 'મેં એને બાળક સાથે મોકલી આપી છે.' પછી એ થોડી વાર સુધી ચૂપ રહ્યો. 'એક દિવસ ઓસ્સિપ મને મળવા આવ્યો. મેં પૂછ્યું, 'કોણ, ઓસ્સિપ નિકોફોરોવિચ ?' એણે

કહ્યું, 'હા. યેગોર તારા બાપ માંદા છે. હવે એમનાથી ગવાતું નથી. ગામમાં હવે બધું શાન્ત થઈ ગયું છે. ગામનો આત્મા જ રહ્યો નથી. કોઈ બારણું સુધ્ધાં ઠોકતું નથી, કશી હલચલ થતી નથી, કોઈ હવે રડતું નથી; અને હસવાને માટે પણ હવે કશું કારણ રહ્યું નથી.' 'હું આ વિશે વિચારું છું. શું કરવું? આથી હું મારી વહુને બોલાવું છું.' 'ઉસ્તિઓન્કા, મારે ઘરે જવું પડશે. હવે ત્યાં કોઈ ગાતું નથી. હવે ગાવાનો વારો મારો છે. બાપા માંદા થઈ ગયા છે.'

'વારુ' ઉસ્તિઓન્કા કહે છે, 'પણ હું તને મારી સાથે લઈ જઈ શકીશ નહિ. તું તો જાણે છે કે મારા બાપ તમે રાખશે નહિ, અને હું કદાચ હવે પાછો નહિ આવું. એક વાર ત્યાં ગાવાનું શરૂ કરું પછી મારાથી અહીં પાછા નયે અવાય.' ઉસ્તિઓન્કા મારી વાત સમજે છે ને કહે છે, 'વારુ, ભગવાન તમારું ભલું કરે. અહીં ઘણા યાત્રાળુઓ આવે છે. એ લોકો મને કંઈક ને કંઈક આપશે. ભગવાન મને મદદ કરશે.' અને આમ હું ચાલી નીકળ્યો. હવે તમે મને તમારાં ગીતો ગાઈ સંભળાવો.'

'યેગોર પાછો આવ્યો છે ને બુઢ્ઢો ટિમોફી ફરી ગાવા લાગ્યો છે એ વાત બધે ફેલાઈ ગઈ. પણ એ પાનખરમાં એ ગામમાં પવન એવો સખત વાયો કે એ ગામમાંથી પસાર થનારું કોઈ પણ ટિમોફીના ઘરમાં ગીત ગવાતાં હતાં કે કેમ તે વિશે ચોક્કસ કહી શક્યું નહિ. કોઈ બારણું ઠોકતું તોય એ ઘરનું બારણું ઊઘડતું નહિ. બાપદીકરો એકલા જ રહેવા માગતા હતા. યેગોર ચૂલાની પાસેની બેઠક પર બાપ સૂતા હતા તેની કિનાર પર બેઠો અને બુઢ્ઢાના હોઠની નજીક વારે વારે કાન ધરીને સાંભળવા લાગ્યો, કારણ કે ટિમોફી બરાબર ગાતો હતો. એનો ક્ષીણ અવાજ સહેજ કમ્પતો હતો. એ યેગોરને એનાં બધાં જ અત્યન્ત સુન્દર ગીતો સંભળાવતો હતો. યેગોર કદીક માથું હલાવતો હતો તો કદીક બેઠક પરથી ઝૂલી રહેલા એના પગ હલાવતો હતો, કેમ જાણે એ પોતે જ ગાઈ રહ્યો ગાતો હોય ! આવું ઘણા દિવસો સુધી ચાલ્યા કર્યું. ટિમોફી એની સ્મૃતિમાંથી એક પછી એક ગીત શોધી કાઢતો ગયો, દરેક એકબીજાથી ચઢિયાતું ! ઘણી વાર રાતે એ એના દીકરાને જગાડતો અને એના સુકાઈને ચીમળાઈ ગયેલા હાથે મુદ્રાઓ કરીને એકાદ નાનું ગીત ગાઈ સંભળાવતો, પછી તો એક પછી એક ગીત ગાયે જતો – આળસુ સવારનો સવાર થાય ત્યાં સુધી આવું એક અત્યન્ત સુંદર ગીત ગાયા પછી એ મરી ગયો. એના છેલ્લા દિવસો દરમ્યાન એ ઘણી વાર કડવાશથી ફરિયાદ કરતો કે હજી એની પાસે ઘણાં ગીતો રહી ગયાં છે ને એ બધાં એના દીકરાને આપવાનો હવે સમય રહ્યો નથી. એના કપાળમાં ખેતરમાં ચાસ પાડ્યા હોય તેવી ઊંડી રેખાઓ અંકાઈ ગઈ હતી. એની સ્મૃતિ સતેજ બની ગઈ હતી. એના હોઠ આતુરતાથી ધ્રૂજતા હતા. રહી રહીને એ ટટાર બેઠો થઈ જતો, એનું માથું આમથી તેમ હલાવતો, એના હોઠ ફફડતા – અને આખરે બહુ ધીમા અવાજે એક નાનકડું ગીત હોઠ બહાર ફેલાઈ જતું. પણ છેલ્લે છેલ્લે તો એ દિયુક સેમાનોવિચ વિશેના, એને ખાસ ગમતાં ગીતો જ ગાયા કરતો. એના દીકરાને પણ એ

સાંભળીને અચરજ થતું હોય અને એ ગીતો જાણે પહેલી વાર સાંભળતો હોય એવો ઢોંગ કરવો પડતો જેથી એનો બાપ ગુસ્સે નહિ થઈ જાય.

'બુઢ્ઢા ટિમોફી ઇવાનિચના મરણ પછી એનો દીકરો એકલો એ ઘરમાં રહેવા લાગ્યો. ક્યાં સુધી તો એ ઘર બંધ જ રહ્યું. પછીની વસંત ઋતુમાં યેગોરે બારણાં ખોલ્યાં ને એ બહાર આવ્યો. હવે એણે દાઢી વધારી હતી. એ ગાતો ગાતો ગામમાં ફરવા લાગ્યો. પછી તો એ બાજુનાં ગામડાંમાં પણ જવા લાગ્યો. યેગોર એના બાપના જેવો કુશળ ગાયક થયો હતો એવું ખેડૂતોમાં બોલાવા લાગ્યું. એને ગંભીર તેમ જ વીર રસનાં ગીતો આવડતાં. કેટલાંક ગીતો તો એવાં કરુણ હતાં કે કોઝાક હોય કે ખેડૂત, એની આંખોમાં આંસુ આવ્યા વિના રહેતાં નહિ. વળી આ પહેલાં કોઈ ગાયકનો હતો નહિ એવો એનો અવાજ કોમળ અને વિષાદભર્યો હતો. એનો આ ગુણ અણધાર્યો જ, એ ગીતના ટેકની ધ્રુવપંક્તિ ગાતો ત્યારે, પ્રકટ થતો. એ પંક્તિ હૃદયને હલાવી નાખતી. મેં તો લોકોને એવું કહેતાં સાંભળ્યાં છે.'

'એ હલક એના બાપ પાસેથી એ નહોતો શીખ્યો ?' એવાલ્દે મને થોડી વાર પછી પૂછ્યું.

'ના, એ એને કેવી રીતે પ્રાપ્ત થઈ તેની કોઈને ખબર નથી.' મેં કહ્યું.

હું બારી પાસેથી ખસી ગયો હતો તેમ છતાં એ લંગડો ફરી મારા તરફ સરક્યો અને મને પૂછ્યું. 'કદાચ એને એની વહુના ને બાળકના વિચાર આવતા હશે. એણે એના બાપના મરી ગયા પછી એનાં વહુદીકરાને તેડાવી લીધાં કે નહિ ?'

'ના, હું નથી માનતો કે તેડાવી લીધાં હોય. એ મરી ગયો ત્યારે તો સાવ એકલો હતો.

અનુ :સુરેશ જોષી

ધંધો એટલે ધંધો

હાઈન્રિખ બ્યોલ

મારા એ પરિચિત કાળાબજારિયા સજ્જન આજકાલ પ્રામાણિક નાગરિક બની બેઠા છે. એમને મેં ઘણા લાંબા વખતે જોયા, વાસ્તવમાં મહિનાઓ પછી અને આજે તો શહેરના સાવ જુદા જ ભાગમાં એમનો ભેટો થઈ ગયો. એ ત્યારે ધમાલિયો ભાગ હતો. આજકાલ એમની દુકાન એ ભાગમાં છે. સારામાં સારા ધોળા રંગે એ રંગી છે, ઉપર સુંદર વાળેલાં પતરાંનું છાપરું છે. નવાં નક્કોર અને મજબૂત. એ ઠંડી અને વરસાદથી એમને રક્ષણ આપે છે. ત્યાં એઓ સિગારેટ વેચે છે - કોઈ પણ કાનૂનનો ભંગ કર્યા વગર. પહેલાં તો આ જાણીને હું ખુશ થયો. કોઈ ધારાધોરણ મુજબની જિંદગી પાછી જીવવાની શરૂ કરે તો એ સારું તો લાગે જ કારણ કે અમે પહેલાં મળ્યા ત્યારે એની જરા પડતી દશા હતી અને અમે ગમગીન હતા. અમારી એ જૂની લશ્કરી ટોપી પહેરીને અમે હજી ફરતા. અને મારી પાસે થોડા પૈસા આવી ચઢે તો હું એને જઈને મળતો હતો. પછી અમે ભૂખ્યા રહેવા વિશે, લડાઈ વિશે તડાકા મારતા. જ્યારે મારી પાસે પૈસા ન હોય ત્યારે મને એ સિગારેટ આપતો કે પછી તે વખતે હું એક ભઠિયારાની દુકાન સાફ કરતો એટલે મને ડબલરોટી માટેની રેશન કુપન મળતી તે હું લઈ જતો.

આજકાલ તો એનું બરાબર ચાલતું હોય એવું મને લાગ્યું. એ સ્વાસ્થ્યની જીવન્ત મૂર્તિ સમો લાગતો હતો. એકસરખો નિયમિત પૌષ્ટિક ખોરાક લેવાથી એના ગાલ ગોળમટોળ થયા હતા. એના મુખ પર આત્મવિશ્વાસની મુદ્રા હતી. એક ગંદીગોબરી છોકરી ચૂસણિયું લેવા આવી હતી પણ એની પાસે પૈસા પૂરતા ન હતા. એટલે એણે એને ધમકાવીને કાઢી મૂકી તે મેં જોયું. એના દાંત વચ્ચે કશું ભરાઈ ગયું હોય એમ એ આખો વખત એની જીભ ફેરવ્યા કરતો.

ધંધો તેજ ચાલતો હતો. એની પાસેથી બધા સારી એવી સિગારેટ ખરીદતા હતા અને ચ્યુઈંગ ગમ પણ.

કદાચ મારે એવું નહોતું કરવું જોઈતું - મેં એની પાસે વાત કરવાના આશયથી જઈને કહ્યું, 'અન્સ્ટ.'

એ જરાક તાજુબ થઈ ગયો. મારી સામે વિચિત્ર રીતે જોતાં જોતાં એણે કહ્યું, 'શું છે વળી ?' મને એણે ઓળખી કાઢ્યો તે તો હું જોઈ શક્યો. પણ એ પોતે ઓળખાઈ જાય એવી એની ઇચ્છા નહોતી.

હું ચૂપ રહ્યો. મેં એને જાણે નામ દઈને બોલાવ્યો જ ન હોય એવી રીતે વર્ત્યો. મારી પાસે થોડા પૈસા હતા એટલે મેં થોડીક સિગારેટ ખરીદી અને પછી ચાલવા માંડ્યું. મેં દૂરથી થોડી વાર સુધી એને જોયા કર્યો. હજુ મારી ટ્રામ દેખાતી નહોતી અને મને ઘરે જવાનું કાંઈ ખાસ મન થતું નહોતું. ઘેરે જઈએ એટલે બધા પૈસાની રકઝક કરીને માથું ખાઈ જાય. ઘરની માલકણ બાઈ ભાડું માગે. વીજળીવાળો વીજળીના પૈસા માગે. વળી ઘરે સિગારેટ પીવાની મને મના છે, કોણ જાણે ત્યાંથી માલકણ બાઈને વાસ આવી જ જાય છે. આથી એ વિફરે છે ને મને ભાંડે છે :'સિગારેટ ફૂંકવાના પૈસા છે અને ભાડું આપવાના પૈસા નથી. ગરીબ લોકોને માટે તો સિગારેટ પીવી કે દારૂ ઢીંચવો એ પાપ છે, સમજ્યા ?' હા, તે તો હું જાણું જ છું ને, તેથી તો હું છાનોછપનો સિગારેટ પીઉં છું. ઘરમાં નથી પીતો. પણ કોઈક વાર હું જાગતો પડ્યો હોઉં ને બધું શાન્ત હોય અને મને લાગે કે સવાર થતાં સુધીમાં એ વાસ વિખરાઈ જશે ત્યારે કોઈક વાર મારી ઓરડીમાં સિગારેટ પી લઉં છું.

સહુથી કપરી વાત એ છે કે મારે કશો ધંધો નથી, તમારે કંઈક ને કંઈક ધંધો તો હોવો જ જોઈએ. લોકો આપણને એવું કહેતા રહે છે. એવોય વખત હતો કે જ્યારે લોકો કહેતા કે ધંધો હોવો એ જરૂરી નથી. ત્યારે જરૂર હતી માત્ર સૈનિકોની. પણ હવે એવું કહેવા લાગ્યા છે કે ના, ધંધો તો જોઈએ, પણ એવું કશું છે નહિ. હું આળસુ નથી પણ લોકો જે ધંધો મને સુઝાડે છે તે કરવો મને ગમતો નથી, ઈંટ રોડાં સાફ કરવાં, કપચી લઈ જવી - આ બધું કરવું મને ગમતું નથી. બે કલાકમાં તો હું પરસેવે રેબઝેબ થઈ જાઉં છું. મારી આંખે ઝાંખ વળે છે અને હું ડૉક્ટર પાસે જાઉં છું તો કહે છે કે ના, તમને કશું થયું નથી. એ માત્ર મારો ગભરાટ જ હશે. આજકાલ લોકો જ્ઞાનતન્તુની નબળાઈની ઘણી વાતો કરે છે. ગરીબ હોવું અને વળી વધારામાં આવી નબળાઈ, એ તે કેમ સહ્યું જાય. પણ મારા જ્ઞાનતન્તુઓ બહુ તંગ થઈ ગયા છે. હું ખાસ્સા લાંબા ગાળા સુધી સૈનિક રહ્યો છું. મને લાગે છે કે નવેક વરસ થયાં હશે, કદાચ એથી વધારે પણ હોય. મને ખાતરી નથી. એક વખત એવો હતો કે કશો ધંધો હોય એનો મને આનંદ હતો. મને વેપાર કરવાની ખૂબ ઇચ્છા હતી પણ એ તો જૂની વાત થઈ. એ વાત આજે કરવાનો શો અર્થ ? હવે મને કશો ધંધો કરવાનું રજમાત્ર ગમતું નથી. આખો વખત પથારીમાં પડ્યા રહેવું અને દિવાસ્વપ્નો જોયા કરવાં, એક મોટો પુલ બાંધવાને માટે કે આલિશાન ઈમારત બાંધવાને માટે કેટલાય માણસો કેટલાય કલાકો કામ કરે અને એ બધું આખરે એક

જ મિનિટમાં તોડી પાડી શકાય તો પછી આ બધી મહેનત - મજૂરીનો અર્થ શો ? મને તો લાગે છે કે એ બધી મહેનત - મજૂરી નિરર્થક જ છે. મને લાગે છે કે આને જ કારણે જ્યારે મારે પથ્થરો ઉપાડવા પડે છે અને કપચી દૂર કરવી પડે છે અને એ બધું એટલા ખાતર કે એક વધારે હોટલ ઊભી થાય ત્યારે મારું સહેજ ચસકી જાય છે.

આ થોડીક ક્ષણ પહેલાં જ હું કહી ગયો કે મારા જ્ઞાનતન્તુઓ નબળા પડી ગયા છે. પણ મને લાગે છે કે સાચું કારણ આ છે : આ બધું જ અર્થહીન છે.

સાચું કહું તો કોઈ શું માને એની મને ઝાઝી પડી નથી. પણ પાસે થોડા પૈસા હોય એ જ વસ્તુ ભયંકર છે અને થોડા ઘણા પૈસા તો હોવા જ જોઈએ ને ! એના વગર તો તમારું ગાડું ચાલે જ નહિ. વીજળીનો દીવો બાળીએ એટલે કેટલી જફા ! મીટર તો ખરું જ અને તમે જેવી સ્વિચ દબાવી કે પ્રકાશની સાથે પૈસા પણ વેરાવા લાગ્યા જ સમજો ! તમે દીવો ન બાળો તોય મીટરનું ભાડું તો ભરવાનું જ, આ જ મોટી મોકાણ છે ને- બસ, ભાડાં ભર્યાં કરો. તમારે એક ઓરડી તો જોઈએ જ. પહેલાં તો હું એક ભોંયરામાં રહેતો હતો. નીચે કાંઈ ખાસ ખરાબ નહોતું લાગતું. મારી પાસે સગડી તો હતી જ. આમ તો હું થોડા બદામી કોલસા મારી જ લાવતો હોઉં છું પણ એ લોકોએ તો મને ભોંયરાની બહાર ખેંચી કાઢ્યો. છાપાંવાળા મને ઘેરી વળ્યા, મારી છબિ પાડી અને મારે વિશે લેખ લખ્યો : યુદ્ધમાં લડી ચૂકેલો, રીઢો સૈનિક ગરીબીમાં સબડે છે. આ બધાંનું પરિણામ એ આવ્યું કે મારે મારી જગ્યા બદલવી પડી. વસવાટ યોજનાની કચેરીના માણસે કહ્યું કે એ તો એની આબરૂનો પ્રશ્ન હતો એટલે મારે ઓરડીમાં રહેવા જવું પડ્યું. એમ તો કોઈક કોઈક વાર થોડા પૈસા હું ઉપજાવી લઉં છું ખરો લોકોના સંદેશા પહોંચાડું છું, બદામી કોલસાની હેરફેર કરું છું અને કોઈકના ભોંયરામાં એની સરસ થપ્પીઓ ખડકી લઉં છું. હું એમાં બહુ પાકો નિષ્ણાત છું. હું કોઈ ખાસ વધારે મજૂરી લેતો નથી. આમ છતાં. હું ઝાઝું કમાતો નથી. એમાંથી તો પૂરું ભાડુંય ભરી શકાતું નથી. કેટલીક વાર માત્ર વીજળીનું બિલ ચૂકવી શકાય છે કે પછી થોડીક સિગારેટ અને પાંઉ....

હું એક ખૂણામાં ઊભો ઊભો આવું બધું વિચાર્યા કરું છું. મારા એ કાળાબજારિયા મિત્રે (જે હવે એક પ્રામાણિક નાગરિક બની ગયો છે) મારા તરફ રહી રહીને શંકાભરી નજરે જોવા માંડ્યું. એ દુષ્ટને હું કોણ છું એની તો ખાસ્સી ખબર છે —અને લોકો કયાં એકબીજાને ઓળખતાં નથી હોતાં, ખાસ કરીને લાગલગાટ બે વરસ સુધી દરરોજ એકબીજા જોડે વાતચીત કરતાં હોય ત્યારે ! કદાચ એને એમ હશે કે હું એની પાસેથી કશું તફડાવી લઈશ. હું કાંઈ એવો બાઘો નથી કે આવી ભીડવાળી જગ્યાએ, મિનિટે મિનિટે ટ્રામ આવ્યા કરતી હોય ત્યારે અને ખૂણામાં પોલિસ ઊભો હોય ત્યારે કશું તફડાવું . એમ તો હું તફડાવું ખરો પણ જુદી જગ્યાએથી. કોલસા જેવી વસ્તુ તો તફડાવી જ પડે, ઊન પણ. એક દિવસ તો મેં ભઠિયારાને ત્યાંથી એક પાંઉ પણ તફડાવી લીધેલો. એ કેટલી ઝડપથી અને કેટલી ગલેલાઈથી મેં તફડાવેલો કે જે હું તમને કહું તો કદાચ તમે મારી વાત માનો નહિ. હું

તો પાંઉ ઉપાડતોકને ચાલવા માંડયો, સાવ ઠંડે કલેજે, જાણે કશું બન્યું જ નથી. ખૂણા સુધી પહોંચ્યો કે તરત દોડવા માંડયો, પણ હવે પહેલાંના જેટલી હિમ્મત રહી નથી.

એવા ખૂણા આગળ ઊભા રહીને કશું તફડાવવાની મારી દાનત નહોતી. એમ કરવું ઘણી વાર ખૂબ સહેલું હોય છે, પણ મેં કહ્યું ને કે હવે મારામાં એવી હિમ્મત નથી. કેટલીય ટ્રામ આવીને ઊભી રહી એમાં મારી પણ ટ્રામ હતી. અર્ન્સ્ટ મારી સામે એમાંથી ત્રાંસી નજરે જોઈ રહ્યો હતો. હું કઈ ટ્રામમાં જાઉં છું એની પણ એ દુષ્ટને ખબર છે.

પણ મેં તો સિગારેટનું ઠૂંઠું ફેંકી દીધું, બીજી સિગારેટ સળગાવી અને જ્યાં હતો ત્યાં જ ઊભો રહ્યો. સિગારેટનાં ઠૂંઠાં ફેંકી દઈ શકું એટલી તો મારી પ્રગતિ થઈ છે. પણ બીજું કોઈ ફેંકી દીધેલાં ઠૂંઠાં એકઠાં કરતું જ હોય છે. આપણે તો એવાનોય ખ્યાલ રાખવાનો ને ! એ બધાં કાંઈ એકના એક નથી હોતા. યુદ્ધકેદીની છાવણીમાં મેં તો કર્નલને સુધ્ધાં ઠૂઠાં વીણતો જોયો છે. પણ આ ઠૂંઠાં વીણનારો કર્નલ નહોતો. મેં એને ધારી ધારીને જોયો. એની કામ કરવાની પદ્ધતિ આગવી જ હતી. જાળમાં સંતાયેલાં કરોળિયાની જેમ એ કપચીના ઢગલા પાછળ સંતાઈ રહેતો અને જ્યારે જ્યારે ટ્રામ આવીને ઊભી રહેતી કે ઊપડતી ત્યારે ત્યારે પાછળથી નીકળીને જેટલાં ઠૂંઠાં પડ્યાં હોય તેટલાં એકઠાં કરી લેતો. મને એની પાસે જઈને વાત કરવાનું મન થતું. મને એમ લાગતું કે અમે બન્ને એક જ જાતના છીએ પણ હું જાણું છું કે એનો કશો અર્થ નથી. આવા લોકો ક્યારેય કશું કહેતા હોતા નથી.

મને શું થયું હતું તે તો કોણ જાણે પણ તે દિવસે મારે ઘેર જવું જ નહોતું. આ ઘર શબ્દ એની મને હવે જાણે કશી આળપંપાળ જ રહી નહોતી. મેં એક વધુ ટ્રામ જવા દીધી અને પછી એક સિગારેટ સળગાવી. અમારામાં શો વાંધો છે એની મને ખબર નથી. કદાચ કોઈ પ્રોફેસર સાહેબ એ શોધી કાઢશે અને એ વિશે છાપામાં લેખ લખશે. એ લોકોની પાસે બધી જ વસ્તુઓનો ખુલાસો હોય છે. યુદ્ધના ગાળામાં હતી તેવી તફડાવવાની હિમ્મત આજે પણ હોત તો કેવું સારું. એ દિવસોમાં જ્યારે કાંઈ તફડાવવાનું હોય ત્યારે અમે જ બહાર જઈને તફડાવી લાવતા.એ લોકો કહેતા કે કશી ચિંતા ન કરશો, એ કામ કરવું તે એ જાણે છે અને અમે કશુંક તફડાવવા નીકળી પડતા. બીજા બધા તો અમે જે લાવતા તે ખાઈપીને લહેર કરતા. વળી થોડું ઘેર મોકલતા પણ પોતે તો કશું તફડાવતા નહિ. એમના જ્ઞાનતંતુઓ સાબૂત હતા. તેઓ કશો ડાઘ પડવા દીધા વિના સ્વચ્છ રહેતા.

અને અમે જ્યારે ઘરે આવ્યા ત્યારે એ લોકો લડાઈમાંથી એવી રીતે બહાર નીકળી આવ્યા કે જાણે ધીમી પડેલી ટ્રામમાંથી પોતાના ઘર આગળ જ ઊતરી જતા ન હોય ! અને તે વળી કશું ભાડું આપ્યા વિના. બસ, વળાંક આગળ વળી ગયા. ઘરમાં દાખલ થઈ ગયા અને પછી જુઓ : ઘરમાં જાણે બધું એમ ને એમ અકબંધ, ચોપડીની અભરાઈ પર ધૂળ સુધ્ધાં નહિ, વહુઓએ ભોંયરામાં બટાકા એકઠા કરી રાખેલા અને થોડાં અથાણાં,

યોગ્ય લાગે તેટલું સમયાનુસાર પત્નીને ભેટવું, બસ પછી બીજી સવારે તમારે માટે તૈયાર નોકરીએ ચઢી જવું. બધું જ સરસ. વીમો ઉતરાવેલો તે ચાલુ. નાઝીઓની અસરને તો હજામતની દુકાને કંટાળો આપતી દાઢીને કઢાવી નાખીએ તેમ ખંખેરી નાખેલી. પછી યુદ્ધમાં કરેલાં પરાક્રમો, ચાંદ, ઈલ્કાબ, ઘા એ બધાંની વાતો અને એને પરિણામે બધા વાહવાહ, કરી ને કહે, 'કહેવું પડે, તમારા જેવા માણસો ક્યાં છે?' એટલે તમે નમ્રતાથી કહો, 'ભાઈ, કેવળ મેં તો મારી ફરજ બજાવી છે.' પાછા ટ્રામના અઠવાડિયાના પાસ બધું પાછું જેવું હતું તેવું થઈ ગયું છે એની એ નિશાની.

એ દરમ્યાન એમના સિવાયના બાકીના અમે બધા દ્રામમાં ઊભા ઊભા જ્યાં ઉતરવાનું જોખમ ખેડી શકાય એવી પરિચિત જગાની રાહ જોતા ઊભા રહ્યા. પણ એ તો કદી આવી નહિ. અમારામાંના કેટલાક વળી આગળ ગયા પણ એ લોકો ક્યાંક કૂદી પડ્યા. કેમ જાણે એમના ગંતવ્ય સ્થાને પહોંચી ન ગયા હોય !

પણ અમે તો આગળ ને આગળ વધે ગયા. ભાડું પણ આપોઆપ વધતું ગયું. અમારા ભારે સરસામાનનું પણ ભાડું કારણ કે અમે તો સીસા જેવો શૂન્યનો ભાર ખભે નાખ્યો હતો ને ! પહેલાં એક ઇન્સ્પેક્ટર આવ્યો અને પછી બીજો. અમે તો ખભા સંકોર્યા અને અમારાં ખાલી ખિસ્સાં બતાવી દીધાં. ટ્રામ એટલી ઝડપથી જતી હતી કે એ લોકો અમને બહાર ફેંકી દઈ શક્યા નહિ – ને વળી અમે આખરે માણસો તો ખરા જ ને ! પણ એ લોકોએ અમારાં નામ લખી લીધાં. ફરી ફરી એ લોકો અમારાં નામ લખ્યે જ જાય. ટ્રામ આગળ ને આગળ વધ્યે જ ગઈ. જેઓ ચાલાક હતા તેઓ ગમે ત્યાં જલદી કૂદી પડ્યા. પછી અમે બાકીના થોડા રહી ગયા. અમારામાં કૂદી પડવાની મગદૂરી નહોતી. અમારો સરસામાન અમે ટ્રામમાં છોડી જવા જ ઇચ્છતા હતા. ટ્રામ છેલ્લે સ્થળે પહોંચે ત્યારે ભલે એનું લિલામ થઈ જાય. પણ છેલ્લું સ્થળ તો આવ્યું જ નહિ, ભાડું વધ્યે જ ગયું : ટ્રામ વધારે ને વધારે ઝડપથી દોડયે જ ગઈ, ઇન્સ્પેક્ટરોને અમારે વિશે વધારે ને વધારે શક પડતો ગયો. મેં મારું સિગારેટનું ત્રીજું ઠૂંઠું ફેંકી દીધું ને ટ્રામના સ્ટોપ આગળથી ધીમે ધીમે ચાલવા માંડયું. મારે હવે ઘેર જવું હતું. મને ચક્કર આવતા હતા. ખાલી પેટે આટલી બધી સિગારેટ નહિ પીવી જોઈએ તે હું જાણું છું. મારો એ પહેલાંનો કાળાબજારિયો મિત્ર એનો કાયદેસરનો ધંધો હવે ક્યાં કરે છે એ જોવાનું મેં હવે છોડી દીધું. ખરેખર મને ગુસ્સે થવાનો કશો અધિકાર નથી. એ કૂદી શક્યો ને સફળ થયો, બરાબર તક જોઈને. પણ કોઈ ચૂસણિયું માગવા આવે ને પાંચ પૈસા ઓછા હોય તો તેથી એને ધમકાવીને હાંકી મૂકે એ બરાબર નથી. કદાચ કાયદેસરના ધંધામાં એવું જ હશે, મને ખબર નથી.

મારી ટ્રામ ઊભી રહી કે તરત પેલો ઠૂંઠાં વીણનારો ટ્રામની રાહ જોઈને ઊભેલા માણસોની વચ્ચે જઈને ઠૂંઠાં વીણવા લાગ્યો. આપણે એને એમ કરતો જોઈએ તે એને ગમતું નથી. એ હું જાણું છું. એવું ન બને તે એને ગમે પણ બને છે તો એવું જ.

ટ્રામમાં ચઢ્યો ત્યાં સુધી મેં અર્ન્સ્ટ સામે જોયું નહિ. પણ એ તો દૂર જોઈને બૂમો

પાડવા લાગ્યો, 'ચોકલેટ કેન્ડી, સિગારેટ!' શું ખોટું હતું તે તો મને સમજાયું નહિ પણ આ પહેલાંના સમયમાં એ મને વધારે ગમતો હતો. ત્યારે એને પાંચ પૈસા ઓછા હોય તેથી કોઈને કાઢી મૂકવાની જરૂર નહોતી પણ હવે તો એ રીતસરનો ધંધો કરે છે અને ભાઈ ધંધો એટલે ધંધો.

અનુ. ઉપમન્યુ વૈદ્ય (સુરેશ જોષી)

ખિસકોલીઓ - અને ખિસકોલીઓ

ગેર્ગેલી રાકોસી

તે નિરાંતે ઊંઘ્યો ન હતો.

ખિસકોલી ઉત્પાદક સહકારી મંડળીની મોટી બારી સામે ઊભા રહીને તે અંદર ડોકિયાં કરતો હતો.

ખિસકોલી બનાવતા આ વિચિત્ર કેન્દ્રનો ભેટો કેટલાંય અઠવાડિયાં પહેલાં અચાનક થઈ ગયો હતો. અંદર ચાલી રહેલા કામની ઝડપથી ચકિત થઈને તે ત્યાં કલાકો સુધી, દિવસો સુધી ઊભો રહેતો હતો. એક પછી એક મોટા મોટા ખટારા - માલસામાનથી લદાયેલા ખટારા - આવતા, સાંકડી શેરીની દીવાલોમાં સુસ્ત એન્જિનોના ઘરઘરાટ સંભળાતા, ઓટલાની બાજુઓ મોટા અવાજ સાથે ધ્રૂજી ઊઠતી અને કાટ જેવા રંગવાળા, સુંવાળી રૂવાંટીવાળા કાપડની ગાંસડીઓ ઉતારાતી. બીજા કોઈ વાહનમાંથી લાકડાના વહેરવાળી ગુણો ઉતારાતી અને થોડે આગળ નેતરની નાની ટોપલીઓમાં એ વહેર ભરાતો. વચ્ચે વચ્ચે નાની નાની ગાડીઓ ઊભી રહી જતી; ડ્રાઇવર જ્યારે પાછલું બારણું ખોલતો ત્યારે આસપાસનાં મકાનોની દીવાલો પર વિવિધરંગી પ્રકાશ રેલાઈ જતો - હીરાની જેમ ઝગમગતી, ખિસકોલીની આંખો લઈને ડ્રાઇવર આવતો. ક્યારેક ઘોડાના વાળના મોટા વીંટા આવતા. નાની નાની મોટરલોરીઓમાં કથ્થઇ રંગની, ઘેટાંની રૂવાંટી ભરેલી મોટી મોટી કોથળીઓ આવતી અને જ્યારે સામાન ઉતારનારા, માથે ટોપી પહેરેલા નોકરો જેવા દરવાજા ખોલે કે તરત જ કોથળીઓમાંથી લીરા લટકતા દેખાય, પતાકાઓની જેમ ઝૂલતી ખિસકોલીઓની પૂંછડીઓ જ ન હોય જાણે.

પરંતુ અત્યારે તો શેરી સાવ સૂની હતી. થોડાં અઠવાડિયાં ચાલે તેટલો માલસામાન ત્યાં હોવો જોઈએ એમ માની લેવું રહ્યું.

તેણે એક મહત્ત્વની વિગત જોઈ.

એક મોટા ટેબલની આજુબાજુ બેસીને કેટલીક સ્ત્રીઓ ખિસકોલીઓ બનાવતી હતી.

બધી સ્ત્રીઓ એક સરખી ઝડપથી હાથ હલાવતી હોય એમ દેખાતું હતું. આમ છતાં ટેબલની વચ્ચે ઢગલો કરેલી ખિસકોલીઓ એકબીજાથી બહુ જુદી પડી જતી હતી.

પોતે જોવામાં કશી ભૂલ તો નથી કરતો ને તેની ખાતરી કરવા માટે તે થોડો પાસે ગયો.

પ્રાણીઓનાં રમકડાંનો જેવો દેખાવ હોવો જોઈએ તેવો દેખાવ મોટા ભાગની ખિસકોલીઓનો હતો. તે આકર્ષક, સુન્દર અને સુડોળ દેખાતી હતી. તેમની મૂછો ઘોડાના વાળમાંથી બનાવી હતી, આંખો કાચની, રૂવાંટી ઘેટાના ઊનની હતી, પૂંછડીઓ તાર પર ગૂંથીને બનાવી હતી - આ વિગતો ગમે તે વ્યક્તિ કહી આપે એ કબૂલ. છતાં તેમની સામે જોયા કરવાનું, તેમને હાથમાં રમાડવાનું, કાન આમળવાનું ગમે. બધી સ્ત્રીઓ એકસરખી રીતે ઝડપથી હાથ હલાવ્યા કરતી હતી. આમ છતાં મોટા ભાગની ખિસકોલીઓ ખિસકોલીઓ લાગતી ન હતી.

આ બીજા વિભાગમાં તમે જેને 'તે' કહીને ઓળખાવો એવી ઘણી બધી હતી (તેમને નામ આપવાનું પણ અશક્ય હતું). કેટલીક ખિસકોલીઓનાં પેટ સસલાનાં પેટ જેવાં હતાં, કેટલીકનાં માથાં મોટાં ઉંદર જેવાં હતાં, કેટલીકના પંજા સસલાના જેવા હતા, પણ ખરેખર તો એમાંની કોઈ પણ ખિસકોલી નાનાં કે મોટાં ઉંદર જેવી, સસલા જેવી પણ દેખાતી ન હતી. આટલું ઓછું હોય તેમ આ પાતળી ચીકણી કલ્પનાઓવાળી એકે એક આકૃતિ બેડોળ હતી. એક પગ બીજા પગ કરતાં લાંબો યા ટૂંકો હતો. પૂછડીઓ તેમની પીઠની વચ્ચે ચોંટાડેલી હતી, વાળની લટ તેમના કાનની ટોચ પર હોવાને બદલે કાનની નીચેના ભાગમાં હતી. આંખો વચ્ચે વધારે પડતું અંતર હતું અથવા તો એકાદ આંખ માથાની બરાબર વચ્ચે ચોંટાડી દીધી હતી, એકાદની તો મૂછો પણ ઘોડાની કેશવાળીની જેમ ગરદનમાંથી ફૂટેલી હતી.

આ બધી સ્ત્રીઓ ઝડપથી અને એકસરખી રીતે કામ કરતી હતી, તથા એક જ પ્રકારની સામગ્રી વાપરતી હતી છતાં આમ બનતું હતું.

ટેબલની વચ્ચે ધીરે ધીરે મોટા થઈ રહેલા ઢગલામાં તે ખિસકોલીઓ જોઈ રહ્યો હતો. એ વખતે તેની નજર એક ખિસકોલી પર પડી. તે પહેલા વિભાગમાં આવતી હતી અને વધારામાં તે સૌથી સુન્દર હતી. તે જીવતીજાગતી ખિસકોલી જેવી લાગતી હતી. ઘવાયેલી આંખો માટે તે આશ્વાસન રૂપ હતી. જીવતીજાગતી ખિસકોલી જેવી ?

ખરેખર !

ખિસકોલીએ તેની સામે જોયું.

શું તે સ્વપ્ન જોતો હતો ? તેણે આંખો ચોળી. ના, એ સ્વપ્ન નહોતું.

ખિસકોલી હાલી, બાકીની ખિસકોલીઓથી તે અળગી પડી, ટટ્ટાર ઊભી રહી અને ચંચળ બનીને તે મૂછો ગોઠવવા લાગી.

ખૂબ આશ્ચર્ય પામીને તે જોવા લાગ્યો. જીવનમાં ક્યારેય આવું દૃશ્ય તેણે જોયું ન

હતું. જો અત્યારે તેણે વાત કરવાનો પ્રયત્ન કર્યો હોત તો તે માત્ર અસ્પષ્ટ બબડાટથી વધારે કશું કરી શક્ત નહીં. આ તો બહુ મોટો ચમત્કાર હતો ! તે મૂંઝાઈ ગયો, લગભગ બેસુધ બની ગયો, જેમતેમ કરીને સાનભાન મેળવવામાં થોડો સમય તેને લાગ્યો.

હવે પેલી ખિસકોલી ટેબલની આજુબાજુ ઠેકડા ભરવા લાગી. આ ખિસકોલી સાચેસાચ જીવતીજાગતી ખિસકોલી હતી. એમાં તો સહેજ પણ શંકા ન હતી, પરંતુ વધારે વિચિત્ર વાત કંઈ આ નહતી.

કોઈ કરતાં કોઈએ આના તરફ ધ્યાન આપ્યું જ નહિ એ જ સૌથી વધારે વિચિત્ર હતું.

ચાલો, કદાચ એમ માની લો કે પેલી સ્ત્રીઓ માથાં નીચાં રાખીને કામ કર્યા કરતી હોવાથી તેમના જોવામાં આ વાત ન આવે પણ પેલો ફોરમેન ? તે ટેબલથી બહુ દૂર ઊભો ન હતો એટલે તેના ધ્યાન બહાર તો આ વાત જાય જ કેવી રીતે ? ભૂરો પોશાક પહેરીને ખિસ્સામાં હાથ રાખીને તે ત્યાં ઊભો હતો; તેનો ચહેરો આનન્દી નહીં પણ ભરાવદાર અને સખત હતો. લબડી પડેલા અને અશક્ત જેવા લાગતા ચહેરા પર એક પ્રકારનો કંટાળો હતો, અને તેની આંખો ટેબલ પર જ હતી.

ખિસકોલીએ ઢગલાની આજુબાજુ અડધો રસ્તો કાપ્યો, તે થોડી થોડી વારે અટકતી હતી, કુતૂહલથી અને સાવચેતીથી જોતી હતી. પસાર થતાં થતાં આકસ્મિક રીતે જ ત્યાં બેઠેલી કુશળ સ્ત્રીઓના હાથ જાણે સૂંઘતી ન હોય એમ લાગતું હતું. આ નાનકડું ચંચળ પ્રાણી કોણે બનાવ્યું હશે તે વિષે તેને કુતૂહલ થયું. ના, આ વાત આ રીતે મૂકી ન શકાય.

કોણે આ પ્રાણીને 'સત્તા'(આ શબ્દના સાચા વ્યુત્પત્તિગત અર્થમાં) આપી હશે ?

ખિસકોલી જ્યારે સામા છેડે જઈ પહોંચી અને એકાએક ચોક્કસ જગાએ અટકી ગઈ ત્યારે તેણે પોતાનું સુન્દર નાનકડું મોં એક હાથ પર કેટલાય સમય સુધી ઘસ્યા કર્યું. એ સ્ત્રીએ ઊંચે જોયું. તેની સુન્દર ગમગીન આંખોમાં કશોક ડર દેખાતો હતો. ઘેટાના ઊનના લીરામાંથી તે કશુંક બનાવતી હતી. એ લીરા તેણે નીચે મૂક્યા અને બન્ને હાથ વડે નાનકડી ખિસકોલીને પંપાળી, હવે તેની આંખોમાં કશો ડર નહીં પણ અતિશય ભય દેખાવા માંડયો હતો. તે થોડો મૂંઝાયો પણ આ મૂંઝવણ ઉકેલવા માટે તેની પાસે એટલો બધો સમય ન હતો. સુન્દર ગમગીન આંખોવાળી તે સ્ત્રી તરત બોલી ઊઠી : 'મહેરબાની કરીને એવું ન કરતા.' તે પોતાના બન્ને હાથ વડે ખિસકોલીને સંતાડવા ગઈ, 'મહેરબાની કરીને એવું ન કરતા. ભગવાનને ખાતર !' કાચની બારીમાંથી તેનો અવાજ સ્પષ્ટપણે સંભળાતો હતો.

ભૂરાં કપડાંનો પોશાક તેની પાછળ જ ઊભો હતો. હજુ પણ તેના હાથ ખિસ્સામાં જ હતા.

તે આટલો બધો પાસે આવી ગયો હતો એની ખબર તેને પડી નહીં. એ ગમે તેમ હોય, પણ આટલો બધો ભય શા માટે ? એ સ્ત્રીની સાથે કામ કરતી બીજી સ્ત્રીઓ મૂંગી

હતી. આમતેમ થોડી નજર કરી લીધી, એ સિવાય તેમણે ઊંચે જોવાની તસદી લીધી નહીં.

ફોરમેન કશુંક બોલ્યો (એ શું બોલ્યો તે સાંભળી ન શકાયું) પેલી સ્ત્રી રડી પડી. તેની આંખો સુન્દર, ગમગીન રત્નો જેવાં આંસુઓથી ચમકવા લાગી. બે સુન્દર હાથની હૂંફમાં પેલી ખિસકોલી તો પૂરેપૂરી લપાઈને પાડ માનતી બેઠી હતી.

તે સ્તબ્ધ થઈ ગયો. આ ઘટનાઓથી થોડો તટસ્થ બનીને ઊભો. આટલી બધી સુન્દર સ્ત્રી તેણે કદી પણ જોઈ ન હતી - રંગમંચ ઉપર નહીં; સિનેમાના પડદા પર નહિ; તસવીરમાં નહીં; ક્યાંય નહીં; (આવા જ પ્રસંગોએ અનિવાર્ય મરણનો વિચાર અતિશય વેદના જન્માવી જાય છે) ગમે તેમ પણ એ સ્ત્રી તેને ખૂબ સૂન્દર લાગી (કોઈ હંગેરિયન ફિલ્મ દિગ્દર્શકે તાજેતરમાં જ પોતાની ફિલ્મ માટે મુખ્ય અભિનેત્રીની પસંદગી ૩૪૦૦ -કે પછી ૪૩૦૦ - સ્ત્રીઓમાંથી કરી હતી એ વાત તેને યાદ આવી. કાચની પેલી બાજુએ ઊભેલી એ સ્ત્રીએ આવી કોઈ જાહેરખબરનો જવાબ આપ્યો જ ન હોત. કોઈ ફિલ્મ સ્ટુડીઓના દરવાજા આગળ ઘોંઘાટિયા ટોળાની સાથે પડાપડી કરતી કરતી તે કદી જાત જ નહીં, કારણકે તેના સૌન્દર્યમાં એક પ્રકારનું અતડાપણું હતું. પરંતુ કોઈક ચમત્કારથી ધારો કે તે ત્યાં ગઈ હોત તો પણ પેલા દિગ્દર્શક તેને જોઈને તરત જ કહી દીધું હોત - 'બીજીને મોકલો.' આ સ્ત્રી તરફ તેનું ધ્યાન જ ન જાત, જે માણસે 'એ' ફિલ્મ ભેગી કરી હતી તે માણસનું ધ્યાન ન જ જાત.

ભૂરા પોશાકવાળા માણસનો ઉષ્માહીન અવાજ હવે સંભળાયો. (આવા જ નિસ્તેજ ઉષ્માહીન અવાજ ધરાવતા એક તન્ત્રીને તે ઓળખતો હતો, સાવ અકળ જ નહીં એવા કારણસર તેણે એ તન્ત્રીનું નામ - અંગત ઉપયોગ માટે - 'કૂકડી માતા' પાડ્યું હતું. જોગાનુજોગ તેનું સામાયિક પણ તેના અવાજના જેવું જ બોદું અને નીરસ હતું. આ થયું સામાન્ય વર્ણન, એક વખત - એ સમય ક્ષણિક અન્ધારપટનો હોવો જોઈએ – તેણે એક વાર્તા છપાવવા આપી હતી. કૂકડી માતા હાથમાં વાર્તા રાખીને બેઠા હતા. તેમણે બોલવા માંડયું : 'હવે આપણે તમારા આ નમૂના વિશે થોડી વાતચીત કરીએ. જો તમે મને કહેવાની રજા આપો તો કહીશ કે આમ જોવા જઈએ તો તમારી વાર્તા –'ના, ના, એ વાત નહીં. આમ જોવા જઈએ તો તમારી વાર્તા !' તેણે કૂકડી માતાના હાથમાંથી હસ્તપ્રત ઝૂંટવી લીધી અને ત્યાંથી તે નાસી ગયો. આ વાર્તા પ્રગટ કરવાનું મોકૂફ રાખવાનું તે વધારે પસંદ કરત. ઈંડું બફાય તે પહેલાં દરેક દરેક ઈંડાને સેવવાનો શ્રમ કરતી કૂકડી માતાને જોયા કરવી - ના, ના, આભાર તમારો !)

'કેટી ! જો તને કહી દઉં છું - ફરી પાછું આ શરૂ ન કરીશ.' ફોરમેન બરાડ્યો. લાગણીહીન બનીને, સાવ ઉદાસીનતાથી તે બરાડ્યો. જો આ રીતે બરાડી શકાતું હોય તો !

'કેટી - એ સુન્દર અને ગમગીન આંખોવાળી સ્ત્રીનું નામ હવે તે જાણી શક્યો. તે

સ્ત્રીએ જેવી રીતે પોતાના વક્ષઃસ્થળ સાથે પેલી નાનકડી વ્હાલી ખિસકોલીને ચાંપી દીધી હતી તેવી રીતે આ નામને પણ બીજાની નજરમાંથી બચાવવા માટે સંતાડી શકશે. એ નામ તેને બહુ ગમ્યું ન હતું પણ તેથી શું ? શિયાળાની રાત્રિઓ દરમિયાન કશાકનો વિચાર કરવા માટેની સામગ્રી તેને હવે મળી ગઈ. વળી બીજી 'કેટી'ઓથી પણ તે એને બચાવવાનો પ્રયત્ન કરશે. ડોક ફેરવીને કશું કહેવાનો કેટીએ પ્રયત્ન કર્યો હોય એમ લાગ્યું પણ ફોરમેને તેના તરફ જોવાની પરવા ન કરી. તેની નજર છત પર મંડાયેલી હતી. 'મહેરબાની કરો. માત્ર આટલી જ વખત.' સાંભળી શકાય એવા અવાજે બોલતી એ કન્યાને (કે સ્ત્રી - તે પરણેલી હતી ?) તેણે સાંભળી.

ભૂરા પોશાકના બે મોટા ગજવામાંથી બે હાથ બહાર નીકળ્યા.

તેણે ચીસ પાડી : 'માત્ર એટલી જ વખત મહેરબાની કરો.'

તે જ પળે બે હાથ અચાનક ધસમસ્યા. બે સિંહ વડે જાણે તે કન્યાના હાથ છૂટા પડી ગયા ન હોય - સુરક્ષા શોધવા ભાગી જવા તૈયાર થયેલી ખિસકોલી નજરે પડી. પણ એટલામાં તો એક હાથ તેની કમરની આજુબાજુ વીંટળાઈ ગયો અને બીજા હાથે તેના માથા પર ફટકો માર્યો; એ નાનકડી ચંચળ કાયા, કાળજીપૂર્વક ગોઠવાયેલી તેની મૂછો, રૂવાંટીભર્યા કાન અને બીજુ બધું જ પેલી મોટી મૂઠીઓમાં અદશ્ય થઈ ગયું.

સામસામી બાજુએ બે આમળા ચઢાવ્યા અને પતી ગયું. મૂઠીઓ ખૂલી ગઈ અને નાનકડા પ્રાણીની કાયા આછા અવાજ સાથે ટેબલ પર નિશ્ચેષ્ટ બનીને પડી ગઈ. કેટીએ પોતાનું માથું ટેબલ પર ઢાળી દીધું અને ડૂસકાં ખાવા માંડ્યાં. પેલો બોદો અવાજ કેટીને સમજાવતો હતો. આ વખતે એ અવાજમાં પહેલાં કરતાં ઓછો કંટાળો હતો.

'આવું ન કરી શકાય એ તું સારી રીતે જાણે છે. હવે રોકકળ કરવાનો કશો અર્થ નથી. આમ કરવાની મંજૂરી નથી એ વાત તને કેટલીય વખત કહી છે.' કશું બન્યું જ નથી એવી રીતે ટેબલ પરની કામગીરી તો ચાલતી હતી. બે સ્ત્રીઓએ તેમનાં મોં એકબીજાની નજીક આણ્યાં અને ખૂબ આછા અવાજે બબડાટ કર્યો. એક જાડી સ્ત્રીએ ખભા ઉલાળ્યા, અશ્વમુખી જેવી લાગતી એક ઘઉંવર્ણી સ્ત્રી મૂછમાં હસવા લાગી. બસ, આ સિવાય કશું બન્યું નહિ. આ ઘઉંવર્ણી સ્ત્રીએ એક ખિસકોલી તે જ વખતે પૂરી કરી હતી પણ એ ખિસકોલી જેવી તો લાગતી જ ન હતી.

કેટીના ખભા પર ફોરમેને હાથ - એ જ હાથ - મૂક્યો.

તે બોલ્યો 'ચાલ, બસ કર.'

તે બોલી નહીં, હાલી નહીં.

ફોરમેને પીઠ ફેરવી, ખિસકોલી ઊંચકી અને જાણે માટીનું ઢેફું હોય તેમ તેને ઘાટ આપવા લાગ્યો. તેની નાજુક કમરની આસપાસ ભરાવદાર પેટ બનાવવા લાગ્યો, એક પગ વધારે ખેંચવા લાગ્યો, બીજા પગને પાતળો કરવા લાગ્યો, તેની ગરદન આમળવા લાગ્યો, તેની મૂછો વીંખવા લાગ્યો. પછી જાણે કે બધું સમુંસૂતરું ગોઠવી દીધું હોય તેમ

ટેબલની વચ્ચેના ઢગલા પર તે ખિસકોલીને ફેંકી દીધી.

કેટીના હાથમાં લપાઈ જતાં પહેલાં ટેબલની આસપાસ ઠેકડા મારતી ખિસકોલી આ જ હતી એવું તમે માની જ નહિ શકો. આ ખિસકોલીને પેલી ખિસકોલી સાથે કશો જ સમ્બન્ધ ન હતો. રૂવાંટીમાંથી બનાવેલી બીજી બધી ખિસકોલીઓના જેવી જ આ પણ હતી, કાચની તગતગતી આંખો વડે જોતી હતી; તે જે વાત જાણતો હતો તેનાથી અજાણી કોઈ પણ વ્યક્તિ આ ખિસકોલી, પેલી અશ્વમુખી, ઘઉંવર્ણી સ્ત્રીએ બનાવેલી ખિસકોલીથી જુદી પડતી હતી એ વાત કહી જ ન શકે.

ફોરમેને એ કન્યાના ખભા પર ફરી હાથ મૂક્યા.

તે બોલ્યો : 'ચાલ ચાલ હવે ! બસ કર, કેટી !' થોડી વાર રહીને તેણે ઉમેર્યું. 'આ તો જાણે તારી સગી દીકરી ન હોય એમ તું કરે છે.'

અશ્વમુખી, ઘઉંવર્ણી સ્ત્રી પાછી મલકાઈ.

તેણે ખભા પરથી પેલાનો હાથ ખસેડી નાખ્યો અને આંસુથી ખરડાયેલા ચહેરે ફોરમેન સામે જોયું.

એથી પણ વધારે, કેટલીક વખત તો ખૂબ જ વધારે. એ સરજત તો તમારી...તેનો અવાજ રૂંધાઈ ગયો. ખુરશી ખસેડીને તે ઊભી થઈ અને ઓરડાની બહાર દોડી ગઈ.

આ બધી ઘટનાઓથી થોડી વાર સ્તબ્ધ થઈ જનાર નિરીક્ષક હવે એ અવસ્થાનો ભંગ કરતો ખસ્યો. તે દરવાજા તરફ દોડ્યો અને જ્યારે એ દરવાજો બંધ જોયો ત્યારે જોરશોરથી બારણું પછાડવા માંડ્યો.

ત્યાં કોઈ ન હતું, કશું ન હતું.

બન્ને હાથ વડે તે બારણું પછાડતો હતો એટલે લાકડાના પાટિયાનો અવાજ આવતો હતો. છેવટે સાંકળ ખખડી અને નાનકડી બારી ખૂલી.

'શા માટે બારણું ઠોક્યા કરો છો ?'

'મારે અંદર આવવું છે.'

'પરવાનગી નથી.'

'મારે અંદર આવવું છે અને મેનેજર સાથે વાત કરવી છે. બહુ જરૂરી છે.'

'ધંધાદારી કામ છે ?'

'ધંધાદારી નથી પણ જરૂરી છે. દુનિયામાં આનાથી વધારે જરૂરી કામ બીજું કશું નથી. મેં જે બહારથી જોયું....'

'બહારથી એટલે ક્યાંથી ?'

'શેરીમાં ઊભા રહીને, બારીમાંથી.'

'મને તમારી વાત ન સમજાઈ.'

'શું નથી સમજાતું ?'

'શટર્સની આરપાર જોઈ શકાય કેવી રીતે ?'

'શટર્સ ? અહીં તો કોઈ શટર ન હતાં.'

'મને દલીલ કરવાનો સમય નથી.' બારી ધડાક કરતી બંધ થઈ ગઈ.

અચકાતા અચકાતા તેણે થોડાં ડગ ભર્યાં, શું આ લોકો તેને મૂરખ ઠસાવવા માગે છે ? તે પાછો ફર્યો અને બારી પાસે ઉતાવળે ગયો.

પણ બારી તો ત્યાં હતી નહિ. એને બદલે કથ્થઈ રંગનું મોટું શટર તેની સામે હતું. આ શટર વસાયું હોય તો તેનો અવાજ કેમ સાંભળી ન શકાયો ? અને આ શટર વાસ્યું કોણે ? આવા શટર બહારથી જ સળિયા વડે વાસી શકાય એવું તેના જાણ્યામાં તો હતું. પરંતુ આજુબાજુ કોઈ ન હતું.

ફરી તે દરવાજા પાસે ગયો અને બારણું ખખડાવ્યું.

તેણે બારણું હચમચાવ્યું.

સારો એવો સમય તેણે બારણું હચમચાવ્યું

નાની બારી ન ખૂલી.

તેણે ધ્યાનથી સાંભળ્યું અને ફરી પ્રયત્ન કર્યો.

'મિત્ર, તમે શું કરવા ધારો છો ?'

તેની બાજુમાં એક પોલિસ ઊભો હતો.

કેટલાક શબ્દોના અર્થ કેવા બદલાઈ જતા હોય છે !

'મિત્ર' તન્ત્રીઓ તરફથી તેને 'મારા વ્હાલા મિત્ર'ના સમ્બોધનોવાળા પત્ર મળતા હતા (મોટે બાગે તો લખનાર મિત્ર હોય જ નહીં એવી જગ્યાઔએથી ખાસ, આવી જગ્યાઓ પર તો તેને ચીઢ હતી.)

'મારે અંદર જવું છે.'

'આ તો વખાર છે, બંધ વખાર. તમે અંદર શા માટે જવા માગો છો ?'

'મે હમણાં જ કોઈની સાથે વાત કરી,'

'અહીં તો કોઈ રહેતું નથી.' પોલિસે તો તોલીતોલીને કહ્યું. 'હું કેટલાય વખતથી નોકરી કરું છું, મને તો ખબર હોય ને ! વખારમાં માલ આવે છે અને બહાર માલ જાય છે.'

'મેં બારીમાંથી જે જોયું તે....' તે અટકી ગયો. એ ઘટના કોઈ અપરાધ તો ન હતી, પોલિસ માટે તો એ અપરાધ ન હતી. ખૂબ જ મહત્ત્વની ઘટનાઓ સાથે પોલિસોને તો કદી કશો સમ્બન્ધ હોતો જ નથી.

'ચાલો ત્યારે. તમારે જે કહેવું હોય તે કહી દો.'

'કશું નહીં, ખાસ કશું જનહીં.'

હવે પોલિસને શંકા આવી; ધંધાદારી રીતે નહીં પણ અંગત રીતે તેને કુતૂહલ થયું.

'તમે કઈ બારીની વાત કરો છો ? શટર તો વાસેલાં છે. તમે નથી જોઈ શકતા ?'

'હા, જોઈ શકું છું ખરો.'

'હું તમારું ઓળખપત્ર જોવા માગું છું.'

રાબેતા મુજબની તપાસ શરૂ થઈ.

'નામ ?'

તેણે પોતાનું નામ કહ્યું.

'સરનામું ?'

તેણે સરનામું આપ્યું.

'ધંધો ?'

'લેખક.' આ જવાબ આપવો તેને મૂંઝવતો હતો. પોતે લેખક છે એમ કહેવાની તેને શા માટે શરમ આવતી હતી એની તેને ખબર ન હતી. ના છૂટકે જ તે પોતાના વિશેની આ વિગત જણાવતો. દા. ત. કોઈ અમલદાર પૂછપરછ કરે ત્યારે જ તે આ વાત જણાવતો.

તેણે ઓળખપત્ર પાછું લીધું, ઘર તરફ જવા પાછો વળ્યો, એક વળાંક વટાવતા જ તેણે ધીમે રહીને પાછળ નજર કરી. પોલિસ હજુ પણ દરવાજા આગળ જ ઊભો હતો. જ્યારે એણે તેને પાછું વળીને જોતાં જોયો એટલે તેના તરફ આંગળી ચીંધી. જો એ પોલિસ ત્યાં ઊભો ન હોત તો તે ખરેખર પાછો ગયો હોત અને બારણું ઠોકવાની શરૂઆત કરી હોત.

તેને પોલિસ પર ગુસ્સો ન ચઢ્યો. આમતેમ ફાંફાં મારવાની તેમની તો ફરજ જ હોય છે. લેખક કંઈ જુદો ઓછો તરી આવે છે ? આમ જોવા જઈએ તો તો તેમનો ધંધો પણ એવો જ હોય છે. માત્ર ભેદ એટલો જ કે સામાન્ય કક્ષાના પોલીસોમાં પ્રામાણિક લોકોની સંખ્યા વધારે હોય.

આ આખો બનાવ લખી નાખવાના અથવા તો તે લખવાની શરૂઆત કરવાના આશયથી તે પોતાના ઓરડામાં દાખલ થયો. પરંતુ રાબેતા મુજબ અનિશ્ચિત મુદત સુધી લખવાનું તેણે માંડી વાળ્યું. જો તમે લેખન વિશે પ્રારમ્ભિક બાબતો જાણતા હો તો તમને ખ્યાલ આવે કે આરમ્ભ કરવાની કામગીરી કેટલી બધી અઘરી હોય છે ! એકાદ વાક્ય તમને જડી જાય, એકાદ વિચાર જેવું તમને સૂઝી જાય અને જ્યાં તમે લખવા માંડો ત્યાં તમને એની નિરર્થકતા પણ તરત જ વરતાઈ જાય. આખી વાતની મજા જ મરી જાય. આખી વાત વિશે તમે ચિન્તા કરવા માંડો, તમે બેઠા હો, ઊભા હો, ચત્તા સૂઈ ગયા હો તો પણ તમે ઉત્તેજનાના માર્યા બેબાકળા જ રહો. મજાની તંગ અવસ્થા સિવાય આ કશું જ નથી હોતું. કેટલીક વખત તો અઠવાડિયાં સુધી તે લખી શકતો ન હતો. તે લખી નાખે તે પહેલાં આવું થાય. આમ છતાં અત્યારે તો તેણે પોતાની જાતને ફરજ પાડવા માંડી. તે અરીસા સામે ઊભો રહ્યો અને પોતાના ગાલ પર જોરથી તમાચા માર્યા. તેનો ચહેરો રાતો થઈ ગયો. ગાલ પરનાં હાડકાં દુ:ખવા લાગ્યાં. ફરી એક વખત તમાચા માર્યા. અરીસામાં પોતાના પ્રતિબિમ્બ સામે જોઈને તે બરાડ્યો. 'નાલાયક, તારો સમય હવે બગાડવાનો નથી. કાલે મરી જતો હોય તો આજે મરી જા, પણ તારે આ તો લખવું જ પડશે અથવા શરૂઆત કરવી પડશે.' કોઈ એક મુલાકાત દરમિયાન એક વૃદ્ધ સન્નારીએ

કહેલી વાત તેને યાદ આવી, 'હું તો સ્વસ્થતાથી લખું છું. ઉત્સાહથી લખું છું. મારે માટે તો આ ઉત્તમ મનોરંજન છે.'

અરીસામાં જોઈને તે ખોખરું હસ્યો. 'અલ્યા, તું સ્વસ્થતાથી નથી લખતો ?'

અરીસામાં જોઈને તે ખોખરું હસ્યો. અલ્યા, 'તું સ્વસ્થતાથી નથી લખતો ?' તેણે કેટલીય વખત તમાચા માર્યા. 'તુ ઉત્સાહથી નથી લખતો ?' ફરી એક વખત તમાચા માર્યા. 'તારે માટે આ મનોરંજન નથી ?'

તેના હોઠ લોહીથી ભીના થયા.

'અરે ! આ તો મારું હૃદય ખલાસ કરી રહ્યો છે ! ગરીબ બિચારો લોહીલુહાણ થઈ રહ્યો છે. તે લખે અને વાંચે એવી આશા તું કેવી રીતે રાખી શકે ? તેણે પોતાના હાથ વડે આખો ચહેરો લોહીથી ખરડ્યો.

'જેવી હાલતમાં છે તેવી હાલતમાં જ બેસી જા. મોં ધોવા જઈશ નહીં. નહીંતર પાછો તું આવતી કાલ પર મુલતવી રાખીશ. પછી બીજા કોઈ દિવસ પર મુલતવી રાખીશ. આજે જે જોયું છે તે વિશે તારે લખવું જ પડશે.અત્યારે જો લખવું ન હોય તો તો તું મરી જાય એ જ બહેતર છે.' તે ટાઈપરાઈટર આગળ બેઠો, કાગળ અંદર નાખ્યો અને મથાળું બાંધ્યું, 'ખિસકોલીઓ - અને ખિસકોલીઓ'

તે જ વખતે તેના બારણાની ઘંટડી બે વખત લાંબા સમય સુધી વાગી. અત્યારે કોણ નાલાયક મળવા આવ્યો છે ?

અનિચ્છાએ તે બારણું ઉઘાડવા ગયો. ગિર્દીવાળી ટ્રામમાં પાછળ જેવી રીતે લોકો ચઢી જાય તેવી રીતે તેના નાનકડા ઓરડામાં ત્રણ માણસો ધસી આવ્યા. આ ત્રણે માણસોએ પટાવાળા લેંઘા પહેર્યા હતા, તેઓ પૂંછડીઓવાળા હતા. માથે હેટ હતી. તેમણે તરત જ તેનું નામ કહ્યું, 'અમે તમને થોડી વાર મળવા માગીએ છીએ.'

'આ તરફ આવો,' તે બોલ્યો અને પોતાના ઓરડાનું બારણું ખોલ્યું. તેઓ અંદર આવ્યા. તેમના હાથ પાછળ ભીડેલા હતા.

તેણે વિચાર્યું : 'આ લોકો મને કોઈ બીજા જ રાજ્યમાં મોકલી શકે પણ છેવટે મેં શરૂઆત તો કરી દીધી જ છે. મેં મથાળું બાંધી દીધું છે, હા, એના પછી શું આવસે તે શોધતા કોઈને તકલીફ પડે. એક જ માણસ આ વાત લખી શકે એવો હતો અને તે માણસ અત્યાર સુધીમાં મરી પરવાર્યો.

તે ઓરડાનું બારણું બંધ કરવા ગયો અને પાછો ફર્યો ત્યારે ત્રણ પુષ્પગુચ્છ તેની રાહ જોતા હતા. 'હું તો રજનું ગજ કરું છું - મારા મનમાં તેઓ મને ઉપર પહોંચાડી દેશે. ખરેખર તો તેઓ મારા માટે ફૂલ લઈને આવ્યાં છે.'

તેણે મૂંઝાઈને કહ્યું : 'આભાર, પણ શા માટે ? કેવી રીતે ?'

આ ત્રણેમાંથી સૌથી વધુ ઠીંગણો બોલ્યો, 'અમે ખિસકોલી ઉત્પાદન કેન્દ્રમાંથી આવીએ છીએ. હું તેનો પ્રમુખ છું.'

હા બરાબર તેણે હવે ફોરમેનને ઓળખી કાઢ્યો. ભૂરો પોશાક હોય કે પૂંછડી હોય - ક્યાં ફેર પડી જવાનો હતો ?

'તમને મારું સરનામું ક્યાંથી મળ્યું ?'

'કેમ ? તમે અમારી કંપનીના દરવાજા આગળ ઊભા રહેલા પોલિસને તમારીં વિગતો આપી ન હતી ?' પ્રમુખ આનન્દિત થઈને બોલ્યો.

બધાએ પોતપોતાની ઓળખ આપી. ફોરમેન સાથે તેને હાથ મિલાવવા પડ્યા પણ તેમાંથી તેને કશુંક તો મળ્યું - પોતે હળવે રહીને કેટીના ખભાને અડકે છે એવું તેને લાગ્યું. ત્રીજો માણસ મુખ્ય હિસાબનીસ હતો.

તેની પાસે બીઅરની થોડી બાટલીઓ હતી, તે એક બાટલી લઈ આવ્યો અને બધાએ તેમાંથી બીઅર પીધો.

તેણે પૂછ્યું : 'બોલો, શું કામ છે ?'

પ્રમુખે કહ્યું : 'ખાસ કશું નથી. કશું જ નથી.'

મુખ્ય હિસાબનીસ બોલ્યો, 'અમે અમારા સદ્ભાવના નાનકડા પ્રતીક રૂપે પુષ્પગુચ્છ લાવ્યા છીએ.'

શું કહેવું તેની ખબર ખરેખર તો મને પડતી નથી. આવા બધાથી હું ટેવાયેલો નથી. મને તો લોકોની લાતો જ ખાવા મળી છે.

પૂંછડીઓવાળા ત્રણે માણસોએ એકબીજાની સાથળો પંપાળી.

'માણસ રમૂજી લાગે છે, નહિ ?'

'હા, વાત સાચી છે.'

'અમે તમારું એકે એક પુસ્તક વાંચ્યું છે. વાંચીને અમને ખૂબ હસવું આવ્યું છે. જ્યારે કોઈ લેખક પુસ્તકમાં આવી બધી ચિત્રવિચિત્ર વાતો લખે છે ત્યારે તે પણ હસતો હોય છે એવું હું માનું છું. મારી વાત સાચી છે કે નહિ ?'

તે બોલ્યો : 'હા સમ્ભાવનાની દૃષ્ટિએ કદાચ એ સાચું છે.'

'સાંભળ્યું તમે ? – સમ્ભાવનાની દૃષ્ટિએ. આ પણ સરસ.' ખડખડાટ હાસ્ય. પ્રમુખે તેના ચહેરા તરફ નિર્દેશ કર્યો. તેણે પોતાના નાક આગળ પેલાની આંગળીને નાચતાં જોઈ.

'આ તમારો કરડાયેલો ચહેરો ઈન્ડીઅનોના શૌર્યરંગ જેવો છે !'

મુખ્ય હિસાબનીશે પોતાનો અભિપ્રાય આપતાં જણાવ્યું. 'એ કદાચ પ્રેરણા માટે હોય.'

ફરી તેઓ ખડખડાટ હસી પડ્યા.

કમબખ્ત ! લોહીથી ખરડાયેલા ચહેરે તે બેસી રહ્યો હતો એ વાત તો તે ભૂલી જ ગયો હતો. હવે તેણે એ વાતનું કારણ આપવું જોઈએ ? એને બદલે તે ખડખડાટ હસવા લાગ્યો.

પછી હસવાનો આ અવાજ એકાએક શમી ગયો.

થોડી વારની ચૂપકીદી પછી ફોરમેન બોલ્યો : 'તમને તો ખબર હશે, મેં તમને બારી પાસે જોયા હતા.'

ટાઇપરાઇટર તરફ નજર કરતાં તેણે જવાબ આપ્યો. 'મેં પણ ઠીક ઠીક જોઈ લીધું છે.'

પ્રમુખ તરત જ પોતાનો અભિપ્રાય આપવા આગળ આવ્યો : 'દેખીતું છે કે તમે જે જોયું તેમાંથી ખોટાં તારણો કાઢી બેઠા છો.'

'એ તો હવે મારે જોવાનું છે – નહિ ?'

'ના રે ના. લોકોના લાભની દૃષ્ટિએ બધી બાબતો જુદી જ રીતે મૂકવી પડે.'

આ વાક્યે તેને બરાબરનો આંચકો આપ્યો. તેણે પોતાનો અવાજ મોટો કર્યો. 'તમારા કેટલાક કારીગરો ચમત્કાર કરે તો તેની પરવા પણ ન કરનારા તમે તે કેવા પ્રમુખ છો ?'

ફોરમેને વચ્ચે પડીને કહ્યું, 'તે કેટીની વાત કરે છે.'

'તમે જે વાતનો મોટો ઘટાટોપ રચો છો અથવા રચવા માગો છો તે વિશે જરા વધુ વિગતે વાત કરીએ.'

તે બોલ્યો : 'હા, હા, ચાલો ને !' તેમની દલીલો સાંભળવા તે આતુર હતો. 'અમે પણ અમારા લક્ષ્યાંક નક્કી કર્યા છે. તાપતડકો કે વરસાદ હોય, અમે અમારું લક્ષ્ય પાર પાડીએ છીએ. કેટી અને એના જેવી બીજી છોકરીઓ હોય તો આ પાર પડતું નથી. તે બધાં બહુ ધીરે ધીરે કામ કરે છે. એક રમકડું શરૂ કરે એટલે કેટલાય વખત સુધી ઊંચું મૂકે જ નહિ.'

તે બોલ્યો : 'એનું પરિણામ શું આવ્યું તે જોવાની તકલીફ તો લેવી જોઈએ. મેં મારી નજરે જોયું છે. બધી જ ખિસકોલીઓ બેડોળ, ઢંગધડા વગરની ડાકણો - ખિસકોલીઓ સાથે એમને શો સમ્બન્ધ ? તેની ખિસકોલી તો જીવતીજાગતી હતી. આવી કરોડો ડાકણ હોય તેના કરતાં આવી એક ખિસકોલી બહુ સારી !'

'બસ, બસ - અહીં આગળ જ તમારી ભૂલ થાય છે. આવી સમ્પૂર્ણ ખિસકોલીઓ જ અમારે માટે મુશ્કેલી ઊભી કરે છે બહુ મુશ્કેલી અથવા તો તેઓ ઊભી કરશે. જો અમે એ બાબતનું ધ્યાન ન રાખીએ, જો અમે કશું ન કરીએ તો મુશ્કેલી ઊભી થાય.

'સૌથી પહેલાં જીવતીજાગતી ખિસકોલીઓને ખવડાવું પડે - તેમને રહેવા માટે જગ્યા આપવી પડે - તેઓ ઠરી ન જાય એટલા માટે શીતખણ્ડ તપાવવો પડે. એ સિવાય શું શું ન કરવું પડે ? એ અશક્ય છે. બીજું, ઢગલાબંધ ખિસકોલીઓમાં આવી થોડી સુન્દર ખિસકોલીઓ હોય તો પછી પેલી નકામી ખિસકોલીઓ લે કોણ ?'

તે ચૂપ હતો. ટાઇપરાઇટરમાંના કાગળ તરફ તેણે જોયું.

'તમે જે દૃષ્ટિએ વિચારી રહ્યા છો એ દૃષ્ટિથી તમે આને ન જુઓ.'

મુખ્ય હિસાબનીશ પણ બોલ્યો : 'તમને મુસાફરીએ મોકલવા માટે અમારી પાસે ભંડોળ

છે. આ આખી સમસ્યાને તમે પૂરેપૂરી સમજો એ માટે પણ ભંડોળ છે.'

પ્રમુખે પૂછયું : 'મુસાફરીની મજા આવે નહિ ? તમે કદી પરદેશ ગયા છો ?'

'આજુબાજુના દેશોમાં રખડ્યો છું.'

'અરે ! એ તો કશું જ નથી. તમારે મુસાફરી કરવી જોઈએ. અમે તમારા માટે રશિયા અથવા કેનેડાની વ્યવસ્થા પણ કરી શકીએ છીએ. સરસ મુસાફરી - અવિસ્મરણીય અનુભવ. હવે તમે અમને સાચેસાચ કહો - તમને દરિયાઈ મુસાફરી ન ગમે ? સૂરજના તાપમાં બેસી રહેવાનું, ડેક પરની ખુરશીઓમાં લંબાવવાનું, દરિયાઈ પક્ષીઓ, સ્ત્રીઓ - શું ?

તેના મોંમાંથી નીકળી ગયું. 'મને હમેશાં બહુ મન થાય છે. બહુ. પણ મારાં પુસ્તકોમાંથી જે પૈસા.....'

'અરે, તમે તમારાં પ્રવાસવર્ણનો લખજો એટલે બહુ કમાણી થશે.'

'કાપડના ધંધામાં રોકાયેલા સેલ્સમેનો પ્રવાસવર્ણનો લખે. મારે નથી લખવાં. એ લોકો છો લખે.'

તે ઊભો થયો.

ત્રણે તેની પાછળ પાછળ ચાલવા લાગ્યા.

'જો તમે સરખી રીતે વર્તો તો તમારા હવે પછીના પુસ્તકની જાહેરાત અમે વીજળી-દીવાવાળા બોર્ડ પર કરી શકીએ. અમારે બહુ ઓળખાણો છે.'

'આભાર. વીજળી-દીવાવાળા બોર્ડ પર મારા પુસ્તકની જાહેરાત થાય એ મને ગમતું નથી એમ કહું તો હું જૂઠું બોલ્યો ગણાઉં પણ જે લખવું જોઈએ તે ન લખવું એ તો બની જ ન શકે. એવું બની શકે પણ પછી બધું ખતમ થઈ જાય. પછી તમારા છેલ્લામાં છેલ્લા પુસ્તકની વીજળી-દીવાવાળા બોર્ડ ઉપર જાહેરાત થાય તો પણ તેનો કશો અર્થ નથી.......'

તેની વાતનો જવાબ ન મળ્યો; ઓરડામાં કોઈ ન હતું.

તે સવારે ઊઠ્યો ત્યારે આખા શરીરે પરસેવો વળેલો હતો, તેનું માથું ચકરાતું હતું.

આવા દુઃસ્વપ્નની તેને જરૂર હતી.

તે નાહ્યો અને પછી તેણે કોફી પીધી એટલે સ્વસ્થ થયો.

કામમાં વિલમ્બ ઊભો થાય એ માટે શક્ય તેટલી બધી જ યુક્તિઓ તેણે અજમાવી, પણ છેવટે ટાઇપરાઇટર આગળ બેસવાની પોતાની જાતને ફરજ પાડી.

તેણે ઢાંકણું ઉતાર્યું.

તેણે ફરી શરૂઆત કરી અને આખા શરીરે કમકમાટી આવી. ટાઇપરાઇટરમાં સફેદ કાગળ પર મથાળું હતું, 'ખિસકોલીઓ - અને ખિસકોલીઓ'.

અનુ. શિરીષ પંચાલ

બોગદું

ફ્રેડરિક ડ્યુરેનમાટ

ચોવીસ વરસનો યુવાન - છિદ્રોમાં અને ખૂણાઓમાં પ્રતીક્ષા કરતા ભય એની વધુ નજક ન આવે એવો સ્થૂળકાય (આ તેનું જમાપાસું હતું, કદાચ એક માત્ર જમાપાસું) અને તે પોતાના શરીરના માંસને વધાર્યે જતો હતો. કારણ કે એની સામે આ રાક્ષસી પદાર્થો ધસી આવવાના તો આ છિદ્રો દ્વારા જ અને તે પણ એટલે સુધી કે તે સિગાર (ઓરમોડ બ્રાસીલ ૧૦) પીતો હતો અને ચશ્માં ઉપર પાછા બીજા ગોગલ્સ ચશ્માં ચઢાવતો હતો. કાનમાં રૂનાં પૂમડાં ખોસતો હતો. આ યુવાન હજુ માબાપ પર જીવતો હતો. બે કલાકની ટ્રેનની મુસાફરીમાં પહોંચી જવાય એવા સ્થળે આવેલી યુનિવર્સિટીમાં તે અભ્યાસ કરતો હતો. એક રવિવારની બપોરે સાડા પાંચે ઊપડતી અને સાત વીસે પહોંચતી ટ્રેનમાં તે બેઠો. બીજા દિવસે કોલેજમાં યોજાનાર સેમિનારમાં તે જવાનો હતો, જો કે તેમાં ભાગ ન લેવાનું તેણે નક્કી કર્યું હતું. પોતાના ઘેરથી નીકળ્યો ત્યારે સ્વચ્છ આકાશમાં સૂરજ પ્રકાશતો હતો. ઉનાળાનો સમય હતો. આ ખુશનુમા વાતાવરણમાં ટ્રેન આલ્પ્સ અને જ્યુરા, સાધનસંપન્ન ગામડાં અને નાનાં નગરો, નદીને વટાવીને આશરે વીસેક મિનિટ પછી એક નાના બોગદામાંથી પસાર થતી હતી. ચોવીસ વરસના યુવાને ટ્રેનના આગલા ડબ્બામાં પ્રવેશ કર્યો અને પછી મહામહેનતે આગળ રસ્તો કરવા લાગ્યો. પરસેવે રેબઝેબ થઈ ગયો અને આજુબાજુ પોતાના વિશે કંઈક વિચિત્ર છાપ જન્માવી આપી. મુસાફરો ખીચોખીચ બેઠા હતા; કેટલાંકે તો સૂટકેસ પર બેઠકો જમાવી હતી, બીજા વર્ગની જગ્યાઓ પણ પૂરેપૂરી ભરાયેલી હતી, માત્ર પ્રથમ વર્ગમાં જ અડધોઅડધ જગ્યાઓ ખાલી હતી. છેવટે ટ્રેને યુવાનને હડસેલ્યો. કુટુમ્બકબીલાઓમાંથી, તાજેતરમાં ભરતી થયેલા સૈનિકો વચ્ચેથી, વિદ્યાર્થીઓ અને પ્રેમીઓ વચ્ચેથી તે પોતાનો માર્ગ કરવા લાગ્યો, કોઈના પેટ સાથે તે અથડાતો તો કોઈની છાતી સાથે અથડાતો, ઘડીકમાં આની પર પડતો તો ઘડીકમાં બીજાની ઉપર પડતો - આમ, કરતાં કરતાં છેક છેલ્લા ડબ્બામાં જઈ પહોંચ્યો. ત્રીજા વર્ગના એ ડબ્બામાં એટલી બધી જગ્યા હતી કે એક આખી પાટલી તેના ભાગે આવી.

સામાન્ય રીતે તો ત્રીજા વર્ગમાં અલગ કેબીનો હોતી નથી. તેની સામેની બેઠક પર એના કરતાંય વધુ સ્થૂળકાય માણસ બેઠો હતો અને તે એકલો જ શતરંજ રમતો હતો. કોરીડોર આગળના ખૂણામાં એ જ બાજુએ એક છોકરી નવલકથા વાંચતી બેઠી હતી. તે પણ બારી આગળ બેઠો અને આરમોંડ બ્રાસિસ ૧૦ સિગાર બોગદા આગળ ટ્રેન આવી પહોંચી ત્યારે સળગાવી. આજે દરરોજ કરતાં બોગદાની લંબાઈ વધારે લાગી. અત્યાર સુધી કેટલીય વાર આ મુસાફરી તેણે કરી હતી. આગલા વર્ષે દર શનિ-રવિ તે ટ્રેનમાં જતો હતો. અત્યાર સુધી કદી બોગદાનું નિરીક્ષણ તેણે કર્યું ન હતું, અને તેનાથી તે પરિચિત પણ ન હતો. હા, એકાદ બે વખત બોગદાને ધ્યાનથી જોવાનું તેણે વિચારેલું ખરું પરંતુ ટ્રેન બોગદા આગળ જ્યારે જ્યારે આવતી ત્યારે ત્યારે તે બીજા જ વિચારોમાં ખોવાયેલો રહેતો અને એટલે એકાએક ઘેરાઈ વળતા અન્ધકારનો ખ્યાલ પણ તેને આવતો નહીં અને જ્યારે એ જોવાનો વિચાર કરીને ઊંચે જુએ ત્યાં તો બોગદાને વટાવીને ટ્રેન ક્યારની આગળ નીકળી ચૂકી હોય. ટ્રેન ખૂબ ઝડપે બોગદાને વટાવી જતી હતી. બોગદાની લંબાઈ પણ ખૂબ ઓછી હતી. એટલે આ વખતે પણ બોગદા આગળ ટ્રેન આવી ચઢી ત્યારે તેણે આંખો પરથી ગોગલ્સ ઉતાર્યાં નહીં, કારણ કે બોગદાનો વિચાર તેના મનમાં હતો જ નહીં. સૂરજ પ્રખરતાથી પ્રકાશી રહ્યો હતો અને જે વિસ્તારમાંથી તેઓ પસાર થઈ રહ્યા હતા ત્યાંના ટેકરા, જંગલો, દૂર દૂરના જ્યુરો, પર્વતના શિખરો, નાનકડા નગરનાં મકાનો સોનાથી રસાયેલાં લાગતાં હતાં, ઢળતા સૂરજના પ્રકાશમાં બધું એટલા તો તેજથી ચમકતું હતું કે તે બોગદાના અન્ધકારથી તરત સભાન થઈ ગયો. બોગદા આગળ એકાએક ટ્રેનની વ્હીસલ વાગી. કદાચ આ કારણે પણ બોગદાની મુસાફરી કલ્પી હતી તેના કરતાં વધારે લાંબી લાગી. ડબ્બામાં તો પૂરેપૂરું અંધારું છવાઈ ગયું. બોગદાની લંબાઈ ઓછી હતી એટલે ડબ્બાની અંદરની બત્તીઓ સળગાવવામાં આવી ન હતી, કારણ કે ગમે તે પળે બારીના કાચમાંથી દિવસનો પ્રકાશ દેખાવાનો હતો, વીજળીની ઝડપે એ ઉત્કટ થવાનો હતો અને પછી તો સોનેરી પ્રકાશ ચારે બાજુએથી રેલાઈ ઊઠવાનો હતો. પણ જ્યારે એણે જોયું કે અંધકાર તો પથરાયેલો રહ્યો છે ત્યારે ગોગલ્સ ઉતારી નાખ્યા. તે જ ક્ષણે પેલી છોકરીએ સિગારેટ સળગાવવાનું મુનાસિબ માન્યું. નવલકથા અધૂરી મૂકવી પડી એટલે તે ચિડાઈ લાગે છે એવું દીવાસળીના લાલ પ્રકાશમાં તેણે જોયું. તેજસ્વી ચંદાવાળી તેની ઘડિયાળમાં છ ને દસ થઈ હતી. ખૂણામાં બેઠકને અઢેલીને તે બેઠો અને સાવ તુચ્છ લેખાતા પોતાના અસ્પષ્ટ અભ્યાસ વિશે, પોતે જે સેમિનારમાં ભાગ લેવાનો ન હતો તેના વિશે તેણે વિચારવા માંડ્યું. (તે જે કંઈ કરતો હતો તે માત્ર પોતાનાં કાર્યોની પાછળ એક વ્યવસ્થા રચવાના ઉદ્દેશથી કરતો હતો. શરીરમાં ચરબી ઠાંસી ઠાંસીને, મોંમાં સિગાર રાખીને અને કાનમાં રૂનાં પૂમડાં ખોસીને જે ભયનો સામનો કરતો હતો તે ભય આગળ એક વ્યવસ્થાનો વિચાર, વ્યવસ્થા નહીં, રચવા માગતો હતો) જ્યારે તેણે ફરી ઘડિયાળમાં જોયું ત્યારે સવા છ થયા હતા અને બોગદાનો અંત તો આવ્યો પણ ન હતો. એને કારણે

તે અસ્વસ્થ થયો. ટ્રેનમાં વીજળીના દીવા સળગ્યા, ડબ્બામાં પ્રકાશ પથરાયો. પેલી છોકરીએ ફરી નવલકથા વાંચવા માંડી, સ્થૂળકાય સદ્‌ગૃહસ્થે એકલા એકલા શતરંજ રમવા માંડી. પણ બહાર તો બોગદાનું દૃશ્ય હતું. કાચની આરપાર ડબ્બાનું અંદરનું દૃશ્ય પ્રતિબિંબાતું હતું. તે કોરીડોરમાં ગયો, ત્યાં ઝાંખો રેઇનકોટ પહેરેલો એક ઊંચો માણસ આમતેમ ચાલતો હતો, કાળો રૂમાલ તેણે વીંટાળ્યો હતો. આવી ઋતુમાં આનો શો અર્થ તેને પ્રશ્ન થયો. બીજી કેબિનોમાં ડોકિયું કર્યું, લોકો છાપાં વાંચતા હતા, એકબીજા સાથે ગપ્પાં મારતા હતા. તે પોતાની જગ્યા પર પાછો ગયો અને બેઠો. હવે બગિદાનો અંત ગમે તે મિનિટે, ગમે તે ક્ષણે આવવો જ જોઈએ. તેની ઘડિયાળમાં છ ઉપર વીસ મિનિટ થઈ ગઈ હતી. અત્યાર સુધી બોગદા ઉપર ધ્યાન અપાયું ન હતું. એટલે મનોમન તે ચિડાયો હતો. હવે તો લગભગ પંદર મિનિટ થવા આવી હતી, અને જે ઝડપે ટ્રેન દોડી રહી હતી તે જોતાં તો બોગદાની ગણના સ્વિટ્ઝર્લૅન્ડનાં લાંબાં બોગદાંઓમાં થતી હશે. અને એટલે જ ભળતી ટ્રેનમાં તો નથી બેસી જવાયું ને – તેને શંકા ગઈ, પણ છતાં પોતાના વતનથી વીસ મિનિટના રસ્તે આવું લાંબું અને મહત્ત્વનું બોગદું છે કે કેમ એ તે યાદ કરી શકતો ન હતો. એટલે તેણે પેલા સ્થૂળકાય સજ્જનને પૂછ્યુ,

'આ ટ્રેન ઝૂરીચ જ જવાની છે ને ?' પેલા સજ્જને હા પાડી, યુવાને કહ્યું : 'આ રસ્તે આટલું લાંબું બોગદું આવે છે તેની તો મને ખબર જ નથી.' મહત્ત્વનો દાવ રમવામાં તેને બે વખત ખલેલ પડી એટલે પેલાએ સહેજ ચિડાઈને કહ્યું; 'હકીકતમાં સ્વિટ્ઝર્લૅન્ડમાં ઘણાં બધાં બોગદાં છે, ખૂબ જ, અને જો હું તો પહેલી જ વાર અહીં પગ મૂકું છું છતાં આ વાત તરત જ મારા ધ્યાનમાં આવી ગઈ. એ જવા દઈએ તોય એક ઠેકાણે મેં વાંચેલું કે સ્વિટ્ઝર્લૅન્ડમાં જેટલાં બોગદાં છે એટલાં બીજે ક્યાંય નથી. હવે મને માફ કરો. અત્યારે હું એક મહત્ત્વના દાવ પર ધ્યાન આપી રહ્યો છું એટલે બીજે મારું ધ્યાન દોરવા માગતો નથી.' પેલાએ નમ્રતાથી પણ મક્કમતાથી ઉત્તર આપ્યો. યુવાનને લાગ્યું કે હવે એની સાથે વાત કરવામાં કશો સાર નથી. ટિકિટ ઇન્સ્પેક્ટર આવ્યો એટલે તેને આનંદ થયો. એને ખાતરી હતી કે ઇન્સ્પેક્ટર ટિકિટ જોઈને જ ના પાડી દેશે. આ દૂબળા પાતળા ઇન્સ્પેક્ટરે છોકરીની ટિકિટ પહેલાં હાથમાં લીધી અને અસ્વસ્થતાથી કહ્યું : 'ઓલ્ટન આગળ ટ્રેન બદલવી પડશે,' તો પણ આ ચોવીસ વરસનો યુવાન નિરાશ ન થયો. તેને એમ જ લાગ્યું કે તે ભળતી જ ટ્રેનમાં બેસી ગયો છે. તેણે માની લીધું કે વધારાના પૈસા તેને આપવા પડશે. ઓરમોંડ બ્રાસિલ ૧૦ મોંમાં જ રાખીને તેણે કહ્યું; 'હું ઝુરીચ જવા માગતો હતો,' અને ઇન્સ્પેક્ટરને ટિકિટ આપી. 'તમે સાચી ટ્રેનમાં જ બેઠા છો.' ટિકિટ તપાસીને પેલાએ જવાબ વાળ્યો. યુવાને ગુસ્સે થઈને કહ્યું: 'પણ આપણે તો બોગદામાંથી પસાર થઈ રહ્યા છીએ.' એના અવાજમાં જુસ્સો હતો અને તે આ મૂંઝવણભરી પરિસ્થિતિને ઉકેલવા માગતો હતો. 'આપણે હમણાં જ હઝોજેનબુત્સે વટાવ્યું અને લેજેન્થોલ તરફ જઈ રહ્યા છીએ.' ઇન્સ્પેક્ટરે જણાવ્યું. 'સાહેબ, એ વાત સાચી. પણ છ ને વીસ અત્યારે તો થઈ છે અને

આપણે વીસ મિનિટ તો આ બોગદામાં જ વિતાવી.' યુવાન તો એની વાતને વળગી જ રહ્યો. યુવાનની વાતમાં કશી સમજ ન પડી હોય એવી રીતે ઈન્સ્પેક્ટરે એની સામે જોયા કર્યું. 'આ ઝૂરીચ જવાની ટ્રેન છે,' બોલતાં બોલતાં બારી સામે તેણે પણ નજર કરી, છ વીસ થઈ છે.' ફરી તેણે કહ્યું એના ચહેરા પર ચિંતાની રેખાઓ દેખાઈ આવતી હતી. 'છ ને સાડત્રીસે આપણે ઓલ્ટન પહોંચીશું. એકાએક હવામાન ખરાબ થઈ ગયું, અને એ કારણે અંધારા જેવું લાગે છે.' 'છટ' શતરંજના દાવની સમસ્યામાં ડૂબી ગયેલા પેલા માણસે પણ હવે આ વાતચીતમાં ભાગ લીધો. 'છટ, આપણે બોગદામાંથી પસાર થઈ રહ્યા છીએ. આ ખડકો આટલી સ્પષ્ટતાથી તો જોઈ શકાય છે. ગ્રેનાઇટના ખડકો છે. સ્વિટ્ઝર્લેન્ડમાં સૌથી વધારે બોગદા છે. મેં એક પુસ્તકમાં વાંચેલું પણ છે.' શતરંજના ખેલાડીની ટિકિટ છેલ્લે ઇન્સ્પેક્ટરે તપાસવા લીધી અને ફરી તેમને ખાતરી કરાવી કે ટ્રેન ઝુરીચ જ જઈ રહી છે, પણ બીજી બાજુએ પેલા યુવાને ગાર્ડને મળવા માગણી કરી, 'એ આગલા ડબ્બામાં છે.' ઇન્સ્પેક્ટરે કહ્યું, અને પછી ઉમેર્યું : 'આ ઝુરીચ જવાની જ ટ્રેન છે અને હવે છ ને પચીસ થઈ છે. બાર મિનિટમાં તો ટ્રેન ઉનાળાના સમયપત્રક પ્રમાણે ઓલ્ટન પર ઊભી રહેશે. હું અઠવાડિયામાં ત્રણ વખત આ ગાડીમાં જઉં છું.' યુવાને ઊભા થઈને ચાલવા માંડ્યું. થોડી વાર પહેલાં જ જ્યારે ગાડીમાં દાખલ થઈને પાછળ આવેલો તેના કરતાં અત્યારે આગળ જતી વખતે આ ભીડમાં તેને વધારે તકલીફ પડી; ટ્રેનની ઝડપ ખૂબ જ હોવી જોઈએ એમ તેણે માની લીધું; અને સાથે સાથે ટ્રેન ઘોંઘાટ પણ પુષ્કળ કરતી હતી. એટલે તેણે ટ્રેનમાં દાખલ થયા પછી કાનમાંથી કાઢી નાખેલાં રૂનાં પૂમડાં ફરી ખોસી દીધાં. જે લોકો આગળથી તે પસાર થતો તે બધા ખૂબ જ સ્વસ્થ હતા. રવિવારે જ્યારે જ્યારે તે જે ટ્રેનમાં મુસાફરી કરતો હતો તેના કરતાં આ ટ્રેન કોઈ રીતે જુદી ન હતી. કોઈનાય ચહેરા પર તેણે ચિંતાનો ભાવ ન જોયો. બીજા વર્ગના ડબ્બામાં એક અંગ્રેજ બારી આગળ ઊભા રહીને પાઇપ વડે બારીના કાચને ટકોરા મારતો હતો. ડાઇનિંગ કારમાં પણ વાતાવરણ રાબેતા મુજબનું હતું. એક પણ બેઠક ત્યાં ખાલી ન હતી. વાનગીઓ પીરસતા વેઇટરોમાંથી કે મુસાફરોમાંથી કોઈનું ધ્યાન તો આ બોગદાએ દોર્યું હશે એવું કોઈ માને પણ ખરું. લાલ બેગ પરથી ડાઇનિંગ કારના બારણા આગળ ઊભા રહેલા ગાર્ડને તેણે ઓળખી કાઢ્યો. ગાર્ડે પૂછ્યું : 'બોલો, મારે લાયક કંઈ કામકાજ ?' તે સ્વસ્થ પ્રકૃતિનો હતો, શરીર પડછંદ હતું અને તેની કાળી મૂછ સારી રીતે કાપેલી હતી અને આંખે દાંડી વગરનાં ચશ્માં હતાં. 'આપણે પચીસ મિનિટથી આ બોગદામાં જ છીએ.' યુવાને આશા રાખેલી કે ગાર્ડ બારી તરફ નજર કરશે પણ ગાર્ડે જોયું નહી પણ વેઈટરને કહ્યું : 'ઓરમોંડ ૧૦ નું એક પેકેટ આપ જોઈએ. આ ભાઈ જે સિગાર પીએ છે તે જ હું પણ પીઉં છું.' પણ ડાઇનિંગ કારમાં એ સિગાર હતી નહીં એટલે વેઇટર આપી ન શક્યો. યુવાને તો આ રીતે સંબંધ થશે એમ માની ગાર્ડની આગળ સિગાર ધરી દીધી.

'આભાર. ઓલ્ટન સ્ટેશન પર તો સિંગાર મેળવવાનો સમય જ મળવાનો નહીં એટલે તમે આ મારા માટે બહુ સારું કર્યું. ધૂમ્રપાન ગંભીર વસ્તુ છે. હવે તમે મારી સાથે આવશો ?' ગાર્ડ ચોવીસ વરસના યુવાનને લગેજવાનમાં લઈ ગયો. લગેજવાન ડાઇનિંગ કારની આગળ જ હતી. ડબ્બામાં દાખલ થતાં થતાં ગાર્ડે કહ્યું.' આની આગળ એન્જિન છે. આપણે ટ્રેનના સૌથી આગલા ડબ્બે છીએ.' લગેજવાનમાં પીળો દીવો આછો પ્રકાશતો હતો. વાનનો મોટો હિસ્સો તો અંધરાયેલો જ હતો. બાજુનાં બારણાં વાસેલાં હતાં. એક નાની બારીમાંથી જ બોગદાનો અંધકાર નજરે પડતો હતો. ચારે બાજુએ પેટીઓ પડેલી હતી, મોટા ભાગની પેટીઓ પર હોટલનાં લેબલ હતાં, થોડી સાઈકલો હતી, એક બાબાગાડી હતી, ગાર્ડે લાલ બેગ હુક પર ભેરવી દીધી. 'તમારે શું જોઈએ છે ?' ફરી તેણે પૂછ્યું પણ યુવાનની સામે જોવાને બદલે બેગમાંથી કાઢેલી નોટમાં બધી વીગતો ભરવા લાગ્યો. બર્ગડોર્ફથી ટ્રેન ઊપડી ત્યારથી બોગદામાં જ ટ્રેન દોડી રહી છે.' આ રસ્તે આટલું લાંબું બોગદું આવતું જ નથી, હું દર અઠવાડિયે આ રસ્તે આવજા કરું છું. આ રસ્તો મારો પરિચિત છે,' ચોવીસ વરસના યુવાને નિશ્ચયપૂર્વક કહ્યું.

ગાર્ડ તો લખ્યે જ ગયો, છેવટે તેણે કહ્યું : 'હં તો' અને યુવાન પાસે જઈને ઊભો રહ્યો - એટલો નજીક ઊભો રહ્યો કે બંનેનાં શરીર લગભગ અડોઅડ થઈ ગયાં. 'હું ઝાઝું કશું કહી નથી શકતો. આપણી ટ્રેન પાટા પર દોડે છે એટલો ખ્યાલ રાખો અને એટલે બોગદાનો છેડો ક્યાંક તો આવશે જ. બોગદાનો અંત નથી આવતો. એ સિવાય કશું જ અસામાન્ય હોય એવું આ બોગદામાં તો લાગતું નથી.'

ગાર્ડે બહુ જ મૃદુતાથી વાત કરી. એના મોંમાં સિગારેટ સળગાવ્યા વિનાની હતી. એના અવાજમાં ગૌરવ હતું અને એટલી સ્પષ્ટતાથી અને દૃઢતાથી વાત કરી કે ડાઇનિંગ કાર કરતાં વધુ ઘોંઘાટ લગેજવાનમાં હોવા છતાં પણ એના શબ્દો સંભળાતા હતા.

અધીરાઈથી યુવાન બોલી ઊઠ્યો : 'તો તો પછી તમને ટ્રેન ઊભી રાખવા મારે કહેવું જોઈએ. તમે કહો છો એમાંનો એકે અક્ષર મને તો સમજાતો નથી. જો આ બોગદા વિશે કંઈક શંકા હોય તેના હોવાનું કારણ તમે જો શોધી શકતા ન હો તો તમારે ટ્રેન ઊભી રાખવી જોઈએ.' પેલાએ ધીરે રહીને પૂછ્યું : 'ટ્રેન ઊભી રાખું ?' હા, તેણે પણ એ વિચારેલું તો ખરું જ. તેણે નોટ બેગમાં પાછી મૂકી દીધી. બેગ હુક પર આમતેમ ઝૂલતી હતી, પછી તેણે કાળજીપૂર્વક ઓરમોંડ સળગાવી. યુવાને પૂછયું :' સાંકળ ખેંચું ?' આટલું કહીને માથા પર લટકતી સાંકળ ખેંચવા ગયો પણ તે જ પળે તે ગબડી પડ્યો અને ડબ્બાના આગલા ભાગ સાથે અથડાઈ પડ્યો. બાબાગાડી તેના શરીર આગળ ગબડતી આવી, સૂટકેસો પણ તેની ઉપર પડી. ગાર્ડ પણ પહોળા હાથ કરીને આગળ ઝૂકી પડ્યો અને વિચિત્ર રીતે ધ્રૂજી ઊઠ્યો. 'આપણે નીચે પડી રહ્યા છીએ.' ગાર્ડે જાહેર કર્યું અને ચોવીસ વરસના યુવાનની સાથે તે પણ ડબ્બાની દીવાલને પડખે થયો. ગાંડાની જેમ ધસ્યે જતી ટ્રેન ખડકો સાથે અથડાઈ ને ઊંધી જઈ જવાની. એ ભય સાચો ન ઠર્યો એથી ઊલટું બોગદું

જમીનની સમથળ જ હોય એમ લાગ્યું. ડબ્બાના દૂરના છેડા આગળનું બારણું ખૂલી ગયું. ડાઇનિંગકારના આંખ આંજી નાખે એવા પ્રકાશમાં લોકો એકબીજાની ખુશાલી ઇચ્છતા દારૂ પી રહ્યા હતા એ જોઈ શકાતુ હતું. તરત જ બારણું વસાઈ ગયું. 'એંજિનની મુલાકાત લઈએ, ચાલો,' ગાર્ડે કહ્યું અને ચોવીસ વરસના યુવાન સામે વિચાર કરતાં કરતાં જોયું અને એકાએક તેને લાગ્યું કે ચહેરા પર વધારે સખતાઈ આવી ગઈ હતી. જે બારણાને અઢેલીને તેઓ ઊભા હતા તે ખોલ્યું પણ ઝંઝાવાતની જેમ ગરમ હવા ખૂબ જ જોરથી ધસી આવી. ઝંઝાવાતની ગતિને કારણે ફરી પાછા દીવાલ સાથે તેઓ અફળાયા, તે જ પળે લગેજવાનમાં ભયજનક ઘોંઘાટ છવાઈ ગયો. 'આપણે ઉપર ચઢીને એંજિન સુધી જવું પડશે.' યુવાનના કાનમાં ગાર્ડે ચીસ પાડી, તોય પૂરેપૂરી સાંભળી ન શકાઈ. તેઓ ખુલ્લા બારણામાંથી બહાર નીકળવા લાગ્યા. એ ખુલ્લા બારણામાંથી એંજિનની પ્રકાશિત બારીઓ આમતેમ ઝૂલતી જોઈ શકાતી હતી. ચોવીસ વરસના યુવાને અડગતાથી ગાડીની પાછળ જવા માંડ્યું, જોકે આમ ચડીને જવાનો કશો અર્થ તે સમજી ન શક્યો. જે પગથી પર તેણે પગ મૂક્યો તેની બંને બાજુએ લોખંડનો કઠેરો હતો. એ કઠેરાને તે વળગી પડ્યો. બોગદાની દીવાલો ખૂબ નજીક હતી એટલે પેલી ભયંકર વસ્તુ હવાનો ધસારો તો હોઈ ન શકે, જેમ જેમ એંજિનની નજીક તે જતો ગયો તેમ તેમ તે ઓછો થતો ગયો. તે પોતે બોગદાની દીવાલો જોઈ તો શકતો જ ન હતો, કારણ કે એંજિનની સામે જ કોઈ પણ ભોગે તે જોઈ રહેવા માગતો હતો, પણ બોગદાની દીવાલોથી તે સભાન તો હતો જ. એ દીવાલો પૈડાંના ગડગડાટ અને વ્હીસલને કારણે ધ્રૂજતી લાગતી હતી, એટલે તે પોતે જાણે પથ્થરના જગતમાં પૂરવેગે ધસી રહ્યો છે એવું લાગતું હતું. એંજિનની લંબાઈ જેટલી જ સાંકડી પાળ હતી અને એના ઉપર કઠેરાની ગરજ સારતો એક સળિયો એંજિન જેટલી જ ઊંચાઈવાળો હતો. આ જ રસ્તે જવાતું હશે એમ તેણે વિચાર્યું. એકાદ વાર જેટલો કૂદકો મારવાનું જોખમ વહોરવું પડશે. અને તેની પકડમાં સળિયો આવી પણ ગયો. એંજિનને વળગીને પાળી પરથી તે સરકવા લાગ્યો. જ્યારે એંજિનની પડખે પહોંચ્યો ત્યારે ત્યાંથી સરકવું બહુ વિકટ બન્યું કારણ કે હવે જોરથી ફૂંકાતા ઝંઝાવાતનો સામનો એંજિનને કરવો પડતો હતો. સાથે જ એંજિનના પ્રકાશને કારણે બોગદાની ખડકાળ દીવાલો તેની સામે ધસી આવતી લાગતી હતી. એક નાના બારણામાંથી ગાર્ડે તેને એંજિનમાં ખેંચી લીધો એટલે તે બચી ગયો. હાંફી ગયેલો યુવાન એંજિનને શરીર ટેકવીને ઊભો. ગાર્ડે જ્યારે બારણું વાસી દીધું ત્યારે બધું શાંત થઈ ગયું. વિરાટ એંજિનની લોખંડની દીવાલોને કારણે બહારનો અવાજ સંભળાતો જ ન હતો. ગાર્ડ બોલ્યો, 'આપણે નીકળ્યા અને સિગાર ખોઈ બેઠા. આપણે ઉપર ચડીએ તે પહેલાં સળગાવવી હિતાવહ ન હતી. પણ જો તમે બાકસમાં રાખી ન હોય તો આટલી લાંબી દડમજલમાં ભાંગી જ જાય.' ખડકની આટલી બધી ભયંકર નિકટતા અનુભવ્યા પછી તે યુવાન રોજિંદી ઘટમાળની યાદ અપાવે તેવા વિચારોમાં પરોવાઈને સોઈ અનુભવતો હતો. એ રોજિંદી ઘટમાળમાં અડધોએક કલાક

તે પરોવાયેલો હતો. એને રેઢિયાળ દિવસો - મહિનાઓની યાદ આવી ગઈ(એ સમય રેઢિયાળ હતો કારણ કે આ જ ક્ષણને માટે એ જીવતો હતો. આ ક્ષણ આવી ગઈ. આ આક્રમણની ક્ષણ, પૃથ્વીની સપાટીની સરકી જવાની ક્ષણ, પૃથ્વીના પેટાળમાં એકાએક વગરવિચાર્યે મારેલા કૂદકાની ક્ષણ) તેણે જેકેટના જમણા ખિસ્સામાંથી કથ્થઈ પાકીટ કાઢ્યું અને ફરી એક વાર ગાર્ડને સિગાર ધરી, પોતે પણ મોંમાં ખોસી, ગાર્ડે સળગાવેલી દીવાસળી વડે બંનેએ સિગાર સળગાવી ગાર્ડે કહ્યું : 'હું આ સિગારનો ચાહક છું. માત્ર તમારે ઊંડો દમ ભરવો પડે નહીંતર ઓલવાઈ જાય.' આ શબ્દોથી તે ચોવીસ વરસનો યુવાન અસ્વસ્થ થઈ ગયો કારણ કે હજુ પણ બહાર દેખાતા બોગદા વિશે વિચારવાનું મન ગાર્ડને થતું જ ન હતું (જેવી રીતે સ્વપ્નનો અંત આવી જાય છે તેવી રીતે એનો પણ અંત આવી જાય એવી શક્યતા હજુ પણ વરતાતી હતી) ઘડિયાળના ચળકતા ચંદા સામે જોઈને તેણે કહ્યું : 'છ ને ચાલીસ થઈ. અત્યારે તો આપણે ઓલ્ટનમાં હોવા જોઈએ.' આમ કહેતી વખતે તેને ઘડીભર પહેલાં અસ્ત પામતા સૂરજના તડકામાં સોનાથી રસાયેલાં ટેકરીઓ અને જંગલોનો વિચાર આવ્યો. એટલે તેઓ ત્યાં ઊભા રહ્યા અને એંજિનની એક દીવાલને અઢેલીને સિગાર પીતા રહ્યા. 'મારુ નામ કેલર છે.' ગાર્ડ બોલ્યો અને તેણે સિગારનો દમ માર્યો. યુવાન સહેજ પણ નમ્ર ન બન્યો. 'આ રીતે એંજિન પર ચડવું એ ભયંકર જોખમ કહેવાય, ઓછામાં ઓછું મારા માટે તો એ જોખમ જ કહેવાય. કારણ કે હું આ રીતે ટેવાયેલો નથી, અને હવે હું જાણવા માગું છું કે તમે શા માટે મને અહીં લઈ આવ્યા ?' કેલરે જવાબ આપ્યો : 'મને પણ ખબર નથી, વિચાર કરવા માટે સમય મારે જોઈતો હતો.' ચોવીસ વરસના યુવાને પુનરાવર્તન કર્યું : 'વિચારવાનો સમય,' ગાર્ડે કહ્યું : 'હા એમ જ.' અને પછી પાછો સિગાર ફૂંકવા લાગ્યો. ફરી પાછું એંજિન નીચે ગબડવા માંડયું. કેલરે સૂચવ્યું : 'હવે જો તમને વાંધો ન હોય તો આપણે ડ્રાઈવરની કેબીનમાં જઈએ. પણ એંજિનની દીવાલ આગળ જ તે અડીખમ ઊભો રહ્યો, જ્યારે યુવાને તો કોરીડોર પર થઈને ચાલવા માંડ્યું. ડ્રાઇવરની કેબિનનું બારણું ખોલીને ત્યાં જ ઊભો રહી ગયો. પોતાની પાસે આવી રહેલા ગાર્ડને કહ્યું : 'ખાલી. ડ્રાઇવરની કેબિન જ ખાલી છે.' તેઓ કેબીનમાં દાખલ થયા. એંજિનની ઝડપને કારણે તેઓ લથડતા હતા. એંજિન પોતાની સાથે ટ્રેનને પણ ઘસડીને બોગદામાં આગળ ને આગળ ધસ્યે જતું હતું. ગાર્ડે કહ્યું : 'જરા બાજુ પર ખસો.' અને તેણે કેટલીય ચાંપો દાબવા માંડી અને સંકટ સમયની બ્રેક મારી. એંજિન પર કશી અસર થઈ નહીં. 'રસ્તો બદલાઈ ગયો છે એનો ખ્યાલ આવતાંવેંત જ આપણે આ યંત્રને અટકાવવાના બધા પ્રયત્નો કર્યા, પણ યંત્ર તો આગળ ધપ્યે જ જાય છે.' ગાર્ડે તેને દિલાસો આપ્યો. ચોવીસ વરસના યુવાને કહ્યું : 'એ તો આગળ ધપ્યે જ જવાનું .' અને સ્પીડોમીટર બતાવીને કહ્યું : 'દોઢસો. હજુ સુધી દોઢસોની ઝડપે એંજિન દોડ્યું છે ખરું ?' ગાર્ડે બોલ્યો : 'બાપ રે ! હજુ સુધી આટલી ઝડપે કદી દોડયું જ નથી. બહુ બહુ તો એકસો પાંચ ઝડપ હોય છે.' યુવાને કહ્યું : 'બરાબર એની ઝડપ

વધી રહી છે. હવે કાંટો એકસો અઠ્ઠાવનનો આંક સૂચવે છે. આપણે નીચે પડી રહ્યા છીએ.' બારી આગળ તે ઝૂક્યો પણ એ સમતુલા જાળવી ન શક્યો, એટલી બધી ઝડપ ટ્રેનની હતી કે તેનો ચહેરો કાચની સાથે અથડાયો. 'એંજિન ડ્રાઇવર ?' તેણે બૂમ પાડી અને પથ્થરોના ઢગલા સામે જોયા કર્યું. એંજિનની ફ્લશ લાઇટના અજવાળામાં એ બધા ઢગલા તેની સામે ધસતા હતા, તેની સામે તેની ઉપર તેની નીચે ડ્રાઇવરની કેબિનની બંને બાજુએથી તેને ભૂંસી નાખવા ધસમસતા હતા. કેલરે સામી બૂમ પાડી 'કૂદી પડ્યો હશે.' તે ડ્રાઇવરની પાટલીને ટેકો દઈને નીચે બેઠો હતો. ચોવીસ વરસના યુવાને દૃઢતાથી પૂછ્યું : 'ક્યારે ?' ગાર્ડ એક ક્ષણ તો ખચકાયો, ટ્રેન વધારે જોરથી નીચે ને નીચે ઊતરતી હતી. પછી માથા અને પગને એક સપાટીએ રાખીને ફરી વાર તેણે ઓરમોંડ સળગાવી. તેણે જવાબ આપ્યો : 'શરૂઆતની પાંચ મિનિટ પછી તરત જ. એવે વખતે કોઈને બચાવવાનું શક્ય જ ન હતું. લગેજવાનનો ગાર્ડ પણ કૂદી પડ્યો. ચોવીસ વરસના યુવાને પૂછ્યું : 'ટ્રેનની જવાબદારી મારા ઉપર છે, છતાં હું હંમેશાં આશા રાખ્યા વિના જ જીવ્યે ગયો છું' 'આશા રાખ્યા વિના.' યુવાને પુનરાવર્તન કર્યું. ડ્રાઇવરની કેબિનના વીંડસ્ક્રીનને નિરાંતે ટેકવીને તે પડ્યો હતો. એનો ચહેરો ખાઈમાં ઝૂકેલો હતો. એ વિચારતો હતો : ત્યાં આપણે ડબ્બાઓમાં બેસી રહ્યા હતા અને અહીં બધું ખલાસ થઈ ગયું તેની ખબર પણ આપણને ન પડી. આમ તો કશું બદલાયું નથી પણ બોગદું આપણને ખાઈમાં ને ખાઈમાં લઈ જઈ રહ્યું છે અને આપણે કોરાહના સમૂહની જેમ જીવતેજીવત ખાઈમાં દટાઈ રહ્યા છીએ. 'હવે મારે પાછા જવું પડશે.' ગાર્ડ બરાડી ઊઠ્યો. 'ત્યાં કાગારોળ મચી જશે. બધા જ પાછળ ધસી જશે.' ચોવીસ વરસના યુવાને કહ્યું. 'હા, વળી.' અને પેલા સ્થૂળકાય શતરંજના ખેલાડીનો અને નવલકથા વાંચતી રાતા વાળવાળી છોકરીનો વિચાર તેને આવ્યો. તેણે ઓરમોંડ બ્રાસીલ ૧૦ના બાકીનાં પેકેટ ગાર્ડને આપી દીધાં.

તે બોલ્યો :' આ લઈ લો. પાછા આવતી વખતે વળી તમારી સિગાર ખોવાઈ જશે.' ગાર્ડે પૂછ્યું : 'તમે પાછા આવતા નથી ?' અને તે ઊભો થયો. ત્યાં રચાયેલા ભૂંગળામાંથી બહાર નીકળવા મહામહેનતે મથવા લાગ્યો. યુવાને નકામાં થઈ ગયેલાં સાધનો સામે, વિચિત્ર ચાંપો સામે અને સ્વીચો સામે જોયું. એ બધું કેબિનના અજવાળામાં ચાંદીની જેમ તેની આજુબાજુ ચમકતું હતું. તે બોલ્યો : 'બસો દસ. આટલી ઝડપ હોય ત્યારે મને નથી લાગતું કે તમે પાછા આપણી ઉપરના ડબ્બાઓમાં જઈ શકો.' ગાર્ડે મોટેથી કહ્યું, 'એ મારી ફરજ છે.' 'હા,એ પણ ખરું.' ગાર્ડના નિષ્ફળ પ્રયાસની દિશામાં જોયા વિના જ ચોવીસ વરસના યુવાને જવાબ આપ્યો.

ગાર્ડે ફરી મોટેથી કહ્યું : 'મારે પ્રયત્ન તો કરવો જ જોઈએ.' તે હવે કોરીડોરમાં દૂર નીકળી ગયો હતો. કોણી અને સાથળોનો ટેકો લઈને એંજિનની દીવાલો પરથી ઘસડાતો હતો. પણ જ્યાં એંજિન વધારે નીચે ઊતર્યું અને પૃથ્વીના પેટાળમાં - બધા જ પદાર્થોનું અંતિમ લક્ષ્ય તો એ જ છે – ખૂબ ઝડપથી ગરકવા માંડ્યું એટલે એંજિનની છેક તળિયે

ડ્રાઇવરની કેબિનની ચળકતી બારી પર પડેલા ને નીચે જોઈ રહેલા યુવાનની બરાબર ઉપર પોતાના સળિયા સાથે ગાર્ડ પડ્યો. તેની શક્તિ ઓસરી ગઈ. ડ્રાઇવરની પાટલી પર તે ફસડાઈ પડ્યો, લોહીલુહાણ થઈ ગયો અને યુવાનના ખભાને વળગીને તેની બાજુમાં પડી રહ્યો. તેમની સામે બોગદાની ધસમસતી દીવાલોના શોરબકોરમાં ચોવીસ વરસના યુવાનના કાનમાં બૂમ પાડીને પૂછ્યું : 'હવે આપણે શું કરીશું ?' એ યુવાનનું સ્થૂળ શરીર પણ નિરર્થક બની ગયું, હવે એને ઉગારી શકે એમ રહ્યું નહીં. તે પણ ખાઈથી તેને જુદા પાડતા કાચ પર હાલ્યાચાલ્યા વિના પડી રહ્યો હતો. પહેલી જ વખત આંખો ફાડીને ખાઈને લોભી બનીને ગટગટાવી રહ્યો હતો. 'આપણે હવે શું કરીશું ?' 'કાંઈ જ નહીં.' ઠંડે કલેજે એણે ઉત્તર આપ્યો. ભયંકર દૃશ્ય જોવામાંથી તે ઊંચો જ ન આવ્યો, છતાં એક પ્રકારનો ભયાનક આનંદ તો હતો જ. તૂટી ગયેલા સાધનના કાચના ટુકડાથી તે ઘેરાયેલો હતો. એકાએક હવા અંદર દાખલ થઈ ગઈ (વીંડસ્ક્રીનમાં પહેલી તિરાડ દેખાઈ) અને એને બાકી કાનમાં ખોસેલાં રૂનાં પૂમડાં તીરની જેમ તેમની ઉપરના ભાગમાં ધસી ગયાં. કશું જ નહીં. ભગવાને આપણને આ પતનમાં ધકેલ્યા છે અને એટલે આપણે એની પાસે જઈ રહ્યા છીએ.'

અનુ. શિરીષ પંચાલ

ઢાંક્યું રતન
કેમિલો જાસે કેલા

કલાકાર તીમોતીઓ મોરાગોનાય જુઆરુશો વિશે અનેક ગેરસમજૂતી પ્રવર્તતી હતી. પડોશની સ્ત્રીઓ એને મહેણું મારતાં કહેતી, 'કેમ તીમોતીઓ, તને તો સન્ત કે એવું કશું ચીતરવાનું કામ સોંપ્યું છે કે શું ?'

આ જડભરત લોકોની આવી લાક્ષણિક હાંસી ઉડાવવાની રીતથી તીમોતીઓ અકળાઈ ઊઠતો.

'જી, ના. મને સન્ત કે બીજું કશું ચીતરવાની ફરમાઈશ કરવામાં આવી નથી. હું કાંઇ ફરમાઈશથી કામ કરું એવો કલાકાર નથી.'

એક ધૃષ્ટ પડોશીએ વળી એક દિવસ ઉમેર્યું :

'અરે, એ તો તમારી સૂરત જોઈને જ ....'

અને પછી તીમોતીઓએ તે સ્ત્રીને પેટમાં લાત મારી અને તે એક ઘરડી સ્ત્રી વટાણાની શીંગો અને કંદમૂળ વેચતી હતી તેના નાના બાજઠ પર ઊછળીને પડી.

'લેતી જા ! આના પરથી ધડો લેજે અને હવેથી કલાકારની બાબતમાં માથું મારવા જઈશ નહીં.'

તીમોતીઓની લાતે પડોશીઓમાં જબરો ઊહાપોહ મચાવ્યો. જેના પર હલ્લો થયો હતો તે સ્ત્રીનો પતિ રેડિયો ટેકનિશિયન હતો અને તે તીમોતીઓને મારી નાખવા માંગતો હતો.

'હું પેલાના રાઈ રાઈ જેવડા ટુકડા કરીશ. પોતાની વહુને રસ્તે ચાલતો કોઈ પણ આલીમવાલી લાત મારી જાય તે કોઈ પણ આબરૂદાર માણસ સાંખી લે ખરો ! જો એવું બને તો તો ગજબ જ થઈ જાય ને ! '

શાકભાજીવાળી પણ ધૂંઆપૂંઆ થઈ ઊઠી.

'હું મારા માલનું વળતર લઈશ : નહીં તો પછી અમલદાર પાસે જઈશ. તું કળાકાર

રહ્યો તો તારા ઘરનો, હું પણ પરસેવો પાડીને ખાનારી સ્ત્રી છું. એની મને ઝાઝી કિંમત છે, સમજ્યો ?'

શું બન્યું તેની પૂરી માહિતી મળતાંની સાથે રેડિયો ટેકનિશિયન કમરપટો લઈને સીધો પહોંચ્યો તીમોતીઓને ઘરે. ત્યાં રસ્તામાં એનો મિત્ર મળ્યો. એ ચકમક ગજવેલના બનાવેલા લાઇટર પોસ્ટાસ સ્ટ્રીટમાં વેચતો હતો. એ કંઈક ઠરેલ સ્વભાવનો ને પહોંચવાળો માણસ હતો.

'હમણાં જઈશ નહીં. પેલી સ્વીડ બાઈ ઘરમાં છે.'

'પણ સાંભળ તો ખરો. એણે મારી વહુને પટેમાં લાત મારી છે એ તે કોઈ સાંખીને બેસી રહે !'

મિત્રે ખભા સંકોડયા.

'તારે જેમ કરવું હોય તેમ કર. હું તો તને એટલું જ કહું છું કે એની સ્વીડ બાઈ ઘરમાં છે, તેથી તું ઉપર જઈશ નહીં.'

'તો શું મારે નીચી મૂંડીએ આ સહી લેવું ?'

'મારું તો એમ માનવું છે કે સારામાં સારો રસ્તો એ જ છે. તીમોતીઓએ તારી વહુને કંઈ મારી તો નથી નાખી ને !'

'મારી નાખી ? જાનથી મારી નાખી ? ના, એવું તો નથી બન્યું પણ એ લાત કોઈ ને રાડ પડાવી દે એવી હતી, એની તો તું ના નહીં પાડી શકે. એને જો મહિના રહ્યા હોત તો તો ગર્ભપાત જ થયો હોત.'

'પણ એને કાંઈ મહિના નહોતા રહ્યા ?'

'હા, એ તારી વાત સાચી છે.'

છેલ્લે સુલેહ કરનારની અદાથી એ મિત્રે ઉમેર્યું :

'જો ભાઈ પીઓ ! આપણે પુરુષોએ અમુક વસ્તુ તરફ આંખમીંચામણા કરવા જોઈએ. તું ઉશ્કેરાઈને હાથમાં પટો વીંઝતો ઉપર જાય તે ઠીક નહીં. વળી મેં તને કહ્યું છે ને સ્વીડ ઘરમાં છે.'

'વારુ, ભાઈ વારુ.'

પછી બન્ને એક એક જામ દારૂ પીવા ગયા. ઓસ્ટ્રિયાનો મનોલીન નામનો કલાલ એમની ખાતર બરદાસ્ત કરવા હાજર થયો.

'થોડો નાસ્તો નહીં કરો ?'

'વારુ.'

'શાકભાજીવાળીને વળતર નહીં મળવાથી સત્તાવાર ફરિયાદ કરી. શાકભાજીવાળી સારામાં સારાં કપડાં પહેરી, બે ભ્રમર વચ્ચેના તલ પરના વાળને કાપી નાંખીને સંભાળપૂર્વક વાળી ઓળ્યા અને પોલિસ સ્ટેશને ગઈ.

'કેમ મજામાં ને !'

બારણા પાસે બે પોલિસો ઊભા હતા. તેમણે જવાબ સુધ્ધાં વાળ્યો નહીં. પાંચ-સાત ડગલાં છેડે બીજા બે પોલિસો હતા.

'કેમ મજામાં ને !'

રેડિયેટર પર ઢળીને એમાંનો એક પોલિસ ઊંઘતો હતો. મશીન બંધ હતું. બીજો પોલિસ ગાલ પર હાથ ટેકવી લોથની જેમ પડ્યો હતો.

'કેમ મજામાં ને !'

બીજી ત્રણ સ્ત્રીઓએ શાકભાજીવાળીને ઉત્તર વાળ્યો.

'હા, તમે મજામાં ને !'

સ્ત્રીઓ પાટલી પર બેઠી હતી. તેઓ ખૂબ સ્વસ્થ અનમે સ્વચ્છ લાગતી હતી. શાકભાજીવાળી બાંકડાને એક છેડે બેસવા ગઈ.

'અહીં બેસું ને !'

'હા, હા, બેસો ને !'

શાકભાજીવાળીને પહેલાં જરા અતડું લાગ્યું. બે એક કલાક પછી જરા આત્મવિશ્વાસ પ્રાપ્ત કર્યો એટલે એણે વિચાર્યું, સાહેબ મને બોલાવશે, એટલે હું તો જઈને કહેવાની કે જુઓ સાહેબ ! એ કલાકારે જઈને પીઓની વહુને પેટમાં લાત મારી, પીઓની વહુ પેટમાં લાત વાગવાથી ધમ દઈને પછડાઈને પડી, જરૂર એને હું.... મારો બાજઠ પાડી નાખ્યો અને માલ બધો ધૂળ ભેગો થઈ ગયો. પછી — સાહેબ.

ત્યાં અંદરથી સાહેબ તાડૂક્યા.

'ગાર્સિયા.'

અને પેલો મરેલા જેવો લાગતો પોલિસ એક આંચકાથી ઊભો થયો અને સાહેબની ઓફિસમાં ગયો.

'જી સાહેબ.'

ગાર્સિયાએ સ્ત્રીઓને અંદર મોકલી. શાકભાજીવાળી પણ અંદર ગઈ. સાહેબે બારણું બંધ કરવાનો હુકમ કર્યો હતો તેથી અંદર શું બન્યું તેની તો કોઈને ખબર પડી નહીં. કંઈ ગોટાળો તો થયો જ હશે. બધું થાળે પડ્યા પછી શાકભાજીવાળી કોલસાની દુકાનવાળાને કે દૂધની ડેરીવાળાને ઘણો પ્રયત્ન કરવા છતાં સમજાવી શકી નહીં.

'સાહેબે મને પૂછ્યું. 'તું કાપડના કેટલા ટુકડા પીઓને વેચવા ગઈ ?' અને પછી હું ગઈ અને એમને કહ્યું, 'સાંભળો સાહેબ, પીઓ રેડિયો ટેકનિશિયન છે. મને તો એટલી ખબર છે કે દાળમાં કંઈક કાળું હતું ખરું ! પછી સાહેબે ચશ્માં કાઢી નાખ્યાં અને મને કહ્યું, 'તું મૂરખ છે કે શું ?' અને પછી મેં પણ વળી તેમને કહ્યું.

'જી ના, હું મૂરખ નથી.'

'અને પછી ?'

'શું કાંઈ નહીં.' સાહેબે મને પૂછયું. 'તારું નામ શું ? અને મેં તેમને કહ્યું, 'મારિયા.' 'મારિયા કેવા ?' મારિયા દલા એન્કાર્નેશિયો.' 'અને પછી શું ?' અને પછી શું ?' 'જી, કશું નહીં. સાહેબ બહુ ગુસ્સે થયો પછી મને સમજાયું કે એમને મારું આખું નામ જાણવું હતું એટલે મેં કહ્યું,'મારિયા દલા એન્કાર્નેશિયો એસ્તેવેઝ,' 'હં બરાબર.'

'અને પછી ?'

'કંઈ નહીં. મને પેલી સ્ત્રીઓ સાથે એક નાની ટ્રકમાં બેસાડી અને બીજે કશે લઈ ગયા અને મારી છબી પાડી.'

'અને તેં કશું કહ્યું નહીં ?'

'ના, કશું જ નહીં. હું શું કહેવાની હતી ? છબી પડાવવી એમાં શું ખોટું ! કેમ ખરું ને !'

લાઈટર વેચનારના એક લાગવગવાળા મિત્રે શાકભાજીવાળીનું કામ થાળે પાડી આપ્યું. થોડા જ દિવસમાં તેણે પેલીને જઈને કહ્યું.

'સાંભળ એન્કાર્ના, હવે બધી વાત થાળે પડી ગઈ છે.'

'શેની વાત ?'

'પોલિસ સ્ટેશન પરની વાત, મારા મિત્રે બધું બરાબર કર્યું છે. સાહેબ તો કહેતા હતા કે તું મૂરખ છે.'

તીમોતીઓ મોરાગોનાય જુઆરુશો, બેત્રણ દિવસ રહીને મિજાજ ઠંડો પડતાં તક જોઈ શેરીમાં ફરવા નીકળ્યો. પડોશીઓ એની તરફ સહાનુભૂતિપૂર્વક જોવા લાગ્યા. પછી તીમોતીઓ શાકભાજીવાળી પાસે ગયો અને કહ્યું :

'સાંભળ બહેન, બધું બની ગયું તેથી મને કેટલું દુઃખ થયું તે હું કહી પણ શકતો નથી. મેં માત્ર મિજાસ ખોયો. કોઈ પણ મિજાસ ખોઈ બેસે ખરું ને !' 'જરૂર, જરૂર કોઈ પણ મિજાસ ગુમાવે, એ સાવ સાચું.'

'હં બરાબર છે, મિજાસ ખોયો. મારી તને હેરાન કરવાની દાનત નહોતી. હવે તને કેટલી નુકસાની ગઈ તે મને કહી દે, હું તેટલી તને ભરપાઈ કરી આપીશ, એટલે આપણો હિસાબ ચૂકતે.'

શાકભાજીવાળીએ કહ્યું :

'ના રે ના, મારે કાંઈ તને હેરાન નથી કરવો. સાચું કહું તો હું ભડકી જ ગઈ હતી. અને માલ તો બધો મેં વીણી લીધો હતો. આજુબાજુની સ્ત્રીઓએ મદદ કરી અને મેં બધું જ વીણી લીધું.'

સીનોરા એન્કાર્ના સાથે વાત કર્યા પછી તીમોતીઓને લાગ્યું કે જેને એણે દુભવી હતી તેને ઘેર જવાની પોતે હિંમત કરી શકશે. સ્ત્રીના પતિએ બારણું ખોલ્યું. તીમોતીઓને આખા શરીરમાં ધ્રુજારી આવી ગઈ.

'આવો ને !'

'કેમ મજામાં ને !'

સ્ત્રીના પતિએ તેને માટે ખુરશી ખેંચી આણી.

'બેસો ને.'

'હા, બેસું છું.'

તીમોતીઓને વાતની શરૂઆત કરતાં જરા અઘરું લાગ્યું. પણ પછી એણે એકદમ શરૂ કરી દીધું,

'જુઓ, હું શા માટે આવ્યો છું તેનું અનુમાન કરી લીધું હશે.'

એટલામાં જેને લાત પડી તે સ્ત્રી બારણામાં ડોકાઈ. તેના પતિએ તેને કહ્યું :

'તું રસોડામાં જા. અમે બે જણ પતાવટ કરી લઈશું.'

મતીલ્ડેએ ધડ દઈને બારણું વાસ્યું અને સિનેમાનું ગીત ગુંજવા મંડી. પતિએ તીમોતીઓ સામે જોયું.

'કેટલાક લોકો કેવા જંગલી હોય છે ?'

'હા, કેટલાક લોકો ખરેખર જંગલી હોય છે ?'

રેડિયો ટેકનિશિયને તમાકુની ડબ્બી કાઢી.

'તમે એક સિગારેટ બનાવશો ?'

'ભલે.'

બન્નેએ મૂંગે મોઢે સિગારેટ વાળી. પછી તેને સળગાવી. પછી થોડાક દમ ખેંચ્યા. સ્ત્રીના પતિએ નાકમાંથી ધુમાડો કાઢ્યો પણ તીમોતીઓમાં એટલી સ્વસ્થતા નહોતી, તેથી અન્યમનસ્ક બની તેણે તો મોઢા વાટે જ ધુમાડો કાઢ્યો. પછી તીમોતીઓ થોડો આત્મવિશ્વાસ મેળવીને બોલ્યો :

'વારુ, મેં કહ્યું તેમ તમે જાણો છો હું શા માટે આવ્યો છું ?'

'ના, તમે કહો ને !'

તીમોતીઓને ફરી ધ્રુજારી આવી ગઈ.

'હું તમારી માફી માગવા આવ્યો છું, કારણ કે પરાક્રમ કરતાં ડહાપણ બહેતર છે એ તો તમે જાણો છો.'

તીમોતીઓએ આટલું બોલવામાં ખૂબ પ્રયત્ન કર્યો હતો ને તેથી તે થાકી ગયો હતો. રેડિયો ટેકનિશિયને જરા સંતોષ પામી એકદમ ઉત્તર આપ્યો.

'જુઓ, તમે કેવું સજ્જનને છાજે તેવું બોલ્યા ! તમારું આ વર્તન તમારે માટે માન ઉત્પન્ન કરે તેવું છે. તમને જોતાંની સાથે જ કોઈ કહી દે કે તમે કલાકાર છો.'

'મેહરબાની તમારી.'

'એ તો ઠીક જાણે. સાંભળો, તીમોતીઓ, રેડિયો સુધારવો એમાં પણ થોડેઘણે અંશે કળા તો રહેલી જ છે, એમાં કાંઈ ના કહેવાશે !'

'ઓહો એમ કે ?'

તીમોતીઓ મોરાગોનાય જુઆરુશો, લીઓન્સીઓ અને જુલિયા (ત્યાં ગૃહિણી)નો પુત્ર હતો. સુએન્કાનાલ્લાના જિઆલાર્કોની મ્યુનિસિપાલિટીની હદમાં આવેલું પુર્ગાપિકેડોસનો વતની હતો. તીમોતીઓ ચાળીસની ઉમરનો હતો. પરણેલો હતો પણ એને કશી સંતતિ નહોતી. એમ તો બે થયા હતાં. ખરાં. એક ટાઇફસમાં મરી ગયું, બીજું નહેરમાં ડૂબીને મરી ગયું. તીમોતીઓએ પહેલાં હજામ, ફેરિયો, બેંકનો કારકુન, ડુક્કરને ખસી કરનાર, કેરીબિયન બેન્ડમાં પડઘમ વગાડનાર અને અભિનેતા. આ બધા જ ધંધા અજમાવી ચૂક્યો હતો. તીમોતીઓ અત્યારે છેલ્લામાં છેલ્લી ઢબનો શિલ્પી હતો. માટીના બે નાના પિંડા સાથે મૂકીને એને 'પહેલવાની હવાબાજ'કે 'માઉન્ટ ઓફ ઓલિવનું દૃશ્ય' એવા નામથી ઓળખાવનારા પૈકીનો ! આ ધંધામાં એને સંડોવનાર એની વહુ હતી. એક વાર એ પોતાની નાટકમંડળી લઈને સેબ્રેરોનમાં 'ગરીબ અને આંધળો - બે અભાગિયાઓ' એ નાટક ભજવવા ગયેલો ત્યારે એને ભેટી ગયેલી એની પત્ની હોના રાગ્નીલ્દ બ્રાવિકેન દ મોરાગોના સળેકડા જેવી, ગંઠાઈ ગયેલી નસોવાળી અને રાખોડી રંગની છાંટના વાળવાળી સ્વીડ હતી.

એ નાટકની શરૂઆતમાં જ એને જે બોલવાનું આવતું તે સાંભળીને લોકો ખૂબ તાળીઓ પાડતા.

દોના રેનહિલ્ડ બ્રેવિકેન દ મોરાગોના દારૂ સાચવવાનો 'કોન્સેર્વોલ' નામનો પદાર્થ વેચવા સેબ્રેરેગ્ન આવીને રહી હતી. દોના રેનહિલ્ડ ત્યારે તીમોતીઓને પરણી નહોતી. સેબ્રરોસનો દારૂ એને ખૂબ ભાવી ગયો હતો. અને બે અઠવાડિયાં હોટલમાં માછલીની જેમ દારૂ ઢીંચીને ગોંધાઈને પડી રહી હતી.

દોના રેનહિલ્ડ બ્રેવિકેન દ મોરાગોનાએ તીમોતીઓને કવિતાનો પાઠ કરતો સાંભળ્યો અને એ કાંઈ જેવુંતેવું નહોતો વાંચતો - અને એણે મનમાં નક્કી કર્યું, 'પરણું તો આને જ પરણું,' અને તે રાતે હોટલના ભોજનખંડમાં એણે એના પ્રેમની જાહેરાત કરી દીધી.

'તીમોતીઓ,' તે બોલી. 'હું બહુ એકાકી છું ! અમે સ્વીડવાસીઓ સ્વીડનની બહાર જતાં બહુ એકલવાયા બની જઈએ છીએ.'

તીમોતીઓ તે દિવસે જરા રંગમાં હતો.

'હું સમજું છું.' એણે કહ્યું, 'અમારી પણ એ જ સ્થિતિ છે.'

અને પછી કામદેવના બાણ બન્નેના હૃદયને વીજળીની ગતિથી વીંધવા લાગ્યા.

પ્રેમના લોહચુંબકીય આકર્ષણનો પ્રવાહ બન્ને વચ્ચે વહેવા લાગ્યો. આ આકર્ષણનો પ્રવાહ ટ્રિઝિયન તરંગ જેવો હતો. સૂક્ષ્મદર્શક યંત્રવડે પણ એને જોઈ શકાય નહીં.

'તીમોતીઓ ! ભવસાગરમાં નાવડી હંકારવાને બે કરતાં ચાર હાથ હલેસાં મારે તો કેવું સારું....'

તીમોતીઓને કહેતી ગમી; પણ દરિયો એણે બાપ જન્મારે દીઠો નહોતો તેથી એને ઝાઝી ગમ પડી નહીં.

'હા, તારી વાત તો સોટકા સાચી.'

'ઓહ તીમોતીઓ ! આપણી જુગતે જોડી.....'

'હં.'

'આપણે એકબીજાનાં અડધિયાં......'

'ઓહ.'

'હા, અવિભક્ત આત્મા આપણું જેમાં પ્રતિબિંબ પડે એવો બીજો આત્મા શોધવો જોઈએ.'

'ઓહ.'

'અને હૃદય બે પણ ધબકાર એક.'

'ઓહ.'

'એને જીવનયાત્રાના પંથે થાકીએ ત્યારે આધાર લેવા ખભો મળે.'

'ઓહ.'

તીમોતીઓ મોરગોનાય જુઆરુશોને લાગ્યું કે પોતે માત્ર જરાય દોના રેનહિલ્ડ પ્રત્યે ઉદાસીન નહોતો. ઊલટાનો એ તો મોરાગોનાય જુઆરુશો પ્રત્યે લાગણીઘેલો બન્યો. કેમ જાણે આવે પ્રસંગે એ રીતે વર્તવાની એની ફરજ ન હોય.

'પણ ઘેલી રેનહિલ્ડ ! હું તો મુફલિસ છું. મારી પાસે રાતી પાઈ પણ નથી.' તીમોતીઓ મોરાગોનાય જુઆરુશોએ દોના રેનહિલ્ડને 'દોનારાનીલ' કહીને સંબોધી.

'એની ચિંતા ના કરીશ તીમો !' દોતોએ સહેજ કોમલ બનીને કહ્યું.

તીમોતીઓએ એકદમ એને તોડી પાડીને કહ્યું :

'મને તીમો નહીં કહેતી મને એ ગમતું નથી. તારે વહાલ બતાવવું હોય તો તીઓ કહેજે. મને એ વધુ ગમે છે.'

દોના રેનહિલ્ડ મીઠા મધ જેવી વાણીથી અને વળગતી હોય એવા લહેકાથી બોલી :

'તને જે ગમે તે કહીશ, તીઓ. તું મને તને 'પ્રિયતમ' કહેવા દેશે ?'

દોના રેનહિલ્ડની ગરદનની ધાર પર એક માંકડ દોડતો હતો.

'ધ્યાન રાખ દોના. એ માંકડને અંદર પેસવા દઈશ નહીં.'

દોનાએ માંકડને પકડીને બે આંગળી વચ્ચે મસળી નાખ્યો અને પછી ખુરશી નીચે ફેંક્યો.

'ગરીબ બિચારું ક્ષુદ્ર જંતુ.'

'હેં ?'

'હું કહેતી હતી, ગરીબ બિચારું ક્ષુદ્ર જંતુ !'

'જંતુ યોનિમાંથી છૂટીને એને કદાચ મનુષ્યની યોનિમાં જન્મ મળશે.'

દોના રેનહિલ્ડે ફરી એવો મધમીઠો ટહુકો કર્યો.

'હું પૂછતી'તી ઓ; તું મને 'પ્રિયતમ' કહેવા દેશે ?'

તીમોતીઓ જરા મૂંઝયો. એને પરદેશી સ્ત્રીઓ ખાસ કરીને સ્વીડીશ સ્ત્રીઓનો બહુ અનુભવ નહોતો.

'તને જે ગમે તે કહે, દોના એથી તો હું ગૌરવ અનુભવીશ.'

'પણ તીઓ ! તારે મને દોના રેનહિલ્ડ નહીં કહેવું. મને માત્ર રેનહિલ્ડ કહે. એ બહુ આત્મીય અને નીકટનું લાગે છે.'

'તને જે ગમે તે. કોણ જાણે મને એ બદાની ટેવ પડશે કે કેમ ! બાકી તું રહી સ્વીડ.'

એથી શું ફેર પડી જવાનો હતો ! હું કાંઇ નરી સ્વીડ થોડી જ છું, નારી પણ છું. જેનું સૂનું હૃદય દર્શનમાંથી છલકાઈ ઊઠે છે.'

'ઓહ.'

તીમોતીઓ અને દોના રેનહિલ્ડે બન્નએ આશ્ચર્ય પામી જોયું તો બન્ને એકબીજાના હાથ પકડીને ઊભા હતા.

'અને તું મને હવે મીઠડી કહેજે.'

તીમોતીઓએ સહેજ આછા અવાજે જવાબ વાળ્યો.

'વારુ.'

'તું પ્રયત્ન કર, એક વાર બોલી તો જો. વારુ.'

તીમોતીઓ મહા પરાણે બોલ્યો :

'સાંભળ મીઠડી.'

'શું ?'

'કશું જ નહીં.' આ સંબોધન કાનને કેવું લાગે છે તે જાણવા પૂરતું જ બોલ્યો.

દોના રેનહિલ્ડ અને તીમોતીઓ ખૂબ જોરથી હસવા લાગ્યા. પછી સાઇડરનો એક સીસો મંગાવ્યો. એને ગટગટાવી પણ ગયાં. તે લોકો સુખી હતાં, ખૂબ સુખી હતાં, અત્યન્ત સુખી હતાં.

બીજા દિવસે તીમોતીઓએ પોતાની મંડળીને વધામણી આપી. તે ખુશીથી સમાતો નહોતો અને અર્ધો કલાક સુધી એણે એની એ જ વાત કર્યા કરી.

'ત્યારે એમ વાત છે. દોસ્ત, હું તો હવે પરણવાનો, મારી વાક્દત્તા મારી પ્રેયસીની હું તમને ઓળખાણ કરાવીશ. આજથી આપણા માર્ગો ફંટાય છે. મારા પ્રેમના સાથી એવા મારા સાથીદારોનું સ્મરણ મારા હૃદયમાં સદાય રહેશે.'

મંડળી ઊર્મિવિવશ બની.

હવે હું મારી પ્રેયસીની ઓળખાણ કરાવીશ. સૌ પહેલું તમે એનું નામ જાણી લો. તમારાંમાના કેટલાકે અનુમાન કરી લીધું હશે. એનું નામ રેનહિલ્ડ છે. જાણે મને એ નામ બરાબર બોલતાં નથી આવડતું.

એની મંડળીમાંની મુખ્ય સ્ત્રી પાત્ર ભજવનાર નટીએ પૂછ્યું. 'પણ તીમોતીઓ, હોટલમાં

પેલી સ્વીડનવાળી બાઈ આવી છે તેની વાત કરે છે ને !'

તીમોતીઓ મોરાગોના ય જુઆરુશોની છાતી ગજગજ ફૂલી. એ કોઈ સ્વીડ કસરતબાજ ખૂબ દૂર સુધી ભાલો ફેંકવાની તૈયારીમાં જે અદાથી ઊભો હોય એવો તે દેખાતો હતો.

'હા, તે જ.'

'મણ મારા ભાઇ, તું જાણતો નથી. એ તો બહુ ઢીંચે છે !'

તીમોતીઓ જરા ગંભીર બન્યો. હવે એ સ્વીડીશ કસરતબાજ જેવો નહોતો દેખાતો. હવે એ હિન્દી સાધુ જેવો દેખાવા લાગ્યો.

'હું તો માત્ર એટલું જાણું છું કે લોકોની ટાઢાપહોરની ગપને મહત્ત્વ નથી આપવું. હું તો એટલું જાણું છું કે મારું હૃદય બધી ક્ષુદ્રતા અને તુચ્છતાથી પર થયું છે. હું તો એટલું જાણું છું કે અમે બે એકબીજા માટે સર્જાયા છીએ. હું એટલું જાણું છું કે અમારું લોહી એક છે. હું એટલું જાણું છું કે અમારા હૃદય એક ધબકારે ધબકે છે. હું એટલું જાણું છું કે જીવનમાં એને મારો આશરો છે. એટલું જાણું છું.

'ભલે, ભલે.'

તીમોતીઓ મોરાગોનાય જુઆરુશોની વાક્ધારા થંભી ગઈ. તીમોતીઓ મોરાગોનાય જુઆરુશોને ગળે શોષ પડ્યો. તીમોતીઓ મોરાગોનાય જુઆરુશો બે અઠવાડિયાં રહીને દોના રેનહિલ્ડ બ્રાવિકે સાથે પરણ્યો.

'તક એક વાર આવે છે.' તીમોતીઓએ વિચાર્યું. 'અને જ્યારે આવે ત્યારે તેની ચોટલી ઝાલી લેવી જોઈએ. હે પ્રભુ, એમ ન માનીશ કે હું આ સ્વીડને મારા હાથમાંથી છટકવા દેત, ભલે ને એના સંસ્કાર ગમે તેવા હોય.

લગ્નના શરૂઆતના દિવસોમાં તીમોતીઓ એની પત્નીને 'કોન્સર્વોલ' વેચવામાં મદદ કરતો.

'તમારો દારૂ ચઢી જતો હોય, ફુગાઈ જતો હોય, ખાટો થતો હોય તો 'કોન્સર્વોલ' વાપરો એવું એ હોટલના માલિકોને જઈને કહેતો.' તમારો દારૂ મિજલસમાં રંગ જમાવે એ તમને ગમે ને ! તો પછી 'કોન્સર્વોલ' વાપરો. એ તમારા દારૂના જિંદગીના વીમા બરાબર છે.'

દોના રેનહિલ્ડના ધંધાએ બહુ વળતર નહીં આપ્યું પણ એ લોકો ખાઈપીને લહેર કરી શકતાં હતાં. અને એ સિવાય બીજું જોઈએ પણ શું ?

દોના રેનહિલ્ડની ઘણી વિચિત્ર કટેવો હતી એ સાચું, પણ તીમોતીઓ એનાથી ટેવાઈ ગયો. ગમે તેવી વિચિત્રતા હોય પણ તીમોતીઓને એ કોઠે પડી જતી.

એક દિવસ ઓચિંતાનું દોના રેનહિલ્ડે તીમોતીઓને કહ્યું : 'તીઓ ! તું કલાકાર છે. 'કોન્સર્વોલ' વેચવામાં તારી શક્તિ નહીં વેડફી દેવાય. કલાકારનું કર્તવ્ય પોતા પ્રત્યે જ કેવળ નથી હોતું. માનવતા, સંસ્કૃતિ, કલાનો ઇતિહાસ વગેરેનો તારે ખ્યાલ રાખવો પડે.'

'એમ, હું તો કંઈ જ જાણતો નથી.'

'ભલે, હું તો જાણું છું. તું એક એવો કલાકાર છે જેને હજી એનો સાચો રાહ લાધ્યો નથી. એ શોધવામાં હું મારી જીવનશક્તિ ખરચીશ અને તને હું એ માર્ગમાં અગ્રેસર કરીને જંપીશ. આજથી આપણે 'કોન્સર્વોલ' વેચવાનું બંધ કરીશું. ભલે બીજા વેચે. તું કલાકાર છે અને હું કલાકારની જીવનસંગિની છું.

દોના રેનહિલ્ડની આંખમાંથી બે આંસુ ગાલ પર સરી પડ્યાં. એક હોઠ આગળ અટક્યું અને બીજું આંસુ જે દિવસે એણે પહેલી વાર પ્રેમની ઘોષણા કરી ત્યારે જ્યાંથી માંકડ નીકળ્યો હતો ત્યાં સરી ગયું.

'મારા યૌવનનું સોનેરી સ્વપ્નું' તીમોતીઓ જરા ચિંતાતુર બન્યો. એને મનમાં થતું કે એની પત્નીની ડાગળી ખસી ગઈ છે કે શું ?

'પણ સાંભળ. રેનહિલ્ડ, વાત એમ છે કે હું......'

'મારા સમ જો આગળ કશું બોલ્યો છે તો. તું કલાકાર છે. કેવળ કલાકાર છે. કલાકારના જીવનમાં એવી કટોકટીની ક્ષણો આવે છે. જ્યારે આત્મવિશ્વાસ ટકાવી રાખવો મુશ્કેલ બને છે, અને પોતે કલાકાર છે એ વાત જ ભૂલી જાય છે. આ એમની ભાગ્યપલટાની ક્ષણ હોય છે.'

'હવે તું સમજ્યો. તારે તારી કેડી શોધવાની છે.' તીમોતીઓ મોરાગોનાય જુઆરુશોએ એ વાતમાં ટાપશી પૂરવાનો પ્રયત્ન કર્યો.

'એ કેડીવાળી વાત પર જ .....'

દોના રેનહિલ્ડે સ્મિત વેર્યું. કંઈક જીઓકોન્ડાને મળતા આવે એવા ભાવ એના મોં પર દેખાયા. પણ અલબત્ત કઢંગી રીતે.

'આનો પણ મેં વિચાર કરી જ રાખ્યો છે. એ બધાની જ મેં વેતરણ કરી રાખી છે. તારે શિલ્પનું નિર્માણ કરવાનું છે. તારે શિલ્પી થવાનું છે.'

'શિલ્પી ?'

'હા, શિલ્પી. તને એ વિચાર નથી ગમતો ? શિલ્પકળા તો સહુથી સુંદર કલા છે. એ તો દિવ્ય કલા છે.'

'કબૂલ, કબૂલ સમજ્યો. વાંધો માત્ર એટલો જ કે એ દિશામાં હું કાંઈ કરી શકીશ કે કેમ તેની મને શંકા છે. તને એવું લાગે છે ખરું કે હું કરી શકીશ ?'

'મને આશા છે કે તું કરી શકીશ. ભલા તીઓ, છાતી ઠોકીને કહું છું, તું કરી શકીશ.'

તીમોતીઓ પોતાને શિલ્પી તરીકે મનમાં કલ્પી શકતો પણ નહોતો.

'ના રેનહિલ્ડ, મીઠડી ! ગુસ્સે થઈશ નહીં પણ મને લાગે છે કે કશું જ જાણતો નથી.'

દોના રેનહિલ્ડે એનામાં આત્મવિશ્વાસ જગાવવા પ્રયત્ન કર્યો.

'ચિંતા નહીં, તીઓ ! તું કશી ચિંતા કરીશ નહીં, તારે કલાકૃતિનું નિર્માણ કરવાનું છે. એટલે તારું મન સ્વસ્થ રાખજે. આપણે થોડી માટી ખરીદીશું અને તું નમૂના બનાવવા

માંડજે. તારા હાથમાંથી પ્રાણવંતી કલાનું નિર્માણ થતું જોઈ, તું જ આનંદથી પુલકિત થઈ ઊઠશે.

'હં. હં.'

દેના રેનહિલ્ડ બીજે દિવસે થોડી માટી ખરીદી લાવી. અને તીમોતીઓ મોરાગોના ય જુઆરુશોએ શિલ્પના નમૂના બનાવવા માંડ્યા. સૌથી પહેલું બનાવ્યું તે કશુંક પાંઉના ટુકડા જેવું લાગતું હતું. દોના રેનહિલ્ડે એને શીર્ષક આપ્યું. 'લઘરવઘર વેશવાળી છોકરી; દોના રેનહિલ્ડનું કામ તીમોતીઓના શિલ્પને નામ આપવાનું હતું. તીમોતીઓ જેવું આવડે તેવું બનાવતો અને રેનહિલ્ડ એને નામથી સંસ્કારતી.

રોન્ડા એવન્યુ પાછળ આવેલી માકર્વીસ દ ઝાફ્રાસ્ટ્રીટમાં એક કાતરિયામાં દોના રેનહિલ્ડ અને તીમોતીઓ રહેતાં હતાં. તીમોતીઓને શિલ્પ બનાવતાં બનાવતાં એ વ્યવસાય ગમ્યો. અને છેલ્લે પોતાની શિલ્પકૃતિઓ પણ એને ગમવા લાગી. માણસ શાનાથી ટેવાઈ નથી જતો ? લગ્ન પછી દોના રેનહિલ્ડના અત્યંત ક્રોધી સ્વભાવ છતો થયો જ્યારે જ્યારે તીમોતીઓ ખંતથી કામ કરતો નહીં ત્યારે એને એ બરાબર પરખાવી દેતી. એક દિવસ તીમોતીઓમાં નવું સર્જન કરવાનો ઉત્સાહ નહોતો અને દોના રેનહિલ્ડ જ્યારે વધારે ઢીંચતી ત્યારે એનો મિજાજ ગુમાવી બેસતી. આથી એણે તે દિવસે ચીનાઈ માટીનું નહાવાનું નાનું ટબ છૂટું એના પર ફેંક્યું અને કપાળમાં અને લમણા પર ઘા થયા. ટબના ચૂરેચૂરા થતા જોઈને તીમોતીઓને બહુ દુઃખ થયું. સેનિટોસ બ્રાન્ડનું ૧૯૨૯ના મૉડેલવાળું આવું સુંદર ટબ એણે ચોરબજારમાંથી બહુ સસ્તામાં ખરીદ્યું હતું. અને માટી સુકાઈને તડ ન પડે તેથી ભીની રાખવા માટેના કકડા પલાળવામાં એને તે વાપરતો હતો.

આ ટબની વાત આડોશપડોશમાં પ્રસરી અને બધા આ સ્વીડથી બીને વર્તવા લાગ્યા.

'જોયું ને બૈરી તે આનું નામ. એને છંછેડીએ તો જાનથી ગયા.' દોના રેનહિલ્ડ અને તીમોતીઓ પોતાનાં એકે શિલ્પ વેચી શક્યાં નહીં, તેથી જીવનનિર્વાહ માટે થોડા પેટાભાડૂતો એમને રાખવા પડ્યા. એમને રસોડાની અલાયદી સગવડ કરી આપી, અગાશીમાં મશરૂમ પણ ઉગાડવા લાગ્યાં. પેટાભાડઊત રાખવાનો તુક્કો તીમોતીઓને આવેલો; ને મશરૂમ ઉગાડવાનું દોના રેનહિલ્ડને સ્ફુર્યું હતું. રેનહિલ્ડ બ્રેવિકેનદ મોરાગોનાની ધારણા પ્રમાણે કાગડાની છત્રીના સો કૂંડાંથી વરસે દિવસે એક હજાર દુરોનો ચોકખો ફાયદો થાય. પત્નીના સૂચનથી તીમોતીઓએ કેટલાંય અઠવાડિયાં કૂંડાં બનાવવામાં કાઢ્યાં. તીમોતીઓનાં કૂંડાંઓ એક કલાકારની કૃતિઓ હતી; પ્રત્યેક ભિન્ન, પ્રત્યેકનું આગવું વ્યક્તિત્વ, પ્રત્યેક જુદી જ ભાતનું. શરૂઆતમાં તો કૂંડાં જોઈએ તેવા નહોતા નીકળતા, પણ છેલ્લે છેલ્લે તો એવા સરસ બન્યાં કે કોઈને એમ જ લાગે જાણે દુકાનમાંથી જ ખરીદીને આણ્યાં હોય.

બહુ વ્યવસ્થિત યોજનાપૂર્વક શરૂ કરેલો મશરૂમનો વેપાર બધી તકેદારી રાખવા છતાં નિષ્ફળ ગયો. એમના એક અદેખા ને કામધંધા વિનાના પેટાભાડૂતે પડોશીઓમાં કહેવા માંડ્યું કે મશરૂમ ઝેરી હોય છે અને તીમોતીઓ અને દોના રેનહિલ્ડની દાનત બધાને

મારી નાખવાની છે. આ મેલી રમત રમનારને દોના રેનહિલ્ડે એક દિવસ પકડયો ને લાત મારીને દાદર પરથી ગબડાવી પાડ્યો. એની પેટી સુધ્ધાં લેવા દીધી નહીં.

'જો મારી પેટી નહીં આપો તો પોલિસમાં ફરિયાદ કરીશ.'

'કાલે જતો હોય તો આજે જા ! અને જો પોલિસમાં ફરિયાદ કરી છે અને પછી જો રસ્તા પર સામે ભટકાયો છે તો તારા ડોળા ખેંચી કાઢીશ.'

એ પેટાભાડૂત ચાલ્યો ગયો અને ફરિયાદ કરી હોય એવું લાગ્યું નહીં, કારણ કે તીમોતીઓને ઘરે કોઈ જડતી લેવા આવ્યું નહીં.

પેટી અને તેમાંની વસ્તુઓ વેચીને દોના રેનહિલ્ડ એ પૈસામાંથી તીમોતીઓ માટે બૂટની જોડી અને ભડક રંગની ટાઇ લાવી.

પછી થોડા પૈસા વધ્યા તેમાંથી પોતાને માટે ત્રણ રંગનું આઇસ્ક્રીમ લીધું - વેનીલા, ચોકલેટ અને કોપરું.

આ બનાવ પછી ઉનાળાની એક બપોરે તીમોતીઓ અને દોના રેનહિલ્ડ બગીચામાં મટીલ્ડા અને પીઓને મળી ગયા. બધાએ સજ્જનની જેમ એકબીજાનું સંસ્કારી અભિવાદન કર્યું !

'કેમ મજામાં ને !'

'હા, બહુ ખુશીમાં, તમે મજામાં ને !'

'હા, અમારું ગાડું ગબડે છે.'

ઘણાં યુગલો દીકરાઓ સાથે કુદરતનું સૌન્દર્ય માણતા અહીંતહીં લટાર મારતા હતા, ત્યાં અનેક જાતના છોકરાઓ હતા, કોઈ તીડ જેવા, તો કોઈ દેડકા જેવા, કોઈ પંખીના મોઢાવાળાં છોકરાઓ, કોઈ વળી ગધેડા જેવા મુંડણ કરેલા છોકરાઓ, ભ્રમરના જેવી ભ્રમરવાળા, મોટા માથાવાળા, નાના ગંદા ને પારદર્શી કાનવાળા છોકરાઓ....

દોના રેનહિલ્ડ અને એનો પતિ અને મટિલ્ડે અને એનો પતિ બધાએ જાણે કશું જ બન્યું નથી એમ ભમવા માંડ્યું.

'વાહ, અહીં તો બહુ ખુશનુમા હવા છે.'

'જરૂર, બહુ ખુશનુમા હવા છે.'

ઘણાં યુગલો છોકરાને બદલે છોકરીઓને અહીં ખુલ્લી હવામાં લાવ્યાં હતાં. છોકરીઓ પણ જાતજાતની હતી. કોઈ લાંબા પગવાળી, કોઈ પોપટની ચાંચ જેવા નાકવાળી, કોઈ થોડી તાલવાળી, કોઈ ત્રાંસી આંખવાળી, કોઈ અપંગ, સુપડિયા કાનવાળી....

ઘણી વાર ચબરાક નાની ભૂખરા વાળવાળી છોકરી સ્વચ્છ કપડાંમાં, અને ગભરુ, શરમાતી, બહાવરી પોતાના પિતાનો હાથ પકડી જતી નજરે પડતી.

તેઓ બાગમાંથી બહાર આવ્યા ત્યારે પીઓએ કહ્યું :

'જો તમે આવતા હો તો ચાલો, આપણે સ્ટેશનને રસ્તે કંઈ પીએ.'

'સરસ' ખુશીથી દોના રેનહિલ્ડે કહ્યું, 'જો મારા પતિને વાંધો ન હોય તો !'

'ના રે ના, મને શા માટે વાંધો હોય? આપણે તો મિત્રો છીએ.'

'જરૂર.' રેડિયો ટેકનિશિયને કહ્યું.

મટિલ્ડેને ઊંડે ઊંડેથી આ વાત ખાસ ગમતી નહોતી.

દોનો રેનહિલ્ડ અને તીમોતીઓના પેટાભાડૂતોનાં પાંચ કુટુંબ હતાં, પાંચ ન્યાતના હતા; કેટલાંક કુટુંબમાં એક જ વ્યક્તિ હતી.

દોના રેનહિલ્ડ અને તીમોતીઓના પેટાભાડૂતો આ પ્રમાણે હતા :

ફેલિયે એગ્વીએ દો દ લા હોઝ; લશ્કરી દફતરવિભાગનો સાર્જન્ટ હતો અને એની વહુ એસ્પેરાન્સીતા માર્તીને તોલેદાનો બહુ નાની ઉમરની હતી, એમને ત્રણ બાળકો હતાં; ફેલીપીન ૩૦ મહિનાનો, ઓગસ્તિનીન ૧૬ મહિનાનો અને રિકાર્ડીન ચાર મહિનાનો. એ યુગલ પાસે ચાર્લી નામનું કેનેરી પંખી હતું. એક કાચબો હતો. એનું એ લોકોએ કશું નામ પાડ્યું નહોતું. ગાડીની જેમ સહેજ સહેજમાં સીટી વગાડતું એક પ્રેશરકૂકર હતું.

માદામ જીતેત દુર્યો દ લા બ્રુનેતીઅર દ લા ફરેલેરોયલ અભિમાની દેશભક્ત, ઉમરાવ કુટુંબમાંની, રાજભક્ત હતી, આજકાલ નબળા દિવસો હતા. એની પાસે એક હેટ અને જૂના સમયની ઘણીબધી છબીઓ હતી. દરેક છબીમાં અર્પણ લખેલાં હતાં. એમાંના કોઈ તો ખૂબ લાંબાં હતાં પણ એ ફ્રેન્ચમાં લખેલાં હતાં તેથી ભાગ્યે જ કોઈ વાંચી શકે.

સીનોરા ઓરેલીઆના હાર્નાન્ડેઝ એક્સ્પોસીટો આખો દિવસ અંકોડીની કોર બનાવતી અને નાના વેપારીઓને વારને ભાવે વેચતી. નજીવી કિંમતનાં પહેરેલાં કપડાં સિવાય એની પાસે કશું જ નહોતું. દેવળના ઉંદર જેવી એ બિચારી ગરીબ હતી. આ મુફલિસ પાસે એક પણ પાઈ ન હોવાથી એકે ઓરડો એને નહોતો મળ્યો. એ હોલમાં જૂની સાદડી પર સૂઈ રહેતી અને બધા ઊઠે તે પહેલાં તેને સંભાળીને વીંટીને ઊંચી મૂકતી. અહીં આ નાની જગ્યામાં રહેવા માટે સીનોરા લશ્કરમાં મળતા મુલાયમ અને તાજા પાંઉ આપીને ભાડું ચૂકવતી એ પાંઉ ક્યાંથી આવતું તે કોઈ જાણતું નહીં.

પીલી માર્ટીન નામની સમૂહગીતમાં ગાનારી છોકરીએ પ્લેટીનમ જેવા વાળ કરાવ્યા હતા. અને એની મા દોના પીલી માર્ટીન પણ એક જમાનામાં વૃન્દગાયિકા હતી અને એના વાળ કુદરતી રંગના હતા. પીલી અને દોના પીલી પાસે બહુ થોડાં કપડાં હતાં અને બે વચ્ચે બે ફરતા હોડા અને હેટ હતાં. ખરી રીતે તો આ બધા દોના પીલીના જૂની સમૃદ્ધિના અવશેષો હતા, પણ તે પીલીને પહેરવા આપતી જેથી પીલી ભભકામાં લાગે, પીલી પાસે ઘરેણાં નહોતાં પણ એને અપાવવાનું વચન આપવામાં આવ્યું હતું. ધીમે ધીમે એ બધાની શરૂઆત તો કરી દેવી જ જોઈએ ને ! એની મા હંમેશાં કહેતી કે રોમ કાંઇ એક દિવસમાં થોડું જ બંધાયું હતું ?

હવે એ ટોળીમાંનો પાંચમો અને છેક છેલ્લો આવનાર નિકાનોર દ પાબ્લોસ સન્તાફે ગેસ કંપનીનો નોકર હતો. મશરૂમના વેપારની ખટપટ અંગે દોના રેનહિલ્ડે લાત મારીને કાઢી મૂકેલા મોદેસ્તો લોપેઝની જગ્યાએ તે આવ્યો હતો. નિકાનોર દ પાબ્લોસને પેટનો

દુખાવો રહેતો અને આંતરડાનો બગાડો અને વાયુ નહીં થાય એટલા માટે આખો દિવસ એ કંઈક કાળી દવા લેતો, એની પાસે માછલીના વાસણમાં એક માછલી, મોંઘી સોગટાબાજી, એને માટેનું પાટિયું; પ્લાસ્ટીકની સળી અને પ્લાસ્ટીકનાં પાસાં હતાં. એનો ઉપયોગ ઘણુંખરું મનને પ્રફુલ્લ રાખવા અને જ્ઞાનતંતુઓનો થાક ઉતારવામાં થતો. છતાં એની પ્રત્યે બીજા પેટાભાડૂતોમાં મૂક, લગભગ ઉઘાડો તિરસ્કાર હતો. ઘણી વાર તે રસોડામાં ભભૂકી ઊઠતો. દોના રેનહિલ્ડ પેટાભાડૂતોને લડતા સાંભળતી તો રસોડામાં દોડી જતી અને બધાંને તગેડી મૂકતી. પેટાભાડુતો હારબંધ નીકળી જઈ ઓરડામાં એવા ભરાઈ જતા કે કુદરતી હાજત માટે પણ બહાર આવવાની હિંમત કરી શકતા નહીં. આવે દિવસે તેઓ પોતાની પાસે પાંઉ ને ચીઝ હોય તો તે ખાઈને ચલાવી લેતા.

સાર્જન્ટ ફેલીયે જરા રમૂજી ને આનંદી હતો અને પોતાના સહવાસીઓના જાત જાતનાં નામ પાડતો અને સમય આવ્યે બધાંને એકબીજાનાં નામ કહેતો.

માદામ જીનેટનું નામ ફેંચી, સીનારા ઓરેલીઆનાનું પાવડામુખી; પીલીનું કુમારી યુરોપા, પીલીની માનું રાણીમાતા; નિકાનોરાનું બોલકો; તીમોતીઓનું શિલ્પી અને દોના રેનહિલ્ડનું સ્વીડ. આવાં આવાં એણે નામ પાડ્યાં હતાં. આના પરથી સાર્જન્ટ ફેલીયેની કલ્પનાશક્તિનો ખ્યાલ તમને આવી જશે. માદામ જીનેટ સાર્જન્ટ ફેલીયેને શિયાળ કહેતી.

તીમોતીઓએ મટિલ્ડાને લાત મારી તે પ્રસંગે ભાડૂઆતોએ દોના રેનહિલ્ડની બીકે બને તેટલી પોતાની લાગણી સંતાડી હતી, છતાં રેડિયોટેકનિશિયને જો તીમોતીઓને પેટ પર એના પટાથી ફટકાર્યો હોત તો એમને બહુ ખુશી થાત.

'આ તો બહુ શરમજનક કહેવાય.' એસ્મેરાન્સીટાએ સીનોરા ઓરેલીઆનાને(બન્નેને જરા વધારે બનતું) કહ્યું, 'કોઈને એવો અધિકાર નથી. કોઈ સ્ત્રીને પેટમાં લાત મારે અને વળી પારકી સ્ત્રીને, એ કાંઈ સારા માણસનું લક્ષણ તો નહીં જ કહેવાય ખરું ને !'

'આ તમે મુદ્દાની વાત કહી.' દોના ઓરેલિઆનાએ નીચું જોઈને જવાબ આપ્યો.

જો તીમોતીઓનો કોઈએ પક્ષ લીધો હોય તો તે માદામ જીનેતે દુર્યો દ લા બ્રુનેતેર દ લા ફેલેરોયલે. તે પોતે પણ લલિત કળાની શોખીન હતી. માદામ જીનેતે દુર્યો દ લા બ્રુનેતેર દલા ફેલેરોયલ દોના રેનહિલ્ડ પાસે ગઈ ને ફ્રેંચમાં કહ્યું, 'તમારા પતિએ પડોશની પેલી પંચાતિયણને લાત મારી તેથી મને બહુ આનંદ થયો, માદામ.'

'આભાર, માદામ ઘણો આભાર. તમે મટિલ્ડાને ઓળખતાં હતાં ?'

'ના, ના, હું એને નથી ઓળખતી. પણ મને બહુ આનંદ થાય છે કે તમારા પતિએ પડોશીની પેલી પંચાતિયણને લાત મારી.

તીમોતીઓ મોરાગોનાય જુઆરુશોએ થોડું કામ કર્યું પછી એસોસીએટસ ઓફ એબ્સ્ટ્રેક્ટ આર્ટમાં (A.A.A) પ્રદર્શન ભર્યું.

(A.A.A) ની સંસ્થા કલામય અભિવ્યક્તિના નવા પ્રવાહોને ઉત્તેજન આપતી. અને આધ્યાત્મિકતાના સર્વોચ્ચ સંદેશની વાહક એવી છતાં ઉપેક્ષિત પરંપરાગત કલાના સહુથી

વધુ રસપ્રદ અંશેનો ઉદ્ધાર કરવાની નેમ રાખતી. આવું એના પરિપત્રમાં છપાયું હતું. અને અંત્યેષ્ટિ ક્રિયા માટે ફાળો ઉઘરાવવાના વિનંતિ કરતા ફરફરિયાની જેમ કેટલાક ઉત્સાહી કલાકારો અને આવી ઉન્નત પ્રવૃત્તિમાં મહત્ત્વનો ફાળો આપી ચૂકેલા જુવાન કલાકારો ઘેર ઘેર જઈને એ ફરફરિયાં વહેંચતા હતા.

તીમોતીઓ મોરાગોનાની પ્રદર્શનમાં મૂકેલી શિલ્પકૃતિઓની સૂચિમાં ક્યાંય કશા આછકલાવેડા નહોતા. બધું વિષયના ગૌરવને છાજે તેવું હતું. એ સૂચિ 'બ્રીસ્ટોલ બોર્ડ' પર છાપેલી ચાર પાનાંની સૂચિ હતી. પહેલે પાને વચમાં એની એક કૃતિનું ચિત્ર હતું. એની ઉપર લખ્યું હતું. 'તીમોતીઓ મોરાગોના ય જુઆરુશો, ૧૫ શિલ્પ' અને એની નીચે લખ્યું હતું :(A.A.A) ૧૫મું પ્રદર્શન ૨૦ નવેમ્બરથી ૧૫ ડિસેમ્બર'

બીજા પાના પર કોઈ વિવેચકે પરિચય કરાવ્યો હતો પણ એ લખાણ ઢંગધડા વિનાનું અર્થહીન હતું તેથી આપણે એ નહીં ઉતારીએ.

ત્રીજા પાના પર સૂચિ શરૂ થતી હતી. પહેલાં એમાં મોટા અક્ષરે લખ્યું 'સૂચિપત્ર' અને પછી હારબંધ એની કૃતિઓની નામાવલિ આપી હતી. ૧.લઘરવઘરવેશવાળી બાળા. ૨. સ્નાનવેશમાં બાળા. ૩.સાંધ્યવેશભૂષામાં બાળા. ૪. માતાત્વ.૫. પિતૃત્વ. ૬. હરણ. ૭.એક સ્મારકનુમ રેખાંકન. ૮. ચક્રક્ષેપક. ૯. મૃત્યુની વેદનામાં આખલો. ૧૦ થી ૧૫ આકારો.

ચોથા પાના પર A.A.A નવી જ ઢબથી લખેલું હતું; એ આવું લાગતું હતું.

પ્રદર્શનનાં ઉદ્ઘાટન પહેલાં તીમોતીઓ મોરાગોનાય જુઆરુશોને દોના રેનહિલ્ડ અને બીજા અનેક મિત્રો તરફથી પ્રોત્સાહન મળ્યું.

'કલાકાર તરીકેની તારી કારકિર્દીમાં આ એક મહત્ત્વનું સોપાન છે, તીઓ !' દોના રેનહિલ્ડે એને કહ્યું, 'એક નિર્ણાયક સોપાન.'

'હં, હં.'

એના મિત્રોએ પણ ઉત્તેજન આપવા માંડ્યું. 'ક્ષયિષ્ણુ કલાના આ લેખકોને આ પાઠરૂપ થશે. તમે જો જો તો ખરા. વિવેચકોમાં આ પ્રદર્શન મહાન સફળતા પામશે.'

'અને લોકોમાં પણ,' ગોળમટોળ ચહેરાવાળા એક યુવકે આનો વિરોધ કરતાં કહ્યું.

'લોકોની વાત તો કોણ જાણે લોકોની રસવૃત્તિને ધીમેધીમે કેળવવી પડે પણ વિવેચકો - મારું માનો તો વિવેચકોમાં પ્રચંડ ફતેહ મળશે.'

'અને લોકોમાં. અને લોકોમાં સુધ્ધાં, લોકો કાંઈ વિવેચકોમાં બહુ દૂર નથી રહી જતા.'

'જી ના - લોકો કાંઈ વિવેચકોનાં મંતવ્યો વાંચતા નથી. મોરાગોનાનું પ્રદર્શન વિવેચકોમાં સફળ થશે પણ લોકોમાં નહીં. એને કદાચ થોડી વાર પણ લાગે. મોરાગોનાના શુદ્ધ આકારનાં શિલ્પો તો બહુ થોડા અધિકારીઓ જ માણી શકશે.'

'પણ હું તો માનું જ છું કે મોરાગોના લોકોમાં પણ મહાન ફતેહ મેળવશે.'

'જી ના ! કેવળ વિવેચકોમાં.'

'અને લોકોમાં.'

'વિવેચકોમાં.'

'લોકોમાં.'

'ના,'

'હા.'

તીમોતીઓ મોરાગોનાય જુઆરુશોએ આ ધાંધલ શમાવવાનો પ્રયત્ન કર્યો. તીમોતીઓ મોરાગોનાય જુઆરુશોમાં મુત્સદ્દીગીરીનો અંશ નહોતો પણ તે દિવસે કંઈ એનું નસીબ જોર કરતું હતું.

'ચાલો હવે ! આપણે ચર્ચા નથી કરવી. હમણાં જ આપણને ખબર પડશે....'

તીમોતીઓ મોરાગોનાય જુઆરુશો ગભરાટીઓ ને બીકણ હતો. દોના રેનહિલ્ડે એને થોડી ફોસ્ફરસની ટીકડી આપેલી પણ એની કંઈ ધારી અસર થઈ નહીં.

લશ્કરી દફતરનો સાર્જન્ટ ફેલીયે એવીએદો દ લાહોઝઅવેતન વકતા હતો. એને ઉપલા વર્ગના લોકો સાથે સંબંધ હોવાથી રેડિયો ટેકનિશિયન પીઓની મદદ અને ઉત્સાહભરી ભલામણથી 'હોલીડે ઓન ધ એર'માં એને પાઠ મળ્યો હતો. ઉદ્‌ઘોષકના કહેવા પ્રમાણે પાર્ડીનાઝ થિયેટરમાંથી સ્પેઈનમાં ઘરે ઘરે તેનું પ્રસારણ કરવામાં આવ્યું હતું.

ફેલીયે ઓવીએદો દ લા હોઝની એ કાર્યક્રમના એક પાત્ર તરીકે જાહેરાત થઈ ત્યારે એનું ચસકી જશે કે શું તેવી એને બીક લાગી. ઘણા દિવસ તેણે સિગરેટ વિના ચલાવ્યું અને ઈંડાની સફેદીથી કોગળા કર્યા. સિગરેટ વિના તો બરાબર ચાલ્યું. જાણે સહેજ ગભરાટ થતો પણ આ કોગળાથી બહુ ઉલાળા આવતા ને ઊલટી થતી.

કહી દઉં, શું આપશો ?

હ્યુબર્ટ સેલ્બી

શરૂઆતમાં એના વક્ષ:સ્થળનો વિચાર તેને આવ્યો નો'તો. માત્ર એ કેટલી સુંદર છે એ પ્રત્યે જ એનું ધ્યાન દોરાયેલું. સાજશણગાર કર્યા વિનાની યુવતી નજરે પડે એ સામાન્ય ઘટના ન કહેવાય. અઢારેક વર્ષથી વધારે એની ઉંમર લાગતી હતી. નોકરી પરથી છૂટીને ભૂગર્ભ રેલવે સ્ટેશન પર રાહ જોતો તે ઊભો હતો. અને એ થોડે દૂર એની બહેનપણીઓ સાથે ટોળામાં ઊભી હતી. કાળો કોટ અને કાળો રૂમાલ તેના શરીર પર હતાં. તેનો વર્ણ ખૂબ ઊજળો હતો, આંખો ઘેરી અને તેજસ્વી હતી. એને તેણે જોયા જ કરી. ટ્રેનમાં તે એમની પાસે ઊભો રહ્યો અને તેને ઊતરવાના સ્ટેશન પર એ બધા ઊતરી ગયા. એનું આશ્ચર્ય તેને થયું. ધીમે ધીમે તે ચાલવા લાગ્યો. તેમની વાતચીત સાંભળવાનો પ્રયત્ન કર્યો, પણ માત્ર યુવતીનું નામ - મેરી જ સ્પષ્ટપણે સંભળાયું. સ્ટેશનથી થોડેક આગળથી મિત્રોથી એ વિખૂટી પડી અને રસ્તા પર ચાલી નીકળી અને તે નીકળ્યો ઘર તરફ.

ટ્રેન માટે તે જે મુકરર જગ્યાએ ઊભા રહીને રાહ જોતો હતો ત્યાં બીજે દિવસે તેણે એને જોઈ. ફરી એની પાસે તે ઊભો રહ્યો. આંખનો રંગ કયો છે તે જોવાનો પ્રયત્ન કર્યો પણ તે જોઈ ન શક્યો (ટગર ટગર તાક્યા વિના તો નહીં જ.) ફરી એને શણગાર વિનાની જોઈને આશ્ચર્ય થયું, એની સુન્દરતાનું આશ્ચર્ય થયું. આંખ આંજી નાખે એવી સુન્દરતા નહિ પણ સ્વસ્થ, ગંભીર, સ્વાભાવિક સુન્દરતા.... અને છતાંય ઉત્તેજક સુન્દરતા! વધારે પડતું ધ્યાન ખેંચ્યા વિના એણે બને તેટલી ડોક ફેરવી લીધી અને ત્રાંસી આંખે એને જોયા કરી. એ બધા ડેકાલ્બ એવન્યૂ પર ઊતરી પડયા. એની અને એની મિત્રોની પાછળ પાછળ એનો થોડો ઉઘાડો પગ જોઈ શકાય એટલા માટે દાદર પર ધીમે ધીમે તે ચઢવા માંડ્યો, પણ એણે કોટ ભીડીને વીંટાળેલો હતો અને એ પગથિયાં ચઢતાં હાંફતી, પાછળ પડી જતી હતી એટલે એના ઘૂંટણનો નીચલો ભાગ જ તે જોઈ શક્યો. એટલો ભાગ પણ આકર્ષક હતો. સ્લીપર જેવા સપાટ બૂટ પહેર્યા છતાં પણ આકર્ષક, બહાર

ડબ્બાના દરવાજા તરફ એ વળી અને તેને જવાનું હતું એ દિશાથી જુદી દિશામાં ગઈ અને સહેજ તે ઊભો રહ્યો - ટ્રાફિક લાઇટ લીલી થઈ અને એ પોતાની મિત્રો સાથે રસ્તો ઓળંગીને જતી રહી ત્યાં સુધી એને જોયા કરી. એ રાતે પ્લેટફોર્મ પર એ દેખાઈ નહીં. આમતેમ જોયું. તેણે નક્કી કર્યું કે બીજી ટ્રેન આવે ત્યાં સુધી રાહ જોઈ શકાશે, બીજી ટ્રેન ખાલી પણ હોય. પણ ટ્રેન આવી ત્યારે ત્રણ-ચાર જણ સહેલાઈથી ચઢી શકે એટલી જગ્યા હતી. ટ્રેન થોડી વાર ઊભી પણ રહી. દરવાજા પણ ખુલ્લા રહ્યા, પછી તેનું મન ડંખવા લાગ્યું. જગ્યા હોવા છતાં આમ ઊભા રહીને તે બીજાઓનું ધ્યાન ખેંચશે અને ધારો કે કોઈ ઓળખીતો એમ રાહ જોવાનું કારણ પૂછે અથવા પોલિસ આવીને તપાસ કરે તો શો જવાબ આપવો, ટ્રેનમાં જગ્યા હતી એવું કહેનારા મળી આવે - એટલે તરત જ અંદર પ્રવેશ્યો અને દરવાજો વસાઈ ગયો.

એ રાતે જમ્યા પછી પલંગ પર તે આડો પડ્યો અને સભાનપણે મેરીનું ચિત્ર ખડું કરવા પ્રયત્ન કર્યો. પણ માત્ર ઝાંખી આકૃતિ જ તે જોઈ શક્યો. એની પત્નીનો અવાજ એ ચિત્રને પૂરેપૂરું સ્પષ્ટ બનવા દેતો ન હતો. તેણે પ્રયત્ન મૂકી દીધો અને પલંગ પરથી તે ઊભો થયો ને રસોડામાં ગયો અને રકાબીઓ ધોવામાં પત્નીને મદદ કરી. તેની પત્નીને આશ્ચર્ય થયું પણ તે કંઈ બોલી નહીં. તેણે કહ્યું દસેક વાગે હું ઊંઘી જઈશ કારણ કે ઓફિસમાં વધારાના કામને લીધે થાકી ગયો છું, જ્યારે એની પત્નીએ કહ્યું ના, હું હમણાં ઊંઘ નથી આવતી, પહેલાં અસ્ત્રી કરવી છે. ત્યારે તેને નિરાંત વળી. તે પથારીમાં સૂતો અને તરત મેરીનો વિચાર કર્યો, સરસ ચુસ્ત કપડાં અને ઘેરા રંગનાં લાંબાં મોજાં પહેરેલી મેરીની કલ્પના તેણે કરી પણ એ ચિત્ર અસ્પષ્ટ જ રહ્યું. તેણે એને ઓવરકોટ પહેર્યા વિનાની અને માથે સ્કાર્ફ વીંટાળ્યા વિનાની જોઈ જ ન હતી. એની કાયા કેવી દેખાતી હશે એના વાસ્તવમાં તો તેને કશો ખ્યાલ હતો જ નહી, માત્ર એના પગ, ચહેરો જોઈને જે અંદાજ બંધાયો હોય તે જ. અને તે દેખાવમાં જાડી ન હતી પણ એ બરાબર કોના જેવી દેખાતી હતી તેનું તેને ભાન ન હતું. એની કેરીઓ કેવી હશે ? કદાચ તે સપાટ છાતીની પણ હોય....ઓવરકોટ સાથે આ બધાનો ખ્યાલ ન આવી શકે. છતાંય એવું ના નહીં જ હોય. ચોક્કસ સુંદર, ભરાવદાર અને ઉન્નત ચોક્કસ...એ ધરાવતી જ....

બીજે દિવસે સવારે સહેજ ઉતાવળે તેણે નાસ્તો કર્યો જેથી કરીને મેરી દરરોજ જે ટ્રેન પકડતી હતી તે પકડવા સમયસર સ્ટેશને પહોંચી શકાય, છતાં તે આમ કરીને ઉઘાડો પડી જવા માગતો ન હતો. અને કદાચ તેની પત્ની પૂછપરછ પણ કરે. પ્લેટફોર્મ પર મેરી ઊભી હતી. ટ્રેનમાં તે મેરી અને એની મિત્રોની સાથે દાખલ થઈ ગયો. એની સામે તાકીને જોયા વિના એનો અવાજ સાંભળતાં, ત્રાંસી આંખે એને જોતાં કામકાજ શરૂ કર્યું. આશા રાખી કે સ્કાર્ફને વ્યવસ્થિત કરવા જતા એના કોટનાં બટન ખૂલી જશે, પણ એવું ન બન્યું. એના કોટ તરફ આશા રાખીને જોતાં તેણે એનો ચહેરો જોયો. જમણા ગાલ પર નાના ડાઘ હતા, પણ એનાથી તે અસ્વસ્થ ન થયો. એના આકર્ષણ ને એનાથી હાનિ

પહોંચી ન હતી. અને આખરે હતા તો નાના ડાઘ જ. મોટે ભાગે થોડા સમય માટે રહેશે અને એની ત્વચાને વિકૃત કરે એવું કશું ન હતું. દરરોજ સવારે એ માથું ઓળ્યા વિના જતી હોય તો કેવું સારું એવું જો કે તેણે ઇચ્છ્યું ખરું, છતાં એલિસની સરખામણીમાં ઓળાયેલા માથે તે વધુ સુન્દર લાગતી હતી. ગરમીના દિવસોમાં કદાચ છૂટા વાળ રાખતી હશે પણ એ દિવસો તો હજુ બહુ દૂર છે. પણ ખરેખર તો તેણે આગલા વાળ જ ઓળેલા. પાછલા વાળ છુટ્ટા હતા. વાળ લાંબા, વાંકડિયા અને ખૂબ સુંદર હતા. જો એણે વાળને વધારે કાળા ચમકતા બનાવવા કંઈક ઉમેર્યું હોત તો ઓર નિખાર આવત. પણ જેવા હતા તેવાય સરસ હતા. આ યુવતી માટે તે સહજ જ જિજ્ઞાસુ હતો. પોતાના કરતાં એ દસેક વર્ષ નાની હોવી જોઈએ. માત્ર અસામાન્ય રીતે જ એ આકર્ષક હતી. અરે ભગવાન કોઈ છોકરીની સામે જોઈ શકાય પણ નહીં એ કેવું, અને કોઈ પણ કારણ વિના એ આકર્ષક લાગે તો એમાં ખોટું શું ? એલિસને આમાં કોઈ વાંધો તો ન જ હોય.... ઊતરવાનું સ્થળ આવી ગયું અને તેઓ ઊતર્યા અને ફરી ટ્રાફિક લાઇટ લીલી ન થાય ત્યાં સુધી ઊભા રહીને તે ઓફિસે ગયો.

એ સાંજે એક જ ટ્રેનમાં એઓ પાછા ફર્યા, પણ એમનું કદ કેટલું હશે એ નક્કી કરવું અશક્ય હતું. જે રીતે એ ઊભી રહેતી હતી, કોટને આજુબાજુ વીંટાળતી હતી એને જ કારણે તે જોઈ શકતો ન હતો. કોટ ખૂલી જાય એ જોવા આતુરતાથી તેણે એની સામે તાક્યા કર્યું, એના આગલા વાળ તરફ ધ્યાન પણ આપ્યું નહિ, અને પાછળથી જ્યારે એની વાત પોતાની પત્નીને કરી ત્યારે તેને ખબર પડી કે પીન વિના એના વાળ કેવા દેખાતા હતા એ તો તેણે જોયું જ ન હતું. પ્લેટફોર્મ પર જોયેલી યુવતીનો ઉલ્લેખ એલિશ આગળ અછડતી રીતે જ કર્યો પણ એવી રીતે પોતાની સભાનતા રાખી. એ યુવતી કેટલી રૂપાળી હતી અને વેરવિખેર શણગાર કરવાને બદલે વ્યવસ્થિત રીતે શણગાર કર્યો હોત તો વધુ સારી દેખાત એવો ઉલ્લેખ કર્યા પછી બંને વચ્ચેની વાતચીત બીજા વિષય તરફ વળી ગઈ. એટલે તેને ખાતરી થઈ કે એલિસે ઝાઝું ધ્યાન આપ્યું નથી. તને ખબર છે આ બાળકો કેવી રીતે આ કરે છે અને પછી તેઓ નિશાળની અને એવી વાતો કરવા લાગ્યા અને તેને શાતા વળી. હવે જ્યારે તે મેરીનો વિચાર કરશે ત્યારે પોતાની જાતને અપરાધી નહિ ગણે. અને નહીંતરેય શા માટે તેણે સંકોચ અનુભવવો જોઈએ ? એમા કશું ખરાબ તો નથી.

ચાર દિવસ સુધી દરરોજ તેણે એને જોઈ, બે બે વખત અને પ્લેટફોર્મ પર દેખાય ત્યારથી તે ત્રીજા એવન્યુ આગળ વિખૂટા પડે ત્યાં સુધી તે એને જોયા કરતો...છતાં ય હજુ તેની નજરે ન પડ્યા. અને આ મહિનો જાન્યુઆરીનો હતો. હજુ તો વસંત કેટલી દૂર. હળવા કોટ કોણ જાણે ક્યારે પહેરાશે અને એ ક્યારે ખૂલી પડે, અને માત્ર આછા વસ્ત્ર અને બ્લાઉઝ પહેરવા પડે એવી ગ્રીષ્મને તો કેટલી બધી વાર હતી - અને તેણે તાક્યા જ કર્યું અને તાક્યા જ કર્યું...(કેમ છો ! હું વધારે પડતી છૂટ લઉં છું એવું તો

તમે નહીં જ માનતા હો. કેટલાય વખતથી તમને દરરોજ જોઉં છું અને હું તમારી સામે જોયા જ કરું છું એની ખબર તો તમને પડી જ હશે. આ રીતે ભૂગર્ભ ટ્રેનમાં મળતી યુવતી સાથે વાત કરવી સહેજ અતડું તો લાગે, પણ તમે એટલા તો આકર્ષક છો અને એટલે જ -) ટ્રેન આવી અને ઉતાવળમાં તેઓ ચઢી ગયા. તેણે એની નજીક જવાનો પ્રયત્ન કર્યો પણ ભીડમાંથી તે રસ્તો કરી શક્યો નહિ અને સ્વગત સંવાદ પણ થઈ ન શક્યો; તેમના નિયત સ્થળે ટ્રેન ઊભી રહી અને તે નીચે ઊતર્યો, અને થોડા પાછળ રહીને તેણે જોઈ. એ બધા પ્લેટફોર્મ પર જ્યાં ઊભા હતા ત્યાં જવાનો પ્રયત્ન કર્યો અને તે તેને કહેતો હતો તમે કેટલા સુન્દર છો અને એ સ્મિત ફરકાવવાની તૈયારીમાં જ હતી અને 'તમે સાચું કહો છો, મારી સામે તમે જોયા કરતા હતા એ મેં જોયેલું.' (એના અવાજ અને વર્તાવ પરથી) એ થોડી ફુલાઈ જવાની એવો ખ્યાલ તેને આવી ગયો. પણ તે પોતે ત્યાં પાછો જઈ શકતો ન હતો અને જ્યારે જ્યારે મેરીનો અને પોતાનો વિચાર કરવા જાય ત્યારે તરત જ તેને એલિસની આંખોનો રંગ યાદ આવી જતો. પોતાના મનમાંથી એ વિચાર દૂર કરવાનો પ્રયત્ન કર્યો, પછી હડસેલી નાખવાનો પ્રયત્ન કર્યો પણ તેના હાથને સહેજ પણ અન્તરાય ન નડ્યો. આમ તેમ અમીબા, વિરાટ અમીબાની જેમ તે હાથ પ્રસરી ગયો; એને પકડવાનો, લાત મારવાનો, ઘસડવાનો પ્રયત્ન કર્યો પણ એ માત્ર તરે ગયો, વહ્યે ગયો, લાઇટ બદલાય ત્યાં સુધી એ ખૂણામાં ઊભા રહીને ક્ષણેક માટે આંખો મીંચી દેવાનો પ્રયત્ન કર્યો, પણ વિચાર ચસક્યો જ નહિ. એટલે પોતાના ચિત્તમાંથી એને દૂર કરવાનું છોડી દીધું. અને સભાનપણે પોતાની પત્નીની આંખોનો વિચાર કર્યો અને ધીરે ધીરે એ અદૃશ્ય થઈ ગયો; અને પછી તેણે પત્નીની આંખોને મોટી ને મોટી બનાવીને એમનો રંગ જોવાનો પ્રયત્ન કર્યો પણ એ પ્રયત્ન નિરર્થક નીવડ્યો. એ અશક્ય હતું, પણ ભૂરી હોવી જ જોઈએ. એ આવી રૂપાળી છે. હશે જ. હોવી જ જોઈએ. ભૂરી ભૂરી ભૂરી ! ! ! છતાં તેને ખાતરી થતી ન હતી. પણ એનો કશો વાંધો ન હતો. એવી વસ્તુઓ કેવી તો ભુલાઈ જતી હોય છે તે તમે સારી રીતે જાણો છો. પણ મેરીની આંખો બદામી રંગની છે. ગંભીર, ઘેરો બદામી, અને તે ચળકતી હતી. નહીં ? પણ એ તો વાત જ જુદી. હું એલિસને ચાહું છું. એમાં તમે શંકા કેવી રીતે આણી શકો ? ખરેખર તેની આંખોના રંગની મને ખબર છે. માત્ર આ રીતે હું ઠસાવવાનો પ્રયત્ન કરું છું, એટલે જ હું યાદ કરી શકતો નથી.

કેમ પ્રિયે ? તે ઝૂક્યો અને એલિસના વાળ ચૂમ્યા (એ લીલા છે. વિચિત્ર છે. હું જાણતો હતો) અને પૂછ્યું : શું ખાવાનું કર્યું છે ?

ફરી તે વહેલો સૂવા જતો રહ્યો, તબિયત સારી ન હોવાનું બહાનું કાઢ્યું, થોડી સિગારેટ પીધી અને એનો વિચાર કર્યો. પોતે જો પરણેલો ન હોત તો શું થાત એનું આશ્ચર્ય થયું, એવું ન માનતા ચાર વર્ષના લગ્નજીવન પછી હું સુખી નથી. આ તો એક તુક્કો. વાત કરવા ખાતર કરું છું, મારી પાસે કાર હોત. પણ હું અહીં રહેતોય ન હોત અને એને

જોઈ પણ ન હોત - મારે નવેસરથી આરંભ કરવો પડત. હું અહી રહું છું - સિગારેટ મોંમાંથી બહાર કાઢી અને એના વિચારોને વિકૃત કરી નાખતી આ બધી નિરર્થક વાતો દૂર હડસેલીને પડખાભેર થયો. તે કુંવારો હતો અને ફોર્ટ હેમિલ્ટન પાસે પોતાનો ફ્લેટ હતો, સરસ રેડિયો કમ ફોનોગ્રાફ પણ હતો, ઢંકાયેલી લાઇટો, દારૂની થોડી સારી બાટલીઓ પણ હતી. ઓફિસમાંથી જ એનો પરિચય તેને થયેલો. તેઓ બહાર નીકળ્યા અને રાતે થોડો દારૂ પીવા ફ્લેટ પર ગયા. કદાચ તેઓ કાસીનો કે ટાપુ પર ક્યાંક બીજે પણ ગયા હોય - એણે રેડિયો વગાડ્યો, હળવું સંગીત વગાડ્યું. અને જ્યારે તેણે એને ગ્લાસ આપ્યો ત્યારે એનો હાથ પકડી લીધો અને ચુમ્બન કર્યું અને ધીમે ધીમે એનાં વસ્ત્ર ઉતારવા માંડ્યાં અને એ શરમાઈ ગઈ. સહેજ લાલાશ ચહેરા પર છવાઈ ગઈ અને તેણે એને ચુમ્બન કર્યું અને એને ખાતરી કરાવી અને કહ્યું, હું તને ચાહું છું અને એણે તેને આલિંગન દીધું, ઉત્કટતાથી ચુમ્બન કર્યું અને તે હળવેથી એને શયનખંડમાં દોરી ગયો અને બંને સૂતા અને પોતાની આંગળીઓનાં ટેરવાંને એના પગના લાંબાં મોજાંનો સ્પર્શ થયો અને થોડી વાર મોજાંની સાથે રમત કરી, પછી સાથળની સુંવાળપ સાથે થોડી છેડતી કરી અને એણે સિત્કાર સાથે પાસું બદલ્યું અને ટ્રેન આવી અને તેણે હાથ ઊંચો કર્યો, ટ્રેન પર ઉગામ્યો અને ઢગલાબંધ મોટરવાળાઓને મારવા પ્રયત્ન કર્યો પણ ઓરડામાં અને આખી પથારીમાં ખાલી ફરી વળ્યો અને એને તેણે પકડી રાખીને બબડ્યો. હજુ પણ ટ્રેનને ધકેલવાનો અને આજુબાજુ ચાલતા નાલાયક લોકોને ધકેલવાનો પ્રયત્ન કરતો હતો..... ઓત્તારું ભલું થાય ! તેણે બારણું પછાડ્યું ! ફરી ફરી, એની પાસે પાછો દોડતો જાય અને ચૂમે અને ફરી બારણું પછાડે : હું તને ચાહું છું, હું તને ચાહું છું, ઉત્તેજનાપૂર્વક એના બ્લાઉઝના બટન ખોલવા મથ્યો અને એક મોટી ટ્રેઇલરવાળી ટ્રક ત્યાંથી પસાર થઈ અને તે બ્લાઉઝ ઉતારી નાખવા ઝૂઝ્યો અને એલિસે તેને પૂછ્યું : ઠીક તો છે ને ? તમે આમ ફરો છો તેમ ફરો છો પ્રિય. શરીરે તો અસુખ નથી જ ને ? અને તેણે પડખું બદલ્યું અને કંઈક અસ્પષ્ટ તે બોલ્યો અને બીજી સિગારેટ સળગાવી અને એણે કપડાં બદલતાં બદલતાં વાતો કરવાનું ચાલુ રાખ્યું અને તેણે ડોકું ધુણાવ્યું અને કંઈક બબડયો અને સિગારેટ પીવા માંડી. ગમે તેમ બકી દેવાયું નહીં હોય એમ તેણે માની લીધું અને તે એલિસને ચાહતો ન હતો. 'ભલે...પણ એ ખરેખર ખોટું નહોતું, જેમને પત્ની સિવાયની મિત્રો હોય છે એમના જેવો તેનો કિસ્સો નહોતો. આ તો તદ્દન જુદી જ ઘટના છે. એલિસને હું કદી બેવફા નીવડ્યો નથી. મેં એલિસને એના વિશે પણ કહ્યું છે. હા, પ્રિય, હું કરીશ. તેણે બારણું વાસી દીધું. તે ઊભી થઈ અને દોરી ખેંચી અને ઓરડો ફરી અંધારો થઈ ગયો અને તેણે સિગારેટ ઓલવી કાઢી અને પોતાના ચિત્તને તદ્દન ખાલી રાખવાનો પ્રયત્ન કર્યો. એના વિશે વિચાર કરતાં કરતાં સૂઈ જવાની તેને ઇચ્છા ન થઈ અને કદાચ ઊંઘમાં જ કંઈક બોલાઈ જાય એનો વિચાર તે ચિત્તમાંથી ખસેડી શક્યો નહીં અને કંઈક બનવા કંઈક સાંભળવા માટે તે જાગતો રહ્યો અને જ્યારે ત્રણચાર વાગે તે જાગ્યો ત્યારે એટલો

ઉત્તેજિત થઈ ગયેલો કે તેણે એલિસને ઉઠાડવાનો પ્રયત્ન કર્યો પણ હળવેથી સ્પર્શ કર્યા પછી જ્યારે એલિસ જાગી નહીં ત્યારે ઉઠાડવાનું છોડી દીધું. તેને બીક લાગી કે ઉત્તેજનામાં અને ઊંઘમાં કંઈક બોલાઈ જશે એટલે તેણે બીજી સિગારેટ સળગાવી અને કામકાજ અંગેના અને બીજા વિચાર કરવા માંડ્યો. ગમે તેનો વિચાર જ્યાં સુધી તે સ્વસ્થ થયો નહીં ત્યાં સુધી કર્યે ગયો, પછી સિગારેટ બુઝાવી કાઢી અને છેવટે ઊંઘી ગયો.

સવારે એ થાકી ગયો હતો અને તેણે એલિસને કહ્યું, ઓફિસે ફોન કરીને જણાવી દે કે હું આવવાનો નથી, માંરી તબિયત ઠીક નથી. તેણે એને કહ્યું મને લાગે છે કે વાઇરસ મારામાં પ્રવેશ્યો છે. માંદા પડવાને બદલે એકાદ બે દિવસ રજા પર રહેવું વધારે સારૂં. એ આખો દિવસ તે પથારીમાં પડ્યો રહ્યો. બીજે દિવસે શુક્રવારે પણ પડી રહ્યો અને અઠવાડિયું પૂરું થતાં સુધી પડી રહ્યો. તબિયત ઠીક છે એમ તેણે સોમવારે જહ્યું. એલિસે સૂચવ્યું ભીડમાં જવાને બદલે એકાદ કલાક મોડા જાઓ પણ તેણે ‘એમ તે હોય, એવી કશી જરૂર નથી. હું નિયત સમયે જ જઈશ,’ એલિસ તેની ઉતાવળ જોઈને ચકિત થઈ ગઈ અને એકાદ પળ એની સામે તેણે જોયા જ કર્યું, પછી જ્યારે તેણે આંખો ઢાળી દીધી ત્યારે ટેબલ ગોઠવવા માંડી.

સ્ટેશન પર ઉતાવળે તે ગયો અને જ્યાં સુધી પ્લેટફોર્મ પર મેરીને ન જોઈ ત્યાં સુધી ઝડપ ઘટાડી જ નહીં, મેરીની બાજુમાં કેટલાંય અઠવાડિયાં પછી જાણે તે ઊભો છે એવું લાગ્યું અને તેની ખાતરી હતી કે તેની આવી ગેરહાજરી મેરીના ખ્યાલમાં પણ આવી ગઈ હશે અને કદાચ એ તેની સાથે વાત પણ કરવા માગતી હશે. એની સાથેવાત કરવામાં હવે કોઈ નુકસાન થવાનું નથી - ટ્રેન આવી અને આજે ચિક્કાર હતી અને તે અંદર જવા રસ્તો કરવા લાગ્યો અને મેરી અને તેની મિત્રો અંદર દાખલ થયાં અને એક યુવતીના ખભે વાગ્યું અને તેઓ મુસીબતથી સિત્કારી ઊઠી અને તે હસ્યો. બોલવાની અણી પર હતો પણ તરત જ શબ્દો ગળી ગયો — હા,હા ખરેખર, એલિસની આંખો લીલી છે અને તેના વાળ પણ જુદી રીતે કાપેલા છે. બીજા સ્ટેશને વધારે લોકો ચડ્યા અને તેને એની સાથે ભીંસાઈને ઊભા રહેવું પડ્યું અને તેણે વિચાર્યું એના વક્ષઃસ્થળને હાથ લગાડવો બહુ સરળ છે, પછી હાથ જરા નીચે લઈ જવાશે અને ફરી જ્યારે આંચકો વાગશે ત્યારે તેનો હાથ એની સાથળને ચાંપી શકાશે અને તેણે જોયા કર્યું પણ તે કશું જોઈ ન શક્યો. વિશ્વાસ ન આવે પણ હજુ તે જોઈ શક્યો ન હતો. ભરાવદાર હશે કે નહીં તે હજુ જાણી શક્યો ન હતો. એ બહુ મહત્ત્વનું ન હતું. માત્ર કુતીહલ ના, ના. એવું કશું નથી. મૂરખ ન બન. હું એવું નહીં કરું. જો કે એમ કરવું બહુ સરળ છે. આવી ભીડમાં તો ખાસ. આકસ્મિક જ લાગે, પણ માત્ર એટલું જ જોઈ શકું કે કેટલા ભરાવદાર એટલે કે.......

એ જાણવા માટે કોઈ માર્ગ મળ્યો નહીં. વસંત અને કદાચ ગ્રીષ્મ સુધી પ્રતીક્ષા કરવી પડશે ? બહુ વિચિત્ર. ભગવાનને ખાતર તે શા માટે કોટ પકડી રાખે છે ! એવી ઠંડી તો પડતી નથી. ભૂગર્ભ ટ્રેનમાં તો કોટ ખુલ્લો કરી શકાય. હૂંફાળુ વાતાવરણ છે. અથવા

જો એ કોટ ફીટોફીટ હોત તો બહારની રેખાઓને આધારે પણ કેરીઓનો અંદાજ આવત. બહુ ભરાવદાર નહી હોવા જોઈએ (એલિસની બાબતમાં કશું અજુગતું નથી. સાવ કૃશ નથી. મેં પહેલાં પણ કહ્યું હતું. મને કંઈ વાંધો નથી. એની સાથે એનો કોઈ સમ્બન્ધ નથી) માત્ર ઉન્નત અને ભરાવદાર હોય તો બસ. એના નિતંબ વિશાળ અને સુન્દર હશે. જો એની કમર પાતળી હોય અને એના ભરાવદાર..... ઊજળા અને સુંવાળા અને જ્યારે તે ચત્તી સૂઈ જાય ત્યારે થોડા બાજુએ પ્રસરી જાય અને એમની કળીઓનો રંગ કદાચ ગુલાબી હશે અને ટ્રેન અને લોકો અને ટ્રકોએ તેને એનાથી દૂર ધકેલ્યો અને તેવો ત્રીજા એવન્યૂ પર છૂટા પડ્યા અને તે એ વિશે વિચારો કરવા લાગ્યો અને રાતે કદાચ ચારથી પાંચ વખત એલિસને ઉઠાડવાનો વિચાર કર્યો પણ તેણે સિગારેટ પીધી. પડખું બદલ્યું અને તેણે સાથળો ભીંસી અને તેનું પેટ દુઃખી આવ્યું અને તેણે જોયા કર્યું જોયા કર્યું અને દરરોજ લાઇટ બદલાય ત્યાં આગળ તેઓ જુદા પડતા અને તે પેલો કોટ પકડી રાખતી અને તે જોયા જ કરતો જોયા જ કરતો પણ કશું જોઈ શક્યો નહીં અને તે ઊંઘી ન શક્યો અને તે હંમેશાં અસ્વસ્થ અને અકળાયેલો રહેતો. અને એલિસને એમ લાગતું કે ઓફિસના કામકાજને લીધે આ અકળામણ હશે અને તે એને જણાવવા માગતી ન હતી કે તે પોતે એની પરિસ્થિતિ અંગે ચિંતાતુર બની છે એટલે તે એ તરફ ધ્યાન ન આપવા મથી અને ખાતી વખતે તે તેની સાથે વાતો કરતી જેથી તેને કંઈક રાહત થાય (પાછળથી તેનું ખાવાનું ઓછું થઈ ગયું અને વજન પણ ઓછું થયું) અને તે હસતી અને કામકાજ અંગેની પૂછપરછ સહજ રીતે કરતી અને તે ઉત્તર આપવાનું ટાળતો. એના પરથી તેને ખાતરી થઈ કે નોકરીને કારણે જ તે અસ્વસ્થ રહે છે. અને પછી પણ તેણે જોયા જ કર્યું જોયા જ ર્ક્યુ અને એલિસને ચિંતા થવા માંડી અને તે વજન ગુમાવતો જ ગયો અને એલિસને તેને ડોકટર પાસે મોકલવાનો વિચાર આવ્યો પન હજુ પોતાનો ભય તે છતો કરતાં ગભરાતી હતી. અને તેને વધારે મૂંઝવવા તે માગતી ન હતી. એટલે જમાડયા પછી સિનેમા જોઈ આવવા તેણે કહ્યું. આજે શુક્રવાર છે અને આજે બે નાની વધારાની ફિલ્મ છે. એક તો બહુ મજાની છે અને વ્હાલા, તું કેટલો મોડે મોડે સુધી કામ કર્યા જ કરે છે. જાને જોઈ આવ. હા, હું ધારું છું કે.... એ શા વિશે વાત કરે છે તેની ખબર પડી નહીં. પણ પૂછતાં તે અચકાયો. સિનેમા જોઈશ તો તને ઠીક રહેશે. તેણ ડોકું ધુણાવ્યું અને હસવા માંડ્યો. પછી ખડખડાટ હસ્યો અને ખુરશી પર નિરાંતે બેઠો અને પગ લાંબા કર્યા અને એલિસ તેના પર ઝૂકી અને તેનો હાથ પકડ્યો અને જરા તેની સામે જોયું અને તેઓ ખડખડાટ હસ્યાં.

અને પછી મેરી ખુરશીઓની વચ્ચેથી પેસેજ પર તેની સામે ઊભી હતી, બાલ્કનીના ભાગને જોતી હતી અને તેની મિત્રોને જોઈને તે હસી અને તેની પાસેથી પસાર થઈ. શરૂઆતમાં તો તેને આશ્ચર્ય થયું પણ પછી થયું કે એ પણ આ સિનેમા જોવા ન આવી શકે એવું ઓછું છે ? ત્યાં એણે કોટનાં બટન ખોલવાનો પ્રયત્ન કર્યો. તે જોવા મથ્યો

પણ જોઈ શક્યો નહીં. માત્ર એટલો ખ્યાલ આવ્યો કે તેણે કાળું સ્વેટર પહેર્યું હતું. અને વાળ ઓળ્યા વિનાના હતા અને થિયેટરના અન્ધકારમાં સરસ દેખાતા હતા, પછી એ જતી રહી હતી. તેની પાછળ ક્યાંક બેઠી હશે. એણે મને જોયો હશે ખરો. તેને અચરજ થયું. એલિસના હાથ પરની વીંટી તેણે જોઈ હશે એવી કલ્પના ન કરતો. જો તે જાણતી હોય તોય કંઈ નહીં. કેટલીક સ્ત્રીઓ પરિણીત પુરુષો તરફ વધારે આકર્ષાય છે.

એલિસની સાથે વાતો કરતાં, હસતાં હસતાં સિનેમા ધ્યાનથી જોવાનો તેણે પ્રયત્ન કર્યો અને ત્યાં બીજી છોકરી સાથે મેરી પસાર થઈ. એ પસાર થઈ ગઈ ત્યાં સુધી તેને ખ્યાલ ન આવ્યો અને એ દાદર ઊતરવા માંડી, પડદા તરફ જોવાનું તેણે ચાલુ રાખ્યું પણ ત્રાંસી આંખે દાદર જોયા કર્યો. શરીર જકડાઈ ગયું હોય એમ તેને લાગ્યું અને સભાનપણે આરામથી બેસવાનો પ્રયત્ન કર્યો. સિનેમા જોયું. દાદર, પંદર મિનિટ વીસ મિનિટ. કદાચ એ જતી રહી હશે, પણ ના એમ તે હોય. એ અહીં જ હશે. અને વળી એ કોટ પહેરીને ગઈ ન હતી એ તેણે બરાબર જોયેલું. તેણે રાહ જોઈ અને રાહ જોયા જ કરી. છેવટે તેણે તેઓનો અવાજ સાંભળ્યો.

અને તેઓ દાદરના ઉપલા પગથિયે આવ્યાં, સહેજ ઊભાં રહ્યાં અને પછી તેની પાસેથી પસાર થઈ ગયાં. ઉપર ગયાં. તેણે જોયું પણ તેની આગળના રેલિંગને લીધે એનું વક્ષસ્થળ જોઈ ન શકાયું અને તેની પાસેથી એ લોકો પસાર થઈ ગયાં. એ આંખો ફાડીને તેણે જોયા જ કર્યું. વિચિત્ર કહેવાય. માની ન શકાય. એ માત્ર જોવા માગતો હતો કે કેટલા ભરાવદાર અને વચ્ચે આ રેલિંગ આવી. દુષ્ટ કેવી રીતે....

કદાચ તેઓ ફરી પાછા આવશે. જો અમે પાછલી હરોળમાં બેઠા હોત તો. એલિસને જગ્યા બદલવા કેવી રીતે કહેવું. મેં જ પગ લંબાવીને બેસી શકાય એટલે અહીં બેસવાનો આગ્રહ કરેલો. હું કંઈક કહી શકું, પણ જવા દો. એને જરા વિચિત્ર લાગશે. તેઓ ફરી આવશે અને પાછા ફરશે ત્યારે કદાચ હું જોઈ શકીશ. એલિસને મારે કહેવું જોઈએ કે જે છોકરીની હું વાત કરતો હતો તે આ જ છે. એણે કદાચ હું આમ તાકતો હતો તે જોયું હશે. ના, નહીં જોયું હોય. એલિસ તો સાવ બાળક જેવી. તેણે એલિસ સામે જોયું અને તે હસ્યો અને જવાબમાં હસી અને પૂછયું ફિલ્મ કેવી લાગી અને એણે કહ્યું સારી. ખૂબ સારી. તે વધુ હસી અને તેનો હાથ એણે પકડ્યો અને મેરી પાછી ત્યાંથી જાય છે કે એ જોવા પાછળ નજર કરી પણ એ લોકો બહુ પાછળ બેઠા હતા. અને તે પૂરેપૂરો પાછળ ન ફરે ત્યાં સુધી પૂરેપૂરું જોઈ શકાય એમ નહોતું. અને એ રીતે જોવા જાય તો ખબર પડી જાય. તે એવો જ બેસી રહ્યો, સિગારેટ પીધી, ફિલ્મ જોઈ અને રાહ જોઈ. તેણે પગલાંનો, બોલવાનો આછો અવાજ સાંભળ્યો અને છોકરીઓ ત્યાંથી પસાર થઈ અને દાદર ઊતરીને નીચે ગઈ અને એમાં મેરી પણ હતી. તે પોતાની બેઠક પર સહેજ ટટાર થઈને બેઠો અને પેસેજ તરફ જોઈ શકાય તે રીતે ડોક ફેરવી અને ડોકું વધારે હલાવ્યા વિના પેસેજનો કેટલો ભાગ જોઈ શકાય છે એ માટે આંખો ફેરવી જોઈ. પડદા પર પણ

નજર રાખી શકાય અને છતાં બને તેટલું વધારે જોઈ શકાય એ રીતે ડોકનો ખૂણો કેટલે અંશે રાખવો એ તેણે ખોળી કાઢ્યું, એ જ દિશામાં ડોક રાખીને તે પડ્યો રહ્યો અને રાહ જોતો રહ્યો. તેની ડોકના સ્નાયુઓ જકડાવા લાગ્યા અને આંખો દુ:ખવા લાગી પણ તે હાલ્યો નહીં. થોડી વાર તેણે આંખો મીંચી દીધી અને પછી ઉઘાડી અને રાહ જોઈ. એ જ્યારે આવશે ત્યારે તેણે ડોક ફેરવવી નહીં પડે અને તે જોઈ શકાશે.

અને ત્યાં એલિસે તેનો હાથ જોરથી ખેંચ્યો અને પોતાના તરફ ખેંચ્યો, 'તું જરા નીચે જઈને મને સિગારેટ લાવી આપે છે ? મારી ખલાસ થઈ ગઈ છે. ક્ષણભર તો તેણે જોયા કર્યું (આટલો બધો વખત રાહ જોઈ અને એ ગમે ત્યારે આવી ચઢે) અને સિગારેટ લાવવાની થઈ એટલે તે એના પર ચિઢાઈ ગયો. આપણે અહીં આવ્યા તે પહેલાં તારે ખાતરી કરી લેવી જોઈતી હતી, પણ પછી તેને થયું કે એ લોકો ટોઇલેટમાં નહીં હોય, આઇસ્ક્રીમની કેબીન આગળ ઊભા હશે, તરત જ તેણે હા પાડી અને આઇસ્ક્રીમની કેબિને પહોંચી ગયો. સોડાના કાઉન્ટર પર તેઓ વાતો કરતી હતી. સિગારેટ ખરીદી તે એક બાજુએ ઊભો રહ્યો અને તેમની સામે જોયું. સુન્દર હતા, ખરેખર. વધારે પડતા ભરાવદાર નહીં પ્રમાણસર. અને એની કમર પણ નાજુક હતી અને જ્યારે એ ફરી ત્યારે તે જોઈ શક્યો કે એ ઉન્નત. ખરેખર ઉન્નત હતા. બ્રેને કારણે ઉન્નત ન હતા. કુદરતી રીતે જ. પણ એ બેસી જવાના નહીં. અને એનું મોં પણ સુન્દર હતું. અરે , શરત મારું એ બચકું જ ભરે. એની સાથળો પણ એટલી સુંવાળી હશે.....

છોકરીઓએ કપ નાખી દીધા અને તેના તરફ આવવા લાગી. તે પાછો ફર્યો અને એકી સાથે બબ્બે પગથિયાં ચઢીને પોતાની બેઠકમાં ફસડાઈ પડ્યો અને પત્નીને સિગારેટ આપી. સ્વસ્થ થવાનો પ્રયત્ન કર્યો અને મૂળ દિશામાં વળી ડોક ગોઠવી. તે બેઠો અને રાહ જોતો રહ્યો અને જ્યારે તેઓ દાદર ચડી ત્યારે નાચતીકૂદતી જોઈ – સહેજસાજ - - અને એ જે સાબુથી નાહી હશે તેની વાસ લઈ શકાય અને તે એને સ્પર્શી શકે એટલી નજીકથી એ પસાર થઈ. તેણે પગ લંબાવ્યા અને સિગરેટ સળગાવી અને કંડકડર સાથે ઝઘડો કર્યો અને ઓરડામાં ટ્રેન ડોરકીપર આવ્યે ગયા પણ તેણે બારણાં બંધ જ રાખી મૂક્યાં અને પડદા પાડેલા રાખ્યા અને તે પથારી પર નિર્વસ્ત્ર હતી અને તેણે એને ચુંબન કર્યું અને તે બેઠકમાં સળવળ્યો, સીધો બેઠો. અને તેણે પગની આંટી મારી અને એકાદ ક્ષણ માટે સ્થિર ને વિચારશૂન્ય થઈ ગયો. પછી એલિસને હાથ વીંટાળ્યો અને તેના કાન સાથે પોતાનું નાક ઘસ્યું. એણે તેની સામે જોયું અને એ હસી. એના ગાલને એણે ચૂમ્યો અને તેની સોડમાં એ ભરાઈ અને તેનો હાથ હાથમાં લઈ લીધો. તેને આનંદિત જોઈને ગુંજવા લાગી અને તેણે એના ગાલનો જે રીતે સ્પર્શ કર્યો એનાથી તે મલકાઈ, આનન્દિત થઈ ઊઠી. એણે તેનો હાથ પોતાના હોઠ સુધી આણ્યો અને તેના ટેરવાંને ચૂમી લીધાં. તેણે મેરીની આજુબાજુ હાથ વીંટાળ્યો, એની ગ્રીવાને ચૂમી અને કહ્યું : ચાલ ઘરે. પણ આપણે બીજી ફિલ્મ તો જોઈ નથી. હા, પણ ચાલ ને જતા રહીએ. મારે તારી સાથે

વાત કરવી છે. તેણે એની ગરદનને ટેરવાંથી સ્પર્શી અને એની આંખો સામે જોયું, હેરી, ના, પ્લીઝ, હમણાં મારાથી કંઈ નહીં થાય એની તને ખબર છે.

તેણે હાથ ખસેડી લીધા અને સહેજ તાક્યા કર્યું. અને પછી પોતાની બેઠક પર ફસડાઈ પડ્યો. ઓ ભગવાન ! હેરી શું થયું ? કંઈ નહીં, જવા દે. કશું નહીં. શા માટે મને જંપવા નથી દેતી....

અનુ. શિરીષ પંચાલ

કાચા તાંતણે

હાઈન્રિખ બ્યોલ

એ બધું જ ઢંગધડા વગરનું છે તેની મને ખબર છે. હવે મારે ત્યાં જવું નહીં જોઈએ; કોઈ અર્થ સરે નહીં અને છતાં ત્યાં જવાનું આકર્ષણ, એ કારણે જ હું જતો હોઉં છું. ચોવીસ કલાકમાં માત્ર એક જ મિનિટ આશાની બાકીની ચૌદસો ઓગણચાલીસ મિનિટો નિરાશાની. આના ઉપર જ હું જીવું છું. આ કશું જ ન કહેવાય. એને મૂડી પણ ન કહી શકાય. હવે મારે ત્યાં જવું નહીં જોઈએ. આ તો મને ગૂંગળાવી નાખે છે, એનું કામ જ આ છે; ઓહ, હું મરી જવાનો પણ મારે જવું જ જોઈએ, જવું જ જોઈએ.....

એ હમેશાં આ જ ટ્રેન પકડતી. તેર વીસની ટ્રેન હમેશાં સમયસર આવી પહોંચતી, બહુ પાસેથી હું ટ્રેનને જોતો. તેઓ મને અંદર લઈ શકતા ન હતા.

હું ત્યાં જઈ ચઢું એટલે તરત જ ઝંડીવાળો માણસ આખીય બીના સમજી જાય. એ જેવો એની કેબિનમાંથી બહાર નીકળે એટલે તરત જ હું એની સામે ઊભો રહી જતો. એની કેબીનમાંથી આવતો ઘંટડીનો અવાજ ક્યારનો કાને પડી જતો. એ મને ઓળખે છે. મારી દયા ખાવાનો દેખાવ કરે, ચહેરા પર થોડી ચિંતા દેખાડે. હા, ઝંડીવાળો ચિંતાતુર દેખાય છે. એકાદ દિવસ એને હું મારી બેસીશ એવું તે કદાચ વિચારતો હોય; ઠીક છે, એકાદ દિવસ મારી બેસીશ. એને મારી જ નાખીશ અને એની લાશને પાટા પર ફેંકી દઈશ ને પછી તેર વીસની ટ્રેન એના પર ફરી વળશે. કારણ કે એના પર મને વિશ્વાસ આવતો નથી. તેની સહાનુભૂતિ સાચી છે કે દંભી તેની મને ખબર નથી; એ મને છેતરતો પણ હોય. જો કે એ જે ચિંતા વ્યકત કરે છે તે સાચી છે અને ચિંતાતુર થવાનું એની પાસે તો કારણ પણ છે : એકાદ દિવસ એની જ લાકડી હું એના માથામાં મારી તો નહિ બેસું ને ? મને એના પર વિશ્વાસ આવતો નથી. કદાચ એ બધાની સાથે ભળી ગયેલો પણ હોય. એની કેબિનમાં ટેલિફોન પણ છે. નહીં ? એણે માત્ર હેન્ડલ જ ઘુમાવીને એ લોકોને બોલાવવાના રહે. આ રેલવેના નોકરો તો બારોબાર ગમે તેની સાથે વાતો કરી શકે.

[illegible] રિસીવર ઉઠાવે, બે એક સ્ટેશન પછીના અગાઉના સ્થળ સાથે વાત કરે અને [illegible] :'એને ઉપાડી જાઓ; એને પકડી લો; એ છોકરીને જવા ન દેતા... શું ?...હા [illegible] રંગના વાળ અને આછા લીલા રંગની હેટ, હા હા એ જ; પકડી રાખો એને '

[illegible] પાછી હસી પડે – 'હા, બેટમજી અહીં આવી પહોંચ્યા છે. જરા ટાઢા પડવા દો [illegible], એને પકડી રાખો.' એ રિસીવર ભરવી દે અને હસે પછી બહાર આવે અને [illegible] એની પાસે જતો જોઈને ચહેરા પર દયાનો ભાવ આણે અને હરહંમેશ પ્રમાણે [illegible] વિના જ મને કહે : 'લેટ આવવાની છે એવા સમાચાર નથી. આજે પણ [illegible] જ આવવાની, સાહેબ.'

[illegible] પર વિશ્વાસ મૂકવો કે કેમ એની ખબર પડતી નથી અને એટલે મારું મગજ [illegible] નથી. જ્યાં પૂંઠ ફેરવે ત્યાં જ તે કદાચ હસતો હશે. એ હમેશા મારી આગળ [illegible] અને જાણે પ્લેટફોર્મ પર કંઈ ને કંઈ કામ કરવાનું હોય એમ વર્તવાનો; આમ [illegible] મારે, પ્લેટફોર્મની ધાર આગળથી લોકોને ભગાડે અને પોતાનું કામકાજ કરે [illegible] કશી જરૂર વરતાતી જ ન હતી, કારણ કે એને આવતો જોઈને લોકો તરત [illegible] જાય. એ માત્ર ઢોંગ કરે છે; જાણે કામગરો તો એ એકલો જ છે; અને આપણી [illegible] મોં ફેરવીને તરત જ કદાચ હસતો હશે. એકાદ દિવસ એની કસોટી કરવાનું [illegible] થયેલું. હું દોડતોકને એની સામે ઊભો રહી ગયો, એની સામે જોયું. મારો વહેમ [illegible] એવું કશું મેં ન જોયું. માત્ર ભય....

[illegible] છતાં મને એના પર વિશ્વાસ નથી આવતો. આપણા જેવા કરતાં આ લોકો [illegible] પર સંયમ વધુ પાળી શકવાના; એ લોકો બધું જ કરી શકે; એમની પાસે શક્તિ, [illegible] જ છે; જ્યારે આપણે - રાહ જોનારાઓ પાસે કશું જ નથી. આપણે તો કાચા [illegible] વાનું. આશાની એક ક્ષણ અને બીજી ક્ષણ વચ્ચે આપણે તો ઝૂલ્યા જ કરવાનું, [illegible] ચાલીસ મિનિટ સુધી કાચા તાંતણે ટકી રહેવાનું, માત્ર એક જ મિનિટ નિરાંતની [illegible] આપણા પર ગજબનો અંકુશ આ લોકો રાખે છે – ઘોરખોદિયાઓ, નાલાયકો, [illegible] એકબીજાની સાથે ટેલિફોન પર ગપસપ કર્યા કરવાના. અને આપણે ફરી પાછા [illegible] ઓગણચાલીસ મિનિટો સુધી જીવ પડીકે બાંધીને બેસવાનું. આ લોકોના હાથમાં [illegible], આ ફલાણા ફલાણા....

[illegible] સહાનુભૂતિ નરી છેતરપિંડી જ છે; હવે મને ખાતરી થઈ ગઈ છે. પૂરેપૂરો [illegible] કર્યા પછી મને લાગે છે કે એ મને છેતરે છે, એ બધા જ મારી સાથે છેતરપિંડી [illegible] એમણે એને પોતાની પાસે રાખી મૂકી છે, એ તો આવવા માગતી હતી એની [illegible] ખબર છે. એણે લખેલું પણ ખરું : 'હું તને ચાહું છું અને તેર વીસની ટ્રેનમાં આવું [illegible] ' [illegible] મહિના અને બરાબર ચાર દિવસ પર તેનો આવો સંદેશો આવેલો. હું તેર [illegible] ની ટ્રેનમાં ત્યાં આવીશ. એને અટકાવી રાખવામાં આવી હશે. એને તેઓ આવવા [illegible] માગતા નથી, આશાની એક મિનિટથી વધારે મને કશું તેઓ પામવા દેવા માગતા

જ નથી. કોઈ આનંદ તેઓ ભોગવવા નહીં દે. એ લોકો અમને મળવા નહીં દે; ત્યાં તેઓ બેસી રહેવાના, હીહી કરશે, ફોન કરશે અને ગંભીર ચહેરે 'ટ્રેન લેટ નથી, સાહેબ' એટલું દરરોજ કહેવાનો આ નાલાયકને પગાર મળે છે. એ મને 'સાહેબ' કહીને બોલાવીને જ મારું અપમાન કરે છે. હું કોઈ સાહેબ નથી. હું તો સાવ ભાંગી ગયેલો, આશાની એક મિનિટ પર જીવનારો માણસ છું. એ સિવાય કંઈ નથી. હું સાહેબ નથી. એનું 'સાહેબ' એની પાસે રાખે, એને માત્ર એ લોકો છોડી દે, અહીં આવતી રહેવા દે તો પછી એમને કૂદી પડવું હોય તોય ભલે. એની સોંપણી મને કરી દેવી જોઈએ. એ મારી છે; અને મને એણે તાર પણ કરેલો; 'હું તને ચાહું છું. તેરવીસે હું ત્યાં આવીશ.' 'ત્યાં' એટલે મારી ઠરાવેલી જગા, ચોક્કસ વળી. તારમાં તો એવું જ લખાય. 'ત્યાં' લખો એટલે વાંચનાર સમજી જ લે. 'તેરવીસે ત્યાં આવીશ....'

આજે હું એને પૂરો કરીશ. ક્રોધનો માર્યો રાતોપીળો થઈ ગયો છું. મારી ધીરજ ખૂટી ગઈ છે, મારામાં શક્તિ પણ રહી નથી. બધું જ ખલાસ થઈ જવાની અણી પર છે. જો આજે એ ભટકાશે તો એનો ફેંસલો જ આણી દેવાનો. બહુ લાંબું આ ચાલ્યું. અને મારી પાસે હવે પૈસા પણ રહ્યા નથી. ટ્રામમાં બેસવાના પણ પૈસા નથી. ફૂટી કોડી પણ રહી નથી. ત્રણ મહિના અને ચાર દિવસ એકઠી કરેલી શક્તિ પર મેં ગાળ્યા. બધું જ વેચી માર્યું, ટેબલકલોથ સુધ્ધાં. આજે કશું જ રહ્યું નથી. મારે ટકી રહેવું પડશે. માત્ર એકાદ વખત જવાના પૈસા છે. પાછા આવવા માટે કંઈ જ નથી. ચાલતા ચાલતા પાછા આવવું પડશે નહીં તર....નહીં તર.....

ગમે તેમ પણ આજે એ નાલાયક ઝંડીવાળો પાટા પર પછડાવાનો અને તેરવીસની ટ્રેન એના પરથી પસાર થઈ જવાની. એનું અસ્તિત્વ ખાતમા – જેવી રીતે આજે તેરવીસે હું ખાતમા થવાનો તેવી રીતે ...નહીંતર...હે ભગવાન !

પાછા વળવા માટે ટિકિટના પૈસા પણ ન હોય એ કેટલું ખરાબ, એ લોકો અડચણો ઊભી કર્યે જ જવાના. એ નાલાયકો એક થઈ જાય છે. આશા, સ્વર્ગ, સવલતો જાણે એમના જ બાપની ! એમના ગજવામાં બધું જ મળે. આપણને તો એની સહેજ ઝાંખી જ કરાવે. આખા દિવસમાં એક મિનિટ જ આપે. ચૌદસો ઓગણચાલીસ મિનિટો સુધી આપણે તડપ્યા જ કરવાનું, આપણે તકની રાહ જોયા જ કરવાની, આપણને કૃત્રિમ આનંદ પણ આપતા નથી, અને એમને તો એ બધાનો ખપ પણ નથી. શા માટે બધું જ પોતાની પાસે લઈ ને બેઠા છે એનું મને આશ્ચર્ય થાય છે. માત્ર પૈસાને ખાતર ? શા માટે આપણને પીવા માટે કશું નથી આપતા ? બીડી- સિગારેટ પણ નહીં. શા માટે આવી નાની સવલતોને આટલી બધી દુર્લભ બનાવી દીધી છે ? માછલી પકડવાના કાંટા પર ઝુલાવતા આપણને રાખે છે; વારંવાર આપણે કાંટા પરનો ખોરાક ગળી જઈએ છીએ, સપાટી પર ફરી ફરી આવવા તરફડિયાં મારીએ છીએ. એક મિનિટ આપણે પ્રકાશ, સૌન્દર્ય, આનન્દનો શ્વાસ લઈએ છીએ અને ફરી ફરી આ સુવ્વર હસે છે,

દોરી ડુબાવી દે છે અને આપણે પાછા અન્ધકારમાં ફસડાઈ પડીએ છીએ.

આપણા માટે બધું બહુ મુશ્કેલ કરી મૂક્યું છે. આજે હું બદલો લઈશ. એ નાલાયક ઝંડીવાળાને, સરકારી વ્યવસ્થાને પાટા પર ફેંકી દઈશ, કદાચ એ લોકો ગભરાઈ જશે. અરે, જો કોઈ ખરેખર એમને ગભરાવી મારે તો કેવું સારું ! પણ તેમની પાસે જવા માટે કોઈ માર્ગ નથી; બધા પર એમનું જ રાજ : રોટી, દારૂ, તમાકુ બધું જ એમનું. એમની પાસે આ બધું જથ્થાબંધ મળે, એને પણ રાખી મૂકી છે. 'તેર ને વીસે ત્યાં આવીશ.' તારીખ લખી જ નથી. એ જ તો મુશ્કેલી છે. એ કદી પણ ચોક્કસ દિવસ તો કહેવાની જ નહીં.

કદાચ મેં એને ચૂમી હોય એવો વિચાર પણ એ લોકો સાંખી નહીં શકવાના. ના, ના, ના, આપણને તો ભોંયભેગા જ કરવાના. ગૂંગળાવી નાખવાની, નિરાશામાં ધકેલી દેવાના, આપણા માટે કોઈ સુખસવલત નહીં રાખવાના, આપણી પાસેથી બધું જ છીનવી લેવાના અને જ્યારે આપણી પાસે કશું જ ન બચે ત્યારે આપણને.....

સુખની મિનિટ સંકોચાઈ રહી છે, ઓહ ! આ તો ભયંકર કહેવાય. છેલ્લા કેટલાક દિવસથી જોઈ રહ્યો છું. મિનિટ પણ સંકોચાઈ રહી છે. કદાચ હવે અર્ધી મિનિટ હશે, કદાચ એથી પણ ઓછી. હવે કેટલી બાકી રહી છે એ મારા હૃદયને પૂછવાની હિંમત પણ હું કરી શકતો નથી. ગમે તે હોય, ગઈકાલ તો આવું મને લાગેલું. શહેરના ભૂખરા આકાશના છેડેથી અત્યાર સુધી જ્યારે કાળી વાંકી વળેલી ટ્રેનને જોતો ત્યારે હું સુખી છું એવું મને લાગતું હતું. હું વિચારતો હતો : 'એ આવી રહી છે. અહીં આવવા માટે છેવટે તેણે પ્રયત્ન કર્યો, તે આવી રહી છે.' જ્યાં સુધી ટ્રેન પ્લેટફોર્મ પર આવીને ઊભી ન રહે ત્યાં સુધી હું આમ વિચાર્યા જ કરતો, લોકો ધીમે ધીમે ઊતરતા, પ્લેટફોર્મ ખાલી થવા માંડે....અને.....કશું જ નહીં...

ના, પછીથી તો આવો વિચાર પણ હું કરતો ન હતો. મારે મારી જાત સાથે તો પ્રામાણિક બનવું જ જોઈએ. જ્યારે આગળ ઊભેલા લોકો ઊતરી જાય અને એમાં એ ન હોય ત્યારે મારી હિંમત ભાંગી પડતી હતી, ખેલ ખલાસ થઈ જતો, સુખની મિનિટ જલદીથી ખલાસ ન થઈ. બહુ મોડે મોડે એ મિનિટ વિખરાવા માંડેલી. દરેકે પ્રામાણિક બનીને હકીકતનો સામનો કરવો જ જોઈએ. હકીકત તો એમ હતી. શહેરના ભૂખરા આકાશની પડછે જ્યારે કાળી ધુમાડા કાઢતી ટ્રેન આવતી દેખાય ત્યારથી સુખની મિનિટ વરતાતી. ગઈ કાલે ટ્રેન ઊભી રહી ગઈ. પૂરેપૂરી ઊભી રહી ગઈ ત્યાર પછી જ મેં આશા બાંધવા માંડી; અને જે ક્ષણે ટ્રેન ઊભી રહી, બારણાં ઊઘડ્યાં.... અને એ ત્યાં ન હતી....હવે ખરેખર અર્ધી મિનિટ પણ રહી હશે ખરી ? પૂરેપૂરા પ્રામાણિક બનીને 'હવે માત્ર એક જ ક્ષણ બાકી છે... અને....ચૌદસો ઓગણચાલીસ મિનિટ અને ઓગણસાઠ ક્ષણ ઘોર અન્ધકારની.....' કહેવાની હિંમત હવે મારામાં રહી નથી.

મારામાં હિંમત નથી; ત્યાં હવે જવાનું સાહસ પણ ભાગ્યે જ હું કરી શકું. આ છેલ્લી

ક્ષણ પણ મારી પાસેથી ઝૂંટવાઈ જાય તે કેટલું ભયંકર ! શું એ લોકો આ પણ ઝૂંટવી લેશે !

કેટલું નજીવું છે આ ! માણસને પણ મર્યાદા હોય છે. સાવ તુચ્છ પ્રાણીઓને પણ જીવવા માટે કશુંક જોઈએ છે. સાવ તુચ્છ પ્રાણીઓને પણ આખા દિવસમાં એક મિનિટનું સુખ જોઈએ છે. આ મિનિટ મારી પાસેથી તેમણે ઝૂંટવી લેવી નહીં જ જોઈએ. એ લોકો એને ઓછી કરી જ રહ્યા છે.

તેમની જડતા દુષ્ટ રીતે પ્રગટી રહી છે. પાછા વળવા માટે, સીધેસીધા પાછા જવા માટે પણ મારી પાસે પૈસા નથી. અને ખરેખર તો મારે બદલાવું જોઈએ. એક પૈસો પણ પાસે ન હોય એટલે બધું ખલાસ. એ લોકોની નીચતા તો ભયંકર છે. એ લોકો તો હવે કશું ખરીદતા પણ નથી. તેમને કશું જોઈતું પણ નથી. અત્યાર સુધી આને માટે તેને માટે તેઓ બૂમબરાડા કરતા હતા. એ લોકો તો પૈસાના ઢગલા પર બેસીને પૈસાથી જ પેટ ભરે છે. આટલી બધી હદે તેઓ લોભી બની ગયા છે. તેઓ પૈસાથી પેટ ભરતા હશે એમ મને લાગે છે. કોણ જાણે શા માટે ? તેઓને શું જોઈએ છે ? તેમની પાસે શું નથી ? બ્રેડ છે, દારૂ છે, તમાકુ છે, પૈસો છે, બધું જ જાડી સ્ત્રીઓ પણ છે, આથી વધારે શું જોઈએ છે ? આપણા માટે તો તેઓ કેમ કશું કરતા નથી ? ના મળે પૈસા, ના મળે બ્રેડનો ટુકડો, ના મળે તમાકુ, ના મળે દારૂનો છાંટો.... કશું જ ન મળે, કશું જ નહીં. એ લોકો મને દુર્દશાની ખીણમાં ધકેલી રહ્યા છે. મારે એમનો પડકાર ઝીલી લેવો પડશે, એ ઝંડીવાળાને પૂરો કરવો પડશે, એ નાલાયક સુવ્વર...એ લોકોની સાથે ફોનમાં વાતો કરે છે અને મને છેતરે છે. એ પણ કાવતરામાં ભળેલો છે. ખરેખર હવે મને ખાતરી થઈ ગઈ છે. ગઈ કાલે મેં જ જાતે સાંભળેલું. એ સુવ્વર મને ઉલ્લુ બનાવે છે, હવે એમાં શંકા નથી. ગઈ કાલે હું બહુ વહેલો આવેલો. હું ત્યાં હતો એની ખબર જ એને પડી ન હતી. હું બારીની નીચે સંતાઈ ગયેલો અને રાહ જોતો હતો અને મને ચોક્કસ ખાતરી છે કે એણે હેન્ડલ ફેરવ્યું, ઘંટડી પણ વાગી, મેં એનો અવાજ સાંભળ્યો; એણે સુપરવાઇઝરને બોલાવ્યો. એ બોલેલો : 'કંઈક કરવું પડશે, પેલો માણસ – આમ કંઈ લાંબો વખત ચાલી ન શકે. આખરે કોઈ કર્મચારીની સલામતીનો આ તો સવાલ છે. કેંક કરવું જ પડશે. મહેરબાની કરો.' એના અવાજમાં આજીજી હતી, સુવ્વર, કેટલો ગભરાઈ ગયો હતો. 'હા, પ્લેટફોર્મ ૪ બી, બસ.'

એટલે એને મેં પકડી પાડ્યો ખરો, નહીં ? હવે એ લોકો જે કરવાનું છે તે કરવાના. છેવટે પરિસ્થિતિ તો સ્પષ્ટ થઈ ગઈ એનો મને આનન્દ છે. સિંહની જેમ હવે હું ઝૂંઝીશ. એ બધા ઉપર ટૂટી પડીશ, બધાને તેર વીસની ટ્રેન નીચે ફેંકી દઈશ...

એ લોકોએ મારી પાસે કશું રાખ્યું નથી. મને છેક હતાશ કરી મૂક્યો છે. એ લોકો મારી પાસેથી છેલ્લી મિનિટ પર ઝૂંટવી લેવા માગે છે. અને એ લોકો તો શું હવે ખરીદતા નથી. ઘડિયાળ પણ નથી ખરીદતા. અત્યાર સુધી તો ઘડિયાળ માટે પડાપડી કરતા હતા.

મેં બધી ચોપડીઓ વેચી દીધી ત્યારે હું ત્રણ શેર ચા ખરીદી શક્યો. કેટલી સરસ ચોપડીઓ અને તે પણ બસો જેટલી. સરસ હતી એમ માની લઉં છું. સાહિત્યમાં મને રસ વધારે હતો. ત્રણ શેર ચામાં બધી ચોપડીઓ આપી દેવી પડે એ કેટલું ખરાબ ! પથારી પરની ચાદર વેચી ત્યારે બ્રેડ ખરીદી, એક મહિનો મારી માના દાગીના પર વિતાવ્યો. જો કાચા તાંતણે જીવવાનું હોય તો તો બાપદાદાની જાહોજલાલી જોઈએ. ત્રણ મહિના અને ચાર દિવસ ખાસ્સો એવો ગાળો કહેવાય, એમાં તો કેટલું બધું જોઈએ !

હવે મારી પાસે મારા પિતાનું ઘડિયાળ બચ્યું છે. એ જરા કીમતી છે. કોઈને પણ પૂછો તો આ જ કહેશે. કદાચ પાછા પૈસા મળી રહે કોઈ કંડક્ટર વળી દયાળુ નીકળી આવે તો તો ટિકિટના પૈસાને બદલે ઘડિયાળ લેવા તેયાર થઈ પણ જાય,પણ કદાચ કદાચ મારે બે જણની ટિકિટ કઢાવવાની થાય તો – ઓ ભગવાન !

સાડાબાર વાગ્યા છે અને હવે મારે તેયાર થવું જોઈએ. તેયાર થવામાં કંઈ ધાડ મારવાની નથી; કશું જ કરવાનું નથી; માત્ર મારે પથારીમાંથી ઊભા થવાનું છે, બસ ઓરડો સાવ ખાલીખમ છે, કશું જ નથી. બધું જ વેચી માર્યું છે. માણસે જીવવું તો પડે જ છે. એક મહિનાના ભાડા પેટે મકાનમાલિકણે કાર્પેટ લઈ લીધી. સારી બાઈ છે, ભલી છે, જે ભલી સ્ત્રીઓના સમ્પર્કમાં આવ્યો છું તેમના જેવી જ છે. બહુ ભલી. પલંગની સ્પ્રિંગો પર સૂઈ શકાય. કેવી રીતે સૂવું એની આવડત હોય તો વાંધો ન આવે. પણ એ તો જે સૂઈ જાય છે તેની વાત છે. હું તો સૂતો જ નથી. હું માત્ર આશાની એક ક્ષણ પર જ જીવું છું, એ ક્ષણે ટ્રેનના દરવાજા ઊઘડે છે અને કોઈ દેખાતું નથી.

મારે હવે તૈયારી કરી લેવી જોઈએ. સમય આવી પહોંચ્યો છે. પોણો વાગ્યો છે; પાંચ મિનિટ પછી ટ્રામ ઊપડશે એટલે બરાબર સવા વાગે સ્ટેશન પર પહોંચી જઈશ અને પ્લેટફોર્મ પર એક ને અઢારે પહોંચીશ. પેલો ઝંડીવાળો જ્યારે એની કેબિનમાંથી બહાર ાાવીને 'ટ્રેન સમયસર છે, સાહેબ.' કહે તે સાંભળવા સમયસર તેની પાસે પહોંચી જઈશ.

એ ડુક્કર મને 'સાહેબ' કહે છે; બીજાઓની આગળ દાંતિયાં કરે છે અને 'અલા ઓય, આઘો ખસ ને !' કહે છે. અને મને 'સાહેબ' કહે છે. એ બતાવે છે કે દાળમાં કંઈક કાળું છે. મારી સામે જ કાવતરું તેમણે રચ્યું છે. એમની સામે જુઓ તો તમને એવું લાગે કે એમની પાસે પણ ચા નથી, તમાકુ નથી, દારૂ નથી, ખાવાનું નથી. કોઈને તો એમની દયામણી હાલત જોઈને પોતાનું ખમીસ પણ ઉતારીને આપવાનું મન થઈ જાય.

એ લોકો એમનું કામ એટલી સારી રીતે બજાવે છે કે જીવનભર તમે રડ્યા જ કરો. મારેય હવે રડવું જોઈએ; રુદન પણ ગજબનું હોય છે એવું હવે મને લાગે છે. દારૂ, તમાકુ, બધાની અવેજીમાં રુદન ચાલે. અરે, જ્યારે સુખની છેક છેલ્લી ક્ષણ ન રહે અને જ્યારે ચોવીસે કલાક મારે નિરાશા ભોગવવાની આવે ત્યારે પણ રુદન હોય તો બસ.

પણ ટ્રામમાં તો મારાથી રડી ન શકાય; મારે જરા સંયમ કેળવવો પડશે; મારી જાતને અંકુશમાં રાખવી પડશે. એ લોકોને કશો વહેમ જવો ન જોઈએ; સ્ટેશન આવે ત્યારે મારે

જરા સાવચેતી રાખવી પડશે. એ લોકોએ મારા માટે પોતાના માણસો બહાર ઊભા રાખ્યા જ હશે, શરત મારવી હોય તો મારો. આખરે કોઈ કર્મચારી વારંવાર જોયા કરે છે. કેટલીક વખત પૂછ્યા કરે છે : 'કોઈની ટિકિટ બાકી છે?' ત્રણ વખત તેણે ટિકિટના પૈસા માગ્યા; અને ત્રણેય વખત મારી જ સામે જોયા કરેલું. મને સંકોચ થયો પણ મેં તો ટિકિટ લઈ જ લીધેલી છે. એ પાછી ફરે છે, બીજા બધા વિચારવાના. 'જોયું. એણે પેસા આપ્યા નહીં, કંપનીને છેતરે છે.' અને હકીકતમાં તો મારી પાસે જે કાંઇ હતું તે બધું આપીને ટિકિટ લીધી છે. મારી પાસે તો સરક્યુલર રૂટની ટિકિટ છે.....

ભયંકર કાળજી મારે રાખવી પડશે. હું દરવાજામાંથી હમેશના નિયમ પ્રમાણે દોડી ગયો; એ લોકો ગમે ત્યાં સંતાયેલા હોય. પણ જ્યાં હું અંદર જવા દોડતો હતો ત્યાં જ મને ખ્યાલ આવ્યો કે મારી પાસે પ્લેટફોર્મ ટિકિટ નથી અને બીજી બાજુએ ટિકિટ ખરીદવાના પૈસા પણ નથી. એક ને સત્તર મિનિટ થઈ ગઈ છે અને ત્રણ મિનિટમાં તો ટ્રેન આવી જવાની. મારું માથું ચકરાય છે. હું કહું છું : 'ઘડિયાળ રાખી લો.' પેલા માણસને ખરાબ લાગ્યું. 'ભગવાનને ખાતર ઘડિયાળ રાખી લો.' એ મને પાછો ધકેલે છે. મહાન નાગરિકો મારી પાછળ ખોટી થઈ રહ્યા છે. પાછા ફરવાની મને ફરજ પડે છે. એક ઉપર સાડી સત્તર મિનિટ થઈ છે.

હું બરાડું છું : 'છે કોઈ ઘડિયાળ લેનાર? એક જ પેનીમાં! ઘડિયાળ ચોરાયેલું નથી. કોઈનું મારી આણેલું નથી. મારા પિતાનું ઘડિયાળ.' લોકો મને ગાંડો માને છે, કેટલાક ગુનેગાર માની લે છે. કોઈ નાલાયક ઘડિયાળ લેવા તેયાર નથી. કદાચ તેઓ પોલીસને બોલાવશે. ત્યાં નીચે કામ કરતા છોકરાઓ પાસે જવું પડશે. મને ખાતરી છે કે એ લોકો મદદ કરશે. એક ઉપર અઢાર મિનિટ થઈ ગઈ છે. મારું મગજ ચકરાઈ રહ્યું છે. આટલા બધા દિવસો રાહ જોયા પછી આજે ટ્રેન ચૂકી જઈશ અને જે ટ્રેનમાં તે આવવાની છે, એ જ ટ્રેન હું ચૂકી જવાનો? 'હું ત્યાં તેર ને વીસે આવીશ.'

જે પહેલો ભટકાય છે એને હું કહું છું : 'ભાઈ, આ ઘડિયાળના બદલામાં એક પેની મને આપ. જલદી જલદી.'

એ ગૂંચવાય છે, હું કહું છું :'ભાઈ, એક જ મિનિટ બાકી છે. તને મારી પરિસ્થિતિ સમજાય છે.'

એ સમજે છે; જો કે ખોટું અનુમાન કરે છે. પણ છેવટે ખોટું ખોટું ય સમજે છે, અને એવું કોઈ સમજે એ પણ ક્યાં નસીબમાં હોય છે? એક રીતે જોવા જઈએ તો એ પણ સમજ પડવાની એક દિશા જ કહેવાય ને!

એ એક પાઉંડ આપે છે, બહુ ઉદાર કહેવાય. હું કહું છું. 'ભાઈ, મારે પેની જોઈએ છે પાઉંડ નહીં. સમજાય છે કે નહીં?'

ફરી ગેરસમજ, પણ ગેરસમજ થાય એ પણ અદ્ભુત કહેવાય. જો આ કટોકટીમાંથી હું પાર પડીશ તો ભાઈ તારો પાડ નહિ ભૂલું.

પાઉંડની નોટ ઉપર એ વધારાનો પેનીનો સિક્કો પણ મૂકે છે; આ છોકરાઓ તો આવા જ હોય; તમને વધારે જ દઈ દે, તમને સમજવાના જ, ભલે ને થોડી ગેરસમજ થાય.

એક ઉપર સાડી ઓગણીસ મિનિટે પગથિયાં પર જઈ પહોંચું છું. છતાંય મારે કાળજી તો રાખવી જ પડશે, ખૂબ કાળજી રાખવી જ પડશે, શહેરના ભૂખરા આકાશની પડછે કાળી, વળાંક લેતી ટ્રેન આવે છે. એક ક્ષણ માટે તો મારું હૃદય થંભી જાય છે, પણ હું સમયસર છું. ગમે તે સંજોગોમાં પન સમયસર આવવામાં સફળ થયો છું.

પેલા ઝંડીવાળાથી દૂર જ રહ્યો છું. ભીડની વચ્ચે એ ઊભો રહ્યો છે અને એકાએક એ મને જોઈ લે છે, બૂમ પાડે છે, એ ગભરાઈ ગયો છે. એની કેબિનમાં સંતાયેલા સાથીદારોને ઇશારો કરે છે, મને પકડી લેવા સંકેત કરે છે. એ લોકો કેબિનની બહાર ધસી આવે છે. એ લોકો મને પકડી લેવાના – પણ હું એમની સામે જોઈ હસું છું, કારણ કે ટ્રેન આવી ગઈ છે અને તેઓ મારી પાસે આવી પહોંચે તે પહેલાં એ મારા બાહુપાશમાં આવી જાય છે. મારી પાસે હવે મારી પ્રિયતમા છે અને એક પ્લેટફોર્મ ટિકિટ છે, પ્રિયતમા છે અને પંચ કરેલી પ્લેટફોર્મ ટિકિટ...

અનુ. શિરીષ પંચાલ

તું કદી મ્યુનિચ ગઈ છે ખરી ?

દાચિયા મેરાઈની

'તું તો ઘણા યાર રાખતી હશે નહિ ?' તેણે પોતાનો ઊજળો અને ભારે પગ ઊંચો કર્યો. એના તેની પાસે બેઠી. પથારીની સામે લાકડાની સોનેરી ફ્રેમવાળો આદમકદ અરીસો ટીંગાડેલો હતો. 'અને તારો વર' તે ઊભી થઈ ગઈ. અને તેની સામે વિચારમાં ડૂબી ગઈ. તેના હાથ નિતંબ પર ટેકવેલા હતા – આ જોઈ ને તે ચૂપ થઈ ગયો. તેણે પીઠ ફેરવીને વિચિત્ર રીતે કપડાં કાઢવા માંડ્યા. 'શું થયું ? તું ધ્રૂજે છે.' 'હું સહેજ ઉશ્કેરાઈ ગયો છું,' તેણે જવાબ આપ્યો. એનાએ ફ્રાન્ઝને પોતાનો હાથ પકડવા દીધો અને ફ્રાન્ઝની કમર પર એને સરકવા દીધો. એકાદ ક્ષણ માટે સવારે દેખાતો હતો એવો જ્યિોકોમોનો વધારે પડતો પુખ્ત, નિરાશ અને દુણાયેલો ચહેરો તેની નજરે પડ્યો હોય એમ એનાને લાગ્યું. ઘણું મોડું થઈ જાય તે પહેલાં જ તેને થોભી જવાનું કહેવાનો તેણે વિચાર કર્યો. તેણે ફ્રાન્ઝના માથા સામે જોયું. હજુ તે નીચે જ જોયા કરતો હતો. 'હું સગર્ભા થઈ જવા માગતી નથી.' તેણે કહ્યું. ઊભી થઈને તે બાથરૂમમાં ગઈ.

ફ્રાન્ઝ સહજતાથી અને જિજ્ઞાસાથી તેનાં ઉરોજ, નિરાવૃત ઉદર અને પગ જોઈ રહ્યો એવું તેને લાગ્યું, 'તારો વર આખો દિવસ શું કર્યા કરે છે ?' એનાએ તેને પથારીમાંથી ઊભો થતાં, સ્લીપર શોધવા નીચો નમતાં અને બાથરૂમમાં પેસી જતાં જોયો. એનાએ કપડાં પહેરવા માંડ્યાં. 'મારા બોલવામાં તને જર્મન લહેકો લાગે છે ખરો ? પોતાની લીલી ઇચ્છાહીન આંખોથી ફ્રાન્ઝે તેની સામે જોયું. પથારીની સામે લાકડાની સોનેરી ફ્રેમવાળો આદમકદ અરીસો ટીંગાડેલો હતો. ફ્રાન્ઝ ઊભો થઈને રસોડામાં જાય તેની રાહ એના જોવા લાગી. ફ્રાન્ઝે ફ્રીઝનું બારણું ખોલ્યું અને કોકોકોલાની એક બોટલ કાઢી. તેણે જોઈ લીધું. 'થોડા ક્રીમ બિસ્કિટ છે. તારે એકાદ જોઈએ છે ?' ફ્રાન્ઝે બે ગ્લાસ લીધા અને તે સાફ છે કે નહિ તે જોવા માટે અજવાળા સામે ધરી જોયા અને કથ્થઈ પ્રવાહી રેડીને તે બરફ લેવા રસોડામાં ગયો. એનાએ ધ્યાનથી ફ્રાન્ઝને આ બધું કરતાં જોયો.

'તમે બંને હજુ પણ શારીરિક સમ્બન્ધ રાખો છો ?' એનાએ પેકેટ લીધું, પૂઠાનો કાગળ કાઢ્યો, પેકેટ તોડ્યું અને એકી સાથે બે બિસ્કિટ ખાવા માંડ્યા. ફ્રાન્ઝની આંખો અધ ખીચડી હતી અને તે ભવાં ઊંચાનીચાં કરતો હતો. 'એ તારા પ્રેમમાં છે.' બરફ લેવા માટે તે રસોડા ભણી ગયો. એના હસી. તેણે ફ્રાન્ઝનો હાથ પકડ્યો અને પોતે બિલકુલ ગભરાતી નથી એ બતાવવા પોતાના ઘૂંટણ પર એ હાથ મૂક્યો. એનાની નજરે એ હાથ ન પડે એટલા માટે જાણે ફ્રાન્ઝે પોતાનો હાથ ખેંચી લીધો. તેણે પોતાનું કાળું સ્વેટર હાથ ઊંચા કરીને કાઢી નાખ્યું. ચાર ગડી કરીને વોર્ડરોબના ખાનામાં મૂકી દીધું. પછી તેણે પાટલૂન કાઢી નાખ્યું, મહોરી આગળથી ઝાલીને ખંખેર્યું અને ખુરશી પાછળ ભેરવી દીધું. 'તું મારા વરની વાત....' એનાએ તેને પલંગ પર ચઢીને પડદા તરફ હાથ લંબાવતાં અને બંને હાથે દોરી ખેંચતાં જોયો. 'શું થયું ? તું ધ્રૂજે છે.' 'હું સહેજ ઉશ્કેરાઈ ગયો છું.' તેણે જવાબ આપ્યો. એનાએ ફ્રાન્ઝની ટટાર સુંવાળી પીઠ સામે અને તેના મૃદુ નિતંબ સામે જોયું. એના પગ એક સરખા, ઊજળા અને નરમ હતા. તે પગ તેના શરીરમાંથી બે નળાકાર સ્તંભ જેવા પ્રકટેલા લાગતા હતા. ઢોળાયેલા પ્રવાહીને લૂછી નાખવા તે ઘૂંટણભેર થયો. એના હસી.

તે ઊભી થઈ. ત્યાં સુધીમાં વોશબેઝીન ગરમ પાણીથી ભરાઈ ગઈ. તેણે ફરસ પર સાબુ નાખ્યો. બારીમાંથી રસ્તા પરની અવરજવર અને નિસ્તેજ, ઝાંખા લીલા રંગનાં વૃક્ષોની હારમાળા જોતાં તેણે શરીર કોરું કરવા માંડ્યું. ફ્રાન્ઝ ઓરડામાં કોકોકોલાનો ગ્લાસ લઈને પાછો આવ્યો. તેણે એના સામે એકાદ નજર કરી. એનાએ ચાદર પર આડી પડેલી ફ્રાન્ઝની નિરાવૃત કાયા સામે જોયું. એના કોમળ, ઊજળા પગ, સ્નાયવી હાથ, ટૂંકા ખડતલ ખાંડાં, ભરાવદાર, સખત ગરદન અને બીબાંઢાળ હાસ્ય સમેતનો તેનો ચહેરો. 'તારા વર વિશે મને કહે.' એના તેની પાસે બેઠી. પોતાની સામે ધરી રાખેલો ગ્લાસ તેણે લીધો. તેણે ફ્રાન્ઝને પથારીમાંથી કૂદી પડતાં અને સ્લીપર શોધવા નીચો નમતાં જોયો. 'તું એને ખરેખર ચાહે છે ?' પથારી પર પડતા બિસ્કિટના ટુકડા ફ્રાન્ઝે આતુરતાથી જોયા અને નેપકીન તરીકે વાપરવા માટે પોતાનો રૂમાલ એનાને ધરી દીધો. 'પણ જો તું એને ચાહે છે તો એને વફાદાર કેમ રહેતી નથી ?' એનાએ ઘડિયાળ સામે જોયું. જ્યારે તે ઓરડામાં પાછી આવી ત્યારે તેણે ફ્રાન્ઝને પથારીમાં બેઠેલો જોયો. ફ્રાન્ઝના પગ લંબાયેલા હતા અને તેની પીઠ પલંગ પર માથું ટેકવવા કોતરેલા ભાગને ટેકવેલી હતી. એના તેની પાસે સૂઈ ગઈ. 'તારો વર પૈસાદાર છે ?' બૂટ અને સફેદ સુતરાઉ મોજાં કાઢી નાખવા તે નીચો નમ્યો. એનાને તળાતી ડુંગળીની વાસ આવી. 'તું મ્યુનિચ કદી ગઈ છે ખરી ?' ફ્રાન્ઝના દાંત નાના હતા. અને અડોઅડ ન હતા. તેની લીલી, સપ્રમાણ આંખોમાં તેજ ન હતું. એનાએ ફ્રાન્ઝને વોર્ડરોબમાંથી ઝાંખું ભૂરું પાટલૂન અને કાળા રંગનાં નાનાં નાનાં ફૂલની ભાતવાળું ઘેરા લાલ રંગનું ખમીસ કાઢતાં જોયો, પથારી પર તેઓ આડા પડ્યા હતા. કોકોકોલાનો ગ્લાસ ફ્રાન્ઝે ફરસ પર મૂકેલો. 'તારા વરની ઉમર કેટલી ?' તેણે

પૂછ્યું. એનાની પીઠ પર થાપટ મારવા તેણે હાથ લંબાવ્યો. તેઓ બંને દાદર પરથી નીચે સાથે ઊતર્યા. પહેલા ફ્રાન્ઝ, પછી એના ફ્રાન્ઝના સુંદર વાંકડિયા વાળ જોઈને તેને યાદ આવ્યું કે બહાર જતાં પહેલાં તેણે તો અરીસામાં જોયું પણ ન હતું. વિખરાયેલા વાળ કોઈની નજરે ન પડે એટલા માટે તેણે માથા પર રૂમાલ બાંધી દીધો. 'તું તારા વર વિશે વિચારે છે ?' 'ખાસ નહીં,' 'પણ તું એના પ્રેમમાં છે.' એનાએ ફ્રાન્ઝને અરીસા આગળ ઊભો રહી જતાં અને ચાંદીના હાથાવાળા બ્રશથી માથું ઓળતાં જોયો. ફ્રાન્ઝે બે ગ્લાસ લીધા અને તે સાફ છે કે નહિ તે જોવા માટે અજવાળા સામે ધરી જોયા અને કથ્થાઈ પ્રવાહી રેડીને બરફ લેવા માટે તે રસોડામાં ગયો. એનાએ ફ્રાન્ઝને ધ્યાનથી આ બધું કરતાં જોયા કર્યો. 'અમારા બંનેની ઉમર લગભગ સરખી છે.' સ્મિતપૂર્વક તેણે એના સામે જોયું. તેણે ઊજળો પગ વાળ્યો. તે ઊભો થયો, ત્યાં સુધીમાં વોશબેઝીન ગરમ પાણીથી ભરાઈ ગઈ. તેણે ફરશ પર સાબુ નાખ્યો. એનાએ ફ્રાન્ઝના સાવ નિસ્તેજ ચહેરા સામે જોયું. એકાદ ક્ષણ માટે એ ચહેરા પર જાણે બુદ્ધિની લકીર ફરી વળી. 'પણ જો તું એમ કહેતી હોય કે હું એને ચાહું છું તો તે કઈ રીતે ?' એનાએ પૂંઠાનો કાગળ ફાડ્યો અને એકી સાથે બે બિસ્કિટ ખાવા માંડ્યા, ફ્રાન્ઝની ભરાવદાર સખત ગરદન જાણે પથ્થરમાંથી બનાવેલી હોય તેમ સ્થિર હતી. 'એ વિશે એ શું માને છે ?' ફ્રાન્ઝે આતુરતાથી પથારી પર પડતા બિસ્કિટના ટુકડા જોયા અને નેપકીન તરીકે વાપરવા માટે પોતાનો રૂમાલ એનાને ધરી દીધો. બારી બહાર બાગ અંધારો અને ચહલપહલવાળો થતો હતો હતો. ઉપર આકાશમાં શહેરનો રાત્રિપ્રકાશ રાખોડી વાદળાંઓમાં પ્રતિબિંબિત થતો હતો. કોકોકોલાનો ગ્લાસ પથારીમાં છલકાઈ જવાની તૈયારીમાં હતો. ફ્રાન્ઝે સમયસર એ ગ્લાસ ઝાલી લીધો. 'જો તું એને વફાદાર ન હોય તો એને ચાહી ન શકે.' તે બોલ્યો, ઢીલા બની જઈને તેણે ડોકું હલાવ્યું. એનાએ ફ્રાન્ઝને વોર્ડરોબમાંથી ઝાંખું ભૂરું પાટલૂન અને કાળા રંગનાં નાનાં નાનાં ફૂલની ભાતવાળું ઘેરા લાલ રંગનું ખમીસ કાઢતાં જોયો.

'તું તો ઘણા બધા યાર રાખતી હશે, નહિ ?' એનાની પીઠ પર થાપટ મારવા તેણે હાથ લંબાવ્યો. એનાએ ઘડિયાળ સામે જોયું. તેણે પણ ઉતાવળે ફરસ પરથી કપડાં ઊંચકીને પહેરવા માંડ્યાં. એનાએ ચોળાયેલી ચાદર પર આડી પડેલી ફ્રાન્ઝની નિરાવૃત કાયા સામે જોયું. એક હાથ પોતાની છાતી પર મૂકીને ફ્રાન્ઝ હસ્યો. હું હમણાં વજન ઘટાડી રહ્યો છું. ફ્રાન્ઝે બે ગ્લાસ લીધા અને તે સાફ છે કે નહિ તે જોવા માટે અજવાળા સામે ધરી જોયા. 'થોડા ક્રીમ બિસ્કિટ છે. તારે એકાદ જોઈએ છે ?' તેની આંખો અધઊઘડી હતી અને તે ભવાં ઊંચાંનીચાં કર્યા કરતો હતો.

હાથ ઊંચા કરીને તેણે પહેલાં તો કાળું સ્વેટર કાઢી નાખ્યું. ચાર ગડી કરીને વોર્ડરોબના ખાનામાં મૂકી દીધું. પછી તેણે પાટલૂન કાઢ્યું. મહોરી આગળથી ઝાલીને ખંખેર્યું. અને ખુરશી પાછળ ભેરવી દીધું. 'તમારા લગ્નને કેટલો સમય થયો ?' એનાએ ફ્રાન્ઝને પોતાનો હાથ પકડવા દીધો અને ફ્રાન્ઝની કમર પર તેને સરકવા દીધો. 'શું થયું ? તું ધ્રૂજે છે.'

'હું સહેજ ઉશ્કેરાઈ ગયો છું.' સવારે દેખાતો હતો એવો જિયોકોમોનો ચહેરો વધુ પડતો પુખ્ત, નિરાશ અને દુણાયેલો તેની નજરે પડ્યો હોય એમ તેને લાગ્યું. 'જર્મનીમાં ક્યાં આગળ ?' 'મ્યુનિચમાં. ઘેર,' સફેદ કાર્પેટ પર પડેલાં કોકોકોલાનાં ટીપાં એનાએ ગણ્યાં. ફ્રાન્ઝે પોતાના પગ લંબાવ્યા. કોકોકોલાનો ગ્લાસ છલકાઈ જવાની તૈયારીમાં હતો, ફ્રાન્ઝે સમયસર એ ગ્લાસ ઝાલી લીધો. 'હું મિકેનિક છું. રાત્રે વોચમેનનું કામ કરું છું. થોડાં રંગીન સામયિકોની વાર્તાઓ માટે મૉડેલ તરીકે કામ કર્યું છે. રેસ્તોરાંમાં ગાયું છે.' તે પથારીમાંથી ઊભો થયો. પીઠ ફેરવીને તેણે હળવેથી અને વિચિત્ર રીતે કપડાં બદલવા માંડ્યાં.

'તારા વરની વાત કર,' તેણે પોતાનો ઊજળો ભરાવદાર પગ ઊંચો કર્યો. ગ્લાસ મૂકવાની છાજલી પર ફેસક્રીમની બાટલીઓ હારબંધ મૂકેલી હતી. ભૂગર્ભ ટ્રેન જ્યારે જ્યારે પસાર થતી ત્યારે ત્યારે એ બાટલીઓ એકબીજાને અથડાતી અને રણકતી. 'એ તારા પ્રેમમાં છે ?' તેની આંખો અધઊઘડી હતી અને તે ભવાં ઊંચાંનીચાં કર્યા કરતો હતો. એનાએ પહોળો, ચપટો અને ખડતલ હાથ જોયો. તે ધ્રૂજતો અને કણસતો હોય એમ એનાને લાગ્યું. બારીમાંથી રસ્તા પરની અવરજવર અને નિસ્તેજ, ઝાંખાં લીલા રંગનાં વૃક્ષોની હારમાળા જોતાં જોતાં તેણે શરીર કોરું કરવા માંડ્યું. ફ્રાન્ઝ ઓરડામાં કોકોકોલાનો એક ગ્લાસ અને બિસ્કિટનું પેકેટ લઈને આવ્યો.

તેણે બિસ્કિટનું તદ્દન નવું પેકેટ એનાને આપ્યું. 'હું હમણાં વજન ઘટાડી રહ્યો છું.' તે બોલ્યો. એને જો નજીકથી જોઈએ તો એ દેખાતો હતો તેટલો પાતળો ન હતો.'થોડા ક્રીમ બિસ્કિટ છે, તારે એકાદ જોઈએ છે ?' એનાએ તેને ઊભો થતાં અને રસોડામાં જતાં જોયો. 'તારે બરફ જોઈએ છે ?' તેના પગ ઊજળા અને કોમળ હતા. તેનું પેટ માંદલું. તેની છાતી પહોળી અને સુંવાળી, હાથ સ્નાયવી હતા. તેનાં કાંડાં ટૂંકાં અને ખડતલ હતાં, ગરદન ભરાવદાર અને સખત હતી, બીબાંઢાળ હાસ્ય સમેતનો તેનો ચહેરો સપ્રમાણ હતો.

'તું મ્યુનિચ કદી ગઈ છે ખરી ?' તેનાં દાંત નાના અને એકબીજાની અડોઅડ ન હતા. 'તારો વર મારા જેવડો જ મોટો હશે.' તેણે કોકોકોલાનો ગ્લાસ ફરસ પર મૂક્યો. તે સહજતાથી અને જિજ્ઞાસાથી તેના ઉરોજ, નિરાવૃત ઉદર અને પગ જોઈ રહ્યો હોય એવું એનાને લાગ્યું. તેઓ બંને દાદર પરથી સાથે નીચે ઊતર્યા. પહેલાં ફ્રાન્ઝ પછી એના. ફ્રાન્ઝના સુંદર વાંકડિયા વાળ જોઈને તેને યાદ આવ્યું કે બહાર જતાં પહેલાં તેણે તો અરીસામાં જોયું પણ ન હતું. વિખરાયેલા વાળ કોઈની નજરે ન પડે એટલા માટે તેણે માથા પર રૂમાલ બાંધી દીધો. 'હું પહેલાં મિકેનિક હતો.' તેણે કહ્યું.' બહુ ફાવતું ન હતું. મૉડેલ તરીકે પણ સારું કામ નથી કરી શકતો.' તેની આંખો અધઊઘડી હતી અને તે ભવાં ઊંચાંનીચાં કર્યા કરતો હતો. 'એ તારા પ્રેમમાં છે ?' એનાએ આખું પેકેટ લઈ લીધું, ખોલ્યું અને એકી સાથે બે બિસ્કિટ ખાવા માંડ્યાં. તેણે મકાન જોવા માંડયું. યુદ્ધનાં પ્રાસંગિક ચિત્રોથી

શણગારેલો તે વિલા હતો, ફ્રાન્ઝ ફરીથી બિસ્કિટનું પેકેટ અને બરફ લઈને અંદર આવ્યો. બગીચાના દરવાજા આગળ મૂકેલા પ્લાસ્ટરના બે શિકારી કૂતરાઓ ચળકતા હતા. ફરસ પરનાં ફ્રાન્ઝનાં પગલાંનો અવાજ એનાએ સાંભળ્યો. અવ્યવસ્થિત પથારી પર તેઓ આડા પડયા. ફ્રાન્ઝે કોકોકોલાનો ગ્લાસ ફરસ પર મૂકેલો હતો તે બૂટની દોરી છોડવા અને તેનાં નાનાં સફેદ સુતરાઉ મોજાં કાઢી નાખવા નીચો નમ્યો. ત્યાં સુધીમાં વોશબેઝીન ગરમ પાણીથી ભરાઈ ગયેલી. ફ્રાન્ઝે ફરસ પર સાબુ નાખ્યો. તે જ્યારે પાછી આવી ત્યારે તેણે ફ્રાન્ઝને પથારીમાં બેઠેલો જોયો. તેણે પગ લાંબા કરેલા હતા, તેની પીઠ ઓશીકા આગળ માથું ટેકવવા માટે કોતરેલા ભાગ પર ટેકવેલી હતી. પોતાની સામે ફ્રાન્ઝે ધરી રાખેલો ગ્લાસ તેણે લીધો. 'તારો વર પૈસાદાર છે ?'તેનું શરીર હજુ કૈશોર્યની ભૂમિકા સૂચવતું હતું. એનાને તળાતી ડુંગળીની વાસ આવી. ફ્રાન્ઝ સ્ટવ પર ઝૂક્યો. 'હું રસોઈ બનાવીશ.' તેણે કહ્યું. ફ્રીઝમાં મૂકેલી કોબીજની એક વાનગી એનાની નજરે પડી ગઈ. 'લાલ કોબી છે. તને ભાવે છે ? હું તો ઘરકૂકડી છું એટલે ખાઉં છું. મ્યુનિચ માટે ઘરકૂકડી છું. તું કદી મ્યુનિચ ગઈ છે ખરી ?' એનાએ તેને બાથરૂમમાં જતાં અને તરત જ તેમાંથી પાછો આવતાં જોયો. અરીસા આગળ તે ઊભો રહ્યો અને ચાંદીના હાથાવાળો બ્રશ માથામાં ફેરવ્યો. 'લગભગ તૈયાર છે હવે.' તેણે કહ્યું. કઢાઈનું ઢાંકણું તેણે ઉતારી લીધું. તે વરાળથી ઢંકાઈ ગયો. આસપાસનું થીજી ગયેલું પ્રવાહી ઓગળવાથી કોબીજ છૂટી પડી ગઈ. 'હજુ પણ તું એનો વિચાર કરે છે ?' એને જો નજીકથી જોઈએ તો એ દેખાતો હતો એટલો પાતળો ન હતો. એનાએ જોયું કે ફ્રાન્ઝે બે ગ્લાસ લીધા અને તે સાફ છે કે નહિ તે જોવા અજવાળા સામે ધરી જોયા. 'મારે પેરાશુટીસ્ટ બનવું છે આફ્રિકામાં.' એનાએ પૂઠાનો કાગળ ફાડી નાખ્યો અને એકી સાથે તે બે બિસ્કિટ ખાવા માંડી. પથારી પર પડતા બિસ્કિટના ટુકડા ફ્રાન્ઝે આતુરતાથી જોયા અને નેપકીન તરીકે વાપરવા માટે તેણે પોતાનો ચોખ્ખો રૂમાલ એનાને ધરી દીધો. 'પણ જો તું એને ચાહે છે તો એને વફાદાર કેમ રહેતી નથી ?' એનાની સામે જોવા નજર ઊંચી કરી. ત્યાં સુધીમાં વોશબેઝીન પાણીથી ભરાઈ ગઇ. હાથમાં કોકોકોલાનો ગ્લાસ લઈને ફ્રાન્ઝ પાછો આવ્યો. એનાએ તેની નિરાવૃત કાયા નિહાળી. એનાએ ફ્રાન્ઝને પોતાનો હાથ પકડવા દીધો અને ફ્રાન્ઝની કમર પર એને સરકવા દીધો.

'તું ખરેખર એને ચાહે છે ?' એનાએ ઘડિયાળ સામે જોયું. એકાદ ક્ષણ માટે સવારે દેખાતો હતો એવો જિયોકોમોનો ચહેરો વધુ પડતો પુખ્ત, નિરાશ અને દુણાયેલો એનાની નજરે પડ્યો હોય એમ લાગ્યું.

એનાએ તેને પથારીમાં ઊભો થતા સ્લીપર શોધવા નીચો નમતાં અને બાથરૂમમાં પેસી જતાં જોયો. 'હું ઘરકૂકડી છું માટે આવું ખાઉં છું.' તેણે કહ્યું. એનાને તળાતી ડુંગળીની વાસ આવી. 'તું તારા વરનો વિચાર કરે છે ?' એકાદ ક્ષણ માટે ફ્રાન્સના નિસ્તેજ ચહેરા પર બુદ્ધિની જાણે લકીર ફરી વળી. ઘટાદાર પાઈન વૃક્ષોની સામે બગીચાના દરવાજા

આગળ બે સફેદ પ્લાસ્ટરના શિકારી કૂતરાઓ હતા. એનાની પીઠ પર થાપટ મારવા ફ્રાન્ઝે હાથ લંબાવ્યો. હાથ ઊંચો કરીને તેણે પોતાનું કાળું સ્વેટર કાઢી નાખ્યું.તેની ચાર ગડી વાળીને વોર્ડરોબના ખાનામાં મૂકી દીધું. 'મારો વર મને ચાહે છે એવું તેં કહ્યું.' તેણે કહ્યું. ફ્રાન્ઝે પોતાનું પાટલૂન કાઢ્યું, મ્હોરી આગળથી ઝાલીને ખંખેર્યું, ખુરશીની પાછળ ભેરવી દીધું. તેની ભરાવદાર ગરદન જાણે પથ્થરમાંથી બનાવેલી હોય તેવી સ્થિર હતી. 'એ તને ચાહે છે.' એનાએ પેકેટ લીધું, કાગળ ફાડ્યો, પેકેટ ખોલ્યું અને એકી સાથે બે બિસ્કિટ ખાવા માંડ્યા. 'મારે તને સગર્ભા બનાવવી નથી.' તેણે કહ્યું. એના તેની સામે જોઈને હસી, તેણે ફ્રાન્ઝનો હાથ પકડ્યો અને પોતે બિલકુલ ગભરાતી નથી એ બતાવવા પોતાના ઘૂંટણ પર એ હાથ મૂક્યો. તું તારા વરનો વિચાર કરે છે ? તે ઊભો થયો. ત્યાં સુધીમાં વોશબેઝીન ગરમ પાણીથી ભરાઈ ગઈ. એનાએ ફ્રાન્ઝની નિરાવૃત કાયા સામે જોયું. પોતાની સામે ફ્રાન્ઝે ધરી રાખેલો ગ્લાસ એનાએ લીધો. બારીમાંથી દેખાતો બગીચો અંધારો અને વસતિવાળો થતો જતો હતો. મકાનો પર ઝળુંબતાં વાદળાંઓ પર શહેરના રાત્રિપ્રકાશનું પ્રતિબિંબ પડતું હતું. એનાએ માથું હલાવીને ઈશારો કર્યો. તેણે ઉતાવળે ફરસ પરથી કપડાં ઊંચકીને પહેરવા માંડ્યાં. 'તું ત્યાં નથી હોતી ત્યારે તારો વર શું કરે છે ?' તે સહજતાથી અને જિજ્ઞાસાથી તેનાં ઉરોજ, નિરાવૃત ઉદર અને પગ જોઈ રહ્યો હોય એવું એનાને લાગ્યું. ફ્રાન્ઝે કોકોકોલાનો ગ્લાસ આગળ ધર્યો. 'હું પહેલાં મિકેનિક હતો. મને એ ફાવતું ન હતું.' તેણે કહ્યું. તેણે પોતાનો નાનો કઠણ હાથ પોતાના પેટ પર મૂક્યો. 'હું ઘરકૂકડી છું એટલે આવું ખાઉં છું. તું કદી મ્યુનિચ ગઈ છે ખરી ?' તેની ભરાવદાર ગરદન જાણે પથ્થરમાંથી બનાવેલી હોય તેવી સ્થિર હતી. 'પણ તું એને ચાહે છે,' ત્યાં સુધીમાં વોશબેઝીન ગરમ પાણીથી ભરાઈ ગઈ. પોતાના માટે ધરી રાખેલો ગ્લાસ એનાએ લઈ લીધો. પથારીમાંથી તેને કૂદી પડતાં એનાએ જોયો, 'મારો જર્મન લહેકો પરખાઈ જાય છે ?' ફ્રાન્ઝે તેની લીલી ઇચ્છાહીન આંખો એનાને જોવા ઊંચી કરી. 'મારો વર મને ચાહે છે એવું તેં કહ્યું.' તે ઊભી થઈ ગઈ અને તેની સામે નિતંબ પર હાથ ટેકવીને વિચારમાં ડૂબી ગઈ. એ જોઈને તે ચૂપ થઈ ગયો.

અનુ : શિરીષ પંચાલ

પ્રેરણા

ઇઝાક બાબેલ

મારે ઊંઘવું હતું અને મને કંઈ ગમતું પણ ન હતું તે જ વખતે મિશ્કા તેની વાર્તા મને વંચાવવા માટે આવ્યો. તેણે કહ્યું : ' બારણું બંધ કરી દે' અને તેણે પોતાના ખિસ્સામાંથી દારૂની બાટલી કાઢી.

'આજે મારો દિવસ છે મારી વાર્તા મેં પૂરી કરી. મારા માનવા મુજબ એ અત્યન્ત સુંદર છે. ચાલ મિત્ર, એ વાત પર થોડી પી નાખીએ.'

મિશ્કાનો ચહેરો ફિક્કો અને પરસેવાવાળો હતો.

તે બોલ્યો : 'સુખ જેવી કોઈ વસ્તુ નથી.' એમ કહેનારાઓ મૂરખ છે. પ્રેરણા એટલે સુખ. મેં આખી વાર્તા રાતે લખી નાખી. સવાર ક્યારે પડી તેની ખબર સુધ્ધાં ન રહી. પછી ગામમાં થોડી લટાર મારી. ગામ ખરેખર સવારે સરસ હોય છે. ઝાકળ, શાન્તિ અને આછી વસતિ. દરેક વસ્તુ સ્ફટિક જેવી સ્વચ્છ, સૂરજ ઊગતો તમે જોઈ શકો. મને તો પૂરેપૂરી ખાતરી છે કે આ વાર્તા મારા જીવનનું એક સીમાચિહ્ન છે, ' મિશ્કાએ થોડો દારૂ કાઢ્યો અને ગટગટાવ્યો. તેનાં આંગળાં ધ્રૂજ્યાં. તેનો હાથ તો ખૂબ રૂપાળો હતો, નાજુક, ઊજળો અને કોમળ; આંગળીઓ પાતળી હતી.

તે બોલ્યે ગયો : 'તને ખબર છે ? મારે આ વાર્તા પ્રગટ કરવી જ જોઈએ. તેઓ તો આને સ્વીકારી જ લેશે. આજકાલ તો તેઓ સાવ ભંગાર કૃતિઓ છાપતા હોય છે. મહત્ત્વની વસ્તુ તો તમારો ત્યાં કોઈ ભાવ પૂછનાર હોવું જોઈએ, એક જણાએ મને વચન આપ્યું છે. સુખોતીન બધું ઠીક કરી દેશે..'

હું બોલ્યો : મિશ્કા, ફરી એક વાર તારે તપાસી જવી જોઈએ – તેં તો કશું સુધાર્યું નથી....'

'એ વાત પડતી મૂક. સુધારવા માટે આપણી પાસે ઘણો સમય છે. તને ખબર છે – ઘેર બધા મારી મશ્કરીઓ કરે છે. હું એક શબ્દ પણ બોલતો નથી, એક વરસમાં આપણે

જે જોવાના છીએ તે જોઈશું. એ લોકો પછી પંગે પડતા આવશે.' બાટલી લગભગ ખાલી થઈ ગઈ હતી.

'મિશ્કા, હવે પીવાનું બંધ કર.'

એણે ઉત્તર આપ્યો : 'મને જરા સ્વસ્થ થવા દે. કાલે રાત્રે હું ચાળીસ સિગારેટ પી ગયેલો' તેણે નોટ બહાર કાઢી. ખરેખર એ ખૂબ જ દળદાર હતી. એ નોટ મૂકીને જવા કહેવાનો વિચાર મને આવ્યો પણ પછી મેં ઊપસેલી નસવાળા એના નિસ્તેજ કપાળ સામે જોયું. તેની સાવ ભંગાર, ચોળાઈ ગયેલી નેકટાઇ સામે જોયું અને કહ્યું : 'ભલે લિયો તોલ્સ્તોય, જ્યારે તું આત્મકથા લખે ત્યારે મને યાદ કરજે.'

મિશ્કાએ હસીને જવાબ આપ્યો : 'હત્ ગધેડા, તને મારી મિત્રતાની કોઈ કિંમત જ નથી.'

હું જરા આરામથી બેઠો. મિશ્કા નોટનાં પાનાં ફંફોસવા લાગ્યો. ઓરડામાં શાન્તિ હતી અને અર્ધા ભાગમાં અંધારું હતું.

મિશ્કા કહેવા લાગ્યો : 'આ વાર્તામાં મેં કંઈક નવું કરવાનો પ્રયત્ન કર્યો છે. અદ્ભુતનાં આવરણમાં થોડુંક છુપાવી દીધું છે. પુષ્કળ નાજુકાઈ, અસ્પષ્ટતા, વ્યંજના.....'

મેં કહ્યું : 'એ બધી વાત જવા દે. વાંચવા માંડ.'

તેણે શરૂઆત કરી. મેં ધ્યાનપૂર્વક સાંભળ્યું પણ એ ખૂબ જ અઘરું હતું : વાર્તા કચરા જેવી અને કંટાળાજનક હતી. એક સેલ્સમેન કોઈ નાચનારીના પ્રેમમાં પડયો અને આખોય વખત છોકરીના મકાનની બારી આગળ પડ્યો ને પાથર્યો રહેવા લાગ્યો. તે છોકરી નાસી ગઈ અને પોતાની પ્રણયસૃષ્ટિના અદૃશ્ય થઈ જવાથી તે નિરાશ થઈ ગયો.

બહુ જલદી મેં સાંભળવાનું બંધ કરી દીધું. વાર્તાના શબ્દો કંટાળાજનક, ચીલાચાલુ, લાકડાના પોલિશ કરેલા કાઉન્ટર જેવા સુંવાળા હતા. એમાંથી કશો અર્થ નીકળતો ન હતો – કોણ જાણે બંને પાત્રો કેવા પ્રકારનાં હતાં.

મેં મિશ્કા સામે જોયું. તેની આંખો તાપણા સામે હતી. સિગારેટ ઓલવાઈ ગઈ એટલે આંગળીઓ વચ્ચે જ કચડી નાખી. ખૂબ જ સાંકડો અને આગળથી ટૂંકો તેનો નિસ્તેજ ચહેરો, તેનું પીળું અને આગળ આવેલું લાંબું નાક, તેના જાડા રાતાપીળા હોઠ - આ બધાં અંગ તેજસ્વી બન્યાં અને ધીમે ધીમે તેના ચહેરા પર દૃઢતા છવાઈ અને સર્જનની આત્મવિશ્વાસુ લાલાશથી ઉત્સાહ વ્યાપી ગયો.

તેણે માથું દુઃખી જાય એટલી બધી ધીમે ધીમે વાર્તા વાંચી, વાર્તા પૂરી કર્યા પછી નોટ ગમે તેમ ખિસ્સામાં ઘુસાડી અને મારી સામે જોયું....

મેં હળવેકથી કહ્યું : 'જો મિશ્કા, આના પર થોડો વિચાર કરવો જોઈએ. વિચાર ખૂબ જ મૌલિક છે, લખાણમાં નાજુકાઈ છે....પણ જે રીતે તેં વાર્તા લખી છે....તેને થોડી મઠારવી જોઈએ...'

'આ વાર્તા હું ત્રણ વરસથી લખતો આવ્યો છું. વચ્ચે થોડી નબળી કડીઓ છે પણ

વાર્તાને સમગ્ર રીતે તપાસતાં...' તેણે જવાબ આપ્યો.

તેને અચાનક કંઈ થયું. તેનો હોઠ ધ્રૂજી ઊઠ્યો, તેણે ખભા ઉલાળ્યા અને સિગારેટ સળગાવતાં સળગાવતાં આખો જનમારો વિતાવી દીધો.

હું બોલ્યો : 'મિશ્કા, તેં ખૂબ જ સરસ વાર્તા લખી છે. છતાં તેમાં થોડી ટેકનિકની ઊણપ છે. ખરેખર તારા ભેજામાં શું અદ્ભુત ભર્યું છે.'

મિશ્કાએ ડોકું ફેરવ્યું, મારી સામે જોયું. તેની આંખો બાળકની આંખો જેવી હતી, પ્રેમાળ તેજસ્વી અને આનંદિત.

તેણે કહ્યું : 'ચાલ બહાર જઈએ, અહીં આગળ અકળામણ થાય છે.'

શેરીઓ સૂની અને અંધારી હતી.

મિશ્કાએ મારો હાથ જોરથી દબાવ્યો અને કહ્યું : 'હોવી જોઈએ એટલી મને ખાતરી છે કે મારામાં પ્રતિભા છે. મારો બાપ મને નોકરી શોધી કાઢવા કહે છે. હું કશું બોલતો નથી. શરદ ઋતુમાં મારા માટે પેટ્રોગ્રેદ છે. સુખોતીન બધું ઠીક કરી દેશે.'

તે અટક્યો અને પૂરી થવા આવેલી સિગારેટ વડે બીજી સિગારેટ સળગાવી અને શાંતિથી વાત તેણે આગળ ચલાવી : 'કોઈ વખત તો દુઃખ પહોંચાડે તેવી પ્રેરણા હું અનુભવું છું. તે વખતે મને ખબર હોય છે કે હું જે કરું તે સાચું કરું છું. મને ઊંઘ આવતી નથી. આખો વખત દુઃસ્વપ્ન આવ્યા કરે છે અને મારી સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ જાય છે. ઊંઘ આવતાં પહેલાં ત્રણેક કલાક પથારીમાં તરફડિયાં મારું છું. સવારે મારું માથું ભયંકર વેદનાથી ફાટું ફાટું થઈ ઊઠે છે. હું રાત્રે જ લખી શકું છું. ત્યારે આજુબાજુ કોઈ હોય પણ નહીં. ચારે બાજુ શાંતિ હોય અને મારામાં પ્રેરણા સમાતી ન હોય. દોસ્તોએવ્સ્કી પણ રાતે જ લખતો હતો અને પાસે હોય તો વાટકે વાટકે એ ચા પીતો પણ મારી પાસે માત્ર સિગારેટ જ છે.... તારે મારા ઓરડામાં ધુમાડો જોવો જોઈએ.'

અમે મિશ્કાના ઘેર પહોંચ્યા. તેના ચહેરા પર શેરીના દીવાનું તેજ પડતું હતું. તે ચહેરો આતુર, પાતળો, ઊજળો અને સુખી હતો.

'આપણે તેમને બતાવી આપીશું. જહન્નમાં જાય એ.' તેણે કહ્યું અને મારો હાથ વધુ જોરથી દાબ્યો. 'પેટ્રોગ્રેદમાં લોકોને બધું જ મળે છે.'

મેં કહ્યું : 'એ સાચું મિશ્કા, પણ કામ તો કરવું જોઈએ.'

તેણે મુક્ત રીતે હસતાં ગૌરવભેર જવાબ આપ્યો : 'સાશ્કા, હું મૂરખ નથી. મને બધી જ ખબર છે, ચિંતા ન કરીશ. હું દિવાસ્વપ્નમાં નથી રાચતો. આવતી કાલે આવજે. આપણે ફરી તપાસી જઈશું.'

'સારું, આવીશ.' મેં કહ્યું.

અમે જુદા પડયા. હું ઘેર પાછો ગયો. ભયંકર ખિન્નતા મને ઘેરી વળી.

અનુ. શિરીષ પંચાલ

ભીંત

જ્યાં પોલ સાર્ત્ર

એમણે એક વિશાળ સફેદ ખંડમાં અમને ધકેલ્યા અને હું આંખો ઉઘાડમીંચ કરવા માંડ્યો, કારણ પ્રકાશ મારી આંખોમાં ભોંકાતો હતો. પછી મેં એક ટેબલ અને ટેબલની પાછળ બેઠેલા ચાર માણસો જોયા, બિનલશ્કરી માણસો કાગળિયા પર નજર ફેરવતા. પાછલા ભાગમાં કેદીઓનું બીજું એક ઝોલું એમણે જમાવેલું ને અમારે એમાં ભળવા આખો ખંડ ઓળંગીને જવું પડ્યું. હું ઓળખતો હતો એવા કેટલાય હતા અને બીજા કેટલાક પણ હતા તે તો વિદેશીઓ જ હશે. મારી સામેના બે જણા રતૂંમડા વાળ ને ગોળ મુંડવાળા હતા; બેય સરખા દેખાય. મેં ધાર્યું : ફ્રેંચ હોવા જોઈએ. નાનો એનું પેન્ટ ઊંચું ખેંચ ખેંચ કરતો હતો; ગભરાટ.

એ લગભગ ત્રણ કલાક ચાલ્યું. મને ચક્કર આવતાં હતાં ને માથું ખાલી ખાલી લાગતું હતું, પણ ખંડ સારી પેઠે ગરમાવેલો હતો અને મને એ ઠીક મઝાનું લાગ્યું, કેમકે છેલ્લા ૨૪ કલાકથી અમે ધ્રૂજ્યા જ કરતા હતા. રક્ષકો કેદીઓને વારાફરતી ટેબલ સામે ખડા કરતા. પેલા ચાર જણ દરેકને એનું નામ ને ધંધો પૂછતા. ઘણું ખરું તો એથી આગળ ન જતા – અથવા એ લોક એમ જ વચવચમાં પૂછી પાડતા, 'દારૂગોળાની બાળઝાળમાં તમે સંડોવાયેલા કે ?' અથવા '૯મીએ સવારે ક્યાં હતા ને શું કરતા હતા ?' એ લોક જવાબ સાંભળતા નહીં અથવા તો કમ-સે-કમ નહીં સાંભળવાનો ડોળ કરતા. એ લોકો ઘડીકમાં સાવ ચૂપ થઈ ગયા અને પછી આંખની બરાબર સામે નજર માંડીને લખવા માંડ્યું. એમણે ટોમને પૂછ્યું કે એ આંતરરાષ્ટ્રીય દળમાં હતો એ ખરું કે : ટોમ બીજું કહી શકે તેમ નહોતો. એમણે એના ખીસામાંથી કાગળિયાં પકડેલાં એટલે એમણે જુઆનને કશું ન પૂછ્યું પણ એણે પોતાનું નામ કહ્યું પછી ક્યાંય સુધી લખ લખ કર્યું.

'અરાજકતાવાદી તો મારો ભાઈ જોસે છે.' જુઆને કહ્યું, 'એ હવે કંઈ અહીં નથી રહેતો તે તો તમને ખબર છે. હું કોઈ પક્ષમાં નથી. મારે રાજકારણ સાથે કદી કશી નિસ્બત નહોતી.'

એમણે જવાબ ના આપ્યો. જુઆને આગળ ચલાવ્યું, 'મેં કશું જ નથી કર્યું. બીજા કોઈને ખાતર મારે દંડાવું નથી.'

એના હોઠ ફફડતા હતા. રક્ષકે એને ચૂપ કરી દીધો ને લઈ ગયો. મારો વારો આવ્યો.

'તમારું નામ પાબ્લો ઇબ્બિયેટા ?'

'હા'

પેલાએ કાગળિયાં પર નજર કરીને મને પૂછ્યું, 'રેમાં ગ્રિસ ક્યાં છે ?'

'મને ખબર નથી.'

'તમે એને ૬ઠ્ઠીથી ૧૯મી સુધી તમારા ઘરમાં સંતાડેલો.'

'ના.'

એમણે એક મિનિટ સુધી લખ્યું અને પછી રક્ષકો મને બહાર લઈ ગયા. રવેશમાં ટોમ અને જુઆન બે રક્ષકોની વચ્ચે રાહ જોતા ઊભા હતા. અમે ચાલવા માંડ્યું. ટોમે એક રક્ષકને પૂછ્યું, 'તો ?'

'તો શું ?' રક્ષકે કહ્યું.

'એ ઊલટતપાસ હતી કે સજા ?'

'સજા' રક્ષક બોલ્યો.

'એ લોકો અમારું શું કરશે હવે ?'

રક્ષકે કોરોકટ જવાબ આપ્યો, 'સજા તમારી કોટડીમાં વાંચી સંભળાવશે.'

હકીકતે અમારી કોટડી એ મૂળે હૉસ્પિટલનું એક ભંડકિયું હતું. પવનના ઝપાટાને કારણે ત્યાં શીતળ ટાઢ હતી. અમે આખી રાત ધ્રૂજતા અને દહાડે પણ કાંઈ બહુ ફેર પડતો નહીં. તે પહેલાના પાંચ દહાડા તો મેં એક મઠની ખોલીમાં ગાળેલા. ભીંતમાં જ ભંડારિયું કાઢેલું, છેક મધ્યયુગના વારાનું જ હશે. કારણ કેદીઓ સંખ્યાબંધ હતા અને જગ્યાનાં સાંસાં હતાં, એટલે એ લોકો અમને ગમે ત્યાં પૂરી દેતા. મને ખોલીની ખોટ ન સાલી; અહીં ટાઢથી તો હદ ત્રાસ્યો, પણ ત્યાં હું એકલો હતો અને લાંબે વખતે એ ભારે સતાવે છે. ભંડારિયામાં તો સાથ હતો. જુઆન ભાગ્યે કદી બોલતો : એ બીતો હતો ને હજી તો ઊગીને ઊભો થતો હતો, કહેવાનું હોય શું ? પણ ટોમ સારો વાતોડિયો હતો અને એને સ્પેનિશ સરસ આવડતું.

ભંડકિયામાં એક પાટલી હતી ને ચાર ચટાઈ હતી. એ લોક અમને પાછા લઈ ગયા પછી અમે બેઠા ને મૂંગામૂંગા રાહ જોવા લાગ્યા. એક લાંબી પળ પછી ટોમ બોલ્યો, 'આપણે તો સપડાયા.'

'મનેય એમ જ લાગે છે.' મેં કહ્યું, 'પણ હું નથી માનતો આ છોકરાને કંઈ કરે.'

'એની સામે એમની પાસે છે શું ?' ટોમ બોલ્યો. 'એ એક લોકસૈનિક ભાઈ છે, બસ એટલી જ વાત છે તે ?'

મેં જુઆન સામું જોયું : એ સાંભળતો લાગ્યો નહીં. ટોમે આગળ ચલાવ્યું,

‘સારાગોસામાં એ લોકો શું કરે છે, ખબર છે ? માણસને રસ્તા પર પાડી નાંખે ને ઉપર ટ્રકો દોડાવી દે. એક મોરોક્કોના ભાગેડુએ અમને કહ્યું, એ લોક કહેતા કે એ રીતે દારૂગોળો બચે છે.’

‘એ રીતે પેટ્રોલ ન બચે પણ,’ મેં કહ્યું.

મને ટોમ પર ચીડ ચડી. એણે આ વાત નહોતી કરવી જોઈતી.

‘ઉપરથી એ રસ્તા પર અફસરો આંટો મારે.’ એણે બધા પર નજર રાખવા. ખીસામાં હાથ ખોસીને સિગારેટ ફૂંકે. શું ધારે છે, એ લોક પેલાવને પૂરા કરી નાખતા હશે ? ઊંહું, ભાડમાં જાય સાલા. એ લોક તો એમને ચીસો પાડવા દે. કેટલીકવાર તો ખાસ્સો આખો કલાક. પેલો મોરોક્કન કહેતો’તો પહેલી વાર તો બદમાશ, ઊલટી થતી રહી.’

‘હું નથી ધારતો કે એ લોક અહીં એવું કરે.’ મેં કહ્યું, ‘સિવાય કે એ લોક પાસે ખરેખર જ દારૂગોળો ખૂટ્યો હોય.’

ચાર વા-બારીઓમાંથી અને એમણે છતમાં ડાબે પડખે પાડેલા બાકોરામાંથી દિવસ અંદર આવતો હતો અને તમે નજર કરો તો એમાંથી આકાશ પણ દેખાય. આ બાકોરાને ઘણુંખરું તો ઢાંકણાંથી બંધ રાખવામાં આવતું, પણ તેમાંથી એ લોકો ભંડકિયામાં કોલસો ઠાલવતા. બાકોરાની બરાબર હેઠળ કોલસીનો એક મોટો ઢગલો હતો; હોસ્પિટલમાં ભઠ્ઠીઓ બાળવામાં એ વપરાતો, પણ લડાઈ શરૂ થઈ ત્યારથી રોગીઓને ઉચાળા ભરાવ્યા હતા અને કોલસી ત્યાં જ વણચપરાઈ પડી હતી; કેટલીક વાર તો ઢાંકણું દેવાનું રહી જતું એટલે ઉપર વરસાદ પણ પડી ચૂક્યો હતો.

ટોમ ધ્રૂજવા લાગ્યો. ‘હે ભલા ઈસુ ભગવાન, હું તો ટાઢો પડી ગયો છું.’ એ બોલ્યો. ‘આ પાછી કંપારી શરૂ થઈ.’

એણે ઊભા થઈને કસરત કરવા માંડી. દરેકે દરેક હલનચલન વખતે એનું ખમીસ ઝૂલતું ને એની ગોરી વાળભરી છાતી દેખાતી, એ ચતોપાટ સૂઈ ગયો, પણ ઊંચા કર્યા અને સાઈકલ ચલાવી. મેં એના જબરા ધડને ધ્રૂજતું જોયું. ટોમ હતો એકવડા બાંધાનો છતાં એને ડિલે ચરબી ઘણી હતી. રાઈફલની ગોળીઓ કે બેયોનેટો આ કુમળા માંસમાં જાણે માખણનો લોંદો હોય તેમ તરતમાં જ કેવી ખૂંપી જશે એનો મને વિચાર આવ્યો. જો પાતળો હોત તો મને એનું ડિલ જોઈ આવી લાગણી ન થઈ હોત.

હું ટાઢો પડી ગયો હતો એમ તો ન કહેવાય, પણ મને હવે મારા હાથ ને ખભા જુદા પડી ગયેલા લાગતા હતા. વચવચમાં વળી મને એવી લાગણી થઈ આવતી કે મારું કશુંક ખોવાય છે અને હું આસપાસ નજર કરીને મારો કોટ શોધતો અને પછી અચાનક મને યાદ આવતું કે એ લોકોએ મને કોટ તો આપ્યો જ નહોતો. હાલત જરા કફોડી હતી. એ લોકોએ અમારાં કપડાં ઉતારીને પોતાના સૈનિકોને આપી દીધેલાં. અમારાં અંગ પર એકલાં પહેરણ રહેવા દીધેલાં અને પેલાં કંતાનનાં પેન્ટ જે હોસ્પિટલના દરદીઓ ઉનાળાની અધવચ પહેરે છે તે. થોડી વાર પછી ટોમ ઊભો થયો અને મારે

એણે અમારી સામે ઈંગ્લિશ સિગરેટો અને ચિરૂટ ધર્યા, પણ અમે ના પાડી. મેં એની આંખોમાં નજર પરોવી અને એ ચિડાયો લાગ્યો. મેં એને કહ્યું, 'તમે અહીં કોઈ દયાના માર્યા નથી આવ્યા. અને વધુમાં હું તમને ઓળખું છું. હું પકડાયો તે દિવસે મેં તમને ફાસિસ્ટો ભેગા બરાકના વાડામાં જોયેલા.'

હું આગળ બોલવા જતો હતો, પણ ત્યાં મને કશુંક આશ્ચર્યકારક અચાનક થયું, આ દાક્તરની હાજરીમાંથી મારો રસ એકાએક ઊડી ગયો. સાધારણ રીતે હું કોઈના પર તૂટી પડું છું ત્યારે એમ જતું કરતો નથી. પણ બોલવાની બધી ઇચ્છા જ સદંતર નાસી ગઈ, મેં ખભા હલાવ્યા ને નજર ફેરવી લીધી, થોડી વાર પછી મેં માથું ઊંચું કર્યું; એ મને જિજ્ઞાસાથી ટીકી રહ્યો હતો. રક્ષકો ચટાઈ પર બેઠા હતા, ઊંચો ને પાતળો પેદ્રો એના અંગૂઠા મસળતો હતો અને બીજો ઝોકું ન આવી જાય એટલા માટે થોડી થોડી વારે માથું ધુણાવ્યા કરતો હતો.

'તમારે બત્તી જોઈએ કે ?' પેદ્રોએ અચાનક દાક્તરને પૂછ્યું. પેલાએ હા પાડી : મને થયું કે એ ઢીમચા જેટલો જ હોંશિયાર તો હતો, પણ એ કંઈ ખરાબ તો નહોતો. એની ટાઢી ભૂરી આંખોમાં નજર કરતાં મને લાગ્યું કે એનું એક માત્ર પાપ હતું કલ્પનાશક્તિનો અભાવ. પેદ્રો બહાર ગયો ને એક ચીમની લઈને પાછો આવ્યો ને ચીમની પાટલીને એક છેડે મૂકી. એમાંથી માંડમાંડ અજવાળું પડતું હતું, પણ કશું નહોતું તે કરતાં સારું હતું : આગલી રાતે તો તેમણે અમને અંધારે જ રાખેલા. ક્યાંય સુધી તો હું એ ચીમનીથી છત પર અજવાળાનું કૂંડાળું પડતું હતું તે જોઈ રહ્યો. મને એમાં ઘણો રસ પડી ગયો ત્યાં તો અચાનક હું જાગી ગયો. અજવાળાનું કૂંડાળું અલોપ થઈ ગયું અને મને લાગ્યું કે જાણે હું ગંજાવર બોજા હેઠળ કચડાઈ રહ્યો છું, એ કંઈ મોતનો વિચાર કે ભય નહોતો એ કશૂંક નામ વગરનું હતું. મારા ગાલ બળવા માંડ્યા અને માથું દુખવા માંડ્યું.

મેં શરીર ઝાટકી નાંખ્યું અને મારા મિત્રો ભણી નજર કરી. ટોમે એનો ચહેરો બે હાથમાં ઢાંકી દીધો હતો. મને એની જાડી ધોળી ડોકીનો મરોડ ફકત દેખાતો હતો. નાનકડા જુઆનની દશા સહુથી ખરાબ હતી. એનું મોં ઉઘાડું હતું ને એનાં નસકોરાં થથરતાં હતાં. દાક્તર એની પાસે ગયો અને એને સાંત્વન આપવા એને ખભે હાથ મૂક્યો, પણ એની આંખો ટાઢી જ રહી. પછી મેં જોયું તો એ બેલ્જિયનનો હાથ ચૂપકેથી જુઆનના હાથ પરથી સરતો સરતો એના કાંડા પર જઈ પહોંચ્યો. જુઆને કશું ધ્યાન ન આપ્યું. બેલ્જિયને એનું કાંડું ત્રણ આંગળી વચ્ચે કેમ જાણે બેધ્યાનપણે લીધું અને તે જ વખતે સહેજ પાછો હઠીને મારા ભણી પૂંઠ ફેરવીને ઊભો. પણ મેં પાછળ નમીને જોયું તો એ એના ખિસ્સામાંથી ઘડિયાળ કાઢીને થોડી વાર જોઈ રહેલો. એ બધો વખત કાંડું તો એણે છોડયું જ નહોતું. એક મિનિટ પછી એણે હાથને અચેત દશામાં પડતો મૂક્યો અને જઈને ભીંતસરતો અઢેલીને ઊભો. પછી, કેમ જાણે એને કશુંક ખૂબ અગત્યનું ટપકાવી લેવાનું સાંભરી આવ્યું હોય તેમ ખિસ્સામાંથી ડાયરી કાઢીને લીટીઓ લખી લીધી. 'બદમાશ,' મેં ગુસ્સાભેર વિચાર્યું,

'બંટમજી આવીને મારી નાડીને હાથ તો અડાડે. એના ગંધાતા ડાચામાં મુક્કો ના ઝીંકું તો હું નહીં.'

એ કંઈ આવ્યો નહીં, પણ એ મને ધારીધારીને જોતો હતો એમ મને લાગ્યું. મેં માથું ઊંચું કર્યું અને વળતી એની સામે નજર માંડી. જાણે કશું વ્યક્તિગત ન હોય તેમ એણે મને કહ્યું. 'અહીં તમને ટાઢ જેવું નથી લાગતું ?' એને ટાઢ વાતી જણાતી હતી, એ ભૂરો દેખાતો હતો.

'મને ટાઢ નથી વાતી.' મેં એને કહ્યું.

એણે એની સખત આંખો મારા પરથી ન જ ખસેડી. અચાનક મને સમજ પડી અને મારા હાથ મારા મોં પર ફરી વળ્યા. હું પરસેવે રેબઝેબ થઈ ગયો હતો. આ ભંડકિયામાં, ભરશિયાળે, સૂસવતા વાયરા વચ્ચે, મને પસીનો છૂટતો હતો. મેં વાળમાં હાથ ફેરવ્યો; એ પસીનાથી ગુંદરની જેમ ચોંટી ગયા હતા. તે જ વખતે મેં જોયું કે મારું ખમીસ ભીંજાઈને મારી ચામડી સાથે ચોંટી ગયું હતું : કલાક થયા. હું નીતરતો હતો અને મને ખબરે નહોતી પડી. પણ પેલો બેલ્જિયન સુવ્વર, એણે રજેરજ જોયું હતું; એણે મારા ગાલ પરથી દદડતાં ટીપાં જોયાં હતાં અને વિચાર કર્યો હતો. ભયભીતતાની લગભગ 'પેથોલોજિકલ' હાલતનાં ચિહ્નો પ્રકટ થયાં કહેવાય; અને એણે તે વખતે પોતાને ટાઢ વાતી હતી તેથી પોતે કેવો 'નોર્મલ' અને જીવતોજાગતો છે તેનું ગૌરવ અનુભવ્યું હતું. મને ઊભા થઈ જઈને એનું ડાચું ભાંગી નાંખવાનું દિલ થઈ આવ્યું. પણ હજી તો આંગળી હલાવું ત્યાં તો મારો ક્રોધ અને શરમ ક્યાંય ધોવાઈ ગયાં. હું પાટલી પર બેતમા થઈને પાછો પડ્યો.

મેં મારું ગળું રૂમાલથી લૂછીને સંતોષ માન્યો, કારણ હવે મારા વાળમાંથી ગળા પર પસીનો ટપકતો લાગતો હતો અને એ બહુ ખરાબ લાગતું હતું. મેં થોડીવારમાં લૂછવાનું પડતું મૂક્યું, નકામી મહેનત હતી, મારો રૂમાલ ક્યારનોય તરબોળ થઈ ગયો હતો. અને હવે તો હજી પસીનો છૂટ્યે જ જતો હતો. મારે ઢગરે પણ પસીનો છૂટતો હતો અને મારું ભીનું પેન્ટ પાટલી પર ચોંટી ગયું હતું. અચાનક જુઆન બોલી ઊઠ્યો, 'તમે દાકતર છો ?'

'જી,' બેલ્જિયને કહ્યું.

'એ બહુ દુ:ખે...બહુ વખત સુધી ?'

'હેં ? ક્યારે...? ઓહો, ના ના,'

બેલ્જિયન જાણે એનો બાપો હોય એમ બોલ્યો. 'જરાયે નહીં. ચપટી વગાડતામાં તો પતી જાય છે.' રોકડેથી માલ લેનાર ઘરાકને ભરોસો પાડતો હોય એ રીતના એના ચાળા હતા.

'પણ હું...મને તો કોઈએ કહ્યું...કોઈ કોઈ વાર તો બબ્બે વાર ગોળીબાર કરવો પડે છે.'

'કોઈક જ વાર,' બેલ્જિયને ડોકું ધૂણાવતાં કહ્યું, 'એમ બને કે પહેલો બાર કોઈ મર્મઘાતક ભાગ સુધી ન પહોંચ્યો હોય.'

'તે વખતે એમણે પાછી બંદૂકો ભરીને નવેસરથી નિશાન લેવું પડે કે ?' જુઆને થોડી વાર વિચાર કર્યો અને પછી ઘોઘરે અવાજે ઉમેર્યું, 'એમાં તો ટાઇમ જાય ! '

એને કષ્ટાવાની બીક ગજબની હતી. એ ફક્ત એ એક જ વાતનો વિચાર કર્યા કરતો હતો; એની ઉમરને લઈને, મને એનો બહુ વિચાર આવતો જ નહોતો અને મને પસીનો છૂટતો હતો તે કષ્ટાવાની બીકનો માર્યો નહીં.

હું ઊભો થયો અને કોલસીના ઢગલા ભણી ચાલ્યો. ટોમ હબકીને ઊભો થઈ ગયો અને મારા ભણી ખીજથી જોવા લાગ્યો : મારા જોડા ચૂંચૂં કરતા હતા તેથી એ છેડાઈ પડ્યો હતો મને થતું હતું કે મારો ચહેરો પણ એના જેવો જ છળી ગયેલો લાગતો હશે કે : મેં એને પણ પસીનો પસીનો થઈ જતાં જોયો હતો. આકાશ તો કમાલનું હતું. એ અંધારિયે ખૂણે ચાંગળુંયે અજવાળું ચળાઈ આવતું નહોતું અને હંસ નક્ષત્ર જોવા માટે ફક્ત માથું ઊંચું કરવાની જ વાર હતી. પણ અગાઉ જેવી મજા નહોતી. આગલી રાતે તો મારી પેલી મઠવાળી કોટડીમાંથી આકાશ ખાસ્સું એવું દેખાતું હતું અને દિવસે તો કલાકે કલાકે નવી નવી યાદદાસ્ત તાજી થતી હતી, સવારે, આકાશ કઠણ ને આછું ભૂરું હોય ત્યારે મને આટલાંટિકની ચોપાટીઓ સાંભરતી; બપોરે સૂરજ નજરે ચડતો અને મને સેવિલ્લેની હોટલ સાંભરી આવતી, જ્યાં હું 'મંઝન્નિલ્લા' ગટકાવતો અને ઓલિવ ને એન્કોવીનાં લૂમખાં ઝાપટતો; સાંજ પડે છાંયડા નમતા ત્યારે મને આખલાને જ્યાં લડાવતા તે અગ્ગડ સાંભરતું, જ્યાં અડધા ભાગ પર છાયાઓ પથરાતી અને બાકીનો અડધો તડકામાં કેમ જાણે થરકતો; આકાશમાં એ રીતે આખી દુનિયાની છબીઓ જોવાનું ખરેખર કપરું લાગતું. પણ હવે તો હું મન ફાવે તેટલો વખત આકાશમાં આંખો માંડી રાખું ને, મારા દિલમાં હવે કશું જ નહોતું થતું. મને એ વધુ ગમ્યું. હું પાછો આવીને ટોમની પાસે બેઠો. એક લાંબી પળ નીકળી ગઈ.

ટોમે હલકે અવાજે બોલવા માંડ્યું. એને બોલ્યા વિના છૂટકો નહોતો, તે વિના એ એના પોતાના મનમાં પણ પોતાની જાતને ઓળખી શકત નહીં. મેં ધાર્યું કે એ મને કહેતો હતો પણ એ મારી સામે કાંઈ જોતો નહોતો. પસીનાથી લથપથ ને ભૂખરા પડી ગયેલા મારા દેદાર સામે નજર માંડતાં એને બીક લાગતી હતી એમાં શંકા નહીં. અમે બંને સરખી દશામાં હતાં અને એકબીજાના ચાટલાં કરતાંય ભૂંડા હતા. એ પેલા બેલ્જિયનને નીરખી રહ્યો, જીવતા જણને.

'તને સમજ પડે છે ?' એણે કહ્યું. 'મને નથી પડતી.'

હું પણ હલકે અવાજે બોલવા મંડ્યો.

હું પેલા બેલ્જિયનની સામે ટીકી રહ્યો. 'કેમ ? શું મામલો છે ?'

'આપણને કંઈક થવાનું છે, ને તે મને સમજાતું નથી.'

ટોમના ડિલમાંથી કશીક વિચિત્ર વાસ આવતી હતી. મને થયું કે મારું નાક હતું તે કરતાં વધારે તેજ થઈ ગયું હતું. ઝીણી ઝીણી બધી ગંધ પકડતું હતું. મેં દાંત કાઢ્યા.' થોડી વારમાં તને સમજ પડશે.'

'એ સ્પષ્ટ છે જ નહીં.' એણે જકપૂર્વક કહ્યું. 'મારે બહાદુર થવું છે, પન પહેલાં મારે જાણી લેવું પડે. સાંભળ, એ લોકો આપણને કમ્પાઉન્ડમાં લઈ જઈ જવાના. પછી એ લોકો આપણી સામે ખડા થઈ જવાના. કેટલા હશે ?'

'ખબર નહીં. પાંચ કે આઠ. વધારે નહીં.'

'અચ્છા. આઠ હશે. કોઈક બરાડશે 'નિશાન લો !' અને મને આઠ રાઈફલો મારા ભણી તાકતી દેખાશે. મને થશે કે આ ભીંતની અંદર ગરી જવાય તો કેવું સારું. હું પીઠથી એને ધક્કો દઈશ....મારી છાંટેછાંટો શક્તિ ખરચીને, પણ ભીંત નહીં ખસે, સનેપાતમાં થાય છે તેમ. હું એ બધી કલ્પના તો કરી શકું છું.'

'બહુ થયું. બહુ થયું !' હું બોલ્યો, 'હુંયે કલ્પના કરી શકું છું.'

'નક્કી નરક જેવી પીડા થતી હોવી જઈએ. ખબર છે ને, એ લોકો તમને બેડોળ કરી નાંખવા માટે આંખો અને મોં પર જ નિસાન લે છે.' એણે યંત્રવત્ ઉમેર્યું. 'હું તો અત્યારથી જ ઘા થયેલા અનુભવી શકું છું. છેલ્લા એક કલાકથી મારા માથામાં ને ગળામાં ચસકા મારે છે. ખરેખરના ચસકા નહીં, તેથી ભૂંડા. કાલે સવારે એવી જ પીડા ખમવી પડવાની છે. અને પછી શું ?'

એના કહેવાનો મતલબ હું બરાબર સમજતો હતો પણ હું તે સમજતો હોઉં તે રીતે મારે વર્તવું નહોતું, મને પણ ચસકા મારતા હતા, નાના નાના છરકા આખે ડિલે પડ્યા હોય તેમ અંગે અંગે ચટકા ઊઠતા હતા. મને એ કેમેય કોઠે પડતા નહોતા, પણ હું એના જેવો નહોતો. હું એને કંઈ બહુ ગણતરીમાં લેતો નહોતો. 'પછી.' મેં કહ્યું, 'પછી તું ડેઈઝીનાં ફૂલને હેઠેથી ઉપર ધક્કો દેતો હોઈશ.'

એણે સ્વગત જ બબડવા માંડ્યું. બેલ્જિયન ઉપરથી તો એની નજર ખસતી જ નહોતી. બેલ્જિયન સાંભળતો લાગતો નહોતો. એ શું કરવા આવ્યો હતો તે હું સમજી ગયો હતો; અમે શું વિચાર કરતા હતા એમાં એને રસ નહોતો, એ તો અમારાં શરીરનું નિરીક્ષણ કરવા આવેલો. શરીર હજી જીવતાં હોય ત્યારે સંતાપમાં કેવાં તરફડી તરફડીને મરે છે તે જોવા.

'સનેપાતના સપના જેવું છે એ તો.' ટોમ કહેતો હતો.

'તમારે કંઈક વિચાર કરવો છે, તમે કાયમ એવા જ ખ્યાલમાં રહો કે બધું બરાબર છે. તમને હમણાં સમજ પડી જશે. અને ત્યાં તો એ હાથમાંથી છટકી જ જાય છે. એ તમને હાથતાળી દઈને અલોપ થઈ જાય છે. હું મનને મનાવું છું કે પછી કશું જ નહીં હોય. પણ એનો મતલબ શો તે મને કંઈ સમજાતું નથી. કેટલીક વાર મને થાય છે કે આ સમજાયું....અને ત્યાં તો એ પાછું અલોપ થઈ જાય છે અને વળી પાછું મારા મનમાં કેવું કષ્ટ પડશે તેના વિચાર ઘોળાવા લાગી જાય છે. ગોળીઓ, ધડાકા વગેરે. હું જડવાદી છું. તારી સામે સોગંદ પર કહું છું. મારું ખસી ગયુંયે નથી, પણ કશુંક થયું છે. હું મારું મરણ જોઉં છું. એ કંઈ કપરું નથી. પણ જોનાર હું છું. મારી સગી આંખે જોનાર. મારે

વિચાર કરવો જ પડશે. એ વાતનો વિચાર કરવો પડશે કે હવે પછી હું કશું જ નહીં જોઉં અને દુનિયા બીજા લોકો માટે તો ચાલ્યા જ કરશે ! પાબ્લો, એનો વિચાર કરવા જેવું આપણું ઘડતર નથી થયું. આખી રાત કશાકની વાટ જોતાં જાગતા પડ્યા રહેવાનો અનુભવ છે. પણ આ કંઈ તેના જેવું નથી. આ તો જાણે આપણે વાંસે કીડાની જેમ ચડે છે પાબ્લો, અને આપણે એને માટે મનથી તેયાર નહીં થઈ શકીએ.'

'ચૂપ કર.' હું બોલ્યો, 'બોલ, તારે માટે પાદરી બોલાવી આપું ?'

એણે જવાબ ન આપ્યો. એનામાં પેગમ્બરના ચાળા તો મને ક્યારનાય વરતાવા માંડ્યા હતા. અને એ મને પાબ્લો કહીને બોલાવતો હતો, બસૂરા સાદે. મને એ ગમ્યું નહીં; પણ લાગે છે કે બધા જ આઇરિશો એ જાતના હોય છે. મારા મનપર ઝાંખી ઝાંખી છાપ પડતી હતી કે એ પેશાબથી ગંધાતો હતો. મૂળ મુદ્દે મને કાંઈ ટોમ માટે બહુ સહાનુભૂતિ નહોતી અને ભેગા મરવાના હતા એ બહાના હેઠળ વધારે સહાનુભૂતિ સેવવાનું મને કશું કારણ દેખાતું નહોતું. બીજા કોઈની ભેગો હોત તો વાત કદાચ જુદી પણ હોત. દાખલા તરીકે રેમોંગ્રિસ હોત તો. પણ ટોમને જુઆનની વચ્ચે મને લાગતું હતું કે હું એકલો પડી ગયો. ગમે તેમ, એ મને વધુ ગમતું હતું : રેમોંની ભેગો હોત તો હું વધું ઊંડાણથી હલમલી ગયો હોત. પણ બરાબર તે વખતે તો હું ગજબનો કઠણ થઈ ગયો હતો અને મારે કઠણ જ રહેવું હતું.

હું એના શબ્દો વાગોળવા મંડ્યો, મનને રોકી રાખવા માટે હોય લગભગ તેવી રીતે. એ બોલતો હતો તે નક્કી વિચારે ન ચડી જવાય તે માટે જ. એ કોઈ ઘરડા 'પ્રોસ્ટેટ'ના દર્દીની જેમ પેશાબથી ગંધાતો હતો. કુદરતી રીતે જ એની વાતમાં મારી સંમતિ હતી. એણે કહ્યું તે બધું જ હુંયે કહી શકત : મરવું એ કાંઇ કુદરતી તો નહોતું જ. અને હું પોતે મરવાનો જ હતો એટલે મને કશું જ કુદરતી લાગતું નહોતું. આ કોલસીનો ઢગલો કે આ પાટલી કે પેદ્રોનો આ કદરૂપો ચહેરો; કશું જ નહીં પણ ટોમ જે વસ્તુઓનો વિચાર કર્યા કરતો હતો તેની તે વસ્તુઓનો વિચાર કરવાનું મને ગમતું નહોતું એટલું જ. અને હું જાણતો હતો કે રાતભર, દર પાંચપાંચ મિનિટે અમને બેઉને એકીસાથે એકની એક વસ્તુના વિચાર આવ્યા જ કરવાના. મેં ત્રાંસી આંખે એની સામે જોયું ને પહેલી જ વાર એ મને સાવ અજાણ્યો માણસ લાગ્યો. એણે એના મોં પર મોતનો બુરખો ઓઢી લીધો હતો. મારું અભિમાન ઘવાયું. છેલ્લા ચોવીસ કલાકથી હું ટોમને તદ્દન પડખે જીવતો હતો. મેં એનો લવારો સાંભળ્યો હતો. મેં એની સાથે વાતો કરી હતી અને હું જાણી ચૂક્યો હતો કે અમારા બેની વચ્ચે કશું જ સરખું નહોતું, અને હવે અમે બેઉ જોડિયા ભાઈ જેવા સરખા દેખાતા હતા, ને તે ફકત એટલા જ ખાતર કે અમે લોકો ભેગા મરવાના હતા. ટોમે મારી સામે જોયા વિના જ મારો હાથ એના હાથમાં લીધો.

'પાબ્લો, મને નવાઈ લાગે છે... ખરેખર પછી બધું ખતમ થઈ જાય છે એ શું ખરું હશે ?'

મેં મારો હાથ ખેંચી લીધો અને કહ્યું, 'તારા પગ વચ્ચે તો જો, ડુક્કર કંઈનો ?'

એના પગ વચ્ચે મોટું ખાબડું ભરાયું હતું અને એના પેન્ટ વચ્ચેથી ટીપાં પડતાં હતાં.

'શું છે એ ?' એણે ભયભીત થઈને પૂછયું.

'તું પેન્ટમાં મૂતરે છે.' મેં એને કહ્યું.

'ખોટી વાત,' એ ઉશ્કેરાઈને બોલ્યો. 'હું નથી મૂતર્યો. મને કશું જ નથી લાગતું ને.'

બેલ્જિયન અમારી પાસે આવ્યો. એણે બનાવટી નરમાશથી પૂછયું, 'તમને ઠીક નથી લાગતું ?'

ટોમે જવાબ ન આપ્યો. બેલ્જિયને ખાબડા પર નજર કરી અને કંઈ બોલ્યો નહીં.

'એ શું છે હું નથી જાણતો.' ટોમે ક્રોધપૂર્વક કહ્યું.'પણ હું બીતો નથી. સોગંદપૂર્વક કહું છું હું નથી બીતો.'

બેલ્જિયને જવાબ ન આપ્યો. ટોમ ઊભો થયો ને ખૂણામાં પેશાબ કરવા ગયો. બટન ભીડતો બીડતો એ પાછો આવ્યો અને એકે શબ્દ બોલ્યા વિના નીચે બેઠો. બેલ્જિયન ડાયરીમાં ટાંચણ કરતો હતો.

અમે ત્રણે જણ એને તાકી તાકીને જોયા કરતા હતા કારણ એ જીવતો હતો. એના શરીરમાં જીવતા માનવ પ્રાણીનું હલનચલન હતું. જીવતા માનવપ્રાણીની ફિકર-ચિંતાઓ હતી. આ ભંડકિયામાં કોઈ પણ જીવતું પ્રાણી થથરવું જોઈએ તેમ એ થથરતો હતો. એને એક કહ્યાગરું તાજુંમાજું શરીર હતું. બાકીના અમને ભાગ્યે જ અમારાં શરીર છે એમ લાગતું હતું - કમસે કમ એની જેમ તો નહોતું જ લાગતું. હું મારા બે પગ વચ્ચેનું પેન્ટ તપાસી જોવા માંગતો તો હતો પણ હિંમત ન ચાલી. હું પેલા બેલ્જિયનની સામે તાકી રહ્યો. એ એના પગ પર સમતોલ ખડો હતો. એ એના સ્નાયુઓનો ધણી હતો, એ એક એવો જણ હતો જે આવતી કાલનો વિચાર કરી શકતો હતો. ને ત્યાં અમે હતા, ત્રણ લોહી ઊડી ગયેલા પડછાયા. અમે એના તરફ તાકી રહ્યા હતા. અને મેલડીઓની જેમ એની જિંદગીને ચૂસી લેવા કરતા હતા.

છેવટે એ નાનકડા જુઆન પાસે ગયો. એને એના ધંધાકીય કારણોસર જ એની બોચી પર હાથ ફેરવી જોવો હતો કે પછી એ કરુણાના કોઈ ભાવાવેગને વશ વર્તતો હતો ? એણે જો કરુણાથી એમ કર્યું હોય તો એ આખી રાતમાં એ એક જ વાર.

એણે જુઆનના માથા અને ડોક પર હાથ પસાર્યો. છોકરાએ પસારવા દીધો. એની આંખ તો એના પર ચોંટેલી જ હતી. અને પછી અચાનક જ એણે એનો હાથ પકડી લીધો અને એના ભણી વિચિત્ર નજરે જોઈ રહ્યો. એણે બેલ્જિયનનો હાથ પોતાની બે હથેલીઓ વચ્ચે ઝાલ્યો, એ હથેલીઓમાં મઝાનું લાગે એવું કશું જ નહોતું. આ હૃષ્ટપુષ્ટ ને લાલઘૂમ હાથ જાણે બે ભૂખરા ચીપિયા વચ્ચે ઝલાયલો હતો. શું થવાનું હતું. તેનો મને વહેમ પડ્યો હતો અને ટોમને પણ પડયો જ હોવો જોઈએ, પણ પેલા બેલ્જિયનને એ કશું જ

વરતાયું નહોતું, એ એનો બાપો હોય એમ મરકતો હતો. એક પળવાર પછી છોકરાએ એ હૃષ્ટપુષ્ટ હાથ એના મોંની પાસે લીધો ને એના પર બચકું ભરવાનો પ્રયત્ન કર્યો. બેલ્જિયન હાથ ખેંચીને ઝડપથી પાછો હઠી ગયો ને ભીંતે જઈ ને અફળાયો. એક ક્ષણભર તો એ અમારી સામે ત્રાસ પામીને જોઈ રહ્યો. એને અચાનક છેક હવે સમજ પડી હશે કે અમે કંઈ એના જેવા માણસ નહોતા. હું હસવા લાગ્યો અને એક રક્ષક સફાળો ઊભો થઈ ગયો. બીજા ઊંઘતા હતા, ને પેલાની ઉઘાડી પહોળી આંખો કોરીધાકડ હતી.

મને આરામનો અને અતિઉશ્કેરાટનો એકીસામટો અનુભવ થયો. સવાર પડ્યે, મોત વખતે શું થશે એનો હવે જરાયે વધુ વિચાર કરવાનું મને મન નહોતું થતું. એમાં અર્થ નહોતો. મને કાં શબ્દોનાં ફીફાં હાથ આવતાં હતાં ને કાં નરી પોકળતા, પણ હું જેવો બીજા કશાયનો વિચાર કરવા જાઉં કે લાગલી રાઇફલની નળીઓ મારી સામે તકાયેલી દેખાતી. મને ગોળી દેવાતી હોય એવા અનુભવમાંથી હું વીસેક વાર પસાર થયો હોઈશ. એક વાર તો મને એમ પણ લાગી ગયું કે આ તો કાયમ ખાતે ખલાસ જ : નક્કી મને મિનિટેક ઝોકું આવી ગયું હશે. એ લોક મને ભીંત કને ઢસડી જતા હતા અને હું વલખાં મારતો હતો, હું આજીજી કરતો હતો. હું ઝબકીને જાગી ગયો અને પેલા બેલ્જિયન સામે નજર કરી, મને બીક હતી ઊંઘમાં કદાચ મારા મોંમાંથી ચીસ નીકળી ગઈ હોય. પણ એ તો એની મૂંછ પર હાથ ફેરવતો હતો. કશું જ એના ધ્યાનમાં નહોતું આવ્યું. મેં ધાર્યું હોત તો મને લાગે છે હું થોડીવાર ઊંઘી શક્યો હોત. છેલ્લા ૪૮ કલાકથી હું જાગતો હતો. મારી શક્તિનો છેડો આવી ગયો હતો, પણ મારે જિંદગીના બે કલાક ગુમાવવા નહોતા. એ લોક મને સવારે જગાડવા આવે, હું એમની પાછળ પાછળ જાઉં, ઊંઘથી બેફામ જેવો અને મોંમાંથી 'ઊફ' જેટલોયે અવાજ કર્યા વિના હું ડચકું ખાઉં, મને એવું નહોતું ખપતું, મારે જાનવરની જેમ મરવું નહોતું, મારે સમજવું હતું. પછી મને ખરાબ સપનાં દેખાવાની બીક લાગી. હું ઊભો થયો, આમતેમ આંટા માર્યા, અને મારા વિચારો બદલવા માટે મેં મારી પાછલી જિંદગી વિશે વિચાર કરવા માંડ્યા. ટોળાબંધ યાદદાસ્તો ધમાચકડી કરતી મારા પર ધસી આવી. સારી પણ હતી ને ખરાબ પણ હતી – કે ઓછામાં ઓછું અગાઉ હું જેમને સારી કે ખરાબ કહેતો હતો, એમાં ચહેરાઓ હતા અને બનાવો હતા. વેલેન્શિયામાં મેળાના દિવસોમાં સાંઢ સાથે સાઠમારી કરતાં વીંધાઈ ગયેલા એક શિખાઉમલનો ચહેરો મને યાદ આવ્યો. મારા એક કાકાનો ચહેરો યાદ આવ્યો અને રેમોં ગ્રિસનો ચહેરો યાદ આવ્યો. અને મારી આખી જિંદગી યાદ આવી : ૧૯૨૬માં હું ત્રણ મહિના સુધી કામ વિના રઝળ્યો હતો ત્યારે કેવો ભૂખથી રણને કિનારે જઈ પડેલો તે સાંભર્યું. ગ્રેનેડામાં એક પાટલી પર ગાળેલી રાત તાજી થઈ, ત્રણ દિવસનો ભૂખ્યો સૂતો હતો, મને ક્રોધ ચડ્યો, મારે મરવું નહોતું. પણ એનાથી મને હસવું આવ્યું. કેવો ગાંડાની જેમ સુખની પાછળ, સ્ત્રીઓ પાછળ, આઝાદી પાછળ હડીઓ કાઢતો હતો, શું કામ ? મારે સ્પેઈનને આઝાદ કરવું હતું, હું કુ. માર્ગલ પર લટ્ટુ હતો. મેં અરાજકતાવાદીઓની

ચળવલમાં ઝંપલાવ્યું હતું. હું જાહેરસભાઓમાં ભાષણ કરતો હતો. હું દરેકેદરેક વસ્તુને પૂરી ગંભીરતાથી ગ્રહણ કરતો હતો, કેમ જાણે હું અમર ન હોઉં.

તે જ પળે મને લાગ્યું કે મારી આખી જિંદગી મારી આંખસામે હાજર થઈ ગઈ છે અને મારા મનમાં થયું, 'આ ઘોર જુઠાણું છે બધું.' જિંદગી આજે ફૂટી કોડી બરાબર હતી કારણ કે એ ખતમ થઇ રહી હતી. મને નવાઈ લાગતી હતી કે હું કોઈ પણ દહાડો મસ્તીથી ચાલતો હતો તે શું જોઈને અને શું જોઈને છોકરીઓ સાથે ઠઠ્ઠામશ્કરી ઉડાવતો હતો : હું જો આમ જ મરવાનો છું એની મને કલ્પના પણ આવી હોત તો હું મારી ટચલી આંગળી સરખીયે હલાવત નહીં. મારી જિંદગી મારી સામે પડી હતી, બંધ, વાસેલી પેટીની જેમ અને છતાં એની અંદરનું બધું જ પૂરું કર્યા વિનાનું અધૂરું હતું. એક ઘડીભર માટે મેં એની મૂલવણી કરવાની મથામણ કરી. મારે મારી જાતને સધિયારો આપવો હતો : ના, ના, જિંદગી તો મઝાની હતી. પણ હું એની મૂલવણી ના કરી શક્યો, એ તો એક 'સ્કેચ' ફકત હતો. મેં મારો વખત અનંત કાળની છાપનાં બનાવટી સિક્કા પાડવામાં ગાળ્યો હતો. હું કશું જ સમજ્યો નહોતો. મને કશાની ખોટ હવે સાલતી નહોતી ; સાલે એવું તો ઘણું હતું, મુન્ઝન્નિલ્લાની લહેજત કે પછી કેડિઝ પાસે ઉનાળામાં દરિયે નહાવા પડતો તે, પણ મરણે એ તમામની મોહિની હરી લીધી હતી.

બેલ્જિયનને ઓચિતાનો એક ફાંકડો વિચાર આવ્યો. 'મારા મિત્ર.' એણે અમને કહ્યું, 'હું એક કામ માથે લેવા તૈયાર છું – જો લશ્કરી સત્તાવાળા રજા આપશે તો - કે તમારે જો તમારા પ્રિયજનોને કંઈ સંદેશો મોકલવાનો હોય, કે કશુંક સંભારણું મોકલવું હોય તો...'

ટોમ બબડ્યો. 'મારે કોઈ છે જ નહીં.'

હું કશું જ ન બોલ્યો. ટોમે પળવાર રાહ જોઈને પછી મારી સામે પૃચ્છાભરી નજર કરીને બોલ્યો : 'તારે કોન્ચાને કશું કહેવડાવવું નથી ?'

'ના.'

મને આ કુમળી છાનગપત કડવીવખ લાગી : વાંક મારો જ હતો. આગલી રાતે મેં જ કોન્ચા વિશે ભરડ્યું હતું. મારે જીભ પર જાપ્તો રાખવો જોઈતો હતો. મેં એની સાથે એક વરસ ગાળ્યું હતું. કાલે રાતે એને પાંચ મિનિટ મળવા માટે મેં ચાહ્યું હોત તો મારો ભાગ પાડી આપ્યો હોત, એટલે તો મારાથી એ વાત થઈ ગઈ. મારા કરતાં એનું જોર વધી ગયું. હવે મને એને મળવાની ઇચ્છા નહોતી રહી. મારે એને હવે કશુંય બીજુ કહેવાનું નહોતું. એને મારી બાથમાં લેવાની પણ મને ઇચ્છા નહોતી રહી : મારા શરીરથી મારા [illegible] કમકમાટી છૂટતી હતી કારણ કે એ ભૂખરું પડી ગયું હતું ને પસીને લથપથતું હતું [illegible] એના શરીરથી પણ મને ચીતરી નહીં ચડે એની મને ખાતરી નહોતી. કોન્ચાને ખબર પડશે કે હું મરી ગયો છું ત્યારે એ રડશે, તે પછી થોડા મહિના એને જીવવામાં [illegible]. પણ તેમ છતાં મરવાનો હતો તો હું જ. મને એની મૃદુ સુંદર આંખોનો

વિચાર આવ્યો. એ મારી સામે જોતી ત્યારે એનામાંથી મારામાં કશુંક પસાર થતું. પણ હું જાણતો હતો એ બધું પતી ગયું : હવે જો એ મારી સામે નજર કરે તો એની નજર એની આંખોમાં જ રહે, એ મારા સુધી પહોંચે જ નહીં. હું એકલોઅટૂલો હતો.

ટોમ પણ એકલોઅટૂલો હતો, પણ એવી જ રીતે નહીં. પગ પર પગ ચડાવીને એ મોં મલકાવીને પાટલી ભણી નજર ખોડવા લાગ્યો. એ ચકિત લાગતો હતો. એણે હાથ લાંબો કર્યો અને સાવચેતીથી લાકડાને આંગળી અડાડી જોઈ, કેમ જાણે અડવાથી કશુંક ભાંગી જાય તેમ ન હોય. પછી ઝટપટ હાથ પાછો ખેંચી લીધો અને થથરવા લાગ્યો. હું ટોમ હોત તો હું કાંઈ પાટલીને હાથ લગાડીને દિલ બહેલાવત નહીં. એ વળી એનું બીજું આઈરિશ તૂત, પણ મનેય જણાયું કે ચીજોનો દેખાવ ગમ્મત પડે તેવો થઈ ગયો હતો, એ રોજ કરતાં વધારે અસ્પષ્ટ અને ઓછી નક્કર લાગતી હતી. હું મરવાનો છુંએવી લાગણી જગાડવા માટે આ પાટલી, ચીમની ને કોલસીના ઢગલા ભણી નજર નાંખવી એ જ પૂરતું થઈ પડતું હતું. કુદરતી રીતે જ હું મારા મરણ વિશે સાફ સાફ તો કશું વિચારી સકતો નહોતો, પણ હું એને એકેએક ઠેકાણે જોઈ શકતો હતો, ચીજવસ્તુઓ પર, ચીજો જે રીતે પાછળ હટી જતી હતી અને મરણપથારીએ પડેલા માણસના ખાટલાથી જેમ લોકો સમજપૂર્વક આઘા રહે તેમ, ચીજો મારાથી આઘી રહેતી હતી તેના પરથી ટોમે હમણાં જ પાટલી પર જેને હાથ અડાડી જોયો હતો તે એનું પોતાનું મરણ હતું.

હું જે હાલતમાં હતો તેમાં જો કોઈએ આવીને મને કહ્યું હોત કે હું મારે ગુપચુપ ઘેર જઈ શકું છું. એ લોકો મારી જિંદગીને મારા હાથમાં સલામત રહેવા દેશે, તો તે વાતથી પણ મારામાં ગરમીનો સંચાર ન થયો હોત, એક વાર માણસનો અમરતાનો ભ્રમ ભાંગી જાય, પછી ભલે એણે થોડા કલાક મોતની રાહ જુએ કે થોડાં વરસો સુધી, એ બધું સરખું જ છે. હું કશાયને વળગી પડ્યો નહોતો. એક રીતે જોતાં હું શાંત હતો. પણ એ શાંતિ ભયાનક હતી - મારા શરીરને લઈને, હું મારા શરીરની આંખે જોતો હતો, શરીરને કાને સાંભળતો હતો, પણ એ શરીર હવે હું નહોતો, એ એની મેળે જ પસીનો પસીનો થતું હતું અને થથરતું હતું અને હું તો હવે એને ઓળખી પણ નહોતો શક્તો, કેમ જાણે એ બીજા કોઈનું શરીર હોય, તેમ મારે એને શું થાય છે તે જાણવા માટે એને અડીને કે તપાસીને ખાતરી કરી જોવી પડતી હતી. કેટલીક વાર થતું કે એને હજી હું અનુભવી શકું છું. મને પેટમાં ખાબકા પડતા લાગતા હતા અને જાણે પડી જાઉં છું એવા ધ્રાસ્કા પડતા હતા. વિમાન ડૂબકી મારે ત્યારે પડે તેવા, અથવા કોઈ વાર મને મારા હૃદયના ધબકારા સંભળાતા હતા પણ ઘણોખરો વખત તો એ ચૂપચાપ જ પડ્યું રહેતું અને મને એક જાતના બોજથી, એક જાતની ગંદી હાજરીથી વધારે કશો અનુભવ થતો નહોતો. કેમ જાણે કોઈ જંગી જાનવર સાથે મને બાંધી માર્યો હોય એવું લાગ્યા કરતું હતું. એક વાર મેં મારા પેન્ટ પર હાથ ફેરવી લીધો અને મને લાગ્યું કે એ ભીનું હતું, પણ તે પસીનાથી કે પેશાબથી તેની મને ખબર પડી નહીં, છતાં સાવચેતી ખાતર હું કોલસીના ઢગલા પર પેશાબ કરવા જઈ આવ્યો.

બેલ્જિયને એનું ઘડિયાળ કાઢ્યું, એની સામે નજર કરી અને બોલ્યો, 'સાડાત્રણ થયા છે.'

ખચ્ચર ક્યાંનો ! એણે ચાહીબૂઝીને જ એવું કર્યું હશે. ટોમ સફાળો કૂદીને બેઠો થયો. વખત વહી જવા બેઠો હતો ને અમને તો તેનું ભાનેય નહોતું રહ્યું. રાત અમારી આજુબાજુ એક આકારવિહોણા ને કાળા ઘોર પદાર્થની જેમ વીંટળાઈ વળી હતી. મને એ પણ યાદ નહોતું રહ્યું કે હવે પેલાની શરૂઆત થઈ ચૂકી હતી.

નાનકડો જુવાન રડવા મંડ્યો. એણે એના હાથ મસળ્યા અને કાલાવાલા કરવા લાગ્યો, 'મારે નથી મરવું, મારે નથી મરવું.'

એ આખા ભંડકિયામાં આમથી તેમ દોડવા લાગ્યો ને હવામાં હાથ ઉછાળવા લાગ્યો ને પછી એક ચટાઈ પર ડૂસકાં ખાતો ખાતો ફસડાઈ પડ્યો. ટોમ શોકાતુર આંખે એના ભણી તાકી રહ્યો, એને ધીરજ આપવાની જરાયે ઇચ્છા વિના કારણ એ મહેનત ફોગટ હતી. એ છોકરો અમારા કરતાં વધારે ઘોંઘાટ કરતો હતો, પણ એને દુઃખ ઓછું થતું હતું : એનું પેલા રોગી માણસ જેવું હતું જે તાવ દ્વારા રોગ સામે પોતાનું રક્ષણ કરે છે. પણજ્યારે તાવ પણ ન હોય ત્યારે તો હાલત તેથી ઘણી વધારે ખરાબ હોય છે.

એ આંસુ સારતો હતો. હું સ્પષ્ટ જોઈ શકતો હતો કે એ પોતાની જાતની દયા ખાતો હતો, એ કાંઈ મોતનો વિચાર નહોતો કરતો. એક સેકન્ડ માટે, એક જ સેકન્ડ પૂરતું મને પણ આંસુ સારવાનું મન થઈ આવ્યું, મારી જાતની દયા ખાઈને રડવાનું મન થઈ આવ્યું. પણ થયું તેથી ઊલટું જ, મેં એ છોકરા સામે જોયું. મેં એના સળેકડી જેવા હીબકતા લમણા જોયા અને મારી અંદર અમાનુષિતા ઊભરાઈ : મને બીજાની કે મારી પોતાની, કોઈનીય દયા આવી શકે તેમ નહોતું. મેં મારી જાતને કહ્યું, 'મારે ચોખ્ખાચટ મરવું છે.'

ટોમ ઊભો થઈ ગયો હતો. એ પેલા ગોળ બાકોરા નીચે જઈને દિવસનું અજવાળું ક્યારે થાય છે તે જોતો હતો. મેં તો દાંત ભીંસીને ચોખ્ખાચટ મરવાની ગાંઠ વાળી હતી અને ફક્ત એ એક જ વાતનો વિચાર કરતો હતો. પણ પેલા ડોક્ટરે અમને ટાઈમ કહ્યો ત્યારથી અમને ટાઇમ જાણે કે ઊડતો લાગતો હતો, ટીપે ટીપે કરીને એ ઝમી જતો હતો.

મેં જ્યારે ટોમનો અવાજ સાંભળ્યો ત્યારે હજી અંધારું હતું : 'તને પેલા અવાજ સંભળાય છે ?'

બહાર કમ્પાઉન્ડમાં માણસો કૂચ કરતા હતા.

'હા.'

'આ માણસો શું કરવા બેઠા છે ? અંધારે જ ગોળીએ દેતાં એમને કીડીઓ ચડે છે.'

થોડી વાર પછી અવાજ આવતા બંધ પડી ગયા. મેં ટોમને કહ્યું, 'દિવસ ઊગ્યો.'

પેદ્રો બગાસું ખાતો ઊઠ્યો અને ચીમનીને ફૂંક મારીને ઓલવવા આવ્યો. એણે એના ચોકીદારને કહ્યું. 'ઠરીને ઠીકરું થઈ ગયા.'

ભંડકિયું બધું ભૂખરું ભૂખરું લાગતું હતું. અમે દૂર બંદૂકના બાર સાંભળ્યા.

'શરૂ થઈ ગયું,' મેં ટોમને કહ્યું, 'કંપાઉન્ડના પાછળના ભાગમાં જ એમને પતાવવું પડતું હશે.'

ટોમે ડૉક્ટર પાસે સિગારેટ માગી. મારે નહોતી જોઈતી, મને સિગારેટની તલપ નહોતી તેમ દારૂની પણ નહોતી. તે ક્ષણ પછી એ લોકોના બાર બંધ જ ન પડ્યા.

'શું થાય છે તેની તને સમજ પડે છે ને ?' ટોમે કહ્યું.

એ કશુંક ઉમેરવા માંગતો હતો, પણ ત્યાં એ ચૂપ થઈ ગયો ને બારણાં ભણી તાકી રહ્યો. બારણું ઊઘડયું અને લેફ્ટેનન્ટ ચાર સોલ્જરોને લઈને અંદર આવ્યો. ટોમના હાથમાંથી એની સિગારેટ પડી ગઈ.

'સ્ટીનબોક ?'

ટોમે જવાબ ન આપ્યો. પેદ્રોએ એના તરફ આંગળી ચીંધી.

'જુઆન મિરબાલ,'

'પેલો ચટાઈ પર છે તે.'

'ઊભો થા,' લેફ્ટેનન્ટે કહ્યું.

જુઆન હાલ્યો નહીં. બે સોલ્જરોએ એને બગલમાં હાથ નાંખીને એના પગ પર ખડો કર્યો. પણ એમણે એને છોડ્યો કે તરત એ પાછો ઢગલો થઈ ગયો.

સોલ્જરો ગડમથલમાં પડયા.

'એ કંઈ નવી નવાઈનો બિમાર નથી.' લેફ્ટેનન્ટે કહ્યું. 'તમે બે એને ઊંચકી લો, ત્યાં એ લોકો ઘટતું ગોઠવી લેશે.'

એ ટોમ તરફ ફર્યો, 'ચાલો જઈએ.'

ટોમ બે સોલ્જરોની વચ્ચે બહાર નીકળ્યો. બીજા બે એની પાછળ પાછળ છોકરાને બગલમાંથી ઊંચકીને બહાર નીકળ્યા. એ ભાનમાં જ હતો; એની આંખો ઉઘાડી ફટાક હતી અને એના ગાલ પર આંસુના રેલા ચાલતા હતા. હું બહાર નીકળવા જતો હતો ત્યાં લેફ્ટેનન્ટે મને અટકાવ્યો.

'તમે ઇબ્બિયેટા ?'

'હા.'

'તમે અહીં રાહ જુઓ; તમને લેવા પછીથી આવશે.'

એ લોક ગયા. પેલો બેલ્જિયન અને બે જેલરો પણ જતા રહ્યા, હું એકલો પડ્યો. મને શું થતું હતું તેની મને સમજ નહોતી પડતી, પણ એ લોકોએ તરત જ પતાવી લીધું હોત તો મને વધારે સારું લાગત. હું લગભગ નિયમિત અંતરે ગોળીબારના ધડાકા સાંભળતો હતો; ધડાકે ધડાકે હું કાંપી ઊઠતો હતો, મને ચીસો પાડવાનું ને મારા વાળ ખેંચી કાઢવાનું મન થઈ આવ્યું, પણ મેં દાંત કચડ્યા અને મારા હાથ ખિસ્સામાં ખોસી દીધા, કારણ મારે ચોખ્ખાચટ રહેવું હતું.

કલાકેક પછી એ લોકો મને લેવા આવ્યા અને મને પહેલે મજલે એક નાનકડા રૂમમાં

લઈ ગયા. રૂમ ચિરૂટથી સોઢતી હતી અને ત્યાં ગરમી તો ગૂંગળાવે તેવી હતી.ત્યાં બે અફસરો આરામખુરશીમાં ચિરૂટ ફૂંકતા બેઠા હતા, ઘૂંટણ પર કાગળિયાં હતાં.

'તમે ઈબ્બિયેટા ?'

'હા,'

'રેનોં ગ્રિસ કયાં છે ?'

'મને ખબર નથી.'

મને સવાલ કરનારો બટકો ને જાડો હતો. ચશ્માંની પાછળ એની આંખો કઠોર હતી. એણે મને કહ્યું, 'અહીં આવો.'

હું એની પાસે ગયો. એ ઊભો થયો ને મારો હાથ પકડ્યો ને પછી મારી સામે એવી નજરે જોવા લાગ્યો કે મારે તો ભોંયમાં જ ભંડારાઈ જવું જોઈતું હતું. તે જ વખતે પાછો એણે હતું તેટલું જોર કાઢીને, મારા હાથના મસલ પર ચીમટો ભર્યો. એ કંઈ મને દુઃખાડવા માટે નહોતું, એ તો એક રમત ફકત હતી; એ મને દબાવવા માંગતો હતો. તે માટે એને એનો ગંધાતો શ્વાસ પણ સીધો મોં પર છોડવાનું મુનાસિબ લાગ્યું; અમે એમ એકાદ પળ સુધી ઊભા રહ્યા. અને મને તો લગભગ હસી પડવા જેવી લાગણી થઈ. જે માણસ મરવાનો જ છે એને બીવડાવવાનું કંઈ રેઢું નથી પડયું; એની કારી ફાવી નહીં. એણે મને જોરથી ધક્કો દીધો અને પાછો નીચે બેસી ગયો. એ બોલ્યો, 'કાં એની જિંદગી કાં તારી જિંદગી. એ ક્યાં છે તે અમને કહી દે તો તારી જિંદગી બચશે.'

આ લોકો બૂટ ચડાવીને ઘોડેસ્વારીની ચાબૂક હાથમાં લઈને અહીં ઢીંગલાની જેમ ફૂટડા થઈને બેઠા હતા, તોય એ પણ મરવાના હતા. મારા કરતાં થોડા મોડા, પણ કંઈ બહુ મોડા નહીં. એ લોકો એમના ચોળાયેલાં કાગળિયામાં નામો શોધવામાં ધ્યાન પરોવીને બેઠા હતા. એ લોકો બીજા માણસોને પકડીને જેલમાં નાખવા કે દબાવી દેવા માટે એમની પાછળ દોટમદોટ કરતા હતા, એ લોકો સ્પેઈનના ભવિષ્ય વિશે અને બીજી અનેક બાબતો વિશે અભિપ્રાયો ધરાવતા હતા. એમની ક્ષુદ્ર પ્રવૃત્તિઓ મને આઘાતજનક અને સાવ બનાવટી લાગી; એમની જગ્યાએ મારી જાતને કલ્પનામાં પણ મૂકવાનું મને શક્ય ન લાગ્યું. મને લાગ્યું કે એ લોકોનું જરૂર ચસકી ગયું હતું. પેલો બટાકીદાસ હજી મારી સામે તાકી રહ્યો હતો ને એના બૂટ પર ચાબૂક ચમચમાવતો હતો. એના તમામ હાવભાવો કેમ જાણે એ હિંસક પશુ હતો એની મને ખાતરી કરાવવાની ગણતરીથી જ થતા હતા.

'તો ? તને સમજ પડીને ?'

'ગ્રિસ ક્યાં છે તેની મને ખબર નથી.' મેં જવાબ આપ્યો. 'મેં તો ધારેલું કે એ મેડ્રિડમાં હશે.'

બીજા અફસરે એનો ફીકો હાથ આળસપૂર્વક ઊંચો કર્યો. આ આળસ પણ ગણતરીપૂર્વકનું હતું. હું એ લોકોની એકેએક નાની નાની તરકીબો પામી જતો અને એ

રીતે પણ પોતાનું મન બહેલાવનારા માણસો હોય છે એ જાણીને હું ડઘાઈ ગયો હતો.

'તને વિચાર કરવા માટે જાણે કે પા કલાક મળશે,' એણે હળવેથી કહ્યું, 'એને ત્યાં ધોબીખાનામાં લઈ જાવ. પંદર મિનિટ પછી પાછો લાવજો. તેમ છતાં એ જો એકનો બે નહીં થાય તો એને અહીં જ ગોળીએ દેવામાં આવશે.'

એ લોકો પોતે શું કરતા હતા તે જાણતા હતા. મેં આખી રાત રાહ જોવામાં ગાળી હતી, પછી પાછી એમણે ટોમ અને જુઆનને ગોળીએ દીધા તે દરમ્યાન એક કલાકની રાહ મારી પાસે જોવડાવી હતી અને હવે ઉપરથી મને ધોબીખાનામાં પૂરતા હતા. નક્કી એ લોકોએ આગલી રાતે જ આ રમતનો ત્રાગડો ગોઠવી રાખ્યો હોવો જોઈએ. એમણે મનમાં માન્યું હશે કે ગમે તેવાં જ્ઞાનતંતુઓ આખરે તો ઘસાઈ જાય છે અને એમણે મને એ રીતે ઠેકાણે લાવવાની આશા રાખેલી.

એ લોકો ભીંત ભૂલતા હતા. ધોબીખાનામાં હું એક સ્ટૂલ પર બેસી પડ્યો, કારણ મને ખૂબ નબળાઈ દાખવતી હતી અને હું વિચાર કરવા મંડ્યો, પણ તે એમની દરખાસ્ત અંગે નહીં, અલબત્ત ગ્રિસ ક્યાં હતો તેની મને ખબર જ હતી; એ એના પિતરાઈઓને ત્યાં સંતાયો હતો, શહેરથી ચાર કિલોમીટર દૂર અને મને એ વાતની પણ ખબર હતી કે એ લોકો મને રિબાવશે નહીં તો હું કંઈ એની સંતાવાની જગ્યા કહી દઉં તેમ નહોતો, પણ એ લોકોનો રિબાવવાનો તો કોઈ ઇરાદો દેખાતો નહોતો. એ બધું તો સંપૂર્ણપણે ગોઠવાયેલું તે નક્કી હતું અને એમાં મને કોઈ રીતનો રસ નહોતો. મારે તો ફક્ત મારા વર્તનનાં કારણો સમજવાં હતા. ગ્રિસને પકડાવી દેવા કરતાં હું મોતને વધારે પસંદ કરતો હતો. શું કામ ? મને હવે તો રેમોં ગ્રિસ પણ ગમતો નહોતો. સવાર પડી તેથી જરાક જ પહેલાં. જીવવાની મારી વાસના ઊડી ગઈ હતી અને કોન્ચા માટેના મારા પ્રેમની સાથે સાથે જ ગ્રિસ માટેની મારી દોસ્તી પણ મરી પરવારી હતી. એને વિશે મારા મનમાં ઊંચો અભિપ્રાય હતો એ વાતમાં મીનમેખ નહીં. એ જબરો માણસ હતો. પણ હું કાંઈ તે કારણે એને ઠેકાણે મરવા તત્પર નહોતો થયો; એની જિંદગીની કીમત મારી જિંદગી કરતાં જરાયે અદકી નહોતી; કોઈ પણ જિંદગીની કશી કીમત નહોતી. એ લોક તો માણસને ભીંત સરસો થપેડીને એ મરી જાય ત્યાં લગી ગોળીએ વીંધવાના હતા. તે માણસ પછી હું હોઉં કે ગ્રિસ હોય કે બીજો કોઈ હોય તેનાથી કશો જ ફેર પડતો નહોતો. સ્પેઈનના હિતની નજરે મારા કરતાં એ વધારે કામનો માણસ હતો પણ મને તો થતું હતું : જહન્નમમાં જાય સ્પેઈન અને અરાજકતા. કશામાં કશો માલ નહોતો, પણ તોય હું તો ત્યાં ખડો હતો. હું મારી જાતને બચાવી શકું તેમ હતો અને ગ્રિસને પકડાવી શકું તેમ હતો અને હું એમ કરવાની ના કહેતો હતો. મને શી ખબર કેમ પણ એ ગંમત જેવું લાગ્યું; નરી હઠ જ હતી તો, મેં વિચાર્યું, 'હું જક્કી ઘેટું જ થવાનો !' અને એક ટીખળી લહેરીપણું મારા પર છવાઈ ગયું.

એ લોકો મને લેવા આવ્યા અને મને પેલા બે અફસરો સામે પાછો ખડો કર્યો. મારા

પગ વચ્ચેથી એક ઊંદરડો દોડતોકને નાઠો અને મને જોવાની મજા પડી. હું એક સિપાઈ તરફ ફરીને બોલ્યો, 'તેં પેલો કાળ જોયો ?'

એણે જવાબ ન આપ્યો. એ બહુ જ ગંભીર કાયાવાળો હતો. પોતાની જાતને બહુ ગંભીરપણે લેતો હતો. મને હસી પડવાનું મન થયું પણ મેં મારી જાતને કાબૂમાં રાખી કારણ મને બીક હતી કે જો એકવાર એ શરૂ થશે તો પછી હું કેમે કર્યું ખાળી નહીં શકું. પેલા સિપાઈએ મૂછો રાખી હતી. મેં એને પાછું કહ્યું, 'મૂરખ, તારે તો મૂછો બોડાવી નાખવી જોઈએ.' એ એની જીવતી જાતના વાળને પોતાના ચહેરા પર ધસી આવવા દેતો હતો તે મને હસવા જેવું લાગતું હતું. એણે મને ખાસ જુસ્સા વિના લાત મારી અને હું મૂંગો મર્યો.

'અચ્છા,' જાડો અફસર બોલ્યો, 'તેં એ વાતનો વિચાર કરી લીધો કે ?'

એ લોકો કોઈ અતિશય વિરલ પ્રકારના જંતુ હોય તેમ હું એમને કુતૂહલથી ધારી ધારીને જોઈ રહ્યો. મેં એમને કહ્યું, 'એ કયાં છે તેની મને ખબર છે. એ કબ્રસ્તાનમાં સંતાયો છે, ઘોરખોદુઓનાં ઝૂંપડાં નીચે ભોંયરામાં.'

નાટક હતું એ તો. મારે એ લોકોને સડાક દઈને ઊભા થઈ જતા જોવા હતા ને એમના પટાના બકલ પટોપટ ભીડીને ઝટપટ હુકમો છોડતા જોવા હતા.

એ લોકો કૂદીને ખડા થઈ ગયા. 'ચલો જઈએ. મોલે, જા જઈને લેફ્ટેનન્ટ. લોપેજ પાસેથી પંદર માણસ લઈ આવ. અને તું,' જાડો માણસ બોલ્યો, 'તું જો સાચું બોલતો હોઈશ તો હું તને છોડી મૂકીશ, પણ તેં જો અમને ગધેડા બનાવવા ધાર્યા હશે તો તને ભારે પડી જશે, યાદ રાખજે.'

એ લોકો ભારે ધમાધમ કરતા નીકળ્યા અને હું સિપાઈની નિગરાની હેઠળ નિરાંતે રાહ જોવા લાગ્યો. રહી રહીને મારાથી હસાઈ જતું. એ લોકો ત્યાં કેવા બાઘા જેવા લાગશે. એ વિચારથી હું હેબતાઈ ગયો ને મારા મનમાં દુષ્ટતા ઊભરાઈ : એ જ લાગના હતા. મેં એમને મારી કલ્પનાની આંખે કબરના પથરા ઊંચકતા અને એક પછી એક ભોંયરા ઉઘાડતા જોયા. હું જાણે કોઈ બીજો જ જણ હોઉં તેમ મેં આ આખી હાલતનો ચિતાર મારી સામે રજૂ કર્યો : આ નાચીજ કેદી હઠપૂર્વક 'હીરો'નો ભાગ ભજવવા બેઠો હતો. પેલા મૂછોના કાતરાવાળા દિવેલિયા સિપાઈઓ અને પેલા ગણવેશધારી સિપાઈઓ કબરોની વચ્ચે આમથી તેમ દોડાદોડી કરતા હતા; હસવું ખાળ્યું ખળાય તેમ નહોતું. આશરે એક કલાક પછી પેલો બાંડિયો અફસર એકલો પાછો આવ્યો. મને થયું કે એ મને ગોળીએ દેવાનો હુકમ આપવા જ આવ્યો, બાકીના હજી કબ્રસ્તાનમાં જ હશે.

અફસરે મારી સામે જોયું. એના ચહેરા પર મૂંઝારાનું નામનિશાન નહોતું. 'આને બીજા લોકો સાથે મોટા કમ્પાઉન્ડમાં લઈ જાવ,' એ બોલ્યો. લશ્કરી કારવાઈ પતી ગયા પછી ચાલુ અદાલત એના ભાગ્યનો ફેંસલો કરશે.'

'એટલ...એટલે મને ગોળીએ નથી દેવાનો ?'

'હમણાં તો નહીં. પાછળથી શું થાય એ મારે નથી જોવાનું.'

હું હજી કાંઇ સમજ્યો નહીં. મેં પૂછયું, 'પણ શું કામ.....?'

એણે જવાબ આપ્યા વિના જ ખભા ઉલાળ્યા અને સોલ્જરો મને ત્યાંથી લઈ ગયા. મોટા કમ્પાઉન્ડમાં સોએક જેટલા કેદીઓ, સ્ત્રીઓ, બાળકો અને થોડા ડોસાઓ પણ હતા. હું વચ્ચેની ઘાસની 'લોન' પર આંટા મારવા લાગ્યો. હું ડઘાઈ ગયો હતો. બપોરે એ લોકોએ અમને ભોજનખંડમાં જમવા દીધા, બે કે ત્રણ જણે. મને સવાલો પૂછ્યા, હું એમને ઓળખતો તો હોઈશ જ, પણ મેં કંઈ જવાબ ન આપ્યો. હું કયાં હતો એનું પણ મને ભાન નહોતું રહ્યું.

સાંજને વખતે એ લોકોએ દસેક નવા કેદીઓને કમ્પાઉન્ડમાં ધકેલ્યા. એમાં બંકરીવાળા ગ્રેસિયાને મેં ઓળખી પાડ્યો. એણે કહ્યું, 'તારો તો સિતારો બહુ તેજ લાગે છે ! મેં તો તને જીવતો જોવાની આશા જ મૂકી દીધેલી.'

'એ લોકો મને મોતની સજા ફરમાવી.' મેં કહ્યું, ' અને પાછળથી કંઈક વિચાર બદલ્યો. કેમ તેની ખબર ન પડી.'

'મને એ લોકોએ બે વાગે પકડ્યો.' ગ્રેસિયાએ કહ્યું.

'શું કામ ?' ગ્રેસિયાને રાજકારણ સાથે જરાયે લેવાદેવા નહોતી.

'ખબર નહીં,' એ બોલ્યો. 'એ લોકો તો એમની રીતે ના વિચારતા હોય તેવા ગમે તે જણને પકડીને અહીં ખોસી દે છે.' એણે અવાજ નીચો કર્યો. 'એમણે ગ્રિસને ઝડપી લીધો.'

હું ધ્રૂજવા માંડયો. 'ક્યારે ?'

'આજે સવારે. એણે બધો ગોટો વાળ્યો. એના પિતરાઈને ઘરેથી મંગળવારે નીકળી ગયો. એમને કંઈક બોલાચાલી થઈ એટલે. એને સંતાડે એવા તો ઘણા લોક હતા પણ એને કોઈનું જરાકે સપાડું નહોતું લેવું. એણે કહ્યું કે હું તો જઈને ઇબ્બિપેટાને ત્યાં જ સંતાઈ જાત. પણ એને તો પકડી ગયા એટલે હું મારે કબ્રસ્તાનમાં જઈને સંતાઈશ.'

'કબ્રસ્તાનમાં ?'

'હા. સાવ મૂરખ પેલા ત્યાં આજે સવારે જ જઈ પહોંચ્યા. જઈ જ ચડે, કંઈ બાકી રાખે ? ઘોરખોદુનાં ઝૂંપડાંમાં એ એમના પંજામાં ઝડપાઈ ગયો.'

"કબ્રસ્તાનમાં !'

બધું જ ચકરભમર ફરવા લાગ્યું અને જોયું તો હું ભોંય પર બેસી પડ્યો હતો. હું એવો તો જોરથી હસ્યો કે રડાઈ ગયું.

અનુ. પ્રબોધ ચોકસી

શિકારી પંખી

જોહ્ન કોલિયેર

જે ઘર એન્જિનિયરના ઘર તરીકે ઓળખાતું તે હવે અવાવરું પડ્યું છે. બેટન રોગથી આવેલા નવા ભાડૂત એકાદ મહિનાથી પણ ઓછું રહ્યા બાદ ઘર ખાલી કરી ગયાં છે અને હવે પોતાને પૈસે બે ઓરડાવાળું ઝૂંપડું જાતે બાંધીને કમ્પનીની જ માલિકીની જમીનમાં છેક દૂર એક છેડે રહે છે.

એન્જિનિયરના એ ઘરનું છાપરું વળી ગયું છે. મોટા ભાગની બારીઓના કાચ ભાંગી ગયા છે. એ જરા વિચિત્ર કહેવાય પણ કોઈ પંખીએ વળીઓની વચ્ચે માળા બાંધ્યા નથી કે ખાલી પડી રહેલા ઓરડાઓનો લાભ ઉઠાવ્યો નથી. આમ તો ખાલી ઘર કોળ, ઉંદર અને ચામાચીડિયાં માટે ઉત્તમ આશ્રયસ્થાન ગણાય. પણ એ મકાનની નિઃસ્તબ્ધતાનો ભંગ કરે એવા ચામાચીડિયાંના ચૂં ચૂં અવાજ કે ઉંદરના દોડવાના અવાજ એમાં સંભળાતા જ નથી. મનુષ્યના સહવાસ અને સમ્બન્ધથી દૂર રહેનારા લગભગ પરાયા ગણાય એવા કેટલાક જીવો - ઊધઈ, કરોળિયા અને વીંછી - એ જ કંઈક બેપરવાહીથી એમાં રહેવા માંડ્યું છે.

થોડાં જ વર્ષોમાં એડના સ્પાલ્ડિન્ગનો બાગ નષ્ટ થઈ ગયો છે. કેમ જાણે એ ત્યાં હતો જ નહિ ! ઘરની દેવડી આગળ એડના અને જેક ઘણુંખરું ઢળતી સાંજે આનન્દપૂર્વક બેસતાં તે, પવનથી ઘસાતી ડાળીઓ ને ઊડતી રેતીના ભારથી સાવ ખવાઈ ગઈ છે. ઊગી નીકળેલા એક પીપળાએ દીવાનખાનાની બારી આગળના પાટિયાંઓને તોડી નાખ્યાં છે. આથી એ પાટિયાંઓ ભયથી ધ્રૂજી ઊઠેલા માણસના પંજાની અક્કડ થઈ ગયેલી આંગળીઓની જેમ પંખાના આકારે બહાર નીકળી આવેલાં છે. એ ખૂણામાં પોપટને બેસવાને માટે બનાવેલી મજબૂત બેઠક હજી અડીખમ ટકી રહી છે. એના લાકડાને ઊધઈએ કે ભમરાએ કશું નુકસાન કર્યું નથી.

સ્પાલ્ડિન્ગ દમ્પતી સહુ પ્રથમ આવ્યું હતું ત્યારે સાથે જ એક પોપટ લઈ આવ્યું હતું.

એ જાણે એડનાની માએ છેલ્લી ઘડીએ આપેલી લગ્નની વધારાની ભેટ રૂપ હતું. અજાણ્યા પ્રદેશમાં ઘરેથી લઈ જવા માટેની એક વસ્તુ એડનાને મન એ હતી.

પોપટ ઘરડો થઈ ચૂક્યો હતો. એને એ લોકો ટોમ કહીને બોલાવતાં. બીજા બધા પોપટોની જેમ એ દાંડી પર બેસતો, સીટી વગાડતો, હસતો અને પ્રસંગને તદ્દન અનુરૂપ એવું થોડું બોલતો. એડના અને જેક એ બન્નેને ખૂબ ગમતો. એ બન્ને એકબીજાંને પણ ખૂબ ચાહતા, એમને એમનું ઘર પણ ગમતું. એ પ્રદેશ, જેકના સાથીઓ અને જિંદગીમાંનું બધું જ એમને આનંદપ્રદ લાગતું.

એક રાતે અમને સૂતાંને થોડી જ વાર થઈ હશે ત્યાં દેવડી આગળ નહોર ઘસાવાનો અને પાંખો ફફડવાનો ભારે અવાજ આવતાં તેઓ સફાળા જાગી ઊઠયાં. એડના ચીસ પાડી ઊઠી, ‘ઓ જેક, ઊભો થા, જલદી જલદી દોડ. આ આજુબાજુના તંબૂઓમાંથી એકાદ બિલાડીએ આવીને બિચારા ટોમને ગળચીએથી પકડ્યો લાગે છે.’

જેક સફાળો પથારીમાંથી કૂદવા ગયો પણ એનો પગ ચાદરમાં ભેરવાઈ ગયો, અને એ કોણીને ટેકે ભોંય પર પડી ગયો. કોણીને પંપાળવામાં અને ચાદરથી પગ છૂટો કરવામાં ઘણી બધી ક્ષણો વીતી ગઈ પછી એ ઊભો થયો અને દીવાનખાનામાં થઈને દેવડી આગળ આવ્યો.

આ દરમ્યાન જાણે ખાસ્સો એક યુગ વીતી ગયો. ચીચીઆરીઓ અને પાંખનો ફફડાટ સંભળાતા રહ્યા પણ જેવું એણે બારણું ખોલ્યું કે તરત જ એ અવાજ એવી જ આકસ્મિક રીતે સંભળાતા બંધ થઈ ગયા. આખી દેવડી પર ખૂબ ઉજ્જ્વળ ચાંદની છવાઈ ગઈ હતી અને એને દૂરને ખૂણે પોપટની બેઠક સ્પષ્ટ જોઈ શકાતી હતી. એની નીચે ભોંય પર પોતાનાં જ પીંછાંના ઢગલા નીચે બિચારો ટોમ હાંફતો હાંફતો કણસતો પડ્યો હતો.

ગમે તેમ પણ એ હજી જીવતો હતો. એના પર આક્રમણ કરનાર કોણ હશે તે શોધવા એણે આજુબાજુ જોયું અને એણે દીવાલ પર ચઢેલી વેલના લટકતા છેડાઓને હાલતા જોયા. પવનનું તો નામનિશાન નહોતું. એણે છજામાં જઈને ચારે બાજુ નજર કરી, પણ ક્યાંય બિલાડીનો અણસાર નહોતો. અલબત્ત, એવો કશો અણસાર દેખાશે એવું એને સમ્ભવિત પણ નહોતું લાગ્યું. વેલીના હાલતા છેડાઓ ઠીકઠીક લંબાઈના હતા અને એક બિલાડીથી એ આટલા બધા હાલે તે માન્યામાં આવે તેમ નહોતું. આ એને મન એક સૂચક હકીકત હતી. આખરે એણે ઊંચે નજર કરી તો એને પંખી જેવું કશુંક દેખાતું હોય એવું લાગ્યું. એ જાણે એક ખૂબ મોટું પંખી હતું. એ દૂર દૂર ઊડી જતું હતું. એ પંખી ચંદ્રની ઉજ્જવળતાને વટાવીને જઈ રહ્યું હતું. ત્યારે એની જેકને જાણે સહેજ ઝાંખી થઈ.

એણે પાછા વળીને ટોમને નીચેથી ઊંચકી લીધો. બિચારા પોપટની સાંકળ ભાંગી ગઈ હતી અને એનું હૃદય જોરથી ખૂબ ધકધક કરી રહ્યું હતું અને છતાં અસહ્ય આઘાતથી ઘવાયેલા કોઈ પ્રાણીની જેમ એ કણસી રહ્યો હતો.

આ જરા વિચિત્ર લાગતું હતું કારણ કે ટોમ અમુક જ ઉચ્ચારો કરતો હતો. આ નવી સ્થિતિ જોઈને જેકને આમ તો ખૂબ હસવું આવ્યું હોત પણ અત્યારે તો એ ભારે કરુણ લાગતું હતું. આથી એણે બહુ કાળજીથી ગરીબડા ટોમને તપાસ્યો. એની ગરદન આગળથી થોડાંક પીંછાં જતાં રહ્યાં હતાં. તે સિવાય એને બીજી કશી ઇજા થઈ નહોતી. આથી એણે એને ફરી એની બેઠક પર મૂક્યો અને એડનાની ભીતિ દૂર કરવા એના તરફ વળ્યો. એ એને બારણાં આગળ જ સામી મળી.

એ બોલી ઊઠી, ‘મરી ગયો ?’

જેકે કહ્યું, ‘ના, એને જરા આઘાત લાગ્યો છે ખરો. કોઈકે એને પકડ્યો હતો.’

એડનાએ કહ્યું, ‘હું એને માટે થોડી સાકર લઈ આવું. એને એ બહુ ભાવે છે. એથી એને જરા સારું લાગશે.’

એ તરત જ જઈને સાકર લઈ આવી. ટોમે એને પંજામાં ઝાલી ખરી પણ પછી એની સામે કેવળ તેજહીણી આંખે જોઈ રહ્યો. બાકી આમ તો ભારે લિજ્જતથી એ સાકર આરોગતો. પછીથી એ નિરાશાજનક કડવું હસ્યો. એના પંજામાંથી સાકર નીચે પડી ગઈ.

‘એને જરા આરામ કરવા દે. એ બિચારો કેવો પીંખાઈ ગયો છે !’ જેકે કહ્યું.

એડનાએ કહ્યું, ‘એ બિલાડી જ હશે. તંબૂઓમાં એવી ખરાબ બિલાડીઓ ઘણી ફરતી હોય છે.’

જેકે કહ્યું, ‘એમેય હોય. પણ કદાચ – મને ખબર નથી મેં કશુંક ખૂબ મોટું પક્ષી ઊડી જતું જોયું.’

એડનાએ કહ્યું, ‘એ ગરુડ તો ન જ હોય. આ તરફ ગરુડ કદી દેખાયા નથી.’ જેકે કહ્યું, ‘હા એ હું જાણું છું. વળી ગરુડ કાંઈ રાતે ઊડે નહિ. સમડી પણ નહિ ઊડે. કદાચ ઘુવડ હોય પણ ...’

એડનાએ પૂછ્યું, ‘પણ શું ?’

જેકે કહ્યું, ‘પણ મને એ ઘુવડ કરતાં ખૂબ મોટું લાગ્યું.’

એડનાએ કહ્યું, ‘એ તો તારી કલ્પના ! મને તો લાગે છે કે એ તો પેલી દુષ્ટ બિલાડી જ હોવી જોઈએ.’

આ પછીના થોડા દિવસ દરમ્યાન આ મુદ્દો વારે વારે ચર્ચાતો રહ્યો. એમણે ઘણા બધા લોકોને પૂછી જોયું. દરેકનો આ વિશે કંઈક અભિપ્રાય તો હતો જ. જેકને શરૂઆતમાં તો સહેજ શંકા હતી કારણ કે એણે પંખી ચન્દ્રને ઓળંગીને ગયું એ દરમ્યાન થોડી ક્ષણ પૂરતું જ એને જોયું હતું. પણ લોકો એની વાત માનતા નહોતા એ જાણીને એ બાબતમાં એ વધુ નિશ્ચિતપણે પોતાની વાત કહેવા લાગ્યો. એથી કોઈક વાત ચર્ચામાં જરા ગરમી આવી જતી.

‘ચાર્લી તો કહે છે કે એ તો કેવળ તારી કલ્પના જ હતી. કોઈ ઘુવડ કદી પોપટ પર હુમલો કરે નહિ.’ એડનાએ કહ્યું.

જેકે કહ્યું, 'એ બધું એ શી રીતે જાણે ? વળી મેં તો કહ્યું હતું કે એ પંખી ઘુવડ કરતાં મોટું હતું.'

એડનાએ કહ્યું, 'એ કહે છે કે આ જ તું નરી કલ્પના કરે છે તે પુરવાર કરે છે.'

જેકે કહ્યું, 'કદાચ એ મને એવું મનાવવા માગે છે. કદાચ તમારી બન્નેની એવી ઇચ્છા છે.'

'અરે જેક, તું આ શું બોલે છે ?' એડના બૂમ પાડી ઊઠી. એને ઊંડો આઘાત લાગ્યો, અને એ સ્વાભાવિક જ હતું. નવા પરણેલા પતિઓ કોઈક ઓરડામાં અણધાર્યા પ્રવેશે અને તેથી અંદર બેઠેલા, ખાસ કશા કારણ વિના ચમકી ઊઠે તેથી એ વહેમાય એના જેવી આ એક હાસ્યાસ્પદ ભૂલ હતી. ચાર્લી જરા મુક્ત સ્વભાવનો સોહામણો, મનમોજી જુવાન હતો. કશો વિચાર કર્યા વિના એ તમારે ખભે હાથ મૂકી દે અને એનો કોઈ વાંધો પણ ન લે.

જેકે કહ્યું, 'મારે એવું નહોતું કહેવું જોઈતું.'

એની વાત સાવ સાચી હતી.

પોપટે તો કશું કહ્યું જ નહિ. આ બધા દિવસો દરમ્યાન એ પીછાં ખંખેર્યા કરતો હતો અને કણસતો હતો. સાકર કેવી રીતે માગવી એ પણ એ જાણે ભૂલી ગયો હતો. થોડી થોડી વારે એ માથું ધુણાવ્યા કરતો હતો એ બહુ દયાજનક લાગતું હતું.

એક દિવસ જેક કામ પરવારીને ઘેર આવ્યો ત્યારે એડનાએ હોઠ પર આંગળી મૂકીને એને બારી પાસે દોર્યો અને એના કાનમાં કહ્યું. 'જરા ટોમ શું કરે છે તે જો તો.'

જેકે બારીમાંથી બહાર જોયું. એ એની બેઠક પરથી ભારે જહેમતપૂર્વક નીચે ઊતરીને વેલીમાંથી થોડી મરી ગયેલી ડાખળીઓ બહાર કાઢતો હતો અને એને દાદરના કઠેરા પાસેની દીવાલ આગળના ખૂણામાં લઈ જતો હતો. ત્યાં એવી કેટલી ડાંખળીઓ ભેગી થઈ ચૂકી હતી, એ ત્યાં ગોળાકારે ઘૂમ્યા કરતો અને ડાંખળીઓ બહાર ખેંચી પાછો અંદર નાખ્યા કરતો. એના મોઢા પર સદા એનો એ વિષાદનો ભાવ રહેતો. એ એકાદ બે પીંછાં, લાકડાનો ટુકડો કે સેલોફેનની પટ્ટીના તૂટેલા ભાગને જોઈ રહેતો.

જેકે કહ્યું, 'એ વાડીમાં મને હવે શંકા લાગતી હતી.'

એડના બોલી ઊઠી, 'એ માળો બાંધતો લાગે છે.'

'ટોમ ? ટોમ માળો બાંધે ? એ હવે ઈંડાંય મૂકશે, ખરું ને ? તો આજથી હવે એનું નામ રાખો ટોમાસીના.' જેકે કહ્યું.

અને એ ટોમાસીના જ હતી. બેત્રણ દિવસ પછી આ વાત નિઃશંકપણે સાબીત થઈ ગઈ.

એક સવારે એના પડું પડું થઈ ગયેલા માળામાં એક ઈંડું દેખાયું.

જેકે કહ્યું. 'એની માંદગી આ હચમચી ઊઠવાને કારણે જ હશે. કદાચ ઈંડું મૂકવાની જ તૈયારી ચાલતી હશે.'

એડનાએ કહ્યું, 'આ તો રાક્ષસી ઈંડું લાગે છે. બિચારું પંખી !'

'ભગવાન જાણે છે કેટલાં વરસ પછી એણે આ ઈંડું મૂક્યું છે. પછી બીજું શું થાય ?' જેકે હસતાં હસતાં કહ્યું, 'કેટલાંક પંખીઓ પોતાના જેટલા જ કદનાં ઈંડાં મૂકે છે. પેલું કીવી કે એવું કોઈ પંખી એવું જ કરે છે. એ રાક્ષસી છે એ તો કબૂલ કરવું જ રહ્યું.'

એડનાએ કહ્યું, 'એના શરીરને સુખ હોય એવું લાગતું નથી.'

અને ખરે જ એ ઘરડો પોપટ માંદલા જેવો લાગતો હતો. પંખીઓમાં પોપટ વળી વધારે માંદલા લાગે. એની આંખો બંધ થઈ ગઈ, એનું માથું નીચું ઢળી ગયું, એને પંપાળવા આપણે એના પીંછાં પર હાથ ફેરવવા જઈએ તો એ એની ચાંચ પાછી ખેંચી લે. આમ છતાં, એ પેલું રાક્ષસી ઈંડું તો ભારે કાળજીથી સેવે. દરરોજ એ વધુ ને વધુ અશક્તિમાન લાગે.

જેકે કહ્યું, 'આપણે એ ઈંડું લઈ લેવું જોઈએ. એને આપણે યાદગીરી રૂપે રાખીશું.'

એડનાએ કહ્યું, 'ના, ઈંડું છો એની પાસે રહ્યું. આટલાં બધાં વર્ષે એને આટલું એક ઈંડું મળ્યું છે.'

અહીં એડનાએ ભૂલ કરી. થોડા દિવસ પછી એને એની ભૂલ સમજાઈ. એ બૂમ પાડી ઊઠી, જેક અહીં આવ. જો ટોમ એટલે કે ટોમાસીના મરવા પડી છે.'

'આપણે એની પાસેથી એ ઈંડું બહુ પહેલાં લઈ લેવું જોઈતું હતું.' જેકે સવારનો નાસ્તો ખાતાં કહ્યું, 'એથી એને બહુ થાક લાગ્યો છે. પણ ઈંડું કાંઇ સારું લાગતું નથી. એમાંથી બચ્ચું જન્મે એવી શક્યતા બહુ ઓછી છે.'

એડનાએ કહ્યું, 'તું એને જો તો ખરો !'

'એ મરવાની અણી પર લાગે છે.' જેકે કહ્યું. અને એ જ ઘડીએ એ બિચારા ઘરડા પંખીએ છેલ્લો શ્વાસ લીધો અને ઢળી પડ્યું.

જેકે એને ઊંચકી લેતાં કહ્યું, 'આ ઈંડાંએ જ એને મારી નાખ્યું. હું તો કહેતો'તો જ કે એવું થશે, તારે આ ઈંડું સાચવી રાખવું છે ? અરે ભગવાન, આ ઈંડું તો જીવતું લાગે છે.' એમ કહીને એણે ઈંડું ઝટ ઝટ નીચે મૂકી દીધું.

એડનાએ પૂછ્યું, 'શું કહ્યું ? જીવતું લાગે છે એટલે શું ?' જેકે કહ્યું, 'મને તો ભયથી ધ્રુજારી આવી ગઈ. એ એક ગજબનાક વસ્તુ છે. કુદરતના નિયમોની સાવ વિરુદ્ધ. એની અંદર બચ્ચું અવાજ કરતું હોય એવું લાગે છે.'

એડનાએ કહ્યું, 'તો એને બહાર આવવા દે. કોચલું તોડી નાખ.'

જેકે કહ્યું. 'મારી વાત સાચી હતી. મેં જે જોયું તે એક પંખી હતું. તે કોઈ રડ્યોખડ્યો પોપટ જ હશે. એ જરા મોટો લાગ્યો એટલું જ.'

એડનાએ કહ્યું, 'હું તો આ કોચલું ચમચીથી તોડી નાખું છું.' એમ કહી એ ચમચી લેવા દોડી.

એ પાછી આવી ત્યારે જેકે કહ્યું, 'આ પંખીને ભાગ્યશાળી કહેવું જોઈએ, કારણ કે

જન્મતાંની સાથે એના મોઢામાં ચાંદીની ચમચી હશે. પણ તું જરા જાળવજે, હં.'

' હા, હા,' એડનાએ કહ્યું, 'મને તો આશા છે કે એ જીવશે.'

આમ કહીને એણે કોચલું તોડ્યું. અંદરનો અવાજ વધ્યો અને તરત જ ખાસ્સા મોટા થઈ ચૂકેલા પંખીની ચાંચ બહાર આવી. બીજી જ ક્ષણે પંખી જન્મી ચૂક્યું.

જેક બોલી ઊઠયો, 'અરે, કેવું રાક્ષસી લાગે છે !'

એડનાએ કહ્યું,' એ તો નાનું છે ને એટલે મોટુ થશે એટલે એની માના જેવું સરસ લાગશે.'

જેકે કહ્યું, 'વારુ, હવે મારે જવું જોઈએ. તું એને માળામાં મૂકી દે, દૂધ પા, એને હૂંફ મળે એવું કર. એની જોડે તું રમ્યા કરીશ નહિ. ચાલ, ત્યારે હું જાઉં.'

તે સવારે જેકે બચ્ચું કેમ છે એ જાણવા માટે બેત્રણ વાર ફોન કર્યો. દૂધ પીધું કે નહિ તે પણ એણે પૂછયું. બપોરે જમતી વેળાએ એ જલદી જલદી ઘરે પહોંચ્યો. સાંજે બધાં એ માળાની આજુબાજુ ટોળે વળ્યાં. અંદર ડોકિયું કરીને જોવા લાગ્યાં. અને સલાહસૂચન આપવા લાગ્યાં.

ચાર્લી પણ એમાં હતો. એણે કહ્યું, 'એણે દર કલાકે એને ખાવાનું આપવું જોઈએ. કુદરતમાં એવું જ હોય છે.'

જેકે કહ્યું. 'એની વાત સાચી છે. પહેલે મહિને તો એ જ પ્રમાણે કરવું જોઈએ.'

એડનાએ સહેજ વિચારમાં પડી જઈને કહ્યું, 'હમણાં તો મારો બધો જ કરીશ નહિ. એવું કરતા તું મૂરખ લાગે છે અને એ તું જાણે છે.'

જેકે એની સામે જારયું. 'હા, એ હું જાણું છું. હું તારી સામે જોઉં ત્યારે હું જાણું છું અને ત્યારે હું વિચારું છું કે હવે એવું કદી બનવા દઉં નહિ પણ કોણ જાણે કેમ મારા મનમાં એ એવું ખૂંપી ગયું છે કે નજીવી સરખી વાતથી એવું થઈ જાય છે. કદાચ આ બાબત પરત્વે હું સહેજ પાગલ હોઈશ.'

એડનાએ કહ્યું, 'કાંઈ નહિ, થોડા વખત પછી તો એની બદલી થઈ જવાની છે. બસ, પછી આ વાતનો અંત આવી જશે.'

જેકે કહ્યું, 'તેં આ ક્યાંથી સાંભળ્યું ?'

એડનાએ કહ્યું, 'એણે જ મને આજે બપોરે કહ્યું એ ટપાલ લઈને પાછો વળતો હતો ત્યારે અહીં સહેજ ડોકિયું કરતો ગયો. તેથી એણે મને સહુથી પહેલું કહ્યું. નહિ તો એણે તને જ પહેલાં કહ્યું હોત, પણ હજુ એ તને મળ્યો જ નથી. હવે વાત સમજાઈ ?'

જેકે કહ્યું, 'હા, મને લાગે છે કે મારે કશો માનસિક ઉપચાર કરાવવો પડશે.'

થોડા જ દિવસ પછી ચાર્લીએ વિદાય લીધી અને કમ્પનીને કામે બીજે સ્થળે જતો રહ્યો, ને ગયો તેનો એડનાએ છૂપો આનંદ થયો. એ કશી સમસ્યા ઊભી થાય એમ ઇચ્છતી નહોતી, પછી ભલેને એ પાયા વગરની હોય. થોડા દિવસ પછી એને ખાતરી થઈ ગઈ કે બધા જ પ્રશ્નો હંમેશને માટે ઊકલી ગયા છે.

જેક સાંજે ઘરે આવ્યો ત્યારે એડનાએ કહ્યું, 'જેક.'

'હં શું ?'જેકે પૂછ્યું.

એડનાએ કહ્યું, 'એક નવો મુદ્દો ઊભો થયો છે. તું પેલા પંખી જોડે રમીશ નહિ. મારી વાત સાંભળ.'

જેકે કહ્યું, 'આપણે એને પોલિ કહીશું.'

સલામતી ખાતર એમણે એનું નામ પોલિ પાડેલું.

'જેક, મને એ પંખી જરાય ગમતું નથી. ચાલો ને, આપણે એને કોઈને આપી દઈએ.' એડનાએ કહ્યું.

'શું ? રખે એવું કરતી. આવું અજોડ, કાળું અને ખાસ કાળજીપૂર્વક સમય આમાં જ જશે એવું લાગે છે.'

ચાર્લીએ કહ્યું, 'હું અહીંથી પસાર થતો હોઈશ ત્યારે ડોકિયું કરતો જઈશ અને તારું એકાન્ત હળવું કરતો જઈશ.'

જેકે જરા વિચારમાં પડી જઈને કહ્યું, 'નમતે પહોરે તો હું પણ થોડી થોડી વારે આંટા મારી જઈશ.'

કલાકે કલાકે બચ્ચાને ખવડાવવાનું સારું થઈ પડયું. બચ્ચું તો ભયજનક રીતે મોટું થતું ગયું. એને રૂવાંટી ઊગી નીકળી અને પીંછાં પણ ફૂટ્યાં, થોડા મહિનાઓમાં તો એ ખાસ્સું મોટું થઈ ગયું પણ એ એની મા જેવું જરાય લાગતું નહોતું. એ સાવ કોલસા જેવું કાળું હતું.

જેકે કહ્યું, 'એ વર્ણસંકર લાગે છે. કાળા પોપટો પણ હોય છે. મેં ઝૂમાં જોયા છે, પણ એ પોપટો આના જેવા નહોતા. એનો ફોટો ક્યાંક મોકલાવવાનું પણ મને તો મન થાય છે.

એડનાએ કહ્યું, 'એ ભારે દુષ્ટ લાગે છે.'

જેકે કહ્યું, 'ના, એ ધૂર્ત લાગે છે. તું મારી વાત માનજે. એ પંખીને બધી જ વાતની ખબર છે. જો જે ને એ હમણાં જ બધું બોલવા માંડશે.'

એડનાએ કહ્યું, 'હા, એણે કંઈક હસવા જેવું કરેલું ખરું. હું તને કહેવાનું ભૂલી ગઈ.'

'ક્યારે ?' જેક બોલી ઊઠ્યો, 'એ હસ્યો હતો ?'

એડનાએ કહ્યું, 'હસવા જેવું કંઈક, પણ એ ખૂબ ભયંકર લાગતું હતું. ચાર્લી તો એથી બીની જ મર્યો હતો.'

જેક બરાડી ઊઠ્યો, 'ચાર્લી ? એ અહીં હતો એવું તો તેં કહ્યું નહોતું' એડનાએ કહ્યું, 'તને તો ખબર જ છે કે એ અહીં ઘણી વાર ડોકિયું કરી જાય છે.'

'મને ખબર છે ?' જેકે કહ્યું, 'ખબર હોત તો તો સારું ! પણ એ હતું શું ?'

'એ જ તો હું કહી રહી હતી. એણે કશુંક હસવા જેવો અવાજ કર્યો.' એડનાએ કહ્યું.

જેકે કહ્યું, 'કેવો ભયંકર અવાજ !'

એડનાએ કહ્યું, 'સાંભળ જેક, તું ચાર્લી વિશે ગમે તે ધારી બેસવાની મૂર્ખાઈ કરે પણ ઉછેરેલું પંખી કોઈનું આપી દેવાય? પાછું એ તો રોમેન્ટિક રીતે જન્મેલું, સહુથી હોશિયાર, એવું તો ભાગ્યે જ—' જેકે કહ્યું.

એડનાએ કહ્યું, 'એ જ તો વાત છે. એ ખૂબ ચતૂર છે અને એથી હું એને ધિક્કારું છું, ખરેખર એ ભયંકર છે.'

જેકે પૂછયું, 'શું ? એણે તને ન ગમે એવું કશું કહ્યું છે ? જ્યારે એ બોલશે ત્યારે જરૂર એવું કશું કહેશે પણ નવા સમાચાર શું છે ?'

એડનાએ કહ્યું, 'અંદર તો આવ. એ પંખી સાંભળે એ રીતે મારે તને કહેવું નથી.'

જેકને અંદર લઈ ગયા પછી એણે કહ્યું, 'સમાચાર એ છે કે હવે તારે મને ખુશ રાખવાનો પ્રયત્ન કરવો પડશે. જે કાંઈ મને નહિ ગમતું હોય તેને તારે તિલાંજલિ આપવી પડશે. જે આવનાર છે તે ચાંચ સાથે જન્મવાનું નથી. એની મા એક તિરસ્કારભર્યા રાક્ષસી પોપટથી ગભરાઈ ગઈ હતી તેથી કાંઇ આવું કશું બનવાનું નથી.'

'તેં શું કહ્યું ?' જેકે પૂછયું.

'તારા મનમાં જે છે તે જ, ' એડનાએ હસતાં હસતાં કહ્યું.

'ઓહો, એમ વાત છે !' જેકે આનંદિત થઈને કહ્યું. છોકરો કે છોકરી ? બેમાંથી એક તો હશે જ ને ? સાંભળ એડના, મારે સન્તાનની કેટલી બધી જરૂર હતી તે મને કહેતા સંકોચ થતો હતો. હવે તો ખૂબ સરસ થઈ જશે. ચાલ, તું સૂઈ જા જોઉં. તારી તબિયત નાજુક છે. પગ ઊંચા લઈ લે, સાંજનું ખાવાનું હું તૈયાર કરી નાખું છું. તું બહુ શ્રમ લઈશ નહિ, દીકરો હોય કે દીકરી, મને તો ખૂબ ગમશે?'

એ દીવાનખાનામાં થઈને રસોડામાં ગયો. બારી આગળથી પસાર થતાં એણે બહાર દેવડીમાં પોપટને અંધારામાં બેઠેલો જોયો. બારીમાંથી મોઢું બહાર કાઢીને એણે કહ્યું, 'તેં સમાચાર સાંભળ્યા કે નહિ ? તારી સામે જે ઊભો છે તે ટૂંક સમયમાં બાપ થવાનો છે. હવે તારા દહાડા ભરાઈ ચૂક્યા. તને હવે વિદાય કરી દેવામાં આવશે. અમારે ત્યાં હવે છોકરું આવશે.'

પોપટે ધીમી સીટી વગાડવા જેવો અવાજ કર્યો અને કહ્યું, 'ઓહો, એમ કે ?' એ અવાજ ઘોઘરો હતો. એમાં ભય વર્તાતો હતો. ચાર્લીના અવાજનું એમાં આબેહૂબ અનુકરણ હતું. 'પણ તો પછી જેકનું શું ?'

જેકે ચોંકીને પૂછયું 'એ વળી શું ?'

પોપટે એડનાના અવાજમાં, કાનમાં કહેતો હોય એમ કહ્યું, 'એ તો એમ માનશે કે બાળક એનું જ છે. એ છે જ એવો મૂરખ. ચાલ, મને ચુંબન કર જોઉં. ખરેખર તું એવું જ કહે છે ? તો, જેકનું શું ?'

જેક રસોડામાં ગયો અને ક્યાંય સુધી એનું માથું બે હાથ વચ્ચે રાખીને બેસી રહ્યો.

એડનાએ સૂવાના ઓરડામાંથી બૂમ પાડી, 'જલદી કરો, જલદી કરો, ઓ પિતાશ્રી !'

જેકે કહ્યું, 'હું આવું છું.'

એણે ઢાળિયું ખોલ્યું અને એમાંથી રિવોલ્વર કાઢી. પછી એ સૂવાના ઓરડામાં ગયો.

રિવોલ્વરનો અવાજ અને ચીસ સાંભળીને પોપટ હસ્યો. પછી એણે એના નહોર ઊંચા કરીને સાંકળ એની ચાંચમાં લીધી. અને જાણે એ કાગળ હોય એમ એને ચાવી નાખી.

જેકે બહાર આવ્યો, એના હાથમાં રિવોલ્વર હતી, એનો હાથ એની આંખ પર હતો. પોપટ બોલ્યો, 'એ તો છે જ સાવ મૂરખ,' અને હસી પડ્યો.

જેકે બંદૂક પોતાના તરફ તાકી અને બંદૂકનો ઘોડો દબાવતાં પહેલાંના સમયના અત્યન્ત અલ્પતમ ગાળામાં એણે જોયું તો પંખી મોટું ને મોટું થતું જતું હતું. એની કાળી પાંખો એણે ફેલાવી હતી, એની આંખોમાં અંગારા તગતગતા હતા. એ બદલાતું જ ગયું અને જેકની તરફ જવા ઊડ્યું.

ઘોડો દબાયો અને બંદૂક ફૂટી.જેક ભોંય પર ઢળી પડ્યો. એ પોપટે – કે પછી જે હોય તેણે – નીચે ધસી જઈને જેકના લોહી નીકળતા મોઢામાંથી કશું ઊંચકી લીધું અને બારીમાંથી એ બહાર ઊડી ગયો. થોડી વારમાં તો એ પંખી ખૂબ દૂર દૂર નીકળી ગયું.ક્ષણેક જ એ દેખાયું અને પછી તરતના ઊગેલા ચન્દ્રને ઘસાઈને એ જતું રહ્યું.

અનુ. ઉપમન્યુ વૈદ્ય (સુરેશ જોષી)

રેલવે અકસ્માત

ટોમસ માન

શું કહ્યું ? વાર્તા કહું ? વાર્તાબાર્તાની તો આપણને ભાઈ કાંઈ ખબરે નથી. એને વાર્તા કહેવાય કે નહિ એ હું જાણતો નથી પણ સાંભળો, હું જે કહું છું તે.

એ વાતને બે વરસ થયાં. એક વાર હું રેલવે અકસ્માતમાં સંડોવાયો હતો. એની બધી જ વીગતો આજે પણ મારી સ્મૃતિમાં સ્પષ્ટ રીતે અંકાયેલી છે.

જેને પ્રથમ દરજ્જાનો કહેવાય એવો એ અકસ્માત નહોતો. એમાં ડબ્બાઓ એકબીજામાં પેસી ગયા નહોતા કે નહિ ઓળખી શકાયેલાં શબોનો ઢગલો થયો નહોતો. પણ એ અકસ્માત તો હતો જ. એની સાથે સંકળાયેલી બધી જ વસ્તુઓ એમાં હતી અને વધારામાં વળી એ રાતે બન્યો હતો. બધાને કાંઈ અકસ્માતનો અનુભવ હોય નહિ એટલે હું યથાશક્તિ એ અકસ્માતનું વર્ણન કરીશ.

હું ડ્રેસ્ડન જવા નીકળ્યો હતો. ત્યાંના કેટલાક સાહિત્યકાર મિત્રોએ મને બોલાવ્યો હતો. મારે મન તો એ એક સાહિત્ય અને કલાની યાત્રા હતી. ટૂંકમાં જે પ્રવાસ કરવાનો મને અણગમો નથી એવો એ એક પ્રવાસ હતો. એવો પ્રવાસ હું કોઈક કોઈક વાર કરતો રહું છું. તેમ કોઈ જગ્યાએ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહો, સમારમ્ભને તમારી હાજરીથી શોભાવો, તમારી પ્રત્યે આદરથી જોનારા લોકોને તમે દર્શન આપો – આપણે કાંઈ સાહિત્યસેવક અમથા થયા છીએ ? અને ડ્રેસ્ડન તો એક સુંદર શહેર છે. ખાસ કરીને તો ઝવાઇન્ગેર. પછીથી મારે દસપંદર દિવસ વ્હાઇટહાર્ટમાં આરામ લેવા જવું હતું અને જો સારવાર સારી થાય અને વળી ઉત્સાહ આવે તો થોડું લખવા કરવાની પણ ઇચ્છા હતી. આ હેતુથી મેં મારા ટ્રન્કમાં નીચે મારી હસ્તપ્રત તથા નોંધોનું ખાસ્સું મોટું પોટલું બ્રાઉન પેપરમાં બાંધીને મૂકી રાખ્યું હતું. મને જરા સુખસગવડથી મુસાફરી કરવાનું ગમે છે – ખાસ કરીને ગાડીભાડું કોઈ બીજું આપતું હોય ત્યારે. આથી ઘણુંખરું જવાના એક દિવસ આગમચ હું પ્રથમ વર્ગમાં સૂવાની જગ્યા રિઝર્વ કરાવી રાખું છું. એટલે આ વખતે બધું વ્યવસ્થિત જ હતું; તેમ છતાં, આવે પ્રસંગે બનતું હોય છે તેમ, હું જરા ઉત્તેજિત

તો હતો જ; કારણ કે મારે મન મુસાફરી હજી એક સાહસ છે. વળી મુસાફરીની બાબતમાં તો મને કદી ઓચાઈ ગયા જેવું લાગવાનું નથી. મને બરાબર ખબર છે કે ડ્રેસ્ડન જતી રાતની ગાડી દરરોજ સાંજે મ્યુનિચના મુખ્ય સ્ટેશનથી નિયમિત સમયે ઊપડે છે અને દરરોજ સવારે ડ્રેસ્ડન પહોંચે છે. પણ જ્યારે હું એમાં મુસાફરી કરતો હોઉં છું, એની સાથે જ્યારે મારું ભાવિ જોડું છું ત્યારે એ વાત મહત્ત્વની બની જાય છે. આજે એ ગાડી ખાસ યાત્રા કરી રહી છે અને તે પણ મારે જ કારણે એવા વિચારને મારા મનમાંથી હું કાઢી નાખી શકતો નથી. આ ગેરવાજબી અને ભૂલભર્યા વિચારથી મારામાં ઊંડો અને ભાષા દ્વારા વ્યક્ત ન થઈ શકે એવો અજંપો થતો. ગાડી ઊપડતાં પહેલાંના બધા વિધિ પતી ગયા પછી જ એ અજંપો શમી જતો. સરસામાન બાંધવો, ટેક્સી ભાડે કરી એમાં બધું લાદીને સ્ટેશન પહોંચવું, લગેજ બુક કરાવવું, રિઝર્વ્ડ સીટ શોધી કાઢવી – આ બધું પત્યા પછી આખરે સહીસલામતીપૂર્વક નિરાંતનો દમ ખેંચીને બેસવા પામતો. પછીથી ખરેખર સુખદ વિશ્રાન્તિનો અનુભવ થતો. મન નવા નવા ખૂણામાં ફરી વળે. બારીના કાચની પેલે પાર અજ્ઞાતનું ક્ષેત્ર ધીમે ધીમે ઉખેળાતું આવે અને હું આંનદપૂર્ણ અપેક્ષાઓથી બધું માણતો બેઠો રહું.

અને આમ આ પ્રસંગે પણ બન્યું. મેં કુલીને પહેલેથી જ વધારે પૈસાની ટીપ આપી હતી આથી ગાડી ઊપડી ત્યારે એણે એના માથા પરની ટોપી નીચી કરીને મારી મુસાફરી સુખદ નીવડે એવી શુભેચ્છા પ્રગટ કરી. હું સ્લીપિંગ કોચના કોરીડોરની બારી આગળ સિગાર પીતો ઊભો રહ્યો અને પ્લેટફોર્મ પરની ધમાલ જોતો રહ્યો. કંઈ કેટલીય વાર સીટીઓ વાગી. ગાડી ચાલવાનો અવાજ થયો. દોડધામ મચી રહી, આવજો આવજો થયું, છાપાંવાળાઓ અને ચાનાસ્તાવાળાઓ એમના લાક્ષણિક અવાજે બોલતા રહ્યા અને આ બધાની ઉપર ઓકટોબરની એ ઢળતી રાતે ધુમ્મસમાં થઈને વીજળીના ચન્દ્રો ઝબૂકતા રહ્યા. બે પડછંદ માણસો મોટી મોટી પેટીઓ ભરીને હાથલારી ખેંચીને ગાડીના આગલા ભાગમાં ‘લગેજવાન’ તરફ લઈ જતા હતા. મેં એમાંથી મારી ટ્રન્ક, એની તરત ઓળખી શકાય એવી લાક્ષણિકતાને કારણે, પારખી લીધી. ઘણી બધી ટ્રન્કો વચ્ચે, અનેકો પૈકીની એક એ પડી હતી અને એમાં સહુથી નીચે મારું મૂલ્યવાન પોટકું હતું. મને થયું, ચાલો, મારી ટ્રન્ક સહીસલામત છે. ચિન્તા કરવાની જરૂર નથી. ચામડાનો પટો બાંધીને ઊભેલા ગાર્ડને જ જુઓને ! વળી વધારામાં સાર્જન્ટ-મેજર જેવી ભરાવદાર મૂછો અને કરડાકીભરી આંખો. એ ફાટ્યાતૂટ્યા કપડાંવાળી પેલી બુઢ્ઢીને તતડાવી રહ્યા છે તે જુઓ. એની નજર ન પડી હોત તો સેકન્ડ કલાસમાં ઘૂસી જ ગઈ હોત. એઓ સલામતી, સત્તા, માતાપિતા અને સરકાર – બધું એક્કી સાથે છે. એઓ કડક છે પણ કઠોર નથી તમને એમની જોડે હળવાભળવાનું કદાચ ન ગમે પણ એમના પર તમે પૂરો આધાર રાખી શકો એવી એમની મુખમુદ્રા છે. અને તમારી ટ્રન્ક એમની નિગાહ નીચે ત્યાં સલામત છે, કેમ જાણે સ્વયં ભગવાનને જ સાચવવા ન સોંપી હોય.

ા બીજે છેડે આંટા મારતો
ની સાથે પટાથી બાંધેલો
નકડો હૃષ્ટપુષ્ટ, સુંવાળી
માં આપણે જે કૂતરાઓ
વો. નાનકડું શરીરે લઈને
વો. આ કૂતરાને ગળામાં
ા આ બધું પેલા વરસાદી
નહોતું. એ સજ્જન કોઈ
એમણે એક આંખે ચશ્માં
ા હતી તે ઊપસી આવતી
વ દેખાતો હતો અને જે
ણ આ જ ભાવને વ્યક્ત
ઈને પણ પોતે કોની જોડે
ે અડાડીને જવાબ આપી
લતા હતા અને પોતે જે
માં એક પ્રકારનું ઠંડાપણું
મુસાફરી કરવાને કારણે
ગાડીમાં મુસાફરી કરવી
પૂરી સ્વસ્થતાથી વર્તતા
. ટૂંકમાં એઓ પોતે જ
જોઈ શક્યો નહિ. ગાડી
ી ગયા (ગાર્ડે એ પહેલાં
પાછળ ચાલતા ચાલતા
ો માણસ ! પણ એ પછી
સંકોચ અનુભવ્યા વિના
થયા. એમ કરવાની તો
જઈ શકું ? પણ એમને
કાર મળી ચૂક્યો હતો.

ં એન્જિને પણ વ્હીસલ
રી આગળ ઊભો ઊભો
ેક દીવાઓ પસાર થતા

સૂવાનો ડબ્બો પૂરેપૂરો ભરેલો નહોતો. મારી બાજુનું જ કમ્પાર્ટમેન્ટ ખાલી હતું. એમાં કોઈ રાતે સૂવાનું હોય એવું લાગતું નહોતું. મેં ત્યાં એકાદ કલાક આરામથી પડયા રહીને વાંચવાનું નક્કી કર્યું. હું મારી ચોપડી લઈ આવ્યો અને વાંચવા બેસી ગયો. સોફા પર રતાશ પડતો રેશમી ગલેફ હતો. પાસે એક ફોલ્ડિંગ ટિપોય પર એશટ્રે પડી હતી. દીવો સારું અજવાળું આપતો હતો. હું સિગારેટ પીતો વાંચતો ગયો.

ગાડીનો એટેન્ડન્ટ એની ફરજ બજાવવા માટે દાખલ થયો. એણે મારી પાસે ટિકિટ માંગી. મેં ટિકિટ એના પરસેવાવાળા હાથમાં મૂકી. એ વિનયી હતો પણ એનો વર્તાવ બિલકુલ સરકારી નોકર જેવો હતો. સૂતાં પહેલાં એક માણસ બીજાને 'ગુડ નાઈટ' કહે એવો શિષ્ટાચાર પણ એણે દાખવ્યો નહિ. પણ મારા કમ્પાર્ટમેન્ટમાંથી બહાર નીકળીને તરત જ એણે બાજુના કમ્પાર્ટમેન્ટનું બારણું ખખડાવ્યુ. એણે એ બારણું ઠોક્યું જ ન હોત તો સારું થાત કારણ કે એમાં તો પેલા સજ્જન સૂતા હતા. કદાચ એમની સાથે કૂતરો છે એની એઓ કોઈને જાણ થાય એમ ઇચ્છતા નહોતા. કે પછી કદાચ એઓ ખરેખર ઊંઘી ગયા હતા તેથી એમની ઊંઘમાં ખલેલ પાડનાર પર એઓ ધૂંઆપૂંઆ થઈ ગયા હતા. ગાડીના દોડવાના અવાજ વચ્ચે મેં એઓ તરત જ ગુસ્સે થઈને બોલવા લાગ્યા તે સાંભળ્યું. એઓ ગર્જના કરી ઊઠ્યા, 'કેમ, શું છે ? ગમાર મને ઝંપવા દે.' આ ગમાર શબ્દ કોઈ અશ્વદળનો અધિકારી વાપરે તેવો હતો. મને એ સાંભળવાનું સારું લાગ્યું. પણ પેલા એટેન્ડન્ટે પછી મુત્સદ્દીગીરી દાખવી હશે – અલબત્ત, એમની ટિકિટ તો તપાસવી જોઈએ જ કારણ કે જેવો કોરિડોરમાં આવીને એ કંપાર્ટમેન્ટ બરાબર દેખાય તે રીતે ઊભો રહ્યો એટલે તરત જ એ કંપાર્ટમેન્ટનું બારણું એકદમ ખૂલ્યું ને એમાંથી ટિકિટને એટેન્ડન્ટના મોઢા પર ફેંકાતી જોઈ. હા, ભારે ઝનૂનથી એ ટિકિટ જાણે એના મોઢા પર મારવામાં આવી હતી. એણે એ ટિકિટ બન્ને હાથે ઉપાડી લીધી. ટિકિટનો ખૂણો એની આંખમાં વાગ્યો હતો. એથી એની આંખમાં પાણી આવી ગયાં હતાં. આમ છતાં, એણે એ સજ્જનનો આભાર માન્યો અને લશ્કરી અદાથી સલામ ભરી. હું તો આથી ખૂબ પ્રભાવિત થઈ ગયો અને મારા કમ્પાર્ટમેન્ટમાં પાછો ફર્યો.

બીજી સિગાર પીવી કે કેમ તે વિશે મેં વિચાર કર્યો અને એથી ખાસ કશું નુકસાન થવાનું નથી એવું નક્કી કર્યું. સિગાર પીતો પીતો હું વાંચ્યે ગયો અને ગાડી આગળ દોડતી ગઈ. હું ઊંડા સન્તોષની લાગણી અનુભવતો હતો અને મને ઘણા સારા વિચારો આવવા લાગ્યા હતા. વખત વીતતો ગયો, દસ થયા. સાડા દસ થયા. મારી સાથેના બીજા બધા તો સૂઈ ગયા અને આખરે મેં પણ એમને અનુસરવાનું નક્કી કર્યું. હું ઊભો થયો અને મારી જગ્યાએ સૂવા ગયો. એ નાનો સરખો રીતસરનો સૂવાનો ઓરડો જ હતો. એમાં એશઆરામની પૂરી સગવડ હતી. ચામડા પર ઉપસાવેલી ભાતવાળું સુશોભન પણ દીવાલ પરથી લટકતું હતું. કપડાં ભેરવવાની ખીંટી હતી અને નિકલપ્લેટેડ વોશબેઝિન પણ હતું. પથારી પર સફેદ બરફ જેવી ચાદર પાથરી હતી ને વાળેલી રજાઈ એની હૂંફમાં પોઢી

જવાને આમન્ત્રી રહી હતી. અર્વાચીન જમાનાનો આ વિજય હતો એવો મને વિચાર આવ્યો. આપણા ઘરમાં જ સૂઈ રહ્યા હોઈએ એવી રીતે આ પથારીમાં સૂઈએ, આખી રાત એ થોડી થોડી ઝૂલ્યા કરે એને પરિણામે બીજી સવારે આંખો ખોલીને જોઈએ તો આપણે ડ્રેસ્ડનમાં. મેં સૂઈ જવાની તૈયારી કરવા માટે અભરાઈ પરથી સૂટકેસ નીચે ઉતારી. મેં મારા હાથ ઊંચા કરીને એને મારા માથા પર પકડી રાખી હતી. બરાબર એ જ ક્ષણે રેલવે અકસ્માત થયો. ગઈ કાલે જ બન્યું હોય એવું હજી મને લાગે છે.

એક આંચકો લાગ્યો – પણ આંચકો તો બહુ હળવો શબ્દ કહેવાય. ઈરાદાપૂર્વકના દુષ્ટ આશયથી લાગેલો એ ધક્કો હતો. એથી કશુંક ભાંગી પડવાના પડઘા વાતાવરણમાં ગાજી ઊઠ્યા. એ ધક્કો એવો તો ભારે હતો કે મારી સૂટકેસ મારા હાથમાંથી નીચે કૂદી પડી. અને એ ક્યાં જઈ પડી તે મને સમજાયું નહિ. હું પોતે જ જોરથી દૂર ફેંકાઈ ગયો. મારો ખભો દીવાલ સાથે અથડાયો. મને થોભવાનો કે કશું વિચારવાનો સમય જ નહોતો, પણ હવે ડબ્બો ખતરનાક રીતે ડોલવા લાગ્યો. એ ડોલવાનું લાંબા સમય સુધી ચાલુ રહ્યું. અને એ દરમ્યાન ભયભીત થવાને પૂરતો સમય મળી રહ્યો. વળાંક લેતાં કે પાટા બદલતાં આખો ડબ્બો ડોલે તેનો અનુભવ ખરો પણ આ ડોલવાનું તો એવું કે હું ઊભો થવા પામ્યો જ નહિ. હું એક દીવાલથી બીજી દીવાલે ફેંકાતો જ રહ્યો. મને માત્ર એક જ સાદોસીધો વિચાર આવતો હતો પણ તે હું પૂરી એકાગ્રતાથી વિચારતો હતો. એ વખતે મારા મનમાં એ જ એકમાત્ર વિચાર આવ્યા કરતો હતો. હું વિચારતો : 'કશુંક થયું લાગે છે, કશુંક ભયંકર બન્યું લાગે છે.' બરાબર આ જ શબ્દોમાં હું વિચારતો પણ પછી મને વિચાર આવ્યો : 'થમ્ભાવી દો, થમ્ભાવી દો, થમ્ભાવી દો.' કારણ કે હું જાણતો હતો કે જો ગાડીને થમ્ભાવી દેવામાં આવે તો મોટી રાહત થાય. અને જુઓ તો ખરા, મારી આ વણ-ઉચ્ચારાયેલી પણ ઉત્કટ આજ્ઞાનું જાણે પાલન થયું ને ગાડી ખરેખર થમ્ભી ગઈ.

અત્યાર સુધી ડબ્બામાં મૃત્યુવત્ શાન્તિ છવાઈ ગઈ હતી પણ હવે જાણે એક એક ભયને વાચા મળી. સ્ત્રીઓની તીણી ચીસો સાથે પુરુષોના ભયસૂચક ઘોઘરા અવાજો ભળ્યા. બાજુમાંથી જે કોઈ બૂમ પાડતું હતું, 'મદદ કરો, મદદ કરો,' જેણે આ પહેલાં સત્તાધીશની જેમ આદેશ કર્યો તે જ પેલા સજ્જન ભયથી વિકૃત થયેલા અવાજે મદદ માટે ધા નાખી રહ્યા હતા, ' મદદ કરો, મદદ કરો,' કોરિડોરમાં ઘણાં માણસો એકઠાં થઈ ગયાં હતાં. હું જેવો ત્યાં પહોંચ્યો કે તરત જ એઓ રેશમી સ્લિપિંગ સૂટની સાથે કમ્પાર્ટમેન્ટની બહાર આવી ચડ્યા. અને ઊભા રહીને આજુબાજુ ફાટેલી આંખે જોઈ રહ્યા. 'ભલા ભગવાન, હે સર્વશક્તિમાન પ્રભુ,' એવા એમણે ઉદ્ગારો કાઢ્યા. પણ તરત જ એમને બીજો વિચાર આવ્યો આ પરિસ્થિતિમાંથી પોતાને ઉગારી લેવાનું એઓ વિચારવા લાગ્યા. દીવાલ આગળની એક પેટીમાં આવા અસાધારણ સંજોગો માટે રાખી મૂકવામાં આવતાં કુહાડી અને કરવત બહાર કાઢવા એઓ ધસ્યા. એમણે પેટી પરનો કાચ મૂઠી મારીને તોડી નાખ્યો. પણ એ ઓજારો એકદમ બહાર કાઢી શકાય એમ નથી એમ લાગ્યું. એટલે એ પ્રયત્ન

એમણે પડતો મૂક્યો. અને ટોળાં વચ્ચેથી રસ્તો કરતાં કરતાં એઓ આગળ વધ્યા. એમને જોઈને અડધાંપડધાં વસ્ત્રો પહેરેલી સ્ત્રીઓએ ચીસાચીસ કરી મૂકી અને ડબ્બાની બહાર ભૂસકો મારીને કૂદી પડી.

આ બધું એક ક્ષણમાત્રમાં બની ગયું. અને ત્યારે મને પહેલી વાર આઘાત લાગ્યાનો અનુભવ થયો. મને કરોડરજ્જુમાં અમુક પ્રકારની નબળાઈ લાગવા માંડી. ગળામાંથી થૂંક સરખું ઉતારવું મુશ્કેલ બની ગયું. એટેન્ડન્ટ રાતી આંખો અને પરસેવાવાળા હાથે વાર પહેલાં જ હાજર થયો હતો. અમે બધાં એની આજુબાજુ ટોળે વળ્યાં. સ્ત્રીઓ ઉઘાડા હાથ અને ખભા સાથે લાચારીથી હાથ મસળતી ઊભી રહી ગઈ.

એણે વાત સમજાવતાં કહ્યું કે ગાડી પાટા પરથી ઊતરી ગઈ હતી. પાછળથી ખબર પડી કે એ વાત ખોટી હતી. પણ એ માણસ ઉત્તેજનાની સ્થિતિમાં એકધારું બોલ્યે જ જતો હતો. એણે રેલવેના એક કર્મચારી તરીકેની તટસ્થતાને નેવે મૂકી હતી.

જે બનાવો બન્યા એનાથી એની જીભ છૂટી થઈ ગઈ હતી. એ અમને વિશ્વાસમાં લઈને એની પત્ની વિશે કહેવા લાગ્યો, 'મેં મારી પત્નીને આજે જ કહ્યું હતું કે મને ઊંડેઊંડે લાગે છે કે આજે કશુંક બનવાનું જ ! ને ખરેખર કશું બન્યું તો ખરું જ ને ? ' એની વાત કેટલી સાચી હતી તે અમને સમજાઈ ગયું. એ દરમ્યાન અમારો ડબ્બો ધુમાડાથી ભરાઈ જવા લાગ્યો હતો. ધુમાડો ઘેરો થતો હતો. એ ક્યાંથી આવતો હતો તેની કોઈને ખબર નહોતી. અમને બધાંને જ થયું કે ડબ્બામાંથી કૂદીને રાત્રિ અન્ધકારમાં ચાલ્યા જવું એ જ સારામાં સારો રસ્તો હતો. પણ બહાર જવા માટે ફૂટબોર્ડ ઉપરથી ઊંચો કૂદકો મારીને પાટા પર પડ્યા સિવાય બીજો રસ્તો નહોતો. કારણ કે ત્યાં પ્લેટફોર્મ તો હતું જ નહિ અને વળી અમારો ડબ્બો ઊંધી બાજુએ નીચો વળી ગયો હતો. પણ સ્ત્રીઓએ તો (એમણે જલદી જલદી એમની) નગ્નતા ઢાંકી દીધી હતી. મરણિયા બનીને ઝંપલાવ્યું જ અને પછી તો અમે બધાં જ બે પાટા વચ્ચે ઊભાં રહી ગયાં.

લગભગ અંધારું થઈ જવા આવ્યું હતું. પણ અમે જ્યાં હતાં ત્યાંથી જોઈ શકાતું હતું કે ગાડીના પાછલા ભાગને કશું નુકસાન થયું નહોતું. અલબત્ત, બધા ડબ્બાઓ ત્રાંસા થઈ ગયા હતાં. પણ થોડેક જ આગળ – પંદર કે વીસ ડગલાં આગળ – અમને જે આંચકો લાગ્યો હતો તેને પરિણામે પડેલો ભંગાર અમે જોયો. એમાં વચ્ચે વચ્ચે ગાર્ડનું ફાનસ ઝબૂક્યા કરતું હતું.

પરિસ્થિતિનો અહેવાલ લઈને ઉત્તેજિત થયેલા લોકો અમારા તરફ આવ્યા. રેગેન્સબર્ગથી થોડે છેટે એક નાના સ્ટેશન પાસે અમે હતા. પાટા બદલવાની કળની ખામીને કારણે અમારી એક્સપ્રેસ ખોટે પાટે ચઢી જઈને પૂરપાટ જતાં એ પાટા ઉપર ઊભેલી માલગાડી સાથે અથડાઈ પડી હતી. એ ગાડીના પાછલા ડબ્બાને એણે ભારે નુકસાન પહોંચાડ્યું હતું અને એને પોતાને પણ સારું એવું નુકસાન થયું હતું. મ્યુનિકના માફેઈના કારખાનામાં બનેલું એક્સપ્રેસ ગાડીનું મોટું એન્જિન ભાંગીને ચૂરેચૂરા થઈ ગયું હતું. એની કિંમત હતી

સિત્તેર હજાર માર્ક. આગળના ભાગના ડબ્બાઓ એક તરફ નમી ગયા હતા. ઘણી બેઠકો એકબીજામાં ભરાઈ ગઈ હતી. ના, ભગવાનનો પાડ. કોઈએ જાન ગુમાવ્યો નહોતો. કોઈ ડોશીને 'બહાર કાઢ્યાની' વાતો થતી હતી પણ કોઈએ એને જોઈ નહોતી. લોકો બધાં ચારે બાજુએ ફેંકાઈ ગયાં હતાં. બાળકો સામાન નીચે દટાઈ ગયાં હતાં. બધાંને જબરો આઘાત લાગ્યો હતો. બ્રેઈકવાન તો સાવ ખલાસ જ થઈ ગયું હતું. સાવ ખલાસ થઈ ગયું બ્રેઈકવાન ?

હું તો ઊભો જ રહી ગયો. ખુલ્લા માથાવાળા એક કર્મચારી પાટા પર થઈને મારા તરફ દોડતા આવ્યા. એ હતા સ્ટેશન માસ્તર. એમણે ગદ્‌ગદ અવાજે ગભરાટમાં ને ગભરાટમાં પેસેન્જરોને સ્વસ્થ થઈને પોતપોતાની જગ્યાએ જવા વિનંતી કરી પણ કોઈએ એની નોંધ લીધી નહિ. એમના માથા પર ટોપી નહોતી અને એમનામાં પોતાની જાત પર કાબૂ નહોતો. બિચારો અભાગિયો ! કદાચ જવાબદારી એમની જ હશે. એનાથી એની કારકીર્દિનો અન્ત આવી જાય. ભવિષ્યની ઉજ્જ્વળ તક ખતમ થઈ જાય. હું બ્રેઇકવાન વિશે એને પછી શક્યો નહિ. પણ એમ કરવામાં સલુકાઈ નહોતી.

એક બીજા કર્મચારી આવ્યા – પગ ઘસડતા આવ્યા. સાર્જન્ટમેજરના જેવી એમની મૂછોને કારણે મેં એમને ઓળખ્યા. એ જ અમારા પિતા, એ જ અમારા રાજા. એઓ પગ ઘસડતા, ઘૂંટણ પર હાથ મૂકી ઝૂકી ગયેલા, 'અરે ભગવાન, આ શું થયું, આ શું થયું ?' એટલું જ બોલતા બોલતા આવ્યા. શું બન્યું તે વિષે મેં એમને પૂછ્યું, 'હું તો ફસાઈ ગયો. મારા સાહેબ, મારી તો છાતી જ ભીંસાઈ ગઈ. હું તો માંડમાંડ છાપરામાં કાણું પાડીને બહાર નીકળ્યો.' 'આ છાપરામાં કાણું પાડીને બહાર નીકળ્યો' છાપામાંના અહેવાલ જેવું લાગ્યું. રોજ-બ-રોજના જીવનમાં એણે આવો શબ્દપ્રયોગ કર્યો જ ન હોત. એને અકસ્માતનો નહિ પણ છાપામાં આવેલા એના અહેવાલનો અનુભવ થયો હતો - - પણ તેથી મારે શું ? એઓ મારી મૂલ્યવાન હસ્તપ્રતો વિશે કશા સમાચાર આપવાની સ્થિતિમાં નહોતા. આથી ધક્કા મારીને આગળ આવતા અને પોતે બહુ મહત્ત્વનો છે એવી અદાથી ચાલતાં એક જુવાનિયાની સાથે હું થઈ ગયો. મેં એને મારી ભારે ટ્રન્ક વિશે પૂછયું. 'જો સાહેબ, અત્યારે તો કોઈ કશું કહી શકે એવી સ્થિતિમાં નથી' - એના બોલવાનો ભાવ એવો હતો કે હું કશી ઇજા વગર હેમખેમ બહાર આવી શક્યો છું. એ માટે મારે ઉપકારવશ થવું જોઈએ, 'બધી જ વસ્તુઓ અહીંતહીં વિખેરાઈ ગઈ છે. સ્ત્રીઓની મોજડીઓ —' એણે હાથ ફેલાવીને ચારેબાજુ પ્રસરેલા વિનાશને બતાવીને નાકનું ટેરવું ઊંચે ચઢાવ્યું. 'એ લોકો સાફસૂફીનું કામ હાથ ધરશે પછી આપણે જોઈશું. સ્ત્રીઓની મોજડીઓ........'

હું ઊભો રહી ગયો. એ રાતે સાવ એકાકી ઊભોઊભો હું મારું હૃદય તપાસવા લાગ્યો. સાફસૂફીનું કામ. મારી હસ્તપ્રતો શોધવા સાથે સાફસૂફીનું કામ શરૂ થશે. કદાચ એનો નાશ થઈ ચૂક્યો હશે, કાગળો ફાટી ગયા હશે. બધું ખતમ થઈ ગયું હશે. મારો મધપૂડો,

મારું કરોળિયાનું જાળું, મારો માળો, મારી ધરતી, મારું ગૌરવ અને મારી યાતના, મારું સર્વસ્વ, મારો શ્રેષ્ઠ અંશ – એ બધું જ જો જતું રહ્યું હશે તો હું શું કરીશ ? જે બધું મેં મહામુશ્કેલીએ ઘડયું હતું, જોયું હતું, જે જીવન્ત વસ્તુ હતી, જેને વાચા પ્રાપ્ત થઈ ચૂકી હતી, તેની મારી પાસે બીજી એકે નકલ નહોતી. બીજી વાત તો જવા દો પણ મારી નોંધો, મુસદ્દાઓ, કાંઈ કેટલાંય વર્ષોથી મહેનત કરીને એકઠી કરેલી બધી સામગ્રી ખિસકોલી જેવો કરેલો સંઘરો – આ બધાંનું શું ? હવે હું શું કરું ? મેં મારા આત્માને આ પ્રશ્ન પૂછયો, હું જાણતો હતો કે મારે નવેસરથી બધું આરમ્ભવું જોઈએ. હા, પશુના જેટલી ધીરજથી. જેની ચતુરાઈ ાને મહેનતથી બનેલી કોઈ વિસ્મયકારક અને સંકુલ વસ્તુનો કોઈએ નાશ કરી નાખ્યો હોય અને એ જે રીતે બધું ફરી આરમ્ભે તેમ. હતાશાભરી દિઙ્મૂઢતાની એકાદ ક્ષણ પછી મારે ફરી કામે લાગી જવું જોઈએ – અને કદાચ આ વખતે એ વધુ સરળતાથી બને પણ ખરું.

પણ આ દરમ્યાન ફાયરબ્રિગેડના માણસો આવી પહોંચ્યા હતા. એમની મશાલો ડબ્બાઓના ભંગાર પર લાલ અજવાળું પાથરી રહી હતી. હું બ્રેઇકવાનની તપાસ કરવા આગળ વધ્યો ને જોયું તો એને કશું થયું નહોતું. બધો જ સામાન સહીસલામત હતો, જે બધું ચારે બાજુ વિખેરાઈને પડયું હતું. એમાં સૂતળીના દડા પણ હતા. ચારેબાજુ સૂતળી જ સૂતળી ફેલાઈ ગઈ હતી.

મારા હૃદય પરથી મોટો ભાર હળવો થઈ ગયો. હું આજુબાજુ ઊભેલા લોકો વચ્ચે જઈને ભળ્યો. એ લોકો આ આફત વિશે સૂફિયાણી વાતો કરી રહ્યા હતા. પોતાનું મહત્ત્વ કેટલું છે તેનો દેખાડો કરી રહ્યા હતા. એટલું તો સ્પષ્ટ હતું કે એન્જિન ડ્રાઇવરે ભારે અગમચેતી બતાવી હતી. એણે સંકટ સમયે ખેંગવાની બ્રેક છેલ્લી ઘડીએ વાપરીને મોટી હોનારત થતી બચાવી લીધી હતી. જો એવું ન બન્યું હોત તો, લોકો કહેતા હતા કે, ભારે ખાનાખરાબી થઈ હોત, આખી જ ગાડી ડાબી બાજુના ઊંચાણવાળા ભાગ પર થઈને ગબડી પડી હોત. ભાઈ, એન્જિન ડ્રાઇવર, તારી જેટલી પ્રશંસા કરીએ એટલી ઓછી છે ! એ ક્યાંય દેખાતો નહોતો, એને કોઈએ જોયો નહોતો પણ એની કીર્તિ આખી ગાડીના લોકોમાં પ્રસરી ગઈ અને એની ગેરહાજરીમાં અમે એને ખૂબ વખાણવા લાગ્યાં. એક જણે કહ્યું, 'એણે આપણી જિંદગી બચાવી લીધી.' અમે બધાં એમની સાથે સમ્મત થયાં.

પણ અમારી ગાડી જે પાટા પર હોવી જોઈએ તેના કરતાં જુદા જ પાટા પર હતી. અને પાછળથી બીજી ગાડી આવીને એની જોડે ભટકાય નહિ તેની જવાબદાર વ્યક્તિાઓએ કાળજી રાકવી પડતી હતી. ફાયરબ્રિગેડના માણસો ડબ્બાના છાપરા પર મશાલ સળગાવીને ઊભા હતા અને જેણે મને ગભરાવી મૂક્યો હતો અને જેઓ વારેવારે સ્ત્રીઓની મોજડીની વાત કર્યા કરતા હતા એમણે પણ હાથમાં મશાલ ઝાલી લીધી હતી. અને કોઈ ગાડી તો આવતી દેખાતી નહોતી તેમ છતાં મશાલ હલાવીને સંકેત કરી રહ્યા હતા.

ધીમે ધીમે વ્યવસ્થા જેવું સ્થપાતું હોય એવું લાગ્યું. રાજસત્તા કામે લાગી હોય એવો

અનુભવ થયો. એણે સ્વસ્થતા અને સાવધાની પ્રાપ્ત કરી લીધાં, જરૂરી પગલાંઓ લેવામાં આવ્યા. તાર મોકલાયા, રેગેન્સબર્ગથી અકસ્માતને પહોંચી વળવા માટેની ખાસગાડી સાવચેતીપૂર્વક સ્ટેશનમાં પ્રવેશી અને મોટા ગેસના દીવાઓ ભંગારની આજુબાજુ ગોઠવી દેવાયા. હાથમાં લઈ શકાય એવો સામાન સાથે રાખીને, કેટલાક લોકો તો માથે પાટા બાંધીને, પ્રશ્નસૂચક આંખે જોઈ રહેલા એ ગામના કુતૂહલભર્યા વતનીઓની હાર વચ્ચે થઈને, નાના સરખા વેઇટિંગ રૂમમાં ગયા. ત્યાં અમે બધાં ટોળે વળ્યાં. એકાદ કલાક સુધીમાં અમને એક ખાસ ગાડીમાં જેમ તેમ ખડકી દીધાં.

મારી પાસે તો પહેલા વર્ગની ટિકિટ હતી પણ હવે એ શા ખપની ? કારણ કે સહુ કોઈને પહેલા વર્ગમાં મુસાફરી કરવી હતી. બીજા બધા ડબ્બા કરતાં સહુથી વધારે ભીડ મારા ડબ્બામાં હતી. મેં મારા પૂરતો નાનો ખૂણો શોધી લીધો અને બેસીને જોઉં છું તો સામે કોણ ? પેલા વરસાદી જોડાવાળા છેલબટાઉ સજ્જન. એમની સાથે એમનો કૂતરો નહોતો. એમના વિશિષ્ટાધિકારને અવગણીને એમનો કૂતરો એમની પાસેથી લઈ લેવામાં આવ્યો હતો અને હવે એ એન્જિનની પાસેના સળિયાવાળા ડબ્બામાં કચવાતા કચવાતા બેઠા હતા. એમની પાસે મારી જેમ પહેલા વર્ગની ટિકિટ હતી પણ હવે એનો કશો અર્થ નહોતો, તેઓ બબડ્યા ફફડ્યા કરતા હતા. આ આવી પડેલી એક આફતને કારણે સામ્યવાદીઓની રીતે વર્ગભેદ દૂર કરવામાં આવ્યો તેની સામે તેઓ વિરોધ દાખવી રહ્યા હતા. પણ બીજા એક સજ્જને એમને નૈતિક અભિનિવેશથી કહ્યું, ‘અરે મહેરબાન આટલું બેસવાનું મળ્યું એનો તો પાડ માનો !’ કટાણું હસીને એ અમારા મિત્ર આ બેહૂદી પરિસ્થિતિ પરત્વે સમાધાન કેળવતા બેસી રહ્યા.

બે ફાયર બ્રિગેડના માણસોનો ટેકો લઈને આ કોણ દાખલ થયું ? એક ટચુકડાં દાદીમાં એમનાં કપડાં બધાં ફાટી ગયાં હતાં. મ્યુનિકમાં જેઓ બીજા વર્ગમાં બેઠાં હતાં તે જ. ‘આ પહેલો વર્ગ છે ?’ એઓ પૂછતાં રહ્યાં અને જ્યારે અમે કહ્યું, ‘હા, પહેલો વર્ગ જ છે’ ત્યારે તેઓ નિરાંતનો દમ ખેંચીને ગાદી પર આરામથી બેસી પડ્યાં. કેમ જાણે હવે જ એઓ સલામત હતાં. એઓ બોલ્યાં, ‘પ્રભુ, તારો જય થાઓ.’

હોફ આવ્યું ત્યારે તો પાંચ વાગી ગયા હતા અને અજવાળું પણ થઈ ગયું હતું. ત્યાં અમે નાસ્તો કર્યો. હું ત્યાંથી એક એકસપ્રેસમાં બેસીને મારા બધા સામાન સાથે ડ્રેસ્ડન પહોંચ્યો.

તો, જે રેલવે અસ્કમાતમાં સંડોવાયો હતો તેની આ વાતમાં એક વાર તો જિન્દગીમાં આવું બનતું જ હશે. ગણિતશાસ્ત્રીઓને જે કહેવું હોય તે કહે, મને તો લાગે છે કે હવે જો બીજો અકસ્માત થાય તો મને એમાંથી ઊગરી જવાની પૂરેપૂરી તક છે.

અનુ. ઉપમન્યુ વૈદ્ય (સુરેશ જોષી)

અમારું ઘર

ઇયાન કોયરાન

દા છાપું વાંચતા હતા અને જીભ વડે દાંત ખોતરતા હતા. ઘરમાંનાં બીજા બધાંની જેમ એઓ કશું કરતા નહોતા; તેમ જ એમની કશું કરવાની દાનત હોય એમ પણ લાગતું નહોતું.

હું આંખો બંધ કરીને સોફા પર પડ્યો હતો. મા ચૂલા પાસે અઢેલીને બેઠી હતી. હવે પછી શું બોલવું તેનો કદાચ એ વિચાર કરી રહી હતી કે પછી કોઈ હવે એને શું કહેશે તેનો એ કુતૂહલપૂર્વક વિચાર કરી રહી હતી. પછી મેં મારી આંખો ખોલી ને મારી વાત સાચી પડી; હું ટીવી જોઈ રહ્યો હતો એ વાત જ ભૂલી ગયો હતો.

આવું જ અમારા ઘરમાં ચાલ્યા કરતું – ખાસ કશું બનતું નહિ, પણ રખેને કશુંક બને એ ખ્યાલથી અને જીવ્યે જતાં હતાં. પ્રોગ્રામ સારો નહિ હોય ત્યારેય અમે ટીવી ચાલું રાખતા; કેટલીક વાર હું એનો અવાજ બંધ કરી દેતો અને ત્યારે ડાહ્યા માણસો કાલતું, બાઘા કે પછી હસવું આવે એવા લાગવા માંડતાં.

પછી મારા દાએ છાપું નીચે મૂકી દીધું ને માએ એમની તરફ જોયું. દા બોલ્યા, 'તું કોઈક દિવસ ઘરને સળગાવી મૂકવાની છે.' પણ મા ચૂલા આગળથી તસુભર ખસી નહિ. એણે માત્ર આટલું કહ્યું, 'વારુ, તો મારાથી તમારો છુટકારો થશે, ખરું ને ?' એનો અર્થ એ કે દાએ આ બાબતમાં હા કે ના કહેવી જોઈએ. એમણે છાપું હાથમાં લીધું, કશું બોલ્યા નહિ.

પછી મેં ડુનો નીચે ઊતરવાનો અવાજ સાંભળ્યો. મને લાગ્યું કે એ કદાચ પાછલે પગે દાદર ઊતરતો હતો. કોઈ વાર એ એવું અળવીતરું પણ કરતો. એ તો ઊતરતાંવેંત સીધો મા પાસે ગયો ને માનું નાક પકડી લીધું. કોઈ જીવડું પકડમાંથી છૂટે તેમ એણે નાક છોડાવી લીધું. એણે ડુને ઠપકો આપતાં કહ્યું, 'જરા તો અક્કલ રાખ.'

કોઈક વાર ડુ દાનું છાપું લઈને ખૂણામાં મૂકી દેતો. ત્યારે દા કહેતા, 'ભગવાનને ખાતર.' ડેમાંડ, ફ્રાન્સિસ, પિટર અને હું – અમે બધાં જ એ સાંભળીને હસી પડતાં. કોઈક

વાર મા ચૂલા આગળની ખુરશી પર બેઠી ઝોકાં ખાતી હોય ત્યારે એ ભીનું મસોતું એના મોઢા પર મૂકી દેતો, કે પછી એના નાકમાં પીંછું ફેરવતો ત્યારે દા હસી પડતા.

આમ અમે ખાસ કશું કરતાં નહોતાં ત્યાં રેયમંડ અને પિટર મોટરમાં આવ્યા. મને લાગ્યું કે પિટર ઘરમાં આવશે એટલે મા એને કશુંક કહેશે – 'ખાવાને વખતે કદી તું તો ઘરે હોતો જ નથી.' કે એવું કંઈક કે પછી 'તને કળાનું કામ શીખવા મોકલ્યો તે નકામું જ ગયું ! એ ભણતર પૂરું થયા પછી તું તો કશું કરતો જ નથી !' પણ એ ક્યાં કશું કાને ધરે એવો છે ! પણ મા તો બબડ્યે જ રાખે છે. પછી દા કહે છે, 'જેને સાંભળવું જ નથી તેના જેવા બહેરા બીજા કોઈ હોતા નથી.' પણ પિટરને કોઈ કશું કહેતું નથી; એ અમારો બનેવી થાય ને માનો તો જમાઈ.'

હુએ કહ્યું, 'જુઓ તો રેયમંડની પાસે તો ખોખું છે. ' દા સિવાયનાં અમે બધાં જ ઊઠીને બારીએ જોવા ગયાં.

'એ શું લાવ્યો હશે ?' ફ્રાન્સિસે કુતૂહલથી પૂછ્યું.

'મૂરખાવેડા ક્ર્યા હશે !' દા બોલ્યા.

રેયમંડ અને પિટર રસ્તે થઈને આવી રહ્યા હતા. રેયમંડને થોડી દાઢી હતી અને એના હાથમાં મોટું ભૂખરા રંગનું ખોખું હતું. એમ એમની તરફ જોઈ રહ્યા હતા તેની એમને ખબર હતી. પણ એઓ ઘર તરફ જોતા નહોતા. એઓ ઘર આગળ આવ્યા અને આગલું બારણું ઠોક્યું.

'પાછલે બારણે થઈને આવો !' ફ્રાન્સિસ બરાડી ઊઠી. પતરું પણ કાપી નાખે એવો તીણો અવાજ હતો. દાએ કહ્યું, 'ઘરને પાછલું બારણું છે તેની શું એમને ખબર નથી ?' એઓ હંમેશાં આવું જ કહેતા.

ફ્રાન્સિસ 'પાછલે બારણેથી આવો' એવું બરાડતી રહી. હુ જઈને બેસી ગયો અને મા બોલી, 'છો ને આખો દિવસ ઠોક્યા કરે ને લોકો એમને જોયા કરે.' એઓ બારણું ઠોક્યે જ ગયા. પછી ફ્રાન્સિસ પણ આવીને બેસી ગઈ. દાએ ઊભા થઈને બારણું ખોલ્યું. પણ એ દરમિયાન એઓ પાછલે બારણે જતા રહ્યા હતા. તેઓ ઘરમાં થોડુંક રોકાયા. રસોડામાં થઈને ખાંખાખોળા કરીને થોડુંક ખાધું. રેયમંડ રસોડામાંથી અંદર આવ્યો ત્યારે એની દાઢી પર દૂધનાં ટીપાં બાઝેલાં હતાં. પિટર મારી પાસે સોફા પર બેઠો અને જગ્યા નહોતી તોય રેયમંડ અમારી વચ્ચે માંડમાંડ ગોઠવાઈ ગયો. પછી તો સહેજેય જગ્યા નહોતી રહી. છાપાંથી ઢાંકેલું ખોખું અમારી સામે જ પડ્યું હતું. એમાં શું હશે તે વિશે અમને બધાંને અચરજ થતું હતું. પિટર એવી રીતે જોઈ રહ્યો હતો જાણે એને આ કશાંની પડી નહોતી, એને જાણે આ બધાં સાથે કશી લેવાદેવા જ નહોતી. મા ચૂલા આગળથી ખસી નહોતી. લોકોને ઠપકો આપવો કે નહિ તેનો કદાચ એ વિચાર કરતી હતી.

રેયમંડ જાતજાતની વસ્તુઓ ઘરે લઈ આવતો – શીશીઓમાં ઝરણાંનું પાણી, શિંગોડાં - જે કાંઈ પ્રકૃતિની સાવ નિકટનું હોય તે બધું જ એ લઈ આવતો. ગયે વખતે અપશુકનિયાળ

ગણાય એવું કશુંક ફૂલ એ ઘરમાં લઈ આવ્યો હતો તેથી માનો પિત્તો ખસી ગયો હતો અને એને છૂટું બ્રશ માર્યું હતું. માને મન પોતાની વાત સાચી હતી અને રેયમંડને પોતે કશું ખોટું કર્યું હોય એવું લાગતું ન હતું. એણે છાપા નીચે ખોખામાં હાથ નાખ્યો, પણ અમને કશું દેખાતું નહોતું. દાએ પોતાના હાથમાંનું છાપું નીચે મૂકી દીધું ને એવી રીતે જોવા લાગ્યા કે જાણે ભેદ હમણાં પકડાઈ જશે. માએ એના હોઠ સખત બીડી દીધા હતા અને એની આંખો ટીવીના ખાલી પડદા જેવી લાગતી હતી. બાકીનાં અમે બધાં મોઢું વકાસીને જોઈ રહ્યાં હતાં. રેયમડં એકસરખો તાકી તાકીને સૂર્યને જોઈ રહ્યો હોય એવો ભાવ એના ચહેરા પર હતો. પછી જાણે એ હવે વધુ નહિ સહેવાવાથી હમણાં રડી દેશે કે શું એવું લાગતું હતું, એના હાથ તો હજી ખોખામાં જ હતા.

ડુએ ખોખા પરનું છાપું ઝૂંટવી લીધું. જોયું તો એમાં એક અક્કડ થઈને હાંફતું બાજ પંખી પોતાની પીઠ પર પડેલું દેખાયું. જમીનમાં થઈને ઊડીને અદૃશ્ય થઈ જવાનું એ કદાચ ઇચ્છતું હતું. એના મોટા નહોર રેયમંડને હાથને બાઝી પડ્યા હતા. જ્યાં નહોર ખૂંપી ગયા હતા ત્યાં ચામડીમાંથી લોહી બહાર આવ્યું હતું. ડુએ હસવાનું શરૂ કર્યું. મા પથારીમાંથી લસરી પડે કે ફ્રાન્સિસ દાદર પરથી ગબડી પડે અને એના પગમાં કાચ વાગે ત્યારેય એ અચૂક હસતો જ.

દા નજીક આવ્યા અને એમણે નહોરને ખેંચી લેવાનો પ્રયત્ન કર્યો, પણ જેવો એમણે પોતાનો હાથ બાજની નજીક મૂક્યો કે તરત જ બાજે જાણે કુહાડીનો ઘા કરતું હોય તેમ ચાંચ મારી. આથી તો ડુને વળી વધારે હસવું આવ્યું. એની આંખો બંધ થઈ ગઈ અને એના હાથ અક્કડ થઈને હાલવા લાગ્યા.

'મારે એક વધુ ગોળી આ દુષ્ટ પર છોડવી જોઈતી હતી.' પિટર બોલ્યો.

રેયમંડ ગુસ્સે થયો હોય એવું લાગ્યું. બધાંને જીવવાનો એકસરખો અધિકાર છે. જ્યારે દા દાદર આગળ ઉંદરને પકડવા પાંજરું મૂકતા ત્યારે દા સૂઈ જાય કે તરત જ એની દોરી કાંસકાથી કાપી નાખતો.

પછી મેં માને જોઈ. એ એટલી તો વિક્ષુબ્ધ થઈ ગઈ હતી કે એને શું બોલવું તે સૂઝતું નહોતું; એ એની આંગળીઓથી વાળની લટને ઉછાળ્યા કરતી હતી. દા વાડામાંથી ચામડાનાં હાથમોજાં લઈ આવ્યા અને રેયમંડના હાથ પરથી બાજના નહોરની પકડ છોડાવી. બાજ વિફર્યું અને એણે હાથમોજાં પર નહોર મારવાનું શરૂ કર્યું. જ્યાં ગોળી એને વીંધી ગઈ હતી ત્યાં રાતું હાડકું દેખાતું હતું તે મેં જોયું. એ એની પીઠ પર પડ્યું પડ્યું જાણે ગૌરવભેર જોઈ રહ્યું હતું. એની ડોક અક્કડ થઈ ગઈ હતી. હાથમોજાં પાસે જતાં જ જાણે એને આંચકો લાગતો હતો. એની આંખો નાનાં કાળાં મગજ જેવી લાગતી હતી. એ ચામડાના હાથમોજાંને નહોરથી પકડીને એને કરોળિયાની જેમ વળગી રહ્યું. એની એક પાંખ બિલકુલ હાલતી નહોતી. પછી માને વાચા ફૂટી, 'એને આ ઘરમાંથી ફગાવી દો, એનામાં કશુંક દુષ્ટતાભર્યું છે, એનાથી ઝટ છુટકારો મેળવી લો; કહું છું ને કે એને બહાર ફગાવી દો.'

પછી એણે વાળનો મોટો ગુચ્છો આંગળીઓ વડે ખેંચ્યો અને જમીન પર પગ પછાડીને કહ્યું, 'એ અનિષ્ટને ઘરની બહાર ફગાવી દો.'

ડુએ કહ્યું કે એને ને ઈસુ ખ્રિસ્તને કશી લેવાદેવા નથી. એની હત્યા કાંઈ ઈસુએ નહોતી કરી. ત્યાં વળી માને ભાન થયું કે એને રવિવારને દિવસે ગોળીથી વીંધ્યું હતું, રવિવારે તમે એવી હત્યા કરો તો દુર્ભાગ્યને નોતરવા જેવું જ થાય. પણ એવું એ બોલી નહિ કારણ કે ગોળી તો પિટરે છોડેલી, ને એ કાંઈ પોતાનો દીકરો નહોતો. ને બાજ કાંઈ મરી નહોતું ગયું.

રેયમંડે હાથમોજાં ચઢાવી લીધાં અને એ અંદર જઈને ડબલરોટીનો પોપડો લઈ આવ્યો. માએ કહ્યું. કે હિન્દુસ્તાનમાં લોકો ભૂખે મરે છે. ડુએ કહ્યું કે તો આપણે ડબલરોટીના પોપડાને પાર્સલ કરીને હિન્દુસ્તાન મોકલીએ. માએ કહ્યું કે આપણને ખાવા માટે ધાન છે તેથી આપણે ભગવાનનો પાડ માનવો જોઈએ. રવિવારને દિવસે ટીવીનો અવાજ મોટો રાખવો નહિ જોઈએ.

બાજે ડબલરોટીનો પોપડો ખાધો નહિ. એણે માત્ર એમાં ચાંચ મારી જોઈ. રેયમંડ એની જોડે વાતો કરવા લાગ્યો. એણે એનું નામ પાડયું હેરી, અને એને બહુ વાગ્યું તો નથી ને, એવું પૂછ્યું. ડુ પણ એની સાથે વાતો કરવા લાગ્યો. એણે કહ્યું કે આ મૂરખ દુષ્ટ પંખી ઊંચે આકાશમાં સ્થિર રહીને બીજાં પંખીઓને ચક્કર ખવડાવે છે. એનામાં અક્કલ હતી ખરી ? એણે પિટરને બંદૂક સાથે જોયો નહોતો ? રેયમંડે ડુને મૂરખ ન બનવાનું કહ્યું. પછી એણે હુંફાળું ગરમ કપ્પડું ખોખાને તળિયે મૂક્યું ને બાજને માટે જાણે પથારી જેવું બનાવ્યું. દા એના ઘાને ધોવા માટે સ્પિરિટ લઈ આવ્યા અને રેયમંડને ઉત્તેજન આપવા બદલ મા દાને દબડાવ્યે જ ગઈ. એ મરી જાય તે પહેલામ એને ઘરની બહાર ફગાવી દેવાનું એ વારેવારે કહેતી રહી. પણ રેયમંડે કહ્યું કે બાજને તો મરવાનો વિચાર સરખો નથી. પણ જો એ આખો દિવસ કશું ખાશે નહિ તો કદાચ મરી જશે. ડુએ લાકડાનો એક ટુકડો લાવીને હેરીની પાસે મૂક્યો, હેરીએ એને પકડ્યો, હવામાં અધ્ધર કર્યો અને પછી એ પડી ગયો. 'તારે તમાચો ખાવો છે ?' રેયમંડે ડુને પૂછ્યું. માએ કહ્યું કે આ પંખી ઝઘડો કરાવવા જ આવ્યું છે.

ફ્રાન્સિસ પાટો લઈ આવી અને રેયમંડે એની ઘવાયેલી પાંખોને પાટો બાંધવાનો કલાકો સુધી પ્રયત્ન કર્યો, પણ કેમે કર્યો પાટો સરખો રહેતો જ નહોતો. દાએ એને મદદ કરી. બન્ને જણાં ભોંય પર ઘૂંટણિયે પડીને ક્યાં સુધી મથતા રહ્યા.

આ બધું કરી પરવાર્યા પછી દાએ અને રેયમંડે આજુબાજુ જોયું તો મા હજી સોફા પર બેઠેલી હતી. 'મને તો એમ કે તું ક્યારની ઊંઘી ગઈ હશે.' દાએ કહ્યું.

'આ મારા ઘરમાં હોય ત્યાં સુધી હું સૂવાની નથી.'

'અરે, એ કાંઈ નુકસાન કરવાનું નથી. જા, ઊભી થા અને પથારીમાં સૂઈ જા.'

પછી ટીવી પરના માણસે ટીવી બંધ કરવાનું યાદ દેવડાવ્યું. કોઈ કશું બોલ્યું નહિ. બધાં જાણે કશું બોલ્યા વિના દલીલબાજી કરી રહ્યાં હોય એવાં લાગતાં હતાં. રેયમંડ

આઠ-નવ વરસનો હતો અને ખાતો નહોતો ત્યારે મા જેવી લાગતી હતી તેવી જ અત્યારે લાગી રહી હતી. જ્યારે એ ચૌદનો થયો ત્યારે માએ એની સામે ખાવાનું મૂકીને કહ્યું. 'તું આ ખાઈ જા, નહિ તો એ તને કાઈ જશે.' આમ કહીને એ જતી રહેતી ને પછી રેયમંડ બારીમાંથી ખાવાનું બહાર ફેંકીને મરઘીઓને ખવડાવી દેતો.

મા હમેશાં કહ્યે રાખતી - જરૂર પડશે તો હું આખી રાત અહી બેસી રહીશ. કશું બોલ્યા વગર એ આમ કહ્યે રાખતી.

રેયમંડ પંખીને વાડાના છાપરામાં લઈ ગયો, અને અમે બધાં ઊંઘી ગયાં, અને જ્યારે અમે સવારે નીચે ઊતર્યા ત્યારે હેરી હોલવાઈ ગયેલા દેવતા આગળ ટૂંટિયું વળીને બેઠો હતો. રેયમંડ એને ફરી વાડાના છાપરાંમાં લઈ નહિ જાય ત્યાં સુધી કોઈ સવારનો નાસ્તો કરવા તૈયાર નહોતું. એનાં પીંછાં સુકાઈ ગયાં હતાં એટલે સવારે એને જરા સારું લાગતું હતું; પણ હજુ એ કશું ખાતું નહોતું. આખો દિવસ રેયમંડ છાપરા આગળ આંટા મારતો રહ્યો; પનીર અને ડબલરોટી એની આગળ ધરી જોયાં, પણ હેરીએ તો કશું ખાધું જ નહિ.

માએ રસોડું પરવાર્યા પછી રેયમંડને ખાટકીને ત્યાંથી કાચા માંસનો ટુકડો લઈ આવવાનું કહ્યું, એ તો કશું કરતો જ નહોતો.

એ ખાટકીને ત્યાં જઈને પાછો આવ્યો ત્યારે અમે બધાં કામ પરથી ઘરે આવી ગયાં હતાં.

એણે માંસના નાના નાના ટુકડા કરવા માંડ્યા. ત્યાં છાપરામાંથી બહાર આવ્યો. એ હસી હસીને બેવડ વળી જતો હતો; એ એટલું તો હસતો હતો કે એનો હસવાનો અવાજ સુધ્ધાં બહાર આવતો નહોતો. પછી એ માંડ માંડ આટલું બોલ્યો, 'એણે ખાધું ખરું.' એમ કહીને એણે સાબુનો લાટો રેયમંડના હાથમાં આપ્યો. એમાં ચાંચની નિશાનીઓ હતી. રેયમંડ સફાળો દોડતોકને છાપરામાં ગયો, અમે બધા એની પાછળ ગયાં.

'બાજ મોટા બંબામાં પડ્યું હતું, એનો પાટો સાબુનાં પાણીથી તરબોળ થઈ ગયો હતો; એનાં પીંછાં પણ ભીનાં થઈ ગયા હતાં. એનું મોઢું સાબુનાં ફીણથી રૂંધાઈ ગયું હતું.

રેયમંડે એને બંબામાંથી ઊંચકીને બહાર કાઢયું, હવે એને હાથમોજાં પહેરવાની જરૂર નહોતી રહી. એના નહોર ઠંડા પડી જઈને અક્કડ થઈ ગયા હતા.

દાએ કહ્યું, 'એણે સરળ રસ્તો લીધો એટલું એ નસીબવાન નહિ ?'

રેયમંડ હોઠ પર જીભ ફેરવવા લાગ્યો; એનું શરીર જાણે વધારે ને વધારે હાંફતું હતું. એ રડી શકતો નહોતો. હજી સુધી તો એ રડી શક્યો નહોતો. હાંફવાનો અવાજ મોટો થતો ગયો અને એ વૃક્ષોમાં થઈને નદી તરફ દોડવા મંડ્યો.

અમને થયું કે એ કોઈ ઝાડને વળગીને ઊભો હશે ને એને ધીમે અવાજે કશુંક કહી રહ્યો હશે.

અનુ. ઉપમન્યુ વૈદ્ય (સુરેશ જોષી)

વર્તુળાકાર ખંડેરો

હોર્હે લૂઈસ બોર્હેસ

'And if he left of dreaming about you.......' ---- Through the Looking Glass VI એ અનામી રાતે એને કાંઠે ઊતરતાં કોઈએ જોયો નહોતો, એની વાંસની પનાઈ ને કાદવમાં ખૂંપી જતી કોઈએ જોઈ નહોતી. છતાં થોડા જ દિવસોમાં આ ઓછાબોલો માણસ દક્ષિણમાંથી આવ્યો છે અને નદીને ઉપલાણે, પર્વતમાં ઊંડી ફાટ પડેલી બાજુએ આવેલાં અસંખ્ય ગામડાંમાંથી જ એકનો એ રહેવાસી છે, ત્યાંની ઝેંદભાષાને ગ્રીક ભાષાનો ચેપ લાગ્યો નથી ને ત્યાં કોઢના હુમલાનું પ્રમાણ ઓછું છે : આટલું એના વિશે જાણતો ન હોય એવો જણ રહ્યો નહીં. આટલું તો નક્કી જ છે કે એ વિષાદભર્યા માણસે કાદવને ચૂમી ભરી, પોતાનાં અંગોને ચીરી નાખતા અણીદાર ઘાસને બાજુએ ખસેડ્યા વિના (કદાચ, લાગણી અનુભવ્યા વિના) એ કાંઠા પર ચડ્યો અને ઉબકા ખાતાં લોહીલુહાણ થતાં એ સરકતો વર્તુળાકાર વાડ સુધી પહોંચી ગયો. એ વાડની ટોચે પથ્થરનો વાઘ કે ઘોડો જડયો હતો. એનો રંગ એક જમાનામાં અગ્નિશિખા જેવો હતો, પણ આજે તો ભસ્મ જેવો થઈ ગયો હતો. આ વર્તુળ એક મંદિર હતું, વર્ષો પહેલાં પ્રગટેલા દાવાનળે એને ભરખી લીધું હતું, ગંધાતાં જંગલોએ એને ભ્રષ્ટ કર્યું હતું ને એના અધિષ્ઠાતા દેવને કાળા માથાનો કોઈ માનવી હવે અર્ઘ્ય આપતો નહોતો. એ અજાણ્યા માણસે વેદીની નીચેના ભાગમાં સૂવા માટે લંબાવ્યું. માથે આવેલા સૂર્યના તાપે એને જગાડી દીધો. પોતાના ઘા રુઝાઈ ગયા છે એ જોઈને એને જરાય આશ્ચર્ય થયું નહી : પોતાની ફિક્કી આંખો બંધ કરીને એ વળી પાછો સૂઈ ગયો. દેહની અશક્તિના કારણે નહીં, પણ દૃઢ સંકલ્પને બળે. મારી અદમ્ય આકાંક્ષાને પાર પાડવા માટે જે સ્થળની મારે જરૂર છે તે જ આ મંદિર એમ એ જાણતો હતો; એ એમ પણ જાણતો હતો કે નીચેવાસમાં બીજું પણ એક મંગલ મંદિર છે. એક જમાનામાં એના પર જે દેવોનું આધિપત્ય હતું તે બધા આજે તો બળીને મરી પરવાર્યા છે, પણ એનાં ખંડેરને તરુવરોની હારોની હાર ઢાંકી શકી નથી; મારું સહુથી

પહેલું કર્તવ્ય સ્વપ્ન જોવાનું છે. એ પણ એ જાણતો હતો. મધરાત થઈ ન થઈ ત્યાં તો કોઈ પંખીના આર્ત સ્વરથી એ જાગી ગયો. ઉઘાડા પગનાં પગલાં, કેટલાંક શેતૂર, ને એક ઘડો નિહાળીને એ ચેતી ગયો કે હું ઊંઘતો હતો એ દરમિયાન આ પ્રદેશના લોકો અદબભેર મારી હિલચાલ પર છૂપી નજર રાખી રહ્યા હતા – મારું સંરક્ષણ યાચતા હોય એ કારણે કે પછી મારા ચમત્કારથી ડરતા હોય એ કારણે. ભયની એક કંપારી એના શરીરમાં ફરી વળી ને તરત ખખડધજ ભીંતમાંનો એક ગોખલો એણે શોધી કાઢ્યો ને ત્યાં અપરિચિત પાંદડાંના ઢગલામાં પોતાની જાત છુપાવી દીધી.

એને પ્રેરનાર આશય ભલે અતિવાસ્તવિક હોય, અશક્ય તો નહોતો જ. એને સ્વપ્ન દ્વારા મનુષ્યનું સર્જન કરવું હતું : સ્વપ્ન દ્વારા ઝીણામાં ઝીણી વિગતે એનું અખિલાઈપૂર્વક એને સર્જન કરવું હતું, ને પછી એને વાસ્તવિકતા પર સ્થાપવો હતો. આ ચમત્કારક યોજનાએ એના મનના આખાય વિસ્તારને આવરી લીધો હતો. જો કોઈએ અત્યારે એને એનું નામ પૂછ્યું હોત કે એના પૂર્વજીવનનો કોઈ પ્રસંગ વર્ણવવા કહ્યું હોત તો એ એનો જવાબ જ આપી ન શક્યો હોત. આ નિર્જન, ખંડિયેર મંદિર એને અનુકૂળ આવ્યું ; કારણ કે દૃશ્યમાન જગતનો ઓછામાં ઓછો અંશ ત્યાં પ્રવેશ પામતો હતો. શ્રમજીવીઓનું સાન્નિધ્ય પણ એને અનુકૂળ આવ્યુ, કારણ કે એની નજેવી જરૂરત પૂરી પાડવાનું એમણે માથે લઈ લીધું. જે કંઈ થોડા ભાત નેર ફળ એ આણી આપતા એનાથી એના શરીરને પૂરતું પોષણ મળી રહેતું. એનું શરીર તો ઊંઘ ને સ્વપ્નના એકમાત્ર કાર્યમાં ગુંથાયું હતું.

શરૂશરૂમાં તો એનાં સ્વપ્નાં અંધાધૂંધીથી ભરપૂર હતાં, પછી થોડા વખતમાં એનું સ્વરૂપ સ્પષ્ટ થયું. એ અજાણ્યા માણસે આવું સ્વપ્ન જોયું : પોતે એક વર્તુળાકાર એમ્ફિથિએટરની મધ્યમાં ઊભો છે; એ એમ્ફિથિયેટર લગભગ બળી ગયેલા મંદિર જેવું જ છે; ઓછાબોલા વિદ્યાર્થીઓનાં વાદળોએ બેઠકની બધી જ હારો ભરી દીધી છે; છેક છેલ્લી હારમાં બેઠેલાઓના ચહેરાઓ ને એની વચ્ચે અનેક પ્રકારની દૂરતા પથરાઈ છે, ને તારાઓ જેટલી ઊંચાઈ ખડી છે, છતાં એમનાં મુખની રેખાએ રેખા પૂરેપૂરી સ્પષ્ટ વરતાય છે. પોતાના વિદ્યાર્થીઓને એ માણસે એનેટમી, કોસ્મોગ્રાફી ને જાદુવિદ્યા વિશે વ્યાખ્યાન આપ્યાં. ચહેરાઓએ બધું જ એકચિત્તે સાંભળ્યું ને સમજપૂર્વક ઉત્તર આપવાનો પ્રયત્ન કર્યો – એમનામાંથી એકનું આ માયામય રિક્તતાની અવસ્થામાંથી મુક્ત કરી વાસ્તવિક જગતમાં સ્થાપી આપનાર આ પરીક્ષાનું મહત્ત્વ એ જાણે સમજી ન ગયા હોય ! ઊંઘતાં કે જાગતાં, એ માણસ પોતાના આ કપોલકલ્પિત વિદ્યાર્થીઓના ઉત્તર વિષે વિચાર કર્યા કરતો, પોતે ધુતારાથી છેતરાઈ જાય એવો અવકાશ જ એણે રહેવા ન દીધો, ને મૂંઝવણની કેટલીક પળોમાં બુદ્ધિ પાંગરી રહી છે એવું એ કળી શક્યો. વિશ્વના સંચાલનમાં ભાગ લઈ શકે એવા સુપાત્ર આત્મની એણે શોધ આદરી હતી.

નવ કે દસ રાતો પછી, મારા સિદ્ધાંતો વગર વિચાર્યે સ્વીકારી લેતા વિદ્યાર્થી પાસેથી મારે કોઈ જાતની અપેક્ષા રાખવી ન જોઈએ, પણ પ્રસંગોપાત્ત મારો વિરોધ કરવાની.

હામ ભીડનાર વિદ્યાર્થીઓ પાસેથી જ મારે કંઈક અપેક્ષા રાખવી જોઈએ એવું જ્ઞાન એને થયું ને એથી થોડી કડવાશ અનુભવી. પહેલું જૂથ પ્રેમ ને લાડને લાયક હતું. છતાં વ્યક્તિની કક્ષા પ્રાપ્ત કરી શકે એવું નહોતું ; બીજું જૂથ થોડે વધારે અંશે અગાઉથી અસ્તિત્વમાં આવ્યું હતું. એક દિવસે બપોર પછી (હવે તો બપોરનો સમય પણ ઊંઘમાં વીતતો હતો. હવે તો એ માત્ર પરોઢિયે જ બે'ક કલાક જાગતો) માયાવી વિદ્યાર્થીઓના વિશાળ સમૂહને એણે સદાને માટે વિખેરી નાખ્યો ને કેવળ એક જ વિદ્યાર્થીને રાખ્યો. એ એક ઓછાબોલો ને ફિક્કા પીળા રંગનો યુવક હતો, ક્યારેક એ ઉદ્દંડ બની જતો, ને એનું સુરેખ મુખ એના પોતાના સ્વપ્નસર્જકના મુખને મળતું આવતું. એના સહપાઠીઓને એકાએક વિખેરી નાખવામાં આવ્યા હતા. છતાં એનું દુઃખ લાંબું ટક્યું નહીં ; એકાંતમાં આપેલી કેટલીક શીક પછી એણે સાધેલો વિકાસ એના ગયરુને પણ આશ્ચર્યચકિત કરવા માટે પૂરતો હતો. તેમ છતાં એક દુર્ઘટના બની. એક દિવસ એ માણસ પોતે જાણે કોઈ ચીકણા રણવિસ્તારમાંથી આવ્યો હોય એમ ઊંઘમાંથી ઊઠ્યો. બપોર પછીનો નિરર્થક પ્રકાશ એણે જોયો ને તરત એને ઉષાનું તેજ માની લીધું, ને ત્યારે એને સમજાયું કે મેં તો સ્વપ્ન જોયું જ નથી. એ આખી રાત ને બીજો આખો દિવસ અનિદ્રાના અસહ્ય તેજે એને ઘેરી લીધો. પોતાની શક્તિનો હ્રાસ કરવા એ આખુંયે જંગલ ખૂંદી વળ્યો. હેમ્લોકના છોડ વચ્ચે થોડાંક ઝોકાં એ માંડમાંડ ખાઈ શક્યો — તદ્દન વ્યર્થ એવાં ચંચળ, ને અસ્પષ્ટ દર્શનો જોતાં જોતાં. વિદ્યાર્થીઓના સમગ્ર સમૂહને એકઠો કરવાનો એણે પ્રયત્ન કર્યો પણ હજી આવાહનના આછા મંત્રોચ્ચાર એણે કર્યા ન કર્યા ત્યાં તો એ વિકૃત થઈ ગયો ને પછી ભુંસાઈ ગયો. અખંડ ઉજાગરાથી ત્રાસેલી એની આંખોને ક્રોધનાં આંસુ પ્રજાળી રહ્યાં.

આ અનુભવે એને સમજાયું કે સ્વપ્ન જે પદાર્થનાં બનેલાં છે તે પદાર્થ જ એટલો વિશ્લિષ્ટ ને ભ્રમણશીલ છે કે એમાંથી આકાર સર્જવો એ કાળા માથાના માનવી માટે અતિવિકટ કાર્ય છે, પછી ભલે ને એ અસ્તિત્વના ઉચ્ચતર ને નિમ્નતર બધાં જ સ્તરોનું રહસ્ય પામી ગયો હોય; રેતીના કણમાંથી દોરડું વણવું કે આકારહીન વાયુ પર મુદ્રા છાપવી એથી યે વધુ વિકટ કાર્ય. એણે પ્રતિજ્ઞા લીધી કે પ્રથમ ગ્રાસે જ મને ચળાવી દેનાર બારે ભ્રમણાને હું ભૂલી જ જઈશ. ને પછી કાર્યની બીજી પદ્ધતિ એને રચી કાઢી. એને અમલમાં મૂકતાં પહેલાં સન્નેપાતમાં વેડફાઈ ગયેલી શકિત પુન : પ્રાપ્ત કરવામાં એણે એક મહિનો ગાળ્યો. સ્વપ્ન જોતાં પૂર્વની ધ્યાનાવસ્થાનો એણે ત્યાગ કર્યો ને તરત જ એ દિવસનો ઠીકઠકિ એવો સમય ઊંઘમાં વિતાવવા ભાગ્યસાળી બન્યો. આ સમય દરમિયાન કેટલીક વાર સ્વપ્ન આવ્યાં. પણ એની એણે દરકાર જ કરી નહીં. પોતાનું કાર્ય ફરીથી સરૂ કરતાં પહેલાં એણે ચંદ્ર પૂર્ણ કળાએ પ્રકાશે ત્યાં સુધી વાટ જોઈ, પછી મધ્યાહ્ન ટાણે નદીનાં નીરમાં નિમજ્જન કરી એણે કાયાને પવિત્ર કરી, નક્ષત્રદેવોને અર્ઘ્ય આપ્યો, મહિમાવાનના નામની શ્રુતિઓનું રટણ કર્યુ, ને પછી ઊંઘી ગયો, બીજી જ પળે એણે ધબકતે હૃદયે સ્વપ્ન જોયું.

એણે સ્વપ્નમાં જોયું કે એ ઉષ્માભર્યું છે, ગુપ્ત છે, બંધ વાળેલી મૂઠીના કદનું છે, ને માનવશરીરની આછી કંકણાકાર છાયાની અંદર એનો રંગ ઘેરો રાતો છે, એના મુખ કે જાતિનો આકાર હજી બંધાયો નથી; એકધારી ચૌદ ચૌદ દેદીપ્યમાન રાત્રિઓ સુધી એણે અપાર કાળજીભર્યા પ્રેમથી એનું સ્વપ્ન જોયા કર્યું. રાત પ્રતિ રાત એ એને વધુ ને વધુ સ્પષ્ટ રીતે જોવા લાગ્યો. એણે એને સ્પર્શ કર્યો નહી; એણે તો માત્ર સાક્ષીભાવે જોયા કર્યું, નીરખ્યા કર્યું, ને વખતોવખત એકાદ દૃષ્ટિપાતથી એણે યથાસ્થાને ગોઠવ્યા કર્યું. બધા જ દૃષ્ટિકોણથી, બન્યા તેટલા જુદા જુદા અંતરેથી એણે એને નીરખ્યું ને એની સાથે સાથે શ્વાસ લીધો. ચૌદમી રાતે ફેફસાં ને હૃદયને જોડતી મુખ્ય ધમનીને એણે પોતાની તર્જનીથી હળવો સ્પર્શ કર્યો, ને પછી આખાય હૃદયને અંદરથી ને બહારથી સ્પર્શી જોયું. આ પરીક્ષણથી એને સંતોષ થયો, એક રાતે એણે જાણીકરીને સ્વપ્ન ન જોયું; પછી ફરીથી એણે હૃદયનું ધ્યાન ધર્યું. એક નક્ષત્રના નામનું આવાહન કર્યું ને શરીરનાં બીજાં મુખ્ય મુખ્ય અંગોનું ધ્યાન ધર્યું. એક વર્ષમાં તો એ હાડપિંજર ને આંખની પાંપણ સુધી પહોંચી ગયો. સંખ્યાતીત વાળનું ધ્યાન કદાચ વિકટમાં વિકટ નીવડ્યું. હવે તો એણે સંપૂર્ણ માનવનું સ્વપ્ન જોયું – એ યુવાન હતો, પણ હજી ઊઠી બેસી શકતો નહોતો. પોતાની આંખો પણ ઉઘાડી શકતો નહોતો. રાત પછી રાત વીતવા માંડી, એ માણસ ઊંઘતાં ઊંઘતાં એનું સ્વપ્ન જોયે જ ગયો.

વિશ્વના સર્જન અંગેના નિગૂઢવાદીઓનાં શાસ્ત્રોમાં લખ્યું છે કે ઈશ્વરો પગે ઊભા રહી ન શકે એવા રાતા આદમને સર્જે છે; આપણા આ તાંત્રિકની રાત્રિઓએ સ્વપ્નાંમાંથી ઘડી કાઢેલો આદમ પણ આ પંચમહાભૂતમાંથી ઘડાયેલા આદમ જેટલો જ બેઢંગ, અણઘડ ને પ્રાકૃત હતો. એક દિવસ બપોરે એ માણસે પોતાના સમગ્ર કાર્યનો લગભગ નાશ કરી નાખ્યો હોત, પણ પછી એણે વિચાર બદલી નાખ્યો, (એણે નાશ કરી નાખ્યો હોત તો જ સારું થાત) ધરતીના અધિષ્ઠાતા દેવોને કરવાની બધી જ યાચના પૂરી થઈ ત્યારે એ પેલા વાઘ કે પછી ઘોડાના આકારને ચરણે ઢળી પડ્યો ને અજ્ઞાતની સહાય યાચવા માંડ્યો. તે સાંજે, સંધ્યાના પ્રકાશમાં એણે મૂર્તિનું સ્વપ્ન જોયું. એણે સ્વપ્નમાં જોયું કે એ જીવતું છે. ચેતન ધબકતું છે. એ કોઈ ક્રૂર વાઘ ને ઘોડો નથી. પરંતુ એકીસાથે એ આ બે તેજી પશુ પણ છે ને વળી આખલો છે, ગુલાબ છે ને આંધી છે. આ બહુમુખી દેવે એને દર્શન દીધાં ને કહ્યું કે જગતમાં મને અગ્નિ કહે છે ને આ વર્તુળાકાર મંદિરમાં (ને બીજાં આવાં મંદિરોમાં) એક જમાનામાં લોકો મારે માટે બલિદાન આપતા ને મારી આરાધના કરતા. તેં સ્વપ્નમાં રચેલા દેહમાં હું ચમત્કારથી પ્રાણ પૂરીશ, ને એ એવી રીતે કરીશ કે હું અગ્નિ પોતે ને તું એનો સ્વપ્નસર્જક. આપણા બંને સિવાય બીજા સર્વ પ્રાણી એને લોહીમાંસનો બનેલો માનવી જ માનશે. એ (અગ્નિદેવે) આજ્ઞા કરી કે આ માનવને બધાં વિધિવિધાનમાં પારંગત થાય એટલે એને પણ પેલાં નીચેવાસમાં જેનાં પિરામિડો દેખાય છે ને એ ખંડિયેર મંદિરોમાં મોકલી દેવો. તો જ એ નિર્જન ખંડેરમાં કોઈ ગેબી અવાજ એની યશગાથા

ગાશે, સ્વપ્ન જોનાર માણસના સ્વપ્નમાં જેનું સ્વપ્ન જોવાતું હતું એ જાગી ઊઠ્યો.

પોતાને મળેલી આજ્ઞા તાંત્રિકે પાર પાડી. વિશ્વનાં રહસ્યનું ને અગ્નિના સંપ્રદાયનું એને જ્ઞાન આપવામાં જ એણે કેટલોક કાળ (અંતે એ બે વર્ષ પુરવાર થયો) વિતાવ્યો. હૃદયમાં ઊંડે ઊંડે તો એનાથી વિખૂટા પડવાના વિચારમાત્રથી એને વેદના થતી હતી. શાસ્ત્રોપદેશના બહાના હેઠળ એ સ્વપ્ન જોવાના સમયનું પ્રમાણ દિનપ્રતિદિન વધારતો ગયો. સહેજસાજ ખામીભર્યો લાગતો જમણો હાથ એણે ફરીથી ઘડ્યો. કેટલીક વાર તો આ બધું ક્યારનું પૂરું થઈ ગયું છે એવા અંદેશાથી એ ખળભળી ઊઠતો....એકંદરે એના દિવસો આનંદભર્યા પસાર થતા હતા. જ્યારે એ પોતાની આંખ બંધ કરતો, ત્યારે આમ વિચારતો : 'હવે એ મારા પુત્રના સાન્નિધ્યમાં હઈશ.' અથવા વિરલ પ્રસંગે આમ વિચારતો : 'મેં જેનું સર્જન કર્યું છે એ પુત્ર મારી પ્રતીક્ષા કરે છે ને હું જો એની પાસે નહી જાઉં તો એ જીવતો નહી રહે.

ધીમે ધીમે એણે એને વાસ્તવિકતાના પરિચય આપવાનું શરૂ કર્યું. એક વાર એણે એને દૂર દૂરના શિખરે ધ્વજ રોપી આવવાની આજ્ઞા કરી. બીજે દિવસે શિખર પર ધ્વજ ફરકતો હતો; એવા જ બીજા પ્રયોગો એણે અજમાવી જોયા, પ્રયોગો દરેક વખતે વધુ કપરા બનતા જતા હતા. મારો પુત્ર જન્મ ધરવા યોગ્ય થઈ ગયો છે – કદાચ અધીરો બની ગયો છે એવું ભાન એને થયું ત્યારે વેદનાનો સણકો એણે અનુભવ્યો. એ રાતે એણે એને પહેલી વાર ચૂમી ભરી ને જોજનનાં જોજન સુધી પથરાયેલાં નિબિડ અરણ્યો ને કાદવભરી ખાડીઓની પેલે પાર, નીચેવાસમાં જેનાં ખંડેર ધોળાધફ થયે જતાં હતાં એ ભણી રવાના કર્યો. આમ કરતાં પહેલાં (હું પ્રેત હતો એવી જાણ પોતાના પુત્રને કયારેય ન થાય એ કારણે, હું પણ બીજા મનુષ્યો જેવો જ છું એમ એ વિચારે એ કારણે) એના મનમાંથી પોતાના અભ્યાસકાળની તમામ સ્મૃતિ એણે ભૂંસી નાખી.

એને સાંપડેલાં વિજય ને શાંતિ બંને કંટાળાને કારણે વેરવિખેર થઈ ગયાં. સંધ્યા ને ઉષાની સ્વર્ણિમા રેલાતી ત્યારે એ પેલી પથ્થરની મૂર્તિને ચરણે દંડવત્ પડ્યો રહેતો - – નીચેવાસમાં બીજાં વર્તુળાકાર ખંડેરમાં મારો અનૌરસ પુત્ર અત્યારે મેં કરેલી વિધિઓ જ કરતો હશે એવી કલ્પના એ ત્યારે કદાચ કરતો હશે; રાતે હવે એ ક્યારેય સ્વપ્ન જોતો નહોતો, ને જોતો તો બીજા મનુષ્યો જુએ એવાં જ જોતો. બ્રહ્માંડનાં વિધવિધ ધ્વનિઓ ને આકારોનાં એનાં વીક્ષણ હવે કંઈક ઝાંખાં પડી ગયાં. એના આત્માનો હ્રાસ થતો હતો ને એના વડે જ એના પોતાનો પુત્ર પુષ્ટ થતો જતો હતો. એના જીવનનું ધ્યેય ચરિતાર્થ થયું હતું ; એ માણસ એક પ્રકારની આનંદસમાધિમાં રહેતો હતો. કેટલોક કાળ વીત્યા પછી. કેટલાક ઇતિહાસવેત્તાઓ જેની ગણતરી વર્ષોમાં કરે છે ને કેટલાક દાયકાઓમાં, એક મધરાતે બે નાવિકોએ એને જગાડયો. એમનાં મુખ એને દેખાયાં નહી, પણ એમણે તો એને ઉત્તરના મંદિરમાં, જરાયે દાઝ્યા વિના અંગારા પર ચાલી શકતા એક સિદ્ધ પુરુષની ગાથા કહી સંભળાવી. તાંત્રિકને એકાએક દેવની વાણી સાંભરી આવી. આ ધરતી

પર વસી રહેલાં તમામ પ્રાણીઓમાં એકમાત્ર અગ્નિ જ મારા પુત્રને પ્રેત તરીકે ઓળખે છે એ પણ એને સાંભરી આવ્યું. પહેલાં તો આ સ્મરણથી એને શાતા વળી પણ અંતે તો યાતનામાં જ પરિણમી. એને ભય લાગવા માંડ્યો : પોતાને સાંપડેલા આ અસામાન્ય અધિકારનું મારો પુત્ર વધુ ને વધુ ધ્યાન ધરે ને કોઈ પણ રીતે પોતે તો માત્ર પ્રતિબિમ્બ જ છે એમ જાણી લે તો શું થશે ? માનવ ન હોવું, પણ અન્ય માનવનાં સ્વપ્નનો આવિષ્કાર જ હોવું – કેવો અકલ્પ્ય પરિહાસ, કેવું ગાંડપણ ! સુખની એક મીઠી મૂંઝવણને કારણે જ કોઈ પણ પિતાને પોતે જન્મ આપેલા (કે જન્મવા દીધેલા) ભાવિની ચિંતા હોય જ છે. આપણા તાંત્રિકને પણ પોતે જેનું આંતરડે આંતરડાં ને અંગે અંગ દ્વારા હજાર હજાર રાત સુધી ચિંતવન કર્યું હતું એ પુત્રના વિશે ભય લાગે એ એટલું જ સ્વાભાવિક હતું.

એની આ કુશંકાઓનો અધવચ્ચેથી જ અંત આવ્યો, પણ એ પહેલાં અમુક આગાહી તો એને થઈ જ ગઈ. પહેલાં(લાંબા દુષ્કાળ પછી દૂર દૂરની ટેકરી પર એક વાદળું દેખાયું, એ પંખી જેવું હળવું ફૂલ હતું; પછી દક્ષિણમાં આકાશનો રંગ ચિત્તાનાં પેઢાં જેવો ગુલાબી થઈ ગયો; પછી ધુમાડાના ગોટેગોટ ચડ્યા ને રાત્રિની ધાતુને કાટ ચડ્યો, ને પછી શરૂ થઈ ભયત્રસ્ત વન્ય પશુઓની નાસભાગ. સૈકાઓ પૂર્વે બનેલી ઘટનાનું પુનરાવર્તન થયું. અગ્નિદેવના મંદિરનાં ખંડેરનો અગ્નિદેવે જ નાશ કર્યો. પંખીનાં કલગાન વિનાની એક સૂની સવારે તાંત્રિક જાગીને જોયું તો બળબળતી જ્વાળાઓ ખંડેરની દીવાલો ચાટતી હતી. પળ વાર તો એને નદીનો આશ્રય લેવાનું મન થયું, પણ એને સમજાઈ ગયું કે આ તો મારી વૃદ્ધાવસ્થાના શિરમોર સમું મૃત્યુ છે ને એ મને મારા પરિશ્રમમાંથી મુક્ત કરી પોતાની ગોદમાં લેવા આવી રહ્યું છે. અગ્નિની જ્વાળાઓ ભણી એ આગળ વધ્યો. અગ્નિએ એનાં અંગોને દઝાડ્યાં નહીં, એણે તો એમને પંપાળ્યાં ને ગરમી કે જ્વાળાથી સ્પર્શ્યા વિના જ એને પોતાનામાં સમાવી લીધો. નિરાંત અનુભવતાં, નમ્રતા અનુભવતાં, ભય અનુભવતાં એને જ્ઞાન થયું કે હું પણ એક આભાસ છું. મને પણ કોઈ સ્વપ્નમાં સરજી રહ્યું છે.

અનુ. કમલેશ પીર

મિત્ર કોલ્બિને ફાંસી !

ડોનાલ્ડ બાર્થેલમ

અમારામાંના કેટલાક, સારા એવા સમયથી અમારા મિત્ર કોલ્બિને ધમકાવતા રહેલા - - એના અમુક જાતના વર્તનને કારણે. અને હવે તો ખૂબ જ ચડી વાગેલો, પરિણામે અમે નક્કી કરી લીધું કે એને ફાંસીએ લટકાવી દેવો. કોલ્બિએ દલીલ કરી કે માત્ર પોતે ચડી વાગ્યો હતો. (પોતે ચડી વાગેલો તેની એણે ના ન પાડી) એટલા જ કારણે કંઈ પોતાને ફાંસીએ ના ચડાવી દેવાય. ચડી વાગવું તો એણે કહ્યું, એવી વસ્તુ છે કે દરેક જણ ક્યારેક તો કરે જ છે ! એની આ દલીલ પ્રત્યે અમે કંઈ બહુ ધ્યાન આપ્યું નહિ. અમે એને પૂછ્યું કે ફાંસીને પ્રસંગે કેવું મ્યુઝિક વગાડીએ તે એને ગમશે. એણે કહ્યું કે એ વિશે પોતે વિચારશે, જો કે નક્કી કરતાં ઝાઝી વાર તો નહિ લાગે. મેં વાંધો લીધો, કે અમારે તો અત્યારે જ જાણવું પડે, કેમ કે હોવર્ડ, જે કંડક્ટર છે, મ્યુઝિશિયનો રોકવાનો છે, તેમની પાસે રિહર્સલો કરાવવાનો છે — પણ ક્યું મ્યુઝિક તે જ્યાં લગી એ જાણતો જ ન હોય, ત્યાં લગી બધી શરૂઆત કરે શી રીતે ? કોલ્બિએ કહ્યું કે ઇવ્સની ફોર્થ સિમ્ફનીનો પોતે હમ્મેશનો આશક રહ્યો છે. હોવર્ડે કહ્યું. આ તો વાતને વિલંબમાં નાખવાની તરકીબ છે. બધાને ખબર છે કે ઈવ્સનો પ્રોગ્રામ તો લગભગ ઇમ્પોસિબલ કહેવાય, રિહર્સલોમાં પણ અઠવાડિયાં જાય, ને વળી ઓરકેસ્ટ્રા ને કોરસની એની મોટી સાઇઝ.... આપણા મ્યુઝિક - બજેટને તો ઊંધું જ વાળી દેવાની ! એણે કોલ્બિને કહ્યું, 'યાર, બી રિઝનેબલ.' કોલ્બિએ કહ્યું લે થવું ઘટે તેમાં જે કંઈ ઓછું થાય તે માટે પોતે વિચારી જોશે.

હ્યુગને આમંત્રણો પરના વર્ડિંગની ચિંતા હતી. એકાદ ફરફરિયું સત્તાવાળાઓના હાથમાં જઈ પડે તો શું થાય ? કોલ્બિને ફાંસી આપવી તે બેશક કાયદા વિરુદ્ધનું હતું ને જો સત્તાવાળાઓને આખા પ્લાનની પહેલેથી જાણ થઈ જાય, તો તો તેઓ અવશ્ય દખલ કરે ને બધું મેસ અપ થઈ જાય. મેં કહ્યું, કોલ્બિને ફાંસી આપવી તે લગભગ ચોક્કસપણે કાયદા વિરુદ્ધનું છે, છતાં એમ કરવાનો આપણને પૂરો 'મોરલ' રાઈટ છે – કેમકે તે 'આપણો' મિત્ર છે, અનેક ઇમ્પોર્ટન્ટ સેન્સમાં હી બિલોંગ ટુ અસ ! ને વધુ તો એ, કે

આ ખૂબ જ ચડી વાગ્યો છે. અમે સૌ સમ્મત થયા કે આમંત્રણની ભાષા તો એવી જ રાખવી કે જેથી આમંત્રિતને ખબર જ ના પડે કે શાનું આમંત્રણ છે. અમે નક્કી કર્યું કે આખા પ્રસંગને 'મિસ્ટર કોલ્બિને સંડોવતો એક કાર્યક્રમ' એવા જ શીર્ષકથી નિર્દેશવાનું રાખવું. કેટલોગમાંથી પછી તો સુન્દર સ્ક્રીપ્ટ પસંદ થઈ, ક્રીમ કલરનો પેપર પણ અમે નક્કી કર્યો. મેગ્નસે કહ્યું કે આમંત્રણો છપાઈને તૈયાર થઈ જાય તેની પોતે કાળજી તો રાખશે, પણ અમારે ડ્રિન્કસ સર્વ કરવાં કે કેમ તે અંગે એને પ્રશ્ન હતો. કોલ્બિએ કહ્યું કે ડ્રિન્કસની વાત તો મજાની છે, પણ પોતાને વધુ ચિંતા તો ખર્ચની છે. અમે એને નમ્રતાપૂર્વક સમજાવ્યું, કે ભઈલા, ખર્ચનો તો કોઈ પ્રશ્ન જ નથી. ગમે તેમ તેય અમે બધા જાની દોસ્ત છીએ, ને એવા દોસ્તો ભેગા મળીને આખી ઘટનાની વાહવા થાય એમ જરા રંગતથી ઊજવે, તો એમાં એનું શું જાય છે ? એમાં તે વળી કઈ દુનિયા ઊંધી પડી જવાની છે ! કોલ્બિએ પૂછ્યું, કે શું તેને પણ, પ્રસંગ પૂર્વે, પીવાનું મળશે ને ! અમે કહ્યું, 'બેશક બેશક.'

આખી બાબતમાં હવે પછીની મહત્ત્વની આઈટેમ હતી માંચડો. ફાંસીના માંચડાની વાતમાં અમારામાંનું કોઈ કશું સમજતું નહોતું, ટોમસ કે જે એક આર્કિટેકટ છે, બોલી પડ્યો કે પોતે પુસ્તકો ફેંદી વળશે ને માંચડાનો પ્લાન દોરી કાઢશે. એને યાદ આવ્યું કે આમાં મહત્ત્વની બાબત તો ટ્રેપડોર બરાબર ફંકશન કરે તે અંગેની છે. અમને એણે માત્ર અડસટે જ કહ્યું, મજૂરી અને માલસામાનની ગણતરી કરતાં, કે આમાં ચારસોથી વધુ ડોલર થવાના નથી. 'ગુડ ગોડ !' હોવર્ડ ચોંકી ગયો. એણે પૂછ્યું કે શું ટોમસ ! માંચડો રોઝવૂડનો તો નથી બનાવવાનો ને ? 'ના,' 'માત્ર સારી જાતનું પાઇન જ વાપરશું,' ટોમસે કહ્યું વિક્ટરે પૂછ્યું, કે રંગ્યા કર્યા વિનાનું પાઇન કેવું લાગે ? રો નહિ લાગે ? ટોમસે જવાબ આપ્યો કે એ તો ઝાઝી મુશ્કેલી વગર જ રંગી શકાશે – ડાર્ક વોલ્નટ કલરે રંગી નાખશું.

મેં કહ્યું કે બધું એકદમ સરસ મજાનું થવું જોઈએ એમ તો હું માનું જ છું પણ સાથોસાથ, મને માચડા માટે ચારસો ડોલરનું પાણી કરવાનું પણ ઠીક નથી લાગતું – ડ્રિન્કસ, આમંત્રણો, મ્યુઝિશિયનો વગેરે ઉપરાંતનો આ ખર્ચ આપણા માટે જરા વધારે પડતી વાત ગણાય; માંચડાને બદલે આપણે કોઈ વૃક્ષનો ઉપયોગ ન કરી શકીએ ? મજાનું એકાદ ઓક કે એવું જ કોઈ બીજું ? સૌનું ધ્યાન દોરતાં વાત મેં આગળ ચલાવી; જૂનમાં કોઈને વૃક્ષ પર લટકાવીએ તે બીજી રીતે પણ ઉચિત ગણાશે, કેમ કે વૃક્ષો ત્યારે નવપલ્લવિત થયાં હોય છે; ઉપરાંત વૃક્ષને કારણે બધું એકદમ 'નેચરલ' લાગવાનું તે તો ખરું જ, પણ આખો પ્રસંગ પરમ્પરાપુષ્ટ પણ દેખાવાનો – કેમકે પશ્ચિમમાં તો એમ જ થતું આવ્યું છે ને ? ટોમસ, કે જે પરબીડિયાં પર માંચડાના સ્કેચ દોરી રહ્યો'તો, અમારું ધ્યાન ખેંચતાં બોલ્યો કે આઉટડોર ફાંસીને હમેશાં વરસાદનો ભય રહે છે. વિકટરે કહ્યું કે પોતાને આઉટડોરનો આઈડીઆ તો જચી ગયો છે. નદીકિનારે કરી શકાય, પણ એમાં શહેરથી થોડે દૂર જવું પડે, ને પરિણામે મહેમાનો, મ્યુઝિશિયનો વગેરેને સાઈટ પર લાવવા-લઈ જવાનો એક જુદો જ પ્રોબ્લેમ ઊભો થાય છે. બાકી આઈડીયા સારો જ છે.

આ ક્ષણે બધા હેરી ભણી જોવા લાગ્યા કે જેનો કાર-ટ્રક ભાડે ફેરવવાના બિઝનેસ છે. હેરીએ કહ્યું કે આ પ્રોબ્લેમ પોતે સોલ્વ તો કરી શકે, પૂરતાં વાહનો પોતે ભેગાં તો કરી આપે. પણ એના ડ્રાઇવરોને ચૂકવવું પડે ! એણે કહ્યું. ડ્રાઇવરો કંઈ કોલ્બિના થોડા જ મિત્રો છે તે ફંડમાં મફત સેવાઓ આપે ? ડ્રિન્કસવાળાને મ્યુઝિશિયનોની જેમ એ લોકો પણ માગે તો ખરા જ ને ? એણે કહ્યું, એની પાસે દસેક જેટલાં વાહનો તો છે જ – જેને એ મોટે ભાગે તો મરણોત્તર પ્રસંગો માટે જ ઉપયોગમાં લે છે – અને બીજાં એકાદ ડઝન તો વેપારી-પાસેથી મિત્રોથી પોતે ઉઘરાવી શકશે. એણે એમ પણ કહ્યું કે આપણે જો આ બધું શહેર બહાર ઓપન એરમાં કરીએ તો મંડપ જેવું પણ કંઈક કરવું જોઈશે, એટલીસ્ટ, મોંઘેરા મહેમાનો અને ઓરકેસ્ટ્રા માટે કવર જેવું તો કંઈક ખરીદી પણ લેવું જોઈએ, કેમકે ફાંસીના આ પ્રસંગે વરસાદ પડે, તો તો બધું સાવ ભેંકાર બની જાય. માંચડો કે વૃક્ષ એણે કહ્યું, બંને માટે પોતાને તો કોઈ ખાસ પ્રેફરન્સિસ નથી, પણ પોતાને અવશ્ય લાગે છે એણે ઉમેર્યું કે આ ચોઇસ તો કોલ્બિના પર જ છોડી દેવાવો જોઈએ, કેમકે આખરે તો આ એની પોતાની ફાંસીનો પ્રસંગ છે ! કોલ્બિએ કહ્યું કે દરેક જણ ક્યારેક તો ચડી વાગે જ છે, ને કાયદાનૂનની વાતમાં શું આપણે બધા થોડા ઘણા પણ ક્રૂર, 'ડ્રેકોનીઅન' નથી બની જતા વારુ ? હોવર્ડે જવા કટુતાથી કહી દીધું કે એ ડિસ્કશન તો ક્યારનું પતી ગયું છે – પોતાને શું જોઈએ છે તે કહે : માંચડો કે વૃક્ષ. કોલ્બિએ પૂછયું, પોતાને ફાયરિંગ સ્કવોડ તો એક જાતની 'ઇંગોટ્રીપ' બની જાય.... એ તો આંખે પાટા બાંધવાવાળી વાત થઈ, ને વળી કોલ્બિ તો ચાળચસ્કા કરીને સૌની પતરાજી વહોર્યા વિના પહેલેથી જ ઊંડા પાણીમાં ઊતરેલો છે ! કોલ્બિએ કહ્યું, પોતે દિલગીર છે, સોરી, પોતાના કહેવાનો મતલબ એમ નહોતો; ચાલો ! પોતે 'વૃક્ષ' રાખે છે, બસ ! ચિઢાઈને ટોમસે પોતે દોરેલા માંચડાના સ્કેચિઝનો ડૂચો વાળી દીધો.

પછી ઊભો થયો જલ્લાદનો પ્રશ્ન. પિટે પૂછયું, શું આપણને જલ્લાદની જરૂર ખરેખર પડવાની છે ? કેમકે, આપણે જો વૃક્ષ વાપરવાના હોઈએ, તો ફાંસલો તો ચોક્કસ લેવલે બરાબર એડજસ્ટ કરી શકાશે, ને પછી કોલ્બિ ખુરશી, સ્ટૂલ કે કશાક પરથી કૂદકો નહિ લગાવી લે ? વધુમાં, પિટે કહ્યું પોતાને મોટી શંકા એ છે કે દેશમાં આટલા તેટલામાં ફ્રિલાન્સ જલ્લાદો પણ મળે કે કેમ –કેમકે મોતની આ સજાને હવે, અલબત્ત ટેમ્પરરીલિ, પણ સમ્પૂર્ણપણે દૂર કરવામાં આવી છે, ને તેથી સંભવ છે કે એકાદને પકડી લાવવા આપણે ઈંગ્લેન્ડ કે સ્પેન અથવા તો પછી સાઉથ અમેરિકન કન્ટ્રીઝમાં ઊડવું પડે.....ને ધારો કે એમ કરીએ તો ય આપણને ખબર કેવી રીતે પડવાની કે માણસ ધંધાદારી. ખરેખરો જલ્લાદ છે કે પછી સૌની વચમાં બધો ડબ્બો કરી આપણને ભોંઠા પાડનારો કોઈ પૈસા-ભૂખ્યો એમેચ્યોર ? પછી અમે બધા સમ્મત થયા કે કશાક પરથી કોલ્બિ જસ્ટ કૂદકો લગાવી લેશે, ખુરશી પરથી નહિ. કેમકે, અમને થયું, ખુરશીવાળું તો 'ટેકી' લાગે - અમારા એ સુન્દર વૃક્ષ નીચે એવી કશી જૂની કીચન - ચેર...! ટોમસ, કે જે બધી વાતે અમારામાં મોડર્ન છે. ને નવતાઓને વિશે કદી ડરતો નથી. કહેવા લાગ્યો કે કોલ્બિ દસ ફૂટ ડાયામીટરના રબરના એક મોટા

બોલ પર ઊભો રહે તો કેવું. આનાથી, એણે કહ્યું, આવશ્યક 'ડ્રોપ'નો હેતુ તો સરશે જ, ને ધારો કે કૂદકો લગાવ્યો પછી કોલ્બિ એકાએક પોતાનું માઇન્ડ બદલી નાખે તો બોલ આઉટ ઓવ ધ વે જઈને ગબડી પણ જશે. અમારું ધ્યાન ખેંચતાં એણે કહ્યું, કે રીતસરનો જલ્લાદ નહિ રોકીને આખા પ્રસંગની સફળતાની જવાબદારી, આપણે જોકે કોલ્બિના પોતાના પર નાખીએ છીએ ખરા પણ, એણે ઉમેર્યું, પોતાને વિશ્વાસ છે કે કોલ્બિ બધું શોભાસ્પદ રીતે જ પર્ફોર્મ કરવાનો છે, ને પોતાના મિત્રોનો છેલ્લી ઘડીએ કશો ફજેતો નથી કરવાનો – જોકે એ પણ એટલું જ જાણીતું છે કે એવે વખતે માણસો અસ્થિર મનના, ઢચુપચુ થઈ જતા હોય છે. વળી એણે ઉમેર્યું કે વાયર કરતાં તો દસ ફૂટનો રાઉન્ડ રબર બોલ, સંભવ છે કે બહુ સસ્તામાં બનાવરાવી શકાશે. ને આખું એકદમ 'બેન્ગ-અપ પ્રોડકશન' ગણાશે!

'વાયર'નો ઉલ્લેખ થતાં, હેન્ક, કે જે અત્યાર લગી મૂંગો જ રહેલો. એકાએક બોલી ઊઠ્યો; કહેવા લાગ્યો કે પોતાને એ નથી સમજાતું કે દોરડાને બદલે વાયર વાપરીએ તો શું બગડી જવાનું છે. વાયર દોરડા કરતાં વધારે કાર્યક્ષમ ગણાય, ને વળી છેલ્લી ઘડીએ કોલ્બિને મદદરૂપ પણ પુરવાર થાય, એણે સૂચવ્યું, અહીં કોલ્બિનું મોં જરી કાળું પડી ગયું. જો કે મને એમાં કશો વાંક નથી લાગતો; કેમ કે દોરડાને બદલે વાયરથી લટકાવવાનાં છે એ વિચાર જ અરુચિકર છે. એનો વિચાર કરવા માંડો કે તુર્ત જ તમે ઠંડા પડી જાઓ છો. તમારામાં એક જાતનું 'રિવલ્શન' જન્મવા લાગે છે ! કોલ્બિ શેના પરથી કૂદવાનો છે એ સ્પષ્ટ થઈ ગયું હોય, અમે ટપમ્મસનો રબર-બોલનો આઈડીઆ સ્વીકારી લીધો હોય, ને આખ્ખો પ્રોબ્લેમ સો નીટલિ સોલ્વ થઈ ગયો હોય. ત્યારે મને થયું કે બેઠો બેઠો હેન્ક વાયરની ચર્ચા ઉપાડીને પોતાને શું લેવા કડવો બતાવવાનું કરે છે –! એટલે મેં એકદમ ઝડપથી કહી નાખ્યું કે વાયરની વાત હવે આઉટ ઓવ કવેશ્ચન છે ! વળી વાયર તો વૃક્ષને નુકસાન પહોંચાડે જ્યાં બાંધ્યો હોય ત્યાંથી વૃક્ષને ડાળામાંથી ચીરી નાંખે, કોલ્બિનું આખ્ખું વજન ન લાગે ? ને ઉમેર્યું કે આજકાલ, પર્યાવરણને વિશેના વધતા જતા રિસ્પેકટભર્યા દિવસોમાં, આમ કરવું આપણા માટે ઠીક નથી – છે ? કોલ્બિ મને કૃતજ્ઞ દૃષ્ટિથી જોઈ રહ્યો ને અમારી મિટિંગ પૂરી થઈ.

કાર્યક્રમને દિવસે બધું એકદમ સરળતાથી પતી ગયું (મ્યુઝિક; કોલ્બિએ જે છેવટે પસંદ કરેલું, સ્ટાન્ડર્ડ હતું, એલ્ગરનું, ને હોવર્ડને એની મંડળીએ એકદમ સરસ વગાડેલું). વરસાદ નહોતો પડ્યો. પ્રસંગ સૌની ઉપસ્થિતિમાં સારી રીતે સચવાયેલો, સ્કોચ કે કશું પણ ખૂટી પડેલું નહિ. દસ ફૂટનો રબરબોલ ઘેરા લીલા રંગે રંગેલો, ને પ્રાકૃતિક વાતાવરણમાં બરાબર ભળી જતો'તો. આખા પ્રસંગને વિશેની મને યાદ રહી ગઈ હોય તેવી બાબતો બે છે : વાયર અંગે મેં જે કહ્યું તે વેળાની કોલ્બિની એ કૃતજ્ઞ દૃષ્ટિ, અને એ હકીકત કે ફરી કોઈ કદી ચડી વાગ્યું નથી.

અનુ. સુમન શાહ

વિદેશિની-૩

છૂંદણા

જુનિશિરો તાનીઝાકી

આછકલાપણાનો ઉમદા ગુણ મરી નો'તો પરવાર્યો તે જમાનાની આ વાત છે. જીવવાને માટે આજની જેમ મરણિયો પ્રયત્નો ત્યારે નો'તા કરવા પડતા, ગામના ખાનદાન કુટુંબના નબીરાઓના મુખ પર ત્યારે ચિન્તાની વાદળી સુધ્ધાં ફરકતી નહોતી. દરબારમાં દાસીઓ અને મશહુર ગણિકાઓનાં મુખ પર હંમેશાં સ્મિત ફરકતું રહેતું, વિદૂષક અને ચા-ઘરના રંગલાને કોઈ હલકા ગણતું નહિ. જીવન સમથળ વહેતું ને સદા ઉલ્લાસપૂર્ણ રહેતું. એ જમાનાની રંગભૂમિમાં અને સાહિત્યમાં સૌન્દર્ય અને ક્ષમતા અવિચ્છેદ્ય સંબંધે આલેખાતાં.

શારીરિક સૌન્દર્ય સિદ્ધ કરવું તે જીવનનું લક્ષ્ય નિઃસંકોચ ગણાતું ને એને સિદ્ધ કરવા માટે લોકો છૂંદણાં સુધ્ધા છૂંદાવતાં. એમનાં શરીર પર ઉજ્જ્વળ રેખાઓ અને રંગ જાણે નૃત્યના છન્દે હિલ્લોલિત થઈ ઊઠતાં. ગણિકાઓને ત્યાં જતી વેળાએ જેના શરીર પર ભારે ચાતુરીથી છૂંદણાં છુંદાવ્યાં હોય એવા જ પાલખી ઊંચકનારા પસંદ કરવામાં આવતા.યોશિઆરા અને તાત્સુમિની ગણિકાઓ જેમનાં શરીર પર સુંદર છૂદણાંની ભાત હોય તેને જ પોતાની કાયા ધરી દેતી. જુગારના અડ્ડાઓમાં જનારા, આગ હોલવનારા, વેપારીઓ અને સામુરાઈઓ પણ છૂંદણાંનો શોખ ધરાવતા. છૂંદણાંનાં પ્રદર્શનો પણ યોજાતાં, એમાં ભાગ લેનારાં એકબીજાનાં શરીર પરની ભાત પર હાથ ફેરવીને મૂળ ભાતની સુંદરતા વિશે નિર્ણય કરતા ને એની ખૂબીખામીની ચર્ચા કરતા.

એક જુવાન છૂંદણાં છૂંદનારો એના અદ્ભુત કૌશલ માટે પ્રખ્યાત હતો. એની ભારે બોલબાલા હતી અને એની ખ્યાતિ આસાકુસાના ચારિબુન, માત્સુશિમાશોના યાકકોહેઈ અને કોન્કોન્જિરો જેવા કુશળ છૂંદણાં છૂંદનારાઓ જોડે પણ હરીફાઈમાં ઊતરતી. છૂંદણાંનાં પ્રદર્શનોમાં એની કળાની ભારે પ્રશંસા થતી અને એ કળાના ઘણા ચાહકો એની પાસે છૂંદણાં છુંદાવવા ઇચ્છતા. દારુમાકિન એનાં સુન્દર રેખાંકનો માટે પ્રખ્યાત હતો. કારાકુસા ગોન્તા લાલ રંગનાં છૂંદણાં માટે જાણીતો હતો ત્યારે આ સેઇકિચિ

એની ભાતની મૌલિકતા અને એના કામોત્તેજકતાના ગુણ માટે પ્રખ્યાત હતો.

આ પહેલાં એણે તોયોકુની અને કુનીસાદા શૈલીના ચિત્રકાર તરીકે નામના મેળવી હતી ને અમુક પ્રકારનાં ચિત્રોમાં એણે વૈશિષ્ટ્ય સિદ્ધ કર્યું હતું. હવે છૂંદણાં છૂંદનારને નીચે દરજ્જે આવી પડ્યા પછી એણે એક સાચા કળાકારની ખુમારી અને ઉત્કટ સંવેદનશકિતને ટકાવી રાખ્યાં હતાં. જે લોકોનાં શરીરનું સૌષ્ઠવ કે ચામડીનો રંગ એને રુચતાં નહિ તેને એ છૂંદણાં છુંદવાની ના કહી દેતો. જેને એ સ્વીકારતો તેમણે પણ એની પસંદ કરેલી ભાત અને એણે નક્કી કરેલી કિંમત કબૂલ રાખવાં પડતાં. વળી છૂંદણાં છુંદાવ્યા પછી લગભગ બે મહિના સુધી એને કારણે થતી અસહ્ય યાતના એમને સહેવાની રહેતી.

આ જુવાનના હૃદયમાં પણ બીજા કલ્પી ન શકે એવી વાસનાઓ અને આનંદની ઇચ્છાઓ સંતાઈને રહેતી. સોયના ભોંકાવાથી જ્યારે ચામડી સૂઝી જતી, લાલ ચટક લોહી વહી જતું ત્યારે લોકો વેદના સહન ન કરી શકવાને કારણે દર્દના સિસકારા કાઢતા. એ લોકો જેમ વધારે કણસે તેમ એને વધારે આનંદ આવતો. છૂંદણાંઓમાં સૌથી વધુ યાતનાદાયક લેખાતાં રાતાં છૂંદણાંઓ છૂંદવામાં એને સવિશેષ આનંદ થતો. પાંચસો કે છસો વાર સોય ભોંકાયા પછી ને રંગ બરાબર ખીલી આવે એ માટે ચામડી ઊતરડી નાખે એવા ગરમ પાણીથી નાહ્યા પછી તેઓ ઘણુંખરું અધમૂઆ થઈને એને ચરણે ઢળી પડતા. હાલ્યાચાલ્યા વિના એ લોકો આમ પડી રહેતા ત્યારે એ સંતોષના સ્મિત સાથે તેમને પૂછતો, તો તમને ખરેખર પીડા થાય છે, નહિ ?'

કોઈ ઢીલોપોચો ઘરાક આવતો ને એ વેદનાનો માર્યો દાંત કડકડાવતો કે દુ:ખથી ચીસો પાડતો ત્યારે સેઇકિચિ કહેતો; 'હું તો માનતો હતો કે તમે ક્યોટોના રહેવાસી છો. ત્યાંના લોકો તો કઠણ છાતીના હોય છે, જરા ધીરજ રાખો. મારી સોય અસહ્ય પીડા કરાવે છે.' આંખને અણિયાળેથી એનો શિકાર બનેલા ઘરાકના આંસુથી ભીના થયેલા ચહેરાને જોઈ એની પ્રત્યે સાવ ઉપેક્ષા સેવીને પોતાનું કામ કર્યે જતો. જો કોઈ મૂગે મોઢે યાતના સહન કરી લેતું તો એ કહેતો : 'ઓહો, તમે તો દેખાવ છો તેના કરતાં વધારે બહાદુર લાગો છો, પણ જરા વાર રહીને જોજો.પછી તમારાથી મૂગે મોઢે સહન થવાનું નથી, ભલે ને ગમે તેટલા પ્રયત્ન કરો.' આમ કહીને એ એના ધોળા દાંત કાઢીને હસી પડતો.

છેલ્લાં કેટલાંક વર્ષોથી સેઇકિચી કોઈ સુંદર કન્યાની અનુપમ કાન્તિવાળી કાયા પર પોતાની સોયથી છૂંદણાં છુંદીને પોતાના આત્માને પ્રકટ કરવાની મહત્ત્વાકાંક્ષા સેવતો હતો. આ કાલ્પનિક કન્યાએ છૂંદણાં છુંદાવતાં પહેલાં એનાં શરીરસૌષ્ઠવ અને ચારિત્ર્યની અપેક્ષાઓ પૂરી કરવાની હતી. સુંદર ચહેરો અને રૂપાળી ચામડી હોય તેટલાથી સેઇકિચી સંતોષાય એમ નહોતો. પોતાના આદર્શને પહોંચી વળે એવી સ્ત્રીને માટે એણે આખાય નગરની પ્રખ્યાત ગણિકાઓમાં મિથ્યા શોધ ચલાવી હતી. પોતાની આદર્શ નારીની છબિ સદાય એના મનમાં રહેતી, ને આ શોધ કર્યાને ત્રણ વર્ષ વીતી ગયાં હોવા છતાં એની વાસના ટાઢી પડવાને બદલે સમયના વહેવા સાથે વધુ ને વધુ ઉત્સુક બનતી ગઈ હતી.

એક ઉનાળાની સાંજે એ ફુકાગાવા તરફ ફરતો હતો ત્યારે આંખને આંજી નાખે એવા ગૌર વર્ણનો પગ એણે એક પાલખીના પડદા પાછળ અદૃશ્ય થઈ જતો જોયો. મુખ પર જેટલાં ભાવપરિવર્તન દેખાય તેટલાં જ પગ પર પણ દેખી શકાય. આ ગૌરવર્ણ પણ સેઇકિચીને કોઈ વિરલ રત્નના જેવો લાગ્યો. એનાં ઘાટીલાં આંગળાં અને અંગૂઠો, એના ચકમક થતા નખ, ગોળાકાર એડી, યુગોથી કોઈ પર્વતનાં નીતર્યા ઝરણાંથી ધોવાતી આવી હોય તેવી કાન્તિ ધરાવતી એની ત્વચા - આ બધાંથી એ પગ શ્રેષ્ઠતાની પ્રતિમૂર્તિ જેવો લાગતો હતો. એ જાણે માનવીના હૃદયને વિક્ષુબ્ધ કરવાને ને એના આત્માને દલિત કરવાને જ નિર્માયો હોય એવું લાગતું હતું. વર્ષોથી પોતે જેની શોધ કરી રહ્યો હતો તે નારીનો જ આ પગ હતો તેની સેઇકિચીને પળવારમાં પ્રતીતિ થઈ ગઈ. હર્ષાવેશમાં એ પાલખીમાં બેઠેલી નારીની ઝાંખી થાય એ આશાએ એ પાલખીની પાછળ દોડ્યો, પણ કેટલીય ગલીઓમાં એની પાછળ ભમ્યા પછી એક ખૂણા આગળ એ પાલખી એની નજર ચુકાવીને અલોપ થઈ ગઈ. આ બન્યા પછી જે એના મનની અસ્પષ્ટ આકાંક્ષા હતી તે અત્યન્ત દુર્દમ્ય વાસના બની રહી.

ત્યાર પછી એક વરસ બાદ એક સવારે કોઈ મુલાકાતી સેઇકિચીને એના ફુકાગાવા વિસ્તારમાંના ઘરે મળવા આવ્યું. તાત્સુમી મહોલ્લામાંની એની મિત્ર અમુક ગેયસાએ આ જુવાન સ્ત્રીને કશાક કામસર એની પાસે મોકલી હતી.

'મારી શેઠાણીએ એમનો આ કિમોનો તમને હાથોહાથ પહોંચાડવા મને મોકલી છે. એના અસ્તર પર સુંદર ભાત આંકી આપવાની તમને વિનંતી કરી છે.' એ યુવતી અત્યંત સંકોચપૂર્વક બોલી.

એણે કિમોનો અને ચિઠ્ઠી સેઇકિચીને આપ્યાં. કિમોનો જાણીતા અભિનેતા ઇવાઇ તોજાકુની છબિવાળા કાગળમાં લપેટેલો હતો. એના પત્રમાં એ ગેયશાએ લખ્યું હતું કે એ પત્ર લાવનાર કન્યા એના હાથ નીચે ગેયશાની કારકિર્દી માટેનું શિક્ષણ લેતી હતી ને નગરના એક જાણીતા રેસ્ટોરાંમાં થોડા જ વખતમાં પહેલી વાર મુજરો કરવાની હતી. આ સંબંધમાં એ કન્યાને યથાશક્તિ મદદ કરવાની એમાં વિનંતી કરવામાં આવી હતી.

સેઇકિચીએ બારીકાઈથી એ કન્યાને નિહાળી. એ સોળ કે સત્તર વરસથી મોટી નહોતી ને છતાં એના ચહેરા પર પૂર્ણવિકાસિત નારીના ચહેરા પર હોય છે તેવું ગાંભીર્ય હતું. એની આંખોમાં એ નગરમાં રહેનારાં સર્વ સુંદર નારીનાં સ્થાનો લહેરાતાં હતાં. એમાં દેશભરનાં લોકોનાં પાપપુણ્ય હાથ મિલાવીને ભેગાં થયાં હતાં. પછી સેઇકિચીની દૃષ્ટિ એના નાજુક પગ પર પડી. એ પરાળ ગાદીથી ઢંકાયેલો હતો ને એણે લાકડાની પાવડી પહેરેલી હતી.'"ગયા જૂનમાં તું જ હિરાસેઈ રેસ્ટોરાંમાંથી નીકળીને પાલખીમાં બહાર જવા નીકળી હતી ?'

'હા, એ હું જ હતી.' આ વિચિત્ર પ્રશ્ન સાંભળીને એણે હસી પડીને જવાબ આપ્ય, 'ત્યારે પિતાશ્રી હયાત હતા. એઓ કોઈવાર મને હિરાસેઈ રેસ્ટોરાંમાં લઈ જતા.'

'હું છેલ્લાં પાંચ વર્ષોથી તારી પ્રતીક્ષા કર્યા કરું છું.' સેઇકિચીએ કહ્યું. આ પ્રથમ વાર હું તારું મુખ જોઉં છું, પણ હું તારા પગથી તને ઓળખું છું.....હું કશુંક તને બતાવવા ચાહું છું. જરા અંદર આવ, તે છળી મરીશ નહિ."

આમ કહીને એણે સહેજ ખંચકાતી એ કન્યાનો હાથ ઝાલ્યો. ને એને ઉપરના મજલાના એક ઓરડામાં લઈ ગયો, એ ઓરડાના છજામાંથી નીચે નદી દેખી શકાતી હતી. એ ચિત્રના બે મોટા વીંટા લઈ આવ્યો અને એ પૈકીનો એક એણે ખોલીને એ કન્યાને બતાવ્યો.ચીનના ક્રૂર બાદશાહ ચાઉની માનીતી રાજકુંવરી મોં હસીનું એ ચિત્રાંકન હતું.એ અલસતાથી કઠેડાને અઢેલી ઊભી હતી, એના મોંઘા ભરતકામવાળા ઝભ્ભાની પગ આગળની કિનાર ઉદ્યાન તરફ જતા દાદરનાં પગથિયાં પર વિખરાઈને પડી હતી. એનું નાનું શું માથું એટલું તો નાજુક હતું કે એ મુક્તામાણેક ને પરવાળાથી જડેલા મુકુટનો ભાર શી રીતે ઉપાડી શકતું હશે એવો પ્રશ્ન થતો હતો. એના જમણા હાથમાં એક જામ એણે સહેજ ત્રાંસો ઝાલી રાખ્યો હતો ને કશીક નિર્લિપ્તતાથી એ ઉદ્યાનમાં જેનો શિરચ્છેદ થવાનો હતો તે કેદીને જોઈ રહી હતી. એ કેદીના હાથ અને પગ એક લાકડા સાથે બાંધી દીધા હતા ને એ પોતાની આખરી ક્ષણની રાહ જોઈ રહ્યો હતો. એણે આંખો બીડી દીધી હતી ને માથું ઝુકાવી દીધું હતું. આવાં દૃશ્યોવાળાં ચિત્રાંકન સાવ રેઢિયાળ બની જવાનો હમેશાં ભય રહે છે પણ ચિત્રકારે રાજકુંવરીના ને વધ થનાર કેદીના મોઢા પરના ભાવ એવી તે કુશળતાથી આલેખ્યા હતા કે એ ચિત્ર ઉત્તમ કલાકૃતિ બની રહ્યું હતું.

થોડા વખત સુધી એ કન્યા એ વિલક્ષણ ચિત્રને એકીટશે જોઈ રહી. અણજાણપણે જ એની આંખ ચમકવા લાગી. એના હોઠ થરકવા લાગ્યા, ધીમે ધીમે એનું મુખ એ રાજકુંવરીના મુખ સાથે સાદૃશ્ય ધરાવતું દેખાવા લાગ્યું.

'તારા મનની છબિ આ ચિત્રમાં અંકાયેલી છે.' સેઇકિચીએ એનાં તરફ જોઈને સ્મિત કરતાં કહ્યું.

'તમે મને આવું ભયંકર ચિત્ર શા માટે બતાવ્યું ?' પોતાના ફિક્કા પડી ગયેલા કપાળ પર હાથ ફેરવતાં એ કન્યાએ પૂછ્યું.

'આ ચિત્રમાં જે સ્ત્રી છે તે તું જ છે. એનું જ લોહી તારી શિરાઓમાં વહે છે.' પછી સેઇકિચીએ બીજું ચિત્ર ખોલી બતાવ્યું, એનું નામ હતું 'બલિ' ચિત્રના મધ્યમાં એક સ્ત્રી ચેરીવૃક્ષને અઢેલીને ઊભેલી દેખાતી હતી. એ એના નેત્ર આગળ પડેલા મૃતદેહને જોઈ રહી હતી. એના ફિક્કા ચહેરા ઉપર દયા અને સન્તોષની રેખાઓ અંકાયેલી હતી. મૃતદેહો વચ્ચે કૂદતાં ફરતાં થોડાંક પંખી આનંદથી ટહુકતાં હતાં. એ ચિત્ર રણાંગણનું હતું કે વસન્તોદ્યાનનુ તે કહેવું મુશ્કેલ હતું !

'આ ચિત્રમાં તારું ભાવિ અંકાયેલું છે.' સેઇકિચીએ ચિત્રમાંની યુવાન સ્ત્રી તરફ આંગળી ચીંધતાં કહ્યું. એ સ્ત્રી પણ આ કન્યા જોડે ગજબનું સાદશ્ય ધરાવતી હતી.

'નીચે પડેલા મૃતદેહો તારે ખાતર પ્રાણ અર્પી દેનારા યુવાનોના છે.'

'મહેરબાની કરીને એ ચિત્ર અળગું કરો.' એના વિચિત્ર આકર્ષણમાંથી બચવાને માટે એણે ચિત્ર તરફથી મોં ફેરવી દીધું ને એ સાદડી પર ઢળી પડી. એના હોઠ થરકવા લાગ્યા ને એનું આખું શરીર ધ્રૂજી ઊઠ્યું, 'હું તમારી આગળ એકરાર કરી દેવા તૈયાર છું, તમે સાચું અનુમાન કર્યું છે. મારો સ્વભાવ આ સ્ત્રી જેવો જ છે.મારા પર દયા કરો ને આ ચિત્ર મારી આગળથી ખસેડી લો.'

'કાયરની જેમ બોલીશ નહિ ! તારે તો ઊલટાનું આ ચિત્ર ધારીધારીને જોવું જોઈએ. જો તું એમ કરીશ તો તને એનાથી છળી મરવાનું કશું કારણ નહિ રહે.' એ કન્યા માથું ઊંચું કરી શકી નહિ. એના કિમોનોની બાંયની ગડીઓમાં એણે પોતાનું મોઢું સંતાડી દીધું.એ ભોંય પર ઢળી પડી ને એકસરખું ફરી ફરી કહેવા લાગી 'મને ઘરે ચાલી જવા દો, મને તમારી સાથે રહેતાં ભય લાગે છે.'

'તું થોડી વાર થોભી જા.' સેઇકિચીએ શાહી ફરમાન કરતો હોય એવી અદાથી કહ્યું.'તને સુંદર સ્ત્રીમાં પલટી નાખવાની શકિત કેવળ મારી પાસે છે.' એની પાસે શીશીના ને સોયોના ઢગલામાંથી સેઇકિચીએ અત્યંત ઉત્કટ એવા માદક દ્રવ્યની શીશી બહાર કાઢી.

સૂર્ય પ્રખર તેજે નદી પર પ્રકાશી રહ્યો હતો. એનાં પરાવર્તિત કિરણો ઓરડીનાં બારણાં પર અને સૂતેલી યુવતીના શરીર પર સોનેરી મોજાંની ભાત ઉપસાવી રહ્યાં હતાં. સેઇકિચીએ બારણું વાસી દીધું ને એ સૂતેલી યુવતીની પાસે બેઠો. હવે પ્રથમ વાર એણે એ યુવતીનું વિલક્ષણ સૌંદર્ય પૂરેપૂરું માણ્યું ને ત્યારે એને લાગ્યું કે એ અદ્વિતીય ને અપરિવર્તશીલ મુખ સામે મીટ માંડીને એ વરસોનાં વરસો ગાળે તોય ઓછું હતું.

પણ ઝાઝી ક્ષણો વીતે તે પહેલાં એને પોતે ધારેલી ભાત પૂરેપૂરી ઉપસાવી લેવાનો વિચાર આવ્યો. અભરાઈ પરથી એણે પોતાનાં બધાં સાધનો ઉતાર્યાં. યુવતીના શરીર પરનાં વસ્ત્રો ઉતારી નાખ્યાં ને એના વાંસા પર પોતાના ડાબા હાથનો અંગૂઠો, વીંટી પહેરવાની આંગળી અને ટચલી આંગળીથી કલમ પકડીને ભાત દોરી ને જમણે હાથે સોય વડે એ ભાત પર કોતરવા લાગ્યો. ઇજિપ્તની સુંદર ભૂમિને મેમ્ફિસના લોકોએ જેમ એક વાર પિરામિડ અને સ્ફિન્કસથી વિભૂષિત કરી હતી તેમ એ આ યુવતીની નરવી કાયાને શણગારવા લાગ્યો. કલાકારનો આત્મા જ જાણે એ ભાતની રેખાએ રેખાએ પ્રકટ થઈ ઊઠ્યો; એમાં પાડેલું રાતા રંગનું દરેક ટપકું જાણે એના પોતાના જ લોહીનું ટીપું એ યુવતીના શરીરને ભેદીને જતું હોય એમ એને લાગ્યું.

એને સમયના વહેવાનું જરીય ભાન રહ્યું નહિ. બપોર આવી ને ચાલી ગઈ ને વસંતનો ઉત્તાપહીન દિવસ ધીમે ધીમે ઢળવા આવ્યો. અવિશ્રાન્તપણે સેઇકિચીનો હાથ, એ યુવતીને જગાડ્યા વિના, પોતાનું કામ કર્યે જ ગયો. થોડી વાર પછી ચંદ્ર આકાશમાં ઊગ્યો ને એનું સ્વપ્નિલ તેજ નદીને સામે કાંઠેના મકાનમાં છાપરા પર રેલાવવા લાગ્યો. ભાત અર્ધી સુધ્ધાં હજી થઈ નહોતી. દીવાની વાટ સંકોરવાને સેઇકિચીએ થોડો વખત સોય નીચે મૂકી, પછી પાછો બેસી ગયો ને સોય લઈને મંડી પડ્યો.

હવે ભારે કાળજીથી દરેક રેખા ઉપસાવવાની હતી. સોયની અણી ભોંકતાં જાણે એ પોતાના શરીરમાં ભોંકાતી હોય તેમ કલાકાર પોતે કણસવા લાગતો હતો. ધીમે ધીમે એક રાક્ષસી કરોળિયાનો આકાર પીઠ પર ઊપસી આવવા લાગ્યો. પ્રભાતનો ઝાંખો પ્રકાશ ઓરડામાં પ્રવેશ્યો ત્યારે તો એ રાક્ષસી જંતુએ એના આઠે પગ એ યુવતીની પીઠ પર પૂરેપૂરો પ્રસારી દીધા હતા.

વસન્તની રાત લગભગ વીતી ચૂકી હતી. નદીના ઉપલાણેથી આવતી-જતી હોડીનાં હલેસાંના અવાજ સ્પષ્ટ સંભળાવા લાગ્યા હતા. માછીમારોની હોડીના શઢ પ્રભાત વેળાના પવનથી ફૂલી ઊઠ્યા હતા અને એની ઉપર વિખરાઈ જતું ધુમ્મસ આછું દેખાતું હતું. અને આખરે પેલી રેખા પૂરી કરીને સેઇકિચીએ સોય હેઠી મૂકી. થોડે છેડે ઊભા રહીને એ યુવતીની પીઠ પર આંકેલા કરોળિયાની માદાને જોઈ રહ્યો ને જોતો હતો ત્યારે એને લાગ્યું કે આ કૃતિ દ્વારા એના સમસ્ત જીવનનું સારસર્વસ્વ પ્રકટ થઈ ચૂક્યું હતું. હવે કૃતિ પૂરી થઈ ચૂકી હતી. કલાકારને નરી શૂન્યતાનો અનુભવ થઈ રહ્યો હતો.

'તને સુન્દર બનાવવાનો મેં મારો આખો આત્મા આ છૂંદણામાં રેડી દીધો છે.' સેઇકિચી ગણગણ્યો, 'હવે તારી સ્પર્ધા કરે એવી એકેય સ્ત્રી જાપાનમાં નથી ! હવે તને કદી કશો ભય નહિ લાગે. બધા પુરુષો, બધા જ પુરુષો, તારા બલિ બનશે....'

એના આ શબ્દો પેલી યુવતીએ સાંભળ્યા હશે ! એ હીબકું ભરતી હોય એમ લાગ્યું. એનાં અંગો ધીમે ધીમે હાલવા લાગ્યાં. એ ભાનમાં આવવા લાગી. એ દીર્ઘ શ્વાસ લેતી પડી હતી ત્યારે એની હાલતી પીઠ પર પેલું જંતુ જીવતું થઈને પગ હલાવીને ચાલવા માંડ્યું હોય એવું લાગતું હતું.

'તને વેદના થતી હશે' સેઇકિચીએ કહ્યું.'એ વેદના થવાનું કારણ એ છે કે કરોળિયો તને ગાઢ આલિંગન કરી રહ્યો છે.'

પેલી યુવતીએ આંખો અર્ધી ખોલી. પહેલાં તો એ આંખો શૂન્યમનસ્ક લાગી. પછી આંખની કીકીમાં સેઇકિચીના મોઢા પર પડતા ચંદ્રના જેવું તેજ પ્રકાશી ઊઠ્યું. 'મારી પીઠ પરનાં છૂંદણાં મને તો બતાવો ! તમે તમારો આખો આત્મા રેડી દીધો છે.એટલે હું ખૂબ સુંદર બની ગઈ હોઈશ નહિ ?' એ જાણે સ્વપ્નમાં હોય તેમ બોલી તે છતાં એના અવાજમાં આત્મવિશ્વાસ પ્રકટ થતો હતો; તેમાં એક પ્રકારનો પ્રભાવ વરતાતો હતો.

'સૌથી પહેલાં રંગો બરાબર ખીલી આવે એટલા માટે તારે સ્નાન કરી લેવાનું રહેશે.' સેઇકિચીએ જવાબમાં કહ્યું, ને એને હિંમત આપતો હોય તેમ ઊમેર્યું :'તને ખૂબ જ વેદના થશે. જરા હિંમત રાખજે.'

'સુંદર થવાને માટે જે કાંઈ વેઠવાનું આવશે તે હું વેઠી લઈશ.' એ યુવતીએ કહ્યું.

થોડાક દાદરા ઊતરીને એ સેઇકિચીની પાછળ સ્નાનાગારમાં ગઈ, ને જેવો એણે વરાળ નીકળતા પાણીમાં પગ મૂક્યો કે તરત એના મોઢામાંથી વેદનાનો સિસકાર નીકળી ગયો ને એની આંખો દર્દથી ચમકવા લાગી.

'ઓહ, કેવું દાઝે છે !' એ કણસવા લાગી. 'તમે મને અહીં એકલી રહેવા દો, હવે તમે ઉપર જાઓ, હું તૈયાર થઈને તમને મળીશ.મને દુ:ખથી કણસતી કોઈ જોઈ જાય તે ગમતું નથી.'

પણ એ સ્નાનાગારમાંથી બહાર નીકળી ત્યારે પોતાનું શરીર લૂછવાના પણ એનામાં હોશકોશ રહ્યા નહોતા. સેઇકિચી એને મદદ કરવા ગયો ત્યારે એનો હાથ એણે તરછોડી નાખ્યો ને ભોંય પર ઢળી પડી. એના લાંબા વાળ પાથરી દઈને એ ક્યાંય સુધી કણસતી પડી રહી. પાસેના દર્પણમાં ચળકતી છીપલીના જેવા એના બે પગ દેખાતા હતા.

સેઇકિચી ઉપર જઈને એની પ્રતીક્ષા કરવા લાગ્યો. ને જ્યારે એ ઉપર આવી ત્યારે સેઇકિચીએ જોયું તો એણે ભારે કાળજીથી સાજ સજ્યો હતો. એના ભીના વાળમાં કાંસકી ફેરવીને એને બંને ખભા પર પ્રસારી દીધા હતા.એનું નાજુક મુખડું અને વાંકી ભ્રમર જોતાં એ ભયંકર યાતનામાંથી પસાર થઈ હશે એવું લાગતું નહોતું. એ નદી તરફ દૃષ્ટિ માંડીને જોતી હતી ત્યારે એની આંખમાં ઠંડો ચમકારો દેખાતો હતો. એની વય નાની હતી. છતાં ચા-ઘરમાં વર્ષો ગાળી ચૂકેલી સ્ત્રીના જેવી એની અદા હતી. પુરુષોના હૃદયને વશ કરવાનું એ ક્યારનીય શીખી ચૂકી હોય એવું લાગતું હતું.આગલા દિવસની ભીરુ શરમાળ કન્યામાં થયેલું આ પરિવર્તન સેઇકિચી હેરત પામીને જોઈ રહ્યો. બીજા ઓરડામાં જઈને એને આગળ બતાવેલાં બે ચિત્રો એ લઈ આવ્યો.

'હું તને આ ચિત્રો ભેટ આપું છું.' એણે કહ્યું.'ને છૂંદણાં છૂંદયા બદલ હું તારી પાસેથી કશું લેવાનો નથી.'

'મારું હૃદય બધા ભયથી મુકત થઈ ગયું છે. ને તમે ....જ મારો પહેલો બલિ બનશો !'

આમ કહીને એ યુવતીએ તરતની ધાર કાઢેલી તલવારના જેવી તીક્ષ્ણ દૃષ્ટિએ એની સામે જોયું. એ દૃષ્ટિ પેલી ચીનની શાહજાદી અને ગાતા પંખીથી ઘેરાઇને ચેરીવૃક્ષને અઢેલીને એની આજુબાજુ પડેલા મૃતદેહને જોઈ રહેલી સુંદરીના જેવી જ દૃષ્ટિ હતી. સેઇકિચીએ વિજયની લાગણી અનુભવી.

'મને તારું છૂંદણું જોવા દે.' એણે એ યુવતીને કહ્યું.

એક અક્ષર સરખો બોલ્યા વિના એણે માથું નમાવીને કિમોનો ખોલી નાખ્યો. પ્રભાતના સૂર્યનાં કિરણો એની પીઠ પર પડ્યાં ને એની સોનેરી આભાથી એ કરોળિયાની કાયા જાણે અગ્નિથી ઘડાઈ હોય તેવી દેખાવા લાગી.

અનુ. સુરેશ જોષી

ઇઝુની નાચનારી
યાસુનારી કાવાબાતા

ડુંગરની તળેટીમાંથી બરફનું એક ઝાપટું મારા સુધી આવ્યું ને ઘાટમાં દાખલ થતાં વળાંક આગળ આવીને જોયું તો સેડરનું વન ધોળું ધોળું થઈ ગયું હતું. મારી વય ઓગણીસેકની હશે. હું ઇઝુદ્વીપકલ્પમાં પ્રવાસે નીકળ્યો હતો. મારો પહેરવેશ વિદ્યાર્થીઓ પહેરે છે તેવો હતો : ઘેરા રંગનો કિમોનો, ઊંચી એડીની લાકડાની પાવડી, નિશાળિયાઓ પહેરે છે તેવી ટોપી ને ખભે ચોપડાનો થેલો. દ્વીપકલ્પના મધ્યસ્થાને આવેલા ઊના પાણીના ઝરા પાસે મેં ત્રણ રાતો ગાળી હતી ને હવે, તોક્યોથી બહાર નીકળ્યા પછીના ચોથા દિવસે, હું અમાગી ઘાટમાં થઈને ઇઝુના દક્ષિણ ભાગ તરફ જઈ રહ્યો હતો. શરદની શોભા નયનમનોહર હતી; પર્વતનાં શિખરો એકની ઉપર એક હારબંધ ગોઠવાયેલાં દેખાતાં હતાં. ખુલ્લા જંગલના વિસ્તારો હતા. ઊંડી ખીણો હતી. આ બધાંથી નહીં પણ બીજી જ કશીક આકાંક્ષાથી મારું મન વિહ્વળ બની ઊઠ્યું હતું. વરસાદનાં મોટાં મોટાં ફોરાં પડવા લાગ્યાં હતાં. હું સીધા ચઢાણવાળા ને વંકાઈને જતા રસ્તા પર દોડવા લાગ્યો. ઘાટના મુખ આગળ ઊભો રહી ગયો. મારું નસીબ ખરેખર જોર કરતું હતું. નૃત્યાંગનાઓ અંદર બેઠી બેઠી આરામ કરી રહી હતી.

એક નાની છોકરીએ પોતાની નીચેનું ઓશીકું કાઢીને વિનયપૂર્વક મારા તરફ ખસેડ્યું.

'હં' મેં લગભગ બાઘાની જેમ ઉદ્‌ગાર કાઢયો ને બેસી પડયો. એક તો તાજુબ થઈ ગયેલો, વળી દોડવાથી હાંફ પણ ચઢેલી એટલે મને બીજું કશું કહેવાનું સૂઝ્યું નહિ.

એ મારી સામે નજીક આવીને બેઠી. હું તંબાકુ માટે ખિસ્સું ફંફોસવા લાગ્યો, એટલે રાખદાની મારી આગળ ધરી. છતાંય હું કશું બોલ્યો નહીં. એ ભાગ્યે જ સોળેક વરસની હશે. એના વાળ ઊંચે લઈને જૂની પ્રથા પ્રમાણે એનો જૂડો બાંધ્યો હતો. એને શું કહેવાય તે જ હું જાણતો ન હતો. એક ગંભીર લંબગોળ મોઢું એ વાળના જૂડાની પડછે સાવ નાનું લાગતું હતું ને છતાં એ વાળનો ને એના ચહેરાનો મેળ બરાબર જામતો હતો એની ના નહીં. સુન્દરીઓનાં જૂનાં ચિત્રોમા આવું જ જોવા મળે છે. માત્ર એટલું જ કે એવાં ચિત્રોમાં

વાળની લટ હોય તેથી જરા વધારે મોટી બતાવવામાં આવે છે. બીજી બે જુવાન સ્ત્રીઓ એની સાથે હતી ને એક આશરે ચોવીસ-પચ્ચીસ વરસનો જુવાનિયો પણ એમની મંડળીમાં હતો. જરા આકરા લાગતા ચહેરાવાળી ચાળીસેક વરસની સ્ત્રી એમની અગ્રણી હોય એવું લાગતું હતું.

પેલી નાની નૃત્યાંગનાને આ પહેલાં બે વાર જોઈ હતી. એક વાર દ્વીપકલ્પના મધ્યભાગમાં એક લાંબા પુલ આગળથી હું જતો હતો ત્યારે એ અને એની સાથેની બીજી બે સ્ત્રીઓ મારી આગળથી પસાર થઈ ગયેલાં. ત્યારે એના હાથમાં મોટું ઢોલક હતું. મેં ક્યાં સુધી પાછું વાળીને ફરી ફરી એના તરફ જોયા કર્યું હતું. ત્યારે મને થયેલું: હાશ, હવે પ્રવાસમાં કંઈક રંગત આવી ખરી ! ને હોટેલમાં ત્રીજી રાતે મેં એને નૃત્ય કરતાં જોઈ હતી.એ બરાબર પ્રવેશદ્વાર આગળ જ નાચતી હતી ને હું મંત્રમુગ્ધ બનીને પગથિયાં પર બેઠો બેઠો જોયા કરતો હતો. પુલ પર બોલી ઊઠ્યો તેમ આજે રાતે અહીં હું મનમાં ને મનમાં બોલ્યો હતો : આવતી કાલે યુગાનો જવાના ઘાટ આગળ કે એ પંદરેક માઇલના ગાળામાં ક્યાંક ફરી એને મળવાનું થશે - આ આશાએ જ તે પર્વતને રસ્તે દોડતો દોડતો નીકળી પડ્યો હતો. પણ ચા-ઘરમાં થયેલું આ મિલન ભારે આકસ્મિક હતું. હું તો જ્યારે એથી મારી સમતુલા ગુમાવી બેઠો હતો.

થોડી મિનિટ પછી ચા-ઘરની બુઢ્ઢી મને ઝાઝા વપરાશ વગરના લાગતા એક નાના ઓરડામાં લઈ ગઈ. એ ઓરડો ખીણની ઉપર જાણે તોળાઈ રહ્યો હતો. ને ખીણ એટલી તો ઊંડી હતી કે એનું તળિયું જ દેખાતું નહોતું. મારા દાંત કકડતા હતા ને મારા હાથ ઠંડીથી ભૂરા પડી ગયા હતા. બુઢ્ઢી ચા લઈને અંદર આવી ત્યારે મેં એને કહ્યું. 'એ મને જરા ટાઢ વાય છે.'

'પણ તમે તો સાવ ગચકાબોળ છો ! અહીં આવો ને જરા તાપો.' મને એના બેઠકના ઓરડામાં લઈ ગઈ.

બારણું ખોલતાંની સાથે ખુલ્લી તાપણીમાંના તાપે મારા પર જાણે પ્રહાર કર્યો. હું અંદર જઈને તાપણીની પાછળ બેઠો. મારા કિમોનામાંથી બાફ નીકળવા લાગી ને તાપ એટલો બધો આકરો હતો કે મારું માથું ભમવા લાગ્યું. બુઢ્ઢી નાચનારીઓની મંડળી જોડે તડાકા મારવા બહાર ગઈ.

'ઓહો, તમારી સાથે પેલી ટબુકડી અમથી છોકરી હતી તે આવડી મોટી થઈ ગઈ ! એ તો ખાસ્સું બૈરું જ લાગે છે ને ! કેવી રૂપાળી છે, નહિ ? છોકરીઓ બહુ ઉતાવળે મોટી થઈ જાય છે. ખરું ને !'

એકાદ કલાક પછી મેં એ બધાને જવાની તૈયારી કરતાં સાંભળ્યાં. મારી છાતી ધક્ધક્ થવા લાગી ને શ્વાસ રૂંધાવા લાગ્યો.આમ છતાં ઊભા થઈને એમની જોડે ચાલી નીકળવાની હિંમત હું કરી શક્યો નહિ. હું તાપણી પાસે ધૂંધવાતો બેસી રહ્યો પણ આખરે તો એ હતી સ્ત્રીઓ; ચાલવાને ટેવાયેલી એ સાચું પણ હું માઇલ અર્ધો માઇલ પાછળ રહી ગયો

હોઉં તોય એમને પકડી પાડતાં મને કેટલી વાર લાગવાની હતી ! મારું મન એમની પાછળ નાચવા લાગ્યું. એમના જવાથી કેમ જાણે બધી છૂટ નહીં મળી ગઈ હોય !

'એ લોકો રાતવાસો ક્યાં કરવાનાં છે ?' એમને વળાવીને પાછી આવેલી બુઢ્ઢીને મેં પૂછ્યું.

'એવા લોકોનું ભલું પૂછવું ! કોઈ પૈસા આપનારો મળી રહે તો ત્યાં તરત ધામો નાખવા તૈયાર. આથી એમને પહેલેથી ખબર થોડી જ પડવાની હતી ?'

એ લોકો માટેનો આ બુઢ્ઢીનો ખુલ્લો તિરસ્કાર મને ઉશ્કેરી ગયો. જો આ બુઢ્ઢીનું કહેવું સાચું હોય તો પેલી નાચનારી છોકરી મારી ઓરડીમાં જ રાત ગાળશે.વરસાદ અટકી ગયો હતો. માત્ર આછી ઝરમર જ હતી. ઘાટ આગળનાં વાદળાં ખસી ગયાં હતાં. હવે ઝાઝી વાર મારાથી થોભી શકાય તેમ નહીં. દશેક મિનિટમાં સૂરજ બહાર નીકળશે એવી બુઢ્ઢીએ ખાતરી આપી, છતાં હું ધીરજ ધરી શક્યો નહિ.

'અલ્યા ઓ ભાઈ!' કહેતીકને ડોસી મારી પાછળ દોડી. 'આ તો વધારે પડતું કહેવાય, આટલું બધું તે મારાથી કેમ લેવાય ?' એ મારા ચોપડાંના થેલાને બાઝી પડી. મને રોકવાનો પ્રયત્ન કરવા લાગી ને મેં આપેલા પૈસા મને પાછા આપવા લાગી.ને મેં જ્યારે પાછા લેવાની ના પાડી ત્યારે મારી પાછળ ઠચુક ઠચુક આવવા લાગી. 'વળાંક સુધી બતાવવા તો આવવું જ જોઈએ ને !' એણે આગ્રહ કર્યો ને ફરી કહેવા લાગી. 'સાચું કહું છું, આ તો વધારે પડતું જ કહેવાય, મેં તો તમારે માટે ખાસ કશું કર્યું નથી પણ હું હંમેશાં યાદ રાખીશ, ને તમે આ તરફ આવો ત્યારે તમારે માટે હું કશું લઈ રાખીશ. તમો આ તરફ પાછા આવશો ને ? હું તમને નહીં ભૂલું !'

પચાસ યેનના સિક્કા બદલ આટલી બધી આભારવશતા દર્શાવી તે ખરેખર મને સ્પર્શી ગયું. હું તો પેલી નાચનારીઓની મંડળીને પકડી પાડવાના તાનમાં હતો. બુગદા આગળ આવતાં ડોસીને પાછી વળાવીને હું ચાલી નીકળ્યો.

૨

રસ્તાની એક બાજુએ ધોળી વાડ કરી લીધેલી હતી. બુગદાના મુખ આગળથી વંકાઈને વીજળીની રેખાની જેમ રસ્તો આગળ જતો હતો. છુંદાઈ ગયેલા ચહેરાવાળી આકૃતિને તળિયે નાચનારી છોકરી અને એના સાથીઓ હતા. અર્ધોએક માઈલ જ દૂર હશે. એકાએક ધીમો પડી જઈને એ લોકોની ગતિએ ચાલું તો કદાચ ઠીક નહિ લાગે. આથી જાણે મારે કશી લેવાદેવા જ નથી એવો ડોળ કરીને હું એમને વટાવી ગયો. એમનાથી દસેક ડગલાં આગળ ચાલતો એમની સાથેનો પેલો જુવાન મને આવતો જોઈને પાછું વાળીને ઊભો રહી ગયો. 'તમે તો ગજબના ચાલનારા લાગો છો ને....વરસાદ રહી ગયો એ આપણું સદ્ભાગ્ય...જોયું ને ?'

આથી હું મુશ્કેલીમાંથી ઊગરી ગયો ને એની સાથે સાથે ચાલવા લાગ્યો. એ મને પ્રશ્નો પૂછવા લાગ્યો ને અમારી વાતચીત જામી પડી છે એ જોઈને સ્ત્રીઓ અમારી નજીક આવી લાગી. પેલા જુવાને એક નેતરની પેટી પટ્ટી સાથે બાંધીને પીઠ ઉપર ઉપાડી હતી. પ્રૌઢ વયની સ્ત્રીના હાથમાં એક ગલુડિયું હતું. બે યુવતીઓના હાથમાં નાનાં પોટકાંઓ હતાં ને છોકરીના હાથમાં ઢોલક ને એને વગાડવાની દાંડી હતાં.

'હાઈસ્કૂલનો નિશાળિયો લાગે છે.' બેમાંથી એક યુવતીએ છોકરીના કાનમાં કહ્યું, ને મેં પાછા વળીને જોયું એટલે એ ખડખડ હસી પડી.

'હા રે, એટલી તો મનેય ખબર છે.' છોકરીએ જવાબ વાળ્યો. 'નિશાળિયાઓ આ ટાપુ પર ઘણુંખરું આવતા હોય છે.' ઇઝુના ટાપુઓ પરના એશિમાના એ લોકો હતા. વસંત ઋતુમાં એઓ રૂપકલા પર રખડવા નીકળી પડતાં, પણ હવે ઠંડી વધતી જતી હતી ને એમની પાસે ટંડીથી બચવા પૂરતાં કપડાં નહોતાં. દસેક દિવસ બાદ દક્ષિણમાં શિમોડાથી એ લોકો ફરી ટાપુઓ તરફ હોડીમાં ચાલ્યાં જશે. હું ફરી એના ગુચ્છાદાર વાળના જુડાને જોઈ રહ્યો. એ ઓશિમાથી આવી છે એ જાણ્યા પછી તો એનું આકર્ષણ ઓર વધી ગયું. મેં એમને એ ટાપુઓ વિશે પૂછયું, 'નિશાળિયાઓ તરવા માટે આવે છે તેની તને તો ખબર જ હશે.' એ કન્યાએ પોતાની સાથે ચાલતી યુવતીને ઉદ્દેશીને કહ્યું,

'ઉનાળામાં, ખરું ને ?' મેં પાછા વળીને જોતાં કહ્યું. એ શરમથી રાતીચોળ થઈ ગઈ.

'શિયાળામાંય આવે છે.' એણે લગભગ નહીં સંભળાય એવા ક્ષીણ અવાજે કહ્યું.

'શિયાળામાં પણ'

એ બીજી સ્ત્રીઓ તરફ જોઈ ને કંઈક અનિશ્ચિતતાથી હસી પડી.

'શિયાળામાંય એ લોકો તરે છે ખરા ?' મેં ફરી પૂછ્યું.

ફરી એ રાતીચોળ બની અને સહેજ માથું હલાવીને જવાબ વાળ્યો. એની મુખમુદ્રા ગંભીર બની ગઈ.

'આ છોકરીનું ખસી ગયું લાગે છે.' પ્રૌઢાએ હસતાં હસતાં કહ્યું.

યુગાનોથી ઉપલાણમાં છસાત માઈલ પર રસ્તો નદીને સમાન્તર જતો હતો. ઘાટને વળાવ્યા પછી પર્વતોના ચહેરા પર દક્ષિણની છાપ સ્પષ્ટ વરતાવા લાગી હતી. પેલા જુવાનની ને મારી વચ્ચે ઠીક દોસ્તી જામી ગઈ હતી. યુગાનોનાં છાપરાં નીચે દેખાવા માંડ્યાં કે તરત જ મેં જાહેર કરી દીધું કે હું એમની સાથે શિમોડા જવા ઇચ્છું છું. આથી એ ખુશ થયો હોય એમ લાગ્યું.

એક ખખડધજ હોટલની આગળ ઊભી રહી જઈને જાણે મારી રજા લીધી હોય તેમ પ્રૌઢા મારી સામે જોતી ઊભી રહી ગઈ. 'પણ એમને તો આપણી સાથે આવવું છે.' પેલા જુવાને પ્રૌઢાને કહ્યું. 'ઓહો, એમ કે ?' એણે સરલતાભરી ઉષ્માથી કહ્યું, 'રસ્તા પર સાથી ને જિંદગીમાં હમદર્દ....એવી કહેતી છે ને ? અમારા જેવાં નાચીજ પણ પ્રવાસને આનંદભર્યો તો બનાવી શકીએ, નહીં ? અંદર આવો ને, એકાદ ઘૂંટડો ચા પીએ ને બે ઘડી લંબાવીએ.'

અમે બીજે માળે ગયાં ને અમારો સરસામાન નીચે મૂક્યો. સાદડી અને પાસાનાં બારણાં જીરણ થઈને ફાટી ગયાં હતાં. પેલી છોકરી નીચેથી ચા લઈ આવી. મારી પાસે આવી ત્યારે ચાનો પ્યાલો રકાબી સાથે જરાક ખણખણી ઊઠ્યો. હાથ ધ્રૂજી ઊઠે તે પહેલાં એણે એને નીચે મૂકી દેવાનો પ્રયત્ન કર્યો, પણ એમ કરવા જતાં થોડી ચા છલકાઈ ગઈ. એ આટલી બધી મુઝાઈ જશે એવું મેં ધાર્યું નહોતું.

'અરે, ભગવાન, આ છોકરીને હવે સંભાળવી પડશે.' પ્રૌઢાએ ભમર ચઢાવીને ઉદ્‌ગાર કાઢ્યો ને મસોતું એની તરફ ફેંક્યું. છોકરીએ તંગ સ્થિતિમાં ચા લૂછી નાખી.

પ્રોઢાની આ ટકોરથી હું ચોંકી ઊઠ્યો. પ્રૌઢાએ ચાઘરમાં જગાડેલી ઉત્તેજનાની માત્રા વધતી જતી હોય એવું મને લાગ્યું.

એકાદ કલાક બાદ પેલો જુવાન મને બીજી હોટલમાં લઈ ગયો. રસ્તા પરથી પથ્થરો, ખડકો ને પગથિયાંઓ ઊતરતા અમે સોએક વાર નીચે ઊતરી આવ્યા. નદીના પટમાં સાર્વજનિક ઊના પાણીનું ઝરણું હતું, ને એનાથી થોડેક જ છેટેના પુલ ઉપર થઈને હોટલના બગીચામાં જવાતું હતું.

અમે સાથે નહાવા ગયા. એણે મને કહ્યું કે ત્રેવીસ વરસનો હતો ને એની પત્નીને બે કસુવાવડ થઈ ગઈ. એ કાંઈ અબુધ લાગતો નહોતો. મને એમ હતું કે એ પણ મારી જેમ પેલી નાચનારી છોકરીની નજક રહેવાને ખાતર જ ફરવા નીકળી પડ્યો હતો.

સૂરજ નમવા આવ્યો ત્યાં વરસાદની હેલી આવી. ભૂખરા અને ધોળા પર્વતો સપાટ લાગવા માંડ્યા ને નદીઓ મિનિટે મિનિટે વધુ ને પીળી ને કાદવથી ડહોળાયેલી લાગવા માંડી. આવી રીતે નાચનારીઓની મંડળી ક્યાંય બહાર નહીં જ નીકળે એની મને ખાતરી હતી; ને એમ છતાં હું સ્વસ્થ બનીને બેસી રહી શકતો નહોતો. બેત્રણ વાર હું સ્નાનાગાર તરફ જઈ આવ્યો ને ફરી અધીરો બનીને મારી ઓરડીમાં આવીને બેસી રહ્યો. ત્યાં, વરસતા વરસાદના અવાજમાં દૂરથી મેં ઢોલક વાગવાનો આછો અવાજ સાંભળ્યો. મેં એકાએક જાળિયાં ખોલી નાખ્યાં ને બારીની બહાર માથું કાઢીને ઊભો રહી ગયો. ઢોલકનો અવાજ ધીમે ધીમે નજક આવતો જતો હોય એવું લાગ્યું. જોરથી સૂસવાતા પવનની ઝાપટના કારણે વરસાદની ધારા મારા માથા પર કોરડાની જેમ વીંઝાતી હતી. હું આંખો બંધ કરીને ઢોલકના અવાજ પર ધ્યાન કેન્દ્રિત કરવા મથ્યો, એ અવાજ ક્યાંથી આવતો હતો એ આ તરફ આવી રહ્યો હતો ? ત્યાં મેં એક સ્ત્રી કોઈને બોલાવતી હોય ને પછી બડબડ હસી પડતી હોય એવો અવાજ સાંભળ્યો.નાચનારીઓની મંડળીને એમની હોટલની સાથેના રેસ્ટોરાંમાં મળેલી મહેફિલમાં બોલાવી હોય એવું લાગતું હતું. હું બેથી ત્રણ સ્ત્રીના ને ચાર પુરુષોના અવાજો નોખા નોખા વરતી શકતો હતો. થોડા જ વખતમાં ત્યાંનો કાર્યક્રમ પૂરો થશે ને એ લોકો આ તરફ આવશે એવું મેં મારા મનને મનાવ્યું. મંડળી નિર્દોષ આનંદની સીમાને વટાવીને મસ્તીતોફાને ચઢી હોય એવું લાગતું હતું. ચાબૂકના ફટકારવાના જેવો કોઈ સ્ત્રીનો તીણો અવાજ અંધકારમાં થઈને એકાએક જાળિયામાં થઈને મારા કાન

સાથે અથડાયો. જાળિયામાંથી બહાર જોતો હું વધુ ને વધુ તંગ બનીને બેસી રહ્યો.ઢોલકના દરેક અવાજથી હું આસાયેશ અનુભવતો ગયો. 'ઓહ, તો એ હજી ગઈ નથી, અહીં જ છે ખરી ને ઢોલક બજાવી રહી છે.' ઢોલક વાગતું બંધ પડે ત્યારે છવાઈ જતો સન્નાટો ભારે અસહ્ય થઈ પડતો. કેમ જાણે વરસતો વરસાદ મને ક્યાંય નીચે ને નીચે ઢસડી નહી જતો હોય !

થોડો વખત સુધી જુદાં જુદાં પગલાંઓનું ઘમસાણ મચી રહ્યું, એ કોઈ નૃત્યનો પ્રકાર હતો કે પછી કશીક રમત ચાલી રહી હતી ? પછી એકાએક નરી નિસ્તબ્ધતા ફેલાઈ જતી. હું અંધકારમાં આંખ ફાડીને જોઈ રહ્યો. અત્યારે એ શું કરી રહી હશે ? બાકીની આખી રાત એ કોની આગળ ગાળશે ?

હું જાળિયાં બંધ કરીને પથારીમાં પડ્યો. મારી છાતી રૂંધાતી હતી ને એમાં જાણે સણકો ઊપડ્યો હતો. હું ફરી નાહવા ગયો, ને ખૂબ જોરથી હાથપગ હલાવીને પાણી ઉછાળવા લાગ્યો. વરસાદ રહી ગયો.ચન્દ્ર વાદળોમાંથી બહાર આવ્યો. શરદનું વરસાદથી ધોવાઈને સ્વચ્છ થયેલું આકાશ દૂર દૂર સુધી સ્ફટિકની જેમ ચકચક થવા લાગ્યું. ઘડીભર તો મને થયું કે એને શોધવાને ઉઘાડે પગે દોડી જાઉં. રાતના બે વાગી ચૂક્યા હતા.

૩

બીજે દિવસે નવ વાગે પેલો જુવાન મારી હોટલ પર આવ્યો. મને ઊઠયાને ઝાઝી વાર થઈ નહોતી. મેં એને મારી સાથે નાહવા આવવાનું નિમંત્રણ આપ્યું. સ્નાનાગારની નીચે વરસાદ પડવાથી સ્ફિત બનેલો નદીનો હૂંફાળો પ્રવાહ દક્ષિણ ઇંઝુના શરદ્‌ના સૂર્યમાં પ્રકાશતો વહી રહ્યો હતો. મારો ગઈ રાતનો વિષાદ અત્યારે ઝાઝો વાસ્તવિક નહોતો લાગતો, તેમ છતાં ગઈ રાતે શું બન્યું, તે મારે સાંભળવું તો હતું જ.

'ગઈ રાતે તો મહેફિલ ગજબની જી હતી, ખરું કે ?'

'તમને અહીંથી કંઈ સંભળાતું હતું ?'

'હાસ્તો.'

'અહીંના આદિવાસીઓ, એમને બહુ ઘોંઘાટ કરી મૂકવાની ટેવ છે. બાકી એમનામાં ઝાઝું બૂતું નથી.

એને મન તો એ પ્રસંગ, બીજા અનેકની જેમ, રેઢિયાળ જ લાગ્યો હશે. હું પણ પછી કશું બોલ્યો નહીં.

'જુઓ તો એ લોકોય નહાવા આવ્યાં લાગે છે. જુઓ, સામે નદીની પેલે પાર એમણે આપણનેય જોયા હશે જ. જુઓ તો, એ ત્યાં કેવાં હસી રહ્યાં છે.' એમ કહીને એણે સાર્વજનિક સ્નાનાગાર તરફ આંગળી ચીંધી. ત્યાં છ કે સાત નગ્ન માનવ આકૃતિઓ વરાળનાં આછાં આવરણ વચ્ચે નજરે પડતી હતી. એમાંથી એક નાની આકૃતિ સૂર્યના પ્રકાશમાં દોડીને

થાળા પર ઊભી રહી પાણીમાં ઝંપલાવવાને ઊંચા કર્યા હોય તેમ હાથ ઊંચા કરીને અમને કશુંક કહી રહી હતી. એ પેલી કન્યા જ હતી. મેં એના ભણી જોયું; એના યૌવનના બહારને ઉપાડનારા પગ, કારુ શિલ્પના જેવી એની ગૌર કાયા- ને સ્વચ્છ જળની ઝાલકથી મારું હૃદય ધોવાઈને નીતર્યું બની જતું હોય એવું મને લાગ્યું. હું ઊંડો સંતોષ અનુભવતો હસી ઊઠ્યો. એ સાવ નાદાન હતી. એને નવસ્ત્રી સૂરજના તડકામાં નીકળીને પગની આંગળીના ટેરવા પર ઊભી રહીને પોતાના મિત્રને આનંદપૂર્વક જોઈ રહેતાં જરાય સંકોચ થતો નહોતો. હું હસ્યે જ ગયો. ધીમું, સંતોષની પૂર્ણતામાંથી જન્મતું હાસ્ય. મારા મગજ પરથી ધૂળનું આખું એક પડ જાણે કોઈએ ધોઈ નાખ્યું ન હોય ! હું હસ્યે જ ગયો. એના ભરાવદાર કેશને કારણે એ હતી તેથી મોટી લાગતી હતી ને એના પહેરવેશને કારણે જ એ પંદર કે સોળેક વરસની લાગતી હતી. મેં ખરેખર ગજબની ભૂલ કરી નાખી હતી.

બે યુવતીઓ પૈકીની વયમાં મોટી યુવતી બગીચામાંથી ફૂલને જોવા આવી ત્યારે અમે મારી ઓરડીમાં પહોંચી ગયા હતા. પેલી કન્યા એની પાછળ - અર્ધો પુલ વટાવી જઈ રહી હતી. પ્રૌઢા આ દરમ્યાન ધૂંઆફૂંઆ થતી સ્નાનાગારની બહાર આવી. એનો રોષ જોઈને ખભા ચઢાવીને કન્યા પાછી ભાગી ગઈ.પાછા વળતી વખતે પણ એના મોઢા ઉપર હાસ્ય હતું. એ જાણે હસીને કહી રહી હતી : આથી જો આગળ વધ્યા તો માર્યા ઠાર! બગીચાનાં ફૂલ જોતી યુવતી પુલ આગળ આવી.

'આ બાજુ આવતા રહો.' મને સાદ પાડીને કહ્યું.

'આ બાજુ આવતા રહો ને !' એનો પડઘે પાડતી બીજી યુવતી પણ બોલી અને પછી બન્ને પોતાની હોટલ તરફ વળી ગયાં. પેલો જુવાન સાંજ સુધી મારી ઓરડીમાં મારી સાથે જ રહ્યો.

હું એક હરતા ફરતા વેપારી જોડે એ રાતે શેતરંજ રમતો હતો. ત્યાં મેં બગીચામાં ઢોલકનો અવાજ સાંભળ્યોઃ હું બહાર જવા ઊઠ્યો.

'એકાદ બાજી રમવીં નથી?' પેલા વેપારીએ પૂછયું, 'ચાલોને એકાદ રમી નાખીએ.' પણ હું હસીને બેવડ વળી ગયો. આથી એ મને એના પ્રસ્તાવમાં સંમત કરવાનો પ્રયત્ન છોડીને મારી ઓરડીમાંથી જતો રહ્યો.

તરત જ પેલી નૃત્યમંડળીમાંથી એ યુવતીઓ અને જુવાન મારી ઓરડીમાં દાખલ થયાં.

'આજે રાતે તમે બીજે ક્યાંય બહાર જવાના તો નથી ને ?' મેં પૂછ્યું.

'પ્રયત્ન કરીએ તોય કોઈ ઘરાક આજે મળે એમ લાગતું નથી.'

મધરાત વીતી ગઈ ત્યાં સુધી એઓ બેઠાં રહ્યાં ને શેતરંજ ખેલતાં રહ્યાં.

એ લોકોના ગયા પછી મારામાં તાઝગી આવી ને મારું મન ડહોળાયેલું રહ્યું નહિ. હું જાણતો હતો કે હવે ઊંઘ આવે એ શક્ય નહોતું. મેં મોટા ખંડમાં જઈને પેલા વેપારીને ફરી બોલાવ્યો.

'સરસ, સરસ.' એ ઉતાવળે દાવ અંજમાવવા મારી ઓરડીમાં આવ્યો.

'આજે આખી રાત રમી કાઢીએ.' મેં અજેય યોદ્ધાની અદાથી કહ્યું.

અમે બીજે દિવસે સવારે આઠ વાગ્યે યુગાનો છોડી જવાનાં હતાં. મેં મારી નિશાળિયાની ટોપી મારા થેલામાં ખોસી દીધી. શિકારીઓ પહેરે છે તેવી ટોપી પહેરી લીધી.(જે મેં સ્નાનાગારથી થોડેક છેટેની દુકાનેથી ખરીદી લીધી હતી.) અને સરિયામ રસ્તે થઈને નાચનારી મંડળીની હોટલ આગળ પહોંચી ગયો. હું વિશ્વસ્તતાથી દાદરો ચઢવા લાગ્યો. બીજા માળનાં જાળિયાં ખુલ્લાં હતાં- પણ મુખ્ય ખંડ આગળ જતાં મારા પગ અટકી ગયા. એ લોકો હજી ઊંઘતાં હતાં.

એ કન્યા મારા પગ લગોલગ પડી હતી ને જલદી જલદી બે હાથથી એનું મોઢું ઢાંકી દીધું. આગલી રાતના 'મેઇક અપ'નાં ચિહ્નો હજી એના ચહેરા પરથી સાવ ભુંસાઈ નહોતાં ગયાં, હોઠ પર લાલીનાં લાલ ટપકાં દેખાતાં હતાં ને આંખને ખૂણે પણ એનાં જ ટપકાં રહી ગયાં હતાં. આ વખતે એ કન્યા મારા મનમાં વસી ગઈ; હું એને જોતો હતો ત્યારે મારા હૃદયમાં ઉલ્લાસનાં પુર છલકાઈ ઊઠયાં. એ એકાએક, હાથ મોં પરથી ખસેડ્યા વિના, પથારીમાં સહેજ આળોટીને ઊભી થઈ ગઈ ને મારી આગળ ઝૂકીને અભિવાદન કર્યું. શું કરવું તે ન સૂઝવાથી હું અવાક્ ઊભો રહી ગયો.

પેલો જુવાન અને યુવતીઓ પૈકીની મોટી યુવતી ભેગાં સૂતાં હતાં.એ બંને પતિપત્ની હોવાં જોઈએ - મને આ પહેલાં એનો ખ્યાલ આવ્યો જ નહોતો. 'માફ કરજો' પ્રૌઢાએ પથારીમાંથી બેઠાં થતાં કહ્યું.'આજે ચાલી નીકળવાનો આમ તો ઇરાદો હતો, પણ આજે એકાદ પાર્ટી થવાની હોય એવું લાગે છે, ને તો એમાં અમને કાંઈ મળે છે કે નહીં તે જોઈએ એવો અમારો વિચાર છે. જો તમારે આજે ને આજે જવું જ હોય તો તમે અમને શિમોડામાં મળજો. અમે હંમેશાં કોશુયા હોટલમાં ઊતરીએ છીએ એ શોધી કાઢતાં તમને જરાય મુશ્કેલી નહિ નડે.' મને એકલા પડી જવા જેવું લાગ્યું.

'તમે આવતી કાલ સુધી રોકાઈ નહીં જ શકો ?' પેલા જુવાને મને પૂછ્યું. 'એમનું કહેવું છે કે આજે અમારે રહેવું પડશે.....પણ રસ્તે ગપાટા મારવા તમારા જેવો કોઈ સોબતી હોય તો સારું. આવતી કાલે જ જવાનું રાખો ને !'

પેલી પ્રૌઢાએ આ સૂચન સાથે સંમત થતાં કહ્યું. 'અતિ ઉત્તમ. અમે તમને હજી તો હમણાં જ ઓળખતાં થયાં છીએ... આવતી કાલે તો ગમે તે થાય તોય નીકળી જ પડીશું. પરમ દિવસે બેબીને ગુજરી ગયાને ઓગણપચાસ દિવસ થશે. શિમોડામાં એને નામે પ્રાર્થના કરવવાનો અમારો ક્યારનો વિચાર છે, એથી અમે એને ભૂલી ગયાં એવું તો એને ન લાગે. આથી શિમોડા વખતસર પહોંચી જવાની અમને ઉતાવળ છે જ. તમે જો રોકાઈ જાઓ તો ઘણું સારું... આપણી વચ્ચે આવો સંબંધ બંધાયો છે એની પાછળ કશો હેતુ હશે કે નહિ ? મને તો કશું સમજાતું નથી.'

હું એક દિવસ રોકાઈ જવા તૈયાર થયો ને મારી હોટલમાં પાછો વળ્યો. હોટલમાં

મેનેજરની ગંદી ઓફિસમાં બેસીને મેં તડાકા માર્યે રાખ્યા ને લોકો સાજ સજીને તૈયાર થાય તેની રાહ જોવા લાગ્યો. એટલામાં એ મંડળીનો જુવાન આવી ચઢ્યો અને અમે બંને શહેરથી દૂર નહીં એવા પુલ આગળ ગયા. દૃશ્ય ખુશનુમા હતું. એ સળિયાને અઢેલીને ઊભો રહી પોતાની વાત કરવા લાગ્યો. એ ઘણા લાંબા વખત સુધી તોકયોની એક મંડળીમાં કામ કરતો હતો.હજી પણ એ કોઈક વાર ઓશિમામાં નાટકમાં કામ કરે છે. ફરતી મંડળીમાં જરૂર પડે ત્યારે એ મનોરંજન અર્થે જાણીતા અભિનેતાઓની નકલ કરી બતાવે છે. એના પોટકામાં વાળેલા પગ જેવું જે ઊપસી આવેલું દેખાય છે, તે રંગમંચ પર વપરાતી તરવાર છે. એની પાસેથી નેતરની પેટીમાં એની ઘરવખરી ઉપરાંત રંગમંચને માટેની વેશભૂષા અને એવી બીજી ઉપયોગી વસ્તુઓ એ સાથે લઈને ફરે છે.

'હું એક ભૂલ કરી બેઠો ને તેને પરિણામે જિંદગી બરબાદ કરી બેઠો. કુટુંબનું કામકાજ મારા ભાઈએ સંભાળી લીધું છે. હું હવે ત્યાં ઝાઝા ખપનો રહ્યો નથી.'

'મને તો એમ કે તમે નાગાઓકાની હોટલમાંથી આવ્યા હશો.'

'ના ભાઈ, ના. આ બે સ્ત્રીઓ પૈકીની વયમાં મોટી તે છે મારી વહુ. એ તમારા કરતાં એક વર્ષ નાની છે. આ ઉનાળામાં રસ્તામાં એની બીજી બેબી મરી ગઈ, એ એક અઠવાડિયું જ જીવી - ને હજુ એનું શરીર વળી આવ્યું નથી. પેલી પ્રૌઢા તે એની મા છે ને આ છોકરી મારી બહેન છે.'

'તમે કહેતા હતા કે તમને એક તેરેક વરસની બહેન છે તે ?'

'હા, એ જ. મેં ઘણી વાર એને આ ધંધાથી દૂર રાખવાના ઉપાય શોધી જોયા છે, પણ અનેક કારણસર આજ સુધી એવું બની શક્યું નથી.'

એણે કહ્યું કે એનું નામ સાઇકિચિ હતું. એની વહુનું નામ ચિયોકો હતું. એની નાની બહેનનું નામ કાઓરુ હતું. બીજી યુવતીનું નામ યુરિકો હતું. એ દાસીની જેમ સાથે ફરતી હતી, એ સોળ વરસની હતી. એ જ એકલી ઓશિમામાંથી આવતી હતી. બધું કહેતાં આઇકિચિ ભારે લાગણીવિવશ બનીને નીચે નદીના ઢોળાવ તરફ જોઈ રહ્યો. ઘડીભર તો મને થયું કે રડી પડશે કે શું !

૪

પાછા વળતાં,રસ્તાની એક બાજુએ, મેં એ કન્યાને એક કૂતરાને પંપાળતી જોઈ. હવે એણે ચહેરા પરનો 'મેઇક અપ' બિલકુલ ધોઈ નાખ્યો હતો.

'હોટલ પર આવજે ને !' મેં પસાર થતાં એને સાદ દઈને કહ્યું.

'મારાથી એકલા ન અવાય.'

'તો તારા ભાઈને લઈને આવજે.'

'વારુ, હું હમણાં જ આવી પહોંચું છું.'

થોડા વખત બાદ આઇકિચિ આવી પહોંચ્યો.

'બીજાં બધા ક્યાં છે ?'

'એ લોકો માને છોડીને આવી શક્યાં નહિ.'

પણ એ ત્રણેય જણાં પુલ પરથી કલબલાટ કરતાં આવ્યાં ને અને શેતરંજ રમવા બેઠાં હતાં ત્યાં થઈને દાદર ચઢી ગયાં ઝૂકીઝૂકીને અભિવાદન કરી પછી કંઈક ખચકાઈને મુખ્ય ખંડમાં અમારી રાહ જોવા લાગ્યાં.

ચિયોકો સૌથી પહેલી આવી. 'મહેરબાની કરીને આ બાજુ આવો.' એ બીજાઓને સંબોધીને આનંદપૂર્વક બોલવા લાગી. 'મારી ઓરડીમાં તમારે આમ અક્કડ થઈને ઊભા રહેવાની જરૂર નથી.'

એકાદ કલાક રહીને એ બધાં નહાવા ચાલ્યાં ગયાં. મારે એમની સાથે જવું એવો એમણે આગ્રહ રાખ્યો. પણ ત્રણ જુવાન સ્ત્રીઓ ભેગા નહાવાનું મને ખૂબ મૂંઝવણભર્યું લાગતું હતું. એટલે મેં કહી દીધું.'હું થોડી વાર રહીને આવું છું.' થોડી વારમાં કાઓરુ પાછી ઉપર આવી. 'ચિયોકોએ કહેવડાવ્યું છે કે જો તમે નહાવા આવશો તો એ તમારો વાંસો ધોઈ આપશે.'

એ ચાલી જવાને બદલે મારી પાસે જ બેસી પડી ને અમે શેતરંજ રમવા લાગ્યાં. એમાં એ ધાર્યા કરતાં ભારે ચાલાક નીકળી. હું સાધારણ રીતે શેતરંજમાં કંઈક હોશિયાર લેખાઉં છું. આઇકિચિ ને બીજાઓને મેં ઝાઝી મુશ્કેલી વિના હરાવી દીધા હતાં.પણ હું જો સહેજ સાવધ ન રહ્યો હોત તો કાઓરુએ મને હરાવી જ દીધો હોત. જાણી કરીને બીજાને જિતાડવા મારે નબળી રમત રમવાની ન આવી. તેથી મને ખુશી થઈ. શરૂમાં તો એ વિવેકવિનયની આદર્શ મૂર્તિની જેમ અદબથી ટટાર બેસી રહી, પણ પછીથી રમત આગળ વધતાં એ બધું ભૂલી ગઈ ને બાજી પર ઝૂકી પડીને રમવા લાગી. એના વાળ એટલા તો ભરાવદાર હતા કે એ બનાવટી હોય એવો શક જતો હતો ને એ રહી રહીને મારી છાતી સાથે ઘસાતા હતા.આથી એ શરમની મારી રાતીચોળ થઈ જતી હતી.

'મને માફ કરજો, મારે આટલું બેઠી તે બદલ ઠપકો સાંભળવો પડશે.' એ નિસાસો નાંખીને બોલી ને બાજી અર્ધી મૂકીને દોડી ગઈ. પ્રૌઢા સ્નાનાગારની પાસે, નદીની આ બાજુએ ઊભી હતી.ચિયોકો અને યુરિકો એ જ વખતે એક સાથે નીચેની નાવણીમાંથી બહાર નીકળીને 'આવજો' કર્યા વિના પુલ પર થઈને ચાલ્યાં ગયાં.

આઇકિચિ એ દિવસે પણ મારી હોટલ પર રહ્યો. હોટલની માલકણ બાઈ આદરઅભ્યર્થનામાં વિવેકી હતી. એણે એવી ટીકા કરી કે આવા માણસને જમવા બોલાવવાથી તો સારું ખાવાનું વેડફી મારવા જેવું જ થાય.

તે દિવસે સાંજે પાછા ફરતાં હોટલ આગળથી જતાં જોયું તો કાઓરુ 'સાચીસેન' નૃત્યનો રિયાઝ કરતી હતી. મને જોતાંની સાથે જ એ અટકી ગઈ, પણ પ્રૌઢાએ ચાલુ રાખવાનો આદેશ કર્યો એટલે ફરી શરૂ કર્યું. શેરીની સામી બાજુના રેસ્ટોરાંને બીજે મજલે આઇકિચિ

કશાકનો પાઠ કરી રહ્યો એવું લાગતું હતું. ત્યાં મહેફિલ બરાબર જામી હોય એવું ચોખ્ખું દેખી શકાતું હતું.

'આ શું ચાલી રહ્યું છે ?'

'ત્યાં ? એ 'નોહ' નાટક વાંચે છે.'

'એ કંઈક વિચિત્ર લાગે છે.'

'આને-આને બધી વસ્તુ વેચનારી દુકાનમાં માલનો જેટલો જથ્થો હોય તેટલા તરેહતરેહના એની પાસે કસબ છે. ક્યારે એ શું બતાવશે તેનું કાંઈ કહેવાય નહિ.' કાઓરુએ ધૂર્તતાથી મને વાર્તાસંગ્રહમાંથી એક વાર્તા વાંચી સંભળાવવાનું કહ્યું. મેં રાજી થઈને પુસ્તક હાથમાં લીધું, મારા મનમાં કશીક આશા સળવળી ઊઠી. મેં વાંચવાનું શરૂ કર્યું ત્યારે એનું માથું લગભગ મારા ખભાની અડોઅડ હતું, અને એ મારી સામે ગંભીર બનીને એકાગ્ર ચિત્તે નિષ્પલક નેત્રે મીટ માંડીને જોઈ રહી હતી. એની મોટી લગભગ કાળી કહેવાય તેવી આંખો સૌથી મોહક લાગતી હતી. ભારે પોપચાંની રેખાઓ તો અવર્ણનીય રીતે આકર્ષક લાગતી હતી, ને એનું હાસ્ય કોઈક પુષ્પના હાસ્ય જેવું હતું.પુષ્પનું હાસ્ય - હું જ્યારે એના હાસ્યનું સ્મરણ કરું છું ત્યારે આવા વર્ણનમાં મને કશું અજૂગતું નથી લાગતું.

મેં થોડુંક જ વાંચ્યું હશે ત્યાં સામેનાં રેસ્ટોરાંમાંથી દાસી એને બોલાવવા આવી ચઢી, 'હું હમણાં આવું છું' એ વસ્ત્રની સળ ગોઠવતી કહેવા લાગી. 'તમે જતા રહેશો નહિ, મારે બાકીનું પણ સાંભળવું છે.'

એ ખણ્ડમાં જઈને વિધિ પુરઃસર ઝૂકી અને વિદાય લીધી

એ પાસેના જ ઓરડામાં હોય તેમ હું એને ત્યાં બેઠો બેઠો જોઈ શકતો હતો. એ ઢોલક આગળ ઘૂંટણિયે પડી, મારી તરફ પીઠ કરીને એ બેઠી હતી. ઢોલકના વિલમ્બિત લયથી મેં ઉત્તેજના અનુભવવા માંડી, 'ઢોલક વાગવા લાગે એટલે ધીમે ધીમે મહેફિલ જામતી જાય.' પ્રૌઢાએ કહ્યું. ચિયાકો અને યુરિકો થોડીવાર રહીને રેસ્ટોરાંમાં ગયાં ને એકાદ કલાક બાદ ચારે જણ પાછાં આવ્યાં.

'બસ, એ લોકોએ આટલું જ પર ખાવ્યું.' કાઓરુએ એની વાળેલી મૂઠીમાંથી સહજ જ પચાસ યેન પ્રૌઢાના હાથમાં મૂકી દેતાં કહ્યું. મેં વાર્તા આગળ વાંચી ને એ લોકો મરી ગયેલી બેબી વિષે વાતો કરવા લાગ્યાં. હું કાંઈ કુતૂહલનો માર્યો એ લોકો જોડે જોડાયો નહોતો, ને એમના પર દયાની નજરે કે કૃપાદૃષ્ટિએ જોવાનું પણ કશું કારણ નહોતું. એ લોકો રસ્તે ભટકતી નાચનારાઓની મંડળી. ઓના હલકી વરણનાં છે એનો તો મને ખ્યાલ સુધ્ધાં રહ્યો નહોતો. એમને પણ આની જાણ હતી ને એ વાત એમના હૃદયને સ્પર્શી ગઈ હતી. માટે ઓશિમા જઉં તો એમને જરૂર મળવું જ એવું એમણે તો ક્યારનુંય નક્કી કરી નાખ્યું હતું.

'આપણે એમને દાદાજીના ઘરમાં ઉતારો આપી શકીએ.' એ લોકોએ તો જાણે બધી

યાજના પણ અત્યારથી જ ઘડી રાખી હતી. 'એ કાઈ સાંકડું નહિ પડે. ને જો દાદાજીને આપણે ત્યાંથી બીજે ક્યાંક ખસેડીએ તો એમને વાંચવું-કરવું હોય તેનોય વાંધો નહિ આવે.'

'અમારાં બે નાનાં ઘર છે. એ પૈકીનું ઘર તમને આપીશું.'

નવા વરસને દિવસે ઓશિમામાં એઓ એક નવું નાટક રજૂ કરવાનાં હતાં તેમાં મારે મદદ કરવી એવું પણ નક્કી થયું.

રસ્તે ભટકતી ફરનારી નાટકમંડળીની જિંદગી હિણપતભરી હોય છે એવી મારી છાપ હતી તે સાચી નહોતી તે હું જોઈ શક્યો. એ આરામ અને આસાયેશની જિંદગી હતી. એની સાથે હંમેશાં પર્વતો ને મેદાનોની સુગંધ ભળેલી રહેતી. વળી આ મંડળી તો કુટુંબના સંબંધે જોડાયલી હતી. માની દાસીનું કામ કરતી યુરિકો જ કંઈક ઓછી ભળી ગયેલી લાગતી હતી, એને સંકોચ થાય એવી એની વય પણ હતી જ ને !

મધરાત પછી હું એમનાથી છૂટો પડીને મારી હોટલે ગયો. કાઓરુ મને બારણા સુધી મૂકવા આવી ને મારી સપાટ એણે એવી રીતે ગોઠવીને મૂકી કે એ પહેરતાં મારે અવળા ફરવું ન પડે. એણે બારણાં બહાર મૂકીને ચોખ્ખા આકાશ સામે જોયું. 'ઓહો, ચન્દ્ર ઊગી ચૂક્યો છે !

આવતી કાલે તો અમે શિમોડામાં હોઈશું. મને શિમોડા ઘણું ગમે છે.અમે શિમોડામાં બેબી માટે પ્રાર્થના કરીશું ને મા મને નવો કાંસકો લઈ આપશે. એ લઈ આપવાનું એણે મને ક્યારથી વચન આપી રાખ્યું છે. પછી આપણે કંઈ કંઈ નવું નવું કરીશું તમે મને સિનેમા જોવા લઈ જશો ?'

ઈઝુ અને સાગાઝીના ઊના પાણીના ઝરા વચ્ચેના પ્રદેશમાં ભટકતી ફરતી આ મંડળી શિમોડાને પોતાનું ઘર માનતી.એવું કશુંક એમને મન શિમોડા હતું.

૫

સામાનની વહેંચણી એ લોકોને મેં આગામી ઘાટમાંથી જતાં જોયાં તે મુજબની જ હતી. ગલુડિયું કોઈ રીઢા મુસાફરની અદાથી પ્રૌઢાના હાથમાં પડ્યું હતું. યુગાનો આવ્યા પછી ફરી અમે ડુંગરાળ પ્રદેશમાં પ્રવેશ્યા. અમે સૂર્યોદય વેળાએ સમુદ્રની દિશામાં જોયું. સૂર્ય ઊગી ચૂક્યો હતો અને તેજથી અમારી ખીણમાં અમને હૂંફ વરતાતી હતી. નદીના મુખ આગળ પહોળો ને ધોળો દરિયાકાંઠો દેખાવા લાગ્યો.

'પેલું રહ્યું ઓશિમા.'

'આવડું મોટું ! તમે ખરેખર આવશો ને ?'

કાઓરુએ મને પૂછ્યું.

કોણ જાણે શાથી - શરદ્‌ના ચોખ્ખા આકાશને લીધે એવું લાગતું હશે ?- જ્યાં સૂર્ય ઊગ્યો હતો તે તરફના સમુદ્રનો ભાગ આછા ધુમસવાળો લાગતો હતો. શિમોડા અહીથી

દસેક માઈલ છેટું હશે. થોડા વખત સુધી પર્વતોએ સમુદ્રને ઢાંકી દીધો. ચિકોયો કોઈક ગીત ગુંજતી હતી - ધીમે ધીમે અલસતાથી રસ્તાના બે ફાંટા પડ્યા. એક શાખા ચઢાણવાળા ભાગમાં થઈને જતી હતી. પણ એ બીજી શાખા કરતાં એક માઈલ જેટલી ટૂંકી હતી. હું ચઢાણવાળો ટૂંકો રસ્તો લઉં કે પછી લાંબો પણ સરળ રસ્તો લઉં ? આખરે મેં ટૂંકો રસ્તો જ પસંદ કર્યો.

રસ્તો જંગલમાંથી વળાંક લઈને આગળ વધતો હતો. ચઢાણ એવું તો સીધું હતું કે જાણે બે હાથના આધારે દિવાલ પર જ નહીં ચઢતા હોઈએ ! ખરીને પડેલાં પાંદડાંને કારણે એ લપસણો બની ગયો હતો. શ્વાસ લેવાનું જેમ વધારે ને વધારે મુશ્કેલ થતું ગયું તેમ મને કંઈક વિચિત્ર પ્રકારની બેપરવાહીની લાગણી થઈ આવી ને હું વધુ ને વધુ ઝડપથી મારી મૂઠીથી ઘૂંટણને દરેક ડગલે દબાવતો આગળ ધપવા લાગ્યો. બીજાં બધાં પાછળ રહી ગયાં. પછી તો એ લોકો દેખાતાં પણ બંધ થયાં, પણ મને એમનો અવાજ જ ઝડપથી સંભળાતો રહ્યો. પણ કાઓરુ તો એનો ઘાઘરો ઊંચો ખોસીને નાનાં નાનાં ડગલાં ભરતી મારી પાછળ જ ચાલતી હતી. એ મારાથી બેચાર વારનું અંતર રાખીને ચાલતી હતી; એથી વધારે નજીક એ આવતી નહોતી ને મને વધારે દૂર પણ નીકળી જવા દેતી નહોતી. કોઈ વાર હું એની જોડે કશીક વાતો કરતો ત્યારે એ ઊભી રહી જઈને ચમકીને સહેજ હસી પડીને જવાબ આપતી. ને એ બોલતી ત્યારે હું ઊભો રહેતો ને એ મારી સાથે થઈ જાય તેની રાહ જોઈને ઊભો રહેતો પરંતુ તે ઊભી રહેતી ને બે વારનું અંતર કાયમ રાખતી. ચઢાણ વધુ આકરું થવા લાગ્યું ને રસ્તો વાંકોચૂકો થતો ગયો. હું વધુ ને વધુ વેગથી આગળ વધવા લાગ્યો. કાઓરુ પણ એટલી જ ઝડપથી ચાલીને મારી પાછળ પાછળ આવતી હતી. પર્વતોમાં નિસ્તબ્ધતા છવાઈ ગઈ હતી. પાછળ ચાલનારાઓના અવાજ હવે સંભળાતા નહોતા.

'તમે તોક્યોમાં ક્યાં રહો છો ?'

'એક છાત્રાલયમાં, તોક્યો કાંઈ મારું વતન નથી.'

'હું એક વાર તોક્યો ગઈ હતી. હું ત્યાં નૃત્ય કરવા ગઈ હતી. ત્યારે ચેરી પુરબહારમાં ખીલ્યાં હતાં. જો કે હું તો બહુ નાની હતી ને હવે એમાનું કશું યાદ રહ્યું નથી.'

'તમારાં માબાપ જીવે છે ખરાં ?' ફરીથી એ વાતનો તન્તુ આગળ ચલાવતી ફરી પૂછતી : 'તમે કદી કોફુ ગયા છો ખરા ?' શિમોડામાંના સિનેમા ને મરી ગયેલી બેબીની વાતો પણ એ કહી ગઈ. અમે શિખર પર પહોંચી ગયાં. ઢોલકને જંગલનાં સુકાઈ ગયેલાં ઝાંખરાંના ઢગલા પર મૂકીને એણે રૂમાલથી પોતાનો ચહેરો લૂછી નાખ્યો. પછી એણે પોતાના પગ તરફ નજર કરી, પણ પછી વિચાર બદલીને વાંકી વળીને મારા કિમોનોનો નીચલો ભાગ સાફ કરવા લાગી. હું નવાઈ પામીને સહેજ પાછળ ખસી ગયો. એ એક ઘૂંટણ પર બેસી પડી. મારા કિમોનોના આગળ અને પાછળના ભાગને સાફ કર્યાં પછી મારી આગળ ને ખોસી દીધેલા ઘાઘરાને (ચાલતાં ફાવે એ માટે એ એણે પહેલેથી જ

ખોસેલો રાખ્યો હતો) સરખો કર્યો. મારો શ્વાસ જોરથી ચાલતો હતો. એણે મને બેસી જવાનું કહ્યું. અમે બેઠાં હતાં ત્યાં થઈને પક્ષીઓનુમ એક ટોળું ઊડતું ઊડતું આવી ચઢ્યું. પંખીઓના બેસવાથી સૂકાં પાંદડાં ખખડ્યાં જરા સરખીય પવનની લહરી નહોતી. મેં ઢોલક પર મારી આંગળીથી થોડા ટકોરા પાડ્યા એટલે પંખીઓ ચમકીને ઊડી ગયાં.

'મને તરસ લાગી છે.'

'આટલામાં ક્યાંક પાણી હોય તો તપાસ કરી આવું ?' પણ થોડી મિનિટો પછી એ પીળાં પાંદડાંવાળાં વૃક્ષોમાં થઈને ખાલી હાથે પાછી આવી.

'તમે લોકો ઓશિમામાં શું કરો છો ?'

એણે ત્રણેક છોકરીનાં નામ દીધાં. એ નામોનો મારે મન કશો અર્થ નહોતો. એ અનેક સંસ્મરણો કહેતી ગઈ. એ ઓશિમાની વાત નહોતી કરતી પણ કોફુની વાત કરતી હતી. ત્યાં એ પહેલી બે ચોપડી ભણી હતી. એ નિર્વ્યાજ ભાવે જેમ જેમ યાદ આવતું ગયું તેમ તેમ એની ને બહેનપણીઓની વાત કર્યે ગઈ.

આઇકિચિ ને યુવતીઓ દશેક મિનિટ બાદ આવી લાગ્યાં; પ્રૌઢા બીજી દશેક મિનિટ બાદ આવી પહોંચી. ઢોળાવ ઊતરતાં હું જાણી કરીને આઇકિચિ સાથે થોડો પાછળ રહ્યો. પણ બસોએક વાર પછી કાઓરુ દોડીને અમારી લગોલગ આવી પહોંચી, 'નીચે પણે ઝરણું છે. તમે પહેલાં પાણી પીઓ. એ લોકો તમારી રાહ જુએ છે.'

હું એની સાથે દોડતાં દોડતાં ઢોળાવ ઊતરી ગયો. ઝાડવાંથી ઘેરાયેલા ખડકોમાંથી નીતર્યું પાણી ખળખળ વહ્યું આવતું હતું, સ્ત્રીઓ એની આજુબાજુ ઊભી રહી ગઈ હતી. 'તમે પાણી પી લો, અમે તમારી જ રાહ જોતાં હતાં. અમે પાણી ડહોળી મૂકીએ પછી તમને પીવું નહીં ગમે.'

મેં ખોબે ખોબે પી લીધું. સ્ત્રીઓ ધીમે ધીમે પાછી વળી. એ લોકોએ રૂમાલ ભીના કરીને પોતાના પરસેવો વળેલા ચહેરા લૂછી નાખ્યા. ઢોળાવ પૂરો થતાં અમે શિમોડા જવાના સરિયામ રસ્તા પર આવી પહોંચ્યાં. રસ્તાની નીચાણવાળા ભાગમાં કોલસા પાડનારા લાકડાં બાળતા હતા તેના ધુમાડાની સેર અહીંતહીં ઉપર ચઢતી દેખાતી હતી. અમે લાકડાંના એક ઢગલા ઉપર વિસામો લેવા બેઠાં. કાઓરુ ગલુડિયાંની રૂંવાટીને રાતી કાંસકીથી ઓળવા લાગી.

'તું કાંસકીના દાંતા ભાંગી નાખીશ.' પ્રૌઢાએ એને ધમકાવી.

'ભાંગશે તોય શું ? શિમોડા ગયા પછી મને નવી કાંસકી મળવાની જ છે ને ?' એ કાંસકી જ એ પોતાના માથામાં વાળીને પહેરતી હતી. છેક યુગાનોમાં હતા ત્યારે મને એ માગી લેવાની ઇચ્છા થયેલી. એ એના વડે ગલુડિયાના વાળ ઓળતી હતી તેથી હું જરા એનાથી નાખુશ થયો. આઇકિચિ અને હું એમનાથી દસપંદર વાર આગળ ચાલવા લાગ્યા.

'પણ એ તો સોનાનો દાંત મુકાવી દે એટલે પત્યું.તો તો પછી ખબરે ય ના પડે.'

કાઓરુનો અવાજ એકાએક મારે કાને પડ્યો. મેં પાછું વાળીને જોયું.

એ લોકો મારા વાંકા દાંતની જ વાત કરતાં હતાં. ચિયોકોએ જ વાત કાઢી હશે, ને કાઓરુએ સોનાનો દાંત મુકાવવાનું સૂચન કર્યું. મારે વિશે આવી રીતે વાતો ચાલે તેથી મને ખાસ અણગમો થયો નહિ, ને મારે આથી વધુ સાંભળવાની જરૂર પણ નહોતી. થોડા વખત વાતો દબાયેલે અવાજે ચાલી.

'એ છે મજાનો આદમી નહિ ?' ફરી કાઓરુનો અવાજ સંભળાયો. 'લાગે છે તો ઘણો મજાનો.'

'એ ખરેખર ઘણા સારા છે. એવું કોઈક આપણી સાથે હોય તો મને ગમે.' એ જરા આખાબોલી હતી. અત્યંત પ્રામાણિકતા અને નિખાલસતાથી જેવું હૈયે તેવું હોઠે લાવવાની એને ટેવ હતી. આથી જ એણે પૂરી નિખાલસતાથી મને 'મજાનો આદમી' કહી દીધો. હું ફરીથી પર્વત તરફ જોવા લાગ્યો. એના પર એટલો બધો તડકો હતો કે એ જોતાં મારી આંખો દુ:ખી આવી. ઓગણીસ વરસની વયે હું માનવજાતને ધિક્કારતો થઈ ગયો હતો. મારો ક્યાંય મેળ ખાતો ન હતો. હું સાવ એકલવાયો હતો.આથી મરણિયો બનીને હું ભાગી છૂટીને ઇઝુના દ્વીપકલ્પના પ્રદેશમાં રખડવા નીકલી પડ્યો હતો. ને હવે હું 'મજાનો માણસ' બની ગયો હતો. આ શબ્દપ્રયોગમાં ખાસ કશું વિશેષ નહોતું, રોજિંદા વપરાશનો જ એ પ્રયોગ હતો. આથી મને શું થયું તે મારાથી કહી શકાય તેમ નથી. પર્વત પરનું તેજ વધતું ગયું, અમે શિમોડા અને સમુદ્રની નજીક પહોંચતાં જતાં હતાં.

કદીક કદીક કોઈક ગામને પાદરે અમે પાટિયું વાંચતાં : અહીં રખડુ નાટકમંડળીને ખેલ કરવાની મનાઈ છે.

શિમોડાને ઉત્તર છેડે કોશુયા એક સસ્તી હોટલ હતી. હું એ લોકો સાથે બીજે માળની એક કાતરિયા જેવી ઓરડીમાં ઊતર્યો. એને છત જેવું તો કશું જ નહોતું. છાપરું એવું તો નીચે ઢળતું હતું કે રસ્તા પર પડતી બારી આગળ બેસવું હોય તોય વાંકા વળીને બેસવું પડે.

'તારા ખભા જકડાઈ ગયા નથી ?' પ્રૌઢા કાઓરુ સાથે ટકટક કરતી હતી. 'તારા હાથે આંટણ પડ્યાં નથી ?'

કાઓરુ તો એની નયનમનોહર અદાથી ઢોલક બજાવ્યે જ ગઈ. 'ના, મારા હાથને કશું થયું નથી. મને થવાનું નથી. મને આંટણ પડ્યાં નથી.'

મેં ઢોલક ઉપાડી જોયું. 'ભારે છે આ તો !'

'તમે ધારતા હશો તેનાથી તો એ ભારે છે જ.' કાઓરુ હસી પડી. 'આ તમારા થેલા કરતાં તો ભારે છે.'

હોટલમાંના બીજા મહેમાનો સાથે 'કેમ છો ?' વગેરે કરવામાં એ લોકો રોકાયાં. ફેરિયાઓ ને ભટકતી ફરતી બીજી નાટકમંડળીનાં માણસો ઘણાં હતાં. શિમોડા જાણે હિજરતીઓનો જ અડ્ડો હતો. હોટલમાં છોકરાંઓને જ કાઓરુએ પૈસા વહેંચી આપ્યા.

હું જવા તૈયાર થયો ત્યારે પહેલાંની જેમ એણે મારી પાવડી બારણામાં ગોઠવી આપી.

'તમે મને સિનેમા જોવા લઈ જશોં ને ?' એ જાણે પોતાને જ કહેતી હોય એટલું ધીમેથી બોલી

કંઈક શિથિલ ચારિત્ર્યનો ને શકમંદ લાગતો કોશુયા હોટલનો એક માણસ મને તથા આઇકિચિને એક વખતના નગરપતિની કહેવાતી હોટલમાં દોરી લઈ ગયો. અમે સાથે નાહ્યા ને જમ્યા - દરિયાની તાજી માછલી. આઇકિચિથી છૂટા પડતાં મેં થોડા પૈસા એના હાથમાં મૂક્યા.'કાલની પ્રાર્થના માટે થોડાં ફૂલ ખરીદજો.' મેં એને કહ્યું હતું કે બીજે દિવસે સવારની સ્ટીમરમાં મારે તોક્યો જવા નીકળવાનું હતું. ખરી વાત એ હતી કે મારી પાસેના પૈસા ખૂટવા આવ્યા હતા, પણ મેં એને એમ કહ્યું કે નિશાળ ખૂલતી હોવાથી મારે જવું જ પડે એમ હતું.

'ભલે આ શિયાળે અમે તમને મળીશું તો નક્કી.' પ્રૌઢાએ મને કહ્યું. 'અમે બધાં તમને બોટ પર તેડવા આવીશું. તમે ક્યારે આવો છો તે જરૂર જણાવજો. તમારે અમારી સાથે જ રહેવાનું છે. તમને અમારાથી હોટલમાં તો કેમ જ જવા દેવાય ? અમે તમારી રાહ જોઈશું, ને ભૂલતા નહિ, અમે તમને બોટ પર તેડવા આવીશું.'

બીજા બધાં ઓરડીમાંથી જતાં રહ્યાં પછી મેં ચિયોકો અને યુરિકોને મારી સાથે સિનેમામાં આવવાનું કહ્યું. ચિયોકો થાકીને ફિક્કી પડી જઈને હાથ પેટ સાથે દાબીને પડી હતી. 'મારાથી તો અવાય તેમ જ નથી. એટલું બધું ચાલવાનું મારાથી તો બનતું નથી.'

યુરિકો અક્કડ બનીને ભોંય તરફ જોઈ રહી. કાઓરુ નીચે નાનાં છોકરાંઓ જોડે રમતી હતી. મને નીચે ઊતરતો જોઈને એ પ્રૌઢા પાસે દોડી ગઈ ને મારી સાથે સિનેમા જોવા જવાની રજા આપવા માટે કરગરવા લાગી. એ પાછી આવી ત્યારે એનું મોઢું પડી ગયું હતું.

'મને તો એમાં કશું અજૂગતું લાગતું નથી. કાઓરુને એની જોડે જવું હોય તો શા સારુ નહિ જાય ?' આઇકિચિએ દલીલ કરી. મનેય વાંધો શા માટે લેવો જોઈએ તે સમજાયું નહિ. પણ પ્રૌઢા એકની બે થાય તેમ નહોતી. મેં હોટલ છોડી ત્યારે કાઓરુ કૂતરાને પંપાળતી બેઠી હતી. એની સાથે બોલવાનું મારાથી બની શક્યું નહિ. આ નવી રીતરસમ પાળવાનું મને ભારે લાગતું હતું તે એનામાંય ઊંચું જોવાની હિંમત નહોતી.

હું એકલો સિનેમા જોવા ગયો. એક સ્ત્રી વીજળીના દીવા આગળ ઊભી રહીને સંવાદ વાંચી જતી હતી. હું તરત જ બહાર નીકળી આવ્યો ને મારી હોટલમાં પાછો વળ્યો. ક્યાં સુધી હું બારીની પાળ પર હાથ ટેકવીને બહાર જોતો બેસી રહ્યો. શહેરમાં અંધારું છવાઈ ગયું હતું. દૂર ક્યાંક ઢોલક વાગતું હોય એવું મને લાગ્યું. ખાસ કશા કારણ વિના મારી આંખમાંથી આંસુ સરી પડ્યાં.

૬

બીજી સવારે સાતેક વાગ્યે હું નાસ્તો કરતો હતો ત્યારે આઇકિચિએ મને શેરીમાંથી સાદ દીધો. એણે ખાસ પ્રસંગે પહેરવામાં આવતો કિમોનો મારા માનમાં પહેર્યો હતો. સ્ત્રીઓ પૈકીનું કોઈ એની સાથે નહોતું. મને એકાએક એકલવાયાપણું પીડવા લાગ્યું.

'એ બધાં તમને વિદાય આપવા આવવાનાં હતાં પણ ગઈ રાતે બહુ મોડે સુધી અમે બહાર હતાં. એટલે હજુ એ લોકો ઊઠી શકયા જ નથી. એ લોકોએ તમારી માફી માગી છે ને શિયાળામાં જરૂર મળજો એમ આગ્રહપૂર્વક કહેવડાવ્યું છે.' એણે મારી ઓરડીમાં પ્રવેશીને ખુલાસો કરતાં કહ્યું.

શરદ્‌નો ઠંડો પવન ઓરડામાં થઈને વાતો હતો. બોટ પર જતાં રસ્તામાં એણે મારા માટે ફળ અને તમાકુ ખરીદ્યાં. તે 'કાઓરુ' નામનો દારૂ પણ લઈ આવ્યો. 'એનું નામ પણ કાઓરુ છે ને, એટલે !' એણે હસીને કહ્યું.'નારંગી બોટ પર કામમાં નહીં આવે, પણ ખજૂર તો તમે ખાઈ શકશો, એથી તમને ચક્કર નહિ આવે.'

'તો હું તમને આ શા માટે નહિ આપી દઉં ?' એમ કહીને મેં મારી ટોપી એના માથા પર મૂકી દીધી ને મારા થેલામાંથી નિશાળિયાની ટોપી બહાર કાઢીને એના પર પડેલી કરચલી સરખી કરવા લાગ્યો. અમે બંને હસી પડ્યા.

અમે ધક્કા આગળ પહોંચ્યા ત્યારે મેં જોયું તો કાઓરુ પાણીની કિનાર આગળ બેઠી બેઠી રાહ જોઈ રહી હતી. એને જોઈને મારુ હૃદય ધડકવા લાગ્યું. અમને આવતા જોઈને એ હાલીચાલી નહિ. માત્ર માથું હલાવીને મારુ મૂક અભિવાદન કર્યું. એના મોઢા પર આગલી રાતના 'મેઈક અપ'નાં ચિહ્નો હતાં. એ મને ખૂબ ગમતાં હતાં. એની આંખનાં અણિયાળાં રાતો રંગ એને અનોખું ગૌરવ આપતો હતો.

'બીજાં બધાં આવે છે ?' આઇકિચિએ પૂછ્યું.

એણે માથું ધુણાવ્યું.

'એ લોકો હજી પથારીમાં જ છે ?'

એણે માથું હલાવીને હા પાડી.

આઇકિચિ અંદર દાખલ થવાની ટિકિટ લેવા ગયો. મેં વાત શરૂ કરવાનો પ્રયત્ન કર્યો પણ કાઓરુ તો નહેર દરિયાને મળતી હતી તે સ્થળે આંખ ઠેરવીને બેસી રહી. મારે એને અલવિદા કહેવી હતી. પણ મેં માત્ર માથું હલાવ્યું. બોટ આગળ વધવા લાગી. આઇકિચિ મેં આપેલી શિકારીની ટોપી હલાવવા લાગ્યો, ને શહેર દૂર સરતું ગયું ત્યારે કાઓરુ કશું ધોળું હાથમાં ઝાલીને ફેરવવા લાગી.

હું તૂતક પરના સળિયાને અઢેલીને ઊભો રહ્યો ને ઇઝુનો દક્ષિણ છેડો દેખાતો બંધ થયો ત્યાં સુધી ઓશિમાની દિશામાં જોઈ રહ્યો. કાઓરુની વિદાય લીધાને જાણે ઘણો લાંબો સમય વહી ગયો હોય એવું મને લાગવા માંડ્યું. હું અંદર મારી જગ્યાએ ગયો.

દરિયો એવો તો તોફાની હતો કે સરખું બેસી પણ શકાતું ન હતું. એક ખલાસી બધાને થૂંકદાની આપી ગયો. હું ચોપડાંના થેલાનું ઓશીકું બનાવીને આડે પડખે થયો. મારું મન તદ્દન નીતર્યું ને ખાલી ખાલી લાગતું હતું. મને સમયના વહેવાની સૂઝ જ નહોતી. મારી આંખમાંથી આંસુ સરતાં ગયાં. મેં મારા ગાલ ઠંડીથી થીજી જવા આવ્યા ત્યારે મેં ચોપડાનો થેલો અવળો કરીને ગોઠવ્યો. એક કિશોર મારી બાજુમાં સૂતો હતો. એ ઇઝુના કોઈ કારખાનાના માલિકનો દીકરો હતો, એ હાઈસ્કૂલની પ્રવેશપરીક્ષાની તૈયારી કરવા તોક્યો જતો હતો, મેં પહેરેલી નિશાળિયાની ટોપીથી એ મારી તરફ ખેંચાઈને આવ્યો હતો.

'કેમ તમને કશુંક થયું છે ?' એણે થોડી વાર રહીને મને પૂછ્યું. 'ના, હું હમણાં કોઈની વિદાય લઈને આવ્યો છું.' મને સાચી હકીકત સંતાડવાની કશી જરૂર લાગી નહિ. મારી આંખમાં આંસુ છલકાતાં હતાં. તેથી પણ મને બીજો કશો વિચાર જ આવતો નહોતો. હું જાણે પરમ તૃપ્તિના ઘેનમાં શાંતિથી પડ્યો હતો. સાંજ ક્યારે પડી તેનીય મને ખબર નહિ પડી. પણ અમે આતામી વટાવી ગયા ત્યારે દીવા થઈ ચૂક્યા હતા.મને ભૂખ લાગી હતી. હું થરથર ધ્રૂજતો હતો. પેલા કિશોરે એનું ભાથું કાઢ્યું ને મેં જાણે એ મારું જ ન હોય તેમ આરોગ્યું, પછીથી મેં એના ડગલાથી થોડું શરીર ઢાંક્યું. હું સોહામણા શૂન્યમાં તરવા લાગ્યો. એની ભલમનસાઈનો લાભ લેવો એ મને અત્યંત સહજ લાગ્યું. સર્વ કાંઈને આવરી લેતી એક પ્રકારની સંવાદિતામાં બધું લય પામ્યું.

દીવાઓ બુઝાઈ ગયા. સમુદ્રની ખારાશની ને માછલીઓની વાસ તીવ્ર બની ઊઠી. એ અન્ધકારમાં, પડખે સૂતેલા એ કિશોરની હૂંફથી વિશ્વસ્ત બનીને, મેં મન મૂકીને આંસુ સાર્યાં. જાણે મારું મસ્તક સ્વચ્છ જળરાશિમાં ફેરવાઈ ગયું હતું. એ ટીપે ટીપે વહી જતું હતું. થોડા જ વખતમાં એ વિશેષ ખાલી થઈ જશે એવું મને લાગ્યું.

અનુ. : સુરેશ જોષી

કેમેલિયા

તોન સાતોમી

એ ત્રીસમું વટાવી ગઈ હતી ને તોય હજી કુંવારી હતી. એ ડાબે પડખે સૂતી હતી ને બેઠા ઘાટના લાલચોળ ઢાંકણાવાળા દીવાને અજવાળે સામાયિકમાંથી એક પ્રણયકથા વાંચી રહી હતી. રાત સૂમસામ ને ટાઢીહિમ હતી : પવનનું તો ક્યાંય નામનિશાને નહોતું. રાત ઓસરતી ગઈ હતી તેમ તેમ શેરીમાંથી પણ આખરી રાહદારીઓનાં પગલાં શમી ગયાં હતાં. છતાં હજી મધરાત થઈ નથી એવું અનુમાન કદાચ કોઈ કરી લે એમ હતું. ખરું પૂછો તો ખુદ અવાજનો અભાવ કારમી અણીની જેમ કાનમાં ભોંકાતો હતો.

પાનું ફેરવતાં ફેરવતાં એણે પોતાની વીસ વર્ષની ભાણેજ પર નજર ફેરવી લીધી. એમની પથારી એકબીજાથી લગભગ છ ઈંચ છેટી હતી ને ભાણેજ એના તરફ મોઢું રાખીને સૂતી હતી. એના નિદ્રાલીન મોઢા પર અપૂર્વ સૌન્દર્ય વિલસી રહ્યું હતું. રજાઈના મખમલી કિનારામાંથી માત્ર એનું નાક ને કપાળ જ સ્પષ્ટ દેખાતાં હતાં. પોતે પહેલી જ વાર એનું મોઢું જોતી હોય તેમ માસી એને અનિમેષ નીરખી રહી.

'તું તો મડા જેવી લાગે છે, નહીં?' ભાણેજને ચીડવવાનું, એની સાથે હાસ્યનો કલશોર કરવાનું એને મન થયું.પણ ભાણેજ તો જાણે કંડારેલી મૂર્તિ જ જોઈ લ્યો, એટલી શાન્ત કે એના શ્વાસોચ્છ્‌વાસ પણ કાને પડતા નહોતા. માસીએ મૂંગેમૂંગું હાસ્ય કર્યું. એ અહીં રહેવા આવ્યાં તે પહેલાં જ ભોંય પર નવી ચટાઈ પાથરી દેવામાં આવી હતી. એણે પડખું ફેરવતાં વેંત એમાં આછો ફરફરાટ થયો ને હવાની એક હુંફાળી લહેરખી એના મોઢાને ને ડોકને વીંટળાઈ વળી.

થોડી વાર તો કથાના વિકાસ સિવાય એણે બીજા કોઈનો વિચાર ન કર્યો. કમભાગ્યે એની આંખોમાં નીંદર પણ નહોતી ભરાઈ.

દૂર દૂર વરાળના યંત્રે એક હળવી સિસોટી મારી. રાત સાચોસાચ ખૂબ જ સૂનકાર હતી. આટલો સૂનકાર તો એને કેમેય કરી યાદ ન આવ્યો. દાસીને જગાડવાનું ને પોતે

ત્રણેય સાથે સૂઈ શકે એ માટે પોતાને ઉપલે માળ લઈ જવાનું કહેવાનો એણે વિચાર કર્યો. પણ ઊભા થવાની જ મોકાણ હતી ને. એણે વાંચવાનું ચાલુ રાખ્યું.

નાયક ને નાયિકા સંબંધમાં કટોકટી આવી પહોંચી, ને તોય કાંઈ જ થયું નહીં. પુરુષો તદ્દન અનુદ્દીપક હતા - એમાંનો એકેય એની સ્મૃતિમાં જડાઈ રહે એવો સંભવ નહોતો. એના મનમાં તો કાંઈ જ બેસતું નહોતું. પણ એણે તો વાંચ્યા જ કર્યું.

ધબ.....

આ તો એના ઓશીકા પાસે જ થયું. એની પછી કાંઈ જ નહીં, કેવળ એ જ એક અવાજ. ચટાઈ પર કંઈક પડ્યું. એટલું તો નક્કી. એ શું હશે ? જાતે જોઈને ખાતરી કરી લેવાની એનામાં કેમેય હિંમત ન આવી. સામયિકને હળવેકથી પથારી પર મૂકી દઈને એણે પોતાનો ડાબો હાથ રજાઈમાં ખેંચી લીધો ને પોતાની છાતી પર બંને હાથ જોરથી ભીડી દીધા. ડાબા હાથની હિમ સમી ટાઢાશ એના જમણા હાથમાં ફરી વળી.

એની ભાણેજ ઝીણી આંખે તાકી રહી હતી.

'શું છે ?' માસી બોલી ઊઠી, 'શું છે, સેત્ચાન ?'

'ના !' ભાણેજે રજાઈભેર કૂદકો માર્યો ને માસીનાં ગોઠણમાં પોતાનું માથું ઢાંકી દીધું.

'શું થયું છે એ કહેવાનું મેં તને કહ્યું. શું છે, સેત્ચાન ?'

સેત્ચાને પોતાનું માથું સહેજ ઊંચું કર્યું, 'બોલો મા.'

માસીએ પોતાના ગોઠણ પરનો ભાર ફગાવી દીધો ને મન મક્કમ કરી પાંગથની પેલી પાર નજર નાખી.

એણે કલ્પના કરી હોય તેના કરતાં કેટલાંય ફૂટ વધારે દૂર, ગભારામાં એક મોટું કિરમજી કમેલિયા ખરી પડ્યું હતું. ચટાઈ પર એ ઊંધા ઢાળેલા ચલાણા જેમ પડ્યું હતું. કમેલિયાના છોડને પોતાના જૂના બગીચામાં તજી આવતાં એમને એટલો તિરસ્કાર આવ્યો હતો કે દલાલ પાસે એમણે હાથેકની કલમ કપાવી લીધી હતી ને પોતાની સાથે આણી હતી. ગભારામાં વરિયાળી રંગની ફૂલદાની અઠવાડિયાં પહેલાં ઊગેલાં કમેલિયાથી છલોછલ ભરી હતી.

'હૈયું હાથમાં રાખ, સેત્ચાન.' એના અવાજમાં હાશ હતી. ભાણેજ પોતે પણ પથારીમાંથી બેઠી થઈ.

'શું થયું છે ?' એણે પૂછ્યું.

'એ સાચેસાચ તો મારે પૂછવું જોઈએ.'

'પણ તમે....'

'મેં કંઈ જ કર્યું નથી.'

'કાંઈ જ કર્યું નથી ! તમે તો મને ચીસ પાડી.'

'તું એવી રીતે તાકી રહી હતી. ને તારી આંખો અધબીડી હતી.'

'તમે તો પહેલેથી ગભરાઈ ગયાં હતાં, ' ભાણેજે કહ્યું. "તમે વાંચવાનું પડતું મૂક્યું

ને તમારો હાથ રજાઈમાં ખેંચી લીધો. જો જો, હવે ના ન પાડતાં !'

'તેં મને જોઈ લીધી નહીં ?'

'મને તો થયું આપણે ત્યાં લૂંટારા આવ્યા છે.'

'નાદાન બન મા, તારી નીંદર શેનાથી ઊડી ગઈ ?'

'તમે તો મને બૂમ પાડી.'

'મેં નહોતી પાડી. હું શું કામ તને બૂમ પાડું ?'

'તમે નહોતી પાડી ?'

'મેં નહોતી પાડી.'

'તો તો મને સ્વપ્ન જ આવ્યું હશે.'

'એ તો કમેલિયા હતું. એક કમેલિયા ખરી પડયું.'

'બોલો મા !' ભાણેજ ફરીથી માસીને બાઝી પડી. 'બોલો મા, બોલો મા, આવું કાંઈ જ બોલો મા,'

'સેત્યાન, જરા સમજીને બોલ, મને તો તારી નવાઈ લાગે છે.'

'પણ તમે આવું આવું શું કામ બોલો છો ?'

'તું ગભરાઈ જા એવું હું શું બોલી ? તું જાતે જ જોઈ લે ને.'

'ના, ના, ના.'

'મૂરખ બન મા, બેન. એક કમેલિયા ખરી પડ્યું છે. એણે જ તારી નીંદર ઉડાડી દીધી છે.'

'અરે !' આખરે ભાણેજે પોતાનું મોઢું ફેરવ્યું ને ગભરાતાં ગભરાતાં માસીને ખભેથી ગભારામાં નજર નાખી. 'કેટલું બિહામણું છે ! લાલબુંદ.'

'લાલ કે ધોળું, એનો કાળ આવ્યો કે એ ખરી જ પડવાનું. લાલબુંદ હોય તો શું થઈ ગયું ?'

'છટ્, મને તો ચીતરી ચડે છે.'

'તો પછી તું જ એને ફેંકી દે તો કેવું ?'

'મારાથી એ નહીં બને. તમે જ ફેંકી દો.'

'એ ક્યાં કાંઈ બગાડે છે ? સવાર સુધી ભલે ને એમનું એમ પડ્યું રહે.'

'લોહી નીગળતું.'

'ચૂપ, સેત્યાન.' ચડેલા ભવાંએ એની ભમરોની ખૂબસૂરતી રોળી નાખી. ઠપકો ખરા અંતરનો હતો. 'તું નકામો લવલવાટ કરે છે. હુંય તો હવે સૂઈ જાઉં છું.'

પોતાની ભાણેજને એણે હડસેલી, પડખું ફેરવ્યું ને રજાઈ માથા સુધી ઓઢી લીધી.

'તમે ઢોંગ કરો છો.' હડસેલાને બળે પોતે જ્યાં સુધી ધકેલાઈ હતી ત્યાં ને ત્યાં જ ભાણેજ પડી રહી. પગથી માથા સુધી રજાઈ ઓઢી લઈ પોટલાની જેમ પડ્યા પડ્યા એણે પોતાનો શ્વાસ રોક્યો ને કાન માંડ્યા.

સૂનકાર.

થોડી વાર એ શાંત પડી રહી. શ્વાસ લેવાનું અઘરું લાગતાં એણે ગભરાતાં ગભરાતાં મોઢું બહાર કાઢ્યું. રજાઈ ને રોજની જેમ ખભે ચપોચપ વીંટીને એની માસી ડાબે પડખે સૂતી હતી. 'કેવાં ઓઘરાળાં લાગે છે !' ભાણેજે પડખું ફેરવી લીધું. ઓરડાને દૂરદૂરને ખૂણે દીવાએ ઢાંકણામાંથી જાંબલી પ્રકાશ રેલાવ્યો ને પડદા પરની સત્તરમી સદીની પ્રખ્યાત રૂપરાણીના મુખ પર મૃત્યુની મહોર મારી દીધી.

'કેટલું ભયંકર !' ભાણેજ ફરીથી પડખું ફેરવી લીધું. એની આંખ સામે એની માસી પાગલની જેમ હસતી હતી. એની વાતમાં તો આ નવી નવાઈ જ હતી, એ એટલું તો ઓછું હસતી પરંતુ આ ઘડીએ તો એ હસતી હતી, ઝળહળ ઝળહળ થતી રજાઈને જેમ તેમ ઉતાવળે નાક સુધી લઈ ને હસતી હતી. એનું આખું શરીર ખભાથી નિતંબ સુધી સળવળતું હતું. એની આંખો બીડેલી હતી. એણે તો હાસ્ય જ કર્યું. પહેલાં તો ભાણેજને દેખાયું નહીં. પછી તો એ જાણે અરીસામાં જોતી હોય એટલું આબેહૂબ દેખાયું ને એણે પણ અસહાય બની હસ્યા જ કર્યું. એણે હસ્યા જ કર્યું, એણે હસ્યા જ કર્યું. એ કાંઈ કરતાં કાંઈ જ બોલી શકી નહીં. એણે તો કેવળ હસતાં હસતાં આળોટ્યા જ કર્યું. રાત સ્મશાન સમી સૂનકાર હતી. પોતાનો અવાજ બંનેને કાબૂમાં રાખવો પડ્યો, ને એમના આવા પ્રયાસ માત્રથી બધું જ એટલું રમૂજભર્યું બની ગયું. એટલું રમૂજભર્યું, એટલું રમૂજભર્યું. એ જેમ જેમ એનો વિચાર કરતી ગઈ તેમ તેમ એ વધુ ને વધુ રમૂજભર્યું બનતું ગયું. એમાં એનું શું ચાલે, એ એટલું તો રમૂજભર્યું બની ગયું.

અનુ. : જયન્ત પારેખ

હાનનો ગુનો

શિગા નાઓયા

બધાના આશ્ચર્ય વચ્ચે જુવાન ચીની જાદુગર હાને ખેલ દરમ્યાન પોતાના મોટા છરાઓ પૈકીના એકથી એની પત્નીના ગળાની ધોરી નસ કાપી નાખી. તે યુવતીનું તત્કાળ ત્યાં જ મૃત્યુ થયું. હાનની તરત ધરપકડ થઈ.

સરકસનો માલિક. હાનનો ચીની મદદનીશ, ખેલની જાહેરાત કરનાર અને ત્રણસો ઉપરાંત પ્રેક્ષકો તે ઘટના સમયે હાજર હતા.પ્રેક્ષકોની પાછળ એક સિપાઈ પણ ઊભો રાખવામાં આવ્યો હતો.આટલા બધા પ્રેક્ષકોની ઉપસ્થિતિ છતાં એ મૃત્યુ અકસ્માતથી થયું કે ઇરાદાપૂર્વક કરવામાં આવ્યું એ નર્યો કોયડો જ રહ્યો. હાન આ પ્રમાણે ખેલ કરતો : બારસાખ જેટલાં ઊંચા લાકડાનાં પાટિયાં પાસે એની પત્ની ઊભી રહે, અને લગભગ ચારેક વારને અંતરેથી એ તેની તરફ મોટા છરા એવી રીતે ફેંકે કે છરા બબ્બે ઇંચને અંતરે પત્નીના શરીરની આજુબાજુ વર્તુલાકારે પાટિયામાં ખૂંપી જાય. છરો ફેંકીને દરેક વખતે તે હાશ કહીને એના ખેલમાં વચ્ચે વિરામ લેતો.

ન્યાયાધીશે પ્રથમ સરકારના માલિકની જુબાની લીધી :

'આ ખેલ કરવો ખૂબ જ અઘરો છે એવું ખરું ?'

'નામદાર, ના જી. અનુભવી ખેલ કરનારને માટે એ કપરું નથી. પણ એ કુશળતાપૂર્વક કરવું એ ઢીલાપોચાનું કામ નહીં.એને માટે સંપૂર્ણ એકાગ્રતા જોઈએ.'

'એમ ધારો કે અકસ્માત થયો છે એમ સ્વીકારીએ તો ય તદ્દન અસંભવિત એવો એ અકસ્માત હતો એવું કહેવાય નહીં ?"

'જી, નામદાર,જો અકસ્માતો લગભગ અસંભવિત જ ન હોત તો મારા સરકસમાં હું આ ખેલ કરવા જ ન દેત.'

'તો પછી તમે માનો છો કે આ ઇરાદાપૂર્વક કરાયેલું કૃત્ય છે ?'

'નહીં. નામદાર, હું નથી માનતો. તેનું કારણ કહું. લગભગ બારેક ફૂટને છેટેથી

ફેંકવામાં આવતા છરાના આ ખેલમાં માત્ર ચાલાકી પૂરતી નથી; પણ સાથે સાથે કોઠાસૂઝ હોવી જોઈએ. આપણે બધાએ જ માની લીધું કે આમાં ભૂલ થવાની શકયતા જ નથી. પણ આ ઘટના પછી મને લાગે છે કે આમાં ભૂલની શકયતા પૂરેપૂરી છે.'

'તો પછી તમે શું માનો છો ? એ ભૂલ હતી કે હેતુપૂર્વકનું કૃત્ય હતું ?'

'નામદાર. એ જ માત્ર મારાથી કહી શકાય એમ નથી.'

ન્યાયાધીશ મુંઝાયા. આ માનવહત્યા જ હતી. પણ એ અકસ્માતથી હત્યા થઈ હતી કે ગણત્રીપૂર્વકનું ખૂન હતું તે કહેવું અશક્ય હતું. ન્યાયાધીશ એટલું સમજ્યા કે ખૂન હોય તો તે ભારે કુશળતાપૂર્વક કરવામાં આવ્યું હતું,પછી ન્યાયાધીશે ચીની મદદનીશને પ્રશ્નો પૂછવાનું વિચાર્યું. ઘણાં વર્ષોથી એ હાન સાથે કામ કરતો હતો.

'હાનની સામાન્ય ચાલચલગત કેવી હતી ?' એમણે પૂછ્યું.

'એના વર્તનમાં કશું વાંધો લેવા જેવું હોય નહીં. નામદાર, એ કદી જુગાર રમતો નહીં, દારૂ પીતો નહીં, કે સ્ત્રી પાછળ ઘેલો થતો નહીં. ઉપરાંત ગયે વર્ષે એણે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો હતો. એણે અંગ્રેજીનો અભ્યાસ કર્યો. અને નવરાશની વેળાએ હમેશાં બાઈબલ બગેરે ધાર્મિક પુસ્તકો વાંચતો.'

'અને એની પત્નીની વર્તણૂંક કેવી હતી ?'

'એમાંય કશું ખોડ કાઢવા જેવું નથી નામદાર, ભટકીને ખેલ કરીને ગુજારો કરનારા હંમેશાં સદાચારી રહી શકતા નથી એ તો આપ સમજી શકશો. હાનની પત્ની નાજુકડી, સુંદર હતી અને ઘણા લોકો એની સાથે ચેડાં કાઢવાનો પ્રયત્ન કરતા પરંતુ એણે કદી એ તરફ નજર સરખી કરી નથી.'

'અને બન્નેનો સ્વભાવ કેવો હતો ?'

'સદાય અતિ પ્રેમાળ અને નમ્ર. નામદાર ઓળખીતાઓ અને મિત્રો પ્રત્યે એઓ હદ ઉપરાંત ભલાં હતાં. કદી કોઈ સાથે ઝઘડો કર્યો નથી પણ' એ થંભી ગયો. 'નામદાર, મને ભય છે કે જો હું આગળ કહીશ તો તે હાનની વિરુદ્ધમાં જશે. પણ જો સાચું કહીએ તો બન્ને બીજા પ્રત્યે ખૂબજ નમ્ર ને નિઃસ્વાર્થી હતાં પણ પરસ્પરના સંબંધમાં ભયંકર રીતે ક્રૂર હતાં.'

'એવું શા માટે ?'

'મને ખબર નથી. નામદાર.'

'તમે જ્યારથી જાણો છો ત્યારથી જ એમ છે ?'

'ના નામદાર, બે વર્ષ પહેલાં હાનની પત્ની સગર્ભા હતી. બાળક વહેલું જન્મ્યું અને ત્રણ દિવસ રહીને મરી ગયું. ત્યારથી એમના સંબંધ બદલાયા. તદ્દન તુચ્છ વાતો પર તેઓ ભયંકર કજિયો કરતાં, અને હાનનું મોઢું ધોળું ફક્ક થઈ જતું. અચાનક શાન્ત થઈ જઈને તે હંમેશાં કજિયાનો અંત લાવતો. એણે કદી એની પત્ની પર હાથ ઉગામ્યો નથી કે એવું કશું કર્યું નથી.એ બધું એના સિદ્ધાન્તની વિરુદ્ધ હતું એમ ધારું છું. પરંતુ નામદાર,

તમે એને જુઓ તો તમને એની આંખમાં ભયંકર ક્રોધની જ્વાળા દેખાય. કોઈ વાર એ બહુ ભયાનક લાગતી.'

'બન્ને વચ્ચેનો આ ખટરાગ જોઈને મેં એક વાર હાનને પૂછ્યું કે તું પત્નીથી જુદો કેમ થતો નથી ? એણે કહ્યું : પત્ની માટેનો પ્રેમ મરી પરવાર્યો છે પણ છૂટાછેડા માટે કાંઈ વજૂદભર્યું કારણ નથી. અલબત્ત, તેની પત્ની પણ આ સમજી ગઈ હતી અને તેનો પ્રેમ પણ ધીમે ધીમે ઓછો થઈ ગયો હતો. આ બધું એણે જાતે કહ્યું હતું. એના હૃદયમાં ઊમટી આવતા હિંસાના જુવાળને ખાળવાને પત્ની પ્રત્યેના અકારણ તિરસ્કારને દૂર કરવાં એ બાઈબલ અને તેનાં સુવચનો વાંચતો. હાનની પત્ની ખરેખર એક કરુણામૂર્તિ હતી. હાન સાથે તે ત્રણ વર્ષથી હતી. અને તેની સાથે સારા દેશમાં ખેલાડી બનીને તેણે પરિભ્રમણ કર્યું હતું. જો હાનને છોડીને એ ઘરે પાછી ગઈ હોત અને બીજાને પરણવાનું એને માટે સરળ બન્યું હોત એમ મને નથી લાગતું. જેણે સારો એવો સમય અહીંતહીં રખડવામાં ગાળ્યો હોય એવી સ્ત્રીનો કયો પુરુષ વિશ્વાસ કરે ? અને તેથી બન્ને વચ્ચે આટલું અંટસ છતાં તે હાન સાથે રહી એમ હું માનું છું.'

'તો આ હત્યા માટે સાચેસાચ તમે શું માનો છો ?'

'નામદાર, તમે એમ પૂછો છો કે હું એને અકસ્માત્ માનું છું કે હેતુપૂર્વક હત્યા ?'

'બરાબર.'

'જી, હું પણ જે દિવસે આ બન્યું ત્યારથી બધી રીતે વિચાર કરું છું. જેમ જેમ વિચાર કરું છું તેમ તેમ એમાં ઓછી સૂઝ પડે છે. ખેલની જાહેરાત કરનાર સાથે પણ મારે આ સંબંધમાં વાત થઈ. અને શું બન્યું તે એને પણ સમજાતું નથી.'

'વારુ, પણ આટલું જ કહે : જ્યારે એ ઘટના બની ત્યારે આ અકસ્માત્ છે કે ઈરાદાપૂર્વકનું ખૂન છે એવો પ્રશ્ન તમારા મનમાં થયો હતો ખરો ?'

'જી, નામદાર એવો પ્રશ્ન થયો હતો ખરો. મને થયું કે એણે જાણી જોઈને એને મારી નાખી છે.'

'હેતુપૂર્વક ખરુ ને ?'

'જી. નામદાર, પણ ખેલની જાહેરાત કરનારનું કહેવું એવું છે કે એનો હાથ છટકી ગયો હશે.'

'હા, પણ તમારી જેમ આ લોકોના રોજબરોજના સંબંધની એને તો કશી ખબર નહીં હોય.'

'એ ખરું, નામદાર, પણ પછીથી મને થયું કે એ લોકો વચ્ચેના સંબંધો કેવા છે તે હું જાણતો હતો તેટલા પરથી જ એણે એને મારી નાખી હશે એવા અનુમાન પર હું આવ્યો હતો; એ પણ ખરું ને !'

'તે ક્ષણે હાનના પ્રત્યાઘાત કેવા હતા ?'

'તેણે ચીસ પાડી, 'હા.' ચીસ સાંભળતાંની સાથે મેં ઊંચું જોયું તો એની પત્નીના

ગળામાંથી લોહીનો ફુવારો ઊડતો હતો.થોડી ક્ષણ તે ઊભી રહી, પછી એનાં ઘૂંટણ વળી ગયાં અને શરીર આગળ ઝૂકી પડ્યું. છરો જેવો પડ્યો કે તરત તે જમીન પર ઢગલો થઈને પડી. અલબત્ત, આમાં અમે કોઈ કંઈ જ કરી શકીએ તેમ નહોતું. અમે જડવત્ એની સામે તાકી રહ્યા.... હવે હાનને શું થયું તે હું કહી શકતો નથી; કારણ કે ત્યારે મારી નજર એના પર નહોતી. પણ જ્યારે મારા મનમાં એકાએક વિચાર ઝબકયો કે આખરે એણે એને મારી નાખી, ત્યારે જ મેં હાન તરફ નજર કરી. એનો ચહેરો ધોળો ફક્ક હતો, અને આંખો બંધ હતી. સરકસના માલિકે પડદો પાડી દીધો. એ લોકોએ હાનની પત્નીને ખસેડી ત્યારે જોયું તો તે મરી ચૂકી હતી. હાન ત્યારે ઘૂંટણિયે પડ્યો અને લાંબો સમય સુધી મૂગા મૂગા એણે પ્રાર્થના કરી.'

'એ બહુ બેબાકળો બની ગયેલો લાગતો હતો ?'

'જી હજૂર. એ ઘણો બેબાકળો બની ગયેલો લાગતો હતો.'

'વારુ, જો મારે કાંઈ વિશેષ તમને પૂછવું હશે, તો હું ફરી બોલાવીશ.'

ન્યાયાધીશે ચીની મદદનીશને રજા આપી, અને ખુદ હાનને જ બોલાવ્યો. જાદુગરનો બુદ્ધિમત્તાથી ભરેલો ચહેરો ફિક્કો અને પડી ગયેલો હતો; એને જોઈને કોઈ પણ કહી શકે કે લાગણીઓ તંગ બનાવાને કારણે એ લોથપોથ થઈ ગયો હતો.

'સરકસના માલિક અને તમારા ચીની મદદનીશને મેં પૂછ્યું જ છે.' સાક્ષીના પિંજરામાં જેવો હાન પેઠો તેવું ન્યાયાધીશે કહ્યું : 'હવે હું તારી તપાસ લઈશ.'

હાને માથું નમાવ્યું.

'બોલ.' ન્યાયાધીશ બોલ્યા, 'તેં ક્યારેય તારી પત્નીને ચાહી છે ?'

'લગ્નના દિવસથી તે બાળકના જન્મ સુધી મેં એને અંતરથી ચાહી છે.'

'અને બાળકના જન્મે પરિસ્થિતિ બદલી ?'

'કારણ મને ખબર હતી કે એ સંતાન મારું નહોતું.'

'બીજો માણસ કોણ હતો એની તને ખબર હતી ?'

'મને બરાબર ખ્યાલ છે. એ મારી પત્નીનો પિતરાઈ ભાઈ હતો.'

'તું એને ઓળખતો હતો ?'

'એ નિકટનો મિત્ર હતો. એણે જ અમારા લગ્નનું સૂચન કર્યું હતું. એણે જ મને તેની સાથે લગ્ન કરવા પ્રેર્યો હતો.'

'હું ધારું છું કે એનો તારી પત્ની સાથેનો સંબંધ તારા લગ્ન પહેલાંનો હશે.'

'જી નામદાર, લગ્ન પછી આઠ મહિને બાળક અવતર્યું હતું.'

'તારા મદદનીશના કહેવા પ્રમાણે બાળક વહેલું જન્મ્યું હતું !'

'મેં બધાંને એમ જ કહ્યું હતું.'

'બાળક જન્મ્યા પછી થોડા જ સમયમાં મરણ પામ્યું હતું ખરું ? મરણનું કારણ શું હતું ?'

હ્યા. હાને બીજા

તો ?'

ા કર્યો. બાળકનું
બને તેટલું ઉદાર

ા નથી. પત્નીથી
ને અંતરમાં કાંઈ

ી પત્ની આગળ
ું જો એને છોડી

માત્ર એ કહેવા
હીંતહીં ભટકતા
ી એને સારી પેઠે
ામ પણ એનાથી

મારી સાથે રહેવું
ા પુરુષોમાં કલ્પી
થતા વનને ઠંડી
ડવાતિયાં મારતો

તે એ સહેજ સરખી હમદર્દી બતાવ્યા વિના જોયા કરતી.'

'તેં કોઈ ચોક્કસ પગલું કેમ ન ભર્યું એને રોકડું પરખાવી દેવું અને જરૂર લાગે તો એને છોડી પણ દેવી. આવું તને કેમ ન સૂઝ્યું ?"

'કારણ, મને ઘણા આદર્શોનું ઘેલું હતું !'

'કેવા આદર્શો ?'

'મારે પક્ષે ક્યાંય ખોટું ન થાય એ રીતે હું મારી પત્ની સાથે વર્તવા માગતો હતો. પણ અંતે એ ન બની શક્યું.'

'તને કદી પત્નીને મારી નાખવાનો વિચાર નથી આવ્યો ?'

હાને જવાબ ન આપ્યો અને ન્યાયાધીશે પ્રશ્ન ફરી ઉચ્ચાર્યો.

ઘણી વારે હાને જવાબ આપ્યો : 'એને મારી નાખવાનો વિચાર આવ્યો તે પહેલાં હું ઘણી વાર વિચારતો કે એનું મૃત્યુ થાય તો ઘણું સારું.'

'તો તો એનો અર્થ એમ કે કાયદો તને નડ્યો ન હોત તો તેં એને મારી નાખી હોત ?'

'હું કાયદાની દૃષ્ટિએ નહોતો વિચારતો. એનાથી ડરીને હું અટક્યો નથી, મારામાં એમ કરવાની હામ નહોતી, એટલું જ. પણ તેમ છતાં મને સાચું જીવન જીવવાની પ્રબળ ઇચ્છા હતી.'

'તો પણ તારી પત્નીને મારી નાખવાનો વિચાર તો તને આવ્યો હતો, ખરું કે નહીં. અલબત્ત પાછળથી ?'

'મેં એવો કોઈ ચોક્કસ નિર્ણય કર્યો નહોતો, પરંતુ હા, સાચું કહું તો મને એકવાર આવો વિચાર આવ્યો હતો.'

'આ બનાવના કેટલા સમય પહેલાં ?'

'આગલી રાતે....અથવા કદાચ તે દિવસે સવારે જ.'

'તમે ઝઘડતાં હતાં ?'

'જી. નામદાર.'

'શા માટે ?'

'એટલી બધી તુચ્છ વાત માટે કે એનો ઉલ્લેખ કરતાં પણ શરમ આવે.'

'કહેવાનો પ્રયત્ન તો કર.'

'એ જમવાની વાત હતી. જો જમવામાં થોડો વિલંબ થાય તો હું ગુસ્સે થઈ જતો. તે સાંજે મારી પત્નીએ જાણી જોઈને ઘોર્યા કર્યું, અને વાળું ટાણે જમવાનું મળ્યું નહી. હું ખૂબ ક્રોધે ભરાયો.'

'તું હંમેશ કરતાં વધારે ઉશ્કેરાયો હતો ?'

'ના, પણ પછી હું બહુ તંગ થયો હતો. એ અસ્વાભાવિક હતું. સારી જિંદગી ગાળવાની મથામણ હું કેટલાય વખતથી કર્યા કરતો હતો. પણ એમાં મારું કશું વળતું નહોતું તે

પણ હું જાણતો હતો. મારા તંગ થવાનું કારણ કદાચ આ હશે. હું સૂતો પણ ઊંઘ ન જ આવી. મનને ડહોળી નાખે એવા અનેક વિચારો આવ્યા. મને લાગવા માંડ્યું કે હું ગમે તેટલું મથું તોયે મારે જે જોઈએ છે તે મેળવી શકવાનો નથી. ઘણા પ્રયત્ન છતાંય મારી હાલની જિંદગીના તુચ્છકારવા જેવા અંશોમાંથી છટકી નહીં શકું. આ દુઃખદ નિરુપાય પરિસ્થિતિ મારા લગ્ન સાથે સંકળાયેલી હતી એમ મને લાગ્યું. અંધકારમાંથી મને બહાર લઈ જાય એવા એકાદ પ્રકાશના કિરણને હું મરણિયો બનીને ઝંખી રહ્યો હતો. પણ એ ઇચ્છા પણ ધીમે ધીમે બુઝાતી ગઈ. આ બધામાંથી નાસી છૂટવાની આશા હજી થોડીઘણી સતેજ રહી હતી ખરી. અને એની જ્યોત થરક્યા કરતી હતી. પણ જો એ બુઝાઈ જશે તો હું નર્યો મડદું થઈ જઈશ એમ મને થતું હતું.

'અને પછી એક તામસી વિચાર મારા મનમાં ભમવા માંડ્યો; જો એ મરી જાય તો કેવું સારું ! જો એ મરી જાય તો કેવું સારું ! હું તેની હત્યા કેમ ન કરું ! આવા ગુનાનાં દેખીતાં પરિણામો મને નકામા લાગ્યાં. હું જેલમાં જઈશ એમાં શંકા નહોતી; જેલજીવન આથી વધુ ખરાબ ન હોઈ શકે. આથી તો સારું જ હોય. આ જિંદગી કરતાં, અને છતાં ઊંડે ઊંડે થતું હતું કે પત્નીને મારી નાખવાથી કશું વળવાનું નથી. એ તો આપઘાતની જેમ મૂળ સમસ્યાથી પીઠ કરીને ભાગવા જેવું છે. જે કાંઈ મારી પર ગુજરતું જાય તે મારે સહ્યે જવું જોઈએ, એમ મેં મારી જાતને કહ્યું. અને આંતરીને જવાનો કોઈ રસ્તો નથી. સહન કરવું એ જ મારી જિંદગી બની ગઈ.

'મારું મન જ્યારે આ ચકરાવામાં ભમતું હતું ત્યારે હું ભૂલી ગયો કે મારી યાતનાનું કારણ મારી સમીપે જ હતું. સાવ લોથપોથ થઈ ને હું આડે પડખે થયો; પણ ઊંઘ આવી શકી નહીં. મારું મન ખાલી ખાલી થઈ ગયું હતું અને હું જડ જેવો બની ગયો હતો.આ દુઃખથી મારું મન જેમ જૂઠું પડતું ગયું તેમ મારી પત્નીની હત્યા કરવાનો વિચાર ઝાંખો પડતો ગયો. ઓથાર દાબ્યા પછી જે ગમગીની થાય છે ને બધું ઠાલું લાગે છે એવી લાગણી મન પર સવાર થઈ ગઈ. સારી જિંદગી ગાળવાના મારા બધા મનસૂબા મેં ફરી સંભાર્યા; અને મને લાગ્યું કે એને પાર પાડવા જેટલી તાકાત મારામાં નથી. હું હૃદયનો પોચો હતો. એમ જ મળસ્કું થયું ને મેં જોયું કે મારી પત્ની ઊંઘી નહોતી."

'તમે ઊઠ્યા પછી એકબીજા સાથે સ્વાભાવિકતાથી જ વર્ત્યા હતાં ?'

'અમે એક શબ્દ સરખો બોલ્યા નહોતાં.'

'પણ પરિસ્થિતિ આટલી બધી વણસી હતી તો તેં એને છોડી દેવાનો વિચાર કેમ ન કર્યો ?'

'નામદાર આપ એમ માનો છો એ મારા પ્રશ્નોનો સાચો ઉકેલ હતો ? ના, ના, એ તો મૂળ વાતને માત્ર ટાળ્યા જેવું થાત. મેં આપને કહ્યું તેમ મારા પણ કશું આળ ન ચઢે તેવી રીતે મારી પત્ની સાથે વર્તવાનું મેં નક્કી કર્યું હતું.' હાન ગંભીરતાથી ન્યાયાધીશને જોઈ રહ્યો અને એમણે ડોકું ધુણાવી આગળ ચલાવવાનું સૂચન કર્યું.

'બીજે દિવસે મારું આખું શરીર થાકેલું હતું.અને મારી શિરાઓ તૂટું તૂટું થતી હતી. એમ ને એમ બેઠા રહેવું મારે માટે કપરું હતું. આથી જેવાં મેં કપડાં પહેર્યાં કે તરત જ બહાર નીકળી પડ્યો. અને હેતુ વિના શહેરના નિર્જન ભાગમાં ભમ્યા કર્યું. મારા મનમાં ફરી ફરી એ વિચાર ડોકાયા કર્યો કે હવે મારે આ સમસ્યાનો ઉકેલ લાવવા કંઈ તો કરવું જ જોઈએ. પણ મારી પત્નીને મારી નાખવાનો વિચાર ફરી આવ્યો જ નહિ. સાચી વાત એ છે કે આગલી રાતનો મારો ખૂન કરવાનો વિચાર અને ગુનો કરવાનો આ પ્રસંગ આ બેની વચ્ચે ઘણો મોટો ગાળો હતો. મેં સાંજના ખેલ વિશે વિચાર સરખોય કર્યો નહોતો. જો એમ હોત, તો છરા ફેંકવાનો ખેલ ન કરવાનો મેં નિર્ણય કર્યો હોત. એને બદલે બીજા દશ-બાર ખેલ કરી શકાયા હોત.

'આખરે સાંજ પડી અને મારા ખેલનો વખત થયો. કશું અસાધારણ બનશે એના તો મને સહેજ સરખાય ભણકારા નહોતા લાગ્યા.હંમેશાંની જેમ પ્રેક્ષકોને મારા છરાઓની તીક્ષ્ણતા બતાવવા મેં કાગળના ટુકડાઓ કાપ્યા અને થોડા છરા લાકડાના પાટિયા પર ફેંકયા. તરત જ મોંઢે ખાસ્સા લપેટા કરીને સંપૂર્ણ ચીની ઠાઠમાં સજ્જ થઈ મારી પત્ની પ્રવેશી. મોહક સ્મિતથી પ્રેક્ષકોને વધાવીને ફલક આગળ પોતાને સ્થાને એ ઊભી રહી ગઈ. મેં એક છરો લીધો અને તેનાથી અમુક અંતરે ઊભો રહ્યો.

'આગલા દિવસની સાંજ પછી પહેલી જ વાર ત્યારે અમારી આંખે આંખ મળી. આજે રાતે આ ખેલની પસંદગી કરવામાં મેં કેવી ભૂલ કરી છે, તે મને તરત જ સમજાયું. મારા ગભરાટને અંકુશમાં લાવવો હતો. પણ રગેરગમાં વ્યાપી ગયેલા થાકને કારણે એ બની શક્યું નહીં. મને લાગ્યું કે હું મારા હાથ પર વિશ્વાસ નહીં રાખી શકું. શાંત થવાને બદલે ક્ષણભર મેં આંખો બંધ કરી અને મને લાગ્યું કે મારું આખું શરીર ધ્રૂજતું હતું.'

'ત્યાં સમય થયો ! મારો પહેલો છરો એના માથાની સહેજ ઊંચો મેં તાક્યો. હંમેશ કરતાં તે એક ઈંચ ઊંચો ખૂંપ્યો. મારી પત્નીએ હાથ ઊંચો કર્યો અને એના બે હાથ નીચે બે છરા ફેંકવાની મેં તૈયારી કરી. જેવો પહેલો છરો મારા હાથમાંથી છૂટ્યો તેવું મને લાગ્યું કે કશુંક એને પાછું ખેંચી રહ્યું છે. મારા છરાનું ચોક્કસ સ્થાન નક્કી કરવાની સૂઝ જાણે જતી રહી. છરા એની ધારેલી જગ્યાએ ખૂંપે એ કેવળ ભાગ્યના હાથમાં હતું. મારી પ્રત્યેક હિલચાલ હું વધારે પડતો સભાન બનીને કરી રહ્યો હતો.

'મારી પત્નીના ગળાની ડાબી બાજુ એક છરો ફેંક્યો અને જમણી બાજુ ફેંકવાની તૈયારીમાં હતો ત્યાં મેં એની આંખમાં વિચિત્ર ભાવો જોયા. એને ભયની આંચકી આવતી હોય એમ લાગ્યું. શું એને એવી દુઃખકર આગાહી થઈ હશે કે બીજી જ ક્ષણે આ છરો જોસથી ઘૂમતો આવી એના ગળામાં પેસી જશે ? મને ચક્કર આવ્યા, જાણે હમણાં જ મૂર્છામાં ઢળી જઈશ એમ મને લાગ્યું. છરાને જાણી જોઈને બળપૂર્વક હાથમાંથી ફેંક્યો, કેમ જાણે હવામાં જ ન વીંઝતો હોઉં ?'

ન્યાયાધીશ શાન્ત રહ્યા, એઓ એક સરખા હાનને તાકીને જોઈ રહ્યા હતા.

'અચાનક મને વિચાર આવ્યો, 'મેં એને મારી નાખી.' હાન એકદમ બોલી પડ્યો.

'જાણી કરીને; એમ તારે કહેવું છે ?'

'હા, એકાએક મને એમ લાગ્યું કે મેં એને જાણી કરીને મારી નાખી છે.'

'પછી તું તારી પત્ની આગળ ઘૂંટણિયે પડ્યો ને મનમાં પ્રાર્થના કરી ખરું ને !'

'જી. નામદાર, આ ચાતુરીભરી તરકીબ તો મને તે જ ઘડીએ સૂઝી આવી.

હું જાણતો હતો કે બધા મને ચુસ્ત ખ્રિસ્તી તરીકે ઓળખે છે. પરંતુ હું જ્યારે પ્રાર્થનાનો ડોળ કરતો હતો ત્યારે હવે કેવું વલણ લેવું તેની જ ગણત્રી કરતો હતો.'

'તો તેં જે કર્યું તે ચોક્કસ ઇરાદાથી જ કર્યું હતું એવી તને સંપૂર્ણ ખાતરી થઈ હતી, ખરું ?'

'હા, પણ મને લાગ્યું કે મેં જે કર્યું છે તે અકસ્માતથી થયું છે એવો ડોળ મારે કરવો જોઈએ.'

'પણ તે જાણી કરીને કર્યુ એવું શા માટે માને છે ?'

'મારે શું કરવું ને શું નહીં કરવું તેનું મને ભાન રહ્યું નહોતું.'

'તું એમ માનતો હતો કે અકસ્માતનો આભાસ ઉત્પન્ન કરવામાં તું સફળ થયો છે ?'

"જી. પણ જ્યારે પાછળથી મેં એ વિશે વિચાર્યું ત્યારે મને કમકમાં આવ્યાં. હું દુઃખથી ઢગલો થઈ ગયો હોઉં એવો ડોળ મને આવડ્યો તેવો મેં કર્યો. પણ ચાલાક માણસે એ નાટક પકડી પાડ્યું હોત. એટલું તે સાંજે મને નક્કી લાગ્યું કે મને ગુનેગાર ઠરાવવાનું કોઈ પણ વાજબી કારણ મળી શકવાનું નથી. મેં પૂરી ટાઢકથી મારી જાતને કહ્યું, મારી વિરુદ્ધ રજમાત્ર પુરાવો નથી અને વળી મારી પત્ની સાથે મને કેટલો ખટરાગ હતો તે બધા જાણતા હતા. અકસ્માત થયો છે એમ જ જો હું કહ્યા કરીશ તો એથી વિરુદ્ધ કોઈ સાબિત નહીં કરે. જે કાંઈ બન્યું હતું તેને એક વાર જોઈ જતાં મને લાગ્યું કે મારી પત્નીના મરણને વાજબી રીતે અકસ્માત તરીકે ઓળખાવી શકાય.

'અને પછી એક વિચિત્ર પ્રશ્ન મારા મનમાં ઊઠ્યો: મેં કેમ એમ જ માન્યું કે એ અકસ્માત નથી ? આગલી રાતે મેં એને મારી નાખવાનો વિચાર કર્યો હતો, પણ માત્ર એટલા જ કારણસર મેં એ ઇરાદાપૂર્વક કર્યું છે એમ તો હું નહોતો માનતો ને ! આખરે ખરેખર શું બન્યું હતું તે હું જ સમજી શકતો નહોતો, આથી મને બહુ સુખ થયું.

'તું એને અકસ્માત માનવા લાગ્યો તે કારણે ?'

'જી ના, તે હું નથી કહી શકતો. કારણ કે મેં એ જાણી જોઈ ને કરેલું કે કેમ તે હું રજમાત્ર જાણતો નહોતો. આથી મેં નક્કી કર્યું કે નિર્દોષ છૂટી જવાનો સારામાં સારો રસ્તો એ છે કે મારે પેટછૂટી વાત કરી દેવી. એ અકસ્માત હતો કહીને મારી જાતને અને બધાને છેતરવા કરતાં પૂરી પ્રામાણિકતાથી એમ શા માટે ન કહેવું કે શું બન્યું તે જાણતો નથી ? એ ભૂલ હતી એવું નિવેદન હું નથી કતરી શકતો તો એ હેતુપૂર્વક હતું એવી કબૂલાત પણ નથી આપી શકતો. તો હું નિર્દોષ છું કે દોષિત છું તે કશું જ હું કહી શકતો નથી.'

હાન બોલતો બંધ થઈ ગયો. ન્યાયાધીશ પણ લાંબો સમય કશું બોલ્યા નહીં. પછી બહુ ધીમેથી વિચાર કરીને બોલતા હોય તેમ કહેવા લાગ્યા. 'તેં સાચું કહ્યું છે એમ હું માનું છું. માત્ર એક પ્રશ્ન : તારી પત્નીના મૃત્યુથી તને રજમાત્ર શોક નથી થતો ?'

"જરા પણ નહીં. ભૂતકાળમાં જ્યારે મારી પત્ની પ્રત્યે મને સખત તિરસ્કાર હતો ત્યારે એના મરણની વાત કરતાં આટલું સુખ થશે એવું મારી કલ્પનામાં પણ નહોતું.'

'વારુ.' ન્યાયાધીશે કહ્યું.'હવે તું બેસી શકે છે.'

હાને કશું બોલ્યા વિના માથું નમાવ્યું અને ઓરડાની બહાર ગયો. આ આખી ઘટના એમના હૃદયને વિલક્ષણ રીતે સ્પર્શી ગઈ હોય તેમ ન્યાયાધીશે કલમ ઉપાડી. ટેબલ પર પડેલા હુકમનામા પર એમણે શબ્દ લખ્યો 'નિર્દોષ.'

અનુ.: સૌ. ઉષા જોષી

દર્પણ

કાવાબાતા યાસુનારી

ક્યોકોને એક દિવસ થયું કે મેડે માંદગીથી પથારીવશ થયેલો એનો પતિ નીચેની શાકભાજીની વાડીને એના હાથ-દર્પણમાં પ્રતિમ્બિત થયેલી જુએ તો કેવું ! લાંબા વખતથી ઘરમાં પુરાઈ રહેલા માણસને માટે આથી તો જાણે નવી જિન્દગી જ શરૂ થઈ. એ હાથદર્પણ કયોકોને લગ્ન વખતે પહેરામણીમાં મળેલું. દર્પણને માટેની બેઠક ખાસ મોટી નહોતી. એ શેતુરના લાકડાની બનાવેલી હતી. દર્પણને શેતુરના લાકડાની પટ્ટીથી જ મઢી લીધું હતું. પણ એ હાથદર્પણમાં જોતી ત્યારે નવવધૂ થઈને એ આ ઘરમાં પ્રવેશેલી ત્યારે કેવી શરમાઈ જતી તે એને યાદ આવતું. લગ્ન પછીનાં શરૂઆતનાં એ વર્ષોમાં નાહીને આવ્યા પછી મોટા દર્પણ આગળ ઊભી રહીને હાથદર્પણ માથા પાછળ ધરીને એ પાછળના વાળ જોતી ત્યારે એ શરમની મારી કેવી લાલચોળ થઈ જતી !.

એ નાહીને બહાર આવતી ત્યારે એના પતિને હાથદર્પણમાં એની ગરદનને અનેક ખૂણેથી જોવાની ખૂબ મજા પડતી. ક્યોકોના હાથમાંથી દર્પણ લઈ લઈને એ કહેતો : 'તને દર્પણ પકડતાંય ક્યાં આવડે છે! લાવ, હું પકડું.' એને કદાચ દર્પણમાં કશુંક નવું જ દેખાતું હતું. ક્યોકોને દર્પણ પકડતાં આવડતું નહોતું એમ નહીં. પણ પાછળથી કોઈ એને જોઈ રહ્યું છે એવા ભાવથી એ સહેજ અસ્વસ્થ થઈ જતી.

થોડા જ વખતમાં શેતુરના લાકડાની પટ્ટીનો રંગ બદલાઈ ગયો હતો. એ ટેબલના ખાનામાં પડ્યું રહેતું. પછી લડાઈ આવી, શહેરમાંથી ભાગી જવું પડ્યું, ક્યોકોનો પતિ ભારે માંદગીમાં પટકાઈ પડ્યો; એનો પતિ નીચેની શાકભાજીની વાડીને પથારીમાં પડ્યો પડ્યો દર્પણની મદદથી જુએ એવું ક્યોકોને સૂઝ્યું ત્યારે તો દર્પણનો કાચ ધૂંધળો થઈ ગયો હતો. એની કિનાર પર પાવડર અને મેલનો થર બાઝી ગયો હતો. પણ એમાં મોઢું ચોખ્ખું જોઈ શકાતું હતું, આથી કયોકોને એના ધૂંધળાપણાની કશી પડી નહોતી - એ તરફ એનું ધ્યાન જ જતું નહોતું. પણ એનો પતિ એની પથારી આગળથી દર્પણને જરા

ય ખસેડવા દેતો નહીં ને પથારીમાં પડ્યો પડ્યો એની સપાટીને ચકમકતી કરવા, માંદા માણસની અસ્થિરતાથી, ઘસ્યા કરતો. ક્યોકોને કોઈક વાર વિચાર આવતો કે ક્ષયરોગનાં જન્તુ દર્પણને મઢેલી લાકડાની પટ્ટીની, નરી આંખે નહીં દેખાતી, ફાટમાં ભરાઈ તો નહીં ગયાં હોય ! કેમેલિયાનું તેલ નાખીને એના પતિના વાળમાં કાંસકી ફેરવ્યા પછીથી થોડી વાર સુધી પોતાની હથેળીથી એ માથું ઘસતી ને પછી એ હાથે દર્પણને ઘસતી. એથી લાકડાંની પટ્ટી તો ચળકતી થતી નહીં, પણ દર્પણ ચમકતું થતું ખરું.

ક્યોકો ફરી પરણી ત્યારે એની એ જ દર્પણની બેઠક નવા ઘરે સાથે લઈ ગઈ. પેલું હાથદર્પણ તો જોના સદ્ગત પતિની સાથે ચિતામાં રાખ થઈ ચૂક્યું હતું. એનું સ્થાન કોતરામણીવાળા બીજા હાથદર્પણે લીધું હતું. આ વિશે એણે કદી એના બીજી વારના પતિને એક શબ્દ કહ્યો નહોતો.

રિવાજ પ્રમાણે એના મૃત પતિના હાથની અદબ વળાવવામાં આવી હતી ને આંગળીઓ એકબીજા સાથે ગૂંથી લેવામાં આવી હતી. આથી દર્પણ એના હાથમાં પકડાવી શકાય એમ હતું નહીં. એણે હાથદર્પણ પતિની છાતી પર મૂક્યું હતું.

'તમારી છાતીએ તમને ખૂબ વિતાડ્યું છે. આટલા સરખા હાથદર્પણનો ભાર પન તમારાથી નહીં ખમાય.'

ક્યોકોએ દર્પણ પેટ સુધી નીચે ખસેડી લીધું. એમનાં લગ્નજીવનમાં એ દર્પણે બહુ અગત્યનો ભાગ ભજવ્યો હતો. આથી ક્યોકોએ એને પહેલાં પતિની છાતી પર મૂક્યું હતું. આ નાના શા વિધિને એ પોતાના પતિનાં કુટુંબીજનોથી પણ બને તેટલો ખાનગી રાખવા ઇચ્છતી હતી. એણે દર્પણ પર ધોળાં ક્રિસેન્થેમમ્સની ઢગલી કરી દીધી હતી.આથી એ કોઈની નજરે ચઢયું નહોતું. અગ્નિદાહ દીધા પછી ફૂલ એકઠાં કરતી વેળાએ ઓગળીને ઘાટઘૂટ વગરના થોડાક કાળામેશ જેવા ને થોડાક પીળાશ પડતા એ કાચ તરફ લોકોનું ધ્યાન ગયું હતું. કોઈકે કહ્યું હતું, 'આ તો કાચ છે. અહીં ક્યાંથી આવ્યો હશે ?' ક્યોકોએ એક બીજું નાનું દર્પણ પણ એ હાથદર્પણ પર મૂક્યું હતું. મુસાફરીમાં સાથે લઈ જવામાં આવે છે તેવું એ લાબું, નાનું, બે મોઢાવાળું દર્પણ હતું. મધુરજની દરમ્યાન એ દર્પણ વાપરવાની ક્યોકોને હોંશ હતી; પણ એ તો લડાઈ ચાલતી હોવાને કારણે બની શકયું નહોતું. ત્યાર પછી તો કદીય પર્યટને જઈ શકાયું જ નહીં.

પણ એના બીજા પતિ સાથે એ મધુરજની માણવા નીકળી હતી. એની જૂની દર્પણની પેટીનો રંગ હવે ભોંઠો પડી ગયો હતો, આથી એણે પ્રસાધનની નવી પેટી ખરીદી હતી. એમાં પણ દર્પણ હતું.

પ્રવાસને પહેલે જ દિવસે ક્યોકોના પતિએ એને સ્પર્શીને કહ્યું : 'તું તો નાની છોકરી જેવી સાવ નાજુકડી છો !' એના બોલવામાં સહેજ સરખોય વ્યંગનો અણસાર નહોતો, ઊલટાનો એમાં અણધાર્યો આનન્દ જ વરતાઈ આવતો હતો. કયોકો નાની છોકરી જેવી નાજુકડી હતી એ જ કદાચ એને રુચતું હતું. પણ આ શબ્દો સાંભળીને ક્યોકો ભારે વિષાદમાં

ડૂબી ગઈ. એની આંખમાં આંસુ છલકાઈ ઊઠ્યાં ને એ સંકોચાઈ ને દૂર સરી ગઈ. એના પતિને તો એનું આ વર્તન પણ નાની છોકરીના જેવું જ લાગ્યું હશે.

ક્યોકોએ પોતાની દશા પર આંસુ સાર્યાં કે પછી એના મૃત પતિને ખાતર આંસું સાર્યાં તે એને પોતાને જ સમજાયું નહીં; ને એ સમજાય એમ હતું જ નહીં. આ ખ્યાલ આવતાં એને એના બીજી વારના પતિને માટે ખૂબ લાગી આવ્યું ને એને રીઝવવા માટે કંઈક કરવું જોઈએ એમ એને થયું.

'હું તમને એટલી બધી જુદી લાગું છું, એમ ?' બોલતાં તો એણે બોલી નાંખ્યું, પણ પોતાના શબ્દો સાંભળીને એ મૂંઝાઈ મરી ને શરમની મારી લાલચોળ થઈ ગઈ. એના પતિને પૂરો સન્તોષ થયો હોય એવું લાગ્યું : 'તને કાંઈ સંતાન તો હતું નહીં ...'

એના આ શબ્દો ક્યોકોના હૃદયને વીંધી ગયા. એના આગલા પતિ સિવાયના બીજા કોઈ પણ પુરુષ આગળ રજૂ થતાં ક્યોકોને પોતાની જાતને હલકી પાડવા જેવું લાગતું. એની બધા ઠેકડી ઉડાવતા હોય એવું એને લાગતું.

'પણ મારે તો આખો વખત બાળકની સંભાળ રાખવા જેવું જ હતું.'

એણે વિરોધરૂપે માત્ર આટલું જ કહ્યું. લાંબી માંદગી ભોગવીને મરણ પામેલો એનો પતિ જાણે એના ગર્ભમાં બાળક થઈને રહ્યો હોય એવું એને થયું. પણ એનું જો મરણ જ થવાનું હતું તો પછી સંયમ રાખ્યાથી શું વળ્યું ?

'મેં તારું ગામ તો માત્ર ગાડીની બારીમાંથી જ જોયું છે.' એના બીજી વારના પતિએ એના વતનનો ઉલ્લેખ કરતાં એને સોડમાં ખેંચી લીધી. 'એના નામ પરથી તો એ વનના સીમાડા પરનું સુન્દર ગામ હોય એવું લાગે છે. તું ત્યાં કેટલો વખત રહી હતી ?'

'હાઇસ્કૂલનું ભણવાનું પૂરું થયું ત્યાં સુધી. પછી સાંજોના શસ્ત્રસરંજામ બનાવવાના કારખાનામાં મારી ભરતી થઈ હતી.'

'તો સાજો તારા ગામની નજીક જ છે ? સાંજોની સુન્દરીઓ વિશે મેં બહુ સાંભળ્યું છે. તું આટલી બધી સુન્દર શાથી છે તે હવે મને સમજાયું.'

'ના રે, હું તો કંઈ એવી સુન્દર નથી.' ક્યોકોએ પોતાનો હાથ ગળા આગળ ધરી દીધો.

'તારા હાથ સુન્દર છે, તારું શરીર પણ સુન્દર જ હોવું જોઈએ એમ મને થતું.'

'ના રે ના.'

પોતાના હાથ ાાડે આવે છે એમ જાણીને ક્યોકોએ એને પાછા ખેંચી લીધા.

'તને છોકરું હોત ને તોયે હું તને પરણ્યો હોત. મેં એ બાળકને દત્તક લઈને એને ઉછેર્યું હોત. છોકરી હોત તો વધારે સારું થાત.' એણે ક્યોકોના કાનમાં ધીમેથી કહ્યું. આગલી પત્નીથી એને દીકરો હશે, તેથી કદાચ એણે આમ કહ્યું હશે, કોણ જાણે ! પણ પ્રેમના એકરારરૂપે કોઈ આમ કહે એ એને વિચિત્ર લાગતું હતું. ક્યોકો અને એના સાવકા દીકરાની મુલાકાતને જેટલી બને તેટલી દૂર ઠેલવાને જ કદાચ એણે દસ દિવસ જેટલા મધુરજનીના લાંબા પ્રવાસની યોજના કરી હતી.

એના પતિ પાસે પ્રવાસ માટેનો પ્રસાધનની સામગ્રીનો, સારો ચામડાનો બટવો હતો. ક્યોકોના બટવાની એની જોડે સરખામણી થાય તેમ નહોતું. એના પતિનો બટવો તો ખાસ્સો મોટો ને મજબૂત હતો, પણ એ નવો નહોતો. એને ઘણી વાર મુસાફરી કરવાની આવતી તેથી કે પછી એ ભારે જતનથી એને રાખતો તેથી, એના બટવાનું ચામડું ચળકાટ ખોઈ બેઠું નહોતું. અલબત એ આંખને ઝંખવી નાખે એવો ચળકાટ નહોતો. ક્યોકોને પોતાનો જૂનો બટવો યાદ આવ્યો. હવે એ એને વાપરતી નહોતી. આથી એ પડ્યો પડ્યો ફૂગ ખાતો હતો. એમાંનું નાનું દર્પણ જ એના મૃત પતિએ વાપર્યું હતું. ને એને તો એણે પોતાના પતિ ભેગું વિદાય કરી દીધું હતું.

નાનું દર્પણ ઓગળીને હાથદર્પણ સાથે એકરસ થઈ ગયું હતું, આથી બે જુદાં દર્પણો હતાં એમ ક્યોકો સિવાય બીજું કોઈ કહી શકે એમ નહોતું. કાચનો એ ગઠ્ઠો ઓગળી ગયેલાં દર્પણોનો હતો એમ ક્યોકોએ ફોડ પાડ્યો નહોતો. આથી એના સંબંધીઓ એ શું હશે તે કહી શકે એમ નહોતા.

એ બે દર્પણોમાં પ્રતિબિમ્બિત થયેલાં અનેક વિશ્વો અગ્નિમાં ભસ્મીભૂત થઈને અદૃશ્ય થઈ ગયાં ન હોય એવું ક્યોકોને લાગતું હતું. એના પતિનું શરીર બળીને રાખ થઈ ગયું ત્યારે પણ એને એવી જ ખોટ લાગી હતી. એ હાથદર્પણમાં જ ક્યોકોએ નીચેની શાકભાજીની વાડી એના પતિને બતાવી હતી. પછીથી એનો પતિ એ દર્પણને હંમેશાં ઓશીકા પાસે રાખતો. એટલું નાનું શું હાથદર્પણ પછી તો એ માંદા માણસને ભારે લાગવા માંડ્યું. આથી એના સુકાઈ ગયેલા હાથ અને ખભા જોઈને ચિન્તાતુર થયેલી ક્યોકોએ એને એક નાનું ને હલકું દર્પણ આપ્યું.

ક્યોકોના મૃત પતિએ એ બે દર્પણોમાં માત્ર શાકભાજીની વાડી જ જોઈ હતી એવું નહોતું. એણે તો એ દર્પણની મદદથી પથારીમાં પડ્યા પડ્યા આકાશ,વાદળાં, બરફ, દૂરની પર્વતમાળા અને નજીકનાં વન પણ જોયાં હતાં. એણે ચંદ્રને જોયો હતો. વનનાં ફૂલોને જોયાં હતાં. ઊડી જતાં પંખીઓ એના દર્પણ વચ્ચે થઈને ચાલ્યાં જતાં હતાં. રસ્તા પરનો માણસ એના દર્પણમાં થઈને ચાલ્યો જતો હતો અને બાગમાં રમતાં બાળકો પણ એમાં દેખાતાં હતાં,.

દર્પણમાંની દુનિયાની સમૃદ્ધિ જોઈને ક્યોકોને અચરજ થતું. અત્યાર સુધી જેને પ્રસાધનના એક સાધન તરીકે જ એ જોતી હતી. જે એને ગરદનનો પાછલો ભાગ દેખાડવાના જ ખપમાં આવતું હતું તે હાથદર્પણ એના પથારીવશ પતિને માટે તો નવું જીવન બનીને આવ્યું હતું. ક્યોકો એની પાસે બેસીને દર્પણમાં દેખાતી દુનિયા વિશે વાતો કરતી. વખત જતાં દર્પણમાંની દુનિયા અને જેને એ પ્રત્યક્ષ જોતી હતી તે દુનિયા વચ્ચે ભેદ કરવાનું ક્યોકોને માટે અઘરું થઈ પડયું. બે જુદાં જુદાં વિશ્વો અસ્તિત્વમાં આવ્યાં, દર્પણમાં એક નવી જ સૃષ્ટિનું નિર્માણ થયું હતું ને એ સાચી સૃષ્ટિના જેવી જ લાગતી હતી.

'દર્પણમાં આકાશ રૂપેરી બનીને ચળકે છે.' ક્યોકો કહેતી. પછી બારીમાંથી બહાર

નજર કરીને ઉમેરતી; 'બાકી ખરેખર તો એ ભૂખરું છે.' સાચા આકાશનું શીશા જેવું ભારેખમપણું દર્પણમાં દેખાતા આકાશમાં નહોતું. એ તો ચળક ચળક થતું હતું.

'તમે દર્પણને હમેશાં ઘસીને ચળકતું રાખો છો તેથી આમ થતું હશે ?' પથારીમાં સૂતો હોવા છતાં એનો પતિ માથું સહેજ ફેરવીને બહારનું આકાશ જોઈ શકતો.

'હા, આકાશનો રંગ તો ભોંઠો ભૂખરો જ છે, પણ કૂતરાંઓની આંખે કે ચકલીઓની આંખે, માણસની આંખે દેખાય છે તેવું જ આકાશ નહીં દેખાતું હોય. કોની આંખો સાચો રંગ જોઈ શકે છે તે કાંઈ કહી શકાય નહીં.'

'આપણે જે દર્પણમાં જોઈએ છીએ તે દર્પણની આંખોને જે દેખાય છે તે હશે ?' ક્યોકો એને એમના પ્રેમનાં ચક્ષુ કહેવા જતી હતી. દર્પણમાં દેખાતાં વૃક્ષો વધારે તાજાં ને હરિયાળાં લાગતાં હતાં, દર્પણમાં દેખાતાં કમળ વધારે શ્વેત લાગતાં હતાં.

'આ તારા અંગૂઠાની છાપ છે, ક્યોકો, તારા જમણા અંગૂઠાની.' એણે દર્પણની કિનાર તરફ આંગળી ચીંધી. કોણ જાણે શાથી આ સાંભળીને ક્યોકો ચમકી ઊઠી. એણે પોતાના શ્વાસની બાફથી અંગૂઠાની છાપ ભૂંસી નાંખી.

'હું તો અમથો જ કહેતો હતો, ક્યોકો, તું મને પહેલી વાર એમાં શાકભાજીની વાડી બતાવવા આવી ત્યારની એ છાપ હતી.'

'મને તો એ નજરે ચઢી જ નહોતી.'

'તારું એ તરફ ધ્યાન નહીં ગયું હોય. પણ આ દર્પણને પ્રતાપે મેં તારા અંગૂઠાની ને તર્જનિકાની છાપ જોઈ જોઈને યાદ કરી લીધી છે. પથારીવશ માંદો પતિ જ પત્નીની આંગળીની છાપને યાદ રાખી શકે.'

એમનાં લગ્ન થયા પછીથી એના પતિએ પથારીમાં પડ્યા રહેવા સિવાય ભાગ્યે જ બીજુ કશું કર્યુ હતું. એ લડાઈમાં ગયો નહોતો. લડાઈ પૂરી થવા આવી ત્યારે એનું નામ દાખલ કરવામાં આવ્યું. પણ હવાઈ મથકે થોડાક દિવસ કામ કર્યા પછી એ માંદો પડી ગયો હતો ને લડાઈ પૂરી થતાં ઘરે પાછો ફર્યો હતો. એનાથી તો ચાલી શકાય એમ હતું નહીં, આથી ક્યોકો એના મોટાભાઈ જોડે એને મળવા ગઈ હતી. એનો પતિ લડાઈમાં કામે ગયો. પછીથી ક્યોકો એને પિયર રહેતી હતી. બોમ્બમારાથી બચવા માટે એઓ શહેર છોડી ગયાં હતાં. એમની ઘરવખરી તો ક્યારનીય રવાના કરી દેવામાં આવી હતી. પરણ્યા પછી એઓ જ્યાં રહેતાં હતાં તે ઘર તો બળીને તારાજ થઈ ચૂક્યું હતું, આથી એમણેં કયોકોના એક મિત્રના ઘરમાં ઓરડી ભાડે રાખી હતી. ત્યાંથી એનો પતિ લડાઈને કામે ચાલી ગયો હતો. એક મધુરજની જે ઘરમાં ગાળી તે ઘર અને બે મહિના મિત્રના ઘરમાં ભાડે રાખેલી ઓરડીમાં ગાળ્યાં તે - આટલો જ વખત ક્યોકોએ એના પતિ જોડે સહવાસ ભોગવ્યો હતો. પછી તો માંદો પડ્યો.

પર્વતોના ઊંચાણવાળા પ્રદેશમાં ઘર ભાડે રાખીને એનો પતિ સાજો થાય ત્યાં સુધી રહેવું એવું પછીથી એમણે નક્કી કર્યુ હતું. એ ઘરમાં બીજાં કુટુંમ્બો પણ રહેતાં હતાં.

પણ યુદ્ધ પૂરું થતાં એઓ તોકિયો ચાલી ગયાં હતાં. કયોકોએ એમની શાકભાજીની વાડીનો કબજો લઈ લીધો હતો. એ કાંઈ બહુ મોટી નહોતી, માત્ર છ ચોરસવાર જેટલી જ હતી. આજુબાજુનાં ઝાંખરાં વચ્ચે એટલી જગ્યા સાફ કરીને વાડી બનાવી હતી. શાકભાજી ખરીદવાની એમની શકિત નહોતી એમ નહીં. પણ ક્યોકોને બાગાયતી કામ ગમતું. પોતાને હાથે શાકભાજી ઉગાડવામાં એને રસ પડવા લાગ્યો હતો. એ બહાને એને એના માંદા પતિથી દૂર રહેવાની સગવડ મેળવવી હતી.એવુંય નહોતું; પણ એની પથારી પાસે બેસીને ભરવા-ગૂંથવાનું કે સીવવાનું એને વધુ ગ્લાનિભર્યું લાગતું હતું. એના પતિનો એ સદા ખ્યાલ રાખતી હતી. પણ એ વાડીમાં જતી ત્યારે એની આશા વધુ ઉજ્જ્વળ બનતી.ત્યાં એ પોતાના પતિને માટેના પ્રેમને વધુ લાડ લડાવી શકતી. વાંચવાનું તો એનાથી ઝાઝું બની શહતું નહીં.- પતિની પથારી પાસે બેસીને જેટલું વાંચી શકાતું તેટલું જ. વળી લાંબા વખતની શુશ્રૂષાના થાકને કારણે પોતાનો જે ભાગ મરતો જતો હતો તેને એ વાડીમાં જવાથી ફરી પામી શકતી હતી. એવું પણ એને લાગતું હતું.

સપ્ટેમ્બરની અધવચમાં એઓ પર્વતના પ્રદેશમાં રહેવા આવ્યાં હતા. ત્યારે ગ્રીષ્મ ગાળવા આવેલાં સહેલાણીઓ લગભગ ચાલ્યાં ગયાં હતાં. પાનખરની શરૂઆતના વરસાદનો ગાળો શરૂ થઈ ચૂક્યો હતો. હવામાં હિક્કળ અને ભેજનો અનુભવ થતો હતો.

એક નમતી બપોરે સૂરજ વાદળમાંથી બહાર આવ્યો ને પંખીઓ ટહૂકી ઊઠ્યાં. એ વાડીમાં ગઈ ત્યારે લીલાં શાકભાજી ચળકી ઊઠ્યાં હતાં. પર્વતોનાં શિખર પરનાં ગુલાબી વાદળોને જોઈને એ મંત્રમુગ્ધ બની ગઈ. એના પતિનો સાદ એકાએક સાંભળીને એ ચોંકી ઊઠી ને સફાળી મેડે ગઈ. એના હાથ ભીની માટીથી ખરડાયેલા હતા. જઈને જુએ છે તો એનો પતિ કણસતો હાંફી રહ્યો હતો.

‘મેં તને કેટલી બૂમો પાડી ? તને એક્કેય સંભળાઈ નહીં ?’

‘મને માફ કરો, મને કશું સંભળાતું નહોતું.’

“તો વાડીમાં કામ કરવું બંધ કર. આમ બૂમો પાડ્યા કરીશ તો વહેલો મરી પરવારીશ. એક તો તું ક્યાં હશે તે હું જોઈ શકતો નથી ને વળી તું શું કરે છે, તેનીય મને કશી ખબર પડતી નથી !“

‘હું વાડીમાં જ હતી. પણ હવે વાડીમાં નહીં જાઉં.’

પછી એ સહેજ ઠંડો પડ્યો.

‘ચંડોળ ગાતું હતું તે તે સાંભળ્યું ?’

બસ, એને માત્ર આટલું જ કહેવું હતું. પાસેના વનમાં ચંડોળ ફરી ગાવા લાગ્યું. સાંજની આભામાં વન સ્પષ્ટ દેખી શકાતાં હતાં. આમ ક્યોકો ચંડોળના ટહુકાને ઓળખતી થઈ.

‘એક ઘંટડી રાખીએ તો તમને ઠીક પડે, નહી ? ઘંટડી લાવીએ તે પહેલાં કશુંક અહીં મૂકી રાખું કે જે મારી તરફ ફેંકીને તમે મારું ધ્યાન ખેંચી શકો, ખરું ને ?’

'શું અહીંથી પ્યાલો ફેંકું ? તો તો ભારે મજા પડશે.' ક્યોકોએ વાડીનું કામ તો ચાલુ રાખવું જ એવું નક્કી થયું. વસંત પૂરી થઈ ને પર્વત પ્રદેશનો આકરો શિયાળો બેસવાની તૈયારી હતી ત્યારે દર્પણમાં શાકભાજીની વાડી બતાવવાનો વિચાર ક્યોકોને સૂઝ્યો.

તાજી હરિયાળીથી ભરેલું આખું વિશ્વ એને ફરીથી પ્રાપ્ત થયું હોય એવો આનન્દ આ દર્પણે એને કરાવ્યો. શાકભાજીના છોડમાં પડેલા કીડાને એ વીણતી તે એનાથી બરાબર દેખાતું નહોતું.ક્યોકોને ઉપર લાવીને બતાવવા પડતા. 'અળસિયાં તો હું અહીંથી જોઈ શકું છું, હં.' ક્યોકો જ્યારે ક્યારીઓ ગોડતી ત્યારે એ એને કહેતો.

સૂરજનો તડકો જ્યારે ઘરમાં પડતો ત્યારે ક્યોકોને કેટલીક વાર બીજો કશોક પ્રકાશ નજરે પડતો. પછી એ ઊંચે નજર કરતી ત્યારે એનો પતિ દર્પણમાંથી પ્રકાશ ફેંકતો. વિદ્યાર્થીકાળમાં એ ઘેરા ભૂરા રંગનો કિમોનો પહેરતો હતો તેમાંથી ક્યોકો ઈજાર બનાવીને પહેરે એવો એનો આગ્રહ હતો. ઘેરા ભૂરા રંગની ને વચમાં ધોળા પટાવાળી ઈજાર પહેરીને વાડીમાં કામ કરતી ક્યોકોને જોવાની એને મજા પડતી.

ક્યોકો જ્યારે વાડીમાં કામ કરતી ત્યારે કોઈક એને જોઈ રહ્યું છે એવું એને અડધું ભાન રહેતું. લગ્નના શરૂઆતના દિવસોમાં હતી તેના કરતાં હવે એની લાગણીઓ કેવી જુદા પ્રકારની બની ગઈ છે તે જાણીને એનું હૃદય ઉષ્મા અનુભવતું. ત્યારે તો એ માથા પાછળ નાનું દર્પણ લઈ જતી વેળાએ કોણી ઉઘાડી પડી જતી તેથી પણ શરમાઈ જતી. બીજી વારના લગ્ન પછી જ. લાંબા ગાળાની શુશ્રૂષા અને એની પછીની શોકમાંથી મુક્ત થઈને, પોતાની ઈચ્છાનુસાર શણગાર કરવા માંડ્યો. પોતે હવે અસાધારણ સુંદર લાગતી હતી તે એની નજર બહાર નહોતું. એનો બીજી વારનો પતિ એને સુંદર કહેતો હતો તે માત્ર ઉપચારને ખાતર નહોતો કહેતો તે એને હવે સમજાયું.

હવે ક્યોકો દર્પણમાંના પોતાના પ્રતિબિંબને જોઈને શરમાઈ જતી નહોતી, ખાસ કરીને નાહીને બહાર આવીને જોતી ત્યારે એને પોતાના રૂપની ભાળ મળી ગઈ હતી. પણ દર્પણમાં દેખાતા રૂપ પ્રત્યેની એના મૃત પતિએ જગાડેલી અનોખી લાગણીને એ ભૂલી શકી નહોતી. દર્પણમાં એ જે રૂપને જોતા હતા તેના અસ્તિત્વ વિશે હવે એને રજમાત્ર શંકા રહી નહોતી. હવે તો વાત એથી સાવ ઊલટી જ હતી. દર્પણમાં પ્રતિબિંબિત થતા એ બીજા વિશ્વની વાસ્તવિકતાને એ નકારી શકતી નહોતી. બહારના ભૂખરા શીશા જેવા આકાશ અને દર્પણમાંના રૂપેરી આકાશ વચ્ચે એને જેવો ભેદ દેખાતો હતો તેવો ભેદ એને પોતાને એની ચામડીનો જે રંગ દેખાતો હતો તે અને દર્પણમાં એનો જે રંગ દેખાતો હતો. તે : એ બેની વચ્ચે દેખાતો નહોતો. એ ભેદ કાંઈ માત્ર બે ચસ્તુ વચ્ચેના અંતરને કારણે નહોતો પડતો. એના પથારીવશ પતિની ઝંખના કદાચ એના મન પર પ્રભાવ પાડતી હશે. પણ એ જયારે વાડીમાં કામ કરતી હતી ત્યારે દર્પણમાં એને કેવી સુન્દર લાગતી હતી તે જાણવાનું હવે તો કશુંય સાધન રહ્યું નહોતું. એના મૃત્યુ પહેલાં પણ ક્યોકો પોતેય એ કહી શકતી નહોતી.

પોતે વાડીમાં કામ કરતી તે વેળાની એની છબિ, શ્વેત કમળો, મેદાનમાં રમતાં બાળકોનું ટોળું ને દૂરદૂરના હિમાચ્છાદિત પર્વતો પર થતો સૂર્યોદય, આ બધાનું એના મૃત પતિના હાથમાંના દર્પણમાં જે પ્રતિબિમ્બ પડતું તે જોવાને એ પણ ઉત્સુક બની ઊઠતી, કારણ કે એ વિશ્વને ભોગવવામાં એ એના મૃત પતિની સહભાગિની હતી. પણ એના બીજી વારના પતિના માન ખાતર એણે એની આ ઝંખના દબાવી દીધી હતી, એ ઝંખના હવે એને મન કશી શારીરિક ભૂખનું રૂપ ધારણ કરતી જતી હતી. એ વિશ્વ દૂર દૂરથી દેખાતી કોઈ અલૌકિક સૃષ્ટિ જ કેમ જાણે ન હોય !

મે મહિનામાં એક દિવસ ક્યોકોએ રેડિયોમાં વનનાં પંખીઓનો ટહુકાર સાંભળ્યો. એના મૃત પતિની સાથે એ જે પ્રદેશમાં એના અંતિમ દિવસો દરમિયાન રહેલી તે પ્રદેશનાં એ પંખીઓ હતાં. એની ટેવ મુજબ, પતિ કામે જાય કે તરત એ હાથદર્પણ ખાનામાંથી બહાર કાઢીને એમાં પડતા આકાશનાં પ્રતિબિમ્બને એ જોયા કરતી. પછીથી એ દર્પણમાંના પોતાના પ્રતિબિમ્બને જોઈ રહેતી એમ કરતાં એણે કરેલી નવી શોધથી એને ભારે અચરજ થયું. કોઈ પોતે સીધું પોતાની આંખે પોતાનું મુખ જોઈ શકતું નથી. એના પર હાથ ફેરવીને દર્પણમાં જે દેખાય છે તે જ મુખ આ છે કે નહીં એવી સૌ ખાતરી કરી લે છે. ક્યોકો થોડો વખત સુધી તો આના જ વિચારમાં ગરકાવ થઈ ગઈ હતી. માણસ પોતે પોતાનું મુખ જોઈ જ ન શકે એવું ભગવાને શા માટે કર્યું હશે ? 'ધારો કે તમે તમારું મુખ જાતે જોઈ શકો એવો કશોક ચમત્કાર થાય છે તો શું એ જોતાં વેંત જ તમે ગાંડા થઈ જશો ? પછી તમારાથી કશું થઈ જ નહીં શકે એવું બને ખરું ?'

ઘણું કરીને માનવજાતિની ઉત્ક્રાંતિ જ એવી રીતે થઈ છે કે એ એનું મોઢું પોતે જોઈ શકતો નથી. કદાચ કેટલીક માખીઓ પોતાનું મોંઢું જોઈ શકતી હશે.

પણ કદાચ પોતાનું મોઢું બીજાને જોવા ખાતર જ હશે. પ્રેમનું પણ એવું જ નથી શું? હાથદર્પણ ખાનામાં પાછું મૂકતી વેળાએ શેતુરનું લાકડું અને એના પરની કોતરમણી વચ્ચેની વિસંવાદિતા ક્યોકોની નજરે ચઢ્યા વિના રહી નહીં. આગલું દર્પણ તો એના પતિની ચિતામાં બળી ચૂક્યું હતું, એટલે એ દર્પણ વિનાની નરી બેઠક એને વિધવા જેવી લાગી. પણ હાથદર્પણના કેટલાક ફાયદાઓ તથા ગેરફાયદાઓ પણ હતા. એનો પતિ હમેશાં એમાં એનો ચહેરો જોયા કરતો હતો. પોતાનો ચહેરો તો શું, એ મૃત્યુને જ જોતો હતો એમ કહીએ તો ચાલે. એનું મૃત્યુ જો દર્પણ દ્વારા કરેલો માનસિક આપઘાત જ હોય તો ક્યોકોને માથે જ એ માનસિક આપઘાત કરવાની જવાબદારી આવી પડે. ક્યોકોને એક વાર દર્પણના આ ગેરફાયદાનો ખ્યાલ આવ્યો હતો. ને તેથી એના મૃત પતિની પાસેથી દર્પણ પાછું લઈ લેવાનો પ્રયત્ન પણ કર્યો હતો. પણ એણે એ દર્પણ કેમે કર્યું છોડ્યું નહોતું.

'તારે મને કશું જ જોવા નથી દેવું કે શું ? જીવું ત્યાં સુધી જેને જોઈને ચાહ્યા કરું એવું કંઈક ને કંઈક મને જોઈએ છે.' એણે કહ્યું હતું. દર્પણમાંની દુનિયાને ટકાવી રાખવાને એ પોતાની જિંદગીનું પણ બલિદાન આપવા તૈયાર હતો. ખૂબ વરસાદ પડી ગયા પછી

બંને વાડીમાંનાં ખાબોચિયાંમાં પડતા ચન્દ્રના પ્રતિબિમ્બને દર્પણમાંથી જોઈ રહેતાં. પ્રતિબિમ્બનું પ્રતિબિમ્બ પણ ભાગ્યે જ કહી શકાય એવો એ ચંદ્ર ક્યોકોના હૃદયમાં હજુ સુધી જડાઈ રહ્યો હતો.

'સ્વાસ્થ્યવાન પુરુષનો પ્રેમ જ સંગીન હોઈ શકે.' એનો બીજી વારનો પતિ જ્યારે આમ કહેતો ત્યારે ક્યોકો લજ્જાથી આંખો ઢાળીને સમ્મતિમાં માથું હલાવતી, પણ અંતરથી એની સાથે એ પૂરેપૂરી સંમત થઈ શકતી નહીં. એના પહેલી વારના પતિના મૃત્યુ પછી એને ઘણી વાર મનમાં થતું : લગ્નસુખ નહીં માણ્યાથી શો અર્થ સર્યો ? પણ એણે પાળેલો સંયમ જ પછી તો એના પ્રેમની, પ્રેમથી છલકાતા એ દિવસોની વેધક સ્મૃતિરૂપ બની રહ્યો ને પછી સહેજ સરખો પસ્તાવો રહ્યો નહીં. એનો બીજી વારનો પતિ સ્ત્રીના પ્રેમને ઝાઝી ગંભીરતાથી જોવાને કદાચ ટેવાયો નહોતો. 'તમે આટલા બધા કોમળ હૃદયના છો તો પછી તમારી પત્નીને તમે કેમ ત્યજી દીધી ?' ક્યોકો એને પૂછતી. એનો એ કદી જવાબ આપતો નહીં. એના મૃત પતિના મોટાભાઈના આગ્રહને વશ થઈને જ ક્યોકો એને પરણી હતી.ચાર મહિના મૈત્રીમાં ગાળ્યા પછી એઓ પરણ્યાં હતા. ક્યોકોનો બીજી વારનો પતિ એનાથી પંદર વર્ષ મોટો હતો.

એ સગર્ભા બની ત્યારે એવી તો ગભરાઈ ઊઠી કે એનો ચહેરો સુધ્ધાં સાવ બદલાઈ ગયો.

'મને ખૂબ બીક લાગે છે, ખૂબ બીક લાગે છે.' એમ કહીને પતિને વળગી પડી. એને સવારે મોળ આવતા ને એનું મગજ પણ સહેજ અસ્થિર થઈ ગયું હતું. ઉઘાડે પગે એ બાગમાં સરી જતી ને પાઇનની સળીઓ એકઠી કરતી. એના સાવકા દીકરાને એ ભાથાના બે ડબ્બા લઈ જવાની ફરજ પાડતી ને એ બંને ડબ્બામાં એ માત્ર રાંધેલો ભાત જ મૂકતી. શૂન્યમનસ્ક બનીને દર્પણમાં તાકતી એ બેસી રહેતી, કેમ જાણે એની આરપાર એ જોઈ શકતી ન હોય ! મધરાતે સફાળી જાગી ઊઠીને એ પથારીમાં બેસી રહેતી ને નિદ્રાધીન પતિના ચહેરા તરફ તાકી રહેતી. મનુષ્યની જિન્દગી તૃણવત્ છે એમ જાણીને એકાએક બેબાકળી બની જતી ને એના ડગલાનો કમરપટો અજાણતાં જ છોડવા લાગતી. એના વડે એ સૂતેલા પતિને કેમ જાણે ફાંસો દેવા ન માગતી હોય ! પછી તરત જ ગાંડાની જેમ ધ્રૂસકે ધ્રૂસકે રડવા માંડતી. એનો પતિ જાગીને હળવેથી પાટો બાંધી આપતો. ઉનાળાની રાતે પણ એ થરથર ધ્રૂજ્યા કરતી.

'તારા ગર્ભમાંના બાળક પર વિશ્વાસ રાખ ક્યોકો.' આમ કહીને એનો પતિ એને હાથમાં લઈને ઝુલાવતો.

દાકતરે એને ઇસ્પિતાલમાં રાખવાની સલાહ આપી. ક્યોકોએ આનાકાની કરી. પણ આખરે માની ગઈ.

'ભલે, હું ઇસ્પિતાલમાં જઈશ પણ એ પહેલાં મને થોડા દિવસ માટે પિયર જઈ આવવા દો.'

થોડા દિવસ પછી એને પિયર લઈ ગયો. બીજે દિવસે ક્યોકો છાનીમાની ઘરની બહાર નીકળી ગઈ ને એના મૃત પતિ સાથે રહેતી હતી તે પર્વતપ્રદેશમાં ગઈ. સપ્ટેમ્બરની શરૂઆતના દિવસો હતા, પહેલી વાર એના મૃત પતિ સાથે ગઈ હતી તેનાથી દસ જ દિવસ વહેલી એ આ વખતે પહોંચી ગઈ. એને મોળ આવવા લાગ્યા. ગાડીમાં એને ચક્કર આવતા હતા ને રહીરહીને ગાડીમાંથી પડતું મૂકવાનું એને મન થઈ આવતું હતું. ઊંચાણવાળા ભાગનું સ્ટેશન વટાવ્યા પછી સૂકી હવાને કારણે એને સારું લાગવા માંડયું. એણે પોતાની જાત પર કાબૂ મેળવી લીધો. એને વળગેલું ઝોડ હવે જાણે ઊતરી ગયું હતું. એ ઝૂકી પડીને, અચરજથી, ઊંચાણવાળા સપાટ પ્રદેશ પરથી આજુબાજુના પર્વતો જોઈ રહી. ભૂરાશવાળી પર્વતમાળા સ્વચ્છ આકાશની પછીતે ઘેરી ભૂરાશ પકડતી; ત્યાં કોઈ નવી જ સૃષ્ટિ ધબકી રહી હતી એવું એને લાગ્યું. ઊનાં ઊનાં આંસુથી ભીની બનેલી આંખોને લૂછતી લૂછતી એ પોતે જ્યાં એના મૃત પતિ સાથે રહી હતી તે ઘર તરફ વળી. તે દિવસની ગુલાબી સાંજની આભામાં વન જેવું ઝળાંહળાં ઊઠયું હતું તેવું જ આજે પણ થઈ ઊઠ્યું હતું.ક્યાંકથી એક ચંડોળ પણ ગાઈ ઊઠ્યું. કોઈક એ ઘરમાં રહેતું હતું, મેડા ઉપરની બારીએ ધોળી ઝૂલવાળો પડદો ફરફરતો હતો. બહુ નજીક ગયા વિના એ ઘરભણી મીટ માંડી રહી.

'બાળક ચહેરેમહોરે તમારા જેવું જ લાગશે તો ?' પોતાના શબ્દોથી ચોંકી ઊઠીને એ પાછી ફરી, સ્વસ્થતા અને હૂંફ પામીને.

અનુ. સુરેશ જોષી

શરદશૈલ

રિયૂનોસુકે આકુતાગાવા

'ને હવે તા ચીહની વાત. એનું 'શરદશૌલ' ચિત્ર તેં ક્યારેય જોયું છે ?'

એક દિવસ સાંજે, પોતાના મિત્ર યૂન નાન- નિયેનને મળવા આવેલા વાંગ શિહ-કુએ એને આ પ્રશ્ન પૂછયો.

'ના, મેં તો એ ક્યારેય જોયું નથી. ને તેં ?'

મેઈ-તાઓ-જેન ને હુઆંગ-હાઓ-શાન-ચીઆએ એ બંનેની જેમ તા ચીહ પણ મોંગોલ કુળનો એક મહાન ચિત્રકાર હતો. જવાબ આપતાં આપતાં યૂન નાન-તિયેનની આંખ સામેથી એ કલાકારની સુવિખ્યાત કૃતિઓની, રેતાળ તટનાં ચિત્રો ને ઉમંગભરી વસંતના ઓળિયાંની સ્મૃતિ એક પછી એક પસાર થઈ ગઈ.

'જો ને,વાત તો વિચિત્ર છે,' વાંગ શિહ-કુએ કહ્યું, 'મેં એ જોયું છે કે નહીં એની ખરેખર મને જ ખાતરી નથી. સાચેસાચ તો....'

'તેં એ જોયું છે કે નહીં એની તને જ ખબર નથી ?' પોતાના મહેમાન ભણી જિજ્ઞાસાભરી મીટ માંડતાં યૂન નાન-તિયેને પૂછ્યું. 'તેં એની નકલ તો નથી જોઈ ને ?'

'ના. નકલ તો નહી જ. મેં મૂળ ચિત્ર જોયું છે. ને એ મેં એકલાએ જ નથી જોયું. યેન-કો ને લિયેન-ચોઉ એ બંને મહાન વિવેચકોને પણ 'શરદશૈલ' સાથે સંબંધ છે.' વાંગ શિહ-કુએ ચાહનો ઘૂંટડો ભર્યો ને વિચારમગ્ન બનતાં સ્મિત કર્યું. 'એની વાત સાંભળતાં તને કંટાળો તો નહીં આવે ને ?'

'ઊલટો આનંદ થશે,' વિનયપૂર્વક માથું નમાવતાં યૂન નાન-તિયેને કહ્યું. તાંબાના દીવાની વાટ એણે સરખી કરી.

'એ વખતે (વાંગશિહ-કુએ વાત શરૂ કરી) વૃદ્ધ કલાગુરુ પૂઆન ત્સાઈ હજી હયાત હતા. એક દિવસ સાંજે ચિત્ર-કલાની ચર્ચા કરતાં એમણે પૂછયું કે તા ચીહનુ 'શરદશૈલ' તેં ક્યારેય જોયું છે ? તું તો જાણે જ છે કે યેન-કો તો તા ચીહની કલાના ખરેખરા ભકત

હતા ને એનું એકેય ચિત્ર જોવાનું એ ચૂક્યા હોય એવું બનવાનો ખરેખર સંભવ નહોતો. પરંતુ આ 'શરદશૈલ' તો એની આંખે ક્યારેય ચડ્યું નહોતું.

'ના, મેં એ જોયું નથી.' શરમાતાં શરમાતાં એમણે જવાબ આપ્યો. 'ને એની હયાતી વિશે પણ મને તો કંઈ જ ખબર નથી.'

'તો તો,' યૂઆન ત્સાઈએ કહ્યું, 'એ જોવાની વહેલામાં વહેલી તક તું કેમેય ન ગુમાવતો. એક કલાકૃતિ તરીકે તો એ એના 'ગ્રીષ્મશૈલ' કે 'જિપ્સી આંધી' કરતાં પણ ઉચ્ચતર કોટિનું છે. ને મને તો પાકી ખાતરી છે કે એ તા ચીહનું ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ચિત્ર છે.'

'સાચેસાચ એ આવી સર્વોત્કૃષ્ટ કૃતિ છે ? તો તો મારે એ, ગમે તેમ કરીને પણ જોવું પડશે. આ ચિત્ર અત્યારે કોના કબજામાં છે ?'

'જુન પરગણામાં વસતા કોક શ્રી. ચાંગના ઘરમાં છે. ચિન-શાનને મદિરે જવાનો મોકો તને જ્યારે પણ મળે ત્યારે તું એમને અવશ્ય મળજે ને ચિત્ર જોજે. તને વાંધો ન હોય તો હું તને એમના પર પત્ર લખી આપીશ.'

યુઆન ત્સાઈનો પત્ર મળતાં વેંત યેન-કોએ જુન પરગણાના પ્રવાસની યોજના ઘડી કાઢી. જે ઘરમાં આના જેવું મહામૂલું ચિત્ર સંગ્રહાયું હોય તે ઘરમાં જુદા જુદા યુગની અનેક મહાન કૃતિઓ પણ જરૂર હોવાની એમ એમણે વિચાર્યું ત્યાં જવા એ નીકળ્યો ત્યારે આશામાં ને આશામાં એમના હૈયાના ધબકારા અનેકગણા વધી ગયા હતા.

પણ જુન પરગણામાં આવી પહોતંજ શ્રી યઅંગનું ઘર જોઈને એ તો ડઘાઈ જ ગયા: ઘરની બાંધણી દબદબાભરી હોવા છતાં એ ખંડિયેર જેવું બની ગયું હતું. એની ભીંતે લીલ બાઝી હતી ને બગીચામાં અડાબીડ ઘાસપાન ઊગ્યાં હતાં. જેવા એ બગીચામાં દાખલ થયા તેવા જ જાણે કોક અજાણ્યાને જોઈ ચોંકી ગયા હોય તેમ, મરઘાં-બતકાં ને બીજાં પાળેલાં પંખીઓ એને ઊંચી ડોકે જોઈ રહ્યાં. એકાદ પળ તો યૂઆન ત્સાઈના વચનમાં શંખા આણ્યા વિના ને તા ચીહની સર્વોત્કૃષ્ટ કૃતિ આવા ઘરમાં ક્યાંથી ભરાઈ ગઈ એવો વિચાર કર્યા વિના એમનાથી ન રહેવાયું. એમના ટકોરાના જવાબમાં નોકરે બારણું ઉઘાડ્યું. એમણે એને 'શરદશૈલ' જોવાની આશામાં હું દૂરદૂરથી અહી આવ્યો છું એમ સમજાવ્યું ને પોતાની પાસેનો પત્ર આપ્યો.

નોકર એમને તરત જ દીવાનખંડમાં લઈ ગયો. અહીંયાં પણ લાલ સુખડનાં ટેબલ ને બેઠક સુઘડ રીતે ગોઠવ્યાં હતાં, છતાં માટીની એક ભીંની વાસ દરેકે દરેક પદાર્થને ઘેરી વળી હતી ને નિર્જનતાનું સામ્રાજ્ય ફરશ પર પણ જામી ગયું હતું. એટલામાં ઘરમાલિક આવ્યા. દેખાવે એ માંદલા હતા. પણ એમની ચાલમાં પ્રસન્નતા હતી ને એમના વિવર્ણ મુખ તેમ જ સુકોમળ હાથ પર અમીરાત અંકાઈ હતી. પોતાનો ટૂંકો પરિચય આપ્યા પછી યેન-કોએ જરાયે વાર ન લગાડી ને પોતાના યજમાનને જણાવી દીધું કે તા ચીહનું સુવિખ્યાત ચિત્ર તમે મને દેખાડશો તો હું તમારો એટલો તો ઋણી

થઈશ ? એમના શબ્દોમાં એક પ્રકારની અધીરતા હતી : આ મહાન ચિત્ર એ પળે જોવામાં ન આવ્યું તો કેમ જાણે ધુમ્મસની જેમ એ એકાએક ઓગળી જવાનું હોય !

જરાય અચકાયા વિના શ્રી. ચાંગે હા પાડી ને દીવાનખંડની ખુલ્લી ભીંતે ચિત્ર ટંગાવ્યું.

'મેં જેની વાત કરી ને, એ બોલ્યા, 'એ 'શરદશૈલ' તે આ.'

પહેલી જ નજરે યેન-કોના મુખમાંથી પ્રશંસાનો ઉદ્‌ગાર નીકળી ગયો. એનો પ્રધાન રંગ ઘેરો લીલો હતો. એક છેડેથી બીજે છેડે સુધી પ્રસન્નતોયા બંકિમ ગતિએ આગળ વધતી હતી; એના પર ઠેકઠેકાણે પુલ ઝળૂંબતા હતા ને એના તટ પર નાનાં નાનાં ગામડાં પોઢ્યાં હતાં. આ સહુની પાછળ શૈલમાળાનું સર્વોચ્ચ શિખર પોતાનો પ્રભાવ પ્રસારતું હતું. ને એની ગોદમાં રૂનાં પોલ જેવાં શાંત આભલાં ઝૂલતાં હતી.શૈલરાજ ને એને પડખેની ટેકરીઓ જાણે હજી હમણાં જ વર્ષાસ્નાન કર્યું હોય એટલાં તાજગીભર્યાં લીલાં હતાં, ને એમના ઢોળાવ પર પથરાયેલાં ફૂલછોડ ને તરુવૃંદનાં રાતાં પર્ણોમાં અલૌકિક સૌન્દર્ય વિલસતું હતું. આ કોઈ મામૂલી ચિત્ર નહોતું. પણ રંગ ને રેખાનું સંવિધાન જેમાં પૂર્ણતાને શિખરે પહોંચ્યું હોય એવું ચિત્ર હતું; સૌન્દર્યની પ્રશિષ્ટ સૂઝથી અનુપ્રાણિત બનેલી કલાકૃતિ હતું.

'કેમ, કેવુંક લાગે છે ? આનંદ આવે છે ને ?' યેન-કો ભણી સસ્મિત મીટ માંડતાં શ્રી. ચાંગે પૂછ્યું.

'અરે, આ તો ખરેખર દેવાંશી છે ?' ચિત્ર સામે મુગ્ધતાથી જોઈ રહેતાં યેન-કો બોલી ઊઠ્યા. 'યૂઆન ત્સાઈની મોંફાટ પ્રશંસા કાંઈ અજૂગતી નહોતી, મેં જોયેલાં તમામ ચિત્રો આની સરખામણીમાં તો હવે ઊતરતી કોટિનાં જ લાગે છે.'

'ખરેખર ? તમને એ આટલી સર્વોત્કૃષ્ટ લાગે છે ?'

યેન-કોથી આપોઆપ જ પોતાના યજમાન ભણી અચંબાભરી નજરે જોવાઈ ગયું. 'તમને એની શંકા છે?'

'અરે,ના, મને જરાયે શંકા છે એમ નહીં.' શ્રી. ચાંગે કહ્યું. મૂંઝવણમાં એ એક નિશાળિયાની જેમ શરમથી લાલલાલ થઈ ગયા. ચિત્રભણી લગભગ બીતાં બીતાં એમણે જોયું ને બોલવા માંડ્યું :'પણ હકીકત આમ છેઃ હું જ્યારે જ્યારે આ ચિત્રને નીરખું છું ત્યારે ત્યારે, મારી આંખો તદ્દન ખુલ્લી હોય તો પણ હું સ્વપ્ન નિહાળતો હોઉં એમ મને લાગે છે. આ ચિત્રનું સૌન્દર્યે આપણા આ જગતની કલ્પનામાં ન ઊતરે એટલું બધું ઉત્કટ છે. તમે હમણાં જે વાત કરી એનાથી આ અવનવા ભાવ મને ફરીથી થઈ આવ્યા.'

પણ પોતાના યજમાનના આ દેખીતા બચાવની યેન-કો પર ઝાઝી અસર ન થઈ. એનું લક્ષ તો ચિત્રમાં જ પરોવાયું હતું, ને શ્રી.ચાંગના ઉદ્‌ગાર તો એને વિવેચન-શકિતના અભાવ પર ઢાંકપિછોડો કરવા જેવા જ લાગ્યા.

એ પછી યેનકોએ તરત જ એ નિર્જન ઘરની વિદાય લીધી.

અઠવાડિયાં પર અઠવાડિયાં વીતતાં ગયાં, તો પણ યેનકોના મનમાં અંકાયેલી 'શરદશૈલ'ની સુરેખ છબી એવી ને એવી જ તાજગીભરી રહીં. (ચાનો બીજો કપ પીધા

પછી વાંગ શિહ-કુએ વાત આગળ ચલાવી.) તા ચીહનું સર્વોત્કૃષ્ટ સર્જન નીરખ્યા પછી. એમને કોઈ પણ ભોગે હાથ કરવાની એને તાલાવેલી લાગી. ચિત્રોના એ આજન્મ સંગ્રાહક હતા, એટલે પોતાના ઘરમાં ટાંગેલી અસંખ્ય મહાન કૃતિઓમાંથી એકેય, ચાંદીના રોકડા પાંચસો સિક્કા ચૂકવીને ખરીદેલું લી વિંગ ચીઉનું, 'તરતા હિમકણ' પણ નહીં–

આ અલૌકિક 'શરદશૈલ'ની બરોબરી કરી શકે તેવું નથી એમ એ તરત સમજી ગયા.

હજી તો જુન પરગણામાં જ એમનો વિસામો હતો ત્યાં જ ચિત્રના વેચાણની મંત્રણા કરવા એમણે ચાંગને ત્યાં એક દલાલ મોકલ્યો. વાંરવાર માગણી કરવા છતાંય એ કોઈ પણ જાતની ગોઠવણ માટે શ્રી. ચાંગને ન જ સમજાવી શક્યો. દરેક વખતે એ વિવર્ણ સજ્જન તો એક જ જવાબ આપતા; 'શરદશૈલ' માટેના એમના અહોભાવનું મારે મન ભારે મૂલ્ય છે ને થોડાક દિવસ માટે ચિત્ર ઉછીનું આપવા પણ હું તદ્દન રાજી છું, મહેરબાની કરીને એ વેચવાની વાત તો મને ક્યારેય ન કરતા.

આવા નકારથી તો આવેશીલા યેનકોનો નિર્ણય ઊલટો વધુ ને વધુ દૃઢ બન્યો.'એક દિવસે, એમણે મનોમન પ્રતિજ્ઞા કરી, 'એ મહાન ચિત્ર મારા ઘરને શોભાવતું હશે.' આખરી પરિણામમાં શ્રદ્ધા હોવાથી અંતે એમણે ઘરે પાછા ફરવાનું ને 'શરદશૈલ'ની આશા થોડો વખત મૂકી દેવાનું સ્વીકારી લીધું.

એકાદ વર્ષ પછી જુન પરગણાનો બીજો પ્રવાસ કરતાં એ ફરી એક વાર શ્રી. ચાંગને ઘરે ગયા. બધું એમને એમ જ હતું; ઘરની ભીંતે ને વાડે હજી પણ ઠેકઠેકાણે લીલ બાઝી હતી. ને બગીચો ઘાસ પાનથી ઢંકાઈ ગયો હતો. પણ એમના ટકોરાનો નોકરે જવાબ આપ્યો ત્યારે જ એમને જાણ થઈ કે ચાંગ ઘરે નહોતા. ઘરમાલિક ગેરહાજર હોવા છતાંય એમણે મને એક વાર 'શરદશૈલ' જોવા દેશો એવી માગણી કરી જોઈ, પણ એમના આગ્રહનો કાંઈ જ ભલીવાર ન વળ્યો;

નોકરે તો એકની એક વાત ઉચ્ચાર્યા કરી કે મારા શેઠ પાછા ન ફરે ત્યાં સુધી કોઈનેય દાખલ કરવાનો મને અધિકાર નથી. રોષથી ધૂંધવાઈ ઊઠેલા યેન-કોને એ ઘરની ને એના કોક સડેલા ખંડને ખૂણે પડેલા મહાન ચિત્રની વિદાય લેવી પડી.

વાંગ શિહ-કુએ પળવાર વિસામો લીધો.

'અત્યાર સુધીમાં મેં જે કાંઈ કહ્યું,' એ બોલ્યો, 'તે બધું જ ખુદ યેન-કોને મોઢે મેં સાંભળ્યું છે.'

'પણ,' પોતાની શ્વેત દાઢી પસવારતાં પસવારતાં યૂન નાન-તિયેન બોલ્યા, 'યેન-કોએ 'શરદશેલ' ખરેખર જોયું હતું ?"

'એ કહેતા હતા કે મેં જોયું છે. એમણે જોયું હતું કે નહીં તે હું ક્યાંથી પાકું જાણી શકું ? જો હું તને આખી વાત કહું છું, એ પછી તું તારી જાતે જ નક્કી કરી લેજે.'

એક ધ્યાન બનીને વાંચ શિહ-કુએ વાત કહેવા માંડી. ચાના ઘૂંટડા ભરવાનું એણે હવે છોડી દીધું.

યેન-કોએ મને આ બધી વાત કરી(વાંગ શિહ-કુએ કહ્યું)ત્યારે જુન પરગણામાં ગયે એને પચાસ વર્ષ થવા આવ્યાં હતાં. કલાગુરુ યૂઆન ત્સાઈ ક્યારના સ્વર્ગે સિધાવ્યા હતા ને શ્રી. ચાંગનું વિશાળ ઘર એમના વારસોની એક પછી એક એમ બે પેઢીના કબજામાં ક્યારનું આવી ગયું હતું. 'શરદશૈલ' કયાં હશે એ કહી શકાય તેમ નહોતું. એ ઓળિયાનો મોટો ભાગ તદ્દન સડી તો નહીં ગયો હોય એનો જવાબ પણ આપી શકાય તેમ નહોતું. અમારી વાતચીત દરમિયાન વૃદ્ધ યેન-કોએ એ રહસ્યમય ચિત્રનું એવું તાદૃશ વર્ણન કર્યુ હતું કે હું એને ચાહું ત્યારે મારી આંખ સામે જોઈ શકું એવી પ્રતીતિ મને થઈ ગઈ હતી. ચિત્રની વિગતોએ નહીં, પણ એના અવર્ણનીય સૌન્દર્યની અખિલાઈએ એમના મનને વશ કર્યું હતું. યેનકોના શબ્દો દ્વારા એ સૌન્દર્યે એમના તેમ જ મારા હૃદયમાં વાસ કર્યો હતો.

યેન-કો સાથેના મારા મેળાપ પછી એકાદ મહિનામાં જ મારે પોતાને પણ જુન પરગણા સહિત દક્ષિણના પ્રદેશના પ્રવાસે જવાનું થયું.એ વૃદ્ધ વડીલને મેં આ વાત કરી ત્યારે 'શરદશૈલ'ની શોધ કરવાનું અષમણે મને સૂચવ્યું. 'એ ચિત્ર જ્યારે ફરીથી બહાર આવશે.' એ બોલ્યા. 'ત્યારે કલાજગત માટે ખરેખર સોનાનો સૂરજ ઊગશે.'

ત્યાં સુધીમાં તો હું પણ એ ચિત્ર જોવા માટે આતુર બન્યો હતો, એ કહેવાની જરૂર ન જ હોય; પણ મારો પ્રવાસ ભરચક હતો ને શ્રી. ચાંગને ઘરે જવા જેટલો અવકાશ મને નહીં મળે એ તરત સમજાઈ ગયું. પરંતુ એ દરમ્યાન 'શરદશૈલ' એક વાંગ નામના અમીરના કબજામાં આવ્યું છે એવી વાત મારા સાંભળવામાં આવી. આ ચિત્રની વાત જાણીને શ્રી.વાંગે ચાંગના પૌત્ર પાસે પોતાનો દૂત મોકલ્યો હતો, એ દૂત સાથે ચાંગના પૌત્રે અનેક પેઢી દર પેઢી વારસામાં ઊતરી આવેલા પોતાના કુટુંબના અસલ દસ્તાવેજો ને વિધિપ્રસંગે વપરાતી વિશાળ કડાઈઓ મોકલી આપ્યાં હતાં એટલું જ નહીં પણ તા ચીહના 'શરદશૈલ'ના વણેનને બંધબેસતું ચિક્ષ પણ મોકલી આપ્યું હતું એમ કહેવાય છે. આ બધી ભેટથી પ્રસન્ન થયેલા. શ્રી.વાંગે ચાંગના પૌત્રના માનમાં એક મોટી મિજબાની આપી હતી. મિજબાનીમાં એ યુવાનને માનભર્યાસ્થાને બેસાડયો હતો ને સ્વાદિષ્ટ વાનગીઓથી, ઉલ્લાસભર્યા સંગીતથી ને ખૂબસૂરત યુવતીઓના સહવાસથી રાજીરાજી કરી દીધો હતો; તે ઉપરાંત એણે એને એક હજાર સોનામહોર પણ આપી હતી.

આ વાત સાંભળીને મારું હૈયું આનંદથી નાચી ઊઠ્યું, અરધા સૈકાની આસમાનીસુલતાની પછી પણ 'શરદશૈલ' હજી સુરક્ષિત હતું ! એટલું જ નહીં, મારે માટે એ સુગમ પણ બન્યું હતું.ઓછામાં ઓછી જરૂરિયાત લઈને હું તો તરત જ એ ચિત્રનાં દર્શને નીકળી પડ્યો.

એ દિવસ મને હજીયે એવો જ યાદ છે. આરંભાયેલા ગ્રીષ્મનો શાંત પ્રસન્ન મધ્યાહ્ન હતો ને શ્રી.વાંગના બગીચામાં ખીલેલાં પુષ્પો ગૌરવભેર ડોલી રહ્યાં હતાં. શ્રી.વાંગને મળતાંવેંત મારા મુખ પર આનંદનું સ્મિત મહોરી ઊઠ્યું. એમને વિધિપૂર્વક વંદન કરવાનું

તો મેં હજી પૂરુંયે કર્યું નહોતું. 'શરદશૈલ' અહીંયાં આ ઘરમાં જ છે એ વિચાર પણ કેવો મધુર છે !" હું બોલી ઊઠ્યો. એને ફરી એક વાર નિહાળવાનો પ્રયાસ કરતાં કરતાં યેન-કોએ કેટલાં વર્ષ વેડફી નાખ્યાં ને મારી પોતાની અભિલાષા તો હમણાં જ તદ્દન અનાયાસ બહાર પડવાની....'

'તમે બરાબર સૂભ શુકન જોઈને જ ાાવ્યા છો,' વાંગે જવાબ આપ્યો.'અત્યારે હું ખુદ યેન-કોની તેમ જ મહાન વિવેચક લિયેન-ચોઉની જ રાહ જોઉં છું. અંદર આવો ને તમે પહેલાં આવ્યા છો એટલે ચિત્ર પણ પહેલું તમને જ દેખાડીશ.'

'શરદશૈલ' ને ભીંતે ટાંગવાની આજ્ઞા શ્રી. વાંગે તરત જ આપી દીધી. ને પછી તો એ બધું જ મારી આંખ સામે ઊમટી આવ્યું. નદીતીરનાં નાનાં નાનાં ગામડાં, ખીણ પર સહેલતાં શ્વેત વાદળાંનાં જૂથ, ઘડીદાર આવરણની લહરની હાર જેમ ક્ષિતિજ સુધી વિસ્તરતી ઉન્નત શૈલમાળાનો લીલો રંગ વાસ્તવમાં, તા ચીહે સર્જેલી સમગ્ર સૃષ્ટિ, આપણી પોતાની સૃષ્ટિ કરતાં તો ક્યાંય અપૂર્વ એવી સૃષ્ટિ. ભીંત પરના ઓળિયાનું હું એકચિત્તે પાન કરતો હતો તેમ તેમ મારા હૃદયના ધબકારા વધતા જતા હતા.

આ વાદળાં ને આ ધુમ્મસ, આ પર્વતો ને આ ખીણો એ તો નિઃશંક તા ચીહની જ સૃષ્ટિ.પીંછીનો એક એક લસરકો એક એક જીવન ધબકતું વિશ્વ બની જાય એટલી પૂર્ણતા રેખાંકનની કલામાં તા ચીહ સિવાય કોણ કરી શકે ? આટલું રહસ્ય ને આટલી સમૃદ્ધિ રંગમાં નિપજાવવાં ને સાથે સાથે પીંછી તમે જ રંગના દ્રવ્ય(પેઇન્ટ)ની તમામ કૃત્રિમતાની છાયા સરખીયે વ્યકત ન થવા દેવી એ એના સિવાય કોણ કરી શકે ? ને છતાં...ને છતાં મને એકાએક થયું કે યેન-કોએ એક વાર વર્ષો પહેલાં નિહાળેલું ચિત્ર તો આ નથી જ. ના, ના, એ નિઃશંક એક ભવ્ય ચિત્ર તો હતું જ. ને છતાં એક ભકતની મુગ્ધતાથી એણે જે અદ્વિતીય ચિત્રનું વર્ણન કર્યું હતું તે આ તો નહોતું જ એ પણ એટલું જ નિઃશંક !

શ્રી.વાંગ ને એમનાં સ્વજન મારી આસપાસ ટોળે વળ્યાં હતાં ને મારા મુખભાવ નીરખી રહ્યા હતાં, એટલે મેં સત્વર મારો ઉત્સાહ વ્યકત કરી દીધો. આ ચિત્રની વિશ્વસનીયતા વિશે એને શંકા આવે એવું સ્વાભાવિક રીતે જ મને મન નહોતું, છતાં મારા પ્રશંસાપૂર્ણ ઉદ્‌ગાર એને સંતોષી ન શક્યા એ દીવા જેવું સ્પષ્ટ હતું. એ જ પળે યેન-કોના આગમનની —આ 'શરદશૈલ'ની સહું પ્રથમ વાત જેણે મને કરી – એમના આગમનની છડી પોકારાઈ. શ્રી.વાંગને એ વૃદ્ધ વડીલ વંદન કરતા હતા ત્યારે એમના અંતરતમની ઉત્કંઠા હું પામી શક્યો, પણ ઓળિયા પર એમની નજર ઠરી ન ઠરી ત્યાં જ એમના મુખ પર એક ઘેરી છાયા ફરી વળી.

'કેવુંક લાગે છે તમને, મુરબ્બી ?' એમને ધ્યાનપૂર્વક નીરખી રહેલા શ્રી.વાંગે પૂછ્યું.'અમે હજી હમણાં જ શ્રી. વાંગ શિહ-કુની ઉત્સાહભરી પ્રશંસા સાંભળી પણ ....'

'અરે, સાહેબ, આ ચિત્ર પ્રાપ્ત કરીને તો તમે ખૂબ ભાગ્યશાળી બન્યા છો.' યેન-

કોએ તરત જ જવાબ આપ્યો. 'એની ઉપસ્થિતિથી તો તમારા ઘરની બીજી તમામ સંપત્તિનું તેજ વધી જશે.'

યેન-કોનાં વિનયી વચનોથી તો શ્રી.વાંગની ચિંતા ઊલટી વધારે ઘેરી બની. મારી જેમ એમને પણ એમાં અસત્યતાનો સૂર સંભળાયો હશે. આ જ પળે સુવિખ્યાત વિવેચક લિયેન-ચોઉનું આગમન થયું ને અમે બધાંએ જરાક હાશ અનુયભવી. અમને નમન કરીને એ ઓળિયા તરફ ફર્યા ને પોતાની લાંબી મૂછો ચાવતાં ચાવતાં એને શાંત ચિત્તે નીરખવા લાગ્યા.

'મુ. યેન-કોએ પચાસ વર્ષ પહેલાં જોયેલું ચિત્ર મોટે ભાગે આ જ છે,' શ્રી.વાંગે એમને ખુલાસો કર્યો.'પણ આ કૃતિ વિશે તમારો અભિપ્રાય જાણવાનું મને ખૂબ જ મન છે. તમારો પ્રામાણિક અભિપ્રાય,' પરાણે સ્મિત કરતાં શ્રી.વાંગે ઉમેર્યું.

લિયેન-ચોઉએ વિશ્વાસ નાખ્યો ને ચિત્રને નીરખ્યા જ કર્યું. પછી એક ઊંડો શ્વાસ લઈને એ શ્રી.વાંગ તરફ ફર્યા ને બોલ્યા : 'સાહેબ, આ કદાચ તા ચીહની મહાનમાં મહાન કૃતિ છે. પેલાં વાદળાંમાં કલાકારે કેવી રંગપૂરણી કરી છે તે જરા નિહાળો. એની પીંછીમાં કેવી શક્તિ હતી ! એનાં વૃક્ષનો રંગ પણ ધ્યાનમાં રાખો; ને પછી આખાય સંવિધાનમાં પ્રાણ પૂરનાર પેલા દૂરદૂરના શિખરને.' બોલતાં બોલતાં લિયેન-ચોઉએ ચિત્રનાં જુદાં જુદાં આગળ પડતાં અંગ દર્શાવ્યાં, ને શ્રી વાંગના મુખ પર પહેલાં નિરાંતનો ને પછી પ્રસન્નતાનો ભાવ પ્રસર્યો.

એ દરમિયાન યેન-કો સાથે મેં છૂપો દૃષ્ટિવિનિમય કરી લીધો.'મુરબ્બી,' મેં હળવેકથી પૂછ્યું.'આ અસલી 'શરદશૈલ' છે ?' લગભગ કળી ન શકાય તેમ એ વૃદ્ધ વડીલે માથું ધુણાવ્યું. એ પળે એમની આંખો ટમટમી ઊઠી.

'એ બધું સ્વપ્ન જેવું જ લાગે છે,' એ ધીમેથી બોલ્યા. 'મને ખરેખર સતત એક વિચાર આવ્યા કરે છે કે શ્રી. ચાંગ કોક પ્રેત તો નહીં હોય ને !'

'તો આ છે. 'શરદશૈલ'ની વાત.' થોડો વિસામો લઈ વાંગ શિહ-કુએ કહ્યું ને ચાનો ઘૂંટડો ભર્યો.'એ પછી કહેવાય છે કે શ્રી.વાંગે એનો તાગ કાઢવા બધી જ જાતની પૂછપરછ કરી. શ્રી. ચાંગને એ મળ્યા, પણ એમણે જ્યારે 'શરદશૈલ'ની વાત એની પાસે કાઢી, ત્યારે એ યુવાને બીજી કોઈ અનુકૃતિની વાતને સાવ નકારી કાઢી.એટલે આટલાં બધાં વર્ષો પહેલાં યેન-કોએ જોયેલું 'શરદશૈલ' અત્યારે ક્યાંક ગોંધાતું પડ્યું હશે એનો જવાબ કોઈ જ આપી શકે નહીં, કે કદાચ એ આખીય વાત એ વૃદ્ધના સ્મૃતિદોષને જ આભારી હોય. તેમ છતાં, 'શરદશૈલ'ને જોવા માટે જ યેન કો શ્રી. ચાંગને ઘરે ગયા હતા એવી એમની વાત ને નક્કર સત્યનો આધાર નથી એમ તો ન જ કહી શકાય.'

'ભલે, પણ એ અવનવા ચિત્રની સ્મૃતિ યેન-કોના મનમાં તો હંમેશને માટે અંકાઈ ગઈ છે એમાં તો જરાય શંકા નથી. ને તારા મન પર પણ અંકાઈ ગઈ છે.'

'હા,' વાંગ શિહ-કુએ કહ્યું, 'આટલાં બધાં વર્ષો પહેલાં યેન-કોએ વર્ણન કર્યું એ

શૈલરાજનાં અંગાંગનો ઘેરો લીલો રંગ મને આજેય એવો ને એવો જ દેખાય છે. આ ને આ પળે જાણે એ ચિત્ર મારી આંખ સામે જ હોય એમ હું ફૂલછોડનાં રાતાં પર્ણો જોઈ શકું છું.'

'તો તો એનું અસ્તિત્વ ક્યારેય ઉદ્‌ભવ્યું ન હોય તો પણ શોક અનુભવવાનું ખરેખર ઝાઝું કારણ નથી !'

એ બંને જણે હાસ્ય કર્યુ ને આનંદમાં આવી જઈ તાળી પાડી.

અનુ. જયંત પારેખ

નરકપરદો

આકુતાગાવા રિયુનોસુકે

હોરિકાવાના રાજા જેવો બીજો કોઈ માણસ કદી પણ થશે કે કેમ એની મને શંકા છે. એમના જેવો બીજો કોઈ જાણે થયો નથી જ. કોઈ કોઈ તો એમ કહે છે કે એમના જનમ પહેલાં રાજમાતુશ્રીને સપનામાં ઇન્દ્ર ભગવાને દેખા દીધી હતી. ગમે તેમ પણ એટલું સાચું કે જનમ ધર્યો તે દિવસથી છેક સુધી રાજાસાહેબ અતિશય અલૌકિક માણસ રહ્યા છે. તેઓનું એકે કામ સાધારણ નહીં; રોજ ઊઠીને લોકોને તેઓ ચમકાવતા રહેતા. હોરિકાવાગઢની ભવ્યતા તો તમે ફક્ત એની રૂપરેખા જુઓ તોય ઊડીને આંખે વળગે એવા દરબારગઢની મનમાં કલ્પના પણ કરવી એ કોઈ કાચાપોચા માણસનું કામ નહીં.

પણ રાજાસાહેબનો ઇરાદો પોતાની એકલાની કીર્તિ વધારવાનો જરાય નહીં; તેઓ મોટા મનના હતા, હલકી વરણનું પણ ધ્યાન રાખે; પોતે ભોગવે ત્યારે આખો દેશ પન ભેગો ભોગવે એવું ઇચ્છે.

હિગાશી સાન્જોના પ્રખ્યાત કાવારા મહેલની જ વાત લઈએ. કહે છે કે દીવાન તોરુનું ભૂત ત્યાં રોજ ધમસાણ કરતું. છેવટે રાજાસાહેબે તેને મંતર મારીને હાંકી કાઢ્યું. રાજધાનીમાં તો એમની એવી બોલબાલા હતી કે સ્ત્રીપુરુષ, આબાલવૃદ્ધ તમામ એમને સાક્ષાત્ ભગવાનનો જ અવતાર માનતાં ને તે કંઈ અમથાં નહીં. એક વાર, તેઓ વસંતપંચમીના ઓચ્છવમાંથી પાછા આવતા હતા ત્યારે એમનો બળદ વકર્યો ને રસ્તે જતા એક ડોસાને વગાડ્યું. પણ કહે છે કે ડોસો તો બે હાથ જોડીને 'ધન્ ધન્' બોલવા મંડ્યો ને ખરેખર જ રાજાસાહેબના બળદે એને પાડી નાંખ્યો તેને પોતાનું ધન્ય ભાગ્ય માનીને એમનો પાડ માનવા મંડ્યો !

આમ, રાજાસાહેબની જિંદગીમાં અનેક પાવન પ્રસંગોનો મસાલો પડ્યો છે. એક સમારંભમાં એમણે ત્રીસ સફેદ ઘોડા દાનમાં આપી દીધા; બીજી વાર વળી નગારાના પુલમાં જીવતો થાંભલો કરવા માટે પોતાના માનીતા ખવાસ છોકરાનો ભોગ આપી દીધો.

તેઓની બધી દંતકથાઓ કહેવા બેસું તો તો પાર જ ન આવે. આ દંતકથાઓ તો અસંખ્ય છે, પણ મહેલના સહુથી કીમતી અસબાબ સમો પેલો નરકપરદો કેમ ચીતરાયો એ વાતની તોલે આવે એવી વાત તો બીજી એકે નહીં. એને યાદ કરતાં જ માથાના મોવાળા ખડા થઈ જાય છે. રાજાસાહેબનું આમ તો કદી રૂવાંડુંયે ફરકે નહીં, પણ તે વખતે તો તેઓ ખુદ હબક ખાઈ ગયેલા લાગેલા. તો પછી એમના અમે બધા બે બદામના નોકર તો કેટલા બધા શિયાવિયા થઈ ગયા હોઈશું, વિચાર તો કરો. આ જનમમાં તો ઠીક, અમે આવતા ભવમાંય પૂળો મૂકવાની બીકથી કાંપતા હતા. મારી જ વાત કરું, તો હું વીસ વરસથી એમની ચાકરીમાં હતો, પણ એ ભયંકર બનાવ સગી આંખે જોયો ત્યારે મને થયું કે આવું તો કોઈ કાળેય નહીં બન્યું હોય. પણ એની વાત કરવા માટે મારે પહેલાં નરક-પરદો ચીતરનારા યોશિહિદેની વાત કરવી પડશે.

૨

હું ધારું છું કે યોશિહિદેને આજેય ઘણા યાદ કરતા હશે. એના જમાનામાં એની ટક્કરનો કોઈ ચિતારો નહોતો, તે વખતે હું માનું છું કે એ પચાસની લગભગ હશે. એ સ્વભાવે અતડો હતો. અને દેખાવે બેડોળ, બેઠી દડીનો, જાણે હાડકાં ને ચામડાનો થેલો. તેમાં પાછા એના જવાન માણસ જેવા રતુમડા હોઠ તો એના દેખાવને હતો તેથીયે ભૂંડો કરી મૂકતા. કેમ જનાવર જ જોઈ લ્યો ! કોઈ કોઈ તો કહેતા કે એ એની લાલ રંગવાળી પીંછી હોઠે ટેકવતો, પણ મને એની ખાતરી નથી. બીજા વધારે કઠોર લોકો વળી કહેતાં કે એનો દેખાવ ને હલનચલન જોઈને વાંદરું જ સાંભરે. અને તે પરથી તો મને આ વાત સાંભરી છે. યોશિહિદેની એકની એક દીકરી યુઝુકી પંદર વરસની મોહક બાળા હતી. રંગેરૂપે એ એના બાપ પર જરાયે નહોતી પડી. તે વખતે એ હોરિકાવામાં દાસી તરીકે કામ કરતી. છેક નાનપણમાં જ એની મા મરી ગઈ તેથી કદાચ હશે, પણ યુઝૂકી એની ઉંમર કરતાં ઘણી વધારે સમજણી ને લાગણીવાળી હતી. એટલે રાણીસાહેબના એના પર ચાર હાથ હતા અને એટલે બીજાં નોકરચાકરના તો હોય જ.

તે દિવસોમાં બનવાકાળ તે કોઈ કે એક પાળેલો વાંદરો નજર કર્યો. તોફાની કુંવરસાહેબે એને 'યોશિહિદે' જ કહેવા માંડ્યો. ગમે તેમ એ વાંદરો જોતાં જ હસવું આવે એવો તો હતો જ; તેમાં પાછું આવું નામ પડ્યું, એટલે તો પછી મહેલમાં એને જુએ તે દાંત કાઢે. પણ એ લોકો કાંઈ એટલેથી અટક્યા નહીં, એની પાછળ જ લાગ્યા. એ બાગમાં ઝાડ પર ચડતો હોય કે મહેલમાં પાથરણાં બગાડતો હોય. એ જ્યાં હોય ને ગમે તે કરતો હોય, તોય એની સામે 'યોશિહિદે' 'યોશિહિદે'ની બૂમો પાડી પાડીને લોક એને ખીજવતા.

એક દિવસ યુઝુકી કંઈક કાગળ પહોંચાડવા જતી હતી, ત્યાં તો પેલો વાંદરો દેખાયો. એ જીવ લઈને નાસતો હતો, એના પગનું હાડકું ઊતરી ગયું લાગતું હતું. કારણ એ

ખોડંગાતો હતો ને થાંભલા પર રોજની જેમ સપાટાબંધ ચડી શક્તો નહોતો. એની પાછળ કુંવરસાહેબ સોટી સમસમાવતા ને બૂમો પાડતા આવ્યા, 'પકડો એ ચોટ્ટાને ! નારંગી-ચોરને પકડો !' યુઝુકી સહેજ ખમચાઈ ગઈ, પણ તેથી તો એ નાસતા વાંદરાને તક મળી ગઈ. એ દયામણી ચીસો પાડતો પાડતો એના પાલવને વળગી પડ્યો. યુઝુકીના દિલમાં પણ એવું તો પુર ઊમટ્યું કે ઝાલ્યું ન રહે. એના એક હાથમાં કાગળ એમનો એમ અધ્ધર રહ્યો ને બીજા હાથે એનાં કિરમજી કિમોનોની બાંય અર્ધગોળાકારે ફરકાવતાંકને એણે વાંદરાને હળવેથી ઉપાડી લીધો.પછી કુંવરસાહેબ પાસે ઘૂંટણિયે પડીને એણે રૂપાની ઘંટડી જેવા અવાજે કહ્યું : 'આપની ક્ષમા જાચું છું. આ તો છેવટે જાનવર છે. એની દયા જાણીને માફ કરો, મારા માલિક !'

પણ કુંવરસાહેબ તો ધૂઆંફૂઆં થતો આવ્યો હતો; એણે ઘૂરકિયું કરીને ધમ્ ધમ્ પગ પછાડ્યા.'તું શું કામ આડી આવે છે ? એ બદમાશ નારંગી ચોરીને નાઠો છે.'

'પણ એ તો જાનવર છે માલિક !' એણે ફરી એનું એ કહ્યું; પછી થોડું રહીને ગમગીન ચહેરે સહેજ મલકીને બોલી, 'અને આપ તો એને યોશિહિદે કહો છો એટલે કેમ જાણે મારા બાપને સજા થતી હોય એવું લાગે છે. મારાથી એ જોયું જતું નથી.'

શી ખબર યુઝુકીનીયે શું છાતી ચાલી ! કુંવરસાહેબના હાથ હેઠા પડી ગયા.

'વારુ, તું તારા બાપને બચાવવા નીકળી હો, તો જા હું એને જતો કરું છું.' એમણે કટાણે મોંએ કહ્યું, 'જો કે આ કાંઈ મને અદલ ઇન્સાફ તો જાણે નથી લાગતો.'

સોટી ફંગોટીને એ આવ્યા હતા તે જ બારણેથી પાછા જતા રહ્યા.

૩

તે દિવસથી યુઝુકી અને વાંદરાનાં દિલ એકગાંઠ થઈ ગયાં. કુંવરસાહેબાએ યુઝુકીને એક રેશમી લાલ દોરો આપેલો તે લઈને એણે વાંદરાને ગળે સોનાની ઘંટડી બાંધી. વાંદરો પણ યુઝુકીને પળવાર આંખથી આઘી થવા દે નહીં. દાખલા તરીકે, એક વાર એ સખત શરદીથી પટકાઈ પડી ત્યારે રડમસ મોઢું કરીને એ એના ઓશીકા પાસે જ નખ કરડતો પૂતળાની જેમ બસ બેસી જ રહ્યો.

બીજી નવાઈની વાત એ હતી કે તે દિવસથી વાંદરાને કોઈ અગાઉ જેવી ખરાબ રીતે પજવતું નહીં. ઊલટું, લોકો એની સાથે ગેલ કરવા મંડ્યા અને ખુદ કુંવરસાહેબ પણ કોઈ કોઈ વાર એની સામે કંઈક ફળફળાદિ ઉછાળતા. એક વાર તો તેઓ એક સિપાઈને વાંદરાને લાત મારતો જોઈ ગયા ને એમનો પિત્તો એવો તો ગયો. અને રાજાસાહેબની વાત કરીએ તો એમણે જ્યારે સાંભળ્યું કે એમનો કુંવર વાંદરાનો રક્ષક બન્યો છે ત્યારે એમણે યુઝુકીને એ વાંદરાને તેડીને પોતાની સામે હાજર થવા કહેવડાવ્યું. આ વખતે જ એણે વાંદળાને કેમ પાળ્યો, તે એમણે જાણી લીધું હશે.

'તું તો ભારે પિતૃભક્ત છોકરી લાગે છે, મારે તને તે બદલ બક્ષિસ આપવી પડશે,' એમ કહીને એમણે યુઝુકીને સારે દિવસે પહેરવા જેવો જાંબુડિયો કિમોનો આપ્યો. એણે બક્ષિસ લઈને મુજરો કર્યો તે જોઈને વાંદરાએ પણ ખૂબ ઠાવકાઈ ને અદબથી મુજરો કર્યો. રાજાસાહેબ તો ખુશખુશ થઈ ગયા. આમ એ છોકરી વાંદરાની દોસ્તી કરીને રાજાસાહેબની લાડકી થઈ પડી. કારણ એમના દિલમાં એની પિતૃભકિતની કદર પેદા થઈ, લોકવાયકા મુજબ એમને એનું ઘેલું લાગ્યું હતું એટલે કંઈ એમણે એને ભેટ નહોતી આપી. એ વાયકા માટે કદાચ કંઈક મળ્યુંયે હોય, પણ એ વાત તો હું જરા રહીને કરીશ. હમણાં તો એટલું કહી દેવું પૂરતું છે કે હોરિકાવાના રાજાસાહેબ કાંઈ એવી માટીના નહોતા જે નાચીજ ચિતારાની છોકરીના પ્રેમમાં પડી જાય, એ ગમે તેટલી રૂપાળી હોય તેથી શું થયું ?

આમ માનપાન પામીને યોશિહિદેની દીકરી એમની હાજરીમાંથી પાછી ફરી. અને એ શાણી ને સારી હતી એટલે બીજી દાસીઓને એની અદેખાઈ પણ ન આવી. ઊલટું એ ને એનો વાંદરો સહુ કોઈનાં અગાઉ નહોતાં એટલાં માનીતાં થઈ પડ્યાં. ખાસ કરીને કુંવરીસાહેબા તો એ બંને પર એવાં ફિદા થઈ ગયાં કે યુઝુકીને રાત ને દિવસ પોતાની પાસે જ રાખવા મંડ્યાં. માફામાં બેસીને આનંદપર્યટન પર નીકળે ત્યારે યુઝુકી વિના એમને ના ચાલે તે ના જ ચાલે.

પણ આપણે થોડી વાર માટે દીકરીની વાત પડતી મૂકીને બાપ તરફ નજર કરી લેવી જોઈએ. યોશિહિદેનો નામેરી વાંદરો તો જોતજોતામાં બધાંનો લાડકો થઈ પડ્યો. પણ એ મહાન ચિતારો પોતે તો સહુને અણગમતો જ રહ્યો. અણગમો પણ મહેલનાં લોકો પૂરતો જ, બાકી યોકોગાવાનો મહંત તો એને રીતસર ધિક્કારતો જ હતો. અને યોશિહિદેનું નામ પડતાં બરાબર એને શેતાન સામો મળ્યો હોય એમ એના ચહેરાનો રંગ બદલાઈ જતો.(હા,લોક ઘૂસપૂસ વાતો કરતાં તે જો ખરું હોય તો યોશિહિદેએ મહંતનું ઠઠ્ઠાચિત્ર દોર્યું ત્યારથી છેક આવું તો થયેલું, પણ વાયકામાં ખરું શું ને ખોટું શું તે કોણ કહી શકે ?) તે જે હોય તે, એટલું નક્કી કે ચિતારા વિશે તમે ગમે તેને પૂછો તો એ મોં જ બગાડવાનો. એનું ભૂંડું નહીં બોલનારાં બે ચાર લોકો હતાં – થોડા એના ચિતારા દોસ્તો ને બીજા એનાં ચિત્રોને જ જાણનારા ને એને. ચિતારાને ખુદને, તો નજરેય નહીં ઓળખનારા કદરદાનો.યોશિહિદે માત્ર દેખાવે જ ભૂંડો નહોતોઃ એની ટેવો તો લોકોને એના મોંઢા કરતાંયે અળખામણી થઈ પડેલી. બધા એની નિંદા કરતા તેમાં એના પોતાના સિવાય કોઈનોય વાંક કાઢી શકાય તેમ નહોતું.

૪

એ કંજૂસ હતો. એ મિજાજી હતો, એ બેશરમ હતો, એ આળસુ હતો, એ લોભિયો હતો, પણ ભૂંડામાં ભૂંડું તો એ કે એ મિથ્યાભિમાની હતો, એ બીજાને તો મગતરાં

જ માનતો. પોતે દેશનો સહુથી મહાન ચિતારો છે તેની એને ખાતરી હતી.

એને પોતાની આવડતનું અભિમાન ફક્ત હોત તો કંઈ એટલું બધું બગડી ન જાત, પણ એ તો બધી વાતમાં નાકનું ટીચકું ચડાવતો. સમાજના રીતરિવાજો ને સવલતોનીય ઠેકડી ઉડાડતો.

એટલે 'સુંદરતાની દેવી'નું ચિત્ર દોરતી વખતે એણે છેક બજારુ સ્ત્રીનો નમૂનો લઈને ચહેરોમહોરો દોર્યો અને પુણ્યશ્લોક ફ્યુડો રાજાનું ચિત્ર દોરતી વખતે કોઈક જેલમાંથી છૂટી આવેલા દુષ્ટ ડાકુનું ડાચું ચીતર્યું, એ અદ્દલ એના સ્વભાવ મુજબની જ વાંકાઈ હતી. એણે પસંદ કરેલા નમૂના જોઈને તો ગમે તે માણસ આંચકો ખાઈ જાય. એને જ્યારે ઠપકો આપવામાં આવ્યો ત્યારે એણે તો ટાઢે કોઠે કહ્યું, 'મેં મારી પીંછીથી જે દેવો અને બુદ્ધોને જીવન બક્ષ્યું છે તે જો મને સજા કરે તો નવાઈ !'

એના ભયંકર ભાવિનો વિચાર કરીને એના શિખાઉ ચેલાઓ થથરી ગયા અને ઘણાએ તો એની ચિત્રશાળા છોડીને ચાલતી જ પકડી. આ બધું એનું ગુમાન હતું. એ પોતાની જાતને જાપાનનો મહાનમાં મહાન માણસ માની બેઠો હતો.

ટૂંકમાં એને બેનમૂન શકિતઓ મળી હતી, પણ એ એની હેસિયત કરતાં ઘણી વધારે હુંફાદથી વર્તન કરતો. જે ચિતારાઓને એની સાથે બનતું નહીં તે તો એમ જ કહેતા કે એ ચિતારો કે દિનો ? એ તો ધુતારો, એની રેખા જુઓ, રંગ જુઓ. જોયાં છે ક્યાંય એવાં ઢંગધડા વિનાનાં રંગ ને રેખા ! જૂના જમાનાના વિખ્યાત ચિતારાઓએ દેવદ્વાર પર ચીતરેલાં ચિત્રો તરફ નજર તો કરો ! ચાંદનીમાં પ્લમનું ફૂલ ચીતર્યું હોય તે એવું તો આબેહૂબ કે તમને એની મહેક આવે મહેક ! ને પાવો વગાડતો ગોવાળ ચીતર્યો હોય તો તમને કેમ જાણે એનો પાવો જ સંભળાવા માંડે ! એ રીતે એ લોકો સુંદરતાનો પાર પામ્યા ને કીર્તિ કમાયા, પણ યોશિહિદેનાં ચિત્રો તો ભયંકરતાથી ને અળખામણાપણાથી જ કાયમ જગબત્રીસીએ ચડતાં. દાખલા તરીકે, એણે રયુગાઈ મંદિરને બારણે, 'જીવન-મૃત્યુનાં પાંચ પાસાં' છેક કેવાં ચીતર્યાં ! લોક બોલવા મંડ્યાં; આ બારણે થઈને નીકળો તો ત્યાં ચીતરેલાં દેવ-દેવતાનાં નિસાસા ને ડૂસકાં તમને સંભળાયા વિના નહીં રહે. બીજા કેટલાક કહેતા કે તમને સડતાં મડદાંની બદબૂ આવ્યા વિના નહીં રહે, અથવા બીજી વાર જ્યારે એણે રાજાસાહેબના હુકમથી એમના રણવાસની કેટલીક સ્ત્રીઓનાં ચિત્રો દોર્યાં, ત્યારે એ બધી જ સ્ત્રીઓ ત્રણ વરસની અંદર અંદર ખાટલે પડી. કેમ જાણે એમનો જીવ જ કોઈએ બાંધી લીધો ન હોય ! અને મરી છેવટે મરી પણ ગઈ. યોશિહિદેનું ભૂંડું બોલનારાને મન આ હકીકત એ વાતની અફર સાબિતીરૂપ હતી કે એ ચિતારો એનાં ચિત્રો મેલી વિદ્યા વડે ચીતરતો હતો.

યોશિહિદેને એની વિકૃતિઓની આ નામચીની જાણીને મોજ પડતી. એક વાર, રાજાસાહેબે એને મજાકમાં કહ્યું, 'તને કદરૂપું જ ગમતું લાગે છે.' ત્યારે યોશિહિદેના અકુદરતી રીતે લાલ લાગતા હોઠ ભૂંડુંભખ હસી ઊઠ્યા ને એ તિરસ્કારપૂર્વક બોલ્યો.

'જરૂર ગમે છે. ભીંતે લપેડા કરનારાઓને સાચા કુરૂપની સુંદરતા કયે દિ સમજાવાની!'

પણ આ કહ્યું કહેવાય નહીં એવા છેક જ બેફામ બોલનારા માણસની કાળી બરછટ માણસાઈના પોતમાં પણ એક કૂણો સોનેરી તાંતણો હતો.

૫

અને તે એની એકની એક દીકરી માટેનું એનું વહાલ. જિગર નીચોવીને એ યુઝુકીને વહાલ કરતો. હું આગળ કહી ગયો તેમ યુઝુકી કોમળ છોકરી હતી અને એ એના બાપને દેવની જેમ પૂજતી. પણ એના બાપનું વહાલ પણ કંઈ દીકરીની ભક્તિથી ઊતરે એવું નહોતું. આ માણસ જે કદી કોઈ મંદિરમાં રાતી પાઈ પણ મૂકતો નહીં, એણે એની દીકરી માટે આવો ફક્કડ કિમોનો કરાવવામાં અને વાળમાં ભેરવવાના સરસ મઝાના ચાક ઘડાવવામાં ખરચ સામું જોયા વિના પૈસા ઉડાડ્યા. તે વખતે અમે લોકો તો આંખો ચોળીને જોઈ જ રહેલા !

પણ યોશિહિદેના વહાલમાં ફકત લાગણી સિવાય બીજુ કાંઈ ન મળે. જેમ કે દીકરી માટે સારો વર શોધવાનો તો એને વિચારેય નહોતો આવતો. છતાં જો કોઈ એની દીકરી સામે આંખ સરખી ઊંચી કરે તો એ મવાલીઓ રોકીને પણ એનું કાટલું કાઢાવી નાંખતાં પાછું વાળીને જુએ નહીં. એટલે જ્યારે યુઝુકી રાજાસાહેબનો હુકમ માથે ચડાવીને હોરિકાવામાં ચાકરીએ રહી ત્યારે યોશિહિદેને બહુ જ ખરાબ લાગ્યું. રાજાસાહેબ પાસે એ હાજર થયો ત્યારે પણ મોં ચડાવીને જ ઊભો રહ્યો. એવી જે ગુલબાંગ ઊડી કે રાજાસાહેબે બાપની ઉપરવટ જઈને પણ એના ફૂલને રગદોળ્યું, તે ઘણે ભાગે તો યોશિહિદેની આ નાખુશી લોકનજરે ચડી એટલે જ.

એ અફવા ખોટી જ હોય તો પણ એટલું તો સ્પષ્ટ હતું કે યોશિહિદે મમતાનો માર્યો એની દીકરી રાજાસાહેબના રણવાસમાંથી છૂટીને એની પાસે પાછી આવે તેને માટે તરફડતો હતો. પછી યોશિહિદેને જ્યારે જ્ઞાનના દેવનું ચિત્ર દોરવાનું સોંપાયું ત્યારે એણે રાજાસાહેબના માનીતા ખવાસને નમૂના તરીકે બેસાડ્યો અને રાજાસાહેબ પ્રસન્ન થઈ જાય તેવું સુંદર ચિત્ર દોરી આપ્યું. રાજાસાહેબે કૃપા કરીને કહ્યું, 'આના ઇનામ તરીકે તું જે માગે તે આપું. બોલ શું જોઈએ તારે ?' યોશિહિદેએ લળી લળીને રાજાસાહેબનો આભાર માન્યો; પણ તમે શું ધારો છો. એણે કેવી ગુસ્તાખ અરજ ગુજારી હશે ? એણે તો અરજ કરી કે એની દીકરીને રાજાસાહેબની ચાકરીમાંથી છૂટી કરવામાં આવે ! પોતાની દીકરીને ચાકરીમાં રાખવાની અરજ કરવી એ પણ જ્યાં અવિવેકમાં ખપે, ત્યાં યોશિહિદે સિવાય તે બીજો કયો મૂરખ દીકરીને છૂટી કરવાની વિનંતી કરે ? ભલે ને એ દીકરી ગમે તેટલી વહાલી હોય તેમાં શું થયું ? આ સાંભળીને શાંતિના સાગર જેવા રાજાસાહેબ પણ અકળાઈ ઊઠ્યા, અને ચુપચાપ યોશિહિદેના ચહેરા સામું એકાદ લાંબી ક્ષણ સુધી તાકી રહ્યા.

'નહીં' એમના મોંમાંથી થુથુકાર નીકળી પડયો ને એ ચડપ ઊભા થઈ ગયા.આવું જ ફરી ચાર કે પાંચ જુદે જુદે વખતે બન્યું. આજે યાદ કરું છું ત્યારે સમજાય છે કે એક પછી એક પ્રસંગે રાજાસાહેબની યોશિહિદેના ચહેરા પર તકાયેલી નજર વધુ ને વધુ ટાઢીબોળ થતી ગયેલી. એમ હોય કે આને જ લઈને યુઝુકીને એના બાપની સલામતીની ચિંતા થતી હતી. કારણ ઘણીય વાર એ એની ઓરડીમાં એની બાંયમાં દાંત ભેરવીને ધ્રૂસ્કાં ખાતી સંભળાતી. રાજાસાહેબ યોશિહિદેની દીકરીના પ્રેમમાં પડી ગયા છે એવી ઉટપટાંગ વાત જોરશોરથી ચોમેર ચાલી એનું કારણ નક્કી આ જ હતું. એક જણે તો ત્યાં લગી ચલાવ્યું કે યુઝુકી રાજાસાહેબની ઇચ્છા આગળ નમી નહીં તેને લઈને જ તો નરકપરદો હસ્તીમાં આવ્યો ! પણ એ તો કાંઈ સાચું હોવાનો સંભવ ન ગણાય.

અમે તો માનીએ છીએ કે રાજાસાહેબે એને છૂટી ન કરી તે ફક્ત યુઝુકીની દયા જાણીને. એમને એની હાલત પર દયા આવતી હતી. એને આવા કઠોર બાપ પાસે મૂકવી તે કરતાં એને ઊની આંચ ન આવે એવા મહેલમાં જ રાખવાની એમની દાનત હતી. એમાં તો એમના તરફે દયામાયા સિવાય બીજું કશું જ નહોતું. છોકરીને રાજાસાહેબ તરફથી અવારનવાર ભેટસોગાદો મળતી પણ તેથી એ એમની રખાત હતી એમ કહેવું તો સાવ વધારે પડતું જ ગણાય. ના, એવું તદ્દન બિનપાયાદાર જૂઠાણું તો ન ચલાવાય.

તે જે હોય તે, યોશિહિદેએ તો દીકરી પાછી માગીને રાજાસાહેબની ખફામરજી જ વહોરી લીધી. ત્યારબાદ હોરિકાવાના રાજાએ યોશિહિદેને અચાનક બોલાવી મંગાવ્યો અને એમના મનમાં જે હોય તે, પણ એમણે એને નરકનાં કુંડાળાંવાળો પરદો ચીતરી લાવવા ફરમાવ્યું.

૬

હું જ્યારે નરકનાં કુંડાળાંનો પરદો કહું છું ત્યારે મારી આંખો સામે એ ભયાનક દૃશ્યો તરી આવે છે. બીજાઓએ પણ નરકપરદા તો દોર્યા છે, પણ યોશિહિદેએ તો પહેલી આકૃતિ આંકી ત્યારથી જ એની વસ્તુ બીજા બધાથી નિરાળી થવાની એ વાત નક્કી હતી. પહેલા પાંદડાને એક ખૂણે એણે દશ ચિત્રગુપ્તો અને એમનાં કુટુંબકબીલાને બારીક પીંછીએ ચીતર્યા, અને બાકીનું તો બધું જ - શું કહું ? – તલવારના જંગલમાં લાગેલા દાવાનળનાં બસ વમળો હતાં. હકીકતે નરકના અમલદારોનાં કપડાં, જે પીળાં ને વાદળી ટપકાંવાળાં હતાં તે સિવાય તમામ વસ્તુ ભડકે બળતા રંગની હતી, અને વચ્ચોવચ કાળી મેંશ ધુમાડી નાચતી હતી અને તણખા તો જાણે ઊડતા કોલસા !

એની એકલી રેખાઓ જોઈને જ માણસ મોંમાં આંગળા ઘાલી જાય, પણ એ વેરની ભડભડતી આગમાં આળોટતાં ને તડફડતાં પાપીઓ તો એવાં દોર્યાં હતાં કે નરકના કોઈ ચિત્રમાં કોઈ કાળેય તમે નહીં જોયાં હોય. ઊંચામાં ઊંચા કુળના નબીરાઓથી માંડીને

હલકામાં હલકા ભિખારી સુધીના એકેએક પ્રકારના માણસ એ ચિત્રમાં જોવા મળે તેમ હતું. દરબારી ઠાઠમાં હજુરિયાઓ, રણવાસના રંગરાગ સજેલી મનમોહક સુંદરીઓ, માળા જપતા ને મંતર ભણતા મહંતો, ઊંચી વ્યાસપીઠે ચઠીને બેઠેલા વિદ્વાનો, ભાતભાતનાં સફેદ વસ્ત્રો સજેલી નાની બાળાઓ, જાદુઈ લાકડીઓ ઘુમાવતા માયાવી બાવાઓ, - - હું નામ તે બધાંનાં કેટલાંકનાં લઉં ? એમાં એ તમામ હતાં. ભડકા ને ધુમાડાથી ઘેરાયલા, ઘોડા ને બળદના માથાવાળા દારોગાઓ એમને રિબાવતાં હતાં: વંટોળિયામાં પાંદડાં આમતેમ ઊડે તેમ આ બધા જીવ દશે દિશામાં ઊડતા હતા. સાચાંજૂઠાં જોશ જોનારી બાવીઓયે એમાં હતી. એમના બાબરા ચીપિયામાં ભેરવાયેલા હતા ને અંગો એવાં તો તાણીને બાંધ્યાં હતાં કે કરોળિયાના પગ કરતાં પણ વધારે કડકડતા લાગે. સુંવાળા રાજકુંવરોને ચામાચીડિયાંની જેમ ઊંધે માથે ટિંગાડેલા હતા ને એમની છાતીમાં ભાલા ભોંકેલા હતા. એમને લોખંડી જંજીરો વડે ફટકારવામાં આવતા હતા અને લોઢીપથ્થરના ગચ્ચાઓ હેઠળ કચડવામાં આવતા હતા. એમને ભૂખળવાં રાક્ષસી પક્ષીઓ અણિયાળી ચાંચો વડે ફોલી ખાતાં હતાં અને ઝેરી અજગરો એમને ગળી જતા હતા. કુલ્લે કેટલા પાપીઓ એમાં ચીતરેલા હતા તેની તો મારી પાસે કશી ગણતરી નથી અને એમના પર નંખાયેલાં તમામ વીતકોય હું ગણાવી શકું તેમ નથી.

પણ એ બધાંયમાં ઊડીને આંખે વળગે તેવું એક દૃશ્ય હતું તે તે મારે કહેવું જ પડવાનું.તલવારનાં ઝાડનાં ટોપકાં ઉપરથી કોઈ જનાવરની વિકરાળ દાઢો જેવાં દેખાતાં હતાં. તે દરેકની ઉપર બબ્બે ત્રણત્રણ જીવ વીંધાયેલા તડફડતા હતા.એ ટોપકાં પર આકાશમાંથી એક બળદજોડ્યો રથ પડતો હતો. રથના માફાના પરદા નરકના વાયરાથી ઊડાઊડ થતા હતા અને અંદર કોઈ મહારાજાની માનીતી સુંદરી બેઠેલી હતી. એનાં વસ્ત્રો ભપકાદાર હતાં. એના લાંબા કાળાભમ્મર વાળ જ્વાળાઓ વચ્ચે ફરફરતા હતા, એનો ઊજળા શંખ જેવો કંઠ લચકી પડ્યો હતો ને એનો દેહ વેદનાથી આમળા ખાતો હતો. બળતા રથમાં બેઠેલી એ સ્ત્રીનું દૃશ્ય નરકની આગન ત્રાસને તાદૃશ કરી નાંખતું હતું. આખાયે ચિત્રમાં પથરાયેલો ત્રાસ આ એક દૃશ્યમાં કેમ જાણે ઠુંસાઈ ગયો હતો. એ દૃશ્ય ચીતરવામાં ચિતારાએ એના દિલનો બધો આતશ ઠાલવી નાંખ્યો હતો. દૃશ્ય એટલું તો આબેહૂબ બન્યું હતું કે એની તરફ નજર કરનારના કાનમાં એ સુંદરીની છાતી ચીરી નાંખે તેવી ચિચિયારીઓના ભણકારા વાગવા માંડતા.

ઓહ, આને જ માટે, આ જ દૃશ્યને માટે પેલો ત્રાસજનક બનાવ બન્યો હતો ! તે વિના ખુદ યોશિહિદે પણ નરકની વેદનાઓને આવી હાજરાહજૂર તો શેનો ચીતરી શક્યો હોત ? આ પરદાને પૂરો કરવા માટે યોશિહિદેએ એવું તો દર્દનાક નસીબ હાથે કરીને વહોરી લીધું કે છેવટે એને આપઘાત કરવો પડ્યો. કારણ એણે આ જે નરક ચીતર્યું તે એ જ નરક હતું જેમાં દેશનો એ સહુથી મહાન ચિતારો, એક દિવસે સગે હાથે જ હોમાવાનો હતો.....

કદાચ હું નરકપરદાની બેમિસાલ કહાણી કહેવામાં વધુ પડતી ઉતાવળ કરી રહ્યો છું; વાતનો ખોટો છેડો મેં પહેલા કહી પાડ્યો હોય એમેયે બને. માટે મને યોશિહિદેની પેલી વાત પર જ પાછો આવી જવા દો, જ્યારે રાજાસાહેબે એને નરકનું ચિત્ર દોરવા ફરમાવ્યું હતું.

૭

પાંચ કે છ મહિના સુધી યોશિહિદે એ પરદો ચીતરવામાં એવો તો ગરકાવ થઈ ગયો કે એ મહેલમાં દેખાયો સુધ્ધાં નહીં. એની દીકરી એને આટલી બધી વહાલી હતી છતાં એ પરદો ચીતરવામાં પડ્યો પછી એય એને ન સાંભરી. એ શું નવાઈ જેવું નથી લાગતું ? એનો શિખાઉ ચેલો તો કહેતો કે યોશિહિદે કામે લાગે ત્યારે એવું જ લાગતું કે જાણે શિયાળવી એને મૂઠ મારી ગઈ ન હોય, તે વખતે તો યોશિહિદે વિશે કંઈ તરેહવાર વાતો સંભળાતી. કોઈ કહેતું કે એણે કોઈક જબરા દેવતા સામે સોગંદ લીધા છે એટલે એ તો મેલી વિદ્યા સાધીને નામ કમાવા નીકળ્યો છે. એ વાતનો પુરાવો શો ? એ જ કે તમે જો એની ચિત્રશાળામાં ડોકિયું કરવાની હિંમત ભીડો તો ત્યાં તમે નક્કી એને ભૂતાળવાં શિયાળોથી ઘેરાયેલા જોવાના. આમ એ એક વાર પીંછી ઉપાડે પછી એ ચિત્ર પૂરું કરે ત્યાં સુધી બધું જ ભૂલી જતો. દિવસરાત એ એક ઓરડીમાં બારણાં વાસીને ભરાઈ રહેતો. સૂરજનું મોં પણ જોતો નહીં. અને જ્યારે એણે નરકપરદો ચીતર્યો ત્યારે તો એણે એકાગ્રતાની અવધિ કરી નાંખેલી.

એની બારીઓ દિવસે પણ બંધની બંધ જ રહેતી અને એ એક તિરપાઈ પર ગોઠવેલા કોડિયાને અજવાળે એના ખાનગી રંગોની મેળવણી કરતો. એ એના મદદનીશોને ભાતભાતનાં સુંદર સુંદર કપડાં પહેરવા ફરમાવતો અને દરેકનું ચિત્ર અતિશય કાળજીપૂર્વક ઉતારી લેતો. પણ આ બધું વર્તન કાંઈ 'નરકપરદા'ને માટે જ ખાસ નહોતું, એ તો દરેક ચિત્ર કરતી વખતે એટલી જ જહેમત ઉઠાવતો. 'જીવન-મૃત્યુનાં પાંચ પાસાં' ચીતરતો હતો તે વખતે રસ્તા પાસે પડેલું એક મડદું એની નજરે ચડેલું. કોઈ પણ સાધારણ માણસ મોં આડું કરીને ત્યાંથી નીકળી જાત પણ યોશિહિદે તો ટોળામાંથી રસ્તો કરીને મડદાને પડખે જઈને બેઠો ને આરામથી એ સડેલો ચહેરો ને હાથપગ હૂબહુ ઉતારી લીધા.

એની ભયંકર એકાગ્રતા હું વર્ણવું કેવી રીતે ? ગમે તેટલું કહું તોય તમારામાંથી કેટલાંકને તો ગળે નહીં જ ઊતરવાનું, હું વિગતે તો કહી શકતો નથી. એટલે હું ઊડતો ખ્યાલ જ આપી દઉં.

એક દિવસે શિખાઉ ચેલો રંગો મેળવતો હતો. ત્યાં અચાનક યોશિહિદેએ દેખા દીધી. 'મારે થોડીક ઊંઘ કાઢી લેવી છે,' એ બોલ્યો. 'પણ આજકાલ ખરાબ સપનાંથી મારી ઊંઘ બગડે છે.'

આમાં અસાધારણ ખાસ કશું નહોતું, એટલે ચેલાએ ટૂંકમાં નરમાશથી કહ્યું, 'જરૂર

ગુરુજી,' ને ત્યારેય એનો હાથ તો રંગ મેળવતો જ રહ્યો. એટલે ચિતારો પાછો બોલ્યો ને તે વખતે એના અવાજમાં જે એકલતા ને દગદગો વરતાયો તે સાવ નવી નવાઈનાં હતાં.'મારું એમ કહેવું છે કે હું આડો પડું તે વખતે તું મારા ઓશીકા પાસે બેસ.'

યોશિહિદેને ખરાબ સપનાં આટલાં બધાં પજવતાં હોય એ વાત ચેલાને અસાધારણ લાગી. છતાં માગણી સીદીસાદી હતી. અને એણે તરત જ હા પાડી. તોયે યોશિહિદેએ ચિંતાતુર અવાજે એને ઝટપટ અંદર આવવા કહ્યું. અને જો બીજો કોઈ શિષ્ય આવોં પરદો ચીતરતો હતો તે ઓરડીમાં કેમ જાણે રાત જ હોય તેમ તમામ બારી-બારણાં ચપોચપ બંધ કરેલાં રહેતાં અને એક દીવો સાધારણ રીતે બળતો રખાતો. પરદો ઓરડાની ભીંત આડે ખડો હતો; હજી તો ફકત રેખાંકન પૂરું થયું હતું, યોશિહિદે તદ્દન થાકી ગયેલા માણસની જેમ ઓશીકા પર એની કોણી ટેકવીને શાંતિથી ઊંઘી ગયો. પણ કલાકેય નહીં થયો હોય, ત્યાં તો ચેલાના કાનમાં શી ખબર કેવોયે નઠારો બબડાટ સંભળાવા લાગ્યો. 'જો હું ઊંઘતો હોઉં ત્યારે એને ઓરડીમાં આવવા દેવો નહીં.' એણે સહેજ ખમચાટ સાથે કહ્યું. 'ઓરડીમાં' એટલે કે એ જ્યાં પરદો ચીતરતો તો તે ઓરડીમાં.

૮

શરૂઆતમાં તો ફકત કશોક અવાજ હશે એમ લાગ્યું, પણ થોડી વારમાં ચોખ્ખા શબ્દો કાને પડ્યા, કેમ જાણે તણાતું માણસ પાણીમાં કણસતું ન હોય. 'શું....તું મને બોલાવે છે? ક્યાં.... નરકમાં? નરકની આગમાં.....કોણ એ? આપશ્રીનો પરિચય? આપશ્રીનું શુભ નામ ? કોણ તે હું જાણતો હોત તો.....'

ચેલાના રંગ મેળવતા હાથ આપમેળે થંભી ગયા : એને થયું કે ગુરુજીની ખાનગી બાજુ પર એની નજર પડી જાય છે. એણે ચિતારાના મોં પર નજર માંડી. કરચલીવાળો એ વહેરો ફીકોફસ હતો; એના પર પસીનાનાં મોટાં મોટાં ટીપાં બાઝ્યાં હતાં, હોઠ સુકાયેલા હતા, ગણ્યાગાંઠ્યા દાંત દેખાડતું મોં ઉઘાડું ફટ હતું, જાણે હવા લેવા ઝાવાં નાંખતું ન હોય ! ને કેમ જાણે દોરીસંચારથી સળવળતું હોય તેવું પેલું શું હતું, અરે એમની જીભ કે ?

"કોણ તે હું જાણતો હોત તો... ઓહ, આપશ્રી છો ને ? મેં ધારેલું જ....! આપ મને મળવા પધાર્યા છો. એટલે કે મારે આવવાનું છે. મારે નરકે જવાનું છે !... મારી દીકરી નરકમાં મારી રાહ જુએ છે !"

તે પળે એક વિચિત્ર આછી છાયા પરદા પર ઊતરતી જણાઈ. ચેલો એવો તો છળી ગયો. અલબત એણે તરત જ ગુરુને જોર જોરથી ઢંઢોળ્યા, પણ યોશિહિદે હજીય ભયંકર સપનામાં જ સપડાયેલો હતો. એનો બબડાટ ચાલુ હતો. એમાંથી જાગવાની શકિત એનામાં દેખાતી નહોતી. એટલે ચેલાએ હામ ભીડીને પીંછીઓ ધોવાનું પાણી લઈ યોશિહિદેના મોં પર છાંટ્યું.

'એ રાહ જુએ છે. આ રથમાં બેસી જા. આ રથમાં ચડીને નરકમાં પહોંચી જા.' આવા શબ્દો બોલતાં બોલતાં તો યોશિહિદેનો ઘાંટો બોદાઈ ગયો, જાણે એનું ગળું ઘોંટાતું ન હોય. ઘણી વારે એણે આંખો ખોલી. ત્રાસથી એ એવો તો રેબઝેબ થઈ ગયો હતો ! પછી અચાનક જાણે કોઈએ એના ડીલ પર સેંકડો સોયો ભોંકી ન હોય, તેમ એ છલાંગ મારીને ઊભો થઈ ગયો. શમણાંની બિહામણી ભૂતાવળ એની આંખો સામે તરવરતી હશે. એનો ચહેરો બેબાકળો દેખાતો હતો, એનું મોં અધખૂલું જ હતું, એ સૂનમૂન હવામાં જ એકીટશે તાકી રહ્યો હતો. પણ થોડીવારે એના હોશકોશ પાછા આવવા લાગ્યા. 'હવે મને ઠીક લાગે છે. તું જઈ શકે છે,' એણે કરડાકીથી કહ્યું, ચેલો ગયો ન હોત તો એ નક્કી એની ધૂળ ઝાટકી નાંખત, એટલે એ તો પળનાયે વિલંબ વિના ઓરડીમાંથી બહાર નીકળી ગયો. દિવસનું ધોળું હૂંફાળું અજવાળું ચેલાએ જોયું ત્યારે કેમ જાણે ખરાબ સપનામાંથી જાગતો હોય તેમ એનો જીવ પણ હેઠો બેઠો.

પણ આ જ કંઈ ખરાબ ઘટના નહોતી. એક મહિના પછી બીજા એક ચેલાને પછવાડેના ઓરડામાંથી તેડું આવ્યું. હંમેશની જેમ યોશિહિદે એની પીંછીઓ કરડતો દીવાને ઝાંખે અજવાળે બેઠો હતો. એ એકદમ એના ચેલા તરફ ફર્યો 'ફરી કપડાં કાઢી નાંખ તો.'

અગાઉ કેટલીયે વાર આવો હુકમ બજાવી ચૂકેલો એટલે ચેલાએ તરત હુકમ માથે ચડાવ્યો. પણ એ ચિતારાએ એને નખશિખ નાગો જોયો ત્યારે એનો ચહેરો વિચિત્ર રીતે વિકૃત થઈ ગયો. 'મારે જંજીરમાં જકડાયેલો માણસ જોવો છે. થોડો વખત હું કહું તેમ કર,' એણે હમદર્દીનો છાંટોયે બતાવ્યા વિના ટાઢાહિમ જેવા અવાજે કહ્યું, આ ચેલો હૃષ્ટપુષ્ટ માણસ હતો, ને એક કાળે એને પીંછી કરતાં તલવાર ફેરવવાનું સૂતરું લાગેલું, પરંતુ આ માગણીથી એને નવાઈ લાગી. પાછળથી એણે ઘણી વાર આ પ્રસંગ સંભારીને કહેલું કે 'મને થયું કે શું ગુરુજીનું માથું ભમી ગયું તો નથી ? મને મારી નાંખવા તો નહીં માંગતા હોય ?' પણ યોશિહિદે તો એને આનાકાની કરતો જોઈને ધીરજ ગુમાવી બેઠો અને ક્યાંકથી ખખડતી સાંકળ કાઢીને સામો આવી ગયો; પેલાને હા-ના કરવાનો મોકો મળે તે પહેલાં જ એના પર તૂટી પડ્યો ને એની પીઠ પર ચડી બેસીને એના હાથ પાછળ આમળી લીધા ને આખે શરીરે કચકચાવીને સાંકળ બાંધી લીધી. દરદ સહન થાય એવું નહોતું, કારણ પાછો એણે સાંકળનો છેડો પકડીને સાવ પાશવી રીતે એવો તો ઝટકો માર્યો કે ચેલો પડખાભેર ગબડી પડ્યો અને પછી ચત્તોપાટ પડ્યો રહ્યો.

૯

એના પોતાના જ વર્ણન પ્રમાણે એ ત્યાં દારૂનું પીપ આડું પાડી નાંખ્યું હોય તેમ પડ્યો રહ્યો. કારણ ચિતારાએ એના હાથપગ નિર્દય રીતે મચડીને બાંધી દીધા હતા, એટલે

ફક્ત એનું માથું જ એ આમતેમ ફેરવી શકતો હતો. એ જાડો હતો એટલે એનું લોહી ફરતું બંધ થયું ને એના ચહેરા પર ને ચામડી પર જ્યાં ત્યાં સપાટી પર ધસી આવ્યું. પણ આ બધાથી યોશિહિદેનું રૂવાંડું સરખું ન ફરક્યું. એ તો એ 'પીપડા'ની ચારે બાજુ ફરી ફરીને એક પછી એક રેખાચિત્રો દોરવા મંડ્યો. ચેલાની યાતનાનું આથી વધારે વર્ણન કરવાની જરૂર મને નથી લાગતી.

જો એક ઘટના ન બની હોત તો આ જુલમ લાંબો ચાલ્યો હોત. ચેલાને સદ્ભાગ્યે — કે પછી દુર્ભાગ્યે — કાળા તેલના પાતળા રેલા જેવું કશુંક ખૂણામાં પડેલી એક બરણી પાછળથી સરકી આવ્યું. શરૂઆતમાં તો એ તેલના રેલાની જેમ ધીમું ધીમું ખસતું હતું, પણ પછી તો એ જોતો જ રહ્યો ને સરસરાટ પેલું તો ચળકતું ચળકતું એના નાક સુધી આવી લાગ્યું, 'સાપ ! સાપ !' એણે ચીસાચીસ કરી મૂકી. એને લાગ્યું કે એના શરીરનું તમામ લોહી પલકમાં જ થીજી જશે. ને એમાં નવાઈ જેવું પણ શું હતું ? એકાદ પળ વધારે જાત તો એ સાપ લોઢાની જંજીરથી ચીરાઈ જતા એના માથાને એની લપકારા મારતી ઠંડીગાર જીભ વડે ચાટવા પણ મંડી ગયો હોત. હૈયાસૂનો યોશિહિદે પણ હવે તો ચમકી ગયો હોવો જોઈએ. એણે પીંછી પડતી મૂકીને વીજળીવેગે ચપ દઈને સાપને પૂંછડીએથી પકડી લીધો ને ઊંધે માથે અધ્ધર કરી દીધો. સાપે ફેણ ઊંચી કરીને વીંટા વળી વળીને ઉપર ચડવા ફાંફાં માર્યા, પણ એ યોશિહિદેના હાથ સુધી પહોંચ્યો નહીં.

'તેં મારો લસરકો ચુકાવ્યો,' ખોટું લગાડીને ઠપકો આપતો હોય તેમ યોશિહિદે બોલ્યો અને ઓરડાને ખૂણે એક બરણીમાં સાપને છોડીને પછી કટાણે મોંએ પેલાની સાંકળ છોડી. એણે એને છોડ્યો એટલું જ, આભારનો એક શબ્દ પણ એ પીલાઈ ગયેલા માણસને સાંભળવા ન મળ્યો. 'ચેલાને સાપ કરડતો હોત તો કરડત તેમાં શું ? પણ આ તો લસરકો ચૂક્યો !' એમ વિચારીને યોશિહિદેને ગુસ્સો ચડ્યો હતો એમ દેખાતું હતું. પાછળથી એ લોકોએ સાંભળ્યું કે એ તો સાપને ત્યાં નમૂના તરીકે રાખતો જ હતો.

આ કિસ્સા પરથી તમને યોશિહિદેની ઘેલછાનો ને એની ભીષણ તન્મયતાનો કંઈક ખ્યાલ આવશે. ગમે તેમ હું એક બીજો ભયંકર અનુભવ વર્ણવી જ દઉં. એમાં એક તો ઊગીને ઊભો થતો ચેલો માંડમાંડ મરતો બચેલો. એની ઉંમર તે વખતે માંડ ૧૩ કે ૧૪ વર્ષની હશે. એનો ચહેરો છોકરી જેવો કૂમળો હતો ને વાને એ ગોરો હતો. એક રાતે એને અચાનક ગુરુજીની ઓરડીમાંથી તેડું આવ્યું. દીવાને અજવાળે એણે યોશિહિદેને કોઈક અજાણ્યા પંખીને ખવડાવતો જોયો. પંખી બિલાડી જેવડું મોટું મસ હતું. યોશિહિદેના હાથમાં લોહી નીંગળતો માંસનો કટકો હતો. એની આંખો મોટી, ગોળ ને પીળી હતી તે એના માથાની બંને બાજુ પીંછાં જેવા કાન ફૂટેલા દેખાતા હતા. એ બિલાડીને બહુ જ મળતું આવતું હતું.

યોશિહિદેને એના કામમાં કોઈ માથું મારે તેનો કાયમ કંટાળો હતો. સાપના મામલામાં બનેલું તેમ એના ચેલાઓને પણ એની ઓરડીમાં શું છે ને શું નથી તેની કદીએ ખબર સરખી પડતી નહીં. એટલે કોઈ વાર ચાંદીનાં પાત્રો. તો કોઈ વાર ખોપરીઓ એવી તો ચિત્રવિચિત્ર ચીજો એના મેજ પર ગોઠવાયેલી જણાતી ને એ બધા નમૂનાને આધારે એ ચિત્રો ખેંચ્યે જતો. આ બધી વસ્તુઓ એણે ક્યાં રાખેલી તેની કોઈને ખબર પડતી નહીં. એવી અફવા ઊડેલી કે એને કોઈક જબરો યક્ષ દેવી સહાય કરે છે તે આવા જ સંજોગોને કારણે.

એટલે પેલા ચેલાએ આવું અજાણ્યું પંખી મેજ પર જોયું ત્યારે પણ એણે તો ધારી લીધું કે એ તો 'નરકપરદા'ને માટે જરૂરી હશે માટે આણેલું હશે. એણે ચિતારાને નમન કરીને અદબભેર પૂછ્યું, 'શી આજ્ઞા છે ગુરુજી ?' યોશિહિદે કેમ જાણે એને સાંભળતો જ ન હોય તેમ એના રતૂંમડા હોઠ ચાટતો ને દાઢી ઝટકાવતો પેલા પંખી તરફ ફર્યો.'આ પાળેલું નથી કે ?" આવું કહેતાં કહેતાં ચેલો એ કાનવાળા બિલ્લી જેવા પંખી સામે ભૂતને જોતો હોય એમ તાકી રહ્યો હતો. યોશિહિદેએ એની સામે ઘૂરકિયું કરીને જવાબ આપ્યો, 'શું ! આવું પંખી કોઈ દિવસ જોયું જ નથી ? રાજધાનીમાં રહેનારાની આ જ પંચાત. આ તો શિંગડિયું ઘુવડ છે. એક શિકારી મને બેત્રણ દિવસ પર આપી ગયો. પણ આના કરતાં વધારે નરમ પંખી ભાગ્યે જ જોવા મળે.'

આમ કહેતાં એણે હળવેથી હાથ ઊંચો કરીને પંખીની પીઠ પર ફેરવવા માંડ્યો. પંખી હમણાં જ માંસ ખાઈ રહ્યું હતું. ચિતારાએ હાથ તો ફેરવ્યો પણ તે ઊલટી દિશામાં. ઘુવડે એક ટૂંકી વેધક ચિચિયારી પાડી, મેજ પરથી ઊડ્યું, પંજા લાંબા કર્યા, અને ચેલાના ચહેરા પર તૂટી પડ્યું. ગભરાટના માર્યા ચેલાએ પોતાની બાંય ઊંચી કરીને મોં આડી ઢાલની જેમ ધરી. એમ ન કરત તો નક્કી એનો ચહેરો બુરી રીતે ઉઝરડાઈ ગયો હોત. બૂમો પાડતાં પાડતાં એણે ઘુવડને હાંકી કાઢવા એની બાંયોથી ઝપટ મારવા માંડી, પણ એ તો ચિચિયારીઓ પાડતું ગયું ને એની નબળાઈનો લાભ લઈને ફરી તૂટી પડ્યું. ગુરુની હાજરીનું ભાન ગુમાવીને એ છોકરો તો બાપડો બાવરો બાવરો થઈને એ સાંકડી ઓરડીમાં આમથી તેમ નાસભાગ કરવા માંડ્યો; ઊભા થઈને એણે ઘુવડનો હુમલો ખાળવાનો પ્રયત્ન કર્યો, ને બેસીને એને હાંકી કાઢવાની મથામણ કરી. ભૂંડુંભખ પંખી એના શિકારને માથે ઘડીક ઊંચે તો ઘડીક નીચે ઝઝૂમવા લાગ્યું ને લાગ મળે કે તરત એની આંખો ખેંચી કાઢવા ચાંચો મારવા માંડ્યું. એની પાંખોની ઝૂડાઝૂડના કોલાહલ સાંભળીને સડતાં પાંદડાની બદબૂ કે ધોધના ઝંટકાવ જેવી અમાનુષી લાગણી થવા લાગી. એ લાગણી ત્રાસદાયક હતી, ઊલટી આવે તેવી. ચેલાને જાણે લાગ્યું કે ઝાંખો દીવો એ ચાંદાનું આછું અજવાળું છે અને એ ઓરડી એ કોઈ દૂર દૂરના પહાડની અપશુકનિયાળ બંધિયાર હવાના ખાબડામાં સબડતી કોઈ ખીણ છે.

પણ ચેલાને અંગેઅંગે જે ત્રાસત્રાસ વછૂટ્યો તે કાંઈ ફકત આ શિંગડિયા ઘુવડના હુમલાથી જ નહીં. એના માથાના વાળ ખડા થઈ ગયા તે તો ચિતારા યોશિહિદેને જોઈને. એ તો ટાઢે કલેજે આ બધી હોહા જોતો રહ્યો. અને પછી એના કાગળનું ભૂંગળું ધીમે ધીમે ખોલીને એણે તો નિરાંત જીવે આ છોકરી જેવા કિશોરને પેલું ભયંકર પંખી પીંખી ખાતું હતું તેનું સનેપાતિયું ચિત્ર દોરવા માંડ્યું.ચેલાએ આંખને ખૂણેથી નજર કરીને જ્યારે આ જોયું ત્યારે એ છેક જ અકથ્ય ત્રાસમાં ડૂબી ગયો, કારણ એને થઈ ગયું કે આ ચિતારાને ખાતર આજે તો હવે એના જાનનો જ ભોગ લેવાશે.

૧૧

આ કંઈ માની શકાય એવું નથી એમ તમે નહીં કહી શકો. યોશિહિદેએ જાણી જોઈને જ ચેલાને તે રાતે બોલાવેલો જેથી ઘુવડને તેના પર છોડીને એની બેબાકળી નાસભાગનું ચિત્ર દોરી શકાય. એટલે તો જ્યારે પેલા ચેલાએ એનો ગુરુ શું કરવા બેઠો હતો એ જોયું ત્યારે તમામ હિંમત હારી બેઠો ને બાંયોમાં માથું ઢાંકીને બધું જ ભાનસાન ખોઈને મોંમાં આવી તેવી મરણચીસો પાડતો પાડતો બારણાની બાજુના ખૂણામાં કોકડું વળીને ભરાઈ ગયો. એટલે યોશિહિદે સહેજ ઝુંઝલાઈને ઊભો થઈ ગયો. પણ તે જ વખતે ઘુવડની પાંખોના થપાટા વધી ગયા અને કશુંક ફાટતું હોય કે ફંગોટાતું હોય એવા ચોંકાવનારા અવાજો થવા લાગ્યા. પેલો ચેલો તો ધબકતી છાતી ક્યારે બંધ પડી જશે તેના ગભરાટમાં પડ્યો હતો તોયે આ સાંભળીને શું થયું તે જોવા આપમેળે જ એનાથી માથું ઊંચું થઈ ગયું. ઓરડી અમાસની મધરાત જેવી અંધારી ઘોર હતી ને એ અંધારું ચીરતા ચેલાઓને બોલાવવા માટેના યોશિહિદેના કર્કશ ઘાંટા સંભળાતા હતા.

તરત જ એક જણે દૂરથી 'આવ્યો જી' કરીને જવાબ વાળ્યો ને પળવારમાં તો એ દીવો લઈને દોડી આવ્યો. દીવાના ધુમાડીઘેરા અજવાળામાં એણે નજર કરી તો તિરપાઈવાળો દીવો ઊંધો પડી ગયો હતો અને ઘુવડ તેલમાં તરતી સાદડીઓ પર એની એક પાંખ વેદનાનું માર્યું પછાડતું હતું. યોશિહિદે મેજની પાછળ અધૂકડો બેઠો હતો. એ ડઘાઈ ગયેલો દેખાતો હતો અને કાળા માથાના માનવી અક્ષરેય સમજે નહીં એવું કશુંક બબડતો હતો. આમાં જરાયે મીઠુંમરચું નથી ભભરાવ્યું. કાળોમેંશ જેવો એક સાપ સરસરાટ ઘુવડની આસપાસ એની ચૂડ જમાવતો હતો. ઘુવડની ડોક અને એક પાંખ એની ચૂડમાં સપડાઈ ગયાં હતાં એમ જણાતું હતું કે ચેલો કોકડું વળીને ખૂણે ભરાયો ત્યારે પેલી સાપવાળી બરણી ઊથલી પડેલી અને સાપ બહાર નીકળી આવેલો. ઘુવડ એના પર સહેજસાજ તરાપ મારવા ગયેલું, આ જ પેલા ખડખડાટ ને ઘોંઘાટનું કારણ હતું. બે ચેલાઓ એકમેકનું મોં તાકતા બાઘા બનીને ઠૂંઠાં જેવા ઊભા ઊભા ક્યાં સુધી તો આ ઘોર દૃશ્ય પર નજર ફેંકતા રહ્યા. પછી એકે શબ્દ બોલ્યા વિના એ લોકો યોશિહિદેને

જેમ તેમ નમન કરીને ત્યાંથી નાસી છૂટ્યા. તે પછી પેલા સાપનું ને ઘુવડનું શું થયું તેની કોઈનેય કશી ખબર ન પડી.

આવા તો બીજા ઘણા બનાવો બન્યા. એક વાત કહેવાનું હું ચૂકી ગયો; યોશિહિદેને પાનખરને આરંભે પરદો ચીતરવાની વરદી મળેલી. ત્યારથી માંડીને શિયાળો ઊતરતાં સુધી એના ચેલાઓ એના આવા બધા અઘોરી વર્તનથી સતત ધ્રૂજતા રહેતા, પણ શિયાળાની આખરે યોશિહિદે ચિત્રમાં ક્યાંક ગૂંચવાતો જણાયો. એની વર્તણૂક સાવ શનિશ્ચર જેવી થઈ ગઈ ને બોલે તે તો કુહાડાફાડ. ચિત્રનું રેખાંકન પોણા ભાગનું પતી ગયું પછી ક્યાંક ખોટકાઈ પડ્યું હતું. હકીકતે એ કદી પૂરું થાય તેવી કશી બારી જ જણાતી નહોતી.

પરદાનું કામ શાથી અટક્યું તેની કોઈનેય ખબર નહોતી અને કોનો દિ' ફર્યો હોય તે તપાસ કરવા જાય ? અત્યાર સુધી તો ચેલાઓ જે કંઈ થયું તેનાથી ફફડતા હતા, તોયે એમની આંખો તો એની ઓરડી પર જ ચોંટેલી રહેતી, પણ હવે તો ગુરુજીથી હજાર હાથ છેટે રહેવામાં જ ખેરિયત માનતા.

૧૨

એટલે આ ગાળા વિશે કાંઈ ઝાઝું કહેવા જેવું નથી. પણ જો કંઈક કહેવું જ પડે તેમ હોય, તો એટલું કહી શકાય કે એ જક્કી ડોસલો કશાંક અગમ્ય કારણોસર વાતેવાતે આંસુ સારવા મંડી પડતો અને લોકો કહેતા કે આસપાસ કોઈ નથી એમ એને લાગે ત્યારે તો છૂટે મોંએ રડી પડતો પણ જણાયો હતો. દાખલા તરીકે, એક દિવસે એક ચેલો બગીચામાં કંઈક કામે ગયેલો. યોશિહિદે એક પગથી પર સૂનમૂન ઊભોઊભો આકાશ ભણી છલકાતી આંખે મીંટ માંડી રહ્યો હતો. અને આકાશમાં તો આવતી વસંતનાં એંધાણ વરતાવા માંડયાં હતાં. ચેલો તો એવો મુંઝાયો કે એક શબ્દ બોલ્યા વિના બિલ્લીપગે ત્યાંથી નાસી જ છૂટ્યો. સડેલા શબને નમૂના તરીકે વાપરનારો આ ઘમંડી માણસ છેક આમ નાના છોકરાની જેમ રડે તે કાંઈ સામાન્ય વાત તો ન જ કહેવાય ?

ડાહ્યા માણસની તો અક્કલમાંયે ન ઊતરે એવા ઝનૂનથી યોશિહિદે જ્યારે પડદો ચીતરતો હતો. ત્યારે લોકોએ એ વાતની નોંધ લીધેલી કે એની દીકરી જાણે જીવન હારી બેઠી હોય એમ એનો ચહેરો પડી ગયેલો જણાતો હતો અને ઘણીવાર માંડમાંડ આંસું ખાળતી એમ લાગતું હતું. ઊજળી વાનના નરમ છોકરીની આવી દશા થાય છે ત્યારે એની આંખોનાં પોપચાં ભારે થઈ જાય છે, આંખની આસપાસ કાળાં કુંડાળાં દેખાવા માંડે છે ને એનો ચહેરો પહેલાં કરતાં પણ ઉદાસ દેખાય છે. પહેલાં તો લોક બોલતાં કે એને કોઈની પ્રેતની પીડા વળગી છે; કેટલાક એના બાપનો વાંક કાઢતા; પણ થોડા વખતમાં જ વાત ઊડી કે હોરિકાવાના રાજાસાહેબ એને વશ કરવા માંગે છે. પછી તો કેમ જાણે ઓચિંતા જ બધા એ છોકરીને ભૂલી ન ગયા હોય તેમ એને વિશેની તમામ વાતો બંધ પડી ગઈ.

તે જ દિવસની વાત છે. મોડી રાતે એકવાર હું મહેલના બાગની એક પગથી પરથી પસાર થતો હતો. ત્યાં અચાનક ક્યાંકથી યોશિહિદેનો વાંદરો ફૂટી નીકળ્યો ને મારા ઝભ્ભાની ચાળ જોરજોરથી ખેંચવા લાગ્યો. મને યાદ આવે છેઃ એ રાત હૂંફાળી હતી. ઉજળો ચંદ્ર પ્રકાશતો હતો અને પ્લમનાં પુષ્પો ક્યારનાંયે મહેકવા મંડયાં હતાં. વાંદરાએ દાંતિયાં કર્યાં એના નાકનું ટેરવું સંકોડયું અને કેમ જાણે એનુ ભેજું ચસકી ગયું હોય તેમ ચાંદનીમાં સાવ જંગલીની જેમ ચીસાચીસ કરવા મંડ્યો.મારો નવો ને નવો એ આમ ખેંચતો હતો એટલે મને તો ભારે ચીઢ ચઢી. એને લાત મારીને મેં ઝભ્ભો છોડાવ્યો ને હું ત્યાંથી જતો જ રહેતો હતો, પણ ત્યાં મને યાદ આવ્યું કે વાંદરાને આવી રીતે મારવાને કારણે તો પેલા સામુરાઈ પર કુંવરસાહેબની ખફામરજી ઊતરી પડી હતી. ઉપરાંત વાંદરાની વર્તણૂક પણ સાવ અસાધારણ લાગતી હતી. એટલે એ મને જે દિશામાં ખેંચતો હતો તે તરફ મેં દસબાર કદમ ભર્યાં.

ત્યાં પગથી વળાંક ખાતી હતી ને તે જગ્યાએથી ચાંદરણામાં ઝાંખું ઊજળું સરવર જળ નજરે ચડતું હતું. ત્યાં જ નજીકના કોઈ ખંડમાં લોક લઢતાં હોય એવી ગડબડ મારે કાને પડી. તે સિવાય ચોમેર નીરવ શાંતિ હતી. એ કોલાહલ સાંભળીને હું થંભી ગયો. મને થયું કે કોઈ બદમાશો ઘૂસી આવ્યા લાગે છે. એટલે હું એમને સવાદ ચખાડવા બારણા તરફ આગળ વધ્યો.

૧૩

પણ વાંદરાને મારાં પગલાં બહુ ધીમાં લાગ્યાં હશે. અધીરાઈનો માર્યો એ મારી આસપાસ બેચાર ચક્કર મારીને કેમ જાણે એનું જ ગળું કોઈ દબાવતું ન હોય તેમ કિકિયારીઓ પાડવા મંડ્યો ને પછી તો ભોંય પરથી ઠેકડો મારીને મારે ખભે જ ચડી બેઠો. એના નહોરથી બચવા મેં માથું ઉછાળ્યું પણ એ તો ભોંયે ન પડી જવાય તે માટે મારી બાંયને ઝાડની જેમ વળગી પડ્યો. હું લથડિયું ખાઈ ગયો ને બારણા પર ધમ્ કરતોકને પછડાયો. એટલે તો પછી બિલ્લીપગલે જવાપણું રહ્યું જ નહીં. મેં તરત જ બારણું ખોલી નાંખ્યું. ઓરડો સાવ અંધારો હતો ત્યાં ચાંદનીનો ઉજાસ પણ નહોતો આવતો. હું અંદર ધૂસવા જ જતો હતો ત્યાં તો મારી આંખ સામેથી કશુંક દોડતું દોડતું પસાર થયું, આ શું? – કેમ જાણે ધનુષ પરથી છૂટી હોય તેમ સર્ર્ર્ કરતીકને એક છોકરી ખંડને સામે ખૂણેથી ધસી આવી. મારી સાથે ભટકાતાં ભટકાતાં માંડ બચી ને ખંડની બહાર ઊમરે જ ફસડાઈ પડી. ધમણની જેમ એનો શ્વાસ ચાલતો હતો. એણે મારા મોં પર નજર માંઢી. હજીય એની આંખો કશોક ઓથાર જોતી હોય તેમ એ થરથર થરથર કાંપતી હતી.

શું કહેવાની જરૂર છે કે એ યુઝુકી હતી ? તે રાતે એનાં રંગરૂપ કાંઈ જુદાં જ હતાં. એ કાચની પૂતળી જેવી લાગતી હતી. એની આંખો ચમકતી હતી, એના ગાલ લાલઘૂમ

હતાં. એનાં અસ્તવ્યસ્ત વસ્ત્રોમાં, એણે અગાઉ કદી નહોતું ખેંચ્યું તેવું ધ્યાન એ ખેંચી લેતી હતી. શું આ જ યોશિહિદેની ઘસાતી જતી દીકરી હતી ? હું બારણાને અઢેલીને દૂધ જેવી ચાંદનીમાં નહાતી એની સુડોળ આકૃતિ સામે ઘગડીભર નીરખી રહ્યો. પછી જે દિશામાં કોઈકના બીધેલાં પગલાં શમી ગયાં હતાં તે દિશા ચીંધીને મેં એને આંખને ઈશારે જ પૂછ્યું. 'શું હતું ?'

પણ એણે તો ફક્ત હોઠ કરડ્યા, માથું ધુણાવ્યું અને અક્ષરેય બોલી નહીં. કશીક અસાધારણ ઘટનાથી એનાં ગાત્ર ગળી ગયાં હતાં. એટલે એના કાન પાસે મોં લઈ જઈને પૂછ્યું, 'કોણ હતું ?' પણ એ છોકરી તો તોયે માથું જ ધુણાવતી રહી. એની આંખોમાં આંસુ ઊભરાઈ ચાલ્યાં ને એની લાંબી પાંપણો પર તોળાઈ રહ્યાં. એના દાંત એના હોઠ પર વધુ જોસથી ભીંસાઈ રહ્યા.

હું કાયમનો બુધ્ધુ તે બુધ્ધુ જ રહ્યો. કોઈ વાત દીવા જેવી ચોખ્ખી ન થાય ત્યાં સુધી મારા ભેજામાં ન ઊતરે તે ન ઊતરે. આને શું કહેવું તેની મને કશી ગમ ન પડી અને હું થોડી વાર એની છાતીના ધબકારા ગણતો ઊભો રહ્યો. પણ તે તો એટલા માટે કે મને લાગ્યું કે એને બહુ પૂછપરછ કરવી સારી નહીં.

આ બધું કેટલો વખત ચાલ્યું તેનું મને ધ્યાન નથી. છેવટે મેં પેલું ખુલ્લું જ રહી ગયેલું બારણું બંધ કર્યું. અને છોકરી તરફ નજર કરી. એનો શ્વાસ હવે કંઈક હેઠો બેઠો હતો, મેં એને જેટલી બને તેટલી વધુ નરમાશથી કહ્યું, 'તું હવે તારી ઓરડીમાં જ પાછી જાય તે સારું' એમ કહીને, મારે જે નહોતું જોવું જોઈતું તે જોવાઈ ગયું, જો કે મને જોનાર કોઈ ત્યાં કોઈ નહોતું તે છતાં મૂંઝારો અનુભવતો હું જ્યાંથી આવ્યો હતો ત્યાં જ પાછો ફર્યો. પણ હું દસેક કદમ પણ નહી ગયો હોઉં ત્યાં ફરી કોઈકે મારા ઝભ્ભાની ચાળ પકડી, આ વખતે કંઈક નરમાશથી. ચમકીને હું ઊભો રહી ગયો ને પાછળ નજર કરી. તમે શું ધારો છો, કોણ હશે ? વાંદરો યોશિહિદે ! એને ગળે સોનાની ઘંટડી રણઝણતી હતી. મનુષ્યની જેમ એણે બે હાથ જોડેલા હતા અને રહી રહીને મને નમન કરતો હતો !

૧૪

પંદરેક દિવસ પછી યોશિહિદે મહેલમાં આવ્યો અને હોરિકાવાના રાજાસાહેબ સાથે તરત જ મુલાકાત માંગી. એ જો કે હલકી વરણનો હતો, પણ એ પહેલેથી જ માનીતો હતો અને રાજાસાહેબ આમ તો કાંઈ ગમે તેને ઝટઝટ મુલાકાત આપતા નહીં. પણ યોશિહિદેને એમણે તરત જ મુલાકાત આપી. ચિતારાએ આવી ભક્તિપૂર્વક રાજાસાહેબને દંડવત પ્રણામ કર્યા અને પછી એના ઘોઘરા અવાજે બોલવા લાગ્યો :

'થોડા વખત પહેલાં આપશ્રીએ મને એક નરકપરદો બનાવવાની વરદી આપી હતી. રાતદિવસ જોયા વિના હું તે કામે લાગેલો છું. એમાં કોઈ કષ્ટ ઉઠાવવામાં મેં બાકી રાખી

નથી. હવે એનું ફળ જોઈ શકાય તેમ છેઃ રેખાંકનં લગભગ પૂરું થવા આવ્યું છે.'

'અભિનંદન ! મને સંતોષ છે.' રાજાસાહેબે કહ્યું. તો ખરું, પણ અચરજની વાત તો એ કે એમના અવાજમાં સચ્ચાઈનો રણકો નહોતો કે રસ પણ નહોતો વરતાતો.

'જી ના, અભિનંદનને તો હજી વાર કહેવાય,' આંખો ભોંય પર ખુંતાડીને યોશિહિદેએ જવાબ વાળ્યો. કેમ જાણે એને ક્રોધ ન આવતો હોય.'રેખાઓ દોરવાનું લગભગ પૂરું થવા આવ્યું છે, પણ એમાં એક ભાગ આવે છે, જે હવે મારાથી દોરી શકાતો નથી.'

'શું તું ઊઠીને એમ કહે છે કે એનો એક ભાગ ચીતરાતો નથી !'

'ના જી, મારા માલિક. હું પણ નમૂના વિના ન ચીતરી શકું. નમૂના વિના ચિત્રોમાં સચ્ચાઈ ન આવે. અને સચ્ચાઈ વિના ચીતર્યું શું કામનું ? એટલે નથી ચીતરી શકતો એમ જ કહેવું પડે.'

આ સાંભળીને રાજાસાહેબના ચહેરા પર એક ઘૂરકિયું કરતું સ્મિત ફરકી ગયું. 'એમ! ત્યારે નરકપરદો ચીતરવા માટે તારે સાક્ષાત્ નરક જોવું પડશે, કેમ ?'

'જી, મારા માલિક, થોડાં વરસ પહેલાં એક મોટી આગ લાગેલી ત્યારે મને નરકની ઝાળોને મળતી ઝાળો તો જોવા મળેલી. મારા ચિત્રમાં જે ઝાળો ચીતરેલી છે તે તે આગ મેં જોયેલી તેને આધારે જ.'

'પણ ગુનેગારોનું શું ? અને તેં દારોગા પણ નથી જોયા ને, કે જોયા છે ?' રાજાસાહેબ કેમ જાણે યોશિહિદે શું કહેતો હોય તે સાંભળતા જ ન હોય તેમ બોલ્યા,

'મેં લોખડી જંજીરોમાં પીલાતા માણસ જોયા છે, ભૂખાળવાં પંખીઓના હુમલા હેઠળ તડફડતા માનવીઓની મેં હૂબહૂ નકલ કરી છે. એટલે મેં રિબાતા ગુનેગારો નથી જોયા એમ તો હું ન કહી શકું. અને દારોગાઓને લાગેવળગે છે ત્યાં સુધી તો....' યોશિહિદેએ ચીતરી ચઢે તેવું હાસ્ય કરીને કહ્યું, 'મેં અનેક વાર મારાં સપનામાં એમને જોયા છે. ગાય ને ઘોડાના માથાવાળા, ત્રણ મોંવાળા ને છ હાથવાળા દૈત્યો, હાથે તાળીઓ પાડે પણ અવાજ ન નીકળે, ઊડાં મૂંગામંતર ડાચાં– એ બધાં આવી આવીને મને રિબાવી ગયાં છે. હું એમને રોજ રાતે ને દિવસે પણ જોઉં છું, એમ કહું તો એમાં વધારે પડતું કશું પણ નથી. મારે જે ચીતરવું છે પણ ચીતરી શકાતું નથી એ નથી."

રાજાસાહેબ જરૂર અજાયબીથી હચમચી ગયા હોવા જોઈએ. કારણ એક આખી પળ તેઓ યોશિહિદે સામે ચીઢાયા હોય તેમ જોઈ રહ્યા ને પછી ભવાં ચઢાવીને બોલ્યા, "તારાથી શું નથી ચીતરી શકાતું ?"

૧૫

'ચિત્રની મધ્યમાં મારે આકાશમાંથી પડતો એક રથ ચીતરવો છે,' યોશિહિદેએ કહ્યું અને પહેલી જ વાર એણે રાજાસાહેબના ચહેરા પર એની તીક્ષ્ણ દૃષ્ટિ ફેંકી જ્યારે જ્યારે

યોશિહિદેને મેં ચિત્રોની વાત કરતો સાંભળ્યો છે, ત્યારે ત્યારે મને કાયમ એ ભેજાંગેપ લાગ્યો છે. 'રથમાં એક સુંદર રાજઘરાણાની લલના વીખરાયલે વાળે એ ભભૂકતી આગમાં તરફડે છે. એનું વદનકમળ ધુમાડામાં કજળી ગયું છે ને એની ભ્રમરો તણાઈ ગઈ છે; એ રથની છત પર આંખો માંડી રહી છે. વાંસના પરદાને ઝાલવા જતાં એ ઉપરથી વરસતા તણખા આડો હાથ ધરે છે. અને દસવીસ શિકારી પક્ષીઓ રથ ફરતાં ચિચિયારીઓ નાંખતાં ચકરાવા મારે છે. આહ, એ રથની સુંદરી ! હું કદાચ એને ચીતરી નહીં શકું.'

'અચ્છા, બીજું કાંઈ ?'

કોઈક કારણસર યોશિહિદેને આ બાબતમાં પાણી ચઢાવવામાં રાજાસાહેબને કંઈક વિચિત્ર મઝા પડતી લાગતી હતી. પણ ચિતારાના રાતા હોઠ તો એને તાવ ચડ્યો હોય તેમ ફફડતા હતા અને એ બોલતો હતો તે કેમ જાણે સનેપાતમાં જ બોલતો હોય એવું લાગતું. 'ના' એણે ફરી કહ્યું. 'મારાથી એ નહીં ચીતરી શકાય.' પછી એકદમ એ લગભગ હાઉક કરી ઊઠ્યો, 'મારે માટે એક રથ બાળો. આપનાથી થઈ શકે તો....'

રાજાસાહેબના મોં પર વાદળું ફરી વળ્યું. પછી તેઓ સાંભળનારા ચમકી જાય તે રીતે ઓચિંતા જ ખડખડ હસી પડયા. 'તારી જેવી ઇચ્છા યે તેવું જ હું કરીશ જા,' એમણે કહ્યું. એમનો કંઠ એમના અટ્ટહાસના આવેશથી રૂંધાતો હતો. 'અને એ શક્ય છે કે અશક્ય એ વાત જરાયે મુદ્દાની નથી.'

મેં જ્યારે આ સાંભળ્યું ત્યારે મારે અંગે અંગે એક અજબ જાતનાં શીત છૂટ્યાં, કદાચ એ આગમનાં એંધાણ હશે. રાજાસાહેબે પણ કેમ જાણે યોશિહિદેની ઘેલછાનો ચેપ લાગતો જતો હોય તેમ એમનું પણ સ્વરૂપ બદલાવા માંડ્યું અને એમના હોઠ પર સફેદ ફીણ વળવા માંડ્યાં,ને એમની આંખોમાં વીજળીના લપકારા જેવું ઝનૂન ઝળકવા લાગ્યું. તેઓ એકદમ ઊભા થઈ ગયા અને પછી અને પછી એક જબ્બર અટ્ટહાસ એમના ગળામાંથી ફાટી નીકળ્યું. 'હું તારે માટે એક રથ બાળીશ જા. અને એમાં અદ્‌ભુત સુંદર લલના રાજ-રાણીની વેશભૂષા સજેલી બેઠી હશે.ભભૂકતી જ્વાળાઓ અને કાળીમેંશ ધુમાડી વચ્ચે એ સ્ત્રી દર્દનાક મોતને ભેટશે. એવા ગજબનાક દૃશ્યને ચિત્રમાં ઝડપી લેવાનો જેને વિચાર આવ્યો તે ચિતારો અવશ્ય જાપાનનો સહુથી મહાન ચિતારો થશે. હું એની પ્રશંસા કરીશ. ઓહ, પ્રશંસા કરતાં થાકીશ નહીં !'

રાજાસાહેબના શબ્દો સાણભળીને યોશિહિદેનો ચહેરો ધોળો પૂણી જેવો થઈ ગયો અને એને શ્વાસ લેવાની મુસીબત પડતી હોય તેમ એના હોઠ કમકમી ઊઠ્યા. પણ થોડી જ વારમાં એનું શરીર ઢીલું પડ્યું ને બેય હાથ ભોંયે અડાડીને એણે નમ્રતાથી ઝૂકીઝકીને પ્રણામ કર્યા. 'ભાગ્યની બલિહારી.' એ બોલ્યો. પણ એવા તો ધીમા અવાજે કે ભાગ્યે જ કોઈ એના શબ્દો સાંભળી શકે. કદાચ આનું કારણ એ હશે કે રાજાસાહેબના શબ્દો સાંભળ્યા ત્યારે જ એની આંખ સામે એની યોજનાની દાનવતા હાજરાહજૂર થઈ હશે. મારી જિંદગીમાં તે એક જ વાર મને યોશિહિદે પર દયા છૂટી.

૧૬

બે કે ત્રણ દિવસ પછી રાજાસાહેબે યોશિહિદેને કહેવડાવ્યું કે હવે તેઓશ્રી પોતાનું વચન પાળવા તૈયાર હતા. અલબત રથ કાંઈ હોરિકાવામાં તો નહોતો જ બાળવાનો. રાજધાનીથી બહાર એક ગામઠી વાડી હતી, જેને આમજનતા યુકિગે નામે ઓળખતા. અગાઉ એમાં રાજાસાહેબનાં બહેનસાહેબ રહેતાં હતાં, પણ હાલ તો ઘણાં વરસોથી એ આવાવરુ જ પડી હતી, એનો વિશાળ બગીચો જંગલની જેમ વધી ગયો હતો. એ વાડીને આમ પડી મૂકવાનાં લોકજીભે તો તરેહતરેહનાં કારણ કહેવાતાં : દાખલા તરીકે, લોક તો માનતા કે અમાસની અંધારી રાતે રાજાસાહેબનાં મરણ પામેલાં બહેન લાલચટક ચૂંદડી, ઓઢીને હજીય એ વાડીની પગથીઓ પર ભમવા આવે છે ને એના તો પગ પણ જમીનને નથી અડતા ! વાડી વચ્ચે આવેલો મહેલ દિવસેય ખાવા ધાતો જણાય. ત્યાં રાતે તો પૂછવું જ શું ? નજરે નહીં ચડનારા ઝરણાંનો ખળખળ અવાજ અને તારોડિયા અજવાળે ઊડાઊડ કરતાં જળચર પંખીઓના અંધારે રાક્ષસી કદ ધારણ કરતા ઓળાઓ, એ બધું મળીને વાડી અંધારિયા ઓથાર જેવી લાગતી.

બનવાકાળ તે, એ રાત પણ અમાસની કાળીમેંશ રાત હતી. તેલ પૂરેલા દીવાનાં. હાલમડોલ અજવાળાં રાજાસાહેબના પીતાંબર અને ભરત ભરેલા કિરમજી ડગલા પર ચળકાટ પાથરતાં હતાં. ગૂંથેલા ઘાસની રેશમી ભરત ભરેલી ઝૂલદાર ગાદી વરંડા પર બિછાવી હતી. તેના પર તેઓથી બિરાજમાન હતા. તેઓને અડખેપડખે ને આગળપાછળ પાંચ-છ ચુનંદા પાસવાનો ‘જી જી’ કરતા ખડે પગે ઊભા જ હતા તે કહેવાની તો જરૂર જ નથી માનતો. પણ તેમાં એક માણસની પસંદગી ખાસ ધ્યાન ખેંચે તેવી હતી. એ એક જબરો તગડો સામુરાઈ હતો. એણે મિચિનોકુની લડાઈમાં ભૂખ શમાવવા મનુષ્યનું માંસ ખાધું હતું અને લોક કહેતાં કે ત્યારથી એના શરીરમાં એવું કૌવત આવ્યું હતું કે જીવતા હરણનાં શિંગડાં બે હાથે ઝાલીને દાતણની ચીરની જેમ એના ફાડિયાં કરી નાંખતો. એની કમરે લટકતી લાંબી તલવાર શિકારી પંખીની પૂંછડીની જેમ એની પીઠ પાછળ અણી દેખાડતી હતી.વરંડાની નીચે જ એ ખડો હતો, કોઈની દેન હતી કે એને ભૂલીને કંઈ પણ કરે ? આખા દૃશ્ય પર દીવડાની ઝબૂકતી જ્યોતો ઘડીક પ્રકાશ પાથરતી હતી. અમારા બધાંની ઉપર એવી તો ભેંકાર ભયત્રસ્તતા છવાઈ ગઈ હતી કે અમે સપનું જોઈએ છીએ કે જાણીએ છીએ તેનીયે ચૂંટી ખણીને ખાતરી કરવી પડે.

માણસો રથ તાણીને બગીચામાં લઈ આવ્યા હતા. ત્યાં જ રથ ખડો હતો, એનું ભારેખમ છત્ર જાણે કે અંધકારને ભારે મારતું હતું. એને બળદ જોડેલા નહોતા અને એટલે એનું કાળું ઝૂંસરું આડાં પર ટેકવેલું હતું. અમે એ સોનામઢેલા રથને તારાની જેમ ચમકતો જોયો ત્યારે એ વસંતની રાતે પણ અમારે ડીલે ટાઢનું લખલખિયું આવી ગયું. રથના માફાને જરીની કિનારીવાળા ઘેરા ભૂરા પરદાથી ચપોચપ ઢાંકી દીધેલો હતો, એટલે અંદર

શું હતું તે સહેજે જોઈ શકાતું નહોતું. એની આજુબાજુ મશાલચીઓ ઊભા હતા. એમને એક જ ફિકર જણાતી હતી કે ક્યાંક મશાલની ધૂણી રાજાસાહેબ જે વરાડા તરફ બેઠા હતા તે તરફ પવનથી ન તણાઈ જાય. બાકી તો કશાક હુકમની રાહ જોતા ખડે પગે ઊભા હતા.

યોશિહિદે વરંડાની સામે થોડે દૂર ઘૂંટણભેર બેઠો હતો. રોજ કરતાં પણ આજે એ વધુ ઠીંગણો ને બેડોળ લાગતો હતો. તારાથી ઊભરાતું આકાશ કેમ જાણે એને ગૂંગળાવતું હતું. એની પાછળ બેઠેલો માણસ નક્કી એનો કોઈ ચેલો જ હશે. એ બે જણા મારાથી થોડેક દૂર હતા અને વરંડાની નીચે બેઠેલા હતા એટલે હું એમનાં કપડાંના રંગ વિશે ખાતરીથી કહી શકતો નથી.

૧૭

લગભગ મધરાત થવા આવી હશે. ઝરણાંને ચૂડમાં લઈને આળોટતો અંધકાર અમારા શ્વાસોચ્છ્વાસની સામે પણ કેમ જાણે એના કાળા ડોળા તતડાવી રહ્યો હતો. એની વચ્ચે મધરાતના પવનનો સહેજસાજ સંચાર વરતાતો હતો ને એથી પેલી દેવદારની મશાલોની મેંશભરી ગંધને અમારાં નાક પકડી શકતાં હતાં. થોડી વાર સુધી તો રાજાસાહેબ ચૂપચાપ આ બધો તાલ નીરખી રહ્યા, એમની પાંપણ પણ ફરકતી નહોતી. તરત જ તેઓ સહેજ આગળ ખસ્યા અને તીખે અવાજે બૂમ પાડી, 'યોશિહિદે !'

પેલાએ કંઈક જવાબ તો આપ્યો જ હશે. જો કે મારે કાને જે પડ્યું તે તો શબ્દ કરતાં કણસવાના અવાજ જેવું વધારે લાગ્યું.

'યોશિહિદે, આજે રાત્રે તારી વિનંતી અનુસાર હું તારા લાભાર્થે આ રથ બાળવાનો છું.'

રાજાસાહેબે એમની ચોગરદમ ઊભેલા લોકો પર એક અછડતી નજર ફેંકી અને તેમાંના એકબે જણ સામે મરમમાં મલકાયા એવો ભાસ થયો, જો કે એ કદાચ મારી કલ્પનાનો તુક્કો જ હોય. યોશિહિદેએ ભયથી કાંપતું ડોકું ઊંચું કર્યું ને વરંડા પર આંખો ઠેરવી, પણ એના મોંમાંથી કરફેય નીકળ્યો નહીં ને એ જ્યાં બેઠો હતો ત્યાંથી જરાયે ખસ્યો નહીં.

'જો. પેલો એ જ રથ છે જે હું કાયમથી વાપરતો આવ્યો છું. તું એને ઓળખી શકે છે કે નથી ઓળખી શકતો ? હું એને આજે અગ્નિમાં સ્વાહા કરીને તને સાક્ષાત્ ભડકે બળતા નરકનાં દર્શન કરાવવાનો છું.'

ફરી પાછા રાજાસાહેબ અટક્યા ને એમના પાસવાનો તરફ આંખ મટકાવી. અચાનક એમનો સ્વર કરડો થઈ ગયો. 'એ રથમાં મારી આજ્ઞથી એક દુરાચારિણી સ્ત્રીને બાંધેલી છે. એટલે જ્યારે આ રથ ભડકે બળશે ત્યારે એ પાપિણીનું માંસ એમાં શેકાશે, એનાં હાડકાં લાકડાંની જેમ બળશે ને. એ અસહ્ય યાતનાથી માથાં પટકી પટકીને મરશે. તારા

પરદાને સંપૂર્ણ કરવા માટે તને ફરી કોઈ દિવસ આવો નમૂનો શોધ્યો નહીં જડે. જોજે, એ સંગેમરમર જેવી ગૌર ત્વચા આગમાં લાલચોળ થાય ત્યારે તું ક્યાંક આંખ મીંચી ના દેતો. એની કાળી નાગિણી જેવી કેશવેણી તણખાના ફુવારા વચ્ચે નાચી ઊઠે ત્યારે તું ક્યાંક ધ્યાન ચૂકી ન જતો.'

રાજાસાહેબ ત્રીજી વાર બોલતાં બોલતાં અટકી ગયા. એમના મનમાં શા વિચારો ઘોળાતા હતા તે તો હું નથી જાણતો. પણ એમના ખભા મૂંગા અટ્ટહાસથી ખળખળતા હતા તે હું જોઈ શકતો હતો 'ભાવિ પેઢીઓ કોઈ કાળેય આવું દૃશ્ય જોવા નહી પામે. હું આજે એ અહીં બેઠો જોઈશ. ચલો, ચલો, પરદા ઊંચા કરી દો અને અંદર બિરાજેલી સુંદરીનું યોશિહિદેને અવલોકન કરી લેવા દો.'

માલિકનો શબ્દ પડતાં બરાબર એક પાસવાન એક હાથમાં મશાલ ઊંચી ધરી રાખીને સીધો જ રથ પાસે પહોંચી અને એના છૂટા હાથે પરદા ઊંચા ચડાવી દીધા. એની લબકારા મારતી મશાલ તીણી કડેડાટી બોલાવતી બળતી હતી. એના અજવાળાથી રથની બેઠકનો સાંકડો ભાગ ઝળહળી ઊઠ્યો. ગાદી પર એક સ્ત્રી બેઠી હતી, નિષ્ઠુર જંજીરોથી એને કચકચાવીને જકડેલી હતી. એ કોણ હતી ? ઓહ, આવું તે હોય ! રાજરાણીને શોભે તેવું ભભકદાર સોનેરી જરીકસબનું પટોળું એણે પહેરેલું હતું; એની કાળી નાગિણી જેવી કેશવેણી લોભામણી લટોમાં છૂટી વેરાયેલી હતી અને છેક રથની બેઠકને અડતી હતી. હીરાજડિત સોનાના ઝકઝમાળ ચાક એના વાળમાં જુદેજુદે મોહક વળાંકે ભરવેલા હતા, પરંતુ એના મોં પર પાટા બાંધેલા હતા. એ જ નાનકડો નાજુક દેહ, એ જ વિનમ્રતાથી લળી પડતી અંગભંગી-ફક્ત પકડાં જુદાં હતાં. એટલું જ– એ હતી યુઝુકી. મારા મોંમાંથી સરી જતી ચીસને મેં બળેબળે ઝાલી રાખી ને દિલમાં દાટી દીધી.

તે જ વખતે મારી સામે ઊભેલો પેલો તગડો સામુરાઈ એકદમ સાબદો થઈ ગયો ને એણે તલવાર પર હાથ નાંખ્યો.

એ ડોળા કાઢીને જોતો હતો તે યોશિહિદે સામે જ હશે.ચોંકીને મેં ચિતારા ભણી નજર કરી. પોતાની આંખ સામે એ જ જોતો હતો તેનાથી એ અર્ધબેભાન જેવો બની ગયેલો લાગ્યો. અચાનક એ ઊછળ્યો ને બે હાથ ફેલાવીને, તમામ ભાનસાન ભૂલીને એણે રથ તરફ દોટ કાઢી. કમનસીબે, હું આગળ કહી ગયો તેમ, એ મારાથી થોડો છેટે પડછાયામાં હતો એટલે તે વખતે તો એના ચહેરાના હાવભાવ હું કાંઈ જોઈ શક્યો નહીં. પણ તે તો તેટલી પળ પૂરતું જ, કારણ પછી તો તરત મેં જોયું કે એનો ચહેરો તદ્દન ધોળો ફક થઈ ગયો હતો, જાણે એનું તમામ લોહી ઊડી ગયું ન હોય. એનું આખું શરીર અંધારાને ફાડતું અમારી આંખો આગળના અરધાપરધા ઉજાસમાં તડફડતું હતું, કેમ જાણે કોઈ અદીઠ શક્તિએ એને ભોંય પરથી અધ્ધર ઝાલી રાખ્યો ન હોય. પછી રાજાસાહેબે 'આગ લગાવ'નું ફરમાન કર્યું કે તરત જ રથ અને અંદર બેઠેલી બાળા એમના પર ફેંકાતી મશાલોના આકરા તેજમાં નાહી ગયાં ને ભડભડ પેટવા લાગ્યાં.

અમે જોતા જ રહ્યા ને લાયના ભડકા રથની ચોમેર વીંટળાઈ વળ્યા. રથના છત્રને ખૂણેથી શોભા માટે ઝૂલતા રેશમના જાંબલી તોરા કેમ જાણે પવનમાં સૂસવાતા હોય તેમ ફરફરવા લાગ્યા, જ્યારે એની હેઠળથી રાખોડિયો ધુમાડો મધરાતની કાળી છાતી પર કોઢની જેમ ફેલાવા લાગ્યો. એવી બિહામણી હતી એ આગ ! વાંસની ગૂંથણીઓ, પરદા, છત્ર પર ચોઢેલું ધાતુનું નકશીકામ, તમામ એ ભભૂકતા તણખાના કુંડમાં કૂદીકૂદીને હોમાવા લાગ્યું. આગની હજાર હજાર જીભો પરદાને ફૂંકીને રથને ચાટવા લાગી. ખભેખભો મિલાવીને આકાશમાં ચઢવા માંડેલી આ જ્વાળાઓ જાણે કે સૂર્યમાંથી પૃથ્વી પર તૂટી પડેલી બળબળતી ઉલ્કા જેવી ભાસતી હતી. પહેલાં તો મેં બેળેબેળે મારા દિલમાંથી ફૂટી નીકળતી ચીસને દિલમાં ધરબી દીધી હતી, પણ હવે તો મારા દિલનો ઊભરો દુમાઈ ઘોંટાઈને મારા ગળામાં સજ્જડ ડૂચાની જેમ ઠૂંસાઈ ગયો હતો; મોં વકાસીને હું એ નરાતાર ત્રાસ ઉપજાવતો દેખાવ ફાટી આંખે જોઈ જ રહ્યો ને કશું જ કરી ન શક્યો, કશું જ નહીં. પણ પેલો બાપ જેવો બાપ – યોશિહિદે.......

એના ચહેરાની એકેએક રેખા હજી સુધી મારાથી ભુલાતી નથી. એણે બેહોશ થઈને રથ તરફ દોટ તો કાઢી હતી, પણ જ્યારે આગ ફાટી નીકળી ત્યારે એ ત્યાંનો ત્યાં થીજી ગયો ને હાથ પહોળા કરીને વીંધી નાંખતી આંખો તગતગાવતો એ રથને ભરખી રહેલાં ધૂણી ને આગ સામે તે એકીટશે દેખતો જ રહી ગયો ! એની આંખો એ આગ ભણી એવી તો જોસથી ટકટકી માંડી રહી હતી કે એમ જ લાગતું હતું કે હમણાં એ પોતે જ જાણે એમાં ખેંચાઈને હોમાઈ જવાનો. આગને ભડકે એના ચહેરાની એકેએક કરચલી ગણી શકાય તેમ હતું ને એના માથાનો એકેએક વાળ દેખી શકાતો હતો. એના ફાટી ગયેલા ડોળા પર, એના ખેંચાઈને બેડોળ થઈ ગયેલા હોઠપર, એના ફટ્ફટ્ ફરકતા ગાલના સ્નાયુઓ પર, એના કાળજામાં તાંડવ મચાવી રહેલો હાયકારો બીક ને હબક સાફ અંકાઈ ગયાં હતાં. કહ્યા કહેવાય નહીં તેવા કાળા કામના ગુનાસર પકડાયેલા ડાકુને શિરચ્છેદની સજા માટે 'દશ રાજાઓના દરબાર'માં ઢસરડીને લઈ જતા હોય ત્યારે તેનો ચહેરો પણ આનાથી વધારે દર્દનાક નહીં દેખાતો હોય. પેલા પહાડ જેવા સામુરાઈના મોં પરથી પણ રંગ ઊડી ગયો ને એ પણ હોરિકાવાના માલિકની સામે બેબાકળી આંખે તાકી રહ્યો.

પણ તેઓ તો રથ પર ખૂંતેલી નજરનું મટકું પણ માર્યા વિના ફકત એમના હોઠ કરડતા રહ્યા અને થોડી થોડી વારે નઠારું હાસ્ય કરતા રહ્યા. એ રથ અને એમાં બેઠેલી છોકરી વિશે, મને માફ કરજો, મેં આ આંખે જે જોયું છે તે બધું તો કહેતા, મારી જીભ ઊપડે તેમ નથી. મારી છાતી જ ના ચાલે. એનું ઊજળી ફૂલપાંદડી શું મુખડું ધુમાડામાં ગૂંગળાતું, આકાશ સામે પલકો પાથરી રહ્યું હતું. એના છૂટા વાળ ધુમાડામાં ફરકતા હતા. ને એનું કેરીભાતનું પટોળું – કેટલું સુંદર મઝાનું હતું એ બધું ! ને કેવો ખોફનાક દેખાવ ! પણ

જ્યારે મધરાતનો પવન પડી ગયો અને ધુમાડો પેલી બાજુએ ખેંચાવા લાગ્યો. જ્યાં રાતીચોળ ઝાળો પર સોનાની રજ વેરાતી જણાતી હતીઃ ને જ્યારે એ કૂમળી કળી જેવી છોકરીને અમે એના મોંએ બંધાયેલા પાટા કરડતી જોઈ, ને જાણે જંજીરો જેવી જંજીરો પણ હવે તો તૂટ્યા વિના નહીં રહે એવા જબરા આમળા ખાતી ને આમથી તેમ પછડાટા મારતી જોઈ, ત્યારે મને તો શું પણ પેલા પહાડ જેવા સામુરાઈને પણ થયું કે અમે ખરેખર જ શું સાક્ષાત્ નરકનાં દર્શન કરતા હતા ? અને અમારા શરીરના માંસ પર જાણે ગરોળીઓ દોડવા લાગી.

ત્યાર બાદ ફરી અમને લાગ્યું કે જાણે મધરાતનો વાયરો પાછો બગીચાના ઝાડની ટોચો પર ખખડી ઊઠ્યો. એ ખખડાટ અમારા પાથા પરથી પસાર થયો ને તરત જ કશુંક કાળું કાળું, જે ભોંયને અડતું કે આકાશમાંયે ઊડતું નહોતું, તે દડાની જેમ ઠેકતું ઠેકતું, મહેલના છાપરાની પાંખ પરથી એ ભડભડ બળતા રથમાં છલાંગ મારીને કૂદી પડ્યું. બળીને રાખોડો થવા માંડેલી વાંસની ગૂથણી સોંસરવો, સિંદૂરથી લપેડાયેલો, એ રથમાં પડ્યો અને એ પછાડા ખાતી છોકરીને બે હાથની બાથ ભરીને એ ધુમાડાને ઊભો ચીરતી લાંબીને તીણી ચીસો નાંખવા લાગ્યો. રેશમી કપડું ફાટતાં થાય એવો એ ચીસોનો અવાજ હતો. એણે બે કે ત્રણ ચીસ નાંખી હશે અને પછી તો અમે બધા જ સુધબુધ ગુમાવીને એકસામટા હાહાકાર કરી ઊઠ્યા. જ્વાળાના પારદર્શક પરદાની આરપાર છોકરીના ખભે વળગેલો હતો યોશિહિદે, વાંદરો યોશિહિદે જેને પાછળ મહેલમાં બાંધી રાખવામાં આવેલો.

૧૯

પણ અમે એને એકાદ પળ બે પળ જોયો ન જોયો ત્યાં તો, બદામી પરદા પર ચોઢેલા સોનાના વરખ જેવા તણખા આકાશ ભણી ઊંચે ચઢ્યા, વાંદરા ને યુઝુકી પર ધુમાડાની કાળી પછેડી ઢંકાઈ ગઈ અને રથ કડાકા બોલાવતો એમાં બળીને રાખ થઈ ગયો.આગનો એ કેવો ખૂંખાર મિનારો હતો — આંખો આંજી નાંખતા એના ભડકા ખુદ આસમાનના જિગરમાં ખંજર હુલાવતા હતા.

એ મિનારાની સામે યોશિહિદે ભોંયમાં ખોડાઈ ગયો હતો. પછી આંખો તો કહ્યુમ નહોતી કરતી. પણ એ જ યોશિહિદેના ચહેરાં પર, જે ચહેરો હજી તો ઘડી પહેલાં નરકની યાતનાઓમાં તરફડતો દેખ્યો હતો, તે જ ચહેરા પર વર્ણવી ન શકાય એવી બેહદ ખુશીની લહેરખી ફરી વળી અને ખુદ રાજાસાહેબની હાજરીનેય વિસારે પાડીને એ તો હાથ જોડીને બસ નીરખી જ રહ્યો, નીરખી જ રહ્યો. કેમ જાણે એ દોજખની આગમાં જેને એ બળી મરતી જોતો હતો તે એની પંડની સગી દીકરી હોય જ નહીં ! અને કેમ જાણે એ અગ્નિના ભભકદાર રંગો જોઈને યાતનામાં પીડાતી સુંદરીની દેહવલ્લી નિહાળીને એ આનંદમાં વિભોર થઈ ગયો !

મન પર સહુથી ઊંડું કોતરાઈ જાય એવું જ હતું તે એ નહીં કે આ માણસ એની દીકરીને લહેરથી મસ્તી જોતો હતો. એ તો કંઈક બીજી જ ચીજ હતી. સનેપાતમાં દેખેલા વિકરાળ સિંહની ત્રાડ જેવી કશીક અમાનુષી કઠોરતા એના ચહેરા પર જડાયેલી હતી. આગથી ચમકીને જાગી ઊઠેલાં પંખીઓનાં ટોળેટોળાં કલબકોર કરીને ચોમેર ઊડાઊડ કરતાં હતાં તેની છાયાઓ, શી ખબર મારી કલ્પના જ હોય, પણ યોશિહિદેના માથા પાસે વધુ ગાઢ લાગતી હતી. કદાચ એ આતમવિહોણા પંખીઓની આંખે એ માણસના માથાની આસપાસ કોઈક નારકી સિદ્ધિનું તેજકુંડાળું દેખાતું હોય. એ પંખીઓ જેવાં પંખીઓ એના તરફ આદરથી ખેંચાતાં હતાં, તો અમારાં નાંચીજ નોકરોનાં દિલ તો એ ચિતારાને જોઈને એક વિચિત્ર દહેશતભરી લાગણીથી ઝૂકી જ જતાં હતાં. અમે અંદરખાને તો કાંપતા હતા, અમારા શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. જાણે સાક્ષાત્ બુદ્ધ ભગવાન સામે પ્રકટ થયા હોય એમ અમે એની સામે બસ જોઈ જ રહ્યા હતા. વાતાવરણને ભરી દેતા એ આગના સૂસવાટા અને એમાં જેનું દિલ જકડાઈ ગયું છે તેવો ત્યાં સ્તબ્ધ ઊભેલો યોશિહિદે – અમારાં દિલ અતિશય ડઘાઈગયાં અને એ દૃશ્ય જોઈને એક તીખો રોમાંચ અમે અનુભવ્યો. કેવળ એક રાજાસાહેબ વરંડા પર બેઠા રહ્યા, કેમ જાણે એ જુદી જ માટીના ઘડેલા હતા. એમના ચહેરાની સુરખી ઊડી ગઈ, એમના હોઠને ખૂણે ફીણના ગોટા વળવા માંડ્યા, એમના જાંબલી ડગલાને ઘૂંટણ પાસે બેય હાથે જકડી લીધો અને કોઈ તરસ્યા જાનવરની જેમ હાંફવા લાગ્યા...

૨૦

વાયરે વાત ઊડી કે રાજાસાહેબે તે રાતે યુકીગે વાડીમાં એક રથ બાળ્યો હતો. જો કે અલબત્ત કોઈએ કશું જ કહ્યું નહોતું અને લોકો ભાતભાતના મત બાંધવા માંડ્યાં ને કાનાફૂંસી કરવા લાગ્યા. સહુથી પહેલી ને સહુથી ઝાઝી ફેલાયેલી અફવા તો જાણે એ હતી કે એમણે યોશિહિદેની દીકરીને પ્રેમમાં હતાશાં મળતાં જીવતી બાળી મૂકી. પરંતુ એ વાતમાં કશી જ શંકા નથી કે રાજાસાહેબનો હેતું તો નરકપરદો ચીતરનાર ચિતારાને એની વિકૃત મનોદશા બદલ બરાબરની સજા આપવાનો જ હતો, પછી તે માટે જોઈએ તો એકાદ જાન લેવોયે પડે, તેમાં શું ? હકીકતે, ખુદ રાજાસાહેબે પોતે જ મને આમ કહ્યું છે.

પછી બીજી જે વાત ચાલી તે હતી પેલા યોશિહિદેના પથરા જેવા નિષ્ઠુર હૈયાની, સગી દીકરીને આંખો સામે બળી મરતી દેખીનેય એ એના પરદો ચીતરવા માગતો હતો. કોઈકે કહ્યું કે એ તો મનખાદેહે અવતરેલ શિકારી પશુ જ હતો. એનાં નેશ ચિતરડાંએ એના પ્રેમને છૂંદી નાંખીને એના હૈયાને પાંગળું જ કરી નાખ્યું હતું. યોકોગાવાનો મહંત તો ઘણી વાર કહેતો, ‘મનુષ્યની બુદ્ધિપ્રતિભા ગમે તેટલી મહાન હોય, એની કલા ગમે તેટલી ઉચ્ચ કોટિની હોય, પરંતુ એણે જો નરકમાંથી ઊગરવું હોય તો તેણે મહાત્મા

કન્ફ્યુશ્યસનાં પંચશીલને – દયા, ન્યાય, નીતિ, જ્ઞાન અને નિષ્ઠાને –સમજીને તેમનું શરણું લીધે જ છૂટકો.'

ગમે તેમ લગભગ એક મહિના પછી નરકપરદો ચિતરાઈને પૂરો થયો. યોશિહિદે તરત જ એને મહેલ પર લઈ આવ્યો અને ભોંય સુધી લળી લળીને હોરિકાવાના માલિકને નજર કર્યો. તે જ વખતે પેલા મહંતજી પણ જોગાનુજોગ રાજાસાહેબની મુલાકાતે આવેલા હતા. અને જ્યારે તેઓએ નજર કરી હશે ત્યારે અવશ્ય એના એક પાંદડા પર આખા આકાશને ભરી દેતી જે આગ ભડભડતી હતી તે જોઈને તેઓ પોતાને છાજે તે રીતે. ચોંકી ગયા વિના નહીં જ રહ્યા હોય. એમણે મોં જરા આડું કરીને બગાડ્યું અને પછી યોશિહિદેની સામે આકરી આંખે તાકી રહ્યા, પણ એમના મોંએથી આપમેળે જ શબ્દો સરી પડયા, 'વાહ સરસ દોર્યું છે' રાજાસાહેબે આ શબ્દોને ઝીલવા પરાણે મોં મલકાવેલું તે મને હજીયે સાંભરે છે.

તે દિવસ પછી, યોશિહિદેનું ભૂંડું બોલનાર કોઈ ન રહ્યું, કમસે કમ મહેલમાં તો નહીં જ. અને જે કોઈ એ પરદો જુએ તે અગાઉ એ ચિત્રકારને ધિક્કારતો હોય તો પણ એનું ચિત્ર જોઈને ગંભીર થઈ જતો, કારણ એ જોઈને જ એને લાગતું કે એને પોતાને જ નરકની પારાવાર તીવ્ર યાતનાઓમાંથી પસાર થવા વારો આવ્યો છે.

પણ તેવો વખત આવ્યો ત્યાં સુધી તો યોશિહિદે આ જીવતા માણસોની દુનિયામાં નહોતો રહ્યો, પરદો પૂરો થયો તેની વળતી રાતે જ એ એની ચિત્રશાળાના મોભ પરથી ગળે ફાંસો ખાઈને લટકી પડેલો. એની એકની એક દીકરી એની આગળ ચાલી નીકળી પછી એને જરૂર એમ લાગ્યું હશે કે એનાથી હવે નવરીધૂપ જિંદગીના દહાડા કાઢવાનું કોઈ રીતે સહેવાશે નહીં. એનાં અસ્થિ આજેય એના ઘરના ખંડેર વચ્ચે દટાયેલાં પડ્યાં છે. અનેક દશકાઓનાં વરસાદ ને વાયરાની થપાટો ઝીલી ઝીલીને એની કબરના નાનકડા પથરાના તમામ રંગો ઊડી ગયા છે અને લીલ એના પર વિસારાની ચાદર ઢાંકી રહી છે.

અનુ. પ્રબોધ ચોકસી

તાવીજ

માસાઓ યામાકાવા

'તમને ડાયનેમાઈટની જરૂર તો નહિ જ હોય, ખરું ને ?' મારા મિત્ર સેકિગુચિએ મને પૂછ્યું. મેં ચારપાંચ વર્ષથી એને જોયો નહોતો. જિન્ઝામાં અમે એકાએક ભટકાઈ પડ્યા હતા ને એક નાના રેસ્ટોરાંમાં માળ પર બેસીને શરાબ પીતા બેઠા હતા.

હાઈસ્કૂલમાં હું ને સેકિગુચિ સાથે ભણતા હતા. હમણાં એ કોઈ ઇજનેરી પેઢીમાં કામ કરતો હતો. આથી ડાઈનેમાઈટ એને સહેલાઈથી મળી રહે એની કાંઈ નવાઈ નહોતી. એ જરા વિલક્ષણ સ્વભાવનો ને મારો જૂનો મિત્ર હતો. તેમ છતાં એનો પ્રશ્ન મને કંઈક આકસ્મિક લાગ્યો.

'હું ડાઈનેમાઈટને શું કરું ?'

'તારે જો એ જોઈતું હોય તો આ રહ્યું, મારા ખિસ્સામાં.' કદાચ એ મજાક કરતો હતો. હું હસ્યો ને એના ગ્લાસમાં શરાબ રેડ્યો. 'ડાઈનેમાઈટ કદાચ મારા હાથમાં જ ફૂટી જાય ! ને તુંય ડાઈનેમાઈટ સાથે રાખીને શા માટે ફરે છે ?'

સેકિગુચિએ મને જે વાત કહી તે આ : મારી પત્ની અને હું એપાર્ટમેન્ટ હાઉસમાં એકલાં રહીએ છીએ. બે વરસ પહેલાં મેં ઘર મેળવવા માટે નામ નોંધાવી રાખ્યું હતું. ગઈ વસંતમાં મેં લગ્ન કર્યાં.ત્યારે તો રહેવાજોગું સુઘડ ઘર મારે હતું જ નહીં. ગઈ પાનખરમાં આખરે મને આ એપાર્ટમેન્ટ મળી ગયું. એથી હું તો રાજીરાજી થઈ ગયો.

અમારી – માત્ર અમારી કહી શકાય એવી એ જગ્યા હતી. છ મહિના ભાગ્યે જ થયા હશે ત્યાં મને બધું અનિશ્ચિત લાગવા માંડ્યું ને હું ધૂંધવાયેલો રહેવા લાગ્યો. હું જાણે અલોપ થઈ જતો હોઉં એવું મને લાગવા માંડ્યું. એમાં કોઈનો વાંક નહોતો, એને મગજની અમૂક પ્રકારની અસ્વસ્થતા કહેવી હોય તો કહો. એમાં કુરોસેનો કશો વાંક હતો એવુંય હું નહીં કહું. પણ કુરોસેએ આ દિશામાં મારા જીવનને વાળી દીધું એટલું હું જરૂર કહી શકું.

તે દિવસે રાતે મને સહેજ મોડું થયું હતું. હું એક પાર્ટીમાં ગયો હતો. બસ બંધ થઈ ગઈ હતી, આથી ટેકસી કરીને હું મારા મકાનના મુખ્ય દરવાજા આગળ ઊતરી પડ્યો. મારા એપાર્ટમેન્ટ તરફના ખાંચે વળું ત્યાં સુધીમાં રાતે ફુંકાતો પવન દારૂના નશાને ઓછો કરી નાખશે એવી મને આશા હતી.

મારી આગળ એક માણસ ચાલતો હતો. હું જાણે પાછું વાળીને મને જોઈ રહ્યો ન હોઉં એવું મને લાગ્યું. એણે મારા જેવી જ ફેલ્ટ હેટ પહેરી હતી, ને મારી જેમ એના ડાબા હાથમાં પણ કશુંક પડીકા જેવું હતું. એ જે રીતે ચાલતો હતો તે જોતાં એણે પણ ઢીચ્યો હતો એવું લાગતું હતું. એ રાતે ધુમ્મસ છવાયું હતું. ને મને ઘડીભર તો એમ થયું કે હું મારો જ પડછાયો તો જોતો નથી ને ?

પણ એ કાંઈ પડછાયો નહોતો. મારી જ જાણે છબિ હોય એવો એ મારી આગળ ચાલ્યો જતો હતો, ને હું જ્યાં રહેતો હતો તે 'ઇ' બ્લોક તરફ જ એ વળ્યો હોય એવું મને લાગ્યું. હું જે દાદરે થઈ ને ઉપર જતો હતો તે દાદરે થઈ ને જ એ ઉપર ચઢવા લાગ્યો.

એ મકાન ભારે અટપટું ને મોટું હતું તે સાચું, પણ એ દાદરે થઈને આવતાજતા લોકોને હું દીઠે ઓળખતો હતો.મને એ અજાણ્યો લાગતો હતો. દુનિયામાં એ દાદર જ એને સૌથી વધુ પરિચિત હોય એ રીતે એ ઉપર ચઢતો હતો. એ ત્રીજે માળે ગયો ને જમણી તરફનું બારણું ઠોક્યું.

એ મારું જ એપાર્ટમેન્ટ હતું. આથી હું વધારે ચોંકી ઊઠ્યો. બારણું ઊઘડ્યું ને કોઈ દિવસને છેડે થાકીને આવતા પતિને ઘરમાં આવકારવામાં આવે તેમ એને મારી પત્નીએ અંદર લઈ લીધો.

મને થયું કે મારી પત્નીને કોઈ પ્રેમી હોવો જોઈએ. એમ જ હશે. હું ચુપકીદી જાળવીને દાદર ચઢ્યો. હું એમને અણીની ઘડીએ જ પકડી પાડીશ. મેં બારણા આગળ કાન માંડ્યા.

મને ત્યારે જે થયું તેનું શી રીતે વર્ણન કરી શકું ? મારું અનુમાન ખોટું હતું, એ મારી પત્નીનો પ્રેમી નહોતો. એ તો સાક્ષાત હું પોતે જ હતો.

ના, સાંભળો તો ખરા, મારું કાંઈ ચસકી ગયું નથી. પણ ત્યારે તો મને એવું જ લાગ્યું. મેં મારી પત્નીને કહેતાં સાંભળી : 'જિરો, જિરો' મારી બહેન તે દિવસ આવી હતી તે જે કહ્યું હતું તેની વાતો એ હસતાં હસતાં કહેતી હતી. તે બોલતી હતી તેમાં વચ્ચે વચ્ચે હું મારો થાકભર્યો અવાજ સાંભળતો હતો. પછી મારી પત્ની રસોડામાં કશુંક ખાવાનું લેવા ગઈ ને 'હું' છાપું વાંચતો હોઉં એવું લાગ્યું. મારું તો મગજ જ બહેર મારી ગયું. મારા સિવાયનો કોઈ બીજો 'હું' હતો એટલું સ્પષ્ટ હતું. તો મૂરખની જેમ પરસાળમાં ઊભો રહેલો હું કોણ ? 'હું' કોણ ને હું કોણ ? મારે ક્યાં જવું ?

મારો નશો ઊતરી ગયો છે ને હું સાનમાં છું એવું હું માનતો હતો. પણ નશો ખરેખર ઊતર્યો હોય એવું લાગતું નહોતું. હું હું છું એવો મને જે વિશ્વાસ હતો તે જતો રહ્યો.

મારી ઓરડીમાંનો માણસ તે ખોટો 'હું' છે, એ મારી ભ્રાન્તિ છે. એનો મને ખ્યાલ આવ્યો જ નહીં. જે હું પોતે હતો તેનું શું કરવું એ વિશે કશી ગતાગમ ન પડવાથી મેં બારણું ખોલ્યું.

'કોણ છે ?' મારી પત્નીએ પૂછયું.

'એ તો હું.' આખરે મેં જવાબ આપ્યો.

ત્યારે જોવા જેવું થયું, મારી પત્ની તો ચીસ પાડતી બહાર દોડી આવી. એણે બીજા તરફ જોયું, ને ફરી ચીસ પાડી ને એકાએક મને વળગી પડી. એના હોઠ ધ્રૂજવા લાગ્યા ને એ રડવા લાગી. બીજો 'હું' બહાર આવ્યો. એનો ચહેરો ધોળો પૂણી જેવો થઈ ગયો હતો.

એનું નામ હતું કુરોસે જિરો.

સેકિગુચિ બોલતો બંધ થઈ ગયો. એ કશાક વિચારમાં ડૂબી ગયો હોય એવું લાગ્યું. એણે એના ગ્લાસમાં શરાબ રેડ્યો.

'બીજો તું!' હું હસી પડ્યો, 'તુંય જાણે મોટો બહુરૂપી હોય તેમ !'

એણે નજર ઊંચી કરીને મારી સામે જોયું પણ મારા શબ્દો તરફ એણે સહેજેય ધ્યાન આપ્યું હોય એવું લાગ્યું નહીં. સહેજેય હસ્યા વિના એણે એની વાત આગળ ચલાવી.

કુરોસે તો શિયાવિયા થઈ ગયો, એણે મારી ક્ષમા યાચી. એણે એના નામનું કાર્ડ મારા હાથમાં મૂક્યું ત્યારે શાથી ભૂલ થઈ તે મને સમજાયું, હું ઇ-૩૦૫માં રહેતો હતો ને એ ડી-૩૦૫માં. એ ખોટા બ્લોકમાં આવી ચઢ્યો હતો ને મારા એપાર્ટમેન્ટમાં દાખલ થયો હતો.

મારી બહેનનું નામ કુનિકો છે. કુરોસે ઇજનેર હતો ને એની પિતરાઈ બહેનનું નામ પણ કુનિકો હતું. એનું નામ જિરો ને મારું નામ પણ જિરો. એ એની પત્ની જોડે એકલો રહેતો હતો. આથી બધો ઘાટ બેસી ગયો.

.....'એ જરા નાની લાગી ખરી. મને પરણ્યાને ચાર વરસ થઈ ચૂક્યાં છે.' એણે જતાં જતાં કહ્યું. એ જાણે મને ખુશ કરવા માટે આમ બોલ્યો, પણ તે વખતે હું ખુશ થવાના મિજાજમાં નહોતો. મેં બારણું ખોલ્યું નહીં ત્યાં સુધી એ બંનેમાંથી કોઈને પોતાની કશી ભૂલ થતી હોય એવું લાગ્યું નહીં એ વાતનો મને રંજ થયો.

'પણ હું સીધી રસોડામાં ગઈ, ને એણે તમે જેમ હમેંશાં સોફા પર આડા પડીને પેપર વાંચો છો તેમ પેપર વાંચવા માંડ્યું. એ તમે નથી એનો તો મને ખ્યાલ સરખો આવ્યો નહીં.'

મેં એની સારી પેઢે ખબર લઈ નાંખી ને એ ગરીબડી બનીને ઓરડામાં નજર ફેરવવા લાગી.

'માત્ર ઓરડી જ નહીં, એ લોકો બધી રીતે બરાબર આપણા જેવાં જ હશે. હું એની વહુ જ છું એવું એણે માની લીધું તે તમે જોયું ને ? મને તો ભયથી કમકમાં આવી જાય છે !'

હું કશુંક બોલવા જતો હતો, પણ બોલ્યો નહીં - ઘર કે માણસને ઓળખવામાં ભૂલ થાય એ તો જાણે ઠીક, પણ કુરોસેને એની જિંદગી અમારી જિંદગી જેવી જ લાગી એનો મને ભારે રંજ હતો.

મારી પોતાની પત્નીએ કુરોસે હું જ છું એમ માની લીધું. તો શું આ બધું સાવ સરખું જ હોય છે - કામ પરથી એપાર્ટમેન્ટ પર પાછા ફરવું ?

બધાં એપાર્ટમેન્ટ સરખાં હોય છે તેની તો મને ખબર હતી પણ મેં મારી જાતને પૂછ્યું :'આપણી જીવવાની રીત પણ શું બીબાંઢાળ જ બની ગઈ છે ?'

એપાર્ટમેન્ટમાં રહેનારાંની જિંદગી કેવી છે તે તો તમે જાણો છો. એમાં બધું જ એકસરખું હોય છે એમાં રહેવાની યોગ્યતા ને રહેવાની આવશ્યકતા – એનો અર્થ એટલો કે બધાંનું જીવનધોરણ એકસરખું જ હોય છે. અમે બધાં લગભગ એકસરખી વયનાં જ હોઈશું, પણ આ એકસરખાપણું બાહ્ય વીગતોને વટાવીને સહેજ આગળ વધ્યું હોય એવું મને લાગ્યું. એ જાણે વસ્તુના મર્મ સુધી પહોંચી ગયું હતું.

દાખલા તરીકે, મારે મારી પત્ની જોડે ઝઘડો થાય છે એ પ્રસંગની જ વાત કરીએ. બીજા એપાર્ટમેન્ટમાં જે ઝઘડાઓ થતા હોય છે તેના અવાજ બારીમાંથી સંભળાય છે તે અમારા ઝઘડાના અવાજ જેવા જ લાગે છે. એ બધું એવું તો મૂર્ખાઈભર્યું લાગે છે કે અમે ઝઘડતાં અટકી જઈએ છીએ. એ તો જાણે ઠીક. પણ બીજા એપાર્ટમેન્ટમાં રહેનારાં મહિનાના અમુક દિવસે અમુક વખતે ઝઘડતાં હોય છે ને એમાં તમે પોતે અપવાદરૂપ નથી એનુંય તમને ભાન થાય છે. અને - મારી કહેવાની રીત કદાચ તમને વિલક્ષણ લાગશે. - તેથી ઝઘડવામાં જે પવિત્રતા રહી હોય છે તે ચાલી જાય છે ! પછી કલહ માત્ર અમુક સમયને આંતરે થતા ઉન્માદનું રૂપ ધારણ કરે છે. તમે જરા ખ્યાલ કરી જુઓ. પછી એમાં કશું ઉત્તેજિત કરે એવું રહેતું નથી.

તમે સંડાસમાં જાઓ ને તમારી ઉપરના માળે પણ કોઈને ટાંકીની સાંકળ ખેંચવાનો અવાજ સંભળાય, પાણી વેગથી વહી જવાનો અવાજ સંભળાય. દિવસ પછી દિવસ આમ એકસરખું ચાલ્યા કરે. મેં પહેલાં તો આ તરફ કશું ધ્યાન આપ્યું નહોતું, પણ પછી એનો મન પર ભાર લાગવા માંડ્યો.

એકસરખો પરિવેશ ને એકસરખી રોજ-બ-રોજની જિંદગીને કારણે અમને બધાંને એકસરખી લાગણી થતી હોય ને એ લાગણી પણ એકસરખા પ્રકારે પ્રકટ થતી હોય એવું તો નહીં હોય ! તો તો પછી કોઈ ડિપાર્ટમેન્ટ સ્ટોરમાં રમકડાંના સૈનિકો હારબંધ ગોઠવ્યા હોય છે કે એકસરખી પૂતળીઓ ગોઠવી હોય છે તેના જેવાં જ અમે નહી લાગતાં હોઈએ?

આ બધામાં જેને હું મારું આગવું કહી શકું એવું શું ? જે બીજા કોઈનું નહીં હોય, કેવળ મારું જ હોય એવું શું છે ? આ લોકોનું ટોળું, એમાં એક જણ બીજાને સાવ મળતો આવે એવો, તો જાણે હુંય સૂકવવા મૂકેલી શીંગો પૈકીની એક શીંગ જ જાણે ! એ બધાંમાં હું મારી જાતને જુદી તારવીને ઓળખાવી સુધ્ધાં ન શકું !

મારી પત્ની કશુંક બોલી. પણ તેથી કાંઈ મામલો સુધર્યો નહીં. અમે પથારીમાં સૂતાં હતાં.

'આ કેવું વિચિત્ર ! હું સંડાસમાં જાઉં ત્યારે ઉપર પણ કોઈ સાંકળ ખેંચતું હોય ને નીચે પણ ! આપણે બધાં બધું જ એક સરખું કરીએ છીએ.'

હું એનાથી સહેજ દૂર સરી ગયો. એ એપાર્ટમેન્ટમાં રહેનારાં અમે સૌ પુરુષો જાણે કશાક સંકેતને અનુસરીને એક જ પ્રકારની ક્રિયા કરવા મંડી પડતા હતા.

ને આમ એમાંથી સુધ્ધાં મારો રસ ઓસરી ગયો. જ્યારે જ્યારે મારી પત્ની મારા કાનમાં કશુંક કહેતી ત્યારે મને લાગતું કે એ આખાય મકાનની બધી જ સ્ત્રીઓ પોતાના પતિના કાનમાં કશુંક કહી રહી છે. એનો સૂસવાટો હું અંધકારમાં સાંભળતો ને ધૂંધવાઈ ઊઠતો.

આપણું કશુંક આગવું કહી શકાય એવું છે એમ આપણે ભલે માનતા હોઈએ, પણ આપણા બધા દિવસો ને આપણી બધી જ ક્રિયા પ્રતિક્રિયાઓ સાવ બીબાંઢળ જ હોય છે.

મને આ અસહ્ય લાગવા માંડ્યું. હું કાંઈ કઠપૂતળીના ખેલની પૂતળી તો નહોતો !

હું હસવા જતો હતો, પણ હસ્યો નહીં. સેકિગુચિ મારી સામે ગંભીર બનીને જોઈ રહ્યો હતો.

થોડી વાર રહીને એના મોઢા પર આછું સ્મિત ફરકી ગયું.

એને મન સ્મિતની કિંમત ઘણી હતી તે હું બરાબર જાણતો હતો 'આ ભારે ગંભીર વાત છે.' એણે કહ્યું.

કુરોસે મારે મન મધ્યમ વર્ગના અસંખ્ય નોકરિયાતોનો, એપાર્ટમેન્ટના બધા પતિઓનો – પેલી દુકાનમાંના રમકડાંના સૈનિકો જેવા –મારા જેવા બધાનો પ્રતિનિધિ બની રહ્યો. 'હું' થી ઓળખાતા અસંખ્ય લોકોનો એ પ્રતિનિધિ હતો.

ધુમ્મસભરી એ રાત પછી મને કોઈ દિવસ એ માણસ જોડે બોલવાનું રુચ્યું નહીં એ તો તમે સમજી જ ગયા હશો. અમે બંને એકબીજાને ખૂબ મળતા આવતા હતા. ને એ એના ચામડાના પાકીટને છાતી સાથે દબાવીને ચાલતો ત્યારે એ પણ મને ટાળવા માગતો હોય એવું મને લાગતું. એ હમેશાં લપાઈછુપાઈને ચાલી જતો દેખાતો.

મને એની પ્રત્યે અણગમો થયો હતો. એ હું તો નહોતો, એ બધા એકસરખા નોકરિયાતોના જેવો તો હું નહોતો. ને છતાં એ બધા મારા જેવા લાગતા હતા. હું તો હું હતો. હું અવશ્ય એ તો નહોતો જ.પણ અમારી વચ્ચે ભેદ શો હતો ? આ ભેદ પુરવાર કરવાને કશું ચોક્કસ મારી પાસે હતું ખરું ?

હું કોઈ જે તે નહોતો. હું હું હતો, સેકિગુચિ જિરો નામની એક વિશિષ્ટ વ્યકિત,મારી અવેજીમાં બીજાને મૂકી શકાય નહીં - પછી એ બીજો ભલે ને ગમે તે હોય.આ હું મનમાં ફરી ફરી રટ્યે ગયો.

ને છતાં મને એ બધાથી જુદો પાડવા જોગ મારી પાસે પુરાવો શો હતો ? મારી પાસે નામ સિવાય બીજું કશું હતું ખરું ? નામ તો ચિટકાડેલી કાપલી જેવું છે. હું એપાર્ટમેન્ટના બીજા ભાડૂતો જેવો રેંજીપેંજી આદમી નથી એનો મારી પાસે બીજો પુરાવો શો છે ?

મારે એ પુરાવો એકઠો કરવો પડ્યો – મારી સ્વતંત્રતા, મારું વિશિષ્ટ વ્યકિતત્વ અસંખ્ય કુરોસે જિરોથી મારી જાતને જુદી પાડવા પુરાવો મારે શોધવો જ રહ્યો.

થોડાંક અઠવાડિયાં પહેલાં એ મને મળી રહ્યો. એ હતું તાવીજ. મેં મારી પત્નીથી આ વાત ખાનગી રાખી છે. આ સમસ્યા મારી અંગત સમસ્યા છે.

આ છે મારું તાવીજ.

સેકિગુચિએ એની પાછળ મૂકેલું ચામડાનું ભારે પાકીટ ખોલ્યું ને એક હાથની મૂઠીમાં સમાઈ જાય એટલી પોટલી બહાર કાઢી. એને તેલિયા કાગળમાં ભારે જતનથી બાંધી હતી.

'ડાયનેમાઈટ, સો ટકા અસ્સલ ડાયનેમાઈટ' ભારે કુશળતા ને સાવધાનીથી એણે ગાંઠે છોડી ને મારી જિંદગીમાં પહેલી જ વાર મેં ડાયનેમાઈટનાં દર્શન કર્યાં. લોખંડની ચાર નળીઓ હતી - કદાચ આઠેક ઈંચ લાંબી - ને એ બધી તારથી સખત બાંધેલી હતી.

એના કદના પ્રમાણમાં એનું વજન ખાસ્સું વધારે હતું.

'આ છે મારું તાવીજ' સેકિગુચિએ કહ્યું. 'અમે વાતો કર્યે જ જઈએ, પણ પેલાં એકધારાપણાથી બચી શકીએ નહીં.પણ જયારે મને મન થશે ત્યારે હું મને ને એ બધાને એક્કે ધડાકે ઉડાવી દઈશ.આખરે આ ઉપાય મને હાથ લાગ્યો.આ રહસ્ય છે મારા જીવ્યે જવાનું, મારી અદ્વિતીયતાનું.'

મેં એ લોખંડની નળીઓ એને પાછી આપી. કાળી ચળકતી નળીઓને સેકિગુચિએ હાથ પસવારીને પંપાળી.

'મને ડાયનેમાઈટની જરૂર હોય એવું નથી લાગતું. આભાર તારો.'

'અમે ? એ કાંઈ ઠીક નહીં કહેવાય. મારેય હવે એની જરૂર નથી. હું હવે બીજુ તાવીજ શોધી કાઢવાનો છું.'

'તું મજાક કરે છે કે પછી સાચું કહે છે તે મને કશું સમજાતું નથી.પણ આ જરા ખતરનાક...'

સેકિગુચિએ હાથ ઊંચો કરીને મને બોલતો અટકાવી દીધો. 'તુ તો ખરે જ ભાગ્યશાળી માણસ લાગે છે. મારે એની જરૂર નથી. કારણ કે હવે એમાં હું અદ્વિતીય રહ્યો નથી.' એ સહેજ થંભ્યો ને પછી બોલ્યો; 'આજના સાંજના સમાચાર રેડિયો પરથી સાંભળ્યા ?'

'ના.'

એ હોઠ મરડીને સહેજ હસ્યો. 'બસમાં ડાયનેમાઇટનો ધડાકો થયો. ત્રણ જણ ત્યાં ને ત્યાં જ મરી ગયા બીજા દાઝી ગયા ને ઘવાયા. એ મારા એપાર્ટમેન્ટ હાઉસ આગળ જ બન્યું.'

‘કેવી રીતે એ બન્યું ?’ મને દારૂનો નશો ઊતરતો લાગ્યો. સેકિગુચિએ મારી સામે જોયું નહીં. ધીમે ધીમે ને સાવધાનીથી એણે પોટલી આઘી મૂકી દીધી.

‘એ હંમેશાં એના પાકીટને એની જિંદગીની સૌથી મહત્ત્વની વસ્તું હોય તેમ છાતીસરસું જ રાખતો; અને એ મને હંમેશાં ટાળતો. મને એનો જેટલો અણગમો હતો, તેટલો જ કદાચ એને મારો અણગમો હતો. એનેય તાવીજની જરૂર હતી.’

‘એમ ?’

સેકિગુચિએ સાદડી પર પગ લંબાવ્યા. એનો અવાજ જાણે એ વિલાપ કરતો હોય તેમ વધ્યો. ‘રેડિયો પર સમાચાર આવ્યા. ત્રણ જણ મરી ગયા તે પૈકીના એક પાસે ડાઈનેમાઈટ હતું એવું પોલીસનું માનવું છે. એનું નામ હતું કુરોસે જિરો – ઇજનેર.’

અનુ. સુરેશ જોષી

અતિથિ

ઓસામુ દાઝાઈ

ગયા સપ્ટેમ્બર મહિનાની એક શુભ તિથિએ બપોરે મારે ત્યાં જે માણસ આવ્યો હતો એને તો મારા જીવનની છેક છેલ્લી ઘડી સુધી યે હું નહીં વિસરી શકું. ઉપરછલ્લી નજરે એના આગમનમાં ઊડીને આંખે વળગે એવું ભલે કાંઈ પણ ન હોય, છતાં એનું આગમન એ મારા જીવનની એક અત્યંત મહત્ત્વની ઘટના હતી એ વિશે મારા મનમાં જરાયે શંકા રહી નથી. એ માણસમાં મને તો મનુષ્યની એક નવી જ જાતિની આગાહી થઈ છે. મારા તોકીઓનાં વસવાટ દરમિયાન હું અવારનવાર હલકામાં હલકાં અનેક પીઠાંમાં ગયો છું ને કેટલાક ભયંકર કહી શકાય એવા ડાકુઓના પરિચયમાં આવ્યો છું. પણ આ નંગની જાત તો તદ્દન નિરાળી જ હતી. મારા આખાય જીવનમાં હું કાંઈ કેટલાય લોકોને મળ્યો છું. પણ એ બધામાં આ માણસ તો છેક વધુમાં વધુ અણગમો ને વધુમાં વધુ ઘૃણા જગાડે એવો હતો. સારપનો એનામાં એક છાંટો સરખો નહોતો,

મારું તોકીઓનું ઘર બોમ્બથી તારાજ થઈ ગયું એ પછી મારા કુટુંબને લઈને હું એક દૂર દૂરના ગામડાના ઘરમાં રહેવા આવ્યો હતો. મારું નાનપણ અહીંયાં જ વીત્યું હતું ને અહીંયાં જ હજી થોડા સમય પહેલાં મારો ભાઈ ચૂંટણીમાં ઊભો રહ્યો હતો. અહીંયાં જ એક દિવસે બપોરના જમણ પછી રહેણઘરમાં બેસીને સિગરેટ પીતાં હું સ્વપ્નમાં લીન બની ગયો હતો, ત્યાં જ એક ઊંચો, પડછંદ માણસ આવી પહોંચ્યો, એણે ખેડૂતનાં જેવાં કેડિયું ચોરણી પહેર્યા હતાં.

'મારા હમ.' મેં બારણું ઉઘાડ્યું એવો જ એ બોલી ઊઠ્યો. 'જો આ ભાયડો ઓલ્યો ઓહામુ ન હોય તો મારું નામ નૈં !'

હું તો એને બાઘાની જેમ જોઈ જ રહ્યો.

'હવે બાઘો થા મા,' હસતાં હસતાં ને અણિયાળી, ઊજળી બત્રીસી છતી કરતાં એ બોલ્યો, 'જો પાછો કે'તો નૈં કે હું તમને વીહરી ગ્યો સુ ! હું હીરાતા, તારો લંગોટિયો

ભાઈબંધ. આપણે એકડિયામાં હાર્યે લીટાં તાણતા.'

મારાં સંસ્મરણોની ઊંડી ગર્તામાંથી ધીમે ધીમે એક ધૂંધળી મુખરેખા ઊપસી આવી. નિશાળમાં કદાચ અમને એકબીજાને ઓળખાણ થઈ હશે, પરંતુ અમે એકબીજાના લંગોટિયા ભાઈબંધ બન્યા હઈશું એની મને એટલી ખાતરી નથી.

'અરે તમને તે કાંઈ વીસરી જવાય' નાગરિકતાનો ભારે દેખાવ કરતાં મેં કહ્યું. 'અંદર આવો ને, મિ. હીરાતા.'

પોતાની સપાટ ઉતારીને એ સીધો રહેણઘરમાં પહોંચી ગયો.

'હા, જો ને, એ મોટેથી બોલી ઊઠ્યો, 'આપણને સેલા મળ્યાને ઘણો લાંબો કાળ થ્યો, નૈં ને ?'

'હા, વર્ષોનાં વર્ષો.'

'વરહનાં વરહ ?' એ તડૂક્યો. 'દહકા કે' દહકા ! તું ને સેલો દીઠાને મુંને વીહથીયે વધુ થ્યાં હસે. કેટલાંક દી મોર્ય મી હાંભળ્યું' તું કે તું હવે આપણા ગામમાં રે'વા આવ્યો સે, પણ તૈંયે તો હું ખેતરનાં કામમાં એટલો તો ગળાબૂડ હતો કે મારાથી તુંને મળવા અવાયું જ નૈં. પણ એક વાત પૂસું : તું તો રૂડો સરાબી થૈ ગ્યો સે એમ કે'વાયસે ઈ હાસું ? દી આખો તું સીસીયુંની સોડ્યમાં રે'સે. હેં ?હા -હા -હા !'

મેં પરાણે સ્મિત કર્યું ને સિગારેટનો ઘૂંટ ભર્યો.

'આપણે નિહાળમાં કેવી બાથંબાથી કરતા ઈ તો તુંને હાંભરે સે ને ?' વાતને નવો વળાંક આપતાં એ બોલ્યો. 'તું ને હું , આપને બેય તો હરઘડી ઝઘડતા."

'સાચેસાચ ?'

'હાસેહાસ હેં !' મારા લહેકાના ચાળા પાડતાં એ બોલ્યો.'આપણે ઝઘડતા, હાસ્તો વળી ! આંઈ આ મારી હથેળી પસવાડે ઘા પડ્યો સે ને, ઇ ઇનું હંભાયણું સે. ઈ ઘા તેં માર્યો સે.'

મને દેખાડવા માટે એણે પોતાનો હાથ લંબાવ્યો, પણ, ઘાને જરા જેટલુંયે મળતું આવે એવું મને તો કાંઈ જ દેખાયું નહીં.

'ને તારા ડાબા પગની પિંડીએ ઘા સે ને, ઇ નું સું ! ન્યાં મીં તુંને એક પાણો માર્યો, તો ઈ હાંભરે સે ને ? ઇની સાડી ખાનારો એક ઊંડો ઘા હજીય ન્યાં હોવો જ જોયે. બોલ બકવી સે હોડ.'

મારી બંનેમાંથી એકેય પિંડીએ નામનોયે ઉઝરડો નહોતો. મેં ન-જેવું સ્મિત કર્યું ને એના તીણી આંખો ને જાડા હોઠવાળા મોટા મોઢા સામે જોયું.

'ઠીક, ઈ તો જાણે થ્યું,' એ બોલ્યો. 'આજ હું કિયે કામે આવ્યો સું ઇ તુંને કઉં. હું ને તું બેય ભેળા થૈને આપણી, હાર્યે જી ભણતાં ઇ હઉની એક ઉજાણી ગોઠવિયેં એવી મારી ઝાંખા સે. હું વીહેક જુવાનિયાને ભેળા કરું ને આપણે દહ ગેલન સરાબ લાવિયેં. પસી તો ડાયરામાં ભારી રંગ રૈ જાહે. વસાર જરીય ખોટો નથ. હેં ને ?'

'ના, મેં અનિશ્ચિતપણે કહ્યું. 'પણ દસ ગેલન ઝાઝા ન કહેવાય ?'

'અરે, ના રે ના,' એ બોલ્યો. 'ડાયરો જમાવવો હોય તો જણ દીઠ ઓસામાં ઓસા અરધા ગેલનનો ખપ તો પડે જ ને.'

'આવે સમયે તમે દસ ગેલન સાકે લાવશો ક્યાંથી ?' મેં કહ્યું 'એકાદ શીશી જેટલો મળી જાય તોય સદ્ભાગ્ય.'

'ઇની ફકર કર્ય મા.' એ બોલ્યો. 'ક્યાં હાથ મારવો ઈ નું મુંને બરાબર જાણસે. પણ તું ને જાણ તો હસે જ કે આંઈ ગામડામાંય ઇ જરા મોંઘો મળે સે. ઈમાં જ તાર પડખાની જરૂર સે.'

સમજદારીભર્યું સ્મિત કરતાં હું ઊભો થયો. તો આ આટલું બધું આસાન છે, એવો વિચાર કરતાં મને હાશ થઈ. હું અંદરના ઓરડામાં ગયો ને બેચાર નોટ લઈને પાછો આવ્યો.

'આ લ્યો,' મેં કહ્યું.

'અરે ના,' એ બોલ્યો. 'આજ હું આંઈ નાણાં લેવા નથ આવ્યો. હું તો ઉજાણીનો વસાર કરવા આવ્યો સું. તારા વસારે મારે જાણવા સે. વળી, આટલાં બધાં વરહ પસી મારા જૂના લંગોટિયાને મળવાનીયે મુંને ઝંખા'તી...ઠીક, પણ આટલાથી કાંઈ આપણો સકરવાર નૈં વળે, ઓસામાં ઓસા આપણને હજાર યેનનો તો ખપ પડસે જ. તું તારે આ નોટ્યું પાસી મૂકી દે.'

'સાચેસાચ ?' મારા પાકીટમાં નોટ પાછી સેરવતાં મેં કહ્યું. 'કેમ, મુંને કાંક પાવાબાવાનો કે નૈં ?' એકાએક એ બોલી ઊઠ્યો. ઠંડે કલેજે મેં એની સામે જોયા કર્યું પણ એણે નમતું ન જ આપ્યું.

'લે હાલ્ય, હાલ્ય,' એ બોલ્યો. 'જનમારામાં એનું નામેય હાંભળ્યું ન હોય એવા બાઘા થવાની જરીયે જરૂર નથ ! કે'સે કે તારી પાંહે તો કાયમ મોટો બધો જથ્થો હંગરી જ રાખ્યો હોય સે.હાલ્ય, હાર્યે બેહીને જરીક તો પિંયેં ! તારી વઉને તો બરક ! ઇ આપણને પ્યાલા ભરી દેસે.'

'બહુ સારું.' ઊભા થતાં મેં કહ્યું. 'અંદર આવો.' એ ઘડીથી મને કાંઈ જ ભાન ન રહ્યું.

એને હું અંદરના ઓરડામાં લઈ ગયો. એ ઓરડાનો હું મારા અભ્યાસ માટે ઉપયોગ કરતો.

'અહીંયાં બધું જરા આડુંઅવળું પડ્યું છે હો,' મેં કહ્યું.

'જરીયે વાંધો નૈં.' એણે ઉદારતાથી કહ્યું. 'ભણેસરીના ઓરડા બધા જ કાયમ ડુક્કરના વાડા જેવા જ હોય સે. તોકયોમાં હું રે'તો તો તૈંય તારા જેવા કેટલાય ભણેસરીને જાણતો'તો.'

એના તરફ મેં વહેમભરી નજર નાખી : તોકીઓના આ વસવાટની વાત પણ એના ફળદ્રુપ ભેજાનો જ એક નવો ફણગો હતો એમાં શંકા નહોતી.

'પણ તોય આ ઓરડો કાંઈ વરવો નથ,' એ બોલ્યો. 'આંઈથી વાડીયે હારીપેઠ દેખાય સે ને સુ ? હાલ્ય, મને કે, જાઉં આ 'હીઇરાગી' સબદ કિયાંથી આવ્યો સે ઇની તુંને ખબર્ય સે ?'

'ના,' મેં જવાબ આપ્યો.

'હા - હા ! તું તો મોટો ભણેસરી સે, કેમ નૈં ?' એ બોલ્યો. 'તું હાસેહાસ નથ જાણતો ? હાલ્ય, હું તુંને એક એંધાણી આપું સું. આખા સબદનો અરથ હઉને લાગુ પડે એવો સે ને ઇના અરધા ભાગનો અરથ તમે હંધા પઢો રે પોપટ - ઓલું કાંક લીટા તાણવા માટે વાપરો સો ને ઇ થાય સે.'

એ અગડંબગડં બકતો હોય એવું લાગ્યું. મને વિચાર આવવા લાગ્યો. આના ભેજામાં કોક ખોડખાંપણ તો નથી ને ? પણ આવી ખોડખાંપણથી એ કેટલો છેટો હતો એનું ભાન તો મને છેક બપોરને અંતે થવાનું હતું.

'કેમ, કાંઈ ઘડ બહાડી કે નૈં ?'

'ના, મને તો સૂઝ પડતી નથી,' મેં કહ્યું. 'હું હાર્યો. બોલો શું જવાબ છે ?'

'ઇ તો હું તુંને બીજી કોક વાર કૈસ,' પોતાનું મહત્ત્વ વધ્યું હોય એવું સ્મિત કરતાં એ બોલ્યો.

કબાટ પાસે જઈને મેં એમાંથી એક લગભગ અરધો ભરેલો ઉમદા વ્હિસકીનો શીશો કાઢયો.

'મારી પાસે સાકે તો જરા ય નથી.' મેં કહ્યું.'વ્હિસકીનો તો તમને વાંધો નહિ જ હોય'

'વદી જસે,' એ બોલ્યો. 'પણ પ્યાલા ભરવા માટે તારી ઘરવાળી આવે તો હારું.'

'એ તો ઠીક,પણ મારી પત્ની ઘેર નથી,' મેં કહ્યું.

ખરેખર તો એ સૂવાના ઓરડામાં જ હતી, પણ એને આ કસોટીમાંથી ઉગારી લેવાનો મેં મ.મ નિર્ધાર કર્યો હતો. વળી એને જોઈને આ ખેડૂત નિરાશ જ થવાનો એવી પણ મને ખાતરી હતી. શહેરની કોક ચાલાક ને ફેશનેબલ યુવતીને જોવાની એણે સ્વાભાવિક રીતે જ અપેક્ષા રાખી હોય, ને મારી પત્ની પણ આમ તો તોકીઓમાં જ જન્મી હતી ને તોકીઓમાં જ મોટી થઈ હતી છતાં એનામાં ગ્રામ્ય. લગભગ અણઘડ એવું કંઈક તો હતું જ.

પણ આ છેતરામણી મારા અતિથિની જાણ બહાર ન રહી.

'ઇ ઘરમાં જ સે,' એ બોલ્યો. 'ઇ ને આંઈ બરક ને પ્યાલા ભરી દેવાનું કે'

એની વિનંતિની અવગણના કરવાનું જ મેં નક્કી કર્યુ. ને એક ચાના પ્યાલામાં વ્હિસ્કી રેડીને એના હાથમાં ધર્યો.

'લડાઈ પહેલાં જેવો માલ મળતો, એવો તો નથી જ, હોં કે,' મેં કહ્યું.

એક જ ઘૂંટડે એ સ્વાહા કરી ગયો ને મોટેથી પોતાના હોઠ ચૂસીને એ બોલ્યો, 'બઉ સસ્તો માલ સે નેં ?'

'હું દિલગીર છું, પણ મારી પાસે સારામાં સારો આ જ છે.... તમારે ઠેકાણે હું હોઉં તો આટલી બધી ઝડપથી ન ગટગટાવી જાઉં,' મેં કહ્યું.

'હા - હા !' પ્યાલો મોઢે માંડતાં એ બોલ્યો. 'તું કેની હાર્યે વાત કરસ ઇ ની તુંને ખબર્ય નથ લાગતી. દીવાટાણે બે સીસા તો હું એકલો જ તળિયાંઝાટક કરી નાંખતો, ને ઇ પણ અસ્લી માલનાં હોં ને, તમારા આ પાણીપોસા માલના નૈં, હા, મુંને નથ લાગતું કે આમાં હાઠ ટકાથી કાંઈ વધારે હોય, કેમ ને ?'

'મને ખરેખર ખબર નથી.'

એણે શીશો હાથમાં લીધો ને મારે માટે એક પ્યાલો ભર્યો, પછી એણે પોતાનો પ્યાલો કાંઠા સુધી ભર્યો.

'લે, સીસી તો મારી ખાલી થવા આવી ને સું.' એ બોલી ઊઠ્યો.

'એમ, ખરેખર ?' મહામહેનતે નચિંત દેખાવાની મથામણ કરતાં મેં કહ્યું, કબાટમાંથી મેં બીજો શીશો કાઢ્યો.

એ માણસે તો ઢીંચવાનું ચાલુ રાખ્યું ને જેમ જેમ બીજા શીશાનો વ્હીસ્કીયે ઓસરવા માંડ્યો તેમ તેમ મારા હૃદયમાં રોષ ઉભરાવા માંડયો. સામાન્ય રીતે જ હું મારી વસ્તુની ચિંતા કરું એવો નથી. એ બાબતમાં તો સાવ ઊલટું જ છે. બોમ્બમારામાં મારો તમામ અસબાબ ગુમાવી બેઠા પછી જે કાંઈ વધ્યું તેનું ભાગ્યે જ મારા મનમાં કાંઈ વસ્યું છે. પણ આ વ્હીસ્કીની વાત નોખી હતી. થોડા સમય પહેલાં જ અપાર હાડમારી ને ખર્ચ વેઠીને મેં એ મેળવ્યો હતો ને વાળુ પછી કોક વાર જ નાની સરખી પ્યાલી પીવાનો મેં કડક નિયમ રાખ્યો હતો.એ બપોરને પ્રારંભે અઢી શીશા જ બાકી રહ્યા હતા, ને મારા મિત્ર મિ. માસુજી ઇબુસેને પ્રસંગોપાત્ત એકાદ પ્યાલો પીવાનું ગમે છે એમ હું જાણતો હોવાથી એ મને મળવા આવે ત્યારે એનાથી એનું સ્વાગત કરવાની ઉત્કટ ઝાંખના મેં સેવી હતી. ત્યાં તો, બપોરે મેં જમી લીધું એ પછી આ રાક્ષસ જેવો ખેડૂત આવી પહોંચ્યો ને મેં વ્હિસ્કી બહાર કાઢયો ત્યારે મને તો સ્વપ્નેય ખ્યાલ નહોતો કે એ એક પ્યાલાથી વધારે પીશે. પણ હવે તો એ જેમ જેમ બીજા શીશાનો વ્હીસ્કીયે ગટગટાવતો હતો ને એને હું નપુંસક રોષથી બળબળતો જોઈ જ રહ્યો, તેમ તેમ મને લાગતું ગયું કે આ વ્હીસ્કી એ તો મારું પ્રાણાધાર રુધિર છે ને આ જડભરત એની ઘૂંટડેઘૂંટડે મોજ ઉડાવી રહ્યો છે.

'હાંભળ્યું સે કે તોકયોમાં તું બાયડિયુંની બાબતમાં ભારી વપદમાં આવી ગ્યો'તો,' ફરી એક વાર પોતાનો પ્યાલો ભરતાં એ બોલ્યો, 'ઇમ તો, તું ને હાસું કઉં તો તોકયોમાં રે'તો તો તૈંયે હુંય વપદમાં આવી ગ્યો'તો પણ ઇમાંથી તો હું હાવ હેમખેમ બારે નીકળી ગ્યોતો, લે વળી ,એક બાયડી તી મુંને સું દબાવતી'તી ! ઇ હાસું એક કે એક વારે જો ઇણે તમારી રઢ લીધી તો પછી ઇ હટ દેંઇને તમને સૂટા નો મેલે, હાં. મારી ઓરત તો મુંને હજીયે રત્યરત્યમાં કાગળપતર લખ્યા કરેં સે, જો ને, હજી થોડાક દી મોર્ય જ ઇણે મુંને સોખાની મીઠાઈની ટોપલી મોકલી સે. બાયડિયું બધી જ બેવકૂફ, કેમ ને, ધરાહાર

બેવકૂફ ! તમારા હૈયા હાર્યે ઇનું હૈયું હળી ગ્યું ને તો પસી તમારા દીદાર કેવા સે ને તમારી પાહેં નાનાં કેટલાં સે ઇની હાડીબાર ઇ રાખે જ નૈં ને. ઇ તો ફકત ભાવના ને હૈયું ને ઇ હંધી ઉપરસલી જુગતિના જ વસાર કર્યા કરે." એણે મોટેથી કર્કશ હાસ્ય કર્યું. 'હા, હું તોકયોમાં રે'તો, તો તૈંયે મુંને તો હાવ મોકળું મેદાન મળી ગ્યું'તું, આજ હું ઇને હુંભારું સું તૈંયે મુંને થાય સે કે તોકીઓમાં તું જી ટાણે તારી ગેઈશાયુનાં સિતડાં સોરી લેતો'તો ઇ જ ટાણે હુંય ત્યાં જ હતો, તેં હારીપેઠ નામ કાઢ્યું'તું, નૈં ને ? હા -હા ! એલા આપણે હબળ એકમેકને ભટકાઈ ન ગ્યાં, ઇ હંધા દન તું એવે તે કિયે ઠામ ભટકતો'તો ?'

એ કયા દિવસોની વાત કરે છે એની ન તો મને સૂઝ પડી કે ન તો મને મેં એકેય ગેઈશાનું ચિત્ત ચોર્યું હોય એવું સ્મરણ થયું. સાચું જ કહેવું હોય તો, તોકીઓમાં રહેતો હતો ત્યારે આવેશભર્યા અનેક સંબંધોમાં હું સંડોવાયો હતો ખરો. ને એને લીધે મારા ઓળખીતા સાહિત્યકારોએ, ને મારા કહેવાતા મિત્રોએ પણ મને ખૂબ ખૂબ બદનામ કર્યો હતો. એટલે સુધી કે એમની ટીકાની હવે મારા પર સાવ અસર થતી અટકી ગઈ છે, એમ છતાં આ માણસના શબ્દોમાં એક એવો સૂર હતો કે આટલાં વર્ષોમાં પહેલી જ વાર મારે રીઢા રંડીબાજ હોવાના આરોપનો સામનો કરવો જ જોઈએ એમ મને લાગ્યું.

'તમને ખબર નહીં હોય.' એની આંખમાં આંખ માંડતાં મેં કહ્યું, 'સુંદરીઓનાં ચિત્તડાંનો ચોર બનવાનો પ્રયાસ મેં કદી યે કર્યો નથી, ને વગર વિચાર્યે એક પછી એક સુંદરીઓને ભ્રષ્ટ કર્યે જવામાં મને કોઈ જ જાતનો આનંદ નથી આવતો.'

'ઇ તારી હંધીય વાત હું જાણું સું.' પોતાનું હાસ્ય અરધું દબાવી એ મારી સામે જોતાં બોલ્યો, ને મેં કહેલો એકેય શબ્દ એને સાચો લાગતો નથી એમ મને સમજાઈ ગયું. લઘુતાનો એક અણગમતો ભાવ મને ઘેરી વળ્યો. આ સડેલા મનનો માણસ પણ મને પામી ન ગયો હોય - મારા અસ્તિત્વનાં વિકૃતમાં વિકૃત પડોને ઊખેળીને જોઈ ન ગયો હોય જાણે!

એકદમ એને ચાલ્યા જવાનું કહેવાનું મને મન થઈ આવ્યું, છતાં એવી હિંમત મારાથી થઈ નહીં. એ એક હકીકત છે. આ ગામમાં અમારી સ્થિતિ જરાય સુરક્ષિત રહી શકાય એવી હતી નહીં. ને ગામનો જૂનો ને જાણીતો હોય એવા કોઈ પણ માણસને છંછેડવાનું જોખમ મારાથી ખેડાય તેમ નહોતું. વળી મને ભય પણ લાગ્યો કે જો હું આને ચાલ્યા જવાનું કહીશ તો મેં એને એક અભણ ખેડૂત ગણીને જ ધૂતકારી કાઢ્યો છે એમ એ માની લેશે. હું રહેણઘરમાં ગયો ને રકાબી ભરીને ફળો લઈ આવ્યો.

'સફરજન લેશો ને,' મેં કહ્યું.'એનાથી તમને ઠીક રહેશે.'

થોડી જ વારમાં આ માણસ છાકટો બનીને ગાંગરવા માંડશે એવો ભય મને લાગ્યો હતો ને એટલે જ આ આફત ટાળવા માટે એને થોડાં ફળ આપવાનું મને સૂઝી આવ્યું હતું. રકાબી સામે સૂની આંખે એણે જોયું ને પછી વ્હીસ્કીનો પ્યાલો લેવા હાથ લંબાવ્યો.

'રાજકારણ પર મુને ફટકાર સે,' એકાએક એ બોલી ઊઠ્યો.'હાસુ પૂસ તો અમ હંધાય ખેડૂભાયુંને રાજકારણ પર ફટકાર સે. રાજકારણના ઇ માંધાતાઉએ અમારું શું

ભલું કર્યું સે હેં ? અમને એકેય રીત્યે ઇમણે પડખું આપ્યું હોય તો અમીં ઇમને પડખું આપિયે ને. અમં લોકો, હમજ્યોને, અમ ગામડાનાં માણહ તો રયાં નમકહલાલ, ઉપકારનું હાટું અમીં કાયમ ઉપકારથી જ વાળિયેં. પણ ઓલ્યા રાજકારણના માંધાતાઉં ફકત લૂલબાઈ જ હલવી જાણે. જેંયે હાસી મે'નત તો અમીં જ કરિયેં. હમાજવાદી, પરગતવાદી – છટ! અમારે મન તો ઇ હંધાંય હરખાં !'

પળ વાર તો આ નવી વાતનો છેડો ક્યાં આવશે એના વિચારમાં હું લીન થઈ ગયો.

'આ સેલી છૂંટણીમાં તારો ભા ઊભો રયો'તો ને ?' એણે વાત આગળ વધારી.

'હા,' મેં કહ્યું, 'આ એનો વિભાગ હતો, એ હારી ગયો હતો.'

'તેં જાતે પણ કાંઈ ઓસો પ્રસાર નૈં કર્યો હોય ?'

'ના, મેં તો મત આપવાનીયે દરકાર કરી નહોતી. ઘરમાં રહીને મેં તો મારું કામ જ કર્યે રાખ્યું હતું.'

'નરાતાળ ખોટું' એ બોલ્યો, 'તારા ભાનો પ્રસાર તેં કર્યોસ્તો વળી ! ઇ તો એક હાદી માણહાઇની વાત સે. હું તારા જેવો મોટો ભણેસરી મર્યને ન હોઉં, પણ માણહાઇ કેને કે,વાય સે અટલું તો જાણુંસ્સું, એક વાતની તો અમ ખેડૂભાયુંને ગમ પડે સે હોં. રાજકારણ પર મુંને ફટકાર સે, સતાં નિહાળના લંગોટિયા ભાઈબંધનો ભા સૂંટણીમાં ઊભો સે એવું મીં હાંભળ્યું કે તરત કેના કે'વાની વાટ ભાળ્યા વના મીં તો સટ ઇને મારો મત્ય દૈ દીધો. ઇ માણહાઈ કે,વાય, હમજ્યો ! જૈં લગણ અમારામાં ઇ પણ સે ને, તૈં લગણ અમ ખેડૂભાયુંને ઊની આંસે નૈં આવે !'

એનો ઉદ્દેશ હવે પૂરેપૂરો સ્પષ્ટ દેખાઈ આવ્યો. એનો મત - જો એણે એ ખરેખર આપ્યો હોય તો એને મન મારી પાસેથી અમાપ વ્હીસ્કી કઢાવવાનો પરવાનો હતો.

'મારા ભાઈને ટેકો આપીને તમે ખૂબ મમતા દાખવી છે.' કટાક્ષભર્યું સ્મિત કરતાં મેં કહ્યું.

'મારી વાતનો જોજે ઊંધો અરથ નો કરતો, ઇ તો મીં હાદી માણહાઈને ખાતર જ કર્યું'તું - તારા ભાને મીં ભલો ગણ્યો'તો ઇમ તો નૈં જ. આજ તારું કટમ જગતમાં મર્યને આગળ વધી ગ્યું હોય પણ હજી બેસાર પેઢી પે'લાં જ તો તમી ફકત હાધારણ તેલ વેચનારા હતા. તું ઇ જાણે સે ને ? મીં હારીપેઠ ગોત કરી સે. તારું કટમ તેલના ડબા વેસતું,તું ને કોક જો અરધો ગેલન કે ઇથી વધુ ખરીદી કરતું ને તો ઇને લટકામાં એક સોકલેટ આપતું'તું. એવી જ રીત્યે તમીં નાણાં એકઠાં કર્યાં. મોટાં કે'વાતાં હંધાંય કટમનું જ હોય સે, ભઈલા ! આ ઓઇકે કટમનું જ ઓઠું લેને. આંઈની અરધોઅરધ જમીન ઇમના હાથમાં સે ને ઇ આપણા હંધાય ઉપર રબાબ સાંટે સે. પણ હજી ગૈ કાલની જ વાત સે કે ઇમના બાપદાદા વટેમારગુઓને મૂતરવા હારુ હેરીએ બકડિયાં મૂકતાં ને ઇ બકડિયાં જેવાં ભરાઈ રે'તાં કે તરત ઇમને ખાતર હાર્યે ભેળવવા હારું ખેડૂને વેસી મારતા. એવી જ રીત્યે ઇમનો બાદશાહીનો દી ઊગ્યો. તું મુંને મૂરખ નૈં બનાવી સકે !'

'એમાં હું કોઈ દી સફળ નીવડું જ નહીં ને,' મેં કહ્યું. મને વિચાર આવ્યો : આ માણસ આ બધું જ અહીંયાં ને અહીંયાં ઉપજાવી કાઢે છે કે પછી પહેલેથી જ પૂરેપૂરી તૈયારી કરીને આવ્યો છે.

'હું પોતે પણ એક ખરેખરા અસ્લી કટમનો નબીરો સું,' એ બોલવા માંડ્યો. હજારો વરહ પે'લાં મારા બાપદાદા કયોતો મેલીને આ ગામમાં રે'વા આવ્યા'તા.'

'સાચેસાચ ? તો તો તમારું કુળ પણ અમીર જ હોવું જોઈએ.'

'તારી વાત બઉ ખોટી નથ,' નાકમાંથી હસતાં એ બોલ્યો. 'મુંને આ કપડાંમાં જોવાની ધારણા તો તેં નૈં જ રાખી હોય પણ. હા, મારા બેય ભાયું વિદ્યાપીટમાં ભણવા ગ્યા'તા. મોટા ભાએ તો હરકારમાં પણ હારીપેઠ નામ કાઢ્યું'તું. ઈનું નામ તો તેં સાપામાં દીઠું જ હસે.'

'હા, હા,' મેં કહ્યું.

"ભલે, પણ મીં જાતે વિદ્યાપીટમાં જવાની પરવા જ નો'તી કરી. મીં તો ગામડામાં રે'વાનું ને કાંક ખરેખરું ખપનું કામ કરવાનું જ પ્રસંદ કર્યુ 'તું, ને હવે હું જ હાસેહાસ આગળ વધી ગ્યો સું ને ઈમને સોખા ને બીજી તોકયોમાં મળતી નો હોય ઈ અનેક જણસું હારું મારી પાંહે હાથ લંબાવવા પડે સે. ઈ હંધું હું ઈમને કાંઈ કમને આપતો નથ. ને આંઈ જો;' એકદમ મારી આંખમાં ઘોંચવાનો હોય એમ આંગળી ચીંપતાં એ બોલ્યો, 'તુંને કેદીયે દાણાની તાણ પડે ને તો તું તારે મજાથી મારે ખેતરે હાલી આવજે, તુંને જી જોતું હસે ઈ હું તને દૈસ. એક ભાઈબંધનો સરાબ એમ અમથોઅમથો પી જાઉં એવો ગમાર હું નથ. હોં કે, ઈનું – પૈએ પૈનું – હાટું હું તુંને વાળી દૈસ. અમ ખેડૂભાયું તો નમકહલાલ કે'વાઈ.'

ગમગીન બનીને એણે પોતાનો ખાલી પ્યાલો નીરખ્યા કર્યો ને પછી સહસા એ બૂમ પાડી ઊઠ્યો :

'તારી વઉને તો આંઈ બરક ! ઈ જાતે મુંને પ્યાલો ભરી નૈં દે તૈં લગણ હું એક ટીપુંયે નથ પીવાનો, એક ટીપુંયે નૈં, હાંભળ્યું ને ?' એ લથડિયાં ખાતો ઊભો થયો. 'ક્યાં સે તારી વઉ, કે'તો ખરો ? રહેણઘરમાં સે ને, ત્યાં ગોદડાંની હૂંફ માણે સે ને, હેં ? તુંને ખબર્ય સે હું કોણ સું ? હું હીરાતા, ખેડૂઓનો રાજા સું રાજા ! લાખ વહાના મારા હીરાતા કટમ બાબે તેં સું કાંઈ હાંભળ્યું નથ ?'

મારો મોટામાં મોટો ભય સાચો ઠરતો લાગ્યો ને મારે મારી પત્નીને બોલાવી લાવ્યા સિવાય બીજો કાંઈ જ આરો નથી એ મને સમજાઈ ગયું.

'તમે શું કામ તકલીફ લ્યો છો. મિ. હીરાતા,' મેં સ્વસ્થતાથી કહ્યું. 'આ વાતનું તમને આટલું બધું લાગતું હશે એની મને ખબર નહીં. લ્યો, હું હમણાં જ એને અહીંથી બોલાવી લાવું છું.' હું સૂવાના ઓરડામાં ગયો. મારી પત્ની ત્યાં કેટલાંક ફાટેલાં મોજાં રફુ કરવામાં ગૂંથાઈ હતી.

'તું જરા વાર અંદર આવીશ કે?' વાતવાતમાં મેં પૂછી લીધું. 'મારો નિશાળનો લંગોટિયો ભાઈબંધ મને મળવા આવ્યો છે.' આથી વિશેષ મેં કાંઈ જ કહ્યું નહિ. મારા અતિથિ વિશે મારી પત્ની કોઈ પણ જાતનો પૂર્વગ્રહ બાંધી લે, ખાસ કરીને તો એને હું અમારા કરતાં નીચા દરજ્જાનો ગણું છું. એમ એ માની લે, એવું જરાય મન નહોતું. એણે માથું નમાવી હા પાડી અને મારી સાથે અંદરના ઓરડામાં આવી.

'ચાલ, હું તને મિ. હીરાતની ઓળખાણ કરાવું.' મેં કહ્યું. 'એ મારા લંગોટિયા ભાઈબંધ છે. એકડિયામાં અમે સાથે ભણતા. નાના હતા ત્યારે અમે બંને હરઘડી ઝઘડયા કરતા. એમની હથેળી પછવાડે ઘાનું એક નિશાન છે. એ ઘા મેં માર્યો હતો. આજે એ પોતાનું વેર વાળવા આવ્યા છે.

'મને તો ખૂબ ભય લાગે છે !' એ હસતાં હસતાં બોલી. 'ભલે, ભલે, હું પણ તમને મળીને હું ખૂબ રાજી થઈ છું.' એણે એમને નમન કર્યા.

અમારા અતિથિને આ વિનયમાં રસ પડ્યો હોય એવું લાગ્યું,

'તમોને મળીને મું ને પણ બઉ હરખ થાય સે. બોન,' એ બોલ્યો.'પણ તમારે મારી હાર્યે આવડો બધો વને જાળવવાની કોઈ જરૂર નથ, હોં, હા, પણ અટાણે તમીં મારો આવડો આ પ્યાલો સરાબથી ભરી દેસો ને, તો તો મારે હેંયે હરખ નૈં માય હોં.'

એક વાત મારા ધ્યાન બહાર રહી ન ગઈ. હજી થોડી જ વાર પહેલાં મારે મોંઢે મારી પત્નીની વાત કરતાં આ 'તારી વઉ' 'તારી વઉ' કરતો હતો, પણ અત્યારે ખુદ એને મોઢે વિનયપૂર્વક વાત કરી શકવાના હોશ તો એનામાં રહ્યા જ છે.

'તમોને ખબર્ય સે બોન.' મારી પત્નીએ એનો પ્યાલો ભરી દીધા પછી એ બોલ્યો, 'અબઘડી હું આ ઓહામુને કે'તો'તો કે તારે કદીયે દાણાની તાણ્ય પડે ને તો તું તારે ભઈલા, હડી કાઢીને મારે ન્યાં દોડી આવજે. મારે ન્યાં તો હંધુય અભરે ભર્યું સેઃ બટાટા, સાકપાનડાં, સોખા, ઈંડાં, મરઘાં ને ઘોડાનું માંહ જોયેં સે તમોને ? ઘોડાના માંહનો એક મહમોટો કટકો પોસાડી દઉં તમોને ? તમોને ખબર્ય સે, ઘોડાનું સામડું ઉતારવામાં મુંને કોઈ ના પુગે, હોં. કાલ દી ઊગતામાં મારે ન્યાં આવી પૂગજો. ઘોડાનો આખો ને આખો ટાંટિયો હું તમોને આપી દૈસ. તમોને તેતર્ય પસંદ સે ? લે, પસંદ તો હોય જ ને વળી ! ઈમાં સું, આ પંથક આખામાં મારો જેટલો પંકાયેલો તાકેડું અવર કોઈ સે જ નૈ. તમ તમારે સું જોયે સે ઈ મુંને કૈ, દેજો ને, આખ્યું ઉઘાડતામાં તો ઈ હું હેઠે પાડીસ. તમોને બોન. રૂડાંરૂપાળાં વનેરું બતકાં ગમે કે ? લ્યો, ઈમાં તી સું, કાલ પરોઢિયે હું બારે નીકળી જૈંસ ને તમીં હાટુ દરબાર ખાતામાં કરી આવીશ. મારા જમાનામાં મીં સિરામણ મોર્ય તણ્ય વીહું બતકાં માર્યા સે. તમોને ઈ હાસું નો લાગતું હોય ને તો આંઈ આટલામાં કોઈના કાન કૈંડી જોજો. આ પંથક આખામાં હું જબરામાં જબરો તાકેડું સું. જુવાનિયાં તો મારું નામ કાને પડતાં પડતાં જ થીજી જાય સે ઈ હાસું સે હોં – ઈ મનેય ખબર્ય સે કે આ બંકડા પાંહે એક બે સમત્કાર સે. એલા એ ય, પઢો રે પોપટ !" એણે મને બૂમ મારી.

'તું તી કાઈ દી આરતી ટાણે સિન્તો દરવાજે કાં આવતો નથ ? ન્યાં એકાદ ધીંગાણું તો નત્ય હાલતું જ હોય સે – ખૂબ બધા ઉધામાત્યા જુવાન એકમેકને સોંટ્યા જ હોય સે – હું તો ન્યાં જેવો પોંસું ને એવો જ ઇમની બરોબર વસોવસ ખાબકું ને ઇ હંધાયને બાધતા બંધ કરી દઉં. ઈ હાસું કે ન્યાં હું જેટલી વાર જોઉં સું ને એટલી વાર મારી પંડ્યની જંદગી પણ ભોમાં નાખું સું. પણ આંયાં ઇની કેને હાડીબાર સે ? મારાં બાયડી સોકરાંવ હારુ મી થોડાં નાણાં જુદા કાઢી રાખ્યાં સે. મારા ગયા કેડે ઇમને ઊની આંસે આવે એમ નથ.'

પણ વાર એનો અવાજ આર્દ્ર બન્યો. પણ પછી એકાએક મારા તરફ વળીને એ લગભગ ત્રાડ નાખતો બોલી ઊઠ્યો, 'ઊઠ એલા એય પઢો રે પોપટરામ ? જો, કાલે આરતીટાણે હું તુંને બરકવા આવીશ ને પસે આપણે હાર્યે ઓલ્યે દરવાજે જાસું જંદગી હાસેહાસ કેવી હોય સે ઇ ન્યાં હું તુંને દેખાડીસ. આમ ને આમ દી આખો તું ઘરકૂકડી થૈને બેઠો રે'સને તો પસેં તારા કાળા અસકરમાં ઝાઝું પાણી કેંયે નૈં સડે, થોડો જાત્ય - અનુભવ મેળવવો જોયે. તું તી કઈ ભાતનાં સોપડા સિતરે સે ઇ તો કે, ? હા -હા -હા ! મૂળ આફત જ આ સે ને, આ જંદગી સું સે ઇની તુંને ભાળ જ નથ. આ મારી જ વાત કર્ય. આજ દી લગીમાં મીં તણ્ય બાયડી કરી નાખી. સતાં હાજર હોય ઇ જ મુંને કાયમ હઉથી વા'લી લાગે સે. તીં કેટલી બાયડી કરી ? બે ? તણ્ય ? તમોને તો ખબર્ય હસે જ, બોન, તમારી હાર્યે કેમ પ્યાર કરવો ઇ તો આવડે સે ને ઇ ને બરોબર ?'

'તું અંદર જઈને થોડી મીઠાઈ લઈ આવ તો,' એક નિઃશ્વાસ નાખતાં મેં મારી પત્નીને કહ્યું.

'હવે તો તું ઝટ તોકયો દીમની હડી મેલવાનો, ને, હેં ?'

મારી પત્ની જેવી ઓરડીમાંથી બહાર ગઈ એવા જ મિ. હીરતા બોલી ઊઠ્યા 'વળી પાસો તું ઓલી હગલિયું હાર્યે જ ગેલ કરવાનો હા - હા ! તું તોકિયોમાં કિયાં ધામા નાખે સે ?'

'મારું ઘર લડાઈમાં તારાજ થઈ ગયું છે.'

'ઇમ, તો તો બમગલોલાએ તું ને ભગાડી મૂક્યો, કેમ ને? આ વાત તો તારે મોઢેથી મી અબઘડી જ હાંભળી. લે તો તો ઘરબાર વનાના હંધા કટમને ધોઈધફીને હોંઢાડેલો કામળો તો તું ને મળ્યો જ હસે. ઇ તું મુંને દેસ ને ?'

ફરીથી હું આભો બનીને એની સામે જોઈ રહ્યો.

'હા, ઇ જ બરોબર સે,' ફરીથી પોતાનો પ્યાલો ભરતાં, એ બોલ્યો, 'કામળો મુંને આપી દે. ઈમાં બઉ હારું ઊન વાવર્યું હોય સેં. મારી વઉ ઇમાંથી મુંને એક ડગલી હીવી દેસ.....આવી રીત્યે હું કામળો માગી લઉં સું ઇ તું ને મારું વરવું લાગતું હસે, નૈ ? પણ મુંને તો ઇ રીત્ય જ પ્રસંદ સે. મારે કાંઈ જોતું હોય ને. તો હું તો ઇ ધડય દૈને માગી જ લઉં સું. ન તું મારે ત્યાં આવ્ય ને તૈંયે તારે પણ ઇમ જ કરવાનું હોં. તારે જે જોતું હસે ઇ હું તુંને દૈ દેસ. અમથો અમથો એકબીજાનો વિવેક જાળવિયેં ઇમાં સું

દી વળે ? બોલ્ય, ઇનું સું કેંસ ? ઇ કામળો તું મુંને આલવાનો ને ?'

હજીયે હું એને આભો બનીને જ જોઈ રહ્યો. ઊનનો આ કામળો અમને એક પ્રકારના આશ્વાસન ઇનામ રૂપે મળ્યો હતો ને મારી પત્નીનો એ એક મહામૂલો ખજાનો બની ગયો હતો. મારું ઘર બોમ્બથી તારાજ થઈ ગયું ને એ પછી, કરચલાનું કોક કુટુંબ એમનું દર તોડીફોડી નાખવામાં આવે ને એ બધાં નિરાશ્રય ને નિઃસહાય બનીને શત્રુ બની બેઠેલા કિનારે દોટ મૂકે એની જેમ અમે ગામડામાં રહેવા આવ્યાં, ત્યારે આ કામળો જાણે કે એક તિલસ્માતી તાવીજ હોય એમ મારી પત્નીએ એને સતત પોતાની આંખ સામે રાખ્યો હતો. જેનું ઘર લડાઈમાં તારાજ થઈ ગયું હોય એ કુટુંબને શું શું થતું હોય કે, પછી આવાં કુટુંબ અનેક વાર કેવાં એક સામટાં આપઘાતની અણી પર આવી ગયાં હોય એ બધું મારસિામે બેઠેલા આ જડસુને ક્યારેય સમજાવાનું નથી.

'મને લાગે છે એ કામળાને તો તમારે વિસારે જ પાડવો પડશે,' મેં મક્કમ બનીને કહ્યું.

'મારા હાળા કંજૂસ !' એ બોલ્યો 'ઇ મુંને સું કામે નો મળે ?'

બરાબર આ જ પળે મારી પત્નીને મીઠાઈની તાસક લાવતી જોઈને હું રાજીનો રેડ થઈ ગયો. ને મેં ધાર્યું હતું એમ જ અમારો અતિથિ પણ કામળાની વાત તરત વીસરી ગયો.

'અરે ભલાં બોન,' એ બોલ્યો 'તમી આવડી બધી માથાકૂટ તી સું કામ કરી ? ખાવાનું તો મારે કાંઈ જ નો જોયે. હું તો ફકત પીવા જ આવ્યો સું, પણ હવે તો તમારે જ પ્યાલા ભરવા પડસે, હોં, તમારો આ ધણી તો મુંને માળો એવડો બધો કંજૂસ લાગે સે.' મારી સામે એ તીખી નજરે જોઈ રહ્યો.'સું કયો સો, બોન ? ઇને હારી પેઠે ધમારી નાખું ? હું તોકયોમાં રે'તો'તો ને તૈંયે હારો મજાનો મલ્લ ગણાતો. ને મુંને થોડું ઝાઝું જુજિત્સુ પન આવડે સે, હોં. મારાથી ઈ મર્યને થોડા સો માહા નાનો રયો, ઇને તો હું સપડીમાં સોળી નાખીસ, જો બોન તમોને ઇ કે દીયે પજવે ને, તો તમતમારે મુંને કૈં, દેજો, હાળાને ઇ કેદીયે વીહરી ન જાય એવો હવાદ હું સખાડી દૈસ. અમીં નિહાળમાં હાર્યે ભણતા ને ઈ દીનો હું ઇને ઓળખું સું, હમજ્યા ને, એટલે મારી હામું રોફ મારવાની ઈ હિંમત જ નૈં કરે ને.'

બરાબર આ જ પળે, મેં વર્ષો પહેલાં નીતિનાં સૂત્ર શીખવતાં, પુસ્તકોમાં વાંચેલી જાતજાતની કથાઓનું મને સ્મરણ થયું. એમાં શિગેનારી કીમુરા, યોગારો કાન્ઝાકી ને કાન્શિન જેવા મહાપુરુષોનાં જીવનપ્રસંગો ગૂંથી લેવામાં આવતા. આના જેવા જંગલી ડાકુઓ એમને ગાળો આપતા તો પેલાએ એમની ક્ષમા યાચવી જોઈએ ત્યારે એ પોતે જ નિખાલસતાથી કેવા એમની ક્ષમા માગી લેતા ને કેવા પોતાની ખરેખરી નૈતિક શ્રેષ્ઠતા તેમ જ આવા ગળાકાપુઓ માટેની અપાર, ઘૃણા વ્યકત કરી દેતા. યોગારો કાન્ઝાકીના જીવનનો એક પ્રસંગ પણ મને યાદ આવ્યો. એક વાર એમના પર એક ગાડાવાળાએ

હુમલો કર્યો. પણ આ મહાપુરુષની નમ્રતા ને સહિષ્ણતાથી એ એટલો તો શરમાઈ ગયો કે દિવસોના દિવસો એણે ક્ષમાયાચનાનો એક સરખો પત્ર લખવામાં ગાળ્યા, એની પડતીના દિવસો આવ્યા ને એને શરાબની લત વળગી. આ મહાપુરુષોના અતિઘમંડી ધૈર્યની પ્રશંસા કરવાને બદલે, મેં તો આજની ઘડી સુધી એમાં તો એમની પોતાની શ્રેષ્ઠતાનો અહંકાર છુપાયો છે માનીને એનો તિરસ્કાર જ કર્યો હતો; વાસ્તવમાં, આ કહેવાતા ડાકુઓનું વર્તન બીજું કાંઈ નહીં તો નૈસિર્ગિક ને નિરાડંબર તો છે જ એમ માનતો હોવાથી મારો સમભાવ એમના પર જ ઢળ્યો હતો. પણ અત્યારે એકાએક હું જ જાણે કીમુરા, કાન્ઝાકી ને કાન્શિન બની ગયો. પોતાના પર હુમલો થતી વેળા એમને પણ જે એકલતા સાલી હશે. એ એકલતા મને એકાએક સમજાઈ ગઈ. મને એક બીજો વિચાર પણ સૂઝ્યો કે આ બોધપ્રધાન કથાઓનું વર્ગીકરણ ‘સહિષ્ણુતા’ કે ‘મહાપુરુષો ને ક્ષુદ્ર માનવો’ એ ચાલુ શીર્ષક હેઠે થવું જોઈએ. સહિષ્ણુતાને આ બાબતમાં ખરેખર કાંઇ જ લાગતું વળગતું નથી એ પણ મને એ જ પળે સમજાઇ ગયું. બસ વાત આટલી જ હતી. પોતાના પર હુમલો કરનાર કરતાં આ ‘મહાપુરુષો’ દુર્બળ હોત ને લડવું જ પડે તો પોતાનું કાંઈ જ ફાવે તેમ નથી એ જાણતા હતા.

‘મિયાં પડ્યા તો પડ્યા પણ ટંગડી તો ઊંચી’ એ કહેવતમાં એમના તથા આ ‘લંગોટિયા ભાઈબંધ.’ સાથેના મારા પોતાના વર્તનની સ્પષ્ટતા થઈ જાય છે. એકાએક મને એક ભયંકર કલ્પના થઈ આવી, અમારો અતિથિ એકાએક પાગલ થઈ ગયો છે ને અમારાં પરદાચિત્રો, સરકણાં બારણાં ને રાચરચીલાંનો કચ્ચરઘાણ વાળી રહ્યો છે. આ અસબાબમાંથી કાંઈ જ મારું પોતાનું નહોતું ને એથીસ્તો બાળકો ભીંત પર લીટા તો નહીં આંકે ને કે બારણાંને વધુ પડતી સજ્જડાઈથી ઉઘાડબંધ નહીં કરે ને એવી સતત આશંકા મને સતાવ્યા કરતી. આ ખેડૂત અત્યારે કેટલો ભયંકર વિનાશ સરજી દે એની કલ્પના કરતાં જ મારું અંગેઅંગ કંપી ઊઠ્યું. મારી આ એકતાભરી કાયરતામાં મને એક જ વિચાર આવ્યો : કોઈ પણ હિસાબે મારે આને છંછેડવાનું ટાળવું જ જોઈએ.

સહસા મેં એને છાતી ફાટી જાય એવે અવાજે ત્રાડતો સાંભળ્યો, ‘હો - હો હો !’ હું તો હેબતાઈને જોઈ જ રહ્યો. ભલા ભગવાન હું તો સકસૂર થૈ ગ્યો સું !’

પછી એણે કણસાટ કર્યો, પોતાની આંખો જોરથી બીડી લીધી, ને પોતાની બંને કોણી ઘૂંટણે ટેકવી. ને નશામાંથી મુકત થવાનો મરણિયો પ્રયાસ કરતો હોય તેમ પૂરેપૂરો એકચિત્ત બનીને એ બેઠો થઈ રહ્યો. એને કપાળે પ્રસ્વેદનાં બિંદુ ચળકવા માંડયાં ને એનો ચહેરો લગભગ શ્યામ થઈ ગયો. દુશ્મન સામે ઝઝૂમી રહેલા મહાકાય બેહેમોથ જેવો એ લાગ્યો. એ ખરેખર નશામાં ચકચૂર બન્યો જ હશે – વ્હીસ્કીનો બીજો શીશો પણ એ અરધાથીયે વધુ ઢીંચી ગયો હતો. હું ને મારી પત્ની અમે બંને બેચેન બનીને પરસ્પર સામે જોઈ રહ્યાં. ત્યાં અચાનક એને આંખ ઉઘાડતો જોઈને અમે દિંગ થઈ ગયાં. જાણે કાંઈ જ ન બન્યું હોય એટલી સ્વસ્થતાથી એ બોલ્યો, ‘બીજા મર્યને જહાનમમાં જાય, મુંને તો મોકો

મળે તંયે સરાબના ઘૂંટડામાં લજ્જત આવે સે. ઈનાથી મુંને ઠીક રે'સે. આયાં આવો ન બોન. મુંને આ પ્યાલો ભરી દો ને. તમીં જરીએ ભો રાખતા નૈ, અમ ખેડૂભાયું તો ભાન ભૂલ્યા વના મન સા'યે એટલો પી સકીએ."

મારી પત્નીને જરાય હાલતી ન જોઈને એણે જાતે જ શીશો ઉપાડી લીધો ને એક ઘૂંટડે ખાલી કરી નાખ્યો.

'હાસ, તમીં બેઉએ ખૂબ માયા દાખવી સે મારા પર,' પોતાના હોઠ ચૂસીને એ બોલ્યો. 'હવે તમારે મારાં પરુણા થવાનું, હોં ને(+ ખ્રિસ્તી ધર્મની દંતકથામાં આવતું વન્ય પશુ : મોટે ભાગે હીપોપોટેમસ) હા, પણ એક મુસીબત સે, તમી મારે ન્યાં પગ મેલસો તૈંયે તમારી પરુણાગત્ય હું એનાથી કરીસ ઈ મુંને હાસેહાસ હાસેહાસ કળાતું નથ.મારી પાહે થોડાં મરઘાં સે તો ખરાં, પણ ઈ તો મારેં નવીંબર મઈનામાં ઓલી મરઘાંની લડાઈ થવાની સે ને ઈ હારું હાસવી રાખવાં સે. એટલે તમારે નવીંબર લગણ થોભી જાવું જોસે. હા, બેસાર મૂળાનો હંભારો હું તમોને કદાચ આપી સકીસ ખરો....' ધીમે ધીમે એના શબ્દો ગણગણાટમાં સરી પડ્યા. ને એ થોડી વાર મૂંગો બેઠો રહ્યો.

'મારે ન્યાં હાસોહાસ કાંઈ જ નેંથ,' ફરી એ બોલવા માંડ્યો, 'કાંઈ કે'તા કાંઈ જ નૈંને. એટલેસ્તો હું આજ પીવા હારું આંયાં આવ્યો. હા, એકાદું વનેરું બતક હું કદાસ મારી આવું ખરો. પસે આપને ફકત તણ્ય જ હોં - ભેળા બેહીને ઉજાણી કરસું ને આ ઓહામુ સરાબ લેં આવસે. પણ ઈ હું એક સરતે જ કરું હા : જમતી વેળા તમારે એક હરખું કીધાં કરવાનું : 'કવ્વડું મીઠું ! કેવડું મજાનું બતક !' તમીં ઈમ નૈં કરો ને, તો પસેં મારો મિજાસ હાથમાં નૈં રે, હોં. હાસુ પૂસો તો હું તમોને કે દીયે માફ જ નૈં કરું, હા-હા-હા ! હા, બોન, અમીં ખેડૂભાયું તો એવા જ, હોં કે. અમારો માનમરતબો તમીં હરખો જાળવો ને તો તો પસેં આ ભવમાં અમીં તમારા ગુલામ થૈને રૈયે. પણ તમીં જો નાકનું ટીચકું સડાવો ને મેંડયમાં રયો, તો પસેં અમીં પણ ફૂટી બદામની યે તમાનો રાખિયેં, હાં અમારી હાર્યે ઢોંગ કરવામાં કોઈ જ ફાયદો નથ.બોન. આ અબઘડી તમીં હારીપેઠ અતડા ને અભેમાની દેખાવ સો કેમ નૈં ? પણ હોડ બકવી સે. ગોદડામાં ગરતાં જ બીજી હંધીય હગલિયુંની જેમ તમીં પણ જલસેથી કુદાકા મારતા હસો.'

મારી પત્ની ભાવભર્યું હસી ને ઊભી થઈ ગઈ. 'મારે હવે જવું જ પડશે. હોં, એ બોલી. 'બચુડો રોતો લાગે છે.' 'ઈનામાં પૈ ભારેય મીઠું નથ !' મારી પત્ની ઓરડામાંથી જેવી બહાર ગઈ એવો જ એ બોલી ઊઠ્યો.'તારી બાયડીમાં કાંઈ કે'તાં કાંઈ જ મીઠું નથ, ઈ હું તુંને કે, દઉં સું, હા ! આ મારી વઉની જ વાત કર્યને, ઓઠા તરીકે. વઉ તો ઈને કેવાય ! અમારો કલૈયા કુંવર જેવાં સો તો સોકરાં સે, ને આ આખાય પંથકમાં અમારા જેવું હખી કટમ તુંને દીવો લૈને ગોતતાંયે નૈં મળે. મારી વાત હાસી નો લાગતી હોય ને તો ગામ આખામાંથી મન સા'ય ઈનેં પૂસી લેજે ને. એ નીડરતાથી મારી સામે જોવા લાગ્યો. 'તારી બાયડીના મનમાં ઈમ હસે કે આવી રીત્યે ઊઠી જૈને હું આ ભાને

મૂરખમાં ખપાવી સકીસ. પણ હું આ ઘડીએ જૈને ઇને મારી માફી માગવા હારું લૈ આવું સું, જો ને. ઇ સે કિયાં ? સેણઘરમાં જ સે ને ? આ ઘડીએ જૈને ઈને સેણઘરમાંથી તાણી આવું સું. ઊભા તો રે.'

લથડિયાં ખાતો એ ઊભો થયો. એકદમ ઊભા થઈ જઈને મેં એનો હાથ પકડી લીધો. 'તમારે એની શું કામ સાડીબાર રાખવી જોઈએ,' મેં કહ્યું.'તમે તમારે આરામ કરો ને બીજો પ્યાલો પીઓ.' એ જોરથી ખુરશીમાં ફસડાઈ પડ્યો. મેં હસવાની મહેનત તો કરી, પણ મારા ઓઠ જ ઝલાઈ ગયા હતા.

હું તો મોર્યથી જ જાણતો'તો એ બોલ્યો, 'કે તારી વઉ હાર્યે તુંને મેળ નથ. તુંને ઇ કોઠું નથ દેતી, કેમ ને ? મુંને તો પે'લેથી જ ગંધ આવી ગૈતી.'

એનો વિરોધ કરવાની માથાકૂટમાં પડ્યો જ નહીં.

'ભલે, પણ ઈમાં મારે સું લેવાદેવા,' પોતાનો પ્યાલો ભરતાં ભરતાં એ બોલ્યો, 'તારી ઉપાધિ વીહરવા હાર્યું કવિતા હાંભળવી સે તારે ? એક કવિતા હું ગાઈ હંભળાવું ?'

આ સૂચન મેં તરત વધાવી લીધું. એનાથી મારી પત્નીને ને એણે મારું અપમાન કર્યું છે એવી જાતે કરી લીધેલી કલ્પનાને એ વીસરી જશે એટલું જ નહીં, પણ આ ધરતીને છેડે આવેલા નાના ગામડામાં, એને પેઢી દર પેઢી વારસામાં મળેલી પ્રાચીન વિષાદપૂર્ણ કવિતા ગાતો સાંભળીને, મારો આ 'લંગોટિયો ભાઈબંધ' તો અપાર ઘૃણાનો અવતાર છે એવી મેં કરેલી કલ્પના ભુંસાઈ જશે. અને આ કલ્પના મને મારા જીવનની છેલ્લી ઘડી સુધી સતાવ્યા કરશે એવી પણ મને ભીતિ લાગી હતી.

'હા, તમારી એ કવિતા મને સંભળાવો ને,' મેં ભાવપૂર્વક કહ્યું એ બપોરે હું પહેલી જ વાર ખરા અંતઃકરણથી બોલ્યો.

એણે શરાબનો ઘૂંટડો ભર્યો, મોટેથી હેડકી ખાધી, ને ગાવા માંડ્યું :

ગિરિમાળા, નદીનાળાં, ને હરિયાળી ઉપર પથરાઈ
રઈ સે નિરજનતાની નિરાસ હવા,
કોસ પર બસ કોસ હુધી ખડકાઈ
ગઈ સે ભીસણ આ હમરાંગણની દુનિયા.
તાજમતાની રુધિરતણી દુર્ગંધભરી.

ફરીથી એણે હેડકી ખાધી. 'બીજી કડી હું વીહરી ગ્યો સું,' એ બોલ્યો, 'આ મીં કોક સોપાનિયામાં વાંસી'તી.'

'સમજ્યો.'

'વારુ, તૈયે હવે હું જાઉં સું,' ધીમે ધીમે ઊભો થતાં એ બોલ્યો. 'તારી વઉ હાલી ગઈ સે ને તું પ્યાલા ભરી દેસે તેંયે સરાબ પીવામાં મુંને જલ્સો આવતો નથ.'

એને રોકવાનો પ્રયાસ મેં ન કર્યો.

'આપણી હાર્યે જી ભણતાં ઇ હઉની ઉજાણીની વાત મુંને ઝાઝો વખત મળસે ને તૈંયે

કરસું.' એ બોલ્યો. 'ઇ બાબેની હંધીય જવાબદારી મારે તારે માથે જ નાખવી પડસે. પણ ઇ પે'લાં ધિરે લૈ જવા હારું તું મુંને થોડો સરાબ દૈ દૈ જોઉ.'

મને પહેલેથી જ આની ધારણા હતી. એના પ્યાલામાં બાકી રહી ગયેલો વ્હીસ્કી મેં તરત જ શીશામાં રેડવાનું શરૂ કર્યું. શીશામાં હજી પા ભાગ ભર્યો હતો. 'આ શીશો જ તમે લઈ જાઓને,' શીશો એને આપતાં મેં કહ્યું.

'એય, એય,' એ બોલ્યો, 'ઇમ નો સાલે ! આ એક દીમાં તારી કંજૂસાઈ મીં બઉ ભાળી લીધી સે. ઓલ્યા, કપાટમાં તી હજીયે બીજો એક આખો શીશો હંતાડી રાખ્યો સ, કેમ નૈં ? ઇયે મુંને દૈ દૈ !'

'બહુ સારું !' મેં કહ્યું.

મારા વ્હીસ્કીનો છેલ્લો શીશો આપી દીધા સિવાય બીજો કોઈ જ આરો ન હતો. કટાણું બસતાં મેં વિચાર કર્યો. આનાથી તો આજ બપોરની આ વિધિમાં હવે કાંઈ જ કરવાનું બાકી રહેતું નથી. હવે મિ. ઇબુસે કે બીજો કોઈ મિત્ર મને મળવા આવશે ત્યારે સાથે બેસીને વ્હીસ્કી પીવાની લિજ્જત અમે ક્યારેય નહીં માણી શકીએ. પળ વાર તો વ્હીસ્કીની કિંમત કહી દેવાનું મન મને થઈ આવ્યું. એની એના પર શી અસર થાય છે એ મારે જોવી હતી. પણ, છેક અત્યારે પણ યજમાનનું કર્તવ્ય તજવાની હિંમત મારાથી થઈ નહીં. એને બદલે મારાથી એકાએક લજ્જાળ રીતે પુછાઈ ગયું : 'અરે, સિગારેટનું કેમ બોલ્યા નહીં ? તમારે સિગારેટ જોઈએ છે ?'

'ઈ હું બીજી વાર માગી લેંશ,' એકેક હાથમાં વ્હીસ્કીનો એકેક શીશો ઉપાડતાં એ બોલ્યો.

હું એને દરવાજા સુધી વળાવવા ગયો ને ત્યાં જ આ મુલાકાતની પરાકાષ્ઠા આવી. દરવાજા બહાર એ પગ મૂકે તે પહેલાં જ એણે હેડકી ખાધી ને મારા તરફ વળીને મારા કાનમાં ફૂંક મારી : 'તારે આવડો બધો ઢોંગ આસરવાની જરૂર નો,તી !'

હા, એ ખરેખરો ભડનો દીકરો હતો.

અનુ. જયંત પારેખ

રાશામોન

રિયૂનોસુકે આકુતાગાવા

૧. ઝાડીમાં

એક ઉચ્ચ પોલીસ કમિશ્નર સમક્ષ કઠિયારાની જુબાની

હા સાહેબ, મેંસ્તો મડું ગોતી કાઢેલું. રાબેતા મુજબ આ સવારે સેડારનાં લાકડાં કાપવા ગયો ત્યારે ડુંગરાવની વચ્ચે ઝાડીમાં મેં આ મડાને પડેલું જોયું. ઠામઠાકાણું ? યામાશીના સ્ટેજ રોડથી લગભગ દોઢસો મીટરને અંતરે ત્યાં વાંસ અને સેડારની એક અવાવરુ ઝાડી છે.

ભૂરા રેશમી કિમોનો અને ક્યોટો ઢબના ચોળાયેલા માથું ઢાંકવાના વસ્ત્રમાં પીઠ પર ચત્તુંપાટ શરીર પડેલું. તલવારના એક જ સીધા ઘાએ છાતી વીંધાઈ ગઈ જણાતી હતી. તેની આસપાસ પડેલ વાંસના છોડવા પર લોહીનાં ટપકાં ઊઠેલાં. ના, ત્યારે લોહી વહેતું નહોતું. ઘા તો સુકાઈ ગયો હતો એમ ધારું છું. મારાં પગલાંનો અવાજ પણ સાંભળી શકી નહિ હોય એમ એક માખી ત્યાં ચોંટી ગઈ હતી.

તમે પૂછો છો કે મેં ત્યાં કંઈ તલવાર કે એવું કશુંક જોયેલું ?

ના, કશુંય નહિ સાહેબ, પાસેના સેડારના મૂળિયા પાસે એક દોરડું મેં જોયેલું અને...હં દોરડા ઉપરાંત મને એક કાંસકી નજરે ચડેલી. બસ એટલું જ. ખૂન થયાં પહેલાં લાગે છે કે મારામારી ઝપાઝપી થયાં હોવાં જોઈએ. કારણ કે ઘાસ અને પડેલા વાંસના છોડવા ચારેબાજુ ગુંદાયેલા જણાતા હતા.

'કોઈ ઘોડો આસપાસમાં હતો ખરો ?'

'ના, સાહેબ, ઘોડાની તે શી વાત ? માણસોય મહામહેનતે ત્યાં પેસી શકે તેવી તો ઝાડી છે.'

પોલીસ કમિશ્નર સમક્ષ પ્રવાસી બૌદ્ધ સાધુની જુબાની

સમય ? અલબત્ત, ગઈકાલનો બપોરનો સાહેબ, એ કમનસીબ સેકિયામાથી યામાશીનાના મારગે જતો હતો. તે સેકિયામાં ભણી જતો હતો અને તેની ભેગી ઘોડા પર એક સ્ત્રી હતી. તેના માથાની આચ્છાદનને કારણે તેનો ચહેરો જોઈ શકાય તેમ નહોતો માત્ર તેનાં કપડાંનો રંગ જોઈ શક્યો હતો. કમળના રંગ જેવાં વસ્ત્રો હતાં. સરસ કેશવાળીવાળો તેનો ઊંચી જાતનો અશ્વ હતો. સ્ત્રીની ઊંચાઈ ? ઓહ, આશરે ચાર ફૂટ પાંચ ઈંચ જેટલી. હું બૌદ્ધ સાધુ રહ્યો એટલે વીગતવાર તેને ઝીણવટથી જોઈ નહોતી. હા, માણસ કને એક તલવાર તેમ જ તીરકામઠું હતાં. અને મને યાદ છે એના ભાથામાં વીસ તીર હતાં. મેં તો ધારેલુંય નહિ કે એના નસીબમાં આવું હશે ખરેખર મનુષ્યનું જીવન પ્રાતઃકાળના ઝાકળ જેવું અથવા વીજળીના ચમકાર જેવું ક્ષણજીવી હોય છે. એ મનુષ્ય પ્રત્યે સહાનુભુતિ માટે મારા શબ્દો ઓછા પડે.

પોલીસ કમિશ્નર સમક્ષ પોલીસમેનની જુબાની

જેને પકડ્યો તે માણસ ? અરે એ તો વિખ્યાત બહારવટિયો તાજોમારું. એને મેં ઝબ્ભે કર્યો ત્યારે એ ઘોડા પરથી ગબડી પડ્યો હતો. આવાલાગુચી પાસે પૂલ પર એ કણસતો પડ્યો હતો, સમય ? ગઈ કાલે પાછલી રાતનો. નોંધણી માટે ઉમેરું કે એક વાર પેલે દહાડે એને પકડવા મેં પ્રયત્ન કર્યો ત્યારે દુર્ભાગ્યે તે ઝલાયો નહોતો. તેણે ગાઢા ભૂરા રંગનો રેશમી કિમોનો પહેરેલો અને તેની પાસે મોટી તલવાર હતી અને આપે જોયું તેમ તીરકામઠાં પણ ક્યાંકથી તેણે મેળવેલાં. આપ કહો છો તેમ આ તીર ને કામઠું મરનાર પાસે હતાં તેવાં જણાય છે ? તો તો તાજોમારુ જ ખૂની હોવો જોઈએ. હું ધારું છું કે ચામડાની પટ્ટીથી વીંટાવેલું કામઠું, કાળું ભાથું, બાજ પક્ષીનાં પીંછાંવાળાં સત્તર તીર આ બધું તેની પાસે હતું. હા, સાહેબ, આપે કહ્યું તેમ સુંદર કેશવાળીવાળો એ અશ્વ છે. પથ્થરના પૂલથી થોડે પાર રસ્તા નજીક મેં ચરતો જોયેલો. તેની લગામ લબડતી હતી. ચોક્કસ, ઘોડેથી તે ગબડી પડ્યો, તેમાં વિધિનો કંઈ સંકેત હોવો જોઈએ.

ક્યોટોની આસપાસ જેટલા લૂંટારુઓ ભમે છે તેમાં આ તાજોમારુએ શહેરનાં સ્ત્રી વર્ગના માટે ત્રાસ ગુજાર્યો છે, ગઈ પાનખરમાં તોરીખ મંદિરના પીન્દોરા પર્વતે દર્શને આવેલી એક પરણેલી સ્ત્રીનું એક કન્યા સાથે ખૂન થયેલું. એ ખૂન બદલ એના પર શંકા જાય છે. જો આ ગુનેગારે પેલા માણસનું ખૂન કર્યું હોય તો એની પત્નીનું એણે શું કર્યું હશે તે કહેવાય નહિ. આપ આ સમસ્યાનો ધ્યાનથી તાગ લેશો.

પોલીસ કમિશ્નર સમક્ષ એક વૃદ્ધ સ્ત્રીની જુબાની

હા સાહેબ, મારી દીકરી વેરે પરણેલાનું એ શબ છે. એ ક્યોટોનો નથી. વાકાસા પ્રાંતના કોકુફુ ગામનો સમુરાઈ હતો. તેનું નામ કાનઝાવા નો તાકીહિકો અને તેની ઉમ્મર છવ્વીસની. તે ભગવાનનું માણસ હતો એટલે મને ખાત્રી છે કે બીજાને ગુસ્સો ચડે તેવું કશુંય નહિ કર્યું હોય.

મારી દીકરી ? તેનું નામ મસાગો ને તેની ઉમ્મર અઢાર. તે તેજસ્વી મોજમજા પસંદ કરે તેવી છે. પણ મને ખાત્રી છે કે તાકીહિકો સિવાય એ કોઈ પણ પરપુરુષને ઓળખતી નથી. તેનું મોં નાનું; લંબચોરસ છે અને તેની ડાબી આંખના ખૂણે એક તલ છે.

ગઈ કાલે તાકીહિકો મારી દીકરી ભેગા વાકાસા જવા નીકળેલા. આવો કરુણ અંજામ આવ્યો તે તો કેવું દુર્ભાગ્ય ! મારી દીકરીનું શું થયું ? મારા જમાઈ તો ગયા જ તેમ માનું પણ મારી દીકરીના ભાવિની ચિંતા કરતાં હું અધમુઈ થઈ જાઉં છું, ઈશ્વરને ખાતર એને ગોતી કાઢવા બધું કરી છૂટો. હું પેલા તાજોમારુ કે પછી જે કંઈ તેનું નામ હોય તે લૂંટારાને ધિક્કારું છું. મારા જમાઈ જ નહિ પણ મારી દીકરી....(તેના છેલ્લા શબ્દો આંસુમાં ડૂબી ગયા.)

તાજોમારૂની જુબાની

મેં તેને મારી નાખ્યો પણ તેની સ્ત્રીને નહિ. તે ક્યાં ગઈ ? હું જાણતો નથી. ઓહ, એક મિનિટ થોભો, ગમે તેટલી શિક્ષા કરશો તોય હું જે જાણતો નથી તેની કબૂલાત નહિ કરું. જ્યારે હવે આ દશા થઈ છે જ ત્યારે તમારાથી હું કશું છુપાવીશ નહિ.

ગઈ કાલે બપોર પછી આ દંપતીને હું મળ્યો. તે વખતે પવનની લહેર આવી અને તે સ્ત્રીના મોં પરનું આચ્છાદન ઊંચકાતાં તેના ચહેરાની મને ઝાંખી થઈ. તરત જ મારી દૃષ્ટિમર્યાદામાંથી તે વળી ઢંકાઈ ગયો. કદાચ તે પણ એકાદેક કારણ હોઈ શકે, તે બોધિસત્ત્વ જેવી જણાતી હતી. તે જ પળે મેં મનોમન નિર્ણય કર્યો કે તેને મેળવવી જ – પછી ભલે તેના ધણીનું ખૂન કરવું પડે.

કેમ ? મારે માટે હત્યા કરવી એ તમે ધારો છો તેવી મોટી કોઈ આફતકારક બીના નથી. જ્યારે સ્ત્રી પકડાય ત્યારે કોઈ પણ રીતે તેના ધણીની હત્યા થવી જ ઘટે. હત્યા કરવા મારી ભેટે લટકતી તલવાર હું વાપરું છું. શું હું એકલો જ કંઈ લોકોને મારું છું ? તમે, તમે લોકો તલવાર વાપરતા નથી. તમે સત્તા વડે લોકોને મારો છો. કેટલીક વાર તેમના ભલા સારુ તમે એમ કરો છો એવાં બહાનાં કાઢી તમે તેમને મારો છો ત્યારે લોહી વહેતું નથી. તેમનું શરીર પથ અકબંધ હોય છે. છતાં સરવાળે તમે તેમને મારી નાંખો છો. એ કહેવું અઘરું કે આપણામાં કોણ વધુ પાપી હશે ? તમે કે હું ? (એક કટાક્ષ ભરપૂર સ્મિત)

પણ જો તેના ધણીને મારી નાખ્યા વિના સ્ત્રીને પકડી શકું તે તો ઘણું સારું એટલે મેં નક્કી કર્યું કે તેને ઝબ્બે કરવી અને બને ત્યાં લગી તેના ધણીને મારવો નહિ. વળી યામાશીના સ્હેજ રસ્તે એ શક્ય પણ નહિ એટલે એ વરવહુને પર્વતભણી વળવા મેં ફસાવ્યાં.

તે તો ઘણું સરળ હતું. હું તેમનો સહપ્રવાસી બન્યો અને તેમને કહ્યું કે પર્વતની પેલી બાજુ એક જૂની જગ્યા છે જે મેં ખોદી છે. ત્યાં મને ઢગલો તલવાર અને ચળકતા હીરા વગેરે મળ્યું છે. હું તેમની પાસે ગયો અને મેં કહ્યું કે પર્વતની પછી તે ઝાડીમાં એ બધું મેં દાટ્યું છે અને એ બધું જે કોઈ તે મેળવવા ઇચ્છે તેને સસ્તી કિંમતે વેચવા તૈયાર છું. પછી તમે જાણો ને કે લોભ કેવી ભયંકર ચીજ છે ? તે તો મારી વાત પૂરી મળ્યા પહેલાં જ પલળ્યો હતો. અડધા કલાકથીય ઓછા વખતમાં તો તેઓ પર્વત ભણી મારી જોડે ઘોડો હંકારવા લાગ્યા.

તે જ્યારે ઝાડી સન્મુખ આવી પહોંચ્યો ત્યારે મેં તેમને કહ્યું કે ખજાનો અહીં જ દાટ્યો છે અને તેમને અંદર આવી જવા મેં કહ્યું. પેલો માણસને તો કશો વાંધો નહોતો. લોભના માર્યા તેની બુદ્ધિ બહેર મારી ગઈ હતી. સ્ત્રીએ કહ્યું કે તે ઘોડા પર બેસી રહેશે ને રાહ જોશે. ગાઢ ઝાડી જોઈ એવું તે કહે તે સહજ હતું. સાચું કહું તો મારી યોજના મેં ધાર્યું હતું તે રીતે જ પાર પડતી હતી એટલે સ્ત્રીને પાછળ મૂકી પુરુષ સાથે હું ઝાડીમાં પ્રવેશ્યો.

ઝાડીમાં થોડે લગી તો વાંસ જ વાંસ છે.પચાસેક વાર દૂર સેડારનો કંઈક ઉઘાડ આવે છે, મારા હેતુ માટે એ યોગ્ય સ્થળ હતું. ઝાડીમાં રસ્તો કાઢતાં મેં તેને તે ભોળવાય તેવું જૂઠાણું કહ્યું કે સેડાર નીચે ખજાનો દાટ્યો હતો. મેં આમ કહ્યું એટલે મહામહેનતે તે ઝાડીમાંથી દેખાતા ઝાંખા સેડાર ભણી ધસ્યો. થોડી વાર પછી વાંસની ઝાડી આછી થઈ અને હારબંધ ઊગેલા સેડાર પાસે આવી પહોંચ્યા. જેવા અમે ત્યાં પહોંચ્યા કે મેં તેને પૂંઠેથી ઝાલ્યો. એ તલવારબાજ તલવારધારી યોદ્ધો હતો એટલે ખાસ્સો મજબૂતય હતો. એટલે તે ડઘાઈ ગયો અને કશું કરી શક્યો નહિ. મેં તરત સેડારના મુખ સાથે તેને મુશ્કેટાટ બાંધી દીધો. મને દોરડું ક્યાંથી મળ્યું ? ભલું થજો મારું, લૂટારું રહ્યો એટલે દીવાલ ઠેકવા ગમે ત્યારે તેની જરૂર તો પડે જ ને ? અલબત રાડારાડ કરતો અટકાવવા તેના મોંએ વાંસનાં પાંદડાંનો ડૂચો દેવાનું તો સરળ હતું.

આમ તેનો નિકાલ કરી તેની સ્ત્રી પાસે જઈ મેં તેને જોવા આવવા કહ્યું ને જણાવ્યું કે ઓચિંતાના ચક્કર આવ્યા છે. એ કહેવું જરૂરી નથી કે મારી આ યોજના પણ પાર પડી. મેં તેનો હાથ ઝાલી ઝાડીમાં ઊંડે દોરી. તેણે હાથમાં માથાનું આચ્છાદન લીધેલું. જેવો તેણે ધણીને જોયો કે તરત જ નાની તલવાર તેણે કાઢી. મેં કદી આવા ઝનૂની સ્વભાવવાળી સ્ત્રી દીઠી નથી. જો હું અસાવધ હોત તો મારા પડખામાં તે હુલાવી જ દેત. મેં તેને ટાળી પણ તે તો ઝાટકા કરતી જ રહી. કદાચ તેણે મને બૂરી રીતે ઘાયલ કર્યો ય હોત અથવા મારી નાખ્યો હોત. પણ હું તાજોમારું, મારી તલવાર કાઢ્યા વિના તેની નાની તલવાર હેઠી પાડવામાં હું સફળ નીવડ્યો. ગમે તેટલી ઝનૂની સ્ત્રી પણ શસ્ત્ર

વળી એ વખતે ફરી પાછી હું બેભાન થઈ ગઈ હોઈશ. ભાનમાં આવ્યે મેં ઊંચે જોયું ત્યારે તેમણે છેલ્લા શ્વાસ ભરી લીધા હતા. હજી તે બંદીવાન દશામાં હતા. સેડારના ઝુંડમાંથી અને વાંસમાંથી ડૂબતા સૂર્યનાં કિરણો તેમના ફિક્કા ચહેરા પર પડતાં ચહેરો ચળકતો હતો. ડૂસકાં ગાળતાં તેમના મૃતશરીર પરથી મેં દોરડું દૂર કર્યું અને ત્યાર પછી મારી જે દશા થઈ છે તે વિષે કહેવાની મારામાં લવલેશ શકિત રહી નથી. ગમે તેમ પણ મારામાં આત્મહત્યા કરવાની શકિત રહી નહોતી. મેં મારા ગળામાં જ નાની તલવાર ભોંકી અને પર્વત નજીકના તળાવમાં પડતું મૂક્યું. એને બીજા અનેક પ્રકારે મરવા પ્રયત્ન કર્યો. જિંદગીનો અંત આણવામાં નિષ્ફળ જતાં હું હજી પતિત દશામાં જીવું છું.(એકાકી નિરાધાર સ્મિત) તદ્દન નિરુપયોગી એવી મને કૃપાપાત્ર કવાનોને પણ ત્યજી દીધી હોવી જોઈએ. મેં મારા પતિની હત્યા કરી. મને લૂંટારુએ ભ્રષ્ટ કરી. હું શું કરી શકું ? હું શું કરી શકું ? હું...(ધીરે ધીરે ભારે ધ્રૂસ્કાં)

માધ્યમ દ્વારા હત્યા થયેલ વ્યકિતની વાત

મારી પત્ની પર બળાત્કાર કરી, લૂંટારાએ ત્યાં બેસી તેને સાંત્વનાના શબ્દો કહેવા માંડ્યા. અલબત્ત હું તો બોલી શકતો નહોતો.મારું શરીર સેડારના મૂળ જોડે મુશ્કેટાટ બાંધ્યું હતું, પરંતુ તે દરમિયાન મારી પત્ની ભણી નેત્ર વડે સંજ્ઞા કરી વારંવાર મેં તેને સમજાવવા પ્રયત્ન કરેલો 'લુંટારાની વાત માનીશ નહિ.' આવો કંઈ અર્થ સમજાવવા હું મથતો હતો પરંતુ વાંસનાં પાદડાં પર પોતાની ખોળા ભણી સતત નજર ઠેરવી હતાશ થઈ તે બેઠી હતી. ઉપર ટપકે જોતાં તે એ લૂંટારાના શબ્દો સાંભળતી. હું તો અદેખાઈનો માર્યો બળી મરતો હતો.દરમિયાન ચાલાકીપૂર્વક એક વાતથી માંડી બીજી વાતો લુંટારો કરતો રહ્યો. અંતે લૂંટારાએ નિર્ઘૃણ પ્રસ્તાવ રજૂ કરવાની ધૃષ્ટતા કરી. એક વાર તારી લાજ લૂંટાઈ છે એટલે હવે તું તારા ધણી ભેગી સારી રીતે રહી શકીશ નહિ તો એને બદલે મારી પત્ની જ થા ! મારા પ્રેમને કારણે તારા પર બળાત્કાર કરવા હું ઉદ્યત થયેલો.

ખૂની જ્યારે આમ વાત કરતો હતો ત્યારે મારી પત્નીએ તે તંદ્રામાં પડી હોય તેમ એનું મુખ ઊંચું કર્યું, તે પળે તે જેટલી સુંદર લાગતી હતી તેટલી સુંદર ક્યારેય તેને દીઠી નહોતી. હું ત્યાં બંદી દશામાં હતો ત્યારે મારી સુંદર પત્નીએ જવાબમાં લૂંટારાને શું કહ્યું એમ ? હવે તો હું અવકાશમાં પડ્યો છું છતાં તેના જવાબને રોષ અને અદેખાઈથી લખ્યા વિના સંભારી શકતો નથી. ખરેખર તે બોલી હતી...."તે તમે જ્યાં જાવ ત્યાં મને લઈ જાવ.'

માત્ર આટલું જ તેનું પાપ નથી. જો એટલું જ હોત તો હું અંધકારમાં આટલો બધો હેરાન થાત નહિ. તે જ્યારે જાણે સ્વપ્નમાં ચાલતી હોય તેમ ઝાડીમાંથી લૂંટારાના હાથમાં હાથ મૂકી ચાલી જતી હતી. ત્યાં ઓચિંતાની ફિક્કી પડી ગઈ અને સેડારના મૂળ સાથે બાંધેલ મારા ભણી આંગળી ચીંધીને કહે : તેને મારી નાખો. જ્યાં લગી તે જીવે છે ત્યાં

લગી હું તમને નહિ પરણી શકું. તે ગાંડી થઈ ગઈ હોય તેમ વારંવાર બોલવા લાગી. 'તેને મારી નાખો.'

હજીય આ ક્ષણે આ શબ્દો અંધકારની તળ વિનાની ગર્તામાં મને આપાત પ્રહાર કરતાં જણાય છે. કદી માનવમુખે આથીય ધિક્કારપાત્ર કોઈ વાત ઉચ્ચારાઈ હશે ? ક્યારેય આ શાપિત શબ્દો માનવકાને કદી પડ્યા હશે ? ક્યારેય આવા....(ઓચિંતાની તિરસ્કારપૂર્ણ રાડ) આ શબ્દો સાંભળી લૂંટારો સુધ્ધાં ફિક્કો પડી ગયો. તેના હાથને વળગી પડી તે બોલી, 'તેને મારી નાખો.' તેની સામું કડક નજરે જોઈ ન તો તેણે હા ભણી કે ન તો ના કહી.... પણ તેનો જવાબ સાંભળું તે પહેલાં તો તેણે વાંસનાં પાંદડાં પર તેને પ્રહાર કરી ગબડાવી મૂકી હતી.(ફરી તિરસ્કારપૂર્ણ રાડ) શાંતિપૂર્વક અદબ વાળી તેણે મારી સામું જોયું અને કહ્યું.'તમે તેનું શું કરશો ? તેને મારી નાંખશો કે જતી કરશો ? તમારે માત્ર ડોકું જ ધુણાવવાનું છે ? મારી નાખશો ?' કેવળ તેના આ શબ્દો સારુ થઈનેય હું તેના ગુનાને માફ કરવા તૈયાર છું.

હું ખચકાયો ત્યારે તે ચીસ પાડીને ઝાડીનાં ઊંડાણમાં નાઠી. લૂંટારાએ તેને તરત ઝાલવા પ્રયત્ન કર્યો તેની બાંય સુધ્ધાં તે પકડી શક્યો નહિ.

તેના નાસી ગયા પછી તેણે મારી તલવાર, કામઠું ને તીરો લઈ લીધાં. એક ઝાટકે તેણે મારાં બન્ને બંધન તોડ્યાં, હજી મને તેનું ગણગણવું યાદ છે :

'હવે મારો વારો છે.' પછી તે ઝાડીમાં અદૃશ્ય થઈ ગયો. ત્યાર પછી બધું શાંત થઈ ગયું. ના, મેં કોઈને રડતાં સાંભળ્યું. મારાં બીજાં બંધન છોડી મેં ધ્યાનપૂર્વક સાંભળ્યું અને જોયું તો હું જ રડતો હતો.(લાંબા વખત લગી મૌન) સેડારના મૂળ પાસેથી અત્યંત થાકેલ મારા શરીરને મેં બેઠું કર્યું. મારી સામે મારી પત્નીની પડેલી નાની તલવાર પડી હતી તે ઉપાડી. મેં મારી છાતીમાં હુલાવી. મારા મોંમાંથી લોહીનો કોગળો થયો પણ મને કશી પીડા થઈ નહિ. મારી છાતી ટાઢી પડી ત્યારે કબરમાં જેવી શાંતિ હોય છે તેવી શાંતિ બધે પ્રસરી રહી. કેવી ભયંકર શાંતિ ! પર્વતના આ ભાગની કબર ઉપરના આકાશમાં એકે પક્ષીનો કલનાદ સુધ્ધાં સંભળાતો નહોતો. કેવળ એકાકી પ્રકાશ સેડાર અને પર્વત પર પડતો હતો. ધીરેધીરે પ્રકાશ પણ સેડાર અને વાંસ દૃષ્ટિફલકમાંથી દૂર થયાં ત્યાં લગી ઝાંખો થતો ગયો. ત્યાં પડ્યા પડ્યા મને ગાઢ શાંતિ વીંટળાઈ વળી.

પછી કોઈ મારી નજીક આવ્યું. મેં કોણ છે તે જોવાનો પ્રયત્ન કર્યો. પણ મારી આસપાસ અંધારું વીંટળાઈ વળ્યું હતું. કોઈક ..... પેલી નાની તલવાર કોઈએ હળવે રહીને અદૃશ્ય હાથ વડે મારી છાતીમાંથી કાઢી. તે જ વખતે ફરી એક વાર મારા મોંમાંથી લોહીનો કોગળો નીકળ્યો અને અવકાશના અંધકારમાં ફરીથી સદાને માટે હું ડૂબ્યો.

અનુ. સુનીલ કોઠારી

ચીંથરે વીંટી ચબરખી

યોશિકી હાયામા

યોશિઝો માત્સુદો સિમેન્ટનાં એક પછી એક પીપ ઠાલવતો હતો. પોતાના શરીરનાં ઘણાંખરાં અંગો પર એણે માંડ માંડ સિમેન્ટ ચોંટતી અટકાવી હતી, તો પણ એના વાળ પર તેમ જ ઉપલા હોઠ પર એક જાડું રાખોડી પડ બાઝી ગયું હતું. પોતાનું નાક ખોતરીને નસકોરાંના વાળને બાઝેલા સિમેન્ટના સખત પડને ઉખેડી નાખવા એ જીવ પર આવી ગયો હતો. એ પડને લીધે નસકોરાના વાળ રિઈન્ફોર્સ્ડ કોન્ક્રિટ જેટલા અક્કડ બની ગયા હતા; પણ સિમેન્ટ મિક્સર તો દર મિનિટે દસ પીપ જેટલો માલ ઓકી નાખતું હતું, એટલે સિમેન્ટ ઠાલવવામાં એ પાછો પડી જાય એ એને પાલવે તેમ નહોતું.

એનો રોજ અગિયાર કલાકનો હતો, છતાં પોતાનું નાક એક વાર બરાબર ખોતરી લેવા જેટલી નિરાંત પણ એને ન મળી. બપોરે જમવાના નજેવા વિસામાટાણે એને કકડીને ભૂખ લાગી હતી એટલે એ લુશલુશ કોળિયા ગળી જવાની વેતરણમાં જ રહ્યો. રોંઢાના વિસામાટાણે હું નાક સાફ કરી લઈશ એવી આશા એણે સેવી હતી, પણ એ ઘડી આવી પહોંચી ત્યારે તો એને ઊલટું સિમેન્ટ મિકસરનો કચરો સાફ કરવો પડયો. નમતે પહોરે તો એને પોતાનું નાક પ્લાસ્ટર ઓફ પેરિસનું બનાવ્યું હોય એમ લાગ્યું.

દિવસ આથમ્યો. સખત પરિશ્રમને લીધે એના હાથ લૂલા બની ગયા હતા ને પીપોની હેરફેરમાં એને પોતાની તમામ શકિત કામે લગાડવી પડતી હતી. એમાંથી એક પીપ ઊંચકવા જતાં જ સિમેન્ટમાં પડેલી એક નાની લાકડાની પેટી એની આંખે ચડી.

'આ શું?' એને કંઈક નવીન લાગી. જિજ્ઞાસાને વશ બનીને એણે પોતાના કામની ગતિ ધીમી પડવા ન દીધી. ઝટપટ એણે પાવડા ભરીભરીને ત્રાજવામાં સિમેન્ટ નાખી. એને પાછી ભેળવવાના તાવડામાં ઠાલવી ને પછી ફરીથી પાવડા ભરીભરીને બીજી સિમેન્ટ ત્રાજવામાં નાખવા માંડી !

'પણ આમ કેમ બને ?' એ મનમાં ને મનમાં બોલ્યો, 'સિમેન્ટના પીપમાં આ પેટી આવે જ ક્યાંથી ?'

એણે પેટી ઉપાડી લીધી ને પોતાના ઓવરકોટના આગલા ખિસ્સામાં સેરવી દીધી.

'ખાસ ભાર તો છે નહીં, જહન્નમમાં જાય ! એમાં બીજું ભલે ને તે હોય, પૈસા તો ઝાઝા નહીં જ હોય.'

આટલા ન-જેવા વિસામાથીયે એ પોતાના કામમાં પાછો પડી ગયો હતો, એટલે સિમેન્ટ મિક્સરની સાથે થઈ જવા માટે હવે એને જોરશોરથી પાવડા ભરીને સિમેન્ટ નાખવી પડી. ઉન્મત્ત યંત્રમાનવની જેમ એણે બીજું પીપ ઠાલવ્યું ને એની સિમેન્ટને પાવડા ભરી ભરીને ત્રાજવામાં નાખી.

એ જ પળે મિક્સર ધીમું પડવા માંડ્યું ને આખરે અટકી ગયું.યોશિઝો માત્સુદોની આજની પાળી પૂરી થઈ ગઈ મિકસર સાથે જોડેલી રબરની નળી એણે ઊંચકી લીધી ને પોતાનાં હાથમોઢું ઉપરઉપરથી ધોઈ લીધાં. પછી એણે ભાથાનો ડબ્બો ગળે ભેરવ્યો ને પોતાની ઓરડી તરફ થાકેલે પગલે ચાલવા માંડ્યું, પેટમાં કંઈક નાખવાના, ને એથીયે વિશેષ તો કડક સાકેનો પ્યાલો ગટગટાવવાના વિચારમાં એનું મન ડૂબી ગયું.

એ વીજળીઘર વટાવી ગયો. એનું બાંધકામ લગભગ પૂરું થઈ ગયું હતું. હવે થોડા જ સમયમાં એમને વીજળીનો લાભ મળવાનો. નમતી સંધ્યાએ ઘેરાતા અંધકારમાંયે દૂર દૂર શ્વેત હિમથી આચ્છાદિત કેઇરા પર્વતનું ઉત્તુંગ શિખર દૃષ્ટિગોચર થતું હતું. એના પરસેવાથી ભીના શરીરને એકાએક ટાઢ ચડી ને એ ધ્રૂજવા માંડ્યો. એ જે માર્ગે આગળ વધતો હતો એને અડીને જ કિસો નદીનાં નીર ઘૂઘવતાં હતાં ને મોટી ગર્જના સાથે કિનારે અથડાઈ દૂધધોળાં ફીણ રચતાં હતાં.

'જહન્નમમાં જાય.' યોશિઝો માત્સુદોએ વિચાર કર્યો.'આ તો તદ્દન અસહ્ય છે, હા, આ તો નરક છે નરક ! મારી પત્ની પણ પાછી ભારેપગી થઈ છે.'

નાની સરખી ચાલીની નાની સરખી ઓરડીમાં સાપોલિયાં જેમ સળવળતાં પોતાનાં છ બાળકો. શિયાળો બેસવા ટાણે જ જન્મનાર નવા બાળક ને સમજ્યા વિના જ એક પછી એક બાળક જણ્યે જતી પોતાની પત્ની એને યાદ આવી ગયાં ને એ વિષાદમાં ડૂબી ગયો,

'જુઓ ને' એ મનમાં ને મનમાં બોલ્યો. 'મને રોજના એક યેન ને નેવું યેન મળે છે, ને એમાંથી પચાસ નના એક ભાર લેખે બે ભાર ચોખા ખરીદવા પડે છે. ને બાકીના નેવું યેન કપડાંના ને ભાડાના ચૂકવવા પડે છે. જહન્નમમાં જાય ! આની પછી સાકે પીવા જેટલું મારી પાસે કાંઈ બચે એ માની જ કેમ લેવાય ?'

અચાનક એને ખિસ્સામાં પડેલી નાની પેટી સાંભરી. એણે એ બહાર કાઢી ને એના પરની સિમેન્ટ સાફ કરવા માટે એને પોતાના પાટલૂનની બેઠકે ઘસી. પેટીના ઢાંકણા પર કાંઈ જ કોતર્યું નહોતું. એને મજબૂત સિલ મારવામાં આવ્યું હતું.

'લે, આ પેટીને શું જખ મારવા આવું સિલ માર્યું હશે ? સિલ ભલે ગમે તેણે માર્યું હોય, એને કાંઈક છુપાવવું છે એમાં ના નહીં.'

પેટીને એણે પથરા પર પછાડી તો પણ એનું ઢાંકણું ન ઊઘડ્યું.અંતે એકદમ ક્રોધે ભરાઈને એણે એ નીચે ફેંકી દીધી ને પગ નીચે એને જોરજોરથી કચડી નાખી. પેટી ભાંગી ગઈ ને એમાંથી ચીંથરામાં વીંટેલી કાગળની એક ચબરખી ભોંય પર સરી પડી. એણે એ ઉપાડી લીધી ને વાંચવા માંડી :

'હું નોપુરા સિમેન્ટ કંપનીના કારખાનાની કારીગર છું. સિમેન્ટની કોથળીઓ સીવું છું. મારો પ્રિયતમ કંપનીના આ જ કારખાનામાં કામ કરતો. એનું કામ ક્શરમાં પથરા નાખવાનું હતું. ઓકટોબરની સાતમી તારીખે સવારે એક મોટો પથરો એમાં નાખવા જતાં જ એનો પગ કાદવમાં લપસી ગયો ને પથરા ભેગો એ પણ ક્શરમાં જઈ પડ્યો.

બીજા કારીગરોએ તરત એને ખેંચી લેવાનો પ્રયત્ન કર્યો, પણ કાંઈ જ વળ્યું નહીં. ઊંડે ને ઊંડે તણાતો જતો હોય એમ એ પથરાઓની નીચે અદૃશ્ય થઈ ગયો. પછી પથરાના ને એના દેહના છૂંદેછૂંદા થઈ ગયા ને એ બધું ગુલાબી રંગની એક મોટી લાદી રૂપે ઈજેકટરમાંથી બહાર આવ્યું. ત્યાંથી એ કન્વેયર બેલ્ટ પર પડયું ને પલ્વરાઈઝરમાં ગયું.પોલાદના જબરદસ્ત દસ્તાથી ત્યાં એ ખંડાઈ ગયું. એનો સાવ ચૂરેચૂરો કરવાનું ચાલુ હતું ત્યારે મને લાગ્યું કે એમાંથી એક પ્રકારનો મંત્ર પોકારવામાં આવે છે. પછી એને ભઠ્ઠીમાં નાખવામાં આવ્યું ને એને પકવીને એક સુન્દર લાદી બનાવવામાં આવી.

એનાં હાડકાં, એનું માંસ, એનું મગજ - બધાંયનો ચૂરેચૂરો થઈ ગયો. હા, મારા પ્રિયતમનો આખોય અંત આમ સિમેન્ટમાં આવ્યો. બાકી રહી ગયું માત્ર એના ઓવરકોટનું એક ચીંથરું. આજે જે કોથળીમાં એને મૂકવામાં આવશે એ કોથળી સીવવામાં જ હું ગુંથાઈ છું.

એની સિમેન્ટ થઈ ગઈ એને બીજે જ દિવસે હું આ પત્ર લખવા બેઠી છું. પત્ર લખાઈ જશે કે તરત આ પીપની કોથળીમાં એને પણ ભેગો જ સીવી લઈશ.

તમે પણ કારીગર જ છો ને ? એવું જ હોય, તો મહેરબાની કરીને મને આનો જવાબ આપજો. આ પીપની સિમેન્ટ શામાં વપરાય છે એ જાણવા માટે હું ખૂબ જ આતુર છું.

આની કેટલી સિમેન્ટ થઈ છે ? ને એ બધી એક જ જગ્યાએ વપરાઈ છે કે પછી જુદી જુદી જગ્યાએ ? તમે પ્લાસ્ટરકામ કરો છો કે બાંધકામ ?

એ કોક થિયેટરની પરસાળ બને કે કોક આલિશાન મકાનની ભીંત બને એ તો મારાથી કેમેય ન ખમાય. પણ એમ થતું અટકાવવામાં મારું વળે ય શું ? તમે કારીગર હો તો મહેરબાની કરીને આવી જગ્યાએ આ સિમેન્ટ ન વાપરતા....

પણ વધુ વિચાર કરતાં લાગે છે કે એનો કોઈ જ અર્થ નથી. તમને મન થાય ત્યાં એને વાપરજો. એ જ્યાં પણ દફનાશે ત્યાં એ સંગીન કામ આપશે. એ શરીરે તો ઘણો જ સશક્ત છે એટલે એ જ્યાં વપરાશે ત્યાં યોગ્ય રીતે જ વર્તશે.

તમને ખબર છે, સ્વભાવે પણ એ ઘણો જ નરમ હતો. પણ તેમ છતાંય એ નીડર હતો, ખડતલ હતો. એ હજી નાનો હતો. હમણાં જ તો એને પચીસમું બેઠું હતું. એ ખરેખર મને કેટલી ચાહે છે એ જાણવા જેટલો સમય પણ મળ્યો નહોતો. હું તે એનું

કફન સીવી રહી છું - કે પછી સિમેન્ટની કોથળી ! સ્મશાનમાં પોઢવાને બદલે સતત ભમ્યા કરતી ભઠ્ઠીમાં એનો અંત આવ્યો છે એને આખરી વિદાય આપવા માટે હું એની કબર કેવી રીતે શોધી શકીશ ?

એને ક્યાં દફનાવવાનો છે એનો તો મને જરા જેટલોયે ખ્યાલ નથી, સમજ્યાને. પૂર્વ કે પશ્ચિમ, દૂર દૂર કે નજીક – કાંઈ જ કહી શકાય તેમ નથી. એથીસ્તો તમે મને જવાબ આપો એવું મને મન છે. તમે કારીગર હશો, તો મને જરૂર જવાબ આપશો, કેમ ને ? ને એના બદલામાં હું તમને ઓવરકોટમાંથી વધતું એક ચીંથરું ભેટ આપીશ – હા, આ પત્ર જેમાં વીંટ્યો છે એ જ ચીંથરું. પેલા પથરાની ધૂળ, એના દેહનો પરસેવો - એ બધું જ આ ચીંથરામાં ભર્યું છે. એ મને આલિંગન કરતો ત્યારે આ જ ઓવરકોટ પહેરતો. એ ઓવરકોટમાંથી હવે તો માત્ર આ ચીંથરું જ વધ્યું છે - અરે એ મને કેવું તો દૃઢ આલિંગન કરતો !

'મારે માટે આટલું જરૂર કરજો, કરશો ને ? હું જાણું છું. તમને ખૂબખૂબ તકલીફ પડશે, પણ મહેરબાની કરીને મને આટલું જણાવજો : આ સિમેન્ટ કઈ તારીખે વાપરવામાં આવી ? એ જે જગ્યાએ વપરાઈ છે તે જગ્યા કેવી છે ? એનું પૂરું સરનામું શું ? ને તમારું નામ પણ. ને તમે પણ સંભાળ રાખજો હો, રાખશો ને આવજો.'

ફરી એક વાર બાળકોનો શોરબકોર યોશિઝો માત્સુદોને ઘેરી વળ્યો, પત્રને છેડે લખેલાં નામસરનામાં પર એણે એક નજર નાખી ને ચાના કપમાં રેડેલો સાકે એક જ ઘૂંટડે ગળે ઉતારી દીધો.

'સુધબુધ ભૂલી જવાય ત્યાં સુધી મારે ઢીંચવું છે ?' એણે રાડ નાખી.'ને હાથમાં જે આવે તે બધાંનો ભાંગીને ભૂકો કરી નાખવો છે.'

'સમજી.' એની પત્નીએ કહ્યું, 'તો નશો કરવાનું તમને પાલવે છે, કેમ ને ? તો પછી આ બાળકોનું શું ?'

પોતાની પત્નીના ફૂલેલા પેટ પર એની નજર પડી ને એને પોતાનું સાતમું બાળક સાંભરી આવ્યું.

અનુ. ભારતી દલાલ

મસો

કાવાબાતા યાસુનારી

ગઈ કાલે રાતે મને એ મસાનું જ સ્વપ્નું આવ્યું.

હું જે કહેવા માગું છું, તે તમને કળાવા માટે તો એ બે અક્ષર જ પૂરતા છે. એ મસો! એને ખાતર તો તમારે મોંએ કંઈ કેટલો ઠપકો ખાઈ ચૂકી છું.

મારા જમણા ખભા પર, યા તો એમ કહોને કે બોચી આગળ મને એ મસો છે.

'એને છેડ છેડ કરીને મોટો વટાણા જેવડો તો કરી મૂકયો છે, ને હજી હાથ ત્યાં રમાડ્યા કરે છે, તે એક દહાડો એ ફણગી ઊઠવાનો છે, જોજે.' તમે મને ચીઢવતા. ખરે જ, તમે કહેતા તેમ સાધારણ મસા કરતાં કંઈક મોટો તો હતો જ...ખાસ્સો દાણો...મજાનો ગોળમટોળ ને ઊપસેલો,

નાનપણમાં પથારીમાં પડી પડી હું એની જોડે રમ્યા કરતી પણ જ્યારે પહેલવહેલી, તમારી નજર એના પર પડી, ત્યારે હું ખૂબ શરમાઈ ગયેલી. મારાથી રડી દેવાયેલું. ને મને બરાબર યાદ છે, તમે પોતે પણ એને જોઈ ખૂબ અચંબો પામેલા.

'બસ કર, સાયોકો ! તું અડ અડ કરશે, તેમ એ મોટો થતો જવાનો છે, હોં ?' મારી મા પણ મને વઢતી. તે વખતે હું હજી છોકરું હતી. માંડ તેરેક વરસની હોઈશ. તે દિવસથી મેં કોઈની નજરે ન ચઢું એ રીતે એને પસવારવા માંડ્યો. તે પછી તો મારા ખ્યાલ બહાર જ એ ટેવ ચાલુ થઈ ગયેલી.

ને પહેલવહેલો એ તમારી નજરે ચઢ્યો, ત્યારે પત્ની કરતાં હું કંઈક બાળક જ વિશેષ હતી. શરમની મારી હું કેવી ડઘાઈ ગઈ હતી....! મારી એ દશાની તો જો તમને - - તમારા જેવા એક પુરુષને – કલ્પના સરખી આવે, તો મને આશ્ચર્ય થશે. કારણ નરી શરમ કરતાં પણ એમાં કંઈક એવું થઈ ગયેલું કે આ તો બહુ ભયંકર કહેવાય...ને તે ઘડીથી લગ્ન એ કોક ભારે ખતરનાક વસ્તુ છે, એમ મને લાગેલું.

કારણ, એને લીધે જ મારાં આજ લગી છાનાં રહેલાં તમામ રહસ્યો એકેએકે છતાં

થઈ ગયાં હતાં. હું પોતે જેની હયાતી વિષે અજાણ હતી, એવાંય અનેક રહસ્યોને એકે એકે શોધી કાઢીને તમે ઉઘાડાં કરવા માંડ્યાં હતાં, ને હવે તો ઓથ લેવા તરણું સરખુંય મારી પાસે રહ્યું નહોતું જાણે.

તમે તો આ પછી સુખે ઘોરી જતા. મને એથી કંઈક રાહત મળતી. કઈક એકલવાયું પણ લાગતું ને એકાએક મસા તરફ જતા મારા હાથને ખમચાઈને હું રોકી લેતી.

મને થતું, જાણે માને લખું કે, 'મારાથી મસા ભણી તો હવે હાથેય લંબાવાતો નથી!' પણ એ વિચાર આવતાં જ શરમથી મારું મોં લાલચોળ બની જતું.

'એક મસાની તે કોઈ એવી તમા કરતું હશે, મૂરખ !' તમે એક વાર બોલેલા ને તેથી હું કેટલી ખુશ થયેલી ! મેં પણ માથું ધુણાવેલું. આજે હવે એ વાતનો વિચાર કરું છું, ત્યારે મને થાય કે મસો રમાડવાની મારી કુટેવને જો તમે સ્હેજ નભાવી લઈ શક્યા હોત તો કેવું સારું ?

એ મસાની તો મને એવી કંઈ પડીય નહોતી, લોકોની નજર કંઈ આવા મસાઓની શોધમાં, સ્ત્રીઓની બોચીઓ ઓછી જ ફંફોસતી ફરે છે ? કોઈ એકાદી કુબડી છોકરીનો ખ્યાલ આપતાં લોકો કહેતા હોય છે; 'તાળું લગાવેલી ઓરડી જેવી ચોકખી ને ચટ !' પણ એક મસો... ગમે તેટલો મોટો હોય તોય એને કુબડાપણાનું નિશાન તો ભાગ્યે જ ગણાવી શકાય.

કોણ જાણે શાથી, પણ તમને એમ લાગી ગયું કે મને એની જોડે રમવાની આદત પડી ગઈ છે.

ને કોણ જાણે શાથીય, પછી તો મારી એ ટેવ તમને ખૂબ જ ખટકવા લાગી.

'બસ કર, બહુ થયું હવે.' તમે ચીઢાઈને બોલી ઊઠતા. આવું આવું તો કંઈ કેટલીય વાર તમે મને વઢ્યા હશો.

'પણ તારે એને માટે ડાબો હાથ જ શું કામ વાપરવો પડે છે ?' એક વાર કંઈક વધારે આકરા થઈને તમે મને સવાલ કરેલો.

'ડાબો હાથ ?' એકાએક તમારા આવા સવાલથી ચમકીને હું બોલી ઊઠેલી.

ખરે જ, એ પહેલાં આ વસ્તુ તરફ મારું કદી ધ્યાન જ દોરવાયેલું નહિ...હું હમેશાં મારો ડાબો હાથ જ વાપરતી.

'એ મસો તારા જમણા ખભા પર તો છે, એ કામ જમણા હાથને વધારે ફાવશે.'

'ઓહ !' મેં મારો જમણો હાથ ઊંચો કરી જોયો, ને બોલી...'પણ આ તો અડવું લાગે છે.'

'અડવું શેનું વળી ?'

'પણ મને તો મારા ડાબા હાથે જ વધારે ફાવે છે.'

'તારો જમણો હાથ એની વધારે નજદીક છે, તે ?'

'પણ એને આમ પાછળ વાળવો મુશ્કેલ તો.'

'વાળવો મુશ્કેલ...?'

'હાસ્તો વળી. કાં તો આ હાથને આગળ થઈને આમ બોચી સુધી લઈ જવો પડે, કાં આ હાથને આમ પાછળ વાળીને ત્યાં અડાડવો પડે...' હા, પાછળથી તો હું કાંઈ રાંક બનીને તમે જે કહો તે બધું માની લેતી નહિ. તમને આવો જવાબ આપતી વેળાએ મને મનમાં થયેલું પણ ખરું કે, મારી જાતને જ આલિંગનમાં લેતી, કેમ જાણે મારા વાળેલા હાથની કોણી વડે હું તમને જ મારાથી આઘા ધકેલી રહી હોઉં ! મને એમ પણ લાગેલું, જાણે હું તમારા પ્રત્યે કંઈક વધારે પડતી કઠોર બનતી જાઉં છું.

મેં ઠંડે કલેજે તમને સવાલ પણ કરેલો કે 'હું મારો ડાબો હાથ વાપરું છું, એમાં એવું ખોટુંય શું છે તે ?'

'ડાબો કે જમણો, એ ટેવ જ ખોટી છે ત્યાં.'

'તે એની હું ક્યાં ના કહું છું ?'

'મેં તને સત્તર વાર કહ્યું કે, તું એક વાર દાકતર પાસે જા, ને એને ત્યાંથી કઢાવી જ નાખ એટલે પત્યું.'

'ના, એ મારાથી નહિ બને, મને શરમ આવે છે.'

'એમાં એવું છે શું તે ?'

'મસો કઢાવવા તે કોઈ દાકતર પાસે જતું હશે, વળી ?'

'અરે કઈ કેટલાંય.'

'હા, પણ તે ચહેરા પર ક્યાંક હોય તો સમજ્યા. પણ બોચી પરનો મસો કઢાવવા તે જતું હશે કોઈ ? પેલો દાકતરેય બેઠો બેઠો હસે. ને મનમાં સમજી જાય કે જરૂર, એના વરને જ એ ખૂંચ્યો હોવો જોઈએ.'

'પણ તારે એને ચોક્ખું કહી દેવું કે, મને એની જોડે રમવાની કુટેવ પડી ગઈ છે, માટે કઢાવવાની જરૂર ઊભી થઈ છે.'

'ખરેખર ? પણ એ બિચારો મસો, એવી જગાએ પડેલો છે કે જ્યાંથી ભાગ્યે જ કોઈની નજરે ચઢે...તે છતાં તમને ...? હું તો કહું છું, એના કરતાં તમે જ જો એને જરા સહી લેતા હો તો કેવું ?'

'એ મસો તો મને જરાય ખટકતો નથી. માત્ર તું એને આખો વખત પસવાર્યા કરે છે, તે ન કરતી હોત તો બસ હતું.'

'પણ મને એનો ખ્યાલ જ રહેતો નથી.'

'ના, પણ તું જકીલી છે. હું ભલેને ગમે તેટલું બક બક કર્યા કરું, તું તારી એ ટેવ છોડવા જરા સરખી મથામણ કરવાની નહિ.'

'મથું છું તો ખરી. ત્યાં હાથ જ ન જાય, એટલા ખાતર તો મેં ઊંચા કાંઠલાવાળાં ગવન (રાતનો પોષાક) પહેરવા માંડ્યાં.'

'તેય આ કેટલા દહાડાથી ?'

'પણ હું એને અડું, એમાં એવું બધું બગડી શું જાય છે ?' ને મને લાગે છે કે તે ઘડીથી મેં તમારી સામે મોરચો માંડી દીધો હતો.

'એમાં બગડવાનું તો શું હતું ! પણ મારી આંખોને તારી એ ટેવ બિલકુલ રુચતી નથી...માટે તને બંધ કરવાનું કહ્યા કરું છું.'

'વારુ, પણ હું પૂછું છું કે, એમાં તમને ન રુચવા જેવું એટલું બધું શું છે તે ?'

'એના કારણમાં ઊતરવાની કંઈ જરૂર નથી. બસ મને નથી ગમતું. માટે તારે એની જોડે રમવાનું મૂકી દેવું જોઈએ. તારી એ ટેવ બહુ નઠારી છે, ને હું ઇચ્છું છું કે તું એ બંધ કરી દે.'

'પણ મેં ક્યારે કહ્યું કે હું બંધ નહિ કરું ?'

'ને છતાં હું તો જોઉં છું કે તારો હાથ વળીવળીને ત્યાં જ જતો હોય છે ! ને એ વખતે તારા મોં પરનો ભાવ જોયો હોય તો...જાણે સાવ અજાણી ને બેખબર ! મને વધારે ચીઢ તો એની ચઢે છે.'

કદાચ તમે કહ્યું તે સાવ સાચું હતું. કોણ જાણે શાથી પણ તમારા એ શબ્દો મારું હૈયું વીંધીને સોંસરા નીકળી ગયા. મને પણ તમારી વાતમાં હાજીઓ પુરાવવા ડોકું ધુણાવવાનું મન થયું.

મેં કહ્યું, 'વારુ, તો હવે ફરી વાર તમે મને એમ કરતી જુઓ, તો ધડ દઈને મારા હાથ પર મારજો, મારા મોં પર પણ એક તમાચો લગાવી દેજો.'

'પણ તને પોતાને એમ કેમ નથી થતું કે છેલ્લાં બેત્રણ વરસ થયાં આની આ વાત મારા કાને સાંભળ્યા કરું છું, તોય આ નહિ જેવી ટેવ મારાથી છોડાતી કેમ નથી ?'

હું કાંઈ બોલી નહિ. પણ તે વખતે હું તમારા પેલા જ શબ્દોને વાગોળી રહી હતી : 'મને વધારે ચીઢ તો એની ચઢે છે...'

મારો ડાબો હાથ ગરદને વીંટાળીને ઊભી હોઉં, તે વખતની મારી છબી ઉદાસ ને દયામણી લાગતી ! મારી આ સ્થિતિને માટે 'એકલતા' જેવો ભારે શબ્દ વાપરતાં મને જરા સંકોચ થાય છે. એક સ્ત્રી, જે કેવળ પોતાની જાતની જ આળપંપાળ કરવા મથતી હોય, એના જેવી કંગાળ ને હીન હું દેખાતી હતી. ને મારા મુખ પરનો ભાવ તમે કહ્યો તેવો જ 'અણજાણ ને બેખબર શો.'

તો શું એનો અર્થ એવો કરશો કે, મેં ખરેખર મારી જાત તમને સોંપી દેતાં કંઈ ચોરી રાખી હતી, ને મને પડેલી ટેવને કારણે મસાને અડતી ત્યારે હું કોઈ દિવાસ્વપ્નામાં ડૂબી જતી ને મારા અંતરનાં ઊંડાણમાં પડેલી સાચી લાગણીઓ જ ઉપર તરી આવી મારા મુખ પર છવાઈ જતી !

પરંતુ એવું બનવાનું કારણ શું એ ન હોઈ શકે કે તમે મારાથી ખૂબ અસંતુષ્ટ રહેતા. ને તેને લીધે જ મારી એક નાનકડી ટેવને પણ તમે આવડું મોટું સ્વરૂપ આપી દીધું હતું? મને લાગે છે કે તમે જો મારા પર પ્રસન્ન હોત તો મારા હાથને એ તરફ વળતો જોઈ

તમે કદાચ મારી સામે જોઈ હસી દીધું હોત. ને એથી આગળ એ વિષે કંઈ વિચાર સરખો ન કર્યો હોત ?

આ દુનિયામાં એવો પણ કોઈ પુરુષ હોઈ શકે કે જેને મન મારી આ ટેવ પણ મનોરમ બની રહે.... ! મારા મનમાં જાગેલો આ વિચાર કેટલો ભયંકર હતો ?

પ્રથમ એ તમારી નજરે ચઢેલો, એનું કારણ તમારો પ્રેમ જ હતો...એ વિષે તો આજે ય મારા મનમાં લેશમાત્ર શંકા નથી.

પરંતુ આવા પ્રકારના ઝીણામોટા અણગમા જ શું એક એવી વસ્તુ નથી, જે લગ્નજીવનનાં મૂળિયાં વચ્ચે ફૂટી નીકળતા હોય છે ને જતે દહાડે એને વિકૃત બનાવી મૂકે છે ? ખરાં પતિપત્નીને એકબીજાની આવી ખાસિયત તો આંખે ચઢતી મટી જાય છે, જ્યારે બીજાં કેટલાંક એવા પણ હોય છે, જેમને પરસ્પરની એકેએક બાબતમાં કંઈક ને કંઈક વખોડવા લાયક જડી આવે છે. જોકે મારા કહેવાની મતલબ એ નથી કે જે ધણી-ધણિયાણી એકબીજાને વિષે અનુકૂળ વર્તીને ચાલનારાં હોય છે, તેઓ એકબીજાને ખૂબ ચાહનારાં હોય છે ને જેમની વચ્ચે અણબનાવ ચાલ્યા કરે છે, તેઓ એકબીજાને ધિક્કારનારાં જ હોય છે, છતાં હું એટલું તો માનું જ છું – ને માન્યા વિના રહી શકું એમ નથી - કે તમે જો મસા જોડે રમવાની મારી ટેવ તરફ આંખઆડા કાન કર્યા હોત તો ઘણું સારું થાત.

આખરે પાળી ત્યાં લગી આવી પહોંચી કે તમે મારા પર હાથ ઉગામી બેઠા, મને લાત લગાવી દીધી ! હું કકળી ઊઠી ને તમને કહી બેઠી :'તમે તમારા મિજાજ પર જરા કાબૂ રાખતા હો તો કેવું ? એક મસાને હાથ લગાડવા બદલ મારે આટલું બધું સહન કરવાની જરૂર છે શું ?"

પણ આ તો ઉપરઉપરની, સપાટીની વસ્તુ હતી.

આને તો હવે કરવું શું ? તમે ધ્રૂજતા સ્વરે બોલી ઊઠેલા. તે વખતે તમારા મનમાં કેમ કેમ થતું હએ તેની મને કંઈક કલ્પના આવી ગઈ ને તેથી જ તમારા એ કૃત્ય બદલ મારા મનમાં જરા સરખો રોષ આવ્યો નોહ. પણ તમારી આ વાત જો મેં કોઈ બીજાના મોઢા ાગળ કહી હોત તો એને જરૂર એમ લાગત કે, તમે બહુ ગરમ મિજાજના માણસ હોવા જોઈએ.

પરંતુ ખરી વાત એ હતી કે, આપણો સંબંધ એક એવી કક્ષાએ પહોંચી ગયો હતો કે જયાં સાવ તુચ્છ ને નજીવી લાગતી બાબત પણ આપનણ લાગણીઓને તંગ બનાવી મૂકવા પૂરતી થતી. એ સ્થિતિમાં તમારો હાથ ઊપડી ગયો. તમે મને મારી, ને તમારા આ પગલાથી આપણી વચ્ચેની તંગદિલીમાં ઓચિંતી રાહત આવી ગઈ.

મેં આવેશમાં આવી જઈ કહ્યું.'ના, મારાથી એ ટેવ કદી ભુલાવાની નથી, કોઈ કાળે ભુલાવાની નથી. લો, જોઈએ તો તમે મારા આ હાથ બાંધી દો.' ને મેં મારા બંને હાથ ભેગા કરીને તમારી છાતી સામું ધર્યા - કેમ જાણે તમારી આગળ આત્મસમર્પણનો સંકલ્પ કરતી હોઉં, તમારું શરણું માગતી હોઉં.

તમે પણ મુંઝાઈ ગયા, તમારા ગુસ્સાનાં ઘોડાપૂર ઊતરી ગયાં. પણ સાથે સાથે તમારી લાગણીનેય વહેવડાવી લઈ ગયાં. તમે જાણે સાવ શિથિલ થઈ પડ્યા. મારી કેડે લટકતી કંદોરાની દોરી ખેંચી લઈ તમે મારા હાથ બાંધ્યા. બંધાયેલા હાથ વડે મારા વાળની ખસી પડેલ લટને સમારતી તમે મને જોઈ રહ્યા, તે વખતનો તમારી આંખોમાં રમતો ભાવ જોઈ હું કંઈક રાજી પણ થઈ. મને થયું, 'હવે મારી આ પુરાણી કુટેવ ટળશે ખરી !'

તે પછીથી તો મસાનું નામ પણ જો કોઈને મોઢેથી નીકળી જાય તો ખતરનાક લાગતું. પણ વળી થોડો વખત ગયો ન ગયો ત્યાં મારી એ કુટેવ પાછી ફૂટી નીકળી. એને કારણે જ શું તમારા પ્રેમનો રહ્યોસહ્યો અંશ પણ હું ગુમાવી બેઠી હતી ? તેમ જાણે એમ કહેવા માગતા હતા કે મેં તો તારાથી હાથ ધોઈ નાખ્યા, તું તારેં મન ફાવે તે કરને !'

કારણ. તે પછી જ્યારે જ્યારે તમે મારા હાથને મસા સાથે રમતો જોતા, ત્યારે કેમ જાણે કશું જોયું જ ન હોય, એવો ભાવ મોં પર દેખાડતા. ને એ વિશે મોંમાંથી એક હરફ સરખો તમે કદી કાઢતા નહિ.

તે પછી વળી એક નવાઈની વસ્તુ બની. અત્યાર લગી લાખ વાનાં કર્યેય જે ટેવ નીકળતી નહોતી, તે એકાએક ક્યાંય અલોપ થઈ ગઈ ! જે એકેય પ્રકારની સખતાઈને બિલકુલ ગાંઠી નહોતી. તે જ કુટેવ એકાએક, કશું જ કારણ આપ્યા વિના કોણ જાણે ક્યાંય ચાલી ગઈ !

'કંઈ જોયું તમે ? હમણાં મસા સાથે રમવાનું મારું એકદમ ભુલાઈ ગયું છે!' કેમ જાણે એ ઘડીએ જ આ વાત મારા ધ્યાનમાં આવી હોય તેમ હું બોલી ઊઠી.

તમે 'હંઅઅ' કરી ચૂપ રહ્યા.ને મારી સામે એવી રીતે જોયું તમને એ વાતની કંઈ તમા જ ન હોય.

'ખરેખર જ તમારે મન જો આ વાત આટલી બધી નજીવી હતી, તો પછી મારા પર આટલી વીતાડી શું કામ ?' તમને એમ પૂછવાનું મને મન થઈ આવ્યું ને મને લાગ્યું કે, તમારે પક્ષેથી તમે પણ મને એવો જ કંઈક સવાલ પૂછવા માગતા હતા કે, 'જો તારી એ કુટેવ કશા જ પ્રયત્ન વિના. આમ સ્હેજે ચાલી જાય એવી હતી, તો તેં આટલો વખત થયાં એને પકડી શું કામ રાખેલી ?' પણ તમે તો જાણે મારી જોડે અબોલા લઈ બેઠા હતા : કશું બોલ્યા જ નહિ !

'એક એવી ટેવ, કે જે નથી ઔષધ કે નથી વિષ - તે રહી તોય શું ને ગઈ તોય શું ? મારે એની શું પડી હોય ભલા ? તું ચાહે તો આખો દિવસ એની પાછળ મંડી રહે ને, એથી મારે શું ?' તમારા મોં પરના ભાવ જાણે આવું કંઈક કહેતા હતા.

મારું મન એકદમ ઉદાસ થઈ ગયું. ને કેવળ તેમને ચીઢવવાની વૃત્તિથી તમારી સામે ઊભાં ઊભાં મને એકવાર મારા મસાને અડી લેવા મન થયું. પણ અચંબો તો એ છે કે મારો હાથ જ ઊપડ્યો નહિ !

મને ખૂબ એકલવાયું લાગવા માંડ્યું. મન મારું ધુંવાંફુવાં થઈ ગયું.

તમે મોં આગળ નહોતા ત્યારે પણ થયું કે એક વાર મસાને અડકી જોઉં તો ખરી, પણ હાથ મારો ચસ્યો જ નહિ. કોણ જાણે કેમ પણ એને અડવાનો વિચાર જ મને શરમજનક...કંઈક ઘૃણાજનક લાગ્યો.

મોં નીચું નાખી દઈ, મેં મારા હોઠ કરડયા.

"પેલા તારા મસાનું શું થયું પછી ? તમારા મોંએથી આવો સવાલ સાંભળવા મારા કાન તલપતા જ રહ્યા, પણ હવે તો મસો શબ્દ જ આપણી વાતચીતમાંથી બાકાત થઈ ગયો હતો. ને એ શબ્દની સાથે સાથે બીજી પણ અનેક વસ્તુઓ અલોપ થઈ ચૂકી હતી.

તમે મને એ બાબત વઢતા, એ દિવસોમાં જ કેમ મારાથી એને વિષે કશું બની શક્યું નહિ ? હું તે એવી સાવ નઠોર ને નકામી સ્ત્રી છું શું ?

હું પિયરઘર પાછી આવી ગઈ. તે પછીના એક દિવસે મા સાથે નાવણિયામાં નાહવા બેઠી હતી.

'પહેલાં જેવું રૂપ તારું રહ્યું નહિ, હોં સાયોકો ?' માએ ટકોર કરી; 'ઉમ્મરના ઘસારાને તું શી રીતે પહોંચી વળવાની ?'

મેં ચમકીને એના મોં સામે જોયું. ખરે જ, એ તો હજી પહેલાંના જેવી જ દેખાતી હતી.... એ જ બાંધી દડીનું ધીંગું શરીર ને તાઝગીભર્યો ચહેરો !

'ને તારો પેલો મસો તો કેવો રૂપાળો લાગતો !'

'ખરું પુછાવે તો એ મસાને કારણે જ મારા પર કેટકેટલી વીતી ગઈ ! મને કહેવાનું મન થઈ ગયું. પણ મા આગળ એ બાબત એક અક્ષરેય બોલાયો નહિ મારાથી. એને બદલે જે બોલી તે કંઈક આવું : 'એ લોકો તો કહે છે કે દાકતર પાસે જઈ એને કઢાવી નાખ્યો હોય તો સારું.'

'ઓહ ! દાકતર પાસે ? પણ પછી ત્યાં જખમનો ડાઘ રહી જાય તે ?' મા કેટલી ભોળી ને સંતોષી હતી ! બોલી, 'અમે બધાં તને કેટલી ચીઢવતાં ! તને હસતાં કે સાયોકો તો સાસરે જશે તો ય એની જોડે રમતી રહેવાની.'

'હા, હું રમતી હતી....'

'એ તો અમે જાણતાં'તાં જ.'

'પણ મા, એ આદત બહુ ખોટ્ટી હતી... મેં ક્યારથી એમ રમવા માંડેલું તે ?'

'ક્યારથી એ તો કોણ જાણે ? છોકરાને તલ - મસા ક્યારથી નીકળવા માંડતા હશે, એનો મને કંઈ ખ્યાલ નથી. પણ ધાવણાં હોય છે, ત્યારે તો એમના અંગ પર એવું કશું હોતું નથી.'

'મારા બાળકોમાંથી તો એકેયને કશું નથી.'

'એમ કે ? તો તો એ મોટાં થતાં હશે તેમ, ગમે ત્યારે નીકળી આવતાં હશે, ને એક વાર દેખા દીધા પછી હંમેશને માટે એમને ચીટકી રહેતાં હશે. પણ આ તારા જેવડો મસો તો મેં ક્યાંય દેખ્યો નથી હોં ? તું નાની હતી ત્યારની દેખતી આવી છું એને.'

એમ બોલીને મારા ખભા ભણી નજર કરી મા હસવા લાગી.

મને યાદ છે. હું નાની હતી ત્યારે ઘણી વાર મા ને મારી બધી બેનો મારા આ મસાની છેડ કરતાં .પણ તે વખતે તો એ સુંદર મજાનું એક ટપકું હતું ! એમની વારંવારની છેડને લીધે જ મારું ધ્યાન એ તરફ દોરવાયેલું, ને આગળ જતાં મને એની સાથે રમવાની આદત પડી ગયેલી.

આજે પથારીમાં પડી પડી, મારાં આંગળાં વચ્ચે મસાને રમાડતી, હું મારા બાળપણ ને જુવાનીની સ્મૃતિને તાજી કરવા મથી રહી છું. હું છેલ્લી વારકી એની સાથે રમેલી, એ વાતને તો આજે ઘણાં વરસ થઈ ગયાં. કોણ જાણે કેટલાં વરસ !

તમારાથી દૂર — મારે મહિયર ...જ્યાં મેં જનમ લીધેલો તે ઘરમાં પાછી આવી ગઈ છું. ને મન ફાવે તેટલો વખત એની સાથે રમ્યા કરું, તોય આજે કોઈ મને રોકનાર નથી.

પણ એમાં હવે કંઈ સાર રહ્યો નથી.

કારણ, જેવાં મારાં આંગળાં મસાને અડકે છે કે, મારી આંખમાંથી ટપ ટપ કરતાં ટાઢાંબોળ આંસું સરી પડે છે.

હું મારા બાળપણનો એ જૂનોપુરાણો કાળ સંભારવા મથ્યા કરું છું, પણ મસાને હાથ અડતાંવેંત તમે જ નજર સામા ખડા થઈ જાઓ છો.

નઠારી પત્ની તરીકે હું વગોવાઈ ગઈ છું. કદાચ મને છૂટાછેડા પણ અપાઈ જશે. પરંતુ મેં કદી એમ ધારેલું નહિ કે, અહીં પથારીમાં પડ્યાં પડ્યાં મને તમારે વિષે આવા જ વિચારો આવ્યા કરશે.

મારા ભીના ઓશીકા પર પાસું ફેરવ્યું કે એ મસો મારા સ્વપ્નમાં આવીને ઊભો રહ્યો.

ઊંઘ તૂટયા પછી. એ ઓરડો કયાં આવ્યો એ કંઈ હું યાદ કરી શકી નહિ. પણ એ ઓરડામાં હું, તમે ને આપણી સાથે બીજી કોઈ એક સ્ત્રી, એમ ત્રણ જણ હતાં. હું પીતી,તી, ખૂબ પીધેલી હતી, ને તમારી આગળ કશીક બાબતમાં કરગરી રહી હતી.

મારી કુટેવ પાછી ચાલુ થઈ ગઈ હતી. હંમેશની ટેવ મુજબ, હાથને છાતી ાાડો ધરી, છેક બોચીએ લઈ ગઈ હું એને અડી ત્યાં તો મસો ઉખડતોકને મારાં આંગળાંમાં આવી ગયો. જરા સરખી વેદના નહિ, સાવ સ્હેકલાઈથી, કેમ જાણે દુનિયામાં એમ જ બનતું હોય. મારાં આંગળાં વચ્ચે, બરાબર જાણે ભૂંજેલા વટાણાનો દાણો ન હોય, એવો એ લાગતો હતો.

બહુ મોઢે ચઢાવેલા બાળકની જેમ, મારા મસાને તમારા નાકની બાજુના મસાવાળા ખાડામાં મુકાવવા મેં જિદ પકડી હતી.

મારો મસો લઈને હું તમારા મોં પર ખોસવા મથતી હતી. એ માટે મેં ખૂબ રડારોળ ને, ધમપછાડ મચાવી મૂકી, તમારી બાંયો ખેંચી, તમારે ગળે લટકી પડી...

હું જાગી ત્યારે મારું ઓશીકું ભીંજાઈ ગયેલું હતું. ને હું હજી રડ્યા કરતી હતી.

હું થાકથી લોથપોથ થઈ ગઈ હતી ને છતાં મન કંઈક હળવું પણ થયું હોય એમ લાગતું હતું... કેમ જાણે મન પરથી કોઈ મોટો બોજો મેં ઉતારી ન નાખ્યો હોય !

ઘડીક મારા હોઠ મરકી ગયા. હું એમ ને એમ પડી રહી, મને થઈ ગયું, ખરેખર મારો મસો અલોપ તો નહિ થઈ ગયો હોય ? એની ખાતરી માટે મને અડવા જતાં મને કંઈ કંઈ થઈ ગયું.

મારા મસાની કહાણીમાં જો કાંઈ કહેવાનું હોય તો તે આટલું જ.

હજી એવો ને એવો, કાળા વટાણાના દાણા જેવો સાબૂત.હું એને મારી આંગળીઓ વચ્ચે અનુભવી રહું છું.

તમારા નાકની બાજુમાં પણ એક મસો છે. જેના વિષે મારા મનમાં કદી ખ્યાલ આવેલો નહિ. એના વિષે મારા મુખેથી શબ્દ સરખો મેં કદી કાઢ્યો ન હતો, ને છતાં મને લાગે છે કે હંમેશાં મારા મન પર એનો ભાર રહ્યા કર્યો હોવો જોઈએ.

ખરેખર, મારો મસો તમારા નાક આગળના મસામાં મૂકતાં, એ જો ફૂલીને મોટો થઈ જતો હોત તો એમાંથી કેવી સુંદર પરીકથા બની જાત !

ને મારે બદલે તમે, મારા મસાનું સ્વપ્નું જોતા હશો, એવો ખ્યાલ આવતાં હું કેટલી રાજી થઈ જાત !

ને એક વાત તો હું ભૂલી જ ગઈ.

તમે તે દહાડે બોલેલા; વધારે ચીડ તો મને એવી જ ચઢે છે ? " તમારાં એ વેણનો મર્મ હું બરાબર કળી ગઈ હતી. તમારા એ શબ્દોમાં હજી લાગણીનો કંઈક અંશ રહી ગયો છે, એમ મને લાગતું, મને થતું કે શું ખરેખર, મસાને હું અડતી તે વખતે મારામાં રહેલી હલકી લાગણીઓ જ મારા મોં પર તરી આવતી હશે ?

ને છતાં મન એમ પણ પૂછે છે કે, મેં જે બધી વાતો કરી, તેમાંની એક જ હકીકત શું મને આ હીનતાના દોષમાંથી મુકત કરી દેવા પૂરતી નથી ? મેં તમને કહેલું : મારી માએ ને બેનોએ નાનપણમાં એની ખૂબ થાબડા થાબડ કરેલી, ને એને જ લીધે પાછળથી મને આવી ટેવ પડી ગયેલી.

મેં એક દિવસ માને કહ્યું, 'મા ! તેંય એક વાર મસા જોડે રમવા બદલ મને ખૂબ ધમકાવેલી નહિ વારુ ? પણ એ તો બહુ વખત પહેલાંની વાત... નહિ ?'

'હા, ધમકાવેલી તો ખરી....પણ એને વળી બહુ વખત શાનો થયો ?'

'હેં પણ કહે તો ખરી, તેં મને શું કામ ધમકાવેલી ?'

'શું કામ વળી કેમ ?તારી એ ાાદત બહુ ખોટ્ટી હતી એટલે સ્તો.'

'પણ એ તો કહે, મને એની સાથે રમતી જુએ, ત્યારે તને મનમાં શું થતું ?'

'લે વળી ....! ' માએ ત્રાંસી ડોકે મારી સામે જોતાં કહ્યું, 'બીજું તો કંઈ નહિ, એ બહુ સારું ન દેખાય.'

'વારુ પણ એ તો કહે, તને એ વખતે લાગતું કેવુંક ? મારી એ કુટેવ જોઈ તને મનમાં

જ રંજ થતો કે પછી હું જ તને રેઢિયાળ ને આંખના પાટા જેવી અળખામણી લાગતી?'

'એવું તો નહિ - પણ મનમાં એમ થતું કે, ઊંઘરાટાયેલા ચહેરે તું હાથને ત્યાંનો ત્યાં રમાડ્યા કરે છે, તેવું ન કરતી હો તો સારું.'

'પણ મને એમ કરતી જુવે ત્યારે તને પારી પર કાળ ચઢતો ખરો ?'

'કોક વાર ચીઢ તો ઘણી ચઢી જતી.'

'ને તોય તું ને બીજાં બધાં ભેગાં મળીને મને એ મસા બદલ ચીઢવવાનુંય છોડતાં નહિ ખરું ?'

'હા, વળી એવું ય કરતાં'તાં સ્તો.'

આ વસ્તુ સાચી હોય તો શું એમ ન બને કે બાળપણના વખતનો મારાં માવતરનો પ્રેમ સાંભરતાં જ અન્યમનસ્ક બની, હું મારા મસાને આંગળાં વચ્ચે રમાડ્યા કરતી હોઈશ ? મને ચાહનારાં માણસોની યાદ જ શું મને એમ કરવા પ્રેરતી નહિ હોય ?

મારે તમને કંઈ કહેવાનું હોય તો તે એટલું જ કે;

મારા મસા વિષે આદિથી અંત સુધી તમે કંઈક ભુલાવામાં જ રહ્યા છો એમ નથી લાગતું ? તમે શું એમ માની લીધું કે તમારે ત્યાં હતી, તે દરમ્યાન પણ, હું કોઈ પરપુરુષના ધ્યાનમાં રમ્યા કરતી હતી ? જેથી મને પોતાને પણ એમ થઈ ગયું છે કે મારાં અંગોની હિલચાલ, જે તમારી આંખોને માટે આટલી અકારી થઈ પડેલી, તે ખરેખર જ મારી કોઈ વણકથી પ્રેમકહાણીની કબૂલાત તો નહિ હોય ?

મસા જોડે આંગળાં રમાડવાની આદત, એ તો સાવ વિસાત વગરની વસ્તુ ગણાય. એને માટે વળી મારે આ કે તે બહાનાં બતાડવાની જરૂર જ શી હોઈ શકે ? પણ મારે મન સવાલ એક જ છે, ને તે એ કેમને પત્ની તરીકે નાલાયક ઠરાવનારાં જે જે કારણો ઊભાં થયાં તે બધાની શરૂઆત આ રીતે જ થયેલી, એમ તમને નથી લાગતું ?

શરૂ શરૂમાં જે વસ્તુઓ મારા તમારા પ્રત્યેના પ્રેમનું લક્ષણ ગણાતી. એની સામે તમારી આંખો બિડાઈ ગઈ, તે પછીથી એ જ બધી વસ્તુઓ, પત્નીની નઠોરતાની સાબિતીરૂપ ગણાવા લાગેલી, એમ નથી લાગતું તમને ?

હું આ લખું છું, તે વખતેય મને ભય તો રહ્યા જ કરે છે; કદાચ કોઈ એમ તો નહિ કહે કે, રૂઠી કુભારજા હવે ધણીને ખોટો દેખાડવા મથી રહી છે ?ખેર, એ ગમે તેમ હો પણ આ બધી વાતો તમને કહ્યા વિના હું રહી શકું એમ નથી. એટલી વાત સાવ સાચી.

અનુ. સુભદ્રા ગાંધી

ચેરી

દઝાઈ ઓસામુ

છોકરાં કરતાં માબાપનું મહત્ત્વ વધારે હોવું જોઈએ એમ માનવું મને ગમે છે; ને છતાં કેટલીક વાર હું મારી જાતને કહું છું કે આ દુનિયામાં બધું જ સંતાનોને ખાતર છે, એમ માનનારા નીતિચુસ્ત લોકોને ધન્યવાદને પાત્ર ગણવા જોઈએ. પણ જો માબાપ જ દયામણાં હોય તો પછી એમ શા માટે થવું જોઈએ ? એવું પાછું મારાથી તરત પૂછી દેવાય છે. કાંઈ નહીં તો મારા ઘરમાં માબાપની એ સ્થિતિ છે. હું ઘરડો થાઉં ત્યારે મારાં છોકરાં મારી દેખભાળ રાખે એવું સૂચવવાની પણ હું ધૃષ્ટતા કરું એવો નથી; ને છતાં હું જે કાંઈ કરું તેમાં એમની સંમતિ છે કે નહીં તે મારે તો જોવું જ જોઈએ ! અત્યારે તો છોકરાં બહુ નાનાં છે, બે છોકરીઓ છે - એક સાતની ને બીજી એક વરસની, એક છોકરો છે, ચાર વરસનો. ને છતાં અત્યારથી જ ખાસ્સાં સેતાન બની ગયાં છે એ લોકો ! અમે એમની આગળ ઘરનાં નોકરચાકરની જેમ નરમ ઘેંસ જેવાં થઈને રહીએ છીએ.

ઉનાળો ચાલે છે. અમે સૌ નાનકડા સાંકડા ઓરડામાં બેઠાં છીએ, ને હમણાં જ જમવાનો ઘોંઘાટભર્યો કાર્યક્રમ પૂરો થયો છે. મારા મોંઢા પર વળતા પરસેવાને હું જંગલીની જેમ લૂછ્યે રાખું છું.

'ખાતી વખતે પરસેવાથી રેબઝેબ થવું શિષ્ટ નહીં કહેવાય.' કોઈક બોલ્યું. 'તમારી એ શિષ્ટતાની મને કાંઈ પડી નથી. આવાં છોકરાં જો તમને વીંટળાઈ વળતાં હોય ને તો તમનેય પરસેવો છૂટયા વિના નહીં રહે.' મને અરધું મારી જાત સાથે બોલતો હોઉં એમ બોલવાની ટેવ છે.

છોકરાંની મા નાની દીકરીને ધવરાવે છે, ને મને તથા બીજાં બે બાળકોને પીરસતી જાય છે, એક વસ્તુ લે છે, બીજી મૂકે છે, કાંઈ સાફ કરે, વળી કાંઈ લૂછે છે; વચમાં નાક ખંખેરતી જાય છે. એની કાબેલિયતનું એ ભારે પ્રદર્શન કરે છે.

'તમારા બાપને નાકને ટેરવે બહુ પરસેવો વળતો લાગે છે.જ્યારે ને ત્યારે એ નાક જ લૂછ્યા કરે છે.'

હું મોં બગાડીને હસું છું. 'ને તું ? તને કદાચ સાથળ વચ્ચે વધારે પરસેવો વળતો હશે, નહીં ?'

'તમારા બાપ જે કાંઈ બોલે છે તે સુરુચિના નમૂનારૂપ હોય છે !'

'આ તો શાસ્ત્રીય ભૂમિકા પર ચાલતો વાર્તાલાપ છે, એની સાથે રુચિને કશી લેવાદેવા નથી.'

'મને....' થોડીક ક્ષણો સુધી એ ભારે ગંભીર લાગે છે; 'મને અહીં, બે સ્તનની વચ્ચે - આંસુની ખીણમાં...'

'આંસુની ખીણ !'

હું ચુપચાપ ખાધે રાખું છું.

ઘરમાં હું ટોળટિખ્ખળ કરું છું, પણ મારા હૃદયમાં એથી સાવ વિરુદ્ધનો જ ભાવ હોય છે. મારા ઘરમાં જ નહિ, મહેમાનો આવે છે ત્યારેય હું લ્હેરમાં હોઉં છું, પછી ભલેને અંદરથી ગમે તેટલો દુ:ખી કે અસ્વસ્થ હોઉં ! હું મરણિયો બનીને ખુશી દેખાવાનો પ્રયત્ન કરું છું. ને મહેમાનોના ચાલી ગયા પછી ખુશી દેખાવાને કરેલા શ્રમથી મને ચક્કર આવે છે, પૈસાના, નીતિનિયમના. આપઘાતના મારા લખાણને વિશે પણ આવું જ બને છે. જ્યારે હું સાવ હતાશ થઈ ગયો હોઉં છું, ત્યારે હળવું ને મજાકવાળું કંઈક લખી નાખું છું. આ મારે મન બીજાને માટે અપાતો મોટો ભોગ છે, પણ એ લોકો એને રીતે જોતા નથી. એ લોકો તો કહે છે; 'એ છીછરો થતો જાય છે, એ તરકીબ વાપરીને આપણું મન જીતવા ઇચ્છે છે.'

હું ભારેખમ અને ગંભીર વાતોથી સાવ કંટાળી ગયો છું. હું ઘરમાં ટોળટિખ્ખળ કરું છું તો ખરો, પણ એ મને પાતળા બરફ પર ચાલવા જેવું લાગે છે. મારું ઘર ચોક્ખું રહે છે, લખવાનું ટેબલ અસ્તવ્યસ્ત રહેતું નથી, હું ને મારી પત્ની લડતાં - ઝઘડતાં નથી, એકબીજાને માનની નજરે જોઈએ છીએ, મેં એના પર કદી હાથ ઉગામ્યો નથી, મેં એને કદી ઘરની બહાર નીકળી જવાનો સંકેત સરખો કર્યો નથી; અમે અમારાં છોકરાંઓનું સારું જતન કરીએ છીએ ને છોકરાં પણ મુક્ત ને સુખી લાગે છે. આથી મારા વિવેચકો ને વાચકો નિરાશ થઈ જાય છે.

પણ આ તો સપાટીની વાત થઈ. મારી પત્નીને એની આંસુની ખીણ છે; મનેય ઊંઘમાં પરસેવો વળે છે. અમે ધીમે ધીમે ખરાબ ને ખરાબ થતાં જઈએ છીએ. અમને એકબીજાની આળી જગ્યાની ખબર છે ને એની સાથે કશું ઘસાય નહીં તેની સાવચેતી રાખીએ છીએ. હું મજાક કરું છું ને એ હસે છે.

પણ જ્યારે એ એની આંસુની ખીણની વાત કરે છે, ત્યારે મને કશું કહેવાનું સૂઝતું નથી. હું ચુપચાપ ખાધે રાખું છું. હદથી જ્યારે ભાર વધી જાય છે ને સદા હસમુખો ને ઊજળો ચહેરો રાખતો છતાં હું આજે હાસ્ય ખોઈ બેઠો છું.

'હવે તને મદદ કરે એવી કોઈ બાઈ તું રાખી લે તો ઠીક.' એને ખોટું નહીં લાગે એમ હળવેકથી ખંચકાતો હું એને કહું છું.

ઘરમાં ત્રણ છોકરાં છે, ને હું તો ઘરકામમાં કશા ખપનો નથી. મને પથારી સુધ્ધા પાથરતાં નથી આવડતી. હું મૂર્ખાઈભરી મજાક કરી જાણું છું. રેશનની કે રેશનકાર્ડ ક્યાં નોંધાવવાં તેની મને કશી જ ખબર નથી. કેમ જાણે વીશીમાં જ નહી રહેતો હોઉં ! મહેમાનો ને મિજબાનીઓ ! ખાવાનું આટોપીને હું કામ પતાવવા બહાર નીકળી પડું છું, ને કેટલીક વાર તો હું અઠવાડિયું બહાર રહું છું.પાછા ફર્યા પછી એ સંબંધમાં બચાવનો એક શબ્દ સરખો હું કહેતો નથી. મારે હજી ઘણું કામ બાકી છે, એમ કહ્યે રાખું છું ખરો, પણ મારાથી ઝાઝું કશું થઈ શકતું નથી. બહુ બહુ તો દિવસનાં એકબે પાનાં લખાય, બાકીનો વખત પીવામાં જાય. વધારે પડતું પીવાથી હું વજન ખોતો જાઉં છું ને પછી પથારીવશ થાઉં છું. અહીંતહીં એને જુવાન મિત્રો - સ્ત્રી હોય એમ લાગે છે ખરું !

બાળકો....છોકરીઓને શરદી જરાજરામાં થઈ આવે છે, પણ આમ તો બંને નીરોગી છે, પણ દીકરો ! એ સાવ હાડકાં ને ચામડું છે, એ ચાર વરસનો થયો છે તોય ઊભો થઈ શકતો નથી. એ માત્ર 'પા,' 'બા' જ બોલી જાણે છે; ને જે એને કહીએ તેમાંનું કશું સમજી શકતો નથી. આખા ઘરમાં ઘૂંટણિયાં કરે છે, હજુ મોઢું સાફ કરવા ક્યાં જવું તેનું એને ભાન નથી. એ ખાય છે તો ખાસ્સું, ને છતાં છે સાવ સુકલકડી; એના વાળ પણ આછા છે; એ વધતો હોય એવું લાગતું નથી.

અમે એને વિષેની વાત હંમેશાં ટાળીએ છીએ, બાઘો, મૂંગો....આવા શબ્દો ખુલ્લેખુલ્લા ઉચ્ચારવા, એ શબ્દોને ને અમારા દીકરાને કશો સંબંધ છે, એવું સ્વીકારવું અમારે માટે ભારે અસહ્ય થઈ પડે. કેટલીક વાર મારી પત્ની એને હાથમાં લઈને દાબી નાંખે છે, ને કેટલીક વાર મને એકાએક નદીએ લઈ જઈને એને નદીમાં ન,ખાવી આવવાનું મન થઈ આવે છે.

'મૂંગાબહેરા દીકરાની બાપને હાથે હત્યા. 'ક'(૫૩) એ એના મૂંગાબહેરા દીકરા 'ખ'(.૮)ને આજે સાંજે શેરીમાં આવેલા એના ઘરમાં કુહાડીનો ઘા કરીને મારી નાંખ્યો. પછી એણે પોતે ગળામાં કાતર નાંખીને આપઘાત કરવાનો પ્રયત્ન કર્યો. એને તરત જ નજીકની ઇસ્પિતાલમાં ખસેડવામાં આવ્યો છે.ત્યાં એની સ્થિતિ ગંભીર હોવાનું કહેવાય છે. તાજેતરમાં જ પરણેલી 'ક'ની એક દીકરી (૨૨) હાલ એને ઘરે જ રહે છે. એ દીકરીની સ્થિતિ એટલી કફોડી થઈ ગઈ હતી કે કશુંક, તરત નહીં કરવામાં આવે તો બાજી બગડી જાય એમ હતું, એવું 'ક'એ એના નિવેદનમાં કહ્યું હોવાનું જાણવા મળે છે. 'ખ' મંદ બુદ્ધિનો ને વધારામાં મૂંગો હતો.'

હું આવું વાંચું છું ને તરત જ મારે શરાબ પીવો પડે છે.

એનો વિકાસ મંદ હોત તો તો ખાસ ચિન્તા નહોતી. એકાએક એ આ બાઘાપણામાંથી મુક્ત થાય, અમારા પર ગુસ્સે થાય, અમે વિશ્વાસ ખોઈ બેઠા તેથી અમારા પર હસે,

આવી આવી આશાઓ અમે સેવ્યા જ કરીએ છીએ. અમારા દીકરાની ખોડ વિશે અમે અમારાં સગાંવહાલાં કે મિત્રોને સુધ્ધાં કશું કહ્યું નથી. જાણે કશું જ થયું નહીં હોય એમ અમે સાથે રમીએ છીએ ને હસીએ છીએ.

એની મા પરાણે ઢસરડો કરી રહી છે તે હું જાણું છું, ને હુંય મારાથી બનતો પ્રયત્ન તો કરી છૂટું છું. મારાથી કદી ઝડપથી લખી શકાતું નથી. હું સ્વભાવથી જ સંકોચશીલ છું. ને લખવું એટલે તો મારી જાતને બધા આગળ ખુલ્લી કરવી. હું મુંઝાઈ જાઉં છું, આગળ વધવું ભારે મુશ્કેલ થઈ પડે છે, ને હું શરાબ પીવા માંડું છું. હું શરાબ પીઉં છું કારણ કે આગળ પડીને જોઈતી વસ્તુ માગી લેવાનું મારા સ્વભાવમાં નથી, જે લોકો નિઃસંકોચ પોતાની જરૂરિયાત માગી લઈ શકે છે, તેમને શરાબ પીવો પડતો નથી. (ને તેથી જ કદાચ સ્ત્રીઓ ભાગ્યે જ શરાબ પીએ છે.)

દલીલબાજીમાં હું કદી જીતી શકતો નથી. બીજા જે આત્મવિશ્વાસ અને ભારપૂર્વક પોતાનો પક્ષ રજૂ કરે છે તેથી હું દબાઈ જાઉં છું. એ મને ચૂપ કરી દે છે. ધીમે ધીમે હું સામાનું જક્કીપણું પારખી કાઢું છું ને મને સમજાવા લાગે છે કે, હું કાંઈ સાવ ખોટો નહોતો. પણ એકવાર હાર્યા પછી ફરી દલીલો શરૂ કરવી મને ઠીક લાગતું નથી; ને દલીલબાજી ય મારે મન તો મુક્કાબાજીના જેવી જ દુઃખકર છે. ક્રોધથી ફફડતો હું હસું છું, ચૂપ થઈ જાઉં છું. મને ઘણા વિચાર આવી જાય છે ને હું ફરી પીવા માંડું છું.

પણ મારે સીધા મૂળ વાત પર આવવું જોઈએ. મેં આડવાતો ઘણી કરી નાખી, ને આખરે આ વાતે ય ઘર કંકાસની જ તો છે!

આંસુની ખીણ !

શરૂઆત ત્યાંથી થાય છે. અમે તો ઊલટાનાં ઠંડા સ્વભાવનાં દમ્પતી હતાં; અમારામાંથી કોઈ કદી ઊંચેસાદે બોલતું નહીં; કદી સમ ખાઈને અમે વાત કરતાં નહીં. પણ આ શાન્તિની નીચે ભારેલો અગ્નિ સદા રહ્યો જ હોય છે. અમે શાન્તિપૂર્વક એકબીજા સામે રજૂ કરવાના પુરાવા એકઠા કર્યા કરતા હોઈશુમ, એ પણ અસંભવ તો નથી જ. મારી પત્ની તો જે છે તે જ રહેવાની, ને મારામાં ય ખોડો તો છે જ - મારી પત્નીને જેટલી કાઢવી હોય તેટલી !

આંસુની ખીણ !

હું એના પર વિચાર કરું છું. વિચારને આડોઅવળો ફેરવી જોઉં છું. ને છતાં મને કંકાસ કરવાની ઈચ્છા થતી નથી. હું ચૂપ રહું છું, 'તું નાહકની મારો વાંક કાઢે છે. જાણે આ બધાં માટે હું જ જવાબદાર હોઉં, એવો તું અણસારો કરે છે. પણ તું એકલી જ કાંઈ આંસુ સારતી નથી. હું એમાં તારી સાથે જ છું. તને છોકરાંની જેટલી ચિન્તા થાય છે, તેટલી મને પણ થાય છે; ને જ્યારે એમાંનું કોઈ રાતે ઊધરસ ખાય છે; ત્યારે હું જાગતો પડી રહીને એ સાંભળતો હોઉં છું. સારું ઘર મળે, એ માટે હું શક્ય તે કરવા તૈયાર છું. પણ મારાથી કશું વળતું નથી. આ છે તે ઘર ટકાવી રાખું તો ઘણું. હું જાણે તરાક્ષસ હોઉં

તેમ મારી તરફ તાકી રહેવાની જરૂર નથી. ઠંડે કલેજે, બેઠાં બેઠાં તારો સર્વનાશ થતો જોયા કરવાની મારી છાતી નથી. રેશન વિશે, રેશનકાર્ડ નોંધાવવા વિશે માહિતી મેળવી લેવાનું મન તો થાય છે, પણ એ નથી બનતું મારાથી...' આ બધું એને મારાથી કહી શકાતું નથી. મનમાં ને મનમાં બબડીને બેસી રહું છું.

એને બદલે હું એને કહું છું : 'તને મદદ કરે એવી એકાદ બાઈ તારે રાખી લેવી જોઈએ.' એ પણ જાણે હું અરધું મારી જાતને જ કહેતો હોઉં તેમ ખંચકાતો ખંચકાતો બોલું છું.

એ સ્વભાવથી ઓછાબોલી છે, પણ જ્યારે બોલવું શરૂ કરે છે, ત્યારે પૂરી ઠંડકથી ને આત્મવિશ્વાસથી બોલે છે. માત્ર એ જ નહી,બધી સ્ત્રીઓ.....

'અહીં કામ કરવા રાજી થાય એવી કોઈ બાઈ મળતી નથી.'

'પ્રયત્ન કરે તો મળી જાય, અહીં ઝાઝા દિવસ ટકી રહે એવી બાઈ મળતી નથી, એમ કદાચ તું કહેવા માગતી હશે.'

'એટલે કે હું કોઈ નોકરડીને ઝાઝા દિવસ ટકવા દઉં એવી નથી, એમ જ ને ?'

'મેં એવું ક્યાં કહ્યું?' હું ફરી ચૂપ થઈ જાઉં છું. સાચું કહું તો એણે મારા મનમાં જે હતું તે જ બરાબર પકડી પાડ્યું.

જો કોઈ મદદ કરનાર મળી જાય તો ...એને બહાર જવાનું થાય છે, ત્યારે એ નાની દીકરીને સાથે લઈ જાય છે, ને બીજું બેની સંભાળ રાખવાનું મારે માથે આવી પડે છે. વળી દરરોજ દસબાર મુલાકાતી તો આવવાના જ.

'મારે થોડું કામ પતાવી દેવું છે.'

'હમણાં જ ?'

'હા, હમણાં જ. આજે સાંજે મારે એ પૂરું કરવાનું છે, પૂરું કર્યા વિના ચાલે એમ નથી.'.વાત તો સાચી હતી, પણ મારે ઘરમાંથી નાસી છૂટવું હતું એ એનાથી પણ વધારે સાચું હતું.

'મારે આજે સાંજે મારી બહેનને ત્યાં જવું હતું.'

એ હું જાણતો હતો, એની બહેન ગંભીર માંદગી ભોગવી રહી હતી. પણ જો એ બહાર જાય તો મારે ઘરે રહીને છોકરાં સંભાળવાં પડે.

'તેથી જ કહું છું ને કે તારે એકાદ બાઈ...' હું અટકી જાઉં છું. એના કુટુંબ વિશે કદી વાત કઢાતી નથી. બહુ જ જાળવી સંભાળીને કશું કહું તો ય તંગદિલી ઊભી થયા વિના રહેતી નથી.

આ જિંદગી ખરેખર શું બલાઓની જટાજાળ જ છે. ચારે બાજુ સાંકળ. તમે સહજ આમથી તેમ ખસ્યા કે લોહીઝરતા ઉઝરડા પડ્યા જ જાણવા.

હું લખવાના ટેબલ આગળ જાઉં છું, મારી વાર્તાના મળેલા પૈસામાંથી થોડા પૈસા લઉં છું ને ખિસ્સામાં મૂકું છું. થોડાંક પાંડુલિપિના કાગળો ને શબ્દકોશ એક કાળા ઉપરણામાં

લપેટી લઉં છું, ને બિલકુલ નફિકરો થઈને હું બહાર નીકળી પડું છું. એ વિશે કોઈએ ટીકાનો એક શબ્દ સરખો શા માટે કાઢવો જોઈએ !

પણ હું મારા કામનો વિચાર કરતો નથી. હું આપઘાતનો વિચાર કરું છું. હું સીધો પીઠામાં જાઉં છું.

'કેમ મજામાં ને ?'

'કાંઇક પીવાનું લાવ. આજે ચટાપટાવાળું પહેર્યું છે...તે એમાં તું શોભે ખરી ?'

'આ કાંઇ ખાસ ખરાબ તો નથી લાગતું. ખરું ને ? મને એમ કે તમને આ ગમશે ?'

'મારે તો આજે મારી પત્ની સાથે ઝઘડો થઈ ગયો છે. ઘરમાં ઝાઝું ટકાય એમ નહોતું. કાંઈક પીવાનું લાવ. જલદી કર તો. આજે તો આખી રાત અહીં ગાળવાની છે... આખ્ખીય રાત."

છોકરાં કરતાં માબાપ વધારે મહત્ત્વનાં છે એમ માનવું મને ગમે છે. માબાપ બાળકો કરતાંય વધારે દયામણાં હોય છે.

કોઈક ચેરી લાવે છે.

અમારા ઘરમાં બાળકોને મોજશોખની વસ્તુઓ અપાતી નથી. મને ખબર છે ત્યાં સુધી મારાં બાળકો ચેરી શું તે જાણતાં પણ નથી. એમને ચેરી કદાચ ભાવે ખરાં. જો હું ચેરી ઘરે લઈ જાઉં તો એ લોકો કદાચ ખૂબ ખુશ થાય; ચેરીની દાંડી સાથે દોરી બાંધીને એનો પરવાળાના જેવો હાર પણ બનાવી કાઢે.

મને જાણે ચેરી જોઈજોઈને કંટાળો આવ્યો હોય તેમ, અન્યમનસ્ક બનીને ટેબલ પરના વાડકામાંથી હું થોડાંક ચેરી ઉપાડું છું. એમાંનું એક ખાઈને એનો ઠળિયો બહાર થૂંકી નાખું છું : ને ઝનૂની બનીને મારા મનમાં કહ્યા કરું છું : 'માબાપ છોકરાં કરતાં વધારે મહત્ત્વનાં છે.'

અનુઃ સુરેશ જોષી

અંધકારના ઓળા

તાત્સુઝો ઇશિકાવા

'તમે ખરેખર આંધળા થઈ જશો તો તમને હાથ વડે ફંફોળતા ને લાચાર જોવા એ મારાથી સહ્યું જશે નહીં. ભવિષ્ય બહુ ઊજળું નથી. ખરું ને ? એના કરતાં મરી જઈએ તે સારું.' એની પત્ની કોઈ વાર આમ કહેતી ને મજાકમાં આમ કહેતી હશે એમ પણ એ માની શકતો નહીં, કારણ કે એ અભિનિવેશપૂર્વક આમ બોલતી.

'સાચું કહું છું,' કદિક એ ઉમેરતી; 'ચાલો ને, આપઘાત કરી નાખીએ. આમ ને આમ જીવ્યે જવું, દિવસ પછી દિવસ વધુ ને વધુ દુઃખી થતાં જવું એ તો ભારે ભયંકર લાગે છે.'

ને કદિક એ કંઈક ગંભીરતાથી એની પત્ની સાથે સમ્મત પણ થતો; નહીં તો ઘણુંખરું એ આવો જવાબ આપતો :

'મને ગઈ કાલે રાતે પથારીમાં પડ્યા પડ્યા વિચાર આવ્યો કે હું જો ખરેખર આંધળો થઈ જાઉં તો મારાથી શું કામ થઈ શકે ? બહુ કાંઈ થઈ શકે એમ તો નથી. સંગીતને પણ બાકાત રાખવું પડશે; 'કોટો' (બુલબુલ - તરંગ) બીજાને શીખવી શકું એટલી કુશળતાથી વગાડતાં શીખવાનો પણ હવે સમય નથી. પણ ભેદભરમભરી ને જાસૂસીની વાર્તાઓ લખું તો ? હું મનમાં વાર્તા ગોઠવું છું, એકાદ લખવાનો પ્રયત્ન તો કરવો જ છે. હું બોલતો જાઉં, ને તું લખતી જાય, એમ બની શકે, ભેદભરમવાળી વાર્તાએ તો મારાથીય બની શકશે.'

આંખો પર ધોળો પાટો બાંધ્યો હતો, ખુરશીની પીઠને અઢેલીને એ એની પત્નીની સામે બેઠો હતો, ને વસંત ઋતુનો તડકો બારીમાંથી પ્રવેશીને એના ખભા પર પડતો હતો. કેટલું દયાજનક ! એની પત્ની એને ભેદભરમની વાર્તા લખનાર આંધળા લેખક તરીકે મનશ્ચક્ષુ સામે જોવા લાગી : જરૂરી શારીરિક શ્રમના અભાવે શરીર સ્થૂળ બન્યું છે; પરતા સૂર્યના પ્રકાશને અભાવે ચામડી પર ફિકાશ છે; ને એની બંધ આંખો અન્ધકારમાં - અનંત

અન્ધકારમાં મીટ માંડી રહી છે ! એ અન્ધકારની અંદર એ એની રહસ્યભરી વાર્તાનાં દૃશ્યો જોશે : ખૂન, લોહી, છરો, ડિટેકટીવની સાથેની હત્યારાની હાથોહાથની ઝપાઝપી. બસ, આવું બધુ - જુગુપ્સાજનક ને ભયથી શરીરનાં રૂવાંડાં ઊભાં કરી દે એવું જ એને દેકાશે ! એના અન્ધકાર કરતાંય વધુ કાળી દુનિયા એ સરજશે. કમ્પી ઊઠીને એણે માથું ધુણાવ્યું.

'ના, એવું કશું મને ગમતું નથી. એના કરતાં મરી જઈએ તે સારું.'' પાટા પાછળ ઢંકાયેલી એની આંખો આછું હસી.

એ આંધળો થઈ જ જશે એવું કાંઈ નક્કી નહોતું. એની નજર એકાએક નબળી પડી ગઈ હતી ને એના ડોળામાં બગાડ વધતો જતો હતો. એ ખતરનાક તો હતું જ, કારણ કે એની અસર આંખની કીકી સુધી પહોંચી હતી. એ બગાડ દૂર થાય તો પણ ઘા રહી જાય એમ હતું, ને જો એ નહીં રૂઝાય તો ફરી કદી એ દેખી નહીં શકે એ નક્કી હતું.

એની પત્નીના સૂચવ્યા મુજબ એને એકબે વાર આપઘાત કરવાનો ખરેખર વિચાર કરી જોયો હતો. થોડા બખત સુધી તો ભેદભરમની વાર્તા લખવાનો વિચાર પણ ગમ્ભીરતાપૂર્વક સેવ્યો હતો. પહેલાં તો એ ભયથી ફફડી ઊઠ્યો હતો ને આજીવિકા મેળવવાને માટે મનમાં અનેક તરંગી યોજનાઓ ઘડ્યા કરતો, પણ વખત જતો ગયો. તેમ તેમ એના વિચાર ઠરેલ થતા ગયા. એ ઠરેલપણાના ઊંડાણમાં એને બંધિયાર શાન્તિ પણ લાધી. હવે એણે ભવિષ્યની યોજનાઓ ઘડવી છોડી હતી.

ખરેખર આંધળા થવાનું આવશે જ તો ત્યારે વળી કોઈક માર્ગ નીકળી આવશે. એને વિશે વિચાર કરવો એ કાંઈ સહેલું નહોતું. ભવિષ્યમાં શું થશે તેનો ! વિચાર કરવામાં જ ભ્રાન્તિવશ થવાનું જોખમ ખેડવા જેવું હતું.

એ બાળકની જેમ ખાતો હતો. એના વાડકાની કિનાર પરથી નીચે વેરાઈ જતા ભાતના દાણાને એની પત્ની જોઈ રહી હતી. વાંકા વળીને એણે દાણા વીણી લઈને ફેંકી દીધા. એ ધૂંધવાઈ ઊઠી.

'હજુ કેમ ખાવું એય તમને આવડતું નથી !'

એણે કશો જવાબ નહીં આપ્યો. અંધાપાથી એ કાંઈ ટેવાઈ ગયો નહોતો ને જાતે ખાવું એને માટે આફતરૂપ હતું. એની પત્ની એનાથી ખૂબ દૂર સરી ગઈ હોય એવું એને લાગતું હતું. આ કારણે એનું એકલવાયાપણું એને અસહ્ય થઈ પડ્યું હતું. જેમજેમ એ વધારે ને વધારે લાચાર થતો ગયો, તેમ તેમ પત્ની પોતાની વધુ ને વધુ નિકટ આવે એવી એને ઇચ્છા થતી ગઈ. આથી એ એની પત્નીની ચીઢભરી દૂરતાથી વધુ ને વધુ સભાન થતો ગયો. હવે એમની વચ્ચે અંતર પડી ગયું હતું. એ તંદુરસ્ત હતો ત્યારે આ બધી વસ્તુથી એ કેવો અજાણ હતો ! ત્યારે એ જે ઇચ્છામાં આવે તે કરવા શક્તિમાન હતો. તંદુરસ્તીએ સંવેદનાની ધારાને જાણે બુઠ્ઠી કરી નાખી હતી.

માછલામાંથી બધા કાંટા સાફ કરીને એની પત્નીએ માછલી એની થાળીમાં મૂકી.

ચાર વરસના બાળકને ખવડાવવા જેવું આ કામ હતું. યંત્રવત્, મોઢા પર કશો જ ભાવ કે આનંદ પ્રકટ કર્યા વગર, એ ખાતો ગયો. માત્ર એનાં જડબાં એકસરખાં હાલ્યા કરતાં હતાં. એણે બધી જ મચ્છી ખલાસ કરી. છતાં ચીપિયાથી થાળીમાં એણે ફંફોસ્યા કર્યું. થાળીમાંના ધોળા રંગના ટપકાને એ ચીપિયાથી પકડવા મથતો હતો. ધોળા રંગનો એને સહેજ ભાસ થતો. બાકી કશું દેખાતું નહીં.

એની પત્ની એના ચીપિયા મૂકીને એના પ્રયત્નને જોઈ રહી. એની આંખ આંસુથી ભરાઈ આવી.

'એ તો થાળીમાંની રંગની ભાત છે.'

'મચ્છી ખલાસ ?'

'તમે બધી ખાઈ ગયા. ખાઈ ગયા ને ?'

એણે કશો જવાબ ન આપ્યો.વાડકામાં રહેલો ભાત એ ગળે ઉતારી ગયો. ને ચીપિયા થાળીમાં ફેંકી દીધા. એ રોષથી ધૂંધવાઈ ઊઠ્યો.

દરરોજ એનો હાથ ઝાલીને શેરીમાં લાવી, ગાડીમાં બેસાડી એ એને દાક્તરને ત્યાં લઈ જતી. દાકતર પણ દિવસે દિવસે વિશ્વાસ ખોતા ગયા.

'શસ્ત્રક્રિયા લેટલીક વાર સફળ નીવડે છે. પણ એ કરી જોઈએ તોય આશરે શું થશે, તે કહી શકાય નહીં, એટલે....'

એની પત્નીને પોતે સાવ એકલી પડી ગઈ હોય એવું લાગવા માંડ્યું. જેની હૂંફ પામીને એ પોતાનું દુઃખ હળવું કરી શકે એવું કોઈ એને દેખાયું નહીં.

દરરોજ દાક્તરને ત્યાં જવા તેયાર થતી, ત્યારે મુખપ્રસાધન કરવું કે નહીં તેનો એ વિચાર કરતી, એનો પતિ તો દેખી શકતો નહોતો, ને છતાં શણગાર સજવા એ જરા મૂર્ખાઈભર્યું હતું, આમ છતાં એ પ્રસાધન કરતી. કોને ખાતર ? બીજા લોકોને માટે ? એમ કરવું તે ખોટું હતું તે એ બરાબર જાણતી હતી, ને છતાં એના પતિની દયાજનક લાચારી જોઈને એ ગુસ્સે થઈ જતી હતી.

એ પતિની પાસે બેસતી, એના ઘૂંટણ પતિના ઘૂંટણને અડતા, ને પોતાનો જમણો હાથ એનાથી ત્રણેક ફૂટ જેટલે છેટે રાખીને એ પૂછતી : 'તમને દેખાય છે ?'

'કાંઈક છે એટલું તો કહી શકું છું.'

'આ કેટલી આંગળી છે ?' એણે ત્રણ આંગળી ઊંચી કરી. એ કશું બોલ્યો નહીં. 'કાલના કરતાં આજે હાલત વધુ ખરાબ છે !' એ ધૂંધવાતી મનમાં બબડી.

'મને ખબર પડતી નથી.'

'હવે પ્રયત્ન કરી જુઓ,' એના અવાજમાં કઠોરતા હતી. એણે એનો હાથ નજીક આણ્યો. છતાં એ કશું જોઈ શક્યો નહીં.

'બે આંગળી છે ?'

તે દિવસે છેક નાકની નજીક આંગળી ધરી નહીં ત્યાં સુધી એ સાચો જવાબ આપી

શક્યો નહીં, એને હાર કબૂલવી પડી. પત્નીનાં રોષ અને સખતાઈની સામે એ ટકી શક્યો નહીં. એ થાકીને ઢળી પડ્યો.

'જરા મારી પથારી કરી આપ તો.'

'કેમ ઊંઘ આવે છે ?'

'જાગતા બેસી રહીનેય શું ?'

એનાં ચરબીથી સ્ફીત ગાલ અને ચિબુકને એ જોઈ રહી. એની દાઢી પણ ખાસ્સી વધી ગઈ હતી. એણે પાણી ગરમ કર્યું. એની પાછળ જઈને ઊભી રહી ને એના ખૂંપરા જેવા બરછટ વાળને મહામુશ્કેલીએ સાફ કર્યા,

'જરાક અહીં આવ તો' એણે એની પત્નીને બોલાવી. એ આવીને સામે ઊભી રહી. એ એના પગને હાથ વડે પંપાળવા લાગ્યો.

'કેમ શું કરવું છે ?'

એ હસી પડ્યો ને બોલ્યો : 'તું ચાલતી હતી તે હું સાંભળતો હતો, એનો અવાજ બહુ જુદો લાગે છે. આખી જુદા જુદા અવાજની હારમાળા, ખરું જ કહું છું. મને થયું કે નક્કી તારા પગનું તળિયું સપાટ હોવું જોઈએ, ને છે પણ એવું જ.' એની આંખ જવા માંડી પછીથી પહેલી વાર એની પત્નીના પગના તળિયાના આકાર તરફ એનું ધ્યાન ગયું હતું.

એણે પોતાની સામે હારબંધ ચલાણાં ગોઠવ્યાં ને પછી કામઠીની સળીથી ટકોર કરીને વગાડ્યાં. 'જો વ્યવસ્થિત રીતે ગોઠવીને વગાડવામાં આવે તો પિયાનો જ વાગતો હોય એવું લાગે.' એ બોલ્યો.

એના જેવી સ્થિતિમાં આવી પડેલા માણસને પણ તંદુરસ્ત માણસના જેવી જ ઇચ્છાવાસના હોય એ જરા વિચિત્ર લાગતું. રતિક્રીડામાં એની પત્ની એનું શરીર જ્યારે એને સોંપી દેતી, ત્યારે કોઈક બીજા જ માણસ સાથે પોતે રતિક્રીડા કરી રહી છે એવા ખ્યાલને પોતાના મનમાંથી એ કેમે કરી દૂર કરી શકતી નહીં. ત્યારે એના પતિના વર્તનમાં એને એક પ્રકારનો વિષાદ અને મરણિયા આવેશનો અનુભવ થતો. એને એનું પોતાનું અસ્તત્વ પણ અન્ધકારના સાગરમાં તરી રહેલા કોઈ સ્વપ્ન જેવું લાગતું. પણ એમાં એને હતાશ થવાને કશું જ કારણ નહોતું, એનું એને સહસા ભાન થતું. ભગવાન કરે ને પોતે પણ જો આંધળી થઈ જાય તો એને માટે પણ એક નવી જિન્દગી - શાન્તિભર્યા વિશ્વમાં અર્કરૂપે સારવેલાં ને સંશુદ્ધ કરેલાં નવાં સંવેદનોભરી જિંદગી શરૂ થઈ જાય. એ દુનિયામાં નહીં હોય રંગ કે નહી હોય રેખા, એમાં હોય માત્ર સ્પર્શ, સ્વાદ અને ધ્વનિ. એણે પોતાની આંખ બંધ કરીને જોવા માંડ્યું, ને એણે કોઈ પણ રાતે આ પહેલાં દીઠેલું નહીં એવું એક માયાવી ને રહસ્યભર્યું વિશ્વ આછું આછું એની આગળ આકાર ધારણ કરવા લાગ્યું.

એક સવારે એના પતિએ એને વ્હાલથી સોડમાં લેતાં કહ્યું : 'હવે મને જરાય દેખાતું નથી.'

એ ઘડીભર તો લાકડા જેવી થઈ ને એના પતિના મુખ સામે જોઈ રહી.

'હવે અજવાળા - અંધારામાં કશો જ ફરક રહ્યો નથી.'

'તમે જરા આંખો ખોલો તો.'

એની બન્ને આંખો ધૂંધળી ને ધોળી હતી. આંધળા માલિસ કરનારની આંખના જેવી એ લાગતી હતી. એ ભયથી ફફડી ઊઠી; આ પહેલાં કદી એના પતિએ એને આવી ભયભીત કરી મૂકી નહોતી.

એને ગાઢ આલિંગનમાં જકડી લઈને એ સંપૂર્ણ સ્વસ્થતાથી બોલ્યો : 'ચાલો, કાંઈ વાંધો નહીં. હવે આપણે આ અંગે જે તે નક્કી કરી નાંખવું જોઈએ. આંધળો માણસ કરી શકે, એવા કશાક ધંધાનો આપણે વિચાર કરીએ. આપણી સ્થિતિ કાંઇ ખાસ ખરાબ નથી. હજુ તો આપણા નસીબમાં ખૂબખૂબ સુખ માણવાનું લખ્યું છે.'

એની પત્નીએ એના ખભા ઓથે પોતાનું માથું લપાવી દીધું. ને એની આંખમાંથી નીરવપણે હળવેથી આંસુઓ સરી ગયાં. પણ એને મરવાનો વિચાર ન આવ્યો. આ અંધાપો એણે કલ્પ્યું હતું તેટલું મોટું અનિષ્ટ હોય એમ એને લાગ્યું નહીં; ને આ બન્યું તે પહેલાં એ જેમ કરતી તેમ એના બન્ને હાથની માળા ગૂંથીને એણે એના પતિના કંઠમાં આરોપી દીધી.

અનુ. સુરેશ જોષી

શિકારી બંદૂક

ઇનોઉએ યાસુશી

'શિકારી સમાજ' નામના જાપાનની શિકારીઓની મંડળીના મુખપત્રમાં મેં તાજેતરમાં જ 'શિકારી બંદૂક' નામની કવિતા આપી હતી. આથી મને શિકારમાં દિલચસ્પી છે એવી કદાચ લોકોના પર છાપ પડશે. પણ સાચી વાત એ છે કે મારી માને હત્યા નામે જુગુપ્સાજનક લાગતી હતી, ને એણે જ મને ઉછેર્યો હતો. ખાલી ફટાકડી બંદૂકને સુધ્ધાં હું આજ સુધી અડ્યો નથી. વાત એમ બનેલી કે હાઇસ્કૂલમાં મારી સાથે ભણનાર મારો એક દોસ્ત આ 'શિકારી સમાજ'નો તંત્રી હતો ને એણે મને એકાદ કવિતા મોકલવાનું લખ્યું હતું. આનું કારણ કદાચ એ હશે કે આ વયે પણ હું દુર્બોધ ગણાતી કવિતાઓ પ્રકટ કરનારાં સામયિકમાં કવિતા છપાવ્યે રાખતો હતો. એને તો માત્ર તુક્કો જ આવ્યો હશે ને મિત્ર તરીકે કંઈક મારું છાપવું એવા શિષ્ટાચારને વશ થઈને જ કદાચ એણે મારી પાસે લખાણ માગ્યું હશે. એ નિમિત્તે લાંબે ગાળે અમારો સંબંધ તાજો થાય એવી પણ કદાચ એની ઇચ્છા હશે. આમ તો મેં આવી કશી માગણીને નકારી જ કાઢી હોત કારણ કે એવા કોઈક સામયિકમાં શિકાર જેવા વિષય પર લખવાનો મને તો રજમાત્ર ઉત્સાહ નથી. પણ શિકારી બંદૂક અને શિકારીનું એકલવાયાપણું - આ વિષય પર એકાદ કવિતા લખવાનો ઘણા વખતથી મેં મનમાં નિર્ધાર કરી રાખ્યો હતો. આ એને માટેનો યોગ્ય મોકો છે એવું મને લાગ્યું.

રાતે ઠંડી પડવી શરૂ થઈ ચૂકી હતી. નવેમ્બર મહિનાની એવી એક રાતે હું ઢાળિયા આગળ લખવા બેઠો. મધરાત સુધી બેસીને મેં આ વિષય પર કંઈ ગદ્યકાવ્ય જેવું ચીતરી નાંખ્યું ને બીજે દિવસે સવારે 'શિકારી સમાજ'ના તંત્રીને રવાના પણ કરી દીધું.

મારી કવિતા આ વાર્તા જોડે કંઈક આછોપાતળો સંબંધ ધરાવે છે એટલે અહીં ટાંકું છું :

'ખલાસીઓ પીએ છે તેવી મોટી હૂકલી મોઢામાં રાખીને એક માણસ શિયાળાની શરૂઆતના દિવસોમાં આમાગી પર્વત પર ઝાંખરાંમાં થઈને વાંકોચૂંકો ચાલ્યે જતો હતો.

એની આગળ આગળ એક શિકારી કૂતરો ચાલતો હતો; એના જોડા નીચે બરફની સળીઓ કચડાવાનો અવાજ આવતો હતો. બે જોટાળી ચર્ચિલ (બંદૂક)ને ખભે મૂકીને ને પચ્ચીસ કારતૂસથી ભરેલો કમરપટો બાંધીને જનારો આ માણસ કેવાક મિજાજનો હતો ? આવાં ચળકતાં શસ્ત્ર વડે જીવની હત્યા કરનારો આ આદમી કેવોક હતો ? એની પીઠ બતાવીને મારી આગળથી પસાર થઈ જતા એ ઊંચા આદમીને માટે હું કશુંક અકથ્ય આકર્ષણ અનુભવતો હતો. ત્યાર પછી એની છબિ અલપઝલપ મારા મનશ્ચક્ષુ આગળ દેખાઈ છે - કોઈ મોટા શહેરના રેલવે સ્ટેશને, મોડી રાત્રિના ઘોંઘાટભર્યાં સ્થળોમાં. એવે સમયે ને પ્રસંગે મને એ શિકારીની અદાથી ચાલવાનું મન થાય છે. ધીમે, સ્વસ્થતાથી, નિર્લિપ્તતાથી. શિયાળાની શરૂઆતના આમાગી પર્વતના પ્રદેશની પડછે મૂકીને એ શિકારીને હું કલ્પી શકતો નથી. એને બદલે મારી કલ્પના એને કોઈક નદીના ધોળા રેતાળ પટ પર જુએ છે. એની ચકચકતી બંદૂક અસાધારણ લોહિયાળ સુન્દરતાથી લખલખી રહી છે - એનું આ રૂપ એને કોઈ પ્રાણી સામે તાકવામાં આવી હોય છે ત્યારે દેખાતું નથી. પ્રૌઢ વયના એ એકલવાયા આદમીને ખભે એ બંદૂક ભારે વજનથી ચંપાયેલી છે."

'શિકારી સમાજ'ના પાનાં ફેરવતાં જ મારા કાવ્યનો 'શિકાર' - 'ખેલદિલી' 'તન્દુરસ્ત રુચિ' જેવા, જુદા જુદા લેખોમાં વેરાયેલા શબ્દો જોડેનો વિરોધ મારા મનમાં પ્રકટ થઈ ઊઠ્યો. કવિતા છપાઈ ચૂક્યા પછી જ એની બીજાં લખાણ સાથેની અસંગતિનું મને ભાન થયું એ મારી બાઘાઈ જ કહેવાય. મારી કવિ તરીકેની સંવેદનાએ જે રીતે ગ્રહ્યું તેવું શિકારી બંદૂકનું ચિત્ર જ મેં એમાં નિરૂપ્યું હતું - એ જ સિદ્ધ કરવાનો મારો આશય હતો ને એ બદલ મારે કોઈની આગળ નામોશી અનુભવવાનું કશું કારણ પણ નથી. એ બીજા કોઈક સામયિકમાં પ્રસિદ્ધ થઈ હોત તો આવો કશો પ્રશ્ન જ ઉદ્ભવ્યો ન હોત. પણ જાપાનના શિકારીઓની મંડળીનું આ મુખપત્ર શિકારને એક નિરુપદ્રવી ને તન્દુરસ્ત મનોવિનોદ તરીકે વર્ણવતું હતું. આથી મારી લાગણી દુભાતી હતી. મારુ કાવ્ય મળ્યા પછી મારા મિત્રને જે મૂંઝવણભરી પરિસ્થિતિમાં મુકાવું પડ્યું હશે તેનો મને બરાબર ખ્યાલ આવી ગયો. એણે એ છાપતાં પહેલાં થોડા વખત સુધી દ્વિધા અનુભવી હશે.

એના ઔદાર્યનો ખ્યાલ આવતાં મને સંતાપ થયો. મને થયું કે એમની મંડળીના એકાદ બે સભ્યોના વિરોધ દર્શાવતા પત્રો જરૂર આવવાના. પણ મારી એ ભીતિ સાવ પાયા વગરની પુરવાર થઈ. એક પત્તું સરખું આવ્યું નહિ. આખા દેશના શિકારીઓએ, ગમે તે કારણે, મારી એ કવિતાની નરી ઉપેક્ષા કરી હતી. એ કદાચ કોઈએ વાંચી જ નહિ હોય એમ પણ બને. બેએક મહિના પછી - એ આખી ઘટના ત્યારે તો હું વિસરી ચૂકેલો - મિસુગી જોસુકે નામના કોઈ સાવ અજાણ્યા ગૃહસ્થ તરફથી મને એક સીલબંધ પરબીડિયું મળ્યું.

તા'ઈ શાનનાં પુરાણાં સ્મારકો પરનાં રેખાંકનો શિયાળાનો ઠંડો પવન વાઈ ચૂક્યા પછીની સૂર્યની શ્વેત આભા જેવાં છે એવું કોઈક ઈતિહાસવિદે કહ્યું છે તે મને યાદ આવ્યું. એ રેખાંકનો તો હવે સાવ નિશ્ચિહ્ન થઈ ગયાં છે, તેમ છતાં જાપાની કાગળના બનાવેલા

મોટા ધોળા પરબીડિયા પરના મિસુગીના હસ્તાક્ષર જોતાં એ રેખાંકનો સાથે એને ગજબનું સાદૃશ્ય હોવું જોઈએ એવું મને લાગ્યું. પરબીડિયાની આખી આગલી બાજુ લગભગ રોકી લેતા એ હસ્તાક્ષર ખૂબ જ સુંદર હતા. તેમ છતાં, એ પ્રત્યેક અક્ષરમાંથી કશુંક શૂન્ય મારા તરફ ધસી આવતું હોય એવું મને લાગ્યું. કદાચ એનાં આ લક્ષણને કારણે મને ઇતિહાસવિદનું પેલું વિધાન યાદ આવ્યું હશે. સરનામું પીંછીના એક જ લસરકાથી લખી નાંખ્યું હોય એવું લાગતું હતું. છતાં એના અક્ષરોમાં કંઈક વિલક્ષણ પ્રકારનું ઠાલાપણું ને ઉદાસીનતા વરતાતાં હતાં. પણ આ ઉદાસીનતા જાણી કરીને કૅળવેલી ઉદાસીનતા નહોતી. બીજી રીતે કહું તો લેખનની એ મુક્ત શૈલીમાં મને આધુનિક માનવીના ચિત્તની અહંકેન્દ્રીયતાનો અનુભવ થયો. પૃથક્જનના હસ્તાક્ષરમાં હોય છે તેવી ગ્રામ્યતા, અલબત્ત, એમાં દેખાતી નહોતી.

મારી સાદી ટપાલની પેટીમાં જ્યારે એ પત્રને પડેલો જોયો ત્યારે એના પરના સુંદર અક્ષરોનો એની સાથે મેળ ખાધો નહિ. પરબીડિયું ખોલીને જોયું તો એમાંથી છ ફૂટ લાંબું ટીપણું નીકળ્યું. એની દરેક પંક્તિમાં છ મોટા અક્ષરો હતા, બધા જ છૂટે હાથે લખાયેલા હતા.

પત્રની શરૂઆતમાં લખ્યું હતું :'શિકાર ખેલવાનો મને શોખ છે. 'શિકારી સમાજ'માં તાજેતરમાં જ મેં તમારી 'શિકારી બંદૂક' કવિતા વાંચી. હું કોઈ લેખક બેખક નથી ને કવિતા વિશે મને કશી ગતાગમ નથી. જો પ્રામાણિક બનીને કહું તો મારી જિંદગીમાં આ પહેલી જ વાર સાંભળ્યું એનો પણ મારે અહીં એકરાર કરી લેવો જોઈએ. પણ હું તમારી કવિતાથી ખૂબ પ્રભાવિત થયો છું.'

પત્ર વાંચતાં વાંચતાં મને લગભગ ભુલાઈ જવા આવેલી મારી કવિતા યાદ આવવા માંડી. કોઈક પ્રખ્યાત શિકારીએ વિરોધમાં લખેલો પત્ર હશે એવા ખ્યાલથી હું ઘડીભર તો વિક્ષુબ્ધ થઈ ગયો હતો. પણ હું જેમ જેમ પત્ર આગળ વાંચતો ગયો તેમ તેમ મને સમજાતું ગયું કે મેં ધાર્યું હતું તેનાથી આ પત્ર સાવ જુદો જ હતો.

ભારે વિનય અને વિશ્વસ્તતાથી મિસુગી જોસુકેએ લખ્યું હતું : 'તમારી કવિતાના નાયકને સ્થાને હું મારી જાતને કલ્પું તો કશી ભૂલ થાય છે ખરી ? નવેંબરની શરૂઆતમાં આમાગી પર્વતના ઢાળ પર આવેલા એક ગામડામાં હું શિકાર ખેલતો હતો ત્યારે તમે મને જોયો હશે. મને મારા કાળા ધોળા શિકારી કૂતરાનું ઘણું અભિમાન હતું મેં એને બતક ને હંસના શિકાર માટે ખાસ કેળવ્યો હતો. મારી ચર્ચિલ બંદૂક હું લંડનમાં હતો ત્યારે મારા શિક્ષકે મને ભેટ આપી હતી. એનો પણ મને ઘણો ગર્વ હતો. તમે જેનું વર્ણન કર્યું છે તે હૂકલી પણ મને ખૂબ ગમતી. મારી બહુ સંસ્કારી નહિ ગણાય એવી મનોદશાને તમે તમારા કાવ્યનો વિષય બનાવી ખરેખર મને ઘણું માન આપ્યું છે એમ હું માનું છું. મને તો એ બદલ શરમ જ આવે છે, ને છતાં એક કવિની અસાધારણ તીક્ષ્ણ દૃષ્ટિએ એને આબાદ પકડી પાડી છે તે બદલ તમારે માટે મને આદરની લાગણી થાય છે."

સેડરનાં વૃક્ષોની વીથિકામાં થઈને જતા જે શિકારીને આશરે પાંચેક મહિના પહેલાંની એક સવારે મેં જોયેલો, એની છબિ ફરીથી હું મનમાં તાદૃશ બનાવીને જોવા મથવા લાગ્યો. ત્યારે હું ઇઝુમાં આમાગી પર્વતની તળેટીમાં ઊનાં પાણીના ઝરાઓ પાસે એક હોટલમાં રહેતો હતો. એ મને પીઠ કરીને જતો હતો તે વેળાના એના એકલવાયાપણા સિવાય બીજું કશું હું તાજું કરી શક્યો નહિ. એ ઊંચો હતો ને પ્રૌઢ વયનો લાગતો હતો.

સાચી વાત એ છે કે મેં કાંઈ એનું બહુ ધ્યાન આપીને નિરીક્ષણ કર્યું નહોતું. ખભે બંદૂક ભેરવીને, મોઢામાં હૂકલી ખોસીને એને ચાલ્યો જતો જોયો ત્યારે એની મુખમુદ્રા વિચારગ્રસ્ત હોય એવી લાગી હતી. શિયાળાની એ ઠંડી સવારે એ સુઘડ ને સ્વચ્છ લાગતો હતો. આ જ કારણે એ મારી આગળથી પસાર થઈ ગયા પછી પાછું વાળીને મેં એના તરફ જોયું હતું. હું જે ગલીમાં હતો ત્યાંથી એ એક કેડી તરફ વળી ગયો. ને ઝાંખરામાં થઈને ઉપર ચઢવા લાગ્યો. હું થોડી વાર સુધી એને જતો જોઈ રહ્યો ને એ ધીમે ધીમે સીધાં ચઢાણવાળી કેડીએ આગળ વધતો ગયો. એને લપસી પડવાનો ભય લાગતો હોય એવું દેખાતું હતું; ને કોણ જાણે શા કારણે એ સાવ એકાકી હોય એવી મારા પર છાપ પડી હતી. આથી મેં મારી કવિતામાં એનું વર્ણન કર્યું હતું. એનો કૂતરો સારી જાતનો હતો એ તો હું જોઈ શક્યો હતો; પણ શિકારની મને કશી ગતાગમ નથી, એટલે એ કયા પ્રકારની બંદૂક લઈ જતો હતો તે વિશે હું શું કહી શકું ? હું કવિતા લખવા બેઠો ત્યારે બંદૂક વિશે ભાળ કાઢતાં જાણવા મળ્યું કે રિચાર્ડ ને ચર્ચિલ સારામાં સારી બંદૂકો કહેવાય છે. મારા પાત્રને સારી બ્રિટિશ બંદૂક આપવાની મેં છૂટ લીધી. મિસુગી પાસે ખરેખર ચર્ચિલ જ નીકળી એ તો નર્યો અકસ્માત જ હતો. મિસુગી જોસુકે મારે મન તો સાવ અજાણ્યો જ રહ્યો.

એણે આગળ લખ્યું હતું : 'મારી પાસે ત્રણ પત્રો છે એનો નિર્દેશ અહીં કરું છું. આ તમને કંઈક વિચિત્ર જ લાગશે. મારે એ પત્રો બાળી જ નાંખવા હતા. તમારી કવિતા વાંચ્યા પછી મને થયું કે આ પત્રો તમને વંચાવું તો કેવું ? તમને તકલીફ આપું છું તે બદલ દરગુજર કરશો. પણ તમને નિરાંત હોય ત્યારે આ સાથે જુદા પરબીડિયામાં બીડેલા ત્રણ પત્રો પર નજર નાંખી જશો ? તમે જેને 'નદીનો ધોળો રેતાળ પટ' કહ્યો છે તે શું તે તમે જાણો એવી મારી ઇચ્છા છે. માણસ ખરેખર ગજબનું મૂરખ પ્રાણી છે. પોતાને વિશે બીજું કોઈક જાણે એવી એને સદા ઇચ્છા રહ્યા કરતી હોય છે. તમે મારામાં વિશિષ્ટ પ્રકારનો રસ લીધો છે એ જાણ્યું તે પહેલાં મેં આવી કશી ઇચ્છા સેવી નહોતી. પછી તમે મારે વિશે બધું જાણો એવી મને ઇચ્છા થઈ આવી. આ પત્રો મને મળ્યા એવામાં જ તમે મને ઈઝુમાં જોયો હતો. મને કેટલાંય વર્ષોથી આમ તો શિકારનો શોખ છે. મારા અંગત ને જાહેર જીવનનો એ સૌથી શાન્તિભર્યો તબક્કો હતો. એની પડછે આજનું મારું એકાકી જીવન નર્યું સામે છેડેનું લાગે છે. તમે મને જોયો એ અરસામાં બંદૂક મારા જીવનનું સર્વસ્વ બની ચૂકી હતી.'

બે દિવસ પછી મને એક પરબીડિયું મળ્યું. એના પર એના મોકલનારનું નામ હતું : મિસુગી જોસુકે. એની સાથે લખ્યું હતું : 'ઇઝુની એક હોટલમાં.' એમાં ત્રણ પત્રો હતા. એ બધા જ પત્રો મિસુગીને સંબોધીને લખાયેલા હતા ને એ દરેક જુદી જુદી સ્ત્રીઓએ લખેલો હતો. એ પત્રોની મારા પર શી છાપ પડી તે મારે કહેવું નથી. એને બદલે એ ત્રણ પત્રો જ હું અહીં ઉતારીશ. મિસુકી સમાજમાં સારો મોભ્ભો ધરાવનાર એ વ્યક્તિ હોય એવું લાગે છે. આથી મેં એનું નામ શોધવા ઘણી ડિરેક્ટરીઓમાં જોયું. પણ એનું નામ મને ક્યાંય દેખાયું નહીં. એણે કદાચ તખલ્લુસનો ઉપયોગ કર્યો હોય એમ બને. આ પત્રો અહીં રજૂ કરતાં જ્યાં ખરું નામ કાઢી નાખવામાં આવ્યું છે ત્યાં હું મિસુગી જોસુકેનું નામ મૂકીશ. એ સિવાયના બીજાં પાત્રોનાં નામો કલ્પિત છે.

શોકોનો પત્ર

વ્હાલા જોસુકે કાકા,

માને મરી ગયાને ત્રણ મહિના થઈ ચૂક્યા છે. ગઈ કાલથી ખરખરો કરવા આવનારા બંધ પડ્યા છે ને ઘરમાં એકાએક ફરી પાછો સૂનકાર છવાઈ ગયો છે. મા હવે આ ઘરમાં નથી એનું ભાન થતાં હૃદય છેદાઈ જાય છે. તમે ખૂબ થાકી ગયા હશો, નહિ ? અંત્યેષ્ટિ સંસ્કારનો વિધિ પતાવવાનો ભાર તમે જ ઉપાડ્યો, સગાંવહાલાંને ખબર પણ તમે જ પહોંચાડ્યા ને મહેમાનોને માટેની ખાવાપીવાની વ્યવસ્થાનો ભાર પણ તમે જ ઉપાડ્યો. માનું મરણ જે રીતે થયું તેને કારણે તમારે પોલીસ ચોકી પર મારે બદલે આંટાફેરા કરવા પડ્યા ને તમે ખરેખર, તમારાથી બનતું બધું જ કરી ચૂક્યા. આ પછી તરત જ તમે તમારા વ્યવસાય અંગે તોક્યો ચાલ્યા ગયા. તમે વધુ પડતો શ્રમ વહોરી નહિ લીધા હોય તો સારું.

તમે ઘડેલા કાર્યક્રમ મુજબ અત્યારે તમે ચીની વાસણ પરની ભાતના જેવા ચળકતા છતાં વધારે પડતી ચમક વગરના ઈઝુના સુંદર વનપ્રદેશને જોઈ રહ્યા હશો. તમે ઇઝુમાં હો તે દરમિયાન મારો આ પત્ર વાંચો એ ઇચ્છાથી હું આ લખવા બેઠી છું. આ પત્ર વાંચીને તમે સાવ હળવા મને તમારી હૂકલી હાથમાં રાખીને મન ફાવે ત્યાં ફરવા નીકળી પડો એવું હું ઘણું ઇચ્છું છું, પણ એમ કરવાનું મારાથી બની શકતું નથી. અત્યાર સુધીમાં મેં કેટલાંય પાનાં લખીને ફાડી નાંખ્યાં છે ને આગળ લખવાનું મને અશક્યવત્ લાગે છે. મેં પત્ર લખવો શરૂ કર્યો ત્યારે આવું થશે એવું નહિ ધારેલું. મારા મનમાં જે કાંઈ હતું તે તમને પૂરી સ્વસ્થતાથી કહી દેવાનું મને મન હતું ને તમે એને સમભાવપૂર્વક સમજો એવી મારી ઇચ્છા હતી. વાતને કઈ રીતે ગોઠવવી તે વિશે અત્યાર સુધીમાં મેં કેટલાય પ્રયત્નો કર્યા છે ને મનમાં ને મનમાં કેટલુંય લખીને ભૂંસી ચૂકી છું આખરે મેં લખવાને કલમ ઉપાડી છે, ને ત્યારે એકાએક એ બધું મારા પર તોળાઈ રહીને મને વિવશ કરી મૂકે છે. ના, કદાચ એમ કહેવું તે સાચું નથી. સાચી વાત એ છે કે વિષાદ ચારે બાજુથી

મારા પર ધસી આવે છે ઝંઝાવાતભર્યા દિવસે આશિયામાં ઊછળતાં ધોળાં મોજાંની જેમ. તમે છતાં મારે લખવું તો છે જ.

તો તમને એ કહેવાની ધૃષ્ટતા કરું ? મને બધી ખબર છે - મા અને તમારી વચ્ચેના સંબંધની. માના મરણના આગલે દિવસે જ મેં બધું જાણ્યું. મેં માની ડાયરી વાંચી હતી.

આ શબ્દો તમને સીધા કહેવા એ કેટલું કપરું છે ! ગમે તેટલું મથું તોય એક વાક્ય સુધ્ધાં ઉચ્ચારવાનું તો મારાથી બની જ નહિ શકે. આ તો લખું છું એટલે જ એ કહી શકું છું. મને ભય લાગે છે એવું નથી. મારું મન વિષાદથી ભારે છે એટલું જ. એ વિષાદથી મારું ગળું રૂંધાઈ જાય છે. મને તમારે કારણે, માને કારણે કે મારે કારણે વિષાદ થતો નથી. બધું જ - આ ભૂરું આકાશ, શરદનો આ સૂર્ય, શોકમાં પહેરવામાં આવતાં કાળાં રેશમી વસ્ત્ર જેવી વૃક્ષની છાલ, પવનમાં હાલતાં વાંસનાં પાંદડાં, પાણી, પથ્થર, ધરતી - હા, જે કાંઈનું અસ્તિત્વ છે તે બધું જ હું બોલવાને હોઠ ખોલું છું કે તરત વિષાદભરી મુદ્રાએ મારી સામે મીટ માંડી રહે છે. માની ડાયરી વાંચ્યા પછીથી મારી આજુબાજુની પ્રકૃતિ વાદળથી ઢંકાયેલા સૂર્યની જેમ દિવસમાં બે વાર, ત્રણ વાર, પાંચ વાર, છ વાર વિષાદથી ઝાંખી બની જાય છે. તમારે ને માને વિશે મનમાં એકાએક વિચાર આવતાંની સાથે જ મારી આજુબાજુની આખી દુનિયા સાવ બદલાઈ જાય છે. બીજા સામાન્ય રંગોની જેમ વિષાદનો પણ એક રંગ છે, એ તમે કદી જોયો છે ખરો ?

તમારા ને માના સંબંધને જાણ્યા પછી મને સમજાયું કે દુનિયામાં એવો પણ પ્રેમ હોય છે જેને કોઈના આશિષ મળતા નથી, જેને કોઈના આશિષની ખેવના પણ હોતી નથી. તમારી વચ્ચેના સંબંધને કેવળ તમે બે જ જાણતાં હતાં. મિદોરીકાકીને આ વિશે કશી ખબર નહોતી, હુંય કશું જાણતી નહોતી; બીજાં કોઈ સગાંવહાલાંને પણ કશી ખબર નહોતી. તમારા મરણ પછી આવો પ્રેમ સમ્ભવી શકે એ વાત કદાચ કોઈ માનશે પણ નહિ. અત્યાર સુધી હું એમ માનતી હતી કે પ્રેમ તો કશુંક સૂર્યના જેવું ઉજ્જ્વળ, ઉલ્લાસમય હશે. એને મનુષ્યોના ને ઈશ્વરના આશિષ મળતા હશે. એમાં હું દૃઢપણે માનતી હતી કે પ્રેમ નીતર્યાં જળનાં ઝરણાં જેવો જ હશે. એનાં નીતર્યાં જળ સૂર્યમાં ચળક્યા કરે, પવનની લહરી એમાં તરંગો જગાડે, કાંઠાના તૃણાંકુર, વૃક્ષો ને પુષ્પો એને મુગ્ધ બનીને જોયા કરે; એ જેમ આગળ દોડતું જાય તેમ અદ્‌ભુત સંગીત રેલાવતું જાય. જમીનના પેટાળમાંથી વહેતા ઝરાનો પ્રેમ હું શી રીતે કલ્પી શકું ? એને નહીં સૂર્યનો સ્પર્શ; ને એ જળ ક્યાંથી આવે છે ને ક્યાં જાય છે તે પણ કોઈ જાણી શકે નહિ !

માએ મને તેર વરસ સુધી છેતરી; ને મને છેતરતી જ એ મરણ પામી. મા મારાથી કશું છૂપું રાખતી હશે એનો તો મને સ્વપ્નેય ખ્યાલ આવ્યો નથી. મા મને ઘણી વાર કહેતી કે આ દુનિયામાં એ અને હું - માતા અને દીકરી સાવ એકલાં અટૂલાં છીએ. મારા પિતાથી એને શા કારણે છૂટા પડવાનું થયું એની વાત નીકળતી ત્યારે એ હંમેશાં મને કહેતી કે એ બધું પરણવા લાયક થયા પહેલાં મને સમજાય એવું નથી. આથી મને વહેલા

વહેલા મોટા થઈ જવાનું મન થતું -માનું એ રહસ્ય જાણવાના કુતૂહલને કારણે નહિ, પણ માને એ રહસ્ય સાચવી રાખવાનું કેવું તો કપરું થઈ પડતું હશે એ ખ્યાલે. મા ઘણું સહન કરી રહી હતી એવું મને લાગતું હતું. આ ઉપરાંત વળી એક રહસ્ય મારાથી છુપાવીને સાચવી રાખવાની વધારાની વેદના એ અનુભવતી હતી !

હું નાની હતી ત્યારે મા મને એક વરુની વાર્તા કહેતી. એ વરુએ એક સસલાને છેતર્યું હતું ને એના આ દુષ્કૃત્ય બદલ એને પથ્થર બનાવી દેવામાં આવ્યું. માએ મને, મિદોરીકાકીને ને આખી દુનિયાને છેતર્યાં હતાં. આવું એ શી રીતે કરી શકી ? કઈ ભયંકર વસ્તુએ એના પર ભૂરકી નાંખી હતી ? હા, મને યાદ આવે છે : એણે એની ડાયરીમાં 'અનિષ્ટ' એવો શબ્દ વાપર્યો છે. 'મિસુગી અને હું - અમે બન્ને અનિષ્ટો છીએ. અમે સો ટકા અનિષ્ટ બની જઈએ એવું હું ઇચ્છું છું.' એના પર કોઈકે ભૂરકી નાખી હતી એમ એણે કેમ નહિ લખ્યું ? પેલા સસલાને છેતરનાર વરુના કરતાં મારી મા મને વધારે કમનસીબ લાગે છે ! પણ મારી વહાલી મા અને મારા સૌથી વહાલા કાકા જોસુકે અનિષ્ટ બનવાનું - દુનિયામાં સૌથી કનિષ્ટમાં કનિષ્ટ બનવાનું પસંદ કરે એ કેવું ! એ પ્રેમ તે કેવો દુઃખકારી જે માનવીને અનિષ્ટ બનવાની ફરજ પાડે ! મને યાદ આવે છે : એક સપરમા દિવસે કોઈકે મને કાચનું ગોળાકાર પેપરવેઇટ ભેટ આપેલું. એની અંદર કૃત્રિમ રાતાં ફૂલની પાંદડીઓ ગોઠવેલી હતી. ત્યારે તો હું સાવ નાની હતી. મેં એ હાથમાં લીધું ને હું ધ્રૂસકે ને ધ્રૂસકે રોઈ પડી. આ જોઈને બધાં જ મુંઝાઈ ગયાં હશે ! એ ઠંડા કાચની અંદર ફૂલની પાંખડી કેવી તો થીજી ગઈ હતી ! વસન્ત આવે કે શરદ એ પાંખડીઓને તો બિચારીને એની એ દશામાં જ રહેવાનું ! એ પાંખડીઓનો જાણે કોઈએ બલિ આપ્યો હતો. એ પાંખડીઓની વાત યાદ આવતાં મારું મન એકાએક ઉદાસ થઈ જતું. એ જ વિષાદ મારા મન પર ફરી આક્રમણ કરી રહ્યો છે. તમારો ને માનો પ્રેમ-એ વિષાદભરી પાંખડીઓ જેવો !

મારા વહાલા કાકા જોસુકે,

મેં માની ડાયરી વાંચી તેથી તમે મારા પર રોષે ભરાયા હશો. માનું અવસાન થયું તેને આગલે દિવસે મને, કોણ જાણે શાથી, એમ લાગ્યું કે હવે એ બચવાની નથી. મને જાણે એની આગાહી થઈ ચૂકી હતી. આમ તો કશાં ચિન્તાજનક ચિહ્નો દેખાતાં નહોતાં. એને માત્ર થોડો તાવ રહેતો હતો. એને ભૂખ પણ ઠીક લાગતી. એના ગાલની ફિકાશ ચાલી ગઈ હતી ને હમેશનાં કરતાં એ વધારે ગુલાબી લાગતા હતા. તેમ છતાં મારું મન ગમગીન બની ગયું હતું. એને હું પાછળથી જોતી-ખાસ કરીને ખભાથી હાથ તરફ ઢળતી રેખા લગભગ જુગુપ્સાજનક લાગતી હતી. એ મરણ પામી તેની આગલી સાંજે મિદોરીકાકી ખબર કાઢવા આવ્યાં હતાં તે કહેવા હું માના ઓરડામાં ગઈ હતી. બારણું ખોલતાં જ હું દિગ્મુઢ થઈ ગઈ. મારી તરફ પીઠ કરીને એ પથારીમાં બેઠી હતી. એણે ભૂખરા જાંબુડી

રંગનો કિમોનો પહેર્યો હતો; એમાં બહુ ભડક રંગનું બુટ્ટાનું ભરત હતું. આ કિમોનો એ પેટીમાંથી ભાગ્યે જ બહાર કાઢતી. હવે એ એને ઝાઝો શોભતો નહોતો એમ એને લાગતું હતું. આથી એ મને આપી દેવાની એને ઇચ્છા હતી.

"શું છે ?" હું કેમ ચોંકી ગઈ તે એને નહીં સમજાવાથી એણે પૂછ્યું.

"પણ તું..."

મારાથી આગળ કશું બોલી શકાયું નહીં. હું શા માટે ચોંકી ઊઠી તે મને જ નહોતું સમજાતું. મારા ગળામાં ડૂમો ભરાઈ આવ્યો. એ મને પોતાને જ હાસ્યાસ્પદ લાગ્યું. પોતાની જુવાનીના સમયનો કિમોનો કાઢીને એ પહેરે એમાં નવાઈ પામવા જેવું શું હતું ? ને આમેય તે મારી માને કિમોનો પહેરવાનો શોખ તો હતો જ. એ માંદી પડી પછી તો ઘણાં વરસ સુધી નહિ પહેરેલા કિમોનો એ દરરોજ પહેરતી. એ કદાચ એમ કરીને પોતાનું મન બીજી તરફ વાળવા ઇચ્છતી હતી. પણ હું શા માટે તાજુબ થઈ તે મને પાછળથી સમજાયું. મા ત્યારે એટલી તો સુન્દર લાગતી હતી કે હું તો એને જોઈને સ્તબ્ધ જ બની ગઈ. આમ કહેવામાં હું જરાય અતિશયોક્તિ કરતી નથી. આમ છતાં એ ત્યારે એવી તો એકાકી લાગતી હતી ! એને આવી એકાકી તો મેં ક્યારેય જોઈ નથી. મિદોરીકાકી ઓરડામાં પ્રવેશતાં જ બોલી ઊઠ્યાં :'ઓહ, સુન્દર !' ને પછી મન્ત્રમુગ્ધ બનીને અવાક્ થઈ જઈ થોડી વાર સુધી એમ ને એમ બેસી જ રહ્યાં. યુકીની હાથશાળમાં વણાયેલો એ કિમોનો પહેરીને બેઠેલી મારી માની એ છબિ એ આખોય દિવસ મારા મનમાંથી ખસી નહિ. એ કેટલી સુન્દર ને છતાં કેવી એકલવાયી લાગતી હતી ! એની છબિ મારી છાતી પર કોઈ ઠંડી શિલાની જેમ આખો દિવસ ચંપાઈ રહી.

સાંજે પવન અટકી ગયો હતો. મેં અમારી નોકરડી સાદાયોને વાડીમાં ખરી પડેલાં પાંદડાં વાળી નાંખવામાં મદદ કરી ને અમે બંનેએ પાંદડાં બાળી નાંખ્યાં. મેં વધારે પડતી કિંમત આપીને લીધેલું થોડું પરાળ પણ કાઢ્યું - મા આગળ એની તાપણી કરવા મેં એ ખરીદ્યું હતું. મા આ બધું બારીમાંથી જોઈ રહી હતી. એ વરંડામાં બહાર આવી. એના હાથમાં વ્યવસ્થિત રીતે બાંધેલી એક પોટકી હતી.

'આને પણ બાળી નાંખ.'

મેં જ્યારે પૂછ્યું કે એ શું છે ત્યારે એના સ્વભાવમાં નહીં એવી કરડાકીથી એણે મને ધમકાવી કાઢીને કહ્યું : 'એની સાથે તારે શી નિસ્બત ?' પછી સ્વસ્થ થઈને ધીમે અવાજે કહ્યું : 'મારી ડાયરી. મહેરબાની કરીને એને બાળી નાંખ.'

પછી એ પાછી વળી ને એના ઓરડામાં ચાલી ગઈ. એ જાણે પવનને કારણે હાલતી હોય તેમ ધ્રૂજતી હતી.

પરાળની રાખ બનાવવામાં અર્ધો કલાક નીકળી ગયો. છેલ્લી પૂળીનો જાંબુડિયો ધુમાડો નીકળવા માંડ્યો ત્યારે મેં મારા મન સાથે નિશ્ચય કરી લીધો. હું મેડા પરની મારી ઓરડીમાં ગઈ ને અભરાઈની પાછળ માની ડાયરી સંતાડી દીધી. તે રાતે ફરી પવન ફૂંકાવો શરૂ

થયો. પ્રેત જેવો લાગતો ફિક્કો ચન્દ્ર વાડીમાં પ્રકાશતો હતો. મેડા પરની બારીમાંથી જોતાં દૂર ઉત્તરના કોઈ નિર્જન સમુદ્રકાંઠા જેવું એ દૃશ્ય લાગતું હતું. ને પવનનો સૂસવાટો ઊછળતાં મોજાંની ગર્જના જેવો હતો. મા અને સાદાયો સૂઈ ગયાં હતાં. માત્ર હું એકલી જાગતી હતી. મેં બારણું વાસીને એની આડે મોટાં મોટાં એન્સાઇક્લોપીડિયાનાં થોથાં ગોઠવી દીધાં, બારીના પડદા નીચા ઢાળી દીધા (મને ચાંદનીની સુધ્ધાં બીક લાગતી હતી.) પછી મેં દીવો સરખો ગોઠવ્યો ને માની ડાયરી ઉઘાડી...

વ્હાલા કાકા જોસુકે,

જો હું ડાયરી વાંચવાની તક જતી કરીશ તો મારા પિતા ને મા વચ્ચેના સંબંધ વિશે કશું જાણી નહિ શકું. આ પહેલાં મારા પિતા વિશે કશું જાણવાની મને ઇચ્છા નહોતી થઈ. મને એમ હતું કે હું પરણીશ ત્યારે તો મા મને કહેવાની જ છે ને ! કાદોતા રેઈ શિરો એ નામ મેં હૃદયમાં એક ખૂણે સંઘરી રાખ્યું હતું. પણ માને મેં એ કિમોનોમાં જોયા પછી મારી લાગણી બદલાઈ ગઈ. કોણ જાણે શાથી, એ હવે સારી થવાની નથી એવી દુઃખદ પ્રતીતિ મને થઈ ચૂકી હતી.

અકાશીમાંનાં મારાં દાદીમા ને બીજાં સગાંવહાલાંઓ પાસેથી (કોણ જાણે ક્યારે, તે તો મને યાદ પણ રહ્યું નથી !) મેં સાંભળ્યું હતું કે મારી માને મારા પિતાથી છૂટા થવું પડ્યું હતું. જ્યારે મારા પિતા ક્યોતો વિદ્યાપીઠના બાળરોગના વિભાગમાં એમની ડોક્ટરેટની ઉપાધિ માટે મહાનિબંધ તૈયાર કરી રહ્યા હતા ત્યારે હું અમારે ઘરે મારી મા, દાદા દાદી અને એક નોકરડી સાથે રહેતી હતી. ત્યારે હું પાંચેક વરસની હોઈશ. એક દિવસની વાત છે. એપ્રિલ મહિનો ચાલતો હતો. તે દિવસે ખૂબ પવન નીકળ્યો હતો. એક સ્ત્રી એનાં નાના બાળક સાથે માને મળવા આવી હતી. એને બેઠકના ઓરડામાં લાવ્યા પછી એણે બાળકને હેઠે ઉતાર્યું, કમરબંધ ઢીલો કર્યો, નાના કરંડિયામાંથી અંદર પહેરવાનો કિમોનો કાઢ્યો ને કપડાં બદલવા લાગી. મા ચા લાવી ત્યારે એણે આ ચોંકાવનારું દૃશ્ય જોયું. એ સ્ત્રીની સાન ઠેકાણે હોય એવું લાગ્યું નહિ. પાછળથી ખબર પડી કે નીચે સુવડાવેલું ખોડખાંપણવાળું બાળક મારા પિતાથી થયેલું હતું.

થોડા વખત પછી એ બાળક મરી પરવાર્યું. એ સ્ત્રીનું મગજ થોડા વખત પૂરતું જ અસ્થિર થઈ ગયું. એ તરત જ સાજી થઈ ગઈ. પછીથી મારા જાણવામાં આવ્યું કે એ સ્ત્રી ઓકાયામાના કોઈક વેપારી જોડે પરણીને સુખે દિવસ વિતાવતી હતી. આ ઘટના બન્યા પછી થોડા જ દિવસ બાદ મા મારી સાથે અકાશી છોડી ગઈ. એ કુટુમ્બમાં મારા પિતાને દત્તક લેવામાં આવ્યા હતા. મારા પિતાએ છૂટાછેડા લેવા એવું નક્કી કરવામાં આવ્યું.

હું જ્યારે કન્યાશાળામાં દાખલ થઈ ત્યારે મારા આકાશીવાળાં દાદીમાએ મને કહ્યું હતું : 'તારી મા ભારે જિદ્દી છે. આખરે જેષ થયું તે ન થયું થવાનું હતું ?'

મારી માના વરણાગિયા સ્વભાવને કારણે પિતાને માફ કરવાનું મુશ્કેલી ભર્યું લાગ્યું હશે.

મારી મા અને પિતા વિશે બસ આટલું જ હું જાણું છું. હું આઠેક વરસની થઈ ત્યારે મારા પિતા જીવતા નથી એમ હું માનતી હતી, અથવા કદાચ એવું મને મનાવવામાં આવ્યું હતું. પણ આજેય મારા હૃદયમાં તો પિતા મરી જ ચૂકેલા છે, મારા સાચા પિતાની છબિને હું મારા મનશ્ચક્ષુ સામે ખડી કરી શકતી નથી. એ અહીંથી એક જ કલાકમાં પહોંચી શકાય એટલે દૂર, હ્યોગોમાં મોટી ઇસ્પિતાલ ચલાવે છે. એ ફરી પરણ્યા નથી. એ હજી જીવે છે; પણ મારા પિતા તો ક્યારના મરી ચૂક્યા છે.

મેં માની ડાયરી ખોલી. મારી આંખે પ્રથમ ચઢ્યો તે શબ્દ હતો 'પાપ'. એ શબ્દ એ ડાયરીમાં હશે એવું મેં ધાર્યું નહોતું. 'પાપ' 'પાપ' 'પાપ' - કેટલીય વાર એ શબ્દ એમાં આંખને અથડાતો હતો. મારી માએ એ શબ્દ લખ્યો હશે એવું હું માની પણ શકતી નહોતી. 'પાપ'ની નીચે લખ્યું હતું :'પ્રભુ મને માફ કરો. મિદોરી મને માફ કર.' આ શબ્દના ભારથી કચડાઈને એ જાણે કણસતી હતી. આ શબ્દો જ જાણે કોઈ માણસખાઉ રાક્ષસની જેમ દાંતિયાં કરીને મારા પર ત્રાટકી પડવાને પેંતરો ભરતા હતા. એ સિવાય એ પાના પર બીજું કશું મને દેખાતું જ નહોતું.

મેં ડાયરી બંધ કરી દીધી. કેવી ભયંકર હતી એ ઘડી ! નિસ્તબ્ધતામાં મને મારા હૃદયના ધબકારા સંભળાતા હતા. હું ઊઠીને બારીબારણાં બરાબર વાસેલાં હતાં કે નહિ તેની ફરીથી ખાતરી કરી આવી. ફરી ઢાળિયા પાસે આવીને મેં બીતાંબીતાં ડાયરી ઉઘાડી. પછી હું એ પહેલેથી તે છેલ્લે સુધી વાંચી ગઈ. મેં એમાંનું કશું જ ન છોડ્યું. રાક્ષસની જેમ બધું જ ઓહિયાં કરી ગઈ. એમાં પિતા વિશે તો જરા સરખોય ઉલ્લેખ નહોતો. એમાં સાવ નિખાલસતાથી ને કશો ઢાંકપિછોડો કર્યા વિના તમારી સાથેના સંબંધ વિશે માએ લખ્યું હતું. તમારી સાથે એને કશો સંબંધ હશે એનો તો મને સ્વપ્નેય ખ્યાલ નહોતો. મારી મા ઘડીકમાં ભગવાનને કરગરતી તો ઘડીકમાં સાવ હતાશ થઈ જતી ને કદીક તો આત્મહત્યા કરવાનો પણ વિચાર કરતી. મિદોરીકાકીને આ સંબંધ વિશે ખબર પડી જાય તે દિવસે આત્મહત્યા કરવી એવું એણે મન સાથે નક્કી કરી નાંખ્યું હતું. મિદોરીકાકી સાથે મારી મા હંમેશાં હસીખુશીથી કેવી વાતો કરતી ! ને છતાં, એનાથી જ એ સૌથી વિશેષ બીતી હતી !

માની ડાયરી પરથી જણાય છે કે તેર વર્ષો એણે મરણના સહચારમાં ગાળ્યાં હતાં. કેટલીક વાર એણે એકસાથે ચારપાંચ દિવસ નિયમિત ડાયરી લખી છે તો કેટલીક વાર બે ત્રણ વરસ સુધી ડાયરી હાથમાં સુધ્ધાં લીધી નથી. પણ એ ડાયરીના દરેક પાને મરણ એની સામે તાકી રહ્યું હતું.

"મારે મરવાનું જ છે. મરણ જ બધી સમસ્યાનો ઉકેલ લાવશે." શાથી એને આવું લખવું પડ્યું હશે ? "હવે તને શેની ભીતિ ? તેં તો મરણને ભેટવાનો નિશ્ચય કરી લીધો

છે ને, આયાકો ?" મારી મા કેમ આવો ચિત્કાર કરી ઊઠી હશે ? શું પ્રેમને કારણે ? જેને કારણે મુખ પર અવનવી કાન્તિ તરવરી રહે ને આપણે સુન્દર બની ઊઠીએ એમ કહેવાય છે તે પ્રેમ માટે ? યાદ છે, તમે મને એક ચોપડી ભેટ આપેલી તે ? એમાં એક અભિમાનભરી નગ્ન સ્ત્રીનું ચિત્ર હતું. એ ઝરણા પાસે ઊભી હતી, એના છૂટા વાળના ગૂંછળાં એના ખભા પર છવાઈ ગયાં હતાં, એ બે હાથથી એનાં સ્તનને આધાર આપતી હતી ને એને બે ખીલવા આવેલી કળીઓની જેમ ઊંચે ધરી રહી હતી. એ પુસ્તકમાંની સ્ત્રીથી તમારો ને મા વચ્ચેનો પ્રેમ કેવો તો ભિન્ન છે !

માની ડાયરી વાંચી ત્યાર પછીથી મિદોરીકાકી જેવું ભયંકર માણસ બીજું દુનિયામાં નહિ હોય એવું એકસરખું મને લાગ્યા કરે છે. માની યાતના મારી યાતના બની ગઈ છે. એ મિદોરીકાકી મારા ગાલને ચૂમી લેતાં - એમના ભીના હોઠોથી ! હું પ્રાથમિક શાળામાં દાખલ થઈ ત્યારે મોટાં મોટાં ગુલાબનાં ફૂલના ભરતવાળી ચોપડી લઈ જવાની થેલી એમણે જ મને ભેટ આપેલી. ઉનાળાની રજા ગાળવા હું ગ્રીષ્મશિબિરમાં ગઈ ત્યારે એમણે જ મને ટિટોડીના આકારની રબરની હોડી આપેલી. બીજી ચોપડીમાં હું હતી ત્યારે ગ્રીમભાઈઓની લખેલી પરીકથાઓમાંથી એક વાર્તા મેં એવી તો સરસ રીતે કહી સંભળાવેલી કે બધાંએ મને તાળીઓથી વધાવી લીધેલી. મિદોરીકાકી જ દરરોજ સાંજે મારી પાસે આ બધું કહેડાવતાં ને મારા ખંત બદલ મને ઇનામો આપતાં. મિદોરીકાકી મારી માનાં દૂરનાં બહેન થતાં હતાં ને એમની વચ્ચે નિકટનો સંબંધ હતો. હવે તો એઓ માત્ર નૃત્ય જ કરે છે, પણ પહેલાં તો તરવામાં, બરફ પરથી સરવામાં ને ગોલ્ફ રમવામાં પણ કુશળ હતાં. મારા મોઢાથી પણ મોટા પૂડાઓ એઓ કરતાં. એક વાર તાકારાઝુકાની નાચનારીઓને અમારે આંગણે નાચવા બોલાવીને એમણે મને અને મારી માને સાવ ચોંકાવી દીધાં હતાં. તો પછી એઓ અમારા જીવનમાં ગુલાબની જેમ ખુશબો પ્રસરાવતાં કેમ આવ્યાં હતાં ?

તમારી ને માની વચ્ચે કશો સંબંધ હશે એની એંધાણી મને એક જ વાર મળેલી. આશરે એકાદ વરસ પહેલાંની જ આ વાત છે. હું મારી બહેનપણી સાથે નિશાળે જતી હતી. શુકાગુવા સ્ટેશને પહોંચી ત્યાં મને યાદ આવ્યું કે હું મારી અંગ્રેજી ચોપડી તો ભૂલી ગઈ છું. મેં મારી બહેનપણીને સ્ટેશને ઊભા રહેવાનું કહ્યું ને હું ઘર ભણી દોડી. ઘરે પહોંચ્યા પછી, કોણ જાણે શાથી, બારણું ખોલતાં મારો જીવ નહિ ચાલ્યો. અમારી નોકરડી કશાક કામે બહાર ગઈ હતી અને ઘરે માત્ર મા જ એકલી હતી. એ એકલી જ ઘરે હતી તેથી મને મૂંઝવણ થતી હતી. મને બીક લાગતી હતી. હું બારણા પાસે ઊભી રહી ગઈ ને અંદર જવું કે નહિ તેના વિચારમાં પડી ગઈ. હું બગીચામાંનાં ફૂલને જોવા લાગી. આખરે મેં ઘરમાં જવાનો વિચાર માંડી વાળ્યો ને હું સ્ટેશને પાછી ફરી. એ વખતે મારા મનની સ્થિતિ એવી તો વિચિત્ર હતી કે હું જ એને સમજી શકતી નહોતી. હું ઘરેથી નિશાળે જવા નીકળું તે સાથે જ માના ખાસ સમયની શરૂઆત થતી હતી એવું મને લાગ્યા કરતું

હતું. બારણું ઉઘાડીને હું ત્યારે અંદર ગઈ હોત તો માને એ ગમ્યું ન હોત. અકથ્ય એકલતાની લાગણી અનુભવતી ને અશિયા નદી પરથી ચાલી જતા રસ્તા પરના કાંકરાને ઠેબે ચઢાવતી હું સ્ટેશને પહોંચી. પછી મારી બહેનપણી જે કહેતી હતી તેને શૂન્યમનસ્ક બનીને સાંભળતી વેઈટિંગરૂની પાટલીને અઢેલીને હું ઊભી રહી ગઈ. પહેલી ને છેલ્લી વાર મને આવો અનુભવ થયો. અત્યારે તો મને એ અસહ્ય ભીતિભર્યો લાગે છે. માણસમાં કેવી ઘૃણાજનક વૃત્તિઓ હોય છે ! મિદોરીકાકીને પણ આવી એંધાણી કદી ન મળી હોય એવું હું શી રીતે કહી શકું ? એ જ્યારે ગંજીફો રમતાં હોય છે ત્યારે સામા માણસ પાસે કેવાં પત્તાં હશે તે તરત કળી જઈ શકે છે, ને પોતાની આ શક્તિનું એમને ભારે અભિમાન છે. આનો ખ્યાલ કરું છું ત્યારે હું ભયથી થરથરી ઊઠું છું. કદાચ આવી ચિન્તા કરવી એ નરી મૂર્ખામી છે, કારણ કે હવે તો બધું પતી ચૂક્યું છે ને જે ગુપ્ત હતું તે ઉઘાડું પડ્યું નથી. એ ઉઘાડું નહિ પડે એટલા ખાતર જ મારી માએ મરણને સ્વીકાર્યું. હું ચોક્કસ એમ જ માનું છું.

એ વિષાદભર્યા દિવસે, માને ભયંકર દર્દ ઊપડ્યું (અલબત્ત, એ ઝાઝી વાર ટક્યું નહોતું) તેની થોડી વાર પહેલાં જ માએ મને બોલાવી હતી ને લગભગ ભાવહીન બનીને મને કહ્યું હતું : 'મેં હમણાં જ ઝેર પી લીધું છે. હું થાકી ગઈ છું, વાજ આવી ગઈ છું આ જિંદગીથી.'

એના અવાજમાં અપાર્થિવ સંગીતનો રણકાર હતો, એમાં આશ્ચર્ય પમાડે એવી સ્પષ્ટતા હતી; કેમ જાણે એ મારી દ્વારા ઈશ્વરને નહિ સંબોધતી હોય ! 'પાપ !' હજી હું એ શબ્દને સાંભળું છું, એ શબ્દની જાણે થાળી પર થાળી ખડકાઈ છે ઈફેલ ટાવર જેટલી ઊંચી, ને જાણે એ એકાએક કડડભૂસ તૂટી પડે છે; એથી મારા કાનના પડદા તૂટી જાય છે. તેર વરસ સુધી જામેલા પાપના થરને મારી માએ પોતે આધાર આપીને ટકાવી રાખ્યા હતા ને હવે એનાથી કચડાઈને એ સાવ ધોવાઈ જવાની અણી પર હતી. એ વખતે હું રોષથી વિહ્વળ બની ગઈ હતી. પાનખરમાં પર્વતની તળેટીના ભાગમાંથી એકાએક ભૂખર વાય ને શરીરને ચટકા ભરે તેવું મારી માને દૂરની દિશામાં શૂન્યમનસ્ક બનીને તાકી રહેલી જોતાં મને તે દિવસે લાગ્યું હતું. માના વિષાદભર્યા મુખ તરફ જોઈને જ્યારે મેં પ્રશ્નાર્થસૂચક 'ઓહ ?' એટલો ઉદ્ગાર માત્ર કાઢ્યો હતો - કેમ જાણે મારે એ વાત સાથે કશી નિસ્બત જ નહિ હોય ! પછી કોઈએ પાણીમાં ઝબકોળીને બહાર કાઢ્યું હોય તેમ મારું હૃદય સાવ થીજી ગયું. પછી સ્વસ્થ ચિત્તે (એટલા બધા સ્વસ્થ ચિત્તે કે હું પણ મારાથી તાજુબ થઈ ગઈ !) હું પરસાળમાં થઈને (બાજુના ઓરડામાંથી નહિ !) પાણી ઉપર ચાલતી હોઉં તેમ ચાલી ગઈ. બરાબર એ જ ક્ષણે મેં માની ચીસ સાંભળી, કેમ જાણે એ બીજી જ ક્ષણે પાણીમાં ડૂબી મરવાની નહિ હોય ! પરસાળને છેડે મૂકેલા ટેલિફોન પાસે જઈને મેં તમને બોલાવ્યા. પણ તમારે પોતાના હાથમાં દબાવીને મરી ગઈ - જે એની સૌથી નિકટ હતી અને જેની એને સૌથી વિશેષ બીતિ હતી તેનો હાથ હાથમાં લઈને

એણે છેલ્લો શ્વાસ લીધો. ને એ હાથોએ જ મારી માના હવે વિષાદ અને ચિન્તાથી મુક્ત બનેલા મુખ પર ધોળી ચાદર ઢાંકી દીધી.

મારા વ્હાલા કાકા જોસુકે,

પહેલી રાતનું જાગરણ તો શાન્તિપૂર્વક કર્યું - માન્યામાં ન આવે એવી શાન્તિથી. દિવસ દરમિયાન આવેલા મુલાકાતીઓ - પોલીસનાં માણસ, દાક્તરો ને પાડોશીઓ - બધા જ ચાલ્યા ગયા હતા. માત્ર આપણે - તમે, મિદોરીકાકી અને હું - મૃતદેહ પાસે બેસી રહ્યાં હતાં. કોઈ એક શબ્દ બોલતું નહોતું. દૂરના કોઈ દરિયાકાંઠે અથડાતાં મોજાંના અવાજને જાણે આપણે સાંભળી રહ્યા હતા. ધૂપસળીઓ જ્યારે બળી રહી ત્યારે આપણે ઊઠીને નવી ધૂપસળી પ્રકટાવી ને ચોકખી હવા આવે એટલા માટે આપણામાંથી કોઈએ ઊભા થઈને બારી ખોલી. તમે સૌથી ઉદાસ લાગતા હતા. જ્યારે તમે નવી ધૂપસળી પ્રકટાવવા ઊઠ્યા ત્યારે તમે મીટ માંડીને માની છબિને જોઈ રહ્યા. તમારા વિષાદભર્યા મુખ પર આછું સ્મિત ફરક્યું, એટલું આછું કે ભાગ્યે જ કોઈ એને જોઈ શકે. એ રીતે કેટલીય વાર મને થયું કે મા દુ:ખી તો નહિ જ થઈ હોય.

નવેક થયા હશે. હું બારી પાસે બેઠી હતી, ને એકાએક ડૂસકે ને ડૂસકે રડી પડી. તમે ઊભા થયા ને આસ્તેથી તમારો હાથ મારા ખભા પર મૂક્યો ને મારી પાસે થોડા વખત સુધી ઊભા રહ્યા. પછી કશું બોલ્યા વિના તમે તમારી ખુરશી પર જઈને બેસી ગયા. મારી માને માટે દુ:ખ થઈ આવવાથી હું રડતી નહોતી. માએ એની છેલ્લી ઘડીએ મને તમારે વિશે કેમ એક શબ્દ સરખો નહિ કહ્યો ને છેલ્લી ઘડીએ મેં ફોન કર્યો ત્યારે તમે નહિ ને મિદોરીકાકી જ કેમ મારી પડખે આવીને ઊભાં રહ્યાં તેનો હું વિચાર કરતી હતી. મારું હૃદય ઉઝરડાઈ ગયું હતું. મરણની છેલ્લી ઘડી સુધી તમારા ને માના પ્રેમને ગુપ્ત રાખવાનો હતો ! પેલા કાચના પેપરવેઇટમાં જડી દીધેલી ફૂલની પાંખડીનાં જેવું એ કરુણાજનક લાગતું હતું. આથી મેં ઊભા થઈને બારી ખોલી નાખી ને બહાર ઠંડીભર્યા તારાખચિત આકાશ તરફ તાકતી ઊભી રહી. બહાર પ્રકટ થઈ જવા મથતા વિષાદને ત્યારે હું માંડ સહેવા મથી રહી હતી. પણ ત્યાં મને એકાએક થયું કે માનો પ્રેમ એ તારાખચિત આકાશમાં થઈને સ્વર્ગમાં આરોહણ કરતો હતો; અને અજાણ્યા તારાઓમાં થઈને દોડ્યે જતો હતો. 'મા' નામની વ્યક્તિને માટેનો વિષાદ આ સ્વર્ગમાં આરોહણ કરતા પ્રેમને માટેના વિષાદ આગળ કેવો તુચ્છ લાગતો હતો !

મધરાતે જ્યારે આપણે ખાવા બેઠાં ત્યારે હું ફરીથી રડી પડી. મિદોરીકાકીએ ધીમેથી કહ્યું : 'બહેન, તારે તો છાતી કઠણ કરવી જોઈએ. હું કશું કરી શકતી નથી એ ખ્યાલે મારું હૃદય ફાટી પડે છે.'

આંસુ લૂછીને મોઢું ઊંચું કરીને જોયું તો મિદોરીકાકી મારી સામે મીટ માંડી રહ્યાં હતાં. એમની આંખોમાં પણ આંસુ હતાં. મેં માથું ધુણાવ્યું. કદાચ એમનું ધ્યાન નહોતું. સાચી

વાત એ છે કે મને એમને માટે એકાએક લાગણી થઈ આવી. મેં એમને ચાર થાળી માંડતાં જોયાં - તમારી, એમની, મારી ને માની. ને મને લાગ્યું કે આપણા સૌમાં વધુ ખિન્ન હતાં. તેથી હું રડી પડી.

તે રાતે હું ત્રીજી વાર રડી - તમે બંનેએ મને સૂઈ જવાનું કહ્યું ત્યારે. બીજો દિવસ વધારે કસોટી કરે એવો નીકળશે એવી તમે ચેતવણી આપી. થાકીપાકીને હું બાજુના ઓરડામાં સૂઈ ગઈ. પરસેવાથી તરબોળ થઈને હું જાગી ગઈ. મેં જોયું તો મને સૂતાને એક કલાક ભાગ્યે જ થયો હશે. બાજુના ઓરડામાં બધું શાન્ત હતું. માત્ર થોડી થોડી વારે તમે લાઇટર સળગાવતા હતા તેનો ટક ટક અવાજ આવતો હતો. અર્ધા એક કલાક પછી તમારી ને મિદોરીકાકી વચ્ચેનો આ સંવાદ મેં સાંભળ્યો.

'મિદોરી, તું થોડી વાર આડે પડખે થાય તો ? હું બેસીશ.'

'ના, તમે જ આરામ કરો.'

બસ, આટલું જ; ને ફરી પાછી ચુપકીદી છવાઈ ગઈ. મેં ત્રણ હીબકાં ભર્યાં. આ વખતે તમે મારું રડવું સાંભળ્યું નહિ. બધું સૂમસામ ને ભયંકર લાગતું હતું. તમે ત્રણ - મા જે બીજાં બધાં જોડે ભળી ગઈ હતી ને તમે બે એક જ ઓરડામાં હતાં. તમારા દરેકના મનમાં જુદા જુદા વિચારો ચાલતા હતા. મોટેરાંઓની દુનિયા મને અસહ્ય એકલવાયાપણાથી ભરેલી ને ભયંકર લાગી.

મારા વહાલા કાકા જોસુકે,

હું જેમ આવે તેમ ભરડ્યે જાઉં છું. મારાથી બને તેટલી સારી રીતે મેં મારી લાગણીઓને વર્ણવવાનો પ્રયત્ન કર્યો છે જેથી હું જે વિનંતિ તમને કરવાની છું તે તમે સ્વીકારી શકો.

મારી વિનંતી માત્ર આટલી છે : હું તમને કે મિદોરીકાકીને ફરી જોવા ઇચ્છતી નથી. માત્ર ડાયરી વાંચી તે પહેલાં હું જે રીતે બાળકની જેમ વર્તતી હતી તે રીતે હવે વર્તી શકું તેમ નથી. 'પાપ'નો જે ફાંસો માને ભરખી ગયો તેમાંથી હું નાસી છૂટવા ઇચ્છું છું. મારા પિતાને કશું લખવાની મારી હિંમત ચાલતી નથી.

હું ત્સુમારા મામાને આ ઘર વેચી નાખવાનું સોંપી દઉં છું. પછી હું થોડો વખત અકાશી જઈને રહીશ. હું કપડાં સીવવાની નાની શી દુકાન ખોલવાનું વિચારું છું. એના આખરીનામામાં માએ એમ સૂચવ્યું છે કે મારે તમારી સલાહ લેવી. અત્યારે હું જે સ્થિતિમાં છું તેની જો એને ખબર હોત તો એણે મને આવી સલાહ નહીં આપી હોત.

આજે મેં માની ડાયરીને બગીચામાં બાળી નાખી છે. બસ, એની મૂઠીભર રાખ થઈ ગઈ ! હું પાણીની બાલદી શોધવા ગઈ તે દરમિયાન પવનનું એક ઝાપટું એને જીર્ણ પાંદડાંની સાથે ઉડાવી લઈ ગયું.

અલગ પરબીડિયામાં મેં માનો તમારો પરનો પત્ર બીડ્યો છે. તમે તોક્યો જવા નીકળ્યા તે પછીના બીજા દિવસે મને એ માના ઢાળિયામાંથી જડ્યો હતો.

મિદોરીનો પત્ર

શ્રીયુત મિસુગી,

હું તમને સાવ ઔપચારિક લાગે એવું સંબોધન કરું છું, ને પ્રેમપત્ર લખવા બેઠી હોઉં તેમ મારું હૃદય ધડકવા લાગે છે. પ્રેમપત્ર લખવા જેટલી હું જુવાન રહી નથી (જો કે મને માત્ર તેત્રીસ જ થયાં છે). છેલ્લા દાયકામાં હું કેટલાય પ્રેમપત્રો લખી ચૂકી છું - કેટલીક વાર ગુપ્ત રાખીને તો કેટલીક વાર છડેચોક પણ એ પૈકીનો એક્કેય તમને સંબોધીને મેં કેમ નથી લખ્યો ? ન જાને !

થોડા વખત પહેલાં શ્રીમતી તાકાજી (તમે તો એને ઓળખો જ છો, પેલી મોઢા પર લપેડા કરે છે ત્યારે લોંકડી જેવી લાગે છે તે)ઓસાકા અને કોબે વચ્ચે રહેતા અગ્રણી લોકોની વાત કરતી હતી. એ કહેતી હતી કે સ્ત્રીઓને તમારામાં રસ લેવાનું મન થાય એવા માણસ તમે નથી; તમને સ્ત્રીના મનની આંટીઘૂંટીની કશી ગતાગમ નથી, તમે સ્ત્રીઓને ચાહી શકો ખરા, પણ કોઈ સ્ત્રી તમને ચાહે નહિ. અલબત્ત, આ તો સાવ અક્કલ વગરની ટીકા જ કહેવાય. આ કહ્યું ત્યારે એ નશામાં હતી ને તમારે આથી કશું મનમાં આણવાનું નથી. તેમ છતાં એણે જે કહ્યું તે સાવ કાઢી નાખવા જેવું તો નથી જ. એકાન્ત કોને કહેવાય તેની તમને ખબર નથી. એકલવાયા માણસનું એક્કેય લક્ષણ તમારામાં દેખાતું નથી. તમે કેટલીક વાર કંટાળેલા લાગો છો ખરા, પણ એકલવાયા તો કદી દેખાતા નથી. તમારું દૃષ્ટિબિન્દુ બિલકુલ સ્પષ્ટ હોય છે ને તમે કેવળ તમારી નિર્ણયબુદ્ધિ પર આધાર રાખો છો. આથી તમને હચમચાવી મૂકવાનું મને મન થાય છે. ટૂંકમાં સ્ત્રીઓને અસહ્ય થઈ પડે તેવા તમે છો, પુરુષ તરીકે તમે સ્ત્રીમાં કશી લાગણી જગાડી શકતા નથી.તમારા જેવાને ચાહવાનો કરવાથી નર્યો સમય બરબાદ કરવા જેવું જ થાય.

વાત આમ હોવાથી મેં સંખ્યાબંધ લખેલા પ્રેમપત્રો પૈકીનો એક્કેય તમને કેમ નહોતો લખ્યો એ અંગેની મારી લાગણી તમે સમજો એવી આશા રાખવાનો કશો અર્થ જ નથી. તેમ છતાં આ ઘટના મને ભારે વિલક્ષણ લાગે છે. એકાદ બે પત્ર તો તમને લખી જ શકાયા હોત. જો કે એકકેય તમને મેં લખ્યો જ નથી ને તમને સંબોધીને લખું છું એમ માનીને મેં લખ્યા હોત તોય કશો ફેર પડવાનો નહોતો. મારી આટલી વય થઈ છે તેમ છતાં હું શરમાળ જ રહી ગઈ છું, મારામાં જરા બાઘાઈ પણ છે જ. મારા પોતાના પતિને હું સરસ મજાનો પત્ર લખી શકતી નથી, પણ પતિ સિવાયના અનેકને લખી શકું છું. કદાચ મારા ગ્રહ જ ખરાબ હશે ને તમારા પણ ખરાબ જ હશે.

જાણી શકું જો તમને હું લેશ
તો ચૂર્ણ ના થાય શું રે તમારું
આ ભવ્ય ઔદાસ્ય ક્ષણેકમાં જ ?

ગઈ શરદ્‌માં મેં આ પંક્તિઓ, તમારા અભ્યાસખણ્ડમાં તમે જે રીતે બેસો છો તેની છબિને મનમાં રાખીને, લખી હતી. એમાં મેં એક નિરુપદ્રવી પત્નીની વ્યથાને ઠાલવી

હતી. એ પત્ની કોરિયાના પુરાણા માટીકામના નમૂના પર ચિન્તન ચલાવતા એના પતિની અવિક્ષુબ્ધતાને વિક્ષુબ્ધ ન કરવા મથી રહી હતી; અથવા તમારી એ અવિક્ષુબ્ધતાને કેવી રીતે વિક્ષુબ્ધ કરવી તેને જેને જરા ય ગતાગમ નહોતી એવી પત્નીની વેદના એમાં હતી. (તમે કેવા દુર્ભેદ્ય ને સુરક્ષિત દુર્ગ જેવા છો, નહિ ?)

'અક્કલ વગરનું બોલીશ નહિ !' તમે એકદમ તડૂકી ઊઠશો. હું આખી રાત એકલી એકલી ગંજીફો રમવામાં ગાળું છું ત્યારેય ઘણી વાર તમારા અભ્યાસખંડમાં તમે વિક્ષુબ્ધ ન થાઓ એવો ખ્યાલ મારા મનમાં રહેતો હોય છે. મેં એ કવિતા છાનામાના પ્રો. તાગામીના ટેબલ પર મૂકી દીધી હતી. (તમે તાગામીને ઓળખો છો ને ? - ગઈ વસંતમાં જેને એસિસ્ટન્ટ પ્રોફેસેર બનાવ્યા તે જુવાન ફિલસૂફ) છાપામાં ગપસપની કટાર લખનારા કોઈએ આ વાત છાપે ચઢાવી ને તમે સહેજ મુશ્કેલીમાં આવી પડ્યા. એ જુવાન ફિલસૂફની ભવ્ય ગંભીરતા પણ આથી વિક્ષુબ્ધ બની ગઈ. મારે તમને સહેજ ઢંઢોળવા હતા, હચમચાવી મૂકવા હતા એ હું આગળ કહી ગઈ. આ નાની ઘટનાથી તમે સહેજસરખા પણ હાલી ઊઠેલા ખરા ?

તમને તો આ વાંચવામાં કશો રસ પડવાનો નથી એટલે હું મૂળ મુદ્દા પર જ આવું. આપણો પતિપત્ની તરીકેનો દેખાવ પૂરતો સંબંધ બહુ લાંબો ચાલ્યો. હવે તમારે એનો અંત લાવવો નથી ? તમનેય કદાચ આ કપરું લાગતું હશે, નહિ ? તમને જો કશો વાંધો ન હોય ને આપણે બંને આમાંથી મુક્ત થવાનો કાંઈ રસ્તો શોધી કાઢીએ તો ?

આપણા અસ્વાભાવિક સંબંધનો અંત લાવવાનો આ યોગ્ય સમય છે એવું મને લાગે છે; ને હવે તમે નિવૃત્ત પણ થવાના છો. (હકાલી કાઢેલ વેપારીઓની યાદીમાં તમારું નામ જોવાની મેં કદી આશા રાખી નથી !) પણ હું લંબાણ નહિ કરું. તમે તાકારાઝુકા અને યાસેનાં ઘર મારે નામે કરી આપો તો બસ, હું સન્તોષ માનીશ. યાસેનું ઘર માફકસરનું જ છે ને આજુબાજુનું વાતાવરણ પણ મને અનુકૂળ છે. હું ત્યાં રહેવા ચાલી જઈશ. તાકારાઝુખાનું ઘર હું વીસ લાખ યેનમાં વેચી નાખીશ. એટલા પૈસાથી હું જિંદગીભર મારું ગુજરાન ચલાવી શકીશ. હું આ દરમિયાન મારી યોજનાઓ ઘડતી જ રહી છું. મારી ઇચ્છા મુજબ મને કરવા દેવાની આ મારી છેલ્લી વિનંતી છે; પહેલી વાર તમારી મારે માટેની લાગણીઓ પર મદાર બાંધીને આ લખી રહી છું.

તમને આ આકસ્મિક વિનંતી કરું છું, પણ મારે હમણાંનો કોઈ પ્રેમી નથી. મને કોઈ ધૂતી ખાશે એવી દહેશત રાખશો નહિ. જેને સાચા અર્થમાં પ્રેમી કહેવાય એવો કોઈ અત્યાર સુધીમાં મને મળ્યો નથી એમ કહેતાં મને અત્યન્ત ખેદ થાય છે. મારી સાવ સાદી બે શરતો : ઝાઝી રૂવાંટી વિનાની સુઘડ ગ્રીવા – કાપેલા લીંબુની અંદરના ભાગમાં જેવી તાજગી હોય છે તેવી તાજગીવાળી. ને સાથળ આગળનો કાપો કાળિયારનો હોય છે તેવો સ્વચ્છ ને કૌવતવાળો. આ બે શરતો સન્તોષે એવું કોઈ આજ સુધી મને મળ્યું નથી. જેને કારણે હું નવોઢા હતી ત્યારે તમારી પ્રત્યે આકર્ષાઈ તે આજે દશ વર્ષ પછી પણ

મને પ્રબળપણે આકર્ષે છે. આ હું ભારે ખેદપૂર્વક કહું છું. કાળિયારની વાત નીકળી છે ત્યારે મને યાદ આવે છે : ઘણા વખત પહેલાં છાપામાં સિરિયાના રણમાં કાળિયાર સાથે એક નગ્ન છોકરો ઊછરીને મોટો થયેલો તેનો અહેવાલ મેં વાંચ્યો હતો. એનું ચિત્ર મેં જોયું હતું. કેવું સુંદર લાગતું હતું એ ! એના અસ્તવ્યસ્ત ગુચ્છાદાર વાળને એનો પીઠ તરફથી દેખાતો ભાગ કેવો શીતળ લાગતો હતો ! એના લાંબા લાંબા પગો - કલાકમાં પચા માઇલની ઝડપે દોડી જાય એવા - કેટલા મોહક લાગતા હતા ! એ કિશોરની છબિ યાદ કરું છું ત્યારે આજે પણ મારી શિરામાં ઝણઝણાટી થઈ આવે છે. કેવું મેધાવી મુખ ને કેવી વન્ય કાયા !

જે આંખે એ રૂપને જોયું છે તેને બીજા બધા જ પુરુષો ગ્રામ્ય ને કંટાળાભર્યા લાગે. તમારી પત્નીના હૃદયમાં બેવફાઈનો અંદેશ સહેજ સરખો ચમકી ગયો હોય તો એ કિશોરની છબિને માટે આકર્ષણ થયું ત્યારે જ. રણમાં રાતે પડતા ઝાકળથી આર્દ્ર બનેલી એની કાયા ને એના મુખની ગંભીર મુદ્રાને સંભારું છું ત્યારે આજે પણ હું વિહ્વળ બની ઊઠું છું.

બેએક વરસ પહેલાં અદ્યતન ચિત્રકળાની શાળા શીન સેઇસાકુમાંના કળાકાર માત્સુશિરો તરફ મારું હૃદય કંઈક ઉત્સાહથી ઢળ્યું હતું. પણ તમે તો એવી કશી અફવા કાને ધરો એવા નથી.

તમે ત્યારે કંઈક વિલક્ષણ વિષાદભરી કરુણાભરી દૃષ્ટિએ મારી તરફ જોતા હતા. ખરું જોતાં દયા ખાવા જેવું મારામાં કશું નહોતું. તેમ છતાં, તમારી એ આંખોથી હું આકર્ષાઈ હતી. પેલા કાળિયાર સાથે ઊછરેલ કિશોરની આંખો જોડે, અલબત્ત, એને નહિ સરખાવી શકાય : પણ એ અદ્ભુત તો હતી જ. તમે આ પહેલાં એ તમારી અદ્ભુત આંખો, ઘડીભર પણ, મારી સામે કેમ માંડી નહોતી ? શક્તિમાન હોવું એટલું જ માત્ર પૂરતું નથી. કાવ્યનો આસ્વાદ કરનારની એ આંખો નથી. જૂના કુતાની માટીકામના પાત્રના જેવી હું ઠંડી પડી ગઈ ને મને ક્યાંક શાન્તિથી એકલા ઘડીભરને માટે બેસી રહેવાનું મન થઈ આવ્યું. આથી હું માત્સુશિરોના ઠંડાહિમ સ્ટુડિયોમાં ગઈ ને એને માટે 'મોડેલ' તરીકે કામ કરવા લાગી. એની મકાનોને જોવાની દૃષ્ટિ મને ગમે છે. એ ઉત્રિલોનું અનુકરણ કરે છે એ સાચું, પણ સાવ સાધારણ લાગતી ઇમારતને આલેખીને એમાં આપણા યુગના વિષાદને (વધારે પડતું ધ્યાન ખેંચે નહિ એવી રીતે) એ ઉપસાવી આપી શકે છે. આ બાબતમાં જાપાનમાં એનો જોટો જડે એમ નથી. પણ માણસ તરીકે એ જરાય સારો નથી. જો હું તમને સો માર્ક આપું તો એને તો માત્ર પાંસઠ જ આપું. એનામાં શક્તિ છે, પણ તે પતનોન્મુખ હોય એવી લાગે છે. એનો ચહેરો સોહામણો છે, પણ એનામાં ગૌરવ નથી. એ હૂકલી હાથમાં પકડે છે ત્યારે હસવા જેવો લાગે છે - કોઈ બીજી કક્ષાનો કલાકાર જેની કૃતિઓએ એનું બધું જ હીર ચૂસી લીધું હોય તેવો.

ગયા વરસની ગ્રીષ્મની શરૂઆતમાં મિનિસ્ટરનું કપ જીતી જનાર જોકી ત્સુમુરા પર મારું દિલ ચોંટ્યું હતું. ત્યારે તમારી આંખમાં ઠારી નાખે એવો તિરસ્કાર તણખા વેરતો

હતો. આપણે વરંડામાં એકબીજાની સામસામે થઈ જતાં ત્યારે બહારનાં લીલાં પાંદડાંને કારણે તમારી આંખ એવી લાગતી હશે એમ મને થતું. પણ મને તરત જ સમજાઈ ગયું કે મારું એ અનુમાન ખોટું હતું. તમારી સામે તમારી એ દૃષ્ટિના જવાબમાં મેં મારી રીતે જોઈને એનો જવાબ વાળ્યો હોત. પણ ગતિની મોહિનીથી મારી બધી ઈન્દ્રિયો જડવત્ બની ગઈ હતી. તમારી એ ઉબાઈ ઊઠેલી ને પુરાણી લાગતી વાત કહેવાની રીત મારી તો સમજમાં જ આવતી નહોતી. એક સાથે બારબાર ઘોડાઓને પાછળ મૂકી દેતા ત્સુમારાને તમે જોયો હોત તો ! તમે બાયનોક્યુલર્સથી એ અત્યંત ચાહવા ગમે એવા જીવને (એટલે કે ત્સુમારાને, એના એ ઉમદા ઘોડાને નહિ) જોયો હોત તો તમે સુધ્ધાં સ્તબ્ધ બની ગયા હોત.

બાવીસ વરસનો એ છોકરડો - હજી તો કોઈ તોફાની બારકસ જેવો જ લાગતો હતો. હું એને જોઈ રહી હતી એટલા જ ખાતર એણે પોતાનો જ કરેલો વિક્રમ બે બે વાર તોડ્યો. એવા ઉત્કટ અભિનિવેશનો મારો એ પ્રથમ અનુભવ હતો. એને મારી ચાહના મેળવવી હતી. આથી એ જાણે મૂર્તિમંત ગતિ બની રહ્યો ને મનેય સાવ ભૂલી જઈને એની રાતી ઘોડી દોડાવ્યે જ ગયો. એ દિવસોમાં જિન્દગી જીવવા જેવી લાગતી હતી. ઘોડદોડની એ લંબગોળ કેડી પર હું મીટ માંડીને જોઈ રહેતી ત્યારે મારો પ્રેમ કદાચ એને પ્રેમ કહી શકાય) એની એ સ્વચ્છ જળ જેવી વાસનાથી ઉદ્વેલિત થઈ ઊઠતો. એ ત્રણ હીરાઓની ખોટ મને કદી સાલી નથી. યુદ્ધ પૂરું થયું ત્યાં સુધી એ જળવાઈ રહ્યા હતા ને એને એ ભેટમાં મળ્યા હતા. એ ઘોડા પર સવાર હોય ત્યાં સુધી જ ચાહવા જેવો લાગતો. એના પગ જમીનને અડે કે તરત એ કોઈ જંગલી બાળક બની જતો. કોફીનો સ્વાદ કેવો હોય તેની પણ એને ગતાગમ રહેતી નહીં. ઘોડેસવારી કરતી વેળાની એની ઝનૂનભરી અદાને હું જોતી ત્યારે એ મને નવલકથાકાર સીઓ કે એક વખતના જહાલ પક્ષના સભ્ય મિતાનીના કરતાં પણ વધારે ગમતો. આખરે અઢાર વરસની એની પેલી પ્રિયતમા નર્તકીને એ પરણ્યો ત્યારે મારે ભાગે એ બે વચ્ચેનું દૂતીકર્મ કરવાનું આવ્યું. એના હોઠ રોષમાં ફુલાવ્યા હોય તેવા ગોળાકાર હતા ને એને લાડ લડાવવાનું મને ગમતું હતું.

હું મૂળ વિષયથી ઘણે દૂર નીકળી ગઈ. યાસેમાં રહેવા જાઉં તોય નિવૃત્ત જીવન ગાળવા જેવી મારી વય થઈ નથી. હજી તો હું ખાસ્સી યુવાન છું. મારે કોઈ સાધ્વીની જેમ જીવન ગાળવાની પણ ઇચ્છા નથી. તમે તમારે ભઠ્ઠો નાંખીને ચીનાઈ માટીનાં પાત્રો બનાવ્યે રાખજો, પણ હું તો મારે ફૂલો ઉછેરવાની - કયોતો જેવા શહેરમાં ફૂલ વેચીએ તો ખાસ્સા પૈસા મળે એવું મેં સાંભળ્યું છે. નોકરડી અને બે બહેનપણીઓની મદદથી કાર્નેશન તો ઠીક ઠીક ઉગાડી શકાય. થોડા વખત સુધી પુરુષોથી દૂર રહેવાની મને ઇચ્છા છે. હું પુરુષોથી વાજ આવી ગઈ છું. આ હું સાવ સાચું જ કહું છું. એકડે એકથી મારે ફરી શરૂ કરવું છે. સો ટકા સારું સુખ મળે એને માટેની યોજના નવેસરથી ઘડવા બેઠી છું.

હું આમ એકાએક તમારી વદાય લેવાનો નિર્ણય લઉં છું તેથી તમને કદાચ આશ્ચર્ય

થશે. ના, આ નિર્ણય મેં આ પહેલાં કેમ નહિ લીધો તેથી જ કદાચ તો ઘણું આશ્ચર્ય થયું હશે. આપણા સહવાસનાં દશ વરસ તરફ નજર કરું છું ત્યારે મારા હૃદયમાં કાંઈ કેટલી ય લાગણીઓનું ટોળું ઊમટી આવે છે. આપણે આજ સુધી આ સંબંધ શી રીતે નભાવી લીધો એનું જ મને અચરજ થાય છે. મને તો બધા પુશ્ચલી તરીકે જ ઓળખે છે; ને આપણે કદાચ એક વિચિત્ર યુગલ તરીકેની છાપ બધા પર પાડી છે; ને છતાં બને તેટલી સારી રીતે રહીને, કશી અફવાઓ ફેલાવા દીધા વિના, આપણે આજ સુધી સાથે રહ્યાં છીએ; એટલું જ નહિ, આપણે જુગતે જોડાં ગોઠવી પણ આપ્યાં છે. મને લાગે છે કે આનો યશ તમારે મને આપવો જોઈએ. બોલો, ખરું ને ?

વદાયનો પત્ર લખવો એ કેવું કપરું છે ! ઘેલાં કાઢવાનું મને જરાય ગમતું નથી. મારે વધારે પડતા આખાબોલા પણ થવું નથી. બને તેટલા દાક્ષિણ્યથી મારે આ પ્રસ્તાવ રજૂ કરવો છે જેથી આપણામાંથી કોઈને આઘાત નહિ થાય. પણ હું આ લખતી વેળાએ એક વિચિત્ર પ્રકારની અસ્વસ્થતા અનુભવું છું. પણ વદાયનો પત્ર કાંઈ મનોરમ તો બની જ નહીં શકે ને ! ભલે ને મોટો સાહિત્યકાર લખવા બેઠો હોય તો ય શું ? તો પછી આવા પત્રને છાજે એવી સીધીસાદી શૈલીમાં ને ઠંડે કલેજે જ લખું તે જ ઠીક. મારે જે કહેવાનું છે તે તમને રુચવાનું નથી, એટલું જ નહીં, એથી તમે મારી પ્રત્યે વધુ ઉસાસીનતા સેવશો તે પણ હું જાણું છું.

ફેબ્રુઆરી, ૧૯૩૪. સવારના નવેક થયા હશે. અતામી હોટેલના મેડા પરની મારી ઓરડીમાંથી મેં તમને જોયા ત્યારે ભૂખરા રંગનો સૂટ પહેરીને નીચેના દરિયાકાંઠે લટાર મારતા હતા. લગભગ ઝાંખા થઈ જવા આવેલા સ્વપ્નના જેવા હવે તો થઈ ગયેલા એ દિવસે આ પ્રમાણે બન્યું. સ્વસ્થ થઈને હું જે કહું છું તે સાંભળજો. જાંબુડી-ભૂખરા રંગની પડછે ભરેલા બુટ્ટાવાળો કિમોનો પહેરેલી જે સુંદરી તમને તે દિવસે અનુસરી રહી હતી તે યાદ આવે છે ? મારી શંકા આટલી બધી સાચી પડશે એવું તો મેં કદી ધાર્યું નહોતું. ને આશ્ચર્યની વાત તો એ છે કે આમાં કાનામાત્રાનો સુધ્ધાં ફેર નહોતો. મારી શંકા સાચી છે કે નહિ તેની ખાતરી કરવા જ હું રાતની ગાડીમાં તે દિવસે અતામી આવી હતી હું સહેજેય ઊંઘી નહોતી. આ બધું સ્વપ્નવત્ હતું એમ, ચલણી ભાષામાં કહું તો, મેં મારા મનને મનાવવાનો પ્રયત્ન કર્યો હતો. હું વીસ વરસની હતી (આજે શોકો વીસ વરસની થઈ છે). આ એક નવોઢા માટે ભારે જલદ ઘુંટડો હતો. મેં હોટેલના નોકરને બોલાવ્યો, બીલ ચૂકવી દીધું ને જાણે કોઈ મારી પાછળ પડ્યું હોય તેમ હું ગભરાઈને નાસી છૂટી. હોટેલ આગળની ફૂટપાથ પર ઊભી રહી ને હું ઘડી ભર વિચારવા લાગી : સ્ટેશનનો રસ્તો લઉં કે દરિયાકાંઠે તમારો પીછો પકડું ? મને આમ દ્વિધાગ્રસ્ત સ્થિતિમાં ઊભી રહી ગયેલી જોઈને પેલો નોકર મારી સામે તાકી રહ્યો. હું દરિયાકાંઠા તરફ વળી પચાસેક વાર ચાલીને અટકી ગઈ. અર્ધો શિયાળો વીતી ચૂક્યો હતો. સૂર્યના પ્રકાશમાં સમુદ્રનાં જળ જ્યાં ચમકી રહ્યાં હતાં ત્યાં જોતી હું ઊભી રહી ગઈ. ઘેરા ભૂરા રંગની ટ્યૂબમાંથી

કોઈએ રંગ ઢાલવીને ડાઘો પાડ્યો હોય એવો સમુદ્ર લાગતો હતો. પછી હું સ્ટેશનને રસ્તે વળી ગઈ. આજે હું જાણું છું ક તે દિવસે જે શરૂ થયું હતું તે આજ સુધી ચાલુ જ રહ્યું છે. તમે હતાં ત્યાં દરિયાકાંઠે જ જો મેં ચાલ્યે રાખ્યું હોત તો કદાચ આજે હું જુદી જ હોત. પણ સારા માટે કે ખરાબ માટે, હું સ્ટેશન તરફ વળી ગઈ. કદાચ તે દિવસથી મારી જિંદગીએ નવો વળાંક લીધો.

હું દરિયાકાંઠા તરફ કેમ નહીં વળી ? એનું કારણ એટલું જ કે મારાથી છ વર્ષે મોટી ને અત્યંત સુંદર આયાકોને હું પહોંચી વળી શકું એમ મને લાગતું નહોતું. અનુભવ, જ્ઞાન, સામર્થ્ય, સૌન્દર્ય, હૃદયની મૃદુતા, ચાની પ્યાલી ઉઠાવવાની છટા, સાહિત્ય વિશે ચર્ચા કરવાની આવડત, સંગીતને માણવાની શક્તિ, કેશપ્રસાધનનું નૈપુણ્ય - બધાંમાં જ એ મારાથી ચઢિયાતી હતી. મારા જેવી વીસ વરસની નવોઢાની સંકોચનશીલતાને તો ચિત્રની રેખામાં જ વર્ણવી શકાય. શિયાળાની શરૂઆતમાં સમુદ્રના ઠંડા પાણીમાં કૂદકો મારતાં પહેલાંની ક્ષણે આપણે કેવા નિશ્ચલ લઈ જઈએ છીએ ? જો સહેજ સરખા હાલીએ ચાલીએ તો ઠંડી વધુ લાગે. આથી જ મને કશું કરવાની ત્યારે બીક લાગી હતી. ત્યાર પછી ઘણા વખત બાદ તમે જે રીતે મને છેતરતા હતા તેવી રીતે, મેં તમને છેતરવાનું નક્કી કર્યું.

એક વાર તમે અને આયાકો સાન્નોમિયા સ્ટેશને ગાડીની રાહ જોતાં ઊભાં હતાં. અતામી હોટેલવાળી ઘટનાને ત્યારે એકાદ વરસ થઈ ચૂક્યું હતું. હું વેઇટિંગ રૂમમાં ચાલી જાઉં કે શું કરું તેનો વિચાર કરતી સહેજ ઊભી રહી ગઈ; મારી આજુબાજુ પર્યટને જવા નીકળેલી કોઈ નિશાળની છોકરીઓએ કિલકિલાટ મચાવી મૂક્યો હતો. આ સિવાયની એક બીજી રાતની સ્મૃતિ પણ મારા મનમાં અત્યંત તાદૃશ બનીને તરવરી રહે છે. બહાર તમરાં બોલતાં હતાં આયાકોના ઘરના મેડા પરના પડદામાંથી ચળાઈને આવતો આછો પ્રકાશ હું જોઈ રહી હતી. બારણાંની ઘંટડીનું બટન દબાવવું કે નહિ તેની દ્વિધામાં હું કેટલા ય કલાક સુધી ઊભી રહી હતી. આયાકોના ઘરનાં બારણાં બંધ છીપલીની જેમ સખ્ત બંધ હતાં. સાન્નોમિયાન સ્ટેશન પરના પ્રસંગના અરસામાં જ આ પણ બનેલું. વસન્ત હતી કે શરદ તે મને અત્યારે યાદ નથી. આવે વખતે ઋતુ વિશેની મારી સ્મૃતિ મને યારી આપતી નથી. આ સિવાયના બીજા ઘણા ય પ્રસંગો બનેલા; પણ મેં ત્યારે કશુંય કર્યું નહોતું. અતામી હોટેલમાં હતી ત્યારે ય હું દરિયાકાંઠે ગઈ નહોતી. ઘેરા ભૂરા રંગનો સમુદ્ર મને પીડી રહ્યો હતો ને મારા મર્મને છેદી નાખતી વેદના ઊંડે ને ઊંડે ઊતરતી જતી હતી.

એ ભારે યાતનાનો સમય હતો; પણ સમયે મારી સમસ્યા ઉકેલી આપી. ગમે તેવું તપાવેલું લોઢું પણ આખરે ઠંડું પડે છે. હું ઠંડી પડી ગઈ ને તમે તો મારાથીય ઠંડા પડી ગયા. એ ગજબનું ઠંડું ઘર હતું, આંખની પાંપણો સુધ્ધાં થીજી જાય એવું ઠંડું. અત્યારે ય એમાં કશો ફરક પડ્યો નથી. એને ઘર કહેવાય ? ના, માનવી એમાં વસતાં હોય

એવો અણસાર જ ક્યાં વરતાય છે ! એને કિલ્લો કહીએ તો કદાચ તમેય સમ્મત થશો. આ કિલ્લામાં રહીને વરસોથી આપણે એકબીજાને છેતરતાં આવ્યાં છીએ (શરૂઆત તમે કરી.) લોકો સંબંધના કરાર કેવા દુઃખભર્યા કરતાં હોય છે ! આપણે એકબીજાથી જે છાનું રાખ્યું તેના પર જ આપણું સહજીવન ટકી રહી શક્યું છે. મારાં અનેક દુષ્કૃત્યો પ્રત્યે તમે આંખ આડા કાન કર્યા છે; અલબત્ત, કેટલીક વાર તમે તિરસ્કાર બતાવ્યો છે તો કેટલીક વાર અણગમો અને દુઃખ પણ પ્રકટ કંર્યાં છે. કેટલીક વાર મેં નોકરડીને ઘાંટો પાડીને નાવણીમાંથી સિગરેટ કે એવું કશું લાવવાનું કહ્યું છે. ઘણી વાર ઘરે આવીને મારી પર્સમાંથી સિનેમાનું ચોપાનિયું કાઢીને હું મારાં ખુલ્લાં સ્તનને પંખો નાખતી બેસી રહેતી. ઠેરઠેર મોઢે છાંટવાનો પાવડર હું વેરી મૂકતી - દીવાનખાનામાં ને મોટા ખંડમાં. ટેલિફોનનું રિસિવર મૂકીને હું નૃત્યની ઠેક લેતી લતી પાછી ફરતી. નાચનારી છોકરીઓને ઘરે બોલાવીને મેં જમાડી હતી ને એની સાથે મારો ફોટો પણ પડાવ્યો હતો. મારી વરસગાંઠને દિવસે મારી ફીત મેં નોકરડીને પહેરવા આપી હતી ને હું વિદ્યાર્થી મહેમાનો જોડે ચેડાં કરતી બેસી રહી હતી. તમને એ બધું વાંધાભર્યું લાગવાનું છે તે હું સારી પેઠે જાણતી હતી. પણ તમે એકકેય વાર મને વઢ્યા નથી - કદાચ તમારામાં વઢવાની શક્તિ જ નહોતી. આપણી વચ્ચે કશો ઝઘડો નહોતો. આપણા કિલ્લામાં શાન્તિ હતી, એમાંની હવા ચામડી ઉઝરડી નાખે એવી, ધૂળભરી ને ઠંડી હતી - રણમાં ફુંકાતા પવન જેવી. તમે મારા હૃદયસોંસરી બંદૂક તાકીને મને વીંધી કેમ નહીં નાખી ? તમે તો બતક ને પારેવાંને મારવામાં ઉસ્તાદ છો, નહિ ? પુરુષના વિશ્વાસઘાતથી સ્ત્રીની દેવીને સ્થાને ઉન્નતિ થઈ શકે.

આજે મને સમજાય છે કે આ બધો વખત મારા હૃદયમાં કશીક આશા – સાવ આછી પણ સતત રહ્યા કરતી આશા છુપાઈને રહી હતી આપણી વચ્ચેના આ સમાધાનને તોડી નાખે એવું કશું બનશે, જરૂર બનશે એમ હું માનતી હતી. આમ ને આમ હું દસદસ વરસ સુધી યાતના ભોગવતી રહી. આ રીતે આ સ્થિતિનો અન્ત આવી શકે એમ મને લાગતું હતું : કોઈક દિવસ તમારા ખભા પર ઝૂકીને હું મારી આંખ સદાને માટે બીડી દઉં અથવા તો તમે આપેલા ઈજિપ્તના ચપ્પુને તમારી છાતીમાં હુલાવી દઉં.

મેં કેવા અન્તની આશા રાખી હતી ? મને જ એની કશી ખબર નથી.

એ વાતને પાંચ વરસ વીતી ગયાં છે. તમને યાદ છે ? મને લાગે છે કે તમે દક્ષિણ એશિયામાંથી પાછા આવ્યા તે પછીની આ વાત છે. હું ત્રણેક દિવસ સુધી બહાર રહી હતી ને ધોળે દિવસે દારૂના નશામાં ચકચૂર બનીને લથડિયાં ખાતી ઘરે પાછી ફરી હતી. ત્યારે મેં તમને પાછા આવી ગયેલા જોયા. મને એમ હતું કે તમે પાછા નહીં ફર્યા હશો. તમે તમારી બંદૂક સાફ કરતા હતા. મેં માત્ર 'કેમ છો ?' એટલું જ પૂછ્યું ને વરંડામાંના સોફા પર બેસી પડી, તમારાથી દૂર રહીને હું પવનની ઠંડી લહરીમાં જાતને ઠંડી પાડવા લાગી. બારીના કાચમાં ઘરનો અંદરનો ભાગ, દર્પણમાં દેખાય તેમ, દેખાતો હતો. બહારના ચંદરવાની પડછે હું તમને ધોળાં કપડાથી બંદૂકને સાફ કરતા જોઈ રહી હતી. કંઈક ગભરાઈ

જઈને ને કંઈક મારા સ્વૈરાચારને પરિણામે થાકીપાકીને હું અન્યમનસ્ક બનીને તમારી પ્રવૃત્તિને જોઈ રહી હતી. બંદૂકને બરાબર સાફ કરી લીધા પછી બંદૂકને બરાબર તાકીને જાણે ગોળી છોડવાના હો તેમ કેટલી વાર ઊભા રહ્યા. પછી મને ખબર પડી કે તમે એક આંખ અર્ધી બંધ કરીને નિશાન તાકતા હતા. બંદૂક મારી પીઠ તરફ તાકેલી હતી. તમે મારા પર ગોળી છોડવા માગતા હતા કે શું ? બંદૂકમાં ગોળી તો ભરી નહોતી તેમ છતાં તમે મને મારી નાખવા ઇચ્છતા હતા ? મેં આંખો બંધ કરી દીધી ને બંદૂકનો ઘોડો દાબવાનો અવાજ ઓરડામાં છવાયેલી નિસ્તબ્ધતા વચ્ચે સંભળાય તેની રાહ જોવા લાગી. તમે મારા ખભાને તાકતા હતા કે પીઠને કે માથાને કે ગરદનને ? પણ ઘોડો દાબવાનો અવાજ, મેં ખૂબ રાહ જોઈ તો પણ, સંભળાયો નહિ. આટલાં વરસના કંટાળાભર્યાં જીવન પછીથી જિંદગી જીવવા જેવી લાગશે એવી આશાથી ઘોડો દબાતાં હું મૂર્ચ્છિત થઈને પડી જવાની તૈયારીમાં હતી.

મેં આંખો ખોલીને જોયું તો તમે હજી બંદૂક મારી સામે તાકેલી જ હતી. હું એની એ સ્થિતિમાં થોડી વાર સુધી બેસી રહી, પણ થોડી વાર પછી એકાએક આ બધું મને નર્યું મૂર્ખાઈભર્યું લાગવા માંડ્યું. હું ઊઠીને તમારા તરફ વળી - કાચમાં દેખાતા તમારા પ્રતિબિમ્બ તરફ નહિ. તે વખતે તમે આમાગીમાંથી આણેલા ર્‌હોડોડેન્ડ્રોન ફૂલ પર નિશાન તાકી રહ્યા હતા. તે વર્ષે પહેલી વાર જ એ ખીલ્યું હતું. કેટલીક વાર પછી આખરે ઘોડો દબાવવાનો અવાજ સંભળાયો ખરો. તમે તમારી બેવફા પત્નીને કેમ ગોળીથી વીંધી નહિ નાખી ? હું એ જ લાગની હતી. તમે મને મારી નાખવા ઇચ્છતા હતા, છતાં તમે ગોળી છોડી નહીં. તમે જો ઘોડો દાબ્યો હોત, મારી બેવફાઈને માફ ન કરી હોત, મારા હૃદયમાં તિરસ્કારની ગોળી છોડી હોત - તો કદાચ હું તમારા બાહુમાં આવી પડી હોત; કે કદાચ મારી નિશાનબાજીનો તમને પરચો બતાવી દીધો હોત. તમે એવું કશું કર્યું નહિ એટલે મારી અવેજીમાં ગોઠવેલા ર્‌હોડોડેન્ડ્રોન પરથી મેં નજર વાળી લીધી ને હું મારી ઓરડીમાં વધારે પડતાં લથડિયાં ખાતી ને કોઈક પરદેશી ગીતના સૂર ગુંજતી જતી રહી.

આવી બધી ઘટનાઓનો અંત લાવવાની આપણને તક સાંપડી નહીં ને વર્ષો તો વીત્યે જ ગયાં. આ ઉનાળામાં મિર્ટલનાં ફૂલનો રંગ ઘેરો લાલ થયો હતો - આ પહેલાં કદી એનો આવો લાલ રંગ મેં જોયો નહોતો. હું કશુંક બને એની ભારે અધીરાઈથી રાહ જોતી હતી - મને ખાતરી હતી કે કશુંક અસાધારણ બનવાનું હતું. આયાકોના મરણને આગલે દિવસે હું એને મળવા ગઈ હતી. દસેક વરસ પછી એનો પેલો કિમોનો (જે અતામીમાં સવારના સૂર્યના ઉજ્જ્વળ પ્રકાશમાં મેં જોયો હતો ને ત્યારથી મારી કીકીમાં છવાઈ ગયો હતો) જાંબુડી રંગના બુટ્ટાઓ તમારી પ્રિયતમાના નાજુક ખભે જાણે કે વળગી રહ્યા હતા. એ હવે પહેલાં કરતાં કાંઈક સુકાઈ ગયેલી લાગતી હતી. હું એની પાસે બેઠી તે જ ઘડીએ મને થયું કે એ કિમોનોની સુંદરતાની પ્રશંસા કરીને હું વેર લઉં. મારી હાજરીમાં એણે એ કિમોનો પહેર્યો એ ખ્યાલે મારું લોહી ઊકળી આવ્યું ને હું મારી જાત પર કાબૂ ખોઈ બેસતી હોઉં એવું મને લાગ્યું. હવે સંયમ રાખવો એ મારે માટે દુષ્કર હતું તે હું સારી

પેઠે જાણતી હતી. બીજી સ્ત્રીના પતિને ને વીસ વરસની નવોઢાની સંકોચશીલતાને ઝૂંટવી લેનાર એ સ્ત્રીની ઉદ્દંડતાનો કોઈ દિવસ હું બદલો તો વાળવાની જ હતી. એ ઘડી આવી પહોંચી હતી એવું મને ત્યારે લાગ્યું. મેં જેનો અણસાર સરખો કર્યો નહોતો તે ગુપ્ત વાત ત્યારે ધીમે રહીને છતી કરી. 'આ કિમોનો સાથે તો ઘણી પ્રિય સ્મૃતિઓ સંકળાયેલી હશે. નહિ ?' આમ કહીને મારા તરફ વળેલી આંખો સામે હું તાકીને જોઈ રહી. એના મોઢામાંથી આછો, ભાગ્યે જ સાંભળી શકાય એવો સિત્કાર નીકળી ગયો. એ એની આંખો પાછી ફેરવી લેશે એવી દહેશતથી હું એકસરખી એની સામે તાકી જ રહી.

'તમે અતામીમાં મિસુગીની સાથે હતાં ત્યારે આ કિમોનો પહેરેલો, મને માફ કરજો, પણ તે દિવસે તમને બંનેને મેં જોયા હતાં.'

મેં ધાર્યું હતું તેમ એના ચહેરા પરથી રંગ ઊડી ગયો. એના હોઠ મચકોડાતા હોય તેવું લાગ્યું. આથી એ કદરૂપી લાગવા માંડી. એ ખરેખર કદરૂપી બની ગઈ હતી એવું મને લાગ્યું. એનાથી કશું બોલી શકાયું નહિ. એણે માત્ર માથું ઝુકાવી દીધું. એના ખોળામાં મૂકેલા ફિક્કા હાથને એ જોઈ રહી.

નાહીને તરત જ નીકળી હોઉં એવી તાઝગીનો ત્યારે મને અનુભવ થયો. છેલ્લાં દસેક વરસથી આ ઘડી ક્યારે આવે તેની રાહ જોતી જ હું જીવી રહી હતી. મારા હૃદયમાં ક્યાંક મને એમ પણ લાગતું હતું કે અકથ્ય વિષાદથી એક વાતનો સદાને માટે અંત આવી રહ્યો હતો. હું સ્થિર થઈ જઈને ક્યાં સુધી એમ ને એમ બેસી રહી, કેમ જાણે ત્યાં જડાઈ જ નહિ ગઈ હોઉં. એને ત્યાંથી અલોપ થઈ જવાની કેવી ઉત્કટ ઇચ્છા થઈ આવી હશે ! પછી એણે એનું ફિક્કું મુખ ઊંચું કર્યું ને મારા તરફ સ્વસ્થતાથી જોઈ રહી. મને થયું કે એ હમણાં જ ઢળી પડશે. મરણ એનામાં પ્રવેશી ચૂક્યું હતું. નહિ તો એ આટલી સ્વસ્થતાથી મારી સામે જોઈ નહિ શકી હોત. વાડીમાં છાયા પથરાઈ ગઈ ને ફરી તડકો આવ્યો. બાજુની ઓરડીમાં વાગતા પિયાનોના સૂર થંભી ગયા.

'કશો વાંધો નહિ. હું એમને હવે તમને જ સોંપી દઉં છું.' આમ કહીને હું ઊભી થઈ ને મુખ્ય ખંડમાં મૂકેલાં ધોળાં ગુલાબ લઈ આવી ને એને અભરાઈ પર પાણીમાં મૂક્યાં. હું એ ગુલાબોને ગોઠવતી હતી ત્યારે હું મનમાં ને મનમાં બોલી કે કદાચ હવે હું એને ફરી મળી શકવાની નથી (મારી આગાહી કેટલી સાચી નીકળી !). એનું માથું ફરીથી ઝૂકી ગયું. મેં એને કહ્યું : 'તમારે ચિન્તા કરવાની કશી જરૂર નથી. હું તમને છેલ્લાં દસ વરસથી છેતરતી આવી છું. એટલે આપણો હિસાબ પતી ગયો છે.' ને હું હસી. પછી કેવું અદ્ભુત મૌન છવાઈ ગયું ! એ એક પણ અક્ષર બોલી નહિ ને એવી તો સ્તબ્ધ થઈ ગઈ કે એ શ્વાસ લેતી હતી કે નહિ તેની પણ શંકા થાય ! કસોટી પૂરી થઈ. હવે એને જે કરવું હોય તે કરે.

હું એની ઓરડીમાંથી બહાર નીકળી ગઈ. મને ભાન હતું કે હું લગભગ દોડીને બહાર નીકળી જતી હતી.

'મિદોરી !'

પહેલી વાર એ આટલું બોલી. પણ હું પાછળ જોયા વિના ખૂણા તરફ વળી ગઈ. શોકો ચા લાવતી હતી. મને ખબર હતી કે મારા ચહેરા પરથી પણ રંગ ઊડી ગયો હતો.

હવે હું તમને છોડી જવાને શા માટે તૈયાર થઈ છું તે તમને સમજાશે; અથવા તમારે શા માટે મારો ત્યાગ કરવો જ જોઈએ એનું તમને ભાન થશે. મેં ઘણી બધી વાતો લખી નાખી છે ને આપણો સંબંધ પૂરો થવાની અણી પર આવ્યો છે એવું મને લાગે છે. મારા મનમાં જે કાંઈ હતું તે બધું જ, હું ધારું છું, તમને કહી નાખ્યું છે. તમે ઇઝુમાં છો તે દરમિયાન છૂટાછેડાની સંમતિ આપશો એવી હું આશા રાખું છું.

વળી એક વાત યાદ આવે છે. એ સુખદ ઘટના છે. નોકરડીનું સ્થાન આજે મેં લીધું હતું ને આટલા વરસોમાં પહેલી વાર તમારો અભ્યાસખંડ મેં સાફ કર્યો. એ અભ્યાસખંડ મજાનો છે, એમાં છવાઈ ગયેલી શાન્તિ મને ગમી. એમાંના લાંબા સોફા સુખસગવડવાળા છે. પુસ્તકોની અભરાઈ પરનું નિન્સેઇનું ચીનાઈ માટીનું પાત્ર એટલું તો સરસ પકવેલું છે કે એના પર ઉપસાવેલાં ફૂલ જાણે આગમાં બળતાં ન હોય એવાં લાગે છે. હું તમારા અભ્યાસખંડમાં બેસીને આ પત્ર લખી રહી છું. ગોગાંનું ચિત્ર એમાં શોભતું નથી, તેથી એને ઉઠાવીને એની જગ્યાએ તમારી પરવાનગી વિના મેં વ્લામિન્કનું હિમવર્ષાનું ચિત્ર મૂક્યું છે. મારા યાસેના ઘરમાં ગોગાંનું ચિત્ર ટાંગવાનું મને મન છે. તમારું કપડાંનું કબાટ પણ મેં સાફ કરીને સરખું ગોઠવ્યું છે. શિયાળામાં પહેરવાના ત્રણ ગરમ સૂટ મને ગમતી ત્રણ ટાઇ સાથે મેં બહાર હેન્ગર પર તૈયાર રાખ્યા છે. તમને એ ગમશે કે નહિ, કોણ જાણે !

આયાકોનો પત્ર

આ પત્ર તમે વાંચશો ત્યારે હું હયાત નહિ હોઉં. મરણ કેવુંક હોય છે તે હું જાણતી નથી, પણ એક વાત નિશ્ચિત છે - મારાં આનન્દ, યાતના, વેદના હવે આ દુનિયામાં ટકી રહેવાનાં નથી. તમારે વિશે ને શોકો વિશે વારે વારે આવ્યા કરતા વિચાર આ પૃથ્વી પરથી સાવ ભુંસાઈ જશે. મારે વિશે કહેવા જોગું કશું અહીં રહેશે નહિ.

તેમ છતાં, મારા મરણ બાદ, આ પત્ર તમે કલાકો સુધી, કેટલા ય દિવસો સુધી વાંચ્યા કરશો. હું જીવતી હતી ત્યારે મારા મનમાં શું ચાલી રહ્યું હતું તેનો તમને એનાથી ખ્યાલ આવશે. તમે આજ સુધી જેને કળી પણ શક્યા નથી તેવી મારા મનની સ્થિતિને આથી જાણશો; ને હજી જાણે હું જીવતી નહિ હોઉં એવી ભ્રાન્તિમાં ઘડીભર પડી જશો. ને હું જે કહી રહી છું તે તમે સાંભળશો. તમને મારે વિશે અચરજ થશે, દુઃખ પણ થશે ને હું જીવતી હોઉં તેમ તમે મને વઢી પણ કાઢશો. તમારી આંખમાંથી આંસુ નહિ ટપકે, પણ તમારા મુખ પર વિષાદ છવાઈ જશે. એ વિષાદભર્યું મુખ મેં જોયું છે (મિદોરીએ કદી જોયું નથી). તમે મને કહી ઊઠશો : "તું તે કેવી બાઘી છે !" આ બોલતી વેળાનો

તમારો ચહરો હું જોઈ શકું છું ને તમારો અવાજ પણ સાંભળી શકું છું.

મારું જીવન આ પત્રમાં સંગોપાઈને રહેશે, ને તમે જેવો એનો પહેલો અક્ષર વાંચશો કે તરત એક ભડકાની સાથે એ તમારી આગળ પ્રકટ થઈ જશે. એ તમારાં અંગાંગમાં વ્યાપી જશે ને તમે છેલ્લો અક્ષર ઉકેલો ત્યાં સુધીમાં તમારા હૃદયને છલોછલ ભરી દેશે. આત્મહત્યાના નિર્ણયની જાણ કરતો પત્ર લખવો એ કેવી વિચિત્ર વસ્તુ છે ! જેનું તમને પૂરેપૂરું સમર્પણ કરી દેવાનું - ને તે પણ પૂરી પ્રામાણિકતાથી - હૃદયથી ઇચ્છ્યું હતું તે મારી જિંદગી તમને આ પત્ર વાંચતાં જે પંદરવીસ મિનિટ થશે તેટલા વખત પૂરતી જ ટકી રહેશે ! મને આ કહેતાં ભય લાગે છે : મારું સાચું રૂપ મેં આ જિંદગીમાં એક્કેયવાર તમારી આગળ પ્રકટ કર્યું નથી. આ પત્ર જે લખે છે તે જ સાચી આયાકો છે, આ જ મારું સાચું રૂપ છે.

પાનખરનાં માવઠાં પછીનાં તેન્નોઝાનનાં મેપલ વૃક્ષો હજી મારી દૃષ્ટિ સામે તરવરી રહે છે. એ એટલાં બધાં સુંદર કેમ લાગતાં હતાં ? રેલવે સ્ટેશન પાસેના જાણીતા ચા-ઘરનાં બંધ દરવાજાની ઓથે આપણે વરસાદથી બચવાને આશ્રય લીધો હતો. ત્યાંથી દેખાતા વિરાટકાય રાક્ષસની જેમ સીધા ઊંચા ને ઊંચા વધ્યે જતા પર્વતનું સૌન્દર્ય જોઈને આપણે હેબતાઈ ગયાં હતાં. દિવસના એ સમયે તેજની જે માયાવી લીલા ચાલી રહી હતી તેને કારણે એમ બન્યું હશે ? ન જાને ! ત્યારે નવેમ્બર મહિનો ચાલતો હતો; સૂરજ ઢળવા આવ્યો હતો. કે પછી થોડી થોડી વારે આવતાં ઝાપટાંને કારણે બદલાયેલા હવામાનને કારણે એમ બન્યું હશે ? પર્વત એટલો તો સુંદર લાગતો હતો કે એના પર સાથે આરોહણ કરવાની આપણને ભીતિ લાગતી હતી. આ તો તેર વરસ પહેલાંની વાત થઈ. મેપલ વૃક્ષોની હૃદયને વ્યથિત કરી મૂકતી એ સુંદરતા હજી મારી આંખ સામે તરવરી રહે છે.

ત્યારે આપણે પહેલી વાર એકલાં પડ્યાં હતાં. કયોતોના પરાંમાં એક સ્થળેથી બીજે સ્થળે તમે વહેલી સવારથી મને રખડાવી હતી એટલે મારું શરીર ને મન બંને થાકી ગયાં હતાં. તમે પણ થાકી ગયા હતા. પર્વત ચઢતા તમે કેવી મૂર્ખાઈભરી વાતો કરતા હતા ! "પ્રેમ એટલે આસકિત. વિરલ ચાની પ્યાલીની મને મમતા હોય એમાં ખોટું શું ? વારુ, તો પછી હું તારી આસકિત કેમ નહિ રાખું ?" અને :'"કેવળ મેં અને તેં જ આવાં સુંદર મેપલ વૃક્ષો જોયાં છે. માત્ર આપણે બે જણાં એ જ એ જોયાં છે, ને તે એક્કી સાથે, એક જ ક્ષણે. હવે એમાં આપણું કાંઈ ચાલે તેમ નથી.' કોઈ લાડઘેલો છોકરો મોં ચઢાવીને બોલે તેમ તમે બોલતા હતા.

ધૂંધવાઈને તમે આ શબ્દો બોલ્યા, ને એ સાંભળીને કોઈએ ઠોંસો માર્યો હોય તેમ મારું હૃદય ઢગલો થઈને ઢળી પડ્યું - એ હૃદય આખો દિવસ તમારાથી દૂર દૂર ઊડી જવાને મથતું હતું. તમારી ધમકીઓ ને તમારો અસીમ વિષાદ બે ભેગા મળીને કોઈનો પ્રેમ મેળવવાને ભાગ્યશાળી નારીના સુખને ફૂલની જેમ ખીલવા દેતાં હતાં.

મારી બેવફાઈને માફ કરી દેવાનું મારે માટે કેટલું સહેલું છે - ને હું મારા પતિની બેવફાઈને માફ કરી શકી નહોતી !

અતામી હોટેલમાં આપણે હતાં ત્યારે તમે 'પાપ' શબ્દ વાપરેલો. તમે કહેલું કે આપણે પાપી ગણાઈશું. યાદ છે તમને ?

તે રાતે પવન સૂસવાતો હતો. દરિયા તરફનાં લાકડાંનાં જાળિયાં ખડખડતાં હતાં. એને સખત બંધ કરવાને તમે મધરાતે બારી ખોલી હતી. તે વેળાએ દૂર મેં માછલી પકડવાનું નાનું હોડકું જોયું હતું. એ કોઈ મશાલની જેમ બળતું દેખાતું હતું. કેટલાય માણસોના જાન જોખમમાં મુકાયા હશે, તેમ છતાં મને અરેરાટી થઈ નહિ. અગ્નિનું સૌન્દર્ય જ મારી દૃષ્ટિ માણી રહી હતી. બારી બંધ થયા પછી, કોણ જાણે શાથી, હું એકાએક અસ્વસ્થ થઈ ઊઠી, મેં ફરીથી બારી ખોલી, પણ એ અગ્નિ દેખાયો નહિ. કદાચ હોડકું બળીને પાણી ભેગું થઈ ચૂક્યું હશે. કાળાં ભમ્મર પાણીનો નિઃશબ્દ અફાટ વિસ્તાર જ નજરે ચઢતો હતો.

તે રાત સુધી હું તમને છોડી જવાને મથ્યા કરતી હતી. પેલા હોડકાંને સળગતું જોયા પછી 'જે થવાનું હોય તે ભલે થતું' એવું મને થઈ ગયું. એવું શાથી થઈ ગયું તે હું સમજી શકી નહિ.

'તો આપણે બંને પાપી બની જઈએ - તું ને હું' તમે મને કહ્યું : 'તું મને સાથ આપ, આપણે જિંદગીભર મિદોરીને છેતરીશું.'

મેં જરાય ખંચકાયા વિના જવાબ વાળ્યો : 'જો આપણે પાપી થવાનો નિર્ધાર જ કર્યો છે તો પૂરેપૂરો જ પાપી થઈ જઈએ. મિદોરીને જ શા માટે, બધાંને જ છેતરીએ.' આપણી ગુપ્ત મુલાકાતો શરૂ થયા પછી તે રાતે પહેલી વાર મને નિરાંતની ઊંઘ આવી.

અગ્નિથી ભસ્મીભૂત થઈ ગયેલા એ હોડકામાં મેં આપણા પ્રેમની નિરુપાયતા જ જાણે મૂર્તિમંત થતી જોઈ હતી. આ લખું છું ત્યારે રાત્રિના આવરણની પડછે બળતી અગ્નિની એ જ્વાળા મારી આંખ સામે તરવરી રહે છે. તે દિવસે મેં જે જોયું તે નારીના જીવનની યાતના જ હશે - ટૂંકી, સાચી અને કસોટી કરી નાખે તેવી. એવાં બધાં સ્મરણોમાં આજે રાચવાનો કશો અર્થ નથી. છેલ્લાં તેર વરસો સુધી એક સરખી સહેલી યાતના છતાં ત્યારે મારા જેવું કોઈ સુખી નહોતું એવું મને લાગે છે. તમારા વિશાળ પ્રેમથી હચમચી ઊઠીને હું એવી તો સુખી થઈ ગઈ હતી કે એ સુખને હું શી રીતે સહી શકી હોઈશ તેનું મને આજે આશ્ચર્ય થાય છે.

આજે મારી ડાયરી મેં ફરી ઉથલાવી જોઈ. એમાં મેં 'મરણ', 'પાપ', 'પ્રેમ' - આ શબ્દો ઢગલાબંધ જોયા. આપણે જે ખતરનાક સ્થિતિમાં મુકાયા હતા તે વિશે મારે ફરીથી નોંધ કરવી જોઈએ એવું મને લાગ્યું. મારી હથેળી પરનું એ ડાયરીનું વજન તે પાપના ભાર નીચે મેં માણેલા સુખનું વજન હતું. હું દિવસ પછી દિવસ મરણનો સામનો કરી રહી હતી, ને મેં મનમાં નક્કી કરી રાખ્યું હતું કે મિદોરીને આ વાતની ખબર પડી જાય તે દિવસે મારે આત્મહત્યા કરવી. હા, આનો બદલો મારે મારી જિન્દગીથી ચૂકવી આપવો પડશે. આ જ કારણે મારું સુખ એટલું તો ઉત્કટ બની ગયું હતું કે એ મારાથી જિરવ્યું નહોતું જતું.

મેં ઉપર જેનું વર્ણન કર્યું તે સિવાયની એક બીજી આયોકા પણ હતી તે કોણ કલ્પી શકશે ? (આ કહું છું તે જરા આડમ્બરી લાગશે, પણ આ સિવાય બીજી કોઈ રીતે એ કહેવાનું મને આવડતું નથી.) હા, એક બીજી આયોકા પણ મારામાં વસતી હતી - એને તમે ઓળખતા નથી, એની તમે કલ્પના પણ કરી શકવાના નથી.

તમે એક વાર મને કહેલું કે દરેકમાં સાપ દર કરીને રહેતો હોય છે. ક્યોતો વિદ્યાપીઠના વિજ્ઞાન વિભાગના ડૉ.તાકેદાને તમે મળવા ગયેલા તે પ્રસંગે તમે મને આ કહ્યું હતું તે મને બરાબર યાદ છે. તમે એમની સાથે વાતો કરતા હતા તે દરમિયાન ગમગીનીભરી ને લાંબી પરસાળને છેડે એક કાચના ખોખામાં મૂકેલા સાપને જોવામાં મેં વખત ગાળ્યો હતો. તમે અર્ધાએક કલાક પછી બહાર આવ્યા ત્યારે સાપ જોઈને મને ઊબકા આવવા લાગ્યા હતા. તમે એ ખોખાં ભણી નજર કરીને ગમ્મતમાં કહ્યું હતું : "આ આયાકો છે, આ મિદોરી, ને આ હું. દરેક માણસમાં એક સાપ વસતો હોય છે." તમે મિદોરી કહીને ચીંધ્યો તે દક્ષિણ સમુદ્રમાંનો કિરમજી રંગનો નાનો સાપ હતો. મારું નામ દઈને જે સાપ બતાવ્યો તે ઓસ્ટ્રેલિયાનો, કદમાં નાનો, આખે શરીરે ધોળાંધોળાં ટપકાંવાળો ને તીક્ષ્ણ અણીદાર આંકડા જેવા માથાવાળો સાપ હતો. તમારા મનમાં આ કહેતી વખતે શું હશે, કોણ જાણે ! મેં આ વિશે પછીથી તમને કશું પૂછ્યું નથી, છતાં તમે કહેલી આ વાત સદા મારી સ્મૃતિમાં રહી છે. કોઈક કોઈક વાર દરેક માણસમાં વસતા સાપ વિશે હું મારી જાતને પ્રશ્ન પૂછું છું. કેટલીક વાર એ સાપ તે એનો અહંકાર ને કેટલીક વાર એ સાપ તે એની ઈર્ષ્યા એવા જવાબ મારું મન આપે છે.

પણ એ વિશે કશું ચોક્કસ આજેય હું જાણતી નથી. એ જે હશે તે, મારામાં એક સાપ વસતો હતો એટલું નક્કી. મારામાં વસતી બીજી આયાકો, જેને હું જ ઓળખી શકતી નથી, તેને હું સાપ નહિ તો બીજું શું કહું ?

આજે બપોરે જ એ બન્યું. મિદોરી મારી ઓરડીમાં આવી ત્યારે યુકીની હાથશાળમાં વણાયેલો પેલો ભૂખરો જાંબુડી કિમોનો મેં પહેર્યો હતો. તમે મારે માટે એ કુમામોતોથી મોકલાવ્યો હતો. ને મારી જુવાનીમાં મને એ ખૂબ જ ગમતો હતો. ઓરડીમાં દાખલ થઈને મને જોતાંવેંત જ મિદોરી કશુંક બોલવા જતી હતી તે હું કળી ગઈ. આશ્ચર્ય પામી હોય તેમ એ એકાએક થંભી ગઈ ને થોડી વાર સુધી કશું બોલી નહિ. મેં કાંઈક અસાધારણ લાગે એવો કિમોનો પહેર્યો હતો તે જોઈને જ કદાચ એને આશ્ચર્ય થયું હશે એમ મેં માન્યું. હું પણ કંઈક રમૂજમાં, કશું બોલી નહિ.

એકાએક મિદોરીએ મારા તરફ એની નજર ફેરવી-ઠંડી કાતિલ નજર, ને કહ્યું : "તમે અતામીમાં મિસુગી સાથે હતાં ત્યારે પહેર્યો હતો તે જ આ કિમોનો છે ને ? ત્યારે મેં તમને જોયાં હતાં."

આ શબ્દોએ ખંજરની જેમ મને વીંધી નાંખી. એના ફિક્કા ચહેરા પર અડગ નિશ્ચયની મુદ્રા અંકાયેલી હતી.

એકાદ ક્ષણ સુધી એ શું કહી રહી હતી તે જ મને સમજાયું નહિ. જ્યારે એ શબ્દોના ગંભીર અર્થનું મને ભાન થયું ત્યારે હું મારો હાથ ગળા આગળ લઈ ગઈ ને કોઈએ આદેશ દીધો હોય તેમ ટટ્ટાર થઈ ગઈ.

તો એ આટલા લાંબા સમયથી રજેરજ જાણતી હતી !

સાંજને વખતે ભરતી આવતી હોય ત્યારે જે જાતની ચુપકીદી છવાઈ ગઈ હોય છે તેવી ચુપકીદી મેં સેવી. મને પોતાને જ હું જે કહી રહી હતી તે વિચિત્ર લાગતું હતું. એનો હાથ હાથમાં લઈને એને કહેવાનું મને મન થઈ આવ્યું : "ઓ હો, તો તમને બધી જ ખબર હતી, ખરું ?" મને જેની સદા ભીતિ હતી તે ક્ષણ આવી ચૂકી હતી, તેમ છતાં, મને કશી ભીતિ લાગી નહિ. દરિયાકાંઠે મોજાંની આચી થપાટ વાગતી હોય તેવી શાન્તિ અમારા બે વચ્ચે છવાઈ ગઈ હતી. તેર વરસ સુધી ઢાંકી રાખેલો પડદો હવે ચિરાઈ ગયો હતો ને એની પાછળ જેની મેં સદા કલ્પના કરી હતી તે મરણ નહોતું; પણ નરી સ્વસ્થતાભરી શાન્તિ હતી. મારા ખભા પર આટલા લાંબા ગાળા સુધી લદાયેલો ભાર જાણે કોઈએ નીચે ઉતારી દીધો હતો ને એને સ્થાને કાંઈક અકળ રીતે રચતા શૂન્યને કોઈએ સ્થાપી દીધું હતું. મારે કેટલીય બાબતોનો વિચાર કરવાનો હતો. મારા મનમાં કશો ભય રહ્યો નહોતો પણ દૂર દૂર રહ્યું હોય એવું, શૂન્યમય, શાન્તિમય ને તૃપ્તિકર એવું કશુંક હું અનુભવતી હતી. મિદોરીની આંખ સામે મીટ માંડીને (તેમ છતાં હું કશું જ જોતી નહોતી) હું શૂન્યમનસ્ક બનીને બેસી રહી એ જે કહેતી હતી તેમાંનું કશું હું ગ્રહી શકતી નહોતી.

જ્યારે હું ભાનમાં આવી ત્યારે એ લથડતે પગલે મોટા ખંડ તરફ ચાલી જતી દેખાઈ. "મિદોરી ?" મેં બૂમ પાડી. શા માટે ? ન જાને ! કદાચ હું એને સદા મારી સામે બેસાડી રાખવા ઇચ્છતી હતી. એ જો પાછી આવી હોત તો મેં એને સીધેસીધું પૂછી લીધું હોત : 'મિસુગીને હું લઈ લઉં ?'

કદાચ આથી સાવ જુદું, પણ એવી જ લાગણીથી, મેં કહ્યું હોત : "હવે મિસુગીને તને સોંપી દેવાની વેળા આવી લાગી છે." આ બેમાંથી મેં શું પસંદ કર્યું હોત તે કહી શકતી નથી. પણ મિદોરી પાછી આવીનહિ.

મિદોરીએ આપણને છતાં કરી દીધાં તેથી મારે મરી જવું - આ કેવું હાસ્યાસ્પદ ! પાપ ! પાપ ! કેવી બેહૂદી પાપબુદ્ધિ ! સેતાનને આત્મા વેચનારને સેતાન થયા વિના છૂટકો જ નથી ? આ તેર વરસો સુધી શું હું મારી જાતને ને ઈશ્વરને છેતરતી આવી હતી ?

હું ગાઢ નિદ્રામાં ઢળી પડી. જ્યારે શોકોએ મને જગાડી ત્યારે મારાં અંગેઅંગ કળતાં હતાં. જાણે કે તેરતેર વરસ સુધી ઉપાડેલા ભારની અસર આજે એક સાથે વરતાતી ન હોય ! ત્યાં અકાશીવાળા મારા કાકાને મેં મારી પથારી પાસે બેઠેલા જોયા. એઓ કોન્ટ્રેક્ટર છે. તમે એમને એક વાર મળ્યા પણ છો. એઓ ઓસાકા જવા નીકળ્યા હતા રસ્તામાં મારી ખબર કાઢવા રોકાયા હતા. આમતેમની થોડી વાતો કરીને એઓ જવા ઊઠ્યા.

પછી જોડા પહેરતાં પહેરતાં એમણે કહ્યું : "થોડા જ વખત પહેલાં કાદોતાએ ફરી લગ્ન કર્યાં."

કાદોતા ! એ નામ સાંભળ્યાને જાણે કેટલા જુગ વહી ગયા હતા ! અલબત્ત, એઓ મારા પતિની જ વાત કરતા હતા. એઓ તો જાણે નજીવી ખબર આપતા હોય તેમ જ બોલ્યા હતા. પણ એ સાંભળીને હું આખી હચમચી ઊઠી.

"ક્યારે ?" હું જાણતી હતી કે મારા અવાજમાં ધ્રૂજારી હતી.

"ગયે મહિને, કદાચ એને આગલે મહિને પણ હોય. લોકો કહે છે કે એણે હ્યોગોની ઇસ્પિતાલ પાસે નવું ઘર બંધાવ્યું છે."

"એમ ?" બસ, એટલું જ હું બોલી શકી. મારા કાકાના ગયા પછી હું એક એક ડગલું ભરતી વરંડામાં ગઈ. હું જાણે ઊંડે ઊંડે ખૂંપી જતી હોઉં એવું મને લાગ્યું. આથી મેં પાસેનો થાંભલો ઝાલી લીધો. બહાર પવન સૂસવાતો હતો ને ઝાડ હીંચોળા લેતાં હતાં, તેમ છતાં હું જાણે એક્વેરિયમના કાચમાંથી જળની અંદરની નિશ્ચલ દુનિયાને જોઈ રહી હોઉં એવું મને લાગતું હતું. "ચાલો બધું ખતમ થઈ ચૂક્યું !" હું આ બોલી ગઈ તેનું મને જ ભાન નહોતું રહ્યું : શોકો ત્યાં ઊભી હતી તે મારા ધ્યાનમાં જ નહોતું. એણે મને પૂછ્યું : "શું ખતમ થઈ ચૂક્યું ?"

"મને નથી ખબર."

શોકોએ હસી પડીને મને હળવેથી પીઠ પર ટપલી મારી. "મૂર્ખાઈ ના કરીશ. પાછી પથારીમાં જઈને સૂઈ જા તો."

શોકોના આગ્રહથી હું પાછી મારી ઓરડીમાં ગઈ. પથારીમાં બેઠી કે તરત મારી ચારે બાજુનું બધું કડડભૂસ તૂટી પડતું હોય એવું મને લાગ્યું. શોકોની હાજરીમાં ભાંગી નહિ પડું એ માટે જેમતેમ એક હાથને ટેકે બેસીને મેં મારી જાત પર કાબૂ મેળવી લીધો. શોકો રસોડામાં ગઈ કે તરત મારા ગાલ આંસુથી ભીંજાઈ ગયા.

કાદોતાના લગ્ન જેવી સામાન્ય ઘટનાથી મને આટલો બધો આઘાત કેમ લાગ્યો હશે ? આ બધું શાને લીધે થયું ? કેટલો વખત વીતી ગયો તેની પણ મને કશી સુધ રહી નહીં. મેં બારીમાંથી શોકોને સૂકાં પાંદડાં બાળતાં જોઈ. સૂર્ય આથમી ચૂક્યો હતો મેં જિંદગીમાં આ પહેલાં કદી જોઈ નહિ હોય એવી એ નિસ્તબ્ધ સાંજ હતી.

'તું તો પાંદડાંય બાળવા મડી પડી.' હું સાવ ધીમેથી બોલી, ને કેમ જાણે બધું પહેલેથી જ નક્કી કરી રાખ્યું હોય તેમ હું ઊભી થઈ ને મારા ઢાળિયામાંથી મારી ડાયરી લઈ આવી. શોકો જાણે મારી ડાયરી બાળવા માટે જ પાંદડાં બાળતી હતી. એવું નહિ હોય તો એ શા માટે પાંદડા બાળે ? વરંડામાં જઈને હું નેતરની ખુરશીમાં બેઠી ને ડાયરીનાં પાનાં ઉથલાવવા લાગી. એ ડાયરીમાં 'પાપ', 'મરણ' 'પ્રેમ' - આવા શબ્દોનો મેં ખડકલો વાળી દીધો હતો. એ હતો એક પાપીનો એકરાર. 'પાપ' 'મરણ' 'પ્રેમ' - તેર વરસ દરમિયાન ઘૂંટેલા આ શબ્દોમાં ગઈ કાલ સુધી જે આગ હતી તે આજે હોલવાઈ ગઈ. હવે

એ બળીને ભૂરા ધુમાડા રૂપે અવશિષ્ટ રહેતાં પાંદડાંની દશાને પામવાની અણી પર હતાં.

શોકોના હાથમાં ડાયરી મૂકતી વેળાએ જ મેં મરણને ભેટવાનો નિર્ણય કરી લીધો હતો. મારા મરણની ઘડી આવી પહોંચી હતી એમ મને થયું. કદાચ મારામાં જીવ્યે જવાની શક્તિ નહોતી રહી એમ કહેવું જ વધારે સાચું છે.

અમારા છૂટાછેડા પછી કાદોતા એકાકી જીવન જ ગાળતા હતા. પરદેશમાં અભ્યાસ કરવા ગયા તેથી ને યુદ્ધ દરમિયાન દક્ષિણ સમુદ્રમાં ફરજ પર જવું પડ્યું તેથી એમને ફરી લગ્ન કરવાની તક સાંપડી નહોતી.

ગમે તે હોય, પણ અત્યાર સુધી તો એમણે લગ્ન નહોતાં કર્યાં. હવે મને લાગે છે કે એઓ ફરી નહોતા પરણ્યા માટે જ અત્યાર સુધી જીવવાનું મારે માટે અસહ્ય બની રહ્યું હતું. પણ તમે મારી આટલી વાત માનજો કે હું એમને ફરી કદી મળી નથી કે છૂટાછેડા લીધા પછી એમને ફરી મળવાની ઇચ્છા પણ થઈ નથી. કોઈક વાર મારા અકાશીનાં સગાંવહાલાંઓ એમને વિશે કશીક ગપસપ મને કહેતાં. એ સિવાય એમને વિશે હું કશું જ જાણતી નહોતી.

રાત પડી. શોકો ને નોકરડી એમની ઓરડીમાં જઈને પથારીમાં પડ્યાં પછી મેં અભરાઈ પરથી આલ્બમ નીચે ઉતાર્યું. કાદોતાની ને મારી બે ડઝન જેટલી છબિઓ એમાં ચોંટાડેલી હતી.

થોડાંક વર્ષો પહેલાં શોકોએ મને ચોંકાવી દેતું આ વાક્ય કહ્યું હતું : "મા ને બાપુની છબિ એવી રીતે ચોંટાડેલી છે કે આલ્બમ બંધ કરીએ એટલે તરત એઓ એકબીજાને ચૂમી ભરી લે."

શોકોએ તો સાવ નિર્દોષ ભાવે જ કહ્યું હતું. પણ અમારા લગ્ન વખતે લીધેલા ફોટા સામસામે ચોંટાડ્યા હતા, આથી પાનાં બંધ કરતાં અમે એકબીજાને ચુંબન કરતાં હોઈએ એવું જ લાગતું.

એ વખતે તો હું એ શબ્દો ભૂલી ગઈ હતી. પણ એના શબ્દો મારા હૃદયમાં જડાઈ રહ્યા હતા ને એકાદ બે વરસે એ મારા ચિત્તની સપાટી પર ઝબકી જતા, પણ મેં એ ફોટાઓને ઉપાડીને નવેસરથી ચોંટાડ્યા નહોતા. આખરે આજે મને થયું કે હવે એની ઉખાડી નાખવાની પળ આવી છે. કોદાતાના ફોટાઓને ઉખાડીને શોકોના લાલ આલ્બમમાં ચોંટાડી દઉં એમ મને થયું. આથી એના પિતા યુવાન હતા તે વખતની એમની છબિ એની સ્મૃતિમાં સચવાઈ રહે.

મારામાં વસતી બીજી આયોકા આવી હતી. તમે કહેતા હતા તે મારામાં વસતા પેલા ધોળાંધોળાં ટપકાંવાળાં ઓસ્ટ્રેલિયાના નાના સાપે આજે સવારે ફરી ડોકું ઊંચું કર્યું. દક્ષિણ પેસિફિકમાંના પેલા વીજળીના દીવામાં બળતા લાલચોળ તાર જેવી જીભવાળા કીરમજી રંગના સાપે આપણા અતામીમાંના મેળાપ વિશે કશું ન જાણવાનો દમ્ભ આ તેરતેર વરસો સુધી કર્યો હશે !

દરેક માણસમાં વસતા આ સાપ તે આખરે શું હોય છે ? એ આપણાં કદી ભૂંસી નહિ શકાય એવાં કર્મ જેવું જ કંઈક હશે. આપણું અભિમાન, ઈર્ષ્યા ને આપણી નિયતિને સુધ્ધાં ગળી જવા એ તૈયાર હોય છે. આ વિશે હવે તમારી પાસે કશું વિશેષ જાણવાને મને સમય રહેશે નહીં એ કેવું કરુણાજનક કહેવાય ! દરેક માણસમાં વસતો આ સાપ કેવું દયાજનક પ્રાણી છે ! 'જીવનનો વિષાદ' વિશે એક પુસ્તકમાં મેં એક વખતે વાંચેલું તે મને યાદ આવે છે. આ લખતી વેળાએ મારા હૃદયને કશોક વિષાદ, કશીક નિષ્પ્રાણ ઉષ્માહીનતા સ્પર્શી જાય છે. એમાંથી ઊગરવાનો મને કોઈ ઉપાય દેખાતો નથી, માણસમાં આવું ભયંકર તિરસ્કારપાત્ર ને અસહ્ય વિષાદપૂર્ણ તે શું વસતું હશે ?

હજી સુધી મેં મારા સાચા સ્વરૂપનાં તમને દર્શન કરાવ્યાં નથી એનું મને અત્યારે ભાન થાય છે. મારો શરૂઆતમાં કરેલો સંકલ્પ નબળો પડી ગયો છે ને ભયથી લુપ્ત થઈ જવાની અણી પર હોય એવું મને લાગે છે.

હું જેને ઓળખતી તે મારામાં વસતું મારું બીજું રૂપ - કેવું સરસ બહાનું છે, નહિ ? હું તમને આગળ કહી ગઈ કે આજે મારામાં લપાઈ રહેલા પેલા ધોળાં ટપકાંવાળા નાના સાપની મને ભાળ લાગે છે. આજે પહેલી જ એણે દેખા દીધી છે.

જૂઠું ! જૂઠું ! એને આ પહેલાં મેં અનેક વાર જોયો જ હશે. છઠ્ઠી ઓગષ્ટને યાદ કરું છું ત્યારે મારું હૃદય ભાંગી પડે છે. તે દિવસે ઓસાકા અને કોબે વચ્ચેનો આખો વિસ્તાર કેવળ અગ્નિની જ્વાળામાં ફેરવાઈ ગયો હતો. તમે જેની યોજના કરી હતી તે હવાઈ હુમલાથી બચવાનાં ભોંયરામાં હું ને શોકો તે દિવસે સંતાઈ ગયાં હતાં. બી.૨૯ વિમાનોનાં મોજાં પસાર થઈ ચૂક્યાં પછી મને ભયંકર એકાકીપણાનો અનુભવ થયો. એમાંથી ઊગરવાનો કોઈ રસ્તો જ નહોતો. શબ્દોમાં વર્ણવી જ ન શકાય એવી કપરી એ એકલતા હતી. મારાથી ત્યાં ઝાઝી વાર ટકી રહી શકાયું નહિ. હું ભોંયરામાંથી બહાર જ નીકળતી હતી, ત્યાં તમને મારી સામે ઊભેલા જોયા. આખું આકાશ લાલ લાલ થઈ ગયું હતું. તમે મારે ઘેરે દોડતા પહોંચી ગયા હતા, ને અમને ત્યાં નહિ જોતાં ભોંયરા આગળ આવીને ઊભા રહ્યા હતા. તમારી પડોશનો આખો વસવાટ તો ભડભડ બળતો હતો. હું તમારી સાથે ફરી ભોંયરામાં ગઈ ને ડૂસકે ને ડૂસકે રડી પડી. મારી આ ઘેલછા ભયને કારણે હશે એમ તમે અને શોકોએ માની લીધું. પાછળથી મારું એ વર્તન હું તમને ત્યારે કે પછીથી સમજાવી નહિ શકી હોઉં. મને માફ કરજો. જ્યારે હું તમારા ઉદાર-અતિ ઉદાર પ્રેમની હૂંફ માણી રહી હતી ત્યારે હ્યોગોમાંની કાદોતાની ઇસ્પિતાલ આગળના હવાઈ હુમલાથી બચવાના ભોંયરા આગળ જઈને ઊભા રહેવાની ઇચ્છા થઈ હતી. એ સ્વચ્છ ને ધોળી ઇસ્પિતાલ મેં એક જ વાર ગાડીમાં જતાં બારીમાંથી સહેજ વારને માટે જોઈ છે. તમે અમારા ભોંયરા આગળ આવીને ઊભા રહ્યા હતા તેમ મને ત્યાં જઈને ઊભા રહેવાનું મન હતું. હું અસહ્ય એવી ઝંખનાથી ધ્રૂજી રહી હતી ને પરાણે આંખમાં ધસી આવતાં આંસુને વાળી રહી હતી.

ધોળા સાપને આ કાંઈ પહેલી વાર હું જોતી નહોતી. થોડાંક વરસ પહેલાં જ્યારે તમે મને કહ્યું કે મારામાં ધોળો સાપ વસે છે ત્યારે હું મૂઢ જ બની ગયેલી. તમારી આંખોનો આવો ભય મને આ પહેલાં કદી લાગ્યો નહોતો. તમે કદાચ મજાકમાં જ એ કહ્યું હતું, પણ તમે મારા મનની ગૂઢ વાત વાંચી લેતા હતા એવા ખ્યાલે હું ભયની મારી સંકોચાઈને પાછી હઠી ગઈ હતી. સાચા સાપને જોતાં હવે મને જુગુપ્સા થતી નથી. મેં બીતાં બીતાં તમારી સામે જોયું ત્યારે તમે સળગાવ્યા વગરની હુકલી મોંઢામાં મૂકીને ક્યાંક દૂર દૂર તાકી રહ્યા હતા. તમે આવું કદી પહેલાં કર્યું નહોતું. કદાચ આ મારી નરી કલ્પના હોય, પણ તમારો આવો શૂન્યમનસ્ક ચહેરો આ પહેલાં મેં કદી જોયો નથી. એ ક્ષણેક જ ટકી રહ્યો હશે, ફરી તમે મારી સામે જોયું ત્યારે તમારી દૃષ્ટિ હંમેશના જેવી સૌમ્ય હતી.

આ પહેલાં મેં મારા 'બીજા સ્વરૂપ'ને આટલી સ્પષ્ટતાથી કદી જોયું નહોતું. ત્યાર પછીથી એને નાના ધોળા સાપ રૂપે હું જોતી આવી છું. તે રાતે મેં ધોળા સાપ વિશે મારી ડાયરીમાં લખ્યું. આખું પાનું મેં 'ધોળો સાપ' એ શબ્દોથી ભરી દીધું. એ નાનો સાપ મારા હૃદયમાં લપાઈને કોકડું વળીને શંકુ આકારે બેઠો છે ને એની ટોચ પર પેલું તીક્ષ્ણ અણીદાર આંકડા જેવું એનું માથું સીધું આકાશભણી તાકી રહ્યું છે એવી મેં કલ્પના કરી. મારા સૌથી ઘૃણાજનક અંશને આવા શુદ્ધ અને સ્ત્રીનાં વિષાદ અને પ્રામાણિકતાને પ્રકટ કરતા આકાર સાથે સરખાવવાથી મને સ્વસ્થતા પ્રાપ્ત થઈ. પ્રભુ આને કરુણાદૃષ્ટિએ જોશે એવી આશા રાખું છું. આ લખું છું ત્યારેય હુ સ્વાર્થમુક્ત બની નથી. હું વધુ દુષ્ટ બની ગઈ હોઉં એવું લાગે છે.

હા, મારે બધું જ લખી નાખવું છે, આટલું લખી કાઢ્યું છે તો હવે કશું બાકી શા માટે રહેવા દઉં ? કૃપા કરીને મારા પર રોષે ભરાશો નહિ. તેર વરસ પહેલાં અતામીની હોટેલમાં મેં ને તમે પૂરેપૂરાં પાપી બનીને સૌ કોઈને છેતરવાનું નક્કી કર્યું ને આ છેતરામણીની ઓથે જ આપણા પ્રેમને પોષ્યો તે સૂસવાતા પવનવાળી રાતે આ બન્યું. તે રાતે આપણે એકબીજાને માટેના પ્રેમના શપશ લીધા પછીથી તરત જ મને લાગ્યું કે હવે મારે કશું કહેવાનું રહ્યું નથી. હું સારી પેઠે આર કરેલી ચાદર પર સૂતી હતી ને કશું બોલ્યા વિના ઉપરના અંધકાર ભણી મીટ માંડી હતી. આવી અસાધારણ શાન્તિભરી કોઈ વેળા મને સાંભરતી નથી. કદાચ પાંચ કે છ જ મિનિટ એ ટકી હશે ? કે પછી આપણે અર્ધો કલાક કે કલાક સુધી એમ ને એમ, કશું બોલ્યાચાલ્યા વિના, બેસી રહ્યાં હતાં ?

હું સાવ એકલી હતી. તમે મારી પડખે જ બેઠા હતા એનું મને ભાન સુધ્ધાં નહોતું. હું જાણે કે મને પોતાને જ આવરી લઈને બેસી રહી હતી. આપણા પ્રેમનો છૂપો મોરચો રચ્યો તે જ વેળાએ હું કેમ આવા લાચારીભર્યાં એકાંતમાં સરી પડી હોઈશ ? ઊલટાનું, ત્યારે તો આપણે બંને નવી સાર્થકતાની દિશામાં પગલાં માંડતાં હતાં !

તે રાતે તમે દુનિયામાં સૌ કોઈને છેતરવાનો નિશ્ચય કર્યો. મને છેતરવાનું તમે કદી

કલ્પી શક્યા છો ? હું નથી માનતી કે તમે કદી એવું ધાર્યું હોય. મને તો આ દુનિયામાં જે કાંઈ જીવે છે તે બધાંને છેતરવાનું ગમે - તમને ને મને સુધ્ધાં. મારું તો એ જ જીવન. સ્મશાનમાં દેખાતા ભૂતાવળના ભડકાની જેમ આ ખ્યાલ મારા એકાકી ચિત્તને તળિયે સદા બળતો રહ્યો.

કાદોતા પ્રત્યેની મારી આસક્તિને મારે છેદી જ નાખવી પડી હતી. એને પ્રેમ કહેવો કે તિરસ્કાર ? ખરું જોતાં એમાં બન્ને એવા તો અભિન્ન ભાવે ભળી ગયાં હતાં કે ભાગ્યે જ બન્નેને નોખા પાડીને ઓળખાવી શકાય. કાદોતાની બેવફાઈ મારાથી માફ થઈ શકે તેમ નહોતું, ભલેને એ ગમે તેવી નિર્બળતામાંથી જન્મી હોય, એની સાથે મારે શી નિસ્બત ? એના પ્રત્યેની આસક્તિ છેદવાને હું ધારું તે થઈ શકું, ધારું તે કરી શકું. મારી યાતનાને બુઝાવી નાખે એવું કશુંક હું પ્રાણપણે મથીને શોધી રહી હતી. ને પરિણામ શું આવ્યું! તેર વરસ પહેલાંની એ રાતથી તે આજ સુધીમાં કશું જ બદલાયું નથી.

આપણે કોઈને ચાહીએ, કોઈ આપણને ચાહે - કેવી વિષાદભરી સંબંધજાળ ! ત્યારે હું બીજી કે ત્રીજી ચોપડીમાં હોઈશ. અમારા અંગ્રેજી વ્યાકરણના શિક્ષકે કર્તરિ અને કર્મણિ પ્રયોગના ઉપયોગ અંગે અમારી કસોટી રાખી હતી. એમાં આપેલા ઘણા બધા નમૂનાઓમાં 'to love' અને 'to be loved'ને પણ સ્થાન હતું. હું એ કસોટીનો જવાબ લખવા પેન્સિલ ઠેરવતી હતી ત્યાં જ કોઈકે એક ચબરખી મારી આગળ ધરી. એમાં વાક્યો લખેલાં હતાં : "કોઈને ચાહવાનું તને મન છે ?" અને "કોઈ વડે તું ચહાવા ઇચ્છે છે ?" - ને એના જવાબો પણ સાથે લખ્યા હતા.

'હું કોઈ વડે ચહાવા ઇચ્છું છું.' એ વાક્યની નીચે ભૂરી કે રાતી પેન્સિલથી ઘણાંએ કુંડાળાં કર્યાં હતાં.'હું ચાહવા ઇચ્છું છું.' એ વાક્ય નીચે કોઈએ કશું લખ્યું નહોતું. આમાં હું કાંઈ અપવાદરૂપ નહોતી. મેં પણ 'હું કોઈ વડે ચહાવા ઇચ્છું છું.' એ વાક્ય નીચે જ કુંડાળું કર્યું : 'ચાહવું' અને 'ચહાવું' બે વચ્ચેનો ભેદ શો તેની ત્યારે અમને કશી ગતાગમ નહોતી. તેમ છતાં સોળ વરસની વયે, સહજ જ, શું અમે આવો જવાબ વાળ્યો હશે ?

મારી પાસે બેઠેલી છોકરીએ જ 'હું ચાહવા ઇચ્છું છું.' એ વાક્ય નીચે કુંડાળું કર્યું. ને તે પણ જરાય ખંચકાયા વિના. કશો સંકોચ અનુભવ્યા વિના પોતાના દૃઢ વલણને એણે આ રીતે પ્રકટ કર્યું તેથી મને એની પ્રત્યે તિરસ્કાર થયેલો તે આજે પણ મને યાદ છે. ને તેમ છતાં આ બાબતમાં હું પોતે પણ કાંઈ અસહાય નહોતી ! એ છોકરી ભણવાગણવામાં બહુ સારું કરી શકી નહોતી; એના મોઢા પર સદા ઉદાસીની છાયા છવાયેલી જ રહેતી. એ જરા યે દેખાવડી નહોતી. પાળથી એનું શું થયું તે તો હું જાણતી નથી. આજેય, ત્યાર પછી વીસ વરસ બાદ, એનો ઉદાસ ચહેરો, કોણ જાણે શાથી, મારી નજર આગળ તરવરી રહે છે.

આખરે ઈશ્વર કોને શાન્તિ બક્ષતા હશે ? કોઈ વડે ચહાવા ઇચ્છનારી સ્ત્રીને કે કોઈને

ચાહવા ઇચ્છનારી સ્ત્રીને (જો કે એવી સ્ત્રીના નસીબમાં ઝાઝું સુખ તો હોતું જ નથી !)? ઈશ્વરની હાજરીમાં કોઈ સ્ત્રી છાતી પર હાથ મૂકીને એમ કહી શકે ખરી કે હા, હું ચાહી શકી છું ? હા, એવી પણ કોઈ સ્ત્રી હશે તો ખરી જ, પેલી ઉદાસ ચહેરાવાળી છોકરી એ પૈકીની જ એક હશે કદાચ. અસ્તવ્યસ્ત કેશે, ઘવાયેલા હૈયે ને ફાટેલાં વસ્ત્રે છતાં ઉન્નત મસ્તકે એ જ કદાચ કહી શકે : "હા, મેં પ્રેમ કરી જાણ્યો છે."

ઓહ, મને એની પ્રત્યે કેટલો તિરસ્કાર છે ! હું એનાથી દૂર ભાગું છું. પણ સદા મારો પીછો પકડી રહેલા એ છોકરીના ચહેરાને હું મારી નજરથી દૂર હઠાવી શકતી નથી. મારાથી થોડીક જ ક્ષણ દૂર રહેલા મૃત્યુની વેળાએ આ ચિન્તા શા સારુ ? ચાહવાના દર્દમાંથી છટકી જવા મથતી ને કોઈ વડે ચહાવાના સુખને શોધતી મારા જેવી સ્ત્રી કદાચ એને જ લાયક છે.

સુખમાં ગાળેલાં તેર વરસ પછી મારે તમને આ લખવું પડે છે એ બદલ હું દિલગીર છું.

હવે હોડકું બળીને જળસમાધિ લે તે ક્ષણ આવી પહોંચી છે. એ ઘડી એક દિવસ આવશે જ એ તો હું જાણતી જ હતી. હવે હું એવી તો થાકી ગઈ છું કે મારામાં જીવવાના હોશકોશ રહ્યા નથી. હું ખરેખર કેવી છું તે આખરે તમને કહી દીધું છે એમ લાગે છે... મેં મારું સાચું ચિત્ર મારાથી બની શક્યું તેટલું તમને દોરી બતાવ્યું છે. આ બધી લીલા તમે આ પત્ર વાંચતાં જે દશપંદર મિનિટ ગાળશો તેટલા સમય પૂરતી જ છે, તેમ છતાં આ જ મારું સાચું જીવન છે, આ જ તમારી આયાકોનું જીવન છે.

હવે મારે એક જ વાત ઉમેરવાની છે. એ તેર વર્ષો તો સ્વપ્ન જેવાં હતાં. હું બહુ સુખમાં હતી. તમારા સર્વાશ્લેષી પ્રેમની હૂંફથી હું વીંટળાઈ ગઈ હતી. દુનિયામાં મારાથી વધારે સુખી કોઈ ભાગ્યે જ હશે એમ મને લાગતું હતું.

મિસુગી જોસુકેને ઉદ્દેશીને લખાયેલા આ ત્રણ પત્રો વાંચતાં મોડી રાત થઈ ગઈ. મારા ઉપરનો મિસુગીનો પત્ર મેં ફરી કાઢીને વાંચ્યો. એના અન્તમાં આવતો સૂચક પરિચ્છેદ મેં ફરી ફરી વાંચ્યો :

'મને કેટલાંય વર્ષોથી આમ તો શિકારનો શોખ છે. મારા અંગત અને જાહેર જીવનનો એ સૌથી શાંતિભર્યો તબક્કો હતો. એની પડછે આજનું મારું એકાકી જીવન નર્યું સામે છેડેનું લાગે છે. તમે મને જોયો એ અરસામાં બંદૂક મારા જીવનનું સર્વસ્વ બની ચૂકી હતી.'

સુઘડતા અને સફાઈથી લખેલા અક્ષરોમાં કશોક અસહ્ય વિષાદ હતો. આયાકો કહે છે તેમ કદાચ મિસુગીની અંદર રહેલો સાપ જ આ અક્ષરો વચ્ચેથી ડોકાતો હશે.

હું મારા અભ્યાસખંડની ઓતરાદી બારીએ જઈને ઊભો રહ્યો ને બહાર દેખાતી ફાગણ મહિનાની રાતને જોઈ રહ્યો. દૂર ચાલી જતી વીજળીની ગાડીમાંથી ભૂરા તણખા ઝરતા દેખાતા હતા. મિસુગી પર લખાયેલા આ ત્રણ પત્રોનો શો અર્થ કરવો ? એ પત્રોમાંથી એને શું જાણવાનું મળ્યું હશે ? કદાચ એને એમાંથી કશું જ નવું જાણવાનું

નહિ મળ્યું હોય એવું નહિ બને ? એને મિદોરીના ને આયાકોના સાપની ખબર તો હતી જ ને ?

ગાત્રને ગાળી નાખે એવા ઠંડા પવનવાળી રાતે હું ઊંચે આકાશમાં જોતો એ બારી પાસે ઊભો રહ્યો - કેમ જાણે મને કશાનો નશો નહિ ચઢ્યો હોય ! બારીની બારસાખે હાથ ટેકવીને ઝાડઝાંખરાથી ભરેલી નીચેની વાડીને હું જોઈ રહ્યો - કેમ જાણે મિસુગીએ વર્ણવેલો પેલો નદીનો ધોળો રેતાળ પટ જ નહિ જોતો હોઉં !

•

પરિશિષ્ટ

છાયાની માયા

જુનિશિરો તાનીઝાકીને કેટલાક જાપાનવાસીઓ એમના શ્રેષ્ઠ લેખક તરીકે બિરદાવે છે; તો કેટલાક એમને લાગણીઘેલા પ્રત્યાઘાતી કહીને વખોડી પણ નાખે છે. એ જે હોય તે, એઓ એક અત્યંત વિખ્યાત લેખક છે એટલું નક્કી. આજે જાપાન બહારના દેશોમાં એમની જેટલી ખ્યાતિ છે તે ભવિષ્યમાં અનેકગણી વધશે એવી આશા રાખી શકાય.

જુવાનીમાં એમને પશ્ચિમનું આકર્ષણ હતું; પણ પુખ્ત વયના થયા પછી એઓ જાપાનના ભૂતકાળ તરફ બમણી આસક્તિથી ઝૂક્યા છે. પશ્ચિમ માટેની જાપાનવાસીઓની ઘેલછા એમને ગમતી નથી. એ માટેનો એમનો વિલાપ એમની ઘણીખરી નવલકથાઓમાં જોવામાં આવે છે. 'છાયાની માયા' એ ૧૯૩૪માં પ્રસિદ્ધ થયેલો સુદીર્ઘ નિબન્ધ છે. અત્યાધુનિક બનવા જતાં જાપાનવાસીઓએ શું શું ગુમાવ્યું છે તે એમાં સંક્ષેપમાં કહેવાયું છે. ટૂંકમાં કહીએ તો જાપાનની પરંપરાગત કળાઓ છાયાને આશ્રયે જ ખીલી છે, વીસમી સદીના પ્રખર તાપમાં એનો નાશ થવા બેઠો છે એવું એમનું માનવું છે. અર્વાચીન કાબુકી નાટકની વેશભૂષામાં વપરાતા લાલભડક રંગો જેણે જોયા હશે તેઓ આ નિબન્ધના અંતમાં આવતા દીવાઓ બુઝાવી નાખવાના તાનિઝાકીના સૂચનને માન્ય રાખશે.

કશી બાંધછોડ કર્યા વિના શુદ્ધ જાપાની શૈલીનું ઘર બાંદવા ઇચ્છનારને આજે શી શી મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેની ચર્ચાથી આ નિબંધનો આરંભ થાય છે. એ ઘરમાં બધી આધુનિક સુખસગવડ એને જોઈએ એની સામે એમને વાંધો નથી. પણ બુટ્ટેદાર જૂની શૈલીનું ગેસહીટર અને સદા ઘૂરકિયાં કરતો વીજળીનો પંખો આખી યોજનાની સંવાદિતાને વણસાડી જ મૂકે. સૌથી ભારે અવદશા તો નાવણીની થઈ છે. છાયાશીતળ, મખમલી શૈલી શેવાળવાળી નાવણીમાં હવે ચળકતી તખતીની ફરસબંદી ને એવાં બીજાં ચકચક થતાં સાધનોનું આક્રમણ થઈ ચૂક્યું છે. સુરુચિને પડકારનારી આ બધી વસ્તુઓને નકારી કાઢવાનું ઘણું અઘરું છે.

તાનિઝાકી કહે છે, 'ટાઢતડકાથી બચાવે તે ઘર ને ભૂખે મરતાં અટકાવે તે અન્ન.

પછી તેનો દેખાવ કેવો છે તેની વરણાગી શા માટે કરવી જોઈએ એમ માનનારા લોકો પણ ચે. ગમે તેવો પ્રખર સંન્યાસી હિમવર્ષાથી તો થથરી ઊઠવાનો જ, ને એવા દિવસે પાસે હીટર પડ્યું હોય તો એ વાપરવાની વૃત્તિ થવાની જ, એમ કરવાથી એ દિવસનું ગૌરવ ખંડિત થતું હોય તો છો ને થતું ! પણ આવે પ્રસંગે જ મને હંમેશાં મનમાં થઈ આવે છે કે આપણે પૂર્વના લોકોએ આપણું આગવું વિજ્ઞાન શોધ્યું હોત તો કેવું સારું ! ધારો કે આપણે આપણાં આગવાં પદાર્થવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન વિકસાવ્યાં હોત તો ? એને આધારે વિકસેલા ઉદ્યોગોનું રૂપ જુદું જ ન હોત ? અસંખ્ય ઓજારો ને સાધનો, દવાદારૂ તથા ઔદ્યોગિક કળાનું રૂપ પણ જુદું જ ન હોત ?

'હાથવગો એક નાનો શો દાખલો લઈએ : હમણાં જ મેં એક લેખમાં પીંછીના લખાણની ફાઉન્ટન પેનના લખાણ સાથે તુલના કરી હતી ને કહ્યું હતું કે જો એ સાધન આપણા કે ચીનવાસીઓના પૂર્વજોએ શોધ્યું હોત તો આપણી પીંછાલેખણની જેમ એમાંય છેડે પીંછું જ રાખ્યું હોત. રૂશનાઈ પણ ભૂરી નહિ પણ હિંદુસ્તાનની કાળી શાહીના જેવી જ હોત ને એ પકડવાના છેડા આગળથી પીંછા સુધી ધીમે ધીમે પ્રસરતી રહેત એવી એમાં તરકીબ કરી હોત. પશ્ચિમમાંથી આવતા કાગળ પર લખવાનું આપણને ફાવ્યું જ ન હોત, આથી કાગળ પણ આપણે પોતે જ શોધ્યો હોત. પરદેશી શાહી ને કાગળ આટલાં બધાં લોકપ્રિય ના થયાં હોત. રોમનલિપિ દાખલ કરવાની વાત આટલા બધા ઘોંઘાટથી ના થઈ હોત ને લોકોનો જૂની પદ્ધતિને માટેનો ભાવ જળવાઈ રહ્યો હોત. પણ આથીય વિશેષ તો આપણા વિચારમાં અને સાહિત્યમાં પશ્ચિમનું અનુકરણ ના હોત ને નવાં જ ક્ષેત્રોમાં આપમેળે એ અગ્રસર થયું હોત. લેખણ જેવું તુચ્છ લાગે એવું સાધન – એણે આપણાં સાહિત્ય અને સંસ્કૃતિ પર કેટલો બધો પ્રભાવ પાડ્યો હોત !

પણ આ નર્યું દિવાસ્વપ્ન છે તે સૌ કોઈની જેમ હું પણ જાણું છું. આટલે સુધી આગળ વધી ચૂક્યા પછી હવે પાછા વળવાનું શક્ય નથી. હું મનમાં ને મનમાં આ બધું બબડ્યા કરું છું ને અશક્યની માગણી કરું છું. મારી ફરિયાદમાં જે કાંઈ વજૂદ છે તેને ધ્યાનમાં લેવામાં આવે તો પશ્ચિમની પ્રજાના મુકાબલે અમે કેટલા કમનસીબ રહ્યાછીએ, અમે કેટકેટલું સહન કરતા આવ્યા છીએ એનો વિચાર કરવાને કશો વાંધો નથી. પશ્ચિમની પ્રજા વ્યવસ્થિત રીતે આગળ વધતી રહી છે, જ્યારે અમારાથી બળવત્તર સંસ્કૃતિવાળી પ્રજાનો સામનો કરવાનો આવ્યો ને એને પરિણામે હજારો વર્ષોથી અખત્યાર કરેલી જીવનરીતિને છોડવી પડી. આ બધી ભૂલો ને બાધાઓનું પ્રમાણ ખાસ્સું મોટું છે. જો અમે એમના એમ વેગળા રહ્યા હોત, કોઈ જોડે કશી અથડામણમાં આવવાનો પ્રસંગ જ ઊભો ન થયો હોત તો ભૌતિક સુખસગવડ પ્રાપ્ત કરવાની દિશામાં અમે આજથી પાંચસો વર્ષ પહેલાં હતાં ત્યાંના ત્યાંજ રહી ગયા હોત. આજેય ભારતના અને ચીનના ગ્રામીણ પ્રદેશમાં બુદ્ધ અને કોન્ફ્યુસિયસના જમાનામાં હતું તેવું જીવન જિવાઈ રહ્યું છે. પણ એવું થયું હોત તો અમે અમને અનુકૂળ દિશા તરફ જ વળ્યા હોત, અને તેમ છતાં એક દિવસ અમે પણ

ટ્રોલી, રેડિયો ને એરોપ્લેનને મળતાં આવતાં સાધનો શોધી કાઢ્યાં હોત. એઓ માત્ર ઉછીની લીધેલી યંત્રસામગ્રી ન હોત પણ અમારી સભ્યતાને ખપમાં આવે એવાં, અમને અનુકૂળ, ઓજારો બની રહ્યાં હોત.

પશ્ચિમનો કાગળ તે વાપરવાની ચીજ માત્ર છે પણ ચીની અને જાપાની કાગળનું પોત અમારામાં હૂંફ, સ્વસ્થતા ને શાતાની લાગણી જગાડે છે. ધોળો રંગ એકસરખો હોવા છતાં જાપાની ને પશ્ચિના કાગળમાં સાવ નોખો જ લાગવાનો. પશ્ચિમનો કાગળ પ્રકાશને પરાવર્તિત કરે છે જ્યારે અમારો કાગળ એને આત્મસાત્ કરતો હોય, એને હળવેથી વીંટળાઈ વળતો હોય તેવો સૌપ્રથમ થયેલી હિમવર્ષાની ધોળી સપાટીના જેવો સુંવાળો લાગે છે. એને મસળી નાખો કે એની ગડી વાળો તો એ કશો અવાજ કરતો નથી. એ કોઈ વૃક્ષનાં પાંદડાંની જેમ તમારા સ્પર્શને સાવ અનુકૂળ અને શાન્ત બનીને રહે છે.

સામાન્યતઃ ચકચક થતી વસ્તુઓથી ભરેલા ઘરમાં રહેવાનું અમને ઝાઝું ફાવતું નથી. પશ્ચિમવાસીઓ ચાંદી, સ્ટેઇનલેસ સ્ટીલ અને નિકલનાં વાસણો જમવા કરવા માટે વાપરે છે ને એને પાલિશ કરી સદા ચકચકતાં રાખે છે; પણ અમને આ રુચતું નથી. અમેય કોઈ વાર ચાની કિટલી, જળપાત્ર કે ચોખાનો દારૂ સાકે પીવાની પ્યાલી ચાંદીનાં વાપરીએ છીએ ખરા, પણ એને પાલિસ કરીને ચકચકતા રાખવાનું અમને ગમતું નથી. એથી ઊલટું, એ સહેજ ઝાંખા પડે, એના પર સહેજ કાળાશ પડતા ધુમાડિયા રંગના આછા થર જામે પછી જ અમને ગમતાં થાય છે. આટલી ધીરજ પછી બાઝેલા આ થરને જો નોકરડી ઘસીમાંજીને સાફ કરી નાખે તો એને ઘણુંખરું ધમકાવી જ નાખવામાં આવે...

'ચીનવાસીઓને નીલમ પ્યારું છે. પથ્થરનો એ તરેહદાર સ્ફટિક, એમાંનું ડહોળાયેલું તેજ – જાણે સદીઓની ઘનીભૂત હવા ઝાંખી ધીમે ધીમે એમાં ઊંડે ઊંડે ઓગળતી જતી ન હોય ! અમે પૂર્વના વાસીઓ જ એના આકર્ષણને પિછાનીએ એવું નથી ? એમાં અમને શું દેખાતું હશે તે અમે કહી શકતા નથી. માણેક કે મરકતનું તેજ એમાં નથી કે હીરાનું પાણી પણ એમાં નથી. પણ એને વિશે આટલું જરૂર કહી શકાય : એની ધૂંધળી સપાટીને જોતાં જ એ ચીનાઈ છે તે અર્થ પારખી જઈએ છીએ, એના ધૂંધળાપણામાં ચીન દેશના ભૂતકાળનો એકઠો થઈ ગયેલો થર અમને દેખાય છે. ચીનવાસીઓને નીલમ વહાલું હોય, એની સપાટી ને એનું ધૂંધળાપણું એમને ગમતાં હોય તે અમને સર્વથા ઉચિત જ લાગે છે. સ્ફટિકનું પણ એવું જ છે. ચીલીમાંથી હમણાં હમણાં મોટા જથામાંથી સ્ફટિકો આયાત કરવામાં આવે છે; પણ એ વધારે પડતા પારદર્શી હોતા નથી. એ અર્ધપારદર્શી ને ધૂંધળા હોય છે... જે કાંઈ ચળકાટ મારે તે પ્રત્યે અમને અણગમો છે એવું નથી પણ અમને છીછરી પારદર્શકતા કરતાં ગાંભીર્યપૂર્ણ છાયા વધારે રુચે છે.

આ 'ગાંભીર્યપૂર્ણ છાયા'નું આજની દુનિયા નિકંદન કાઢવા બેઠી હોય એવું લાગે છે. દાંતના દાક્તરને ત્યાં જતાં આજે છાતી બેસી જાય છે. એનું કારણ એ અમેરિકાથી જે ચકચક થતાં ઓજારો વાપરે છે તે છે. ચળકાટ જોઈને જાપાનવાસીઓ છળી મરે છે.

એને તો એની છાયા જોઈએ. આપણે લાખકામનો જ દાખલો લઈએ. વધારે પડતા અજવાળામાં જોઈએ તો એ ભડાકેદાર લાગે. ક્યોટોના એક જૂનાં રેસ્ટોરાંમાંતાનિઝાકીને પહેલી વાર એનું સૌન્દર્ય જોવા મળ્યું હતું, 'આપણું લાખકામ તો અંધારામાં જ રાખવું જોઈએ. એનો એકાદ ભાગ ઝાંખા અજવાળામાં અહીંતહીં લપઝલપ દેખાઈ જાય તે જ સારું. એની અલંકારખચિતતા અંધારામાં પશ્ચાદ્ભૂમાં સરી જાય છે ને આપણને કશાક ઊંડાણ તથા રહસ્યનો અકથ્ય અનુભવ થાય છે; કશીક સંદિગ્ધ અર્થમયતાનો ભાસ થાય છે. લાખકામવાળા અસબાબનો ચળકાટ રાતે મીણબત્તીની થરકતી જ્યોત કે મશાલના અજવાળાનું પ્રતિબિંબ પાડે છે. ને રહીરહીને શાન્ત ઓરડામાં ચોરીછૂપીથી ઘૂસી આવતી પવનની લહરીઓ પણ એથી છતી થઈ જાય છે... જો એ લાખકામને દૂર કરીએ તો રાત્રિની નાડીનાં ધબકાર જેવી એ મીણબત્તીની થરકતી જ્યોત અને મશાલ વડે રચાયેલી સ્વપ્નમયી વિલક્ષણ સૃષ્ટિ આખિજ અલોપ થઈ જાય છે. ક્ષીણ, લગભગ અગ્રાહ્ય ને પડતીઆખડતી એ દ્યુતિ જાણે ઓરડામાંથી નાનીનાની નદીઓ વહેતી હોય ને એનાં નાનાંનાનાં ખાબોચિયાં અહીંતહીં ભરાયાં હોય તેમ ઝિલાયેલી દેખાય છે. આમ લાખકામવાળા અસબાબમાંથી પરિવર્તિત થતું તેજ રાત્રિની પટભૂમિ પર આવી તરેહતરેહની ભાત ઉપસાવી આપે છે.

૨

તાનિઝાકી માને છે કે ઊંડાં ને ભારે જાપાની મકાનના છાપરાની છાયા જાપાનની પરંપરાગત સંસ્કૃતિ પર છવાયેલી છે. પશ્ચિમના સ્થાપત્યમાં, ને ખાસ કરીને ગોથિક શૈલીના સ્થાપત્યમાંદીવાલ અને એના આધારોને ઊંચા ને ઊંચા કરીને સૌથી સૌથી ઊંચા શિખરને ટેકવવા માટે વાપર્યા હોય છે. એથી ઊલટું જાપાનમાં સ્તંભ ઉપર જ છાપરું ઢાળ્યું હોય છે ને બાકીનું ઘર એની નીચે ચણી લીધું હોય છે. સ્થાપત્યની એક શૈલી : ઇમારતને ઊંચી નેઊંચી લઈ જઈને બને તેટલા પ્રકાશને અંદર આવવા દેતી નથી. અમે પહેલાં છત્રી ખોલી નાખીને પૃથ્વી પર પડછાયો પાથરીએ છીએ, ને પછીથી એ પડછાયામાં ઘર એકઠું કરી લઈએ છીએ. પશ્ચિમવાસીનાં ઘરો પર પણ છાપરાં હોય છે પણ એનો ઉદ્દેશ સૂરજ કરતાં પવન અને ઝાકળને દૂર રાખવાનો હોય એમ લાગે છે... જાપાનના ઘરનું છાપરું બને તેટલી નાની કિનારવાળી ટોપીના જેવું હોય છે... આબોહવા, બાંધકામની સામગ્રી વગેરે કારણો લઈને જાપાની ઘરની વળીઓ બહુ ઊંડી રાખવામાં આવે છે. અમે કાચ, કાંકરેટ કે ઈંટ વાપરતા નથી. તેથી સૂસવાતા પવન અને વરસાદથી બચવાને અમારે છાપરાં નીચાં રાખવાં પડે છે. અંધારિયા ઓરડા કરતાં અજવાળાવાળો ઓરડો અમનેય બહુ અનુકૂળ નીવડ્યો હોત તેની ના નહિ. જેને આપણે સૌંદર્ય કહીએ છીએ તે તો જીવનની વાસ્તવિકતામાંથી જ જન્મે છે ને અમારા બાપદાદાઓને અંધારિયા ઓરડામાં રહેવાનું

આવ્યું હતું; આથી તેમણે છાયાનું સૌંદર્ય શોધી કાઢ્યું હતું ને આખરે છાયાને સૌંદર્યના લક્ષ્ય તરફ વાળી દીધી હતી. આથી જાપાની ઘરના સૌંદર્યનો આધાર ઘેરી છાયા ને આછી છાયાની ગૂંથણીમાંથી ઊપસી આવતી ભાત પર રહે છે – આ સિવાય એમાં બીજું કશું હોતું નથી... બહારના બગીચામાંનો પ્રકાશ કાગળના પડદાવાળાં બારીબારણામાંથી ચળાઈને ચોરપગલે અંદર આવે છે ને આવા અંતરાયમાંથી આવતા પ્રકાશને કારણે જ અમારું ઘર મોહક લાગે છે. અમારા ઘરના ઓરડાની દીવાલ ભડક રંગોની હોતી નથી જેથી વિષાદભર્યા, ભંગુર ને ક્ષયિષ્ણુ પ્રકાશનાં કિરણો સાવ સ્વસ્થતાથી એમાં નિમજ્જિત થઈને રહે.'

વેશભૂષાના સંબંધમાં પણ આવું જ : સૂર્યના પ્રકાશમાં વધારે પડતા ભડક રંગનો લાગે એવો પૂજારીનો ઝભ્ભો મંદિરના નિયંત્રિત અંધકારમાંભારે કાવ્યમય લાગે છે. નોહ નાટકમાં પહેરવામાં આવતો ઝભ્ભો નાટકમાં ફલડ લાઇટ વપરાતી હોત તો સોનેરી રૂપેરી રંગના ભડકા જેવો લાગ્યો હોત (તાનિઝાકીએ આ નિબંધ લખ્યો ત્યાં સુધી તો આવી ફલડલાઇટનો ઉપયોગ થતો નહોતો.), પણ નોહ નાટક ભજવવા માટેના મંચ પરના ભારે ચંદરવા નીચે એમાં કેવું સંયમી સૌંદર્ય દેખાય છે ને જીપની સ્ત્રીપુરુષની પીળા હાથીદાંતના જેવી ચામડીની પડછે એ કેવો ખીલી ઊઠે છે ! કાબુકી નાટકમાં આધુનિકતા પ્રવેશી છે ને વીજળીના દીવાનો એમાં ઝઅઝો ઉપયોગ થતો હોય છે, આથી એમાં રહેલી પ્રતીતિકરતાની શક્તિની માત્રા ઘટી ગઈ છે. સાચા અર્થમાં નારીનું માર્દવ ધરાવતાં પાત્રો હવે કાબુકી નાટકમાં દેખાતાં નથી એવી ફરિયાદ થવા લાગી છે. તાનિઝાકી એના જવાબમાં કહે છે કે એમાં અભિનેતાઓનો વાંક નથી. ‘જૂના જમાનાનાં પાત્રોને આંખો ઝંખવી નાખતા વીજળીના દીવા વચ્ચે કામ કરવાનું હોય તો આજના મંચ પર કામ કરતાં પાત્રોની જેમ એમાં પણ પુરુષસહજ કઠોરતા જ દેખાય... વીજળીના દીવાનો આવો બુદ્ધિ વગરનો ને વધારે પડતો ઉપયોગ કાબુકીના સૌંદર્યને વણસાડી મૂકનારું સૌથી મોટું કારણ છે.'

૩

નાટકની ચર્ચા પરથી શરીરના સૌંદર્યની વાત આપોઆપ જ નીકળવાની. આ સંબંધમાં પણ તાનિઝાકી માને છે કે વધારે પડતો પ્રકાશ શરીરમાં પ્રવેશે એ ઠીક નથી. જૂના વખતના જાપાનવાસીઓને મન પોતાનાથી ગોરી પ્રજાનું અસ્તિત્વ જ નહોતું. આથી પોતાના શામળાપણા વિશે લાચારી અનુભવવાનું એને કશું કારણ નહોતું. આમ છતાં વધારે ગોરા હોવું એ જ એમનો આદર્શ હતો; સૌથી ગોરી ચામડીવાળામાં પણ આછું ઘઉંવર્ણાપણું દેખાતું તો તેને છાયાની મદદથી એઓ ગાળી નાખતા. સ્ત્રીઓ શાશ્વત સંધ્યાની પટભૂમિ પર વિહરનાર પાંડુવર્ણી પરીઓ જેવી લાગતી.

‘દાંતને કાળા રંગવાની પ્રથાની જ વાત કરીએ. ચહેરા સિવાયનાં બીજાં બધાંને જ

કાળી પશ્ચાદ્‌ભૂમાં ધકેલી દેવાનો એ પ્રયત્ન નહિ હોય ? એમ કરવા જતાં અંધકારને જ મોઢેથી પીવાનું સુધ્ધાં મંજૂર રાખવાને વાંધો નહોતો. આજે સૌંદર્યનો આવો આદર્શ રોજ-બ-રોજના જીવનમાંથી લુપ્તપ્રાય થઈ ગયો છે, ને એવું સૌંદર્ય જોવું હોય તો પુરાણા ક્યોટોના કોઈ ચાઘરમાં જવું પડે. પણ તોક્યોના ઢોળાવવાળા ભાગમાં મે ગળેલી જુવાનીના દિવસો યાદ કરું છું, ને બગીચામાંથી આવતા ઝાંખા પ્રકાશમાં મારી માને સીવતી બેઠેલી જોઉં છું ત્યારે જૂના જમાનાની જાપાનની નારી કેવી હશે તેનો મને આછો ખ્યાલ આવે છે ખરો. એ દિવસોમાં તોક્યોના નગરવાસીઓ ધૂંધળા પ્રકાશવાળા ઘરમાં રહેતાં ને મારી મા, મારી ફોઈમાસીઓ ને બીજાં સગાંવહાલાં(એમની વયની બીજી સ્ત્રીઓ) દાંત કાળા રંગતી. તેઓ દરરોજ શું પહેરતાં તે તો મને બરોબર યાદ નથી પણ બહાર જતી વેળાએ ઘણુંખરું નાની ને ઊડીને આંખે વળગે નહીં એવી ભાતવાળો ભૂખરા રંગનો કિમોનો એઓ પહેરતાં એવું આછુંઝાંખું યાદ આવે છે. મારી માની કાયા અસાધારણ નાજુક હતી; એ પૂરી પાંચ ફુટનીય નહોતી ને એના જમાનામાં અસાધારણ લેખાય એવું કશું જાણે હતું જ નહીં. મને મારી માનો ચહેરો અને પગ યાદ આવે છે, મને એના પગની ઝાંખી યાદ છે પણ એના શરીર વિશે મને કશું જ યાદ નથી... અંધારામાં રહેતી સ્ત્રીને ઝાંખો ગોરો ચહેરો હોય એટલે બસ – પૂરું ભરાવદાર શરીર જરૂરી નહોતું. આજે વીજળીના ચમકતા દીવામાં દેખાતી પુષ્ટ માંસલ કાયાને બિરદાવનારાઓને તો એ જમાનાની ભૂતાવળ જેવી લાગતી નારીઓના સૌંદર્યની કલ્પના પણ નહીં આવી શકે. કેટલાક એવી પણ દલીલ કરશે કે પોતાના નબળા અંશોને અંધારાની ઓથે ઢાંકવા પડતા હોય તો એ સૌંદર્યને સૌંદર્ય ન ન કહેવાય. પણ મેં આગળ કહ્યું તેમ અમે પૂર્વવાસીઓ વસ્તુના પોતાનામાં જ નહીં પણ એની તેજછાયાઓની ભાતમાં પણ સૌંદર્ય જોવાનું શીખ્યા છીએ. ઝળક ઝળક થતો હીરો અંધારામાં જોઈએ તો એનું તેજ અને એના રંગની ઝાંય બરાબર જોઈ શકાય, પણ દિવસના અજવાળામાં એને જોઈશું તો એનું આ સૌંદર્ય લુપ્ત થઈ જશે...

અમારા પૂર્વજોએ પૃથ્વી પર ઉપરથી પડતા તેજને છેદી નાખ્યું ને છાયાઓની એક એક આખી સૃષ્ટિ રચી ને એના છેક ઊંડાણમાં નારીની પ્રતિષ્ઠા કરી, ત્યાં એના જેવું ગોરું બીજું કશું નહોતું... એ લોકો સાવ સાવ સાહજિકતાથી પીળી ચામડીને ગોરી બનાવીને જોવાને અંધારાનો ઉપયોગ કરવાનું શીખી ગયા હતા. આગળ મેં દાંત કાળા રંગવાની પ્રથાની વાત કરી, પણ આંખ પરની ભ્રમરને કપાવી નાખવા પાછળ પણ ચહેરો પૂરો ખીલી ઊઠે એવો જ આશય નહોતો શું ? મને સૌથી આકર્ષે છે લીલી ચળકતી લિપસ્ટીક (ઓષ્ઠરાગ); આજની ક્યોટોની ગેયશાઓ પણ ક્વચિત જ એ વાપરતી દેખાય છે. બેઠેલા માણસોને સમાન્તર, થરકતી જ્યોતવાળી, અગરબત્તીના અજવાળામાં જ તમે એની ખૂબી જોઈ શકો. જૂના જમાનાની નારી પોતાના ઓષ્ઠઅધરની નૈસર્ગિક રતાશને કાળાશ પડતા લીલા રંગના લેપથી ઢાંકતી, વાળમાં ચળક ચળક થતા અલંકારો પહેરતી; આમ એની સમૃદ્ધ ત્વચાની કાન્તિનો પૂરેપૂરો લોપ સાધવાનો પ્રયત્ન થતો. ફાનસના હાલતા પડછાયામાં

દેખાતી નારીના ચહેરા જેવું ગૌરવર્ણ બીજું કશું જોયું હોય એવું મને યાદ નથી. એ ચહેરા પર વચ્ચે વચ્ચે લાખકામ કર્યું હોય તેવા કાળા દાંત એ હસતી હોય ત્યારે અલપઝલપ દેખાઈ જાય ને તેય ભૂતાવળના ભડકાની શિખા જેવા બે લીલા હોઠની વચ્ચેથી. ગોરામાંય સૌથી ગોરી સ્ત્રી કલ્પી શકું તેનાથીય આ નારી વધુ ગોરી લાગતી. ગોરી સ્ત્રીનો ગૌરવર્ણ તો સ્પષ્ટ, અત્યંત પ્રકટ અને પરિચિત લાગે છે. એનામાં આ સ્ત્રીઓના ગૌરવર્ણની અપાર્થિવતાનો અનુભવ થતો નથી. કદાચ આ ગૌરવર્ણ વાસ્તવમાં તો હોતો જ નથી. એ નર્યો આભાસ જ હોય છે. તેજછાયાની રમતથી રચાતી તરકીબ –ક્ષણની લીલામાત્ર હોય છે. પણ એમ હોય તોય તૃપ્ત થઈ જવાય છે. એથી વિશેષ કશાંની અપેક્ષા રહેતી નથી.

હું આ ગૌરવર્ણની વાત કરું છું ત્યારે એને વીંટળાઈને રહેલા અંધકારના રંગની પણ વાત કરવા ઇચ્છું છું. મારા એક મિત્રને એક વખત હું તોક્યોથી ક્યોટોના પુરાણા સુખિયા ચાઘરમાં લઈ ગયો હતો તે વેળાએ અંધકારની મને જે ઝાંખી થયેલી તે તો અવિસ્મરણીય છે. એ એક વિશાળ ખંડ હતો, ઘણું કરીને ‘પાઇનગેટ’. હવે તો એ બળીને ખાખ થઈ ગયો છે. એમાંના અંધકારમાં અહીંતહીં મીણબત્તીના અજવાળાથી થોડા છેદ માત્ર પડતા હતા.નાના ઓરડાના અંધકારથી એની સમૃદ્ધિ કાંઈ અનોખી જ હતી. અમે બારણામાંથી દાખલ થયા ને જોયું તો એક પ્રૌઢ વયની દાસી એક મીણબત્તી આગળ ઘૂંટણિયે પડીને બેઠી હતી. એની પાછળ વાંસની પટ્ટીમાં મઢેલો મોટો કાગળનો પડદો હતો. એની આંખની ભ્રમર સાફ કરી નાખેલી હતી ને એના દાંત કાળા રંગેલા હતા. પડદાથી ઘણે દૂર, અજવાળાના સાંકડા વર્તુળની કિનાર પર છત પરનો અંધકાર આવીઆવીને પડતો હતો – ઉત્તુંગ, નિબિડ. મીણબત્તીનું ભંગુર તેજ એના કાળા વર્ણની જાડી દીવાલને ભેદી ન શકવાને કારણે માથું પટકી પટકીને પાછું વળતું હતું. ‘મીણબત્તીના ıજવાળામાં દેખાતા આ અંધકાર’નો રંગ મારા વાચકોએ જોયો છે કે નહીં તેની મને ખબર નથી. રાતે રસ્તા પર દેખાતા અંધકારના રંગ કરતાં એનો રંગ જુદો હતો. અત્યંત બારીક રાખના કણના જેવા અંધકારના નાના કણનો એ સમૂહ હતો. એ સમૂહમાંનો દરેક કણ ઇન્દ્રધનુના તેજે પ્રકાશી રહ્યો હોય એવું લાગતું હતું. મારાથી અજાણતાં જ આંખ બિડાઈ ગઈ – કેમ જાણે હું એના તેજને બહાર રાખવા ન મથતો હોઉં ! આજકાલ તો નાની ઓરડીઓ રાખવાની ફૅશન છે, ને મીણબત્તીઓ વાપરીએ તોય પેલા અંધકારના રંગ જેવો રંગ એમાં ભાગ્યે જ દેખાય. પણ જૂના મહેલમાં ને આમોદપ્રમોદ માટેનાં જૂનાંઘરોમાં છત ખાસ્સી ઊંચી રાખવામાં આવતી, પરસાળ પહોળી હતી, ઓરડીઓ પણ દસ ફૂટ પહોળી ને લાંબી હતી; ને એમાં અંધકાર ધુમ્મસની જેમ દબાઈને રહેતો.

દમામવાળા જૂના ખાનદાન કુટુંબના નબીરાઓ આ અંધકારના ચળકતા અણુઓના દ્રાવણમાં ડૂબેલા રહેતા. મેં આ વિશે અન્યત્ર ક્યાંક લખ્યું છે. પણ આજનો માનવી, વીજળીથી ટેવાઈ ગયો હોવાથી, આવો અંધકાર ક્યાંક હોઈ શકે ખરો એય ભૂલી પરવાર્યો

છે. એ જમાનામાં 'દૃશ્યમાન અંધકાર'. રસ્તા પરના અંધકાર કરતાં વધારે ભયાનક લાગતો. આ અંધકારમાં કશુંક એકાએક ચમકીને પડખું ફેરવી જતું તો કશુંક એકાએક ચોંકાવી દેતું. આથી એ અંધકાર રસ્તા પરના અંધકાર કરતાં વધારે ભયાનક લાગતો. આ અંધકારમાં ભૂત અને રાક્ષસનો વાસ હતો ને એક પછી એક ઘેરા પડદાની પાછળ એક પછી એક બારણાંની પાછળ ઘરના અંધકારને ઊંડે ઊંડે રહેનારી પેલી નારી –એ પણ શું એ પૈકીની જ એક નહોતી ? અંધકાર એને દસ દસ, વીસ વીસ પડથી વીંટી લેતો; એના કિમોનોની ગળાની કિનાર, એની બાંયની ચાળ, એના પાલવની સળ – જ્યાં સહેજ સરખો પોલો અવકાશ મળે તયં એ અંધકાર લપાઈ જતો. પણ એથીય આગળ : કદાચ આથી ઊંધું જ નહીં બનતું હોય ? અંધકાર એના મુખમાંથી, એના પેલા કાળા દાંતમાંથી, એના પેલા કાળા કેશમાંથી કોઈ મોટા કરોળિયાએ કાંતેલી કાળી જાળના તંતુની જેમ નહોતો નીકળતો ?

પણ આજે તો તોક્યો ને ઓસાકા યુરોપના કોઈ પણ શહેર કરતાં વધારે ઝળાંહળાં થઈ ઊઠ્યાં છે. અમેરિકાનું અનુકરણ કરવા સદા તત્પર એવા જાપાનવાસીઓ અમેરિકાવાસીના જેટલા જ ઉત્સાહથી વીજળીને વેડફી મારવાની સ્પર્ધામાં ઊતર્યા છે ને છાયાને તો બિચારીને ક્યાંની ક્યાં હાંકી કાઢવામાં આવી છે. જાપાનવાસીઓને અત્યાર સુધી આનંદ આપનારો ચંદ્ર પણ આ વીજળીની ઓથે ઝંખવાઈ ગયો છે.

શરદના ચંદ્રનું દર્શન કરવા આ વર્ષે ક્યાં જવું તે મારે માટે એક મોટો પ્રશ્ન થઈ પડ્યો. આખરે, ઘણી ગૂંચવણભરી માથાઝીકને અંતે ઇશિયામાના મંદિરે જવાનું મેં નક્કી કર્યું. ચૌદસને દિવસે મેં છાપામાં વાંચ્યું કે ઇશિયામાના જંગલમાં ચંદ્રના દર્શનાર્થે એકઠા થયેલા સહેલાણી માટે લાઉડસ્પીકરની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે ને ફોનોગ્રાફ પૂરજોશમાં બજ્યા કરશે. મેં તરત જ મારો કાર્યક્રમ રદ કર્યો. લાઉડસ્પીકરનું તૂત કાંઈ જેવુંતેવું નહોતું.પણ વાત કાંઈ એટલેથી જ અટકે એમ થોડું જ હતું – એની પાછળ પાછળ આખા પર્વતને અજવાળી નાખતી ફ્લડલાઇટ પણ આવવાની જ ! એક વાર ચંદ્રદર્શનની મારી યાત્રા આમ જ વણસી ગયેલી તે મને યાદ આવે છે. સુમાના મંદિર આગળના તળાવમાં ધાન્ય લણવાના તહેવારની પૂનમે અમે હોડીમાં સહેલ કરીને ચંદ્રદર્શન ઊજવવા નીકળ્યા હતા. અમારી મંડળી ઠીક જામી હતી, અમે અમારી ઉપાહારની સામગ્રી ભેગી લાવ્યા હતા, ને આમ અમે ઊપડ્યાં. પણ તળાવના એક હાંસિયાને વીજળીના પચરંગી દીવાથી શોભાયમાન કરવામાં આવ્યો હતો. ચંદ્ર બિચારો હતો ખરો, પણ તમે આંખ ખેંચી ખેંચીને જુઓ તો દેખાય.

તાનિઝાકી અહીં ફ્રાન્ક લોય્ડ રાઇટે બાંધેલી તોક્યોની ઇમ્પિરિયલ હોટેલનાં વખાણ કરે છે : એમાંથી પ્રકાશયોજના આંખને અકળાવી મૂકે નહીં એવી ને આડકતરી છે. મિયાકો હોટેલમાં એથી ઊંધું જ છે. એમાં વીજળીના દીવાઓનો એવો તો ખંગ વાળ્યો છે કે ઉનાળાની રાતે એ ધખધખતી ભઠ્ઠી જ બની રહે છે !પ્રકાશનો ઉપયોગ વાંચવા

માટે, લખવા માટે કે સીવવા માટે નહીં પણ છાયાને દૂર દૂરના ખૂણા સુધી ભગાડી મૂકવા માટે, કરવામાં આવ્યો છે. જાપાનની ગૃહરચનાના સિદ્ધાંતથી આ સાવ ઊલટી જ વાત છે. ઘરમાલિક પૈસા બચાવવા ખાતર દીવા બુઝાવી નાખે છે ત્યારે કેવળ પૈસા જ બચતા નથી, બીજું કંઈક પણ બચી જાય છે. એમાંના દાદર, દરવાજા ને બાગ સુધ્ધાં ઝળાંહળાં થતાં હોય છે. આથી ઓરડીની બહારનાં પાણી ને પથ્થર છીછરાં ને સપાટ દેખાય છે. શિયાળામાં આટલા બધા દીવાથી કદાચ ગરમી મળતી હશે; પણ ઉનાળામાં દૂર દૂરના પર્વતના એકાંત સ્થળે જઈએ તોય ઠંડક થતી નથી. ઠંડક જોઈતી હોય તો સારામાં સારો રસ્તે એ છે કે ઘરે જ રહેવું, બારીબારણાં ખોલી નાખવાં ને મચ્છરદાની નીચે અંધારામાં લંબાવી દેવું…

આ જમાનાએ કરી આપેલા ઉપયોગી ફાયદાનું મને ભાન છે ને એ બદલ હું એનો ઋણી પણ છું. ભલે ને અમે ગમે તેવી ફરિયાદ કરતા હોઈએ પણ એટલું નક્કી કે જાપાને પશ્ચિમનું અનુકરણ કરવાનો નિર્ણય કરી લીધો છે. હવે તો અમારા જેવા જૂનવાણીને પાછળ મૂકીને હિંમતભેર આગળ વધ્યે જ જવામાં એનું શ્રેય છે. પણ અમારી ચામડીનો રંગ જ્યાં સુધી આજે છે તેવો જ રહેવાનો છે ત્યાં સુધી અમને આથી જતી ખોટ કોઈ રીતે દૂર કરી શકાવાની નથી. આ બધું મેં લખ્યું તે એ આશાથી કે કદાચ હજીય ક્યાંક સાહિત્ય કે કળામાં એવું કશુંક રહ્યુંહશે જેને બચાવી લઈ શકાય. છાયાની આ લુપ્ત થતી સૃષ્ટિને સાહિત્યના શ્રેય ખાતર જીવતી કરવાનું મને ઘણું મન છે. સાહિત્યના પ્રાસાદમાં વળીઓ ઊંડી ને દીવાલ અંધારી રાખવાનું મને ગમે છે. વધારે સ્પષ્ટતાથી આગળ ધસી આવતી વસ્તુઓને છાયાઓ વચ્ચે હડસેલી દેવાનું મને રુચે છે. બિનજરૂરી અલંકરણો પણ હું ફેડી નાખવા ઇચ્છું છું. સર્વત્ર આ પ્રમાણે જ થાય એવું હું નથી કહેતો, પણ ક્યાંક એકાદ ઘર એવું હોવું જોઈએ કે જ્યાં વીજળીના દીવાઓ બુઝાવી શકાય અને એના વિનાની દુનિયાનું રૂપ કેવું હોય છે તે જોઈ શકાય.